નિવેદન

શ્રીમદ્વલ્લભાચાર્યજી તથા શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલા બ્રહ્મસૂત્રાણુભાષ્યનો અનુવાદ કરવાની લાંબા વખતથી ઇચ્છા હતી તે ભગવાનની કૃપાથી પૂર્ણ થાય છે. અનુસ્નાતક કક્ષાએ વેદાન્તના વિદ્યાર્થીઓ માટે તથા શાસ્ત્રના અન્ય જિજ્ઞાસુઓ માટે પણ આ ગ્રન્થનું અધ્યયન આવશ્યક હોવાથી મેં આ પ્રયત્ન કર્યો છે. જ્યાં જ્યાં સ્પષ્ટતાની જરૂર હોય ત્યાં ટિપ્પણ આપેલી છે, ઉપરાંત અધિકરણવ્યવસ્થા કે સૂત્રપાઠ વગેરેની ચર્ચા માટે સ્વતંત્ર નોંધ પણ આપી છે. અનુવાદ, ટિપ્પણ અને નોંધ માટે સામાન્ય રીતે પુરુષોત્તમજીરચિત પ્રકાશ ટીકાનો આધાર લીધો છે. વળી આરંભમાં વિસ્તૃત ઉપોદ્ઘાત આપવામાં આવ્યો છે; તેમાં અણુભાષ્ય ગ્રન્થ, ગ્રન્થકાર અને તેમના સિદ્ધાન્તોની ચર્ચા કરી છે.

આ ગ્રન્થ તૈયાર કરવાનું સતત પ્રોત્સાહન આપનાર સૂરતની ષષ્ઠપીઠના નિત્યલીલાસ્થ પ.પૂ.ગો.શ્રી. વ્રજરત્નલાલજી, તથા તેમના પૌત્રો પ.પૂ.ગો. શ્રી બાલકૃષ્ણલાલજી, પ.પૂ.ગો. શ્રી કલ્યાણરાયજી તથા સોમયાજી પ.પૂ.ગો. શ્રી વલ્લભરાયજી મહારાજશ્રીનો અનુગ્રહ સ્વીકારું છું. એમાં પણ ખાસ તો પૂ.ગો.શ્રી વલ્લભરાયજીની સાથે વારંવાર ચર્ચા કરીને જે નવનીત ઉપલબ્ધ થયું છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી. વળી જે પૂર્વસુરિઓએ આ વિષયમાં કાર્ય કર્યું છે તે સર્વનો પણ આભાર માનું છું.

આવા મોટા ગ્રન્થના પ્રકાશનનું સાહસ કર્યું તે માટે પાર્શ્વ પબ્લિકેશનના અધિપતિ શ્રી બાબુભાઈ શાહ તથા મુદ્રણની જવાબદારી લેનાર શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિરનો ઉપકાર માનું છું.

હું પ્રૂફ વાંચી શકું એમ ન હોઉં ત્યારે પ્રૂફ વાંચવાની વ્યવસ્થા કરવા માટે પણ શ્રી બાબુભાઈ શાહનો આભારી છું. પ્રૂફ વાંચવામાં કાળજી રાખવા છતાં જે દોષ રહી ગયા હોય તે માટે સુજ્ઞ પાઠકોની ક્ષમા પ્રાર્થું છું.

અન્તે જેમને માટે આ પરિશ્રમ કર્યો છે તેમને આ ગ્રન્થ ઉપયોગી થશે એવી આશા રાખું છું.

૨૦, કદંબપલ્લી
નાનપુરા, સૂરત
૧-૯-૯૮

અ. દે. શાસ્ત્રી

અનુક્રમ

- **ઉપોદ્ઘાત** **૧૧ થી ૭૦**

૧. બ્રહ્મસૂત્રો ૧૧
૨. બ્રહ્મસૂત્રોના ભાષ્યકારો ૧૫
૩. વલ્લભાચાર્ય-જીવન અને કૃતિઓ ૧૭
૪. વલ્લભાચાર્ય અને વિષ્ણુસ્વામી ૧૯
૫. વિઠ્ઠલનાથજી અને એમના વંશજો ૨૦
૬. અણુભાષ્યનું દ્વિકર્તૃત્વ ૨૨
૭. અણુભાષ્ય-સંજ્ઞા ૨૫
૮. અણુભાષ્યના ટીકાકારો ૨૯
૯. વલ્લભાચાર્યની વ્યાખ્યાનપદ્ધતિ ૩૦
૧૦. જ્ઞાનમીમાંસા ૩૨
૧૧. પ્રમાણમીમાંસા ૩૬
૧૨. બ્રહ્મ-વિરુદ્ધધર્માશ્રયત્વ ૪૦
૧૩. બ્રહ્મ-સ્વરૂપકોટિ ૪૪
૧૪. બ્રહ્મ-કારણકોટિ ૪૭
૧૫. બ્રહ્મ-કાર્યકોટિ (જીવ) ૫૦
૧૬. બ્રહ્મ-કાર્યકોટિ (જગત્) ૫૪
૧૭. કાર્યકારણભાવ-અભેદ ૫૬
૧૮. સાધન અને ફલ ૬૦
૧૯. શુદ્ધાદ્વૈત ૬૫
૨૦. સમાપન ૬૮

- **મૂળ ગ્રન્થ, અનુવાદ, ટિપ્પણ** **૭૧ થી ૮૨૪**

અધ્યાય-૧, પાદ-૧

ક્રમ	અધિકરણ	સૂત્રો	પૃષ્ઠ
૧.	જિજ્ઞાસાધિકરણ	૧	૭૧
૨.	જન્માદ્યધિકરણ	૨	૮૫
૩.	સમન્વયાધિકરણ	૩	૯૫
૪.	ઈક્ષત્યધિકરણ	૪-૧૦	૧૦૩

૫.	આનન્દમયાધિકરણ	૧૧-૧૮	૧૧૨
૬.	અન્તસ્તદ્ધર્માધિકરણ	૧૯-૨૦	૧૩૮
૭.	તલ્લિંગાધિકરણ	૨૧	૧૪૩
૮.	પ્રાણાધિકરણ	૨૨	૧૪૫
૯.	જ્યોતિશ્ચરણાધિકરણ	૨૩-૨૬	૧૪૬
૧૦.	અનુગમાધિકરણ	૨૭-૩૦	૧૫૨

અધ્યાય-૧ પાદ-૨

૧.	સર્વત્ર પ્રસિદ્ધોપદેશાધિકરણ	૧-૪	૧૬૧
૨.	શબ્દવિશેષાધિકરણ	૫-૮	૧૬૬
૩.	અત્તા ચરાચરાધિકરણ	૯-૧૦	૧૭૧
૪.	ગુહાં પ્રવિષ્ટાવિત્યધિકરણ	૧૧-૧૨	૧૭૩
૫.	અંતર ઉપપત્તેરિત્યધિકરણ	૧૩-૧૭	૧૭૭
૬.	અન્તર્યામ્યધિકરણ	૧૮-૨૦	૧૮૨
૭.	અદૃશ્યત્વેત્યધિકરણ	૨૧-૨૩	૧૮૬
૮.	વૈશ્વાનરાધિકરણ	૨૪-૩૨	૧૯૧

અધ્યાય-૧ પાદ-૩

૧.	દ્યુભ્વાદ્યાયતનમિત્યધિકરણ	૧-૭	૨૦૨
૨.	ભૂમાધિકરણ	૮-૯	૨૦૭
૩.	અક્ષરાધિકરણ	૧૦-૧૨	૨૦૯
૪.	ઈક્ષતિકર્માધિકરણ	૧૩	૨૧૩
૫.	દહરાધિકરણ	૧૪-૨૧	૨૧૪
૬.	અનુકૃત્યધિકરણ	૨૨-૨૩	૨૨૫
૭.	પ્રમિતાધિકરણ	૨૪-૨૫	૨૨૮
૮.	તદુપર્યપીત્યધિકરણ	૨૬-૩૩	૨૨૯
૯.	શુગસ્યેત્યધિકરણ	૩૪-૩૮	૨૪૧
૧૦.	કંપનાધિકરણ	૩૯	૨૪૭
૧૧.	જ્યોતિરધિકરણ	૪૦	૨૪૮
૧૨.	અર્થાન્તરાધિકરણ	૪૧	૨૫૦
૧૩.	સુષુપ્ત્યુત્ક્રાન્ત્યધિકરણ	૪૨-૪૩	૨૫૧

અધ્યાય-૧ પાદ-૪

૧.	આનુમાનિકાધિકરણ	૧-૭	૨૬૦
૨.	ચમસાધિકરણ	૮-૧૦	૨૬૭
૩.	ન સંખ્યોપસંગ્રહાધિકરણ	૧૧-૧૩	૨૭૧
૪.	યથા વ્યપદિષ્ટાધિકરણ	૧૪	૨૭૮
૫.	સમાકર્ષાધિકરણ	૧૫	૨૮૦
૬.	જગદ્વાચિત્વાધિકરણ	૧૬-૧૮	૨૮૨
૭.	વાક્યાન્વયાધિકરણ	૧૯-૨૨	૨૮૭
૮.	પ્રકૃતિશ્ચેત્યધિકરણ	૨૩-૨૭	૨૯૨
૯.	વ્યાખ્યાનાધિકરણ	૨૮	૨૯૯

અધ્યાય-૨ પાદ-૧

૧.	સ્મૃત્યધિકરણ	૧	૩૦૧
૨.	ઈતરેષામિત્યધિકરણ	૨	૩૦૩
૩.	યોગપ્રત્યુક્ત્યધિકરણ	૩	૩૦૩
૪.	વિલક્ષણત્વાધિકરણ	૪-૬	૩૦૩
૫.	અસત્પ્રતિષેધાધિકરણ	૭-૧૧	૩૦૫
૬.	શિષ્ટાપરિગ્રહાધિકરણ	૧૨	૩૦૮
૭.	ભોક્ત્રાપત્તેરિત્યધિકરણ	૧૩	૩૦૯
૮.	તદનન્યત્વાધિકરણ	૧૪-૧૬	૩૦૯
૯.	અસદ્વ્યપદેશાધિકરણ	૧૭-૨૦	૩૧૧
૧૦.	ઈતરવ્યપદેશાધિકરણ	૨૧-૨૩	૩૧૩
૧૧.	ઉપસંહારદર્શનાધિકરણ	૨૪-૨૯	૩૧૫
૧૨.	સર્વોપેતાધિકરણ	૩૦-૩૭	૩૧૭

અધ્યાય-૨ પાદ-૨

૧.	રચનાનુપપત્તેરિત્યધિકરણ	૧-૬	૩૨૧
૨.	પુરુષાશ્મવદિત્યધિકરણ	૭-૧૦	૩૨૫
૩.	મહદ્દીર્ઘવદ્વેત્યધિકરણ	૧૧-૧૭	૩૨૮
૪.	સમુદાય ઉભયહેતુકેપીત્યધિકરણ	૧૮-૨૭	૩૩૨
૫.	નાભાવ ઉપલબ્ધેરિત્યધિકરણ	૨૮-૩૨	૩૩૮
૬.	નૈકસ્મિન્નસંભવાદિત્યધિકરણ	૩૩-૩૬	૩૪૧
૭.	પત્યુરસામંજસ્યાદિત્યધિકરણ	૩૭-૪૧	૩૪૩
૮.	ઉત્પત્ત્યસંભવાદિત્યધિકરણ	૪૨-૪૫	૩૪૫

અધ્યાય-૨ પાદ-૩

૧. ન વિયદિત્યધિકરણ	૧-૭	૩૪૮
૨. એતેન માતરિશ્વેત્યધિકરણ	૮	૩૫૫
૩. અસંભવાધિકરણ	૯	૩૫૫
૪. તેજોત ઇત્યધિકરણ	૧૦	૩૫૬
૫. આપ ઇત્યધિકરણ	૧૧	૩૫૬
૬. પૃથિવ્યધિકારેત્યધિકરણ	૧૨	૩૫૬
૭. તદભિધ્યાનાદેવેત્યધિકરણ	૧૩	૩૫૯
૮. વિપર્યયેણેત્યધિકરણ	૧૪	૩૬૦
૯. અંતરા વિજ્ઞાનમનસીત્યધિકરણ	૧૫-૧૬	૩૬૦
૧૦. નાત્માશ્રુતેરિત્યધિકરણ	૧૭	૩૬૩
૧૧. જ્ઞોત એવેત્યધિકરણ	૧૮	૩૬૪
૧૨. ઉત્ક્રાન્તિગત્યાગતીનામિત્યધિકરણ	૧૯-૨૮	૩૬૫
૧૩. તદ્ગુણસારત્વાધિકરણ	૨૯-૩૨	૩૭૧
૧૪. કર્તા શાસ્ત્રાર્થવત્ત્વાદિત્યધિકરણ	૩૩-૪૦	૩૭૫
૧૫. પરાત્તુ તચ્છ્રુતેરિત્યધિકરણ	૪૧-૪૨	૩૮૦
૧૬. અંશો નાનાવ્યપદેશાદિત્યધિકરણ	૪૩-૫૩	૩૮૨

અધ્યાય-૨ પાદ-૪

૧. તથા પ્રાણા ઇત્યધિકરણ	૧-૫	૩૯૧
૨. હસ્તાદય ઇત્યધિકરણ	૬	૩૯૪
૩. અણવશ્ચેત્યધિકરણ	૭	૩૯૫
૪. શ્રેષ્ઠશ્ચેત્યધિકરણ	૮-૯	૩૯૫
૫. ચક્ષુરાદિવદધિકરણ	૧૦-૧૩	૩૯૬
૬. જ્યોતિરાદ્યધિષ્ઠાનાધિકરણ	૧૪	૩૯૯
૭. પ્રાણવતેત્યધિકરણ	૧૫-૧૬	૪૦૦
૮. તદિન્દ્રિયાધિકરણ	૧૭-૧૯	૪૦૨
૯. સંજ્ઞામૂર્તિક્લૃપ્તિરિત્યધિકરણ	૨૦	૪૦૩
૧૦. માંસાદિભૌમમિત્યધિકરણ	૨૧-૨૨	૪૦૪

અધ્યાય-૩ પાદ-૧

૧. તદનન્તરપ્રતિપત્તૌ ઇત્યધિકરણ	૧-૭	૪૦૮
૨. અનુશયાધિકરણ	૮-૧૧	૪૧૯

૩. અનિષ્ટાદિકારિણામિત્યધિકરણ ૧૨-૧૬ ૪૨૪
૪. વિદ્યાકર્મણોરિત્યધિકરણ ૧૭-૨૦ ૪૨૮
૫. તૃતીયશબ્દાવરોધાધિકરણ ૨૧-૨૩ ૪૩૧
૬. અન્યાધિષ્ઠિત ઇત્યધિકરણ ૨૪-૨૫ ૪૩૫
૭. રેતઃસિગ્યોગાધિકરણ ૨૬ ૪૩૬
૮. યોનેઃ શરીરમિત્યધિકરણ ૨૭ ૪૩૭

અધ્યાય-૩ પાદ-૨

૧. સન્ધ્યાધિકરણ ૧-૬ ૪૩૯
૨. તદભાવો નાડીષ્વિત્યધિકરણ ૭ ૪૪૮
૩. અતઃ પ્રબોધ ઇત્યધિકરણ ૮-૧૦ ૪૫૦
૪. ઉભયલિંગાધિકરણ ૧૧-૧૩ ૪૫૪
૫. અરૂપવદેવ હીત્યધિકરણ ૧૪-૧૮ ૪૫૮
૬. અંબુવદગ્રહણાદિત્યધિકરણ ૧૯-૨૨ ૪૬૪
૭. તદવ્યક્તમાહ હીત્યધિકરણ ૨૩-૨૪ ૪૭૦
૮. પ્રકાશાદિવચ્ચેત્યધિકરણ ૨૫-૨૭ ૪૭૨
૯. પ્રકાશાશ્રયવદ્ધેત્યધિકરણ ૨૮-૩૦ ૪૭૫
૧૦. પરમતઃ સેતૂન્માનેત્યધિકરણ ૩૧-૩૭ ૪૮૧
૧૧. ફલમત ઇત્યધિકરણ ૩૮-૪૧ ૪૮૮

અધ્યાય-૩ પાદ-૩

૧. સર્વવેદાન્તપ્રત્યયાધિકરણ ૧-૧૫ ૪૯૨
૨. આત્મગૃહીત્યધિકરણ ૧૬-૧૭ ૫૨૬
૩. કાર્યાખ્યાનાદિત્યધિકરણ ૧૮-૨૩ ૫૨૮
૪. પુરુષવિદ્યાયામિત્યધિકરણ ૨૪ ૫૩૭
૫. વેધાદ્યધિકરણ ૨૫-૨૬ ૫૪૦
૬. સંપરાયાધિકરણ ૨૭-૨૮ ૫૪૭
૭. ગતેરર્થવત્ત્વાધિકરણ ૨૯ ૫૫૨
૮. ઉપપન્નાધિકરણ ૩૦ ૫૫૮
૯. અનિયમાધિકરણ ૩૧ ૫૬૧
૧૦. આધિકારિકાધિકરણ ૩૨ ૫૬૪
૧૧. અક્ષરધિયામિત્યધિકરણ ૩૩-૩૪ ૫૬૫
૧૨. અન્તરા ભૂતગ્રામવદિત્યધિકરણ ૩૫-૩૭ ૫૭૪

૧૩. સૈવ હીત્યધિકરણ ૩૮-૩૯ ૫૭૮
૧૪. આદરાદલોપ ઇત્યધિકરણ ૪૦-૪૧ ૫૮૦
૧૫. તન્નિર્ધારણાધિકરણ ૪૨ ૫૮૪
૧૬. પ્રદાનવદિત્યધિકરણ ૪૩ ૫૮૬
૧૭. લિંગભૂયસ્ત્વાધિકરણ ૪૪-૫૩ ૫૮૮
૧૮. વ્યતિરેકાધિકરણ ૫૪-૫૬ ૬૦૪
૧૯. ભૂમ્ન ઇત્યધિકરણ ૫૭ ૬૧૦
૨૦. નાના શબ્દાદિભેદાદિત્યધિકરણ ૫૮ ૬૧૫
૨૧. વિકલ્પાધિકરણ ૫૯ ૬૧૫
૨૨. કામ્યાધિકરણ ૬૦ ૬૧૭
૨૩. અંગેષ્વિત્યધિકરણ ૬૧-૬૨ ૬૧૮
૨૪. સમાહારાધિકરણ ૬૩-૬૪ ૬૧૯
૨૫. ન વા તત્સહભાવાશ્રુતેરિત્યધિકરણ ૬૫-૬૬ ૬૨૦

અધ્યાય-૩ પાદ-૪

૧. પુરુષાર્થોતઃશબ્દાદિત્યધિકરણ ૧-૨૪ ૬૨૨
૨. સર્વાપેક્ષેત્યધિકરણ ૨૫-૩૦ ૬૬૨
૩. વિહિતત્વાચ્ચાશ્રમકર્મેત્યધિકરણ ૩૧-૩૮ ૬૬૯
૪. તદ્ભૂતસ્યેત્યધિકરણ ૩૯ ૬૭૪
૫. ન ચાધિકારિકમિત્યધિકરણ ૪૦-૪૧ ૬૭૭
૬. બહિસ્તૂભયથેત્યધિકરણ ૪૨-૪૫ ૬૭૯
૭. સહકાર્યન્તરાધિકરણ ૪૬ ૬૮૫
૮. ગૃહિણોપસંહારાધિકરણ ૪૭-૫૦ ૬૮૬
૯. મુક્તિફલાધિકરણ ૫૧ ૬૯૧

અધ્યાય-૪ પાદ-૧

કારિકાઓ ૬૯૪
૧. આવૃત્ત્યધિકરણ ૧-૨ ૭૦૦
૨. આત્માધિકરણ ૩-૫ ૭૦૬
૩. આદિત્યાદ્યધિકરણ ૬-૧૦ ૭૧૨
૪. યત્રૈકાગ્રતાધિકરણ ૧૧ ૭૧૬
૫. આપ્રાયણાધિકરણ ૧૨ ૭૧૬
૬. તદધિગમાધિકરણ ૧૩-૧૬ ૭૧૭
૭. અતોન્યાધિકરણ ૧૭-૧૯ ૭૨૫

અધ્યાય-૪ પાદ-૨

૧.	વાઙ્‌મનસીત્યધિકરણ	૧-૪	૭૩૦
૨.	ભૂતાધિકરણ	૫-૬	૭૩૭
૩.	સમાનાધિકરણ	૭-૧૫	૭૪૨
૪.	અવિભાગાધિકરણ	૧૬	૭૫૨
૫.	તદોકોધિકરણ	૧૭	૭૫૩
૬.	રશ્મ્યધિકરણ	૧૮	૭૫૫
૭.	નિશ્યધિકરણ	૧૯-૨૧	૭૫૬

અધ્યાય-૪ પાદ-૩

૧.	અર્ચિરાદ્યધિકરણ	૧-૪	૭૫૯
૨.	આતિવાહિકાધિકરણ	૫-૭	૭૭૦
૩.	કાર્યં બાદરિરિત્યધિકરણ	૮-૧૫	૭૭૬
૪.	અપ્રતીકાલંબનાધિકરણ	૧૬	૭૮૪
૫.	વિશેષાધિકરણ	૧૭	૭૯૦

અધ્યાય-૪ પાદ-૪

૧.	સંપદ્યાવિર્ભાવાધિકરણ	૧-૪	૭૯૪
૨.	બ્રાહ્મેણેત્યધિકરણ	૫-૧૨	૭૯૭
૩.	તત્ત્વભાવાધિકરણ	૧૩-૧૪	૮૦૬
૪.	પ્રદીપવદિત્યધિકરણ	૧૫-૧૬	૮૦૯
૫.	જગદ્વ્યાપારાધિકરણ	૧૭-૨૨	૮૧૩
૬.	**સમાપન**		૮૨૩
●	**પરિશિષ્ટ**		**૮૨૫ થી ૮૪૦**

ઉપોદ્‌ઘાત

૧. બ્રહ્મસૂત્રો :

ભારતીય સાહિત્યના ઈતિહાસમાં સૂત્રસાહિત્ય પોતાનું આગવું સ્થાન ધરાવે છે. વૈદિક સાહિત્યને સમજવા માટે અને તેમાં આવતા સિદ્ધાન્તોને વ્યવસ્થિત સ્વરૂપે રજૂ કરવા માટે જે વેદાંગોની રચના થઈ તેમાં કલ્પમાં શ્રૌતસૂત્રો, ગૃહસૂત્રો, અને ધર્મસૂત્રોનો પણ સમાવેશ થાય છે. પાણિનીય વ્યાકરણ પણ સૂત્રોમાં રચાયું છે એના પછી જે છ દર્શનોનો વિકાસ થયો તેમાં પણ તે તે દર્શનનાં સૂત્રોને મૂળ ગ્રન્થો તરીકે ગણેલાં છે. તેમાં કપિલનાં સાંખ્યસૂત્રો, ગૌતમનાં ન્યાયસૂત્રો, જૈમિનિનાં પૂર્વમીમાંસાસૂત્રો અને બાદરાયણનાં બ્રહ્મસૂત્રો પ્રસિદ્ધ છે.

બ્રહ્મસૂત્રોને વેદાન્તસૂત્રો અથવા ઉત્તર મીમાંસા સૂત્રો પણ કહેવાય છે. એના ચાર અધ્યાયો છે : સમન્વયાધ્યાય, અવિરોધાધ્યાય, સાધનાધ્યાય અને ફલાધ્યાય. દરેક અધ્યાયમાં ચાર પાદ છે. આમ બધું મળીને ૧૬ પાદ છે. જુદાં જુદાં ભાષ્યોમાં સૂત્રોની સંખ્યામાં ફેર પડે છે. તે નીચે મુજબ છે :

ભાષ્યકાર	સૂત્રસંખ્યા
શંકરાચાર્ય	૫૫૫
ભાસ્કરાચાર્ય...	૫૪૭
રામાનુજાચાર્ય...	૫૪૫
નિમ્બાર્કાચાર્ય...	૫૪૯
મધ્વાચાર્ય...	૫૬૨
શ્રીકંઠાચાર્ય...	૫૪૫
વલ્લભાચાર્ય...	૫૫૪
વિજ્ઞાનભિક્ષુ...	૫૫૬
બલદેવ...	૫૫૬

સૂત્રોની સંખ્યામાં તફાવત દેખાય છે તેનાં બે કારણો છે. (૧) કેટલાક ભાષ્યકારો સૂત્રોને જોડે છે. જેમ કે બીજા ભાષ્યકારો ૧.૧.૨ અને ૧.૧.૩ જુદા ગણે છે તો વલ્લભાચાર્ય ૧.૧.૨ માં જ બન્નેને સમાવી લે છે. વળી કેટલાક આચાર્યો સૂત્રનો યોગવિભાગ કરે છે. જેમ કે અણુભાષ્યના સૂત્ર ૧.૩.૩૮ **श्रवणाध्ययनार्थ प्रतिषेधात्स्मृतेश्च** ને રામાનુજ, નિમ્બાર્ક અને શ્રીકંઠ એટલા આચાર્યો **श्रवणाध्ययनार्थ प्रतिषेधात्** અને **स्मृतेश्च** એમ બે જુદાં સૂત્રો ગણે છે. (૨) દરેક ભાષ્યકારની પોતપોતાની સાંપ્રદાયિક પરંપરા હોય છે અને એ પરંપરા અનુસાર સૂત્રોની સંખ્યામાં વધઘટ થતી હોય છે; એટલે તે કારણે પણ સૂત્રોની સંખ્યામાં ફેર પડતો હોય છે.

સૂત્રોની સંખ્યાની માફક સૂત્રોના પાઠમાં પણ તફાવત દેખાય છે. જેમ કે શંકરાચાર્ય જાતે જ ૨.૧.૧૫ ના भावे चोपलब्धेः અને भावाच्चोपलब्धेः એમ બે પાઠ સ્વીકારે છે. સૂત્ર ૧.૧.૧૬ માં सत्त्वाच्चावरस्य ને બદલે આચાર્ય રામાનુજ અને શ્રીકંઠ सत्त्वाच्चापरस्य વાંચે છે. આવા પાઠભેદ પણ પોતપોતાના સંપ્રદાયની પરંપરા અનુસરવાને કારણે થયા છે એમ લાગે છે. સૂત્રોના પાઠભેદનો પ્રશ્ન એક સ્વતંત્ર વિવેચનરૂપે વિચારવાની જરૂર છે.

સાંખ્ય, યોગ, ન્યાય અને વૈશેષિક એ ચાર દર્શનોનાં મૂળ સૂત્રો કરતાં પૂર્વમીમાંસા અને વેદાન્તનાં સૂત્રોનું પ્રયોજન ભિન્ન છે. સાંખ્યાદિ દર્શનોમાં સિદ્ધાન્તની સ્થાપના અને સમજૂતી સ્વતંત્ર રીતે કરેલી છે તો આ બે દર્શનોમાં એવું નથી. વેદના પૂર્વકાંડમાં યજ્ઞવિષયક ચર્ચાઓ ઘણા મોટા પ્રમાણમાં છે. જુદા જુદા બ્રાહ્મણાદિ ગ્રન્થોમાં જુદી જુદી ચર્ચાઓ હોવાથી વિચારવૈવિધ્ય અને અભિપ્રાયભેદ થાય એ સ્વાભાવિક છે એ બધા અભિપ્રાયદર્શક વાક્યોનું યોગ્ય અર્થઘટન કરીને એક સમન્વિત સ્વરૂપ આપવાનો પ્રયત્ન પૂર્વમીમાંસા સૂત્રોમાં દેખાય છે. તે જ રીતે ઉપનિષદોમાં તત્ત્વવિદ્યા અંગે જે જુદા જુદા મતો દેખાય છે તેનો સમન્વય કરીને તથા સંદેહનું નિરસન કરીને એક ચોક્કસ સિદ્ધાન્ત સમજાવવો એ બ્રહ્મસૂત્રોનું પ્રયોજન છે. આમ સાંખ્યાદિ સૂત્રોની માફક પૂર્વ કે ઉત્તર મીમાંસાનાં સૂત્રો સ્વતંત્ર રીતે સિદ્ધાન્તની સ્થાપના કરતા નથી પણ વૈદિક સાહિત્યના પૂર્વ કે ઉત્તર કાંડનો જ આધાર લે છે. આમ ઉપનિષદોનાં જુદાં જુદાં વાક્યોને વિષયવાક્યો તરીકે લઈને બ્રહ્મસૂત્રો પ્રવૃત્ત થયાં છે.

ઉપનિષદો વેદની જુદી જુદી શાખાઓનાં હતાં. જેમ જુદી જુદી શાખાઓનાં શ્રૌતસૂત્રો, ગૃહસૂત્રો કે ધર્મસૂત્રો ઉપલબ્ધ થાય છે તેમ પ્રતિશાખીય બ્રહ્મસૂત્રો ઉપલબ્ધ થતાં નથી; પણ ડૉ. બેલ્વલકર જેવા વિદ્વાનોએ વિચાર્યું છે (બસુમલ્લીક વ્યાખ્યાનો પૃ. ૧૪૦..આદિ) તેમ પ્રતિશાખીય બ્રહ્મસૂત્રોની કલ્પના થઈ શકે. ઉપલબ્ધ બ્રહ્મસૂત્રોમાં વિષયવાક્યો તરીકે છાન્દોગ્ય ઉપનિષદનાં વાક્યો વધારે મળે છે. આ પરથી અનુમાન કરી શકાય કે છાન્દોગ્ય ઉપનિષદ્ પરનાં બ્રહ્મસૂત્રોના ગ્રન્થમાં અન્ય ઉપનિષદો પરનાં બ્રહ્મસૂત્રોમાંથી ઉમેરીને સર્વશાખીય બ્રહ્મસૂત્રો તૈયાર કરવામાં આવ્યાં હોય એ માની શકાય એવું છે.

જો બ્રહ્મસૂત્રોનું મુખ્ય પ્રયોજન ઉપનિષદોનાં વાક્યોનું સંદેહનિરસન, અર્થઘટન કે સમન્વય હોય તો ઉપલબ્ધ સૂત્રોના કેટલાક ભાગોને એ લાગૂ પડે છે કે કેમ એ વિચારવું જોઈએ. બ્રહ્મસૂત્ર ૨.૩ માં જીવવિષયક તો ૩.૨ માં બ્રહ્મવિષયક ચર્ચા છે. અહીં સંદેહનિરસન કરતાં સિદ્ધાન્તસ્થાપન વધારે દેખાય છે. આમ પ્રથમ અધ્યાયના સમન્વય પછીના તબક્કામાં આ સૂત્રોની રચના થઈ હોય એમ કહી શકાય. બ્રહ્મસૂત્ર ૨.૧ (સ્મૃતિપાદ) માં અન્ય વિચારકોએ વેદાન્તદર્શનમાં જે દોષ બતાવ્યા તેનો ઉત્તર આપીને સિદ્ધાન્તનું દઢીકરણ દેખાય છે. એટલે તે સિદ્ધાન્ત

સ્થાપના પછીનો તબક્કો ગણાય. અન્તે ૨.૨ (તર્કપાદ)માં અન્ય દર્શનોના દોષ દર્શાવેલા છે.

આમ બ્રહ્મસૂત્રોના સ્વરૂપનો વિકાસ નીચેના તબક્કાઓમાં સમજી શકાય :

(૧) છાન્દોગ્ય ઉપનિષદ્‌નાં વાક્યોના સમન્વય માટે રચાયેલાં સૂત્રો.

(૨) છાન્દોગ્ય ઉપનિષદ્ સિવાયનાં ઉપનિષદોનાં વાક્યોના સમન્વય માટે રચાયેલાં સૂત્રો ઉમેરીને તૈયાર થયેલાં બ્રહ્મસૂત્રો.

(૩) સિદ્ધાન્તસ્થાપના માટે ૩.૨ અને ૨.૩ માં આવતાં બ્રહ્મ અને જીવવિષયક સૂત્રોનો ઉમેરો.

(૪) અન્ય દર્શનોએ વેદાન્તદર્શન પર કરેલા આક્ષેપોના જવાબનો ઉમેરો

(૫) અન્ય દર્શનોમાં દોષ દર્શાવતાં સૂત્રોનો ઉમેરો.

આ રીતે જોતાં બે તબક્કામાં સમન્વય, તેને પરિણામે પ્રાપ્ત થતા સિદ્ધાન્તોની સ્થાપના, એનું દૃઢીકરણ અને અન્તે અન્ય મતોનું નિરાકરણ એવો ક્રમ વિચારી શકાય.

બ્રહ્મસૂત્રોની રચના બાદરાયણે કરી હતી એવી પરંપરાગત માન્યતા છે. બ્રહ્મસૂત્રોમાં આઠ વિચારકોના નામોનો ઉલ્લેખ છે - આત્રેય, આશ્મરથ્ય, ઔડુલોમિ, કાશકૃત્સ્ન, કાર્ષ્ણાજિનિ, બાદરિ, જૈમિનિ અને બાદરાયણ. આ નામોમાં બાદરાયણનો પણ ઉલ્લેખ હોવાથી આ સૂત્રોના કર્તા બાદરાયણ જાતે નથી એમ કેટલાક માને છે પણ એવું માનવાની જરૂર નથી. મોટે ભાગે તો જ્યારે બીજા વિચારકોના અભિપ્રાયો આપવામાં આવે ત્યારે પોતે તેમના મતથી જુદા પડે છે એમ દર્શાવવા નામ આપવામાં આવે એ સ્વાભાવિક છે.

બ્રહ્મસૂત્રોના કર્તા બાદરાયણ તે જ વેદવ્યાસ છે એવી આપણી પ્રાચીન માન્યતા છે. વેદોની વ્યવસ્થા કરનાર તે વેદવ્યાસ. શક્તિના પુત્ર પરાશરના પુત્ર વ્યાસ તે પારાશર્ય વ્યાસ. યમુનાના કાળા દ્વીપમાં જન્મેલા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ અને બદરિવનમાં તપશ્ચર્યા કરનાર તે બાદરાયણ વ્યાસ. આ બધા એક જ છે કે જુદા જુદા એ વિશે વિદ્વાનોમાં મતાંતર પ્રવર્તે છે અને એનો નિશ્ચય કરવો આપણે માટે ઘણું મુશ્કેલ છે. આપણી પરંપરા તો એ બધાને એક જ ગણે છે. એમણે જ વેદોના વિભાગ કર્યા, મહાભારત તથા અષ્ટાદશ પુરાણોની રચના કરી અને બ્રહ્મસૂત્રો પણ રચ્યાં.

વ્યાસ એટલે વિભાગ-વિસ્તાર કરનાર અર્થાત્ વ્યવસ્થા કરનાર એવો અર્થ લેતાં એ સામાન્ય નામ બને છે. પૌરાણિક સંદર્ભો જોતાં લાગે છે કે પ્રાચીન કાલગણનાની દૃષ્ટિએ એક નહિ પણ અનેક વ્યાસ થઈ ગયા. સત્ય, ત્રેતા દ્વાપર અને કલિ એમ ચાર યુગને ચતુર્યુગી અથવા યુગપર્યય કહેવાય. આવા ૭૧ યુગ પર્યયો થાય ત્યારે એક મન્વન્તર થાય. હાલ સાતમા મન્વન્તરનો ૨૮ મો યુગપર્યય ચાલે છે. ચતુર્યુગીને અન્તે પ્રલય થાય, ઋષિઓ વેદનું રક્ષણ કરે, અને નવી ચતુર્યુગી થતાં વેદનો પ્રચાર ફરીથી શરૂ થાય, દ્વાપર યુગમાં અવ્યવસ્થા થતાં

વ્યાસ આવીને વેદને વ્યવસ્થિત કરે. દેવી પુરાણ (૧.૪.૨૬-૩૪) અનુસાર અત્યાર સુધીમાં ૨૭ વ્યાસ થઈ ગયા અને કૃષ્ણ દ્વૈપાયન ૨૮મા વ્યાસ છે. દેવી પુરાણમાં એ બધાનાં નામ પણ આપેલાં છે. ભાગવત પુરાણ પણ કહે છે -

द्वापरे समनुप्राप्ते तृतीये युगपर्यये ।
जातः पराशराद्योगी वासव्यां कलया हरेः ॥ (૧.૪.૧૪)

અહીં ત્રીજો યુગપર્યય કહ્યો છે એટલો ફેર છે.

ભાષ્યકારોમાં વલ્લભાચાર્ય સ્પષ્ટ રીતે જ વેદવ્યાસ, બાદરાયણ વ્યાસ, પરાશરપુત્ર વ્યાસ અને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસને એક જ ગણે છે તથા બ્રહ્મસૂત્રોને વ્યાસસૂત્રો પણ કહે છે. એમના ગ્રન્થોમાં આ દર્શાવતા ઉલ્લેખો અનેક સ્થળોએ આવે છે. (અણુભાષ્ય : ૧.૧.૩, ૩.૪.૧; વગેરે; ભાગવત સુબોધિની: ૧.૩.૨૧; ૧.૩.૪૦; ૧.૪.૫ વગેરે)

શંકરાચાર્ય વેદવ્યાસનો ઉલ્લેખ એમના ભાષ્યમાં એક જ વખત કરે છે (બ્ર.સૂ.શાં.ભા. ૧.૩.૨૯) સામાન્ય રીતે બાદરાયણનો જેમાં નામોલ્લેખ છે એવાં સૂત્રો પરનાં ભાષ્યમાં बादरायण आचार्यः એવા શબ્દો વપરાયા છે. બ્રહ્મસૂત્ર ૩.૪.૧ પરના ભાષ્યમાં સ્પષ્ટતાથી કહ્યું છે - इति मीमांसमानः सिद्धान्तेनैव तावदुपक्रमते । इति बादरायण आचार्यो मन्यते । આમ મીમાંસા કરનાર આચાર્ય બાદરાયણ છે. એવું ફલિત થાય છે. છેલ્લા સૂત્ર પરના ભાષ્યને આરંભે કહ્યું છે - अत उत्तरं भगवान् बादरायण आचार्यः पठति । અહીં સૂત્રમાં બાદરાયણનું નામ નથી એથી સ્પષ્ટ થાય છે કે શંકરાચાર્યને મતે બાદરાયણ સૂત્રકાર છે.

શાંકરવેદાન્તની ગુરુપરંપરા દર્શાવતાં પદ્યમાં આ પ્રમાણેનો ક્રમ છે : નારાયણ - બ્રહ્મા - વસિષ્ઠ - શક્તિ - પરાશર - વ્યાસ - શુક - ગૌડપાદ - ગોવિન્દાચાર્ય - શંકરાચાર્ય વગેરે. અહીં બાદરાયણનું નામ નથી પણ વ્યાસનું નામ છે. વળી વસિષ્ઠથી માંડીને શુક સુધી પુત્રપરંપરા છે. આમ વ્યાસ તે પરાશરપુત્ર છે. જો તેઓ બાદરાયણથી ભિન્ન હોય તો બાદરાયણનું નામ જ ન આવે એવું બને નહિ એટલે પણ પારાશર્ય વ્યાસ અને બાદરાયણ એક છે એમ ફલિત થાય છે.

વિદ્યારણ સ્વામી રચિત શ્રી શંકરદિગ્વિજય કાવ્યના છઠ્ઠા સર્ગમાં કહ્યું છે - व्यासो दर्शयतिस्म सूत्रकालितन्यायौघरत्नावली । (૧૦૪) વળી આ જ કાવ્યના સાતમા સર્ગમાં વ્યાસ અને શંકરાચાર્યના મિલનની કથા છે.

આમ કેવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈત બન્ને પરંપરાઓ અનુસાર વેદવ્યાસ અને બાદરાયણ એક જ વ્યક્તિ છે.

અર્વાચીન દૃષ્ટિએ વિચારતાં કોઈપણ એક જ વ્યક્તિ વેદોનું સંકલન તથા મહાભારત, અષ્ટાદશ પુરાણો, અને બ્રહ્મસૂત્રો આદિની રચના કરે એ માની શકાય એવું નથી. એમ લાગે છે કે પ્રાચીન કાળમાં એક જ પરિપાટીમાં કાર્ય કરનાર વિદ્વાનોએ સદીઓ સુધી કાર્ય કર્યું હોય અને તેને પરિણામે આ બધા ગ્રન્થો પ્રાપ્ય થયા હોય.

બ્રહ્મસૂત્રોના રચનાકાળનો વિચાર કરતાં લાગે છે કે એના ઉપલબ્ધ સ્વરૂપમાં સાંખ્ય, વૈશેષિક, બૌદ્ધ, જૈન આદિ મતોનું ખંડન છે. બૌદ્ધોમાં વૈભાષિક અને સૌત્રાન્તિક તથા વિજ્ઞાનવાદનું નિરાકરણ છે. આમ ઉપલબ્ધ બ્રહ્મસૂત્રોનો સમય વિજ્ઞાનવાદના પુરસ્કર્તા વસુબંધુના સમય પછી એટલે કે ઈ.સ. ૩૨૫ ના અરસાનો માનવો જોઈએ એમ ડૉ. યોકોબી (બ્રાહ્મણોનાં તત્ત્વજ્ઞાનસૂત્રો - અમેરિકન ઓ.સો. જર્નલ પુસ્તક ૩૧) માને છે. ડૉ. યાકોબી માને છે કે ખરેખર અહીં શૂન્યવાદનું ખંડન છે એટલે ઉપલબ્ધ બ્રહ્મસૂત્રોનો સમય નાગાર્જુનના સમય પછીનો અર્થાત ઈ.સ. ૨૫૦ના અરસાનો ગણાય. વસ્તુબન્ધુ અને નાગાર્જુનની પહેલાં પણ આ વિચારધારાઓ પ્રવર્તતી હતી અને આ બે ચિન્તકોએ તો એને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું એમ માનીએ તો ઉપલબ્ધ બ્રહ્મસૂત્રોના અંતિમ તબક્કાની રચના ઈ.સ.ના આરંભમાં થઈ હશે એમ કહી શકાય. આગલા તબક્કાના પ્રતિશાખીય કે સર્વશાખીય બ્રહ્મસૂત્રોની રચના ક્યારે થઈ હશે તે જાણવા માટે આપણી પાસે કોઈ આધારભૂત સાધન નથી. ભગવદ્ગીતામાં બ્રહ્મસૂત્રોનો નિર્દેશ છે પણ એને આધારે કોઈ નિષ્કર્ષ પર આવી શકાતું નથી.

૨. બ્રહ્મસૂત્રોના ભાષ્યકારો :

સૂત્રોની વ્યાખ્યા આ પ્રમાણે છે : स्वल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् । अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥ અર્થાત્ સૂત્રમાં ઓછામાં ઓછા અક્ષરોમાં આખો મુદ્દો સમાવી લેવામાં આવે છે. આમ સૂત્રશૈલી જ વિશિષ્ટ પ્રકારની છે અને જ્યાં સુધી એની સમજૂતી આપવામાં ન આવે ત્યાં સુધી સૂત્રકાર શું કહેવા માગે છે તે સમજી શકાતું નથી. આને પરિણામે આખું ભાષ્યસાહિત્ય ઊભું થયુ. ભાષ્યની વ્યાખ્યા આ પ્રમાણે છે : सूत्रार्थो वर्ण्यते यत्र शब्दैः सूत्रानुसारिभिः । स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥ આમ ભાષ્યમાં સૂત્રને અનુસરતા શબ્દો દ્વારા સૂત્રનો અર્થ સમજાવ્યા પછી જે શબ્દો દ્વારા સૂત્રોનો અર્થ સમજાવાય તે શબ્દો પણ વિસ્તારથી સમજાવવામાં આવે છે. શાસ્ત્ર ગ્રન્થોમાં પોતાના મતની સ્થાપના અને અન્ય મતોનું ખંડન આવે છે. આમ એમાં પૂર્વપક્ષ--ઉત્તરપક્ષ વગેરે આવે. આને લીધે ભાષ્યશૈલીની એક આગવી પરંપરા ઊભી થઈ.

ખરેખર તો ગુરુ પોતાના શિષ્યોને જ્ઞાન આપતા ત્યારે લાઘવને માટે પોતે જે સૂત્રો રચ્યાં હોય તેનો અર્થ સમજાવતા; તે શિષ્યો પોતાના શિષ્યોને સમજાવતા. આ રીતે ગુરુશિષ્ય પરંપરાથી આ સૂત્રોનો અર્થ સમજાતો. પણ કાલક્રમે એ પરંપરા લુપ્ત થઈ એટલે ભાષ્યોની રચના થઈ ત્યારે ભાષ્યકારો પોતે સૂત્રોનો અર્થ જે રીતે સમજતા તે પ્રમાણે સમજાવવા લાગ્યા. એમાં ધીમે ધીમે એવી પણ પરિસ્થિતિ આવી કે ભાષ્યકારો સૂત્રોનો અર્થ પોતાના સ્થાપિત સિદ્ધાન્તોને અનુકૂળ રીતે કરવા માંડ્યા. આને પરિણામે મૂળ સૂત્રકારના મનમાં શું અર્થ હશે એ કહેવું ઘણું મુશ્કેલ થઈ પડ્યું, અને દરેક ભાષ્યકાર પોતે આપેલો અર્થ જ સાચો છે અને અન્ય ભાષ્યકારોએ

આપેલા અર્થો બરાબર નથી એમ કહેવા લાગ્યા. બ્રહ્મસૂત્રોના વિષયમાં આવું જ બન્યું છે.

બ્રહ્મસૂત્રો પરનાં ઉપલબ્ધ ભાષ્યોમાં શંકરાચાર્યનું ભાષ્ય સૌથી પ્રાચીન છે; પણ એમની પહેલાં પણ ઘણા વિચારકોએ ભાષ્યોની રચના કરેલી એના ઉલ્લેખો જુદા જુદા ગ્રન્થોમાં પ્રાપ્ત થાય છે. તેમાં બોધાયન, ઉપવર્ષ, ટંક, બ્રહ્મનન્દી, બ્રહ્મદત્ત, ભર્તૃપ્રપંચ, દ્રામિડાચાર્ય, સુંદરપાંડ્ય વગેરે નામો જાણીતાં છે. દુર્ભાગ્યે એમના ગ્રન્થો પ્રાપ્ત થતા નથી. વિવિધ ઉલ્લેખોને આધારે એમના અભિપ્રાયો વિશે અટકળ કરવામાં આવે છે.

શંકરાચાર્યનો સમય ઈ.સ. ૭૮૮-૮૨૦નો ગણાય છે. એમણે બ્રહ્મસૂત્રો, મહત્વનાં ઉપનિષદો અને ભગવદ્ગીતા પર ભાષ્યોની રચના કરી છે. આ ઉપરાંત એમણે સ્વતંત્ર ગ્રન્થો અને સ્તોત્રો પણ રચેલાં છે. એમનો મત કેવલાદ્વૈતવાદ તરીકે પ્રસિદ્ધ છે.

ભાસ્કરાચાર્ય લગભગ ઈ.સ. ૮૦૦ થી ૮૪૦ના અરસામાં થઈ ગયા. એમણે બ્રહ્મસૂત્ર પર ભાષ્ય રચેલું. આ ઉપરાંત એમણે છાન્દોગ્ય ઉપનિષદ્ અને ભગવદ્ગીતા ઉપર પણ ભાષ્યો લખેલાં એવા ઉલ્લેખો મળે છે. એમનો મત ઔપાધિક ભેદાભેદવાદ અથવા સત્યોપાધિવાદ તરીકે ઓળખાય છે.

રામાનુજાચાર્યનો જીવનકાળ ઈ.સ. ૧૦૧૭ થી ૧૧૩૭નો ગણાય છે. એમના મતને વિશિષ્ટાદ્વૈત કહેવાય છે. એમણે બોધાયનવૃત્તિને આધારે બ્રહ્મસૂત્રો પર શ્રીભાષ્ય રચ્યું છે. આ ઉપરાંત વેદાન્તસાર અને વેદાન્તદીપ નામે બે લઘુટીકાઓ, વેદાર્થસંગ્રહ, ભગવદ્ગીતાભાષ્ય, નિત્યગ્રન્થ અને ગદ્યત્રયની પણ રચના કરી છે. એમણે શ્રીસંપ્રદાય સ્થાપ્યો હતો.

નિમ્બાર્કાચાર્ય બારમા સૈકામાં થઈ ગયા હોવાનું માનવામાં આવે છે. એમના ભાષ્યને વેદાન્ત પારિજાતસૌરભ એવું નામ આપેલું છે. એમનો વાદ દ્વૈતાદ્વૈત અથવા ભેદાભેદ કહેવાય છે તથા એમનો સંપ્રદાય સનકસંપ્રદાય તરીકે જાણીતો છે.

મધ્વાચાર્ય ઈ.સ. ૧૧૯૯ માં જન્મેલા એવો સામાન્ય મત છે, તો કેટલાકને મતે એઓ આચાર્ય નિમ્બાર્કના પુરોગામી હતા. એમને પૂર્ણપ્રજ્ઞ, આનન્દતીર્થ અને મધ્યમંદાર એવાં નામો પણ આપેલાં છે. એમણે બ્રહ્મસૂત્ર પર ભાષ્ય, અનુવ્યાખ્યાન અને અણુભાષ્ય એમ ત્રણ ટીકાઓ ઉપરાંત, ઉપનિષદો, ગીતા, મહાભારત આદિ પર પણ ટીકાઓ કરી છે. એઓ દ્વૈતવાદના પુરસ્કર્તા છે તથા એમનો સંપ્રદાય બ્રહ્મસંપ્રદાય તરીકે ઓળખાય છે.

રામાનુજ, નિમ્બાર્ક તથા મધ્વ એ ત્રણ આચાર્યો વૈષ્ણવ છે તો શ્રીકંઠ અને શ્રીપતિ પંડિતાચાર્ય શૈવ આચાર્યો છે. શ્રીકંઠ ૧૧ મી સદીમાં થઈ ગયેલા. કેટલાકને મતે એઓ રામાનુજાચાર્ય પછી તો વળી કેટલાકને મતે પહેલાં થઈ ગયેલા. એમના શિવાદ્વૈત અને રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત વચ્ચે ઘણું સામ્ય છે. શક્ય છે કે બન્નેનો મૂળ સ્રોત એક જ હોય.

શ્રીપતિ પંડિતાચાર્ય બારમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયા. એમના શ્રીકરભાષ્યમાં વીરશૈવ દર્શનના સિદ્ધાન્તોનું સમર્થન કરેલું છે.

વિજ્ઞાનભિક્ષુના સમય વિશે મતભેદ છે. કેટલાક વિદ્વાનો એમને ૧૬મી સદીમાં તો વળી બીજા કેટલાક એમને ૧૪મી સદીમાં મૂકે છે. એમનું ભાષ્ય વિજ્ઞાનામૃત-ભાષ્યને નામે પ્રચલિત થયું છે. આ ઉપરાંત એમણે ઈશ્વરગીતાટીકા, સાંખ્યપ્રવચન-ભાષ્ય, સાંખ્યસાર, યોગવાર્તિક આદિ ગ્રન્થો રચ્યા છે. એમનો મત અવિભાગાદ્વૈત કહેવાય છે અને એમણે કોઈ સંપ્રદાય સ્થાપ્યો હોય એમ લાગતું નથી.

ચૈતન્ય મહાપ્રભુનો સમય ઈ.સ. ૧૪૮૫-૧૫૩૩ નો છે. એઓ મહાવિદ્વાન હોવા છતાં મુખ્યત્વે ભક્ત હતા અને એમણે ખાસ ગ્રન્થોની રચના કરી નથી. એમના શિષ્યો રૂપગોસ્વામી અને સનાતન ગોસ્વામી તથા જીવ ગોસ્વામીએ આ ઊણપ દૂર કરી હતી. બલદેવ વિદ્યાભૂષણે ૧૮મી સદીના આરંભમાં ગોવિન્દભાષ્ય નામે ભાષ્ય રચ્યું હતું. એમનો મત અચિન્ત્યભેદાભેદ કહેવાય છે.

અણુભાષ્યના રચયિતા વલ્લભાચાર્યના જીવન અને કૃતિઓ વિશેની માહિતી હવે પછી આપવામાં આવશે.

૩. વલ્લભાચાર્ય - જીવન અને કૃતિઓ :

શ્રી વલ્લભાચાર્યનું કુટુંબ આન્ધ્ર પ્રદેશનું વેલ્લનાટીય બ્રાહ્મણ કુટુંબ હતું. એઓ કૃષ્ણ યર્જુવેદની તૈત્તિરીય શાખાના ભારદ્વાજ ગોત્રના હતા. એમના એક પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટે ૩૨ યજ્ઞો કર્યા હતા. એમના પૌત્ર ગણપતિ ભટ્ટે ૩૦ સોમયજ્ઞો કરેલા. એમણે સર્વતંત્રનિગ્રહ નામે ગ્રન્થ રચેલો. એમના પુત્ર બાલમ્ ભટ્ટે પણ ભક્તિદીપ નામે કૃતિ રચી હતી. બાલમ્ ભટ્ટને બે પુત્રો હતા. લક્ષ્મણ ભટ્ટ અને જનાર્દન. લક્ષ્મણ ભટ્ટે પાંચ (અન્ય મતાનુસાર દશ) યજ્ઞો કર્યા હતા. એમનાં લગ્ન સુશર્માની પુત્રી યલ્લમાગારુ સાથે થયાં હતાં. એઓ કાશીમાં રહેતા હતા. ત્યાં ઉપદ્રવ થવાથી એઓ પોતાના પ્રદેશમાં જવા નીકળ્યા. માર્ગમાં ચંપારણ્ય પ્રદેશમાં એમણે વલ્લભાચાર્યને જન્મ આપ્યો. થોડો વખત પછી લક્ષ્મણ ભટ્ટ ફરીથી કાશી આવીને રહ્યા.

વલ્લભાચાર્યના પ્રાકટ્યના સંવતના વિષયમાં સાંપ્રદાયિક પરંપરા બે મતો આપે છે. એક મત પ્રમાણે એઓ વિક્રમ સંવત ૧૫૩૫ના વૈશાખ કૃષ્ણ એકાદશીને રવિવારે પ્રકટ થયેલા, તો બીજા મત અનુસાર એમનો પ્રાકટ્ય સંવત ૧૫૨૯ હતો.

વલ્લભાચાર્ય એમના માતાપિતાના ચોથા સન્તાન હતા. વલ્લભાચાર્ય ઉપરાંત એમના માતાપિતાને રામકૃષ્ણ, સરસ્વતી, સુભદ્રા અને કેશવ એટલાં સન્તાનો હતાં. ઉપનયન સંસ્કાર પછી એમણે વિષ્ણુચિત્ત નામે વિદ્વાન પાસે અભ્યાસનો આરંભ કર્યો. આ ઉપરાંત તિરુમલ્લ, નારાયણ દીક્ષિત, માધવેન્દ્ર યતિ પાસે પણ અધ્યયન કર્યું હતું. અત્યંત કુશાગ્ર બુદ્ધિને લીધે એમણે ટૂંક સમયમાં જ બધાં શાસ્ત્રો તથા અન્ય સાહિત્યમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. દુર્ભાગ્યે ઈ.સ. ૧૪૯૦ (વિ.સ. ૧૫૪૬) માં લક્ષ્મણ ભટ્ટનો દેહવિલય થયો અને આખું કુટુંબ દક્ષિણ તરફ જવા નીકળ્યું. તે

આચાર્યશ્રીનું દક્ષિણ તરફનું ગમન એક તીર્થયાત્રા સમાન હતું. આ યાત્રા દરમ્યાન એમણે અનેક તીર્થક્ષેત્રોની મુલાકાત લીધી તથા અનેક પંડિતોનો શાસ્ત્રાર્થમાં પરાભવ કર્યો. એઓ ઈ.સ. ૧૪૯૩-૯૪ ના અરસામાં વિજયનગર ગયા હતા. ત્યાંના રાજા કૃષ્ણદેવરાયની સભામાં દીર્ઘકાળથી શાંકર પંડિતો અને વૈષ્ણવ વિદ્વાનો વચ્ચે શાસ્ત્રાર્થ ચાલતો હતો. વૈષ્ણવ પંડિતોનું નેતૃત્વ મધ્વસંપ્રદાયના શ્રી વ્યાસતીર્થની પાસે હતું. આ વાદમાં શાંકર વિદ્વાનો જીતવાની અણી પર હતા, તે જ વખતે વલ્લભાચાર્યે રાજસભામાં પ્રવેશ કરીને વાદમાં ભાગ લઈને શાંકર વિદ્વાનોનો પરાજય કર્યો. રાજા કૃષ્ણદેવરાયે એમનું બહુમાન કરી કનકાભિષેક કર્યો. અને એમને આચાર્યની પદવી આપી. તે વખતે વ્યાસતીર્થે એમને મધ્વસંપ્રદાયના આચાર્યનું પદ ગ્રહણ કરવા વિનંતિ કરી, પણ તેનો સ્વીકાર ન કરતાં એમણે પોતાની યાત્રા ચાલુ રાખી.

આચાર્યશ્રી ગોકુલમાં હતા ત્યારે શ્રાવણ શુકલ એકાદશીની મધ્યરાત્રીએ ભગવાને એમને આદેશ આપ્યો કે આ નવા માર્ગમાં વૈષ્ણવોને દીક્ષિત કરો. સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં આ વાત કહેલી છે. પરંપરા અનુસાર આ ઘટના વિ.સ. ૧૫૪૯માં બનેલી.

આચાર્યશ્રીએ ત્રણ વખત યાત્રા કરી હતી. બીજી યાત્રા પછી એમણે દેવભટ્ટ નામે બ્રાહ્મણની પુત્રી મહાલક્ષ્મી સાથે લગ્ન કર્યાં હતાં. ત્રીજી યાત્રા પૂરી કરીને એઓ કાશીમાં રહ્યા, પણ પછી પ્રયાગની નજીક આવેલા અડેલ ગ્રામમાં નિવાસ કર્યો. અડેલનિવાસ દરમ્યાન એમણે મહત્ત્વના ગ્રન્થો રચ્યા તથા પોતાના સંપ્રદાયને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું.

એકવાર એઓ જગન્નાથપુરીથી પાછા ફરતા હતા ત્યારે ભગવાને એમને જીવનનો ત્યાગ કરવાની આજ્ઞા કરી, પણ ભાગવત પરની ટીકા પૂર્ણ ન થઈ હોવાથી એમણે આજ્ઞાનું પાલન ન કર્યું અને ટીકાની રચનામાં ઉતાવળ કરી. આ પછી એમના લહિયા માધવ ભટ્ટ કાશ્મિરીનું બાણ વાગવાથી શરીર પડ્યું, વ્રજયાત્રા દરમ્યાન મધુવનમાં ફરીથી આજ્ઞા થઈ અને અડેલ પધાર્યા ત્યારે ત્રીજી આજ્ઞા થઈ. આથી એઓશ્રીએ પ્રભુના ધામમાં જવાનો નિર્ણય કર્યો અને પોતાની માતા તથા પત્નીને જણાવ્યું. મધ્વસંપ્રદાયના માધવેન્દ્રપુરિએ વલ્લભાચાર્યને સન્ન્યાસ દીક્ષા આપી. કેટલાકને મતે માધવેન્દ્રપુરિ નહિ પણ નારાયણેન્દ્ર યતિએ દીક્ષા આપી હતી. આ પછી એઓશ્રી કાશી પધાર્યા અને હનુમાનઘાટ આગળ ગંગામાં પ્રવેશ્યા. વિ.સં. ૧૫૮૭ના આષાઢ શુકલ તૃતીયાને રવિવારે મધ્યાહ્નસમયે એમણે વૈકુંઠવાસ કર્યો. આમ એઓશ્રી ૫૨ (કે ૫૮) વર્ષ ભૂતલ પર વિરાજ્યા હતા.

વલ્લભાચાર્યે ઘણા ગ્રન્થોની રચના કરી હતી. પરંપરા અનુસાર એમણે ૮૪ ગ્રન્થો રચેલા. ૮૪ની સંખ્યાને આચાર્યશ્રી સાથે વિશિષ્ટ સંબંધ છે, કારણ કે એમના સેવકો પણ ૮૪ હતા અને એમની બેઠકોની સંખ્યા પણ ૮૪ ગણાય છે. એમના બધા ગ્રન્થો પ્રાપ્ત થતા નથી. વળી કેટલાક ગ્રન્થો સંપૂર્ણ રીતે પ્રાપ્ત થતા નથી. બ્રહ્મસૂત્રો પરનું એમનું અણુભાષ્ય અપૂર્ણ છે અને તે એમના પુત્ર વિઠ્ઠલનાથજીએ

પૂરૂં કરેલું. એમણે પૂર્વમીમાંસાસૂત્રો પર ભાષ્ય રચેલું. તેમાંથી માત્ર ભાવાર્થપાદનું ભાષ્ય મળે છે. પૂર્વમીમાંસાસૂત્રો પરની એમની ૪૨ કારિકાઓ ઉપલબ્ધ છે. ભાગવત પરની સુબોધિની ટીકા પ્રથમ ત્રણ સ્કન્ધ, દશમ સ્કન્ધ અને એકાદશ સ્કન્ધના અધ્યાય ૧-૫ પર છે. ભાગવત પર જ રચાયેલી સૂક્ષ્મટીકા ઉપલબ્ધ નથી. એમણે રચેલા તત્ત્વદીપનિબન્ધનાં ત્રણ પ્રકરણો છે : શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય અને ભાગવતાર્થ. આ નિબન્ધ પર એમણે પ્રકાશ ટીકા લખી છે, તે પણ ભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ ૪ કારિકા ૩૩ સુધી છે. એમણે રચેલા ષોડશ ગ્રન્થો વૈષ્ણવોમાં અતિપ્રચલિત છે, એમાં પણ પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થ અપૂર્ણ છે. આ ઉપરાંત પત્રાવલમ્બન જેવા લઘુગ્રન્થો પણ પ્રાપ્ત થાય છે. એમણે કેટલા ગ્રન્થો રચેલા તેની ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી.

૪. વલ્લભાચાર્ય અને વિષ્ણુસ્વામી :

ઈ.સ. તેરમી સદીના અરસામાં એક વિષ્ણુસ્વામી નામે વૈષ્ણવ આચાર્ય થઈ ગયા હોવાનું માનવામાં આવે છે. એમણે મહત્ત્વના વેદાન્તગ્રન્થો પર ટીકા રચી હતી, પણ એમનું સાહિત્ય ઉપલબ્ધ નથી, એટલું જ નહિ પણ એમને વિશે પણ કેટલાક ઉલ્લેખોને બાદ કરતાં ખાસ માહિતી મળતી નથી.

કેટલાક વિદ્વાનો એવી માન્યતા ધરાવે છે કે વલ્લભાચાર્ય વિષ્ણુસ્વામીના મતને અનુસરતા હતા. વલ્લભાચાર્ય પોતાને ''વિષ્ણુસ્વામિમતાનુવર્તી'' માનતા હતા એમ આચાર્યશ્રીએ ઉજ્જયિનીના તીર્થપુરોહિતને સ્વહસ્તાક્ષરમાં આપેલા પત્રને આધારે સિદ્ધ થાય છે. એમ શ્રી શ્યામ મનોહરજી કહે છે. (બ્રહ્મસૂત્રાણુભાષ્ય પ્રથમ ભાગ, હિન્દી ઉપોદ્ઘાત પૃ. ૧૬) વળી મહાપ્રભુજીના સમકાલીન ભક્તકવિઓનું પદસાહિત્ય, એમના ઉપલબ્ધ ગ્રન્થોની પુષ્પિકાઓ અને ચરિત્રગ્રન્થો દ્વારા પણ એ સિદ્ધ થાય છે. વિષ્ણુસ્વામીનાં કેટલાંક વાક્યો શ્રીધરીમાં પ્રાપ્ત થાય છે તે પરથી એમનો સિદ્ધાન્ત મહાપ્રભુજીના સિદ્ધાન્તને સમાન છે એમ પણ પ્રતીત થાય છે.

સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન ગો.વા.પ્રા.ગોવિન્દલાલ ભટ્ટ આનાથી જુદો મત ધરાવે છે. એમની દલીલો એવી છે કે આચાર્યશ્રી પોતાના ગ્રન્થોમાં કહે છે કે अतोऽग्निना मया सर्वतः सदुद्वारार्थ यथाश्रुतानि श्रुतिसूत्राणि योजयता सर्वो मोहो निराकृतो वेदितव्यः। (અ.ભા. ૨.૨.૨૬) સુબોધિની ૧.૧.૧. કારિકા-૫ માં પણ આવી જ વાત કહી છે. અહીં વિષ્ણુસ્વામીનું નામ ક્યાંય આવતું નથી. વળી ભાગવત ૩.૩૨.૩૭ પરની સુબોધિનીમાં વિષ્ણુસ્વામીના મતને તામસ કહીને પોતાના મતને નિર્ગુણ કહ્યો છે. સર્વોત્તમ સ્તોત્રમાં આવતી આચાર્યની નામાવલીમાં પણ વિષ્ણુસ્વામીનું નામ નથી. સાતમી અને આઠમી પ્રાચ્યવિદ્યાપરિષદ્ના હેવાલમાં પ્રા. ભટ્ટના ''વિષ્ણુસ્વામી અને વલ્લભાચાર્ય'' નામનો લેખ છપાયો છે. તેમાં વિષ્ણુસ્વામીનો અભિપ્રાય દર્શાવતા ઉલ્લેખોની સંપૂર્ણ ચર્ચા કરીને આચાર્યશ્રીના મતથી એમનો મત જુદો પડે છે એ દર્શાવ્યું છે.

આ વિષયમાં બીજા પણ એક બે મુદ્દાઓ નોંધવા જેવા છે. શ્રી પુરુષોત્તમજી રચિત ભાષ્યપ્રકાશમાં કે ગોપેશ્વરજીકૃત રશ્મિના આરંભમાં કે અન્તમાં વિષ્ણુસ્વામીનો નામનિર્દેશ નથી. વળી આચાર્યશ્રીના કનકાભિષેકપ્રસંગનું વર્ણન કરતાં શ્રી જે.ગો.શાહ (અણુભાષ્ય - ગુજરાતી અનુવાદ ઉપોદ્ઘાત પૃ.૪૭) કહે છે કે માધ્વની સહાયમાં નિમ્બાર્ક, વિષ્ણુસ્વામી અને રામાનુજ મતના પંડિતો હતા. આમ આચાર્યશ્રી વિષ્ણુસ્વામીના મતને અનુસર્યા હોય એમ લાગતું નથી. વળી કનકાભિષેક પછી માધ્વમતના આચાર્યે પોતાના સંપ્રદાયનું નેતૃત્વ આચાર્યશ્રીને સોંપવાનો પ્રસ્તાવ કર્યો હતો. જો આચાર્યશ્રી વિષ્ણુસ્વામીના મતને અનુસરતા હોત તો વિષ્ણુસ્વામીના મતના પંડિતોએ પોતાના સંપ્રદાયનું નેતૃત્વ મહાપ્રભુજીને સોંપ્યું હોત; પણ એવું નથી. ઉપરાંત જ્યારે આચાર્યશ્રીએ સંન્યાસ દીક્ષા લીધી ત્યારે પણ એમના દીક્ષાગુરુ માધ્વસંપ્રદાયના હતા, વિષ્ણુસ્વામી સંપ્રદાયના નહિ. અન્તે એ પણ નોંધવું જોઈએ કે વલ્લભસંપ્રદાયમાં પુત્રપરંપરા ચાલે છે; વિષ્ણુસ્વામી સંપ્રદાયમાં પુત્રપરંપરા ચાલતી હોય એવું જાણમાં નથી. આ બધું જોતાં મને લાગે છે કે આચાર્યશ્રી વિષ્ણુસ્વામીના મતને અનુસરતા હતા એ માન્યતા શંકાસ્પદ છે. અને વધારે સંશોધન માગી લે છે.

૫. વિઠ્ઠલનાથજી અને એમના વંશજો :

વલ્લભાચાર્યને બે પુત્રો હતા; ગોપીનાથજી અને વિઠ્ઠલનાથજી, ગોપીનાથજી વિ.સં. ૧૫૬૭માં પ્રકટ થયેલા. એઓશ્રી ભાગવતપુરાણ વાંચ્યા પછી જ ભોજન ગ્રહણ કરતા, પણ એમાં ઘણો સમય જતો હોવાથી આચાર્યશ્રીએ એમને ભાગવતને બદલે પુરુષોત્તમનામસહસ્ર વાંચીને ભોજન લેવા આજ્ઞા કરેલી એમ પરંપરા કહે છે. એમણે સાધનદીપિકા અને સેવાવિધિ એમ બે ગ્રન્થો રચેલા. એમણે અલ્પ આયુ ભોગવીને લીલાપ્રવેશ કરેલો. એમને પુરુષોત્તમ નામે પુત્ર હતો, જેનો અકાળે દેહવિલય થયેલો.

વિઠ્ઠલનાથજી ગોપીનાથજી કરતાં પાંચ વર્ષ નાના હતા. એમનું પ્રાકટ્ય વિ.સં. ૧૫૭૨માં પૌષકૃષ્ણ નવમીને શુક્રવારે થયું હતું. એમ કહેવાય છે કે બાળપણમાં એમનો સ્વભાવ રમતિયાળ હતો. પણ દામોદરદાસ વૈષ્ણવના કહેવાથી એઓશ્રીએ આવશ્યક ગંભીરતા ધારણ કરેલી. આચાર્યશ્રીએ એમને પ્રસિદ્ધ વિદ્વાન મધુસૂદન સરસ્વતી (કે માધવસરસ્વતી) પાસે વિદ્યાભ્યાસ અર્થે મોકલ્યા હતા. આચાર્યશ્રીના લીલાપ્રવેશ વખતે એમની વય આશરે ૧૫ વર્ષની હતી. પિતાશ્રી અને વડીલ ભાઈ બન્ને ન હોવાથી આટલી અલ્પવયમાં એમને શિરે સંપ્રદાયની જવાબદારી આવી પડી; જે એમણે સુપેરે નિભાવી. સંપ્રદાયના પ્રચાર અને પ્રસાર માટે એમણે અનેક યાત્રાઓ કરી. એઓશ્રી છ વાર ગુજરાત પધાર્યા હતા તો વિ.સં. ૧૬૧૬ માં જગન્નાથપુરીની પણ યાત્રા કરેલી. એઓશ્રી સામાન્ય રીતે અડેલ રહેતા હતા, પછી બંધેગઢ ગયા અને થોડા માસ પછી રાણી દુર્ગાવતીના આમંત્રણથી ગઢા ગયેલા. ત્યાંથી એઓશ્રી મથુરા પધાર્યા અને સાતઘરા નામે પ્રસિદ્ધ ઘરમાં નિવાસ કર્યો. સંવત ૧૬૨૯થી એમણે ગોકુળમાં કાયમી નિવાસ કર્યો. એમની અકબર સાથે પણ સુખદ મુલાકાતો થયેલી;

તથા શાહી ફરમાનો દ્વારા ગાયો ચરાવવાનો અધિકાર પ્રાપ્ત થયેલો. આથી જ એઓશ્રી ગોસ્વામી (ગોસાંઈજી) કહેવાયા. આજે પણ એમના વંશજો ગોસ્વામી કહેવાય છે.

એમનું કૌટુંબિક જીવન ઘણું પ્રસન્ન હતું. પ્રથમ એમણે વિશ્વનાથ ભટ્ટ અને ભવાનીની પુત્રી રુક્મિણી સાથે લગ્ન કરેલું એનાં ફળ સ્વરૂપે એમને છ પુત્રો અને ચાર પુત્રીઓ પ્રાપ્ત થયેલી. રુક્મિણીના ગોલોકવાસ પછી એમણે કૃષ્ણરાયની પુત્રી પદ્માવતી સાથે લગ્ન કર્યું. તેને પરિણામે સાતમા પુત્ર ઘનશ્યામનો જન્મ થયો. આમ અતિ વિશાળ કુટુંબની જવાબદારી હોવા છતાં એઓશ્રી હંમેશાં કૃષ્ણસેવા અને સંપ્રદાયના પ્રચારમાં વ્યસ્ત રહેતા. વિ.સં. ૧૬૪૨ના માઘ કૃષ્ણ સપ્તમીને દિને એમણે લીલા પ્રવેશ કર્યો હતો.

વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈતપુષ્ટિમાર્ગની સ્થાપના કરી પણ એક સંપ્રદાયરૂપે એનો વિકાસ કરવાનું શ્રેય વિઠ્ઠલનાથજીને જાય છે. એમણે પુષ્ટિમાર્ગનો સેવાપ્રકાર વ્યવસ્થિત કરીને એને કલાનો સ્પર્શ આપ્યો. એમના ઘણા સેવકો અને શિષ્યો હતા એ વાત ૨૫૨ વૈષ્ણવોની ચરિત્રાવલીમાંથી સમજાય છે. વલ્લભાચાર્યને મહાપ્રભુજી કહેવાય છે તો વિઠ્ઠલનાથજી પ્રભુચરણ, પ્રભુ અથવા ગોસાંઈજી નામે પ્રસિદ્ધ છે.

વિઠ્ઠલનાથજી પ્રખર વિદ્વાન અને પ્રસિદ્ધ લેખક હતા. એમના પિતાશ્રીના અપૂર્ણ ગ્રન્થો એમણે પૂરા કર્યા. અણુભાષ્યનો છેલ્લો દોઢ અધ્યાય એમણે રચેલો છે. ઉપરાંત તત્ત્વદીપ નિબન્ધના ભાગવતાર્થ પ્રકરણ પરની પ્રકાશ ટીકાનો અમુક ભાગ એમનો છે. આ ઉપરાંત બીજી પણ ઘણી ટીકાઓ અને સ્વતંત્ર ગ્રન્થો છે, એમાં વિદ્વન્મંડન ઘણો મહત્ત્વનો છે. 'પુષ્ટિમાર્ગનાં પાંચસો વર્ષ' પુસ્તકમાં એમના ૪૮ ગ્રન્થોની યાદી આપેલી છે. (પૃ.૨૩૯).

આચાર્યશ્રી પાસે સાત સેવ્યસ્વરૂપો હતાં, તે બધાં વિઠ્ઠલનાથજીને મળેલાં. એમણે આ સાત સ્વરૂપો પોતાના સાત પુત્રોને પધરાવી આપ્યાં હતાં.

વિઠ્ઠલનાથજીના ચોથા પુત્ર ગોકુલનાથજી સંપ્રદાયમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એમનો જન્મ વિ.સં. ૧૬૦૮ માં અને વૈકુંઠવાસ વિ.સં. ૧૬૯૭ માં થયેલો. તે અરસામાં ચિદ્રૂપ નામે એક સંન્યાસીએ જહાંગીરને સમજાવીને વૈષ્ણવોનાં તુલસીમાળા અને તિલક પર પ્રતિબન્ધ મુકાવ્યો હતો. શ્રી ગોકુલનાથજીએ જહાંગીરને મળીને વૈષ્ણવોની માન્યતા સમજાવીને પ્રતિબન્ધ ઉઠાવી લેવડાવ્યો હતો. એમણે ષોડશગ્રન્થો વગેરેમાંથી કેટલાક પર ટીકાઓ લખી છે. ઉપરાંત વ્રજ ભાષામાં એમની ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા પણ પ્રસિદ્ધ છે.

વિઠ્ઠલનાથજીના બીજા પુત્ર ગોવિન્દરાયજીના પુત્ર કલ્યાણરાયજીએ (જન્મ વિ.સં. ૧૬૨૫) ષોડશગ્રન્થોમાંથી કેટલાક પર ટીકાઓ તથા કેટલાંક કીર્તનો લખ્યાં છે. એમના પુત્ર હરિરાયજીનું સંપ્રદાયના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન છે. એમનો જન્મ વિ.સંવત ૧૬૪૯ માં થયેલો. એમણે લગભગ ૧૨૦ વર્ષનું આયુષ્ય

ટીકાઓ લખ્યાં છે. એમણે એમના લઘુબન્ધુ ગોપેશ્વરજીને ઉદ્દેશીને લખેલા શિક્ષાપત્રો વૈષ્ણવ સમાજમાં અત્યંત લોકપ્રિય છે.

વલ્લભચાર્યના વંશમાં સાતમી પેઢીએ થઈ ગયેલા પુરુષોત્તમજી પીતામ્બરજીના પુત્ર હતા. એમનો જન્મ વિ.સં. ૧૭૧૪ (પરંપરાનુસાર ૧૭૨૪) માં થયેલો. એમણે અનેક ગ્રન્થો લખેલા. એમણે લખેલી ટીકાઓને આધારે આચાર્યશ્રીના ગ્રન્થો શાસ્ત્રીય દષ્ટિએ સમજી શકાય છે. એમણે રચેલું સાહિત્ય લગભગ નવ લાખ શ્લોકપ્રમાણ છે. એમના ૬૭ ગ્રન્થોની યાદી મારાં પુસ્તક ''પુરુષોત્તમજી : એક અધ્યયન'' માં (પૃ. ૬૨-૬૪) આપી છે. એમના વૈકુંઠગમનનું વર્ષ મળતું નથી. સંપ્રદાયમાં એઓ દશદિગન્તવિજયી, પંડિતપુરન્દર, અને લેખવાલા તરીકે પ્રસિદ્ધ છે.

પુરુષોત્તમજી પછીનું મહત્ત્વનું નામ ગોપેશ્વરજીનું છે. એમનો જન્મ વિ.સં. ૧૮૩૫માં થયેલો. એમના ૧૭ ગ્રન્થોની યાદી મારાં ઉપર ઉલ્લેખેલા પુસ્તકમાં (પૃ.૪૦૪) આપી છે. ભાષ્યપ્રકાશ પરની રશ્મિ ટીકા અને ભક્તિમાર્તંડ એમના પ્રસિદ્ધ ગ્રન્થો છે.

આ ઉપરાંત પણ વિઠ્ઠલનાથજીના વંશજોમાં ઘણા વિદ્વાનો અને લેખકો થઈ ગયા. તે ઉપરાંત આ વિદ્વાનોના શિષ્યો અને અન્ય વૈષ્ણવ મહાપુરુષોએ પણ અનેક ગ્રન્થો રચીને સંપ્રદાયના સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

૬. અણુભાષ્યનું દ્વિકર્તૃત્વ :

શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્રો પર અણુભાષ્યની રચના કરી હતી; પણ આપણને જે ગ્રન્થ પ્રાપ્ત થાય છે તે માત્ર આચાર્યશ્રીનો નથી. બ્રહ્મસૂત્ર ૩.૨.૩૩ સુધીનું ભાષ્ય આચાર્યશ્રીએ રચ્યું છે તો ૩.૨.૩૪થી અન્ત સુધીનું લખાણ વિઠ્ઠલનાથજીનું છે. આ સિદ્ધ કરવા માટેનાં પ્રમાણો નીચે મુજબ છે.

(૧) બ્ર.સૂ. ૩.૨.૩૪ થી શરૂ થતા અણુભાષ્યમાં વિદ્વન્મંડનનો ઉલ્લેખ છે. જેમ કે બ્ર.સૂ. ૩.૨.૪૧ પરના અણુભાષ્યમાં કહ્યું છે- विद्वन्मण्डने श्रीविठ्ठलेन च । બ્ર. સૂ. ૪.૪.૧૪ પરના ભાષ્યમાં વાક્ય છે- एतद्विद्वन्मण्डने प्रपञ्चितम् । તે જ રીતે બ્ર. સૂ. ૪.૪.૧૩ પરના ભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે- इति श्रुतिव्याख्याने विद्वन्मण्डने प्रपञ्चितम् । બ્ર. સૂ. ૪.૨.૧૫માં ઋગ્વેદ ૨.૨.૨૪ અને તૈ.સં. ૧.૩.૬ના મંત્ર ता वां वास्तून्युष्मसि गमध्यै ની જે સમજૂતી આપેલી છે તે જ વિદ્વન્મંડનમાં પણ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત બ્ર. સૂ. ૩.૩.૩ પરના ભાષ્યમાં ભક્તિહંસનો ઉલ્લેખ છે- एतच्च यथा तथा भक्तिहंसे प्रपञ्चितम् । આમ ભાષ્યના ઉત્તરભાગમાં વિઠ્ઠલનાથજીના ગ્રન્થોનો ઉલ્લેખ છે. આપણે ઉપર જોયું જ છે કે આચાર્યશ્રીના લીલા પ્રવેશ વખતે વિઠ્ઠલનાથજી અલ્પવયના હતા એટલે એમના ગ્રન્થોનો ઉલ્લેખ આચાર્યશ્રી કરે એ માની શકાય એવું નથી. તેથી ભાષ્યનો ઉત્તરભાગ વિઠ્ઠલનાથજીએ રચ્યો હોય એમ જ માનવું યોગ્ય છે.

(૨) અણુભાષ્યના બન્ને ભાગમાં પોતાના સિદ્ધાન્તના સમર્થનમાં જે અવતરણો ટાંકેલાં છે તેના સ્વરૂપમાં પણ મહત્ત્વનો ભેદ છે. પૂર્વભાગમાં શ્રુતિનાં અવતરણો પ્રાચીન અને મુખ્ય ગણાતાં ઉપનિષદોમાંથી તો સ્મૃતિઓનાં અવતરણો ગીતા અને ભાગવત પુરાણમાંથી છે. ઉત્તર ભાગમાં આવતાં અવતરણો જોઈએ તો તેમાં શ્રુતિનાં પ્રમાણો ઓછાં છે. તેમાં પણ મહાનારાયણોપનિષદ્, ગોપાલપૂર્વતાપિનીયોપનિષદ્ જાબાલોપનિષદ્, રામોત્તરતાપિનીયોપનિષદ્ જેવામાંથી અવતરણો વધારે છે. સ્મૃતિઓનાં અવતરણોમાં પુરાણોનું બાહુલ્ય દેખાય છે. આ જ પદ્ધતિ વિઠ્ઠલનાથજીના અન્ય ગ્રન્થોમાં પણ દેખાય છે.

(૩) શૈલીની દૃષ્ટિએ પણ બન્ને લેખકોમાં ઘણો ભેદ છે. આચાર્યશ્રી ટૂંકા વાક્યો અને જરૂર પડ્યે ટૂંકા સમાસો યોજે છે. અલંકારયુક્ત શૈલીનો ઉપયોગ પૂર્વભાગમાં દેખાતો નથી. ઉત્તરભાગમાં લાંબાં વાક્યો, દીર્ઘસમાસો, અલંકરણો વગેરે પ્રચુર માત્રામાં છે. વિદ્વન્મંડન તથા વિઠ્ઠલનાથજીના અન્ય ગ્રન્થોમાં આવી જ શૈલી પ્રાપ્ત થાય છે. આમ શૈલીની દૃષ્ટિએ જોતાં પણ દ્વિકર્તૃત્વ સિદ્ધ થાય છે.

(૪) અણુભાષ્યમાં આવતી કારિકાઓની યોજના પણ આ સંદર્ભમાં જોવાની જરૂર છે. આખા ભાષ્યમાં કુલ ૬૨ કારિકાઓ છે. તેમાંની ૩૮ કારિકાઓ પૂર્વભાગમાં આવે છે. એમાંની પાંચ કારિકાઓ ત્રીજા અધ્યાયના આરંભમાં મૂકેલી છે તો બાકીની ૩૩ કારિકાઓ ભાષ્યમાં જ્યાં જ્યાં અનુરૂપ ચર્ચા આવે છે ત્યાં ત્યાં દેખાય છે. ઉત્તરભાગમાં આવતી ૨૪ કારિકાઓમાંથી છેલ્લી પાંચ અન્તે આવે છે અને પુષ્પિકાસ્વરૂપની છે. બાકીની ૧૯ કારિકાઓમાંથી એક કારિકા બ્ર.સૂ. ૩.૪.૪૫ પરના ભાષ્યમાં છે; તો બાકીની ૧૮ કારિકાઓ ચોથા અધ્યાયના આરંભમાં છે. વલ્લભાચાર્યના લખાણમાં લાઘવનું તો વિઠ્ઠલનાથજીના લખાણમાં વિસ્તારનું વલણ વધારે છે. તેથી પણ કર્તૃભેદનું અનુમાન કરી શકાય છે. પૂર્વભાગમાં આવેલી કારિકાઓમાં પણ બ્ર.સૂ. ૧.૧.૧૧માં અન્તે આવતી કારિકા વિઠ્ઠલનાથજી રચિત છે એમ એની શૈલી પરથી જ સમજાય છે.

(૫) પૂર્વભાગ અને ઉત્તરભાગમાં એક બીજો પણ મહત્ત્વનો ભેદ જોઈ શકાય છે. શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની સ્થાપના આચાર્યશ્રીએ કરી એ ખરું પણ પુષ્ટિમાર્ગનો વ્યવસ્થિત વિકાસ કરીને એક સંપ્રદાય તરીકે સ્થિર કરવાનું કાર્ય વિઠ્ઠલનાથજીએ કર્યું હતું. આથી પુષ્ટિમાર્ગની પરિભાષા ઉત્તરભાગમાં જોવા મળે છે - જેમકે બ્રહ્મસંબન્ધ, શુદ્ધપુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ, લીલા, શરણ, નિવેદન વગેરેની જે ચર્ચા ઉત્તરભાગમાં મળે છે તે પૂર્વાભાગમાં મળતી નથી.

(૬) આચાર્યશ્રી અને વિઠ્ઠલનાથજીના ગ્રન્થોના વિદ્વાનોમાં મૂર્ધન્ય સ્થાન પુરુષોત્તમજી અને તે પછી ગોપેશ્વરજીનું છે. બ્ર.સૂ. ૩.૨.૩૪ પરના ભાષ્યપ્રકાશમાં પુરુષોત્તમજી લખે છે - इत आरभ्य प्रभूणामिति प्रतिभाति । ગોપેશ્વરજી સ્પષ્ટ રીતે ગ્રન્થકર્તૃત્વમાં ભેદ દર્શાવતાં કહે છે - श्रीमदाचार्याः स्वानुमतमार्गप्रचारार्थं

तवन्तः । આમ પૂર્વભાગનું કર્તૃત્વ આચાર્યશ્રીનું છે એમ સિદ્ધ થાય છે. ૩.૨.૩૪ થી શરૂ થતું ભાષ્ય વિઠ્ઠલનાથજીનું છે એમ દર્શાવતાં ગોપેશ્વરજી કહે છે : तदेतत्पूरयितुं श्रीविठ्ठलदीक्षिताः स्थानविशेषात्प्रकाशादिवदिति सूत्रादारभ्य भाष्यमारभन्त इत्याहुः ।

આમ અણુભાષ્યના આરંભથી બ્ર. સૂ. ૩.૨.૩૩ સુધીનું ભાષ્ય આચાર્યશ્રીનું છે તો બાકીનો ભાગ વિઠ્ઠલનાથજીએ રચેલો છે એમ સિદ્ધ થાય છે.

અહીં એક પ્રશ્ન એ પણ છે કે આચાર્યશ્રીએ આખું અણુભાષ્ય રચેલું અને પછીથી એનો અમુક ભાગ લુપ્ત થયો કે પછી એમણે આખા ગ્રન્થની રચના કરેલી જ નહિ ? આ બાબતમાં નીચેના કેટલાક મુદ્દાઓ નોંધવા યોગ્ય છે.

(૧) તત્ત્વદીપનિબન્ધના શાસ્ત્રાર્થ પ્રકરણના પાંચમા પદ્ય પરના પ્રકાશમાં કહ્યું છે- चकारान्मीमांसाद्वयभाष्यम् । આ પરથી લાગે છે કે આચાર્યશ્રીએ પૂર્વમીમાંસા સૂત્રો અને બ્રહ્મસૂત્રો બન્ને પર સંપૂર્ણ ભાષ્યૌ રચ્યાં હશે અને દુર્ભાગ્યે બન્ને ભાષ્યો આખાં પ્રાપ્ત થતાં નથી.

(૨) ભાગવત ૨.૧.૫ પરની સુબોધિનીમાં કહ્યું છે કે भावनापत्तेश्च पूर्वमीमांसाभाष्य एव निराकृतः । આમ આચાર્યશ્રીએ પૂ. મી.સૂત્રો પરનું ભાષ્ય આખું જ રચ્યું હશે તેપરથી એમ પણ કહી શકાય કે બ્ર.સૂ. પરનું ભાષ્ય પણ આખું રચ્યું હશે.

(૩) વેદસ્તુતિ પરની સુબોધિનીમાં કહ્યું છે- भाष्ये विस्तरस्योक्तत्वात् । આવો કોઈ વિસ્તાર ઉપલબ્ધ અણુભાષ્યમાં નથી.

(૪)ભાગવત ૩.૪.૭ પરની સુબોધિનીમાં કહ્યું છે- एतान्येव गुणोपसंहारे षोडशाधिकरण्या प्रतिपादितानि । બ્ર. સૂ. ૩.૩ને ગુણોપસંહારપાદ કહે છે અને એમાં આવતાં ૧૬ અધિકરણો વિશેષણ તરીકે ગણવાનાં છે. ઉપલબ્ધ અણુભાષ્યમાં એવો કોઈ ઉલ્લેખ નથી.

(૫) બ્રહ્મસૂત્રના ત્રીજા અને ચોથા અધ્યાયનાં કેટલાંક સૂત્રો સુબોધિનીમાં પણ મળે છે; પણ સુબોધિનીમાં આવેલો એ સૂત્રનો અર્થ ભાષ્યમાં આપેલા અર્થથી જુદો પડે છે.

ઉપરના મુદ્દાઓ પરથી લાગે છે કે આચાર્યશ્રીએ બધાં જ બ્રહ્મસૂત્રો પરનું ભાષ્ય રચ્યું હશે, પણ વિઠ્ઠલનાથજીને એ પ્રાપ્ત થયેલું નહિ. અનુશ્રુતિ પ્રમાણે આચાર્યશ્રીના લીલાપ્રવેશ પછી ગોપીનાથજીનાં પત્ની અને વિઠ્ઠલનાથજી વચ્ચે જે વહેંચણી થઈ તેમાં કેટલાક ગ્રન્થો કે ગ્રન્થાંશો ગોપીનાથજીનાં પત્ની પાસે ગયા અને તે લુપ્ત થયા હોવાનો પૂરો સંભવ છે. વિઠ્ઠલનાથજીએ લાંબો વખત રાહ જોયા પછી અણુભાષ્યનો ઉત્તરભાગ રચ્યો હશે અને તેથી જ એમાં વિદ્વન્મંડન અને ભક્તિહંસનો ઉલ્લેખ છે એમ કહી શકાય.

અણુભાષ્યના પૂર્વભાગમાં પણ સૂત્ર ૧.૧.૧૧ પરના ભાષ્યમાં આચાર્યશ્રીના અર્થ પછી અથવા स नैव रेमे થી આરંભીને આ સૂત્ર પરનું બાકીનું ભાષ્ય

વિઠ્ઠલનાથજીનું રચેલું છે. પુરુષોત્તમજી ભાષ્યપ્રકાશમાં ચર્ચાને આરંભે કહે છે- सांप्रतं तु प्रभुचरणैः...वर्णकान्तरेणाधिदैविकवादमाश्रित्य साध्यते । ચર્ચાને અન્તે પુરુષોત્તમજી કહે છે- प्रभुचरणैर्व्यवस्थापितम् । ગોપેશ્વરજી કહે છે : प्रभुचरणैरिति श्रीमद्विठ्ठलेश्वरदीक्षितैरित्यर्थः । વળી અણુભાષ્યના વિઠ્ઠલનાથજી રચિત ઉત્તરભાગમાં આનન્દામયાધિકરણના આ વર્ણકનો ઉલ્લેખ પણ મળે છે. સૂત્ર ૩.૩.૧૨ પરના ભાષ્યમાં કહ્યું છે- ब्रह्मधर्मा एव भिन्ना इत्युपासनार्थं तानादाय शिरःपाण्यादिकं निरूप्यत इति तत्रैव निरूपितमस्माभिः ।

૭. અણુભાષ્ય-સંજ્ઞા.

વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્રો પર રચેલું ભાષ્ય અણુભાષ્યને નામે પ્રસિદ્ધ છે. વલ્લભાચાર્યે પોતે સ્વરચિત ભાષ્ય માટે અણુભાષ્ય સંજ્ઞાનો ઉપયોગ કર્યો નથી. એઓ તો ભાષ્ય અથવા બ્રહ્મસૂત્રભાષ્ય શબ્દનો જ પ્રયોગ કરે છે. વિઠ્ઠલનાથજીએ રચેલા ઉત્તરભાગના ઉપસંહાર શ્લોકોમાં પણ ભાષ્ય શબ્દ છે, અણુભાષ્ય શબ્દ નથી. પુરુષોત્તમજીરચિત પ્રકાશટીકાના આરંભમાં અણુભાષ્ય શબ્દ નથી, પણ અન્તે આવતા ઉપસંહાર શ્લોકોમાં એક સ્થળે કહ્યું છે- प्रकाशमणुभाष्यस्य वितत्वन्पुरुषोत्तमः । શ્રી તેલીવાળા કહે છે કે એમણે અણુભાષ્યના ચોથા અધ્યાય તથા તેના પરના પ્રકાશની હસ્તપ્રત જોઈ હતી. તેમાં અણુભાષ્ય-૪ વિઠ્ઠલનાથજીના હસ્તાક્ષરમાં તો પ્રકાશ પુરુષોત્તમજીના હસ્તાક્ષરમાં છે. (પ્રકાશ-રશ્મિસહિત અણુભાષ્ય ૩.૩- સંપાદકીય નોંધ) તેમાં આવતી ઇતિશ્રી અને પુરુષોત્તમજીના ઉપર નોંધેલા વાક્ય પરથી સિદ્ધ થાય છે કે વિઠ્ઠલનાથજીના સમયથી આ નામ પ્રચલિત થયું હશે.

અણુભાષ્ય સંજ્ઞા કઈ રીતે સમજવી એ વિશે વિદ્વાનોએ જુદા જુદા અભિપ્રાયો આપેલા છે. તે નીચે પ્રમાણે છે.

(૧) શ્રી મૂલચંદ તેલીવાળા અને પ્રા. મગ્નલાલ શાસ્ત્રી જેવા વિદ્વાનો એમ માને છે કે આચાર્યશ્રીએ બે ભાષ્યો રચેલાં. એક ભાષ્ય અતિવિસ્તારયુક્ત હતું. તેને શ્રીમદ્‌ભાષ્ય અથવા બૃહદ્‌ભાષ્ય કહેવાય છે. બીજું નાનું ભાષ્ય હતું, જેને નાનું હોવાને તથા સારરૂપ હોવાને કારણે વિઠ્ઠલનાથજીએ અણુભાષ્ય સંજ્ઞા આપી હતી. પુષ્ટિભક્તિસુધા (વર્ષ ૬)માં આમાંથી કેટલોક ભાગ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો; અને શ્રી મગ્નલાલ શાસ્ત્રીએ प्राप्तभाष्यविभागार्थ નામ લેખમાં (પુષ્ટિભક્તિસુધા વર્ષ ૮ અંક ૫-૬) આ ભાગ બૃહદ્‌ભાષ્ય કે શ્રીમદ્‌ભાષ્યનો છે એમ જણાવ્યું છે. વળી આચાર્યશ્રીએ બે ભાષ્યો રચેલાં એમ પ્રતિપાદન કરતાં એમણે કેટલીક દલીલો પણ કરેલી. આચાર્યશ્રીએ આખું અણુભાષ્ય રચ્યું હતું એ મતના સમર્થનમાં મેં ઉપર જે પાંચ દલીલો આપી છે તે બધી દલીલો એમણે મૂળ બે ભાષ્યો રચાયાં હશે એવું પ્રતિપાદન કરવા માટે કરી છે.. વધારામાં આ વિદ્વાનો કહે છે કે આચાર્યશ્રીના ઘણા ગ્રન્થોની બે આવૃત્તિઓ છે અથવા તો બે ગ્રન્થો છે; જેમા કે ભાગવત પર સૂક્ષ્મટીકા ઉપરાંત સુબોધિની અને તત્ત્વદીપનિબન્ધનું ત્રીજું પ્રકરણ છે તે જ રીતે પૂર્વમીમાંસાસૂત્રો પર પણ ભાષ્ય અને કારિકાઓ છે. એ રીતે ભાષ્યની પણ બૃહત

અને અણુ એમ બે આવૃત્તિઓ સ્વીકારવી જોઈએ. ઉપરાંત અણુભાષ્ય વાંચતાં એમ લાગે છે કે આ સારરૂપ કૃતિ છે. તેલીવાળાએ બીજી પણ બે વિસંગતિઓ દર્શાવે છે. પહેલા અધ્યાયના ચોથા પાદના આરંભમાં કહ્યું છે કે तत्र ईक्षतेर्नाशब्दमिति सांख्यमतमशब्दत्वान्निवारितम् । હવે અહીં જેનો ઉલ્લેખ છે તે ईक्षत्यधिकरण માં સાંખ્યમતનું ખંડન નથી. તે જ રીતે સૂત્ર ૧.૧.૩ પરના ભાષ્યમાં કહ્યું છે- मतान्तरवज्जन्मादीनां न विकारित्वं किन्त्वाविर्भावतिरोभावावेव । तथोत्तरत्र वक्ष्यते । तदनन्यत्वाधिकरणे । હવે સૂત્ર ૨.૧.૧૪માં આવિર્ભાવતિરોભાવવાદની ચર્ચા નથી. તેલીવાળા વગેરે વિદ્વાનો એમ માને છે કે શ્રી પુરુષોત્તમજી કૃત પ્રકાશમાં બૃહદ્‌ભાષ્ય સમાવી લેવામાં આવ્યું છે અને પુરુષોત્તમજીના પ્રકાશમાં જે અગાધ વિદ્વત્તા દેખાય છે તે તથાકથિત બૃહદ્‌ભાષ્યને લીધે છે.

ઉપરની બધી દલીલોનો પૂરો વિચાર કરવાની જરૂર છે. પ્રાસમીમાંસાભાષ્યવિભાગ માટે શ્રી તેલીવાળાએ જ પોતાનો મત બદલ્યો હોય એમ લાગે છે. પ્રકાશ અને રશ્મિસહિત અણુભાષ્ય ૩.૧ના ઉપોદ્‌ઘાતમાં એઓ કહે છે : "In conclusion, we ought not to omit reference to one work which passes in the name of श्रीमद् भाष्य. From the style this seems to be a chumsy attempt of a writer of recent times. All copies seen by us are new. The style is such as leaves little doubts in our minds as to the spurious nature of this production." આપેલી દલીલોમાંથી મોટા ભાગની દલીલો તો દ્વિકર્તૃત્વ જ સિદ્ધ કરે છે. આચાર્યશ્રીના ગ્રન્થોમાં બધાની જ બે આવૃત્તિઓ હતી એમ માનવા માટે આપણી પાસે કોઈ સબળ પ્રમાણ નથી. વળી અણુભાષ્ય સારરૂપ છે એમ કહેવું પણ બરાબર નથી, કારણ કે બધા જ ગ્રન્થોમાં આચાર્યશ્રીની શૈલી લાઘવપૂર્ણ છે એ વાત જાણીતી છે. કહેવાતી વિસંગતિઓનો વિચાર કરીએ તો ઈક્ષત્યધિકરણમાં સાંખ્યનું નિરાકરણ સૂચવેલું જ છે. ગોપેશ્વરજી કહે છે- प्रकृतिनिराकरणं सूचितार्थत्वेनाङ्गीकृत्य विचारितमित्यर्थः । તે જ રીતે અનન્યત્વાધિકરણમાં પણ સમજવાનું છે.

પુરુષોત્તમજીએ પોતાના પ્રકાશમાં બૃહદ્‌ભાષ્ય સમાવી લીધું છે એમ કહેવું એ એમની સામેનો અઘટિત આક્ષેપ છે. પુરુષોત્તમજી જેવો મહાપંડિત આવું કરે એમ માની જ કેમ શકાય ? પુરુષોત્તમજીની વિદ્વત્તા પોતાની નહિ પણ અન્ય પર આધાર રાખે છે એમ પુરવાર કરવાનો સંપ્રદાયના કેટલાક અનુયાયીઓનો ઉત્સાહ હાસ્યાસ્પદ છે. વળી પ્રકાશ તો આખા અણુભાષ્ય પર છે, તો શું આપણે એમ માનવું કે કહેવાતા શ્રીમદ્‌ ભાષ્યનો ઉત્તરભાગ પણ વિઠ્ઠલનાથજીએ લખેલો ? પુરુષોત્તમજી કે ગોપેશ્વરજીએ શ્રીમદ્‌ ભાષ્યનો કોઈ ઉલ્લેખ કર્યો નથી એ નોંધવું જોઈએ.

આ બધી ચર્ચા પરથી લાગે છે કે શ્રી તેલીવાળા વગેરે વિદ્વાનોએ બૃહદ્‌ ભાષ્યની જે કલ્પના કરી તે સ્વીકારી શકાય એમ નથી.

(૨) શ્રી જેઠાલાલ શાહ આ વિષયમાં વિસ્તૃત ચર્ચા કરીને એવા નિષ્કર્ષ પર આવે છે કે અણુભાષ્ય એ સંજ્ઞા જીવના અણુપરિમાણ સાથે સંબન્ધ ધરાવે છે. અહીં અણુ શબ્દનો અર્થ ''જીવાણુત્વપ્રતિપાદક'' એમ મધ્યમપદલોપી સમાસથી સમજીએ તો આ સંજ્ઞા આપવાનું રહસ્ય આપણને ઝટ સમજાશે.'' (શ્રીમદ્ બ્રહ્મ[illegible]ણુભાષ્ય : ગુજરાતી અનુવાદ; ઉપોદ્‌ઘાત પૃ. ૧૭) શંકરાચાર્યને મતે જીવ વ્યાપક અર્થાત્ વિભુ છે અને આચાર્યશ્રી એમનો ખાસ વિરોધ કરતા હોવાથી એમણે અણુભાષ્ય સંજ્ઞા યોજી હોય એમ માની શકાય. શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ દ્વારા પ્રકાશિત પ્રકાશ-રશ્મિસહિતના અણુભાષ્ય-પ્રથમ ભાગના હિન્દી ઉપોદ્‌ઘાતમાં ગો. શ્રી શ્યામ મનોહરજી આ મતની ચર્ચા કરતાં એવો મત આપે છે કે આ રીતનું અર્થઘટન અસ્વીકાર્ય નથી અર્થાત્ પહેલા મત કરતાં વધારે ગ્રાહ્ય લાગે છે. આમ છતાં ગો. શ્રી શ્યામ મનોહરજી નોંધે છે કે અન્ય વૈષ્ણવ આચાર્યોને મતે પણ જીવ અણુ છે. વળી મહાપ્રભુજીએ જાતે આવી સંજ્ઞા આપી હોય તો એનો ઉલ્લેખ કોઈક ને કોઈક જગાએ મળી આવવો જોઈએ. વળી સર્વનિર્ણય પ્રકરણ પ્રકાશ (૨.૮)માં આચાર્ય શ્રી કહે છે- वेदान्तैर्जीवस्वरूपविज्ञानम् એ ખરું પણ તેથી જીવનું પ્રાધાન્ય ગણવાનું નથી. સુબોધિની (૧.૨.૧૪)માં સ્પષ્ટ જ કહ્યું છે- श्रवणविषयत्वं न जीवपुरस्सरतया किन्तु साक्षाद् ब्रह्मणः ।

બધા જ અનુશંકર આચાર્યો જીવને અણુ માને છે અને શંકરાચાર્યના મતનું ખંડન પણ કરે છે. આ પરિસ્થિતિમાં જીવના અણુત્વનું ગમે તેટલું મહત્ત્વ હોય તો પણ માત્ર ખંડનાત્મક દૃષ્ટિએ ગ્રન્થનું શીર્ષક આપવામાં આવે તે ઉચિત લાગતું નથી.

(૩) ગો. શ્રી શ્યામ મનોહરજી બીજો પણ એક તર્ક કરે છે. મધ્વાચાર્યે બ્રહ્મસૂત્રો પર ગદ્યમાં ભાષ્ય લખવા ઉપરાંત કારિકાઓ પણ રચી છે અને તેને અણુભાષ્ય એવું નામ આપેલું છે. આ કારિકાઓમાંથી એક કારિકા આ મુજબ છે : भ्रान्तिमूलतया सर्वसमयानामयुक्तितः । न तद्विरोधाद्वचनं वैदिकं शंक्यतां व्रजेत् । બીજા અધ્યાયની બે કારિકાઓ ૪ અને ૫ મળીને આ કારિકા બને છે. આ કારિકા વલ્લભાચાર્યરચિત ભાષ્યમાં ૨.૧.૧માં આવે છે. વલ્લભાચાર્યને મધ્વાચાર્યના સંપ્રદાય પ્રત્યે કુણું વલણ છે એ વાત જાણીતી છે. મહાભારતતાત્પર્યનિર્ણયની તથા અન્ય કારિકાઓમાંથી કેટલીક કારિકાઓ, સુબોધિની, તત્ત્વદીપનિબન્ધ અને ષોડશગ્રન્થોમાં શબ્દશઃ અથવા થોડા ફેરફારો સાથે મળી આવે છે. બીજું આચાર્યશ્રીએ પણ પૂર્વમીમાંસાભાષ્ય ઉપરાંત પૂર્વમીમાંસાકારિકાઓ, સુબોધિની ઉપરાંત ભાગવતાર્થનિબન્ધની કારિકાઓ રચેલી છે. આને આધારે એવી કલ્પના કરી શકાય કે આચાર્યશ્રીએ વેદાન્તસૂત્રો પર પણ ગદ્યાત્મક ઉપરાંત કારિકારૂપે ભાષ્ય રચ્યું હશે. વિઠ્ઠલનાથજીએ એમને પ્રાપ્ત થઈ તેટલી કારિકાઓ ભેગી કરીને ત્રીજા અને ચોથા અધ્યાયના આરંભમાં મૂકી હશે. બાકીની જે કારિકાઓ ભાષ્યની અંદર વચ્ચે વચ્ચે આવે છે તે ગદ્યભાગ સાથે સંકલિત હોવાથી એને આમાં

આવી હોય એમ બને. પછીથી આ કારિકાઓ ભાષ્યમાં સમાવેશ પામતાં આખા ભાષ્યનું નામ અણુભાષ્ય પડયું હોય એમ માની શકાય.

શ્રી શ્યામ મનોહરજીએ જે અટકળ કરી છે તે માનવાનું મન થાય એવી છે. મુશ્કેલી એટલી જ છે કે મધ્વાચાર્યરચિત અણુભાષ્યમાંથી માત્ર એક કારિકા આચાર્યશ્રીના ભાષ્યમાં મળે છે. આમ માત્ર એક કારિકાને આધારે કલ્પના કરવી જરા વધારે પડતું લાગે છે. વળી શ્યામ મનોહરજીના પોતાના કહ્યા મુજબ વચ્ચે આવતી કારિકાઓ પદ્યાત્મક ભાષ્યનો અંશ નથી. મધ્વાચાર્યની જે કારિકા આચાર્યશ્રીના ભાષ્યમાં આવે છે તે ૨.૧.૧માં એટલે કે વચ્ચે આવતી હોવાથી ગદ્ય સાથે સંકલિત છે.

(૪) અણુભાષ્ય શબ્દના અર્થ માટે મહત્ત્વનો એવો એક મત નોંધવાની જરૂર છે. પ્રકાશ-રશ્મિસહિત અણુભાષ્ય (નાથદ્વારા ટેમ્પલ બોર્ડ પ્રકાશિત) ના પ્રથમ ભાગને અન્તે (પૃ. ૪૧૩) ગોપેશ્વરજી કૃત રશ્મિમાં આપેલો અર્થ નીચે પ્રમાણે છે : इतिश्रीति । अणुभाष्येति अणुभ्यो द्वा सुपर्णेति श्रुत्युक्तेभ्यो भाष्यमिति चतुर्थीसमासः तस्य प्रकाश इत्यर्थः । इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते । एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञमिति तद्विदः ॥ क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत । क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् । स च यो यत्प्रभावश्च तत्समासेन मे श्रुणु ॥ ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् । ब्रह्मसूत्रपदेश्चैव हेतुमद्‌भिर्विनिश्चितैः ॥ (ભ. ગી. ૧૩.૨-૫) શ્રી ગોપેશ્વરજીએ આપેલા અર્થ અનુસાર જીવો માટેનું ભાષ્ય એવો ચતુર્થી સમાસ સમજવાનો છે. અહીં અણુ શબ્દ અણુપરિમાણના અર્થમાં લઈને શાંકરમતના વિરોધમાં તેનું પ્રતિપાદન કરવા માટે નથી પણ અણુ શબ્દ જીવના અર્થમાં જ વપરાયો છે. વળી ભગવદ્‌ગીતાનું અવતરણ બ્રહ્મસૂત્રો દ્વારા શું પ્રતિપાદિત થાય છે એ પણ દર્શાવે છે. આમ બૃહદ્‌ભાષ્ય કે મધ્વાચાર્યકૃત કારિકાઓને આધારે કલ્પના કરવા કરતાં કે જીવના અણુપરિમાણનો અર્થ લેવાને બદલે આ અર્થ વધારે યોગ્ય લાગે છે. વળી આ અર્થ ગોપેશ્વરજી જેવા મહાપંડિતે આપેલો છે એ પણ મહત્ત્વનું છે.

વિષયનો સમગ્ર રીતે વિચાર કરતાં એમ કહી શકાય કે આચાર્યશ્રીએ જાતે અણુભાષ્ય સંજ્ઞા આપી નથી, પણ વિઠ્ઠલનાથજીએ આ સંજ્ઞા આપી હશે. વિઠ્ઠલનાથજીના મનમાં આ સંજ્ઞા આપતી વખતે કયો અર્થ હતો તે આપણે જાણતા નથી. શકય છે કે એમણે પોતાની અલ્પતા દર્શાવવા પોતાના લખાણ પુરતો જ આ સંજ્ઞાનો ઉપયોગ કર્યો હોય અને પાછળથી આ સંજ્ઞા આખા ગ્રન્થ માટે લાગૂ પડી હોય. પુરુષોત્તમજીને આ સંજ્ઞાની ખબર તો હતી, કારણ કે એઓ એક વખત એનો ઉલ્લેખ કરે છે; પણ આ ઉલ્લેખ માત્ર એક જ વાર આવે છે અને પુરુષોત્તમજીએ સંજ્ઞા સ્પષ્ટ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો નથી. આ પરથી સૂચવાય છે કે પુરુષોત્તમજીના સમયમાં આ સંજ્ઞા એટલી રૂઢ હતી નહિ; પણ પુરુષોત્તમજીના સમય પછી અણુભાષ્ય સંજ્ઞા આચાર્યશ્રીના આખા ઉપલબ્ધ ભાષ્ય માટે પ્રચલિત બની. એટલે જ

ગોપેશ્વરજીએ, મારા ખ્યાલ પ્રમાણે પ્રથમ વાર, અણુભાષ્ય સંજ્ઞાનો અર્થ આપ્યો છે.

૮. અણુભાષ્યના ટીકાકારો :

બ્રહ્મસૂત્રનાં બધાં ભાષ્યો પર જે તે આચાર્યના અનુયાયીઓએ ટીકાઓ લખી છે. આચાર્યશ્રીના અણુભાષ્ય પર પણ વિપુલ ટીકાસાહિત્ય છે. આ ટીકાઓ નીચે પ્રમાણે છે :

(૧) **પ્રકાશ : પુરુષોત્તમજી વિરચિત આ ઘણી વિસ્તૃત ટીકા છે. એમાં એમણે આચાર્યશ્રીએ પોતાની આગવી સૂત્રાત્મક શૈલીથી જે લખ્યું છે તે વિસ્તારથી સમજાવ્યું છે એટલું જ નહિ પણ બીજા બધા જ ભાષ્યકારોના અભિપ્રાયો આપીને,** તુલના કરીને આચાર્યશ્રીના મતનું મંડન કર્યું છે. આચાર્યશ્રીની દલીલોને આગળ વધારીને તથા તેનું પૃથક્કરણ કરીને એમના સિદ્ધાન્તને વ્યવસ્થિત રીતે રજૂ કર્યો છે. અણુભાષ્યનું હાર્દ સમજવા માટે પ્રકાશ ટીકા અનિવાર્ય છે. જે સ્થાન શાંકરભાષ્ય માટે વાચસ્પતિ મિશ્રનું, શ્રીભાષ્ય માટે સુદર્શન સૂરિનું અને મધ્વભાષ્ય માટે જયતીર્થનું છે તેવું જ સ્થાન અણુભાષ્ય માટે પુરુષોત્તમજીનું છે.

(૨) **રશ્મિ :** અણુભાષ્ય પ્રકાશ પર ગોપેશ્વરજી રચિત રશ્મિ ઘણી વિસ્તૃત ટીકા છે. પ્રકાશમાં જે મુદ્દાઓ જણાવ્યા નથી તે ગોપેશ્વરજીએ સમજાવ્યા છે, અને તે ઉપરાંત પ્રકાશમાં આવતી દલીલો સમજાવી છે.

(૩) **વિવરણ :** વિ. સ. ૧૮૪૫માં જન્મેલા શ્રી ગિરિધરજીએ આ ટીકા લખી છે. આ ટીકા પ્રકાશને આધારે લખાયેલી છે. આ ટીકામાં પ્રત્યેક અધિકરણના આરંભમાં વિષયવાક્ય આપેલું છે, જેથી અભ્યાસ કરનારને ઘણી સરળતા રહે છે. આ જ લેખકનો શુદ્ધાદ્વૈતમાર્તંડ નામે પદ્યાત્મક ગ્રન્થ ઘણો પ્રસિદ્ધ છે.

(૪) **વ્યાખ્યા : મુરલીધરજી ઘણા પ્રસિદ્ધ મીમાંસક હતા. એમણે વ્યાખ્યા નામે ટીકા લખી છે. આ ટીકાની વિશિષ્ટતા એવી છે કે આ ટીકા પુરુષોત્તમજીના પ્રકાશને અનુસરતી નથી.**

(૫) **પ્રકાશ : શ્રી મથુરાનાથજી પણ પ્રસિદ્ધ મીમાંસક હતા. એમની ટીકા પ્રકાશને નામે રચાયેલી. વ્યાખ્યા અને પ્રકાશ બન્ને ટીકાઓ ફક્ત સમન્વયાધ્યાય પર જ હસ્તપ્રતરૂપે પ્રાપ્ત થાય છે.**

(૬) **પ્રદીપ :** પેટલાદ ગામના વતની ઇચ્છારામ ભટ્ટ ગોપેશ્વરજીના સમકાલીન હતા. એમણે ગોપેશ્વરજી પાસે અણુભાષ્યનું શ્રવણ કરેલું. એમની પ્રદીપ ટીકા સરળ અને ઉપયોગી છે.

(૭) **ગૂઢાર્થદીપિકા :** લાલુભટ્ટજીકૃત આ ટીકા ''યોજના''ને નામે પણ ઓળખાય છે. સણુભાષ્ય સમજવા માટે આ ટીકા ઉપયોગી છે.

(૮) **વેદાન્તચન્દ્રિકા :** ''વેદાન્તસિદ્ધાન્તચન્દ્રિકા'' અને ''પ્રભા''ને નામે પણ ઓળખાતી આ ટીકા શ્રી વ્રજરાયજીએ રચી હશે એવું સંપ્રદાયવિદો માને છે.

(૯) **વાગીશપ્રસાદ :** શ્રીવલ્લભજીના પુત્ર બાલકૃષ્ણજીએ આ ટીકા રચી હતી.

આ ટીકાઓ ઉપરાંત શ્રી ગિરીરાધરજી તથા રામનારાયણે અણુભાષ્ય પર ટીકાઓ રચી હતી.

અણુભાષ્ય પરની ટીકાઓ ઉપરાંત અણુભાષ્યને અનુસરીને લખાયેલી વૃત્તિઓની પણ નોંધ લેવી જોઈએ. પુરુષોત્તમજીના ગુરુ શ્રી કૃષ્ણચંદ્રજીનો જન્મ વિ.સંવત્ ૧૬૫૫માં થયો હતો. એમણે રચેલી ભાવપ્રકાશિકાવૃત્તિ ઘણી જાણીતી છે. સંપ્રદાયમાં એવી પણ પરંપરા છે કે ભાવપ્રકાશિકાવૃત્તિ પુરુષોત્તમજીએ જ પોતાના ગુરુને નામે રચી હતી. ભાવપ્રકાશિકા વૃત્તિ વિષે વિસ્તૃત ચર્ચા કરીને હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે ભાવપ્રકાશિકાવૃત્તિ કૃષ્ણચંદ્રજીએ જ રચી હતી, પણ એના પ્રથમ અધ્યાયનું પુરુષોત્તમજીએ સંસ્કરણ અને પરિવર્ધન કર્યું હતું. (પુરુષોત્તમજી : એક અધ્યયન પૃ. ૯૬-૧૦૨)

જયપુરના રાજા જયસિંહના સૂચનથી વ્રજનાથજીએ ''મરીચિકા'' નામે વૃત્તિ તૈયાર કરી હતી. આ વૃત્તિમાં અણુભાષ્યનો સાર આપેલો છે.

વૃત્તિઓ ઉપરાંત અધિકરણમાલાઓનું સાહિત્ય પણ નોંધપાત્ર છે. અધિકરણમાલામાં પ્રત્યેક અધિકરણનું તાત્પર્ય જણાવેલું છે. પુરુષોત્તમજીએ રચેલી અધિકરણમાલા કે ન્યાયમાલા અણુભાષ્યનાં અધિકરણોનો સાર આપે છે. એટલું જ નહિ પણ પ્રત્યેક સૂત્રનો અર્થ આપે છે. પુરુષોત્તમજીની અધિકરણમાલા ગોપેશ્વરજીને આખી પ્રાપ્ત થયેલી નહિ એટલે એમણે ચોથા અધ્યાય પરની અધિકરણમાલા સ્વતંત્ર રીતે તૈયાર કરી હતી. નિર્ભયરામ ભટ્ટે સરળ રીતે અધિકરણોનું તાત્પર્ય સમજાવતી અધિકરણમાલા રચી છે. વળી શ્રી રઘુવીરનાથજીના પુત્ર વ્રજનાથજીએ પણ અધિકરણોના અર્થો આપતી કારિકાઓની રચના કરી હતી.

૯. વલ્લભાચાર્યની વ્યાખ્યાન પદ્ધતિ :

પ્રાચીન તથા મધ્યકાલીન આચાર્યોએ રચેલાં ભાષ્યોની એક આગવી શૈલી હોય છે; જેમાં જે તે આચાર્ય સૂત્રોનું અર્થઘટન પોતપોતાની રીતે કરે છે. આપણે ઉપર જોયું છે કે સૂત્રકારે સૂત્રો રચ્યાં, પણ તેનો અર્થ ગુરુશિષ્યપરંપરાથી સમજાવાતો હતા. એ પરંપરા ધીમે ધીમે લુપ્ત થઈ અને પછીથી એવી સ્થિતિ ઊભી થઈ કે પ્રત્યેક આચાર્યે પોતપોતાની રીતે સૂત્રોના અર્થો ઘટાવ્યા. આ બધાં ભાષ્યોના જાળાંમાં મૂળ સૂત્રકારનો પોતાનો આશય શું હશે તે કહી જ ન શકાય એવું બન્યું.

સૂત્રો ઉપનિષદોનાં વાક્યોના સમન્વયના ઉદ્દેશથી રચાયાં છે; પણ ઉપનિષદોની સંખ્યા મોટી અને ઉપદેશકો પણ ઘણા. આમ હોવાથી ઉપનિષદોમાંથી કોઈ એક જ વ્યવસ્થિત સિદ્ધાન્ત તારવવો એ ખૂબ જ મુશ્કેલ અથવા તો અશક્ય લાગે એવું કામ છે.

આ ઉપરાંત આપણે ઉપર નોંધ્યું જ છે તેમ બ્રહ્મસૂત્રોની રચના કોઈ એક જ વ્યક્તિએ એક જ સમયે કરી હોય એમ માનવું પણ અઘરૂં છે. આ પરિસ્થિતિમાં સૂત્રોમાં પણ એક વ્યવસ્થિત સિદ્ધાન્ત હતો એમ કહેવું મુશ્કેલ છે. આમ હોવાથી જે

સૂત્રોને આધારે શંકરાચાર્ય કેવલાદ્વૈત સિદ્ધાન્ત સમજાવે તે જ સૂત્રોનો અર્થ કરીને મધ્વાચાર્ય સંપૂર્ણ દ્વૈત સિદ્ધાન્ત પ્રવર્તાવે. વળી દરેક આચાર્ય પોતાનો મત જ સૂત્રકારને અનુસરે છે એમ કહે. આમ કયા ભાષ્યકાર સૂત્રોને સંપૂર્ણ રીતે વફાદાર રહીને અર્થઘટન કરે છે તે કહી શકાય એમ નથી.

વલ્લભાચાર્ય એમ કહે છે કે અગ્નિના અવતાર એવા એમણે ભગવાન વ્યાસનો મત યથાતથ સ્વરૂપે રજૂ કર્યો છે. (અણુભાષ્ય ૨.૨.૨૬) સંપ્રદાયના અનુસારકો બધા જ એમ કહે છે કે આચાર્યશ્રી જ સાચો અર્થ આપે છે. અન્ય વિદ્વાનોમાં ડૉ. ભાંડારકર, (Vaishnavism, Shaivism etc. પૃ. ૨૩૦) ડૉ. ઘાટે (Vedanta પૃ. ૧૭૭) વગેરેએ પણ પોતાપોતાના મત દર્શાવ્યા છે. વળી આ વિદ્વાનો શંકરાચાર્યનો આપેલો અર્થ સૂત્રો સાથે મેળ ખાતો નથી એમ પણ કહે છે; પણ મેં આગળ જણાવ્યું તેમ આ કે તે મતને સૂત્રોમાં ગોઠવવામાં ઘણી મુશ્કેલીઓ છે જ. આથી જ હું તો માનું છું કે આપણે જે તે આચાર્યનો અભિગમ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેટલાંક સૂત્રોના અર્થમાં આચાર્યશ્રીની વાત એકદમ યોગ્ય લાગે છે. જેમ કે ૧.૧.૨માં એઓ जन्माद्यस्य यतः शास्त्रः योनित्वात् બેને ભેગાં ગણે છે, ત્યાં जन्माद्यस्य यतः માં પ્રતિજ્ઞા અને शास्त्रयोनित्वात् માં હેતુ કહેલો છે. હેતુ અને પ્રતિજ્ઞાને ભેગાં ગણવાં વધારે ઉચિત છે. પણ આ રીતે પ્રત્યેક સૂત્રનો વિચાર કરવો હોય તો એ એક સ્વતંત્ર નિબન્ધનો વિષય બની જાય એટલે અહીં એ ચર્ચા કરી નથી.

श्रुतत्वाच्च (૧.૧.૧૦; ૩.૨.૩૦), श्रुतेश्च (૩.૪.૪૫), श्रुतेस्तु शब्दमूलत्वात् (૨.૧.૨૭) આદિ સૂત્રો સ્પષ્ટ રીતે જણાવે છે કે સૂત્રકાર શ્રુતિને આધારે જ પોતાના સિદ્ધાન્તની સ્થાપના કરે છે. આચાર્યશ્રી પણ શ્રુતિને જ પ્રમાણ માને છે એટલું જ નહિ પણ શ્રુતિવાક્યોમાં ક્યાંય પણ અન્યથાકલ્પના કરવી યોગ્ય નથી એમ કહે છે.

વળી ઘણી વખત ભાષ્યકાર इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् એ ન્યાયને અનુસરીને પુરાણોને-ખાસ તો ભાગવતને આધારે અર્થઘટન કરતા હોય એવું લાગે છે. વિઠ્ઠલનાથજીના રચેલા ભાષ્યના ઉત્તરભાગમાં તો આ વાત સ્પષ્ટ રીતે જ દેખાય છે. આચાર્યશ્રી ભાગવતને ચાર પ્રસ્થાનોમાનું એક ગણે છે એટલે એમને માટે આવો અભિગમ સ્વાભાવિક પણ છે.

એ પણ નોંધવું જોઈએ કે બ્રહ્મસૂત્ર ૨.૧ અને ૨.૨ (સ્મૃતિપાદ અને તર્કપાદ)માં ભાષ્યનો વિસ્તાર ઘણો ઓછો છે, કારણ કે તેમાં તર્કની દૃષ્ટિએ ચર્ચા કરેલી છે તો જ્યાં જ્યાં શ્રુતિવાક્યોના અર્થઘટનની વાત છે ત્યાં ત્યાં વિસ્તાર વધારે છે.

આમ અહીં આપણે સામાન્ય અભિગમનો જ વિચાર કરીને કહી શકીએ કે આચાર્યશ્રી શ્રુતિવાક્યો તથા સૂત્રોને આધારે પોતાના સિદ્ધાન્તની સ્થાપના કરે છે.

છેલ્લે એક મુદ્દો ખાસ નોંધવો જોઈએ. તે એ કે આચાર્યશ્રીની શૈલી સૂત્રાત્મક અને અર્થસભર છે. એમનાં વાક્યો સરળ હોવા છતાં ટીકાની મદદ વગર એમનો આશય સમજવો મુશ્કેલ પડે છે. વળી એઓ ઘણાં પુરોગામી ભાષ્યકારોના મતથી જુદા પડે છે પણ શંકરાચાર્યના મતનું ખાસ ખંડન કરે છે એટલું જ નહિ પણ એમને તથા એમના મતવાદીઓ માટે અન્ત:પ્રવિષ્ઠચૌર, महासाहसिक, तामसबुद्धि, સર્વવિપ્લવવાદી વગેરે વિશેષણો યોજે છે. એમને શાંકરમત સામે કેટલો તીવ્ર વિરોધ હતો તે આવાં વિશેષણો દર્શાવે છે.

૧૦. જ્ઞાનમીમાંસા :

કોઈપણ દર્શનનો વિચાર કરતી વખતે આપણે જ્ઞાન વિશેનો એ દર્શનનો મત પ્રથમ જાણવો જરૂરી છે, કારણ કે પ્રત્યેક દર્શન જ્ઞાન પર આધાર રાખે છે. આચાર્યશ્રીએ સ્વતંત્ર રીતે એની ચર્ચા કરી નથી પણ અણુભાષ્ય તથા અન્ય ગ્રન્થોમાં જુદી જુદી જગાએ એની વાતો આવે છે. પુરુષોત્તમજીએ પ્રસ્થાનરત્નાકરમાં આની સ્વતંત્ર ચર્ચા વિસ્તારથી કરેલી છે.

જ્ઞાન બ્રહ્મનું સ્વરૂપ હોવાથી અનન્ત છે. જ્યારે ભગવાનને અનેક થવાની ઇચ્છા થાય ત્યારે સ્વરૂપાત્મક જ્ઞાન અનેક પ્રકારે અભિવ્યક્ત થાય છે. આમ અનન્ત હોવા છતાં એ દશવિધ છે એમ સમજી શકાય. એના દશ પ્રકારો આ રીતે સમજી શકાય :

(૧) ભગવત્સ્વરૂપાત્મક જ્ઞાન અવિકૃત છે, સર્વને ઉપાસ્ય છે, સર્વનું આત્મભૂત છે.

(૨) આ જ્ઞાન સૂર્યના પ્રકાશની માફક અભિવ્યક્ત થાય ત્યારે એ ધર્મરૂપે કહેવાય. ભગવાનમાં એ નિત્ય છે તો જીવમાં ભગવાનની કૃપાથી આવે છે.

(૩) સૃષ્ટિને આરંભે ભગવાન વેદરૂપી શરીર ધારણ કરે છે તે વેદસ્વરૂપ જ્ઞાન છે.

(૪) વેદસ્વરૂપ જ્ઞાન બીજરૂપે રહીને સૃષ્ટિમાં શબ્દરૂપે અભિવ્યક્ત થાય છે.

(૫) ચોક્કસ પ્રકારના શબ્દસંયોગને આધારે શબ્દો અર્થબોધ કરાવે છે.

(૬) ઇન્દ્રિયસંયોગથી પદાર્થોનું જ્ઞાન થાય છે.

(૭) મન સંકલ્પવિકલ્પાત્મક હોઈ સંશયને ઉત્પન્ન કરે છે.

(૮) દેહાભિમાન, વિપર્યય, નિશ્ચય અને સ્મૃતિ બુદ્ધિને આશ્રિત છે.

(૯) સ્વપ્નજ્ઞાન બુદ્ધિસહિત અહંકાર પર આશ્રિત છે.

(૧૦) સુષુપ્તિમાં નિર્વિષય જ્ઞાન ચિત્તને આશ્રિત છે.

જ્ઞાન અનિત્ય છે અને ત્રણ ક્ષણો પૂરતું જ અસ્તિત્વ ધરાવે છે એવું નથી. જ્ઞાન નિત્ય જ છે. બીજા વિષયોની ઉપસ્થિતિમાં બીજા વિષયોનું જ્ઞાન થાય ત્યારે આગલું જ્ઞાન સૂક્ષ્મરૂપે સંસ્કાર તરીકે રહેછે; અને જ્યારે મન એના પર ધ્યાન આપે ત્યારે એનું સ્મરણ થાય છે. આમ જ્ઞાનનો નાશ નહિ પણ અપહ્નવ થાય છે.

બીજા દષ્ટિકોણથી સત્ત્વ, રજસ્, અને તમસ્‌ના પ્રાબલ્યને કારણે જ્ઞાનના સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ પ્રભેદો કહેલા છે, આ ત્રણમાંથી તામસ જ્ઞાન કાંઈ પણ પુરવાર કરી શકે એમ નથી એટલે નિરુપયોગી છે. તેથી શિષ્ટજનો એનો સ્વીકાર કરતા નથી.

જ્યારે શ્રુતિ, ક્રિયા, ધ્યાન, મંત્રો, શુદ્ધિ આદિને લીધે સત્ત્વનો ઉદ્રેક થાય ત્યારે સાત્ત્વિક જ્ઞાન અથવા પ્રમા પ્રાપ્ત થાય છે. જો સત્ત્વગુણનો અભાવ હોય તો આ જ સંયોગો જે જ્ઞાનને ઉત્પન્ન કરે તે અજ્ઞાન હોય છે. આમ અન્વય અને વ્યતિરેકને આધારે કહી શકાય કે સત્ત્વને આધારે થતું જ્ઞાન અબાધિત અથવા બાધયોગ્ય વ્યતિરિક્ત જ્ઞાન છે.

સાત્ત્વિક જ્ઞાનમાં વિકલ્પો હોતા નથી. એ સદાત્મક છે. જેમ સુવર્ણના અલંકારો સુવર્ણથી જુદા નથી કારણ કે સોનુ તેમાં ઊતરી આવરે છે તેમ બધા જ પદાર્થોમાં સત્‌નો અન્વય હોવાથી એ સદાત્મક છે, નિર્વિશેષ અને ભેદરહિત હોવાથી આ જ્ઞાન કૈવલ્ય છે; એ જ નિર્વિકલ્પક જ્ઞાન છે. કેવલાદ્વૈતમાં જેને પરમાર્થિક જ્ઞાન કહ્યું છે તેની ઘણી નજીક આ મત આવે છે, પણ અહીં મહત્ત્વનો ભેદ એ છે કે કેવલાદ્વૈતમાં જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનનો પણ ભેદ નથી. શુદ્ધાદ્વૈતમાં સધર્મક-નિર્ધર્મક બ્રહ્મનો ભેદ સ્વીકાર્યો ન હોવાથી અભેદની આ કક્ષા આવતી નથી.

રાજસ સામગ્રીથી ઉત્પન્ન થતું જ્ઞાન અર્થાત્ રાજસ જ્ઞાન સવિકલ્પક છે. જ્યારે કોઈ પણ પદાર્થનું પ્રથમ જ્ઞાન થાય તો એ માત્ર સત્તાનું જ્ઞાન હોય છે. એ પછી ઇન્દ્રિયથી વિશિષ્ટ એવા અન્તઃકરણ દ્વારા રજોગુણ કાર્ય કરે ત્યારે જે તે પદાર્થનાં નામરૂપ અભિવ્યક્ત થાય છે. નિર્વિકલ્પક જ્ઞાનમાંથી સવિકલ્પક જ્ઞાન તરફની ગતિ એટલી ઝડપી હોય છે કે આપણને નિર્વિકલ્પક જ્ઞાનનો ખ્યાલ જ આવતો નથી.

ઉપર આપણે જોયું કે નિર્વિકલ્પક જ્ઞાનની બાબતમાં કેવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈત પરસ્પર ઘણા નજીક છે; તેવું જ સવિકલ્પક જ્ઞાનના વિષયમાં પણ છે. રાજસ જ્ઞાન અંતિમ પ્રમાણ નથી, માત્ર વ્યવહારોપયોગી જ્ઞાન છે. અહંતામમતાયુક્ત મનોવ્યાપારથી ઉત્પન્ન થતા દેહેન્દ્રિયાદિના સ્વાભાવિક વ્યાપારોનો સન્નિપાત તે વ્યવહાર (પ્રસ્થાનરત્નાકર પૃ. ૭) તે જ પ્રમાણે કેવલાદ્વૈતમાં ભેદજ્ઞાનની સત્તા માત્ર વ્યવહાર અવસ્થામાં છે. આમ છતાં એ બે મતો વચ્ચેનો મહત્ત્વનો ભેદ એ છે કે કેવલાદ્વૈતમાં ભેદજ્ઞાનનો બાધ થાય છે તો શુદ્ધાદ્વૈતમાં એવું નથી. અહીં વિકલ્પો પણ સત્‌ના અવાન્તરવિશેષો છે.

રામાનુજાચાર્યને મતે બ્રહ્મ વિશિષ્ટ હોવાથી નિર્વિકલ્પક જ્ઞાન પણ સવિશેષ છે. આગલા સંબન્ધો રહિત પ્રથમ પિંડગ્રહણ તે નિર્વિકલ્પક જ્ઞાન અને એ સંબન્ધો સહિત દ્વિતીયાદિ પિંડગ્રહણ તે સવિકલ્પક જ્ઞાન કહેવાય. (શ્રીભથાષ્ય ૧.૧.૧) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મ શુદ્ધ છે, એક છે અને અનેક બને છે તેને અનુરૂપ એમનો મત છે.

સવિકલ્પક જ્ઞાન પંચવિધ છે. સંશય, વિપર્યય, નિશ્ચય, સ્મૃતિ અને સ્વપ્ન એ પાંચ પ્રકારો છે. એક જ પદાર્થમાં એકથી વધારે કે અને પરસ્પર વિરુદ્ધ ધર્મો

સમજાય તે સંશય. એમાં આવતા વિકલ્પો સરખા બળવાન હોય જેમ કે આ માણસ છે અથવા નથી; અથવા તો એક વિકલ્પ વધારે બળવાન હોય જેમ કે મોટે ભાગે આ માણસ છે.

આપણી ઇન્દ્રિયોને જે પદાર્થ સાથે સંયોગ થાય તેને બદલે કોઈ જુદા જ પદાર્થનું જ્ઞાન થાય, તે વિપર્યય અથવા વિપર્યાસ કહેવાય. દોરીને બદલે સાપ દેખાય ત્યારે એ ભ્રમ કેવી રીતે સમજવો એ વિષયમાં ભારતીય દર્શનોમાં જુદા જુદા અભિપ્રાયો છે. શુદ્ધાદ્વૈત અનુસાર વ્યામોહિકા માયાને કારણે આપણી બુદ્ધિ એવા પદાર્થને અભિવ્યક્ત કરે છે જે ખરેખર આપણી સામે ન હોય પણ જેના સંસ્કાર જ બુદ્ધિમાં હોય. આમ આપણી બુદ્ધિવૃત્તિનો બહિઃક્ષેપ થતાં એ જ્ઞાન સાચા પદાર્થને સર્વતઃ કે અંશતઃ ઢાંકી દઈને અભિવ્યક્ત થાય છે. આમ અન્યનું જ્ઞાન અથવા ખ્યાન થવાથી એને અન્યખ્યાતિ કહે છે. ડૉ. પી. ડી. ચંદ્રાત્રે એમના Methodology of the Major Bhasyas on the Brahmasutras નામક ગ્રન્થમાં (પૃ. ૯૭) જણાવે છે કે વલ્લભાચાર્ય અન્યથાખ્યાતિ સ્વીકારે છે. આ વાત સાચી નથી. શુદ્ધાદ્વૈતના અનુસારકોએ ખરેખર તો અન્યથાખ્યાતિનું ખંડન કરેલું છે. (ખ્યાતિવાદ-વાદાવલી પૃ. ૧૨૨) અન્યથાખ્યાતિ બે પદાર્થોના સમાન ધર્મો પર આધાર રાખે છે તેથી અન્યથાત્વ સ્વીકારવામાં યથાર્થતા આવી જવાનો સંભવ છે. જે નથી તેને યથાર્થ કહી શકાય નહિ, આથી જ માયાને કારણરૂપ ગણીને બુદ્ધિવૃત્તિનો બહિઃક્ષેપ સ્વીકારેલો છે. આમ છતાં એ તો માનવું જોઈએ કે અન્યખ્યાતિમાં પણ સાદૃશ્ય તો છે જ. શૂક્તિને બદલે ભાસ તો રજતનો જ થાય છે, ઘડાનો નથી થતો. આમ अन्य નો અર્થ સદૃશ કરવો પડે.

જેમંને સાચું જ્ઞાન નથી થયું તેમને માટે જ અન્યખ્યાતિ છે; જેઓ સર્વત્ર બ્રહ્મને જુએ છે તેમને માટે અખ્યાતિનો મત છે. જે આપણી સાથે છે અને જે આપણને દેખાય છે તેમની વચ્ચેનો ભેદ ન સમજવો તે અખ્યાતિ. અહીં કોઈ પ્રશ્ન પૂછી શકે કે જેમને સમ્યગ્ જ્ઞાન થયું છે તેમને ભ્રમ કેવી રીતે થાય ? તેમનું જ્ઞાન તો યથાર્થ જ હોય. અથવા તો આપણે એમ માનવું પડે કે એમને પણ વ્યવહારમાં ભ્રમ થઈ શકે.

ખ્યાતિ વિશેના વિવિધ મતો ખરેખર તો જે તે દર્શનના સ્વીકૃત સિદ્ધાન્તોને જ અનુસરે છે. શંકરાચાર્ય સત્તાનાં જુદા જુદા સ્તરો સ્વીકારે છે એટલે સદસદનિર્વચનીય માયાને આધારે અનિર્વચનીય ખ્યાતિમાં માને છે. રામાનુજાચાર્ય તો ત્રિવૃત્કરણના સિદ્ધાન્તને અનુસરીને રજતને પણ યથાર્થ કહેવા સુધી જાય છે. શુદ્ધાદ્વૈતમાં સત્તાનાં સ્તરો સ્વીકાર્યાં નથી, અને વ્યામોહિકા માયાને ભગવાનની શક્તિ ગણી છે. વળી એમાં જગત્-સંસારનો ભેદ માનેલો છે. આમ હોવાથી અહીં બુદ્ધિવૃત્તિનો બહિઃક્ષેપ સ્વીકારેલો છે. વિજ્ઞાનવાદે માનેલી આત્મખ્યાતિમાં પણ અંદર રહેલા જ્ઞાનનું બહિરવભાસન થાય છે, પણ તે વાદમાં બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ જ નથી, તો શુદ્ધાદ્વૈતમાં માત્ર ભ્રાન્તિને પ્રસંગે બહિરવભાસન થાય છે.

નિશ્ચય એટલે યથાર્થ અનુભવ તેને જ પ્રમા કહેવાય. એ જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન અથવા શબ્દ દ્વારા થાય છે. નિશ્ચયના બે પ્રકાર છે, પ્રત્યક્ષ અને પરોક્ષ. ઇન્દ્રિયો અને પદાર્થના સાક્ષાત્ સંયોગથી થતું જ્ઞાન તે પ્રત્યક્ષ, તેનાથી જુદું તે પરોક્ષ કહેવાય.

શંકરાચાર્ય પણ પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ સ્વીકારે છે. પણ એમને મતે માત્ર ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ પ્રત્યક્ષ છે એવું નથી. तत्त्वमसि એ મહાવાક્યથી અસંસારિ-આત્મત્વની પ્રતિપત્તિ થતાં સંસારિ-આત્મત્વનું વ્યાવર્તન થાય છે. આમ આત્મસાક્ષાત્કારરૂપી ફલ પ્રાપ્ત થતું હોવાથી એ પ્રત્યક્ષ જ છે. (શાંકરભાષ્ય ૧.૪.૧૪) વલ્લભાચાર્ય કહે છે કે શબ્દજ્ઞાન પ્રત્યક્ષ ફલ આપી શકે નહિ. વાક્ય વિષયનું જ જ્ઞાન આપી શકે વિષયીનું નહિ. दशमस्त्वमसि એ વાક્યમાં પણ પોતે દસમો છે એમ માત્ર શબ્દથી નહિ પણ પોતાને દસમા તરીકે જોવાથી સમજાય છે. અર્થાત્ પ્રત્યક્ષ જ્ઞાન માત્ર ઇન્દ્રિયાર્થસંયોગથી જ થાય છે, શબ્દથી થતું નથી. (અણુભાષ્ય ૧.૧.૧)

સૂક્ષ્મ સ્વરૂપે રહેતા આપણા ભૂતકાલીન અનુભવો સંસ્કાર કહેવાય છે. તેનાથી ઉત્પન્ન થતું જ્ઞાન તે સ્મૃતિ.

સ્વપ્નસૃષ્ટિ પર આધાર રાખતા અનુભવો તે સ્વપ્ન. સ્વપ્નસૃષ્ટિ માયામાત્ર છે, એટલે એમાં સત્તા નથી, પણ સ્વપ્નજ્ઞાન સત્ છે, કારણ કે જ્ઞાન આત્મરૂપ છે. સ્વપ્ન અને જાગ્રત્‌નો ભેદ દર્શાવતાં શંકરાચાર્ય કહે છે કે સ્વપ્નના અનુભવોનો જાગ્રત્ અવસ્થામાં બાધ થાય છે. વળી સ્વપ્નદર્શન સ્મૃતિ છે, તો જાગ્રત્ દર્શન ઉપલબ્ધિ છે. (શાંકરભાષ્ય ૨.૨.૨૯) વલ્લભાચાર્ય કહે છે કે જાગ્રત્ અવસ્થામાં દેખાતો થાંભલો વર્ષો પછી પણ થાંભલો જ રહે છે. (અણુભાષ્ય ૨.૨.૨૯) આમ અહીં અનુભવના સાતત્ય પર ભાર મૂકેલો છે.

સુષુપ્તિને સ્વપ્નનો જ અવાન્તરભેદ માન્યો છે. એમાં આત્મસ્ફુરણ સ્વતઃ થાય છે. (પ્રસ્થાનરત્નાકર પૃ. ૨૬)

આપણને થતા અનુભવોમાં નિશ્ચય કે વિપર્યાસ કેટલે અંશે છે તે એમાં રહેલા પ્રમા કે ભ્રમની ન્યૂનાધિક્તા પર આધાર રાખે છે. ચિત્રો, મૂર્તિઓ કે નટોએ કરેલાં અનુકરણો આપણા મનમાં મૂળના જેટલા જ ભાવો ઉત્પન્ન કરી શકે તો પ્રમાનું આધિક્ય માનવું.

શંકરાચાર્યને મતે વિષયી અને વિષય પ્રકાશ અને અન્ધકારની માફક પરસ્પર વિરુદ્ધ છે. વિષય જડ છે તો વિષયી ચેતન છે. અન્તે તો વિષયી જ્ઞાતા પણ નથી, માત્ર જ્ઞાન છે. આમ આત્મા અને સંવિત્ વચ્ચે સંપૂર્ણ અભેદ છે. ''હું અન્ધ છું'' જેવાં વાક્યોમાં વિષય પર વિષયીનો આરોપ થાય છે, તેવી જ રીતે ''હું મને જાણું છુ'' એમ કહીએ ત્યાં પણ અધ્યાસ જ થાય છે. રામાનુજાચાર્યે શ્રીભાષ્ય ૧.૧.૧માં આ મતનું સંપૂર્ણ ખંડન કરીને એવું પ્રતિપાદન કર્યું છે કે જ્ઞાન આત્માનો ધર્મ છે. અણુભાષ્ય ૧.૧.૧ પરના પ્રકાશમાં પુરુષોત્તમજીએ આની ચર્ચા કરતાં કહ્યું છે કે જે જડ છે તે વિષય છે એ વ્યાપ્તિ સાચી છે પણ જે વિષય

છે તે જડ છે એ વ્યાપ્તિ યોગ્ય નથી. ચેતન આત્મા સાક્ષાત્કારનો વિષય બની શકે છે. જો આત્મા પ્રત્યગ્વિત્તિનો વિષય ન હોય તો એને વિત્તિ જ ન કહી શકાય. આત્મા અને સંવિદ એ પર્યાયો નથી. ''હું જ્ઞાનવાળો છું'' એમ કહીએ ત્યારે જ્ઞાન ''હું''નો ધર્મ બને છે. વળી આત્મા જ્ઞાનથી પ્રકાશિત થતો હોય તો એ અચેતન બની જતો નથી, કારણ કે આત્મા સ્વયંપ્રકાશિત છે. આપ જ્ઞાન આત્માનું સ્વરૂપ અને ધર્મ બન્ને છે.

ઉપર જ્ઞાનના જે દસ પ્રકારો આપ્યા છે તેનું આ જ મહત્ત્વ છે. વિશિષ્ટાદ્વૈતમાં આત્મા જ્ઞાતા છે, કેવલાદ્વૈતમાં જ્ઞાન છે તો શુદ્ધાદ્વૈતમાં એ જ્ઞાતા અને જ્ઞાન બન્ને છે.

૧૧. પ્રમાણમીમાંસા :

પ્રમાણ શબ્દ બે રીતે સમજાવી શકાય. प्रमीयते इदम् એમ ભાવવ્યુત્પન્ન ગણીએ તો અબાધિત અથવા બાધયોગ્યતિરિક્ત જ્ઞાનનો અર્થ આવે. ઉપર જે જ્ઞાનમીમાંસા કરી તે આ અર્થમાં સમજવાની છે. प्रमीयते अनेन એમ કરણવ્યુત્પન્ન સમજીએ તો જે સાધન દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય તેને પ્રમાણ કહેવાય. જે ન જાણેલા અર્થને જણાવે તે પ્રમાણ એમ આચાર્યશ્રી કહે છે. (અણુભાષ્ય ૧.૧.૧)

શુદ્ધાદ્વૈતમાં પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એમ ત્રણ પ્રમાણો સ્વીકારેલાં છે. પણ આચાર્યશ્રી પ્રત્યક્ષ અને અનુમાનની ખાસ ચર્ચા કરતા નથી. પુરુષોત્તમજીએ પ્રસ્થાનરત્નાકરમાં એની વિસ્તૃત ચર્ચા કરી છે; તો જિજ્ઞાસુએ તેમાંથી જોઈ લેવા વિનંતિ.

ભારતીય દર્શનોમાં ખાસ તો આસ્તિક દર્શનોમાં શબ્દપ્રમાણનું મહત્ત્વ સૌથી વધારે છે. શબ્દ એટલે આપ્તવાક્ય. જે જેવું હોય તેવું કહે તેને આપ્ત કહેવાય. શબ્દના બે પ્રકારો છે. લૌકિક અને અલૌકિક. આપણા જેવા સામાન્ય માણસો જે કહે તે લૌકિક અને ઋષિઓથી માંડીને ભગવાન સુધીના દ્વારા જે શબ્દો આવે તે અલૌકિક ભગવાનના નિઃશ્વાસરૂપી વેદ સૌથી વધારે વિશ્વસનીય અને અબાધિત હોવાથી વેદ પરમ આપ્ત-ઉપદેશ છે.

પ્રાકૃત જન બોલે ત્યારે એણે જે જોયું હોય કે અનુમાન્યું હોય તેને આધારે બોલે છે; પણ એનો અર્થ એવો નથી કે શબ્દનું પ્રામાણ્ય પ્રત્યક્ષ કે અનુમાન પર અવલંબે છે. જ્યારે આપણે શબ્દ સાંભળીએ ત્યારે એ શબ્દમાં એવો પણ અર્થબોધ કરાવવાની શક્તિ હોય છે જે અર્થ આપણે પ્રત્યક્ષ કે અનુમાનથી ગ્રહણ કર્યો ન હોય. વેદ પ્રત્યક્ષ પર આધાર રાખે છે એમ કહી ન શકાય કારણ કે વેદમાં ઉપદિષ્ટ ધર્મ પ્રત્યક્ષનો વિષય નથી. લૌકિક વ્યવહાર સિદ્ધ કરનાર શબ્દ પ્રત્યક્ષને આધીન હોઈ શકે પણ વેદો અલૌકિક વ્યવહારના સાધક હોવાથી વેદનું પ્રામાણ્ય સ્વતઃ છે. સત્ત્વગુણથી શુદ્ધ થયેલા અન્તઃકરણને જ પ્રમાણ માનીએ તો પણ એ સત્ત્વશુદ્ધિ વેદવિહિત સાધનોથી જ થાય છે. આથી જ મહાપુરુષો માત્ર વેદ પર જ શ્રદ્ધા રાખે છે. આમ વેદનું મહત્તમ પ્રામાણ્ય ત્રણ કારણોથી સિદ્ધ થાય છે : વેદ સત્ત્વશોધક છે, ભગવદ્વાક્ય છે અને ભગવાનના નિઃશ્વાસરૂપ છે.

વેદને નિત્ય અને અપૌરુષેય માનવાથી શબ્દ અને અર્થના સંબન્ધનો પ્રશ્ન ઊભો થાય છે. વેદ સર્વોત્કૃષ્ટ પ્રમાણ છે અને નિત્ય છે, તો શબ્દ અને અર્થનો સંબન્ધ પણ નિત્ય માનવો જોઈએ. પણ શબ્દોથી જે પદાર્થોનો બોધ થાય છે તે તો અનિત્ય છે તેનું શું ? મીમાંસાને મતે શબ્દો અવ્યક્ત સ્વરૂપે નિત્ય છે; જ્યારે એમનો ઉચ્ચાર કરવામાં આવે ત્યારે અભિવ્યક્ત થાય છે. આમ શબ્દ અને અર્થનો સંબન્ધ નિત્ય છે. (પૂર્વમીમાંસાસૂત્ર ૧.૧.૫) શંકરાચાર્ય માને છે કે શબ્દનો સંબન્ધ અનિત્ય વ્યક્તિઓ સાથે નહિ પણ નિત્ય એવી આકૃતિ સાથે છે. (શાંકરભાષ્ય ૧.૩.૨૮) પણ આમ માનવામાં જાતિ અને વ્યક્તિનો સંબન્ધ સમજાવવાનો મુદ્દો આવે તેથી ચિત્સુખાચાર્ય જેવા પશ્ચાત્કાલીન અદ્વૈતવાદીઓ જાતિનો સ્વીકાર કરતા જ નથી. રામાનુજાચાર્ય આ સમસ્યાનો ઉકેલ લાવવા કહે છે કે બધા જ શબ્દો પરમાત્માના વાચક છે. બધા જ પદાર્થો ચિત્-અચિત્‌ના જ પ્રકારો છે અને ચિત્-અચિત્ પરમપુરુષનું શરીર છે તેથી પદાર્થો ભિન્ન હોય તો પણ કોઈ વાંધો આવતો નથી. (સર્વદર્શનસંગ્રહ પૃ. ૧૦૪)

શુદ્ધાદ્વૈત અનુસાર ભગવાન સર્વશક્તિમાન છે. એ રૂપપ્રપંચનું જ નહિ પણ નામપ્રપંચનું પણ સર્જન કરે છે. શબ્દબ્રહ્મ સૌ પ્રથમ નાદરૂપે આવિર્ભાવ પામે છે. તે આરંભમાં અવ્યક્ત હોય છે. પછી અનેકવિધ વર્ણો આદિ સૂક્ષ્મરૂપ પ્રાપ્ત કરીને સ્થૂલરૂપે માત્રા, સ્વર, વર્ણ આદિ પ્રકારે વેદરૂપે પ્રકાશે છે. ભગવાન શ્રોત્રવૃત્તિને પ્રેરણા આપે ત્યારે જીવ પણ એનું શ્રવણ કરી શકે છે. આ નાદ તે જ સ્ફોટ છે અને એનો અર્થ स्फुटति वागनेन એવો થાય છે. (પ્રસ્થાનરત્નાકર પૃ. ૫૬) તે જ વૈયાકરણોએ સ્વીકારેલાં પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી રૂપોમાં આવિર્ભાવ પામે છે. બ્રહ્મના સત્, ચિત્, આનન્દ અંશોની માફક શબ્દબ્રહ્મના વર્ણ, પદ અને વાક્ય અંશો છે. ભગવાનના ઐશ્વર્યાદિ છ ગુણોની માફક શબ્દબ્રહ્મના સૂક્ષ્મત્વ, નિત્યત્વ, વ્યાપકત્વ, અપરિચ્છિનત્વ, અનન્તરૂપત્વ અને બહુરૂપત્વ એમ છ ગુણો છે. બ્રહ્મની માફક જ શબ્દબ્રહ્મમાં પણ વિરુદ્ધ ધર્મો છે. તેથી જ નિત્ય અને વ્યાપક હોવા છતાં શબ્દ સર્વદા અને સર્વત્ર સાંભળી શકાતો નથી.

મીમાંસા અને શાંકરમતમાં શબ્દનો સંબન્ધ આકૃતિ સાથે છે એ આપણે નોંધ્યું. શુદ્ધાદ્વૈતમાં શબ્દનો આકૃતિ સાથે નિત્ય સંબન્ધ સ્વીકારવા છતાં શબ્દનો વ્યક્તિ સાથેનો સંબન્ધ પણ માનેલો છે; કારણ કે જો આકૃતિનો અર્થ લઈએ તો સર્વત્ર લક્ષણા સ્વીકારવી પડે. વેદવાક્યોના અર્થઘટનમાં લક્ષણાનો આશ્રય લેવો પડે તેનાથી વલ્લભાચાર્ય સંપૂર્ણ વિરુદ્ધ છે. એક જગાએ પણ લક્ષણા માનીએ તો સર્વત્ર લક્ષણા માનવી પડે, એ આચાર્યશ્રીને માન્ય નથી.

સ્વતંત્ર નામપ્રપંચનો સ્વીકાર કરવા માટે આચાર્યશ્રી सिक्तरेताः નું દૃષ્ટાન્ત આપે છે. આ શબ્દને આકૃતિ સાથે સંબન્ધ નથી. એ તો વિશેષણ છે અને રેતઃસેક પછી જ ઉપયુક્ત હોવાથી અનિત્ય છે. આવી અનિષ્ટાપત્તિ દૂર કરવા માટે સ્વતંત્ર નામપ્રપંચ જ માનવો યોગ્ય છે. એમાં ભગવાનના અવયવરૂપ અલૌકિક વિષયો છે.

વર્ણ, પદ અને વાક્ય ૐકારની વિકૃતિઓ છે, અને ભગવાન ૐકારનો મુખ્યાર્થ છે. ૐકારરૂપી બીજનો જે અર્થ છે તે જ વેદના અનેક શબ્દોનો અર્થ છે. આ નામપ્રપંચ પરોક્ષ રીતે જ સમજી શકાય. કોઈ પોતાને જામદગ્ન્ય તરીકે ઓળખાવે તે જેમ પરોક્ષ જ્ઞાન છે તેમ વૈદિક સૃષ્ટિ પણ પરોક્ષ છે. વૃદ્ધવ્યવહારને આધારે વેદના શબ્દો સમજવાના છે. આમ વેદ પરાધીન નથી, માનવો જ પરાધીન છે. વેદમાં જ નહિ પણ સામાન્ય વ્યવહારમાં પણ શબ્દ અને અર્થનો સંબન્ધ આ રીતે જ સમજવાનો છે. પદાર્થો અનન્ત છે એ પ્રશ્ન શુદ્ધાદ્વૈતને નડતો નથી, કારણ કે જગત્ આખું જ ઈશ્વરનો આવિર્ભાવ છે.

શુદ્ધાદ્વૈતને મતે પ્રવર્તક માત્ર ભગવાન જ હોઈ શકે. મીમાંસાને મતે શબ્દ પ્રવર્તક છે, પણ જો એમ હોય તો બધાએ જ વિધિનિષેધનું પાલન કરવું જોઈએ; પણ એવું નથી થતું કારણ કે માનવની પ્રવૃત્તિ ભગવાનની ઈચ્છાને આધારે છે.

આમ આપણે જોઈ શકીએ કે શુદ્ધાદ્વૈતના અનુસારકો બીજા બધાથી ભિન્ન મત ધરાવે છે. તેઓ આકૃતિનો સ્વીકાર કરીને પણ શબ્દનો વ્યક્તિ સાથેનો સંબન્ધ માને છે. રામાનુજાચાર્યની માફક બધા શબ્દો પરમાત્માના વાચક છે એમ કહે છે, પણ એથી આગળ જઈને ભગવાન જ બધા શબ્દોનો મુખ્યાર્થ છે એમ માને છે. સ્ફોટ વર્ણાભિવ્યંગ્ય નહિ પણ વાણી જેનાથી સ્ફુટ થાય એ અર્થમાં સમજે છે. વળી એઓ અલૌકિક નામપ્રપંચ સ્વીકારે છે. આમ વેદવાક્યના પ્રામાણ્યમાં કદાપિ શંકા લાવી જ ન શકાય એમ પ્રતિપાદિત કરે છે.

વેદમાં અનેક પરસ્પર વિરુદ્ધ એવાં વાક્યો આવે છે, જેમ કે બ્રહ્મનું સધર્મક અને નિર્ધર્મક એમ બે પ્રકારે વર્ણન છે. આવાં વાક્યોનો સમન્વય કઈ રીતે કરવો એ બધા જ આચાર્યો માટે મહત્ત્વનો મુદ્દો છે. શુદ્ધાદ્વૈતવાદીઓ માને છે કે આવાં વિરુદ્ધ વાક્યોમાંથી જો આપણે એકને પ્રમાણભૂત ગણીને બીજાંને અપ્રમાણ માનીએ તો બધાં જ વાક્યો સરખાં હોવાથી શ્રુતિસમગ્રને અપ્રમાણ માનવાનો પ્રસંગ આવે. ભગવાનમાં વિવિધ શક્તિઓ છે તેથી બધાં જ વાક્યોને સરખું જ મહત્ત્વ આપવું જરૂરી છે. આમ ભગવાન અગ્નિ પણ છે અને શીત પણ છે કારણ કે બન્ને શબ્દો પરમાત્માના જ વાચક છે. એટલે શ્રુતિમાં કોઈ વિરોધ નથી. બધાં વાક્યોનો મુખ્યાર્થ જ સમજવાનો છે. ગૌણી વૃત્તિ માત્ર મન્દ અને મધ્યમ માટે જ છે.

સમગ્ર રીતે જોતાં શુદ્ધાદ્વૈતનો વેદો પ્રત્યેનો અભિગમ શ્રદ્ધા અને ભક્તિ પર નિર્ભર છે. શંકરાચાર્ય પણ વેદને જ અન્તિમ પ્રમાણ માને છે, પણ માત્ર પોતાના અર્થમાં. આથી વિરુદ્ધ શુદ્ધાદ્વૈતમાં જો શ્રુતિ એમ કહેતી હોય કે અગ્નિ ઠંડો છે તો તે પણ પ્રમાણભૂત જ છે. ઊંડો વિચાર કરીએ તો અહીં તાત્ત્વિક ભેદ બહુ ઓછો છે કારણ કે શ્રુતિનો અલૌકિક અર્થ સ્વીકારતાં એ વ્યવહારથી પર બની જાય છે.

વેદના પૂર્વકાંડ અને ઉત્તરકાંડના સંબન્ધ વિશે પણ વિવિધ મતો છે. શંકરાચાર્યને મતે પૂર્વકાંડ અને ઉત્તરકાંડના વિષયો અને ઉપદેશ જુદા છે, એટલે એ બેને સાથે

ગણી શકાય નહિ. ભાસ્કરાચાર્યને મતે બન્નેના વિષયો જુદા છે પણ ઉપદેશ એક જ છે. રામાનુજાચાર્યને મતે પૂર્વકાંડ પછી જ ઉત્તરકાંડ આવે છે. વિજ્ઞાનભિક્ષુ પૂર્વકાંડને પ્રધાન તો ઉત્તરકાંડને ગૌણ માને છે. આચાર્યશ્રીને મતે પૂર્વકાંડ અને ઉત્તરકાંડ વચ્ચે વિષયભેદ, તાત્પર્યભેદ કે ગુણપ્રધાનભાવ નથી; વળી અર્થની દૃષ્ટિએ પૌર્વાપર્ય નથી. ઉપનિષદો બ્રહ્મવાદ અનુસાર બ્રહ્મ અને આત્માનું જ્ઞાન ઉપદેશે છે. શ્રુતિ કહે છે કે જે વિદ્યાથી કરે તે કર્મ વીર્યવત્તર બને છે. આમ ક્રિયા જ્ઞાનયુક્ત હોય તો કર્મપૌષ્કલ્યમાં પરિણમે છે. વળી જેનામાં ચિત્તશુદ્ધિને લીધે સત્ત્વગુણ ઉત્કટ હોય તેને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ચિત્તશુદ્ધિ માટે યજ્ઞાદિ કર્મો નિમિત્તરૂપ છે. આમ કર્મ અને જ્ઞાન પરસ્પર ઉપકારક હોવાથી પૂર્વકાંડ અને ઉત્તરકાંડ અન્યોન્ય સાથે જોડાયેલા છે. જ્ઞાન અને કર્મ બન્ને ભગવાનની શક્તિઓ છે અને પરમાત્મા વેદોનો અર્થ છે, તેથી જ જેઓ વેદનું તાત્પર્ય માત્ર જ્ઞાનમાં કે માત્ર કર્મમાં સમજે છે તેમનો મત સ્વીકારવામાં આવતો નથી.

સ્મૃતિની વ્યાખ્યા આપતાં આચાર્યશ્રી કહે છે : ऋषीणां पूर्वचरितस्मरणं स्मृतिरुच्यते । (તત્ત્વદીપનિબન્ધ ૨.૩૩) આ સ્મરણ ચાર કારણો પર આધાર રાખે છે : પૂર્વાચાર, લોકવ્યવહાર, ન્યાય કે નીતિવિષયક શાસ્ત્રો અને શ્રુતિ એમાં જે અન્તિમ છે તે જ પ્રમાણભૂત છે. આમ છતાં વેદ અને સ્મૃતિનું પ્રામાણ્ય સમાન નથી. પ્રતિબિમ્બ અને પદાર્થ સરખા દેખાતા હોવા છતાં એ બેમાં મહત્ત્વનો ભેદ છે તેવું જ સ્મૃતિ અને શ્રુતિ વચ્ચે છે. શંકરાચાર્યનો મત અહીં સરખાવવા જેવો છે. એમણે કહ્યું છે : वेदस्य हि निरपेक्षं स्वार्थे प्रामण्यं रवेरिव रूपविषये । पुरुषवचसां तु मूलान्तरापेक्षं वक्तृस्मृतिव्यवहितं च । (શાંકરભાષ્ય ૨.૧.૧) - પુરુષોત્તમજી કહે છે કે સ્મૃતિપ્રમાણ જન્ય છે, વેદની માફક નિત્ય નથી. (તત્વદીપનિબન્ધ સર્વનિર્ણય : ૪૯, આવરણભંગ)

આચાર્યશ્રી પુરાણોને વેદધર્માતિદેશ માને છે. (તત્ત્વદીપનિબન્ધ પ્રકાશ ૨.૪૮) આમ પુરાણોનું મહત્ત્વ સ્મૃતિઓ કરતાં વધારે છે. આચાર્યશ્રી તત્ત્વદીપનિબન્ધ પરના પ્રકાશમાં (૨.૪૯) આ પદ્ય ટાંકે છે - श्रुतिस्मृती उभे नेत्रे पुराणं हृदयं स्मृतम् । પુરાણોમાં વેદનું અર્થઘટન અને અર્થવિસ્તાર છે. પુરાણોમાં ભગવાનની લીલાનું વર્ણન હોવાથી એનું પ્રામાણ્ય વેદના જેટલું જ છે. ફેર માત્ર એટલો જ છે કે પુરાણોને જે તે કલ્પની મર્યાદા હોય છે તો વેદને એવી કોઈ મર્યાદા નથી.

શુદ્ધાદ્વૈતમાં ચાર પ્રસ્થાનો સ્વીકારેલાં છે : વેદ, ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્રો અને ભાગવતપુરાણમાંની સમાધિભાષા એમાં દરેક પાછલું આગલામાં ઉદ્ભવતા સંદેહનું નિરાકરણ કરે છે. (તત્ત્વદીપનિબંધ ૧.૭) જેમ કે શ્રુતિમાં કહ્યું છે - अपाणिपादो जवनो ग्रहीता (શ્વેતાશ્વતર ઉપ. ૩.૧૯) તે સમજવા માટે ગીતાનું વાક્ય सर्वतः पाणिपादं तत् (૧૩.૧૩) ઉપયોગી થાય છે. તે જ રીતે ગીતા કહે છે - ममैवांशो जीवलोके (૧૫.૧૦) તો તેને માટે अंशो नानाव्यदेशात् (બ્ર. સૂ. ૨.૩.૪૩)

ઉપયોગી છે. તે જ રીતે બ્રહ્મસૂત્ર जन्माद्यस्य यतः (૧.૧.૨) ભાગવતના પ્રથમ શ્લોક जन्माद्यस्य यतोऽन्वयात् થી સ્પષ્ટ થાય છે.

બધા જ અનુશંકર આચાર્યો વૈષ્ણવ કે શૈવ એમ ચોક્કસ સંપ્રદાયને અનુસરતા હતા; એટલે સ્વાભાવિક રીતે જ પ્રસ્થાનત્રયને બદલે પ્રસ્થાનચતુષ્ટય સ્વીકારવામાં આવ્યું. રામાનુજાચાર્ય વિષ્ણુપુરાણને ચોથું પ્રસ્થાન ગણે છે, તો શૈવ આચાર્યો શૈવ આગમોને પ્રસ્થાન માને છે. તેવી જ રીતે વલ્લભાચાર્ય ભાગવતને ચોથું પ્રસ્થાન ગણે છે.વળી બીજો પણ એક મુદ્દો નોંધવો જરૂરી છે; પુરાણોનું મહત્ત્વ સ્વીકારાયા પછી ધીમે ધીમે એવો મત પ્રચલિત થયો કે વેદનું અર્થઘટન કરતી વખતે પુરાણોને પણ ધ્યાનમાં રાખવાં. ડૉ. વીન્ટરનીટ્ઝ જેવા વિદ્વાનનો મત ટાંકતાં મેં Purusottamaji : A Study (પૃ. ૨૨૬) માં કહ્યું છે : Dr. M. Winternitz at one place refers to the efforts of scholars to bring the verses of the Rgveda into unison with the latter narratives and to utilise the latter in the elucidation of the Rgvedic poem. પુરુષોત્તમજી અણુભાષ્યપ્રકાશ (પૃ. ૩૫૩)માં એક પદ્ય ટાંકે છે. अनन्तशाखासापेक्षे वैदिकार्थस्य निर्णये । स्वबुद्धिकल्पितादर्थात् बलीयानुपबृंहितः ॥ આમ શ્રુતિનો અર્થ સમજવા માટે પુરાણોનો આધાર લેવો જોઈએ એવો શુદ્ધાદ્વૈતનો મત સ્પષ્ટ થાય છે.

ઉપરનાં ત્રણ પ્રમાણો - પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ ઉપરાંત ભારતીય દર્શનોમાં ઉપમાન, અર્થાપત્તિ, અનુપલબ્ધિ, ચેષ્ટા, ઐતિહ્ય જેવાં પ્રમાણોની પણ ચર્ચા અને કેટલાકનો સ્વીકાર દેખાય છે; પણ શુદ્ધાદ્વૈતમાં માત્ર ત્રણ જ પ્રમાણો સ્વીકારેલાં છે. શ્રી સુરેન્દ્રનાથ દાસગુપ્ત એમના History of Indian Philosophy (Vol. IV પૃ. ૩૪૫) માં કહે છે કે પાર્થસારથિમિશ્રની માફક પુરુષોત્તમજી પણ અર્થાપત્તિને સ્વતંત્ર પ્રમાણ ગણે છે. આ કથન સાચું નથી કારણ કે પ્રસ્થાનરત્નાકરમાં (પૃ. ૧૫૨) પુરુષોત્તમજી સ્પષ્ટ રીતે જ કહે છે કે અર્થાપત્તિ સ્વતંત્ર પ્રમાણ નથી.

આ ત્રણ પ્રમાણોમાંથી પ્રત્યક્ષ અને અનુમાન માત્ર વ્યવહારમાં ઉપયોગી થાય છે. પરમાર્થ સમજવા માટે તો વેદનોજ આધાર લેવાનો છે. પ્રત્યક્ષ અને અનુમાન આપણા પર આધાર રાખે છે અને આપણને અજ્ઞાનની મર્યાદા છે. એટલે જ વેદ ઉત્કૃષ્ટ છે. અનુમાન વિશે તો એવી પણ દલીલ કરેલી છે કે જગત્‌માં અનેક પ્રકારનું વૈવિધ્ય હોવાથી કોઈ પણ પ્રતિજ્ઞાને અનુમોદન આપતું દૃષ્ટાન્ત કોઈ પણ વાદીને જડી શકે એટલે એના પર આધાર રાખી શકાય નહિ.

ભારતીય દર્શનોમાં મીમાંસા, કેવલાદ્વૈત અને વિશિષ્ટાદ્વૈત જેવાં દર્શનો સ્વતઃપ્રમાણવાદમાં માને છે તો ન્યાય જેવાં દર્શનો પરતઃપ્રમાણવાદ સ્વીકારે છે. શુદ્ધાદ્વૈતને મતે વેદ જ સ્વતઃપ્રમાણ છે, તો અન્ય પ્રકારનાં જ્ઞાન હંમેશાં સ્વતઃપ્રમાણ હોતાં નથી.

૧૨. બ્રહ્મ-વિરુદ્ધધર્માશ્રયત્વ :

શુદ્ધાદ્વૈતમાં દર્શનમીમાંસાની બે પદ્ધતિઓ સ્વીકારેલી છે : પ્રમાણપદ્ધતિ અને

પ્રમેયપદ્ધતિ. આને માટે પ્રમાણમાર્ગ અને પ્રમેયમાર્ગ એવા બે શબ્દો પણ વપરાય છે. તત્ત્વદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણને અન્તે આચાર્યશ્રી કહે છે કે પ્રમાણબલને આધારે શાસ્ત્રાર્થનું નિરૂપણ કરેલું છે. હવે પ્રમેયબલનો આશ્રય લઈને સર્વનિર્ણય કહેવામાં આવે છે. આ ઉલ્લેખને આધારે આ બે પદ્ધતિઓ વિશેની માન્યતા અસ્તિત્વમાં આવી હોય એમ લાગે છે; આમ છતાં અન્ય દર્શનોમાં આ ભેદ જાણીતો નથી વેદથી ભાગવત સુધીનાં પ્રમાણોનું નિશ્ચિત તાત્પર્ય તે પ્રમાણબલ પ્રમેય અથવા ભગવાનનું બલ તે પ્રમેયબલ. ભગવાન સર્વસમર્થ છે છતાં તે તે રૂપે તે તે કાર્ય કરે છે એ પ્રકારનું બલ સમજી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો પ્રમાણબલ શ્રુતિતંત્ર છે તો પ્રમેયબલ વસ્તુતંત્ર છે. બીજા સંદર્ભમાં આને જ આપણે મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગ કહી શકીએ, કારણ કે મર્યાદામાર્ગ શાસ્ત્રનાં વિધિવિધાનો પર આશ્રિત છે તો પુષ્ટિમાર્ગ માત્ર ભગવાનની કૃપા પર આધાર રાખે છે.

આ બે પદ્ધતિઓનો ઉલ્લેખ અહીં એટલા માટે કર્યો છે કે હવે પછી જે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે તેમાં આ બે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

કેટલાક ભારતીય ચિન્તકો ઈશ્વરનું અસ્તિત્વ પૂરવાર કરવા માટે તર્કનો આધાર લે છે. વેદાન્ત તર્કનો આધાર લેતું નથી એટલું જ નહિ પણ એવા વિચારકોના મતનું ખંડન પણ કરે છે. બ્રહ્મ તો ઔપનિષદ પુરુષ છે, એનું જ્ઞાન બીજી કોઈ રીતે શક્ય જ નથી. બ્રહ્મ આપણા લૌકિક વ્યવહારનો વિષય નથી, આપણી ઇન્દ્રિયો અને મનથી પર છે, સર્વવ્યવહારાતીત છે. જો એમ હોય તો એ પ્રમેય કેવી રીતે બને ? વળી પુરાણોમાં વર્ણવેલા અવતારોને તો બધા જ જોઈ શકે તેનું શું ? આનો જવાબ આપતાં કહ્યું છે કે સ્વતંત્ર રીતે કોઈ પણ પ્રમાણનું બલ એને વિષય બનાવી ન શકે, પણ એ સ્વેચ્છાએ વેદનો વિષય બને છે. અવતાર વિશે કહ્યું છે કે અવતાર એટલે વૈકુંઠસ્થાનથી ભગવાનનું ઇહલોકમાં આગમન. ઈશ્વરના જુદા જુદા અવતારો કોઈક નટે ભજવેલાં પાત્રો જેવાં છે, જેમાં નટ સ્વેચ્છાએ પોતાને ગમે તે પાત્ર રૂપે મંચ પર રજૂ થાય છે.

બ્રહ્મ આપણા લૌકિક પ્રમાણોથી ગ્રાહ્ય નથી, કારણ કે એને કોઈ રૂપ નથી કે કોઈ આકાર નથી. એ તો વાદળ વિનાનું આકાશ છે જેમાં આપણી દૃષ્ટિ દૂર સુધી જઈને પણ કાંઈ જ ગ્રહણ કરતી નથી. આમ બ્રહ્મ આપણી ઇન્દ્રિયો માટે અતિસૂક્ષ્મ છે, તો આપણા મન કે શરીરની પ્રવૃત્તિ માટે અતિદૂર છે. આમ હોવા છતાં બ્રહ્મ પોતાની ઇચ્છાથી દૃષ્ટ કે અદૃષ્ટ, શ્રુત કે અશ્રુત, જ્ઞાત કે અજ્ઞાત બને છે. લોકો મને જુએ એવી ઇચ્છા થાય ત્યારે બ્રહ્મની ગહનતા લોકદૃષ્ટિથી ગ્રાહ્ય બને છે.

વેદ બ્રહ્મનું પ્રમાણ છે અને તેમાં બ્રહ્મનાં વર્ણનો સવિશેષ અને નિર્વિશેષ બન્ને પ્રકારે છે. આ વર્ણનોનો સમન્વય સાધવાનો પ્રયત્ન કરવામાં આવે તો બ્રહ્મમાં પરસ્પર વિરુદ્ધ એવા બધા જ ધર્મો છે એમ માનવું જોઈએ. બ્રહ્મ સર્વભવનસમર્થ છે એટલે લેશમાત્ર પણ વિરોધ હોઈ શકે નહિ. આ તો વસ્તુસ્વભાવ છે અને જે

સ્વાભાવિક છે તેમાં શંકા કરી ન શકાય. આથી જ બ્રહ્મ સાકાર છે તો નિરાકાર પણ છે; હાથ અને પગ વગર એ પકડે કે દોડે; કાન વગર સાંભળે અને આંખ વગર જુએ. બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ બીજી રીતે પણ સિદ્ધ કરી શકાય. પૃથ્વી સાપ અને ઉંદર જેવા પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા પ્રાણીઓનો આશ્રય છે. વળી આપણે પ્રવેશ કે નિષ્ક્રમણ કરીએ તો બન્નેને ક્રિયા કહેવાય. આપણે જાગ્રત હોઈએ કે સ્વપ્નમાં હોઈએ પણ આધાર તો બુદ્ધિનો જ હોય છે. આમ જો કાર્યમાં પણ વિરુદ્ધ ધર્માશ્રયત્વ હોય તો સર્વના આધારરૂપ અને સર્વના કારણરૂપ બ્રહ્મમાં વિરુદ્ધધર્માશ્રયત્વ હોય એમાં કોઈ શંકાને સ્થાન નથી. બ્રહ્મમાં વિરુદ્ધધર્મો વધારે છે તો એનાં કાર્યોમાં આ વિરોધ ઓછો ને ઓછો દેખાયછે. પુરુષોત્તમજી કમળનું દૃષ્ટાન્ત આપતાં કહે છે કે કમળનું મૂળ સ્થૂલ હોય છે પણ એની અણી સૂક્ષ્મ હોય છે. તેવી રીતે આ સમજવાનું છે. (તત્ત્વદીપનિબન્ધ શાસ્ત્રાર્થપ્રકરણ-આવરણભંગ પૃ. ૧૧૯)

જેઓ વસ્તુસ્વભાવને આધારે બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ સ્વીકારતા નથી તેમને માટે પણ આચાર્યશ્રી ઉકેલ આપે છે. બ્રહ્મ જગત્‌થી ભિન્ન છે એટલે બ્રહ્મનાં જે નિષેધાત્મક વર્ણનો વેદમાં મળે છે તે તો એટલું જ દર્શાવે છે કે બ્રહ્મમાં લૌકિક ધર્મો નથી. આ પછી આપણે સવિશેષ બ્રહ્મનું વર્ણન એવી રીતે સમજી શકીએ કે આ ધર્મો અલૌકિક છે. જેમ વ્યવહારમાં આપણે કહીએ કે ''આ પાપી નથી પણ પુણ્યશાળી છે'' તેમ પ્રાકૃત ગુણોનો નિષેધ કરીને અપ્રાકૃત ગુણોનું વર્ણન કરેલું છે. આ સમાધાન તો માત્ર એમને માટે જ છે જેઓ વસ્તુસ્વભાવને આધારે વિરુદ્ધ-ધર્માશ્રયત્વ માનવા તૈયાર નથી. અહીં મુખ્ય સિદ્ધાન્ત તો વિરુદ્ધધર્માશ્રયત્વનો જ છે. આથી જ આચાર્યશ્રી સ્પષ્ટતા કરે છે કે બ્રહ્મનો જગતથી ભેદ બતાવવા માટે જ લૌકિક પ્રકારના ધર્મોનો નિષેધ કરેલો છે, સ્વરૂપગત ધર્મોનો નિષેધ કર્યો નથી. (અણુભાષ્ય ૩.૨.૨૨)

બ્રહ્મ સર્વભવનસમર્થ છે, સર્વશક્તિમાન છે. શ્રુતિ પણ કહે છે- परास्य शक्तिर्विविधैव श्रूयते । (શ્વેતાશ્વતર ૬.૮) આમ બધી જ શક્તિઓ હોવાથી બ્રહ્મ સર્વરૂપ છે. એ અગ્નિ પણ છે અને અનુષ્ણ પણ છે.

આમ સમગ્ર રીતે જોતાં શુદ્ધાદ્વૈતમાં ત્રણ પ્રકારના અભિગમો જોઈ શકાય છે. શબ્દબલનો વિચાર કરતાં બ્રહ્મ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે. શ્રુતિને અનુસરતી યુક્તિથી વિચારીએ તો બ્રહ્મમાં પ્રાકૃત ગુણો નથી પણ અપ્રાકૃત ગુણો છે. અર્થબલને આધારે જોઈએ તો બ્રહ્મ વિરુદ્ધ સર્વરૂપ છે.

એક બાજુથી બ્રહ્મમાં બધા જ વિરુદ્ધ ધર્મો છે. એમ કહેવું તો બીજી બાજુથી જેનો નિષેધ છે તે પ્રાકૃત ધર્મો છે એમ કહેવું એ પરસ્પર અનુરૂપ લાગતું નથી. તેથી જ કદાચ આપણે અભિગમોનો ભેદ સ્વીકારવો જોઈએ એમ લાગે છે.

બ્રહ્મ અને તેના ધર્મોનો પ્રશ્ન ભારતીય દર્શનોમાં ખૂબ જ ચર્ચાયેલો છે. ઉપનિષદોમાં જુદા જુદા ઋષિઓએ મૂળ તત્ત્વ વિશે જે વિધાનો કર્યાં છે તેમાં બે પ્રકારની વિચારધારાઓ સ્પષ્ટ દેખાય છે. એક વિચાર અનુસાર ઈશ્વર સર્વજ્ઞ,

સર્વશક્તિમાન, સર્વવ્યાપક વગેરે છે; એમાં સારું એવું બધું જ છે. ખરાબ એવું કાંઈ જ નથી. બીજા મત પ્રમાણે પરમ તત્ત્વ આપણી બધી જ મર્યાદાઓથી પર છે. એમાં અમુક ધર્મો છે એમ આપણે કહીએ તે યોગ્ય નથી કારણ કે ધર્મો પણ આપણી મર્યાદા છે અને પરમ તત્ત્વને આપણે આપણી મર્યાદાથી બાંધી ન શકીએ. આ વિચારથી અનાકારીકરણ (abstraction) ની પ્રક્રિયા શરૂ થાય છે જે યાજ્ઞવલ્ક્યના ઉપદેશોમાં સ્પષ્ટ દેખાય છે. (બૃહદારણ્યકોપનિષદ્ ૨.૩.૬; ૩.૯.૨૬; ૪.૨.૪; ૪.૪.૨૨; ૪.૫.૧૫ વગેરે) આ વિચારધારાઓ વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ છે. એકમાં શ્રદ્ધા છે, ઈશ્વર પ્રત્યેની આસ્થા છે તો બીજામાં માત્ર ચિન્તન છે. આ બન્ને વિચારસરણીઓનો વિકાસ પણ સાથે જ થયો. અનાકારીકરણનું અન્તિમ સોપાન મહાયાન બૌદ્ધ પરંપરાનો શૂન્યવાદ છે. શંકરાચાર્યને ચોક્કસ લાગ્યું કે પરબ્રહ્મને આપણે વ્યવહારના ધર્મો લાગૂ પાડી શકીએ નહિ. ખરેખર તો આપણે એને વિશે કાંઈ જ કહી ન શકીએ; શિવાય કે એને કેવલ સત્ કહીએ કેવલ સત્ અને શૂન્ય વચ્ચે તાત્ત્વિક ભેદ કેટલો તે કહેવું મુશ્કેલ છે. આ બે વચ્ચેનો ભેદ દર્શાવતો એક પ્રાચીન શ્લોક જણાવે છે- सौगतब्रह्मवादिनोरयं विशेषो यदादिमः । सर्वस्य मिथ्यात्वं ब्रूते द्वितीयस्तदनन्यताम् ॥ શંકરાચાર્ય ઈશ્વરને માને છે, એની ભક્તિ કરતાં સુંદર સ્તોત્રો પણ રચે છે છતાં ઈશ્વર પારમાર્થિક દૃષ્ટિએ મિથ્યા છે. કોઈક ગમે તેટલી ભક્તિ કરે પણ જે અન્તે તો મિથ્યા છે તેની ભક્તિ પણ કેટલી થાય ? ધર્મને માટે માત્ર ચિન્તન નહિ પણ કલ્પના અને ભાવના પણ જરૂરી છે. એટલે જ અનુશંકર આચાર્યોએ શંકરાચાર્યને પ્રધાનમલ્લ માનીને કડક અને કેટલીક વખત ન છાજે એવા શબ્દોમાં ટીકા કરી. રામાનુજાચાર્યને મતે બ્રહ્મ સકલકલ્યાણગુણગણાત્મક અને સર્વહેયગુણવર્જિત છે; અર્થાત્ એમાં બધા જ સદ્ગુણો છે, દોષ એક પણ નથી. આ મત પણ સ્વીકાર્ય થઈ ન શકે કારણ કે બ્રહ્મ જગત્થી પર એવું તત્ત્વ છે, અને એના ધર્મોનો વિચાર કરીએ ત્યારે આ સદ્ગુણ કે આ દુર્ગુણ અથવા દોષ એવો ભેદ કેવી રીતે પડે ? આથી જ શુદ્ધાદ્વૈત વિરુદ્ધધર્માશ્રયત્વમાં માને છે; બ્રહ્મ ભલે વિરુદ્ધ ધર્મોનું પોટલું હોય પણ બધા ધર્મો અલૌકિક હોવાથી અહીં વિરુદ્ધ શબ્દ પણ એનું મહત્ત્વ ગુમાવી દે છે. જરા ઊંડો વિચાર કરીએ તો કેવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈત વચ્ચેનો તફાવત જેટલો સપાટી પર દેખાય છે તેટલો વાસ્તવમાં નથી. શંકરાચાર્ય બ્રહ્મને નિર્વિશેષ કહે છે ત્યારે એનો અર્થ તો એટલો જ છે કે વ્યવહારના ધર્મો બ્રહ્મમાં હોઈ શકતા નથી. વલ્લભાચાર્ય એક ડગલું આગળ જઈને કહે છે કે બ્રહ્મના ધર્મો અલૌકિક છે, પ્રાકૃત નથી. વલ્લભાચાર્ય પણ બ્રહ્મને નિર્ગુણ જ કહે છે. પુરુષોત્તમજી અણુભાષ્યપ્રકાશમાં (૪.૩.૧૪) કહે છે કે જે ભગવાનની કૃપાથી પ્રાકૃતગુણરહિત હોય તેને નિર્ગુણબ્રહ્મવિદ્યાવાન્ કહેવાય.

બ્રહ્મ અને ધર્મોનો સંબન્ધ કઈ રીતે સમજવો ? શંકરાચાર્ય કહે છે કે કેવલ-અદ્વૈત સિદ્ધાન્તમાં ધર્મ અને ધર્મી વચ્ચેનું દ્વૈત પણ સ્વીકારી શકાય એમ નથી. આમ બ્રહ્મ આત્યન્તિક રીતે નિર્ધર્મક છે. રામાનુજાચાર્ય બ્રહ્મને ચિત્-અચિત્-વિશિષ્ટ

માને છે. જેમ આત્મા શરીરવિશિષ્ટ હોવા છતાં એક જ છે તેમ બ્રહ્મ પણ વિશિષ્ટ હોવા છતાં એક જ છે. ડૉ. રાધાકૃષ્ણન્ એની ટીકા કરતાં કહે છે : ''An eternal relation between them, whether essential or accidental will be an inexplicable mystery'' (Indian Philosophy Vol. II પૃ. ૭૧૩-૪) શુદ્ધાદ્વૈતના અનુસારકો સાધારણ રીતે રામાનુજમતની ટીકા કરતા નથી, પણ આ મુદ્દા પર પુરુષોત્તમજી સ્પષ્ટ કહે છે કે આત્મા શબ્દ કેવલ આત્માનો જ વાચક હોવાથી બીજાં વિશેષણોનો સંગ્રહ કરવા સમર્થ નથી. (અણુભાષ્યપ્રકાશ ૧.૧.૩) આચાર્યશ્રી બ્રહ્મના અલૌકિક ધર્મો માનીને આ પ્રશ્નનું સમાધાન કરે છે. બ્રહ્મમાં સ્વગતભેદ હોઈ ન શકે કારણ કે શ્રુતિમાં એને એક અને અદ્વિતીય કહ્યું છે. ધર્મ અને ધર્મી વચ્ચે અવિનાભાવસંબન્ધ છે. બ્રહ્મના ધર્મો આગન્તુક નથી પણ એનું સ્વરૂપ છે. આથી જ બ્રહ્મ જ્ઞાન અને જ્ઞાતા છે. જેમ સૂર્યપ્રકાશ એ સૂર્યનો ધર્મ પણ છે અને સ્વરૂપ પણ છે તેમ આ સમજવાનું છે. આને માટે તાદાત્મ્ય શબ્દ વાપરેલો છે.

બ્રહ્મને શરીર છેકે નહિ એ મુદ્દાની ચર્ચા કરતાં શુદ્ધાદ્વૈતના લેખકો કહે છે કે બ્રહ્મ સર્વભવનસમર્થ છે. એને એવી કોઈ મર્યાદા નથી કે શરીરની જરૂર પડે. આમ મૂલરૂપમાં બ્રહ્મને શરીર નથી.

૧૩. બ્રહ્મ-સ્વરૂપકોટિ :

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત વ્યવસ્થિત રીતે સમજવા માટે બ્રહ્મનાં ત્રણ રૂપોનો વિચાર કરવો જોઈએ. એને સ્વરૂપકોટિ, કારણકોટિ અને કાર્યકોટિ કહેવાય છે. (તત્ત્વદીપનિબન્ધ ૨.૮૫) સ્વરૂપ કોટિના ત્રણ પ્રકારો છે : ક્રિયાત્મક, જ્ઞાનાત્મક અને ઉભયાત્મક. એમાં અક્ષર, કાલ, કર્મ અને સ્વભાવ એ ચારનો સમાવેશ થાય છે. આ ચાર ઉપરાંત અન્તર્યામી પણ સ્વરૂપકોટિમાં ગણી શકાય, પણ એને કારણકોટિમાં ગણવામાં આવે છે. બ્રહ્મનું ક્રિયાત્મક સ્વરૂપ શ્રુતિના પૂર્વકાંડમાં, તો જ્ઞાનાત્મક સ્વરૂપ ઉત્તરકાંડમાં છે. ગીતા અને ભાગવતમાં ઉભયાત્મક સ્વરૂપ વર્ણવેલું છે. આમ અક્ષરનો ઉપદેશ ઉત્તરકાંડમાં તો કર્મનો પૂર્વકાંડમાં છે.

ભગવાનને જ્યારે બહુ થવાની ઇચ્છા થાય ત્યારે સત્‌નો ઉદ્રેક થતાં આનન્દ અંશનો કાંઈક તિરોભાવ થાય છે. આમ આનન્દ ગણિત અર્થાત્ સીમિત બને છે; ભગવાન અક્ષરનું રૂપ ધારણ કરે છે. અક્ષર પ્રકૃતિ અને પુરુષ ઉભયાત્મક છે. પુરુષાવતાર તેમાંથી એટલે એ પોતે જ થાય છે. વળી પ્રથમ જે ઇચ્છા થઈ તે ઘન થતાં પ્રકૃતિ થાય છે.આમ અક્ષર પુરુષ અને પ્રકૃતિથી ઉચ્ચ છે. અક્ષરમાં વિવિધ પ્રકારનાં અસંખ્ય બીજો છે, તેથી જ ભાગવત (૩.૧૧.૪૧)માં એને બધાં કારણોનું કારણ કહ્યું છે. એ ભગવાનને ચરણસ્થાને છે, પુચ્છ છે, પ્રતિષ્ઠા છે. અક્ષર પુરુષોત્તમનો આધાર છે, અર્થાત્ એ વ્યાપિવૈકુંઠ છે; પરમ ધામ, પરમ વ્યોમ છે; તો ભગવાન આધેય છે. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે મહત્ત્વનો તફાવત એ છે કે ભગવાન માત્ર લીલા કરે છે, એમાં મગ્ન થતા નથી તો અક્ષર એ લીલામાં મગ્ન થાય છે. અક્ષરમાં આનન્દનો અંશ ઓછો છે, સીમિત છે તેથી એને મુખ્ય જીવ પણ

કહેવાય છે. પુરુષોત્તમ તેનાથી પર અને તેના નિયામક છે. પુરુષ અવતાર છે તો અક્ષર અવતારી છે. ખરેખર તો અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી; માત્ર અવસ્થાભેદ છે. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે આધારાધેયભાવ હોવા છતાં વિરુદ્ધધર્માશ્રયત્વને લીધે એ બેને એક માનવામાં કોઈ બાધ નથી.

બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો છે : આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક. આધિદૈવિક સ્વરૂપ તે ભગવાન સ્વયં માત્ર અનુગ્રહને બળે જ ભક્તિથી પ્રાપ્ત થઈ શકે છે. આધિભૌતિક સ્વરૂપ તે જગત્. આધ્યાત્મિક સ્વરૂપ તે અક્ષર, જે જ્ઞાનીથી પ્રાપ્ત થાય છે. ભક્તિ વિનાનો જ્ઞાનમાર્ગી હોય તેનો અક્ષરમાં લય થાય છે. આમ અક્ષર જ્ઞાનમાર્ગીયનું ફલ છે; પણ એથી આગળ પણ પ્રગતિ થઈ શકે છે. અજ્ઞાન દૂર થતાં જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે ભગવદિચ્છાથી આનન્દાંશ અભિવ્યક્ત થતાં ભક્ત ભગવાનને પ્રાપ્ત કરે છે. જ્ઞાનનું મહત્ત્વ દર્શાવતાં વેદવાક્યોનો સંબન્ધ અક્ષર સાથે જ છે. આપણે એમ પણ કહી શકીએ કે જ્ઞાનમાર્ગીયના મોક્ષ માટે જ ભગવાન અક્ષરરૂપ ધારણ કરે છે. સમુદ્રમાં જેમ નદીઓ નામરૂપનો ત્યાગ કરીને મળી જાય છે તેમ જ્ઞાનીઓ અક્ષરમાં લય પામે છે. તેથી અક્ષર નિર્વિકાર અને કૂટસ્થ છે.

ઉપનિષદો, ગીતા તથા કેટલાક પુરાણોમાં અક્ષર શબ્દ વારંવાર વપરાયો છે. ડૉ. પ્રતાપરાય મોદીએ Aksara : A Forgotten Chapter in the History of Indian Philosophy નામે પુસ્તકમાં અક્ષર શબ્દના વિવિધ ઉલ્લેખોને આધારે એની વિશદ ચર્ચા કરી છે. ગૌડપાદ કે શંકરાચાર્યના ગ્રન્થોમાં પરબ્રહ્મ સિવાયનાં બીજાં તત્ત્વ તરીકે અક્ષરનું કોઈ સ્થાન નથી. રામાનુજાદિ આચાર્યોએ પણ અક્ષરને સ્થાન આપ્યું નથી. વલ્લભાચાર્યે અક્ષરને પુરુષોત્તમનું નિમ્ન સ્વરૂપ ગણીને એની પુનઃપ્રતિષ્ઠા કરી છે. અક્ષર શબ્દ આમ તો કૂટસ્થ,અવિકારી એવો અર્થ આપે છે, પણ ઉપનિષદો અને ગીતામાં એ શબ્દ ચોક્કસ કયા અર્થનો બોધ કરાવે છે તે ચર્ચાનો વિષય છે, જેનો અહીં અવકાશ નથી. અક્ષર વિશેની શુદ્ધાદ્વૈતની માન્યતામાં બે મુદ્દાઓ ખાસ ધ્યાન ખેંચે એવા છે. એમાં વિવિધ પ્રકારની સૃષ્ટિનું બીજ છે કે એ મુખ્ય જીવ છે એમ કહેવાથી એ હિરણ્યગર્ભના ખ્યાલની ઘણું નજીક આવે છે. બીજું અક્ષર જ્ઞાનમાર્ગીયનું ફળ છે એમ કહીને શુદ્ધાદ્વૈતમાં ભક્તિની સર્વોપરિતા સિદ્ધ કરેલી છે. કેવલાદ્વૈતમાં જેમ વ્યવહાર અવસ્થાના ઈશ્વર અને પરમાર્થદશાના બ્રહ્મ વચ્ચે ભેદ છે તેવું જ કાંઈક તેનાથી વિપરીત સ્વરૂપે અહીં દેખાય છે. પ્રાચીન ગ્રન્થોમાં અક્ષર શબ્દનો ગમે તે અર્થ થતો હોય પણ વલ્લભાચાર્યે એને વિશિષ્ટ સ્થાન આપ્યું છે.

કાલ, કર્મ, અને સ્વભાવ એ ત્રણ પણ અક્ષરનાં જ ભિન્ન ભિન્ન રૂપો છે. માત્ર સંદશનો કાંઈક આવિર્ભાવ થાય ત્યારે કાલની અભિવ્યક્તિ થાય છે. કાલ ક્રિયાશક્તિરૂપ છે; ક્રિયાશક્તિ સદંશની હોવાથી તેમાં ચિત્, આનન્દનો તિરોભાવ હોય છે. કાલ નિત્ય ગતિશીલ હોવાથી સર્વનો આશ્રય અને સર્વનો ઉદ્‌ભવહેતુ છે. સર્વનો આશ્રય હોવાથી અતીત-અનાગતરૂપ વ્યવહારનો હેતુ છે, તો સકલોદ્‌ભવહેતુ હોવાથી એ ધીમું, ઝડપી જેવા વ્યવહારનો હેતુ છે. એનું પ્રથમ કાર્ય ગુણક્ષોભનું છે.

સૂર્યાદિ તેજોમય પદાર્થો એનું આધિભૌતિક સ્વરૂપ, યુગાદિ એનું આધ્યાત્મિક સ્વરૂપ તો પરબ્રહ્મ એનું આધિદૈવિક સ્વરૂપ છે. પ્રસ્થાનરત્નાકરમાં કાલપમરમાણુની પણ વાત કરી છે. સૂર્યના ચક્રને દિક્‌પરમાણુ પસાર કરતાં જેટલો સમય લાગે તેને કાલપરમાણુ કહે છે. (પૃ. ૧૬૬)

કાલની વિભાવના અંગે પ્રાચીન ગ્રન્થોમાં ચર્ચા પ્રાપ્ત થાય છે. કાલ માનવજીવનની એક મોટી મર્યાદા છે, જેના પર કોઈ વિજય મેળવી શક્યું નથી. ભગવદ્ ગીતામાં (૧૧.૩૨) કહ્યું છે- कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धः । ગૌડપાદકારિકામાં આપેલા વિવિધ વાદોમાં काल इति कालविदः (૧-૨૪) એવો પદ્યાંશ છે. ભાગવતનું ईश्वरेण परिच्छिन्नं कालेनाव्यक्तमूर्तिना એવું વાક્ય સર્વનિર્ણય આવરણભંગમાં ટાંક્યું છે.

કાલની માફક કર્મ પણ અક્ષરનું જ એક રૂપ છે. એમાં પણ સત્‌ની અભિવ્યક્તિ અને ચિત્-આનંદનો તિરોભાવ છે. વિધિનિષેધ પ્રકારની, વિવિધ પ્રકારની લૌકિક ક્રિયાઓથી વ્યક્ત થતી ક્રિયા તે કર્મ, કાલ અને કર્મ વચ્ચેનો ભેદ એ છે કે કાલ સ્વતઃ પ્રકટ થાય છે તો કર્મ પ્રાણીઓની ક્રિયા દ્વારા અભિવ્યક્ત થાય છે. વળી કાલ નિત્ય છે તો કર્મ માત્ર ફલોપભોગ સુધી જ વ્યક્ત હોય છે. કર્મ વિવિધ રીતે અભિવ્યક્ત થતું હોવાથી એક સાથે એ જુદાં જુદાં પ્રાણીઓને સુખ કે દુઃખ આપી શકે છે.

પૂર્વમીમાંસામાં કર્મની વિસ્તૃત ચર્ચા છે. એમાં અપૂર્વ, અદષ્ટ જેવાં સ્વતંત્ર તત્ત્વો માન્યાં છે. આચાર્યશ્રી કાલ તથા કર્મને અક્ષરનાં જ રૂપો ગણે છે.

સ્વભાવ પરિણામનો હેતુ છે અને પરિણામથી અનુમેય છે. જ્યારે કોઈક કારણ કોઈક કાર્યરૂપે પરિણમે ત્યારે ભગવાનની ઇચ્છા જ હેતુ છે, સ્વભાવ ભગવદિચ્છારૂપે અભિવ્યક્ત થાય છે. એમાં સત્-ચિત્-આનન્દનો તિરોભાવ છે. લોકવ્યવહારની દૃષ્ટિએ કાલને ચેતન કે અચેતન કોઈ સાથે સંબન્ધ નથી કર્મને માત્ર ચેતન સાથે તો સ્વભાવને બન્ને સાથે સંબન્ધ છે. સ્વભાવ બધી જ વસ્તુઓમાં આશ્રિત છે.

કાલ અને કર્મની માફક સ્વભાવ પણ પ્રાચીન ગ્રન્થોમાં પ્રાપ્ત થાય છે. ગીતા (૮.૬)માં અક્ષરની સાથે સ્વભાવનો ઉલ્લેખ છે. મહાભારત શાન્તિપર્વ (૩૧૩) અને અશ્વમેધપર્વ (૯૧)માં સ્વભાવનો ઉલ્લેખ છે. ગોડપાદકારિકા (૧.૯)માં પણ સૃષ્ટિ દેવનો સ્વભાવ છે એમ કહ્યું છે. આ પરથી લાગે છે કે સ્વભાવને સ્વતંત્ર તત્ત્વ માનનાર વાદ પ્રાચીન સમયમાં હતો. આચાર્યશ્રીએ અક્ષરના રૂપ તરીકે એને પોતાના મતમાં સમાવી લીધો છે.

શુદ્ધાદ્વૈતમાં અન્તર્યામીનું સ્વરૂપ જે રીતે સમજાવ્યું છે તેનો પણ વિચાર કરી લેવો ઉચિત છે. ભગવાન જીવની સાથે હંસ રૂપે મનુષ્યના હૃદયમાં પ્રવેશે છે આ સ્વરૂપને અન્તર્યામી કહેવાય છે. જેમ જીવો અનેક છે તેમ અન્તર્યામી પણ અનેક માનવા પડે, પણ જેમ તત્ત્વતઃ જીવોમાં ભેદ નથી તેમ અન્તર્યામીમાં પણ નથી. અન્તર્યામી, અક્ષર અને કૃષ્ણનો સંબંધ સારથિ, રથી અને રથીના અન્તર્યામી જેવો છે. જેમ સારથિ ઘોડાઓને તેમ અન્તર્યામી જીવને; જેમ રથી સારથિને તેમ અક્ષર

અન્તર્યામીને; અને જેમ રથીનો અન્તર્યામી રથીને તેમ કૃષ્ણ અક્ષરને નિયમનમાં રાખે છે. અન્તર્યામીને સ્વરૂપકોટિમાં ગણી શકાય પણ જીવની સાથે કાર્યમાં પ્રવેશ કરવાને લીધે એનો કારણકોટિમાં સમાવેશ કરેલો છે.

અન્તર્યામીનો સિદ્ધાન્ત વેદાન્તમાં નવો નથી. રામાનુજાચાર્ય એને ઈશ્વરનું સ્વરૂપ ગણે છે. એ જીવની સાથે હૃદયમાં વસે છે અને જીવની સાથે જ સ્વર્ગમાં કે અન્યત્ર જાય છે. (ભાંડારકર : વૈષ્ણવમત, શૈવમત વગેરે પૃ. ૭૫) સામાન્ય માણસો એને જોઈ શકતા નથી. માત્ર યોગીઓ જ એનું દર્શન કરે છે. આમ અન્તર્યામી જીવ અને પરમાત્માને જોડતી કડી હોય એવું લાગે છે.

૧૪. બ્રહ્મ-કારણકોટિ :

બ્રહ્મની કારણકોટિની ચર્ચામાં ૨૮ તત્ત્વો વિચારેલાં છે : (૧-૩) સત્ત્વ, રજસ્, તમસ્ (૪) પુરુષ, (૫) પ્રકૃતિ, (૬) મહત્, (૭) અહંકાર, (૮-૧૨) પાંચ તન્માત્રો, (૧૩-૧૭) પાંચ ભૂતો (૧૮-૨૨) પાંચ કર્મોન્દ્રિયો, (૨૩-૨૭) પાંચ જ્ઞાનેન્દ્રિયો, અને (૨૮) મનસ્.

અહીં સાંખ્યની માફક તત્ત્વો સમજવાનાં નથી પણ બ્રહ્મ આ તત્ત્વો રૂપે અભિવ્યક્ત થાય છે એમ ગણવું. અર્થાત્ બ્રહ્મની કારણતા અઠ્ઠાવીસ પ્રકારે પ્રગટ થાય છે. અહીં તત્ત્વ શબ્દનો અર્થ તત્ એટલે ભગવત્ અને તેનો ભાવ તે તત્ત્વ અર્થાત્ ભગવત્ત્વ.

સત્ત્વ સુખાત્મક અને પ્રકાશક છે, તથા માણસોમાં સુખ અને જ્ઞાનની આસક્તિ ઉત્પન્ન કરે છે. રજસ્ રાગાત્મક છે, તૃષ્ણા ઉત્પન્ન કરે છે અને કર્મની આસક્તિ જન્માવે છે. તમસ્ આવરક છે, મોહ ઉત્પન્ન કરે છે અને પ્રમાદ, આળસ, નિદ્રા આદિ પ્રત્યેનું વલણ પેદા કરે છે.

સાંખ્યદર્શનમાં આ ત્રણને પ્રકૃતિના ગુણો ગણેલા છે. એ પરાર્થ છે, ચલ સ્વભાવવાળા છે; અને અન્યોન્યને ઉત્પન્ન કરે છે, અન્યોન્યનો અભિભવ કરે છે, અન્યોન્ય સાથે સંબન્ધ રાખે છે. શુદ્ધાદ્વૈતમાં બધું ભગવદિચ્છાને આધીન છે. ગુણો તો અભિવ્યક્તિનું એક સોપાન માત્ર છે. વળી શુદ્ધાદ્વૈતમાં રજસ્ દુઃખાત્મક નહિ પણ રાગાત્મક છે. બ્રહ્મ સ્વયં નિર્ગુણ છે પણ ગુણોને ઉત્પન્ન કરે છે.

ગુણોનું સ્વરૂપ સાંખ્યમાં પણ સમજવું મુશ્કેલ છે. સાંખ્યદર્શન ગુણપરિણામને આધારે જ આખી સૃષ્ટિ સમજાવે છે; એ માટે એને ઈશ્વરનો સ્વીકાર કરવાની કોઈ જરૂર લાગી નથી. અહીં ગુણ શબ્દ ચોક્કસ કયા અર્થમાં સમજવાનો છે એ પ્રશ્ન મહત્ત્વનો છે. વિજ્ઞાનાભિક્ષુ એને દ્રવ્ય ગણે છે. ગીતામાં ભગવાનની માયાને ગુણમયી કહી છે. ભાગવતમાં પણ ગુણોને માયા સાથે જોડેલા છે. વલ્લભાચાર્ય આ ત્રણનો તત્ત્વોમાં સમાવેશ કરે છે.

પુરુષ તે જ આત્મા. આત્મા શબ્દ અત્ (વ્યાપવું) ધાતુ પરથી આવેલો છે. જે દેહ ઇન્દ્રિયો આદિ સર્વને પરાર્થે વ્યાપે તે આત્મા. પ્રસ્થાનરત્નાકર (પૃ.

૧૭૩)માં એનાં ત્રણ લક્ષણો કહ્યાં છે : (૧) અનાદિ અને નિર્ગુણ હોવા ઉપરાંત એ પ્રકૃતિને નિયમનમાં રાખે છે અને અહંપ્રત્યયથી વેદ્ય છે. (૨) એ સ્વયંપ્રકાશ છે. (૩) વિશ્વગત ગુણદોષનો એમાં અભાવ હોવા છતાં એનો એની સાથે સંસર્ગ હોય છે. સુષુપ્તિ અવસ્થામાં થતી આનન્દ કે દુઃખાભાવની પ્રતીતિ એની સ્વયંપ્રકાશના સિદ્ધ કરે છે. એ કેવલ છે, પણ સૃષ્ટિને અનુકૂલએવી ભગવદિચ્છાને કારણે પ્રકૃતિથી એનો અવિવેક થતાં એનામાં કર્તૃત્વાદિ ધર્મો આવે છે. લાલ રંગના કાચમાં જોઈએ તો સૂર્ય લાલ દેખાય તેમ અવિવેકને લીધે એમાં ધર્મો પ્રાપ્ત થતા દેખાય છે. આમ એનું બન્ધન સ્વાભાવિક ન હોવાથી એનામાં મુક્તિયોગ્યતા છે. જો બન્ધન સ્વાભાવિક હોય તો દૂર કરી ન શકાય અને તે પછી મોક્ષનો ઉપદેશ આપતાં શાસ્ત્રો વ્યર્થ થઈ જાય. વળી પુરુષ એક જ છે, અનેક નથી. પુરુષ અને ઈશ્વર બન્ને ચિદાત્મક હોવાથી એમની વચ્ચે તાત્ત્વિક ભેદ નથી. એમ તો જીવ પણ ચિદાત્મક હોવાથી તત્ત્વતઃ પુરુષથી જુદો નથી, પણ જીવો અનેક છે અને એને પુરુષના અંશો તરીકે ગણેલા છે. સુષુપ્તિદશાના સાક્ષી તરીકે જેમ જીવાત્મા સિદ્ધ થાય છે તેમ મૂલપુરુષ પણ સિદ્ધ થાય છે. પુરુષ અને જીવનો અવસ્થાભેદ પ્રકૃતિના ભેદ પર આધાર રાખે છે. પ્રકૃતિ બે છે, વ્યામોહિકા અને મૂલપ્રકૃતિ જ્યારે ભગવદિચ્છાથી પ્રથમ પ્રકારનું અભિમાન થાય ત્યારે મોહક ગુણોને લીધે જીવની અવસ્થા પ્રાપ્ત થાય છે; તો મૂલપ્રકૃતિના સંબન્ધમાં પુરુષ સ્વરૂપસ્થિત હોય છે.

સાંખ્યદર્શનમાં પુરુષો અનેક છે; વળી તટસ્થ અને ઉદાસીન છે. ત્યાં પુરુષ અને જીવ જુદા નથી. સાંખ્યાનુસાર બુદ્ધિ અને પુરુષ એકબીજામાં પ્રતિબિમ્બિત થતાં પુરુષ ઉદાસીન હોવા છતાં કર્તા જેવો લાગે છે. શુદ્ધાદ્વૈતનો મત આનાથી ભિન્ન છે તે સ્પષ્ટ જણાય છે. આચાર્યશ્રી ભાગવતપુરાણના ત્રીજા સ્કન્ધને આધારે આને પોતાની યોજનામાં ગોઠવે છે એમ લાગે છે.

પ્રકૃતિને માટે પ્રધાન શબ્દ પણ વપરાય છે. ભગવાને જગત્‌ના ઉપાદાનરૂપે નિર્મેલું મુખ્ય ભગવદ્રૂપ તે પ્રકૃતિ. ભગવાનના છ ગુણોની માફક પ્રકૃતિનાં પણ છ લક્ષણો છે : ત્રિગુણ, અવ્યક્ત, નિત્ય, સદાત્મક, અવિશેષ અને વિશેષવત્. જેમ ભગવાન સચ્ચિદાનન્દરૂપ છે તથા ક્રિયા જ્ઞાન અને આનન્દ એના ધર્મો છે તેમ પ્રધાનના ત્રણ ગુણો હોવાથી એ ત્રિગુણાત્મક છે. જ્યારે ભગવાનને સૃષ્ટિની ઇચ્છા થાય ત્યારે સત્, ચિત્, આનન્દ એ અંશો જઘન્યભાવ પ્રાપ્ત કરીને ભગવાને ઉત્પન્ન કરેલી શક્તિમાં પ્રતિષ્ઠિત થાય છે; તે આ ત્રણ ગુણો છે. પ્રકૃતિ કાલાદિથી અભિવ્યક્ત ન થતી હોવાથી અવ્યક્ત છે. જો એ અભિવ્યક્ત થાય તો અનિત્યતા આવે, તેથી જ એ નિત્ય છે, સદા એકરૂપ છે. એ સદસદાત્મક છે એટલે કે કાર્યકારણાત્મક છે. એ અવિશેષ છે કારણ કે સંસારી જીવો એનો વિવેક કરવામાં અસમર્થ છે, છતાં એ વિશેષવત્ છે, તેથી જ એ બધા વિશેષોનું દર્શન કરાવે છે. અન્ય દર્શનોમાં પુરુષ અને પ્રકૃતિનો સંબન્ધ સ્વસ્વામિભાવનો છે; તો શુદ્ધાદ્વૈતમાં સંયોગ પણ વધારાનો સમજવાનો છે, કારણ કે વીર્યાધાનનો સંબન્ધ પણ સ્વીકારેલો

છે. પુરુષ અને પ્રકૃતિ બન્નેને સાકાર ગણવામાં પણ વાંધો નથી કારણ કે એમ તો વિરુદ્ધધર્માશ્રયત્વ જોતાં ભગવાન પણ સાકાર હોઈ શકે.

ગુણક્ષોભ થતાં મહત્ ઉત્પન્ન થાય છે. મહત્ અને સૂત્ર જુદાં નથી, કારણ કે મહત્‌ને જ્ઞાનશક્તિ સાથે તો સૂત્રને ક્રિયાશક્તિ સાથે સંબન્ધ છે. આમ એક જ તત્ત્વ જ્ઞાન શક્તિની દૃષ્ટિએ મહત્ તો ક્રિયાશક્તિની દૃષ્ટિએ સૂત્ર છે. મહત્‌ને ત્રણ રીતે સમજાવી શકાય; આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. એમાં પ્રથમ એના સ્વરૂપ સાથે સંબન્ધ રાખે છે; જે રૂપે એનું ધ્યાન ધરવામાં આવે તે દેવોમાં પ્રસિદ્ધ સ્વરૂપ તે બીજું અને ત્રીજું લોકોને સમજાવવા માટે છે. પ્રથમના ફરી પાછા સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારો છે. કૂટસ્થ હોવા ઉપરાંત પોતાના આધારરૂપ વિશ્વને અભિવ્યક્ત કરવા સમર્થ તે સાત્ત્વિક, જગતનું અંકુરરૂપ તે રાજસ; અને અતિબળવાન એવા તમસ્‌નો નાશ કરવા સમર્થ તે તામસ. આધિદૈવિક દૃષ્ટિકોણથી એ શુદ્ધ સત્ત્વસ્વરૂપ છે અને વાસુદેવની અભિવ્યક્તિનું સ્થાન છે. એની ઉપાસના આ રૂપે થઈ શકે છે. આધિભૌતિક દૃષ્ટિએ એ ચિત્ત છે અને વિષયરહિત તથા વિકારરહિત જ્ઞાન એની વૃત્તિ છે. બુદ્ધિ વિષયયુક્ત હોવાથી ચિત્તથી જુદી છે.

સાંખ્ય દર્શનમાં ઈશ્વરકૃષ્ણને મતે મહત્ અને બુદ્ધિ એક જ છે તથા અધ્યવસાય એનું લક્ષણ છે. સાંખ્યકારિકામાં ચિત્ત જેવા કોઈ જુદા તત્ત્વનો ઉલ્લેખ નથી. વિન્ધ્યવાસી જેવા કેટલાક આચાર્યો અધ્યવસાયને પણ મનના કાર્યક્ષેત્રમાં ગણે છે અને મહત્ તે જ બુદ્ધિ એવું સમીકરણ આપતા નથી.

મહત્‌નું પરિણામ તે અહંકાર. આધ્યાત્મિક દૃષ્ટિએ એમાં સત્ત્વ, રજસ્, તમસ્ હોવાથી એ મન, ઇન્દ્રિયો અને તન્માત્રો રૂપે પરિણમે છે. આધિદૈવિક દૃષ્ટિએ એ સંકર્ષણનું સ્થાન છે. આધિભૌતિક દૃષ્ટિએ સત્ત્વ, રજસ્, તમસ્ અનુસાર એ કર્તા, કરણ અને કાર્ય છે. જેનામાં અહંકાર છે, તે શાન્તઘોરવિમૂઢાત્મા છે માટે અહંકારવિહીન ભક્ત શાન્તઘોરવિમૂઢત્વથી દૂર જ હોય છે.

પ્રશિષ્ટ સાંખ્ય અનુસાર અહંકાર ત્રિવિધ છે. સાત્ત્વિક, રાજસ અને તામસ. સાત્ત્વિક અહંકારમાંથી મનસ્, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો પરિણમે છે તો તામસ અહંકારનું પરિણામ તન્માત્રો છે. રાજસ અહંકાર આ બન્નેને સહાયક છે. વળી વાર્ષગણ્ય જેવા વિચારકોને મતે જેમ તન્માત્રો અવિશેષ છે તેમ અહંકાર પણ અસ્મિતા-અવિશેષ છે અને મહત્‌માંથી આ છ અવિશેષો પરિણમે છે. અહંકારમાંથી માત્ર મન અને ઇન્દ્રિયો જ પરિણમે છે. આમ સાંખ્ય અને શુદ્ધાદ્વૈતના મતો જુદા છે.

પ્રાણ અને બુદ્ધિ અહંકારનાં જ રૂપો છે; એને જુદાં તત્ત્વો માનવાની જરૂર નથી. ઓજસ્, સહસ્ અને બલ પ્રાણના ધર્મો છે. ઓજસ્, ઇન્દ્રિયોને, તો સહસ્ મનને શક્તિ આપે છે. બલ શારીરિક શક્તિ છે. પ્રાણ અણુ છે અને પંચવિધ થવાની ક્ષમતા ધરાવે છે. આમ એ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એમ પાંચ પ્રકારે આખા શરીરને વ્યાપે છે.

તન્માત્રાં મહાભૂતોની સૂક્ષ્મ અવસ્થાઓ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ એ પાંચ તન્માત્રાં છે. આકાશ, વાયુ, તેજસ્, જલ, પૃથ્વી એ પાંચ મહાભૂતો છે. તન્માત્રાં અને મહાભૂતોના વર્ણનમાં શુદ્ધાદ્વૈતમાં કોઈ વિશેષ નિરૂપણ નથી.

ઇન્દ્રિયો રાજસ અહંકારનું પરિણામ છે અને ક્રિયા તથા જ્ઞાનનાં કરણો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયો ગણાવેલી છે. પ્રસ્થાનરત્નાકરમાં (પૃ. ૨૧૪) કહ્યું છે કે દેહ સાથે જોડાયેલી હોવા ઉપરાંત ઇન્દ્રિયો સ્વફલ દ્વારા આત્મજ્ઞાપક છે.

મનમાં જ્ઞાન અને ક્રિયા બન્ને શક્તિઓ છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એ સંકલ્પવિકલ્પાત્મક છે. આધિદૈવિક દૃષ્ટિએ એ અનિરુદ્ધનું સ્થાન છે. આધિભૌતિક દૃષ્ટિએ મન યોગીઓના ધ્યાનનો વિષય છે. મનને ઇન્દ્રિય ગણી શકાય, પણ એમાં ઇન્દ્રિયોથી કાંઈક વિશેષ હોવાથી એ ઇન્દ્રિય નથી એમ પણ કહી શકાય.

આમ આપણે બ્રહ્મની સ્વરૂપકોટિ અને કારણકોટિનો વિચાર કર્યો. આ પરથી એમ લાગે છે કે શ્રુતિ, મહાભારત, ગીતા, ભાગવત વગેરે ગ્રન્થોમાં જે બધાં તત્ત્વોની જુદે જુદે સ્થળે ચર્ચા આવે છે તે બધાંનો સમાવેશ કરીને પોતાની વ્યવસ્થામાં ગોઠવવાનો આચાર્યશ્રીએ પ્રયત્ન કર્યો છે. એમાં અક્ષર, કાલ, કર્મ, સ્વભાવને સ્વરૂપકોટિમાં તો સાંખ્યપ્રસિદ્ધ તત્ત્વો (વત્તા ગુણોને) કારણકોટિમાં સમાવ્યા છે. અન્તર્યામીને કારણકોટિમાં ગણવા છતાં એની ચર્ચા સ્વરૂપકોટિમાં કરી છે, અને કારણકોટિની ચર્ચામાં તો એનો ઉલ્લેખ પણ નથી. વળી કેટલાંક તત્ત્વોનાં આધિદૈવિક દૃષ્ટિબિંદુઓ કહ્યાં છે. પાંચરાત્ર વૈષ્ણવમતનાં ચતુર્વ્યૂહ સિદ્ધાન્ત અનુસાર વાસુદેવ તે ભગવાન, સંકર્ષણ તે જીવ, પ્રદ્યુમ્ન તે મન અને અનિરુદ્ધ તે અહંકાર છે. શુદ્ધાદ્વૈતમાં મહત્ વાસુદેવનું સ્થાન છે, અહંકાર સંકર્ષણનું અને મન અનિરુદ્ધનું સ્થાન છે. અહીં પ્રદ્યુમ્નનો ઉલ્લેખ નથી. અહીં એ પણ નોંધવું જોઈએ કે આચાર્યશ્રીને મતે બ્રહ્મસૂત્ર ૨.૨.૪૨-૪૫માં ચતુર્વ્યૂહ સિદ્ધાન્તનું ખંડન કરેલું છે.

૧૫. બ્રહ્મ-કાર્યકોટિ (જીવ) :

બ્રહ્મની કાર્યકોટિ અનન્ત છે; છતાં સમષ્ટિ અને વ્યષ્ટિ એમ બે સ્વરૂપો અનુસાર એના બે પ્રકારો છે. સમષ્ટિસ્વરૂપ તે બ્રહ્માણ્ડ અને વ્યષ્ટિસ્વરૂપ તે જીવો અને જડ પદાર્થો. અન્તર્યામીને દેહાભિમાન ન હોવાથી એનો સમાવેશ કાર્યકોટિમાં થઈ ન શકે.

જીવનો સમાવેશ કાર્યકોટિમાં થાય છે. વળી એને દેહાભિમાન છે છતાં એ નિત્ય છે એટલે એની ઉત્પત્તિ થતી નથી. જે ઉત્પન્ન થાય તેનો વિનાશ થાય એટલે જીવની ઉત્પત્તિ માનીએ તો એની નિત્યતા સ્વીકારી શકાય નહિ. જીવની નિત્યતા માત્ર શ્રુતિથી નહિ પણ તર્કથી પણ પુરવાર થાય છે એમ દર્શાવતાં પુરુષોત્તમજી તત્ત્વદીપનિબન્ધ (૨.૧૮) પરના આવરણભંગમાં એક દલીલ કરે છે. તરતનું જન્મેલું બાળક સ્તનપાન કરીને પોતાની ભૂખ સંતોષે છે. હવે આ રીતે ક્ષુધા સંતોષી શકાય એ વાત બાળક પૂર્વજન્મના સંસ્કારથી જ જાણી શકે. એ જ દર્શાવે છે કે ગયા જન્મના કોઈક શરીરમાંથી જીવ આ બાળકમાં આવેલો છે. આમ દેહ અનિત્ય હોવા છતાં જીવ નિત્ય છે.

જેમ અગ્નિમાંથી તણખા ઝરે તેમ બ્રહ્મમાંથી જીવ થાય છે. આ વ્યુચ્ચરણ છે, ઉત્પત્તિ નથી. વ્યુચ્ચરણ અને ઉત્પત્તિ વચ્ચેનો મહત્ત્વનો ભેદ એ છે કે ઉત્પત્તિમાં નામરૂપનો સંબન્ધ છે, તો વ્યુચ્ચરણમાં એવો સંબન્ધ નથી. દેવદત્ત કે યજ્ઞદત્ત જીવતા દેહનાં નામો છે અને દેહને આકાર પણ હોય છે. જીવને નામ કે આકાર નથી. આચાર્યશ્રી કહે છે : **अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागमः । नित्यापरिच्छिन्नतनौ प्राकट्यं चेति सा त्रिधा ॥** (અણુભાષ્ય ૨.૩.૧) અહીં ત્રણ પ્રકારે ઉત્પત્તિ કહી છે. જે અનિત્ય છે તે ઉત્પન્ન થાય છે. જડ પદાર્થો અનિત્ય છે. જીવ નિત્ય અને પરિચ્છિન્ન છે તેમાં સમાગમ થાય છે. અક્ષર નિત્ય અને અપરિચ્છિન્ન છે તેમાં પ્રાકટ્ય સમજવાનું છે. સમાગમ કે પ્રાકટ્યમાં કારણના મૂલરૂપમાં અન્યથાભાવ થતો ન હોવાથી એ બે ઉત્પત્તિથી ભિન્ન છે.

જીવ અને બ્રહ્મનો સંબન્ધ કેવી રીતે સમજવો ? બધાં જ પ્રસ્થાનો જીવ બ્રહ્મનો અંશ છે એમ જણાવે છે. જીવ અને બ્રહ્મના સંબન્ધમાં અંશ શબ્દનો નિશ્ચિત અર્થ સમજવો જરૂરી છે. પુરુષોત્તમજી અણુભાષ્યપ્રકાશ (૨.૩.૫૩)માં અંશ શબ્દના વિવિધ અર્થો આપે છે. અંશ એટલે અવયવ, ખંડ, વિશિષ્ટવસ્તુ-એકદેશ, રાશિ-એકદેશ, પુત્ર અને પત્ની. अर्धो वा एष आत्मनो यत्पत्नीः એ વાક્ય છેલ્લો અર્થ સૂચવે છે. તે જ રીતે શ્રુતિમાં પ્રયુક્ત પાદ શબ્દ પણ અવયવ કે ખંડના અર્થમાં છે. આ બધા અર્થોમાંથી કોઈ પણ અર્થ લઈ શકાય. પણ આપણે બ્રહ્મ અને જીવના સંદર્ભમાં અગ્નિ અને તણખો જેવાં દૃષ્ટાન્તોને અનુરૂપ હોય એવો જ અર્થ લેવો જોઈએ. આમ હોવાથી જ્યાં મૂળ તત્ત્વના સ્વરૂપમાં કોઈ વિકાર આવતો ન હોય એવા અવયવ કે ખંડનો અર્થ સમજવાનો છે. આથી જ જીવને 'આભાસ' કહ્યો છે. જેમ અનાચારી બ્રાહ્મણ ખરેખર તો બ્રાહ્મણાભાસ છે તેમ જીવ પણ બ્રહ્મનો આભાસ છે. (અણુભાષ્ય ૨.૩.૫૦)

જીવ બ્રહ્મના ચિત્ અંશનો આવિર્ભાવ છે. એ રીતે જીવ બ્રહ્મનો અંશ હોવા છતાં બ્રહ્મથી જુદો નથી. તણખો અગ્નિનો અંશ છે પણ તેથી એ અગ્નિ નથી એવું નથી. પણ અંશ અને અંશી વચ્ચેનું અદ્વૈત કેટલે અંશે સ્વીકારી શકાય ? અન્ય આચાર્યો માટે આ પ્રશ્ન એટલો ગંભીર નથી, જેટલો વલ્લભાચાર્ય માટે છે. શંકરાચાર્ય તો સ્પષ્ટ રીતે માને છે કે જીવનું જીવત્વ અજ્ઞાનને લીધે છે અને અન્તે મિથ્યા છે. **अहं ब्रह्मास्मि** એ વાક્ય ત્યારે જ સાચું મનાય જ્યારે અહમ્ મિથ્યા હોય. પણ તો પછી મોક્ષદશામાં જીવત્વનો નાશ થાય એમ માનવું પડે. પોતાનો નાશ થાય એવો પુરુષાર્થ કોણ કરે ? આચાર્યશ્રી કહે છે- न ह्यात्मनाशः पुरुषार्थः । રામાનુજાચાર્યે તો ચિત્, અચિત્થી વિશિષ્ટ બ્રહ્મ સ્વીકાર્યું જ છે એટલે સંપૂર્ણ અદ્વૈત એમને માટે અપેક્ષિત જ નથી. આચાર્યો ભાસ્કર અને નિમ્બાર્ક ભેદ અને અભેદ બન્ને સ્વીકારે છે, તો મધ્વાચાર્ય અભેદને માનતા જ નથી. વલ્લભાચાર્ય એક બાજુએ શુદ્ધ અદ્વૈતમાં માને છે તો બીજી બાજુથી જીવનું સ્વતંત્ર વ્યક્તિત્વ ત્યજી શકે એમ નથી. જો જીવને બ્રહ્મનો અંશ ગણવામાં આવે અને પુષ્ટિમાર્ગ અનુસાર સાયુજ્ય મુક્તિને અથવા ભગવલ્લીલાપ્રવેશને

જ ઉત્કૃષ્ટ માનવામાં આવે તો અદ્વૈતના સિદ્ધાન્તમાં કોઈને કોઈ રીતે સમાધાન સ્વીકારવું પડે. આથી જ પુરુષોત્તમજી તાદાત્મ્યની વાત કરે છે. તાદાત્મ્ય એટલે ભેદસહિષ્ણુ અભેદ. (तस्यांशत्वं तु युक्तं भिन्नाभिन्नत्वं च । श्रौतत्वात् । અણુભાષ્યપ્રકાશ ૨.૩.૫૩; तथा चैवं तादात्म्ये एव व्यासस्य तात्पर्यं न नित्यभेदे नाप्यभेदे इति । - સુવર્ણસૂત્ર પૃ. ૧૭૫) અહીં ભેદ ઐચ્છિક છે, અર્થાત્ ભગવાનની ઇચ્છાથી થાય છે તેથી એ તાત્ત્વિક ભેદ નથી. અહીં મેં પુરુષોત્તમજીનો મત આપ્યો છે એનું કારણ એટલું જ છે કે આચાર્યશ્રીએ આ ચર્ચા સ્પષ્ટ રીતે કરી નથી. કદાચ આચાર્યશ્રી એવું માનતા હોય કે બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ અને શ્રુતિનો અલૌકિક અર્થ સ્વીકાર્યા પછી આવી ચર્ચા અસ્થાને છે.

જીવો એક છે કે અનેક એ પ્રશ્ન પણ વિચારવા યોગ્ય છે. જો એકાત્મવાદમાં માનીએ તો અનેક અને પરસ્પર ભિન્ન એવા જીવોનું અસ્તિત્વ સમજાવવું મુશ્કેલ છે. અનેક જીવો સ્વીકારતાં અનેકાત્મવાદ માનવો પડે અને તો પછી અદ્વૈતમતને હાનિ પહોંચે. જીવો બ્રહ્મના અંશો છે. એમ માનવામાં અંશી અનેક અને પરસ્પર ભિન્ન એવા અંશોનો સમૂહ છે એવી પણ મુશ્કેલી આવે. શુદ્ધાદ્વૈત આ પ્રશ્નમાં સમાધાનકારી વલણ અપનાવી કહે છે કે જીવની દષ્ટિએ નાનાત્મવાદ છે તો બ્રહ્મની દષ્ટિએ એકાત્મવાદ છે. (અણુભાષ્યપ્રકાશ ૨.૩.૫૩)

જીવના પરિમાણ વિશે ભારતીય દર્શનોમાં ઘણી ચર્ચા થઈ છે. ન્યાયદર્શન અનુસાર જીવ વ્યાપક અથવા વિભુ છે. શંકરાચાર્યને મતે જીવનું જીવત્વ જ મિથ્યા છે અને જીવ બ્રહ્મ જ છે માટે વિભુ છે. જૈનો એને દેહપરિમાણ અથવા મધ્યમપરિમાણ માને છે. વેદાન્તદર્શનના અન્ય આચાર્યો એને અણુ માને છે. બધા જીવો જો વ્યાપક હોય તો બધા જીવોને બધા દેહો સાથે સંબન્ધ છે એમ માનવું પડે; અને તેથી જો એક દેહ આમ્રફલ ખાય તો બધાને આનન્દ થવો જોઈએ. વળી આપણે કહીએ કે મારા પગમાં કાંઈ તકલીફ નથી પણ માથામાં દર્દ છે તેમ એવો પણ અનુભવ થાય કે દેવદત્તના શરીરમાં સુખ છે પણ યજ્ઞદત્તના શરીરમાં દુઃખ છે, માટે જીવોને વ્યાપક ગણવા યોગ્ય નથી. વળી જીવને દેહપરિમાણ ગણતાં એમાં ચયાપચય થાય એટલે જીવ અનિત્ય બને. ચાર્વાકદર્શન તો દેહથી જુદા આત્માને માનતું જ નથી. એમને મતે આકાશ સિવાયના ચાર મહાભૂતોના સંયોજનથી ચૈતન્ય પ્રાપ્ત થાય છે. પણ એમ હોય તો મૃતદેહમાં પણ ચૈતન્ય હોવું જોઈએ. આમ હોવાથી જીવને અણુપરિમાણ માનવો જ યોગ્ય છે. અહીં એક પ્રશ્ન પૂછી શકાય; જો જીવ અણુ હોય તો આખા શરીરમાં ચૈતન્ય કઈ રીતે વ્યાપે ? બ્રહ્મસૂત્ર ૨.૩.૨૩-૨૮માં આની ચર્ચા છે. આનું સમાધાન એમ કરી શકાય કે ચૈતન્યમાં આખા શરીરને વ્યાપવાનું સામર્થ્ય છે. અથવા તો જેમ ગન્ધ પોતાના આશ્રય ઉપરાંત બીજે પણ વ્યાપે છે તેમ ચૈતન્યમાં પણ વ્યાપવાનો ગુણ છે.

શ્રુતિમાં આત્માને વ્યાપક તરીકે વર્ણવનારાં વાક્યો છે. હવે જો જીવને અણુ માનીએ તો આ વાક્યોનો બાધ થાય, એ શંકાના સમાધાનમાં કહ્યું છે કે જીવના

ભગવત્ત્વની દૃષ્ટિએ એનું વ્યાપકત્વ સમજવાનું છે. જીવમાં આનન્દ અંશ તિરોહિત છે. જ્યારે ભગવદિચ્છાથી આનન્દ અંશનો આવિર્ભાવ થાય ત્યારે આનન્દ અંશ સાથે સંકળાયેલા બધા જ ધર્મો જીવમાં આવે છે, અર્થાત્ બ્રહ્મની માફક જ જીવમાં પણ વિરુદ્ધધર્માશ્રયત્વ આવે છે. એટલે જીવ અણુ હોવા છતાં વ્યાપક હોઈ શકે છે. આચાર્યશ્રી કહે છે : व्यापकत्वश्रुतिस्तस्य भगवत्त्वेन युज्यते । आनन्दांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः । प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वं च तस्य तत् ॥ (અણુભાષ્ય ૨.૩.૩૦) મુક્ત જીવમાં જ આનન્દ અંશનું પ્રાકટ્ય હોવાથી સંસારી જીવ તો અણુ જ છે. વ્યાપકત્વ એ બ્રહ્મનું સ્વરૂપ છે, જીવનું નહિ. બીજી રીતે કહીએ તો જીવ તરીકે જીવ અણુ છે, બ્રહ્મરૂપે વ્યાપક છે.

બ્રહ્મના અંશ તરીકે જીવ ચેતન છે. ચૈતન્ય જીવનો માત્ર ધર્મ નથી, એનું સ્વરૂપ પણ છે. જેમ બ્રહ્મના ધર્મો બ્રહ્મનું સ્વરૂપ પણ છે તેવી જ રીતે જીવ જ્ઞાતા અને જ્ઞાનસ્વરૂપ બન્ને છે. પુરુષોત્તમજી સ્પષ્ટતા કરતાં કહે છે : यो यज्जनकः स तद्गुणकः, यो यद्गुणकः स तदविनाभूतः, यो यदविनाभूतः स तदात्मकः । (અણુભાષ્ય પ્રકાશ ૨.૩.૧૮) આમ જીવ જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનધર્મા બન્ને છે.

જીવનું કર્તૃત્વ પણ ચૈતન્યની માફક ભગવાન પર આધાર રાખે છે. બ્રહ્મ સાથેના તાદાત્મ્યસંબન્ધ દ્વારા જીવ કર્તા બને છે. આમ ખરેખર કર્તૃત્વ તો ભગવાનનું જ છે જીવમાં તે ઊતરી આવે છે. (અણુભાષ્ય ૨.૩.૪૧)

જીવનું કર્તૃત્વ બ્રહ્મને આધીન છે એમ માનવામાં વૈષમ્ય-નૈર્ઘૃણ્યનો પ્રશ્ન ઊભો થાય છે. જીવ જે કાંઈ દુઃખ અનુભવે, જુદા જુદા જીવોને વિવિધ સારા-નરસા અનુભવો થાય તેની જવાબદારી જો ભગવાનની હોય તો ભગવાન પક્ષપાની અને નિર્દય છે એમ માનવું પડે. આનો સામાન્ય જવાબ એ છે કે જીવ જે કર્મો કરે તેનું ફળ એ જાતે જ ભોગવે છે. શંકરાચાર્ય પર્જન્યનું દૃષ્ટાન્ત આપે છે. વરસાદ બધે સરખો જ પડે, પણ જે બીજ રોપ્યાં હોય તેવો પાક થાય. (શાંકરભાષ્ય : ૨.૧.૩૪) આચાર્યશ્રી પણ અણુભાષ્ય ૨.૧.૩૪માં આ જ દૃષ્ટાન્ત આપે છે. વળી ૨.૩.૪૨માં પિતાપુત્રનું દૃષ્ટાન્ત આપે છે. જેમ બાળક કોઈક કામ કરતો હોય તો પિતા એને સારાનરસા મુદ્દાઓ સમજાવે પણ કામ તો બાળક જ કરે અને તેની જવાબદારી પણ બાળકની જ છે. પણ તો પછી ભગવાન ફળ આપતી વખતે જીવનાં કર્મો પર આધાર રાખે છે એમ માનવું પડે અને તો ભગવાન પરતંત્ર બની જાય. વળી કર્મ જડ હોવાથી એનો નિયામક પણ સ્વીકારવો પડે. જો કર્મનું ફળ આપનાર ભગવાન છે, બધી પ્રવૃત્તિઓ એને આધીન છે અને એ સ્વતંત્ર છે એમ માનીએ તો વૈષમ્યનૈર્ઘૃણ્યનો દોષ ટાળી ન શકાય. આચાર્યશ્રી કહે છે કે આખું સર્જન ભગવાનનું છે, આત્મસૃષ્ટિ છે. ભગવાનના ચિદંશનો આવિર્ભાવ તે જીવ-ઈશ્વર કાંઈ નવું અને પોતાનાથી ભિન્ન એવું સર્જન કરતા નથી એટલે દુઃખનું સર્જન કરવા છતાં એ પક્ષપાતી કે નિર્દય નથી, કારણ કે બધું બ્રહ્મ જ છે. વિઠ્ઠલનાથજી જુદી રીતે સમાધાન કરતાં કહે છે કે સૃષ્ટિ ભગવાનની લીલા છે અને લીલામાં વિવિધતા તો

આવે જ. દુઃખ પણ ભગવાનની લીલા છે; એટલે એમાં કોઈ દોષ આવતો નથી. પુરુષોત્તમજી કહે છે કે ઈશ્વર જીવનાં કર્મને અનુસરીને ફળ આપે છે તે એની એવી ઈચ્છા છે. આથી ઈશ્વર પરતંત્ર બનતો નથી. કર્મ પણ બ્રહ્મનો ધર્મ છે તેથી એને અનાદિ કહ્યું છે. ક્યારેક ભગવાનની ઈચ્છા થાય તો એ કર્મ પર આધાર ન પણ રાખે, કારણ કે એ સ્વતંત્ર છે. (અણુભાષ્યપ્રકાશ : ૨.૩.૪૨)

આચાર્યશ્રી, વિઠ્ઠલનાથજી કે પુરુષોત્તમજીએ જે રીતે સમાધાન આપ્યું તે ભારતીય દર્શનોમાં આપેલાં અન્ય સમાધાનોની હરોળમાં મૂકી શકાય. બધાં જ ઈશ્વરવાદી દર્શનો માટે વૈષમ્ય-નૈર્ઘૃણ્યનો મુદ્દો ઉકેલવો મુશ્કેલ છે.

૧૬. બ્રહ્મ-કાર્યકોટિ (જગત્)

જગત્ને સ્વાભાવિક રીતે જ બ્રહ્મની કાર્યકોટિમાં સમાવવામાં આવે છે. જગત્ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય એ સર્વસ્વીકૃત છે; પણ જગત્નું સ્વરૂપ ચોક્કસ કેવું છે, એનો બ્રહ્મ સાથે કેવો સંબન્ધ છે વગેરે મુદ્દાઓ પ્રત્યેક દર્શનમાં મહત્ત્વના છે. આચાર્ય કણાદને મતે જગત્ અણુઓથી આરંભાયું છે, તો સાંખ્યદર્શન અનુસાર એ પ્રકૃતિનું પરિણામ છે. વેદાન્તને મતે જગત્ની ઉત્પત્તિ કોઈ પણ અચેતન તત્ત્વમાંથી થાય છે એમ માનવું યોગ્ય નથી. બ્રહ્મસૂત્રકારે ૨.૨માં સાંખ્ય અને વૈશેષિક મતોનું નિરાકરણ કર્યું છે. અણુભાષ્ય (૨.૨)માં તથા સૃષ્ટિભેદવાદમાં અનુક્રમે આચાર્યશ્રી અને પુરુષોત્તમજીએ આ બન્ને મતોનું ખંડન કરતી દલીલો આપી છે. આમ બ્રહ્મની કારણતા શુદ્ધાદ્વૈતમાં જ નહિ પણ વેદાન્તની બધી જ શાખાઓમાં કોઈને કોઈ રીતે સ્વીકારેલી છે. અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે જગતને સત્ય કહેવાય કે નહિ ? વળી આ બધું બ્રહ્મ છે એમ કહીને જગત્ અને બ્રહ્મનું જે સમીકરણ કરવામાં આવે છે તે કેટલે અંશે યોગ્ય ઠરે છે ? જગત્ એટલે અનેક, અનિત્ય, અશુદ્ધ, જડ પદાર્થોનો સંભાર છે એ જોતાં એ બ્રહ્મ છે એમ આપણે કેવી રીતે કહી શકીએ ?

શંકરાચાર્યને મતે બ્રહ્મ સત્ય છે તો જગત્ મિથ્યા છે. કેવલાદ્વૈતમાં ત્રણ સત્યો સ્વીકારેલાં છે-પ્રાતિભાસિક, વ્યાવહારિક અને પારમાર્થિક. એમાં જગત્ માત્ર વ્યાવહારિક દૃષ્ટિએ જ સત્ય છે. એનો અર્થ એવો નથી કે જગત્ માત્ર ભ્રમ છે. સ્વપ્ન પણ ચાલુ હોય ત્યાં સુધી સત્ય જ છે. જાગ્રત્ અવસ્થામાં સ્વપ્નનો બાધ થાય છે અને આપણને લાગે કે સ્વપ્નમાં આપણે જે કાંઈ અનુભવ્યું તે બધું ખોટું છે. આથી એક ડગલું આગળ જઈને આપણે એમ પણ કહી શકીએ કે વ્યવહાર જગત્નો પણ પરમાર્થ અવસ્થામાં બાધ થાય છે. આમ જગત્ સત્ય છે કે મિથ્યા તે આપણે કયા દૃષ્ટિબિન્દુથી એને જોઈએ તેના પર આધાર રાખે છે.

વ્યવહારની દૃષ્ટિમાં માત્ર જગત્ નહિ પણ જીવ અને ઈશ્વર પણ આવી જાય છે અને અંતે તો બધું જ મિથ્યા છે. આવી માન્યતા ધર્મ માટે કુઠારાઘાત સમાન છે. ધર્મમાં અને દેવોમાં શ્રદ્ધા રાખનાર આવો મત સ્વીકારી ન શકે. આથી જ શંકરાચાર્ય પછી જે વૈષ્ણવ અને શૈવ આચાર્યો થયા તેમણે શંકરાચાર્યની ટીકા કરી. એમને માટે પ્રચ્છન્ન બૌદ્ધ, મિથ્યાવાદી જેવા શબ્દો વાપર્યા. અહીં એ પણ નોંધવું જોઈએ કે

નાગાર્જુને પણ (મૂલમાધ્યમિકકારિકા : ૨૪.૮) લોકસંવૃતિ સત્ય અને પરમાર્થિક સત્ય એમ બે સત્યો સ્વીકાર્યાં છે. રામાનુજ, મધ્વ, ભાસ્કર, નિમ્બાર્ક વગેરે બધા જ આચાર્યો માને છે કે જગત્ સત્ય છે અને દરેક પોતપોતાની રીતે જગત્ અને બ્રહ્મનો સંબન્ધ સમજાવે છે.

આચાર્યશ્રી માને છે કે જગત્ બ્રહ્મના સત્ અંશનો આવિર્ભાવ છે એટલે એ બ્રહ્મનું કાર્ય છે. જો કારણ સત્ય હોય તો કાર્ય પણ સત્ય જ હોય એટલે જગત્ સત્ય જ છે. આમ પ્રપંચનું સત્યત્વ એના તાત્ત્વિક રૂપે છે. બીજી રીતે કહીએ તો જગત્ બ્રહ્મરૂપે સત્ય છે. બ્રહ્મના બે અંશોનો તિરોભાવ અને એક અંશનો આવિર્ભાવ તે પ્રપંચ એમ કહીએ તો જગત્‌ને સત્ય માનવામાં કોઈ વાંધો નથી; પણ આપણે જેને જગત્ કહીએ છીએ તેને બ્રહ્મ સાથે શો સંબન્ધ છે અને તેને સત્ કહેવાય ખરૂં ? શ્રી પી. ટી. રાજુ કહે છે : The relation between the essence of the world and the Brahman is not the problem. The problem is about the world as we experience it and the Brahman. (Idealistic Thought of India : p. 159) અર્થાત્ બ્રહ્મને સત્યનો માપદંડ ગણતાં જેવું દેખાય છે તેવા જગત્‌ની સત્યતા છે ખરી ?

વલ્લભાચાર્યે આના સમાધાન માટે જગત્ અને સંસારનો ભેદ સ્વીકાર્યો છે. કોઈ પુરોગામી ચિન્તકે આવો ભેદ સ્વીકાર્યો ન હોવાથી જગત્-સંસાર-ભેદને વલ્લભમતનું વિશિષ્ટ પ્રદાન ગણેલું છે. પ્રપંચનું ઉપાદાન તે બ્રહ્મ અને માયા તેનું નિમિત્ત છે; તો સંસારને કોઈ ઉપાદાન નથી. માત્ર અવિદ્યા એનું કારણ છે. સંસાર માટે उच्यते શબ્દ વપરાય છે, जायते નહિ કારણ કે એની ઉત્પત્તિ થતી નથી. સંસાર અહંતામમતાત્મક છે અને જ્ઞાનથી તેનો નાશ થાય છે. મોક્ષની અવસ્થામાં સંસારનો જ અન્ત આવે છે, જગત્‌નો નહિ. જગત્‌નો ભગવાનની ઇચ્છાથી વિલય થાય છે. શુદ્ધાદ્વૈતમાં માયા અને અવિદ્યા સમાનાર્થક નથી; માયા અવિદ્યાનું કારણ છે. અવિદ્યા અનાદિ નથી. વિદ્યા પણ માયાથી નિર્મિત છે. એ સંસારને દૂર કરે છે, જગત્‌ને નહિ. વળી એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે વિદ્યા અવિદ્યાને દૂર કરે છે, એનો નાશ નથી કરતી. કારણનો નાશ થાય ત્યારે જ કાર્યનો નાશ થાય. માયા ભગવાનની શક્તિ છે તેથી વિદ્યાથી માયાનો નાશ ન થઈ શકે.

અવિદ્યા અને વિદ્યાના પાંચ પર્વો છે. સાંખ્ય, યોગ, તપ, જ્ઞાન અને વૈરાગ્ય એ વિદ્યાનાં પાંચ પર્વો છે, તો સ્વરૂપનું અજ્ઞાન તથા દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અન્તઃકરણનો અધ્યાસ એ પાંચ અવિદ્યાનાં પર્વો છે. જેમ વૃક્ષો અનેક છે પણ વન એક છે તેમ અવિદ્યાનાં પણ સમષ્ટિ અને વ્યષ્ટિ એમ બે રૂપો છે. સમષ્ટિરૂપા અવિદ્યા ભગવાનની શક્તિ છે, તો વ્યષ્ટિરૂપા અવિદ્યા જીવો સાથે સંબન્ધ રાખે છે. સૃષ્ટિ પહેલાં અવિદ્યાને લીધે અધ્યાસ થાય એવું નથી, કારણ કે અધ્યાસ તો પછી આવે છે. માયાથી મહત્ અને મહત્‌થી અહંકાર ઉત્પન્ન થાય છે. આ અન્તઃકરણસ્વરૂપ હોવાથી સર્વપ્રથમ અન્તઃકરણનો અધ્યાસ થાય છે. પ્રાણ પણ

અહંકારનું જ એક રૂપ હોવાથી પ્રાણાધ્યાસ થાય છે. આ પછી દેહ અને ઇન્દ્રિયોનો અધ્યાસ થાય છે. દેહ તથા ઇન્દ્રિયોના અધ્યાસને લીધે સ્વરૂપનું વિસ્મરણ થતાં સ્વરૂપનું અજ્ઞાન આવે છે. આમ મૂલ અવિદ્યાને લીધે દેહાદિનો અધ્યાસ, તેનાથી દેહાદિના ધર્મોનો અધ્યાસ અને તેને લીધે જન્મમરણની પરંપરા તે સંસાર કહેવાય છે. (તત્ત્વદીપનિબન્ધ આવરણભંગ ૧.૩૨)

આ પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે બાહ્ય જગત્‌ને આપણે કયા દૃષ્ટિકોણથી તપાસીએ તેના પર જગત્-સંસારનો ભેદ આધાર રાખે છે. જો આપણે એમ માનીએ કે જગત્ ખરેખર બ્રહ્મ છે તો એ સત્ય છે. જો એ બ્રહ્મથી ભિન્ન અને પરસ્પર ભિન્ન એવી વસ્તુઓનો સમૂહ છે એમ માનીએ તો એ અજ્ઞાન છે, સંસાર છે, મિથ્યા છે. ખરેખર તો ભેદનો બાધ સમજવાનો છે, સ્વરૂપનો નહિ. આપણને સુવર્ણની જરૂર હોય તો સોનાના બધા જ અલંકારો ભેગા કરીને એને સોના તરીકે સમજીએ છીએ, સુવર્ણથી ભિન્ન એવા કટકકુંડલ તરીકે નહિ. આમ ભેદનો બાધ થતાં માત્ર સુવર્ણ રહે છે. તેવી જ રીતે અહીં પણ પ્રપંચનું સ્વરૂપ જોતાં એ મિથ્યા નથી, પણ જે ભેદ છે તે અહંતામમતાને કારણે છે. વાણીથી આરંભાય છે. આમ લોકપ્રતીયમાનરૂપે પદાર્થો વાચારંભણ માત્ર છે. (તત્ત્વદીપનિબન્ધ ૧.૯૨ તથા તેના પર આવરણભંગ) અજ્ઞાનને લીધે જીવ જે છે તે જોતો નથી પણ જે નથી તે જુએ છે. આથી જ બ્રહ્મવાદી કયાંય પણ દોષ જોતો નથી, કારણ કે એને માટે બધું જ બ્રહ્મરૂપ છે.

ઉપરની ચર્ચા પરથી લાગે છે કે વલ્લભાચાર્ય શાંકરમતની ઘણી નજીક આવે છે. એઓ જગત્‌ને મિથ્યા ગણવાને બદલે સંસારને મિથ્યા કહીને જગત્‌ની સત્યતા જાળવી રાખે છે. શ્રી મગ્નલાલ શાસ્ત્રી જેવા વિદ્વાનો કહે છે કે બ્રહ્મવાદી સિવાયના વાદીઓ જગત્ અને સંસાર વચ્ચેનો ભેદ સમજી શકતા નથી. (શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપ પૃ. ૭૧) ખરેખર તો આચાર્યશ્રીની યોજનામાં જગત્-સંસારનો ભેદ જરૂરી છે, જ્યારે બીજા આચાર્યો માટે એ આવશ્યક નથી.

૧૭. કાર્યકારણભાવ-અભેદ

ભારતીય દર્શનોમાં કાર્યકારણસંબન્ધની ચર્ચા વિસ્તારથી કરવામાં આવે છે. આ જગત્‌ના મૂળમાં જે તત્ત્વ છે તેમાંથી જગત્ કઈ રીતે ઉત્પન્ન થાય છે એ પ્રશ્ન વિચારવા યોગ્ય છે. સાંખ્યદર્શન અનુસાર આખું જગત્ પ્રકૃતિનું પરિણામ છે; પુરુષ તો માત્ર સાક્ષી કે દ્રષ્ટા છે. વૈશેષિકોને મતે જગત્‌ની ઉત્પત્તિ પરમાણુઓના સંયોગથી થાય છે. વેદાન્ત બ્રહ્મને જગત્‌નું કારણ ગણે છે. એમાં પણ મધ્વાચાર્યને બાદ કરતાં બધા આચાર્યો બ્રહ્મને ઉપાદાન અને નિમિત્ત બન્ને પ્રકારનું કારણ ગણે છે. માધ્વમતમાં બ્રહ્મ માત્ર નિમિત્ત છે.

પ્રકૃતિ જડ હોવાથી ચેતનની મદદ વિના જગત્‌ના રૂપમાં પરિણમે એ માની શકાય એમ નથી. વળી પરમાણુઓને કારણ માનતાં અનેકકલ્પનાગૌરવનો પ્રસંગ આવે. બૌદ્ધોને મતે અસત્‌માંથી સત્ ઉત્પન્ન થાય છે કારણ કે જે બીજનો નાશ થયો

હોય તેમાંથી જ અંકુર ફૂટે છે. આ પણ સ્વીકારી શકાય એમ નથી. ખરેખર તો બીજના સ્થૂલ રૂપનો જ નાશ થાય છે, સૂક્ષ્મ રૂપનો નહિ અને અંકુરની ઉત્પત્તિ સૂક્ષ્મરૂપમાંથી થાય છે. આમ્ જગત્ असतः सत्तारूप નથી.

મધ્વાચાર્ય સિવાયના આચાર્યો બ્રહ્મને ઉપાદાન અને નિમિત્ત બન્ને માને છે. આચાર્યશ્રી ઉપાદાનને બદલે સમવાયિ કારણ શબ્દ વાપરે છે. બ્રહ્મના ત્રણ અંશો છે : સત્, ચિત્ અને આનન્દ. આ અંશો જગત્, જીવો અને અન્તર્યામીઓમાં ઊતરી આવે છે, અર્થાત્ આ અંશોનો અન્વય થાય છે. ઘડામાં આપણને માટીની પ્રતીતિ થાય છે, કારણ કે માટી ઘડામાં ઊતરી આવે છે, તે જ રીતે જગત્માં ભલે અનેક ભેદો દેખાતા હોય પણ એમાં સમાનપણે સત્-તા છે. આમ બ્રહ્મનો સદંશ જગત્માં અન્વિત થાય છે. તે જ રીતે ચિત્ અને આનન્દ અંશોનો પણ અન્વય સમજવો જોઈએ. માટે બ્રહ્મ જગત્નું સમવાયિકારણ છે, કારણ કે સત્, ચિત્, આનન્દ બ્રહ્મના જ અંશો છે. જે આરોપિત અને આગન્તુક હોય તેનો અન્વય થઈ શકતો નથી. આથી જ નામ કે રૂપ અન્વિત નથી. વૈશેષિક મતમાં અયુતસિદ્ધ સંબન્ધ તે સમવાય એમ જે કહ્યું છે તેનાથી આ ખ્યાલ જ જુદો છે. એટલે જ વૈશેષિકો જેને સમવાયિ કારણ કહે છે તે અને આચાર્યશ્રી જેને સમવાયિ કારણ કહે છે તે બેના અર્થો જુદા છે.

પ્રકૃતિ શબ્દનો અર્થ પણ વસ્તુનું મૂળ તત્ત્વ એવો છે, આ અર્થમાં બ્રહ્મ પ્રકૃતિ છે. ઘડો માટીનો બનેલો છે; બધા જ મૃણમય પદાર્થોનું મૂળ સ્વરૂપ માટી છે. તે જ રીતે જગત્માં દેખાતા વિભિન્ન પદાર્થોના મૂળમાં સત્ તત્ત્વ છે એવું જ્ઞાન થતાં સત્ અંશવાળું બ્રહ્મ જગત્નું મૂલ કારણ છે એમ સિદ્ધ થાય છે. આ રીતે બ્રહ્મ પ્રકૃતિ છે. અહીં પ્રકૃતિનો અર્થ સાંખ્યસ્વીકૃત પ્રધાન નથી. વળી **प्रकृष्टा कृतिर्येन** એવો યૌગિક અર્થ લેતાં નિમિત્તકારણનો પણ બોધ થાય છે.

વેદાન્તના અન્ય આચાર્યો ઉપાદાન શબ્દ વાપરે છે તો આચાર્યશ્રી સમવાયિ શબ્દ વાપરે છે. ઉપાદાન એટલે એવી સામગ્રી જેના પર કર્તા ક્રિયા કરે છે, એટલી એની મર્યાદા આવી જાય છે. કુંભાર માટીનું ઢેકું લઈને એના પર અમુક સાધનો દ્વારા અમુક ક્રિયા કરે ત્યારે એ ઘડો બને છે. આ રીતે જોતાં ઉપાદાન સમવાયિની જ અવસ્થાવિશેષ છે. પરબ્રહ્મ પર કોઈ ક્રિયા થતી નથી કે એમાં કોઈ વિકાર આવતો નથી. તેથી જ એ જગત્નું સમવાયિ કારણ છે, માત્ર ઉપાદાન નથી. ઉપાદાન અને સમવાયિના ભેદના મૂળમાં આચાર્યશ્રીનો અવિકૃતપરિણામવાદનો સિદ્ધાન્ત છે.

ઉપાદાનના બે પ્રકારો છે : પરિણામિ અને વિવર્ત, ઉપાદાન અને એનું પરિણામ સમાન રીતે સત્ હોય એવો વાદ તે પરિણામવાદ. ઉપાદાન અને તેના પરિણામની સત્-તા સમાન ન હોય તેવો વાદ તે વિવર્તવાદ. પરિણામ પણ વિકૃત અને અવિકૃત બે પ્રકારનું છે. મૂળ રૂપમાં વિકાર આવે તે વિકૃત અને વિકાર ન આવે તે અવિકૃત. દૂધમાંથી દહીં બને તે પ્રથમ અને સુવર્ણમાંથી અલંકારો બને તે બીજા પ્રકારનું દૃષ્ટાન્ત છે.

આચાર્યશ્રી અવિકૃતપરિણામવાદ સ્વીકારે છે. જ્યારે દૂધમાંથી દહીં બને ત્યારે દૂધનો વિકાર થાય છે. દહીંને આપણે દૂધ તરીકે વાપરી શકતા નથી. પણ સોનામાંથી અલંકારો બનાવવામાં આવે ત્યારે એ સોનું જ રહે છે. આમ કારણ કાર્યરૂપે પરિણમે ત્યારે પણ એના સ્વરૂપમાં કોઈ ફેરફાર થતો નથી. સુવર્ણ અને અલંકારોનાં માત્ર નામરૂપ જુદાં છે, પદાર્થો જુદા નથી. આમ બ્રહ્મ અને જગત્ પણ જુદા નથી.

અવિકૃતપરિણામવાદને યોગ્ય રીતે સમજવા માટે આવિર્ભાવતિરોભાવવાદ સમજવો ખાસ આવશ્યક છે. જે આવિર્ભાવક શક્તિનો આધાર હોય તે જ કારણ છે. આવિર્ભાવ એટલે અભિવ્યક્તિ, પ્રકટ થવું તે અને તિરોભાવ એટલે અભિવ્યક્તિનો અભાવ, અપ્રકટ થવું તે. કારણમાં રહેલી એવી શક્તિ જે ઉપાદાનની અંદર રહેલા કાર્યને બહાર પ્રકટ કરે તે આવિર્ભાવ. તે જ રીતે બહાર રહેલા કાર્યને ઉપાદાનની અંદર સ્થાપનાર શક્તિ તે તિરોભાવ. વિદ્વન્મંડનમાં (પૃ. ૮૬) વિઠ્ઠલનાથજી કહે છે કે અનુભવનો વિષય થવાની યોગ્યતા તે આવિર્ભાવ અને વિષય ન થવાની યોગ્યતા તે તિરોભાવ. આવિર્ભાવ અને તિરોભાવ બન્ને ભગવાનની શક્તિઓ છે.

કારણમાં આવી શક્તિ આવશ્યક છે કે કેમ એવો પ્રશ્ન જરૂર ઊભો થાય. જ્યારે કોઈ એક કારણ કે કારણનો સમૂહ કાર્યરૂપે પરિણમે ત્યારે તે કારણ કે કારણસમૂહની ક્ષમતા આપણે સ્વીકારવી જોઈએ. આ ક્ષમતા કારણનો સ્વભાવ કે સ્વરૂપ નથી. જો એ સ્વભાવ કે સ્વરૂપ હોય તો એને દૂર કરી શકાય નહિ. તો પછી તૂટેલા તાંતણામાંથી કાપડ વણી શકાય કે બળી ગયેલા બીજમાંથી અંકુર ફૂટી શકે. આમ હોવાથી સ્વભાવ કે સ્વરૂપથી જુદી એવી કારણગત શક્તિ સ્વીકારવી જોઈએ, જેનો સામાન્ય વ્યવહારમાં બાહ્ય પરિબળોથી અવરોધ કે નાશ થઈ શકે. આ શક્તિને આવિર્ભાવ-તિરોભાવ કહેવાય. આખી સૃષ્ટિ આ બે શક્તિઓને આધારે જ સમજવાની છે. નિરુક્ત (૧.૨)માં વાર્ષ્યાયણિનો મત ટાંકતાં જે છ ભાવવિકારો આપેલા છે તે પણ આ શક્તિઓના સંદર્ભમાં જ સમજવાના છે. जायते, अस्ति આવિર્ભાવ સાથે, नश्यति તિરોભાવ સાથે અને विपरिणमते, वर्धते, अपक्षीयते બન્ને સાથે સંબન્ધ રાખે છે.

કાર્ય એ કારણની અભિવ્યક્ત અવસ્થા છે. એ રીતે કાર્ય અને કારણ તત્ત્વતઃ એક જ છે. બધું જ બ્રહ્મનું કાર્ય હોવાથી બ્રહ્મ છે. જગત્માં સત્નો, જીવોમાં સત્-ચિત્નો તો અન્તર્યામીઓમાં સત્-ચિત્-આનન્દનો આવિર્ભાવ થાય છે. ભેદ ત્રણ પ્રકારનો છે : સજાતીય, વિજાતીય અને સ્વગત. બે ગોવ્યક્તિઓ વચ્ચેનો ભેદ સજાતીય છે; ઘડો અને કાપડ વચ્ચેનો ભેદ વિજાતીય છે તો વૃક્ષ અને તેનાં ફળ વચ્ચેનો ભેદ સ્વગત છે. જીવો નિત્ય અને ચેતન હોવાથી સજાતીય, જડ પદાર્થો અનિત્ય અને અચેતન હોવાથી વિજાતીય તો અન્તર્યામીઓમાં ત્રણે અંશો-ભલે અમુક મર્યાદામાં-હોવાથી સ્વગતભેદમાં આવે. બ્રહ્મ સર્વપ્રકારના ભેદથી રહિત છે. આચાર્યશ્રી કહે છે : सजातीयविजातीयस्वगतद्वैतवर्जितम् । (તત્ત્વદીપનિબન્ધ ૧.૬૦)

કારણતા અન્વય અને વ્યતિરેકને આધારે સમજવામાં આવે છે. એકના અસ્તિત્વમાં બીજાનું અસ્તિત્વ તે અન્વય અને એકના અભાવમાં બીજાનો અભાવ તે વ્યતિરેક એવો સામાન્ય અર્થ છે. શુદ્ધાદ્વૈતમાં આ ઉપરાંત બીજા પણ અર્થો આપેલા છે. કારણના અંશો કાર્યમાં ઊતરી આવે તે અન્વય. અને કાર્ય ઉપરાંત કારણ અસ્તિત્વ ધરાવે તે વ્યતિરેક. (विशेषण अतिरेचन) અહીં સામાન્ય રીતે પ્રચલિત અર્થો તથા અન્વયનો શુદ્ધાદ્વૈતમાં કરેલો બીજો અર્થ અભેદ તરફ લઈ જાય છે તો વ્યતિરેકનો બીજો અર્થ કૃત્સ્નપ્રસક્તિના પ્રશ્નનો ઉકેલ લાવે છે. બ્રહ્મ વિવિધ રીતે અભિવ્યક્ત થવા છતાં આખેઆખું પરિણમતું નથી પણ કાર્યથી પર રહે છે.

બ્રહ્મનો કાર્યમાં અન્વય થાય છે, અર્થાત્ બ્રહ્મ કાર્યરૂપે અભિવ્યક્ત થાય છે અથવા તો કાર્ય કારણની અવસ્થાવિશેષ છે. બ્રહ્મ અવિકારી રહીને જ પરિણમે છે. આમ તત્ત્વતઃ કારણ અને કાર્ય એક છે. આ બધું સ્વીકાર્યા પછી બે પ્રશ્નો ઊભા થાય છે. આપણે અગાઉ નોંધ્યું જ છે કે જગત્ તાત્ત્વિક રીતે બ્રહ્મ છે એ મુદ્દો મહત્ત્વનો નથી. જગત્ જેવું દેખાય અને અનુભવાય તેનો બ્રહ્મ સાથેનો અભેદ કેવી રીતે સમજવો ? કારણ અને કાર્ય વચ્ચે માત્ર નામરૂપનો ભેદ છે એમ કહીએ તો પણ એ નામરૂપને સત્ય માનીએ તો અભેદની દૃષ્ટિએ કેવી રીતે સમજવું ?

જગત્ અને સંસારના ભેદથી સ્પષ્ટ થાય છે કે જગત્ બ્રહ્મના સત્ અંશના આવિર્ભાવ તરીકે જ સત્ય છે, બ્રહ્મથી ભિન્ન કાર્ય તરીકે નહિ. આમ જગત્ બ્રહ્મરૂપે સત્ય છે, જગત્ રૂપે નહિ. પુરુષોત્તમજી કહે છે : एतेन सिद्धान्ते प्रतिनियतरूपेण जगतः सत्यत्वाभावो न तु सत्यत्वेन रूपेण जगदभाव इति बोधितम् । (અણુભાષ્યપ્રકાશ. ૧.૪.૨૩) ઘડાનો આકાર માટી કરતાં જુદો હોઈ શકે પણ એક વસ્તુરૂપે ઘડો માટીથી જુદો નથી. દેવદત્ત ઊભો હોય, બેઠો હોય, સુતો હોય કે ચાલતો હોય પણ એ દેવદત્ત જ રહે છે. આમ ભેદનું કોઈ મહત્ત્વ નથી એ ખરું પણ ભેદ સત્ય છે ? દ્વૈતવાદી મતોનું ખંડન કરતાં તત્ત્વદીપનિબન્ધ (૨.૯૨) પરના આવરણભંગમાં પુરુષોત્તમજી કહે છે કે ભેદ અભિમાનમાત્ર છે, વાસ્તવ નથી. વળી ઘટપટાદિભેદ વ્યાવહારિક ઉપાદાનથી થયેલો છે; તેથી એ પણ વાસ્તવિક નથી. રામાનુજાચાર્ય આત્મસ્વરૂપપરિણામવાદનું ખંડન કરતાં કહે છે કે વિષય અને વિષયી બ્રહ્મના સ્વરૂપનું જ પરિણામ હોય તો એ બે વચ્ચે ભેદ સંભવી જ ન શકે. પુરુષોત્તમજી શ્રુતિનો આશ્રય લઈને આનો ઉત્તર આપે છે કે સ્વભાવવિભાગ શક્તિવિશ્લેષને લીધે જગત્માં પણ દેખાય છે. એક જ વૃક્ષના થડ, ડાળીઓ, પાન, ફૂલ અને ફળ પરસ્પર ભિન્ન છે, છતાં બીજ સાથે એમનો અભેદ છે. (અણુભાષ્યપ્રકાશ. ૨.૧.૧૩)

આ રીતે જોતાં શંકરાચાર્ય અને વલ્લભાચાર્ય એક બીજાની ખૂબ જ નજીક આવી જાય છે. શંકરાચાર્ય જ્યારે જગત્ને મિથ્યા કહે છે ત્યારે જગત્ રૂપે જ કહે છે, બ્રહ્મરૂપે નહિ. બૌદ્ધોના શૂન્યવાદ અને શંકરાચાર્યના કેવલાદ્વૈતવાદમાં એક મહત્ત્વનો તફાવત છે. શંકરાચાર્ય નામરૂપનો અસ્વીકાર કરે છે પણ નામરૂપનો અંચળો ઓઢીને જે આવે છે તેનો અસ્વીકાર કરતા નથી. શૂન્યવાદમાં ભેદ અને ભિદ્યમાન બન્ને મિથ્યા છે તો શાંકરમતમાં ભેદ જ મિથ્યા છે, ભિદ્યમાન મિથ્યા નથી. આ જ મતને થોડો વધારે વિધેયાત્મક ગણીએ તો શુદ્ધાદ્વૈત ફળે છે.

આત્મસૃષ્ટિના દૃષ્ટિકોણથી પરિણામવાદ માનીએ, જગત્‌ને તાત્ત્વિક રીતે સત્‌ માનીએ તો પણ એક મુદ્દો તો રહે જ છે. જગત્‌માં બ્રહ્મના સત્‌ અંશનો અને જીવોમાં સત્‌-ચિત્‌ અંશોનો આવિર્ભાવ છે એમ કહીએ ત્યારે બધા અંશો પૂર્ણરૂપે આવિર્ભૂત હોય તેનાથી એ જુદા તો પડે જ છે. આવિર્ભાવતિરોભાવને લીધે અવસ્થાભેદ થાય છે, તેની ના કહી શકાય એમ નથી. આમ અવિકૃતપરિણામવાદમાં પણ પૂર્વાવસ્થા-અન્યથાભાવરૂપ વિકાર અપરિહાર્ય છે. આનાથી તત્ત્વમાં કોઈ ભેદ આવતો નથી. પુરુષોત્તમજી કહે છે : तथा च दधिदुग्धन्यायेन स्वरूपस्य गन्धादिगुणत्वं चान्यथाभाव एवाग्राह्यविकारत्वेनाभिप्रेयते, न तु संख्यान्यथाभावोऽपि तथात्वेनेति कार्यश्रुत्यनुरोधादङ्गीक्रियते । (અણુભાષ્યપ્રકાશ. ૧.૪.૨૩) આમ અભેદ એ ભેદનો અત્યન્તાભાવ નથી, પણ ભેદસહિષ્ણુ છે. અને તેને જ તાદાત્મ્ય કહેવાય. ભગવાનની બહુ થવાની ઇચ્છાથી આ ભેદ થાય છે. એટલે એનો સ્વીકાર કરવાનો છે. આમ અહીં અદ્વૈત એ ઐચ્છિક ભેદાભેદ છે. (भेदसहिष्णुरभेदस्तादात्म्यम्- सुवर्णसूत्र પૃ. ૧૪૯; भेदसहिष्णुता च बहु स्याम् प्रजायेयेति इच्छायां तद्व्यपारभूतशक्तिविभागेन । પ્રસ્થાનરત્નાકર પૃ. ૨૯)

૧૮. સાધન અને ફલ

બધાં જ ભારતીય દર્શનોને મતે મોક્ષ અંતિમ પુરુષાર્થ છે અને દરેક આચાર્ય પોતપોતાની રીતે મોક્ષની વિભાવના સ્વીકારે છે. શંકરાચાર્ય જેવા આચાર્યો મોક્ષને અત્યન્તદુઃખાભાવ તરીકે સમજાવે છે; પણ એ નિષેધાત્મક અભિગમ છે. મોક્ષમાં માત્ર દુઃખનો અભાવ છે એટલું જ પૂરતું છે. ખરેખર તો સુખ શબ્દ સાપેક્ષ છે અને સુખનું અસ્તિત્વ સ્વીકારીએ તો તેની સાથે દુઃખનો પણ સ્વીકાર કરવો પડે. આચાર્યશ્રીના મત મુજબ બ્રહ્મ આનન્દમય છે કારણ કે એ આનન્દ પ્રચુર છે. પ્રાચુર્યનો અર્થ જ એ થાય કે એમાં દુઃખની ગન્ધ પણ નથી. આપણે કહીએ કે સૂર્ય પ્રચુરપ્રકાશ છે, કે ગ્રીષ્મનો દિવસ તાપપ્રચુર છે ત્યારે પ્રકાશ કે તાપના વિરોધી એવા અન્ધકાર કે શીતળતાનો આપણા અનુભવથી બાધ થાય છે તેવીજ રીતે બ્રહ્મ આનન્દમય છે એમ કહીએ ત્યારે દુઃખનો લેશ માત્ર પણ નથી એમ સમજવાનું છે. એ બ્રહ્મની પ્રાપ્તિરૂપી મોક્ષ પણ આનન્દપ્રચુર જ હોય, માત્ર દુઃખાભાવ છે એમ માનવું યોગ્ય નથી.

મોક્ષની પ્રાપ્તિ થઈ શકે ? જો જીવ અને બ્રહ્મ વચ્ચે સંપૂર્ણ અભેદ હોય તો કોણ કોને પ્રાપ્ત કરે ? આથી જ શંકરાચાર્ય કહે છે કે મોક્ષ પ્રાપ્ત થતો નથી, એ તો છે જ. (શાંકરભાષ્ય ૧.૧.૪; ૨.૧.૧૪) જો મોક્ષ પ્રાપ્ત કરવાનો ન હોય તો એને માટે કાંઈ કરવાનું રહેતું નથી એવી દલીલ આ મતની સામે કરવામાં આવે છે. આવી સ્થિતિમાં બધાં જ શાસ્ત્રો અને ઉપદેશો વ્યર્થ થઈ જાય . શુદ્ધાદ્વૈત અનુસાર બ્રહ્મના આવિર્ભાવતિરોભાવને આધારે બ્રહ્મ પ્રાપ્ત થાય છે એમ સમજવાનું છે. જીવની બ્રહ્મ સાથે અનન્યતા છે, બ્રહ્મની જીવ સાથે અનન્યતા નથી એટલે પ્રાપ્તિ માટે કોઈ પ્રતિબન્ધક નથી. (અણુભાષ્યપ્રકાશ ૧.૧.૧૧) બ્રહ્મની પ્રાપ્તિ એટલે સર્વાત્મભાવ અથવા બ્રહ્મભાવની પ્રાપ્તિ, જ્યારે સર્વત્ર સર્વદા બ્રહ્મની જ પ્રતીતિ થાય. પુરુષોત્તમજી

અણુભાષ્યપ્રકાશ (૧.૧.૨૯) માં સ્પષ્ટતા કરતાં કહે છે- ब्रह्मभावश्च स्वस्मिन् ब्रह्मधर्माविर्भावपूर्वकब्रह्मस्फूर्तिरूप एव । શુદ્ધાદ્વૈતને મતે પુષ્ટિભક્તોની સાયુજ્યમુક્તિ એ શ્રેષ્ઠ છે. એમાં ભગવાન કૃષ્ણ સાથે અલૌકિક આનન્દનો અનુભવ થાય છે.

મોક્ષ પ્રાપ્તવ્ય છે એટલે એની પ્રાપ્તિનાં સાધનો અને મોક્ષનું સ્વરૂપ વિચારવાની જરૂર છે. સામાન્ય રીતે આપણાં પ્રાચીન દર્શનોમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ એમ ત્રણ સાધનો સ્વીકારેલાં છે. આ ત્રણના તારતમ્ય અનુસાર શુદ્ધાદ્વૈતમતમાં પાંચ પ્રકારના અધિકારીઓ માનેલા છે : ઉત્તમોત્તમ, ઉત્તમમધ્યમ, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમાં પ્રથમ ચાર અનુક્રમે પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ, જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગને અનુસરે છે. જેઓ કનિષ્ઠ છે તેમને જીવનમાં કોઈ ધ્યેય હોતું નથી અને સંસારમાં આમતેમ ફંગોળાય છે એટલે એમને વિશે કોઈ ચર્ચા કરવાનો અર્થ નથી. જેઓ કર્મમાર્ગી છે, ઇષ્ટાપૂર્તધર્મનું પાલન કરે છે પણ જ્ઞાન પ્રત્યે તિરસ્કાર રાખે છે તેમની આસક્તિ માત્ર કર્મમાં જ હોય છે. તેઓ ધૂમાદિમાર્ગે પ્રયાણ કરેછે. ધૂમાદિમાર્ગમાં ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ, દક્ષિણાયન, પિતૃલોક, અન્તરિક્ષ અને ચંદ્રલોક એવી ઊર્ધ્વગતિ છે. ચન્દ્રલોકમાં પહોંચ્યા પછી એમની અધોગતિ શરૂ થાય છે. ચંદ્રલોકથી ઊતરતાં આકાશ, વાયુ, ધૂળ, અભ્ર, મેઘ, વૃષ્ટિ, અન્ન, વીર્ય અને પછી સ્ત્રીયોનિમાં ગર્ભરૂપે પ્રવેશીને પુનર્જન્મ લે છે. છાન્દોગ્ય ઉપનિષદ્ (૫.૩.૩)માં પંચાગ્નિવિદ્યા વર્ણવેલી છે તે આ સંદર્ભમાં સમજવા જેવી છે.જ્ઞાનરહિત કર્મમાર્ગના અધિકારીઓને પુનર્જન્મ જ પ્રાપ્ત થાય છે. જેઓ સદાચારી હોય તેઓ આગલા કરતાં ચઢતી યોનિમાં અને દુરાચારી હોય તેઓ ઊતરતી યોનિમાં જન્મ લે છે. આમ ક્રમશઃ વધુ ને વધુ સારી યોનિમાં જન્મ લેવાથી જીવન જ્ઞાનમય થતાં મુક્તિને માર્ગે જાય છે. આનાથી ચડતા ક્રમમાં આવતા જ્ઞાનમાર્ગીઓ બ્રહ્મના સ્વરૂપને જાણીને શ્રદ્ધાપૂર્વક તપ કરે છે. એઓ મૃત્યુ પછી અર્ચિરાદિમાર્ગે જાય છે. તેઓ ક્રમમુક્તિ પામે છે, પાછા સંસારમાં આવતા નથી. અર્ચિરાદિમાર્ગમાં અર્ચિઃ, દિવસ, શુકલપક્ષ, ઉત્તરાયણ, વર્ષ, સૂર્ય, ચન્દ્ર અને વિદ્યુતલોક એવો ક્રમ છે. ત્યાંથી અમાનવ પુરુષ એમને બ્રહ્મલોકમાં લઈ જાય છે. આથી ઉંચી કોટિના જીવો મર્યાદામાર્ગીય છે. તેઓ જ્ઞાન અને ભક્તિને પોતાનું સાધન માને છે તથા વેદવિહિત માર્ગે પ્રગતિ કરે છે. એમને સદ્યોમુક્તિ પ્રાપ્ત થાય છે. ઉત્તમોત્તમ કોટિમાં પુષ્ટિમાર્ગીય ભક્તો આવે છે. એમને માટે ભગવાન જ સાધન, સાધ્ય, સર્વસ્વ છે. મર્યાદામાર્ગીયનો અક્ષરમાં લય થાય છે તો પુષ્ટિમાર્ગીય પર ભગવાન કૃપા કરે છે. એઓ અલૌકિક વિગ્રહ ધારણ કરીને ભગવાન સાથે અલૌકિક આનન્દ પ્રાપ્ત કરે છે.

આમ કર્મ કરતાં જ્ઞાન અને જ્ઞાન કરતાં ભક્તિ ઉત્કૃષ્ટ છે. ભક્તિમાં પણ જે માત્ર ભગવાનને શરણે જાય છે તેવા પુષ્ટિમાર્ગીયોને ઉત્તમ ગણેલા છે.

આચાર્યશ્રીના મતમાં કર્મ, જ્ઞાન અને ભક્તિરૂપી સાધનો કઈ રીતે સમજવાનાં છે તેનો વિચાર કરવો આવશ્યક છે. ભગવાનની પ્રાપ્તિમાં આ ત્રણે સાધનોની અપેક્ષા છે. सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत् (બ્રહ્મસૂત્ર ૩.૨.૩૫)માં અશ્વનું દૃષ્ટાન્ત આપીને કહ્યું છે કે દૂર જવા માટેનું અંતર કાપવા માટે જેમ અશ્વ સાધન રૂપ છે અર્થાત્ જેમ

અંતર રૂપી પ્રતિબન્ધને દૂર કરવા અશ્વ ઉપયોગી છે તેમ જ્ઞાનના પ્રતિબન્ધરૂપ અન્તઃકરણદોષની નિવૃત્તિ માટે કર્મ ઉપકારક છે; પણ જ્ઞાનરૂપ ફલ સિદ્ધ થયા પછી કર્મ ઉપયોગી થતું નથી. જે અંગીકૃત ભક્ત છે તેને તો ભક્તિ સિવાય કાંઈ જ અપેક્ષિત નથી; છતાં આવા ભક્તો પણ ભગવાનની ઇચ્છાને આધીન થઈને નિષ્કામ ભાવે કર્મ કરે છે. આચાર્યશ્રી કહે છે કે જ્યારે સર્વજ્ઞ થાય ત્યારે જ્ઞાનનિષ્ઠા કહેવાય, ચિત્ત પ્રસન્ન થાય ત્યારે કર્મનિષ્ઠા અને કૃષ્ણ પ્રસન્ન થાય ત્યારે ભક્તિનિષ્ઠા કહેવાયા.

યજ્ઞરૂપ ભગવાન પંચાત્મક અને દ્વિરૂપ છે. પૂર્વકાંડ અનુસાર અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુયાત્ર, ચાતુર્માસ્ય અને સોમયાગ (અગ્નિષ્ટોમ) એમ પંચાત્મક યજ્ઞ છે. બે રૂપો તે પ્રાકૃત અને વૈકૃત, બધા અંગો સહિત જે કર્મ નિયત પ્રકારે કરવામાં આવે તે પ્રાકૃત; જ્યારે વૈકૃત કર્મ એ કામ્ય અર્થાત્ કોઈ ચોક્કસ કામનાથી કરાતું કર્મ છે. અધિકારીના ભેદ અનુસાર પણ યજ્ઞકર્મના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રણ પ્રકારો છે. આધિભૌતિક કર્મનું ફળ તે સ્વર્ગલોક, આધ્યાત્મિકનું ફળ તે આત્મસુખ છે, તો આધિદૈવિક કર્મ બ્રહ્મજ્ઞાનસહિત હોવાથી મોક્ષરૂપી ફલ આપે છે. આ ત્રણના પણ સત્ત્વ, રજસ્ અને તમસ્‌ની ન્યૂનાધિક્તા અનુસાર પ્રભેદો આપેલા છે. કર્મમાર્ગ ક્લેશકર અને કઠિન હોવા ઉપરાંત કર્મનું ફલ માત્ર ફલોપભોગ પર્યન્ત જ હોવાથી અનિત્ય છે. વળી એમાં દેશ, કાલ, કર્તા, કર્મ, મન્ત્ર, દ્રવ્ય આદિની શુદ્ધિ અપેક્ષિત છે. ભક્તિમાર્ગ ક્લેશરહિત, સુલભ, નિત્યફલયુક્ત હોવાથી કર્મમાર્ગ કરતાં ઉત્કૃષ્ટ ગણેલો છે.

જ્ઞાનમાર્ગમાં પણ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ ભેદો છે. જેને શુદ્ધ અદ્વૈતની પ્રતીતિ થાય અર્થાત્ જે સર્વત્ર બ્રહ્મને જ સમજતો હોય તે સાત્ત્વિક જ્ઞાનવાળો છે. ભાગવત સુબોધિની (૧૦.૨.૩૫)માં આચાર્યશ્રી કહે છે : अज्ञाननाशकं ज्ञानमात्मानुभवः, भेदनाशकं तु भगवद्विज्ञानम् । उभयोः साक्षात्कारे देहाद्यध्यासनिवृत्तिः शुद्धाद्वैतं च स्फुरति । સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો છે તે જ સાત્ત્વિક જ્ઞાનીના લક્ષણો છે. જે ઘટાદિ પદાર્થોને બ્રહ્મથી ભિન્ન જુએ છે તે દ્વૈતજ્ઞાની રાજસ પ્રકારનો છે, તો કોઈ એક વસ્તુમાં આસક્ત થઈને તેને જ સર્વસ્વ માનનાર તામસ જ્ઞાની છે. સાત્ત્વિક જ્ઞાનવાળાનો અક્ષર બ્રહ્મમાં લય થાય છે. તે જ એનો મોક્ષ છે. એમાં પણ જે ભક્ત હોય તે એમાંથી ઊઠીને અલૌકિક દેહ પ્રાપ્ત કરીને ભગવાન સાથે રમણ કરે છે. આમ જ્ઞાનમાર્ગીય જીવ કરતાં ભક્તને ચઢીયાતો ગણ્યો છે.

કર્મ અને જ્ઞાનની સરખામણીમાં ભક્તિમાર્ગ સરળ હોવા ઉપરાંત ઉત્કૃષ્ટ છે. પાંચરાત્ર સંહિતામાં ભક્તિનું લક્ષણ આપતાં કહ્યું છે : माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः । स्नेहो भक्तिरिति प्रोक्तः । ભક્તિસૂત્રો અનુસાર सा परानुरक्तिरीश्वरे । ભક્તિ શબ્દ સમજાવતાં આચાર્યશ્રી તત્ત્વદીપનિબન્ધ સર્વનિર્ણય પરના પ્રકાશમાં કહે છે : भक्तिशब्दस्य प्रत्ययार्थः प्रेम धात्वर्थः सेवा । પુરુષોત્તમજી આને વિશદ કરતાં કહે છે કે પ્રકૃતિ અને પ્રત્યય મળીને અર્થ થાય છે. ભજ્ ધાતુ સેવાના અર્થમાં છે. સ્ત્રીસેવા, ઔષધસેવા વગેરે શબ્દો બતાવે છે કે સેવાકાર્યમાં સતત

ચાલતી શારીરિક પ્રવૃત્તિ હોય છે. मत्सेवया प्रतीतं च જેવાં વાક્યો દર્શાવે છે કે આ પ્રવૃત્તિ પૂજનાદિ માટે છે. વળી આવાં વાક્યો સેવાને લીધે પ્રાપ્ત થતી પૂર્ણતા પણ સૂચવે છે. આવી સેવા સાથે પ્રેમ હોય તો જ એ કષ્ટદાયક ન થાય, અને એ પુરુષાર્થ બને. આમ સેવાકાર્યમાં પ્રેમ મુખ્ય હોય છે. આમ હોવાથી ભક્તિ શબ્દમાં આવેલો क्तिन् પ્રત્યય પ્રેમનો અર્થ આપે છે. આ રીતે ધાતુ અને પ્રત્યય મળીને પ્રેમપૂર્વક કરેલી સેવાનો અર્થ આપે છે.

ભાગવત પુરાણમાં નવધા ભક્તિ જણાવી છે : श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्च्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ નિષ્ઠાપૂર્વક માત્ર ભગવાનને શરણે જઈને સેવામાં વ્યાપૃત રહેનાર ભક્ત ભગવાનને સૌથી વધારે પ્રિય છે. ભગવાન એના પર કૃપા કરીને એને અલૌકિક વિગ્રહ આપે છે અને પોતાની સાથે દિવ્ય આનન્દનું દાન કરે છે. જ્ઞાનીનો અક્ષર બ્રહ્મમાં લય થયા પછી પણ જ્ઞાની ભક્ત અલૌકિક દેહસહિત ભગવાન સાથે લીલાનો આનન્દ અનુભવે છે. આ માર્ગ સરળ અને સુલભ છે, તેથી જ ઉત્કૃષ્ટ છે.

આચાર્યશ્રીએ પ્રબોધેલા માર્ગને પુષ્ટિમાર્ગ કહે છે. પુષ્ટિ શબ્દ પોષણનો સમાનાર્થક છે. ભાગવત (૨.૧૦.૧)માં મહાપુરાણોનાં લક્ષણ આપતાં કહ્યું છે : अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः । मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ એમાં પોષણ એ ચોથું લક્ષણ છે. પોષણ શબ્દ पुष् ધાતુમાંથી આવેલો છે. पुष् એટલે પોષણ કરવું, પાલન કરવું તે. જેમ માતા પોતાના બાળકનું પોષણ કરે, ગાય વાછરડાનું પોષણ કરે તે રીતે ભગવાન પણ પોષણ કરે. માતાને બાળક પર પ્રેમ-વાત્સલ્ય-પ્રીતિ હોય તો જ માતા બાળકનું પોષણ કરે છે. આથી જ ભાગવતમાં પોષણનો અર્થ અનુગ્રહ અર્થાત્ કૃપા આપ્યો છે. पोषणं तदनुग्रहः । પોષણ એટલે તેની કૃપા. શ્રીધર સ્વામી ભાગવત ચૂર્ણિકા (૬.૧..૧)માં પોષણ સમજાવતાં કહે છે : षष्ठेपोषणमुच्यते । अतिलंघितमर्यादभक्तरक्षणलक्षणम् ॥ આમ જે ભક્ત મર્યાદાનું પાલન કરે તેને ભગવાનની સહાય મળે પણ જે મર્યાદાનું ઉલ્લંઘન કરે તેનું પણ ભગવાન રક્ષણ કરે તે પોષણ. પોષણ પરથી પુષ્ટિ શબ્દ વાપરીને આચાર્યશ્રી તત્ત્વદીપનિબન્ધ ભાગવતાર્થપ્રકરણમાં પ્રકાશ કહે છે : कालादिबाधकः अनुग्रहापरनामा वीर्यविशेषरूपो भगवद्धर्मः पुष्टिः । આમ કાલ, કર્મ કે સ્વભાવ ત્રણમાંથી કોઈને પણ ધ્યાનમાં લીધા વગર પરમાત્માની જે વિશિષ્ટ પ્રકારની કૃપા તે પુષ્ટિ. પુરુષોત્તમજી પુષ્ટિ પ્રવાહમર્યાદાગ્રન્થ (૨) પરની ટીકામાં કહે છે : तस्मात्स्वीकारफलदित्साप्रयोजकं कृपापरपर्यायं धर्मान्तरमेव । ...सा च भक्त्युपदेशस्येव भक्तेरपि कारणम् । આમ ભક્તિનું કારણ પુષ્ટિ છે એ આ માર્ગની વિશિષ્ટતા છે. સામાન્ય માન્યતા એવી છે કે જે ભગવાનને ભજે તેના પર ભગવાન કૃપા કરે. આ માર્ગમાં જેના પર ભગવાનની કૃપા થાય તે ભગવાનને ભજે. બીજી રીતે એમ પણ કહી શકાય કે અન્ય માર્ગોમાં જીવ ભગવાનની પાસે જાય છે, આ માર્ગમાં ભગવાન જીવની પાસે આવે છે. આવા ભક્તો માટે ભગવાન જ સર્વસ્વ છે. હરિરાયજી કહે છે : पुष्टिमार्गः फलं यत्र स्वयं साधनतां व्रजेत् । (વાંગ્મુક્તાવલી પૃ. ૧૯) જેમાં ફલ સ્વયં સાધન બને તે પુષ્ટિમાર્ગ.

ભગવાનની કૃપા હોય તો જ ભગવાનની ભક્તિ કરવાની વૃત્તિ થાય. એવા ભક્તને ભગવાન પર અહેતુક પ્રેમ હોય છે. એમાં સંસારસુખ કે દુન્યવી પદાર્થો, સ્વર્ગ, પુનર્જન્મ, મોક્ષ કાંઈને સ્થાન નથી. ભગવાનની જે ઇચ્છા તે જ એમની ઇચ્છા. ભક્તના પ્રેમનું સ્વરૂપ અવર્ણનીય છે. નારદ કહે છે : अनिर्वचनीयं प्रेमस्वरूपम् । मूकास्वादनवत् । જેમાં મુંગા માણસને ભોજનાદિનો આનંદ થાય તે વ્યક્ત કરી શકતો નથી પણ એકલો જ અનુભવે છે તેમ આ ભક્ત પરમાત્માના આનન્દને વ્યક્ત કરી શકતો નથી. એને કોઈ લોકલજ્જા નડતી નથી. પરમાત્માના અનન્દમાં એ બધું જ ભૂલી જાય છે.

આચાર્યશ્રીએ જીવોના ત્રણ પ્રકાર કહ્યા છે : પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિ. આ ત્રણે માર્ગના જીવોની રુચિ, દેહ, વ્યવહાર, સ્વરૂપ તથા ફલનું તારતમ્ય આચાર્યશ્રીએ સમજાવ્યું છે. એમાં માર્ગભેદ, સર્ગભેદ અને ફલભેદને આધારે આ જીવોનો ભેદ સરળતાથી સમજી શકાય છે. લૌકિક કર્મો કરનારા, લૌકિક પ્રયોજનોની પૂર્તિમાં જ વ્યસ્ત એવા જીવો પ્રવાહી છે, કારણ કે તેઓ કાલપ્રવાહમાં ઘસડાયા કરે છે. વૈદિક કર્મોના અનુષ્ઠાનમાં જેમની વૃત્તિ છે તેવા જીવો મર્યાદામાર્ગીય છે, તો જેઓ માત્ર પ્રેમલક્ષણા ભક્તિમાં તત્પર છે અને ભગવાન જ જેમને માટે સર્વસ્વ છે તેઓ પુષ્ટિમાર્ગીય છે. આ માર્ગભેદ છે.

આ જીવોની સર્જન પ્રક્રિયામાં પણ ભેદ છે. ભગવાન સ્વયં મન દ્વારા પ્રવાહસર્ગનું સર્જન કરે છે. મર્યાદામાર્ગમાં સર્જન વેદરૂપા વાણી દ્વારા થાય છે; તો પુષ્ટિમાર્ગીય જીવોનું સર્જન, પ્રવર્તન અને નિયમન ભગવાન પોતાના આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે.

આ બધા જીવોના દેહ, રુચિ, વ્યવહાર, ક્રિયા વગેરે પણ પોતપોતાના માર્ગ અનુસાર જ હોય છે. પ્રવાહપતિત જીવોના દેહાદિ લૌકિક આસક્તિ અનુસાર હોય છે, તો મર્યાદામાર્ગીયના શરીર, વ્યવહાર વગેરે વેદોક્ત-શાસ્ત્રોક્ત વિધિનિષેધ તથા નિયમોને અનુકૂળ છે. પુષ્ટિમાર્ગીયો માટે તો ભગવાન જ શરણ છે એટલે એમનો વ્યવહાર પણ એવો છે. એમની રુચિ માત્ર ભગવાનમાં છે, લૌકિક કે વૈદિક ફલમાં નથી.

પ્રવાહપતિત જીવોની કામના તથા આચરણને અનુકૂળ અથવા પ્રતિકૂળ ફલ પ્રભુ સ્વયં મૂલેચ્છાથી નિર્ધારિત કરે છે. મર્યાદામાર્ગીય જીવોનું ફલ વેદમાં જણાવ્યા મુજબનું જ ભગવાન આપે છે તો પુષ્ટિમાર્ગમાં પોતાના શ્રીઅંગથી ફલનું નિર્ધારણ કરે છે, અર્થાત્ પોતાના આધિદૈવિક સ્વરૂપથી એમને અલૌકિક આનન્દ આપે છે.

પુષ્ટિસૃષ્ટિના શુદ્ધ અને મિશ્ર એવા ભેદો છે. મિશ્રના પાછા પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ અને પ્રવાહપુષ્ટિ એવા ત્રણ અવાન્તર ભેદો છે. પુષ્ટિ-પુષ્ટિ સૃષ્ટિના જીવો સર્વવિધમાહાત્મ્યજ્ઞાનયુક્ત તથા સુદઢ સર્વતોધિક સ્નેહપૂર્વક કૃષ્ણસેવામાં પરાયણ હોય છે. મર્યાદા-પુષ્ટિ જીવો ભગવાન શ્રીકૃષ્ણની લીલાકથાઓ દ્વારા ભગવાનના ગુણોના સ્મરણ, કીર્તન, શ્રવણ આદિમાં તત્પર હોય છે, તો પ્રવાહપુષ્ટિના જીવોને પૂરું માહાત્મ્યજ્ઞાન કે ઉત્કટ સ્નેહ નથી હોતો, પણ તેમને કૃષ્ણભજનના બાહ્ય સ્વરૂપમાં રુચિ અને તત્પરતા હોય છે. શુદ્ધ પુષ્ટિ જીવોનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ કોઈ

પ્રમાણને આધારે હોતો નથી. ભગવાન પ્રત્યેનો એમનો સ્નેહ ઉત્કટ, સહજ અને શુદ્ધ હોય છે. આવા શુદ્ધપુષ્ટિ જીવો અતિદુર્લભ હોય છે.

આસુરી સૃષ્ટિના જીવો પ્રવાહમાર્ગીય છે. તેમને ઉદરપોષણ અને દેહસુખ સિવાય બીજા કાંઈમાં રસ નથી. તેમનામાં સદાચાર, શૌચ આદિ હોતાં નથી. તેમને દુર્જ્ઞ કહ્યા છે. આવા જીવોનું દુષ્ટ આચરણ જોઈને તેમના સંગથી જેઓ પ્રવાહી સ્વભાવ કે વલણ પ્રકટ કરે છે તેમને અજ્ઞ કહેલા છે.

પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા સૃષ્ટિથી ભિન્ન જે જીવસૃષ્ટિ છે તેને ચર્ષણી કહેવાય છે. દૈવી જીવોના સંગને લીધે અદૈવી જીવોમાં પણ કયારેક તાત્કાલિક રૂપમાં દૈવી લક્ષણો દેખાય છે, પણ તે લક્ષણો ચિરસ્થાયી હોતા નથી. ચર્ષણી જીવો નિત્ય નવા નવા માર્ગો પર ભટકતા હોય છે. તેઓ સ્થિર થઈ શકતા નથી.

વલ્લભાચાર્યજીએ પ્રવર્તાવેલો પુષ્ટિમાર્ગ ભક્તિસંપ્રદાયના ઇતિહાસમાં એમનું આગવું પ્રદાન છે.

૧૯. શુદ્ધાદ્વૈત

આપણે આ રીતે વલ્લભાચાર્યના તત્ત્વજ્ઞાન તથા ભક્તિમાર્ગના સિદ્ધાન્તોનો વિચાર કર્યો. વળી કાર્યકારણ સંબન્ધની ચર્ચા કરતાં અભેદ કેટલે અંશે અને કઈ દૃષ્ટિએ સમજવાનો છે તેની પણ ચર્ચા કરી. આચાર્યશ્રીના મતને શુદ્ધાદ્વૈત કહેવાય છે. શુદ્ધાદ્વૈત શબ્દનો ચોક્કસ શો અર્થ થાય એ મુદ્દો વિચારણીય છે.

ગો. ગિરિધરજી મહારાજે શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ નામક પદ્યાત્મક ગ્રન્થ રચ્યો છે. એમનો જન્મ સં. ૧૮૪૫માં થયેલો. એમણે શુદ્ધાદ્વૈત શબ્દ સમજાવેલો છે. એમના કહ્યા પ્રમાણે નામ અને રૂપ, ઈશ્વર અને જીવ, કાર્ય અને કારણથી જે બે પ્રકારનું જ્ઞાન થાય તે દ્વૈત કહેવાય. તેનાથી જુદું તે અદ્વૈત છે. અર્થાત્ બધું બ્રહ્મ જ છે એવું જ્ઞાન તે અદ્વૈત. શંકરાચાર્ય માયાનો સિદ્ધાન્ત સ્વીકારીને અદ્વૈત સમજાવે છે, તેની નિવૃત્તિ માટે આચાર્યશ્રીએ શુદ્ધ શબ્દ મૂકયો છે. આમ જેમાં માયાનો સંબન્ધ ન હોય તે શુદ્ધ કહેવાય. (मायासंबन्धरहितं शुद्धमित्युच्यते बुधैः । २८ अ.) વળી એઓ એમ પણ કહે છે : शुद्धाद्वैतपदे ज्ञेयः समासः कर्मधारयः । अद्वैतं शुद्धयोः प्राहुः षष्ठीतत्पुरुषं बुधाः ॥ (२७) અર્થાત્ शुद्धं च तद् अद्वैतं च- એમ કર્મધારય સમાસ અથવા તો शुद्धयोः अद्वैतम् એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ તરીકે આનો વિગ્રહ કરી શકાય.

ગો. શ્યામ મનોહરજીએ પ્રકાશ-રશ્મિસહિતના અણુભાષ્યના ઉપોદ્ઘાતમાં આ પ્રચલિત મતની ચર્ચા કરતાં બે મહત્ત્વની વાત કહી છે. પ્રથમ તો એ કે શુદ્ધાદ્વૈતમાંનો શુદ્ધ શબ્દ માયાવાદની વિરુદ્ધ વપરાયો હોય તો એ વાદને બદલે જલ્પ બની જાય છે. એનો અર્થ તો એવો થાય કે જો શંકરાચાર્યે એમનો મત ઉપદેશ્યો ન હોત તો આચાર્યશ્રીના મતને શુદ્ધાદ્વૈત કહ્યો ન હોત. બીજી વાત એ છે કે અહીં માત્ર માયાનું વ્યાવર્તન છે તે પણ ઉચિત નથી. આચાર્યશ્રી જાતે તત્ત્વદીપનિબન્ધ (૧.૨૩) પરના પ્રકાશમાં કહે છે : अयं प्रपञ्चो न प्राकृतः नापि परमाणुजन्यः नापि विवर्तात्मा नाप्यदृष्टादिद्वारा जातः नाप्यसतः सत्तारूपः किन्तु भगवत्कार्यरूपः परमकाष्ठा-

पन्नवस्तुकृतिसाध्यः तादृशोऽपि भगवद्रूपः । આમ માત્ર માયાવાદ નહિ પણ સાંખ્ય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને બૌદ્ધ-એમ બધા જ મતોનું વ્યાવર્તન સમજવું જોઈએ. અને આ બધા મતોને અશુદ્ધ ગણવા પડે.

આચાર્યશ્રીના પુરોગામી અને સમકાલીન લેખકોનાં પુસ્તકોમાં શુદ્ધાદ્વૈત, શુદ્ધાભેદ, શુદ્ધાદ્વય જેવા શબ્દો શંકરાચાર્યના મત માટે વપરાયા છે એ ધ્યાનમાં રાખવાની જરૂર છે. વીરશૈવ મતના અનુસારક શ્રીપતિ પંડિતાચાર્ય (સમયઃ ઈ. સ. ૧૧૬૦) એમના શ્રીકરભાષ્ય (૧.૧.૧૦)માં લખે છે : ततो रज्जुसर्पवज्जीवमिथ्यात्वबोधकं शुद्धाद्वैतम् । મધુસૂદન સરસ્વતી આચાર્યશ્રીના સમકાલીન હતા. એઓ શાંકરમતવાદી હતા અને એક અનુશ્રુતિ અનુસાર આચાર્યશ્રી સાથેના એમના અંગત સંબન્ધો ઘનિષ્ટ હોવાથી વિઠ્ઠલનાથજી શાસ્ત્રોનું અધ્યયન કરવા એમની પાસે જતા હતા. એમણે પણ શુદ્ધાદ્વૈત અને શુદ્ધાદ્વય જેવા શબ્દો શાંકરમત માટે વાપર્યા છે.

આચાર્યશ્રી પોતાના મતને બ્રહ્મવાદ જ કહે છે. એમના સમગ્ર લખાણમાં શુદ્ધાદ્વૈત શબ્દ એક જ સ્થાને પ્રયુક્ત હોય એમ લાગે છે. ભાગવત ૧૦.૨.૩૫ પરની સુબોધિની ટીકામાં લખ્યું છે : अज्ञाननाशकं ज्ञानमात्मानुभवः भेदनाशकं तु भगवद्विज्ञानम् । उभयोः साक्षात्कारे देहाद्यध्यासनिवृत्तिः शुद्धाद्वैतं च स्फुरति । ભાગવત ૧૦.૨.૩૫, આગલા પદ્યના અનુસન્ધાનમાં હોવાથી બન્ને પદ્યો અહીં ટાંકવાં જરૂરી છે : सत्त्वं विशुद्धं श्रयते भवान् स्थितौ शरीरिणां श्रेयउपायनं वपुः । देहक्रियायोगतपः-समाधिभिस्तवार्हणं येन जनः समीहते ॥ (३४) सत्त्वं न चेद्धातरिदं निजं भवेत् विज्ञानमज्ञानभिदापमार्जनं । गुणप्रकाशैरनुमीयते भवान् प्रकाशते यस्य च येन वा गुणः ॥ (૩૫) અર્થાત્ આપ સંસારની સ્થિતિમાં દેહીઓને શ્રેય આપનાર વિશુદ્ધ સત્ત્વમય શરીર ધારણ કરો છો, જેથી લોકો વેદાદિથી તમારી આરાધના કરવા ઇચ્છે છે. જો તમારું વિજ્ઞાનસ્વરૂપ અને અજ્ઞાન તથા તેના કાર્યરૂપ ભેદને દૂર કરનાર સત્ત્વ ન હોય તો પ્રત્યક્ષ જ્ઞાન ન થાય, જગત્‌ના ત્રણ ગુણોથી તમે અનુમેય બનો, પ્રત્યક્ષ નહિ, અર્થાત્ શુદ્ધ સત્ત્વસ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય. આમ આ બન્ને પદ્યો તથા આચાર્યશ્રીનું વાક્ય જોતાં 'શુદ્ધ' પદ દેહાદિ અધ્યાસની નિવૃત્તિના અર્થમાં હોય એમ લાગે છે. જેને આત્માનો અનુભવ થયો હોય અને ભગવત્સ્વરૂપના જ્ઞાનથી ભેદ દૂર થયો હોય તેને શુદ્ધ અદ્વૈતની પ્રતીતિ થાય છે. એવી વ્યક્તિ માટે બધું જ બ્રહ્મ છે. બીજા સંદર્ભમાં પુરુષોત્તમજી બ્રહ્મભાવ સમજાવતાં કહે છે : ब्रह्मभावश्च स्वस्मिन् ब्रह्मधर्माविर्भावपूर्वकब्रह्मस्फूर्तिरूप एव । પ્રસ્તુત વાક્ય તેની ઘણી નજીક આવે છે. વળી વિઠ્ઠલનાથજી પણ અણુભાષ્ય (૩.૩.૧)માં કહે છે : पूर्वपादे जडजीवधर्मनिराकरणेन शुद्धस्यैव सच्चिदानन्दविग्रहरूपत्वं ब्रह्मणो निरूपितम् । આમ અહીં પણ શુદ્ધ શબ્દ જડ અને જીવના ધર્મોના નિરાકરણનો નિર્દેશ કરે છે. આ પરથી બીજી પણ એક વાત ફલિત થાય છે કે આચાર્યશ્રીનાં ઉપર ટાંકેલાં વાક્યમાં શુદ્ધાદ્વૈત શબ્દ પારિભાષિક અર્થમાં એટલે કે સ્વસિદ્ધાન્તના નામ તરીકે પ્રયુક્ત હોય એમ માનવા માટે આપણી પાસે પૂરતાં કારણો નથી, કારણ કે અહીં આનો પારિભાષિક

અર્થ લેવાનું કોઈ સૂચન નથી તથા અન્યત્ર ''શુદ્ધાદ્વૈત'' સમાસ આચાર્યશ્રીએ પારિભાષિક અર્થમાં વાપર્યો હોય એમ દેખાતું નથી.

આચાર્યશ્રી અને વિઠ્ઠલનાથજીના બધા જ ગ્રન્થોના તલસ્પર્શી અધ્યેતા અને આખા સંપ્રદાયમાં આ બાબતમાં સૌથી વધારે વિશ્વસનીય એવા પુરુષોત્તમજીની રચનાઓનો વિચાર કરવો જરૂરી છે. અણુભાષ્યપ્રકાશના આરંભમાં ચોથા શ્લોકમાં લખ્યું છે : सर्गादौ स्वमतं समस्य विधये यं ब्रह्मवादं यगौ । આમ એમણે અહીં બ્રહ્મવાદ શબ્દ જ વાપર્યો છે. અન્યત્ર પણ જ્યાં જ્યાં આચાર્યશ્રીના સિદ્ધાન્તના નામની વાત આવે છે ત્યાં ત્યાં બ્રહ્મવાદ શબ્દ છે, શુદ્ધાદ્વૈત શબ્દનો પ્રયોગ દેખાતો નથી. બીજી પણ એક આશ્ચર્યકારક વાત નોંધવી જોઈએ. ભાગવત (૨.૧.૫)માં કહ્યું છે- तस्माद् भारत सर्वात्मा भगवानीश्वरो हरिः । અર્થાત્ ભગવાન સર્વના આત્મા છે. એના પરના સુબોધિનીપ્રકાશમાં પુરુષોત્તમજી કહે છે : एतेन जीवब्रह्मभेदवादो निराकृतः विशिष्टाद्वैतवादश्च । तयापि विशेषणत्वेन गौणत्वानपायात् । नन्वेवं सति तादात्म्येऽपि किञ्चिद् गौणतासत्त्वात् तमपि वादं विहाय शुद्धाभेदवाद एव स्वीकार्यः ।...तथापि शुद्धाभेदवादोऽपि दुष्ट इति न्यायसामञ्जस्यार्थं तादात्म्यमेवाङ्गीकृत्य श्रुत्यर्थो निर्णेयः । વળી ભેદાભેદસ્વરૂપનિર્ણય નામના વાદગ્રન્થમાં અભેદ ભેદસહિષ્ણુ છે કે નથી એની ચર્ચામાં પૂર્વપક્ષ કરતાં પુરુષોત્તમજી કહે છે : अत्राह-तदक्षम इति । कुतः । अद्वैतश्रुत्या शुद्धस्याभेदस्यैव बोधनात् । અહીં પણ શુદ્ધાભેદવાદ પૂર્વપક્ષીનો છે અને એ પૂર્વપક્ષી શાંકરમતવાદી છે. આ પરથી ફલિત થાય છે કે પુરુષોત્તમજી પણ શુદ્ધાભેદવાદ એ નામ શંકરાચાર્યના મત માટે વાપરે છે. જો આચાર્યશ્રીએ સ્વમતને શુદ્ધાદ્વૈત કહ્યો હોત તો પુરુષોત્તમજી જેવા લેખકે શુદ્ધાભેદવાદ દોષયુક્ત છે એમ કહ્યું ન હોત.

પુરુષોત્તમજીના અણુભાષ્યપ્રકાશ પર વિસ્તૃત વિવૃતિ લખનાર ગોપેશ્વરજી રશ્મિના આરંભમાં કહે છે : जयति जगति वाणी वेदवेदान्तयुक्ता विविध-महिमशुद्धाद्वैतविद्याकृतेऽलम् । प्रभवति खलु वादे मायिनीतीह यस्य जयति विजितमायः श्रीमदाचार्यवर्यः ॥ અહીં ગોપેશ્વરજી શુદ્ધાદ્વૈતવિદ્યાનો ઉલ્લેખ કરે છે. આમ ગોપેશ્વરજી શુદ્ધાદ્વૈત શબ્દ આચાર્યશ્રીના મત માટે વાપરતા હોય એમ લાગે છે. ગોપેશ્વરજી અને ગિરિધરજી વચ્ચે માત્ર દશ વર્ષનો ગાળો છે એટલે શુદ્ધાદ્વૈતમાર્તંડ અને રશ્મિમાંથી કયો ગ્રન્થ પહેલો લખાયેલો તે કહી શકાય એમ નથી. વળી ગોપેશ્વરજી પણ સાધારણ રીતે તો બ્રહ્મવાદ શબ્દ જ વાપરેછે.

સમગ્ર ચર્ચાને અને આપણે એવા નિષ્કર્ષ પર આવી શકીએ કે વલ્લભાચાર્યના સમય સુધી ''શુદ્ધાદ્વૈત'' શબ્દ શાંકરમત માટે વપરાતો હતો. વલ્લભચાર્ય પણ પોતાના મતને શુદ્ધાદ્વૈત કહેતા નથી, કારણ કે જે શુદ્ધાદ્વૈત શબ્દનો એક ઉલ્લેખ સુબોધિનીમાં મળે છે તે પારિભાષિક અર્થમાં હોય એમ લાગતું નથી. પુરુષોત્તમજી પણ ''શુદ્ધાભેદ'' શબ્દ શાંકરમત માટે વાપરે છે. આમ પુરુષોત્તમજીના સમય સુધી શુદ્ધાદ્વૈત એવું નામ આચાર્યશ્રીના મત માટે પ્રચલિત ન હતું. પણ વિક્રમ સંવત્‌ની ઓગણીસમી સદીના મધ્યભાગથી આ નામ પ્રચલિત બન્યું. ગોપેશ્વરજી

શુદ્ધાદ્વૈતવિદ્યાની વાત કરે છે ત્યારે એમના મનમાં આચાર્યશ્રીનું સુબોધિનીનું વાક્ય હોય એમ લાગે છે. અહીં માયાસંબન્ધની કોઈ વાત નથી. આ બધું જોતાં ગિરિધરજીએ જ શુદ્ધાદ્વૈત શબ્દને આચાર્યના મતના નામ તરીકે વધારે પ્રચલિત કર્યો એમ કહી શકાય.

અર્થની દૃષ્ટિએ જોતાં શુદ્ધાદ્વૈત સમાસમાં આવતા ''શુદ્ધ'' પદના ત્રણ અર્થો મળે છે : (૧) જડ અને જીવના ધર્મોના અધ્યાસથી રહિત (આચાર્યશ્રી તથા વિઠ્ઠલનાથજી) (૨) વિકારરહિત (ગોપેશ્વરજી. આ ગોપેશ્વરજી શ્રી હરિરાયજીના લઘુબંધુ હતા. તેમણે વાદકથા નામે ગ્રન્થ રચ્યો હતો.) અને (૩) માયાસંબન્ધરહિત (ગિરિધરજી). આ અર્થોમાંથી પ્રથમ બે અર્થો એકબીજાને મળતા આવે છે કારણ કે જડ અને જીવના ધર્મોનો અભાવ અને વિકારોનો અભાવ તાત્ત્વિક રીતે જુદા નથી. ગિરિધરજીએ આપેલો ત્રીજો અર્થ સ્વમતસ્થાપનની સાથે પરમતનિરાકરણ પર પણ ભાર મૂકે છે. વળી અહીં પરમતમાં પણ એક જ મતનો ઉલ્લેખ છે. કોઈ પણ આચાર્ય બીજાના મતનું ખંડન કરે એ ખરું પણ પોતાના મતનું નામ આપતાં પણ અન્ય મતનું ખંડન કરે તે જરાક અજુગતું લાગે છે. આમ શુદ્ધ શબ્દનો અર્થ વિકાર કે જડ-જીવના ધર્મોના અધ્યાસનો અભાવ સમજવો ઉચિત છે એમ કહી શકાય.

૨૦. સમાપન

ઉપર આપણે આચાર્યશ્રીએ ઉપદેશેલા સિદ્ધાન્તની ચર્ચા વિસ્તારથી કરી અને લગભગ બધા જ મહત્ત્વના મુદ્દાઓ સમજવાનો પ્રયત્ન કર્યો. વળી જ્યાં જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં અન્ય મતો સાથે તુલના કરીને એમનો અભિગમ સમજવાનો પણ પ્રયત્ન કર્યો. અન્તે ભારતીય તત્ત્વજ્ઞાનના અને ખાસ તો વેદાન્ત દર્શનના ઇતિહાસમાં વલ્લભાચાર્યના સ્થાન અને પ્રદાનનો વિચાર કરવો જોઈએ.

પ્રાચીન ભારતીય ચિન્તકોએ વૈદિક કાળથી જ મૂળ તત્ત્વને સમજવાનો અને તેને પામવાનો પ્રયત્ન કર્યો હતો. પરિણામે ઉપનિષદોમાં તથા અન્યત્ર વિવિધ વિચારસરણીઓ જોઈ શકાય છે : એમાં કર્મકાંડ ઉપરાંત ત્રણ વિચારસરણીઓ સ્પષ્ટ રીતે દેખાય છે : ભાવનાવાદ (idealism), યથાર્થવાદ (realism) અને ઈશ્વરવાદ (theism). આપણાં બધાં જ પ્રાચીન દર્શનોને આમાં ગોઠવી શકાય એમ છે અને દરેક દર્શનમાં આ પ્રવાહો ઓછેવધતે અંશે જોવાય છે-પછી એ દર્શન વેદબાહ્ય હોય કે વૈદિક હોય. સાંખ્ય અને વૈશેષિકને યથાર્થવાદી કહી શકાય તો વેદાન્તને ભાવનાવાદી કહી શકાય. બૌદ્ધ દર્શનોમાં પણ શૂન્યવાદ અને વિજ્ઞાનવાદને ભાવનાવાદી ગણી શકાય. કેટલાંક દર્શનોને બાદ કરતાં ઈશ્વરવાદ પણ બધે જ કોઈક ને કોઈક સ્વરૂપે દેખાય છે. વળી ઉપનિષદોમાં પ્રાપ્ત કેટલાંક ઉપદેશોમાં અનાકારીકરણ અને નિષેધ (abstraction and negation) ની પ્રક્રિયા પણ દેખાય છે. આ પ્રક્રિયાની ચરમસીમા શૂન્યવાદમાં મળે છે; જેમાં બધું જ અસત્ છે, શૂન્ય છે. માધ્યમિકોના મતમાં શૂન્ય પણ ભાવરૂપ છે, વગેરે ચર્ચાને અહીં અવકાશ નથી. આ પછી આવતા આચાર્ય ગૌડપાદે અજાતિવાદનો ઉપદેશ આપ્યો. એમના

પર બૌદ્ધ મતની અસર છે એની ઘણી ચર્ચા થયેલી છે. ખરેખર તો તત્વવિચારમાં પ્રત્યેક ચિન્તક પર પુરોગામી વિદ્વાનોના વિચારોની અસર પડતી જ હોય છે એટલે આ મુદ્દો ચર્ચાને યોગ્ય પણ નથી. આપણે વૈદિક કે અવૈદિક, બાહ્ય કે અબાહ્યનો જ વિચાર કરીએ તો જુદી વાત છે; પણ માત્ર દર્શન-ચિન્તનનો વિચાર કરીએ તો આવી વિચારણાને અવકાશ રહેતો નથી. ગૌડપાદ પછી એમના શિષ્યના શિષ્ય શંકરાચાર્યે કેવલાદ્વૈતનો ઉપદેશ આપ્યો. એમણે ભાવનાવાદને વિધેયાત્મક વળાંક આપ્યો. આગળ આપણે નોંધ્યું છે કે શૂન્યવાદમાં ભેદ અને ભિદ્યમાન બન્ને મિથ્યા છે, તો શંકરાચાર્યના મતમાં માત્ર ભેદ મિથ્યા છે પણ ભિદ્યમાન સત્ છે. રજ્જુની જગાએ દેખાતો સાપ ભલે મિથ્યા હોય પણ રજ્જુ તો સત્ છે અને એ ન હોય તો સાપ પણ દેખાય નહિ. વળી ભેદ પણ વ્યવહારમાં તો સત્ય જ છે. બૌદ્ધોએ લોકસંવૃત્તિસત્ય અને પરમાર્થસત્ય બે કહ્યાં તો શંકરાચાર્યે પ્રાતિભાસિક, વ્યાવહારિક અને પારમાર્થિક એમ ત્રણ સત્યો સ્વીકાર્યાં. એમને મતે જીવ અને જગત્ પણ અન્તે તો મિથ્યા જ છે.

શંકરાચાર્ય પછી ભારતીય ચિન્તનને ક્ષેત્રે વિવિધ પરિબળોને મહત્ત્વ મળ્યું, જેની નોંધ લેવી આવશ્યક છે. શંકરાચાર્ય પહેલાં પણ વૈષ્ણવ, શૈવ, શાક્ત આદિ સંપ્રદાયો અસ્તિત્વમાં હતા એટલું જ નહિ પણ કાંઈક અંશે વિકસિત સ્વરૂપમાં હતા, પણ વૈદિક દર્શનોની વિચારધારા પર એ સંપ્રદાયોની એટલી અસર ન હતી, જેટલી અનુશંકર યુગમાં દેખાય છે. શંકરાચાર્ય જાતે આ કે તે સંપ્રદાયના અનુયાયી ન હતા. એમણે ભગવાન વિષ્ણુ, શિવ, માતાજી, વગેરે બધાની જ સ્તુતિ કરતાં સુંદર સ્તોત્રો રચ્યાં છે, પણ એમના ચિન્તનને સંબન્ધ છે ત્યાં સુધી એ બધા જ સંપ્રદાયોથી પર હતા. આથી જ તેઓ બ્રહ્મ અને ભગવાનને જુદા રાખી શક્યા. અનુશંકર આચાર્યો વૈષ્ણવ કે શૈવ સંપ્રદાયોના ચુસ્ત અનુસારક હોવાથી બ્રહ્મ અને ભગવાનને જુદા ગણી ન શકે એ સ્વાભાવિક છે. કોઈ ગમે તેટલાં સુંદર સ્તોત્રો લખે કે ભક્તિ કરે પણ જો ભગવાન અંતે મિથ્યા હોય તો એ ભક્તિ થઈ ન શકે, એમાં શ્રદ્ધા રાખી ન શકાય. ભગવાન સર્વગુણસંપન્ન જ હોય, નિર્ધર્મક ન હોઈ શકે. વળી જીવ પણ ભગવાનથી સર્વથા અભિન્ન હોય તો મોક્ષદશામાં જીવનું વ્યક્તિત્વ જળવાય નહિ. આમ ધર્મ, શ્રદ્ધા, ભક્તિ વગેરે બધી જ ભાવનાઓને હાનિ પહોંચે. આથી જ અનુશંકર આચાર્યોમાં પરસ્પર ગમે તેટલો મતભેદ હોય તો પણ એ બધાએ જ શંકરાચાર્યને જ પ્રધાનમલ્લ માનીને એમના મતના નિરસનનો પ્રયત્ન મુખ્યત્વે કર્યો.

સંપ્રદાયોના વિકાસની સાથે જોડાયેલો બીજો મુદ્દો તે પુરાણોનાં મહત્ત્વનો છે. પુરાણોની રચના તો શંકરાચાર્યથી ઘણા પહેલાં થઈ હતી એમ માનવામાં કોઈ વાંધો નથી; પણ શંકરાચાર્ય એના ભાષ્યમાં પુરાણોને મહત્ત્વ આપતા નથી કે એનો ખાસ આધાર પણ લેતા નથી. સંપ્રદાયોના વિકાસમાં પુરાણોનો ફાળો સૌથી વધારે હોવાથી અનુશંકર આચાર્યોના ચિન્તનમાં પુરાણોનું મહત્ત્વ ઘણું છે. વળી इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् એ ન્યાયે શ્રુતિના અર્થઘટનમાં પણ પુરાણોની

ન૮૮ લવાનુ વલણ બહાર આવ્યું. વળી સામાન્ય જનતામાં પણ વેદનું સ્થાન પુરાણોએ લીધું અને તેની અસર તળે શ્રુતિવાક્યોનું અર્થઘટન પૌરાણિક દૃષ્ટિબિંદુથી થવા માંડયું; પુરાણોને પ્રસ્થાનમાં સ્થાન મળ્યું. રામાનુજાચાર્ય વિષ્ણુપુરાણને તો વલ્લભાચાર્ય ભાગવત પુરાણને પ્રસ્થાન તરીકે ગણે છે એ વાત આપણે ઉપર નોંધી જ છે.

ત્રીજો મહત્ત્વનો મુદ્દો તે ભક્તિસંપ્રદાયનો વિકાસ છે. શંકરાચાર્યે ભક્તિભાવપૂર્ણ સ્તોત્રો જરૂર રચ્યાં છે પણ માર્ગ તરીકે તો એમણે કર્મ અને જ્ઞાનની જ વાત કરી છે. તેમાં પણ જ્ઞાન જ મોક્ષદાયક છે. સામાન્ય જનતા એમનું ગહન ચિન્તન પચાવી ન શકે એ સ્વાભાવિક છે. વળી સંપ્રદાયો તો ભક્તિસિદ્ધાન્ત પર જ આધાર રાખે છે. જો ભગવાન જ અન્તે મિથ્યા હોય તો એની ભક્તિ પણ કોણ કરે ? પરિણામે વેદાન્તદર્શનમાં ભક્તિમાર્ગ ત્રીજા અને મુખ્ય માર્ગરૂપે આગળ આવ્યો.

આ બધાં પરિબળોથી જુદો જ પણ બધા પર અસર કરનાર મુદ્દો તે રાજકીય અને સામાજિક પરિસ્થિતિનો હતો. શંકરાચાર્યના સમય સુધી ભારતમાં વિધર્મી આક્રમણો થયેલાં નહીં. ભારતવર્ષમાં અનેક રાજ્યો હતાં અને તે બધાં પરસ્પર લડયા કરતા પણ તેથી સામાન્ય પ્રજાને કે તેમની જીવનપદ્ધતિને ઘણી ઓછી અસર થતી. વિધર્મીઓનું આક્રમણ થવા માંડયું ત્યારે અહીંના રાજાઓ પોતાની સંકુચિત મનોદશા છોડીને એકઠા થઈ શકયા નહિ અને વિધર્મી આક્રમકો સામે સંયુક્ત લડત આપી ન શકયા. પરિણામે ધીમે ધીમે ઘણા બધા એક પછી એક પરાજય પામ્યા. વળી વિધર્મીઓનું યુદ્ધ માત્ર રાજાઓ સામે નહિ પણ ધર્મપાલક પ્રજા સામે પણ હતું. આથી પ્રજાજીવન પર ઘેરી અસર થઈ. પોતાનું રક્ષણ કરવામાં રાજાઓ અશક્ત હોવાથી પ્રજાને જે અવલંબન જોઈતું હતું તે ઉત્તર ભારતના સંતોએ અને દક્ષિણના આચાર્યોએ પૂરું પાડયું. જે આક્રમક ન બની શકે તે રક્ષણાત્મક બને અને સંકુચિત પણ બને. આવી પરિસ્થિતિમાં જ્ઞાન અને કર્મકાંડ કરતાં ભક્તિ જ સામાન્ય પ્રજાને શાન્તિ આપી શકે એમ હતું.

આવાં બધાં પરિબળોનો સામનો અનુશંકર આચાર્યોએ કરવાનો હતો. સંપ્રદાયો, પુરાણો કે ભક્તિમાર્ગ સંપૂર્ણ અભેદને સ્વીકારી ન શકે. આથી રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત, નિમ્બાર્કાચાર્યે દ્વૈતાદ્વૈત તો મધ્વાચાર્યે દ્વૈતવાદનો ઉપદેશ કર્યો. વલ્લભાચાર્ય એ વાતમાં નિશ્ચિત હતા કે ઉપનિષદો અદ્વૈતનો જ ઉપદેશ આપે છે. આથી એમણે એવો અદ્વૈતવાદ સ્વીકાર્યો જેમાં દ્વૈત સાથે ઓછામાં ઓછું સમાધાન કરવું પડે અને જેમાં ભક્તિમાર્ગને પ્રધાન સ્થાન મળે. આમ ફલસ્વરૂપે ઐચ્છિક ભેદ સ્વીકારીને બ્રહ્મવાદનો ઉપદેશ આપ્યો. વળી ભક્તિના શિખરરૂપ પુષ્ટિમાર્ગની સ્થાપના કરીને સામાન્ય જનતા સુધી પોતાનો મત પહોંચાડયો. અદ્વૈતને બને તેટલું અકબંધ રાખીને ભક્તિપુષ્ટિનો ઉપદેશ આપીને શ્રી વલ્લભાચાર્યે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી તથા વેદાન્ત જે માત્ર પંડિતોનું હતું તેને ઘરેઘરમાં પહોંચતું કર્યું.

श्रीमद्वल्लभाचार्यविरचितं

श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् ।

।। प्रथमेऽध्याये प्रथमः पादः ।।

अथातो ब्रह्मजिज्ञासा ।।१।। (१-१-१)

इदमत्र विचार्य्यते । वेदान्तानां विचार आरम्भणीयो न वेति ।

किं तावत्प्राप्तम् ? नारम्भणीय इति ।

साङ्गोऽध्येयस्तथा ज्ञेयो वेदः शब्दाश्च बोधकाः ।
निःसन्दिग्धं तदर्थाश्च लोकवत् व्याकृतेः स्फुटाः ।।

अर्थज्ञानर्थं विचार आरम्भणीयः तस्य च ब्रह्मरूपत्वात् तज्ज्ञाने पुरूषार्थो भवतीति न मन्तव्यं विचारं विनापि वेदादेव साङ्गादर्थप्रतीतेः । नचार्थज्ञानमविहितमविचारिताश्च शब्दा नार्थं प्रत्याययन्तीति वाच्यं, ज्ञेयश्चेति विधानात् ।

'गीती शीघ्री शिरःकम्पी तथा लिखितपाठकः ।
अनर्थज्ञोऽल्पकण्ठश्च षडेते पाठकाधमा' इति ।।

बाधोपलब्धिश्च ।। शब्दश्चक्षुरादिवन्न सन्दिग्धार्थप्रतिपादकः। तदर्थश्च व्याकरणादिना निश्चीयते, यथा लौकिकवाक्ये तथा वेदेऽपि। नच तद्विरुद्धं निर्णेतव्यं, अप्रामाणिकत्वप्रसङ्गात् । तस्माद्वेदार्थज्ञानार्थं विचारो नारम्भणीयः ।

स्यादेतत् । न वेदार्थज्ञानमात्राय विचारः किन्तु ब्रह्मज्ञानाय, तस्य चात्मरूपत्वात्तस्य चाविद्यावच्छिन्नत्वात् देहात्मभावदृढप्रतीतेस्तदतिरिक्तस्य ब्रह्मणोऽभावान्न वेदमात्रादसम्भावनाविपरीतभावनानिवर्त्तकं ज्ञानमुत्पद्यते । प्रत्युत देहात्मभावदृढप्रतीतेः श्रुतेरुपचरितार्थत्वं स्तुतित्वं वा कल्पयिष्यतीति ।

मैवम् ।

अलौकिको हि वेदार्थो न युक्त्या प्रतिपद्यते ।
तपसा वेदयुक्त्या तु प्रसादात् परमात्मनः ।।

न हि स्वबुद्ध्या वेदार्थं परिकल्प तदर्थं विचारः कर्तुं शक्यः । ब्रह्म पुनर्यादृशं वेदान्तेष्ववगतं तादृशमेव मन्तव्यम् । अणुमात्रान्यथाकल्पनेऽपि दोषः स्यात् ।

'योऽन्यथासन्तमात्मानमन्यथा प्रतिपद्यते ।
किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ।।'
'नैषा तर्केण मतिरापनेये' तिश्रुतेश्च ।

नच विरुद्धवाक्यानां श्रवणात्तन्निर्द्धारार्थं विचार । उभयोरपि प्रामाणिकत्वेनैकतरनिर्धारस्याशक्यत्वात्, अचिन्त्यानन्तशक्तिमति सर्वभवनसमर्थे ब्रह्मणि विरोधा-भावाच्च ।

अत एवोपनिषत्सु तत्तदुपाख्याने बोधाभावे औपाधिकबोधे च तपस एवोपदेशः । नच तपःशब्देन विचारः, तस्य पूर्वानाधिक्यात्तप एव ।

नचोपाख्यानानां मिथ्यात्वं, तथासति सर्वत्रैव मिथ्यात्वं भवेत्, विशेषाभावात् । न ह्यप्रामाणिकोक्ते विधौ वा उपाख्याने वा ब्रह्मस्वरूपे वा कस्यचिदपि विश्वासो यथा लोके। तस्माद्वेदे अक्षरमात्रस्याप्यसत्यार्थज्ञानस्याभावात् वैदिकानां न सन्देहोऽपि, किं पुनर्विरुद्धार्थकल्पना ।

विद्यासु च तदश्रुतेः । यदि वेदार्थज्ञाने विचारस्योपयोगः स्यात्, अङ्गत्वेन व्याकरणस्येव विद्यासु श्रवणं स्यात् । स्वातन्त्ये च पुराणादेरिव मीमांसाया अपि प्रकारभेदेन प्रतिपादकत्वं स्यात् । 'तन्त्वौपनिषदपुरुषं पृच्छामीति' तुशब्देन तेषां निषेधः । अन्यथाज्ञानं नोपनिषदुक्तं फलं समर्पयति, तस्मान्नारम्भणीय एव ब्रह्मविचारः ।

अनेन धर्मविचारोऽप्याक्षिप्त एव, न ह्येतन्निराकर्तुः सोऽयमतिभारः । इति पूर्वः पक्षः । सिद्धान्तस्तु,

सन्देहवारकं शास्त्रं बुद्धिदोषात्तदुद्भवः ।
विरुद्धशास्त्रसम्भेदादङ्गैश्चाशक्यनिश्चयः ॥
तस्मात् सूत्रानुसारेण कर्तव्यः सर्वनिर्णयः ।
अन्यथा भ्रश्यते स्वार्थान्मध्यमश्च तथादिमः ॥

परम्परया पाठवदर्थस्यापि गुरुमुखादेव श्रवणेऽपि मन्दमध्यमयोः सन्देहो भवेत् समानधर्मदर्शनात् पदादिपाठवत् । तत्र यथा लक्षणानामुपयोग एवमेव मीमांसाया अपि । तदुक्तं,

'असन्दिग्धेऽपि वेदार्थे स्थूणाखननवन्मतः ।
मीमांसानिर्णयः प्राज्ञे' दुर्बुद्धेस्तु ततो द्वयम् ॥ इति

तथा च निर्णये येनकेनचिद्वक्तव्ये हरिः स्वयं व्यासो विचारं चिकीर्षुस्तत्कर्तव्यतां बोधयति ब्रह्मजिज्ञासा कर्तव्येति । व्यासोक्तत्वादपि कर्तव्या । कर्तव्यपदाध्याहारे स्वातन्त्र्यं न भवति, अन्यथा 'अथ योगानुशासन' मितिवत् स्वतन्त्रता स्यात् । तथा च ज्ञानानुपयोगः । तथाहि 'तन्तवौपनिषदं पुरुषं पृच्छामी' ति केवलोपनिषद्वेद्यं ब्रह्म, न शास्त्रान्तरवेद्यं, तधदि मीमांसा स्वतन्त्रा स्यात् तज्जनितं ज्ञानं न ब्रह्मज्ञानं भवेत् ।

अथवा अध्याहारकरणापेक्षयाऽथशब्द एवाधिकारे व्याख्येयः । वेदाध्ययनानन्तर्य्यं तु सिद्धमेव । नह्यनधीत एव विचारमर्हति । तत्रैतत् स्यात् स्वतन्त्रतेति । तत्र प्रतिविधास्यामः । वेदार्थब्रह्मणो वेदानुकूलविचार इति । किमत्र युक्तम् ? व्याख्यानमिति । व्याख्यानतो विशेषप्रतिपत्तेः । यथा कर्मणि 'दर्शपूर्णमासौ तु पूर्वं व्याख्यास्यामः' 'अथातो दर्शपूर्णमासौ व्याख्यास्याम' इति ।

अथवैतर्हीमानि सिध्यन्ति प्रयोजनानि । अधिकाकाङ्क्षा न भवेत् । अध्याहारश्च । पुरुषार्थश्च सिध्येत्, उच्छेदश्च न भवेदिति । कथम् ? अथशब्दोऽर्थचतुष्टये वर्तते मङ्गले अधिकारे आनन्तर्ये अर्थान्तरोपक्रमे च । तत्र श्रुतिमात्रेणैव मङ्गलसिद्धेरर्थान्तरस्य च

पूर्वोक्तस्याभावात् नात्र तत्कल्पनम् । अथावशिष्येते आनन्तर्य्ये चाधिकारे चेति । आनन्तर्य्ये तु अध्ययनस्य स्वतः सिद्धत्वादधिकाकाङ्क्षा भवति, तथा सति तदभावान्न विचारः सिध्येत् ।

तथाहि, न तावद्धर्म्मविचारानन्तर्यं, विपर्य्ययसम्भवात् । न च पाठतो नियम, तत्रापि तथा । न चाचाराद्व्यवस्था । तत्राप्यनियमसम्भवात् । प्रत्यवायाश्रवणात् । सम्भवेऽपि न वक्तव्यत्वमध्ययनवत् । तथा च ततोऽप्याकाङ्क्षा भवेत् ।

नच वैराग्यशमदमादिः पूर्वसिद्धः, तेषामेवाभावात् । नच यदैव सम्भवः तदैव तत्कर्तव्यमिति वाच्यम् । तदसम्भवापत्तेः । तथाहि । ब्रह्मणः परमपुरुषार्थत्वे ज्ञाते, तज्ज्ञानस्यैव साधनत्वेऽवगते, तच्छेषत्वे च यागादीनामवगते, तदर्थकर्मकरणे चित्तशुद्धौ सत्यां वैराग्यादि । इदं च वेदान्तविचारव्यतिरेकेण न भवतीत्यन्योऽन्याश्रयः ।

निर्धारिते तु वेदान्ते विचारो व्यर्थ एव । न च साक्षात्कारस्तत्फलम् । तस्य शब्दशेषत्वेन तत्कल्पनायां प्रमाणाभावात् । 'दशमस्त्वमसी' त्यादौ प्रत्यक्षसामग्र्या बलवत्त्वाद्देहादेः प्रत्यक्षत्वात् स्वदेहमपि पश्यन् दशमोऽहमिति मन्यते, न तथा प्रकृते । मननदिध्यासनविधीनामानर्थक्यप्रसङ्गत् ।

नचा धिकारिभेदः कल्पनीयः । शब्दज्ञाने तत्कल्पनायां प्रमाणाभावात् । अत्यन्तासत्यप्यर्थे शब्दस्य ज्ञानजननात् । प्रमाणसङ्करापत्तिश्च । मनसा तज्जननेऽपि तथा । तस्मात् प्रथमं शाब्दमेव ज्ञानमिति मन्तव्यमनुभवसिद्धत्वान् । इदानीन्तनानामपि शमादिरहितानां निर्विचिकित्सितवेदार्थज्ञानोपलब्धेः । संन्यासानुपपत्तिश्च ।

किञ्च, अध्याहारश्च कर्तव्यः, स च कर्तव्यादिपदानाम् । यदि तत्स्वार्थं, व्यर्थमेव वाक्यं स्तात् । परार्थत्वे त्वशक्यम् । न हि तैर्विचारः कर्तुं शक्यते, स्वकृतिवैयर्थ्यञ्च । असङ्गतिश्चास्य सूत्रस्य भवेत् ।

किञ्च, अधिकारपक्षे पुरुषार्थः सिध्यति नानन्तर्यपक्षे, उक्तन्यायात् ।

किञ्च, तादृशस्याधिकारिणः श्रवणमात्रेण कृतार्थस्य समाधिनिरतस्य प्रवचनासम्भवात् शास्त्रोच्छेदः । शास्त्रविरोधश्च । साधनानामग्रे स्वयमेव वक्तव्यत्वात् । अतोऽनेकदोषदुष्टत्वादधिकारार्थ एव श्रेयान् ।

नच ज्ञातुमिच्छा जिज्ञासा नाधिकर्तुं शक्येति वाच्यम् । जिज्ञासापदस्य विचारार्थत्वात्, अत एव 'जिज्ञासितुमिच्छे' दिति पुराविदां वचनानि । जिज्ञासापदेन चैतत् ज्ञापयति । ब्रह्मज्ञानं पुरुषार्थसाधनत्वादिष्टं तदिच्छापूरणाय विचार आलभ्यत इति ॥ यस्मात् कर्मादिभ्यो ज्ञानमेव पुरुषार्थसाधनमित्यतस्तज्ज्ञानाय विचारोऽधिक्रियत इति अतःशब्दार्थः ।

अधिकारी तु त्रैवर्णिक एव । न हिं वेदविचारस्य वेदाधिकार्यतिरिक्तः शक्यते कल्पयितुम् । नहि मन्दमतेर्वेदो नायातीति त्रैवर्णिके मतिमत्त्वमधिकारिविशेषणं कल्प्यते । अन्धपङ्ग्वादीनामिव कर्मणि, गृहाधासक्तस्य मननाधसम्भवात् साक्षात्कारो न भविष्यति ।

न च धर्मन्यायेन गतार्थत्वमस्य, अप्रतिज्ञानादनुपलब्धेश्च । नच जगत्कारणं परमात्मा वा प्रकृतिर्वा परमाणवो वेति सन्देहे किञ्चिदधिकरणमस्ति ।

स्यादेतत् । अथातो धर्मजिज्ञासेति धर्मविचारं प्रतिज्ञाय नोदकवाक्यार्थस्य धर्मत्वमुक्त्वा,

प्रामाण्यपुरःसर सवे सन्देहा निवारिताः । तत्र ब्रह्मज्ञानस्यापि धर्मत्वं, 'आत्मेत्येवोपासीत' 'आत्मानं श्लोकमुपासीत' तत् 'ब्रह्मेत्युपासीत' 'आत्मा वारे द्रष्टव्य' इत्यादिनोदनावाक्यार्थत्वात्, 'अयं हि परमो धर्मो यद्योगेनात्मदर्शन' मितिस्मृतेश्च । सृष्ट्यादिवाक्यानां त्वर्थवादत्वं, आरोपापवादविषयधर्मप्रतिपादकत्वेन विधेयोपासनाविषयस्तावकत्वात् ॥ नच ज्ञानादीनामविधेयत्वं प्रमाणवस्तुपरतन्त्रत्वेनाकृतिसाध्यत्वादिति वाच्यम् । नहि सर्वात्मना असाध्यं, प्रकारभेदस्त्वप्रयोजकः । सर्वस्यापि कारणेषु पुरुषव्यापृतिः । तदत्र वृत्तिसम्पादने प्रमाणसम्पादने वा पुरुषकृतिसाध्यत्वं, अन्यथा सिद्धान्तेऽपि मननादिशास्त्रवैफल्यापत्तेः, साधनप्रतिपादकश्रुतिविरोधश्च । येनापि सर्वक्रियाफलत्वं निराकार्यं तेनापि गुरुपसत्त्यादिना यतितव्यमेव ज्ञानार्थे । तस्माद्यत्रापि विध्यश्रवणं तत्रापि विधिं परिकल्प्य तत्रत्यानां तच्छेषत्वं कल्प्यमिति नार्थोऽनया मीमांसया, अन्यथा विरोधोऽपि ।

स्यादेतत् । ब्रह्मविचार एवारम्भणीयो न धर्मविचारः, सर्ववेदव्यासकर्त्रा वेदव्यासेनाकृतत्वात्तुच्छफलत्वाच्च । कल्पोक्तप्रकारेण निःसन्दिग्धं करणसम्भवाच्च । आचारपरम्परयापि करणसम्भवाच्च । एतर्ह्यीति सन्देहे सूत्रभाष्ययाज्ञिकानामेवानुवृत्तिः क्रियते न मीमांसकस्य । तस्मात्साङ्गवेदाध्येतुर्निःसन्देहकरणसम्भवान्न पूर्वयापि कृत्यम् । किञ्च, परमकृपालुर्वेदः संसारिणः संसारान्मोचयितुं कर्माणि चितशुद्ध्यर्थं बोधितवानिति कूपेऽन्धपातनवदप्रामाणिकत्वभियाऽवसीयते । विपरीतबोधिका तु पूर्वमीमांसा, तस्मादपि न कर्तव्येति ।

〈मैवम् । किं विचारमात्रं न कर्तव्यं, पूर्वकाण्डविचारो वा ? नाद्यः, तुल्यत्वात् समर्थितत्वाच्च । द्वितीये सामान्यन्यायेन सन्देहे निवार्ये लक्षणवत्तदुपयोगः । अनिष्टतया निरूपणं न मीमांसादोषः, किन्तु विचारकाणां स्वभावभेदात् ॥ किञ्च आवश्यकत्वादपि, निवृत्तानामपि यागादिज्ञानस्य आवश्यकत्वं चित्तशुद्ध्यर्थत्वात्, परमाश्रमभेदेन प्रकारभेदः कायिकादिभेदात् । तत्राद्यस्य वाचिको द्वितीयतृतीययोः कायिकश्चतुर्थस्य मानसिक इत्याश्रमिणाम् । तस्मादेकेनैव चरितार्थत्वात् किं द्वितीयेनेति प्राप्ते,〉

उच्यते ।〈उपासनाया धर्मत्वेऽपि न ब्रह्मणो धर्मत्वम्, ज्ञानरूपत्वात्, धर्मस्य च क्रियारूपत्वात् । न चार्थवादानां धर्म इव ब्रह्मण्युपयोगः कर्तुं शक्यः, उत्पत्तिप्रकारफलभेदानामभावात् । प्रकृते तु माहात्म्यज्ञानार्थं तदुपयोगः । अस्य च ज्ञानोपयोगो यथा तथा वक्ष्यते । चतुर्थ उपासनादर्शनादिपदानां मनोव्यापारत्वमेव, विचारस्यापि यथा ज्ञानोपयोगित्वं तथा वक्ष्यते ॥ किञ्च, औपनिषदज्ञानस्यापि कर्मोपयोगित्वं 'यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा वा तदेव वीर्यवत्तरं भवती'ति । अत एव ब्रह्मविदामेव जनकादीनां कर्मणि सर्वदेवसान्निध्यं, अन्यथा आभासत्वमेव ।〉नच ब्रह्मरुपात्मविज्ञाने देहाद्यध्यासाभावेन कर्तृत्वाभावात् कर्मानधिकार इति वाच्यम् । निरध्यस्तैरेव देहादिभिः कर्मकरणसम्भवात् । अत एव जीवन्मुक्तानां सर्वे व्यापाराः । तथा च स्मृतिः,

> 'नैव किञ्चित् करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
> पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन्नश्नन् गच्छन् स्वपन् श्वसन् ॥
> प्रलपन् विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।

अ
जिज्ञास्य
ननु
चानर्थनि
इति
अन्येनैव
मननादि
ननु
निर्विचि
तथा च
गौणतापा
गौणत्वं तु
सूत्र : १
सूत्र-
અહીં
પ્રાપ્ત થયું
અંગો
છે; અને તે
અર્થન
જ્ઞાનમાં પુ
અર્થ પ્રતી

इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥
ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा' ॥ इति ।

अतो ब्रह्मविदामेव कृतं कर्म शुभफलं भवति । अतो धर्मविचारकाणामपि ब्रह्म जिज्ञास्यमेव, तस्मान्न गतार्थत्वानुपयोगौ ।

ननु फलप्रेप्सुराधिकारी, फलञ्च विचारस्य शाब्दं ज्ञानं, तस्य मननादिद्वारा अनुभवः, तस्य चानर्थनिवृत्तिपूर्वकपरमानन्दावाप्तिः। तथा च विरक्तोऽनर्थजिहासुः परप्रेप्सुश्चाधिकारी कस्मान्न भवति ?

'शब्दब्रह्मणि निष्णातो न निष्णायात्परे यदि ।
श्रमस्तस्य फलं मन्ये ह्यधेनुमिव रक्षतः ॥'

इति भगवद्वचनात् केवलस्य निन्दाश्रवणदिति चेत्, न। फलकामनाया अनुपयोगात्, अन्येनैव तत्समर्पणात् । नित्यत्वादप्यर्थज्ञानस्य न फलप्रेप्सुरधिकारी। निन्दार्थवादस्तु मननादिविधिशेष इति मन्तव्यम् ।

ननु ब्रह्मणो विचारे प्रतिज्ञाते, विरोधनिराकरणादीनामप्रतिज्ञातार्थत्वं, नचावक्तव्यत्वं निर्विचिकित्सज्ञानानुदयप्रसङ्गदिति चेत्, न, 'ब्रह्मण' इति न कर्मणि षष्ठी किन्तु शेषषष्ठी । तथा च ब्रह्मसम्बन्धि तज्ज्ञानोपयोगि सर्वमेव प्रतिज्ञातं वेदितव्यम् । नच गौणतापत्तिरजिज्ञास्यत्वञ्च स्यादिति वाच्यं, ब्रह्ममात्रे सन्देहाभावात्, सन्दिग्धस्यैव जिज्ञास्यता । गौणत्वं तु शब्दत एव नत्वर्थतः ।

वेदप्रामाण्यं तु प्रतितन्त्रसिद्धत्वात् न विचार्यते ।
तस्मात् ब्रह्म जिज्ञासितव्यमिति सिद्धम् ।

॥ इति **जिज्ञासाधिकरणम्** ॥

અધ્યાય-૧ : પાદ-૧

અધિકરણ-૧

જિજ્ઞાસાધિકરણ

સૂત્ર : ૧.૧.૧

સૂત્ર-૧ : તેથી હવે બ્રહ્મજિજ્ઞાસા.

અહીં આ વિચારવામાં આવે છે. વેદાન્તોના વિચારનો આરંભ કરવો કે નહિ. શું પ્રાપ્ત થયું ? આરંભ ન કરવો જોઈએ.

અંગો[1] સહિત વેદોનું અધ્યયન કરવું જોઈએ અને જાણવા જોઈએ. શબ્દો બોધક છે; અને તેના અર્થો નિઃસંદિગ્ધ રીતે લોકભાષાની માફક વ્યાકરણથી[2] સ્પષ્ટ થાય છે.

અર્થના જ્ઞાન માટે વિચારનો આરંભ કરવો જોઈએ; તે બ્રહ્મરૂપ હોવાથી તેના જ્ઞાનમાં પુરુષાર્થ સિદ્ધ થાય છે એમ માનવું નહિ. વિચાર વિના પણ સાંગ વેદથી જ અર્થ પ્રતીત થાય છે.

અર્થજ્ઞાન અવિહિત[3] છે અને અવિચારિત શબ્દો અર્થની પ્રતીતિ કરાવતા નથી એમ કહેવું યોગ્ય નથી કારણ કે જ્ઞાન મેળવવું જોઈએ એવું વિધાન છે. ઉપરાંત - ગાનાર, ઉતાવળ કરનાર, માથું હલાવનાર, લખેલું વાંચનાર, અર્થ ન જાણનાર અને ધીમા અવાજવાળો- આ છ અધમ પાઠકો છે.

આમ બાધ ઉપલબ્ધ થાય છે.[4]

શબ્દ ચક્ષુ આદિ ઇન્દ્રિયો[5]ની માફક સંદિગ્ધ અર્થનું પ્રતિપાદન કરતો નથી. તેનો અર્થ વ્યાકરણ વગેરેથી નિશ્ચિત થાય છે. જેમ લૌકિક વાક્યમાં તેમ વેદમાં પણ (અર્થનો નિર્ણય આ રીતે જ થાય છે) તેથી વિરુદ્ધ નિર્ણય કરવો નહિ; કારણ તે અપ્રામાણિક બને. માટે વેદના અર્થજ્ઞાન માટે વિચારનો આરંભ કરવો જોઈએ નહિ.

ભલે એમ હોય.[6] વિચાર માત્ર વેદના અર્થના જ્ઞાન માટે નથી, પણ બ્રહ્મજ્ઞાન માટે છે. તે આત્મરૂપ છે, અને અવિદ્યાથી આવૃત છે, તથા દેહ એ જ આત્મા છે એવી દૃઢ પ્રતીતિ થાય છે. એટલે તેનાથી (દેહથી) જુદા બ્રહ્મના અભાવને લીધે માત્ર વેદથી અસંભાવના અને વિપરીતભાવનાનું[7] નિવારણ કરનાર જ્ઞાન ઉત્પન્ન થતું નથી; એથી વિરુદ્ધ દેહ અને આત્મા એક છે એવી દૃઢ પ્રતીતિને લીધે શ્રુતિની ઉપચરિત અર્થવાળી અથવા સ્તુતિ[8]રૂપે કલ્પના થશે.

એવું નથી.[9]

વેદાર્થ અલૌકિક છે, તેનું યુક્તિથી પ્રતિપાદન થતું નથી. તપથી, વેદયુક્તિ[10]થી અને ભગવાનની કૃપાથી તેનું પ્રતિપાદન થાય છે.

પોતાની બુદ્ધિથી વેદના અર્થની કલ્પના કરીને તે માટે વિચાર કરવો શક્ય નથી. બ્રહ્મ વેદાન્તોમાં જેવું સમજાય છે તેવું જ માનવું જોઈએ. અણુમાત્ર પણ અન્યથા કલ્પના કરવાથી દોષ થાય છે.

''જે અન્યથા રહેલા આત્માનું અન્યથા પ્રતિપાદન કરે છે તે આત્માપહારી ચોરે શું પાપ કર્યું નથી ?''

''આ મતિ તર્કથી દોરવી યોગ્ય નથી.'' (કઠ. ૧.૨.૯) એવી શ્રુતિથી (પણ આ સ્પષ્ટ થાય છે.)

વિરુદ્ધ વાક્યોના શ્રવણથી તેના નિર્ધાર માટે વિચાર કરવામાં આવે એવું નથી. બન્ને પ્રામાણિક હોવાથી એકનો નિર્ધાર કરવો અશક્ય છે. વળી અચિન્ત્ય અનન્ત શક્તિમાન તથા બધું થવાને સમર્થ એવા બ્રહ્મમાં વિરોધનો અભાવ છે. આથી જ ઉપનિષદોમાં તે તે ઉપાખ્યાનોમાં બોધનો અભાવ[11] હોય કે ઔપાધિક બોધ હોય ત્યારે તપનો જ ઉપદેશ અપાય છે. તપ શબ્દથી વિચાર સમજવાનો નથી. પહેલાં કરતાં વધારે ન હોવાથી[12] અહીં તપનો જ અર્થ લેવાનો છે. વળી ઉપાખ્યાનો મિથ્યા નથી. જો એમ હોય તો વિશેષના અભાવને લીધે બધું જ મિથ્યા થાય. અપ્રામાણિકની ઉક્તિ પછી તે વિધિ હોય, ઉપાખ્યાન હોય કે બ્રહ્મસ્વરૂપ હોય,

તેમાં લોકની માફક કોઈને વિશ્વાસ હોતો નથી. માટે વેદમાં અક્ષરમાત્ર પણ અસત્ય અર્થ હોતો નથી, તેથી વૈદિકોને સંદેહ પણ હોતો નથી, તો પછી વિરુદ્ધ અર્થની કલ્પના કઈ રીતે થાય ?

વળી વિદ્યાઓમાં એનું (વિચારનું) શ્રવણ થતું નથી. જો વેદાર્થના જ્ઞાનમાં વિચાર ઉપયોગી હોત તો વ્યાકરણની માફક અંગ તરીકે એનું પણ વિદ્યાઓમાં શ્રવણ થતું હોત. (જો અંગ તરીકે નહિ પણ) સ્વતંત્ર રીતે ગણીએ તો[13] પુરાણોની માફક મીમાંસાનું પણ પ્રતિપાદકત્વ પ્રકારભેદે સમજવું પડે. "પણ તે ઔપનિષદ પુરુષ વિશે પૂછું છું" (બૃ. ૩.૯.૨૬) એમ તેનો (વેદ સિવાયનાં સાધનોનો) નિષેધ કરેલો છે. બીજી રીતે મેળવેલું જ્ઞાન ઉપનિષદ્‌માં કહેલું ફળ આપતું નથી. માટે બ્રહ્મવિચારનો આરંભ ન જ કરવો જોઈએ.

આ દ્વારા ધર્મવિચારનું પણ નિરાકરણ થઈ જ જાય છે. નિરાકરણ કરનારને માટે તે બહુ ભારે નથી. આમ પૂર્વપક્ષ છે.

સિદ્ધાન્ત (આ પ્રમાણે છે).

શાસ્ત્ર સંદેહનું નિવારણ કરે છે. વિરુદ્ધ શાસ્ત્રોના મિશ્રણને લીધે બુદ્ધિદોષથી તેનો (સંદેહનો) ઉદ્‌ભવ થાય છે. અંગોથી એનો નિશ્ચય શક્ય નથી. તેથી સર્વનો નિર્ણય સૂત્રોને અનુસરીને કરવો જોઈએ, નહિ તો મધ્યમ અને મંદ અધિકારી સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે.

પાઠની માફક પરંપરાથી ગુરુમુખે જ અર્થનું પણ શ્રવણ કરતાં સમાન ધર્મના દર્શનને લીધે પદપાઠ[14] આદિની માફક મંદ અને મધ્યમને સંદેહ થાય છે. ત્યાં જેમ લક્ષણગ્રન્થોનો ઉપયોગ છે તેમ અહીં પણ મીમાંસાનો છે.

તેથી કહ્યું છે – વેદાર્થ અસંદિગ્ધ હોય તો પણ પ્રાજ્ઞને માટે મીમાંસાનો નિર્ણય સ્થૂણાખનન[15] જેવો માનેલો છે, તો મંદ બુદ્ધિવાળાને તેનાથી બન્ને લાભ (સંદેહનિવારણ અને દૃઢતા) થાય છે.

ગમે તે કોઈએ નિર્ણય કહેવાનો હોય તો પછી ભગવાન હરિ સ્વયં વ્યાસ વિચાર કરવાની ઇચ્છા કરતાં વિચાર કરવો જોઈએ એવો બોધ આપે છે. આમ બ્રહ્મજિજ્ઞાસા કરવી જોઈએ; વ્યાસના કહેવાથી પણ એ કર્તવ્ય છે, 'કર્તવ્ય' શબ્દ અધ્યાહાર રાખવાથી સ્વતંત્રતા થતી નથી, નહિ તો अथ योगानुशासनम् । ની માફક સ્વતંત્રતા થાય. તેમ હોય તો જ્ઞાન ઉપયોગી ન થાય. સ્પષ્ટતા કરતાં કહ્યું છે – तं त्वौपनिषदं पुरुषं पृच्छामि એમ બ્રહ્મ માત્ર ઉપનિષદોથી જ જાણી શકાય છે, બીજા શાસ્ત્રોથી નહિ. જો મીમાંસા સ્વતંત્ર હોય તો તેનાથી પ્રાપ્ત થતું જ્ઞાન બ્રહ્મજ્ઞાન ન થાય.

અથવા અધ્યાહાર કરવાની અપેક્ષાએ 'અથ' શબ્દને જ અધિકારના અર્થમાં સમજવો જોઈએ. વેદાધ્યયનનું આનન્તર્ય તો સિદ્ધ જ છે. અધ્યયન ન જ કર્યું હોય તે વિચારને યોગ્ય નથી. તેમાં સ્વતંત્રતા આવી જાય. તેનો જવાબ આપીએ છીએ.

વેદના અર્થ એવા બ્રહ્મનો વેદને અનુકૂલ વિચાર (સમજવાનો છે) અહીં શું યોગ્ય છે ? વ્યાખ્યાન[૧૬]. વ્યાખ્યાનથી વિશેષ બોધ થાય છે. જેમ કે કર્મમાં - ''દર્શપૂર્ણમાત્ર પહેલાં સમજાવીશું'', ''તો હવે દર્શપૂર્ણ માસ સમજાવીશું.''

અથવા આ રીતે આટલાં પ્રયોજનો સિદ્ધ થાય છે. અધિક આકાંક્ષા થતી નથી. અધ્યાહાર કરવો પડતો નથી, તથા પુરુષાર્થ સિદ્ધ થાય છે અને ઉચ્છેદ[૧૭] થતો નથી. શાથી ? 'અથ' શબ્દ ચાર અર્થમાં છે-મંગલ, અધિકાર, આનન્તર્ય અને અર્થાન્તરોપક્રમ. તેમાં શ્રવણ માત્રથી મંગલ સિદ્ધ થતું હોવાથી[૧૮] અને પહેલાં કોઈ અર્થાન્તર[૧૯] ન કહ્યું હોવાથી તેની કલ્પના કરવી નહિ. હવે આનન્તર્ય અથવા અધિકાર બાકી રહે છે. આનન્તર્યના અર્થમાં અધ્યયન સ્વતઃસિદ્ધ હોવાથી અધિક આકાંક્ષા થાય છે. તેમ ગણતાં તેના અભાવે વિચાર સિદ્ધ થતો નથી.

તો ધર્મવિચારનું આનન્તર્ય અહીં નથી, કારણ કે વિપર્યયનો[૨૦] સંભવ છે. પાઠની દૃષ્ટિએ પણ નિયમ નથી. તેમાં પણ તેવું છે (અર્થાત્ વિપર્યયનો સંભવ છે.) વળી આચારથી વ્યવસ્થા નથી, તેમાં પણ નિયમનો સંભવ નથી કારણ કે વિઘ્નનું[૨૧] શ્રવણ નથી. સંભવ હોય તો પણ અધ્યયનની જેમ જ કહેવાયો નથી. એમ હોય તો એથી પણ આકાંક્ષા થાય.

વૈરાગ્ય, શમ, દમ આદિ[૨૨] પહેલેથી સિદ્ધ નથી; કારણ કે તેમનો જ અભાવ છે. જ્યારે સંભવ થાય ત્યારે તે કરવું એમ કહેવું યોગ્ય નથી, કારણ કે તો તેનો અસંભવ આવી પડે. તે આ પ્રમાણે છે. બ્રહ્મને પરમ પુરુષાર્થ તરીકે જાણીને, તેનાં જ્ઞાનને સાધન તરીકે સમજવામાં આવે, તેના અંગ તરીકે યાગાદિને સમજવામાં આવે, તે માટે કર્મ કરતાં ચિત્તશુદ્ધિ થાય ત્યારે વૈરાગ્ય વગેરે ઉત્પન્ન થાય છે. આ વેદાન્તવિચાર વિના થતું નથી એમ અન્યોન્યાશ્રય દોષ આવે છે.

વેદાન્તનો નિર્ધાર કર્યા પછી વિચાર વ્યર્થ જ છે. વળી સાક્ષાત્કાર તેનું ફલ નથી.[૨૩] તે શબ્દશેષ હોવાથી તેની કલ્પનામાં પ્રમાણનો અભાવ છે. ''તું દશમો છે'' એવાં વાક્યોમાં પ્રત્યક્ષસામગ્રી બળવાન છે અને દેહ પ્રત્યક્ષ છે તેથી પોતાના દેહને જોનાર 'હું દશમો છું' એમ માને છે, પ્રસ્તુત વિષયમાં એવું નથી. મનન અને નિદિધ્યાસનની વિધિ નિરર્થક થવાનો પ્રસંગ આવે.[૨૪]

અધિકારીઓના ભેદની[૨૫] કલ્પના કરવી નહિ, કારણ કે શબ્દજ્ઞાનમાં એવી કલ્પના કરવામાં પ્રમાણનો અભાવ છે. અત્યન્ત અસત્ અર્થનું પણ શબ્દથી જ્ઞાન થાય છે; અને પ્રમાણના સાંકર્યની[૨૬] આપત્તિ આવે. મનથી તે ઉત્પન્ન થાય છે એમ કહેવામાં પણ એવું જ છે.[૨૭] તેથી પ્રથમ શબ્દનું જ જ્ઞાન થાય છે એમ માનવું જોઈએ, કારણ કે એ અનુભવથી સિદ્ધ થાય છે. શમાદિ વિનાના અર્વાચીનો પણ વેદાર્થનું સંશયરહિત જ્ઞાન મેળવે છે. વળી સંન્યાસ ઉપપન્ન થતો નથી.[૨૮]

વળી (આનન્તર્યના અર્થમાં) અધ્યાહાર કરવો પડે, તે 'કર્તવ્ય' વગેરે શબ્દોનો (હોય). જો તે (વિચાર) સ્વાર્થ માટે હોય તો વાક્ય વ્યર્થ બને. બીજાને માટે એ

અશક્ય છે, કારણ કે તેમને માટે વિચાર કરવો શક્ય નથી; પોતાની કૃતિ વ્યર્થ થઈ જાય, અને આ સૂત્ર અસંગત બને.

ઉપરાંત અધિકાર પક્ષમાં પુરુષાર્થ સિદ્ધ થાય છે, આનન્તર્ય પક્ષમાં આપેલી દલીલો અનુસાર (તેવું નથી.)

વળી તેવા (સાધનચતુષ્ટયવાળા) અધિકારીઓ શ્રવણમાત્રથી કૃતાર્થ હોઈ સમાધિનિરત હોવાથી પ્રવચનના અસંભવને લીધે શાસ્ત્રનો ઉચ્છેદ થાય. વળી શાસ્ત્રનો વિરોધ છે કારણ કે સાધનો આગળ કહેવાનાં છે. આમ અનેક દોષથી દૂષિત હોવાને લીધે અધિકારનો અર્થ જ શ્રેયસ્કર છે.

જાણવાની ઇચ્છા તે જિજ્ઞાસા. તેનો અધિકાર શક્ય નથી એમ કહેવું નહિ, કારણ કે જિજ્ઞાસા શબ્દ વિચારના અર્થમાં છે, તેથી જ ''જિજ્ઞાસાની ઈચ્છા કરે'' એવાં પ્રાચીનોનાં વચનો છે. જિજ્ઞાસા શબ્દથી આમ સમજાવે છે. બ્રહ્મજ્ઞાન પુરુષાર્થ સાધવા માટે ઇષ્ટ છે. તે ઇચ્છા પૂરી કરવા માટે વિચારનો આરંભ કરવામાં આવે છે.

કર્મ વગેરે કરતાં જ્ઞાન જ પુરુષાર્થનું સાધન છે તેથી તે જ્ઞાન માટે વિચારનો અધિકાર કરાય છે એવો ''તેથી'' (अतः) શબ્દનો અર્થ છે.

અધિકારી તો ત્રૈવાર્ણિક જ હોય. વેદના અધિકાર સિવાયનાને વેદવિચારનો અધિકાર કલ્પી શકાતો નથી. મંદબુદ્ધિવાળાને વેદ આવડતા નથી એટલે ત્રૈવર્ણિકમાં પણ બુદ્ધિમત્તાને અધિકારીના વિશેષણ તરીકે કલ્પવું નહિ. જેમ અન્ધપંગુ કર્મ કરવામાં અશક્ત છે તેમ ઘર વગેરેમાં આસક્ત માટે મનન આદિ સંભવિત ન હોવાથી સાક્ષાત્કાર થશે નહિ.

ધર્મન્યાયથી (ધર્મમીમાંસાથી) આનો અર્થ આવી જ ગયો છે એવું નથી. આની (બ્રહ્મવિચારની) પ્રતિજ્ઞા કરી નથી કે એ ઉપલબ્ધ નથી. જગતનું કારણ પરમાત્મા છે કે પ્રકૃતિ છે કે પરમાણુઓ છે એવા સંદેહ માટે કોઈ અધિકરણ નથી.

ભલે એમ હોય. ''તો હવે ધર્મજિજ્ઞાસા'' એમ ધર્મવિચારની પ્રતિજ્ઞા કરીને વિધિવાક્યોના અર્થને ધર્મ તરીકે કહીને પ્રમાણ પુરઃસર બધા સંદેહોનું નિવારણ કર્યું છે. તેમાં ''આત્માની જ ઉપાસના કરવી'' (બૃ. ૧.૪.૭), ''સ્તુતિ કરવા યોગ્ય આત્માની ઉપાસના કરવી'' (બૃ. ૧.૪.૧૫), ''તે બ્રહ્મની ઉપાસના કરવી'' (તૈ. ૩.૧૦.૧૪), ''અરે, આત્માનું દર્શન કરવું જોઈએ'' (બૃ. ૨.૪.૫) વગેરે વિધિવાક્યોના અર્થ એવું બ્રહ્મજ્ઞાન પણ ધર્મ છે. ''આ પરમ ધર્મ છે કે યોગથી આત્મદર્શન કરાય છે.'' (યા.સ્મૃતિ ૧.૮) એવી સ્મૃતિ છે. સૃષ્ટિવિષયક વાક્યો અર્થવાદરૂપ છે.[૨૯] આરોપ-અપવાદના વિષયરૂપ ધર્મના પ્રતિપાદન દ્વારા એ વિધેય એવા ઉપાસના-વિષયની સ્તુતિ કરે છે.

જ્ઞાન આદિ પ્રમાણ અને વસ્તુ પર આધાર રાખે છે અને ક્રિયાથી સિદ્ધ થતું નથી એટલે એ વિધિનો વિષય નથી એમ કહેવું નહિ. બધી રીતે જ્ઞાન અસાધ્ય નથી. પ્રકાર જુદો હોય તેથી કોઈ ફેર પડતો નથી. સર્વના કારણરૂપ (ક્રિયાકલાપમાં)

પુરુષનો વ્યાપાર હોય છે. તે અહીં વૃત્તિના કે પ્રમાણના સંપાદનમાં[30] પુરુષની ક્રિયાથી સાધ્ય બને છે. નહિ તો સિદ્ધાન્તમાં પણ મનન આદિ શાસ્ત્રો વિફલ બની જાય, અને સાધનનું પ્રતિપાદન કરતી શ્રુતિનો વિરોધ આવે. બધી ક્રિયાઓના ફલનું નિરાકરણ કરે છે તેણે પણ ગુરુ પાસે જઈને જ્ઞાન માટે પ્રયત્ન કરવો પડે છે. તેથી જ્યાં વિધિનું શ્રવણ નથી હોતું ત્યાં પણ વિધિની કલ્પના કરીને બ્રહ્મપરક વાક્યોને તેના શેષભૂત કલ્પવાં જોઈએ; માટે આ મીમાંસાથી કોઈ અર્થ સરતો નથી. નહિ તો (કર્મપ્રતિપાદક વાક્યોનો) વિરોધ થાય છે.

(એકદેશી કહે છે) ભલે તેમ હોય. બ્રહ્મવિચારનો જ આરંભ કરવો જોઈએ, ધર્મવિચારનો નહિ કારણ કે (બ્રહ્મવિચાર) બધા જ વેદોનો વ્યાસ કરનાર વેદવ્યાસે કરેલો છે, તો (ધર્મવિચાર) તુચ્છ ફળ આપે છે. કલ્પસૂત્રોમાં કહ્યા મુજબ ક્રિયા સંદેહ વગર થઈ શકે છે. આચારપરંપરાથી પણ ક્રિયા કરવાનો સંભવ છે. આમ છતાં સંદેહ થાય તો કલ્પસૂત્રભાષ્ય, તથા યાજ્ઞિકોનું અનુસરણ કરાય છે, મીમાંસકનું નહિ. માટે અંગોસહિત વેદનું અધ્યયન કરનારને સંદેહરહિત ક્રિયા કરવાનો સંભવ હોવાથી પૂર્વમીમાંસાની જરૂર નથી. વળી પરમ કૃપાળુ વેદો એ સંસારીઓને સંસારથી મુક્ત કરવાના હેતુથી ચિત્તશુદ્ધિને માટે કર્મોનો બોધ આપ્યો એમ આંધળાને કૂવામાં પાડવાની માફક અપ્રામાણિકતાના ભયથી નક્કી કરાય છે. પૂર્વમીમાંસા તેનાથી વિપરીત બોધ આપે છે તેથી પણ કર્તવ્ય નથી.

(પૂર્વપક્ષી સમાધાન કરે છે) એવું નથી. શું વિચાર માત્ર ન કરવો ? કે પૂર્વકાંડનો વિચાર ન કરવો ? પ્રથમ વિકલ્પ યોગ્ય નથી કારણ કે દલીલો સરખી છે અને વિચારનું સમર્થન કરેલું છે. બીજા વિકલ્પમાં સામાન્યન્યાયથી[31] સંદેહનું નિવારણ કરવાનું હોય ત્યારે લક્ષણ ગ્રન્થોની જેમ તે ઉપયોગી છે. અનિષ્ટ તરીકેનું નિરૂપણ મીમાંસાનો દોષ નથી, પણ એ વિચારકોના સ્વભાવભેદને લીધે છે.

વળી (ધર્મવિચાર) આવશ્યક પણ છે. નિવૃત્તો માટે પણ યાગાદિનું જ્ઞાન ચિત્તશુદ્ધિ માટે આવશ્યક છે. આશ્રમભેદથી કાયિક આદિ પ્રકારભેદ થાય છે. તેમાં આશ્રયીઓમાં પ્રથમનો વાચિક, દ્વિતીય-તૃતીયનો કાયિક અને ચતુર્થનો માનસિક પ્રકાર હોય છે. તેમાં એક(મીમાંસા)થી ચરિતાર્થતા હોય તો બીજાનું શું કામ ?

(પૂર્વપક્ષીની) આ શંકાના સમાધાન માટે કહે છે. ઉપાસના ધર્મ હોવા છતાં બ્રહ્મ ધર્મ નથી, કારણ કે તે જ્ઞાનરૂપ છે, અને ધર્મ ક્રિયારૂપ છે, અર્થવાદોનો ધર્મની માફક બ્રહ્મમાં ઉપયોગ કરવો શક્ય નથી, કારણ કે એમાં ઉત્પત્તિ, પ્રકાર અને ફલનો ભેદ નથી.[32] પ્રસ્તુત વિષયમાં (બ્રહ્મના) માહાત્મ્યનાં જ્ઞાન માટે તેનો ઉપયોગ છે. જ્ઞાન માટેનો તેના ઉપયોગ વિશે ચોથા અધ્યાયમાં કહેવામાં આવશે. ઉપાસના, દર્શન આદિ શબ્દો મનોવ્યાપાર જ સમજાવે છે. વિચાર જ્ઞાન માટે કઈ રીતે ઉપયોગી છે તે આગળ જણાવાશે.

ઉપરાંત ઉપનિષદ્‌નું જ્ઞાન પણ કર્મને ઉપયોગી છે. ''જે વિદ્યા, શ્રદ્ધા કે

ઉપનિષદ્‌થી કરે છે તે વધારે શક્તિશાળી બને છે.'' (છા. ૧.૧.૧૦) તેથી જ બ્રહ્મને જાણકાર એવા જનક આદિને કર્મમાં બધા દેવોનું સાન્નિધ્ય છે નહિ તો આભાસ જ થાય. આત્મા બ્રહ્મરૂપ છે એવા વિજ્ઞાનમાં દેહાદિના અધ્યાસના અભાવે કર્તૃત્વનો અભાવ હોવાથી કર્મનો અધિકાર નથી એમ કહેવું નહિ. અધ્યાસરહિત એવા દેહાદિથી કર્મ કરવું સંભવિત છે. આથી જ જીવન્મુક્તોને પણ બધા વ્યાપારો છે. સ્મૃતિમાં કહ્યું છે-''તત્ત્વજ્ઞાની જુએ, સાંભળે, અડકે, સૂંઘે, ખાય, ગતિ કરે, શ્વાસ લે, બોલે, છોડી દે, પકડે, આંખ ઉઘાડે, મીંચે, છતાં એવા યોગીએ હું કાંઈ જ કરતો નથી એમ માનવું. ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાં રહે છે એવી ધારણા કરીને જે બ્રહ્મમાં ચિત્ત પરોવીને સંગ છોડીને કર્મ કરે તે, જેમ કમળપત્ર પાણીથી લિપ્ત થતું નથી તેમ, પાપથી લિપ્ત થતો નથી.'' (ભ.ગી. ૧૦.૮-૧૦) આમ હોવાથી બ્રહ્મવેત્તાએ જ કરેલું કર્મ શુભ ફળ આપે છે. તેથી ધર્મના વિચારકોએ પણ બ્રહ્મની જિજ્ઞાસા કરવી જોઈએ. એટલે (બ્રહ્મવિચાર) ગતાર્થ કે અનુપયોગી નથી.

(શંકા) ફલની ઇચ્છાવાળો અધિકારી હોય છે. વિચારનું શાબ્દ જ્ઞાન તે ફલ, અને તેનો અનુભવ મનન વગેરેથી થાય છે. તેનાથી અનર્થનિવારણ થતાં પરમ આનંદથી પ્રાપ્તિ થાય છે. તો પછી જે વિરક્ત, અનર્થ દૂર કરવાની ઇચ્છાવાળો અને પરપ્રેપ્સુ હોય તે અધિકારી કેમ ન બને ? ''જે શબ્દબ્રહ્મમાં નિષ્ણાત હોય તે પરમાં નિષ્ણાત ન બને તેનો શ્રમ અધેનુનું રક્ષણ કરનારની માફક નકામો છે.'' (ભાગવત ૧૧-૧૧.૧૮) ભગવાનના આ વચનથી કેવળ અર્થજ્ઞાનની નિન્દાનું શ્રવણ છે. એમ જો તમે કહો તો (સમાધાન) એવું નથી, કારણ કે ફલકામના ઉપયોગી નથી અને તે અન્યથી સમર્પિત થાય છે.[૩૩] વળી અર્થજ્ઞાન નિત્ય હોવાથી ફલની ઈચ્છાવાળો અધિકારી નથી. નિન્દારૂપ અર્થવાદ મનન આદિ વિધિને માટે છે એમ માનવું જોઈએ.

(શંકા) બ્રહ્મના વિચારની પ્રતિજ્ઞા કરી છે ત્યારે વિરોધ નિરાકરણ આદિની પ્રતિજ્ઞા થતી નથી. તે કહેવું યોગ્ય નથી એમ નથી, કારણ કે તો સંશયરહિત જ્ઞાનનો ઉદય થાય નહિ. એમ તમે કહો તો (સમાધાન) એવું નથી. ब्रह्मणः (બ્રહ્મની) એ કર્મણિ ષષ્ઠી નથી પણ શેષષષ્ઠી છે. તેથી બ્રહ્મસંબંધી, તેના જ્ઞાન માટે ઉપયોગી બધાની જ પ્રતિજ્ઞા થઈ છે એમ જાણવું. એનાથી ગૌણતા આવે કે (બ્રહ્મ) જિજ્ઞાસાનો વિષય ન બને એમ કહેવું નહિ; કારણ કે બ્રહ્મમાં સંદેહનો અભાવ છે. જે સંદિગ્ધ હોય તે જ જિજ્ઞાસાનો વિષય બને. ગૌણતા તો શબ્દથી જ છે, અર્થથી નથી.

વેદપ્રામાણ્ય દરેક તંત્રમાં સિદ્ધ હોવાથી તેનો વિચાર કરવામાં આવતો નથી.

તેથી બ્રહ્મની જિજ્ઞાસા કરવી જોઈએ એમ સિદ્ધ થયું.

ટિપ્પણ

૧. **अङ्ग** - આપણી પરંપરા છ વેદાંગો સ્વીકારે છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જ્યોતિષ્.

૨. **व्याकृति** - વ્યાકરણ. અહીં નિરુક્ત, કોશ વગેરે પણ સમજવાનાં છે.

૩. **अविहितम्** - વિધાન કર્યું નથી. મુદ્દો કાંઈક આ પ્રકારનો છે. વાક્યાર્થજ્ઞાનને માટે વિચારની અપેક્ષા નથી એ ખરું પણ પદાર્થજ્ઞાન માટે એ જરૂરી છે. શબ્દોના એકથી વધારે અર્થો છે અને એકથી વધારે વૃત્તિઓ છે. એટલે કઈ વૃત્તિનો આશ્રય લઈને કયો અર્થ લેવો તે વિચાર વિના નિશ્ચિત કરી શકાતું નથી. પણ આવા અર્થજ્ઞાનનું વિધાન કરેલું નથી. આનો જવાબ એ છે કે કારિકામાં જ્ઞેય શબ્દ વાપરેલો જ છે એટલે પદાર્થજ્ઞાન સિદ્ધ થઈ જ જાય છે.

૪. **बाधोपलब्धिः** - गीती शीघ्री... શ્લોકમાં અધમ પાઠકોની ગણના કરેલી છે. એમાં अनर्थज्ञः શબ્દ બતાવે છે કે પાઠ કરનારે પાઠ્યનો અર્થ જાણવો જ જોઈએ.

૫. **चक्षुरादिवत्** - આંખ જેવી ઇન્દ્રિયો વિવિધ કારણોસર સંદિગ્ધ અર્થ આપે છે, શબ્દ એવો સંદિગ્ધ અર્થ આપતો નથી.

૬. **स्यादेतत्** - આ એકદેશીનો મત છે.

૭. **असम्भावना** - અજ્ઞાન, विपरीतभावना - અન્યથાજ્ઞાન.

૮. **उपचरितार्थत्वम्** - દેહાત્મભાવની પ્રતીતિ દૃઢ હોવાથી જેમાં દેહથી જુદા આત્માનું વર્ણન છે એવાં શ્રુતિવાક્યોના ઉપદેશને કલ્પિત ગણવામાં આવે. स्तुतित्वम् - અથવા તો આવાં શ્રુતિવાક્યો ઉપાસનાને અંગભૂત છે એમ માનીને સ્તુતિપરક ગણવામાં આવે.

૯.**मैवम्** - એકદેશીને પૂર્વપક્ષી જવાબ આપે છે.

૧૦. **वेदयुक्तया** - વેદમાં બતાવેલી યુક્તિ અથવા વેદને અનુકૂળ યુક્તિ.

૧૧. **बोधाभाव** - તૈત્તિરીય ઉપનિષદ્માં ભૃગુને બોધ થતો નથી તેથી વરુણ કહે છે - तपसा ब्रह्म विजिज्ञासस्व । આ બોધાભાવનું દૃષ્ટાન્ત છે.

औपाधिकबोध - છાન્દોગ્ય ઉપનિષદ્માં દશમા પ્રપાઠકમાં ઇન્દ્ર-પ્રજાપતિ-સંવાદમાં આરંભમાં શરીર વગેરેને આત્મા માનવામાં આવે છે. આ ઉપાધિસહિતનો બોધ છે.

૧૨. **पूर्वाधिक्य** - तप શબ્દ આલોચનના અર્થમાં પણ છે; પણ તે અર્થ અહીં યોગ્ય નથી. તપ દ્વારા શ્રોતાએ કાંઈક વિશેષ પ્રાપ્ત કરવાનું હોય છે. જેણે વેદનું પઠન કર્યું છે તેને બીજાં સાધનો વિના પણ વિચાર કરતાં વેદાર્થ સ્ફુરે છે, એટલે વિચારથી પહેલાં કરતાં વિશેષ કાંઈ સિદ્ધ થતું નથી.

૧૩. વિદ્યા અને ધર્મના ૧૪ સ્થાનો ગણાવેલાં છે જુઓ - पुराणन्यायमीमांसा धर्मशास्त्राङ्गमिश्रिताः । वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ॥

૧૪. **समानधर्मदर्शनात्पदादिपाठवत्** - अक्ताः शर्करा उपदधाति જેવાં વાક્યોમાં અંજનના સાધન તરીકે ઘી, તેલ, વસા વગેરે સમાન છે તો કોનો ઉપયોગ કરવો ? આ સંદેહના નિવારણ માટે પૂર્વમીમાંસા જણાવે છે - संदिग्धेषु वाक्यशेषात् । અર્થાત્

વાક્યના શેષભાગથી સંદેહ દૂર કરવો. આપેલાં વાક્ય પછી અર્થવાદરૂપ વાક્ય છે - तेजो वै घृतम् । આ પરથી નિર્ણય થાય છે તે અંજનના સાધન તરીકે ઘીનો ઉપયોગ કરવો. તેવી જ રીતે देवाय ते यजमानाय शीकाय ते स्वाहा ના પદપાઠમાં देवयते અને शीकयते એમ દીર્ઘ સ્વરનો હ્રસ્વ કરેલો છે તે પ્રાતિશાખ્ય અને વ્યાકરણના નિયમથી સમજાય છે.

૧૫. **स्थूणाखननवत्** - જમીનમાં થાંભલો દાટવામાં આવે ત્યારે તેને સ્થિર કરવા માટે વધારે ને વધારે ઊંડું ખોદવામાં આવે છે. આને આધારે દઢતા માટે સ્થૂણાનિખનન ન્યાય સમજાવેલો છે.

૧૬. **व्याख्यानम्** - अथ શબ્દનું અધિકારના અર્થમાં વિવરણ કરવાનું છે, કારણ કે એમ કરવાથી વિશેષ બોધ થાય છે, કર્મનું દૃષ્ટાન્ત આપતાં દર્શપૂર્ણમાસની વાત કરી છે. કલ્પસૂત્રોમાં પ્રયોગના પ્રકાર વગેરેનું નિરૂપણ કરવાથી જેમ સંદેહ દૂર થાય છે તેમ આ મીમાંસાથી બ્રહ્મવિષયક સંદેહ નિવૃત્ત થાય છે. ત્યાં જેમ अथ શબ્દ અધિકારના અર્થમાં સમજવામાં આવે છે તેમ અહીં પણ સમજવું.

૧૭. **उच्छेद** - આનન્તર્યના અર્થમાં પૂર્વવૃત્ત નક્કી થઈ શકતું નથી, તેથી ઉચ્છેદ થાય છે.

૧૮. **मंगल** - ॐकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा । कण्ठं भित्त्वा विनिर्यातौ तस्मान्माङ्गलिकावुभौ ॥ આ શ્લોક અનુસાર अथ શબ્દ શ્રવણ માત્રથી મંગલ સિદ્ધ કરે છે એટલે એનો સ્વતંત્ર અર્થ સમજવો જરૂરી નથી.

૧૯. **अर्थान्तरोपक्रम** - એક અર્થ કહ્યા પછી બીજો અર્થ કહેવાનો આરંભ કરવો તે. આવો કોઈ અર્થ પૂર્વે કહ્યો નથી.

૨૦. **विपर्ययसंभवात्** - हृदयस्याग्रेऽवद्यति अथ जिह्वाया अथ वक्षसः । આ વાક્યમાં જેમ ક્રમનો નિયમ છે તેવો કોઈ ક્રમ અધ્યયન માટે નથી એટલે ધર્મવિચાર પછી બ્રહ્મવિચાર એવું નથી, એથી વિપરીત હોઈ શકે છે.

૨૧. **प्रत्यवायाश्रवण** - ધર્મવિચાર પછી જ બ્રહ્મવિચાર કરવો જોઈએ, એમ ન કરવામાં કોઈ હાનિ થાય એવું કોઈ સ્થળે કહ્યું નથી.

૨૨. **वैराग्यशमदमादिः** - શંકરાચાર્યને મતે नित्यानित्यवस्तुविवेक, इहामुत्रार्थफलभोगाविराग, शमदमादिसाधनसंपत् અને मुमुक्षुत्व એ ચાર પૂર્વવૃત્ત છે. તેનું ખંડન અહીં કરવામાં આવે છે.

૨૩. **न च साक्षात्कारस्तत्फलम्** - વેદાન્તનો નિર્ધાર કર્યા પછી વિચાર વ્યર્થ છે એમ કહ્યું તેમાં સંદેહ થાય છે કે અર્થનિર્ધાર પછી વિચારથી આત્મસાક્ષાત્કારરૂપ ફળ પ્રાપ્ત થાય છે. તેનું સમાધાન કરતાં કહ્યું છે કે વિચાર શબ્દ પર આધાર રાખે છે અને શબ્દ અર્થનો બોધ કરાવે છે, એનો સાક્ષાત્કાર કરાવતો નથી. 'તું દશમો છે' એ વાક્યથી પણ માત્ર અર્થબોધ થાય છે, સાક્ષાત્કાર તો વ્યક્તિ પોતાને દસમા તરીકે પ્રત્યક્ષ જુએ તેથી થાય છે.

૨૪. **मननिदिध्यासन...** - ઉપનિષદોમાં श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः । એ વાક્ય દ્વારા શ્રવણ ઉપરાંત મનન અને નિદિધ્યાસન પણ કહ્યાં છે. જો શ્રવણથી જ આત્મસાક્ષાત્કાર થતો હોય તો મનન અને નિદિધ્યાસનની વિધિઓ નિરર્થક થવાનો પ્રસંગ આવે.

૨૫. **अधिकारिभेदः** - ઉત્તમ અધિકારીને શબ્દથી સાક્ષાત્કાર થાય છે પણ મન્દ-મધ્યમને થતો નથી. તેથી એમને માટે મનન-નિદિધ્યાસન વ્યર્થ નથી. આ શંકાના ઉત્તરમાં કહ્યું છે કે શબ્દજ્ઞાનના સંદર્ભમાં આવી કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી. મન્દ અધિકારીને શબ્દનો અર્થ સમજાતો નથી એટલે મનન કરવાનું સામર્થ્ય નથી; તો મધ્યમ અધિકારીને શબ્દના અર્થનું જ્ઞાન હોવાથી મનનની જરૂર નથી.

૨૬. **प्रमाणसंकरापत्तिः** - સંકર એટલે મર્યાદાના ભંગથી થતું કાર્ય. શબ્દથી સાક્ષાત્કાર થાય એમ કહેવામાં શબ્દપ્રમાણની મર્યાદાનો ભંગ થાય છે.

૨૭. **मनसा तज्जनने...** - શબ્દનો અર્થ મનમાં સમજાતાં મનથી સાક્ષાત્કાર થાય છે એમ માનવામાં પણ મનન વગેરે વ્યર્થ થાય છે.

૨૮. **संन्यासानुपपत्तिः** - જો શબ્દથી આત્મસાક્ષાત્કાર થતો હોય તો શ્રુતિમાં જણાવેલા સંન્યાસની જરૂર નથી.

૨૯. **आरोपपापवाद...** - પૂર્વમીમાંસા અનુસાર પ્રવાહનિત્યતા સ્વીકારેલી છે. આમ જગત્ સ્વતંત્ર છે અને એના કર્તાનો અભાવ છે. તેથી ઉપાસનાના વિષયરૂપ આત્માની પ્રશંસા માટે ક્યાંક કર્તૃત્વનો આરોપ કરેલો છે તો ક્યાંક એનો અપવાદ કર્યો છે. તેવી જ રીતે ક્યાંક સર્વકામત્વ આદિનું પ્રતિપાદન છે તો ક્યાંક એનો અપવાદ છે. વાસ્તવમાં જો કર્તૃત્વ આદિ હોય તો એનો અપવાદ કરવામાં ન આવે.

૩૦. **वृत्तिसंपादने प्रमाणसंपादने वा** - વૃત્તિ એ બુદ્ધિથી જન્ય પદાર્થાન્તર છે અથવા તો બુદ્ધિનો અવસ્થાવિશેષ છે. તેને ઉત્પન્ન કરવી તે વૃત્તિસંપાદન. आवृत्तचक्षुरमृतत्वमिच्छन् કે अतो निविषयं नित्यं मनः कार्यं मुमुक्षुणा જેવાં શ્રુતિવાક્યો બતાવે છે કે ચક્ષુ, મન આદિનું સંપાદન જરૂરી છે. આ પ્રમાણ-સંપાદન છે.

૩૧. **सामान्यन्याय** - સામાન્ય સંદેહનું નિવારણ કલ્પસૂત્રોથી અને વિશેષનું નિવારણ પૂર્વમીમાંસાથી કરવું એવો ન્યાય.

૩૨. **उत्पत्तिप्रकारफलभेदानामभावात्** - અર્થવાદ માટે ત્રણ મુદ્દાઓ કહ્યા છે - ઉત્પત્તિ, પ્રકાર અને ફલ. सौर्यं चरुं ब्रह्मवर्चसकामो निर्वपेत । અહીં સૂર્ય વાદળથી ઢંકાયેલો છે, દીપ્તિવિહીન નથી એવા જ્ઞાનની ઉત્પત્તિ असावादित्यो न व्यरोचत થી થાય છે. आग्नेयमष्टाकपालं निर्वपेद्वैश्वानरं द्वादशकपालमग्निमुद्वा-सयिष्यन्यदष्टाकपालो भवति अष्टाक्षरा गायत्री । અહીં આઠ અક્ષરોમાં ગાયત્રીરૂપની કલ્પના છે. આમ આગ્નેય પુરોડાશ અષ્ટાકપાલરૂપ છે એવો પ્રકાર કહ્યો છે: वायव्यं श्वेतमालभेत

भूतिकामः । वायुर्वै क्षेपिष्ठा देवता । અહીં ભૂતિરૂપ ફલ કહ્યું છે. બ્રહ્મ નિત્ય છે એટલે ઉત્પત્તિનો પ્રશ્ન નથી. સદૈકરસ છે તેથી એમાં પ્રકાર નથી; અને એ સ્વયં ફલસ્વરૂપ છે એટલે એનું કોઈ જુદું ફલ નથી. આમ હોવાથી અર્થવાદ ધર્મની માફક બ્રહ્મમાં ઉપયોગી નથી.

૩૩. **अन्येनैव तत्समर्पणात्** - ब्रह्मविदाप्नोति परम् જેવાં વાક્યોનો અર્થ જાણવામાં આવે ત્યારે ફલકામના ઉત્પન્ન થાય છે.

किञ्च,तत्र किं लक्षणं किं प्रमाणकमिति जिज्ञासायामाह सूत्रकारः ।

जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् ॥२॥ (१-१-२)

ननु कथमत्र सन्देहः यावता 'सत्यं ज्ञानमनन्तं ब्रह्मे' त्याह श्रुतिरेव । विरुद्धं चैतत् । स्वरुपलक्षणाकथने कार्यलक्षणस्य वक्तुमशक्यत्वात् विवादाध्यासितत्वाच्च । न हि ब्रह्मणो जगत्कर्तृत्वं सर्वसम्मतम् । नचागमोदितमिति वेदमात्रस्य ब्रह्मप्रमाणकत्वं वक्तुं शक्यते । किञ्च, व्यर्थश्चैवं विचारः । लक्षणप्रमाणाभ्यां हि वस्तुज्ञानं भवति । तञ्च स्वरुपलक्षणेनैव भवतीति किमनेन, तस्मादयुक्तमुत्पश्याम इति ।

उच्यते ।

सन्देहवारकं शास्त्रं वेदप्रामाण्यवादिनाम् ।
कियाशक्तिज्ञानशक्ती सन्दिह्येते परस्थिते ॥

न हि श्रुतिं व्याख्यातुं प्रवृत्तः सूत्रकारः । किन्तु सन्देहं वारयितुम् । तत्र 'सत्यं ज्ञानमनन्तं' 'नित्यशुद्धमुक्तस्वभाव' मितिश्रुत्या कर्तृत्वादिप्रापञ्चिकधर्मराहित्यं प्रतीयते । 'यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यमिसंविशन्ती' ति कर्तृत्वञ्च ।

तत्र सन्देहः, किं ब्रह्म कर्तृ आहोस्विदकर्तृ । किं तावत् प्राप्तम् । अकर्तृ । कथम् । 'ब्रह्मविदाप्नोति पर'मिति प्रधानवाक्यं, फलसम्बन्धात् । ऋचापि विवृतं, 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन् सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिते'ति । फलार्थ च ब्रह्मज्ञानं, फलञ्च फलवाक्योक्तधर्मज्ञानादेव, नान्यथा । कर्तृत्वञ्च परविवरणतयोक्तं, परं किमित्युक्ते 'यः सर्वान्तर आनन्द' इति । कथं सर्वान्तरमित्याकाङ्क्षायां परिचयार्थ भूतभौतिकसृष्टिमुक्त्वा गौणानन्तर्य परिहृतं, गौणोपासनाफलञ्च प्रधानशेषतयोक्तम् । तत्रान्यगतकर्तृत्वारोपानुवादोऽपि सम्भवति । ततश्च 'भृगुर्वै वारुणिरि' त्युपाख्यानेऽपि परिचायकत्वात् गौणकर्तृत्वमेवानूधते फलाश्रवणादिति **पूर्वः** पक्षः ।

सिद्धान्तस्तु

उत्पत्तिस्थितिनाशानां जगतः कर्तृ वै बृहत् ।
वेदेन बोधितं तद्धि नान्यथा भवितुं क्षमम् ॥
नहि श्रुतिविरोधोऽस्ति कल्पोऽपि न विरुध्यते ।
सर्वभावसमर्थत्वादचिन्त्यैश्वर्यवद्बृहत् ॥

वेदेनैव तावत् कर्तृत्वं बोध्यते । वेदश्च परमाप्तोऽक्षरमात्रमप्यन्यथा न वदति । अन्यथा सर्वत्रैव तदविश्वासप्रसङ्गात् । नच कर्तृत्वे विरोधोऽस्ति सत्यत्वादिधर्मवत्कर्तृत्वस्याप्युपपत्तेः । सर्वथा निर्धर्मकत्वे सामानाधिकरण्यविरोधः सत्यज्ञानादिपदानां धर्मभेदेनैव तदुपपत्तेः । नच कर्तृत्वं संसारिधर्मो देहाधध्यासकृतत्वादिति वाच्यम् । प्रापञ्चिके कर्तृत्वे तथैव, नत्वलौकिककर्तृत्वे । अत एव'वास्ये' त्याह, 'अस्ये' ति पुरोवर्ती प्रपञ्च इदमा निर्दिश्यते । अनेकभूतभौतिकदेवतिर्यङ्मनुष्यानेकलोकाद्भुतरचनायुक्तब्रह्माण्डकोटिरूपस्य मनसाप्याकलपियुमशक्यरचनस्यानायासेनोत्पत्तिस्थितिभङ्गकरणं न लौकिकम् । प्रतीतञ्च निषेध्यन्नाप्रतीतं न श्रुतिप्रतीतम् । सत्यत्वादयश्च लौकिकास्ततः सर्वनिषेधे तदज्ञानमेव भवेत् । नच सत्यत्वादिकं लोके नास्त्येव व्यवहारमात्रत्वात् कारणगतसत्यत्वं प्रपञ्चे भासत इति वाच्यम् । तर्हि कर्तृत्वं तथा कुतो नाङ्गीक्रियते ? स्मृतिश्च स्वीकृता भवति 'कर्ता कारयिता हरि'रिति ॥

नचारोपन्यायेन वक्तुं शक्यं, तथा सत्यन्यस्य स्यात् । तत्र न प्रकृतेः, अग्रे स्वयमेव निषिध्यमानत्वात् । न जीवानामस्वातन्त्र्यात् । नचान्येषामुभयनिषेधादेव । तस्मात् ब्रह्मगतमेव कर्तृत्वम् । एवं भोक्तृत्वमपि । न वा काचित् श्रुतिः कर्तृत्वं निषेधति । विरोधभानात् कल्प्या तु लौकिकपरा । फलवाक्येऽप्यश्रुतानां गुणोपसंहारः कर्तव्यः ।

तथाचायं सूत्रार्थः । जन्मादिर्येषामित्यवयवसमासादतद्गुणसंविज्ञानो बहुब्रीहिः, अथवा जन्मप्रभृति सर्वे भावविकाराः 'आदि'शब्देन गृह्यन्ते । तथा च जन्म च आदिश्चेत्येकवद्भावः । आदिशब्दश्च धर्मवाची स च स्वसम्बन्धिनं लक्षयति । तस्योभयसापेक्ष-त्वादुत्पत्तेर्विद्यमानत्वादन्यानेव भावविकारानुपलक्षयतीत्यादिशब्देनान्ये भावविकाराः ॥

अथवा जन्मनोऽनादित्वं, तदाधारस्य पूर्वमविद्यमानत्वात् । अन्ये त्वादिमन्तः तदाधारस्य पूर्व विद्यमानत्वात् । अत आदिशब्दः स्वाधारसद्धर्मवाची तद्धर्माणामुपलक्षकः । अथवा गमनप्रवेशयोर्भेदात् जन्म आदिर्येषामिति जात्यपेक्षया एकवचनम् । जन्म तु श्रुतत्वात् सिद्धम् ।

अथवा किमनया कुसृष्ट्या । जन्म आद्यस्य आकाशस्य यत इति । तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूत' इत्येव विचार्यते । फलसम्बन्धित्वात् । तेनैकत्र सिद्धः शास्त्रार्थः प्रकारान्तरेपि । 'यतो वा इमानी'त्यत्र विस्फुलिङ्गवत् सर्वोत्पत्तिः अत्र तु क्रमेणेति विशेषः । एतेन सर्व एव प्रकाराः सूचिता वेदितव्याः । ब्रह्मविचारे ब्रह्मणोप्यधिकृतत्वात् तद् ब्रह्मेत्यायाति नत्वध्याहारः ।

शास्त्रे योनिः शास्त्रयोनिः शास्त्रोक्तकारणात्वादित्यर्थः । शास्तीति शास्त्रं वेदः । सामान्यग्रहणं पूर्वकाण्डे पूर्वसृष्टिवाक्यानां सङ्ग्रहार्थम् । यथास्यैव कारणत्वन्नान्यथा तथोपरिष्टाद्वक्ष्यामः । मतान्तरवज्जन्मादीनान्न विकारित्वं किन्त्वाविर्भावतिरोभावावेव । तथोत्तरत्र वक्ष्यते । तदनन्यत्वाधिकरणे । नामलीलाया अपि न पृथङ्निरुपणं प्रपञ्चमध्यपातात् ।

〈 केचित् पृथग्रूपनामप्रपञ्चकर्तृत्वं योगविभागेन प्रतिज्ञाय समन्वयादिसूत्रेष्वेव हेतून् वर्णयन्ति । अन्वयसिध्यर्थञ्च अतति व्याप्नोतीति अत्, शास्त्रे योनित्वं प्राप्तं तदिति । नैतत् सूत्रकारसम्मतमिति प्रतिभाति । तस्मात् सर्वज्ञत्वं सर्वशक्तिमत्त्वञ्च सिद्धं निरङ्कुशजगत्कर्तृत्वेन ।〉

ननु न सर्वो वेदो ब्रह्मणो जगत्कर्तृत्वे मानम् । तपोयज्ञादिप्रयुक्तप्रजापतिप्रभृतीनामेव जगत्कारणत्वस्य पूर्वकाण्डे तत्तदुपाख्यानेष्ववगम्यमानत्वात् । नचावान्तरकारणत्वं, परस्याश्रवणात् । उत्तरकाण्डे तु द्वयप्रतिपादनाद्विरोधः सन्देहश्च । मीमांसायाः सन्देहनिवारकत्वेऽप्येकांशस्याप्रामाण्यं स्यात् । उभयसमर्थने शास्त्रवैफल्यं वा । वेदप्रामाण्यादेव तत्सिद्धेः, बाधितार्थवचनं वेदे नास्तीत्यवोचाम ।

किञ्च, वेदान्ताः किं वेदशेषा वेदा वा । नाद्यः अनुपयोगात् । अनारभ्याधीतत्वेन तदुपयोगित्वे पूर्वकाण्डविचारेणैव गतार्थत्वं विद्या-प्रवेशश्च । न द्वितीयः यज्ञाप्रतिपादनात् मन्त्रब्राह्मणत्वाभावाच्च । तस्माद्वेदोषरा वेदान्ता इति तेषां किं स्यादिति चेत्, मैवं, अस्ति तावद्वेदत्वमध्ययनादिभ्यः स्मरणाच्च । प्रमाणञ्च सर्वोऽपि वेदः स्वार्थे । स च न यज्ञश्चेद्ब्रह्म भवतु । नचैतावता अवेदत्वमतिप्रसङ्गात् । शक्यते ह्यग्निहोत्रादीनामन्यतरदनन्तर्भाव्य तथा वक्तुम् । तस्मात् ब्रह्मापि प्रतिपादयन्तो वेदान्ता वेदत्वं न व्यभिचरन्तीति । मन्त्रब्राह्मणरुपत्वं चोत्पश्यामः । ऋगेव मत्रः । ब्रह्मप्रतिपादकं ब्राह्मणम् तच्छेषाः सृष्टयादिप्रतिपादकाः । यद्यपि न विधीयते तथापि तादृशमेव ज्ञानं फलायेति युक्तमुत्पश्यामः । पूर्ववैलक्षण्यन्तु भूषणाय ।

काण्डद्वयस्यान्योन्योपकारित्वाय साधारण-ग्रहणम् । 'यदेव विद्यया करोती'त्यादिना पूर्वशेषत्वं **सर्वस्य** । 'तमेवं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ती' त्यादिना सर्वस्योत्तरशेषत्वं, कर्मब्रह्मणोः क्रियाज्ञानयोर्धर्मिपरत्वेनैक्यात् कर्तृवाक्येषु सर्वत्र न विरोधः । तस्माच्छास्त्रयोनित्वं सिद्धम् ।

केचिदत्र जन्मादिसूत्रं लक्षणत्वादनुमानमिति वर्णयन्ति । अन्ये पुनः श्रुत्यनुवादकमाहुः । सर्वज्ञत्वाय श्रुत्यनुसार्यनुमानञ्च ब्रह्मणि प्रमाणमिति । तत्तु 'तन्त्वौपनिषदं पुरुषं पृच्छामी'ति केवलोपनिषद्वेद्येत्वात् उपेक्ष्यम् । अनधिगतार्थगन्तृत्वात् प्रमाणस्य । मनननिदिध्यासनयोः श्रवणाङ्गत्वम् । सन्देहवारकत्वात् शास्त्रस्यापि तदङ्गत्वमिति ॥२॥

॥इति जन्माद्यधिकरणम् ॥

અધિકરણ-૨

જન્માદ્યધિકરણ

સૂત્ર ૧.૧.૨

સૂત્ર-૨ : (બ્રહ્મનું) શું લક્ષણ અને શું પ્રમાણ છે તેની જિજ્ઞાસાના સમાધાન માટે સૂત્રકાર કહે છે -

આ (જગત્)ના જન્મ આદિ જેમાંથી છે તે (બ્રહ્મ છે) કારણ કે શાસ્ત્રમાં એને યોનિ તરીકે કહ્યું છે.

(પૂર્વપક્ષી શંકા કરે છે) જ્યારે ''બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનન્ત છે'' (તૈ. ૨.૧) એમ શ્રુતિએ જ કહ્યું છે ત્યારે એમાં સંદેહ કેવી રીતે થાય ? વળી આ વિરુદ્ધ છે. કારણ કે સ્વરૂપલક્ષણ કહ્યા વગર કાર્યલક્ષણ કહેવું અયોગ્ય છે. ઉપરાંત એ

વિવાદાસ્પદ છે. બ્રહ્મ જગત્નું કર્તા છે એ સર્વસંમત નથી. શ્રુતિમાં કહ્યું છે એમ કહેવાથી વેદમાત્ર બ્રહ્મ માટે પ્રમાણભૂત છે એમ કહેવું શક્ય નથી. ઉપરાંત આ વિચાર વ્યર્થ છે. લક્ષણ અને પ્રમાણથી વસ્તુનું જ્ઞાન થાય છે. તે સ્વરૂપ લક્ષણથી જ થાય છે, તો આ લક્ષણથી શું ? તેથી અમને યોગ્ય લાગતું નથી.

સમાધાનમાં કહેવાય છે -

વેદનું પ્રામાણ્ય સ્વીકારનારાઓ માટે શાસ્ત્ર સંદેહનું નિવારણ કરે છે. પરબ્રહ્મમાં રહેલી ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ વિશે સંદેહ થાય છે.

સૂત્રકારની પ્રવૃત્તિ શ્રુતિના વ્યાખ્યાન માટે નથી પણ સંદેહના નિવારણ માટે છે. તેમાં ''બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનન્ત છે'' (તૈ. ૨.૧), ''નિત્ય શુદ્ધ મુક્ત સ્વભાવ'' (નૃ. તા. ૯) વગેરે શ્રુતિવાક્યોથી બ્રહ્મ કર્તૃત્વ આદિ પ્રાપંચિક ધર્મોથી રહિત છે એમ પ્રતીત થાય છે. ''અથવા જેમાંથી આ ભૂતો જન્મે છે, જેનાથી જન્મ પામેલા જીવે છે, જેની પાસે જાય છે અને પ્રવેશ કરે છે'' (એવાં વાક્યોમાં) કર્તૃત્વ (પ્રતીત થાય છે.)

તેમાં સંદેહ થાય છે. બ્રહ્મ કર્તૃ છે કે અકર્તૃ છે ? શું પ્રાપ્ત થયું ? (પૂર્વપક્ષી) અકર્તૃ. શાથી ? ''બ્રહ્મવેત્તા પર પ્રાપ્ત કરે છે.'' (તૈ. ૨.૧) આ પ્રધાન વાક્ય છે કારણ કે એને ફલ સાથે સંબંધ છે. ઋચાથી પણ સમજાવેલું છે. ''બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનન્ત છે. પરમ વ્યોમમાં ગુહામાં સ્થિત (એને) જે જાણે છે તે વિપશ્ચિત્ એવા બ્રહ્મ સાથે બધા કામનો ભોગ કરે છે.'' (તૈ. ૨.૧) બ્રહ્મજ્ઞાન ફલને માટે છે. ફલવાક્યમાં કહેલા ધર્મના જ્ઞાનથી જ ફલ પ્રાપ્ત થાય છે, બીજી રીતે નહિ. પરંતુ વિવરણ કરતાં કર્તૃત્વ કહ્યું છે. પર શું તેના જવાબમાં કહ્યું છે - જે સર્વને આન્તર આનન્દ છે. એ સર્વને આન્તર કેવી રીતે એની આકાંક્ષા માટે પરિચય અર્થે ભૂતભૌતિકસૃષ્ટિ કહીને ગૌણના આનન્તર્યનો પરિહાર કર્યો છે. ગૌણની ઉપાસનાનું ફલ પ્રધાનના અંગભૂત તરીકે કહ્યું છે. તેમાં બીજામાં રહેલા કર્તૃત્વનો આરોપ પણ કહેવામાં આવે એ સંભવ છે. પછી ભૃગુ વારુણિના ઉપાખ્યાનમાં (તૈ. ૩.૧) પરિચય કરાવનાર હોવાથી ગૌણનું કર્તૃત્વ જ કહેલું છે. કારણ કે ત્યાં ફલનું શ્રવણ નથી. એવો પૂર્વપક્ષ[1] છે.

સિદ્ધાન્ત આ પ્રમાણે છે -

બ્રહ્મ ખરેખર જગત્ના ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું કર્તૃ છે. તે વેદથી કહેવાયું છે, બીજી રીતે સમજવું શક્ય નથી. શ્રુતિનો વિરોધ નથી, કલ્પસૂત્ર પણ વિરુદ્ધ નથી. સર્વભવનસમર્થ હોવાથી બ્રહ્મ અચિન્ત્ય ઐશ્વર્યવાળું છે.

વેદથી કર્તૃત્વનો બોધ થાય છે. પરમ આપ્ત એવા વેદ અક્ષર માત્ર પણ અન્યથા કહે નહિ. નહિ તો બધે જ અવિશ્વાસનો પ્રસંગ આવે. વળી કર્તૃત્વમાં વિરોધ નથી. સત્યત્વ આદિ ધર્મોની માફક કર્તૃત્વ પણ ઉપપન્ન છે. જો બ્રહ્મ સર્વથા નિર્ધર્મક હોય તો સામાનાધિકરણ્યનો[2] વિરોધ આવે. સત્ય, જ્ઞાન વગેરે પદોને જુદા ધર્મો તરીકે

સમજવાથી તે (સામાનાધિકરણ્ય) સ્વીકારી શકાય છે. દેહાદિના અધ્યાસથી થયેલો હોવાથી કર્તૃત્વ સંસારીનો ધર્મ છે એમ કહેવું નહિ. પ્રાપંચિક કર્તૃત્વમાં તેવું હોય પણ અલૌકિક કર્તૃત્વમાં તેમ નથી. તેથી જ (સૂત્રમાં) 'આનું' એમ કહ્યું છે. 'આનું' શબ્દ આગળ રહેલા પ્રપંચનો નિર્દેશ કરે છે. અનેક ભૂત, ભૌતિક, દેવ; તિર્યઞ્ચ, મનુષ્ય, અનેક લોકની અદ્ભુત રચનાવાળા બ્રહ્માંડકોટિરૂપ (પ્રપંચ)ની રચના મનથી પણ વિચારી શકાય એમ નથી, (તેથી) અનાયાસ ઉત્પત્તિ, સ્થિતિ અને ભંગનું કાર્ય લૌકિક નથી. જેની પ્રતીતિ થાય છે તેનો નિષેધ કરવો જોઈએ, જે અપ્રતીત છે કે શ્રુતિપ્રતીત છે તેનો નહિ. સત્યત્વ વગેરેને જો લૌકિક ગણવામાં આવે તો સર્વનો નિષેધ થતાં તેનું (બ્રહ્મનું) અજ્ઞાન જ થાય. સત્યત્વ વગેરે જગત્‌માં નથી જ, એ વ્યવહાર માત્ર છે અને કારણમાં રહેલું સત્યત્વ પ્રપંચમાં ભાસે છે એમ કહેવું નહિ. તો પછી તે રીતે કર્તૃત્વનો સ્વીકાર કેમ નથી કરાતો ? વળી સ્મૃતિનો પણ સ્વીકાર થાય છે - ''હરિ કરનાર અને કરાવનાર છે.''

આરોપન્યાયથી આ કહેવું શક્ય નથી. તેમ હોય તો (કર્તૃત્વ) બીજાનું થાય. તેમાં પ્રકૃતિનું (કર્તૃત્વ) નથી, કારણ કે આગળ ઉપર જાતે જ નિષેધ કરવાનો છે. જીવોનું નથી, કારણ કે (જીવો) સ્વતંત્ર નથી. બીજાં[3] (કારણો)નું પણ નથી કારણ કે ઉભય (ચિત્ અને જડ)નો નિષેધ છે. માટે બ્રહ્મમાં જ કર્તૃત્વ છે. તે જ રીતે ભોક્તૃત્વ[4] પણ છે. કોઈ શ્રુતિ કર્તૃત્વનો નિષેધ કરતી નથી. વિરોધ દેખાય છે તે લૌકિક કર્તૃત્વ માટે સમજવાનો છે. ફલવાક્યમાં શ્રવણ ન કરાયેલા ગુણોનો પણ ઉપસંહાર કરવો જોઈએ.

તો સૂત્રનો અર્થ આ પ્રમાણે છે.[5] જન્મ આદિ જેનો છે તે એમ અવયવ-સમાસથી અતદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ છે. અથવા જન્મથી માંડીને બધા ભાવવિકારોનું આદિ શબ્દથી ગ્રહણ કરાય છે. તે રીતે જન્મ અને આદિ એમ એકવદ્‌ભાવ છે. આદિ શબ્દ ધર્મવાચક છે. તે પોતાની સાથે સંબંધ રાખનારને લક્ષિત કરે છે. તે ઉભય સાપેક્ષ હોવાથી તથા ઉત્પત્તિ વિદ્યમાન હોવાથી અન્ય ભાવવિકારોને ઉપલક્ષિત કરે છે; એમ આદિ શબ્દથી બીજા ભાવવિકારો સમજવાના છે.

અથવા જન્મનું આદિત્વ નથી, કારણ કે તેનો આધાર પૂર્વે વિદ્યમાન નથી. બીજા આદિમાન છે કારણ કે તેમનો આધાર પૂર્વે વિદ્યમાન છે. તેથી પોતાના આધારમાં રહેતા ધર્મનો વાચક આદિ શબ્દ તે ધર્મોને ઉપલક્ષિત કરે છે. અથવા ગમન અને પ્રવેશના ભેદથી જન્મ આદિ છે જેનો એમ જાતિની અપેક્ષાએ એકવચન છે. જન્મ તો શ્રુતિથી સિદ્ધ છે.

અથવા આ કુસૃષ્ટિથી શું ? આદ્ય આકાશનો જન્મ જેમાંથી છે તે. ''તેથી આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'' (તૈ. ૨.૧) એમ વિચારવામાં આવે છે, કારણ કે એને ફલ સાથે સંબંધ છે. તેથી એક રીતે સિદ્ધ થયેલો શાસ્ત્રનો અર્થ બીજા પ્રકારથી પણ સમજી શકાય. ''જેમાંથી આ ભૂતો'' (તૈ. ૩.૧) એ વાક્યમાં વિસ્ફુલિંગની

માફક સર્વની ઉત્પત્તિ કહી છે તો અહીં ક્રમથી (કહી છે) એટલો ફેર છે. આમ બધા પ્રકારોનું સૂચન જણાવાય છે. બ્રહ્મવિચારમાં બ્રહ્મ અધિકૃત હોવાથી બ્રહ્મ સમજવાનું છે, એનો અધ્યાહાર કરવાનો નથી.

શાસ્ત્રમાં યોનિ તે શાસ્ત્રયોનિ. શાસ્ત્રમાં કારણ તરીકે કહ્યું હોવાને લીધે. શાસન કરે તે શાસ્ત્ર, વેદ, પૂર્વકાંડમાં પૂર્વસૃષ્ટિ વાક્યોનો સંગ્રહ કરવા માટે સામાન્યનું ગ્રહણ કરેલું છે.[૭] એ જ કારણ છે, બીજું નહિ તે આગળ કહીશું. બીજા મતોની માફક જન્મ વિકાર નથી, પણ આવિર્ભાવતિરોભાવ જ છે તે આગળ તદનન્ય અધિકરણ (૨.૧.૧૪-૧૬)માં કહેવાશે. નામલીલા પણ પ્રપંચમાં આવતી હોવાથી એનું જુદું નિરૂપણ કહ્યું નથી.

કેટલાક રૂપપ્રપંચ અને નામપ્રપંચને જુદા ગણતાં યોગવિભાગથી પ્રતિજ્ઞા કરીને સમન્વય આદિ સૂત્રોમાં હેતુઓનું વર્ણન કરે છે. અન્વયની સિદ્ધિ માટે अतति - જે વ્યાપે છે તે अत् । શાસ્ત્રમાં યોનિત્વ પ્રાપ્ત થયું છે તે. આ સૂત્રકારને સંમત હોય એમ લાગતું નથી.

આમ નિરંકુશ જગત્કર્તૃત્વ દ્વારા બ્રહ્મ સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છે એવું સિદ્ધ થયું.

(પૂર્વપક્ષી શંકા કરે છે કે) બ્રહ્મના જગત્કર્તૃત્વમાં આખો વેદ પ્રમાણ નથી. પૂર્વકાંડમાં તે તે ઉપાખ્યાનોમાં તપ અને યજ્ઞથી યુક્ત પ્રજાપતિ[૮] વગેરે જગત્‌ના કારણ છે એમ સમજાય છે. આ અવાન્તર કારણ નથી કારણ કે બીજાં કારણોનું શ્રવણ નથી. ઉત્તરકાંડમાં બન્નેનું (કર્તૃત્વ અને અકર્તૃત્વ) પ્રતિપાદન હોવાથી વિરોધ અને સંદેહ થાય છે. મીમાંસા સંદેહનિવારક હોવા છતાં એક અંશનું અપ્રામાણ્ય થઈ જાય; અથવા તો બન્નેનું સમર્થન કરતાં શાસ્ત્ર વિફલ બને. વેદના પ્રામાણ્યથી જ તે સિદ્ધ થાય છે. વેદમાં બાધિત અર્થવાળું વચન નથી એમ અમે કહ્યું છે.

વળી વેદાન્તો વેદના શેષભાગ છે કે વેદ છે ? પ્રથમ નથી, કારણ કે એનો ઉપયોગ નથી. આરંભ કર્યા વિના અધ્યયન કરવાથી તેનો ઉપયોગ છે એમ માનો તો પૂર્વકાંડના વિચારમાં એ આવી જાય છે. વિદ્યાઓમાં એનો પ્રવેશ થાય.[૯] બીજું નથી કારણ કે યજ્ઞનું પ્રતિપાદન નથી અને મંત્ર તથા બ્રાહ્મણ નથી.[૧૦] માટે વેદાન્તો વેદના રણપ્રદેશ જેવા છે તો તેમનાથી શું થાય ?

(સિદ્ધાન્તી કહે છે) એમ નથી. (વેદાન્તોમાં પણ) વેદત્વ છે. (એનું) અધ્યયન વગેરે (વેદની રીતે) થાય છે અને (વેદ તરીકે) એની સ્મૃતિ છે. આખો વેદ પોતાના અર્થમાં પ્રમાણ છે. તે યજ્ઞ નહિ તો બ્રહ્મ હોય. એટલા માત્રથી એ વેદ નથી એવું નથી, કારણ કે અતિપ્રસંગ થાય છે.[૧૧] અગ્નિહોમ આદિમાંથી કોઈનો સમાવેશ કર્યા વિના તેમ કહેવું શક્ય છે. એટલે બ્રહ્મનું પ્રતિપાદન કરનારા વેદાન્તોમાં પણ વેદત્વનો વ્યભિચાર નથી. મંત્ર અને બ્રાહ્મણનું રૂપ પણ આપણે જોઈએ છીએ. ઋચા જ મંત્ર છે.[૧૨] બ્રહ્મનું પ્રતિપાદન કરે તે બ્રાહ્મણ. સૃષ્ટિ વગેરેનું પ્રતિપાદન કરનાર વાક્યો તેના શેષભૂત છે. પૂર્વકાણ્ડથી ભેદ તો એનું ભૂષણ છે.

બન્ને કાંડ પરસ્પર ઉપકારક હોવાથી સાધારણ (અર્થમાં શાસ્ત્ર શબ્દનું) ગ્રહણ કરેલું છે. ''જે વિદ્યાથી કરે છે.'' (છા. ૧.૧.૧૦) જેવાં વાક્યો બતાવે છે કે બધું પૂર્વભાગને શેષભૂત છે, તો ''તે વેદના અનુવચન દ્વારા બ્રાહ્મણો જાણવાની ઈચ્છા કરે છે'' (બૃ. ૪-૪.૨૨) એવાં વાક્યો દર્શાવે છે કે બધું ઉત્તર ભાગને શેષભૂત છે. કર્મ અને બ્રહ્મનાં ક્રિયા અને જ્ઞાન ધર્મો પરત્વે એક હોવાથી કર્તૃત્વવાચક વાક્યોમાં ક્યાંય વિરોધ નથી. આમ હોવાથી શાસ્ત્રયોનિત્વ સિદ્ધ થયું.

અહીં જન્માદિસૂત્ર લક્ષણ હોવાથી કેટલાક એને અનુમાન તરીકે વર્ણવે છે.[૧૩] બીજા કેટલાક શ્રુતિને અનુવાદક છે એમ કહે છે.[૧૪] (બ્રહ્મના) સર્વજ્ઞત્વ માટે શ્રુતિને અનુસરતું અનુમાન બ્રહ્મમાં પ્રમાણ છે એમ (માને છે) તે ''હું તે ઔપનિષદ પુરુષ વિશે પૂછું છું'' એમ બ્રહ્મ (બ્રહ્મ) માત્ર ઉપનિષદ્થી સમજાય એમ હોવાથી[૧૫] તેની ઉપેક્ષા[૧૬] કરવી. પ્રમાણ અનધિગત અર્થ સમજાવે છે. મનન અને નિદિધ્યાસન શ્રવણને અંગભૂત છે.[૧૭] સંદેહનિવારક હોવાથી શાસ્ત્ર પણ તેને અંગભૂત છે.

ટિપ્પણ

૧.૧.૨.

૧. **पूर्वः पक्षः** - પૂર્વપક્ષીને મતે જેમાં ફલ કહ્યું છે તે પ્રધાન વાક્ય છે. ફલ વાક્યમાં સત્ય, જ્ઞાન આદિ ધર્મો કહ્યા છે, કર્તૃત્વ કહ્યું નથી. ખરેખર કર્તૃત્વ ગૌણ એટલે કે કાર્યબ્રહ્મનું છે. અહીં પ્રકૃતિ આદિના કર્તૃત્વનો આરોપ પણ સમજી શકાય.

૨. **सामानाधिकरण्यविरोधः** - જ્યારે બે કે તેથી વધારે શબ્દો એક જ પદાર્થ માટે વપરાતા હોય તેને સામાનાધિકરણ્ય કહેવાય છે. **सत्यं ज्ञानमनन्तं ब्रह्म** એ વાક્યમાં સત્ય, જ્ઞાન અને અનન્ત શબ્દો બ્રહ્મને માટે વપરાયા છે અને બ્રહ્મના ધર્મો બતાવે છે. જો બ્રહ્મ સર્વથા નિર્ધર્મક હોય તો આ સામાનાધિકરણ્ય બંધબેસતું નથી. ઈતરવ્યાવૃત્તિનો અર્થ લઈએ તો તેમાં પણ ધર્મભેદ તો સ્વીકારવો જ પડે.

૩. **अन्येषाम्** - બીજાં શાસ્ત્રઓમાં જુદાં જુદાં કારણો કહ્યાં છે. પુરુષોત્તમજી અભાવ, કાલ, સ્વભાવ, ભૂત, ગ્રહ, લોકપાલ આદિ નોંધે છે. ગોપેશ્વરજી. આદિ શબ્દથી કામ સમજે છે.

૪. **भोक्तृत्वम्** - ''सोऽश्नुते सर्वात्कामान्सह ब्रह्मणा विपश्चिता । એ વાક્યમાં મુક્ત જીવોનું ભોક્તૃત્વ કહ્યું છે તે પણ બ્રહ્મ સાથેના સંબંધને લીધે છે એટલે બ્રહ્મનું જ છે.

૫. **सूत्रार्थः** - આચાર્ય સૂત્રને ચાર પ્રકારે સમજાવે છે :

(क) जन्म आदिः येषां ते એ રીતે વિગ્રહ કરીને અનદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમજવાનો છે. બહુવ્રીહિ સમાસના બે પ્રકાર છે : તદ્ગુણસંવિજ્ઞાન અને અતદ્ગુણસંવિજ્ઞાન. જો વિશેષ્યની સાથે વિશેષણ પણ આવી જતું હોય તો પહેલો પ્રકાર બને છે. જેમ કે शुक्लवाससम् आनय - સફેદ કપડાંવાળાને લઈ આવ. અહીં તે વ્યક્તિ ઉપરાંત તેનાં સફેદ કપડાં પણ આવી જાય છે. જો વિશેષ્ય સાથે વિશેષણ

આવતું ન હોય તો બીજો પ્રકાર થાય છે; જેમ કે चित्रगुः आगच्छति । વિવિધ રંગની ગાયોવાળો આવે છે, અહીં માત્ર તે વ્યક્તિ આવે છે, ગાયો આવતી નથી. પ્રસ્તુત સમાસમાં ''જન્મ જેનો પ્રથમ અવયવ છે તે'', અહીં आदि નો અર્થ પ્રથમ એવો કરવાનો છે, વગેરે એવો કરવાનો નથી. આમ જગત્‌નો પ્રથમ આવિર્ભાવ જેમાંથી છે તે. શ્રી ગોપેશ્વરજી સમજાવે છે તેમ અહીં અવયવ અને અવયવીનો સમાસ નથી તેથી આ અતદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ છે.

(ख) जन्म च आदिश्च । આમ आदि શબ્દને जन्म સાથે च થી જોડતાં એકવદ્‌ભાવ થાય છે; સાદી ભાષામાં દ્વન્દ્વ સમાસ થાય છે. અહીં आदि શબ્દથી બીજા ભાવવિકારો સમજવાના છે. નિરુક્તમાં વાર્ષ્યાયણિનો મત આપતાં કહ્યું છે કે છ ભાવવિકારો છે - जायते, अस्ति, विपरिणमते, वर्धते, अपक्षीयते અને नश्यति । અહીં आदि શબ્દ ધર્મવાચક છે અને બધા જ ભાવવિકારોનો નિર્દેશ કરે છે, પણ जन्म શબ્દ સમાસમાં વપરાયો હોવાથી બીજા ભાવવિકારો સમજવાના છે. આ અર્થ લેવામાં એક મુશ્કેલી છે કે आदि શબ્દનો લાક્ષણિક અર્થ લેવો પડે. વળી जन्म નો અર્થ પણ आदि માં સમાઈ જાય છે, છતાં जन्म નો જુદો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી आदि શબ્દ જુદી રીતે સમજી શકાય. जन्म નો આધાર પહેલાં હોતો નથી તો બીજા ભાવવિકારોનો આધાર વિદ્યમાન હોય છે. આમ જન્મ આદિ નથી, તો બીજા ભાવવિકારો आदिमत् છે.

(ग) जन्म आदिः येषाम् । શ્રુતિમાં કહ્યું છે - यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यं प्रयन्त्यभिसंविशान्ति । અહીં જન્મ, જીવન, ગમન અને પ્રવેશ એમ ચાર મુદ્દાઓ કહ્યા છે. તેમાં ગમન એટલે આવિર્ભાવરૂપની ઉત્પત્તિ તથા પ્રવેશ એટલે ભંગ. આ બેનો ભેદ દર્શાવ્યો છે, તેને આધારે ''જન્મ આદિ છે જેમનો'' એવો વિગ્રહ થાય છે. આ બહુવચન હોવાથી जन्मादयः થવું જોઈએ પણ જાતિની અપેક્ષાએ એકવચન છે. આ તદ્‌ગુણ- સંવિજ્ઞાન બહુવ્રીહિ છે. કારણ કે એમાં ચારેનો સંગ્રહ કરવામાં આવે છે.

(घ) સૂત્રમાં जन्मादि + अस्य એમ સમાસ તથા સંધિ સમજવાને બદલે जन्म + आद्यस्य એમ સંધિ સમજતાં ''જેમાંથી પ્રથમ એટલે કે આકાશની ઉત્પત્તિ થાય છે તે'' એવો અર્થ કરી શકાય. तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । એ શ્રુતિવાક્યનો આધાર લેવામાં આવે છે. આ અર્થમાં વિષય વાક્ય બદલાય છે એ ખરું પણ તેથી કોઈ હાનિ નથી, કારણ કે એમાં માત્ર પ્રકારભેદ છે. यतो वा इमानि... અનુસાર સર્વની વિસ્ફુલિંગવત્ ઉત્પત્તિ છે તો तस्माद्वा एतस्माद् અનુસાર ક્રમસૃષ્ટિ છે.

આચાર્યશ્રી કહે છે કે આમ બધા જ પ્રકારો સમજી શકાય છે. ટીકાકારો અનુસાર क માં આપેલો અર્થ પુષ્ટિસૃષ્ટિવિષયક છે, ख માંનો અર્થ પ્રવાહસૃષ્ટિ અંગેનો છે તો ग મર્યાદાસૃષ્ટિનો અર્થ આપે છે. घ માં ક્રમસૃષ્ટિ છે એ ઉપર જણાવેલું જ છે.

૬. **सामान्यग्रहणम्** - અહીં શાસ્ત્ર શબ્દ આખા વેદ માટે છે, માત્ર ઉત્તરકાંડ

માટે નથી, કારણ કે પૂર્વકાંડમાં ભાવવૃત્તસૂક્ત વગેરેમાં સૃષ્ટિની જે વાત છે તે પણ અહીં સમજવાની છે.

૭. **केचित्** - આ શંકરાચાર્યનો મત છે. એમને મતે જન્માદિ અધિકરણમાં ૧૦ સૂત્રો છે એમ પુરુષોત્તમજી કહે છે. પુરુષોત્તમજીનો અભિપ્રાય કઈ રીતે સ્વીકારી શકાય તે ગોપેશ્વરજી સમજાવે છે.

૮. **प्रजापतिप्रभृतीनाम्** - પૂર્વકાંડમાં જુદાં જુદાં ઉપાખ્યાનોમાં પ્રજાપતિ વગેરેને કર્તા કહ્યા છે. જેમ કે - प्रजापतिरकामयत प्रजाः सृजेयेति स तपोऽतप्यत स सर्पानसृजत् । તથા आपो वा इदमग्रे सलिलमासीत् । तस्मिन्प्रजापतिर्वायुर्भूत्वाऽऽचरत् । તેવી જ રીતે પુરાણોમાં પણ વિવિધ કથાઓ મળે છે.

૯. **विद्याप्रवेशश्च** - જેમ સ્મૃતિઓ, ગૃહ્યસૂત્રો વગેરે ઉપયોગી છે તેમ વેદાન્તો પણ વેદને ઉપયોગી થાય છે. જેમ કે अष्टवर्षं ब्राह्मणमुपनीयत तमध्यापयीत જેવાં વાક્યો ઉપનયન માટે ઉપયોગી છે તેવી જ રીતે यदेव विद्यया करोति જેવાં વાક્યો વેદોક્ત કર્મમાં ઉપયોગી છે. આમ સ્મૃતિઓની માફક વેદાન્તોને પણ વિદ્યા ગણી શકાય.

૧૦. **मन्त्रब्राह्मणत्वाभावात्** - વેદ મંત્ર અને બ્રાહ્મણનો સમુદાય છે. પ્રયોગકાલે અનુષ્ઠાનને ઉપયોગી અર્થનું સ્મરણ કરાવનાર તે મંત્ર અને બાકીનું તે બ્રાહ્મણ. હવે વેદાન્તોમાં વિધિ જ ન હોવાથી મત્ર કે બ્રાહ્મણનો અભાવ છે. જેમ રણમાં કાંઈ ઉત્પન્ન થતું નથી તેમ વેદાન્ત પણ નામમાત્રથી વેદ કહેવાય છે, અને અનુપયોગી છે. આથી જ એમને વેદોષર કહ્યા છે.

૧૧. **अतिप्रसंगात्** - અતિપ્રસંગ એટલે મર્યાદા ઓળંગાય એવો પ્રસંગ આવે તે. યજ્ઞનું પ્રતિપાદન થાય તેને જ વેદ કહેવાય એ વધારે પડતું છે. જેમાં અગ્નિહોત્ર વગેરેમાંથી કોઈનો પણ સમાવેશ નથી તેને પણ વેદ કહેવો શક્ય છે.

૧૨. **ऋगेव मन्त्रः** - ઉપર મંત્રનો જે અર્થ આપ્યો છે તે પૂર્વમીમાંસાને આધારે છે. વેદાન્તમાં તો सत्यं ज्ञानमनन्तं બ્રહ્મ જેવી ઋચાઓ જ મંત્ર છે. વળી બ્રાહ્મણનો અર્થ પણ જે બ્રહ્મનું પ્રતિપાદન કરે તે એવો કર્યો છે. આમ મંત્રબ્રાહ્મણાત્મક હોવાથી વેદાન્ત પણ વેદ જ છે.

૧૩. **अनुमानम्** - જન્માદિસૂત્ર બ્રહ્મનું લક્ષણ આપે છે તેથી વૈશેષિકો અને નૈયાયિકો એને અનુમાન તરીકે ઘટાવે છે, અર્થાત્ આખા જગત્ના કર્તા એક ઈશ્વર છે એમ અનુમાનથી સિદ્ધ થાય છે. પ્રથમ તો જગત્ કાર્ય છે કારણ કે એ સાવયવ છે. ઘટાદિની માફક એમ જગતનું કાર્યત્વ સિદ્ધ થાય છે. પછી જગત્ બુદ્ધિયુક્ત કારણથી ઉત્પન્ન થાય છે કારણ કે એ કાર્ય છે ઘડાની માફક એ અનુમાનથી સિદ્ધ થાય છે કે જગતનું કારણ બુદ્ધિયુક્ત છે. હવે આખા જગત્નો કર્તા તેના ઉપાદાન, ઉપકરણ, સંપ્રદાન અને પ્રયોજનથી અભિજ્ઞ હોવો જોઈએ. પ્રકૃતિ અચેતન છે, જીવ પરિચ્છિન્ન હોવાથી આવી અભિજ્ઞતા ધરાવે નહિ. એટલે વ્યતિરેક અનુમાનથી ઈશ્વર સિદ્ધ થાય છે. લક્ષણ લક્ષ્ય પદાર્થ બીજાથી ભિન્ન છે એમ સિદ્ધ કરે છે; જેમ કે પૃથ્વી ગન્ધવતી

છે અર્થાત્ માત્ર પૃથ્વીમાં જ ગન્ધ હોવાથી ગન્ધ પૃથ્વીનો ઈતર મહાભૂતોથી ભેદ સિદ્ધ કરે છે; તેમ અહીં પણ ईश्वरः चेतनान्तरव्यतिरिक्तः जगज्जन्मादिकर्तृत्वात् यन्नैवं तन्नैवम् એવાં વ્યતિરેકિ અનુમાનથી ઈશ્વર સિદ્ધ થાય છે.

૧૪. **श्रुत्यनुवादकम्** - શ્રુતિને અનુસરતું અનુમાન બ્રહ્મમાં પ્રમાણ છે એમ વિજ્ઞાનાભિક્ષુ માને છે. यतो वा इमानि એ વાક્યથી માત્ર કર્તૃત્વનો બોધ થાય છે, પણ કર્તા ઉપાદાનાદિના અપરોક્ષ જ્ઞાનવાળો હોવો જોઈએ. અને તે શ્રુતિને અનુસારિ અનુમાનથી જ સિદ્ધ થાય છે - ईश्वरः उपादानादिगोचरा-परोक्षज्ञानवात् । कर्तृत्वात् । कुलालवत् । આવું અનુમાન ઈશ્વરની સર્વજ્ઞતા સિદ્ધ કરે છે, ઉપરાંત શ્રુતિને પણ અનુસરે છે.

૧૫. **केवलोपनिषद्वेद्यत्वात्** - બ્રહ્મ માત્ર ઉપનિષદ્‌થી સમજી શકાય છે. બૃહદારણ્યક શાકલ્ય બ્રાહ્મણમાં શાકલ્યને યાજ્ઞવલ્ક્ય કહે છે - स एष नेति नेत्यात्मा अगृह्यो न हि गृह्यतेऽशीर्यो न हि शीर्यतेऽसङ्गोऽसितो न सज्जते न व्यथते इत्येतान्यष्टावायतनान्यष्टौ लोका अष्टौ पुरुषाः स य स्तान्पुरुषान्व्युदुह्य प्रत्युह्यात्य-क्रामीत् तं त्वौपनिषदं पुरुषं पृच्छामि । (બૃ. ૩.૯.૨૬) અહીં આઠ આયતનો, આઠ લોક અને આઠ પુરુષોની વાત કરી છે. પૃથ્વી, રૂપ, આકાશ, કામ, તેજસ્, તમસ્, અપ્ અને રેતસ્ એ આઠ આયતનો છે. શારીર, આદિત્યસ્થ, વાયુસ્થ, ચન્દ્રસ્થ, અગ્નિસ્થ, છાયામય, અપ્-પ્રતિષ્ઠ અને પુત્રમય એમ આઠ પુરુષો છે. તે અનુસાર ચક્ષુર્લોક, અગ્નિલોક જેવા લોક ગણાવેલા છે. હવે આ આઠ પુરુષોને અતિક્રમીને રહેલો પુરુષ તે આત્મા અથવા બ્રહ્મ. એ અગૃહ્ય છે એટલે એનું ઇન્દ્રિયાદિ દ્વારા ગ્રહણ થતું નથી એટલું જ નહિ પણ પ્રમાણોથી પણ એ ગ્રાહ્ય નથી પણ ઔપનિષદ છે અર્થાત્ માત્ર ઉપનિષદોથી વેદ્ય છે. આમ હોવાથી અહીં અનુમાનને કોઈ સ્થાન નથી.

૧૬. **उपेक्ष्यम्** - જેઓ जन्मादि સૂત્રને અનુમાનથી સમજાવે છે તેની ઉપેક્ષા કરવી જોઈએ એમ આચાર્ય કહે છે. આચાર્ય કોઈ દલીલ કરતા નથી પણ ટીકાકારોના સમજાવ્યા મુજબ બન્ને મતો અસ્વીકાર્ય છે. જેઓ સ્વતંત્ર રીતે અનુમાન કરે છે તેમને મતે આ સૂત્રમાં વિષયવાક્ય જ નથી. જેઓ શ્રુતિ અનુસારી અનુમાન કરે છે તેઓ અનુમાનનો સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્વીકાર કરે છે માટે આ બન્ને મતો ધ્યાનમાં લેવા યોગ્ય નથી.

૧૭. **श्रवणाङ्गत्वम्** - શ્રુતિમાં શ્રવણ ઉપરાંત મનન અને નિદિધ્યાસન પણ કહ્યાં છે એટલે અનુમાનનો સર્વથા અસ્વીકાર ન કરી શકાય પણ એ માત્ર સહકારિ છે એટલે સ્વતંત્ર રીતે પ્રમાણ નથી. તેથી જ કહ્યું છે કે એ શ્રવણને અંગભૂત છે.

तत्रैतत् स्यात्तत्र किं समवायि निमितं कर्तृ वा । किमतो यद्येवम् । एवमेतत् स्यात् । यद्येकमेव स्यात् तदा क्रियाज्ञानशक्योर्निरतिशयत्वं भज्येत भृदादिसाधारण्यं च स्यात् मतान्तरवत् । कथमेवं सन्देहः यावता 'यतो वा इमानी' त्यादिभ्यो निःसन्देहश्रवणात् । एवं हि सः । पञ्चमी श्रूयते यत इति । पञ्चम्यास्तसिरिति । 'आत्मन' इत्यपि पञ्चमी ।

निमित्तत्वे न सन्देहः पञ्चम्या निमित्तत्वकथनात् । उपादानत्वे कर्तृत्वे च सन्देहः तद्वाचकाश्रवणात् । कल्पनायां प्रमाणाभावात् । समवायित्वे पुनः सुतरां सन्देहः । एवं प्राप्ते आह ।

तत्तु समन्वयात् ।।३।। (१-१-३)

'तु'शब्दः पूर्वपक्षव्यावृत्त्यर्थः । निमित्तत्वस्य श्रुतिसिद्धत्वात् मतान्तरनिराकरणत्वेनाग्रे वक्ष्यते । 'तत्' ब्रह्मैव समवायिकारणं, कुतः ? 'समन्वयात्' सम्यगनुवृत्तत्वात् । अस्तिभातिप्रियत्वेन सच्चिदानन्दरुपेणान्वयात् । नामरुपयोः कार्यरुपत्वात् । प्रकृतेरपि स्वमते तदंशत्वात् । अज्ञानात् परिच्छेदाप्रियत्वे । ज्ञानेन बाधदर्शनात् । नानात्वं त्वैच्छिकमेव जडजीवान्तर्यामिष्वेवैकैकांशप्राकट्यात् । कथमेवमिति चेत्, न, सद्रूपे घटरुपक्रियास्विव तारतम्येनाविर्भाववत् जडेपि भानत्वादिप्रतीतेस्तारतम्येनाविर्भावोङ्गीकर्तव्यः । भगवदिच्छा नियामकत्वात् ।

नच साधारण्येन सर्वजगत्प्रति परमाण्वादीनामन्वयः सम्भवति । एकस्मिन्ननुस्यूते सम्भवत्यनेककल्पनाया अन्याय्यत्वात् । लोके कर्तृविशेषवत् उपादानविशेषग्रहणेपि न ब्रह्मणि व्यभिचारः । अलीकप्रतीतेस्तित्वादिप्रतीतावपि सम्यगन्वयाभावात् न कार्यत्वव्यभिचारो । तस्माद् ब्रह्मण एव समवायित्वम् । एतत्सर्व श्रुतिरेवाह 'स आत्मानं स्वयमकुरुते'ति । निमित्तत्वं तु स्पष्टमेव सर्ववादिसम्मतम् ।

केचिदत्र शास्त्रयोनित्वपूर्वपक्षनिराकरणाय तत्तु समन्वयादिति योजयन्ति । तत् पूर्वपक्षसिद्धान्तयोर्द्वयोरप्यसङ्गतत्वादुपेक्ष्यम् । तथाहि । जैमिनिर्धर्मजिज्ञासामेव प्रतिज्ञाय तत्प्रतिपादकस्य पूर्वकाण्डस्य समन्वयमाह । अवान्तरवाक्यानां प्रकारशेषत्वात् । नच सर्वस्मिन् वेदे धर्म एव जिज्ञास्यः । तद्गुरुणैव व्यासेन ब्रह्मजिज्ञासायाः प्रतिज्ञातत्वात् । सन्देमात्रवारकत्वाज्जिज्ञासयोः । न त्वलौकिकार्थसाधकत्वम् । तथा सति वेदानामन्याधीनत्वेनाप्रामाण्यं स्यात् । वेदजिज्ञासेत्येवोक्तं स्यात् ।

किञ्च,

साधनञ्च फलञ्चैव सर्वस्याह श्रुतिः स्फुटम् ।
न प्रवर्तयितुं शक्ता तथा चेन्नरको न हि ।।
प्रवर्तकस्तु सर्वत्र सर्वात्मा हरिरेव हि ।
यज्ञ एव हि पूर्वत्र बोध्यते स्वर्गसिद्धये ।।
सिद्ध एव हि सर्वत्र वेदार्थो वेदवादिनाम् ।
मन्त्राणां कर्मणाञ्चैव दर्शनश्रवणाच्छ्रुतौ ।।
कृतिश्च सिद्धतुल्यत्वं वेदः स्वार्थे च सन्मतः ।।

'प्रजापतिरकामयत प्रजायेयेति स एतदग्निहोत्रं मिथुनमपश्यत् प्रजापतिर्यज्ञान-सृजताग्निहोत्रञ्चाग्निष्टोमं च पौर्णमासीं चोकृथ्यञ्चामावास्याञ्चातिरात्रञ्च तानुदमिमीत यावदग्निहोत्रमासीत्तावानग्निष्टोम' इत्यादि । न ह्युपाख्यानानां मिथ्यार्थत्वं बुद्धजन्मनः पुरोक्त

युक्तं वा । तथा सति वेदानामप्रामाण्यमेव स्यात्, मिथ्योपाख्यानप्रतिपादकलोकवत् । तस्मात् पूर्वमीमांसानभिज्ञाः क्रियापरत्वं सर्वस्यापि वेदस्य वदन्तो मूर्खा एव । उत्तरवादिनोपि पूर्वाज्ञानमङ्गीकृत्य पूर्वानुपयोगित्वं ब्रह्मज्ञानस्य वदन्तो वेदानभिज्ञाः । 'यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा वा तदेव वीर्यत्तरं भवती'ति उपनिषज्ज्ञानस्य श्रुतिसिद्धैव कारणता । नच बाधितत्वात् त्यज्यत इति वाच्यं, ब्रह्मात्मज्ञानवत एव वसिष्ठादेर्यज्ञाधिकारात् । नचैवं किमनेनेति वाच्यं, इत्थम्भूतत्वात् यज्ञस्य । किञ्च, कर्मफलवत् ब्रह्मफलस्यापि लौकिकत्वात् । 'य एवं वेद प्रतितिष्ठति अन्नवानन्नादो भवति महान् भवति प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन महान् कीर्त्योति' अत्यन्ताविद्यावतो यज्ञानधिकारात्तन्निषेधार्थं ज्ञानमुपयुज्यते, नच देहाध्यासस्य कारणत्वं, 'ब्रह्मार्पणं ब्रह्महवि'रित्यादिस्मृतेः । तस्मादन्योन्योपयोगित्वे न कोपि दोषः । त्रियाज्ञानयोः स्वातत्र्येण पुरुषार्थसिद्धयर्थं भिन्नतथा शास्त्रप्रवृत्तिः ।

किञ्च, वेदान्तवाक्यानामस्मिन् शास्त्रे समन्वय एव प्रतिपाधते सन्देहनिराकरणद्वारा, तत्कथं सिद्धत्वेन हेतुर्निर्दिष्टः । अग्रिमवैयर्थ्यं च स्यात् । नच प्रतिज्ञागर्भितहेतुत्वं, अनुपयोगात् । गौणमुख्यभावे परं विवादः । नच येन रुपेण समन्वयो मतान्तरस्थैर्विचारितः तथाग्रे सूत्रेषु निर्णयोस्ति ।

शास्त्रारम्भस्तु प्रथमसूत्र एव समर्थितः । तस्मात् समवायिकारणत्वमेवानेन सूत्रेण सिद्धम् ।

ननु कारणत्वमेवास्तु ब्रह्मणः, किं समवायिकारणत्वेन । विकृतत्वञ्च स्यात् । अनर्थरुपत्वेन कार्यस्यायुक्तता च, तस्मादनारम्मणीयमेवैतत्सूत्रमिति चेत्, मैवं, सर्वोपनिषत्समाधानार्थं प्रवृत्तः सूत्रकारः । तद्यदि ब्रह्मणः समवायित्वं न ब्रूयात् भूयानुपनिषद्भागो व्यर्थः स्यात् । 'इदं सर्वं यदयमात्मा' 'एकमेवाद्वितीयं 'वाचारम्भणं विकार' इत्यादि । एवमादीनि वाक्यानि स्वार्थे बाधितानि भवेयुः । नन्वेवं निःसन्दिग्धत्वात् कथं सूत्रप्रवृत्तिः ? उच्यते । अस्थूलादिवाक्यान्यपि सन्ति सर्वत्र प्रपञ्चतद्धर्मवैलक्षण्यप्रतिपादकानि । ततोन्योन्यविरोधे नैकस्य मुख्यार्थबाधो वक्तव्यः । तत्र स्वरुपापेक्षया कार्यस्व गौणत्वात् प्रपञ्चरुपप्रतिपादकानामेव कश्चित् कल्पयेत् । तन्माभूदिति जन्मादिसूत्रवत् समन्वयसूत्रमपि सूत्रितवान् । तथा च अस्थूलादिगुणयुक्त एव अविक्रियमाण एव आत्मानं करोतीति वेदान्तार्थः सङ्गतो भवति । विरुद्धसर्वधर्माश्रयत्वन्तु ब्रह्मणो भूषणाय ।

किञ्च, अन्यपदार्थसृष्टौ वैषम्पनैर्घृण्ये स्याताम् । कर्माधीनत्वे त्वनीशता । ततः कर्तृत्वमपि भज्येत । ततः सर्वमाहात्म्यनाश एव स्यात् ।

नन्वेवमेवास्तु अवेदार्थत्वात् । रज्जुसर्पवदयुक्तार्थकथनेपि न दोषः । 'सर्व समाप्नोषि ततोसि सर्वमिति स्मृतेश्चेति चेत्, मैवं, तथा सति पाषण्डित्वं स्यात् । एतादृशशास्त्रार्थाङ्गीकर्तुरासुरेषु भगवता गणितत्वात् । 'असत्यमप्रतिष्ठन्ते जगदाहुरनीश्वरमपरस्परसम्भूतं किमन्यत् कामहैतुक'मिति शास्त्रानर्थक्यञ्च । 'सर्व समाप्नोषी' त्यप्यसङ्गतं स्यात्, वस्तुपरिच्छेदात् । नहि वेदो निःप्रपञ्चरुपकथनमुकत्वा खोक्तं जगत्कर्तृत्वं निषेधति । तस्मादध्यारोपापवादपरत्वेन व्याख्यातृभिर्वेदान्तास्तिलापः कृता इति मन्यामहे । सर्ववाक्यार्थबाधात् । यथा निर्दोषपूर्णगुणविग्रहता भवति तथोपरिष्टाद्वक्ष्यामः ।

ननु पुरुषार्थार्थानि शास्त्राणि । इदञ्च शास्त्रं मोक्षरूपपुरुषार्थसाधकम् । मोक्षश्चाविद्या-निवृत्तिरुप इति युक्तम् । अविद्या चाज्ञानं ज्ञानेनैव नश्यति । ततो ज्ञानोपयोगित्वेन व्याख्यातव्ये वेदान्तेध्यारोपापवादव्यतिरेकेण व्याख्यानमयुक्तम् । अतो यथाकथञ्चिद्व्याख्यानेपि पुरुषार्थसिद्धेर्न कोपि दोष इति चेत्, न । पुरुषार्थस्य शास्त्रार्थस्य वा स्वरूपं शास्त्रैकसमधिगम्यं, न स्वबुद्धिपरिकल्पितम् । अतः स्वबुद्ध्या शास्त्रार्थं परिकल्प्य तत्र वेदं योजयन्तो महासाहसिकाः सद्भिरुपेक्ष्याः पुरुषार्थः पुनर्यथा वेदान्तेष्ववगतः । 'ब्रह्म वेद ब्रह्मैव भवति' 'ब्रह्मविदाप्नोति परं' 'न स पुनरावर्तते' 'ततो मां तत्वतो ज्ञात्वा विशते तदनन्तरं' 'अनावृत्तिः शब्दादनावृत्तिः शब्दादि'त्येवमादिभिः श्रुतिस्मृतिन्यायैः ब्रह्मप्राप्तेरेव पुरुषार्थत्वम् । ब्रह्म च पुनर्न जीवस्यात्ममात्रमज्ञानवद्वा, 'एकस्यैव ममांशस्य जीवस्यैव महामते । बन्धोस्याविद्ययानादिर्विद्यया च तथेतर' इति भगवता जीवस्यैवाविद्यावत्त्वप्रतिपादनात् । तस्मात् न्यायोपबृंहितसर्ववेदान्तप्रतिपादितसर्वधर्मवत् ब्रह्म । तस्य श्रवणमनननिदिध्यासनैरन्तरङ्गैः शमदमादिभिश्च बहिरङ्गैरतिशुद्धे चित्ते स्वयमेवाविर्भूतस्य स्वप्रकाशस्य सायुज्यं परम-पुरुषार्थः । तस्मात् सर्वे वेदान्ताः स्वार्थ एव युक्तार्था इति न्यायैर्वक्तव्यत्वात् ब्रह्मणः समवायित्वाय समन्वयसूत्रं वक्तव्यम् ।

इति समन्वयाधिकरणम् ॥

અધિકરણ - ૩

સમન્વયાધિકરણ

સૂત્ર ૧.૧.૩

સૂત્ર-૩ : ત્યાં આમ થાય. તેમાં કર્તૃ છે. સમવાયિ છે કે નિમિત્ત છે ? એમ હોય તો શું ? જો એક જ હોય તો ક્રિયા અને જ્ઞાનશક્તિના નિરતિશયત્વનો[1] ભંગ થાય, અને માટી વગેરેની સમાનતા થાય.

यतो वा इमानि વગેરે દ્વારા નિઃસંદિગ્ધ શ્રવણ હોવા છતાં બીજા મતો (સાંખ્ય, ન્યાય જેવા)ની માફક કેમ સંદેહ થાય છે ? તે આ રીતે થાય છે. यतः એ શબ્દથી પંચમીનું શ્રવણ છે. तसिल् પ્રત્યય પંચમીનો છે. आत्मनः[2] શબ્દમાં પણ પંચમી છે તેથી નિમિત્ત હોવામાં કોઈ સંદેહ નથી, કારણ કે પંચમી નિમિત્ત કહે છે. ઉપાદાનત્વ અને કર્તૃત્વમાં સંદેહ છે. તેના વાચક શબ્દનું શ્રવણ નથી અને કલ્પના કરવામાં પ્રમાણ નથી. સમવાયિ કારણ હોવામાં તો વધારે સંદેહ છે. આમ પ્રાપ્ત થતાં કહે છે -

પણ તે (સમવાયિ કારણ) છે, સમન્વયને લીધે.

तु શબ્દ પૂર્વપક્ષની વ્યાવૃત્તિ માટે છે. નિમિત્તત્વ શ્રુતિથી સિદ્ધ હોવાથી બીજા મતોના નિરાકરણ દ્વારા આગળ ઉપર કહેવાશે. તે બ્રહ્મ જ સમવાયિ કારણ છે. શાથી ? સમન્વયને લીધે, યોગ્ય રીતે ઊતરી આવતું હોવાને લીધે. आस्ति, भाति અને प्रिय એમ સત્, ચિત્ અને આનન્દ રૂપે એ અન્વિત થાય છે. નામ અને રૂપ કાર્યરૂપ છે.[3] પોતાના મતે પ્રકૃતિ[4] પણ તેનો (ભગવાનનો) અંશ છે. પરિચ્છેદ અને અપ્રિયત્વ અજ્ઞાનને

લીધે છે. જ્ઞાનથી તેના બાધનું દર્શન થાય છે. નાનાત્વ (પ્રાકૃત નથી) પણ ઐચ્છિક છે કારણ કે જડ, જીવ અને અન્તર્યામીમાં એકએક અંશનું પ્રાકટ્ય છે. એમ કઈ રીતે બને ? એવું નથી. સત્ રૂપમાં ઘટ, ગુણ અને ક્રિયાનો તારતમ્યથી આવિર્ભાવ[૫] થાય છે તેવી રીત જડમાં પણ ભાનત્વ આદિ પ્રતીતિ થતી હોવાથી તારતમ્યથી આવિર્ભાવનો સ્વીકાર કરવો જોઈએ. ભગવાનની ઈચ્છા નિયામકરૂપે છે.

વળી આખા જગત્માં સામાન્ય રીતે પરમાણુઓ વગેરેનો અન્વય સંભવતો નથી. એક અનુસ્યૂત હોવાનો સંભવ હોય ત્યારે અનેકની કલ્પના કરવી અયોગ્ય છે. લોકમાં કર્તૃવિશેષની માફક ઉપાદાનવિશેષના ગ્રહણમાં પણ બ્રહ્મમાં કોઈ હાનિ નથી. મિથ્યા પ્રતીતિમાં અસ્તિત્વ વગેરેની પ્રતીતિ થાય છતાં તેમાં યોગ્ય અન્વયનો અભાવ હોવાથી કાર્યત્વ અને વ્યભિચાર નથી.[૬] માટે બ્રહ્મનું જ સમવાયિત્વ છે. આ બધું શ્રુતિ જ કહે છે. ''તેણે જાતે આત્માને કર્યો'' (તૈ. ૨.૭) નિમિત્તત્વ વિશે સ્પષ્ટ રીતે બધા વાદીઓ સંમત છે.

કેટલાક (આચાર્યો)[૭] શાસ્ત્રયોનિત્વમાંના પૂર્વપક્ષના નિરાકરણ માટે તત્તુ સમન્વયાત્ (સૂત્ર)ને યોજે છે. પૂર્વપક્ષ અને સિદ્ધાન્ત બન્ને અસંગત હોવાથી તે ઉપેક્ષા યોગ્ય છે. તે આમ છે. જૈમિનિએ ધર્મજિજ્ઞાસાની જ પ્રતિજ્ઞા કરીને તેનું પ્રતિપાદન કરનાર પૂર્વકાંડનો સમન્વય કહ્યો છે. અવાન્તર વાક્યોમાં પ્રકારશેષત્વ છે.[૮] આખા વેદમાં ધર્મ જ જિજ્ઞાસ્ય છે એવું નથી; કારણ કે તેમના ગુરુ વ્યાસે બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી છે. જિજ્ઞાસા માત્ર સંદેહનું નિવારણ કરે છે, અલૌકિક અર્થ સિદ્ધ કરતી નથી.[૯] જો તેમ હોય તો વેદ બીજાને આધીન થવાથી અપ્રમાણ બને અને વળી વેદજિજ્ઞાસા એમ જ કહ્યું હોત.

વળી શ્રુતિમાં સર્વનું સાધન અને ફલ સ્પષ્ટ રીતે કહ્યું છે. (પણ શ્રુતિ) પ્રવૃત્તિ કરાવવા માટે શક્ત નથી; જો તેમ હોય તો નરક જ ન હોય. પ્રવર્તક તો સર્વત્ર સર્વના આત્મા એવા હરિ જ છે. સ્વર્ગની સિદ્ધિ માટે પૂર્વભાગમાં યજ્ઞનો જ બોધ કર્યો છે. વેદવાદીઓ માટે વેદનો અર્થ સર્વત્ર સિદ્ધ જ છે. શ્રુતિમાં મંત્રો અને કર્મોનું દર્શન અને શ્રવણ છે તેથી કૃતિ (યત્ન) સિદ્ધને સમાન છે; અને વેદને પોતાના અર્થમાં સજ્જનોએ (પ્રમાણ) માનેલો છે.

''પ્રજાપતિએ કામના કરી કે હું ઉત્પન્ન કરું.'' ''તેણે અગ્નિહોત્ર મિથુનને જોયું.'' ''પ્રજાપતિએ યજ્ઞોનું સર્જન કર્યું. અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમ, પૌર્ણમાસી, ઉકથ્ય, અમાવાસ્યા, અતિરાત્ર - તેનું સર્જન કર્યું, જ્યાં સુધી અગ્નિહોત્ર હતું ત્યાં સુધી અગ્નિષ્ટોમ'' વગેરે (તૈ. સં. ૧) ઉપાખ્યાનો મિથ્યા અર્થવાળાં છે એમ બુદ્ધના જન્મ પહેલાં કોઈએ કહ્યું નથી અથવા તે યોગ્ય નથી. તેમ હોય તો વેદો અપ્રમાણ બને. મિથ્યા ઉપાખ્યાનનું પ્રતિપાદન કરનાર લોકની માફક (વેદ અપ્રમાણ બને.) એટલે પૂર્વમીમાંસા ન જાણનાર તથા સમગ્ર વેદનું ક્રિયાપરત્વ કહેનારા મૂર્ખ જ છે. ઉત્તરકાંડનું મહત્ત્વ સ્વીકારનારા પણ પૂર્વકાંડમાં કર્મરૂપી અજ્ઞાન સ્વીકારીને

બ્રહ્મજ્ઞાન પૂર્વકાંડને ઉપયોગી નથી એમ કહેનારા વેદથી અજાણ જ છે. ''જે વિદ્યાથી કરે છે, શ્રદ્ધાથી કે ઉપનિષદ્‌થી કરે છે તે જ વધારે શક્તિશાળી બને છે.'' (છા. ૧.૧.૧૦)[૧૦] એમ ઉપનિષદ્ જ્ઞાનની કારણતા શ્રુતિથી સિદ્ધ જ છે. બાધિત હોવાથી એનો ત્યાગ કરવામાં આવે છે એમ કહેવું નહિ કારણ કે બ્રહ્મજ્ઞાનવાળા વસિષ્ઠ આદિને જ યજ્ઞનો અધિકાર છે. એમ હોય તો શું ? એમ કહેવું નહિ કારણ કે યજ્ઞ એવો છે. વળી કર્મફલની માફક બ્રહ્મજ્ઞાનનું ફલ પણ લૌકિક બની જાય. ''જે આ જાણે છે તે પ્રતિષ્ઠિત થાય છે; અન્નવાળો અન્ન ખાનાર બને છે, પ્રજાથી, પશુઓથી, બ્રહ્મતેજથી અને કીર્તિથી મહાન બને છે.'' (તૈ. ૩.૬) અત્યન્ત અવિદ્યાવાળાને યજ્ઞનો અધિકાર ન હોવાથી તેના નિષેધ માટે જ્ઞાન ઉપયોગી છે. દેહનો અધ્યાસ કારણ નથી. ''બ્રહ્મ અર્પણ છે, બ્રહ્મ હવિ છે.'' (ભ.ગી. ૪.૨૪) એવી સ્મૃતિ છે. માટે અન્યોન્યની ઉપયોગિતામાં કોઈ દોષ નથી. ક્રિયા અને જ્ઞાન સ્વતંત્ર રીતે પુરુષાર્થ સિદ્ધ કરતાં હોવાથી શાસ્ત્રની જુદી પ્રવૃત્તિ છે.

ઉપરાંત સંદેહનિરાકરણ દ્વારા વેદાન્તવાક્યોનો સમન્વય જ આ શાસ્ત્રમાં પ્રતિપાદિત થાય છે. તો સિદ્ધ હોય એમ એનો હેતુ તરીકે નિર્દેશ કેમ થાય ? અને વળી આગળનું શાસ્ત્ર વ્યર્થ બને. એ પ્રતિજ્ઞામાં ગર્ભિત રહેલો હેતુ[૧૧] નથી કારણ કે એનો ઉપયોગ નથી. ગૌણ મુખ્ય ભાવના[૧૨] વિષયમાં વિવાદ છે.

જે રીતે બીજા મતવાદીઓએ સમન્વય વિચાર્યો છે તેવો નિર્ણય આગળના સૂત્રોમાં નથી.

શાસ્ત્રનો આરંભ તો પહેલા સૂત્રમાં જ કહ્યો છે. તેથી આ સૂત્રથી સમવાયિકારણતા જ સિદ્ધ થાય છે.

(પૂર્વપક્ષી શંકા કરે છે કે) બ્રહ્મનું કારણત્વ જ ભલે હોય, સમવાયિ કારણત્વનું શું કામ ? વળી વિકૃતિ[૧૩] થાય. વળી કાર્ય અનર્થરૂપ હોવાથી (બ્રહ્મનું સમવાયિત્વ) અયોગ્ય છે. તેથી આ સૂત્રનો આરંભ કરવો જોઈએ નહિ (એમ જો તમે કહો તો) એવું નથી. બધા જ ઉપનિષદોના સમાધાન માટે સૂત્રકાર પ્રવૃત્ત થયા છે. તો જો બ્રહ્મનું સમવાયિત્વ ન કહે તો ઉપનિષદોનો મોટો ભાગ વ્યર્થ જાય. ''જે આ બધું છે તે આત્મા છે'' (બૃ. ૨.૪.૫) ''આત્મા આ બધું છે.'' (છા. ૭.૨૫.૨) ''તે સર્વ થાય છે'', ''બ્રહ્મ તેનાથી દૂર છે'' (બૃ. ૨.૪.૬) ઈત્યાદિ, ''તેણે આત્માને સ્વયં કર્યો'' (પ્ર. ૨.૭) ''એક જ અને અદ્વિતીય'' (છા. ૬.૨.૧) ''વાણીથી આરંભાય છે, વિકાર છે'' (છા. ૬.૧.૪) વગેરે. આવાં બધાં વાક્યો પોતાના અર્થમાં બાધિત થાય.

પૂર્વપક્ષી પૂછે છે કે જો આમ સંદેહ ન હોય તો સૂત્રપ્રવૃત્તિ શાથી ? એના જવાબમાં કહેવાય છે. (વેદાન્તમાં) પ્રપંચ અને તેના ધર્મોથી વૈલક્ષણ્યનું પ્રતિપાદન કરનારાં અસ્થૂલાદિ વાક્યો પણ બધે છે. તો પરસ્પર વિરોધ હોય ત્યારે એકના મુખ્યાર્થનો બાધ કહેવો પડે. સ્વરૂપની અપેક્ષાએ કાર્ય ગૌણ હોવાથી પ્રપંચ

પ્રતિપાદક વાક્યોના જ (મુખ્યાર્થબાધની) કોઈ કલ્પના કરે તેવું ન થાય એટલા માટે જન્માદિસૂત્રની માફક સમન્વયસૂત્રની પણ રચના કરી. એટલે અસ્થૂલાદિ-ગુણયુક્ત અને વિકાર ન પામતું બ્રહ્મ જ આત્માને કરે છે એવો વેદાન્તનો અર્થ સુસંગત થાય છે. (બ્રહ્મ) વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય છે એ તો બ્રહ્મનો અલંકાર છે.

વળી બીજા પદાર્થની સૃષ્ટિ ગણતાં વૈષમ્ય-નૈર્ઘૃણ્ય(નો દોષ) આવે. કર્મને આધીન છે એમ માનતાં ઈશ્વરત્વ રહેતું નથી. તો કર્તૃત્વનો પણ ભંગ થાય. તો પછી સર્વ માહાત્મ્યનો જ નાશ થાય.

(પૂર્વપક્ષી કહે છે) તો ભલે એમ જ હોય. રજ્જુસર્પની માફક અયોગ્ય અર્થ કહેવામાં પણ દોષ નથી.[૧૪] “બધું પ્રાપ્ત કરે છે અને પછી બધું થાય છે.” (ભ.ગી. ૧૧.૪૦) એવી સ્મૃતિ છે. એમ કહો તો (સિદ્ધાન્તી કહે છે) એવું નથી. એમ હોય તો પાખંડીપણું થાય. આ રીતે શાસ્ત્રનો અર્થ સમજનારને ભગવાને અસુરોમાં ગણ્યા છે. “તેઓ કહે છે કે જગત્ અસત્ય, અપ્રતિષ્ઠ અને ઈશ્વરરહિત છે; પરસ્પર ઉત્પન્ન થયેલું નથી. તો બીજું શું ? માત્ર કામના હેતુવાળું છે.” (ભ.ગી. ૧૬.૮) ઉપરાંત શાસ્ત્ર અનર્થક થઈ જાય. બધું પ્રાપ્ત કરે છે એ વાક્ય પણ અસંગત થઈ જાય, કારણ કે વસ્તુનો પરિચ્છેદ છે.[૧૫] વેદ નિષ્પ્રપંચ રૂપનું વચન કહીને જગત્‌ના કર્તૃત્વનો નિષેધ કરતા નથી. તેથી આરોપ અને અપવાદનો અર્થ આપીને વ્યાખ્યાન કરનારાઓએ વેદાન્તોને તિલાંજલિ આપી છે એમ અમે માનીએ છીએ, કારણ કે બધાં જ વાક્યોના અર્થનો બાધ થાય છે. બ્રહ્મ કઈ રીતે નિર્દોષપૂર્ણ ગુણ વિગ્રહ છે તે આગળ ઉપર કહીશું.

(પૂર્વપક્ષી કહે છે કે) શાસ્ત્રો પુરુષાર્થ માટે છે. આ શાસ્ત્ર મોક્ષરૂપી પુરુષાર્થ સિદ્ધ કરવા માટે છે. મોક્ષ અવિદ્યાનિવૃત્તિરૂપ છે એમ માનવું યોગ્ય છે. અવિદ્યા તે અજ્ઞાન જ્ઞાનથી જ નાશ પામે છે. તેથી જ્ઞાનને ઉપયોગી થાય એ રીતે વેદાન્તનું વ્યાખ્યાન કરવું જોઈએ એટલે આરોપાપવાદ સિવાયનું વ્યાખ્યાન યોગ્ય નથી. આમ ગમે તે રીતે વ્યાખ્યાન કરવાથી પણ પુરુષાર્થ સિદ્ધ થતો હોવાથી કોઈ દોષ નથી. એમ જો તમે કહો તો (સિદ્ધાન્તી કહે છે) એવું નથી. પુરુષાર્થ કે શાસ્ત્રાર્થનું સ્વરૂપ એક માત્ર શાસ્ત્રથી સમજાય છે, સ્વબુદ્ધિથી કલ્પેલું નહિ. એટલે પોતાની બુદ્ધિથી શાસ્ત્રનો અર્થ કલ્પીને તેમાં વેદની યોજના કરનારા મહાસાહસિકોની સજ્જનોએ ઉપેક્ષા કરવી જોઈએ. જેવો વેદાન્તોમાં સમજાય તેવો પુરુષાર્થ છે. “બ્રહ્મ જાણે તે બ્રહ્મ જ બને છે” (મુંડક ૩.૨.૯), “બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે”. (તૈ. ૨.૧), “તે પાછો આવતો નથી” (છાં. ૮.૧૫.૧), “પછી મને તત્ત્વતઃ જાણીને તેની અંદર પ્રવેશે છે” (ભ.ગી. ૧૮.૫૫) “શબ્દથી અનાવૃત્તિ છે, શબ્દથી અનાવૃત્તિ છે” (બ્ર.સૂ. ૪.૪.૨૨) આવાં શ્રુતિ, સ્મૃતિ અને બ્રહ્મસૂત્રનાં વાક્યોથી બ્રહ્મપ્રાપ્તિ જ પુરુષાર્થ છે એમ સિદ્ધ થાય છે. બ્રહ્મ જીવનું આત્મામાત્ર છે એવું નથી, તેમ અજ્ઞાનવાળું પણ નથી. “હે મહામતિ, મારા એક અંશ એવા જીવને જ

અવિદ્યાથી અનાદિ બન્ધન છે અને વિદ્યાથી તેનાથી વિપરીત છે'' એમ ભગવાને જીવ જ અવિદ્યાયુક્ત છે એવું પ્રતિપાદન કર્યું છે. તેથી ન્યાયથી (સૂત્રોથી) સમર્થિત સર્વ વેદાન્તોમાં પ્રતિપાદન કરાયેલા બધા ધર્મોવાળું બ્રહ્મ છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન રૂપી અન્તરંગ અને શમ દમ વગેરે બહિરંગ સાધનોથી અતિશુદ્ધ એવા ચિત્તમાં સ્વયં અવિર્ભાવ પામેલા સ્વપ્રકાશ બ્રહ્મનું સાયુજ્ય પરમ પુરુષાર્થ છે. બધા જ વેદાન્તો પોતાના અર્થમાં યોગ્ય અર્થવાળાં છે એમ સૂત્રોથી કહેવાય છે તેથી સમન્વયસૂત્ર બ્રહ્મના સમવાયિત્વ માટે સમજવાનું છે.

ટિપ્પણ

૧. **क्रियाज्ञानशक्तयोरतिशयत्वं भज्येत** - બ્રહ્મ કર્તૃ, સમવાયિકારણ અને નિમિત્તકારણમાંથી એક જ હોય તો શું મુશ્કેલી આવે તે કહે છે. નિમિત્ત ક્યાં તો દંડ જેવું હોય તો એમાં જ્ઞાનશક્તિ નથી. જો કુલાલની માફક પ્રયોજક હોય તો ક્રિયાશક્તિની અપેક્ષાએ જ્ઞાનશક્તિની અધિકતા માનવી પડે. જો માત્ર સમવાયિ હોય તો માટીની માફક વિકૃતિ માનવી પડે.

૨. **आत्मनः** - तस्माद्वा एतस्मादात्मनः એ વાક્યનો ઉલ્લેખ છે.

૩. **नामरूपयोः कार्यरूपत्वात्** - જેમ अस्ति, भाति, प्रिय નો અન્વય છે તેમ નામરૂપનો પણ અન્વય દેખાય છે. તે શંકાના ઉત્તરમાં આ વાક્ય છે. अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि એ શ્રુતિ દર્શાવે છે કે નામરૂપ આગન્તુક છે; વળી એ ઉત્પત્તિ પછી આવે છે. આમ નામરૂપ કાર્યસ્વરૂપી હોવાથી બ્રહ્મના સમવાયિત્વ સાથે એને સંબંધ નથી.

૪. **प्रकृतेरपि स्वमते तदंशत्वात्** - સાંખ્યને મતે જગત્‌માં સત્ત્વ, રજસ્ અને તમસ્‌નો અન્વય છે માટે ગુણમયી પ્રકૃતિ સમવાયિ કારણ છે. આચાર્ય કહે છે કે પ્રકૃતિ બ્રહ્મનો જ અંશ છે એટલે બ્રહ્મને જ સમવાયિકારણ માનવું જોઈએ. પ્રકૃતિના કાર્યરૂપ પ્રીતિ વાસ્તવમાં નથી પણ અજ્ઞાનને લીધે છે. એને દેશ અને કાલની મર્યાદા છે. કોઈને કોઈ વસ્તુ ગમે તો કોઈને ન ગમે. વળી ક્યારેક ગમે તો ક્યારેક તે જ વસ્તુ ન ગમે. આમ દેશકાલના પરિચ્છેદથી અપ્રિયત્વ થાય છે. તેથી એ ઔપાધિક છે, અજ્ઞાનથી છે. આત્માના આનન્દના જ્ઞાનથી પ્રાકૃત પ્રીતિનો બાધ થાય છે.

૫. **तारतम्येनाविर्भाववत्** - ઘડો સત્ છે, પણ ઘડો એક દ્રવ્ય છે, એનું ચોક્કસ રૂપ છે અને એની ક્રિયા છે. આમ દ્રવ્ય, રૂપ અને ક્રિયામાં સત્ અંશનો આવિર્ભાવ જુદી જુદી રીતે સમજવાનો છે. તેવી જ રીતે સત્, ચિત્ અને આનન્દનો આવિર્ભાવ પણ તારતમ્યથી સમજવાનો છે.

૬. **सम्यगन्वयाभावात्** - સ્વપ્નમાં કે ભ્રમથી જે વસ્તુના અસ્તિત્વની પ્રતીતિ થાય છે તેમાં બ્રહ્મનો સમન્વય નથી. જે અનારોપિત અને અનાગન્તુક હોય તેનો અન્વય તે સમન્વય. ભ્રમમાં આરોપ હોવાથી સમન્વય નથી. તેથી ભ્રમથી દેખાતી

વસ્તુ બ્રહ્મનું કાર્ય નથી અને બ્રહ્મના સમવાયિત્વને કોઈ હાનિ પહોંચતી નથી. આથી કાર્યત્વ અને વ્યભિચાર બન્નેનો નિષેધ કરેલો છે.

૭. **केचित्** - કેટલાક. અહીં રામાનુજાચાર્ય વગેરે પુરોગામી ભાષ્યકારો સમજવાના છે.

૮. **प्रकारशेषत्वम्** - દ્રવ્ય, દેવતા, કર્મ, સ્તુતિ વગેરે ધર્મના જ અંગભૂત છે અને અર્થવાદ જેવાં અવાન્તર વાક્યો આ પ્રકારો સાથે સંબદ્ધ છે.

૯. **न त्वलौकिककार्थसाधकत्वम्** - જિજ્ઞાસા માત્ર સંદેહનું નિવારણ કરે છે; એનાથી અલૌકિક ફલ પ્રાપ્ત થતું નથી. અલૌકિક ફલ તો માત્ર વેદથી જ પ્રાપ્ત થાય છે; તે જો મીમાંસાથી થાય છે એમ માનીએ તો વેદ મીમાંસાને આધીન છે એમ માનવું પડે અને તો પછી વેદનું પ્રામાણ્ય સ્વીકારી ન શકાય.

૧૦. **विद्यया...श्रद्धयोपनिषदा** - વિદ્યા એટલે આત્મભેદને બાધક એવું જ્ઞાન. શ્રદ્ધા તે વેદવચનમાં શ્રદ્ધા અને ઉપનિષદ્ એટલે પરમાત્મસ્વરૂપવિષયક રહસ્યજ્ઞાન. આ ત્રણથી યુક્ત જે કર્મ કરે તે કર્મ નિત્યફળવાળું બનીને મોક્ષમાં પરિણમે છે.

૧૧. **प्रतिज्ञागर्भितहेतुत्वम्** - વેદવાક્યોમાં બ્રહ્મનું પ્રતિપાદન છે તે સમન્વયથી સિદ્ધ થાય છે, પણ સમન્વય તો હજુ સૂત્રો દ્વારા દર્શાવવાનો બાકી છે એટલે એને સિદ્ધ હેતુ તરીકે ગણી શકાય નહિ. આને માટે પૂર્વપક્ષી કહે છે કે પ્રતિજ્ઞા બુદ્ધિસ્થ હોય છે તેવી રીતે જે બુદ્ધિસ્થ છે તેને હેતુ તરીકે લઈ શકાય. આ પ્રતિજ્ઞાગર્ભિત હેતુ છે. પણ એમ માનવું યોગ્ય નથી કારણ કે પ્રતિજ્ઞા બુદ્ધિસ્થ હોય ત્યારે જો સાધનનો પણ અભાવ હોય, અર્થાત્ સાધન સાધ્યના જેવું હોય તો વાદી સાથે ચર્ચા કરતી વેળાએ એ ઉપયોગી નથી.

૧૨. **गौणमुख्यभाव** - પૂર્વમીમાંસાના અનુસારકો વેદ ક્રિયાર્થ છે અર્થાત્ ધર્મનું પ્રતિપાદન કરે છે એમ માને છે; પણ વેદાન્તવાક્યો બ્રહ્મનું પ્રતિપાદન કરે છે એ વાતનો એમણે અસ્વીકાર નથી કર્યો. સવાલ માત્ર એટલો જ છે કે એમને મતે ધર્મનું પ્રતિપાદન મુખ્ય છે અને બીજું ગૌણ છે, તો વેદાન્તને મતે બ્રહ્મ મુખ્ય છે અને ધર્મનું પ્રતિપાદન ગૌણ છે.

૧૩. **विकृतत्वम्** - બ્રહ્મ સમવાયિ અને જગત્ પરિણામ છે એમ માનીએ તો વિકારનો દોષ આવે કારણ કે પરિણામ એ વિકાર છે.

૧૪. **रज्जुसर्पवदयुक्तार्थकथनेऽपि न दोषः** - કોઈ બાળક ખૂબ તોફાની હોય તો તેને દોરી બતાવીને આ સાપ છે એમ ભય પમાડવામાં આવે, પછી એ બાળક શાણો અને સમજુ થાય ત્યારે એને સાચું કહેવામાં આવે તો અયોગ્ય કથનમાં કોઈ દોષ નથી તે જ રીતે કર્તૃત્વ વગેરેનો ભંગ થાય તો કોઈ વાંધો નથી.

૧૫. **वस्तुपरिच्छेदात्** - सर्वं समाप्नोषि એ વાક્ય બ્રહ્મની વ્યાપકતા બતાવે છે. જે વસ્તુ પરિચ્છિન્ન અર્થાત્ મર્યાદિત હોય તે વ્યાપ્ય અને અપરિચ્છિન્ન તે વ્યાપક છે.

પણ જો વ્યાપ્ય મિથ્યા હોય તો સ્વાભાવિક રીતે જ વ્યાપકતા પણ ન હોવાથી આ વાક્ય અસંગત બને.

एवं ब्रह्मजिज्ञासां प्रतिज्ञाय किंलक्षणकं ब्रह्मोत्याकाङ्क्षायां जन्मादिसूत्रद्वयेन वेदप्रमाणकजगत्कर्तृ समवायि चेत्युक्तम् । एवं त्रिसूत्र्या जिज्ञासालक्षणविचारकर्तव्यता सिद्धा ।

तत्र ब्रह्मणि चतुर्धा विचारः । स्वरूपसाधनफलप्रतिपादकानि वेदान्तवाक्यानि त्रिविधानि मतान्तरनिराकरणञ्च । तत्र स्वरूपे विचारिते मतान्तरनिरासव्यतिरेकेण साधनफलयोरनुपयोगात् । अतःप्रथमं स्वरूपनिर्णयः । तदनु मतान्तरनिरासः । तदनु साधनानि फलं चेति । तत्र प्रथमाध्याये स्वरूपवाक्यानि विचार्यन्ते । तानि द्विविधानि सन्दिग्धानि निःसन्दिग्धानि च । तत्र निःसन्दिग्धानां निर्णयो न वक्तव्यः । सन्दिग्धानि पुनश्चतुर्विधानि । कार्यप्रतिपादकानि, अन्तर्यामिप्रतिपादकानि, उपास्यरुपप्रतिपादकानि, प्रकीणकानि चेति । तत्र प्रथमपादे कार्यवाक्यानां निर्णय उच्यते । सच्चिदानन्दरुपेणाकाशवायुतेजोवाचकवाक्यानि षड्विधान्यपि निर्णीयन्ते । अन्यत्रान्यवाचकान्यपि वेदान्तेषु भगवद्वाचकानीति ।

तत्र लक्षणविचार एव सद्रूपाणां वाचकता निर्णीता । चिद्रूपस्य ज्ञानप्रधानस्य निर्णयार्थमीक्षत्यधिकरणमारभ्यते सप्तभिः सूत्रैः । सप्तद्वारत्वात् ज्ञानस्य ।

तत्रैवं सन्देहः । ब्रह्मणः स्वप्रकाशत्वेन सर्वप्रमाणाविषयत्वा‘यतो वाचो निवर्तन्त’इतिश्रुतेश्च विचारः कर्तु न शक्यते । स्वप्रकाशविरोधात् श्रुतिविरोधाच्च । आहोस्विद्विरोधपरिहारेण शकयत इति ।

किं तावत् प्राप्तं । न शक्यते इति । कुतः ।

ज्ञापनार्थं प्रमाणानि सन्निकर्षादिमार्गतः ।
सर्वथाऽविषयेऽवाच्येऽव्यवहार्ये कुतः प्रमा ॥

ऐहिकामुष्मिकव्यवहारयोग्ये पुरुषप्रवृत्तिः । प्रवृत्त्यर्थं हि प्रमाणानि । ब्रह्म पुनः सर्वव्यवहारातीतमिति । नन्वेतदपि वेदादेवावगम्यत इति चेत्, तर्हि बाधितार्थप्रतिपादकत्वान्न वेदान्ता विचारयितव्या इति प्राप्ते,

उच्यते ।

ईक्षतेर्नाशब्दम् ।४। (१-१-४)

न विद्यते शब्दो यत्रेत्यशब्दं सर्ववेदान्ताप्रतिपाधं ब्रह्म न भवति । कुतः । ईक्षतेः । ‘सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्रितीय’मित्युपक्रम्य ‘तदैक्षत बहुस्याम्प्रजायेये’ति । ‘तत्तेजोसृजत’। ताथान्यत्र ‘आत्मा वा इदमेक एवाग्र आसीत् नान्यत् किञ्चन मिषत् स ऐक्षत लोकान्नु सृजा इति स इमान् लोकानसृजते’ति । ‘स ईक्षाञ्चके’ ‘स प्राणमसृजते’त्येवमादिषु सृष्टिवाक्येषु ब्रह्माण ईक्षा प्रतीयते ।

किमतो यद्येवम् ? एवमेतत् स्यात् । सर्वव्यवहारप्रमाणातीतोपि ईक्षाञ्चके लोकसृष्टिद्वारा व्यवहार्यो भविष्यामीति । अतो यथा यथा कृतवान् तथा तथा स्वयमेवोक्तवान् ।

पूर्वरूपं फलरूपञ्च सृष्टस्वांशपुरुषार्थत्वाय । ततश्च प्रमाणबलेनाविषयः, स्वेच्छया विषयश्चेत्युक्तम् ।

ननु सर्वप्रमाणविषयत्वे दूषिते केवलवेदविषयत्वं कथं सिद्धान्तीक्रियते ? उच्चते । चक्षुरादीनां प्रामाण्यमन्यमुखनिरीक्षकत्वेन । न स्वतः, भ्रमानुत्पत्तिप्रसङ्गात् । सत्त्वसहितानामेव चक्षुरादीनां प्रामाण्यात् । अतो निरपेक्षा एव भगवन्निःश्वासरूपवेदा एव प्रमाणम् । सङ्केतग्रहस्तु वैदिक एव वेदविद्भिः कृतः । आकृतिमात्रार्थ लोकापेक्षा । अनधिगतार्थगन्तृ च प्रमाणम् । लोकानधिगत इत्यर्थः । यज्ञब्रह्मणोरलौकिकत्वं सिद्धमेव । लौकिको व्यवहारः सन्निपातरूपत्वात् पुरुषार्थासाधक एव । तर्हि शब्दमात्रस्य कथं ग्रहणम् ? वेदव्याख्यातृवाग्विषयत्वादिति ब्रूमः एतेन 'मनसैवानुद्रष्टव्य'मित्यपि समर्थितम् । तस्मात् सृष्ट्यादिप्रतिपादका अपि वेदान्ताः साक्षात् ब्रह्मप्रतिपादका इति सिद्धम् ॥४॥

स्यादेतत् । कर्तृत्वमकर्तृत्वं च वेदे प्रतीयते ब्रह्मणः । 'यतो वा इमानि भूतानि जायन्ते स आत्मानं स्वयमकुरुत निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनमसङ्गो ह्ययम्पुरुषः' इत्येवमादिवाक्येषु । तत्र द्वेधा निर्णयः सम्भवति । सर्वभवनसमर्थत्वात् विरुद्धसर्वधर्माश्रयत्वेन् अन्यतरबाधाद्वा । अलौकिकापेक्षया लौकिकस्य जधन्यत्वात् कर्तृत्वादेर्लोकसिद्धत्वात् कर्तृत्वबाध एव युक्तः । ईक्षत्यादिकन्तु प्रकृतिगुणसम्बन्धादपि ब्रह्मणो युज्यते । तस्मादलौकिकसर्वभवनसमर्थत्वादिकल्पनापेक्षया लौकिक एवान्यतरबाधो युक्तः । ततश्च सत्यस्वरूपादन्यदेवैतदिति स्वयमेवाशङ्क्य परिहरति सूत्रकारः ।

गौणश्चेन्नात्मशब्दात् ॥५॥

ईक्षत्यादियुक्तः परमात्मा गौणः प्रकृतिगुणसत्त्वसम्बन्धवान् इति चेन्न । तथा वक्तुं न शक्यते, कुतः ? आत्मशब्दात् । 'आत्मा वा इदमेक एवाग्र आसीदि'त्युपक्रम्य 'स ऐक्षते'त्युक्तं, आत्मशब्दः पुनः सर्वेषु वेदान्तेषु निर्गुणपरब्रह्मवाचकत्वेनैव सिद्धः । तस्यैव जगत्कर्तृत्वं श्रुतिराह । ननु चोक्तमन्यतरबाधो युक्त इति, न युक्तः । स्वातत्र्याभावेन सगुणस्य कर्तृत्वायोगात् । वेदाश्च प्रमाणभूताः । ततः सर्वभवनसामर्थ्यमेव श्रुतिबललभ्यमङ्गीकर्तव्यम् ॥

किञ्च, अस्तिभातिप्रियत्वादिधर्मवत् ब्रह्मगतकर्तृत्वं लोके प्रतीयते कार्यत्वात्, तस्मादात्मशब्दप्रयोगात् गुणातीतमेव कर्तृ ॥५॥

नन्वात्मशब्दोपि लोकवद्गौणोस्तु । लोके हि केनचित् पृष्टो विष्णुमित्र आह यज्ञदत्तो ममात्मेति । अत्र गौणत्वमुपचार इत्येवं प्राप्तेभिधीयते ।

तन्निष्ठस्य मोक्षोपदेशात् ॥६॥

एवं हि श्रूयते । 'असद्वा इदमग्र आसीत्' 'ततो वै सदजायत' 'तदात्मानं स्वयमकुरुते'त्युपक्रम्य 'यदा ह्येवैष एतस्मिन्नदृश्येनात्म्येऽनिरुक्ते निलयनेऽभयं प्रतिष्ठां विन्दते अथ सोऽभ गतो भवती'ति । प्रापञ्चिकधर्मरहिते ब्रह्मणि एतस्मिन् पूर्वोक्तजगत्कर्तरि परिनिष्ठितो मुक्तो भवतीत्यर्थः । तत्र यदि जगत्कर्ता गौणः स्यात् तन्निष्ठस्य संसार एव स्यात्, न मोक्षः ॥६॥

પ્રતિપાદન કરતા હોવાથી એમનો વિચાર કરવો જોઈએ નહિ. આમ પ્રાપ્ત થતાં કહેવાય છે -

ઈક્ષાને લીધે બ્રહ્મ અશબ્દ (શબ્દથી પ્રતિપાદન ન કરાય એવું) છે એમ નથી. (૧.૧.૪)

જેમાં શબ્દ ન હોય તે અશબ્દ, એટલે કે બ્રહ્મ સર્વ વેદાન્તોથી અપ્રતિપાદ્ય એવું નથી. શાથી ? ઈક્ષાને લીધે. "હે સૌમ્ય પહેલાં આ સત્ જ હતું, એક અને અદ્રિતીય." (છા. ૬.૨.૧) એમ ઉપક્રમ કરીને "તેણે ઈક્ષણ કર્યું, હું અનેક થાઉં, ઉત્પન્ન કરું" (છા. ૬.૨.૩) "તેણે તેજનું સર્જન કર્યું" (છા. ૬.૨.૩) તેવું બીજે (કહ્યું છે) "પહેલાં આ એક આત્મા જ હતો. તેણે બીજું કાંઈ જોયું નહિ તેણે ઈક્ષણ કર્યું. લોકોનું સર્જન કરું." (ઐ. ૧.૧.૧.) "તેણે આ લોકનું સર્જન કર્યું. (ઐ. ૧.૧.૨.) "તેણે ઈક્ષણ કર્યું. તેને પ્રાણનું સર્જન કર્યું." (પ્ર. ૬.૩) આવાં સૃષ્ટિવાક્યોમાં બ્રહ્મની ઈક્ષા પ્રતીત થાય છે.

એમ હોય તો શું ? તે આમ હોય. બધા જ વ્યવહાર અને પ્રમાણથી પર હોવા છતાં ભગવાને ઈક્ષા કરી કે લોકસૃષ્ટિ દ્વારા હું વ્યવહારનો વિષય બનું. એટલે જેમ જેમ કર્યું તેમ તેમ જાતે જ કહ્યું. સર્જન કરાયેલા પોતાના અંશના પુરુષાર્થ માટે પૂર્વેનું રૂપ અને ફલરૂપ છે. તેથી પ્રમાણબલથી વિષય નથી પણ સ્વેચ્છાએ વિષય છે એમ કહ્યું છે.

શંકા થાય છે કે સર્વ પ્રમાણોના વિષય હોવાનું દૂષિત છે એમ કહીને માત્ર વેદનો વિષય છે એવો સિદ્ધાન્ત કેમ કરવામાં આવે છે ? એનો જવાબ કહેવાય છે. ચક્ષુ વગેરેનું પ્રામાણ્ય અન્યનું મુખ જોવાથી છે, આપોઆપ નથી, (નહિ તો) ભ્રમ ઉત્પન્ન ન થાય.[2] એટલે સત્ત્વસહિતના ચક્ષુ આદિનું જ પ્રામાણ્ય છે. તેથી ભગવાનના નિઃશ્વાસરૂપ વેદો જ નિરપેક્ષ રીતે જ પ્રમાણ છે. વેદના જાણનારાઓએ **વૈદિક સંકેતનું**[3] **જ ગ્રહણ કરેલું છે. માત્ર આકૃતિ માટે લોકની અપેક્ષા**[4] **છે. અનધિગત અર્થને જણાવે તે પ્રમાણ - અનધિગત એટલે લોકને અનધિગત. યજ્ઞ અને બ્રહ્મની અલૌકિકતા** સિદ્ધ જ છે. લૌકિક વ્યવહાર **સંનિપાતરૂપ**[5] હોવાથી પુરુષાર્થને સાધક નથી. તો પછી શબ્દ માત્રનું શાથી ગ્રહણ કર્યું ? વેદના વ્યાખ્યાતાઓની વાણીનો વિષય[6] હોવાથી આમ કર્યું છે એમ અમે કહીએ છીએ. આથી "મનથી એનું અનુદર્શન કરવું જોઈએ" એનું પણ સમર્થન થયું. તેથી સૃષ્ટિ વગેરેનું પ્રતિપાદન કરનારાં વેદાન્તો સાક્ષાત્ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે એમ સિદ્ધ થાય છે.

સૂત્ર-૫ : ભલે તેમ હોય. વેદમાં બ્રહ્મનું કર્તૃત્વ અને અકર્તૃત્વ પ્રતીત થાય છે. "જેમાંથી આ ભૂતો જન્મે છે." (તૈ. ૩.૧) "તેણે આત્માને જાતે કર્યો" (તૈ. ૨.૭), "કલારહિત, ક્રિયારહિત, શાન્ત, પાપરહિત, નિરંજન" (શ્વે. ૬.૧૯), "આ પુરુષ અસંગ છે" (બૃ. ૪.૩.૧૫) વગેરે વાક્યોમાં (બન્ને

પ્રતીત થાય છે) ત્યાં બે રીતે નિર્ણય સંભવે છે; બ્રહ્મ સર્વભવનસમર્થ હોવાથી વિરુદ્ધધર્માશ્રયત્વથી અથવા એકના બાધથી. અલૌકિકની અપેક્ષાએ લૌકિક હીન હોવાથી તથા કર્તૃત્વ આદિ લોકપ્રસિદ્ધ હોવાથી કર્તૃત્વનો બાધ કરવો જ યોગ્ય છે. બ્રહ્મનું ઈક્ષણ વગેરે તો પ્રકૃતિના ગુણના સંબંધથી પણ ઘટાવી શકાય છે. આથી અલૌકિક એવા સર્વભવનસમર્થત્વ આદિની કલ્પનાને બદલે લૌકિક એવા એકનો બાધ જ ઊચિત છે. એટલે સત્ય સ્વરૂપથી જુદું જ આ છે એમ જાતે જ શંકા કરીને સૂત્રકાર પરિહાર કરે છે.

(એ) ગૌણ છે એમ કહો તો એવું નથી કારણ કે આત્મા શબ્દ છે. (૧.૧.૫.)

ઈક્ષણયુક્ત પરમાત્મા ગૌણ છે, પ્રકૃતિના ગુણ સત્ત્વ સાથે સંબંધ ધરાવે છે એમ તમે કહો તો (જવાબ છે કે) ના, એમ કહેવું શક્ય નથી. શાથી ? આત્મા શબ્દનો લીધે. ''પહેલાં આ આત્મા એક જ હતો'' એમ આરંભીને ''તેણે ઈક્ષા કરી'' (ઐ. ૧.૧.) એમ કહ્યું છે. આત્મા શબ્દ બધા જ વેદાન્તોમાં નિર્ગુણ પરબ્રહ્મના વાચક તરીકે જ સિદ્ધ છે. તેનું જ જગત્કર્તૃત્વ શ્રુતિએ કહ્યું છે. (શંકા) પણ આગળ કહ્યું કે એકનો બાધ યોગ્ય છે. (જવાબ) યોગ્ય નથી. સ્વતંત્રતાના અભાવને લીધે સગુણનું કર્તૃત્વ હોતું નથી. વેદો પ્રમાણભૂત છે. તેથી શ્રુતિના બળથી પ્રાપ્ત થતું સર્વભવનસામર્થ્ય જ સ્વીકારવું જોઈએ.

વળી અસ્તિ, ભાતિ અને પ્રિયત્વ આદિ ધર્મોની માફક બ્રહ્મમાં રહેલું કર્તૃત્વ પણ પ્રતીત થાય છે; કારણ કે જગત્ બ્રહ્મનું કાર્ય છે. એટલે આત્મા શબ્દના પ્રયોગને લીધે ગુણોથી પર એવું બ્રહ્મ જ કર્તૃ છે.

સૂત્ર-૬ : (પૂર્વપક્ષી શંકા કરે છે કે) આત્મા શબ્દ પણ લોકની માફક ભલે ગૌણ હોય. જગતમાં કોઈ પ્રશ્ન કરે તો વિષ્ણુમિત્ર કહે કે યજ્ઞદત્ત મારો આત્મા છે. અહીં ગૌણત્વ ઉપચાર છે એમ પ્રાપ્ત થતાં કહેવાય છે -

તેમાં નિષ્ઠા રાખનારને મોક્ષનો ઉપદેશ છે તેથી. (જગતનું કર્તૃ ગૌણ નથી) (૧.૧.૬.)

શ્રુતિમાં આમ કહ્યું છે. ''પહેલાં આ અસત્ હતું. તેમાંથી ખરેખર સત્ ઉત્પન્ન થયું. તેણે આત્માને પોતે કર્યો'' એમ આરંભ કરીને ''જ્યારે એ ખરેખર આ અદશ્ય[૭], અનાત્મ્ય, અનિરુક્ત, અનિલયન એવા બ્રહ્મમાં અભય પ્રતિષ્ઠા મેળવે છે ત્યારે તે અભય પામે છે.'' (તૈ. ૨.૭) પ્રપંચના ધર્મોથી રહિત અને પૂર્વોક્ત જગતનું કર્તૃ એવા બ્રહ્મમાં સંપૂર્ણ નિષ્ઠા રાખનાર મુક્ત થાય છે એવો અર્થ છે. તેમાં જો જગતના કર્તા ગૌણ હોય તો તેમાં નિષ્ઠા રાખનારને સંસાર જ મળે, મોક્ષ મળે નહિ.

સૂત્ર-૭ : વળી,

ત્યજવા યોગ્ય છે એવું વચન નથી, તેથી પણ (જગતના કર્તા નિર્ગુણ જ છે) (૧.૧.૭.)

૧.૧.૪
આ
પ્રસંગે
સગુ
કર્તાની
(૫,
સૂત્રોથી
લગતાં
સૂ
સ્વતંત્ર
(
પણ સા
આમ જે
છે. વિ
આત્મશબ્
બ્રહ્મનું
રીતે જોત
હેતુથી બ્ર
પોત
બ્રહ્મ
લય થાય
છે. ''જ્ય
સ્વપિતિ
પણ જીવ
નામ થાય
રોજ જીવ
જેવો થઈને
છે) અર્થન
(શંક
જુદી દશામ
કહીએ છી
સૂત્ર-૯ :
ગતિ
ગતિમ
મોક્ષમાં બ

किञ्च ।

हेयत्वावचनाच्च ।।७।।

इतोपि निर्गुण एव जगत्कर्ता । वेदान्तेषु सर्वत्र साधनोपदेशे पुत्रादिवत् जगत्कर्ता हेयत्वेन नोपदिश्यते । यदि सगुणः स्यात् प्राकृतगुणपरिहारार्थं मुमुक्षुभिर्जगत्कर्ता नोपास्यः स्यात्, पुत्रादिवत् । अत ईक्षत्यादयो न सगुणधर्माः, सूत्रत्रयस्य ईक्षतिहेतुसाधकत्वात् चकारः । एवं सूत्रचतुष्टयेन ईक्षतिहेतुना जगत्कर्तृत्वोपपत्त्या सृष्टिवाक्यानां ब्रह्मपरत्वमुपपादितम् ।।७।।

अतःपरं स्वतंत्रहेतूनाह 'स्वाप्ययात्' 'गतिसामान्यात्' 'श्रुतत्वाच्चे' तिसूत्रत्रयेण ।

ननु किमर्थं हेत्वन्तराणि ? साधकत्वे एकेनापि तत्सिद्धेः । असाधकत्वे शतेनाप्यसिद्धेरिति चेत्, मैवं, रुपभेदार्थं हेत्वन्तराणि नानाविधान्नभोजनतृप्तिवत् । तद्यथा आत्मशब्दात् 'तन्निष्ठस्य मोक्षोपदेशात्' 'हेयत्वावचनाच्चे'ति निर्गुणस्य स्वरूपपरतया कार्यपरतया च कार्यस्य पुनर्विधिनिषेधभेदात् द्विरूपतेति । एवमुत्तरत्रापि प्रपञ्चिष्यते । तत्र सृष्टिवाक्यानामीक्षतिहेतुना भगवत्परत्वमुक्तम् । इदानीं प्रलयवाक्यानामाह ।

स्वाप्ययात् ।।८।।

ब्रह्मणो न सर्वव्यवहारातीतत्वं, कुतः । स्वाप्ययात् स्वस्मिन्नप्ययात् । तत्र चित्प्रकरणत्वाज्जीवस्योच्यते । एवं हि श्रूयते 'यत्रैतत् पुरुषः स्वपिति नाम सता सौम्य तदा सम्पन्नो भवति तस्मादेनं स्वपितीत्याचक्षते' स्वं ह्यपीतो भवतीति । स्वपितीति न क्रियापदं किन्तु जीवस्य नाम । तदैव स्वपितिनामत्वं यदा सता सम्पद्यते । सति स्वशब्दवाच्ये अपीतिं लयं प्राप्नोतीत्यर्थः । अहरहर्जीवो ब्रह्म सम्पद्य ततो बलाद्यधिष्ठानं प्राप्य पुनर्नव इव समायाति वासनाशेषात् । स्वशब्देन चाभेदः । अर्थतः सच्छब्दसामानाधिकरण्यात् निर्गुणत्वम् । ननु प्रलये वक्तव्ये कथं सुषुप्तिः । मोक्षातिरिक्तदशायां तथा कर्मसम्बन्धाभावादिति ब्रूमः ।।८।।

मुक्तिवाक्यानामाह ।

गतिसामान्यात् ।।९।।

गतौ सामान्यात् । गतिर्मोक्षः समानस्य भावः सामान्यम् । मोक्षे सर्वस्यापि भगवतापि तुल्यत्वात् । एवं हि श्रूयते 'स यथा सर्वासामपां समुद्र एकायन'मित्युपक्रम्य 'वागेकायन'मितिदृष्टान्तार्थं निरूप्य 'स यथा सैन्धवखिल्य उदके प्रास्त' इत्यादिना लयदृष्टान्तं निरूप्य 'न प्रेत्य संज्ञास्ती'ति प्रतिपाद्य तन्निरूपणार्थं 'यत्र हि द्वैतमिव भवति तदितर इतर'मित्यादिना सर्वस्य शुद्धब्रह्मत्वं प्रदर्शितम् । आदिमध्यावसानेषु शुद्धब्रह्मण एवोपपादनात् सर्वेषां वेदान्तानां ब्रह्मसमन्वय इति ।।९।।

किञ्च ।

श्रुतत्वाच्च ।।१०।।

'पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यत' इति श्रुत्यैवासन्दिग्धं सर्वकार्यत्वं प्रतिपादितं, 'सर्व वेदा यत्पदमामनन्ती'ति च ।

चकरोऽधिकरणसम्पूर्णत्वद्योतनाय ॥ एवं चिद्रूपस्य कारणतानिरूपणेन वेदान्तानां ब्रह्मपरत्वं निरूपितम् ॥१०॥

इति ईक्षत्यधिकरणम् ॥

અધિકરણ - ૪

ઈક્ષત્યધિકરણ

સૂત્ર ૧.૧.૪-૧૦

સૂત્ર-૪ : આ રીતે બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરીને બ્રહ્મનું લક્ષણ શું એવી આકાંક્ષા થાય તેથી જન્માદિ- એમ બે સૂત્રોથી બ્રહ્મ વેદપ્રમાણ છે, જગતનું કર્તૃ છે અને સમવાયિ છે એમ કહ્યું. આમ ત્રિસૂત્રીથી જિજ્ઞાસા, લક્ષણ અને (કારણવિશેષનો) વિચાર કર્તવ્ય છે એમ સિદ્ધ થાય છે.

ત્યાં બ્રહ્મમાં ચાર પ્રકારે વિચાર છે : સ્વરૂપ, સાધન અને ફલનું પ્રતિપાદન કરનારાં વાક્યો ત્રણ પ્રકારનાં છે તથા મતાન્તરનું નિરાકરણ. તેમાં સ્વરૂપનો વિચાર કર્યા પછી મતાન્તરનું નિરાકરણ કર્યા વિના સાધન અને ફલ ઉપયોગી નથી. એટલે પ્રથમ સ્વરૂપનો નિર્ણય છે. તે પછી અન્ય મતોનું ખંડન કરેલું છે અને તે પછી સાધનો અને ફલનો નિર્ણય કરેલો છે. તેમાં પહેલા અધ્યાયમાં સ્વરૂપવિષયક વાક્યો વિચારવામાં આવે છે. તે બે પ્રકારનાં છે - સંદિગ્ધ અને નિઃસંદિગ્ધ. તેમાં નિઃસંદિગ્ધ વાક્યોનો નિર્ણય કહેવાનો નથી. સંદિગ્ધ વાક્યો ચાર પ્રકારનાં છે - કાર્યનું, અન્તર્યામીનું અને ઉપાસ્યરૂપનું પ્રતિપાદન કરનાર તથા પ્રકીર્ણ. તેમાં પ્રથમ પાદમાં કાર્યપ્રતિપાદક વાક્યોનો નિર્ણય કહેવાય છે. સત્, ચિત્ અને આનન્દરૂપે તથા આકાશ, વાયુ અને તેજનાં વાચક એમ છ પ્રકારનાં વાક્યોનો નિર્ણય કરવામાં આવે છે. બીજે બીજાનાં વાચક વાક્યો પણ વેદાન્તોમાં ભગવાનના વાચક છે એમ સમજવાનું છે.

તેમાં લક્ષણનો વિચાર કરતાં સદ્રૂપ વાક્યો ભગવાનનાં વાચક છે એવો નિર્ણય કર્યો છે. ચિદ્રૂપ એટલે જ્ઞાનપ્રધાન વાક્યોના નિર્ણય માટે સાત સૂત્રોથી ઈક્ષતિ-અધિકરણનો આરંભ કરવામાં આવે છે, કારણ કે જ્ઞાનનાં સાત દ્વાર છે.[1]

ત્યાં આવો સંદેહ છે. બ્રહ્મ સ્વપ્રકાશ હોવાથી સર્વ પ્રમાણોનો અવિષય છે. તેથી અને ''જ્યાંથી વાણી નિવૃત્ત થાય છે'' (તૈ. ૨.૪) એ શ્રુતિથી વિચાર કરવો શક્ય નથી, કારણ કે સ્વપ્રકાશત્વ અને શ્રુતિનો વિરોધ થાય છે. અથવા તો વિરોધ પરિહારથી શક્ય છે. ત્યારે શું પ્રાપ્ત થયું ? શક્ય નથી. શાથી ? સન્નિકર્ષ આદિ માર્ગથી પ્રમાણો જણાવવા માટે છે જે સર્વથા અવિષય, અવાચ્ય અને અવ્યવહાર્ય છે તેમાં પ્રમા ક્યાંથી હોય ? પુરુષની પ્રવૃત્તિ ઐહિક અને પારલૌકિક વ્યવહારને યોગ્ય વિષયમાં હોય છે. પ્રવૃત્તિને માટે પ્રમાણો છે; અને બ્રહ્મ બધા વ્યવહારથી પર છે. એ પણ વેદથી જ સમજાય છે એમ માનો તો વેદાન્તો બાધિત અર્થનું

૧.૧.૪-
પ્રતિપાદ
કહેવાય
ઈક્ષ
નથી. (
જેમ
નથી. શા
અદ્વિતીય
થાઉં, ઉ
તેવું બીજે
તેણે ઈક્ષ
કર્યું. (ઐ
આવાં સૂ
એમ
છતાં ભગ
જેમ કર્યું
પૂર્વેનું રૂપ
છે એમ
શંકા
વેદનો વિ
ચક્ષુ વગે
ભ્રમ ઉત્પ
ભગવાનન
વૈદિક સં
અનધિગત
અને બ્રહ્મ
પુરુષાર્થને
વ્યાખ્યાત
આથી ''
વગેરેનું પ્ર
થાય છે.
સૂત્ર-
છે. ''જેમ
(તૈ. ૨.
૬.૧.૯),

આથી પણ જગત્‌ના કર્તા નિર્ગુણ જ છે. વેદાન્તોમાં સર્વત્ર સાધનોના ઉપદેશ પ્રસંગે પુત્ર વગેરેની માફક[૮] બ્રહ્મને ત્યજવા યોગ્ય તરીકે ઉપદેશ્યું નથી. જો બ્રહ્મ સગુણ હોય તો પ્રાકૃત ગુણના પરિહાર માટે મુમુક્ષુઓ પુત્રાદિની માફક જગત્‌ કર્તાની ઉપાસના ન કરે. આથી ઈક્ષણ વગેરે સગુણના ધર્મો નથી. આ ત્રણ સૂત્રો (૫, ૬, ૭) ઈક્ષણના હેતુના સાધક હોવાથી (સૂત્રમાં) ચ શબ્દ છે. આમ ચાર સૂત્રોથી ઈક્ષણના હેતુથી જગત્‌ કર્તૃત્વની ઉપપત્તિ દ્વારા સૃષ્ટિવિષયક વાક્યો બ્રહ્મને લગતાં છે એમ પ્રતિપાદન કર્યું છે.

સૂત્ર-૮ : હવે પછી स्वाप्ययात्, गतिसामान्यात् અને श्रुतत्वाच्च એમ ત્રણ સૂત્રોથી સ્વતંત્ર હેતુઓ કહ્યા છે.

(શંકા) બીજા હેતુઓ શા માટે આપ્યા છે ? જો હેતુ સાધક હોય તો એકથી પણ સાધ્યની સિદ્ધિ થાય છે અને સાધક ન હોય તો સોથી પણ સિદ્ધિ થતી નથી. આમ જો તમે કહો તો (જવાબ) એવું નથી. રૂપભેદને[૯] માટે બીજા હેતુઓ આપ્યા છે. વિવિધ પ્રકારના અન્નભોજનથી થતી તૃપ્તિની માફક સમજવાનું છે. આમ आत्मशब्दात्, तन्निष्ठस्य मोक्षोपदेशात् અને हेयत्वावचनाच्च એ ત્રણ સૂત્રો નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ અને કાર્યની દૃષ્ટિએ સમજાવ્યાં. કાર્યના પણ વિધિ અને નિષેધ એ રીતે જોતાં બે પ્રકાર છે. આ આગળ પણ સમજાવાશે. ત્યાં સૃષ્ટિવાક્યો ઈક્ષણના હેતુથી બ્રહ્મવિષયક છે એમ કહ્યું. હવે પ્રલયવાક્યો કહે છે.

પોતાનામાં લય હોવાથી. (૧.૧.૮.)

બ્રહ્મ સર્વ વ્યવહારથી પર છે એવું નથી કારણ કે પોતાનો લય થાય છે, પોતાનામાં લય થાય છે. ચિત્‌નું પ્રકરણ હોવાથી ત્યાં જીવનો લય કહેવાય છે. આમ શ્રવણ થાય છે. ''જ્યારે એ પુરુષ સુએ છે ત્યારે હે સૌમ્ય સત્‌થી સંપન્ન થાય છે માટે એને સ્વપિતિ કહે છે. તે સ્વમાં મળી જાય છે.'' (છાં. ૬.૮.૧) સ્વપિતિ ક્રિયાપદ નથી પણ જીવનું નામ છે.[૧૦] જ્યારે સત્‌ સાથે સંપન્ન થાય છે ત્યારે જ (એનું) સ્વપિતિ નામ થાય છે. 'સ્વ' શબ્દથી કહેવાતા સત્‌માં અપિતિ એટલે લય પ્રાપ્ત કરે છે. રોજ ને રોજ જીવ બ્રહ્મમાં સંપન્ન થઈએ પછી બલ વગેરે અધિષ્ઠાન પ્રાપ્ત કરીને પાછો નવા જેવો થઈને આવે છે; કારણ કે વાસના બાકી રહે છે. સ્વ શબ્દથી અભેદ (સમજાય છે) અર્થની દૃષ્ટિએ સત્‌ શબ્દના સામાનાધિકરણ્યથી[૧૧] નિર્ગુણત્વ (સિદ્ધ થાય) છે.

(શંકા) પ્રલયની વાતમાં સુષુપ્તિની વાત ક્યાંથી આવી ? (જવાબ) મોક્ષથી જુદી દશામાં તેવા કર્મસંબંધનો અભાવ[૧૨] છે તેથી (આ વાત કરી છે) એમ અમે કહીએ છીએ.

સૂત્ર-૯ : મુક્તિવાક્યોની (બ્રહ્મપરતા) કહે છે :

ગતિ સમાન હોવાથી (૧.૧.૯.)

ગતિમાં સમાનતા હોવાથી. ગતિ એટલે મોક્ષ. સમાનનો ભાવ તે સામાન્ય. મોક્ષમાં બધું ભગવાનને તુલ્ય છે. આમ શ્રવણ થાય છે. ''જેમ બધા જ જળનું

સમુદ્ર એક માત્ર સ્થાન છે'' (બૃ. ૨.૪.૧૧) એમ આરંભ કરીને, ''વાણી એકમાત્ર સ્થાન છે'' એમ દૃષ્ટાન્ત અર્થે નિરૂપણ કરીને, જેમ તે મીઠાનો કટકો પાણીમાં નાખવામાં આવે'' વગેરેથી લયના દૃષ્ટાન્તનું નિરૂપણ કરીને, ''નિવૃત્તિ પછી સંજ્ઞા નથી'' એમ પ્રતિપાદન કરીને, તેને સમજાવવા માટે ''જ્યાં ખરેખર દ્વૈત જેવું હોય છે ત્યાં એક બીજાને'' એમ સર્વનું શુદ્ધ બ્રહ્મત્વ બતાવ્યું છે. આદિ, મધ્ય અને અન્તમાં શુદ્ધ બ્રહ્મનું જ ઉપપાદન છે એટલે બધા જ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય માનવો યોગ્ય છે.

સૂત્ર-૧૦ : ઉપરાંત -

અને શ્રવણ થાય છે તેથી. (૧.૧.૧૦)

''આ પૂર્ણ છે. એ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે. પૂર્ણનું પૂર્ણ લઈએ તો પૂર્ણ જ બાકી રહે છે'' (બૃ. ૫.૧.૧.) આમ શ્રુતિથી સંદેહ વગર સર્વકાર્યત્વ પ્રતિપાદિત થાય છે. ''બધા વેદો જે પદનું પ્રતિપાદન કરે છે.'' (બૃ. ૧.૨.૧૫) એવી શ્રુતિ પણ છે. અધિકરણ પૂરું થયું તે બતાવવા માટે સૂત્રમાં च શબ્દ છે.

આમ ચિદ્રૂપની કારણતાના નિરૂપણ દ્વારા વેદાન્તોના બ્રહ્મપરત્વનું નિરૂપણ થયું.

ટિપ્પણ

૧. सप्तद्वारत्वाज्ज्ञानस्य - પુરુષોત્તમજી કહે છે કે ચક્ષુ વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન અને જીવ એ સાત જ્ઞાનનાં દ્વાર છે એટલે આ અધિકરણમાં સાત સૂત્રો છે.

૨. भ्रमानुत्पत्तिप्रसङ्गात् - જો આંખ જેવી ઇન્દ્રિયો સ્વયં પ્રમાણ હોય તો ભ્રમ થાય જ નહિ, પણ આપણને રજ્જુ સર્પ જેવો ભ્રમ થાય છે. એટલે સત્ત્વ સહિતની ઇન્દ્રિયો જ પ્રમાણભૂત છે.

૩. संकेतग्रहः - વેદને નિરપેક્ષ પ્રમાણ ગણવા સામે દલીલ થઈ શકે. વેદમાં શબ્દો છે અને એ શબ્દોના સંકેતનું ગ્રહણ થતાં અર્થનો બોધ થાય છે. સંકેત વ્યવહાર પર આધાર રાખે છે. આમ વેદ સંપૂર્ણ રીતે સ્વતંત્ર નથી. તેનો જવાબ આ વાક્યમાં છે. વેદમાં કહ્યું છે - सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरणाणि। આમ આરંભમાં વૈદિક સિવાય બીજી કોઈ સૃષ્ટિ ન હતી, વેદમાં એના સિવાય બીજા પુરુષો ન હતા કે ભગવાન સિવાય બીજા કોઈ શિક્ષક ન હતા. આમ ભગવાનની શિક્ષાથી કે ભગવાને આપેલી બુદ્ધિથી કે પછી ભગવાનની ઈચ્છામાત્રથી વેદને જાણનારાઓ સંકેતનું ગ્રહણ કરે છે. આથી જ વૈદિક સંકેતગ્રહ સમજવાનો છે.

૪. आकृतिमात्रार्थं लोकापेक्षा - અહીં શંકા થાય છે કે વૈદિક સંકેત તે સમયના લોકોને માટે છે, પણ અર્વાચીન વ્યક્તિઓને માટે તો વૈદિક સંકેત હોતો નથી. તેના જવાબમાં આ વાક્ય છે. અહીં કહ્યું છે કે માત્ર આકૃતિ માટે લોકની અપેક્ષા છે. જેમ

લાકડાંની પૂતળી બનાવીને સંકેત નક્કી કર્યા પછી સુવર્ણની પૂતળીને પણ પૂતળી જ કહેવામાં આવે છે તેમ જેવો સંકેત વ્યવહારની ભાષામાં છે તેવો જ વેદમાં પણ સમજવાનો છે. એમ તો ''यथा सौम्य एकेन मृत्पिण्डेन'' આદિ વાક્યોમાં લૌકિક દૃષ્ટાન્તોનો આદર કરેલો છે. તેથી વેદ લોકવ્યવહાર પર આધાર રાખે છે એમ ન કહેવાય.

૫. संनिपातरूपत्वात् - ભાગવત-૧૧માં કહ્યું છે - सन्निपातस्त्वहमिति ममेत्युद्धव या मतिः । व्यवहारः सन्निपातो मनोमात्रेन्द्रियासुभिः ॥ આમ મન, ઇન્દ્રિય આદિના વ્યવહારને સંનિપાત કહ્યો છે. તેથી લૌકિક વ્યવહાર એનું કાર્ય હોવાથી પુરુષાર્થ સિદ્ધ કરી શકે નહિ.

૬. वेदव्याख्यातृवाग्विषयत्वात् - પ્રશ્ન એ છે કે જો બ્રહ્મ વૈદિક વ્યવહારનો જ વિષય હોય તો સૂત્રમાં अशब्दम् ને બદલે अवेदम् કહેવું જોઈએ. તેના જવાબમાં કહ્યું છે કે શ્રુતિવાક્ય છે - अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदो यजुर्वेदः सामवेदोथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुव्याख्यानानि व्याख्यानान्यस्यैवैतानि सर्वाणि निःश्वसितानि । અહીં વેદો ઉપરાંત સૂત્રો, વ્યાખ્યાનો વગેરેનો સંગ્રહ બતાવે છે કે બ્રહ્મ વેદનું વ્યાખ્યાન કરનારની વાણીનો પણ વિષય છે. તેથી જ 'શબ્દ' શબ્દ વાપર્યો છે.

૭. अदृश्ये... - અદૃશ્ય એટલે નામરૂપરહિત. अनात्म्य = શરીરરહિત. आत्मन इदमात्म्यं शरीरम् । (પુ.) अनिरुक्त = નિર્વચન ન થઈ શકે એવું. જેમાં વિકાર હોય તેનું નિર્વચન થઈ શકે. આમ બ્રહ્મ અવિકારિ છે. અથવા તો બ્રહ્મ જ્ઞાત અને અજ્ઞાત બન્નેથી પર હોવાથી સમજાવી શકાય એમ નથી. अनिलयने - સ્થાનરહિત અર્થાત્ આધારરહિત.

૮. पुत्रादिवत् - પુત્ર વગેરે હેય કહ્યા છે, પણ બ્રહ્મ પુત્રાદિ જેવું નથી એમ સમજવાનું છે.

૯. **रूपभेदार्थं हेत्वन्तराणि - બ્રહ્મના વ્યવહાર્યત્વમાં સૃષ્ટિ જ માત્ર દ્વાર નથી,** પણ બીજાં દ્વારો પણ છે. ચાર સૂત્રોમાં પ્રથમ ઈક્ષતિને સામાન્ય રીતે હેતુ તરીકે કહ્યો છે. બીજો હેતુ સ્વરૂપવિષયક છે અને પછીના બે કાર્ય પર છે. આમ વિવિધ હેતુઓ બતાવ્યા છે. આની સ્પષ્ટતા માટે દૃષ્ટાન્ત આપતાં કહ્યું છે કે જેમ વિવિધ ભોજનસામગ્રીથી ખાનારને વધારે તૃપ્તિ થાય છે તેમ જુદા જુદા હેતુઓ હોય તો મુદ્દો વધારે સ્પષ્ટ થાય છે.

૧૦. स्वपिति - स्वपिति રૂપ स्वप् ધાતુનું વર્તમાન કાળ ત્રીજો પુરુષ એકવચન છે પણ અહીં તે અર્થ સમજવાનો નથી; પણ આ જીવનું નામ અર્થાત્ વિશેષણ છે. स्वस्मिन् अपीतिः यस्य सः स्वपितिः । એમ સમાસનો વિગ્રહ કરવાનો છે. અહીં પૃષોદરાદિની માફક अ નો લોપ થાય છે અને ई ની વિકૃતિ થાય છે તેથી स्वपिति શબ્દ બન્યો છે.

૧૧. सच्छब्दसामानाधिकरण्यात् - વિષયવાક્યમાં स्व શબ્દ આત્માનો વાચક

હોવાથી આત્મા અને સ્વનો અભેદ સમજવાનો છે. વાક્યમાં सता सौम्य ઈત્યાદિ વાક્યમાં सत् શબ્દ ત્રીજી વિભક્તિમાં હોવાથી સામાનાધિકરણ્ય નથી, પણ અર્થની દૃષ્ટિએ સામાનાધિકરણ્ય સમજવાનું છે. આમ सत् નિર્ગુણનું બોધક છે એમ સિદ્ધ થાય છે.

૧૨. तथाकर्मसंबन्धाभावः - મોક્ષથી જુદી દશામાં ચાર પ્રકારો છે - જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ અને પ્રલય. જાગ્રત્ અને સ્વપ્નમાં કર્મનો સંબંધ નિશ્ચિત હોય છે પણ સુષુપ્તિ અને પ્રલયમાં વાસનામાત્ર હોવાથી કર્મનો સંબંધ એટલો સ્પષ્ટ હોતો નથી. આમ પ્રલય અને સુષુપ્તિ વચ્ચે સમાનતા છે.

अतःपरमानन्दरूपस्य कारणत्वोपपादनेन तद्वाक्यानां ब्रह्मपरत्वमुपपाद्यते आनन्दमयाद्यष्टभिः सूत्रैः, तत्र तैत्तिरीयशाखायां ब्रह्मभृगुप्रपाठकद्वयेन ॥ तत्र आनन्दमय इति मयट्-प्रत्ययान्तस्याब्रह्मत्वेनाजगत्कारणत्वे ब्रह्मप्रपाठकस्याब्रह्मपरत्वं स्यादिति तन्निराकरणार्थमानन्दमयाधिकरणम् । षडिन्द्रियस्वरूपद्वयानन्द भेदेनानन्दस्याष्टविधत्वादष्टसूत्राणि ।

ननु कथं सन्देहः । कथं वास्याब्रह्मत्वे प्रपाठकासङ्गतिरिति । उच्यते । ब्रह्मविदः परप्राप्तिं प्रतिज्ञाय ज्ञेयांशे कारणत्वायानन्दांशमप्रवेश्य जडत्वपरिहाराय सर्वज्ञानन्दरुपं फलमुपपाद्य, तन्निरूपणार्थं सर्वोऽपि प्रपाठक आरब्धः । तत्र साधनशेषब्रह्मणो वाक्यादेव निःसन्दिग्धप्रतीतेः फलस्य ब्रह्मत्वं प्रतिपादनीयम् । तत्राब्रह्मान्नमयादितुल्यवचनात् सुखवाचकशब्दानामेव वचनाच्च सन्देहः । आनन्दांशस्यैव कारणत्वेन ब्रह्मत्वप्रतिपादनार्थत्वात्तदभावे प्रपाठकवैयर्थ्यञ्च । फलस्य नैकट्यप्रतिपादनायात्मपदप्रयोगेण फलरूपेण जगत्कारणतामुक्त्वा तस्यैव मध्ये सर्वान्तरत्वं प्रतिपादितम् । तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्माऽऽनन्दमय' इति । अन्ते च'एतमानन्दमयमात्मानमुपसङ्क्रामती'ति आदिमध्यरूपे अनूद्य फलत्वेनोपपादितम् । तन्निरूपकस्यापि तत्तुल्यफलत्वं वक्तुमन्नमयादीनामपि ब्रह्मत्वेनोपासनमुक्तम् ।

तत्र पूर्वपक्षेऽन्नमयादेरिवानन्दमयस्यापि न ब्रह्मत्वं, अन्नमयादितुल्यवचनात्तथैव फलसिद्धेरिति । इति प्राप्तेऽभिधीयते ।

आनन्दमयोऽभ्यासात् ।११। (१-१-५)

आनन्दमयःपरमात्मा नान्नमयादिवत् पदार्थान्तरः । कुतः । अभ्यासात् । अभ्यस्यते पुनः पुनः कीर्त्यत इत्यभ्यासः तस्मात् । अभ्यासभेदकत्वं पूर्वतन्त्रसिद्धम् । यथा पूर्वतन्त्रे शब्दान्तराभ्याससङ्ख्यागुणप्रक्रियानामधेयानां षण्णां कर्मभेदकत्वमेवमेवानन्दमयस्याप्यभ्यास्त् पूर्ववैलक्षण्यंम् । अतोऽतुल्यत्वात् ब्रह्मत्वं, एवमभ्यासः श्रूयते । 'कोह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् एष ह्येवानन्दयाती'त्यर्थतोऽभ्यासः । स्तुत्या मयडर्थत्वप्रकृतिस्तुल्या । पुनर्वचनेनाभ्यासेन प्रवाहाद्भेदे साधिते ब्रह्मत्वंम् । न तु भेदापत्तिः । उत्तरस्य साधकत्वात् । तस्मादानन्दमयं ब्रह्मैव ।

अथवा 'स नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् सहैतावानासे'त्यादिश्रुतिभि'रेष उ एवे'तिश्रुतेश्च तानि तानि साधनानि कारयित्वा तानि तानि फलानि ददद्भगवान् स्वक्रीडार्थमेव जगद्रूपेणाविर्भूय क्रीडतीति वैदिकैर्निर्णीयते । एतदेव काण्डद्वयेऽपि प्रति-

---

१.१.
पाद्यते
कर्मब्र
मात्रामु
आह
अत्र पर
एव प
वि
स्यात् ।
तत्स्व
सर्वार्थत
परप्राप्ति
पूर्ववाक्
वेद नि
सोपपत्ति
परिच्छि
अ
आनन्देऽ
शब्देनो
त्रयाणाम्
एवेत्याश
'नायमात
वृणुते
विरोधपरि
स्वरुपयोग
पुरुषोत्तम
तथा । ज्ञा
लौकिकः
शक्य' इ
स्यान्नत्वेव
तस्मान्मब्र
इत्यादिवा
तस्य पुरु
नित्याविकृ

पाद्यते । अन्यथा जीवस्य साधनफले निरूपयन्त्याः श्रुतेर्जीवपरत्वमेव स्यान्न ब्रह्मपरत्वम् । कर्मब्रह्मणोरपि जीवशेषत्वं नापेयात् ।

एवं सति पूर्वकाण्डेऽवान्तरफलान्युक्त्वा एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ती'तिश्रुतेर्निरवध्यानन्दात्मकमेव परमं फलमिति तद्विवक्षमाणा पूर्वं सामान्यत आह । ससाधनं तैत्तिरीये 'ब्रह्मविदाप्नोति पर'मिति । अक्षरब्रह्मवित् परं ब्रह्माप्नोतीत्यर्थः । अत्र परशब्दस्य पूर्वपरत्वे तदित्येव वदेत् । पूर्वं ब्रह्मोक्त्वाग्रे यत् परमित्याह तेन सान्निध्यात्तत एव परं पुरुषोत्तमरूपमेवात्राभिप्रेतमिति ज्ञायते ।

किञ्च, प्रतिवादिना तदाप्तिर्ज्ञानात्मिकैव वाच्या । तथा सति ब्रह्मप्राप्तो ब्रह्म प्राप्नोतीत्यर्थः स्यात् । स चासङ्गतः, साधनसाध्यभावव्याहतिश्च ॥ अतःपरं विशेषस्तद्विवक्षमाणाऽनुभवैकगम्यं तत्स्वरूपं नान्यमानगम्यमिति ज्ञापयितुमन्यमुखेनाह । 'तदेषाभ्युक्ते'ति, अन्यथा सर्वार्थतत्त्वप्रतिपादिका श्रुतिरेवं कथं वदेत् । तदित्यव्ययम् । तथा च तत् पूर्वोक्तं ब्रह्मविदः परप्राप्तिलक्षणमर्थं विशदतया प्रतिपाद्यत्वेनाभिमुखीकृत्योपगृह्य ऋगेषा विदितपरब्रह्मकैरुक्ता । पूर्ववाक्योक्तार्थस्य वैशद्यमनया क्रियत इत्यर्थः सम्पद्यते । तामेवाह सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन् सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता', सोपपत्तिकमानन्दात्मकत्वमग्रे निरुपणीयमित्यधुना तदनिरुप्य सच्चदंशौ देशकालापरिच्छिन्नत्वञ्चोक्तवती ।

अथवा अक्षरब्रह्मण्यानन्दात्मके सत्यपि तस्य परिच्छिन्नत्वान्न परमफलत्वमत आनन्देऽपरिच्छिन्नत्वमेव परमफलतावच्छेदकमिति तद्धर्मपुरःसरं परमानन्द एवानन्दशब्देनोच्यते । अत्र 'सत्यं विज्ञानमानन्दं ब्रह्म' 'सच्चिदानन्दविग्रह'मित्यादिश्रुतिषु त्रयाणामप्येकप्रक्रमपठितत्वात् द्वितयोक्तौ तन्नियतसहचरितत्वेनानुक्तोऽप्यानन्दः प्राप्स्यत एवेत्याशयेन वानन्दः स्फुटतया नोक्तः । अथ वेदनपदार्थमाह 'यो वेदे' त्यादिना । अत्रेदमाकूतं, 'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वा'मितिश्रुत्या वरणेत्तरसाधनाप्राप्यत्वमुच्यते । एवं सति श्रुतिद्वयविरोधपरिहारायाक्षरब्रह्मज्ञानेनाविद्यानिवृत्त्या प्राकृतधर्मराहित्येन शुद्धत्वसम्पादनेन पुरुषोत्तमप्राप्तौ स्वरुपयोग्यता सम्पाधते । तादृशे जीवे स्वीयत्वेन वरणे भक्तिभावात् सहकारियोग्यतासम्पत्त्या पुरुषोत्तमप्राप्तिर्भवतीति निर्णीयते । तदैव गुहायां परमव्योमाविर्भावः, परो मीयते दृश्यतेऽनेनेति तथा । ज्ञानमार्गीयजीवज्ञेयप्रकारकाद्वैशिष्ट्येनापि तथा । परमव्योम्नोऽत्यलौकिकत्वज्ञापनायालौकिकः प्रयोगः कृतः ॥ 'भक्त्याहमेकया ग्राह्यः' 'नाहं वेदै'रित्युपक्रम्य 'भक्त्या त्वनन्यया शक्य' इत्यादिस्मृतिरप्येवमेव सङ्गच्छते । अन्यथा ज्ञानमार्गिणामपि ब्रह्मविदां परप्राप्तिरेव स्यान्नत्वेवं 'मुक्तानामपि सिद्धानां नारायणपरायणः सुदुर्लभः प्रशान्तात्मा कोटिष्वपि महामुने तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह' इत्यादिवाक्यैः । एतदेवाह । गुहायां हृदयाकाशे यदाविर्भूतं परमं व्योमाक्षरात्मकं व्यापिवैकुण्ठं तस्य पुरुषोत्तमगृहरूपत्वात् तत्र निहितं स्थापितमिव वर्तमानं यो वेद स भक्तो ब्रह्मणा नित्याविकृतरुपेण विपश्चिता । विविधं पश्यच्चित्वं हि विपश्चित्त्वं । पृषोदरादित्वात्

पश्यच्छब्दावयवस्य यच्छब्दस्य लोपं कृत्वा व्युत्पादितो विपश्चिच्छब्दः। तेन विविधभोगचतुरेण सह सर्वान् कामानश्नुत इत्यर्थः। एतेन परप्राप्तिपदार्थ उक्तो भवति। शुद्धपुष्टिमार्गीयत्वादस्य भक्तस्य स्वातत्र्यं भोग उच्यते। सहभावोक्त्या ब्रह्मणो गौणत्वं। अत एव भक्ताधीनत्वं भगवतः स्मृतिष्वप्युच्यते 'अहं भक्तपराधीनः,' 'वशे कुर्वन्ति मां भक्त्ये'त्यादिवाक्यैः।

यद्यप्यश् भोजन इतिधातोरश्नातीत्येव रूपं भवति, अशूङ् व्याप्ताविविधातोर्भवत्यश्नुत इति रूपं विकरणभेदात् पदभेदाच्च। तथाप्यत्राश्भोजन इति धातोरेव प्रयोग इति ज्ञायते। तथाहि यत्राशनक्रियायां ब्रह्मणा सहभाव उच्यते, तथा च व्याप्त्यर्थकत्वे ब्रह्मणा सहभूतान् कामान् व्याप्नोतीत्यर्थो भवत्यथवा ब्रह्मणा सहभूतः स जीवः कामान् व्याप्नोतीति। एतौ त्वनुपपन्नौ, नहि कामवज्जीवकर्तृकव्यापनक्रियाकर्मत्वं ब्रह्मणि सम्भवत्यतिमहत्त्वात्। व्यापनं चात्र स्वाधीनीकरणमेव वाच्यम्। नहि कामानां तथात्वं स्वतः पुरुषार्थरूपं भोगशेषत्वात्तेषां, पूर्वोक्तपरप्राप्तिव्याकृतिरूपत्वाच्चास्य तथार्थोऽनुपपन्नः। तेनाश्भोजन इतिधातोरेवायं प्रयोगः। अर्थस्यालौकिकत्वज्ञापनायालौकिकः प्रयोगः कृतः। 'व्यत्ययो बहुल' मितिसूत्रेण छन्दसि तद्विधानात् श्नाप्रत्ययपरस्मैपदयोर्व्यत्ययेन श्नुप्रत्ययात्मनेपदे जात इति भोगार्थक एवायं धातुः। एवमेव 'न तदश्नोति कञ्चन न तदश्नोति कश्चने'त्यत्र प्रत्ययमात्रव्यत्ययेन प्रयोगोऽश्धातोरेवेति ज्ञेयम्। अन्यथा सर्वव्यापकस्य ब्रह्मणस्तन्निषेधोऽनुपपन्नः स्यात्।

ननु सकामोऽत्रोपासकस्तदुपास्यञ्च सगुणं ब्रह्म। द्वयोरपि कामोपभोगश्रवणात् 'यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यती'त्युपक्रम्य, 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत् केन कं पश्ये'दित्यादिनाऽन्यदर्शनादिनिषेधात् ब्रह्मविदः कामोपभोगासम्भवश्चेति चेत्, मैवम्। 'तदेषाभ्युक्ते'ति वाक्येन पूर्ववाक्योक्तार्थनिरूपिकेयमृगित्युक्तत्वेन प्राकृतगुणसम्बन्धस्य तत्र वक्तुमशक्यत्वात्। तथा सति ब्रह्मवित्प्राप्यत्वपरत्वयोरसम्भवापत्तेः। न च वेद्यस्यागुणत्वमुत्तरस्य सगुणत्वमिति वाच्यं, परत्वानुपपत्तेः। साधनशेषस्यागुणत्वं तत्फलस्य सगुणत्वमित्यसङ्गततरञ्च। 'यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिता' इतिश्रीभागवतवाक्येन गुणातीतपुंसां वैकुण्ठदर्शनाधिकार उच्यते यत्र तत्र किमु वाच्यं तत्परदर्शने। यच्चोक्तं ब्रह्मविदो द्वैतदर्शनानुपपत्त्या कामभोगासम्भव इति तत्राप्युच्यते। 'यत्र त्वस्य सर्वमात्मैवाभू'दिति श्रुतिरखण्डब्रह्माद्वैतभाने ब्रह्मविदः प्रापञ्चिकमभेदादर्शनं वदति न तु प्रपञ्चतीतार्थदर्शनं बोधयति निषेधति वा। पुरुषोत्तमस्वरूपन्तु यावत्स्वधर्मविशिष्टं प्रपञ्चातीतमेवेति तद्दर्शनादौ किमायातम्। 'पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्य'मित्यनेन ब्रह्मात्मकत्वं प्रपञ्चस्योक्त्वैतदपि तस्य विभूतिरूपं पुरुषस्त्वितो महानित्याह 'एतावानस्य महिमा अतो ज्यायांश्च पुरुष'इति श्रुतिरतो न किञ्चिदनुपपन्नम्। एवं सति ब्रह्मविदः परप्राप्तेः पूर्वदशा तत् केनेत्यादिनोच्यते। उत्तरदशा तु 'सोऽश्नुत' इत्यनेनोच्यत इति सर्वं सुस्थम्। छान्दोग्येऽपि 'यत्र नान्यत् पश्यती'त्यादिना भूमस्वरूपमुक्तवा 'आत्मैवेदं सर्वं'मित्यन्तेन तद्विद्भावमुक्त्वोच्यते। 'स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानन्दः स स्वराड् भवति सर्वेषु लोकेषु कामचारो भवती'ति। एतच्च लिङ्गभूयस्त्वात् तद्धि बलीयस्तदपीत्यधिकरणे

प्रपञ्चयिष्यते। अथवा 'तदेषाभ्युक्ते'ति वाक्येन पूर्ववाक्योक्तब्रह्मनिरूपिकेयमृगित्युच्यते। तत्र साधनफले निरूपिते इत्यृच्यपि ते एव निरूप्येत्। तथाहि आनन्दस्य फलात्मकत्वेन साधनशेषभूते ब्रह्मणि तमनुक्त्वा 'यो वेदे' त्यन्तयर्चा ब्रह्मविदित्येतावतो वाक्यस्य विवरणं क्रियते। एतेन फलाप्तौ स्वरूपयोग्यतासम्पत्तिरुक्ता। तत उक्तरीत्या भगवद्वरणेन भक्तिलाभे गुहायामाविर्भूतं यत् परमं व्योम तस्मिन्निहितः पुरुषोत्तम एवेति। तं निहितमिति तृतीयार्थे द्वितीया, तथा च तत्र निहितेन ब्रह्मणेत्यग्रे पूर्ववत्।

अथ परमफलत्वान्निरवध्यानन्दात्मकत्वमन्तरङ्गेभ्योऽप्यन्तरङ्गत्वं स्वस्मिन् ज्ञापयितुं सर्वस्य सर्वरूपत्वेन सर्वाधिदैविकरूपत्वमपि ज्ञापयितुमाधिभौतिकादिरुपेणाविर्भवितुं भगवानाकाशादिरुपेणाविर्भूतोऽत एव भवन आकाशस्यैव कर्तृत्वमुच्यते। अग्रेऽन्नमयादीनि चत्वारि रूपाणि पूर्वं निरूपितान्युत्तरोत्तरमन्तरङ्गभूतानि। अन्नरसमयशरीरभूतात् प्राणमयस्तस्मान्मनोमयस्तस्माद्विज्ञानमयः।

कश्चित्त्वेतानि रूपाणि विकारात्मकत्वात् प्राकृतान्येवैतेभ्योऽप्यन्तरङ्गो विमुक्ताविद्यो जीव एवानन्दमय उच्यत इत्याह, स प्रतिवक्तव्यः॥ अग्रिमप्रपाठके भृगुणा 'अधीहि भगवो ब्रह्मे'ति पृष्टो वरुणस्तदोत्तमाधिकाराभावात् स्वयं ब्रह्मस्वरूपमनुक्त्वा तपसाधिकारातिशयक्रमेण स्वयमेव ज्ञास्यतीति तदेव साधनं सर्वत्रोपदिष्टवान्। 'तपसा ब्रह्म विजिज्ञासस्वे'ति। ब्रह्म विजिज्ञासस्वे'ति। ब्रह्मातिरिक्तेन साधनेन न तत् ज्ञातुं शक्यमिति ज्ञापनाय 'तपो ब्रह्मे'ति सर्वत्रोक्तवान्। तथाच तपसा साधनेन ब्रह्मत्वेन ज्ञातानि रूपणि प्राकृतानीति विचारकेण न वक्तुं शक्यमिति।

तर्हि पुनर्ब्रह्मविषयकप्रश्नसाधनोपदेशतत्करणपूर्वातिरिक्तब्रह्मज्ञानानां परम्परा नोपपद्यत इति चेत्, मैवम्, भगवतो हि विभूतिरूपाण्यनन्तानि। यत्र येन रूपेण यत् कार्य करोति तेन रूपेण समर्थोऽपि तदतिरिक्तं न करोति। तथैव तल्लीला यतः। तथा चान्नमयादिरूपैः क्षुद्राण्येव फलानि ददाति। हीनाधिकारिणां तावतैवाकाङ्क्षानिवृत्तिर्भवति। एवं सति यादृशेनाधिकारेणान्नमयस्व रुपज्ञानं भवति तादृशे तस्मिन् सम्पन्ने तत् ज्ञानमपि तथा। एवमेवोत्तरत्रापि। तथा चाकाशादिरुपमाधिभौतिकस्वरुपमुक्त्वा आध्यात्मिकं तत् पुरुषस्वरूपं वदन्ती पक्षिरूपमाह। यतस्तेनैव रूपेणाधिभौतिके रूपे आध्यात्मिकस्य पुरुषस्य प्रवेशः। तदुक्तं वाजसनेयिशाखायां, 'पुरश्चक्रे द्विपदः पुरश्चक्रे चतुष्पदः पुरः स पक्षी भूत्वा पुरः पुरुष आविश'दिति। वस्तुतस्तु पुरुष एव परन्तु पुरः सम्बन्धी सन् पक्षी भूत्वा पुरः शरीराण्याविशदित्यर्थः। प्राकृतीषु विविधासु पूर्ष्वप्राकृतस्यैकविधस्य प्रवेशोऽनुचितो यद्यपि, तथापि स्वप्रवेशं विना न किञ्चिद्भावीति गतिप्रतिबन्धकमुल्लङ्घ्यालौकिकया गत्या प्रविशामीति ज्ञापनाय पक्षिभवनम्। स हि तादृशः। अत एव द्विपदश्चतुष्पद इत्युक्तं, अधिदैविक एक एवेति। यः पूर्वस्येति सर्वत्रोक्तम्।

नन्वानन्दमयेऽप्येवमुक्तेर्नायमपि परमकाष्ठापन्नरूपः किन्तु पूर्वोक्तेभ्योऽतिशयितधर्मवान् विभूतिरूप एव। न च शिरआदीनामानन्दरूपत्वेनैवोक्तेरयं परमात्मैवेति वाच्यम्। अन्नमये यथावयवानान्तद्रूपत्वं तथा आनन्दमयेऽपि तेषां तद्रूपत्वात्। अन्यथा 'तस्यैष एव शारीर आत्मेति

न वदेत्' शरीरं हि पूर्वोक्तम् । तत्सम्बन्धी हि शारीरस्तद्भिन्नः प्रतीयते, तथा च परब्रह्मत्वं स्वान्यात्मवत्त्वञ्च सर्वश्रुतिविरुद्धम् । नन्वेतदतिरिक्तञ्चेद् ब्रह्म स्यात्तदानन्दमयादन्योऽन्तर आत्मा ब्रह्मेत्यपि बदेत् । नत्वेवमतोऽयं पर एव इति चेत्, न, आध्यात्मिकरूपाणामेवात्र निरूपणात् । तेषां च पञ्चरूपत्वात् तावतामेव निरूपणम् । अतोऽस्मादन्य एव पर इति प्राप्ते प्रतिवदति,

आनन्दमयोऽभ्यासात् ॥११॥

आनन्दमयशब्दवाच्यः पर एव । कुतः । अभ्यासात् । 'तस्यैष एव शरीर आत्मा यः पूर्वस्ये'त्यन्नमयादिषु सर्वत्रैवात्मत्वेनानन्दमयस्यैव कथनात् ।

ननु न किञ्चिन्मानमत्र पश्यामः । किञ्च आनन्दमयस्यैव सर्वत्रात्मत्वेन कथन आनन्दमयेऽपि 'तस्यैष एवे'त्यादि न वदेदयमेव पूर्वस्यात्मेति वदेदतो नानन्दमयः पर इति चेत्, उच्यते । न हीश्वरादन्यः सर्वेषामेक आत्मा भवितुमर्हति । तस्यानंदत्वं तु 'एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ती'ति, 'रसो वै सः रसं ह्येवायं लब्ध्वानन्दी भवति' 'को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात्' 'एष ह्येवानन्दयाती'त्यादिश्रुतिभिर्निर्णीयते । एवं सति तदेकवाक्यतायै प्रकृतोप्यानन्दमयशब्दस्तद्वाच्येवेति मन्तव्यम् । अन्यथा आनन्दम यादन्योऽन्तर आत्मेत्यपि वदेत् ।

ननूक्तमाध्यात्मिकानामेवात्र निरूपणादित्यादीति चेत्, न । उक्तरीत्याधिदैविकस्यान्ते निरूपणात् । अत एव भार्गव्यां विद्यायामपि भृगोरन्नमयादि ज्ञानानन्तरमपि पुनर्ब्रह्मजिज्ञासोक्ता । नत्वानन्दमयज्ञाने । न हि भृगोराध्यात्मिकज्ञानार्थं प्रवृत्तिः किन्तु ब्रह्मज्ञानार्थमेव । 'अधीहि भगवो ब्रह्मे'ति प्रश्नवचनात् ।

किञ्च, 'ब्रह्मविदाप्नोति पर' मित्युपक्रमादन्ते ज्ञेयानन्दगणनामुक्त्वा 'स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एक' इतिवाक्यैर्ब्रह्मविदि पुरुष आदित्ये च तदेवाक्षरं ब्रह्म प्रतिष्ठितमिति तदानन्दोऽपि तथैवेति तयोरानन्दयोरैक्यं एवं रूपं ब्रह्मेति यो वेद तस्य क्रमेणान्नमयादि प्राप्तिमुक्त्वा अन्ते वद'त्येतमानन्दमयमात्मानमुपसंक्रामती'ति । एवं सत्युपक्रमे परप्राप्तेः फलत्वेनोक्तेः उपसंहारेऽपि तथैव भवितव्यत्वादानन्दमयप्राप्तेरेवान्ते फलत्वेनोक्तेस्तदुत्तरमन्यस्यानुक्तेरानन्दमय एव परः ।

ननूपसंक्रमणं ह्यतिक्रमणमतो न तथेति चेत्, हन्तैवमतिक्रान्तशब्दार्था त्वन्मतिर्भाति । यतः संक्रमणशब्दः प्राप्त्यर्थकः सर्वत्र श्रूयते, अत एव रवेर्मकरादिराशिप्राप्तौ तत्तत्संक्रमणमित्युच्यते । न चेयं न परम मुक्तिः । 'अस्माल्लोकात् प्रेत्ये'ति पूर्वमुक्तेः, अत एव पुरुषोत्तमानन्दानुभवे सत्यनुभवैकगम्योऽयमानन्दो न मनोवाग्विषय इति ज्ञात्वा, लोकवेदकालादिभ्योऽपि न बिभेतीति 'यतो वाच' इति श्लोकेनोक्तवती । अन्यथा आनन्दे मनसोऽप्यगम्यत्वमुक्त्वा विद्वानिति कथं वदेत् ।

एवं सति 'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिते'त्यृचि यत् फलमुक्तं तदेवान्ते विवृतमिति ज्ञायते । अन्यथा 'अस्माल्लोकात् प्रेत्ये'त्युक्तत्वात् देहाभावेन भयानुपस्थित्या तन्निषेधासम्भवः कामभोगसम्भवश्च । अत एव सामानाधिकरण्यमनुक्त्वा आनन्दं ब्रह्मण इत्युक्तम् । एतेन लौकिकं पूर्वदेहं त्यक्त्वा साक्षाद्भगवद्भजनोपयोगिनं भगवद्विभूत्यात्मकं

सङ्घातं प्राप्नोत्यादौ । तथाहि देहेन्द्रियप्रणान्तः- करणजीवात्मको हि सङ्घातः, तत्र स्थूलं शरीरमाद्यविभूतिरूपम् । द्वितीयं स्पष्टम् । तृतीयं सर्वेन्द्रियसम्बन्धित्वेनेन्द्रियरूपत्वेन चान्तःकरणात्मकत्वेन चेन्द्रियान्तःकरणरूपम् । तुरीयं जीवतत्त्वात्मक् । यत्र गृहायां भगवद्वरणेन परमव्योमाविर्भावस्ततः पूर्णानन्दात्मकं पुरुषोत्तमस्वरूपं फलरूपं प्राप्य उक्तऋगर्थरीत्या तेन सह सर्वकामाशनमेव मनोवागविषयानन्दवेदनं तद्वान् भवतीति वाक्यैकवाक्यतयावगम्यते ।

अथेदं विचार्यतें,'पुरश्चके द्विपद' इति श्रुतौ वस्तुतस्तु पुरुष एव परन्तु पुरुःसम्बन्धी सन् पक्षी भूत्वा पुर आविशदिति निरूपितम् । प्रकृते चान्नमयादयस्तथैवोक्ताः । एवं सत्येकस्यां पुरि बहूनां तेषां प्रवेशो न वक्तुमुचितः प्रयोजनाभावादित एकैकस्यां पुरि तथा वाच्यः । तत्र कीदृश्यां तस्यां कस्य प्रवेश इति विचार्यमाणेऽप्राकृतत्वब्रह्मत्वयोरविशेषात् विनिगमकाभावात् सर्वेषां सर्वत्र प्रवेशोऽप्रवेशो वा भवेदिति चेत्, अत्रेदं प्रतिभाति । 'अस्माल्लोकात् प्रेत्य'तिवाक्ये इदंशब्दप्रयोगात् प्राकृतगुणमयं प्रपञ्चमतिक्रम्य गुणातीतं प्रपञ्चं साक्षाल्लीलोपयोगिनं-प्राप्नोतीत्यवगम्यते । तत्प्राप्त्यैव भगवद्भावे सम्पन्ने पूर्व भगवद्विरहभावेनातितीव्रत्वेन सर्वोपमर्दिना शरीरेन्द्रियप्राणान्तःकरणानि नष्टान्येव स्युर्यदि तत्तद्रूपं ब्रह्म तेषु तेषु न प्रविष्टं स्यात् । जीवस्य च ब्रह्मण्येव लयेन लीलारसाननुभवेन नाश एव सः । तथा च तत्तद्रूपं ब्रह्म तेषु तेषु स्थितमिति न तेषां नाशः । जीवे त्वानन्दमयः पुरुषोत्तमः प्रविशतीति रसात्मकत्वादानन्दात्मकमेव विरहभावरसाब्धिमनुभूय पश्चात् प्रादुर्भूतं प्रभुस्वरूपं प्राप्य 'न बिभेति कुतश्चने'तिवाक्येन लोकात्तदभावमुक्त्वा 'एतँ ह वाव न तपति किमहं साधु नाकरवं किमहं पापमकरव'मितिवाक्यैर्वेदाद्भयाभाव उच्यते । शरीरप्राणमनोन्तःकरणजीवात्मनां शरीरत्वं वाजसनेयिशाखायामन्तर्यामिब्राह्मणे पठ्यते । 'यस्य सर्वाणि भूतानि शरीरं यस्य प्राणः शरीरं यस्य वाक् शरीरं यस्य चक्षुः शरीरं यस्य श्रोत्रं शरीरं यस्य मनः शरीरं यस्य त्वक् शरीर'मित्यादेरन्ते 'यस्यात्मा शरीर'मिति, अत्र पूर्वोक्तनिर्गुणदेहानां भगवच्चरणरेणुजत्वेन भूतरूपत्वात् ब्रह्मशरीरत्वंम् । तत्रान्नमयतत्प्रवेशेन तत्स्थितिः । प्राणेष्वपि तथा । ज्ञानेन्द्रियेषु विज्ञानमयप्रवेशात्तथा । मनसि मनोमयप्रवेशात्तथात्वम् जीवे त्वानन्दमयः प्रविशतीति तथात्वमतो युक्तं पक्षित्वकथनम् ।

आनन्दमयस्य स्वरूपं विशेषतो वक्तुमशक्यमिति 'यः पूर्वस्ये'ति सर्वत्रोक्तम् । शरीरप्रवेशप्रयोजनकपक्षिरुपित्वं पञ्चस्वपि साधारणमिति तेषु तथा वदन्त्यानन्दमयेऽपि तथोक्तवती श्रुतिरिति ज्ञेयम् । एवं सति स्पर्शमणिसम्बन्धेन रजतादेर्हेमत्वमिवोक्तप्रकारकप्रवेशादाश्रयाणामपि तत्तदात्मकत्वमित्युच्यते, वस्तुतस्तु परोक्षवादोऽयमिति ज्ञायते । तथाहि 'ब्रह्मविदाप्नोति पर'मितिवाक्येन बह्मविदः परप्राप्तिं सामान्यत उक्त्वा तत्तात्पर्यं 'सत्यं ज्ञान'मित्यृचोकं, तत्र सर्वात्मभाववान् भक्तो भगवता सह तत्स्वरुपात्मकान् कामान् भुंक्त इत्युक्तव्याख्यानेन तदर्थोऽवधार्यते, उक्तभक्तस्य सदैव विरहभावे तु विशेषतः प्रियस्वरूपातिरिक्तास्फूर्त्या अन्नप्राणादिरूपः स एवेति ज्ञापनाय तत्तद्रूपत्वमुच्यते । तेन परमप्रेमवत्त्वं सिध्यति । ततो भगवदाविर्भावे सत्यपि पूर्वभावस्यातितीव्रत्वेन ज्ञानादिसर्वतिरोधानेनाग्रिमरसानुभवो न भविष्यतीति स्वयमेव तदनुभवात्मको भवतीति

ज्ञापनाय विज्ञानरूपत्वमुच्यते । तदानुभवविषयः प्रकट आनन्दमय इति तत्स्वरूपमुच्यते । तत्र निरुपधिप्रीतिरेव मुख्या नान्यदिति ज्ञापनाय प्रियस्य प्रधानाङ्गत्वमुच्यते । तदा प्रियेक्षणादिभिरानन्दात्मक एव विविधरसभावसन्दोह उत्पद्यते यः स दक्षिणः पक्ष उच्यते । ततः स्पर्शादिभिः पूर्वविलक्षणः प्रकृष्टानन्दसन्दोहो यः स उत्तरः पक्ष उच्यते, नानाविधपक्षसमूहात्मकत्वात्तयोः पक्षयोर्युक्तं तथात्वम् । स्थायि-भावस्यैकरूपत्वादात्मत्वमुच्यते । यतस्तत एव विभावादिभिर्विविधभावोत्पत्तिः । परप्राप्तिसाधनीभूतब्रह्मज्ञानदशायां तदानन्दोऽपि यः पूर्वमनुभूतः स गणितानन्द इत्येतदानन्दानुभवानन्तरं तुच्छत्वेन भातीष्टगतावसाधनत्वेन स्वरूपतोऽपि तस्माद्धीनत्वं चेति पृष्ठभागादपि दूरस्थितपुच्छरूपत्वं ब्रह्मण उच्यते, पुरुषोत्तमाधिष्ठानत्वात् प्रतिष्ठारूपत्वं च । एवं सत्यक्षरादप्युत्तमत्वेऽप्यप्रधानीभूय भक्तकामपूरणकर्तृत्वेऽसम्भावना विपरीतभावना च सम्भवति । तदभावा'यासन्नेव स भवती'त्याद्युक्तं, स्वानुभवाभावेऽपि गुरूपदेशेनापि तदस्तित्वमात्रमपि यो जानाति तं ब्रह्मविदः सन्तं सत्त्वधर्मविशिष्टं वर्तमानं च विदुरित्यग्रेऽवद'दस्ति ब्रह्मेति चे'दित्यादिना । ब्रह्मासत्त्वज्ञाने'ऽसन् भवती'त्युक्त्वा तदस्तित्वज्ञाने सन् भवतीत्यनुक्त्वा ' सन्तमेनं विदुरि'ति तत्त्वेनान्यज्ञानं यदुक्तं तेनोक्तपुरुषोत्तमानन्दानुभववन्तं ज्ञानक्रियाविशिष्टं जीवं वर्तमानं विदुः । अननुभवे केवलं गुरूपदेशादिना तादृक्ब्रह्मास्तित्वज्ञाने स्वरुपतः सन्तं तं विदुर्न तु ज्ञानादिमन्तं, तदसत्त्वज्ञाने त्वलीकतुल्यमितिश्रुतितात्पर्यमिति ज्ञायते ।

एवं विचारचातुर्यवद्भिः सद्भिर्व्रजाधिपे ।
आनन्दमयतानन्दसन्दोहायावधार्यते ॥११॥

नन्वानन्दमयस्य न ब्रह्मता वक्तुं शक्या । मयटो लोके विकाराधिकारविहितत्वादित्याशङ्क्य स्वयमेव परिहरति ।

विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात् ॥१२॥

अनेनैव पूर्वसूत्रार्थः सिद्धो भविष्यति । विकारवाची शब्दो मयट्प्रत्ययो यस्मिस्तद्विकारशब्दं तस्मात्तच्छब्दवाच्यं ब्रह्म न भवति ब्रह्मणोऽविकारित्वादिति चेत्,नात्र विकारे मयट् किन्तु प्राचुर्यात् । प्राचुर्यं अतति प्राप्नोतीति प्राचुर्यात् । तथा च पाणिनिः 'तत्प्रकृतवचेन मयट्' । तेन प्रस्तुतं तद्वचनं तत्प्रकृतवचनं तस्मिन् मयट्प्रत्ययो भवतीत्यर्थः । प्राचुर्योण पूर्वापेक्षयाप्याधिक्येन 'को ह्येवान्यात् कः प्राण्या'दितिवाक्ये प्रकर्षेण स्तुतं, अतो मयट् पूर्वापेक्षया प्राचुर्यमयते, एकदेशनिर्देशेन तदर्थलक्षणया प्राचुर्यः । प्राचुर्येण प्रस्तुतार्थवाचकत्वादित्यर्थ इति वा । छन्दसि द्वयज्व्यतिरिक्तस्थले मयटो विकारे विधानाभावात् व्याकरणमप्यर्थनिर्णायकम् । विज्ञानमयानन्दमयशब्दौ पश्यन्नपि पाणिनि'र्मयड्वैतयोर्भाषायां' 'द्वयच्श्छन्दसी'ति कथमवोचत् ?

अत्र केचित्सर्वविप्लववादिनो विकारार्थत्वं वदन्ति श्रुतिसूत्रादीनामर्थाज्ञानात् । तद् वेदाद्यर्थविद्भिर्भगवतो नवमावतारकार्यं ज्ञात्वोपेक्ष्यम् । योऽर्थस्तमवोचाम ॥१२॥

शब्दबलविचारेण मयटो विकारार्थत्वं निवारितम् । अर्थबलविचारेणापि निराकरोति ।

तद्धेतुव्यपदेशाच्च ॥१३॥

हेतुत्वेन व्यपदेशो हेतुव्यपदेशः । तस्य हेतुव्यपदेशस्तद्धेतुव्यपदेशस्तस्मात् । 'एष ह्येवानन्दयाति' आनन्दयतीत्यर्थः, सर्वस्यापि विकारभूतस्यानन्दस्यायमेवानन्दमयः कारणं, यथा विकृतस्य जगतः कारणं ब्रह्म अविकृतं सच्चिद्रूपं एवमेवानन्दमयोऽपि कारणत्वादविकृतोऽन्यथा तद्वाक्यं व्यर्थमेव स्यात् । तस्मान्नानन्दमयो विकारार्थः । चकारः समुच्चयं वदन् सूत्रद्वयेनैकोऽर्थो मध्ये प्रतिपादित इत्याह ॥१३॥

ननु किमिति निर्बन्धेन सूत्रत्रयेणैवं वर्ण्यते ? अन्नमयादिवदुपासनापरत्वेनापि श्रुत्युपपत्तेः । पक्षपुच्छादित्वेन मोदप्रमोदादीनामुक्तत्वाच्च । तस्मात् ब्रह्मत्वेन साधितमपि आवश्यकोपपत्त्यभावात् न ब्रह्मपरत्वमिति प्राप्तेऽभिधीयते,

मान्त्रवर्णिकमेव च गम्यते ॥१४॥

'सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन् सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिते'ति मन्त्रः । मन्त्रोणाभिधया वृत्त्या प्रतिपाद्यं मान्त्रवर्णिकम् । तदुपपादनग्रन्थे तदेव मुख्यतया ज्ञायते । तत्र यदुद्दिष्टं तदेव मुख्यतया ज्ञातव्यम् । उपपादनीयं च सन्दिग्धम् । तत्र 'ब्रह्मणा विपश्चिते'ति सन्दिग्धं, सर्वज्ञं ब्रह्म । तस्य हि फलत्वं वाक्येनोपपाधते । फलन्तु सर्वैः स्तुत आनन्दः । अभ्यासात् स्तुतत्वमित्यवोचाम । शिरःपाण्यादिकन्तु स्तुतत्यर्थमेव पुरुषविधत्वाय, लोके हि अन्तर्भूतं बहिर्वेष्टितं च तदाकारं भवति ॥ जीवोऽत्र मुख्यः कर्तृत्वेन व्यपदेशात् । स च वस्तुतो हंसरूपः, पुरुषाधिकारकं हि शास्त्रं, तेन पुरुषशरीरे तदाकारः सर्व फलं प्राप्नोति । अतः पुरुषं हंसरूपेणानुवर्णयति । पञ्चस्वपि शारीर आत्मा जीव एक एव । तत्रान्नमये निःसन्दिग्धत्वा'त्तस्यैष एव आत्मे'ति नोच्यते । द्वितीयादिषु प्रथमोक्तमेवातिदिश्यते । तत्रान्नमये हस्तेन प्रदर्शयन्निव निःसन्दिग्धं व्याख्यातं, तदन्तरो हि प्राण आन्तरव्यवहारकारणं बलभोजनविसर्गादिषूपयोगात् । तस्य सञ्चार आकाशे । परिनिष्ठितः पृथिव्यां । एवं लौकिकव्यवहारार्थं ब्राह्याभ्यन्तरभेदेन द्वयम् । तदनु वैदिकव्यवहारः । स च मनोमयः पुरुषः । आदेशः कर्मचोदना । ब्राह्मणानि सशेषाणि । अथर्वाङ्गिरसे ब्रह्मकर्मत्वात् प्रतिष्ठा । तदनुं नानाविधयागादिसाधनवतः फलं विज्ञानमयः । तत्र श्रद्धा आपः । तृतीयाध्याये त्वयमर्थो विस्तरेण वक्ष्यते । यथोक्तकर्तृत्वात् क्रममुक्तिः ।

ऋतसत्यौ प्रमीयमाणानुष्ठीयमानौ धर्मौ । योगश्च मुख्यत्वादात्मा । अधोभागो महर्लोकः । तादृशस्य ततोऽर्वाक् संसृत्यभावात् । ततोऽपि ब्रह्मविद आनन्दमयः फलम् । तस्य स्वरूपस्यैकत्वात् धर्मभेदेन शिरःपाण्यादि निरूप्यते । तस्य मुख्यतया प्रीतिविषयत्वं धर्मस्तच्छिरः । मोदप्रमोदौ परिनिष्ठिता-परिनिष्ठितावानन्दातिशयौ । आनन्दस्तु स्वरूपं, साधनरूपत्वात् ब्रह्म पुच्छमिति । श्लोकौ तु सच्चिदंशबोधकौ केवलानन्दत्वपरिहाराय । अपरौ तु श्लौकौ माहात्मयज्ञापनाय वाग्वोचरागोचरभेदेन । अवान्तरानन्दास्तु सर्वे तस्मान्न्यूनतया तदुत्कर्षत्वबोधनाय । तस्मात् सर्वत्र प्रपाठके मात्रवर्णिकमेव प्रतीयते । अतो मुख्योपपत्तेर्विद्यमानत्वेनानन्दमयः परमात्मैव । चकारो मध्ये प्रयुक्तो विधिमुखविचारेणाधिकरणसम्पूर्णत्वबोधकः ॥१४॥

निषेधमुखेन च चतुःसूत्र्येदमेवाधिकरणं पुनर्विचार्यते सुदृढत्वाय । इदमत्राकूतं, जीव एवानन्दमयो भवतु फलस्य पुरुषार्थत्वात् । स ब्रह्मविदानन्दमयो भवतीति स्वर्गादिसुखवदलौकिकमेव रुपमानन्दमयं जीवस्य फलभूतमिति प्राप्तेऽभिधीयते ।

नेतरोऽनुपपत्तेः ॥१५॥

इतरो जीवः न । आनन्दमयो न भवति । कुतः । अनुपपत्तेः । जीवस्य फलरूपत्वमात्रेणानन्दमयत्वं नोपपद्यते । तथा सति तस्य स्वातत्र्येण जगत्कर्तृत्वेऽत्यलौकिकमाहात्म्यवच्चेन निरूपणं नोपपद्येत । अतो न जीव आनन्दमयः ॥१५॥

भेदव्यपदेशाच्च ॥१६॥

इतोपि न जीवः आनन्दमयः । यतो भेदेन व्यपदिश्यते 'रसं ह्येवायं लब्ध्वानन्दीभवती'ति, आनन्दोऽस्यास्तीत्यानन्दी । 'एष ह्येवानन्दयाति' आनन्दयतीत्यर्थः । चकारात् सूत्रद्वयेन जीवो नानन्दमय इति निरूपितम् ॥१६॥

तर्हि जडो भवत्वानन्दमयः । न, आन्तरत्वान्न कार्यरुपो भवति किन्तु कारणरुपः । यः स्वमते नास्त्येव । मतान्तरे प्रकृतिर्भवेत्, तन्निवारयति ।

कामाच्च नानुमानापेक्षा ॥१७॥

जडा प्रकृतिर्नास्तीति कारणत्वेन निराकृतैव । अथैतद्वाक्यान्यथानुपपत्त्या सत्त्वपरिणामरुपा कल्प्येत, सा कल्पना नोपपद्यते । कुतः । कामात् । आनन्दमयनिरुपणानन्तरं 'सोऽकामयते'ति श्रूयते, स कामश्चेतनधर्मः । अतश्चेतन एवानन्दमय इति । चकारात् 'स तपोऽतप्यते'त्यादि । अतोऽनुमानपर्यन्तमर्थमबोधयद्वाक्यं न तिष्ठतीत्यर्थः ॥१७॥

अस्मिन्नस्य च तद्योगं शास्ति ॥१८॥

इतश्च न जड आनन्दमयः । अस्मिन्नानन्दमये अस्य जीवस्य च 'आनन्दमयमात्मानमुपसंक्रामती'ति तेन रूपेण योगं शास्ति फलत्वेन कथयतीति । न हि जीवस्य जडापत्तिर्युक्ता, 'ब्रह्मैव सन् ब्रह्माप्येती'तिवदस्यार्थः । तस्मान्नायं जीवो नापि जडः । पारिशेष्याद् ब्रह्मैवेति सिद्धम् ।

ये तु पुनरधिकरणभङ्गं कुर्वन्ति तेषामज्ञानमेव । यतस्तैरप्यानन्दमयः कः पदार्थ इति वक्तव्यम् । न तावज्जीवः । तस्य ब्रह्मज्ञानफलत्वेन 'ब्रह्मणा विपश्चिते'त्यानन्दमयस्योक्तत्वात् । अथ जडः स्वर्गवत्, तदा किमाश्रित इति वक्तव्यम् । जडाश्रितत्वे कर्मफलमेव स्यात् । ज्ञानस्याप्यवान्तरफलमिति चेत्, न । तर्हि किमानन्दात् तस्यातिरिक्तं फलं भविष्यति ? जडचिद्रूपतायाः पूर्वमेव विद्यमानत्वात् 'अस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ती'तिश्रुतिविरोधश्च । पुच्छत्वेन ब्रह्मवचनात् प्रद्वेष इति चेत्, तर्हि 'स एको ब्रह्मण आनन्द' इत्यत्रापि षष्ठ्या भेदनिर्देशाद् ब्रह्मणः परमपुरुषार्थत्वं नाङ्गीकुर्यात् । उपक्रमादिसर्वविरोधश्च पूर्वमेव प्रतिपादितः । यद्यप्यधिकरणमन्यथारचितं ब्रह्म पुच्छमिति । तत्र न पुच्छस्य ब्रह्मत्वं प्रतिपाद्यते, येनान्यथा समाधानं भवेत् किन्तु ब्रह्मणः पुच्छत्वमिति ।

पूर्वन्यायेनेदं पुच्छं प्रतिष्ठेतिवत् । तत्र श्रुतिबाधो ब्रह्मणाप्यशक्यः । मौर्ख्यं चैतत् । आनन्दमयस्यैव ब्रह्मत्वे न कोऽपि दोषः स्यात् । आनन्दमयस्याब्रह्मत्वं परिकल्प्य तत्पुच्छत्वेन ब्रह्म वेदबोधितमिति ज्ञात्वा तत्समाधानार्थं यतमानो महामूढ इति । विषयफलयोः किं मुख्यमित्यप्यनुसन्धेयम् । पुच्छत्वोक्तिस्तु पूर्वभावित्वाय । अत एव ज्ञानविषयत्वं प्रतिष्ठा च । आनन्दमयो ब्रह्मण्येव प्रतिष्ठित इति । अत्राऽवयवावयविभावो भाक्त इति तु युक्तम् । प्राणमयादीनामपि तथात्वात् । अन्तःस्थितस्य ब्राह्मानुरोधेन तथात्वमिति सर्वं सुस्थम् ॥१८॥

इति आनन्दमयाधिकरणम् ॥

અધિકરણ - ૫

આનન્દમયાધિકરણ

સૂત્ર ૧.૧.૧૧-૧૮

સૂત્ર-૧૧ : હવે આનન્દમય આદિ આઠ સૂત્રોથી પરમાનન્દરૂપ (બ્રહ્મની) કારણતાના પ્રતિપાદન દ્વારા તેનાં વાક્યો બ્રહ્મવિષયક છે એમ બતાવવામાં આવે છે. તે તૈત્તિરીય શાખાના બ્રહ્મ અને ભૃગુ બે પ્રપાઠકોથી (કરવામાં આવે છે.)

તેમાં आनन्दमय શબ્દને અન્તે मयट् પ્રત્યય આવતો હોવાથી એ બ્રહ્મ નથી તેમ જગત્નું કર્તૃ નથી એટલે બ્રહ્મપ્રપાઠક બ્રહ્મવિષયક નથી એવી શંકા થાય તેના નિરાકરણ માટે આનન્દમય અધિકરણ છે. છ ઇન્દ્રિયો અને (જીવ અને બ્રહ્મ એમ) બે સ્વરૂપોના આનન્દના ભેદને લીધે આનન્દ અષ્ટવિધ છે તેથી આઠ સૂત્રો છે.

(શંકા) અહીં સંદેહ શાથી ? એ (આનન્દમય) બ્રહ્મ ન હોય તો પ્રપાઠકની અસંગતિ કેવી રીતે થાય ? (જવાબ) કહેવાય છે. બ્રહ્મવેત્તાને 'પરપ્રાપ્તિ'[1]ની પ્રતિજ્ઞા કરીને કારણત્વ સિદ્ધ કરવા જ્ઞેય અંશમાં આનન્દ અંશ ન રાખીને જડત્વના પરિહારને માટે સર્વજ્ઞ તથા આનન્દરૂપનું પ્રતિપાદન કરીને તેના નિરૂપણ માટે આખા પ્રપાઠકનો આરંભ **કરવામાં** આવ્યો છે. તેમાં સાધનશેષ બ્રહ્મની વાક્યથી જ સંદેહરહિત પ્રતીતિ થતી હોવાથી ફલના બ્રહ્મત્વનું પ્રતિપાદન કરવાનું છે.

તેમાં બ્રહ્મ નહિ એવા અન્નમય આદિ શબ્દોને સમાન વચન હોવાથી અને માત્ર સુખવાચક શબ્દો[2] કહ્યા હોવાથી સંદેહ થાય છે. (પ્રપાઠકમાં) આનન્દાંશનું કારણત્વ બ્રહ્મત્વના પ્રતિપાદન માટે હોવાથી જો તેમ ન હોય તો પ્રપાઠક વ્યર્થ બની જાય. ફલ નજીક છે એમ બતાવવા માટે आत्मा શબ્દના પ્રયોગથી ફલરૂપે જગત્ની કારણતા કહીને તેની મધ્યમાં સર્વાન્તરત્વનું પ્રતિપાદન કર્યું છે. ''તે આ વિજ્ઞાનમયથી બીજો અન્તર આત્મા આનન્દમય છે.'' (તૈ. ૨.૮) અન્તે ''આ આનન્દમય આત્માનું ઉપસંક્રમણ કરે છે'' એમ આદિ અને મધ્ય રૂપનો અનુવાદ કરીને ફલ તરીકે પ્રતિપાદન કર્યું છે. તેનું નિરૂપણ કરનારનું ફલ પણ તુલ્ય છે એમ કહેવા માટે છે. અન્નમય આદિની પણ બ્રહ્મ તરીકે ઉપાસના જણાવી છે.

તેમાં પૂર્વપક્ષ માને છે કે અન્નમયની માફક આનન્દમય પણ બ્રહ્મ નથી કારણ કે

અન્નમયની સમાન વચન છે અને તે રીતે જ ફલસિદ્ધિ થાય છે. આમ પ્રાપ્ત થતાં કહેવાય છે કે -

આનન્દમય પરમાત્મા છે કારણ કે એનો અભ્યાસ છે. (૧.૧.૧૧)

આનન્દમય પરમાત્મા છે, અન્નમય વગેરેની માફક જુદો પદાર્થ નથી. શાથી ? અભ્યાસને લીધે, વારંવાર કહેવામાં આવે તે અભ્યાસ, તેથી અભ્યાસનું ભેદકત્વ[3] પૂર્વતંત્રમાં પ્રસિદ્ધ છે. જેમ પૂર્વતંત્રમાં શબ્દાન્તર, અભ્યાસ, સંખ્યા, ગુણ, પ્રક્રિયા અને નામ એ છ કર્મભેદક છે તેમ (અહીં) આનન્દમયનો અભ્યાસ હોવાથી એ આગલાથી ભિન્ન છે. (અન્નમયાદિને) સમાન ન હોવાથી એ બ્રહ્મ છે. અભ્યાસનું શ્રવણ આ રીતે થાય છે. ''જો આ આકાશ આનંદ ન હોય તો કોણ શ્વાસ લે, કોણ જીવે ?'' ''આ જ ખરેખર આનંદ આપે છે.'' (તૈ. ૨.૭) આમ અર્થથી અભ્યાસ છે. સ્તુતિને લીધે મયટ્ પ્રત્યયનો અર્થ પ્રાચુર્યનો છે, તો (આનંદમય અને આનંદ શબ્દોમાં પ્રકૃતિ (આનંદ શબ્દ) સમાન છે. આમ પુનર્વચનને લીધે પ્રવાહથી ભેદ સિદ્ધ થતાં (આનંદમયનું) બ્રહ્મત્વ સિદ્ધ થાય છે. તેમાં દ્વૈતની આપત્તિ નથી કારણ કે પછીનું વાક્ય[4] (અભેદનું) સાધક છે. તેથી આનંદમય બ્રહ્મ જ છે.

અથવા[5] ''તેણે રમણ ન જ કર્યું. તે એકલા રમણ કરતા નથી. તેણે બીજાની ઈચ્છા કરી. તે ખરેખર આટલા થયા'' (બૃ. ૧.૪.૩), ઈત્યાદિ શ્રુતિવાક્યોથી તથા ''તે આ જ'' (કા. ૩.૮) એ શ્રુતિવાક્યથી વૈદિકો નિશ્ચય કરે છે કે તે તે સાધનો કરાવીને તે તે ફલ આપનાર ભગવાન પોતાની ક્રીડા અર્થે જગત્‌ના રૂપમાં આવિર્ભાવ પામીને ક્રીડા કરે છે. બન્ને કાંડોમાં આ જ પ્રતિપાદિત કર્યું છે. નહિ તો જીવનાં સાધન અને ફલનું નિરૂપણ કરનારી શ્રુતિ જીવપરક જ બને, બ્રહ્મપરક નહિ. કર્મ અને બ્રહ્મ જીવનાં અંગભૂત બને એવો પ્રસંગ દૂર ન થાય.

આમ હોવાથી પૂવકાંડમાં અવાન્તર ફલ કહીને ''અન્ય પ્રાણીઓ આ જ આનંદની માત્રાને આધારે જીવે છે'' (બૃ. ૪.૩.૩૨) એ શ્રુતિવાક્યથી પરમ ફલ નિરવધિ આનંદાત્મક છે એવી વિવક્ષાથી શ્રુતિ પહેલાં સામાન્યપણે તૈત્તીરીયમાં ''બ્રહ્મને જાણનાર પર પ્રાપ્ત કરે છે'' (તૈ. ૨.૧) એમ સાધનસહિત કહે છે. અક્ષર બ્રહ્મને જાણનાર પર બ્રહ્મને પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. અહીં પર શબ્દ જો આગલા (=અક્ષર બ્રહ્મ) માટે હોત તો 'તેને' એમ જ કહેત. પહેલાં બ્રહ્મ કહીને આગળ જે પર છે એમ કહ્યું તેના સાંનિધ્યથી તેનાથી પણ પર એવું પુરુષોત્તમ સ્વરૂપ જ અહીં અભિપ્રેત છે એમ સમજાય છે.

ઉપરાંત પ્રતિવાદીએ તો તેની પ્રાપ્તિ જ્ઞાનાત્મક જ કહેવી પડે. તેમ હોય તો બ્રહ્મને પ્રાપ્ત કરનાર બ્રહ્મને પ્રાપ્ત કરે છે એવો અર્થ થાય. તે અસંગત છે અને સાધન-સાધ્યસંબંધનો ભંગ થાય છે.

આ પછી તેને વિશેષ રીતે કહેવાની ઇચ્છાવાળી શ્રુતિ તેનું સ્વરૂપ માત્ર અનુભવથી સમજાય એવું છે. બીજા પ્રમાણથી નહિ - એમ જણાવવા માટે અન્યને

મુખે કહે છે - ''તે માટે આ (ઋચા) કહી.'' (તૈ. ૨.૧) નહિ તો સર્વ અર્થના તત્ત્વનું પ્રતિપાદન કરનારી શ્રુતિ આવું શાથી કહે ? तत् અવ્યય છે. तत् એટલે પહેલાં કહેલ બ્રહ્મને જાણકારની પરપ્રાપ્તિરૂપ અર્થને વિશદ રીતે પ્રતિપાદ્ય તરીકે અભિમુખ કરીને - સ્વીકારીને પરબ્રહ્મના જ્ઞાતાઓએ આ ઋચા કહી છે. પૂર્વે કહેલા અર્થની સ્પષ્ટતા આનાથી કરવામાં આવે છે એવો અર્થ પ્રાપ્ત થાય છે. તે ઋચા જ કહે છે - ''બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનંત છે; પરમ વ્યોમમાં ગુહામાં સ્થિત (બ્રહ્મ)ને જે જાણે છે તે વિપશ્ચિત્ બ્રહ્મ સાથે બધાં કામોને ભોગવે છે.'' (તૈ. ૨.૧) બ્રહ્મના આનંદાત્મક સ્વરૂપનું સયુક્તિક નિરૂપણ આગળ કરવાનું હોવાથી હાલ એનું નિરૂપણ કર્યા વગર સત્, ચિત્ અંશો અને દેશકાલના અપરિચ્છેદ (અહીં) કહ્યા છે.

અથવા અક્ષર બ્રહ્મ આનંદાત્મક હોવા છતાં એ મર્યાદિત હોવાથી પરમ ફલ નથી એટલે આનંદમાં અપરિચ્છિન્નતા જ પરમ ફલનું લક્ષણ છે તેથી તેના ધર્મસહિત પરમ આનંદ જ અહીં અનંત શબ્દથી કહેવાય છે - ''સત્ય, વિજ્ઞાન, આનંદ બ્રહ્મ'' ''સત્, ચિત્, આનંદના વિગ્રહવાળા'' (મુ. ૧.૪) વગેરે શ્રુતિવાક્યોમાં ત્રણેનું એક ક્રમમાં પઠન કર્યું હોવાથી, જ્યાં બે કહ્યા છે ત્યાં નિયત સહચારને કારણે ન કહેવાયા છતાં આનંદ પ્રાપ્ત થાય છે એવા આશયથી આનંદ સ્ફુટ રીતે કહ્યો નથી. હવે જે જાણવાનો છે તે પદાર્થ વિશે કહે છે. અહીં આવું તાત્પર્ય છે. ''આ આત્મા પ્રવચનથી, બુદ્ધિથી કે વધારે શ્રવણથી પ્રાપ્ત થતો નથી. એ જેનું વરણ કરે છે તેનાથી પ્રાપ્ત થાય છે. આ આત્મા તેની સમક્ષ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે.'' (મુ. ૩.૨.૩) આ શ્રુતિવાક્યથી વરણ સિવાયનાં બીજાં સાધનોથી આત્મા અપ્રાપ્ય છે એમ કહે છે. આમ બે પ્રકારની[૧] શ્રુતિઓનો વિરોધ દૂર કરવા માટે અક્ષરબ્રહ્મના જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતાં પ્રાકૃત ધર્મથી રહિત એવી શુદ્ધતા સંપાદન કરવાથી પુરુષોત્તમની પ્રાપ્તિ માટે સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થાય છે. તેવા જીવનું પોતાના તરીકે વરણ કરે તેથી ભક્તિભાવને લીધે સહકારિ (સહકારિણી ભક્તિ) અને યોગ્યતાનું સંપાદન થતાં પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે એવો નિર્ણય કરવામાં આવે છે. ત્યારે જ ગુહામાં પરમ વ્યોમનો આવિર્ભાવ થાય છે. પર જેનાથી મપાય છે (मीयते), જણાય છે તે परमः જ્ઞાનમાર્ગીય જીવનું જે જ્ઞેય છે તેનાથી આ પ્રકાર વિશિષ્ટ હોવાથી પણ આ પરમ છે. પરમ વ્યોમની અતિ અલૌકિક્તા દર્શાવવા આ અલૌકિક પ્રયોગ કર્યો છે.[૩]

''એકલી ભક્તિથી જ હું ગ્રાહ્ય છું'', ''હું વેદોથી નહિ'' એમ ઉપક્રમ કરીને ''અનન્ય ભક્તિથી (મારું ગ્રહણ) શક્ય છે'' (ભ.ગી. ૧૧.૫૨-૫૪) વગેરે સ્મૃતિ પણ આ રીતે જ ઘટે છે. નહિ તો બ્રહ્મને જાણનારા જ્ઞાનમાર્ગીઓને પણ પરની પ્રાપ્તિ થાય, પણ એવું નથી. ''કરોડો મુક્ત સિદ્ધોમાં નારાયણ પરાયણ અને પ્રશાન્ત આત્માવાળો દુર્લભ છે, હે મહામુનિ.'' (ભા. ૬.૧૪.૫) ''તેથી મારી

ભક્તિથી યુક્ત અને મારામાં ચિત્તવાળા યોગીને જ્ઞાન અને વૈરાગ્ય મોટે ભાગે અહીં શ્રેયસ્કર થતાં નથી.'' (ભા. ૧૧.૨.૩૧) વગેરે વાક્યોથી (આ સમજાય છે). આ જ (વાત) કહે છે. ગુહામાં હૃદયાકાશમાં પ્રકટ થયેલું જે પરમ વ્યોમ અક્ષરાત્મક વ્યાપિ વૈકુંઠ તે પુરુષોત્તમના ગૃહરૂપ હોવાથી ત્યાં નિહિત એટલે સ્થાપિત હોય તેમ રહેલાને જે જાણે તે ભક્ત બ્રહ્મની સાથે નિત્ય અને અવિકૃત રૂપથી વિપશ્ચિત્ સાથે (બધા કામ ભોગવે છે) विविधं पश्यत् चित्त्वं તે વિપશ્ચિત્ત્વ. પૃષોદરાદિ સમાસ હોવાથી पश्यत् શબ્દરૂપી અવયવમાંથી यत् નો લોપ કરીને विपश्चित् શબ્દની વ્યુત્પત્તિ કરાય છે. તેવા વિવિધભોગચતુર એવા બ્રહ્મ સાથે બધા કામ ભોગવે છે એવો અર્થ છે. આમ પરપ્રાપ્તિ પદાર્થ કહ્યો છે. આ ભક્ત શુદ્ધ પુષ્ટિમાર્ગીય હોવાથી ભોગમાં એનું સ્વાતંત્ર્ય કહ્યું છે. सह - સાથે કહ્યું હોવાથી બ્રહ્મ ગૌણ છે. આથી જ ભગવાન ભક્તને આધીન છે એમ સ્મૃતિઓમાં પણ કહ્યું છે. ''હું ભક્તને પરાધીન છું'' (ભા. ૯.૪.૬૩) ''મને ભક્તિથી વશ કરે છે'' (ભા. ૯.૪.૬૬) વગેરે સ્મૃતિવાક્યો છે.

अश् ધાતુ ભોજનના અર્થમાં अश्नाति એવું રૂપ આપે છે તો વિકરણ અને પદના ભેદથી[૮] अश् ધાતુનું વ્યાપવાના અર્થમાં अश्नुते એવું રૂપ થાય છે. આમ છતાં અહીં ભોજનના અર્થમાં જ अश् ધાતુનો પ્રયોગ છે એમ જણાય છે. તે આ રીતે છે. અહીં અશનક્રિયામાં બ્રહ્મનો સહભાવ કહેવાય છે. આમ વ્યાપ્તિના અર્થમાં બ્રહ્મની સાથે રહેલા કામને વ્યાપે છે એવો અર્થ થાય અથવા તો બ્રહ્મની સાથે રહેલો જીવ કામને વ્યાપે છે એમ સમજાય. આ બન્ને અર્થો અયોગ્ય છે. કામમાં જીવે કરેલી વ્યાપવાની ક્રિયાનું કર્મત્વ બ્રહ્મમાં સંભવતું નથી. કારણ કે બ્રહ્મ અતિ મહાન છે. અહીં વ્યાપન એટલે સ્વાધીનીકરણ જ સમજવાનું છે. કામોનું સ્વાધીનીકરણ સ્વતઃ પુરુષાર્થરૂપ નથી. પૂર્વે કહેલી પરપ્રાપ્તિની વ્યાકૃતિરૂપ હોવાથી આ અર્થ યોગ્ય નથી. તેથી ભોજનના અર્થમાં જ अश् ધાતુનો આ પ્રયોગ છે. અર્થનું અલૌકિકત્વ જણાવવા અલૌકિક પ્રયોગ કર્યો છે. વેદમાં ''અનેક સ્થાને ફેરફાર થાય છે'' (પા.સૂ. ૩.૧.૮૫) સૂત્ર અનુસાર વિધાન કરવામાં આવ્યું છે. श्ना માં ना પ્રત્યય અને પરસ્મૈપદમાં ફેરફાર થતાં श्नु માં नु પ્રત્યય અને આત્મનેપદ થાય છે તેથી આ ધાતુ ભોગના અર્થમાં જ છે. તે જ રીતે ''તે કોઈનો ભોગ કરતો નથી'', ''કોઈ તેનો ભોગ કરતું નથી'' (બૃ. ૩.૮.૮)માં આવેલા अश्नोति માં માત્ર પદનો જ વ્યત્યય હોવાથી अश् ધાતુનો પ્રયોગ જ સમજવાનો છે. નહિ તો સર્વવ્યાપક એવા બ્રહ્મનો તેવો નિષેધ અનુચિત બની જાય.

(શંકા) અહીં ઉપાસક સકામ છે અને ઉપાસ્ય સગુણ બ્રહ્મ છે. બન્નેના કામોપભોગનું શ્રવણ થાય છે. ''જ્યાં ખરેખર દ્વૈત જેવું થાય છે ત્યાં એક બીજાને જુએ છે'' એમ ઉપક્રમ કરીને ''જેને બધું આત્મા જ થયું હોય ત્યારે કોનાથી કોને જુએ ?'' (બૃ. ૨.૪.૧૪) વગેરેથી અન્યના દર્શનનો નિષેધ હોવાથી બ્રહ્મને

જાણનાર માટે કામભોગનો અસંભવ છે. એમ તમે કહો તો (જવાબ) એવું નથી, ''તે માટે આ (ઋચા) કહી છે'' એ વાક્યથી આગલા વાક્યમાં કહેલા અર્થનું નિરૂપણ આ ઋચા કરે છે. તેથી ત્યાં પ્રાકૃત ગુણનો સંબંધ કહેવો અશક્ય છે. જો તેમ હોય તો બ્રહ્મજ્ઞથી પ્રાપ્યત્વ અને પરત્વનો અસંભવ આવી પડે. વેદ્ય (અક્ષર બ્રહ્મ) નિર્ગુણ અને પછીનું (પરબ્રહ્મ) સગુણ એમ કહેવું નહિ; કારણ કે તો પરત્વ ઘટતું નથી. સાધનરૂપ હોય તે નિર્ગુણ અને તેનું ફલ સગુણ હોય એ તો વધારે અસંગત છે. ''ગુણો દૂર થતાં જેને સમાધિયુક્ત મુનિઓ જુએ છે''(ભા. ૧૦.૨૮.૧૧) એવા શ્રી ભાગવતના વાક્યથી જેઓ ગુણાતીત છે એવા પુરુષોને જ વૈકુંઠના દર્શનનો અધિકાર કહેવાય છે તો પછી પરબ્રહ્મના દર્શનની વાત જ શી કરવી ? એમ જે કહ્યું કે બ્રહ્મજ્ઞને દ્વૈતદર્શન ઘટિત નથી તેથી કામભોગનો સંભવ નથી તે અંગે કહેવાય છે. ''જેને બધું આત્મા જ થયું હોય'' (બૃ. ૨.૪.૧૪) એ શ્રુતિ કહે છે કે જેને અખંડ બ્રહ્મના અદ્વૈતનું ભાન થયું હોય તેવા બ્રહ્મજ્ઞને પ્રાપંચિક ભેદનું દર્શન નથી; પણ એ પ્રપંચથી પર એવા અર્થના બોધ કે નિષધ કરતી નથી. પુરુષોત્તમનું સ્વરૂપ તો પોતાના બધા ધર્મોથી વિશિષ્ટ અને પ્રપંચથી પર છે તો તેના દર્શન આદિમાં શો વાંધો આવ્યો ? ''પુરુષ જ આ બધું છે, જે થયું છે અને જે થવાનું છે'' (શુ.ય.વે. ૩૧.૨) આ વાક્યથી પ્રપંચ બ્રહ્માત્મક છે એમ કહીને તેની વિભૂતિરૂપ છે, પુરુષ એથી પણ મહાન છે એમ કહે છે – ''આટલો એનો મહિમા છે, પુરુષ એથી મોટો છે'' (શુ.ય.વે. ૩૧.૩) એવું શ્રુતિવાક્ય છે, માટે કાંઈ અયોગ્ય નથી. આમ હોવાથી બ્રહ્મને જાણકારની પરપ્રાપ્તિ પહેલાંની દશા ''તે કોનાથી'' વગેરે વાક્યથી કહેવાય છે, અને પછીની દશા ''તે ભોગવે છે'' વગેરે વાક્યથી કહેવાય છે. આમ બધું બરાબર છે. છાન્દોગ્યમાં પણ ''જ્યાં બીજું જોતો નથી'' (છા. ૭.૨૪.૧)થી શરૂ કરીને ભૂમાનું સ્વરૂપ કહીને ''આત્મા જ આ બધું છે'' (છા. ૨.૨૫.૨) સુધીમાં તેનો વિભાવ[૯] વર્ણવીને કહેવાય છે. ''તે આ પ્રમાણે જોતો, આ પ્રમાણે માનતો, આમ જાણતો, આત્મામાં રતિવાળો, આત્મામાં ક્રીડાવાળો, આત્મામાં મિથુનવાળો, આત્મામાં (જ) આનંદ પામતો સ્વરાટ્ બને છે, બધા લોકમાં સ્વેચ્છાચારી બને છે.'' (છા. ૭.૨૫.૨) આ लिङ्गभूयस्त्वात्तद्धि बलीयस्तदपि એ અધિકરણમાં (બ્ર.સૂ. ૩.૩.૪૪-૫૩) વર્ણવવામાં આવશે. અથવા ''તેને ઉદ્દેશીને આ (ઋચા) કહી છે'' (તૈ. ૨.૧) એ વાક્યથી સમજાય છે કે આ ઋચા પૂર્વવાક્યમાં કહેલા બ્રહ્મનું નિરૂપણ કરે છે. ત્યાં સાધન અને ફલનું નિરૂપણ કર્યું છે એટલે ઋચામાં પણ તેનું જ નિરૂપણ છે. તે આ રીતે છે. આનંદ ફલાત્મક હોવાથી સાધનને અંગભૂત બ્રહ્મમાં તે કહ્યા વગર ''જે જાણે છે'' એટલા સુધીની ઋચાથી ''બ્રહ્મવિત્'' એટલા વાક્યનું વિવરણ કરાય છે. એથી ફલપ્રાપ્તિ માટે સ્વરૂપયોગ્યતા સંપન્ન થાય છે એમ કહ્યું છે. પછી કહ્યા પ્રમાણે ભગવાનના વરણથી ભક્તિનો લાભ થતાં ગુહામાં પ્રકટ થયેલું જે પરમ વ્યોમ તેમાં સ્થાપિત

પુરુષોત્તમ જ છે. "સ્થપાયેલા તે" એમાં તૃતીયાના અર્થમાં દ્વિતીયા[૧૦] છે. તેથી ત્યાં સ્થપાયેલા બ્રહ્મની સાથે એમ પછીનું અગાઉની માફક સમજવાનું છે.

હવે પરમ ફલ હોવાથી પોતાનામાં નિરવધિ આનંદાત્મકતા છે અને (પોતે) અંતરંગથી પણ અંતરંગ છે એમ જણાવવા માટે, તથા સર્વનું સર્વરૂપે, આધિદૈવિક રૂપે છે એમ જણાવવા માટે, આધિભૌતિક આદિ રૂપે પ્રકટ થવા માટે ભગવાન આકાશ વગેરે રૂપે આવિર્ભાવ પામ્યા છે તેથી જ સૃષ્ટિક્રિયામાં આકાશનું જ કર્તૃત્વ કહેવાય છે. આગળ અન્નમય વગેરે ચાર રૂપો, જે ઉત્તરોત્તર અંતરંગ છે તેનું નિરૂપણ પહેલાં કર્યું છે. અન્ન અને રસથી બનેલા શરીર કરતાં પ્રાણમય (અંતરંગ છે), તેના કરતાં મનોમય અને તેના કરતાં વિજ્ઞાનમય છે.

કોઈક (માયાવાદી) આ રૂપો વિકારાત્મક હોવાથી પ્રાકૃત જ છે અને તેનાથી પણ અંતરંગ એવો જીવ જ આનંદમય છે એમ કહે છે. તેને જવાબ આપવાનો છે.

આગલા પ્રપાઠકમાં ભૃગુએ "હે ભગવાન, બ્રહ્મનું અધ્યયન કરાવો" (તે. ૩.૧) એમ વરુણને પૂછ્યું ત્યારે તેના ઉત્તમ અધિકારને અભાવે બ્રહ્મનું સ્વરૂપ કહ્યા વગર તપથી અધિકાર વધતાં જાતે જ સમજશે એમ સમજીને તે જ સાધનનો સર્વત્ર ઉપદેશ કર્યો છે, કે "તપથી બ્રહ્મની જિજ્ઞાસા કર" (તે. ૩.૨) બ્રહ્મ સિવાયના સાધનથી એ જાણવું શક્ય નથી એમ જણાવવા માટે તપ બ્રહ્મ છે એમ બધે જ (વરુણે) કહ્યું. આમ તપરૂપી સાધન વડે બ્રહ્મ તરીકે જાણેલાં રૂપો પ્રાકૃત છે એવું વિચારક માટે કહેવું શક્ય નથી.

(શંકા) તો પછી બ્રહ્મવિષયક પ્રશ્ન, સાધનનો ઉપદેશ, સાધનનું કરણ, અને પહેલાંથી જુદા એવા બ્રહ્મજ્ઞાનની પરંપરા બંધબેસતી નથી, એમ તમે કહો તો (જવાબ) એવું નથી. ભગવાનનાં વિભૂતિરૂપો અનન્ત છે. ત્યાં જે રૂપથી જે કાર્ય કરે તે રૂપે સમર્થ હોવા છતાં તેનાથી જુદું કરતા નથી, કારણ કે તેવી તેની લીલા છે. આમ અન્નમય આદિ રૂપોથી ક્ષુદ્ર ફલો જ આપે છે, કારણ કે હીન અધિકારીઓને તેટલાથી જ આકાંક્ષાનિવૃત્તિ થાય છે. એમ હોવાથી જેવા અધિકારથી અન્નમયના સ્વરૂપનું જ્ઞાન થાય છે તેવો અધિકાર પ્રાપ્ત થતાં અન્નમયનું જ્ઞાન પણ તેવું હોય છે. એવું આગળ પણ સમજવાનું છે. આમ આકાશ વગેરે આધિભૌતિક રૂપ કહીને આધ્યાત્મિક સ્વરૂપને પુરુષરૂપે કહેતી શ્રુતિ પક્ષીરૂપ કહે છે; કારણ કે તે જ રૂપે આધિભૌતિક સ્વરૂપમાં આધ્યાત્મિક પુરુષનો પ્રવેશ થાય છે. તે વાજસનેયી શાખામાં કહ્યું છે : "બે પગવાળાં અને ચાર પગવાળાં શરીરો બનાવ્યાં. પક્ષી બનીને પુરુષે શરીરોમાં પ્રવેશ કર્યો." (બૃ. ૨.૫.૧૮) હકીકતમાં તો પુરુષ જ છે પણ શરીરના સંબંધવાળા થઈને પક્ષીરૂપે શરીરમાં પ્રવેશ કર્યો. વિવિધ પ્રાકૃત શરીરોમાં એકજ પ્રકારના અપ્રાકૃત પુરુષનો પ્રવેશ અનુચિત હોવા છતાં પોતાના પ્રવેશ વિના કાંઈ થવાનું નથી એમ જાણીને ગતિના પ્રતિબંધને ઓળંગીને અલૌકિક ગતિથી પ્રવેશ કરું એમ જણાવવા માટે

પક્ષીસ્વરૂપે થયા. ભગવાન એવા જ છે. એથી જ બે પગવાળાં, ચાર પગવાળાં એમ કહ્યું છે. આધિદૈવિક એકજ છે એટલે "જે પૂર્વે" (તૈ. ૨.૩-૬) એમ બધે કહ્યું છે.

(શંકા) આનંદમય વિષે પણ એમ કહ્યું હોવાથી તે પણ પરમકાષ્ઠાપન્નસ્વરૂપ નથી પણ પહેલાં કહેલાથી વિશેષ ધર્મવાળું વિભૂતિરૂપ જ છે. શિર આદિને આનંદરૂપ કહેવાથી આ પરમાત્મા છે એમ કહેવું નહિ. અન્નમયમાં જેમ અવયવો અન્નરૂપ છે તેમ આનંદમયમાં પણ અવયવો આનંદરૂપ છે; નહિ તો "તેનો જ આ શારીર આત્મા" (તૈ. ૨.૩.૯) એમ કહેત નહિ. શરીર તો પહેલાં કહ્યું છે અને તેની સાથે સંબંધ ધરાવતો શારીર તેનાથી જુદો જણાય છે. તેથી (આનંદમય) પરબ્રહ્મ છે અને પોતાનાથી જુદા આત્માવાળો છે એ બધું શ્રુતિથી વિરુદ્ધ છે. (જવાબ) જો બ્રહ્મ એનાથી જુદું હોય તો આનંદમયથી જુદો અંતરંગ આત્મા બ્રહ્મ છે એમ કહ્યું હોત. એવું નથી. માટે આ જ પર બ્રહ્મ છે. એમ તમે કહો તો (શંકા) એવું નથી. અહીં આધ્યાત્મિક રૂપોનું જ નિરૂપણ છે. તે પાંચ પ્રકારના હોવાથી તેટલાનું જ નિરૂપણ કર્યું છે માટે પરબ્રહ્મ એનાથી જુદું જ છે. આમ પ્રાપ્ત થતાં જવાબ આપે છે :

આનંદમય (પરબ્રહ્મ છે), અભ્યાસને લીધે. (૧.૧.૧૧)

આનંદમય શબ્દથી પર જ કહેવાય છે. શાથી ? અભ્યાસથી. "તેનો આ જ શારીર આત્મા છે જે આગલાનો છે." (તૈ. ૨.૩-૬) એમ અન્નમય આદિમાં બધે જ આનંદમયને આત્મા તરીકે કહ્યો છે.

(શંકા) અમને અહીં કોઈ પ્રમાણ દેખાતું નથી. ઉપરાંત આનંદમયને જ સર્વત્ર આત્મા તરીકે કહ્યો હોવાથી આનંદમયમાં પણ "તેનો આ જ" એમ ન કહેત પણ આ જ પૂર્વનો આત્મા છે એમ કહેત એટલે આનંદમય પરબ્રહ્મ નથી. એમ તમે કહો તો (જવાબ) કહેવાય છે. ઈશ્વર સિવાય બીજો કોઈ સર્વનો એકમાત્ર આત્મા થવા યોગ્ય નથી. તેનું આનંદરૂપ "આ જ આનંદની માત્રા પર અન્ય ભૂતો જીવે છે." (બૃ. ૪.૩.૩૨) "એ રસ છે. રસને જ પ્રાપ્ત કરીને આ આનંદ મેળવે છે. જો આ આકાશ આનંદ ન હોત તો કોણ શ્વાસ લે, કોણ વિશેષ રીતે જીવે ? આ જ ખરેખર આનંદ આપે છે." (તૈ. ૨.૭) વગેરે શ્રુતિઓથી નિશ્ચિત થાય છે. આમ હોવાથી તેની એકવાક્યતા માટે પ્રસ્તુત આનંદમય શબ્દ તેનો જ વાચક છે એમ માનવું જોઈએ. નહિ તો આનંદમયથી અંતરંગ બીજો આત્મા છે એમ પણ કહ્યું હોત.

(શંકા) અમે કહ્યું જ છે કે અહીં આધ્યાત્મિક રૂપોનું જ નિરૂપણ છે. એમ તમે કહેતા હો તો (જવાબ) એમ નથી. કહ્યા પ્રમાણે આધિદૈવિક રૂપનું જ અન્તે નિરૂપણ કરેલું છે. આથી જ ભાર્ગવી વિદ્યામાં પણ અન્નમય આદિ જ્ઞાન પછી ભૃગુની બ્રહ્મજિજ્ઞાસા કહી છે, આનંદમયના જ્ઞાન પછી નહિ. ભૃગુની પ્રવૃત્તિ આધ્યાત્મિક જ્ઞાન માટે નથી પણ બ્રહ્મજ્ઞાન માટે છે. "હે ભગવાન, બ્રહ્મનું અધ્યયન કરાવો" એ પ્રશ્ન કહેવાથી (આ સિદ્ધ થાય છે.)

વળી ''બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે'' (તૈ. ૨.૧) એમ આરંભ કરીને અંતે જ્ઞેયના આનંદની ગણના કહીને ''તે જે આ પુરુષમાં અને જે આ આદિત્યમાં છે તે એક છે'' (તૈ. ૨.૮) એ વાક્યોથી સમજાય છે કે બ્રહ્મને જાણનાર પુરુષ અને આદિત્યમાં તે જ અક્ષર બ્રહ્મ પ્રતિષ્ઠા પામેલું છે અને તેનો આનંદ પણ તેવો જ છે; આમ બંને આનંદ એક જ છે. આવા બ્રહ્મને જે જાણે છે તેને ક્રમાનુસાર અન્નમય આદિની પ્રાપ્તિ કહીને અંતે કહે છે કે ''તે આનંદમય આત્માને મેળવે છે'' (તૈ. ૨.૮) આમ હોવાથી આરંભમાં પરની પ્રાપ્તિ ફલ તરીકે કહી હોવાને લીધે ઉપસંહારમાં પણ તેમ જ થવું જોઈએ એટલે આનંદમયની પ્રાપ્તિ ફલ તરીકે કહેવાને લીધે અને તેના પછી બીજા કોઈની ઉક્તિ ન હોવાને લીધે આનંદમય જ પર છે (એમ નિશ્ચિત થાય છે.)

(શંકા) ઉપસંક્રમણ એટલે અતિક્રમણ. તેથી આમ નથી એમ તમે કહો તો (જવાબ) તમારી બુદ્ધિ શબ્દના અર્થને ઓળંગી જતી હોય એમ લાગે છે. સંક્રમણ શબ્દ બધે જ પ્રાપ્તિના અર્થમાં લેવાય છે. આથી જ સૂર્ય મકર વગેરે રાશિને પ્રાપ્ત કરે ત્યારે તેનું સંક્રમણ થયું એમ કહેવાય છે. આ પરમ મુક્તિ નથી એવું નથી. ''આ લોકમાંથી જઈને'' (તૈ. ૨.૮) એમ પહેલાં કહ્યું જ છે. આથી જ પુરુષોત્તમના આનંદના અનુભવમાં આ આનંદ માત્ર અનુભવનો વિષય છે, મન કે વાણીનો વિષય નથી એમ જાણીને બ્રહ્મજ્ઞ લોક, વેદ કે કાલથી ભય પામતો નથી એમ ''જ્યાંથી વાણી'' (તૈ. ૨.૪.૯) એ શ્લોકથી કહ્યું છે. નહિ તો આનંદ મનથી પણ અગાધ છે એમ કહ્યા પછી ''विद्वान्'' (જાણનાર) એ શાથી કહે ?

આમ હોવાથી ''તે વિપશ્ચિત્ બ્રહ્મ સાથે બધા કામને ભોગવે છે'' (તૈ. ૨.૧) એ ઋચામાં જે ફલ કહ્યું છે તેનું અંતે વિવરણ કર્યું છે એમ સમજાય છે. નહિ તો ''આ લોકમાંથી જઈને'' (તૈ. ૨.૮) એમ કહ્યું હોવાથી દેહને અભાવે ભય ઉપસ્થિત ન થવાથી તેના નિષેધનો અને કામભોગનો સંભવ નથી. તેથી જ સામાનાધિકરણ્ય ન કહેતાં ''બ્રહ્મનો આનંદ'' એમ કહ્યું છે. આમ લૌકિક એવા અગાઉના દેહનો ત્યાગ કરીને આરંભમાં સાક્ષાત્ ભગવાનના ભજનને ઉપયોગી, ભગવાનના વિભૂતિરૂપ સંઘાત પ્રાપ્ત કરે છે. તે આ રીતે છે : દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને જીવનો સંઘાત છે. તેમાં સ્થૂલ શરીર આદ્ય વિભૂતિરૂપ છે. બીજું સ્પષ્ટ છે. ત્રીજું બધી ઇન્દ્રિયોના સંબંધને લીધે ઇન્દ્રિયરૂપ તથા અન્તઃકરણાત્મક હોવાથી અન્તઃકરણરૂપ છે. ચોથું જીવતત્ત્વસ્વરૂપ છે; જ્યાં ગુહામાં ભગવાનના વરણથી પરમ વ્યોમનો આવિર્ભાવ થાય છે. પછી પૂર્ણ આનંદાત્મક પુરુષોત્તમ સ્વરૂપને ફલરૂપે પ્રાપ્ત કરીને કહેલી ઋચાના અર્થ અનુસાર તેની સાથે બધા કામભોગો ભોગવે છે; મન અને વાણીનો વિષય નહિ એવા આનંદનો અનુભવ મેળવે છે એમ વાક્યોની એકવાક્યતાથી સિદ્ધ થાય છે.

હવે વિચારવામાં આવે છે. ''બે પગવાળાં શરીર કર્યાં'' (બૃ. ૨.૫.૧૯) એ

૧.
શ્રુતિ
થઈ
આ
એમ
એક
એનો
માટે
તમે
૨.૮
ઓ
એમ
તેમાં
સર્વવિ
જીવન
આમ
આનંદ
''તે
અભા
નથી.'
પ્રાણ,
બ્રાહ્મ
શરીર
શરીર
કહેલા
હોતાં
પ્રાણોમ
મનોમય
આથી
આ
૨.૩-
પાંચેપાં
છે. આ
રીતે કહ્યા
અણું-૯

શ્રુતિવાક્યમાં ખરેખર તો પુરુષ જ છે પણ શરીર સાથે સંબંધ ધરાવવાને લીધે પક્ષી થઈને નગરમાં પ્રવેશ કર્યો એવું નિરૂપણ કર્યું છે. પ્રસ્તુત વાક્યમાં પણ અન્નમય આદિનું તેવી રીતે જ કથન છે. (શંકા) આમ હોવાથી એક નગરમાં અનેક એવા એમનો પ્રવેશ કહેવો યોગ્ય નથી. કારણ કે એ માટે કોઈ પ્રયોજન નથી. આમ એક એક નગરમાં તેમ કહેવું જોઈએ. તેમાં કયા (નગર)માં કોનો પ્રવેશ સમજવાનો છે એનો વિચાર કરતાં પ્રાકૃતત્વ અને બ્રહ્મત્વ વચ્ચે ભેદ ન હોવાથી તથા નક્કી કરવા માટે કોઈ પ્રમાણ ન હોવાથી બધાનો બધે પ્રવેશ અથવા અપ્રવેશ થાય. આમ જો તમે કહો તો (જવાબ) અહીં આમ લાગે છે. ''આ લોકમાંથી જઈને'' (તૈ. ૨.૮) એ વાક્યમાં ''આ'' શબ્દ વપરાયો હોવાથી પ્રાકૃત ગુણમય પ્રપંચને ઓળંગીને ગુણોથી પર અને સાક્ષાત્ લીલાને ઉપયોગી એવા પ્રપંચને પ્રાપ્ત કરે છે એમ સમજાય છે. તેની પ્રાપ્તિથી ભગવદ્ભાવ સંપન્ન થતાં, જો તે તે રૂપી બ્રહ્મ તે તેમાં પ્રવિષ્ટ ન હોય તો ભગવાનનો આગલો વિરહભાવ અતિતીવ્ર હોવાથી સર્વવિનાશક એવા તેનાથી શરીર, ઇન્દ્રિય, પ્રાણ અને અન્તાકરણ નાશ જ પામે. જીવનો બ્રહ્મમાં જ લય થવાથી લીલારસનો અનુભવ ન થતાં તેનો નાશ જ થાય. આમ તે તે રૂપવાળું બ્રહ્મ તેમાં તેમાં સ્થિત હોવાથી તેમનો નાશ થતો નથી. જીવમાં આનંદમય પુરુષોત્તમ પ્રવેશ કરે છે એટલે રસાત્મક હોવાને લીધે આનંદાત્મક જ વિરહભાવના રસાબ્ધિને અનુભવીને પછી પ્રકટ થયેલા પ્રભુસ્વરૂપને પ્રાપ્ત કરીને ''તે કોઈથી ભય પામતો નથી'' (તૈ. ૨.૪-૯) એ વાક્યથી લોકથી ભયનો અભાવ કહીને, ''મેં શું સારું ન કર્યું, મેં શું પાપકર્મ કર્યું એમ એને સંતાપ થતો નથી.'' (તૈ. ૨.૯) એ વાક્યો વડે વેદોથી ભયનો અભાવ કહેવાય છે. શરીર, પ્રાણ, મન, અન્તઃકરણ અને જીવાત્માનું શરીરત્વ વાજસનેયિ શાખાના અન્તર્યામિ બ્રાહ્મણમાં કહેલું છે. ''બધા ભૂતો જેનું શરીર છે, પ્રાણ જેનું શરીર છે, વાણી જેનું શરીર છે, ચક્ષુ જેનું શરીર છે, શ્રોત્ર જેનું શરીર છે, મન જેનું શરીર છે, ત્વચા જેનું શરીર છે'' વગેરેને અંતે કહ્યું છે, ''આત્મા જેનું શરીર છે.'' (બૃ. ૩.૭) અગાઉ કહેલા નિર્ગુણ દેહો ભગવાનની ચરણરજથી ઉત્પન્ન થયેલા હોવાથી વિભૂતિરૂપ હોતાં બ્રહ્મના શરીરરૂપી છે. અન્નમયનો તેમાં પ્રવેશ થવાથી તેની સ્થિતિ છે; પ્રાણોમાં પણ તેમ જ છે. જ્ઞાનેન્દ્રિયોમાં વિજ્ઞાનમયનો પ્રવેશ થતાં તેવું છે; મનમાં મનોમયના પ્રવેશથી તેવું છે. જીવમાં આનંદમય પ્રવેશ કરે છે એટલે તે પ્રમાણે છે. આથી પક્ષીરૂપનું કથન યોગ્ય છે.

આનંદમયનું સ્વરૂપ વિશેષ રીતે કહેવું શક્ય નથી એટલે ''જે આગલાનો'' (તૈ. ૨.૩-૬) એમ સર્વત્ર કહ્યું છે. શરીરમાં પ્રવેશના પ્રયોજન માટે પક્ષીરૂપ પાંચેપાંચમાં સમાન છે તેથી તેમ જણાવતી શ્રુતિ આનંદમય અંગે પણ તેમ જ કહે છે. આમ હોવાથી જેમ પારસમણિના સંબંધથી ચાંદી વગેરે સોનું બની જાય તેવી રીતે કહ્યા પ્રમાણેના પ્રવેશથી તેના આશ્રયો પણ તદાત્મક બની જાય એમ કહેવાય

છે. ખરેખર તો આ પરોક્ષવાદ છે એમ સમજાય છે. તે આ મુજબ છે. "બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે" (તૈ. ૨.૧) એ વાક્યથી બ્રહ્મજ્ઞની પરપ્રાપ્તિ સામાન્ય રીતે કહીને તેનું તાત્પર્ય "સત્ય, જ્ઞાન" (તૈ. ૨.૧) એ ઋચાથી કહ્યું છે. તેમાં સર્વાત્મભાવવાળો ભક્ત ભગવાનની સાથે તે તે સ્વરૂપાત્મક કામ ભોગવે છે એમ કહેલા વ્યાખ્યાનથી આવો અર્થ નક્કી થાય છે. તેવા ભક્તને સદૈવ અને વિરહભાવમાં તો વિશેષ રીતે પ્રિયના સ્વરૂપથી જુદું કાંઈ સ્ફુરતું ન હોવાથી અન્ન, પ્રાણ વગેરે સ્વરૂપી એ જ છે એમ જણાવવા માટે તે તે રૂપો કહેલાં છે. આથી પરમ પ્રેમવત્ત્વ સિદ્ધ થાય છે. પછી ભગવાનનો આવિર્ભાવ થવા છતાં પૂર્વનો ભાવ અતિતીવ્ર હોવાથી જ્ઞાનાદિ સર્વનું તિરોધાન થતાં આગળના રસનો અનુભવ થશે નહિ એમ (માનીને) ભગવાન જાતે જ અનુભવાત્મક બને છે એમ જણાવવા માટે વિજ્ઞાનરૂપ કહ્યું છે. ત્યારે અનુભવવિષય પ્રકટ આનંદમય છે એમ તેનું સ્વરૂપ કહેવાય છે. તેમાં નિરુપધિ પ્રીતિ જ મુખ્ય છે, બીજું કાંઈ નહિ એમ જણાવવા માટે પ્રિયને મુખ્ય અંગ (શિર) કહ્યું છે. ત્યારે પ્રિયના દર્શન આદિથી જે આનંદાત્મક વિવિધરસભાવનો સંદોહ ઉત્પન્ન થાય છે તેને દક્ષિણ પક્ષ કહે છે. પછી સ્પર્શ વગેરેથી પહેલાંથી જુદો જે પ્રકૃષ્ટ આનંદસંદોહ છે તે ઉત્તર પક્ષ કહેવાય છે. વિવિધ પ્રકારના પક્ષોના સમૂહરૂપ હોવાથી આ પક્ષોનું પક્ષત્વ યોગ્ય છે. સ્થાયિભાવ એકરૂપ હોવાથી આત્મા તરીકે કહ્યો છે. કારણ કે તેમાંથી જ વિભાવ વગેરે વિવિધ ભાવોની ઉત્પત્તિ થાય છે. પરની પ્રાપ્તિનું સાધન બનેલ (અક્ષર) બ્રહ્મના જ્ઞાનની દશામાં તેનો જે આનંદ પૂર્વે અનુભવેલો છે તે ગણિત આનંદ છે; અને આ આનંદના અનુભવ પછી તુચ્છ જેવો લાગે છે અને ઇષ્ટગતિના સાધન તરીકે ન હોવાથી સ્વરૂપથી પણ તેનાથી હીન છે તેથી પૃષ્ઠભાગથી પણ દૂર રહેલા પુચ્છ સ્વરૂપે બ્રહ્મ (અક્ષર) કહેવાયું છે. પુરુષોત્તમનું અધિષ્ઠાન હોવાથી એ પ્રતિષ્ઠારૂપ છે. આમ હોવાથી અક્ષરથી પણ ઉત્તમ હોવા છતાં ગૌણ બનીને ભક્તોની ઇચ્છા પૂર્ણ કરે છે તેમાં અસંભાવના અને વિપરીતભાવના[૧૧]નો સંભવ છે. તેના અભાવ માટે "તે અસત્ જ થાય છે" (તૈ. ૨.૬) વગેરે વાક્યો કહ્યાં છે. પોતાના અનુભવના અભાવમાં પણ ગુરુના ઉપદેશ આદિથી જે તેના અસ્તિત્વ માત્રને જાણે તેને બ્રહ્મજ્ઞો સત્, સત્ત્વધર્મથી વિશિષ્ટ અને વર્તમાન તરીકે જાણે છે એમ "જો બ્રહ્મ છે એમ" (તૈ. ૨.૬) વગેરેથી શ્રુતિ આગળ કહે છે. બ્રહ્મના અસત્ત્વજ્ઞાનમાં "અસત્ થાય છે" એમ કહીને, તથા તેના અસ્તિત્વના જ્ઞાનમાં "સત્ થાય છે." એમ ન કહીને, "સત્ એવા એને જાણ્યો" એમ તત્ત્વતઃ બીજાનું જે જ્ઞાન કહ્યું છે તેનાથી પુરુષોત્તમના આનંદના અનુભવવાળા જ્ઞાનક્રિયા વિશિષ્ટ જીવને વર્તમાન તરીકે જાણ્યો (એવો અર્થ થાય છે.) અનુભવ ન થાય ત્યારે ગુરુના ઉપદેશ વગેરેથી તેવા બ્રહ્મના અસ્તિત્વજ્ઞાનમાં સ્વરૂપતઃ સત્ એવા એને જાણે છે, જ્ઞાનાદિથી યુક્ત નહિ. તેના અસત્ત્વજ્ઞાનમાં એ મિથ્યા સમાન છે એમ શ્રુતિનું તાત્પર્ય સમજાય છે.

આમ વિચારચતુર સજ્જનો વ્રજના અધિપતિને વિશે આનંદમયતાને આનંદસંદોહના અર્થમાં સમજે છે.[૧૨]

સૂત્ર-૧૨ : આનંદમયને બ્રહ્મ કહી શકાય નહિ. લોકમાં મયટ્ પ્રત્યયનું વિકારના અર્થમાં વિધાન થયું છે તેથી, એમ શંકા કરીને સૂત્રકાર જાતે જ પરિહાર કરે છે.

વિકારવાચક શબ્દને લીધે (આનંદમય બ્રહ્મ) નથી એમ કહો તો એવું નથી; કારણ કે (તે શબ્દ) પ્રાચુર્યવાચક છે. (૧.૧.૧૨)

આનાથી જ આગલા સૂત્રનો અર્થ સિદ્ધ થશે. વિકારવાચી શબ્દ (એટલે કે) મયટ્ પ્રત્યય જેમાં છે તે વિકારશબ્દ. તેથી તે શબ્દથી બ્રહ્મ વાચ્ય બને નહિ; કારણ કે બ્રહ્મ અવિકારિ છે. એમ જો તમે કહો તો (જવાબ) અહીં મયટ્ વિકારના અર્થમાં નથી, પણ પ્રાચુર્યનો અર્થવાળો છે. પ્રાચુર્યને પ્રાપ્ત કરે તે प्राचुर्यात् । પાણિનિ કહે છે – "तत्प्रकृतवचने मयट् । (પા. સૂ. ૫.૪.૨૧) પ્રાચુર્યથી પ્રસ્તુત વચન તે तत्प्रकृतवचन. તેમાં મયટ્ પ્રત્યય લાગે છે એવો અર્થ છે. પ્રાચુર્ય એટલે આગલાની અપેક્ષાએ અધિકતાથી "કોણ શ્વાસ લે ? કોણ વિશેષ રીતે જીવે ?" (તૈ. ૨.૭) એ વાક્યમાં પ્રકૃષ્ટ રીતે સ્તુતિ કરેલી છે. આમ મયટ્ પ્રત્યય આગલાની અપેક્ષાએ પ્રચુરતા બતાવે છે. એકદેશના નિર્દેશથી તે માટે લક્ષણાથી[૧૩] પ્રાચુર્યનો બોધ થાય છે. અથવા પ્રાચુર્યથી પ્રસ્તુત અર્થનો વાચક હોવાથી એવો અર્થ થાય છે.[૧૪] વેદોમાં બે સ્વરો આવતા હોય તે સિવાયના સ્થળોએ મયટ્ નું વિકારના અર્થમાં વિધાન ન હોવાથી વ્યાકરણ પણ અર્થ નક્કી કરે છે. વિજ્ઞાનમય, આનંદમય જેવા શબ્દો જોનાર પાણિનિ "મયટ્ ભાષામાં વિકલ્પે આ (અર્થો) આપે છે" (પા.સૂ. ૪.૩.૧૪૩) અને "વેદમાં બે સ્વરવાળા શબ્દોને"[૧૫] (પા.સૂ. ૪.૩.૧૫૦) એમ શાથી કહે ?

અહીં કેટલાક સર્વવિપ્લવવાદીઓ[૧૬] વિકારનો અર્થ કહે છે કારણ કે તેમને શ્રુતિ, સૂત્ર વગેરેના અર્થનું જ્ઞાન નથી. વેદ વગેરેના અર્થના જાણનારે ભગવાનના નવમા અવતાર[૧૭]નું કાર્ય સમજીને તેની ઉપેક્ષા કરવી. જે અર્થ છે તે અમે કહ્યો છે.

સૂત્ર-૧૩ : શબ્દબલના વિચારથી મયટ્ના વિકારના અર્થનું નિવારણ કર્યું. અર્થબલના વિચારથી પણ નિરાકરણ કરે છે.

અને હેતુ તરીકે તેનો વ્યપદેશ છે તેથી. (૧.૧.૧૩)

હેતુ તરીકેનો વ્યપદેશ તે હેતુવ્યપદેશ. તેનો **હેતુવ્યપદેશ**-હેતુ તરીકેનો વ્યપદેશ છે તેથી. "એ જ ખરેખર આનંદ આપે છે." (તૈ. ૨.૭) आनन्दयाति એટલે आनंदयति એવો અર્થ થાય છે. આ આનંદમય જ બધા વિકારભૂત આનંદોનું કારણ છે. જેમ અવિકૃત, સચ્ચિદ્રૂપ બ્રહ્મ જગતનું કારણ છે તેમ આનંદમય પણ કારણ હોવાથી અવિકૃત છે, અન્યથા તો વાક્ય વ્યર્થ જ બને. તેથી आनंदमय માં વિકારનો

અર્થ નથી. સમુચ્ચય જણાવતો ચકાર દર્શાવે છે કે (અધિકરણની) મધ્યમાં બે સૂત્રોથી એક જ અર્થ પ્રતિપાદિત થયો છે.

સૂત્ર-૧૪ : (શંકા) આમ ત્રણ સૂત્રોથી આગ્રહપૂર્વક શાથી વર્ણન કરવામાં આવે છે ? અન્નમય આદિની માફક ઉપાસના પરત્વે પણ શ્રુતિ ઘટાવી શકાય છે; કારણ કે મોદ, પ્રમોદ વગેરેને પક્ષ, પુચ્છ વગેરે તરીકે કહેલા છે. તેથી બ્રહ્મ તરીકે સિદ્ધ કરવા છતાં આવશ્યક ઉપપત્તિ ન હોવાથી બ્રહ્મ પરત્વે લેવું યોગ્ય નથી. એમ પ્રાપ્ત થતાં કહેવાય છે. (ઉત્તર)

મંત્રમાં વર્ણિત એ જ છે એમ સમજાય છે. (૧.૧.૧૪)

''પરમ વ્યોમમાં ગુહામાં નિહિત સત્ય, જ્ઞાન, અનન્ત બ્રહ્મને જે જાણે તે વિપશ્ચિત્ બ્રહ્મ સાથે બધા કામ ભોગવે છે.'' (તૈ. ૨.૧) એ મંત્ર છે. મંત્રથી અભિધા વૃત્તિ દ્વારા જેનું પ્રતિપાદન થાય તે માન્ત્રવાર્ણિક. તેનું ઉપપાદન કરતા ગ્રંથમાં તે જ મુખ્ય રીતે જણાય છે. જેમાં જે ઉદ્દિષ્ટ હોય તે જ મુખ્ય રીતે જાણવું જોઈએ. જેનું ઉપપાદન કરવાનું છે તે સંદિગ્ધ છે.[૧૮] ત્યાં ''વિપશ્ચિત્ બ્રહ્મ સાથે'' એમ સર્વજ્ઞ બ્રહ્મ સંદિગ્ધ છે. તેનું ફલ તરીકે વાક્યમાં ઉપપાદન કર્યું નથી. બધાએ જેની સ્તુતિ કરી છે તે આનંદ ફલ છે. સ્તુતિ અભ્યાસથી છે એમ અમે કહ્યું છે. સ્તુતિને અર્થે પુરુષના આકાર માટે શિર, હાથ વગેરે (વર્ણવેલા છે). લોકમાં જે અંદર ભરેલું હોય અને બહાર વીંટાળ્યું હોય તે તેના આકારનું બને છે.[૧૯]

અહીં જીવ મુખ્ય છે કારણ કે એને કર્તારૂપે કહ્યો છે. તે ખરેખર હંસરૂપ છે. શાસ્ત્રમાં પુરુષનો અધિકાર છે એટલે પુરુષના શરીરમાં તે (હંસના) આકારમાં બધું ફલ પ્રાપ્ત કરે છે. તેથી પુરુષનું હંસરૂપે વર્ણન કરે છે. (અન્નમય વગેરે) પાંચમાં શારીર આત્મા જીવ એક જ છે. ત્યાં અન્નમયમાં સંદેહ નથી એટલે તેનો આ આત્મા એમ કહ્યું નથી. બીજા (પ્રાણમય)માં પ્રથમ કહેલાનો જ અતિદેશ છે. ત્યાં અન્નમય વિશે તો જાણે હાથથી બતાવતા હોય એમ નિઃસંદિગ્ધ રીતે સમજાવ્યું છે. તેની અંદર આંતરવ્યવહારના કારણરૂપ પ્રાણ છે, કારણ કે એ બલ, ભોજન અને વિસર્ગ આદિમાં ઉપયોગી છે. તેનો સંચાર આકાશમાં છે અને તે પૃથ્વી પર સ્થિર છે. આ રીતે બાહ્ય અને આભ્યન્તર એમ બે પ્રકારે લૌકિક વ્યવહાર માટે કહ્યું છે. ત્યાર પછી વૈદિક વ્યવહાર છે. તે મનોમય પુરુષ છે. કર્મચોદના તે આદેશ છે. અર્થવાદ સહિતનાં બ્રાહ્મણોનાં વાક્યો (અહીં લેવાનાં છે). અથર્વવેદમાં બ્રહ્માનું કર્મ હોવાથી[૨૦] એની પ્રતિષ્ઠા છે. ત્યાર પછી વિવિધ પ્રકારના યાગ વગેરે સાધનવાળાના ફળરૂપે વિજ્ઞાનમયનું કથન છે. ત્યાં શ્રદ્ધા તે જલ છે. ત્રીજા અધ્યાયમાં આ અર્થ વિસ્તારથી કહેવાશે. કહ્યા મુજબ કરવાથી ક્રમમુક્તિ થાય છે.

ઋત અને સત્ય અનુક્રમે પ્રતીયમાન (જાણવામાં આવતો) અને અનુષ્ઠીયમાન (કરવામાં આવતો) ધર્મો છે. યોગ મુખ્ય હોવાથી આત્મા છે. મહર્લોક અધોભાગે

છે; તેવાને[21] તેનાથી નીચે સંસારનો અભાવ છે. ત્યાર પછી પણ બ્રહ્મને જાણનારનું ફલ આનંદમય હોય છે. તેનું સ્વરૂપ એક હોવાથી ધર્મભેદ અનુસાર શિર, હાથ વગેરેનું નિરૂપણ કરેલું છે. તે મુખ્યત્વે પ્રીતિનો વિષય છે એટલે એ ધર્મ તેનું શિર છે. મોદ અને પ્રમોદ અનુક્રમે અપરિનિષ્ઠિત અને પરિનિષ્ઠિત એવો આનંદનો અતિશય બતાવે છે. આનંદ એ સ્વરૂપ છે. (અક્ષર) બ્રહ્મ સાધનરૂપ છે એટલે પુચ્છ છે. પછીના બે શ્લોક[22] માત્ર આનંદનો પરિહાર કરવા માટે સત્ અને ચિત્ અંશોનો બોધ કરે છે. પછીના બે શ્લોકો[23] (આનંદમય) વાણીથી ગોચર અને અગોચર એમ બે પ્રકારે માહાત્મ્યના જ્ઞાન માટે છે. અવાન્તર આનંદો તેનાથી ન્યૂન હોવાથી તેના ઉત્કર્ષના બોધ માટે છે. એટલે આખા પ્રપાઠકમાં મંત્રમાં વર્ણવેલા પદાર્થની પ્રતીતિ થાય છે. આમ મુખ્ય ઉપપત્તિ હોવાથી આનંદમય પરમાત્મા જ છે. સૂત્રની વચ્ચે આવેલો ચ વિધિમુખે કરેલા વિચારથી અધિકરણની સંપૂર્ણતા જણાવે છે.

સૂત્ર-૧૫ : ચાર સૂત્રોથી દઢતા માટે આ જ અધિકરણનો નિષેધમુખે ફરી વિચાર કરવામાં આવે છે. અહીં આ મુદ્દો છે. જીવ જ ભલે આનંદમય બને, કારણ કે ફલ પુરુષને અર્થે છે. તે બ્રહ્મજ્ઞ આનંદમય થાય છે એટલે કે સ્વર્ગાદિ સુખની માફક જીવનું અલૌકિક આનંદમય રૂપ જ ફલ બને છે એમ (શંકા) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે -

બીજો નથી કારણ કે તે ઘટતું નથી. (૧.૧.૧૫)

બીજો એટલે જીવ નથી, આનંદમય હોતો નથી. શાથી ? ઉપપત્તિ ન હોવાથી, માત્ર ફલરૂપે જીવનું આનંદમયત્વ બંધબેસતું નથી. જો તેમ હોય તો જીવ સ્વતંત્ર રીતે જગત્‌નો કર્તા બને તો અલૌકિક માહાત્મ્યયુક્ત બ્રહ્મનું નિરૂપણ ઉપપન્ન થતું નથી. એટલે જીવ આનંદમય નથી.

સૂત્ર-૧૬ : અને ભેદ કહ્યો છે તેથી. (૧.૧.૧૬)

આથી પણ જીવ આનંદમય નથી, કારણ કે ભેદથી કથન છે. "રસ પ્રાપ્ત કરીને આનંદી બને છે." (તૈ. ૨.૭) આનો આનંદ છે માટે આનંદી. "એ જ ખરેખર આનંદ આપે છે." (તૈ. ૨.૭) આનંદ આપે છે એવો અર્થ છે. ચ થી બે સૂત્રો વડે જીવ આનંદમય નથી એવું નિરૂપણ કર્યું છે.

સૂત્ર-૧૭ : (શંકા) તો પછી જડ પદાર્થ આનંદમય ભલે ગણાય. (જવાબ) એમ નથી. આભ્યન્તર હોવાથી એ કાર્યરૂપ નથી પણ કારણરૂપ છે. તે પોતાના મતમાં છે જ નહિ; પણ (શંકા) બીજા મતમાં (સાંખ્યમાં) પ્રકૃતિ હોઈ શકે. તેનું નિવારણ કરે છે. (જવાબ)

અને કામને લીધે અનુમાનની અપેક્ષા નથી. (૧.૧.૧૭)

જડ પ્રકૃતિ નથી એટલે કારણ તરીકે તેનું નિરાકરણ કરેલું જ છે. હવે વાક્ય બીજી રીતે બંધબેસતું નથી.[24] એટલે સત્ત્વના પરિણામરૂપ (પ્રકૃતિની) કલ્પના

કરવી જોઈએ, (એમ કહો તો) એ કલ્પના બરાબર નથી. શાથી ? કામને લીધે આનંદમયના નિરૂપણ પછી ''તેણે કામના કરી'' (તૈ. ૨.૬) એવી શ્રુતિ છે. તે કામના ચેતનનો ધર્મ છે. એટલે આનંદમય ચેતન જ છે. ચ થી ''તેણે તપ કર્યું.'' (તૈ. ૨.૬) વગેરે (શ્રુતિવાક્યો સમજવાનાં છે.) આમ અનુમાન સુધીનો અર્થ ન આપતું આ વાક્ય સ્થિત થતું નથી.[૨૫]

સૂત્ર-૧૮ : વળી એમાં એનો યોગ કહે છે. (૧.૧.૧૮)

આથી પણ જડ આનંદમય નથી. આ આનંદમયમાં આનો એટલે કે જીવનો ''આનંદમય આત્માનું ઉપસંક્રમણ કરે છે'' (તૈ. ૨.૮) એ રૂપે યોગ કહે છે; અર્થાત્ ફલ તરીકે કહે છે. જીવ જડ બની જાય તે યોગ્ય નથી. ''બ્રહ્મ જ હોઈને બ્રહ્મમાં લીન થાય છે'' (બૃ. ૩.૪.૧)ના જેવો આનો પણ અર્થ છે. તેથી આ જીવ નથી, તેમ જડ પણ નથી, બાકી રહેલું હોવાથી બ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે.

જેઓ[૨૬] અધિકરણભંગ કરે છે તેમનું અજ્ઞાન જ છે, કારણ કે તેમણે પણ આનંદમય કયો પદાર્થ છે તે કહેવું પડે. એ જીવ નથી કારણ કે ''વિપશ્ચિત્ બ્રહ્મ સાથે'' એમ આનંદમયને બ્રહ્મજ્ઞાનનાં ફલ તરીકે કહ્યું છે. જો એ સ્વર્ગની માફક જડ છે એમ કહો તો કોને આધારે છે તે કહેવું પડે. જો જડને આધારે હોય તો માત્ર કર્મનું ફળ થાય. જો જ્ઞાનનું અવાન્તર ફલ છે એમ કહો તો આનંદથી જુદું કયું ફલ થશે ? જડ અને ચિત્ રૂપ તો પહેલેથી જ વિદ્યમાન છે. ઉપરાંત ''બીજાં ભૂતો આ જ આનંદની માત્રાને આધારે જીવે છે'' (બૃ. ૪.૩.૩૨) એ શ્રુતિનો વિરોધ આવે. બ્રહ્મને પુચ્છ તરીકે કહ્યું છે તેથી પ્રદ્વેષ છે એમ કહો તો ''તે બ્રહ્મનો એક આનંદ છે'' (તૈ. ૨.૮) એમાં પણ ષષ્ઠી વિભક્તિથી ભેદ બતાવ્યો હોવાથી બ્રહ્મને પરમ પુરુષાર્થ તરીકે સ્વીકારી ન શકાય. ઉપક્રમ વગેરે સર્વનો વિરોધ તો પહેલાં જ પ્રતિપાદિત કર્યો છે. જો કે ''બ્રહ્મ પુચ્છ છે'' એમ બીજી રીતે અધિકરણ રચ્યું છે તેમાં પુચ્છનું બ્રહ્મ તરીકે પ્રતિપાદન નથી જેથી અન્યથા સમાધાન થઈ શકે. પણ અગાઉની માફક ''પુચ્છ પ્રતિષ્ઠા છે'' એમ બ્રહ્મનું પુચ્છત્વ કહ્યું છે. તેમાં શ્રુતિનો બાધ કરવો બ્રહ્મથી પણ શક્ય નથી. વળી આ તો મૂર્ખતા છે. આનંદમયને જ બ્રહ્મ તરીકે ગણવામાં કોઈ પણ દોષ આવતો નથી. આનંદમય બ્રહ્મ નથી એમ કલ્પીને તેના પુચ્છ તરીકે બ્રહ્મનો વેદમાં બોધ કર્યો છે એમ જાણીને તેના સમાધાન માટે પ્રયત્ન કરનાર મહામૂઢ છે એટલે (જ્ઞાનનો) વિષય અને ફલમાંથી શું મુખ્ય છે તે પણ વિચારવું જોઈએ. પુચ્છ તરીકેનું વચન એ આગલું છે એમ બતાવવા માટે છે. આથી જ એ (બ્રહ્મ) જ્ઞાનનો વિષય અને પ્રતિષ્ઠા છે. આનંદમય બ્રહ્મમાં જ પ્રતિષ્ઠિત છે. અહીં અવયવ અને અવયવીનો સંબંધ ઉપચારથી છે એમ માનવું યોગ્ય છે. પ્રાણમય વગેરેમાં પણ એવું જ છે. અંદર રહેલ આનંદમય બાહ્ય જીવ જેવો જ (હંસાકાર) થાય છે, આમ બધું યોગ્ય છે.

ટિપ્પણ

૧. **ब्रह्मविदः परप्राप्तिं प्रतिज्ञाय** - ब्रह्मविदाप्नोति परम् = અક્ષર બ્રહ્મને જાણનાર પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. ज्ञेयांश = અક્ષર બ્રહ્મ. आनंदाशमप्रवेश्य = सत्यं ज्ञानमनन्तं ब्रह्म એ લક્ષણવાક્ય છે, એમાં આનંદ અંશ કહ્યો નથી, કારણ કે સાધન કરતાં ફલ ઉત્કૃષ્ટ છે અને જ્ઞેયાંશ સાધનશેષ છે. **जडत्वपरिहाराय** = લોકમાં પ્રકૃતિ આદિ કારણો જડ ગણાયાં છે. **આનંદાંશ** તેનાથી ભિન્ન છે. **सर्वज्ञानन्दरूपम्** = सोऽश्नुते सर्वात्कामान्सह ब्रह्मणा विपश्चिता એમ સર્વજ્ઞાનન્દરૂપ ફલનું પ્રતિપાદન થાય છે.

૨. **सुखवाचकशब्दानाम्** - "तस्य प्रियमेव शिरः" જેવાં વાક્યોમાં સુખવાચક શબ્દો વપરાયા છે.

૩. **अभ्यासस्य भेदकत्वम्** - પૂર્વમીમાંસાના બીજા અધ્યાયના બીજા પાદમાં આ ચર્ચા આવે છે. समिधो यजति, तनूनपातं यजति, इडो यजति, बर्हिर्यजति, स्वाहाकारं यजति એમ પાંચ વખત यजति શબ્દનો પ્રયોગ થયો છે. અહીં પ્રશ્ન એ છે કે तनूनपात् આદિમાં આગલા યાગનો જ અનુવાદ છે કે પછી બીજા યાગનું વિધાન છે ? एकस्यैव पुनःश्रुतिरविशेषादनर्थकं हि स्यात् એ ન્યાયે એવું સમાધાન કર્યું છે કે અહીં અભ્યાસ એટલે વારંવાર કથન હોવાથી જુદા જુદા યાગ સમજવાના છે. અહીં છ કર્મભેદકો કહ્યા છે : શબ્દાન્તર, અભ્યાસ, સંખ્યા, ગુણ, પ્રક્રિયા અને નામ.

૪. **उत्तरत्र साधकत्वात्** - પછીનું વાક્ય છે - यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते अथ तस्य भयं भवति । અહીં अन्तर શબ્દ દ્વારા ભેદની નિંદા કરીને અભેદ સિદ્ધ કર્યો છે.

૫. **अशवा स नैव रेमे...** - અહીંથી આરંભીને સૂત્રના અંત સુધીનું ભાષ્ય વિઠ્ઠલનાથજીએ રચેલું છે.

૬. **श्रुतिद्वयपरिहाराय** - અહીં બે પ્રકારની શ્રુતિઓ છે. એક બ્રહ્મના જ્ઞાનથી બ્રહ્મની પ્રાપ્તિ બતાવે છે તો બીજી વરણથી બ્રહ્મપ્રાપ્તિ કહે છે. તેથી વાક્યમાં આપેલો નિર્ણય કહ્યો છે.

૭. **अलौकिकः प्रयोगः** - व्योमन् નું સપ્તમી એક વચન व्योम्नि છે પણ તેને બદલે व्योमन् એવો અલૌકિક અર્થાત્ વૈદિક પ્રયોગ છે.

૮. **विकरणभेदात् पदभेदाच्च** - ભોજનના અર્થમાં **अश्** ધાતુ ૯મા ગણનો પરસ્મૈપદ ધાતુ છે, તો વ્યાપવાના અર્થમાં ૫મા ગણનો આત્મનેપદ છે. આમ વિકરણ પ્રત્યય અને પદનો ભેદ છે.

૯. **तद्विभावम्** - ઉત્તરદશારૂપી જે સર્વાત્મભાવ છે તેને ઉદ્દીપક એવું અખંડબ્રહ્મનું ભાન તે વિભાવ.

૧૦. **तृतीयार्थे द्वितीया** - निहितम् એ ત્રીજી વિભક્તિ સમજીને ब्रह्मणा ના વિશેષણ તરીકે લેવાનું છે.

૧૧. **असंभावना** विपरीतभावना च - બ્રહ્મ સ્વતંત્ર રીતે જગત્નું કર્તૃ છે તેથી

ક્રીડામાં એ ગૌણ બને નહિ. આમ બ્રહ્મ નહિ પણ ક્રીડા કરનાર બીજું કાંઈક છે એવી કલ્પના તે અસંભાવના. બ્રહ્મ આનંદમય સ્વરૂપે નહિ પણ બીજા કોઈક રૂપે ક્રીડા કરે છે અને ભક્તને માત્ર આનંદનો આભાસ થાય છે એવી કલ્પના તે વિપરીત ભાવના.

૧૨. **अवधार्यते** - અહીં સુધી વિઠ્ઠલનાથજીનું લખાણ છે. આ પરોક્ષવાદનું વ્યાખ્યાન છે એમ પુરુષોત્તમજી કહે છે.

૧૩. **एकदेशनिर्देशेन तदर्थलक्षणया प्राचुर्यः** - પાણિનિનું સૂત્ર છે तत्प्रकृतवचने मयट् । અહીં मयट् પ્રત્યય પ્રાચુર્યથી પ્રસ્તુત એવો અર્થ આપે છે. અહીં એકદેશ અર્થાત્ માત્ર પ્રાચુર્યનું કથન છે તેથી અવયવ-અવયવી સંબંધે લક્ષણા લેવાની છે, પ્રાચુર્ય એ અવયવ છે તો પ્રાચુર્યથી જે પ્રસ્તુત છે તે અવયવી છે. હવે मयट् પ્રત્યય પ્રાચુર્યનો અર્થ આપવા ઉપરાંત લક્ષણાથી પ્રાચુર્યવિશિષ્ટ એવા આનંદ પદાર્થનો પણ બોધ કરે છે. આ વિશેષ નામ નથી તેથી લક્ષણા જરૂરી બને છે. ભીમસેન શબ્દમાં ભીમ એટલો જ માત્ર અવયવ લઈએ તો પણ વ્યક્તિનો બોધ થતો હોવાથી લક્ષણાની જરૂર નથી.

૧૪. **प्राचुर्येण प्रस्तुतार्थवाचकत्वात्** - આચાર્યે પહેલાં प्राचुर्यमतति प्राचुर्यात् એવો અર્થ કરીને લક્ષણાથી સમજવાનું કહ્યું પણ એમાં કલ્પના કલેશ હોવાથી અહીં વૈકલ્પિક અર્થ આપ્યો છે. અહીં प्राचुर्यात् પંચમી એક વચન છે. આમ સૂત્રનો અર્થ વધારે સરળ બને છે.

૧૫. **मयड्वैतयोर्भाषायाम्** - ભાષામાં ભક્ષ્ય અને આચ્છાદન સિવાયના શબ્દોમાં मयट् પ્રત્યય વિકાર અથવા અવયવનો અર્થ આપે છે. **द्वयचश्छन्दसि** - વેદમાં જ્યાં બે સ્વરો આવતા હોય તેવા શબ્દોને मयट् પ્રત્યય વિકાર અને અવયવના અર્થમાં લાગે છે. विज्ञान અને आनंद એ શબ્દોમાં બેથી વધારે સ્વર હોવાથી मयट् વિકારના અર્થમાં સમજવાનો નથી.

૧૬. **सर्वविप्लववादिनः** - શંકરાચાર્યનો ઉલ્લેખ છે.

૧૭. **नवमावतार** - બુદ્ધ, પશ્ચાત્કાલીન આચાર્યો શંકરાચાર્યને પ્રચ્છન્નબૌદ્ધ ગણે છે.

૧૮. **उपपादनीयं च संदिग्धम्** - આખા પ્રપાઠકને મંત્રના વ્યાખ્યાનરૂપે ગણવા પાછળ શું પ્રમાણ છે તે અહીં કહેલું છે. ब्रह्मविदाप्नोति परम् માં पर શબ્દ છે, જે બીજી વિભક્તિમાં છે. "सह ब्रह्मणा विपश्चिता માં બ્રહ્મ શબ્દ છે તે ત્રીજી વિભક્તિમાં છે. આમ શબ્દો જુદા છે અને વિભક્તિઓ પણ જુદી છે. આમ સામાનાધિકરણ્ય વિશે સંદેહ છે. વળી વાક્યમાં पर ને ફલ કહ્યું છે તો મંત્રમાં કામ ભોગને ફલ કહ્યા છે. વળી મંત્રમાં सह ब्रह्मणा એ શબ્દો બ્રહ્મનું ગૌણત્વ બતાવે છે. આમ હોવાથી આખો પ્રપાઠક મંત્રના વ્યાખ્યાનરૂપે છે.

૧૯. **लोके ह्यन्तर्भूतं बहिर्वेष्टितं च** - આનંદમયના શિર, હાથ આદિનું વર્ણન

એની પુરુષાકારતા દર્શાવવા માટે છે. આ પુરુષાકારતા સ્તુતિ માટે છે. આનંદમય પુરુષાકાર છે એટલે અન્નમય વગેરે પણ પુરુષાકાર છે; કારણ કે જો આનંદમય પુરુષાકાર ન હોય તો અન્નમય વગેરે પણ તેવા ન હોય. પ્રતિમા બનાવતી વખતે બીબું બનાવીને તેમાં ધાતુ ભરવામાં આવે છે અને તેનો આકાર બીબાં જેવો જ થાય છે. તે જ રીતે શરીર પર પહેરેલાં સીવેલાં કપડાં પણ શરીરના આકારના જ હોય છે. તે જ રીતે બધાનું પુરુષવિધત્વ સમજવાનું છે.

૨૦. **अथर्वाङ्गिरसे ब्रह्मकर्मत्वात् प्रतिष्ठा** - યજ્ઞોમાં ચાર ઋત્વિજો હોય છે - હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા. એમાં બ્રહ્મા અથર્વવેદના છે, વળી તે અધિષ્ઠાતા તરીકે બધાનું ધ્યાન રાખે છે. આમ અથર્વવેદ મનોમયની પ્રતિષ્ઠારૂપ છે.

૨૧. **तादृशस्य ततोऽर्वाक् संसृत्यभावात्** - વિજ્ઞાનમયની ચર્ચા કરતાં કહ્યું છે કે મહર્લોક અધોભાગે છે. અહીં અધોભાગ પ્રતિષ્ઠાસૂચક છે. એની નીચે ભૂ:, भुवः અને स्वः લોક છે. આ ત્રણમાં સંસાર હોય છે, તો महर्लोक માં સંસાર હોતો નથી. આમ વિજ્ઞાનમયની ઉપાસના કરનારને સંસારનો અભાવ હોય છે.

૨૨. **श्लोकौ** - असन्नेव स भवति... વગેરે અને असद्वा इदमग्र आसीत् વગેરે.

૨૩. **अपरौ तु श्लोकौ** - भीषास्माद्वातः पवते વગેરે અને यतो वाचो निवर्तन्ते વગેરે.

૨૪. **वाक्यान्यथानुपपत्त्या** - तस्य प्रियमेव शिरः એવું વાક્ય અવયવવાચક છે, અને તે બીજી કોઈ રીતે સમજાવી શકાય એમ નથી. આથી આત્મપદાર્થને ગૌણ ગણવો જોઈએ. આનંદ સુખાત્મક હોવાથી સત્ત્વનો ધર્મ છે એટલે સત્ત્વપરિણામરૂપ પ્રકૃતિને કાર્યભૂત ગણીને આનંદમય માનવી જોઈએ.

૨૫. **अतोनुमानपर्यन्तमर्थमबोधयद्वाक्यं न तिष्ठति ।** - વાક્યના શ્રવણ પછી આવું અનુમાન કરવામાં આવે કે आनंदमयपदोक्तः **अर्थः सत्त्वपरिणामः आनंदविकारित्वात् लौकिकसुखवत्** । પણ આવું અનુમાન કરવામાં આવે ત્યાં સુધીમાં તો सोऽकामयत એવું વાક્ય સાંભળતાં આનંદમય ચેતન છે એવું નક્કી થાય. ગોપેશ્વરજી કહે છે કે કામવાક્યથી ઉપરના અનુમાનથી સાચું અનુમાન થાય છે - आनंदमयपदोक्तार्थः न सत्त्वपरिणामः कामात् यन्नैवं तन्नैवं यथा प्रकृतिः । સાદી ભાષામાં કહીએ તો વાક્ય અનુમાન સુધી પહોંચતું જ નથી.

૨૬. **ये पुतरधिकरणभंगं कुर्वन्ति** - શાંકરવ્યાખ્યાનનો વિરોધ કર્યો છે.

'अथ य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात्सर्व एव सुवर्णस्तस्य तथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति नाम स एष सर्वेभ्यः पाप्मभ्य उदित उदेति ह वै सर्वेभ्यः पाप्मभ्यो य एवं वेदेत्यधिदैवतमथाध्यात्ममथ य एषोऽन्तरक्षिणि पुरुषो दृश्यते' इत्यादि । तत्र संशयः । किमधिष्ठातृदेवताशरीरं, आहोस्वित् परब्रह्मेति । ब्रह्मणो वा शरीरमिति । तदर्थमिदं विचार्यते । हिरण्मयशब्दः सुवर्णविकारवाची आहोस्वित् प्रकाशसाम्येनानन्दवाचीति । 'ब्रह्मविदाप्नोति पर'मित्युपक्रम्य आनन्दमयस्य फलत्वमुक्त्वा

द्वितीयोपाख्याने 'स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः स य एवंविदि'ति साधनस्यानन्दमयमात्मानमुपसंक्रम्ये'ति फलं श्रुतम् । तत्र सवितरि विद्यमानस्याब्रह्मत्वे फलं नोपपद्यत इति विचारारम्भः ।

तत्र हिरण्मयशब्दो विकारवाची । केशनखादयश्चोच्यन्ते शरीरधर्माः । 'मृता वा एषा त्वगमेध्या यत् केशश्मश्रू इति शरीरमन्तरा नोपपधते । परिच्छेदश्च । आधिदैविकादिवचनञ्च बाधकम् । अतः सर्वथा तच्छरीरमिति तु मन्तव्यं, चाक्षुषत्वाच्च । इन्द्रियवत्त्वञ्च श्रूयते । 'यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्ये'ति । कपेरासः आसनं, आरक्तं तस्यासनं भवतीति । असभ्यतुल्यता च । अतो देहेन्द्रिययोर्विद्यमानत्वात् जीवः कश्चिदधिकारी सूर्यमण्डलस्थ इति गम्यते । फलं तत्सायुज्यद्वारेति ।

अथोच्येत 'एष सर्वेभ्यः पाप्मभ्य उदित' इति अपहतपाप्मत्वादिधर्मश्रवणात् पूर्वदोषस्यापि विद्यमानत्वाद् ब्रह्मण एव केनचिन्निमित्तेन शरीरपरिग्रह इति । तस्य च शरीरस्य कर्मजन्यत्वाभावादपहतपाप्मत्वादि सङ्गच्छते । सुवर्णशरीरत्वमप्यलौकिकत्वाद् ब्रह्मण एव सङ्गच्छते । शरीरवदिन्द्रियस्यापि परिग्रहः । वर्णमात्रपरिग्रहान्नासभ्यता । स्थावरापेक्षया जङ्गमस्योत्कृष्टत्वात् स्थावरावयवोपमानव-ज्जङ्गमावयवोपमानं स्थावरस्यापीति सर्वब्रह्मभावाय श्रुत्युक्तत्वाच्च । तस्माद् ब्रह्मण एवेदं शरीरं इत्येवं प्राप्त उच्यते ।

अन्तस्तद्धर्मोपदेशात् ।।१९।। (१-१-६)

अन्तर्दृश्यमानः परमात्मैव । कुतः ? तद्धर्मोपदेशात् । तस्य ब्रह्मणो धर्मा उदित्यादि-धर्मा उपदिश्यन्ते । 'स एष सर्वेभ्यः पाप्मभ्य उदित' इति । अयमाशयः । ब्रह्म कारणं जगत् कार्यमिति स्थितं, तत्र कार्यधर्मा यथा कारणे न गच्छन्ति तथा कारणासाधारणधर्मा अपि कार्ये । तत्रापहतपाप्मत्वादयः कारणधर्मास्ते यत्र भवन्ति तद्ब्रह्मेत्येववावगन्तव्यं बलिष्ठत्वात् कारणधर्मस्य । नामतुल्यतामात्रमुभयेषामपि धर्माणाम् । ते श्रुत्यैकसमधिगम्या ब्रह्मणि । लोके प्रमाणान्तरमपि प्रवर्तते । अतः सर्वरसादयो ब्रह्मनिष्ठा एव धर्माः । स्थूलत्वादयस्तु ये ब्रह्मणि निषिध्यन्ते अस्थूलादिवाक्येषु ते कार्यधर्माः । 'अणोरणीया'नित्यादिषु कारणधर्मा एव, अत एकोऽप्यसाधारणो धर्मो विद्यमानः शिष्टान् सन्दिग्धानपि ब्रह्मधर्मानेव गमयति । इममेव श्रुत्यभिप्रायमङ्गीकृत्य सर्वत्र ब्रह्मवाक्यनिर्णयमाह सूत्रकारः । तथा च श्रुत्यतिरिक्तस्थले तथैवावगन्तव्यं, 'अनन्त'मित्यनन्तमूर्तिता च ब्रह्मणः प्रतिज्ञाता । अन्यथा 'गृहायां निहितमि'ति विरुध्येत । तस्मात्साकारं तादृशमेव ब्रह्म ।

ब्रह्मणः शरीरमिति तु सर्वथा असम्भवम् । सर्वकर्तुब्रह्मणः का वा अनुपपत्तिः स्याद् येन तस्यापि शरीरं कल्पयेत् ? किन्तु लीलया व्यामोहनार्थमन्यथा भासयेन्नटवत् । तस्माद्वेदातिरिक्तेऽप्युपपत्तिपूर्वकं यत्र ब्रह्मधर्मस्तद्ब्रह्मेति मन्तव्यम् । ब्रह्म तु वेदैकसमधिगम्यं यादृशं वेदे प्रतिपाद्यते तादृशमेवेत्यसकृदवोचाम । प्रकृतेपि 'हिरण्मय' इत्यत्र यकार-लोपश्छान्दसः । अतो न द्वयचू, हिरण्यशब्द आनन्दवाची, लोकेपि तस्यानन्दसाधक-त्वात् । अतः केशादयोपि सर्वे आनन्दमया एव । तादृशमेव ब्रह्मस्वरूपमिति मन्तव्यम् । अत एव 'ध्येयः सदा सवितृमण्डलमध्यवर्ती नारायणः सरसिजासनसन्निविष्टः केयूरवान्

मकरकुण्डलवान् किरीटी हारी हिरण्मयवपुर्धृतशङ्खचक्र' इत्यत्रापि वपुः स्वरूपम् । 'माया ह्येषा मया सृष्टा' इत्यादिभगवद्वाक्यं भगवान्मायया भगवन्तमान्यथा पश्यतीत्याह न तु भगवानेव मायिक इति । शरीरे सति जीवत्वमेवेति निश्चयः । अतो ब्रह्मधर्मोपदेशात् सूर्यमण्डलस्थः परमात्मैव ।।१९।।

भेदव्यपदेशाच्चान्यः ।।२०।।

इतोपि सूर्यमण्डलस्थः परमात्मा । भेदव्यपदेशात् । 'य आदित्ये तिष्ठन्नादित्यादन्तरो यमादित्यो न वेद यस्यादित्यः शरीरं य आदित्यमन्तरो यमयत्येष त त्मान्तर्याम्यमृत' इतिश्रुत्यन्तरे आधिदैविकं सूर्यमण्डलाभिमानिभ्यां भेदेन निर्दिष्टम् । यद्यपि तत्राकारो न श्रूयते तथापि हिरण्मयवाक्येनैकवाक्यत्वात्सर्वत्र साकारमेव ब्रह्मेति मन्तव्यम् ।

अन्तर्यामिब्राह्मणे चत्वारोऽर्था उच्यन्ते । सर्वत्र तिष्ठन् तद्धर्मैर्न सम्बध्यत । सर्वमुक्तिपरिहाराय स्वधर्मैस्तन्न बध्यते । स्वलीलासिद्ध्यर्थं तच्छरीरमिति । तस्य नियमनन्तदर्थमिति । चकाराद्धर्मा उच्यन्ते । तस्मात् सर्वविलक्षणत्वादन्य एव । नाभिमानी । उपचारव्यावृत्त्यर्थमन्यपदेनोपसंहारः । ब्रह्मत्वे सिद्धे ज्ञानं वा उपासना वेति नास्मत्सिद्धान्ते कश्चन विशेषः । कारणे कार्यधर्मारोपस्त्वयुक्त एव । कार्ये पुनः कारणधर्माधिकरणत्वेनोपासना अभेदात् फलायेति सर्वत्र व्यवस्थितिः ।।२०।।

इति अन्तस्तद्धर्माधिकरणम् ।।

અધિકરણ - ૬

અન્તસ્તદ્ધર્માધિકરણ

સૂત્ર ૧.૧.૧૯-૨૦

સૂત્ર-૧૯ : ''હવે આદિત્યની અંદર જે હિરણ્મય પુરુષ દેખાય છે, તે સુવર્ણની દાઢી અને સુવર્ણના કેશવાળો, નખનાં ટેરવાં સુધી આખો સુવર્ણમય છે. વાનરના પૃષ્ઠભાગ જેવું કમળ જેવું છે તેવી તેની આંખો છે. ઉત્ એવું તેનું નામ છે. તે આ બધાં પાપથી ઉપર છે. તે ખરેખર બધાં પાપથી ઉપર જાય છે તે આમ જાણે છે. આ અધિદૈવત છે.'' (છા. ૧.૬.૭-૮) ''હવે અધ્યાત્મ'' (છા. ૧.૭.૧) ''હવે જે પુરુષ આંખની અંદર દેખાય છે.'' (છા. ૧.૭.૫) વગેરે. ત્યાં સંશય છે. શું આ અધિષ્ઠાતા એવા દેવતાનું શરીર છે ? કે પરબ્રહ્મ છે ? કે બ્રહ્મનું શરીર છે ? તે માટે વિચારવામાં આવે છે. હિરણ્મય શબ્દ સુવર્ણના વિકારનો વાચક છે કે પછી પ્રકાશની સમાનતાથી આનંદનો વાચક છે. ''બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે'' (તૈ. ૨.૧) એમ ઉપક્રમ કરીને આનંદમયને ફલ તરીકે કહીને બીજા ઉપાખ્યાનમાં ''આ જે પુરુષમાં છે, જે આ આદિત્યમાં છે તે એક છે; જે આ પ્રમાણે જાણે છે'' (તૈ. ૩.૧૦) એમ સાધન (જણાવીને) ''આનંદમય આત્માની પાસે જઈને'' (તૈ. ૩.૧૦) એમ ફલનું શ્રવણ છે. ત્યાં સવિતામાં વિદ્યમાન બ્રહ્મ ન હોય તો ફલ બંધબેસતું નથી એટલે વિચારનો આરંભ છે.

(પૂર્વપક્ષ) તેમાં હિરણ્મય શબ્દ વિકારનો વાચક છે. કેશ, નખ વગેરે શરીરના ધર્મો કહેવાય છે. ''કેશ અને નખ મૃત અમેધ્ય ત્વચા છે'' (તૈ.સં. ૬.૧.૧) અનુસાર શરીર વિના (કેશ નખ) બંધબેસતા નથી. પરિચ્છેદ (આદિત્યની અંદર હોવાથી આવતી મર્યાદા) અને આધિદૈવિક આદિ વચન (બ્રહ્મત્વનું) બાધક છે. તેથી બધી રીતે તે શરીર છે એમ માનવું જોઈએ કારણ કે એ ચાક્ષુષ છે. એ ઇન્દ્રિયવાળું છે એમ શ્રવણ થાય છે - ''વાનરના પૃષ્ઠભાગ જેવું કમળ જેવું છે તેવી એની આંખો છે'' એમ કહ્યું છે. વાનર-કપિનું આસ એટલે આસન. તેનું આસન લાલ હોય છે. ઉપરાંત આ સરખામણી અસભ્ય છે. એટલે દેહ અને ઇન્દ્રિયો હોવાથી સૂર્યમંડલમાં રહેલો કોઈ અધિકારી જીવ છે એમ લાગે છે. તેનું ફલ તેના સાયુજ્ય દ્વારા છે.

(બ્રહ્મનું શરીર છે એ મત આપતાં પૂર્વપક્ષી કહે છે) હવે એમ કોઈ કહે કે (હિરણ્મય પુરુષ બ્રહ્મ છે) કારણ કે ''તે બધા પાપોથી ઉપર છે'' એમ પાપને દૂર કરવારૂપી ધર્મનું શ્રવણ છે તો આગલો દોષ પણ હોવાથી બ્રહ્મ જ કોઈક નિમિત્તે શરીરનું ગ્રહણ કરે છે (એમ અમારો મત છે). તે શરીર કર્મથી ઉત્પન્ન ન થતું હોવાથી પાપોને દૂર કરવાં વગેરે બંધબેસતું થાય છે. અલૌકિક હોવાથી બ્રહ્મનું સુવર્ણ શરીર હોય એ પણ ઘટાવી શકાય છે. શરીરની માફક ઇન્દ્રિયનો પણ પરિગ્રહ છે. (કપ્યાસ વગેરેમાં) વર્ણમાત્રનું ગ્રહણ હોવાથી અસભ્યતા નથી. સ્થાવરની અપેક્ષાએ જંગમ ઉત્કૃષ્ટ છે એટલે [1]સ્થાવર અવયવનું જંગમ ઉપમાન બને તેમ જંગમ અવયવનું સ્થાવર પણ ઉપમાન બને એમ સર્વનો બ્રહ્મભાવ સિદ્ધ થાય છે; વળી શ્રુતિમાં પણ કહ્યું છે. વળી બ્રહ્મનું જ આ શરીર છે એમ પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે -

અંદર (દેખાતા પરમાત્મા છે) કારણ કે તેના ધર્મોનો ઉપદેશ છે. (૧.૧.૧૯)

અંદર દેખાતો પુરુષ પરમાત્મા જ છે. શાથી ? તેના ધર્મોનો ઉપદેશ હોવાથી. ''તે બધાં પાપોની ઉપર છે'' (છા. ૧.૬.૭) એમ બ્રહ્મના ઉદિતિ આદિ ધર્મોનો ઉપદેશ કરેલો છે. આશય આ છે. બ્રહ્મ કારણ અને જગત્ કાર્ય એમ નિશ્ચિત છે. તેમાં જેમ કાર્યના ધર્મો કારણમાં પ્રાપ્ત થતા નથી તેમ કારણના અસાધારણ ધર્મો પણ કાર્યમાં પ્રાપ્ત થતા નથી. એમાં પાપને દૂર કરવાં વગેરે કારણના ધર્મો જેમાં છે તે બ્રહ્મ છે એમ જ સમજવાનું છે, કારણ કે કારણના ધર્મો બળવાન છે. બંનેના ધર્મોમાં નામમાત્રની સમાનતા[2] છે. બ્રહ્મમાં આ ધર્મો શ્રુતિથી જ સમજાય છે, (પણ) બીજાં પ્રમાણો પણ ઉપયોગી થાય છે, આથી સર્વરસ વગેરે ધર્મો બ્રહ્મમાં જ છે. अस्थूल (બૃ. ૩.૮.૮) આદિ વાક્યોમાં બ્રહ્મમાં જે સ્થૂલત્વ વગેરેનો નિષેધ છે તે કાર્યધર્મો છે. ''અણુથી પણ વધારે અણુ'' (કઠ. ૨.૨૦) આદિમાં કારણના ધર્મો જ છે. આમ હોવાથી જો એક પણ અસાધારણ ધર્મ વિદ્યમાન હોય તો તે

બાકીના સંદિગ્ધ ધર્મો બ્રહ્મના જ છે એમ દર્શાવે છે. શ્રુતિનો આ જ અભિપ્રાય સ્વીકારીને સૂત્રકારે બધે બ્રહ્મવિષયક વાક્યોનો નિર્ણય કહ્યો છે. અને શ્રુતિ સિવાયનાં સ્થળોએ પણ એમ જ સમજવાનું છે. અનન્ત શબ્દથી બ્રહ્મની અનંતમૂર્તિતાની પ્રતિજ્ઞા કરેલી છે. નહિ તો ''ગુહામાં સ્થાપેલું'' એનો વિરોધ આવે.[3] માટે તેવું સાકાર બ્રહ્મ જ છે.

(પૂર્વપક્ષીના બીજા મતનો ઉત્તર આપતાં કહે છે) બ્રહ્મનું શરીર માનવું તો બધી રીતે અસંગત છે. સર્વના કર્તા બ્રહ્મને એવી કઈ મુશ્કેલી આવી કે પોતાના પણ શરીરની કલ્પના કરે ? પણ નટની માફક લીલાથી વ્યામોહને માટે જુદી રીતે દેખાય છે. માટે વેદથી જુદાં સ્થળોએ પણ યુક્તિ અનુસાર જ્યાં બ્રહ્મનો ધર્મ છે તે બ્રહ્મ છે એમ માનવું જોઈએ. બ્રહ્મ તો વેદથી જ સમજાય છે એટલે વેદમાં જેવું પ્રતિપાદન થાય છે તેવું જ છે એમ અમે વારંવાર કહ્યું છે. અહીં પણ હિરણ્મય શબ્દમાં ય નો લોપ છાન્દસ છે એટલે બે સ્વરો નથી[4] હિરણ્ય શબ્દ આનંદનો વાચક છે, કારણ કે લોકમાં પણ તે આનંદનું સાધક છે. એટલે કેશ વગેરે પણ બધા આનંદમય જ છે. બ્રહ્મનું સ્વરૂપ એવું જ છે એમ માનવું જોઈએ. આથી જ (કહ્યું છે) ''સવિતાના મંડલની મધ્યમાં રહેલા, કમળના આસન પર બેઠેલા, બાજુબંધવાળા, મકરકુંડલવાળા, કિરીટ અને હાર ધારણ કરનાર, સુવર્ણમય વપુવાળા, શંખ અને ચક્ર ધારણ કરનાર નારાયણનું સદા ધ્યાન ધરવું જોઈએ.'' (આ.હ. ૫૫) અહીં પણ વપુ સ્વરૂપના અર્થમાં છે. ''આ માયા ખરેખર મેં સર્જી છે'' (મ.ભા. ૧૨.૩૩૯.૪૫) એવું ભગવાનનું વાક્ય બતાવે છે કે ભગવાનની માયાથી ભગવાનને બીજી રીતે જુએ છે, નહિ કે ભગવાન જ માયિક છે. શરીર હોય તો જીવ જ બને એ નક્કી છે. આમ બ્રહ્મધર્મના ઉપદેશથી સૂર્યમંડળમાં રહેલા પરમાત્મા જ છે.

સૂત્ર-૨૦ : ભેદ કહ્યો હોવાથી અન્ય છે. (૧.૧.૨૦)

આથી પણ સૂર્યમંડલમાં રહેલો પરમાત્મા છે; કારણ કે ભેદ કહ્યો છે. ''જે આદિત્યમાં રહેતો, આદિત્યની અંદર છે, જેને આદિત્ય જાણતો નથી, આદિત્ય જેનું શરીર છે, જે આદિત્યનું અંદરથી નિયમન કરે છે, આ તે તારો અન્તર્યામી, અમૃત આત્મા છે.'' (બૃ. ૩.૭.૯) આમ બીજી શ્રુતિમાં આધિદૈવિકને સૂર્યમંડલ અને અભિમાનીથી જુદું કહ્યું છે. જો કે એમાં આકારનું શ્રવણ નથી, છતાં હિરણ્મય વાક્યની એકવાક્યતાને લીધે બ્રહ્મ સાકાર છે એમ જ માનવું જોઈએ.

અંતર્યામિ બ્રાહ્મણ (બૃ. ૩.૭)માં ચાર અર્થો[5] કહ્યા છે. સર્વત્ર હોવા છતાં તેના ધર્મોથી જોડાતો નથી. બધાની મુક્તિના પરિહાર માટે પોતાના ધર્મોથી એ બંધાતો નથી. પોતાની લીલા સિદ્ધ કરવા માટે તેનું શરીર છે. તેને માટે તેનું નિયમન છે. च થી તેના ધર્મો કહેવાય છે. સર્વથી જુદો હોવાથી એ અભિમાની નથી પણ અન્ય જ છે. ઉપચાર દૂર કરવા માટે[6] अन्य શબ્દથી ઉપસંહાર કરેલો છે. બ્રહ્મત્વ

સિદ્ધ થતાં જ્ઞાન હોય કે ઉપાસના હોય તેથી અમારા સિદ્ધાન્તમાં કોઈ ફેર પડતો નથી. કારણમાં કાર્યના ધર્મોનો આરોપ તો અયોગ્ય જ છે પણ કાર્યમાં કારણના ધર્મોનો આરોપ કરીને ઉપાસના કરવાથી અભેદને લીધે ફલ પ્રાપ્ત થાય છે એવી સર્વત્ર વ્યવસ્થા છે.

ટિપ્પણ

૧. **स्थावरापेक्षया जङ्गमस्योत्कृष्टत्वात्** - સ્થાવર તે પુંડરીક અને જંગમ તે કપ્યાસ. આમ જંગમ સ્થાવર અવયવનું ઉપમાન બને છે. બીજું સ્થાવર તે પુંડરીક, જંગમ તે ચક્ષુનું ઉપમાન બને. બ્રહ્મ સ્થાવર અને જંગમ બંને સ્વરૂપી છે એમ આવી ઉપમાથી સિદ્ધ થાય છે.

૨. **नामतुल्यतामात्रमुभयेषां धर्माणाम्** - આગળ કહ્યું કે અપહતપાપ્મત્વ વગેરે બ્રહ્મના અસાધારણ ધર્મો છે. પણ સ્વાધ્યાય અને મુખ્ય પ્રાણના સંદર્ભમાં પણ આ ધર્મો કહ્યા છે તો પછી એને બ્રહ્મના અસાધારણ ધર્મો કઈ રીતે કહેવાય ? એનો જવાબ આ વાક્યમાં છે કે સ્વાધ્યાય આદિમાં જે અપહતપાપ્મત્વ વગેરે કહ્યા છે તે અને આની વચ્ચે નામમાત્રની સમાનતા છે, તત્ત્વતઃ નથી. બંનેમાં અર્થો જુદા છે. સ્વાધ્યાય વગેરેમાં પાપનાશકત્વનો અર્થ છે તો અહીં બધા જ કર્મોના અંજનરાહિત્યનો અર્થ સમજવાનો છે.

૩. **अन्यथा गुहायां निहितमिति विरुध्येत** - બ્રહ્મ સર્વવ્યાપક હોવા છતાં ગુહામાં સ્થાપિત તરીકે વર્ણન છે એ બતાવે છે કે બ્રહ્મની અનંત મૂર્તિઓ છે.

૪. **अतो न द्वयच्** - हिरणमय શબ્દ દાંડિનાયન સૂત્રમાં આવે છે. સૂત્ર આ પ્રમાણે છે - दाण्डिनायनहास्तिनायनाथर्वणिकजैह्माशिनेयवाशिनायनिभ्रौणहत्यधैवत्य-सारवैक्ष्वाकमैत्रेयहिरणमयानि । અહીં हिरणमय શબ્દમાં मयट् પ્રત્યય વિકારનો અર્થ આપે છે; તેમ અહીં પણ વિકારનો અર્થ સમજવાનો છે. એનો જવાબ એવો છે કે મૂળ શબ્દ **हिरण्यमय** છે અને य નો લોપ લૌકિક પ્રક્રિયા અનુસાર છે. પ્રસ્તુત વૈદિક વાક્યમાં य નો લોપ છાન્દસ છે. વળી हिरण्य માં ત્રણ સ્વરો છે એટલે બે સ્વરવાળા શબ્દની માફક વિકારનો અર્થ નથી. आनंदमय ના સંદર્ભમાં આ ચર્ચા ઉપર આવી ગઈ છે.

૫. **अन्तर्यामि ब्राह्मणे चत्वारोऽर्था उच्यन्ते** - અંતર્યામિ બ્રાહ્મણમાં અંતર્યામી જડ અને જીવ બંનેથી ભિન્ન છે એવું પ્રતિપાદન કરેલું છે. य आदित्ये तिष्ठन्नादित्यादन्तरः એમાં જડ મંડલને આધાર તરીકે કહીને ભેદ બતાવ્યો છે. એટલે આધારના ધર્મોથી અન્તર્યામીને સંબંધ નથી. આ પ્રથમ અર્થ છે. આદિત્યની અંદર હોવું એ અભિમાની જીવને પણ છે એટલે તેનાથી ભેદ કહ્યો છે. यमादित्यो न वेद માં અભિમાનીથી અજ્ઞેય છે એમ કહીને તેના ધર્મોથી એ સંબદ્ધ નથી એમ જણાવ્યું છે. જો અભિમાની એને જાણે તો મુક્ત થાય. એટલે બધાની મુક્તિના

પરિહાર માટે કહ્યું છે તે પોતાના અસાધારણ ધર્મોથી અભિમાની વ્યાપ્ત થતો નથી. આ બીજો અર્થ છે. અથવા बध्यते ને क्षीयते, मृग्यति ની માફક કર્તરિ પ્રયોગ ગણીએ તો તે અર્થાત્ અંતર્યામી અભિમાનીને પોતાના ધર્મોથી વ્યાપતો નથી. એમ સમજી શકાય. यस्य आदित्यः शरीरं य आदित्यमन्तरो यमयति દર્શાવે છે કે દિગ્વિભાગ, ધર્મપ્રવૃત્તિ વગેરે પોતાની લીલાની સિદ્ધિ માટે સૂર્યમંડલ શરીર છે. આમ સૂર્યમંડલરૂપી શરીર અધિષ્ઠાન માટે નથી પણ લીલાસિદ્ધિ માટે છે. આ ત્રીજો અર્થ છે. લીલાને માટે એ અંદરથી નિયમન કરે છે એ ચોથો અર્થ છે. આ રીતે ચાર અર્થો સમજાય છે.

૬. **उपचारव्यावृत्त्यर्थमन्यपदेनोपसंहारः** - વાક્યમાં કહેલા ધર્મો ઉપચારથી અભિમાનીને લાગુ પડે છે એમ કોઈ માને તો તેનો જવાબ અહીં છે કે અભિમાનીથી અંતર્યામી જુદો જ - અન્ય જ છે એટલે અહીં ઉપચાર સમજવાનો નથી. જેમ આગલા આનંદમય અધિકરણમાં नेतरोऽनुपपत्तेः વગેરેથી નિષેધમુખે વિચાર કરેલો છે તેમ અહીં अन्य શબ્દથી સૂચવાય છે કે ઉપચારની વ્યાવૃત્તિ દર્શાવેલી છે.

'अस्य लोकस्य का गतिरित्याकाश इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते आकाशं प्रत्यस्तं यन्ति आकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायण'मिति । तत्र संशयः । भूताकाशो ब्रह्म वेति । ननु कथमत्र सन्देहः । आकाशव्योमशब्दाः ब्रह्मण्येव प्रयुज्यन्ते ब्रह्मप्रकरणे । कार्यनिरूपणे तु महाभूतवचनः । यथा 'आकाश आनन्दो न स्यात्' 'परमे व्योमन् प्रतिष्ठिते'त्यादि, 'आत्मनः आकाशः सम्भूत' इति कार्यनिरूपणंम् । अतः प्रकरणादेव सन्दिग्धनिर्णये किमिति सूत्रारम्भः ? जन्मादिलक्षणसूत्रेण चायमर्थो निर्णीतः । अन्यथा ब्रह्मशब्देऽपि सन्देहः स्यात् महाभूतवेदादिवाचकत्वात् । तस्मात्प्रकरणादेव परिज्ञानं भविष्यतीति चेत्, उच्यते । असन्दिग्धे प्रकरणे तथैव निर्णयः । इह पुनः प्रकरणमपि सन्दिग्धं, अतो विचारः ।

अवान्तरविद्यायां पर्यवसितप्रकरणवंदस्यापि प्रकरणस्य भूताकाश एव पयवसानमिति लोकभाष्यन्यायेनाकाशो भौतिक एवेति पूर्वपक्षस्तत्राह-

आकाशस्तल्लिङ्गात् ॥२१॥ (१-१-७)

आकाशः परमात्मैव, कुतः ? तल्लिङ्गात् । श्रुतिलिङ्गादयो नियामकत्वेन पूर्वतंत्रवदिहापि गृह्यन्ते । लिङ्गश्रुतिसामर्थ्यं एकवाक्यता च सर्वासां ब्रह्मश्रुतीनांम् । तत्र ब्रह्मैव जगत्कारणमिति निःसन्दिग्धेषु सिद्धम् । सर्वशब्दवाच्यत्वं ब्रह्मण्येव । तत्र वाक्यार्थापेक्षया पदार्थस्य दुर्बलत्वाद् वाक्यार्थः सर्वगतित्वादिः । तद् वाक्यार्थान्यथानुपपत्त्या आकाशपदार्थो ब्रह्मेति सर्वशब्दवाच्यत्वाच्च । न लक्षणा मुख्यत्वाच्च । यावान्मुख्यब्रह्मपरत्वं सम्भवति तावन्न कस्यापि वेदान्तस्यापरब्रह्मपरत्वमिति मर्यादा । तस्माद् 'यदेष आकाश आनन्दो न स्या'दितिवदत्राप्याकाशो ब्रह्मैवेति सिद्धम् ॥२१॥

इति तल्लिङ्गाधिकरणम् ॥

અધિકરણ - ૭

તલ્લિંગાધિકરણ

સૂત્ર ૧.૧.૨૧

સૂત્ર-૨૧ : ''આ લોકની શી ગતિ છે ? આકાશ એમ કહ્યું. આ બધાં ભૂતો ખરેખર આકાશમાંથી ઉત્પન્ન થાય છે, અને આકાશ પ્રતિ અસ્ત પામે છે. આકાશ જ એનાથી મોટું છે. આકાશ પરાયણ છે.'' (છા. ૧.૯.૧) ત્યાં સંદેહ છે કે આ ભૂતાકાશ છે કે બ્રહ્મ છે ? (શંકા) અહીં સંદેહ કઈ રીતે થાય ? બ્રહ્મ પ્રકરણમાં આકાશ, વ્યોમ વગેરે શબ્દો બ્રહ્મ માટે પ્રયોજાય છે. કાર્યનું નિરૂપણ હોય ત્યાં મહાભૂતના અર્થમાં છે. જેમ કે ''જો આકાશ આનંદ ન હોય તો'' (તૈ. ૨.૭), ''પરમ વ્યોમમાં પ્રતિષ્ઠિત'' (તૈ. ૩.૬) વગેરે (વાક્યોમાં બ્રહ્મની વાત છે) ''આત્મામાંથી આકાશની ઉત્પત્તિ થઈ'' (તૈ. ૨.૧)માં કાર્યનું નિરૂપણ છે. આમ પ્રકરણથી જ સંદિગ્ધ અર્થનો નિર્ણય થતાં સૂત્રનો આરંભ શા માટે કરવામાં આવે છે ? વળી આ અર્થ જન્માદિસૂત્રથી નક્કી થયો છે. નહિ તો બ્રહ્મ શબ્દમાં પણ સંદેહ થાય, કારણ કે એ મહાભૂત, વેદ વગેરેનો વાચક છે. માટે પ્રકરણથી જ નિશ્ચિત જ્ઞાન થશે એમ તમે કહો તો (જવાબ) કહેવાય છે. પ્રકરણ અસંદિગ્ધ હોય તો તેવો જ નિર્ણય થાય છે; અહીં તો પ્રકરણ પણ સંદિગ્ધ છે[૧], એટલે વિચાર કરવામાં આવે છે.

પૂર્વપક્ષ એવો છે કે અવાન્તરવિદ્યામાં પર્યવસાન પામેલા પ્રકરણની માફક[૨] આ પ્રકરણનું પણ ભૂતાકાશમાં જ પર્યવસાન છે. આથી લોકભાષ્યન્યાય[૩]થી ભૌતિક આકાશ સમજવાનું છે. તેમાં (સિદ્ધાન્તી) કહે છે.

આકાશ (પરમાત્મા) છે, કારણ કે તેનું લિંગ છે. (૧.૧.૨૧)

આકાશ પરમાત્મા જ છે. શાથી ? તેનું લિંગ હોવાથી [૪]શ્રુતિલિંગ વગેરેનો પૂર્વતંત્રની માફક અર્થનિયામક તરીકે અહીં પણ સમજવામાં છે. લિંગ એટલે શ્રુતિસામર્થ્ય[૫]. બધી બ્રહ્મવિષયક શ્રુતિઓની એકવાક્યતા છે. તેમાં બ્રહ્મ જ જગતનું કારણ છે એમ નિઃસંદિગ્ધ (વાક્યો)માં સિદ્ધ થયું છે. બ્રહ્મ જ સર્વ શબ્દોથી વાચ્ય છે. તેમાં વાક્યાર્થ કરતાં પદાર્થ દુર્બલ હોવાથી[૬] સર્વગતિત્વ વગેરે વાક્યાર્થ (સ્વીકારવો જોઈએ.) વાકયાર્થ અન્યથા સમજાવી શકાતો ન હોવાથી આકાશ શબ્દનો અર્થ બ્રહ્મ થાય છે. બધા શબ્દોથી બ્રહ્મ વાચ્ય હોવાથી લક્ષણા નથી, કારણ કે બ્રહ્મ મુખ્ય અર્થ છે. જ્યાં સુધી મુખ્ય અર્થ સંભવિત હોય ત્યાં સુધી કોઈ પણ વેદાન્ત અપર બ્રહ્મનો અર્થ ન આપે એવી મર્યાદા છે. એટલે ''જો આ આકાશ ન હોય તો'' (તૈ. ૨.૭) એ વાક્યની માફક આકાશ બ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **इह पुनः प्रकरणमपि संदिग्धम्** - પ્રકરણ કઈ રીતે સંદિગ્ધ છે તે પુરુષોત્તમજી કહે છે. અહીં ઉપક્રમમાં ॐ मित्येकाक्षरमुद्गीथमुपासीत એમ ઉદ્ગીથની ઉપાસના કહેલી

છે. आकाशः परायणम् ની આગળ કહ્યું છે - स एष परोवरीयानुद्गीथः । આમ પરોવરીયરૂપ ઉત્કૃષ્ટ ફલ કહ્યું છે. આ રીતે પ્રકરણ સંદિગ્ધ છે.

૨. **अवान्तरविद्यायां पर्यवसितप्रकरणवत्** - છાન્દોગ્ય ઉપનિષદ્‌ના છઠ્ઠા પ્રપાઠકમાં જાનશ્રુતિ પૌત્રાયણનું ઉપાખ્યાન આવે છે. આ ઉપાખ્યાન સંવર્ગવિદ્યામાં પર્યવસાન પામે છે; તેવી જ રીતે આ પ્રકરણ પણ ભૂતાકાશમાં પર્યવસાન પામે છે.

૩. **लोकभाष्यन्याय** - પૂર્વમીમાંસાના જિજ્ઞાસાધિકરણ પરના શાબરભાષ્યમાં આ ન્યાય કહેલો છે. લોકવ્યવહારમાં જે શબ્દ જે અર્થમાં પ્રયોજાયેલો હોય તે જ અર્થમાં વેદમાં પણ સમજવાનો છે.

૪. **श्रुतिलिङ्गादयः** - જૈમિનિનું સૂત્ર છે - श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां समवाये पारदौर्बल्यमर्थविप्रकर्षात् ॥

૫. **लिङ्गं श्रुतिसामर्थ्यम्** - બીજાની અપેક્ષા રાખ્યા વગર અર્થનો બોધ કરાવવાની શબ્દની શક્તિ તે લિંગ.

૬. **वाक्यार्थापेक्षया पदार्थस्य दुर्बलत्वात्** - વાક્યનો અર્થ એટલે તાત્પર્ય કોઈ પણ એક શબ્દના અર્થ કરતાં બલવાન છે.

'प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ते'त्युपक्रम्य श्रूयते । 'कतमा सा देवतेति प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते सैषा देवता प्रस्तावमन्वायत्ते'ति । तत्र संशयः, प्राण आसन्यो ब्रह्म वेति । पूर्वपक्षसिद्धान्तौ पूर्ववदेवेत्यतिदिशति ।

अत एव प्राणः ॥२२॥ (१-१-८)

नन्वधिकरणानां न्यायरुपत्वात् सर्वत्र गमिष्यति किमित्यतिदिश्यत इति । उच्यते । पाणास्य मुख्यस्यापि सर्वभूतसंवेशनं स्वापादौ श्रुतावेवोपपाधते । 'यदा वै पुरुषः स्वपिति प्राणं तर्हि वागप्येती'त्यादिना । तत्र यथा प्राणाविद्याया न ब्रह्मपरत्वमेवमेवास्यापि न ब्रह्मपरत्वमिति न न्यायेन प्राप्नोति । अतोतिदिशति । अनेन चायमतिरिक्तो न्याय आपादितः । यत्रैव प्रकरणे ब्रह्मपरत्वे कल्प्यमाने न किञ्चिद्बाधकं तत्रैव ब्रह्मपरत्वं कल्पनीयमिति । न त्वन्यस्मिन् सम्भवे तत्परत्वमिति । अत एव तल्लिङ्गात् प्राणशब्दवाच्यं ब्रह्मेति ॥२२॥

इति प्राणाधिकरणम् ॥

અધિકરણ - ૮

પ્રાણાધિકરણ

સૂત્ર ૧.૧.૨૨

સૂત્ર-૨૨ : ''હે પ્રસ્તોતા, જે દેવતા પ્રસ્તાવ સાથે જોડાયેલા છે'' (છા. ૧.૧૧.૪) એમ ઉપક્રમ કરીને શ્રુતિ છે ''તે ક્યા દેવતા ? પ્રાણ એમ કહ્યું. આ બધાં ભૂતો પ્રાણમાં જ પ્રવેશે છે, પ્રાણમાંથી ઉત્પન્ન થાય છે. તે આ દેવતા પ્રસ્તાવ

સાથે જોડાયા છે.'' (છા. ૧.૧૧.૫) ત્યાં સંદેહ છે. આસન્ય પ્રાણ છે કે બ્રહ્મ છે ? પૂર્વપક્ષ અને સિદ્ધાન્ત આગલા જેવા હોવાથી અતિદેશ કરે છે -

તેથી જ પ્રાણ (પરમાત્મા) છે. (૧.૧.૨૨).

(શંકા) અધિકરણો ન્યાયરૂપ હોવાથી એની ગતિ સર્વત્ર છે તો શાથી અતિદેશ કરાય છે ? (જવાબ) કહેવાય છે. સુષુપ્તિ વગેરેમાં મુખ્ય પ્રાણમાં બધાં ભૂતોનો પ્રવેશ શ્રુતિમાં જ પ્રતિપાદિત કરેલો છે. ''જ્યારે ખરેખર પુરુષ સૂવે છે ત્યારે વાણી પ્રાણમાં લય પામે છે.'' વગેરે વાક્યો છે. (શ.બ્રા. ૧૦.૩.૩.૬) ત્યાં જેમ પ્રાણવિદ્યા બ્રહ્મપરક નથી, તેમ અહીં પણ બ્રહ્મપરક નથી એટલે પૂર્વન્યાય પ્રાપ્ત થતો નથી. જે પ્રકરણને બ્રહ્મપરક ગણવામાં કાંઈ બાધક ન હોય ત્યાં જ બ્રહ્મપરત્વ ગણવાનું છે, બીજા અર્થનો સંભવ હોય ત્યાં નહિ. એટલે તેના લિંગને લીધે બ્રહ્મ પ્રાણ શબ્દથી વાચ્ય છે.

ज्योतिश्चरणाभिधानात् ।२३। (१-१-९)

इदमामनन्ति । 'अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते, विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेषु इदन्तावद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योति'रिति ।

तत्र ज्योतिःशब्देन प्राकृतं ज्योतिराहोस्विद् ब्रह्मैवति संशयः । अत्रासाधारणब्रह्मधर्माभावात् पूर्वपक्षः ।

सिद्धान्ते तु चरणस्य ब्रह्मधर्मत्वमिति । 'एतावानस्य महिमाऽतो ज्यायांश्च पुरुषः पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतन्दिवी'ति पूर्ववाक्यम् । 'गायत्री वा इदं सर्वभूतं यदिदं किञ्चे'ति गायत्र्याख्यब्रह्मविधां वक्तुं तस्याः पादचतुष्टयं प्रतिपाध ब्रह्मणश्चतुष्पात्त्वमुक्तम् । पुरुषसूक्तेऽपि आश्रमचतुष्टयस्था जीवाः पादत्वेनोक्ताः । तथा प्रणवब्रह्मविद्यायामपि अकारोकरमकारनादवाच्याश्चत्वारः पादा विश्वतैजसप्राज्ञतुरीया उक्ताः । 'तद्विष्णोः परमं पद' मिति च, 'ब्रह्मपुच्छ'मिति च । सत्यकामब्राह्मणे तु स्पष्टा एव ब्रह्मणश्चत्वारः पादा निरूपिताः । अतः सच्चिदानन्दरूपस्य प्रत्येकसमुदायाभ्यां चतूरूपत्वम् । तत्र केवलानां कार्यत्वमेव । चतुर्थपादस्य तु ब्रह्मत्वम् ।

तत्रापि पड्विधत्वप्रतिज्ञानाद् भूतपृथिवीशरीराणां परिचायकत्वेन पड्विधत्वमनिरूप्य हृदयस्य पड्विधत्वं निरूपयन् 'तस्य ह वा एतस्ये' त्यादिना पञ्च देवपुरुषान्निरूप्य तेपां द्वारापालत्वज्ञानानन्तरं 'अथ यदतः परो ज्योतिर्दीप्यते' इति चतुर्थपादस्य षष्ठविधत्वप्रतिपादनात् । ततश्चतुर्थपादे पञ्च पुरुपास्ततः परो दिवो ज्योतिः पष्ठस्तस्यैव सर्वत्र दीप्यमानत्वं निरूप्य तदेवान्तःपुरुषे उपसंहरति, । तस्मात् पूर्व 'त्रिपादस्यामृतं दिवी'त्युक्तत्वादस्य त्रिपातूसंम्बन्धि अमृतमुपरितनलोकेष्विति । अतोऽत्र चतुर्थः प्रादो निरूप्यत इति सिद्धम् । अतः पादानां ब्रह्मधर्मपरत्वात् ज्योतिपो ब्रह्मत्वमिति ।

ब्रह्मधर्मनिर्णयार्थमिदमधिकरणं चरणानामौपचारिकत्वव्यावृत्त्यर्थम् ॥ एतन्निर्णयेन प्रणवादिविद्या निर्णीता वेदितव्याः ॥२३॥

छन्दोभिधानान्नेति चेन्न तथा चेतोर्पणनिगदात्तथा हि दर्शनम् ।।२४।।

ननु नात्र ब्रह्म चतुष्पात् निरूपितं किन्तु गायत्री छन्दः । 'गायत्री वा इदं सर्व भूतं यदिदं किञ्चे'त्युपक्रम्य तामेव भूतपृथिवीशरीरहृदयभेदैर्व्याख्याय 'सैषा चतुष्पदा षड्विधा गायत्री तदेतदृचाभ्युक्तं तावानस्य महिमे'ति । तस्यामेव व्याख्यानरूपायां गायत्र्यामुदाहृतो मंत्रः कथमकस्माद् ब्रह्म चतुष्पादभिदध्यात् । यद्वैतद्ब्रह्मेति ब्रह्मपदमपि छन्दसः प्रकृतत्वात् तत्परमेवावगन्तव्यम् । शब्दस्यापि ब्रह्मवाचकत्वसिद्धेः ब्रह्मोपनिषदितिवत् शब्दब्रह्मेति च । तस्मात् छन्दस एव पादाभिधानात् न ब्रह्मधर्माः पादा इति चेत्, नैष दोषः । तथा चेतोऽर्पणनिगदात् । तथा तेन द्वारेण चेतसोर्पणं निगधते । 'गायत्री वा इदं सर्व यदिदं किञ्चे'ति । न हि वर्णसमाम्नायरूपस्य सर्वत्वमनुपचारेण सम्भवति । यथा सूचीद्वारा सूत्रप्रवेशस्तथा गायत्रीद्वारा बुद्धिस्तत्प्रतिपाधे ब्रह्मणि प्रविशेदिति, कुत एतदेवं प्रतिपाद्यत इति तत्राह तथा हि दर्शनम् । तथा तेनैव प्रकारेण दर्शनं ज्ञानं भवति । स्थूला बुद्धिर्नाहत्यैव ब्रह्मणि प्रविशेदिति । एतेन सर्वा मंत्रोपासना व्याख्याताः । हि युक्तश्चायमर्थो लोके स्वतो यन्न प्रविशति तदुपायेन विशतीति । न त्वदृष्टद्वारा । दृष्टे सम्भवत्यदृष्टकल्पनाया अन्याय्यत्वात् । तस्मात् पादा ब्रह्मधर्माः ।।२४।।

भूतादिपादव्यपदेशोपपत्तेश्चैवम् ।।२५।।

किञ्च, भूतादयोऽत्र पादा व्यपदिश्यन्ते । भूतपृथिवीशरीरहृदयानि चत्वारि । न ह्येतानि गायत्र्याः पादा भवितुमर्हन्ति ब्रह्मपरिग्रहे तूपपद्यन्ते । यावन्मुख्यमुपपद्यते तावन्न गौणं कल्पनीयम् । अयमर्थः । पूर्वहेतौ छन्दसोऽपि पादा व्यपदेशाद्भवन्ति तथापि ब्रह्मण एव युक्ता इति । पुरुषसुक्ते 'एतावानस्ये' त्यस्य ब्रह्मपरत्वात् । अस्मिन्वाक्ये तु गायत्र्याः पादा एव नोपदिष्टाः किन्तु ते ब्रह्मण एव पादा इति । तद्वाचकत्वेन गायत्र्यामुपचारेणोपसंहारः । चकारादर्था न शब्दस्य पादा भवन्ति किन्त्वर्थस्यैवेति । तस्माद्ब्रह्मवाक्यत्वे भूतादीनां पादत्वमुपपद्यते नान्यथेति । तस्मात्पादादीनां ब्रह्मधर्मत्वम् ।।२५।।

उपदेशभेदान्नेति चेन्नोभयस्मिन्नप्यविरोधात् ।।२६।।

'पादोऽस्य विश्वा भूतानि' सर्वाणि भूतान्येकः पादः, पादत्रयममृतं दिवीत्येकोऽर्थः । 'पादेषु सर्वभूतानि पुंसः स्थितिपदो विदुः अमृतं क्षेममभयं त्रिमूर्ध्नोधायि मूर्धसु' इत्यपरः, पुरुषसूक्तानुरोधे द्वितीय एवार्थः । प्रथमे तावत् । ननु 'दिवी'ति मन्त्रे सप्तम्या आधारत्वं प्रतिपाद्यते । 'अतः पर'मित्यत्र पञ्चम्यां अनाधारत्वमत उपदेशभेदात् पूर्वोक्तपरामर्शाभावान्न ज्योतिषो ब्रह्मत्वमिति चेत्, नैप दौषः । उभयस्मिन्नप्यविरोधात् । मन्त्रे दिव्येवोक्तं, अस्मिन् वाक्ये सर्वत्रोच्यते । सर्वत्र विद्यमान्सय दिवि विद्यमानत्वं न विरुध्यते । अतःशब्देन तत्राविद्यमानत्वं, किन्तु ततोप्यन्यत्र सत्त्वं बोध्यते तस्मात् सप्तमीपञ्चमीनिर्देशो न विरुद्धः ।।

द्वितीये तु । ननु मन्त्रे अमृतपदमत्र ज्योतिःपदमत उपदेशभेदाच्चतुर्थश्च पादो हृदयम् । अतःशब्दाच्च सर्वस्माद्भेदः प्रतिपाद्यते । अत उपदेशभेदान्नैकवाक्यता, अस्मिंश्च वाक्ये चरणाभावात् स्वरुपासिद्धो हेतुरिति चेत्, नैष दोषः । उभयस्मिन् ज्योतिःपदे अमृतपदे च प्रयुज्यमाने एकार्थत्वान्न विरोधः । पादत्रयमुपरितनलोकेषु चतुर्थं सर्वत्रेति । अन्यथा वैजात्यं पादानामापद्येत परिच्छेदश्च विरोधश्च । अतोऽमृतज्योतिःशब्दयोरेकार्थत्वेन विरोधाभावादेकवाक्यत्वम् । अतोऽत्र चरणसद्भावात्तस्य च ब्रह्मधर्मत्वात् ज्योतिर्ब्रह्मैव ॥२६॥

इति ज्योतिश्चरणाधिकरणम् ॥

અધિકરણ - ૯

જ્યોતિશ્ચરણાધિકરણ

સૂત્રો ૧.૧.૨૩-૨૬

સૂત્ર-૨૩ : જ્યોતિ (બ્રહ્મ છે) કારણ કે ચરણનું અભિધાન છે. (૧.૧.૨૩)

વેદમાં આમ કહ્યું છે - ''આ દ્યૌથી પર જે જ્યોતિ પ્રકાશિત છે; જે સઘળાની ઉપર છે, સર્વની ઉપર છે, અનુત્તમ અને ઉત્તમ લોકમાં છે; તે આ જે પુરુષની અંદર જ્યોતિ છે'' (છા. ૩.૧૩.૭)

અહીં જ્યોતિ શબ્દથી પ્રાકૃત જ્યોતિ કે બ્રહ્મ જ સમજવાનું છે એવો સંશય છે. અહીં અસાધારણ ધર્મને અભાવે પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તમાં તો ચરણ બ્રહ્મનો ધર્મ છે. ''એનો મહિમા આટલો છે; અને પુરુષ એથી મોટો છે. એનો એક પાદ તે બધાં ભૂતો છે. સ્વર્ગમાં અમૃત એનાં ત્રણ પાદો છે.'' (બૃ. ૩.૧૨.૬) આ પૂર્વવાક્ય છે. ''આ સર્વ ભૂત અને આ જે કાંઈ છે તે ગાયત્રી છે'' (છા. ૩.૧૨.૧) એમ ગાયત્રી નામે બ્રહ્મવિદ્યા કહેવા માટે તેના ચાર પાદનું પ્રતિપાદન કરીને બ્રહ્મના ચાર પાદ કહ્યા. પુરુષસૂક્તમાં પણ ચાર આશ્રમોમાં રહેલા જીવોને પાદ તરીકે કહ્યા છે. તે જ રીતે પ્રણવબ્રહ્મવિદ્યામાં (માંડૂક્ય ઉપનિષદ્) અ, ઉ, મ્ અને નાદથી વાચ્ય વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય એવા ચાર પાદ કહ્યા છે. ''તે વિષ્ણુનું પરમ પદ છે'' (કઠ. ૧.૩.૯ એમ કહ્યું છે.) વળી ''બ્રહ્મ પુચ્છ છે'' (તૈ. ૨.૫) સત્યકામ બ્રાહ્મણમાં (છા. ૪.૪.૮) તો બ્રહ્મના ચાર પાદોનું સ્પષ્ટ રીતે નિરૂપણ કર્યું છે. આથી સત્, ચિત્, આનંદ અને દરેકનો સમુદાય એમ ચાર રૂપો સમજવાનાં છે. એમાં કેવલ (સત્, ચિત્, આનંદ) કાર્યરૂપ જ છે તો ચોથો (ત્રણના સમુદાયરૂપ) પાદ બ્રહ્મ છે.

તેમાં પણ છ પ્રકારની પ્રતિજ્ઞા કરી હોવાથી, ભૂત, પૃથ્વી, શરીર એ પરિચય કરાવવા માટે હોવાથી તેના છ પ્રકારોનું નિરૂપણ ન કરીને હૃદયના છ પ્રકારોનું નિરૂપણ કરતાં ''તે આનું'' (બૃ. ૩.૧૩.૧) ઇત્યાદિ શ્રુતિવાક્યથી પાંચ દેવપુરુષોનું નિરૂપણ કરીને તેમના દ્વારપાલત્વના જ્ઞાન પછી ''હવે, જે એનાથી પર જ્યોતિ પ્રકાશે

છે'' (છા. ૩.૧૩.૭) એમ ચોથા પાદના છ પ્રકારોનું પ્રતિપાદન છે. આથી ચોથા પાદમાં પાંચ પુરુષો, તેનાથી પર દ્યૌની ઉપરની જ્યોતિ તે છઠ્ઠી, તે જ સર્વત્ર પ્રકાશે છે એવું નિરૂપણ કરીને તેનો જ પુરુષની અંદર ઉપસંહાર કરે છે. તેની પહેલાં ''એના ત્રણ પાદ દ્યૌમાં અમૃત છે'' (છા. ૩.૧૨.૬) એમ કહ્યું હોવાથી ત્રિપાદ સાથે સંબંધ ધરાવતું અમૃત ઉપરના લોકમાં છે તેથી અહીં ચોથા પાદનું નિરૂપણ છે એમ સિદ્ધ થાય છે. આમ પાદો બ્રહ્મના ધર્મ હોવાથી જ્યોતિ બ્રહ્મ છે.

બ્રહ્મના ધર્મોના નિર્ણય માટે આ અધિકરણ છે. વળી એ ચરણોનું ઔપચારિકત્વ દૂર કરે છે. આ નિર્ણયથી પ્રણવાદિવિદ્યાઓનો નિર્ણય થયો છે એમ માનવું.

સૂત્ર-૨૪ : છન્દનું અભિધાન હોવાથી નથી એમ તેમ કહો તો તેવું નથી કારણ કે તે રીતે ચિત્તનું અર્પણ કહ્યું છે અને તે રીતે જ દર્શન છે. (૧.૧.૨૪)

(શંકા) અહીં ચતુષ્પાદ બ્રહ્મનું નિરૂપણ નથી પણ ગાયત્રી છન્દનું છે. ''આ બધું જે કાંઈ છે તે ગાયત્રી છે'' (છા. ૩.૧૨.૧) એમ ઉપક્રમ કરીને તેને જ ભૂત, પૃથ્વી, શરીર અને હૃદય એમ ભેદથી સમજાવીને કહ્યું છે - ''તે આ ચાર પાદવાળી છ પ્રકાર વાળી ગાયત્રી છે. તે આ ઋચાથી કહેવાયું છે. આટલો એનો મહિમા.'' (છા. ૩.૧૨.૫.૬) તેના જ વ્યાખ્યાનરૂપ ગાયત્રીમાં આપેલો મંત્ર અચાનક બ્રહ્મને ચતુષ્પાદ કેમ કહે ? ''જે આ તે બ્રહ્મ છે'' (છા. ૩.૧૨.૭) એ વાક્યમાં પણ છંદ પ્રસ્તુત હોવાથી બ્રહ્મનો અર્થ છંદનો જ સમજવો જોઈએ. શબ્દ પણ બ્રહ્મનો વાચક છે એમ સિદ્ધ થવાથી બ્રહ્મોપનિષદ્‌ની માફક શબ્દબ્રહ્મનો (પ્રયોગ) છે. તેથી છંદના પાદોનું જ કથન હોવાથી પાદ બ્રહ્મના ધર્મો નથી. એમ જો તમે કહેતા હો તો (જવાબ) એમાં દોષ નથી. તે રીતે ચિત્ત અર્પણ કરવાનું કહ્યું છે. તથા એટલે કે તે દ્વારા ચિત્તનું સમર્પણ કહેવાય છે. ''આ બધું જે કાંઈ છે તે ગાયત્રી છે'' (છા. ૩.૧૨.૧) ઉપચાર વિના વર્ણના સમૂહનું સર્વ હોવાપણું સંભવતું નથી. જેમ સોય દ્વારા સૂત્રનો પ્રવેશ થાય છે તેમ ગાયત્રી દ્વારા બુદ્ધિ તેનાથી પ્રતિપાદન કરાતા બ્રહ્મમાં પ્રવેશ કરે. એવું શાથી પ્રતિપાદન થાય છે ? (એ પ્રશ્નના જવાબમાં) કહે છે - તે રીતે જ દર્શન છે. તથા તે પ્રકારે જ દર્શન એટલે જ્ઞાન થાય છે. સ્થૂલ બુદ્ધિ બળપૂર્વક બ્રહ્મમાં પ્રવેશ ન કરી શકે. આમ બધી જ મંત્રોપાસનાઓ સમજવાની છે. હિ એટલે આ અર્થ યોગ્ય છે કે જે જાતે પ્રવેશ ન કરે તે ઉપાય દ્વારા પ્રવેશ કરે છે. અદૃષ્ટ દ્વારા (પ્રવેશ) નથી કારણ કે દૃષ્ટનો સંભવ હોય ત્યાં અદૃષ્ટની કલ્પના કરવી ઉચિત નથી. માટે પાદો બ્રહ્મના ધર્મો છે.

સૂત્ર-૨૫ : ભૂત આદિ પાદોનો વ્યપદેશ બરાબર છે તેથી આવું છે. (૧.૧.૨૫)

વળી ભૂત આદિને પાદ કહ્યા છે. ભૂત, પૃથ્વી, શરીર અને હૃદય એમ ચાર થાય

છે. આ ગાયત્રીના પાદ થવા યોગ્ય નથી. બ્રહ્મના પાદ તરીકે બંધબેસતા થાય છે. જ્યાં સુધી મુખ્ય બંધબેસતું હોય ત્યાં સુધી ગૌણની કલ્પના કરવી જોઈએ નહિ. અહીં આ અર્થ છે. આગલા હેતુ પ્રમાણે છંદના પાદોનું કથન થાય છે છતાં બ્રહ્મના જ પાદ ગણવા યોગ્ય છે. પુરુષસૂક્તમાં ''એનો આટલો'' (ઋગ્વેદ ૧૦.૯૦.૩) એ બ્રહ્મપરક છે. આ વાક્યમાં તો ગાયત્રીના પાદોનો ઉપદેશ જ નથી, પણ તે બ્રહ્મના જ પાદો છે. તેના (બ્રહ્મના) વાચક હોવાથી ગાયત્રીમાં ઉપચારથી ઉપસંહાર કરેલો છે. ચ થી સ્પષ્ટ થાય છે કે અર્થો શબ્દના પાદ થઈ શકે નહિ પણ અર્થના જ થઈ શકે.[૨] તેથી બ્રહ્મપરક વાક્ય ગણવાથી ભૂતાદિનું પાદત્વ બંધબેસતું થાય, અન્યથા નહિ. એટલે પાદો બ્રહ્મના ધર્મો છે.

સૂત્ર-૨૬ : ઉપદેશના ભેદને લીધે નથી એમ કહો તો એવું નથી; કારણ કે બંનેમાં વિરોધ નથી. (૧.૧.૨૬)

''બધાં ભૂતો એનો પાદ છે'' (ઋ. ૧૦.૯૦.૩) બધાં ભૂતો એક પાદ છે. ત્રણ પાદ અમૃતરૂપે દ્યૌમાં છે. આ એક અર્થ છે.

''ભૂઃ, ભુવઃ આદિ લોક જેના પાદ છે એવા પુરુષના પાદોમાં સર્વ ભૂતો છે એમ તેઓ જાણે છે; અમૃત, ક્ષેમ અને અભયનું ભૂઃ, ભુવઃ, સ્વઃ એ ત્રણની ઉપર આવેલા મહર્લોકની ઉપરના જન, તપઃ, સત્ય લોકમાં સ્થાપન કરેલું છે.''[૩] (ભાગવત ૨.૬.૧૮) એ બીજો અર્થ છે. પુરુષ સૂક્ત અનુસાર બીજો જ અર્થ છે.

(શંકા) હવે પહેલા અર્થમાં દિવિ-દ્યૌ માં એ મંત્રમાં સાતમી વિભક્તિથી આધારનું પ્રતિપાદન થાય છે. તો અતઃ પરમ્ (છા. ૩.૧૩.૭)માં પાંચમી વિભક્તિ આધારનો અર્થ આપતી નથી. આમ ઉપદેશના ભેદને લીધે પહેલાં જે કહ્યું છે તેનો પરામર્શ ન હોવાથી જ્યોતિ બ્રહ્મ નથી. એમ તમે કહો તો (જવાબ) આ દોષ નથી. બંનેમાં વિરોધ નથી. મંત્રમાં દિવિ એમ જ કહ્યું છે, તો આ વાક્યમાં સર્વત્ર કહ્યું છે. જે બધે વિદ્યમાન હોય તે દ્યૌમાં પણ વિદ્યમાન છે એમાં વિરોધ નથી. અતઃ શબ્દ ત્યાં એ વિદ્યામાન નથી એમ નથી કહેતો પણ તેથી અન્યત્ર પણ એનું અસ્તિત્વ છે એમ બોધ કરાવે છે. માટે સપ્તમી અને પંચમીનો નિર્દેશ (પરસ્પર) વિરુદ્ધ નથી.[૪]

બીજા અર્થમાં (આ પ્રમાણે છે.)

(શંકા)[૫] મંત્રમાં અમૃત શબ્દ છે તો અહીં જ્યોતિઃ શબ્દ છે. આમ ઉપદેશનો ભેદ છે. વળી ચોથો પાદ હૃદય છે. અતઃ શબ્દ દ્વારા બધાથી જ ભેદનું પ્રતિપાદન થાય છે. આથી ઉપદેશ ભેદને લીધે એકવાક્યતા નથી. ઉપરાંત આ વાક્યમાં ચરણનો અભાવ છે. એટલે હેતુ સ્વરૂપાસિદ્ધ છે એમ કહો તો (જવાબ) આ દોષ નથી. જ્યોતિઃ અને અમૃત બંને શબ્દોનો પ્રયોગ એક અર્થમાં હોવાથી વિરોધ નથી. ત્રણ પાદ ઉપરના લોકમાં છે, ચોથો સર્વત્ર છે. નહિ તો પાદો વિજાતીય બને. વળી પરિચ્છેદનો વિરોધ

૧.૧.૨
આવે.
એકવા
બ્રહ્મ.[૭]

૧.
અને છ
છે. એ
હૃદયને
પ્રાણ,
છે. આ
પાંચથી
૨.
હૃદય અ
બ્રહ્મ વ
૩.
પ્રકાશને
૪.
त्रिपादस्य
આધારવ
વિભક્તિ
ભેદ છે.
એ સર્વત્ર
છે. આમ
૫.
શબ્દનો
પાદ હૃદય
વાક્યમાં
ત્રણ પ્રક
ज्योतिश्चरण
શકાય એ
ज्योति અ
વિરોધ થા
છે અને ર

આવે. આમ अमृत અને ज्योतिः શબ્દો એકાર્થક હોવાથી વિરોધના અભાવે એકવાક્યતા થાય છે. એટલે અહીં ચરણ છે અને તે બ્રહ્મના ધર્મ છે એટલે જ્યોતિ બ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **तत्रापि षड्विधत्वप्रतिज्ञानात्** - આખા પરિચ્છેદમાં આચાર્યશ્રી ચાર પાદ અને છ પ્રકારની વાત કરે છે. ભૂત, પૃથ્વી, શરીર અને હૃદય એ ગાયત્રીના ચાર પાદ છે. એમાંથી પહેલા ત્રણ માત્ર પરિચાયક છે એટલે હૃદયના છ પ્રકારો કહ્યા છે. હૃદયને પાંચ દ્વાર છે - પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઊર્ધ્વ. એના અનુક્રમે પ્રાણ, વ્યાન, અપાન, સમાન અને ઉદાન એ પાંચ દેવપુરુષો દ્વારપાલ છે. છઠ્ઠું બ્રહ્મ છે. આ પાંચની ઉપાસના પછી બ્રહ્મની ઉપાસનાનો અધિકાર મળે છે. જ્યોતિ આ પાંચથી પર છે અને હૃદયના અંતરમાં સ્થિત છે. તેથી જ્યોતિ પણ બ્રહ્મ છે.

૨. **चकारादर्था न...** - ગાયત્રી શબ્દસમૂહ છે, તો ભૂત, પૃથ્વી, શરીર અને હૃદય અર્થો એટલે કે વસ્તુઓ છે. હવે વસ્તુઓ શબ્દસમૂહના પાદરૂપે આવી ન શકે. બ્રહ્મ વસ્તુ હોવાથી એના પાદ તરીકે આવી શકે.

૩. **पादेषु सर्वभूतानि...** - આ સમજૂતી સહિતનો અનુવાદ પુરુષોત્તમજીના પ્રકાશને આધારે છે.

૪. **तस्मात्सप्तमीपञ्चमीनिर्देशो न विरुद्धः** - પૂર્વપક્ષી એમ કહે છે કે त्रिपादस्यामृतं दिवि એ મંત્રમાં दिवि શબ્દ સાતમી વિભક્તિમાં છે. સાતમી વિભક્તિ આધારવાચક છે. अथ यदतः परो दिवो ज्योतिदीप्यते એ વાક્યમાં दिवः શબ્દ પાંચમી વિભક્તિમાં હોવાથી આધારવાચક નથી. આમ મંત્રમાં અને વિષયવાક્યમાં ઉપદેશનો ભેદ છે. એનો જવાબ એ છે કે વિષયવાક્યમાં विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेषु બતાવે છે કે એ સર્વત્ર છે. परो दिवः ના અર્થ દ્યૌમાં નથી એમ નથી પણ દ્યૌ ઉપરાંત પણ છે એવો છે. આમ સપ્તમી-પંચમીનો નિર્દેશ પરસ્પર વિરોધ દર્શાવે છે એમ કહી શકાય નહિ.

૫. **द्वितीये तु** - હવે બીજા ત્રણ પ્રકારે ઉપદેશભેદ કહ્યો છે. (क) મંત્રમાં अमृत શબ્દનો પ્રયોગ છે તો વિષયવાક્યમાં ज्योतिः શબ્દ છે. (ख) ઉપનિષદ્વાક્યમાં ચોથો પાદ હૃદય છે તો મંત્રમાં ચોથો પાદ સર્વ ભૂતો છે એમ જણાવ્યું છે. (ग) વિષયવાક્યમાં अथ यदतः परः એમ કહીને જ્યોતિ સર્વથી ભિન્ન છે એમ દર્શાવેલું છે. આમ ત્રણ પ્રકારના ઉપદેશભેદને લીધે વિષયવાક્યમાં ચરણની વાત જ ન હોવાથી ज्योतिश्चरणाभिधानात् એ સૂત્રમાં આપેલો હેતુ સ્વરૂપાસિદ્ધ છે તેથી એકવાક્યતા માની શકાય એમ નથી. આ મુદ્દાઓનો સિદ્ધાંતીએ આપેલો જવાબ આ પ્રમાણે છે. (क) ज्योति અને अमृत બંને શબ્દો બ્રહ્મનો જ અર્થ આપે છે એટલે શબ્દભેદને લીધે વિરોધ થાય છે એમ નથી. (ख) ઉપનિષદ્માં હૃદયરૂપ જે ચોથો પાદ છે તે બ્રહ્મ જ છે અને સર્વત્ર છે. જો ગાયત્રીના પાદ સમજવામાં આવે તો ગાયત્રી શબ્દરૂપ પણ

પાદ અર્થરૂપ હોવાથી વિજાતીયતા આવે. વળી ગાયત્રી પરિચ્છિન્ન હોવાથી પાદો પણ પરિચ્છિન્ન બને. એટલે પાદો બ્રહ્મના જ જાણવા. (ग) મંત્રમાં બ્રહ્મના પાદનું કથન છે, તેથી જ્યોતિપદાર્થના પાદની આકાંક્ષા થાય છે. આમ એકવાક્યતા સ્વીકારવી જરૂરી બને છે. એકવાક્યતા સ્વીકારીએ તો જ્યોતિઃ ને પણ અમૃતરૂપી ચરણો હોવાથી ચરણો બ્રહ્મના ધર્મો હોવાથી જ્યોતિઃ બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે.

प्राणस्तथानुगमात् ॥२७॥ (१-१-१०)

अस्ति कौशीतकिब्राह्मणोपनिपादि इन्द्रप्रतर्दनसंवादः । 'प्रतर्दनो हवै दैवोदासि'रित्यादिना, 'एष लोकपाल एष लोकाधिपतिरेप लोकेशः स म आत्मेति विद्यात् स म आत्मेति विद्यादि'त्येतदन्तम् । तत्र द[illegible] 'मामेव विजानीह्येतदेवांह मनुष्याय हिततमं मन्य' इत्युपक्रम्य त्वाष्ट्रवधादिनात्मानं प्रशस्य स्वोपासनायाः पापाभावं फलत्वेन प्रतिपाद्य कस्त्वमिति विवक्षायाम् 'प्राणो वा अहमस्मि प्रज्ञात्मानं मामायुर मृतमित्युपास्वे'त्युक्त्वा आयुषः प्राणत्वमुपपाद्यामृतत्वञ्च प्राणस्योपपाद्य 'प्राणेन ह्येवामुष्मिन् लोके अमृतत्वमाप्नोती'ति अमृतत्वं योगेन प्रतिपादयति । तत्र सन्देहः, प्राणः किमासन्यो ब्रह्म वेति ॥'अत एव प्राण' इत्यत्र प्राणशब्दमात्रे सन्देहः॥ अत्रार्थेऽपि सन्देहः बाधकञ्च वर्तत इति पृथगधिकरणारम्भः ।

तत्र साधकासाधारणधर्मस्याभावाद् बाधकानां विद्यमानत्वात् न ब्रह्मत्वमिति पूर्वपक्षः । सिद्धान्तस्तु चतुर्भिः सूत्रैः प्रतिपाद्यते ! तत्र प्रथमं साधकधर्ममाहैकेन । त्रिभिर्बाधकनिराकरणंम् ।

प्राणः परमात्मा भवितुमर्हति, कुतः । तथाऽनुगमात् । तथाहि । पौर्वापर्येण पर्यालोच्यमाने वाक्ये पदार्थानां समन्वयो ब्रह्मप्रतिपादनपर उपलभ्यते । उपक्रमे तावद्वरं वृणीष्वेति इन्द्रः प्रतर्दनोक्तः परमपुरुपार्थं वरमुपचिक्षेप 'त्वमेव मे वृणीष्व यं त्वं मनुष्याय हिततमं मन्यस' इति तस्मै हिततमत्वेनोपदिश्यमानः प्राणः कथं परमात्मा न स्यात् । न हि परमात्मनोऽन्यद्धिततममस्ति परमानन्दस्वरुपत्वात् । पापाभावश्च तस्यैव सम्भवति । उपसंहारे'प्यानन्दोजरोमृत इति एप लोकाधिपति'रित्यादि च । तस्मात्सर्वत्रानुगमात् प्राणो ब्रह्म ॥२७॥

न वक्तुरात्मोपदेशादिति चेदध्यात्मसम्बन्धभूमा ह्यस्मिन् ॥२८॥

बाधकमाह । यदुच्यते प्राणो ब्रह्मेति तन्न, कुतः ? वक्तुरात्मोपदेशात् । वक्ता हीन्द्रः आत्मानमुपदिशति 'मामेव विजानीही'त्युपक्रम्य 'प्राणो वा अहमस्मि प्रज्ञानात्मानं मामायुरमृतमित्युपास्वे'ति । स एप प्राणो वक्तुरात्मत्वेनोपदिश्यमानः कथं ब्रह्म स्यात् । तथा च वाचो धेनुत्वोपासनवत् देवतायाः प्राणत्वोपासना बोध्यते । अन्ये च ब्रह्मधर्माः प्राणस्तावका इति कथमस्य ब्रह्मोपाख्यानत्वमिति चेत् न । अध्यात्मसम्बन्धभूमा ह्यस्मिन् । अस्मिन् प्रकरणे अध्यात्मसम्बन्धः आत्मानमधिकृत्य यः सम्बन्धः । आत्मशब्दो ब्रह्मवाची । वस्तुतो जीवस्य ब्रह्मत्वाय तथावचः । तस्य सम्बन्धः तद्धर्माः । तेषां बाहुल्यं प्रतीयते 'एष लोकपाल' इत्यादि । यावद्यथाकथञ्चिदपि ब्रह्मप्रकरणत्वं सिद्ध्यति तावदन्यप्रकणत्वमयुक्तमिति हिशब्दार्थः । प्राणस्य प्रज्ञात्मत्वं स्वातत्र्येणायुर्दातृत्वम् । 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्या'दिति चोपक्रम्प 'तद् यथा रथास्यारेपु नेमिरर्पिता नाभावरा अर्पिता एवमेवैता भूतमात्राः प्रज्ञामात्रास्वर्पिताः

प्रज्ञामात्राः प्राणेऽर्पिताः’ स एप प्रज्ञात्मानन्दोऽजरोऽमृतो न साधुना कर्मणे’त्यादिविषयेन्द्रियव्यवहारे अरनाभिभूतं प्रत्यगात्मानमेवोपसंहरति । ‘स म आत्मेति विद्या’दिति चोपसंहारः । तस्मादध्यात्मसम्बन्धबाहुल्याद् ब्रह्मोपदेश एवायम् ॥२८॥

तर्हि बाधकस्य का गतिरित्यत आह,

शास्त्रदृष्ट्या तूपदेशो वामदेववत् ॥२९॥

पूर्वसूत्रेणापरिहृतमत्र परिहरति तुशब्दः । अयं दोषो व्यवहारदृष्ट्योपदेशे । ‘अहं ब्रह्मे’त्यार्षेण दर्शनेन तूपदेशः ।

ननु ‘तत्त्वमसि’ ‘अयमात्मा ब्रह्मे’तिवाक्येषु जीवस्य ब्रह्मत्वं बोध्यते । तत्र ‘प्रत्यधिकारं शास्त्रप्रवृत्ति’रितिन्यायेन स्वात्मन एव ब्रह्मत्वावगतिर्मुख्या ।

न प्रतर्दनस्येन्द्रजीवब्रह्मत्वावगतिरुपासनं वा पुरुपार्थाय । अतः शास्त्रदृष्टिरपि नैवंविधा । केवलस्य चैतन्यमात्रस्य तादृशे ब्रह्मण्यैक्यावगतिः विरोधा‘त्तत्त्वमस्या’दिवाक्यार्थोऽध्यवसीयते । न तु ब्रह्मधर्मा जीवे वक्तुं शक्यन्ते इत्याशङ्क्य परिहरति । वामदेववत् । ‘तद्धैतत् पश्यन् ऋषिर्वामदेवः प्रतिपेदे अहं मनुरभवं सूर्यश्चे’ति । य एव प्रत्यबुद्ध्यत स सर्वं भवति । तत्र सर्वेषां सर्वभावे सर्वानन्त्यंप्रसङ्गात् सर्वमेकमेवेति वक्तव्यंम् । ततः कारणलय एव सर्वभाव इति ‘मनुरभवं सूर्यश्च’त्यवयुत्यानुवादोऽनुपपन्नः । तत्र यथा ज्ञानावेशात् सर्वधर्मस्फूर्तिः । एवमत्रापि ब्रह्मावेशादुपदेशः, इति त्वाष्ट्रवधादयो ब्रह्मधर्मा एव, तदावेशे क्रियमाणत्वात् । ‘नन्वेष वज्रस्तव शक्र तेजसा हरेर्दधीचेस्तपसा च तेजितः । तेनैव शत्रुं जहि विष्णुयन्त्रितः’ इतिवृत्रवचनं भागवते । तस्माद्युक्तं ब्रह्मधर्मवचनम् ।

ननु ‘स्वाप्ययसम्पत्त्योरन्यतरापेक्षमाविष्कृतं ही’तिसूत्रे सुषुप्तौ ब्रह्मसम्पत्तौ च ब्रह्माविर्भावो न त्वन्यदेति कथमेवमिति चेत्, मैवम् । उपदेशभावनादिष्वपि कदाचिदुत्तमाधिकारिविषये ब्रह्मप्राकट्यमित्यङ्गीकर्तव्यं ‘मय्येव सकलं जात’मित्यादिवाक्यानुरोधात् । ‘इहैव समवलीयन्ते प्राणाः ब्रह्मैव सन् ब्रह्माप्येती’त्यपि आविर्भावापेक्षम् । तस्य च प्रायिकत्वात् न सूत्रे फलत्वमाह । जीवन्मुक्तानामपि परममुक्तेर्वक्तव्यत्वाच्च । असम्प्रज्ञातसमाधाविवाविर्भावदशायामेव शरीरवियोगे वियोजकाभावाद् वागादिमात्रं लीयते । तस्य च प्रयिकत्वादेव नार्चिरादिगतिः । तथापि प्रायिकत्वात् न सूत्रगीतादिषु तद्वचनं, सगुणनिर्गुणभेदेन नियमवचनन्त्वप्रामाणिकमेव ब्रह्मवादे । गुणानङ्गीकाराच्च । तस्माद्युक्तमुक्तं शास्त्रदृष्ट्या तूपदेश इति ॥२९॥

जीवमुख्यप्राणलिङ्गान्नेति चेन्नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात् ॥३०॥

अन्यद् बाधकद्वयमाशङ्कते । ननु यद्यपि ब्रह्मधर्मा भूयांसः प्रकरणे श्रूयन्ते । तद्वज्जीवधर्मा मुख्यप्राणधर्माश्च बोधकाः सन्ति । ‘न वाचं विजिज्ञासीत वक्तारं विद्या’दित्यादि । अत्र हि वागादिकरणाध्यक्षस्य जीवस्य विज्ञेयत्वमभिधीयते । ‘अथ खलु प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्यो’ति शरीरधारणं मुख्यप्राणधर्मः । ‘मा मोहमापद्यथा अहमेवैतत् पञ्चधात्मानं प्रविभज्यैतद्बाणमवष्टभ्य विधारयामी’ति श्रवणात् । ‘यो वै प्राणः सा प्रज्ञा या प्रज्ञा स प्राण’ इति जीवमुख्यप्राणवाच्यत्वे प्रज्ञाप्राणयोः सहवृत्तित्वादुपचारो युज्यते । उत्क्रान्तिश्च । न तु

सर्वथा विलक्षणस्य ब्रह्मणः । तस्माज्जीवमुख्यप्राणलिङ्गयोर्विद्यमानत्वान्न ब्रह्मप्रकरणमिति चेत्, न । उपासात्रैविध्यात् ।

अयमर्थः । किमत्र चोधते । जीवमुख्यप्राणलिङ्गाद् ब्रह्मधर्माणां जीवपरत्वं त्रयाणामपि स्वतन्त्रत्वं वा । लिङ्गद्वयस्यापि ब्रह्मधर्मत्वमुच्यतामिति वा । आद्यः पूर्वमेव परिहृतः न हि ब्रह्मधर्मा अन्यपरत्वेन परिमातुं शक्या इति । द्वितीये दूषणमाह । उपासात्रैविध्यात् तथा सत्युपासनं त्रिविधं स्यात् । तद्वाक्यभेदप्रसङ्गान्न युक्तम् । तृतीये तूपपत्तिरुच्यते । जीवधर्मा ब्रह्मणि न विरुध्यन्ते । आश्रितत्वात् । जीवस्यापि ब्रह्माधारत्वात् तद्धर्मा अपि भगवदाश्रिता एव । इहेत्युभयत्र सम्बन्धो ब्रह्मवादे । मुख्यप्राणे तु तद्योगात् । तेन योगस्तद्योगः तस्मात् । प्राणधर्मा भगवति न विरुध्यन्ते । प्राणस्य भगवत्सम्बन्धात् तद्धर्माणामपि भगवत्सम्बन्धात् ।

अथवा वक्तृत्वादयो न जीवधर्माः किन्तु ब्रह्मधर्मा एव । जीवे आश्रितत्वाद् भासन्ते । ‘परात्तु तच्छ्रुते’रिति न्यायात् । प्राणेऽपि तथा । स्वाप्ययसम्पत्त्योर्जीवस्य ब्रह्माश्रितत्वम् । आध्यात्मिकाधिदैविक रूपत्वान्न संयोगः । प्राणस्य तु संयोग एव । तस्मात्सर्वे धर्मा ब्रह्मणि युज्यन्ते । सहोत्क्रमस्तु क्रियाज्ञानशक्त्योर्भगवदीययोर्देहे सहैव स्थानं सहोत्क्रमणमिति भगवदधीनत्वं सर्वस्यापि बोध्यते ।

ननु ‘प्राणास्तत्स्थानुगमा’दिति प्राणशब्देन ब्रह्मैव प्रतिपादितम् । तत्कथं धर्मयोरुत्क्रमणमिति चेत्, अत्र धर्मधर्मिणोरेकत्वपृथक्त्वानिर्देशयोर्विद्यमानत्वात् । ‘प्राणो वा अहमस्मिन् प्रज्ञात्मे’ति, अत्र क्रियाज्ञानशक्तिमान् निर्दिष्टः । तदन्वेकैकस्य धर्मप्रशंसा ‘यो वै प्राणः सा प्रज्ञा या प्रज्ञा स प्राण’ इत्युपसंहारान्तम् । पुनस्तयोरेवोत्क्रमणप्रवेशाभ्यां ‘सह ह्येवास्मिनं शरीरे वसतः सहोत्क्रामत’ इत्युपक्रम्य सुषुप्तिमूर्छामरणेषु प्राणाधीनत्वं सर्वेषामिन्द्रियाणामुक्त्वा आसन्यव्यावृत्त्यर्थं प्रज्ञयैक्यं प्रतिपाद्योपसंहरति । पुनर्ज्ञानशक्तेरुत्कर्षं वक्तुं ‘अथ खलु यथा प्रज्ञाया’मित्यारभ्य ‘न हि प्रज्ञापेतोऽर्थः कश्चन सिद्धयेते’त्यन्तेन । ज्ञानशक्त्युत्कर्षं प्रतिपाद्य धर्ममात्रत्वनिराकरणय ज्ञानशक्तिमन्तं भगवन्तं निर्दिशति । ‘न हि प्रज्ञातव्य’मित्यारभ्य मन्तारं विद्या’दित्यन्तेन, तदनु ज्ञानक्रियाशक्त्योर्विषयभूतभूतमात्रारूपजगतो भगवदभेदं प्रतिपादयन् ‘स एष प्रज्ञात्मानन्दोऽजरोऽमृत’ इति उपसंहरति ब्रह्मधर्मैः । अतः क्रियाज्ञानविषयरूपो भगवानेवेति प्रतिपाद्य न तावन्मात्रं ततोऽप्यधिक इत्येकोपासनैव विहिता । तस्माज्जडजीवरूपत्वात् सर्वात्मकं ब्रह्मैवेति महावाक्यार्थः सिद्धः ॥३०॥

इति दशममनुगमाधिकरणम् ॥

॥इति श्रीमद्ब्रह्मसूत्राणुभाष्ये
प्रथमेऽध्याये प्रथमः पादः ॥

અધિકરણ-૧૦

અનુગમાધિકરણ

સૂત્ર ૧.૧.૨૭-૩૦

સૂત્ર-૨૭ : પ્રાણ બ્રહ્મ છે કારણ કે તેવો સમન્વય છે. (૧.૧.૨૭)

કૌષીતકિ બ્રાહ્મણ ઉપનિષદ્‌માં ઇન્દ્રપ્રતર્દનસંવાદ છે. ''પ્રતર્દન દૈવોદાસિ'' (કૌ. ૩.૧) થી શરૂ થઈને ''આ લોકપાલ છે, આ લોકાધિપતિ છે, આ લોકના ઈશ છે, તે મારો આત્મા છે એમ જાણવું, તે મારો આત્મા છે એમ જાણવું'' (કૌ. ૩.૮) વાક્ય આગળ (સંવાદ) પૂરો થાય છે. ત્યાં વરદાન પ્રસંગે ''મને જ જાણ : એ જ મનુષ્ય માટે સૌથી વધારે હિતકારક છે એમ માનું છું'' (કૌ. ૩.૧) ઉપક્રમ કરીને ત્વાષ્ટ્રવધ આદિથી પોતાની પ્રશંસા કરીને પોતાની ઉપાસનાના ફલરૂપે પાપના અભાવનું પ્રતિપાદન કરીને ''તું કોણ છે ?'' એમ વિવક્ષામાં ''હું ખરેખર પ્રાણ છું : પ્રજ્ઞાત્મા એવા મારી આયુ, અમૃત રૂપે ઉપાસના કર'' (કૌ. ૩.૨) એમ કહીને આયુષ્‌નું પ્રાણ તરીકે પ્રતિપાદન કરીને, પ્રાણના અમૃતત્વનું ઉપપાદન કરીને, ''પ્રાણથી જ ખરેખર પરલોકમાં અમૃતત્વ પ્રાપ્ત કરે છે'' (કૌ. ૩.૨) એમ પ્રાણના સંયોગથી અમૃતત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે. તેમાં સંદેહ છે. (અહીં)[1] પ્રાણ આસન્ય (પ્રાણ) છે કે બ્રહ્મ છે ?

अत एव प्राणः (બ્ર.સૂ. ૧.૧.૨૨) એ સૂત્રમાં પ્રાણ એ શબ્દમાત્રમાં સંદેહ છે તો અહીં અર્થમાં પણ સંદેહ છે. વળી બાધક પ્રમાણ પણ છે એટલે જુદા અધિકરણનો આરંભ કર્યો છે.[2]

ત્યાં સાધક એવા અસાધારણ ધર્મોનો અભાવ છે અને બાધક ધર્મો છે તેથી પ્રાણ બ્રહ્મ નથી એવો પૂર્વપક્ષ છે. ચાર સૂત્રોથી સિદ્ધાન્તનું પ્રતિપાદન થાય છે. તેમાં પ્રથમ એક સૂત્રથી સાધક ધર્મ કહ્યો છે અને પછીનાં ત્રણ સૂત્રોથી બાધક ધર્મોનું નિરાકરણ કરેલું છે.

પ્રાણ પરમાત્મા છે એમ માનવું યોગ્ય છે. શાથી ? તેવો સમન્વય હોવાથી. તે આ પ્રમાણે છે. પૂર્વાપર વિચાર કરતાં વાક્યમાં પદાર્થોનો સમન્વય બ્રહ્મના પ્રતિપાદન માટેનો છે, એવું પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં ''વર માગો'' એમ પ્રતર્દનથી કહેવાયેલા ઇન્દ્રે પરમ પુરુષાર્થરૂપ વરની યાચના કરી. ''તમે જ મારે માટે એ વર નક્કી કરો જેને તમે મનુષ્ય માટે સૌથી વધારે હિતકારક માનો છે.'' (કૌ. ૩.૧) તેને માટે સૌથી વધુ હિતકારક તરીકે જેનો ઉપદેશ અપાય છે તે પ્રાણ પરમાત્મા કેમ ન થાય ? સૌથી વધારે હિતકારક એવું પરમાત્માથી અન્ય કાંઈ નથી; કારણ કે એ પરમ-આનંદસ્વરૂપ છે. બ્રહ્મના વિશેષ જ્ઞાનથી જ પાપનો અભાવ થાય છે. શ્રુતિમાં કહ્યું છે - ''તે પર અને અવરનાં જ્યારે દર્શન થાય ત્યારે એનાં કર્મો નાશ પામે છે.'' (મુંડક ૨.૨.૮) પ્રજ્ઞાત્મત્વ પણ તેનું જ સંભવે છે. ઉપસંહારમાં પણ ''આનંદ, અજર, અમૃત'', ''આ લોકાધિપતિ'' (કૌ. ૩.૯) વગેરે (વાક્યો છે). એટલે સર્વત્ર સમન્વય હોવાથી પ્રાણ બ્રહ્મ છે.

સૂત્ર-૨૮ : (પ્રાણ બ્રહ્મ) નથી કારણ કે વકતા (પોતાના) આત્મા વિશે ઉપદેશ આપે છે એમ તમે કહો તો આ (પ્રકરણ)માં અધ્યાત્મસંબંધનું બાહુલ્ય છે. (૧.૧.૨૮)

બાધક ધર્મ કહે છે. (પૂર્વપક્ષ) પ્રાણ બ્રહ્મ છે એમ જે કહેવાયું છે તેવું નથી. શાથી ? વક્તાના આત્મોપદેશને લીધે વક્તા ઇન્દ્ર આત્માનો ઉપદેશ કરે છે. ''મને જ જાણ'' એમ ઉપક્રમ કરીને ''હું પ્રાણ છું; પ્રજ્ઞાત્મા એવા મારી આયુષ્-અમૃતરૂપે ઉપાસના કર.'' (કૌ. ૩.૨) વક્તાના આત્મા તરીકે ઉપદેશાતો પ્રાણ કઈ રીતે બ્રહ્મ હોય ? વાણીની ધેનુ તરીકેની ઉપાસનાની માફક દેવતાની પ્રાણ તરીકેની ઉપાસનાનો બોધ અપાય છે. પ્રાણની સ્તુતિ કરનારા બીજા બ્રહ્મધર્મો છે તો આને બ્રહ્મોપાખ્યાન કઈ રીતે કહેવાય ? એમ તમે કહો તો (જવાબ) એવું નથી. એમાં અધ્યાત્મ સંબંધનું બાહુલ્ય છે. આ પ્રકરણમાં અધ્યાત્મસંબંધ છે. આત્મા સાથે જોડાયેલો જે સંબંધ છે તે. આત્મા શબ્દ બ્રહ્મનો વાચક છે. ખરેખર તો જીવનું બ્રહ્મત્વ છે તેથી આવું વચન છે. તેનો સંબંધ; તેના ધર્મો; તેનું બાહુલ્ય પ્રતીત થાય છે. ''આ લોકપાલ છે'' વગેરે (વાક્યો આ દર્શાવે છે.) જ્યાં સુધી ગમે તે રીતે પણ બ્રહ્મનું પ્રકરણ સિદ્ધ થતું હોય ત્યાં સુધી અન્ય કોઈનું પ્રકરણ માનવું યોગ્ય નથી એમ हि શબ્દનો અર્થ છે. પ્રાણ પ્રજ્ઞાત્મા છે. સ્વતંત્ર રીતે આયુષ્યનો દાતા છે. ''વાણીની જિજ્ઞાસા ન કરો પણ બોલનારને જાણવો'' એમ ઉપક્રમ કરીને ''તે જેમ રથના આરાઓમાં નેમિ જોડાયેલી છે, નાભિમાં આરાઓ જોડાયેલા છે તેવી જ રીતે આ ભૂતમાત્રાઓ પ્રજ્ઞામાત્રાઓમાં જોડાયેલી છે અને પ્રજ્ઞામાત્રાઓ પ્રાણમાં જોડાયેલી છે. તે આ પ્રાણ જ પ્રજ્ઞાત્મા આનંદ, અજર, અમૃત છે સાધુકર્મથી નહિ'' (કૌ. ૩.૯) વગેરે વાક્યો વિષય અને ઇન્દ્રિયના વ્યવહારમાં આરા અને નાભિરૂપી પ્રત્યગાત્માનો જ ઉપસંહાર કરે છે. ''તે મારો આત્મા છે એમ જાણવું'' (કૌ. ૩.૯) એવો ઉપસંહાર છે. આમ હોવાથી અધ્યાત્મસંબંધના બાહુલ્યને લીધે આ બ્રહ્મનો જ ઉપદેશ છે.

સૂત્ર-૨૯ : તો પછી બાધક કઈ રીતે સમજાવવું ? એ માટે કહે છે :

શાસ્ત્રદષ્ટિએ વામદેવની માફક ઉપદેશ કરેલો છે. (૧.૧.૨૯)

આગલા સૂત્રમાં જેનો પરિહાર નથી કર્યો તેનો પરિહાર તુ શબ્દથી કર્યો છે. વ્યવહારદષ્ટિએ કરેલા ઉપદેશમાં આ દોષ છે; પણ ''હું બ્રહ્મ'' એ ઉપદેશ આર્ષદષ્ટિએ કરેલો છે.

(શંકા) ''તે તું છે'' (છા. ૬.૯.૪) ''આ આત્મા બ્રહ્મ છે'' (બૃ. ૨.૫.૧૯) એ વાક્યમાં જીવ બ્રહ્મ છે એવો બોધ છે. ત્યાં અધિકાર મુજબ શાસ્ત્રની પ્રવૃત્તિ છે એ ન્યાયે પોતાનો આત્મા જ બ્રહ્મ છે એવું જ્ઞાન મુખ્ય છે. પ્રતર્દન ઇન્દ્રના જીવને બ્રહ્મરૂપે જાણે કે ઉપાસના કરે તે પુરુષાર્થ માટે નથી. આથી શાસ્ત્રદષ્ટિ પણ એ પ્રકારની નથી. કેવલ ચૈતન્યમાત્રના તેવા બ્રહ્મ સાથેના ઐક્યની અવગતિમાં વિરોધ હોવાથી ''તે તું છે'' જેવાં વાક્યોનો અર્થ નક્કી થાય છે.³ બ્રહ્મના ધર્મો જીવમાં કહેવા શક્ય નથી એવી શંકાનો પરિહાર કરે છે. (જવાબ) વામદેવની માફક. ''તે આ જોતા ઋષિ વામદેવને પ્રતીતિ થઈ કે હું મનુ થયો, હું

સૂર્ય
સર્વ
જોઈએ
''હું
કરવો
બ્રહ્મ
કારણ
ઇન્દ્ર,
વિષ્ણુ
બ્રહ્મના
(
અપેક્ષા
આવિભ
આ
કોઈક
''મારા
બને છે
બ્રહ્મમાં
અપેક્ષા
પણ પર
શરીરના
છે. તેની
(આવેશ
વર્ણન
બ્રહ્મવાદ
તે યોગ્ય

સૂત્ર
તો એવું
છે (અ
(શંક
શ્રવણ છે
છે. ''વા
અહીં વા
પ્રાણ જ

સૂર્ય થયો.'' (બૃ. ૧.૪.૧૦) જે પ્રતિબુદ્ધ છે તે બધું થાય છે. જો સર્વનો સર્વભાવ હોય તો સર્વ અનંત બને એવો પ્રસંગ આવે તેથી સર્વ એક છે એમ કહેવું જોઈએ. તો પછી કારણમાં લય થાય ત્યારે જ સર્વભાવ થાય છે એમ માનીએ તો ''હું મનુ થયો અને સૂર્ય થયો'' એમ (બ્રહ્મથી જીવને) છૂટો પાડીને અનુવાદ કરવો બરાબર નથી. ત્યાં જેમ જ્ઞાનના આવેશથી બધા ધર્મો સ્ફુરે છે તેમ અહીં બ્રહ્મના આવેશથી ઉપદેશ આપેલો છે. વૃત્રવધ વગેરે પણ બ્રહ્મના જ ધર્મો છે, કારણ કે તેના આવેશથી કરવામાં આવે છે. ભાગવતમાં વૃત્રનું વચન છે - ''હે ઇન્દ્ર, આ તારું વજ્ર હરિના તેજથી અને દધીચિના તપથી તીક્ષ્ણ બનેલું છે. વિષ્ણુના નિયમન હેઠળ તું એનાથી જ શત્રુને માર.'' (ભા. ૬.૧૧.૨૦) તેથી બ્રહ્મના ધર્મોનું વચન યોગ્ય છે.

(શંકા) ''સુષુપ્તિ અને બ્રહ્મસંપત્તિમાં થતો આવિર્ભાવ બેમાંથી એકની અપેક્ષા રાખે છે.'' (બ્ર.સૂ. ૪.૪.૧૬) સૂત્રમાં કહ્યું છે કે બ્રહ્મના ધર્મોનો આવિર્ભાવ સુષુપ્તિ અને બ્રહ્મસંપત્તિમાં થાય છે, બીજી વખતે નહિ તો કઈ રીતે આ બને ? એમ કહો તો (જવાબ) એવું નથી. ઉપદેશભાવના વગેરેમાં પણ કોઈક વાર ઉત્તમ અધિકારીના વિષયમાં બ્રહ્મનું પ્રાકટ્ય સ્વીકારવું જોઈએ. ''મારામાં જ બધું ઉત્પન્ન થયું છે'' (કૌ. ૧.૧૯) એ વાક્ય અનુસાર (આમ બને છે) ''અહીં જ પ્રાણો લય પામે છે'' (બૃ. ૩.૨.૧૧), ''બ્રહ્મ જ થતો બ્રહ્મમાં લીન થાય છે'' (બૃ. ૪.૪.૬) વગેરે વાક્યોમાં પણ આવિર્ભાવની અપેક્ષા છે. તે કોઈક વાર થતો હોવાથી સૂત્રમાં ફલરૂપે કહ્યો નથી. જીવન્મુક્તોની પણ પરમમુક્તિ કહેવાની છે. અસંપ્રજ્ઞાત સમાધિની[4] માફક આવિર્ભાવદશામાં જ શરીરના વિયોગ માટે વિયોજકનો અભાવ હોવાથી માત્ર વાણી વગેરેનો લય થાય છે. તેની (બ્રહ્મભાવની) પ્રાપ્તિને લીધે જ તેની અર્ચિરાદિ ગતિ નથી. આમ છતાં (આવેશવાળાનો બ્રહ્મભાવ) કોઈક વાર થતો હોવાથી સૂત્રો, ગીતા વગેરેમાં તેનું વર્ણન નથી. સગુણ-નિર્ગુણના ભેદથી નિયમનું-વચન પ્રમાણભૂત નથી, કારણ કે બ્રહ્મવાદમાં ગુણોનો સ્વીકાર કર્યો નથી. તેથી શાસ્ત્રદષ્ટિએ ઉપદેશ છે એમ જે કહ્યું તે યોગ્ય છે.

સૂત્ર-૩૦ : જીવ અને મુખ્યપ્રાણ (માટેનાં) લિંગ હોવાથી નહિ એમ કહો તો એવું નથી; કારણ કે ઉપાસના ત્રણ પ્રકારની થાય; (જીવ બ્રહ્મનો) આશ્રિત છે (અને) અહીં (પ્રાણ) તેની સાથે જોડાયેલો છે તેથી. (૧.૧.૩૦)

(શંકા) બીજાં બે બાધકોની શંકા કરે છે. જો કે પ્રકરણમાં ઘણા બ્રહ્મધર્મોનું શ્રવણ છે; તેવી રીતે જીવના ધર્મો અને મુખ્ય પ્રાણના ધર્મો બાધક તરીકે આવે છે. ''વાણીની જિજ્ઞાસા ન કરો : વક્તાને જાણવો જોઈએ'' (કૌ. ૩.૮) વગેરે. અહીં વાણી વગેરે ઇન્દ્રિયોના અધ્યક્ષ જીવને જાણવા માટે કહ્યું છે. ''ખરેખર પ્રાણ જ પ્રજ્ઞાત્મા છે; આ શરીરને ધારણ કરીને'' (કૌ. ૩.૩) આ વાક્યમાં

કહેલું શરીરનું ધારણ મુખ્ય પ્રાણનો ધર્મ છે. ''મોહ પામીશ નહિ. હું જ આ આત્માનું પાંચ પ્રકારે વિભાજન કરીને આ બાણનો[૫] આશ્રય કરીને ધારણ કરું છું.'' (પ્ર. ૨.૩) એવી શ્રુતિ છે. ''જે પ્રાણ તે પ્રજ્ઞા, જે પ્રજ્ઞા તે પ્રાણ'' (કૌ. ૩.૩) એમ જીવ અને મુખ્ય પ્રાણ કહેતા પ્રજ્ઞા અને પ્રાણના સહચારથી ઉપચાર યોગ્ય છે. વળી ઉત્ક્રાન્તિ પણ (કહેલી છે). તે બધી રીતે જુદા એવા બ્રહ્મના (સંબંધમાં ઘટાવી) ન શકાય. એટલે જીવ અને મુખ્ય પ્રાણનાં લિંગ હોવાથી આ બ્રહ્મનું પ્રકરણ નથી. એમ જો કહો તો (જવાબ) એવું નથી. ત્રિવિધ ઉપાસનાને લીધે આવો અર્થ છે. અહીં શું કહેવાય છે ? જીવ અને મુખ્ય પ્રાણના લિંગથી બ્રહ્મના ધર્મો જીવમાં છે, ત્રણે સ્વતંત્ર છે કે બંનેના લિંગ બ્રહ્મના ધર્મો છે એમ કહેવાનું છે ? પ્રથમ વિકલ્પનો પરિહાર પહેલાં (બ્ર.સૂ. ૧.૧.૨૮) કરેલો જ છે. બ્રહ્મના ધર્મો બીજાના છે એમ ગણી શકાતું નથી. બીજા વિકલ્પમાં દોષ કહે છે - ત્રિવિધ ઉપાસનાને લીધે. એમ હોય તો ઉપાસના ત્રણ પ્રકારની થાય. વાક્યભેદના પ્રસંગને લીધે એ યોગ્ય નથી.[૬] ત્રીજા માટે ઉપપત્તિ કહેલી છે. જીવના ધર્મો બ્રહ્મમાં હોય એનો વિરોધ નથી. આશ્રિત હોવાને લીધે જીવને પણ બ્રહ્મનો આધાર છે તેથી તેના ધર્મો પણ ભગવાનને આશ્રિત છે. इह (=અહીં બંને સાથે જોડાય છે. આવું બ્રહ્મવાદમાં છે.[૭] મુખ્ય પ્રાણમાં તદ્યોગને લીધે તેની સાથેનો યોગ તે તદ્યોગ, તેથી. પ્રાણના ધર્મો ભગવાનમાં વિરુદ્ધ નથી. પ્રાણનો ભગવાન સાથે સંબંધ છે એટલે તેના ધર્મોનો પણ ભગવાન સાથે સંબંધ છે.

અથવા[૮] વક્તૃત્વ વગેરે જીવના ધર્મો નથી પણ બ્રહ્મના જ ધર્મો છે. આશ્રિત હોવાથી એ જીવમાં ભાસે છે.'' (જીવનું કર્તૃત્વ વગેરે) પરમાંથી આવે છે, કારણ કે તેવી શ્રુતિ છે'' (બ્ર.સૂ. ૨.૩.૪૧) તેને આધારે (આમ માનવાનું છે) પ્રાણ અંગે પણ તેવું જ છે. સુષુપ્તિ અને બ્રહ્મસંપત્તિમાં જીવ બ્રહ્મનો આશ્રિત છે. આધ્યાત્મિક અને આધિદૈવિક રૂપને લીધે સંયોગ નથી. પ્રાણમાં તો સંયોગ જ છે.[૯] એટલે બધા ધર્મો બ્રહ્મમાં ઘટી શકે છે. ભગવાનની ક્રિયાશક્તિ (પ્રાણ) અને જ્ઞાનશક્તિ (જીવ)નું દેહમાં સાથે જ સ્થાન અને ઉત્ક્રમણ હોવાથી સહોત્ક્રમ પણ (સમજાવી શકાય છે) આમ બધું જ ભગવાનને આધીન છે એમ સમજાય છે.

(શંકા) ''પ્રાણ બ્રહ્મ છે કારણ કે એવો સમન્વય છે'' (બ્ર.સૂ. ૧.૧.૨૭) અનુસાર પ્રાણ શબ્દથી બ્રહ્મનું પ્રતિપાદન થયું છે તો ધર્મોનું ઉત્ક્રમણ કઈ રીતે થાય ? આમ કહો તો (જવાબ) અમે કહીએ કે ધર્મ અને ધર્મીના એકત્વ અને પૃથક્ત્વનો નિર્દેશ છે. ''હું ખરેખર એમાં પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું'' (કૌ. ૩.૨) (=એમ કહ્યું છે) અહીં બ્રહ્મ ક્રિયાશક્તિમાન અને જ્ઞાનશક્તિમાન છે એવો નિર્દેશ છે. આ પછી ''જે પ્રાણ તે પ્રજ્ઞા, જે પ્રજ્ઞા તે પ્રાણ'' (કૌ. ૩.૩) એમ ઉપસંહાર સુધી પ્રત્યેક ધર્મની પ્રશંસા છે. પછી તે બેના જ ઉત્ક્રમણ-પ્રવેશથી ''આ શરીરમાં સાથે જ રહે છે, સાથે જ ઉત્ક્રમણ કરે છે'' (કૌ. ૩.૩) એમ ઉપક્રમ કરીને

સુષુપ્તિ
કહીને
ઉપસં
(કૌ.
૩.૬)
નિરાક
જાણવ
પછી
અભિન્
૩.૯)
ભગવાન
એક જ
એવો મ

૧.
મુદ્દો છે.
પણ ઇન
હોવાથી
રહે છે.
૨.
જણાવ્યું
બીજું આ
બ્રહ્મલિંગ
માત્રનો સ
કહ્યું છે ત
છે. વળી
બાધક છે.
૩.
વાક્યાર્થો
વાક્યોમાં
ચૈતન્ય મા
પણ જો લ
છે અને બ્ર

સુષુપ્તિ, મુર્છા અને મૃત્યુની અવસ્થામાં બધી ઇન્દ્રિયો પ્રાણને આધારે છે એમ કહીને આસન્ય પ્રાણની વ્યાવૃત્તિ માટે પ્રજ્ઞા સાથેના **ઐક્યનું** પ્રતિપાદન કરીને ઉપસંહાર **કરે છે**. પછી જ્ઞાનશક્તિનો ઉત્કર્ષ કહેવા માટે ''પછી જેમ પ્રજ્ઞામાં'' (કૌ. ૩.૪) **એમ** આરંભ કરીને ''પ્રજ્ઞા વિના કોઈ અર્થ સિદ્ધ ન થાય'' (કૌ. ૩.૬) સુધીમાં જ્ઞાનશક્તિના ઉત્કર્ષનું પ્રતિપાદન કરીને, એના ધર્મમાત્રત્વના નિરાકરણ માટે ''જાણી શકાય નહિ'' (કૌ. ૩.૭) થી શરૂ કરીને ''માનનારને જાણવો'' (કૌ. ૩.૮) સુધીમાં જ્ઞાનશક્તિવાળા ભગવાનનો નિર્દેશ કરે છે. ત્યાર પછી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિના વિષયરૂપ ભૂતમાત્રારૂપી જગત્ ભગવાનથી અભિન્ન છે એમ બતાવવા ''તે આ પ્રજ્ઞાત્મા, આનંદ, અજર, અમૃત'' (કૌ. ૩.૯) એમ બ્રહ્મધર્મોથી ઉપસંહાર કરે છે. એટલે ક્રિયા-જ્ઞાનના વિષયરૂપ ભગવાન જ છે એમ પ્રતિપાદન કરીને; એટલું જ નહિ પણ એથી પણ અધિક એમ એક જ ઉપાસનાનું વિધાન છે. તેથી જડ-જવરૂપ હોવાથી બ્રહ્મ જ સર્વાત્મક છે એવો મહાવાક્યનો અર્થ સિદ્ધ થયો છે.

ટિપ્પણ

૧. **प्राणा किमासन्यो ब्रह्म वेति** - અહં સંદેહ દ્વિકોટિક છે કે ચતુષ્કોટિક છે એ મુદ્દો છે. એક રીતે જોતાં મુખ્ય પ્રાણ, દેવતાત્મા, જીવ કે બ્રહ્મ એમ ચાર કોટિ છે; પણ ઇન્દ્રે પોતાનું પ્રાણ તરીકે પ્રતિપાદન કર્યું છે. વળી પ્રજ્ઞા શબ્દ બુદ્ધિવાચક હોવાથી ચેતન ધર્મોનો તેમાં ઉપચાર થતાં માત્ર પ્રાણ અને બ્રહ્મ એમ બે જ કોટિઓ રહે છે.

૨. **अत एव प्राण इत्यत्र प्राणशब्दमात्रे संदेहः** - બ્રહ્મસૂત્ર ૧.૧.૨૨ માં જણાવ્યું છે કે છાન્દોગ્યના વાક્યમાં પ્રાણ શબ્દની ચર્ચા આવી ગઈ જ છે તો પછી બીજું **અધિકરણ** શા માટે રચ્યું એ પ્રશ્ન છે. ૧.૧.૨૨ માં જે વિષયવાક્ય છે તેમાં બ્રહ્મલિંગનું અસ્તિત્વ છે એટલે પ્રાણ શબ્દનો પ્રયોગ શાથી કર્યો છે એવો શબ્દ માત્રનો સંદેહ છે. પ્રસ્તુત સૂત્રમાં જે વિષયવાક્ય છે તેમાં પ્રાણને માટે પ્રજ્ઞાત્મત્વ કહ્યું છે તથા આયુષ્યનું ઉપપાદન કર્યું છે. આમ હોવાથી પ્રાણ શબ્દના અર્થમાં સંદેહ છે. વળી જીવ, મુખ્ય પ્રાણ આદિનાં લિંગ પણ મળે છે, જે બ્રહ્મના અર્થ માટે બાધક છે. **આમ હોવાથી** જુદું અધિકરણ રચેલું છે.

૩. **केवलस्य चैतन्यमात्रस्य तादृशे ब्रह्मण्यैक्यावगतिविरोधात्तत्त्वमस्यादि वाक्यार्थोऽध्यवसीयते ।** - જીવ અને બ્રહ્મની એકતાનું જ્ઞાન तत्त्वमसि જેવાં વાક્યોમાં ભાગત્યાગ લક્ષણા લેવાથી જ થઈ શકે. આવો અર્થ લેતાં જીવ નિર્વિશેષ ચૈતન્ય માત્ર છે : બ્રહ્મ પણ નિર્વિશેષ ચૈતન્યમાત્ર છે એટલે ઐક્ય સમજી શકાય; પણ જો લક્ષણા ન લઈને માત્ર જીવ બ્રહ્મ છે એમ જ **સમજીએ** તો જીવ અલ્પજ્ઞ છે અને બ્રહ્મ સર્વજ્ઞ છે એમ હોવાથી વિરોધ આવે. જો ભાગત્યાગ લક્ષણાથી કેવલ

ચૈતન્યમાત્ર સમજવાનું હોય તો બ્રહ્મના ધર્મો પણ કહ્યા ન હોત. આથી કહે છે કે બ્રહ્મના ધર્મો જીવમાં કહેવા શક્ય નથી.

૪. **असंप्रज्ञातसमाधौ** - યોગમાં સમાધિના બે પ્રકાર છે. જેમાં બાહ્ય જ્ઞાન હોય તે સંપ્રજ્ઞાત અને બાહ્ય જ્ઞાનનો અભાવ હોય તે અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે.

૫. **बाणम्** - બાણનો અર્થ શરીર થાય છે. વ્યુત્પત્તિથી - एतच्छरीरं वाति गच्छति इति वाणम्, बवयोरभेदात् बाणम् । બાણ અને શરીર બંને ગતિશીલ, અસ્થિર છે.

૬. **वाक्यभेदप्रसङ्गान्न युक्तम्** - જો ત્રણ અર્થાત્ જીવ, મુખ્ય પ્રાણ અને બ્રહ્મને સ્વતંત્ર માનવામાં આવે તો આ શ્રુતિમાં ત્રણ પ્રકારની ઉપાસના સ્વીકારવી પડે. मामेव विजानीहि એ વાક્યમાં माम् ના ત્રણ અર્થો લેવા પડે. વળી વાક્યમાં આવતો एव શબ્દ સમજાવી શકાય નહિ.

૭. **इहेत्युभयत्र संबंधो ब्रह्मवादे** - સૂત્રમાં इह શબ્દ છે તે બંને आश्रितत्वात् અને तद्योगात् સાથે જોડીને અર્થ કરવાનો છે. બ્રહ્મવાદમાં આવો અર્થ છે એ સમજાવતાં ટીકાકારો કહે છે કે માયાવાદમાં આ અર્થ નથી. માયાવાદમાં આશ્રય-આશ્રયીનો સંબંધ સ્વીકાર્યો નથી કારણ કે જીવ અને બ્રહ્મ વચ્ચે સંપૂર્ણ અભેદ છે.

૮. **अथवा वक्तृत्वादयो...** - પહેલાં એક રીતે સમજાવ્યા પછી અહીં બીજી રીતે અર્થઘટન કરેલું છે. જીવ તથા પ્રાણના ધર્મોનો ભગવાન સાથેનો સંબંધ સાક્ષાત નહિ પણ પરંપરાથી છે એટલા લક્ષણા જેવું સ્વીકારવું પડે છે; તેથી બીજું અર્થઘટન આપેલું છે.

૯. **प्राणस्य तु संयोग एव** - સુષુપ્તિ અને સંપત્તિમાં જીવ બ્રહ્મને આશ્રિત છે. એમાં સંયોગ નથી પણ તાદાત્મ્ય છે. ''यस्तु आध्यात्मिकः प्रोक्तः सोसावेवाधिदैविकः'' એ વચનાનુસાર આધ્યાત્મિક અને આધિદૈવિક રૂપને લીધે અભેદ છે, સંયોગ નથી. પ્રાણ ભૌતિક હોવાથી એનો સંયોગ જ ઘટે છે.

❖

॥ प्रथमेऽध्याये द्वितीयः पादः ॥

समन्वये प्रथमेध्याये सर्वेषां वेदान्तानां ब्रह्मणि समन्वयो वक्तव्यः। तत्रोद्गीथाद्युपासनावाक्यानां मुख्यवाक्येषु फलोपकार्यङ्गत्वम् ब्रह्मवाक्यानां पुनर्निःसन्दिग्धानां समन्वयः स्वतः सिद्धः। सन्दिग्धानि द्विविधानि शब्दतोऽर्थतश्च। तदर्थश्चैतद्विचारितं ब्रह्मणि व्यवहारोस्ति कच्चिन्न वेति। तत्र प्रथमसूत्र एव व्यवहारः स्थापितः। 'यतो वाचो निवर्तन्त' इत्यादीनां विशेषेणेदमित्थतया निरूपणनिषेधनपरत्वम्। एवमेव कार्यसिद्धेः। अधीतानां ब्रह्मवाक्यानाञ्चतुर्लक्षण्या ब्रह्मपरत्वे सिद्धे श्रवणं सिद्धयति श्रुतस्य कालान्तरेऽप्यसम्भावनाविपरीतभावनानिवृत्त्यर्थ पूर्वस्थितानामङ्गानामनपेक्षितानामुद्वापेनान्येषामपेक्षितानामावापेन तस्यैवार्थस्य निर्धारणे मननं भवति। ततोऽप्येवं ध्यानादिसमाध्यन्तरूपनिदिध्यासनरूपं मनसि सर्वतोनिवृत्तव्यापारे स्वयमुपलब्धनिजसुखानुभवरूपं ब्रह्म। इदमेव ब्रह्मज्ञानमिति। अतस्तादृशस्यानुभवैकवेद्यत्वाद्युक्तमबिषयत्वं पाकभोजनतृप्तिवत्। अतः श्रवणाङ्गमीमांसायां माहात्म्यज्ञानफलायां भगवद्वाक्यानामन्यपरत्वेन्यवाक्यानाञ्च भगवत्परत्वे दिव्यधर्मादिव्यधर्मव्यत्यासेन वैपरीत्यं फलमापद्येत। तदर्थ दिव्यधर्मनिर्धारो द्वितीयाधिकरणे विचारितः। वेदा एव वाचका अलौकिकमेव कर्मेति। ततः पूर्णलौकिकत्वाय विधिनिषेधमुखेनाधिकरणद्वयं समन्वयेक्षतिरूपं, तदनु प्रथमे पादे शाब्दसन्देहो निवारितो निश्चितार्थे तत्रापि प्रथमं प्रत्ययसन्देहो निवारितो द्वयेन। प्रकृतिसम्बन्धोप्यधिकरणत्रयेण पुनरन्तिममधिकरणं संश्लेषनिराकरणाय। एवं प्रथमे पादे शब्दसन्देहो निवारितः।

ये पुनः कचित्सगुणनिर्गुणभेदं प्रतिपादयन्ति ते स्वयमेव स्वस्य ब्रह्मजिज्ञासानधिकरं बोधयन्ति। ब्रह्मवादे सांख्यानामिव गुणानामनङ्गीकारात् भौतिकगुणानामसम्बन्धार्थमेव ह्यध्यायारम्भः। अन्यथा सर्वस्यापि तत्कारणत्वेन तत्सम्बन्धस्य विद्यमानत्वाद् अन्यनिराकारणेन तत्प्रतिपादकत्वनिर्धारकाधिकरणानां वैयर्थ्यमेव।

अर्थसन्देहनिराकरणार्थ द्वितीयाधारम्भः। तत्रार्थो द्विविधो जीवजडात्मकः प्रत्येकसमुदायाम्यां त्रिविधः। तत्र प्रथमं जीवपुरःसरेण सन्देहा निवार्यन्ते।

इदमाम्नायते। 'सर्व खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत अथ खलु क्रतुमयः पुरुषो यथा क्रतुरस्मिन् लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत मनोमयः प्राणशरीर' इत्यादि। तत्र वाक्योपक्रमे 'सर्व खल्विदं ब्रह्मे'ति सर्वस्य ब्रह्मत्वं प्रतिज्ञाय 'तज्जलान्' इति सर्वविशेषणं हेतुत्वेनोक्त्वा तत्त्वेनोपासनमुक्ते नचायं शमविधिः। वाक्यार्थे लक्षणाप्रसङ्गात्। कारणत्वेन सामान्यत एव सिद्धत्वाच्च। अतः सर्वजगतो ब्रह्मत्वेनोपासनमुक्तम्। इदमेव पुराणादिषु विराट्त्वेनोपासनम्। अतः परमग्रिमवाक्यार्थे सन्देहः 'क्रतुं कुर्वीते'ति। क्रतुर्धर्मो यज्ञ इति यावत्। तस्य स्वरूपं 'मनोमयः प्राणशरीर' इति उपासनाप्रकरणत्वादुपासनैवैषा। तत्र 'मनोमय' इति प्रमाणभूतो वेद उक्तः। 'प्राणशरीर' इति कार्यकारणयोरभेदोपचारः। अग्रे सत्यसङ्कल्पादिधर्मवचनात् किमयं विज्ञानमयो जीवो ब्रह्मत्वेनोपास्य उत ब्रह्मैवान्तर्यामी यः पुराणेषु सूक्ष्म उक्तः।

तत्र पूर्ववाक्ये जडस्य जगतो ब्रह्मत्वेनोपासनस्योक्तत्वात् जीवस्यापि ब्रह्मत्वेनोपासनमेव युक्तं न त्वाहत्यैव ब्रह्मवाक्यं भवितुमर्हतीति । 'विज्ञानं ब्रह्म चेद्वेदे' ति शाखान्तरे स्पष्टत्वाच्च, तस्मात्कार्यकारणयोरभेदाज्जीव एव ब्रह्मत्वेनोपास्य इति प्राप्ते, उच्यते ।

सर्वत्र प्रसिद्धोपदेशात् ।१। (१-२-१)

'अथ खल्विं' त्यादि ब्रह्मवाक्यमेव । कुतः । सर्वत्र प्रसिद्धोपदेशात् । 'कुर्वीते'त्युपदेशो, न तूपासना । तत्र परमशान्तस्य सर्वस्य जगतो ब्रह्मत्वेनोपासनया शुद्धान्तःकरणस्य सर्ववेदान्तप्रसिद्धब्रह्मोपदेश एव युक्तो मननरूपः । न तु क्वचित् प्रसिद्धस्य जीवस्योपासना, शाखान्तरे त्वग्रे आनन्दमयस्य वक्तव्यत्वात् तथा युक्तं न त्विह तथा । तस्मादानन्दरूपप्राणशरीररूपो वाक्यार्थः ॥१॥

ननु 'क्रतुमयः पुरुष' इति यथासङ्कल्पमग्रिमदेहकथनात् लोकान्तरमभाविफलार्थमन्योपासनैव तु युक्ता न तु ब्रह्मज्ञानस्य तादृशं फलं युक्तमित्याशङ्क्य परिहरति-

विवक्षितगुणोपपत्तेश्च ॥२॥

विवक्षिता लोकान्तरे तादृशरूपप्राप्तिः सा प्रकृतेऽप्युपपद्यते । भगवत्स्वरूपलाभात् सारूप्यलाभाद्वा । न च व्याप्तिरुक्तेत्यधमप्राप्त्युपायो युक्तः । सत्यसङ्कल्पादिवचनं च ब्रह्मवाक्यत्वपोपकमिति चकारार्थः ॥२॥

नन्वेतावतापि नैकान्ततो ब्रह्मवाक्यत्वमुपपत्तेरुभयत्रापि तुल्यत्वादित्याशङ्क्य परिहरति-

अनुपपत्तेस्तु न शारीरः ॥३॥

न च प्राणशरीररूपो जीवो भवति । तिरोहितानन्दत्वेन निराकारत्वात् । अध्यासेन तथात्वे त्वनुपास्यत्वमेव । इदानीमेवोपासकस्यापि तथात्वात् । न च प्राणादेर्लौकिकत्वाम् । उपदेशानर्थक्यप्रसङ्गात् । अत आनन्दरूपप्राणशरीररूपत्वाभावान्न वाक्यार्थो जीवः । पूर्वपक्षस्यात्रैव निवृत्तत्वात् तुशब्दः । विज्ञानमये तु प्राप्ताप्राप्तविवेकेन धर्मस्यैवोपासना ॥३॥

ननु प्राप्तव्यतादृशरूपफलाभिप्रायं भविष्यतीति परिहरति ।

कर्मकर्तृव्यपदेशाच्च ॥४॥

'एतमितः प्रेत्याभिसम्भवितास्मी' ति, 'यस्य स्यादद्धा न विचिकित्सास्तीति ह स्माह शाण्डिल्य' इति अग्रे फलवाक्यम् । तं प्राणशरीररूपं कर्मत्वेन ध्येयत्वेन प्राप्यत्वेन च व्यपदिशति । कर्तृत्वेन च शारीरं व्यपदिशति न च भजनीयरूपाकथने तादृशं फलं सिध्यतीति । चकारार्थः अधिकरणसम्पूर्णत्वद्योतकश्च ॥४॥

इति प्रथमं सर्वत्रप्रसिद्धोपदेशाधिकरणम् ॥

અધ્યાય-૧ : પાદ-૨

અધિકરણ ૧

સર્વત્ર પ્રસિદ્ધોપદેશાધિકરણ

સૂત્ર ૧.૨.૧-૪

સમન્વય નામે પ્રથમ અધ્યાયમાં બધા વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય કહેવાનો

છે. તેમાં ઉદ્‌ગીથ વગેરે ઉપાસનાવાક્યો મુખ્ય વાક્યોમાં જણાવેલા ફલને ઉપકારક છે તેથી તેનાં અંગભૂત છે. નિઃસંદિગ્ધ બ્રહ્મવાક્યોનો સમન્વય સ્વતઃ સિદ્ધ છે. સંદિગ્ધ વાક્યો બે પ્રકારનાં છે : શબ્દતઃ અને અર્થતઃ તે માટે આવો વિચાર કર્યો કે બ્રહ્મમાં વ્યવહાર છે કે નથી. ત્યાં પ્રથમ સૂત્રમાં જ વ્યવહારની સ્થાપના છે. ''જ્યાંથી વાણી પાછી ફરે છે.'' (તૈ. ૨.૪) ઇત્યાદિ વાક્યોમાં બ્રહ્મ આવું છે એવા વિશેષ નિરૂપણનો નિષેધ કરે છે; કારણ કે આ રીતે જ કાર્ય સિદ્ધ થાય છે. જેનું અધ્યયન કરેલું છે એવાં બ્રહ્મવાક્યો બ્રહ્મપરક છે એમ ચતુર્લક્ષણી (બ્રહ્મસૂત્રો)માં સિદ્ધ થતાં શ્રવણ સિદ્ધ થાય છે. જેનું શ્રવણ થયું હોય તેમાં પાછળથી પણ અસંભાવના અને વિપરીત ભાવના ન થાય એ હેતુથી તેમાં રહેલાં અંગોમાંથી અનપેક્ષિતનો ત્યાગ અને અપેક્ષિતનો સ્વીકાર કરીને તે જ અર્થનો નિર્ધાર કરવો એ મનન થાય છે. તે પછી ધ્યાનથી સમાધિ સુધીનું (તે) નિદિધ્યાસનરૂપ[1]; મનમાં બધી બાજુએથી વ્યાપારો નિવૃત્ત થાય ત્યારે જાતે જ પોતાના સુખના અનુભવરૂપ બ્રહ્મ છે. આ જ બ્રહ્મજ્ઞાન છે. એટલે તેવું બ્રહ્મ માત્ર અનુભવથી જ સમજી શકાય એવું હોવાથી એ વિષય નથી તે યોગ્ય છે. પાક ભોજનની તૃપ્તિની માફક (એ સમજવાનું છે.) આથી માહાત્મ્યજ્ઞાનરૂપી ફળ આપનારી અને શ્રવણની અંગભૂત એવી મીમાંસામાં ભગવાન વિશેનાં વાક્યો બીજા માટેનાં એમ માનવામાં આવે તો દિવ્ય અને અદિવ્ય ધર્મોનો ફેરફાર થઈ જતાં વિપરીત ફલ આવી પડે. તે માટે દિવ્ય ધર્મનો નિર્ણય બીજા અધિકરણમાં વિચાર્યો છે. વેદો જ વાચક છે અને કર્મ અલૌકિક જ[2] છે. પછી પૂર્ણ અલૌકિકત્વ માટે વિધિ અને નિષેધમુખે સમન્વય અને ઈક્ષતિ એમ બે અધિકરણો આપ્યાં છે. ત્યાર પછી પ્રથમ પાદમાં નિશ્ચિત અર્થમાં શબ્દનો સંદેહ દૂર કર્યો છે. તેમાં પણ પ્રથમ બે (आनन्दमय અને अन्तस्तद्धर्म અધિકરણોથી) પ્રત્યય વિશેના સંદેહનું નિવારણ કર્યું છે. પ્રકૃતિ સાથે સંબંધ રાખતો સંદેહ ત્રણ અધિકરણો (तल्लिङ्ग, अतिदेश અને ज्योतिः) થી (દૂર કર્યો છે). છેલ્લું અધિકરણ (अनुगम) સંશ્લેષના[3] નિરાકરણ માટે છે. આમ પહેલા પાદમાં શબ્દસંદેહનું નિવારણ કર્યું છે.

જે કેટલાક[4] કોઈક વાર સગુણ-નિર્ગુણના ભેદનું પ્રતિપાદન કરે છે તેઓ જાતે જ દર્શાવે છે કે તેઓ બ્રહ્મજિજ્ઞાસાના અધિકારી નથી. બ્રહ્મવાદમાં સાંખ્યની માફક ગુણોનો સ્વીકાર કર્યો નથી. ભૌતિક ગુણોના સંબંધના અભાવ માટે જ અધ્યાયનો આરંભ કયો છે. નહિ તો તે બધાનું જ કારણ હોવાથી તેની સાથેના સંબંધ છે. એટલે બીજાના નિરાકરણ દ્વારા તેના પ્રતિપાદનનો નિર્ણય કરતાં અધિકરણ વ્યર્થ જ બની જાય છે.

અર્થસંદેહના નિરાકરણ માટે બીજા વગેરે પાદનો આરંભ કરેલો છે. તેમાં અર્થ બે પ્રકારનો છે : જીવ અને જડ; દરેક જુદાં અને ભેગાં ગણાતાં ત્રણ પ્રકારનો થાય છે. તેમાં પ્રથમ જીવ અંગેના સંદેહોનું નિવારણ કરવામાં આવે છે.

શ્રુતિમાં કહ્યું છે : ''આ બધું ખરેખર બ્રહ્મ છે - તેમાંથી જન્મ, લય, સ્થિતિ છે.[૫] શાન્ત થઈને ઉપાસના કરવી'' હવે ખરેખર પુરુષ ક્રતુમય છે : આ લોકમાં પુરુષ જેવો ક્રતુ કરે છે. તેવો અહીંથી જઈને બને છે. તેણે ક્રતુ કરવો.'' (છા. ૩.૧૪.૧) ''મનોનય પ્રાણશરીર'' (છા. ૩.૧૪.૨) ઇત્યાદિ. તેમાં વાક્યના આરંભમાં ''આ બધું ખરેખર બ્રહ્મ છે'' એમ સર્વના બ્રહ્મત્વની પ્રતિજ્ઞા કરીને તજ્જલાન્ એમ સર્વના વિશેષણરૂપે હેતુ તરીકે કહીને તે સ્વરૂપે ઉપાસના કહી છે. આ શમવિધિ નથી, કારણ કે વાક્યાર્થમાં લક્ષણા આવે,[૬] વળી કારણ તરીકે સામાન્ય રીતે જ સિદ્ધ છે એટલે આખા જગતની બ્રહ્મ તરીકે ઉપાસના કહી છે. આને જ પુરાણો વગેરેમાં વિરાટ્ તરીકે ઉપાસના કહી છે. આના પછી આગલા વાક્યમાં સંદેહ છે. ''ક્રતુ કરો''. ક્રતુ એટલે ધર્મ અર્થાત્ યજ્ઞ. તેનું સ્વરૂપ ''મનોમય પ્રાણશરીર'' છે. ઉપાસનાનું પ્રકરણ છે. માટે આ ઉપાસના જ છે. તેમાં મનોમય એટલે પ્રમાણભૂત વેદ કહ્યો છે. પ્રાણશરીર એ કાર્યકારણનો અભેદોપચાર[૭] છે. આગળ સત્યસંકલ્પ વગેર ધર્મો કહ્યા હોવાથી જેની બ્રહ્મ તરીકે ઉપાસના કરવાની છે એવો આ વિજ્ઞાનમય જીવ છે કે જેને પુરાણોમાં સૂક્ષ્મ તરીકે કહ્યો છે તે બ્રહ્મ જ અન્તર્યામી છે ?

સૂત્ર-૧ : (પૂર્વપક્ષ) તેમાં આગલા વાક્યમાં જડ જગતની બ્રહ્મ તરીકે ઉપાસના જ યોગ્ય છે. એકદમ જ આને બ્રહ્મવાક્ય ગણવું યોગ્ય નથી. બીજી શાખામાં ''વિજ્ઞાનને જો બ્રહ્મ જાણે'' (તૈ. ૨.૫) એવી સ્પષ્ટતા છે. તેથી કાર્યકારણના આ ભેદને લીધે જીવની જ બ્રહ્મ તરીકે ઉપાસના કરવી એમ પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે.

બધે પ્રસિદ્ધ એવા બ્રહ્મનો ઉપદેશ છે તેથી (૧.૨.૧)

''હવે ખરેખર'' (છા. ૩.૧૪.૧) એ બ્રહ્મવાક્ય જ છે. શાથી ? સર્વત્ર પ્રસિદ્ધ એવા બ્રહ્મનો ઉપદેશ હોવાથી. ''કરવું જોઈએ'' એ ઉપદેશ છે, ઉપાસના નથી. તેમાં પરમ શાન્ત અને આખા જગતની બ્રહ્મ તરીકે ઉપાસના કરવાને લીધે શુદ્ધ અન્તઃકરણવાળાને મતે સર્વવેદાન્તોમાં પ્રસિદ્ધ એવા બ્રહ્મનો જ મનનરૂપ ઉપદેશ કરેલો છે; કોઈ સિદ્ધ જીવની ઉપાસના (કહી) નથી.

બીજી શાખામાં તો આગળ આનન્દમયનું વર્ણન કરવાનું હોવાથી તેમ માનવું યોગ્ય છે,[૮] પણ અહીં તેવું નથી. એટલે આનન્દરૂપી પ્રાણશરીરરૂપ (બ્રહ્મ) વાક્યાર્થ છે.

સૂત્ર-૨ : ''ક્રતુમય પુરુષ'' (છા. ૩.૧૪.૧) એમ સંકલ્પ અનુસાર આગલો દેહ કહ્યો છે, તેથી બીજા લોકમાં ભવિષ્યમાં પ્રાપ્ત થતા ફલને માટે અન્યની ઉપાસના જ યોગ્ય છે; બ્રહ્મજ્ઞાનનું તેવું ફલ યોગ્ય નથી એવી શંકા કરીને પરિહાર કરે છે.

જે કહેવાની ઇચ્છા છે તેવા ગુણને ઘટાવી શકાય એમ હોવાથી. (૧.૨.૨)

બીજા લોકમાં તેવા રૂપની પ્રાપ્તિ વિવક્ષિત છે તે અહીં પણ બંધબેસતી થાય છે; કારણ કે તેમાં ભગવાનના સ્વરૂપનો અથવા તેના જેવા સ્વરૂપનો લાભ થાય છે.

વ્યાપ્તિ કહી છે માટે અધમની પ્રાપ્તિનો ઉપાય યોગ્ય છે એવું નથી.[૯] "સત્ય-સંકલ્પ" વગેરે વચન આ બ્રહ્મવાક્ય હોવાનું પોષક છે એવો ચ નો અર્થ છે.

સૂત્ર - ૩ : પૂર્વપક્ષી કહે છે કે એટલા માત્રથી બ્રહ્મનું જ વાક્ય છે એમ સંપૂર્ણ રીતે પુરવાર થતું નથી, કારણ કે બન્નેમાં યુક્તિ સમાન છે એવી શંકા કરીને પરિહાર કરે છે.

ઉપપત્તિ ન હોવાથી શારીર (જીવ) નથી. (૧.૨.૩)

પ્રાણશરીરરૂપ જીવ નથી, કારણ કે તેમાં આનન્દ તિરોહિત હોવાથી એ નિરાકાર છે. અધ્યાસ દ્વારા તે પ્રકારનો માનતાં એની ઉપાસના કરવાની માની શકાય નહિ.[૧૦] હવે ઉપાસક પણ એવો જ બને. પ્રાણ વગેરેને લૌકિક કહેવાય નહિ, કારણ કે તો ઉપદેશ નિરર્થક થઈ જાય એટલે આનન્દરૂપી પ્રાણશરીરરૂપના અભાવને લીધે જીવ વાક્યનો અર્થ નથી. પૂર્વપક્ષ અહીં જ નિવૃત્ત થવાથી તુ શબ્દ છે. વિજ્ઞાનમયમાં તો પ્રાપ્ત અને અપ્રાપ્તના વિવેકથી[૧૧] ધર્મની જ ઉપાસના છે.

સૂત્ર-૪ : પ્રાપ્ત કરવા યોગ્ય તેવા અર્થાત્ પ્રાણશરીરરૂપ ફલનો અભિપ્રાય આપતું આ વાક્ય છે એવી શંકાનો પરિહાર કરે છે-

અને કર્મ તથા કર્તાનું કથન હોવાથી. (૧.૨.૪)

"અહીંથી જઈને એને પ્રાપ્ત કરીશ. જેને આ થાય તેને શંકા જતી નથી એમ શાંડિલ્ય કહેતા હતાં." (છા. ૩.૧૪.૪) આવું ફલવાક્ય આગળ છે. આ પ્રાણશરીરરૂપનું કર્મ તરીકે, ધ્યેય (ધ્યાન કરવા યોગ્ય) તરીકે અને પ્રાપ્ત કરવા યોગ્ય તરીકે વર્ણન છે. કર્તા તરીકે શારીરનું કથન છે. ભજનને યોગ્ય એવા (પરમાત્માના) રૂપનું વર્ણન ન કરવામાં આવે તો તેવા ફળની સિદ્ધિ થતી નથી એમ ચ શબ્દનો અર્થ છે. ઉપરાંત તે અધિકરણ પૂરું થયું એમ બતાવે છે.

ટિપ્પણ

૧. **निदिध्यासनरूपम्** - પુરુષોત્તમજી નોંધે છે કે रूप શબ્દ વિના માત્ર निदिध्यासनम् એવો પણ પાઠ છે, જો કે અર્થમાં કોઈ ફેર પડતો નથી.

૨. **अलौकिकमेव कर्म** - જગત્‌ના જન્મ વગેરેનું કર્તૃત્વ એ અલૌકિક કર્મ છે.

૩. **संश्लेषनिराकरणाय** - અહીં જીવ અર્થાત્ ચિત્ અને મુખ્ય પ્રાણ એટલે અચિત્. અંતર્યામિ બ્રાહ્મણમાં એમને શરીર તરીકે કહ્યા હોવાથી પરબ્રહ્મ સાથે એના સંશ્લેષ-સંબન્ધનો સંદેહ થાય છે. તે દૂર કરવા માટે છેલ્લું અધિકરણ છે.

૪. **ये पुनः केचित्** - પુરુષોત્તમજી केचिदेकदेशिनः કહે છે. ગોપેશ્વરજીને મતે શંકરમતવાદીઓ છે.

૫. **तज्जलान्** - અહીં तत्, ज, ल, અને अन् સમજવાનાં છે. तत् એટલે તેમાંથી, બ્રહ્મથી ઉત્પન્ન થાય છે - जायते - તે ज; લય પામે છે - लीयते - તે ल અને શ્વાસ લે છે, જીવે છે - अनिति - તે अन

૬. **न चायं शमाविधिः । वाक्यार्थे-लक्षणाप्रसङ्गात्** - શ્રુતિમાં शान्त उपासीत એમ કહ્યું છે. એને શમવિધિ માનીએ તો કહેલી ઉપાસના માટે શમનું સંપાદન કરવું જોઈએ એવો અર્થ થાય. शान्त શબ્દ શમનો તો उपासीत ઉપાસનાના સંપાદનનો નિર્દેશ કરે છે એટલે शान्त અને उपासीत બન્ને શબ્દો લક્ષણાથી અર્થ આપે રશ્મિમાં કહ્યું : शान्त इत्यस्य शमोपलक्षकत्वमाधेयता-संबन्धेन उपासनायाः संपादनलक्षकत्वं कार्यतासंबन्धेन इत्येवं पदद्वयेऽपि लक्षणापत्त्येत्यर्थः ।

૭. **प्राणशरीर इति कार्यकारणयोरभेदोपचारः** - વેદ બ્રહ્મ છે અને પ્રાણ એ બ્રહ્મનું કાર્ય છે. એટલે 'પ્રાણશરીર' એમાં પ્રાણરૂપી કાર્ય અને વેદાત્મક બ્રહ્મરૂપે કારણનો અભેદોપચાર છે.

૮. **शाखान्तरे** - તૈત્તીરીય ઉપનિષદ્‌માં મનોમય, વિજ્ઞાનમય આદિ કહ્યા પછી આગળ કહ્યું છે કે વિજ્ઞાનમયની અંદર આનન્દમય આત્મા છે. એટલે મનોમયની બ્રહ્મ તરીકેની ઉપાસના નથી; જ્યારે અહીં એવું નથી.

૯. **न च व्याप्तिरुक्ता इत्यधमप्राप्त्युपायो युक्तः** - પૂર્વપક્ષી માને છે કે ક્રતુમય પુરુષ આદિથી વ્યાપ્તિ સિદ્ધ થાય છે કે જે પ્રકારનો સંકલ્પ હોય તેવો દેહ પ્રાપ્ત થાય છે. વળી જ્યાં દેહ હોય ત્યાં પ્રાકૃતત્વ હોય છે. આમ અધમ કહેવાય એવા પ્રાકૃત દેહની પ્રાપ્તિનો ઉપાય તો જીવની ઉપાસના જ હોઈ શકે. આચાર્યશ્રી તો આવું નથી એમ જ કહે છે - પુરુષોત્તમજી અહીં સ્પષ્ટતા કરતાં કહે છે કે પરમ શાન્ત એવા ઉપાસકનું અંતઃકરણ ઉપાસનાને લીધે શુદ્ધ હોય છે. એને કોઈ અશુદ્ધ સંકલ્પ થતો નથી એટલે પ્રાકૃત દેહ સાથેનો સંબન્ધ પણ સંભવતો નથી.

૧૦. **अध्यासेन तथात्वे त्वनुपास्यत्वमेव** - જીવમાં આનન્દાકાર આરોપિત છે એમ અધ્યાસ ગણી શકાય નહિ, કારણ કે મુક્તિની પહેલાં જીવ અધ્યસ્ત પ્રાણશરીરવાળો છે એમ ઉપાસક જ એવો હોવાથી ઉપાસના કરવાની આવતી નથી.

૧૧. **प्राप्ताप्राप्तविवेकेन धर्मस्यैवोपासना** - અહીં વિજ્ઞાનમયના સંબંધમાં જણાવ્યું છે કે એને જીવત્વ પ્રાપ્ત છે અને આનન્દરૂપત્વ અપ્રાપ્ત છે. અપ્રાપ્તની અપેક્ષાએ પ્રાપ્ત બલવાન હોવાથી ભગવાનમાં વૃત્તિવાળા જીવની જ ઉપાસના યોગ્ય છે.

इदमाम्नायते, 'यथा ब्रीहिर्यवो वा श्यामाको वा श्यामाकतण्डुलो **वैवमयमन्तरात्मन्** पुरुषो हिरण्मय' इति । तत्र सन्देहः । हिरण्मयः पुरुषः किं जीव उत ब्रह्मेति । उपक्रम-बलीयस्त्वे जीवः उपसंहारबलीयस्त्वे ब्रह्मेति । **यत्रैकस्यान्यपरत्वेनैकार्थता सम्भवति** तद्‌बलीयस्त्वमिति सिद्धं पूर्वतंत्रे । तत्र चतुर्विधभूतनिरूपणार्थं जीवस्यैवाराग्रमात्रस्यान्तर्हृदये प्रतिपादकमिदं वचनं फलतो हिरण्मयत्वमिति । न त्वेतादृशाभाससमानत्वं ब्रह्मणो **युक्तमतो** जीवप्रतिपादकमेवेदं वाक्यमितिप्राप्ते, उच्यते-

शब्दविशेषात् ।५। (१-२-२)

हिरण्मयः पुरुषो न जीवस्य फलमपि । तत्प्राप्तेरेव फलत्वात् । नाप्ययं नियमस्तस्यामेव मूर्तो लय इति । अतः शब्देनैव विशेषस्योक्तत्वात् न हरिण्मयः पुरुषो जीवः ॥५॥

ननु हृदये विद्यमानत्वाद् अभिमान्येव जीवो युक्त इति चेत, तत्राह-

स्मृतेश्च ॥६॥

'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति' इति। ननु सर्ववेदानां यन्निःश्वासत्वं तस्य भगवतो वाक्यं कथं स्मृतिरिति। उच्यते 'तं त्वोपनिषदं पुरुषं पृच्छामी' ति श्रुतेः केवलोपनिषद्वेधं ब्रह्म न प्रमाणान्तरवेद्यम् । ततश्चार्जुनस्य शिष्यरूपेण प्रपन्नस्य पुष्टिभक्तत्वाभावाद्, भगवद्वाक्ये निर्विचिकित्सविश्वा-साभावाद्, रथित्वेनैव स्थाप्यत्वात्। न तादृशाय तादृशदेशकालयोरुपनिषदामवक्तव्यत्वाद् गुरुरूपतादृशरूपं निःश्वसितवेदोद्गमजनकं स्मृत्वा, तदर्थमपि स्मृत्वा, भगवान् पुरुषोत्तमो वाक्यान्युक्तवान् स्मृतिरूपाणि । ततो ब्रह्मविचारे तान्यप्युदाहृत्य चिन्त्यन्ते। पुनश्च भगवान् तदधिकारेण ब्रह्मविद्यां निरूप्य स्वकृपालुतया 'सर्वगुह्यतम' मित्यादिना भक्तिप्रपत्ती एवोक्तवान्। अतोऽङ्गत्वेन पूर्वं सर्वनिर्णयाः उक्ताः इत्यध्यवसेयम् । तथैवार्जुनविज्ञानात् 'करिष्ये वचनं तवे'ति। चकारात्तन्मूलभूतनिःश्वासोऽप्युच्यते। व्यासस्यापि भगवज्ज्ञानांशत्वाददोषः ॥६॥

उपक्रमबलीयस्त्वमाशङ्क्य परिहरति-

अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्च नेति चेन्न निचाय्यत्वादेवं व्योमवच्च ॥७॥

ननु व्यापकस्येश्वरस्य हृदयदेशस्थितिरयुक्ता व्रीह्यादिरूपत्वञ्च। अतः अर्भकमल्पकमोकः हृदयस्थानं यस्य तत्त्वात् व्रीह्यादितुल्यत्वाच्च न परमात्मा वाक्यार्थ इति चेत् । न । निचाय्यत्वात्। पूर्वं प्रथमदूषणं परिहरति। हृदये ज्ञातुं शक्यत इति तदायतनत्वेन प्रतिपाद्यते। निदिध्यासनान्तरं हि साक्षात्कारस्तदन्तःकरण एवेति निचाय्यत्वम्। भक्तौ तु बहिरपीतिविशेषः। द्वितीयं परिहरति । एवं व्योमवत् । एवं व्रीह्यादितुल्यतया एत् प्रतिपादनं चतुर्विधभूतान्तरत्वरूख्यापनाय। यथा 'चत्वार उपरवाः प्रादेशमात्रा' इति तथा तद्हृदयाकाशे प्रकटस्य सच्चिदानन्दस्वरूपसर्वतः पाणिपादान्तस्य तत्स्वरूपमिति। पूर्वपक्षसिद्धान्तयोश्चकारद्वयमेतादृशवाक्यान्तरे पूर्वपक्षसिद्धान्तयोराधिक्योपपत्तिसमुच्चयाथम् । तेन 'अत एव प्राण' इतिवदधिकरणान्तरमपि सूचितमिति ॥७॥

सम्भोगप्राप्तिरिति चेन्न वैशेष्यात् ॥८॥

बाधकमाशङ्क्य परिहरति। यदि सर्वेषां हृदये भगवान् जीववत्तिष्ठेत् तदा जीवस्येव तस्यापि सुखदुःखसाक्षात्कारस्तत्साधनादिपरिग्रहश्च प्राप्नोतीति चेत्, न । वैशेष्यात् । विशेषस्य भावो वैशेष्यं तस्मात् सर्वरूपत्वमानन्दरूपत्वं स्वकर्तृत्वं विशेषस्तद्भावो ब्रह्मणि वर्तते न जीवे इति जीवस्यैव भोगो न ब्रह्मण इति वैशेष्यपदादयमर्थः सूचितः। अपेक्षित एव भोगो नानपेक्षित इति न तु तस्य भोगाभाव एव । अग्रिमाधिकरणविरोधात् । यथेन्द्रियाधिष्ठातृ-देवतानां 'तत्त्वमस्या' दिवाक्येन जीवस्यापि तथात्पे तस्यापि तद्वदेव भविष्यति ॥८॥

इति द्वितीयं शब्दविशेषाधिकरणम् ॥

અધિકરણ-૨

શબ્દવિશેષાધિકરણ

સૂત્ર - ૧.૨.૫-૮

સૂત્ર-૫ : શ્રુતિમાં કહ્યું છે – "જેવા ડાંગર, જવ, સામો કે સામાના ચોખા છે, તેવો અન્તરાત્મા પુરુષ હિરણ્મય છે." (શ. બ્રા. ૧.૬.૩.૨) તેમાં સંશય છે. હિરણ્મય પુરુષ જીવ છે કે બ્રહ્મ છે ? ઉપક્રમ બલવાન માનતાં જીવ અને ઉપસંહાર બલવાન માનતાં બ્રહ્મ ગણવાનું છે. જેમાં એક અન્યના અર્થ સાથે જોડાતાં એકવાક્યતા થાય તે બલવાન છે એમ પૂર્વમીમાંસામાં સિદ્ધ થયું છે.[૧]

ત્યાં ચતુર્વિધ[૨] ભૂતોના નિરૂપણ માટે આરાના અગ્રભાગ માત્ર જીવનું હૃદયમાં પ્રતિપાદન કરતું આ વાક્ય છે. હિરણ્મયત્વ ફલરૂપે છે. આવા આભાસની સમાનતા[૩] બ્રહ્મમાં યોગ્ય નથી એટલે આ વાક્ય જીવનું પ્રતિપાદન કરે છે એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે.

શબ્દના વિશેષને લીધે (૧.૨.૫)

તે હિરણ્મય પુરુષ જીવનું ફલ નથી, પણ તેની પ્રાપ્તિ જ ફલરૂપ છે. તે જ (હિરણ્મય) મૂર્તિમાં લય થાય છે એવો નિયમ પણ નથી. આમ શબ્દ (=હિરણ્મય શબ્દ)થી જ વિશેષ કહ્યું હોવાથી હિરણ્મય પુરુષ જીવ નથી.

સૂત્ર-૬ : (શંકા) (હિરણ્મય પુરુષ) હૃદયમાં વિદ્યમાન હોવાથી એને અભિમાની જીવ ગણવો જ યોગ્ય છે એમ તમે કહો તો (જવાબ) ત્યાં કહે છે-

અને સ્મૃતિ હોવાથી. (૧.૨.૬)

"હે અર્જુન, ઈશ્વર સર્વ ભૂતોના હૃદયસ્થાને રહે છે." (ભ. ગી. ૧૮.૬૧) (શંકા) બધા વેદો જેના નિઃશ્વાસરૂપ છે તેવા ભગવાનનું વાક્ય સ્મૃતિ કઈ રીતે ? (જવાબ) કહેવાય છે. "તે ઔપનિષદ પુરુષ વિશે પૂછું છું" (બૃ. ૩.૯.૨૬) એ શ્રુતિવાક્ય જણાવે છે કે બ્રહ્મ માત્ર ઉપનિષદોથી સમજાય છે, બીજાં પ્રમાણોથી સમજાતું નથી. શિષ્યરૂપે શરણે આવેલો અર્જુન પુષ્ટિભક્ત નથી એટલે એને ભગવાનનાં વચનમાં સંદેહરહિત વિશ્વાસ નથી. એને રથીરૂપે જ સ્થાપેલો છે. તેથી તેવા અર્જુનને તેવા દેશકાળમાં ઉપનિષદો કહી શકાય નહિ. તેથી નિઃશ્વાસરૂપ ભેદોના ઉદ્‌ગમનું જનક એવા ગુરુરૂપ[૪]-તેવા (મર્યાદા પ્રતિપાદક) રૂપને સ્મરીને, તથા તેના અર્થને સ્મરીને ભગવાન પુરુષોત્તમે સ્મૃતિરૂપ વાક્યો કહ્યાં. એટલે બ્રહ્મવિચારમાં તે વાક્યોને પણ ટાંકીને વિચાર કરવામાં આવે છે. વળી ભગવાને તેના (અર્જુનના) અધિકાર અનુસાર બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરીને પોતે કૃપાળુ હોવાથી "સૌથી વધારે ગુહ્ય" (ભ. ગી. ૧૮.૬૪) વગેરે શ્લોકોથી ભક્તિ અને પ્રપત્તિ કહી છે. એટલે (ભક્તિના) અંગ તરીકે પૂર્વે બધા નિર્ણયો કહ્યા છે એમ સમજવું; કારણ કે "તમારા વચન અનુસાર કરીશ" (ભ. ગી. ૧૮.૭૩) એમ અર્જુનને તેવું જ જ્ઞાન થયું. ચ શબ્દ તેના મૂળભૂત નિઃશ્વાસ (વેદ)ને પણ દર્શાવે છે. વ્યાસ ભગવાનના જ્ઞાનના અંશ હોવાથી દોષ નથી.[૫]

સૂત્ર-૭ : ઉપક્રમ બલવાન છે એવી શંકા કરીને પરિહાર કરે છે.

સ્થાન નાનું હોવાથી અને તેનો વ્યપદેશ હોવાથી (પરમાત્મા) નથી એમ કહો તો એવું નથી, કારણ કે સાક્ષાત્કાર છે અને આવું વ્યોમની માફક છે.
(૧.૨.૭)

(શંકા) વ્યાપક એવા ઈશ્વરની હૃદય દેશમાં સ્થિતિ યોગ્ય નથી, અને ડાંગર વગેરેના જેવું રૂપ (પણ યોગ્ય નથી). એટલે अर्भक - અલ્પ ओकः - હૃદયસ્થાન જેનું છે તેમ હોવાથી, તથા ડાંગર વગેરેની સરખામણીથી વાક્યાર્થ પરમાત્મા નથી. એમ કહો તો (જવાબ) એવું નથી. સાક્ષાત્કારને લીધે પહેલાં પ્રથમ દોષનો પરિહાર આપે છે. હૃદયમાં જાણવું શક્ય છે તેથી તેનું આયતન તરીકે પ્રતિપાદન છે. નિદિધ્યાસન પછી સાક્ષાત્કાર થાય છે અને તે અન્તઃકરણમાં જ (થાય છે) તેથી દ્રષ્ટવ્યતા છે. ભક્તિમાં બહાર પણ (દ્રષ્ટવ્યતા) છે એટલો ફેર છે.

બીજાનો પરિહાર કરે છે. આવું વ્યોમની માફક છે. આવું એટલે ડાંગર વગેરેની સરખામણીથી જે પ્રતિપાદન કર્યું છે તે ચાર પ્રકારના ભૂતોની અંદર છે એમ જણાવવા માટે છે: "જેમ ચાર ઉપરવો પ્રાદેશમાત્ર છે."[૬] (આપ. શ્રૌ. ૨૨.૧૧.૧૧.૧) તેમ તેના હૃદયાકાશમાં પ્રકટ થયેલા સચ્ચિદાનન્દસ્વરૂપ તથા સર્વતઃપાણિપાદાન્ત એવા તેનું સ્વરૂપ છે (એમ સમજવાનું છે.)

પૂર્વપક્ષ અને સિદ્ધાન્તમાં બે ચ છે તે આવાં બીજાં વાક્યમાં[૭] આવેલા પૂર્વપક્ષ અને સિદ્ધાન્તની અધિકતા અને ઉપપત્તિના સમુચ્ચય માટે છે. તેથી अत एव प्राणः (બ્ર. સૂ. ૧.૧.૨૨)ની માફક બીજાં અધિકરણ સૂચવાય છે.

સૂત્ર-૮ : સંભોગપ્રાપ્તિ થાય એમ કહો તો એવું નથી કારણ કે વિશેષતા છે.
(૧.૨.૮)

બાધકની શંકા કરીને પરિહાર કરે છે. જો ભગવાન જીવની માફક બધાના હૃદયમાં રહે તો જીવની માફક તેને પણ સુખદુઃખનો અનુભવ, અને સાધન વગેરેનો સ્વીકાર પ્રાપ્ત થાય એમ કહો તો એવું નથી. વિશેષતાને લીધે. વિશેષનો ભાવ તે વૈશેષ્ય; તેને લીધે. સર્વરૂપત્વ, આનન્દરૂપત્વ, સ્વકર્તૃત્વ, એ વિશેષ છે. તેનો ભાવ બ્રહ્મમાં છે, જીવમાં નથી એટલે જીવનો ભોગ છે, બ્રહ્મનો નહિ. વૈશેષ્ય શબ્દથી આ અર્થ સૂચવાયો છે. અપેક્ષિત જ ભોગ છે, અનપેક્ષિત નહિ. તેને (ભગવાનને) ભોગનો અભાવ જ છે એવું નથી; કારણ કે એમ માનતાં પછીના (अत्ता ચરાચરાધિકરણ) અધિકરણનો વિરોધ આવે. જેમ ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોને છે તેમ.[૮] तत्त्वमसि વગેરે વાક્યોને આધારે લાગે છે કે જીવ પણ તેવો થાય (બ્રહ્મભાવયુક્ત થાય) ત્યારે તેને પણ તેમ જ (અપેક્ષિત ભોગ) થશે.

ટિપ્પણ

૧.: यत्रैकस्यान्यपरत्वेनैकार्थता संभवति तद्बलीयस्त्वमिति सिद्धं पूर्वतन्त्रे - વિષયવાક્યમાં ઉપક્રમને બળવાન ગણીએ તો જીવ અને ઉપસંહારને બલવાન

ગણીએ તો બ્રહ્મનો અર્થ છે. આ વાક્યમાં બળવાન કોને ગણાય એ મુદ્દો છે. પૂર્વમીમાંસાસૂત્ર ૨.૧.૪૬ અને ૬.૧.૪૩માં આની ચર્ચા છે. છઠ્ઠા અધ્યાયના પ્રથમ અધ્યાયમાં आर्षेयस्य हानं स्यात् એ અધિકરણમાં दर्शपूर्णमासयोरार्षेयं वृणीत એવું વિધાન કરીને કહ્યું છે एकं वृणीते, द्वौ वृणीते, त्रीन् वृणीते, न चतुरो वृणीते न पञ्चातिवृणीते । ઋષિ ગોત્રપ્રવર્તક છે : કશ્યપ, ભરદ્વાજ વગેરે. તેનો સંબન્ધ તે આર્ષેય. तं वृणीते એટલે ઊભો થઈને બોલે છે - कश्यपगोत्रोऽहम्, भरद्वाजगोत्रोऽहम् વગેરે. द्वौ वृणीते એટલે બેનો ઉચ્ચાર કરે - उपमन्युवशिष्ठगोत्रोऽहम् વગેરે. त्रीन् वृणीते એટલે ત્રણનો ઉચ્ચાર કરે - आङ्गीरसबार्हस्पत्यभारद्वाजसगोत्रोऽहम् વગેરે. ચારનો ઉચ્ચાર કરવો નહિ. પાંચ આર્ષેયને અતિક્રમીને છ વગેરે આર્ષેયોનો ઉચ્ચાર ન જ કરવો. હવે एकं वृणीते, द्वौ वृणीते, त्रीन् वृणीते એમાં ત્રણ વિધિનો અંગીકાર કરવામાં આવે તો વાક્યભેદ થાય. એટલે त्रीन् वृणीते એવી એક જ વિધિ છે, એક કે બેનું વરણ માત્ર અનુવાદરૂપ છે. એ જ રીતે ચાર અને પાંચના વરણનો નિષેધ પણ એકવરણને સ્તાવક છે. આમ त्रीन् वृणीते આ વાક્ય વાક્યભેદનો નિરાસ કરે છે માટે તેને બળવાન ગણવું. આમ વિપ્રતિપત્તિ દૂર કરતાં જ્યાં વાક્યભેદ ન થાય તેને જ બલવાન ગણાય.

૨. **चतुर्विधभूत** - પ્રાણીઓના ચાર પ્રકારો કહ્યા છે : જરાયુજ-ગર્ભમાંથી ઉત્પન્ન થતા; અંડજ-ઈંડામાંથી ઉત્પન્ન થતા; સ્વેદજ-પરસેવાથી ઉત્પન્ન થતા; ઉદ્ભિજ્જ-જમીનમાંથી ઉપર આવતા.

૩. **न त्वेतादृशाभाससमानत्वं ब्रह्मणो युक्तम्** - તેવો એટલે કે વ્રીહિ, જવ વગેરે રૂપી જે આભાસ છે તેની સાથે બ્રહ્મની તુલના કરી શકાય નહિ માટે આ વાક્ય જીવપ્રતિપાદક છે.

૪. **गुरुरूपतादृशरूपम्** - यो वै वेदांश्च प्रहिणोति तस्मै એ શ્રુતિવાક્ય મર્યાદાપ્રતિપાદક ગુરુરૂપ બતાવે છે.

૫. **व्यासस्यापि भगवज्ज्ञानांशत्वाददोषः** - વેદાંત સૂત્રોમાં સ્મૃતિઓનાં વાક્યોનો ઉપન્યાસ છે એમાં કોઈ દોષ નથી, કારણ કે વ્યાસ જ્ઞાનાંશ છે. અહીં જ્ઞાનાંશ શબ્દ બતાવે છે કે બુદ્ધ વગેરે વેદદૂષક હોવાથી એમનાં વચનોને ટાંક્યા નથી. ગોપેશ્વરજી ઉમેરે છે કે મત્સ્ય જેવા તામસ ગ્રન્થોને પણ ટાંક્યા નથી. અહીં મત્સ્યપુરાણનો ઉલ્લેખ હોવાનો સંભવ છે.

૬. **चत्वार उपरवाः प्रादेशमात्राः** - સોમયાગમાં ઉપરવોની વાત આવે છે. હવિર્ધાનમંડપની દક્ષિણ બાજુએ ચાર છિદ્રો-ખાડા ખોદવામાં આવે છે. આને ઉપરવો કહેવાય છે. કલ્પસૂત્રમાં વિધાન છે - दक्षिणस्य हविर्धानस्याधस्तात् पुरोऽक्षं चतुर उपरवानवान्तरदेशेषु प्रादेशान्तरालान् करोति । આકાશ વ્યાપક હોવા છતાં આ ઉપરવોથી એનું પ્રાદેશમાત્ર સ્વરૂપ અભિવ્યક્ત થાય છે તેવી રીતે ભૂતોના હૃદયાકાશમાં પ્રકટ થયેલા બ્રહ્મની વ્રીહિ વગેરે સાથેની તુલ્યતાનું પ્રતિપાદન સમજવાનું છે.

૭. **एतादृशवाक्यान्तरे** - તૈત્તરીય મહાનારાયણોપનિષદ્‌માં આવું વાક્ય છે - आदित्यो वा एष एतन्मण्डलं तपति થી આરંભીને सैषा त्रय्येव विद्या तपति य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषः । આગળ પૂરું થાય છે. ત્યાં પણ આ જ પ્રકારે પૂર્વપક્ષ અને સિદ્ધાન્ત સમજવાના છે.

૮. **यथेन्द्रियाधिष्ठातृदेवानाम्** - અપેક્ષિત ભોગના વિષયમાં ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓનું ઉદાહરણ આપેલું છે.

कठवल्लीषु पठ्यते, 'यस्य ब्रह्म च क्षत्रं चोभे भवत ओदनं मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र स' इति । अत्र वाक्ये ब्रह्मक्षत्रयोरोदनत्वं वदन् यच्छब्दार्थस्य भोक्तृत्वाह ।

तत्र संशयः । किं जीवो ब्रह्म वेति । सच्चिदानन्दरूपत्वं सर्वोपास्यत्वं पूर्वाधिकरणद्वयेन सिद्धम् । सर्वभोक्तृत्वं साधयति । ब्रह्मक्षत्रयोरशक्यवधयोः सर्वमारकस्य च मृत्योर्भक्षयिता जीवो न भवत्येवेति कथं सन्देह इति चेत्, उच्यते । ओदनोपसेचनरूपकत्वात् जीवधर्मत्वं, स्थानाज्ञानाच्च । न हि सर्वगतस्य स्वहृदयेऽपि प्रतिभासमानस्य 'क इत्था वेद यत्र स' इत्यज्ञानमुपपद्यते । अलौकिकसामर्थ्याच्च सन्देहः । तत्र । निषिद्धत्वाल्लौकिकभोजनवन्निरूप्यमाणत्वात् स्थानाज्ञानाच्च कश्चिदुपासनोपचितालौकिकसामर्थ्यो महादेवादिरत्ता भविष्यति नतु तद्विरूद्धधर्मा भगवान् भवितुमर्हति । अक्लिष्टकर्मत्वादिधर्मवान् । तस्माज्जीव एवोपासनोपचितमहाप्रभावो वाक्यार्थ इत्येवम्प्राप्तेऽभिधीयते-

अत्ता चराचरग्रहणात् ।१। (१-२-३)

अत्ता भगवानेव । कुतः । चराचरग्रहणात् । चरं सर्वप्राणिवधार्थं परिभ्रमन्मृत्युः । अचरं ब्रह्मक्षत्ररूपं कस्याप्यचाल्यम् । तयोरत्ता न जीवो भवितुमर्हति । यत्राप्यतिशयो दृष्टः स 'स्वार्थानतिलङ्घना'दिति न्यायात् अस्मदादिप्रतिपत्त्यर्थं तु लौकिकवद्वचनं भोक्तृत्वाय । प्रलयकर्तृत्वान्नायुक्तत्वम् । सर्वत्र विद्यमानस्याप्यज्ञायमानत्वात् फलतः स्थानाज्ञानमुक्तम् । ब्रह्मक्षत्रयोरपि मोक्षापेक्षितत्वात् मृत्युसम्बन्धमात्रेण भगवति भोक्तरि प्रवेशार्थं योग्यरूपमेवौदनत्वं प्राणानां तत्रैव समवलयान्मृत्युरपि तत्रैव लीनोऽग्रे जन्ममरणाद्यभावाय भगवत्येव प्रविशति । तस्मादस्मिन् वाक्ये ब्रह्मक्षत्रमृत्यूनां भोग्यत्वेन ग्रहणादत्ता भगवानेवेति सिद्धम् ॥१॥

ननु किमित्येवं प्रतिपाद्यते पूर्वपक्षन्यायेन यमोऽन्यो वा मृत्युं साधनीकृत्य स्ववशे सर्वं करोतीति जीववाक्यमेव किं न स्यादित्यत आह-

प्रकरणाच्च ॥१०॥

प्रकरणं हीदं ब्रह्मणः । 'न जायत' इत्यारभ्य 'आसीनो दूरं व्रजती' त्यादिना माहात्म्यं वदन्नन्ते च ब्रह्मक्षत्रं चेत्याह । अतः प्रकरणानुरोधात् पूर्वोक्तप्रकारेण ब्रह्मवाक्यत्वमिति । अन्यथा प्रकृतहानाप्रकृतकल्पने स्यातामिति चकारार्थः ।

इति तृतीयमत्ताचराचराधिकरणम् ॥

અધિકરણ-૩

અત્તા ચરાચરાધિકરણ

સૂત્ર-૧.૨.૯-૧૦

સૂત્ર-૯ : કઠવલ્લીમાં કહ્યું છે. ''બ્રહ્મ અને ક્ષત્ર બન્ને જેના ઓદન છે, મૃત્યુ જેનું ઉપસેચન[1] છે. તે ક્યાં છે તે કોણ જાણે છે ?'' (કઠ. ૧.૨.૨૫) અહીં વાક્યમાં બ્રહ્મ અને ક્ષત્રંને ઓદનરૂપે કહેતાં (જેનામાં આવતા) જે શબ્દાર્થનું ભોક્તૃત્વ કહ્યું છે. તેમાં સંશય છે. શું જીવ છે કે બ્રહ્મ છે ? (બ્રહ્મ) સચ્ચિદાનન્દરૂપ છે અને સર્વથી ઉપાસ્ય છે એમ આગલાં અધિકરણમાં સિદ્ધ થયું છે. (હવે) સર્વનું ભોક્તૃત્વ સિદ્ધ કરે છે. જેનો વધ શક્ય નથી એવા બ્રહ્મક્ષત્ર તથા સર્વને મારનાર મૃત્યુનું ભક્ષણ કરનાર જીવ ન જ હોય એટલે સંદેહ કેવી રીતે થાય ? એનો જવાબ એવો છે કે ઓદન અને ઉપસેચનનું રૂપક જીવના ધર્મ દર્શાવે છે. વળી સ્થાનનું અજ્ઞાન પણ છે. સર્વવ્યાપક અને પોતાના હૃદયમાં પણ પ્રકાશિત એવા તેને માટે ''તે ક્યાં છે તે કોણ જાણે છે ?'' એવું અજ્ઞાન યોગ્ય નથી. ઉપરાંત અલૌકિક સામર્થ્યથી સંદેહ છે.

ત્યાં નિષેધ છે,[2] લૌકિક ભોજનની માફક નિરૂપણ છે અને સ્થાનનું અજ્ઞાન છે એટલે ઉપાસનાથી જેનું અલૌકિક સામર્થ્ય ઉપચિત થયું છે એવું મહાદેવ વગેરે[3] કોઈ અત્તા હશે. તેનાથી વિરુદ્ધ ધર્મવાળા અને ક્લેશ ન કરે એવા કર્મ વગેરે ધર્મવાળા ભગવાન (अत्ता) થવાને યોગ્ય નથી. તેથી ઉપાસનાથી ઉપચિત પ્રભાવવાળો જીવ જ વાક્યનો અર્થ છે એમ પ્રાપ્ત થતાં કહેવાય છે.

(ભગવાન) ભક્ષણ કરનાર છે, કારણ કે ચર-અચરનું ગ્રહણ છે. (૧.૨.૯)

ભક્ષણ કરનાર ભગવાન જ છે. શાથી ? ચર-અચરના ગ્રહણથી. બધાં પ્રાણીઓના વધ માટે પરિભ્રમણ કરતું મૃત્યુ ચર છે. કોઈનાથી ચલિત ન કરી શકાય એવું બ્રહ્મક્ષત્રરૂપ તે અચર છે. તેનું ભક્ષણ કરનાર જીવ હોવો યોગ્ય નથી. ''જ્યાં અતિશય દેખાય છે તે પોતાના અર્થને ઓળંગ્યા વગર હોય છે.[4]'' એવો ન્યાય છે. આપણા જેવાને સમજાય એટલા માટે લૌકિક જેવું વચન ભોક્તૃત્વ માટે છે. ભગવાન પ્રલયના કર્તા હોવાથી અયોગ્યતા નથી. સર્વત્ર વિદ્યમાન હોવા છતાં એ જાણી શકાય નહિ એટલે ફળની દૃષ્ટિએ સ્થાનનું અજ્ઞાન[5] કહ્યું છે. બ્રહ્મ-ક્ષત્રને પણ મોક્ષની અપેક્ષા હોવાથી મૃત્યુના સંબન્ધ માત્રથી ભોક્તા એવા ભગવાનમાં પ્રવેશને માટેનું યોગ્ય રૂપ તે ઓદનત્વ. પ્રાણોનો ત્યાં જ લય થાય છે તેથી મૃત્યુ પણ તેમાં જ લય પામે છે અને આગળ જન્મ મરણ વગેરેના અભાવ માટે ભગવાનમાં જ પ્રવેશે છે. એટલે આ વાક્યમાં બ્રહ્મ, ક્ષત્ર, મૃત્યુનું ભોગ્ય તરીકે ગ્રહણ થવાથી ભક્ષણ કરનાર ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે.

સૂત્ર-૧૦ : (શંકા) એમ શાથી પ્રતિપાદન કરાય છે ? પૂર્વપક્ષના ન્યાય

પ્રમાણે યમ કે બીજો કોઈ મૃત્યુને સાધન બનાવીને બધાને પોતાના વશમાં કરે છે એમ જીવવિષયક વાક્ય કેમ ન થાય ? (જવાબમાં) કહે છે -

અને પ્રકરણને લીધે (૧.૨.૧૦)

આ પ્રકરણ જ બ્રહ્મનું છે. ''જન્મ થતો નથી'' (કઠ. ૧.૨.૧૮) એમ આરંભ કરીને ''બેઠેલા દૂર જાય છે.'' (કઠ. ૧.૨.૨૦) વગેરેથી મહાત્મ્યનું વર્ણન કરી છેલ્લે ''જેનું બ્રહ્મ અને ક્ષત્ર'' (કઠ. ૧.૨.૨૫) એમ કહ્યું. આમ પ્રકરણ અનુસાર પહેલાં કહેલા પ્રકારે બ્રહ્મનું જ વાક્ય છે. નહિ તો પ્રકૃત (બ્રહ્મ)ની હાનિ અને અપ્રકૃત (જીવ) ની કલ્પના થાય એમ च નો અર્થ છે.

ટિપ્પણ

૧. उपसेचनम् - ઓદન અર્થાત્ મુખ્ય ખાદ્ય પદાર્થની સાથે ચટણી, અથાણું, કચુંબર વગેરે જે લેવાય તે ઉપસેચન કહેવાય. ભાત વગેરેમાં ઘી વગેરે છૂટું નાખવામાં આવે તેને પણ ઉપસેચન કહી શકાય.

૨. निषिद्धत्वात् - ''न हिंस्यात् सर्वा भूतानि'' એવાં વાક્યથી હિંસાનો નિષેધ છે.

૩. महादेवादिः - અગસ્ત્યસંહિતાના પ્રથમ અધ્યાયમાં મહાદેવ પાર્વતીને કહે છે તે પરથી મહાદેવ નિષિદ્ધ ભોક્તા છે એમ સૂચવાય છે. ગોપેશ્વરજી કહે છે કે પૂર્વપક્ષી મહાદેવને જીવકોટિમાં મૂકે છે તો સિદ્ધાન્તમાં એ મુખ્ય વિભૂતિ છે. આદિ શબ્દથી રુદ્રવાળા અગ્નિનું ગ્રહણ છે એમ પુરુષોત્તમજી કહે છે.

૪. यत्राप्यतिशये दृष्टः स स्वार्थानतिलङ्घनात् - અહીં ન્યાય આપેલો છે. જેવી રીતે અમાત્ય કે યુવરાજ રાજાનું કાર્ય કરતો હોવાથી બીજા બધાથી શ્રેષ્ઠ છે, પણ જે રાજાએ જ ભોગવવાનું છે કે અસાધારણ કાર્ય કરવાનું છે તે કરતો નથી તેવી રીતે સામર્થ્ય હોવા છતાં ભોક્તૃત્વ શકચ હોતું નથી.

૫. फलतः स्थानाज्ञानमुक्तम् - પ્રત્યક્ષરૂપ ફળના અભાવે અજ્ઞાન કહ્યું છે, સ્થાનવિષયક પરોક્ષ જ્ઞાનની દષ્ટિએ નહિ.

गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ।११। (१-२-४)

तस्यैवाग्रे पठ्यते, 'ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेता' इति ।

किमिदं ब्रह्मवाक्यमाहोस्विदन्यवाक्यमिति । अस्य वाक्यस्योत्तरशेपत्वे जीवप्रकरणपठितत्वात् न ब्रह्मवाक्यत्वं, पूर्वशेषत्वे तु ब्रह्मवाक्यमिति हि प्रकरणनिर्णयः । मध्ये पाठादेवं सन्देहः । अर्थविचारे तु द्विवचननिर्देशात् पूर्वशेपत्वे बद्धमुक्तजीवौ भविष्यतः । उत्तरशेपत्वे त्विन्द्रियमनसी, उभयथापि न ब्रह्मवाक्यम् । द्वयोर्मुख्यत्वेन प्रतिपादनात् ब्रह्मवाक्यत्वेऽपि न प्रयोजनसिद्धिः । अथ मन्यते उपनिपत्पाठादन्यत्रानिर्धाराज्जीवब्रह्मपरत्वेऽपि तयोरभेदाद् ब्रह्मपरतैव वाक्यस्य युक्तेति । तथापि कस्य निर्णायकत्वम् । प्रकरणस्यार्थस्य वेति

उभयोरपि सन्दिग्धत्वादयुक्तो विचार इति चेत, उच्यते-

सन्देहवारकं शास्त्रं पदशक्त्या तु निर्णयः ।
जीवादुत्कर्षशब्देन द्वयोर्वाक्येऽपि न क्षतिः ॥

गुहातपशब्दाभ्याभित्यर्थः 'ऋतं पिबन्ता' वित्यत्रैव संशयः । किं जीवद्वयं निरूपयति आहोखिज्जीवब्रह्मणी वेति । तत्र ब्रह्मप्रकरणस्य सामान्यत्वात् 'यस्त्वविज्ञानवान् भवती' त्यग्रे विद्वदविदुपोर्वक्तव्यत्वात् तदर्थमुभयोः प्रथमनिर्देश उचितः । मन्त्रेऽपि ऋतं स्वगापवर्गलक्षणं सुखं मार्गद्वयस्यापि विहितत्वात् सुकृतलोकत्वम् । गुहा तत्वविचारो हृदयं वा । जात्यपेक्षया त्वेकवचनम् । परमपरार्धं सत्यलोकः तत्रोभयोर्भोगात् । अविद्यया पिहितप्रकाशत्वात् अविदुषः । छायात्वम् । ब्रह्मज्ञानेनाति प्रकाशत्वादातपन्वं विदुपः । अत एव विदुपः स्वरूपं ब्रह्मविदो वदन्ति पच्चाग्रयः त्रिणाचिकेताश्चेतरत् । इन्द्रियमनसोस्त्वचेतनत्वात् न वाक्यार्थसङ्गतिः । वाक्यार्थयोगे हि विशेषणनिर्णयः तस्माद् बद्धमुक्तजीवपरतयोपपन्नत्वात्तत्प्रकरणापाठान्न ब्रह्मवाक्यमिति ।

एवम्प्राप्त उच्यते ।

'गुहां प्रविष्टावात्मानौ' । गुहा हृदयाकाशः । तत्र सकृदेकस्मिन् प्रविष्टौ जीवपरमात्मानावेव 'अनेन जीवेनात्मनानुप्रविश्ये' त्युभयोः प्रवेशश्रवणात् । न ह्येकस्मिन् हृदयाकाशे जीवद्वयं प्रवेष्टुमर्हति । अर्थस्तवेवं सम्भवति । पूर्वाधिकरणे यथाभिलपितभोगो भगवति साधितः । प्रकारान्तरेणापि 'ऋतं सत्यं परं ब्रह्मे'ति ऋतसत्ययोर्ब्रह्मत्वप्रतिपादनात् स्वरूपामृतपातारौ । सुकृतमपि ब्रह्मैव । 'तस्मात् सुकृतमुच्यत' इतिश्रुतेः । स एव लोकः । उपचारात् षष्ठी । अक्षरं वा । परमपरार्धोपरि तत्रत्यानां परिदृश्यमानत्वात् । छाया प्रतिसारूप्यं, सायुज्यं गतस्य जीवस्यापि तथात्वात् । ततोऽपि विशिष्टं ब्रह्म प्रकटानन्दत्वात् आतपः । परोक्षवादः । काण्डत्रयेऽपि तद्वाद इति वयाणां ग्रहणम् । अतो युक्त एवायमिति हिशब्दार्थः ।

नन्वप्रकृतत्वात् कथमेवमिति तत्राह । तद्दर्शनात् । तयोर्दर्शनं तद्दर्शनं तस्मात् । जीवब्रह्मणोः प्रतिपादनीयत्वात् । 'येयं प्रेते विचिकित्सा मनुष्येस्तीत्येके नायमस्तीति चैके एतद्विद्यामनु-शिष्टस्त्वयाह' मिति जीवः पृष्टः । 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात् कृताकृतात् अन्यत्र भूतात् भव्याश्च यत्तत् पश्यसि तद्वदेति' ब्रह्मापि पृष्टम् । तत्र ब्रह्म निरूप्य जीवं निरूपयन् उभयोम्तुल्यत्वेन महाभोगं निरूपयन् फलार्थं मध्ये स्वरूपं कीर्तयति, अतो ब्रह्मवाक्यमेवेति सिद्धम् ॥११॥

विशेषणाच्च ॥१२॥

विशेषणानि पूर्वोक्तानि जीवब्रह्मणोरेव सङ्गतानि । अग्रिमं वाक्य'मात्मानं रथिनं विद्धि' 'सोध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पद' मिति । जीवप्राप्यं ब्रह्माह । अत उभयोरेव सर्वव्यावृत्त्या कथनादग्रिमग्रन्थपर्यालोचनयापीदं ब्रह्मवाक्यमेव । 'द्वा सुपर्णे'ति निःसन्दिग्धम् । चकारः प्रकरणोक्तसर्वोपपत्तिसमुच्चयार्थः ॥१२॥

॥ इति चतुर्थं गुहाम्प्रविष्टावित्यधिकरणम् ॥

અધિકરણ-૪

ગુહાં પ્રવિષ્ટૌ-ઇત્યધિકરણ

સૂત્ર. ૧.૨.૧૧-૧૨

સૂત્ર-૧૧ : ગુહામાં પ્રવેશેલા બે આત્માઓ ખરેખર (જીવ અને બ્રહ્મ છે), કારણ કે તેમનું દર્શન છે. (૧.૨.૧૧)

તેની (આગલા અધિકરણનાં વાક્યની) જ આગળ કહેવાય છે. ''અતિ ઉપર આવેલા લોકમાં સુકૃતનું ઋત પીનાતા (બે) ગુહામાં પ્રવેશેલા છે. જેઓ પાંચ અગ્નિ[1] અને ત્રણ નચિકેતાની (પૂજા કરે છે) તેવા, બ્રહ્મજ્ઞો (આ બેને) છાયા અને આતપ કહે છે.'' (કઠ. ૧.૩.૧)

શું આ બ્રહ્મનું વાક્ય છે કે અન્ય કોઈનું ? જો આ વાક્ય પછી આવતાનું અંગ ગણીએ તો જીવના પ્રકરણમાં કહ્યું હોવાથી બ્રહ્મવાક્ય નથી. આગલા ભાગનું અંગ ગણીએ તો બ્રહ્મવાક્ય છે. આમ પ્રકરણથી નિર્ણય છે. વચ્ચે આવતું હોવાથી આવો સંદેહ છે. અર્થનો વિચાર કરતાં દ્વિવચનનો નિર્દેશ હોવાથી જો પૂર્વવાક્યનું અંગ ગણીએ તો બદ્ધ અને મુક્ત જીવો થશે; જો પાછલા વાક્યને અંગભૂત માનીએ તો ઇન્દ્રિય અને મન સમજાશે. બન્ને રીતે આ બ્રહ્મનું વાક્ય નથી. બન્નેનું મુખ્યરૂપે પ્રતિપાદન હોવાથી બ્રહ્મવાક્ય હોય તો પણ પ્રયોજન સિદ્ધ થતું નથી.[2] હવે એમ માનવામાં આવે કે આ વાક્ય ઉપનિષદ્‌માંથી છે અને અન્યત્ર કોઈ નિર્ણય નથી એટલે જીવ અને બ્રહ્મનું પ્રતિપાદન છે છતાં તે બન્નેનો અભેદ હોવાથી આ વાક્ય બ્રહ્મપરક છે એમ માનવું જ યોગ્ય છે. આમ છતાં નિર્ણય પ્રકરણનો છે કે અર્થનો છે (એ પ્રશ્ન રહે છે.) બન્ને સંદિગ્ધ હોવાથી વિચાર કરવો યોગ્ય નથી (એવી શંકા છે) આમ કહો તો (જવાબ) કહેવાય છે.

શાસ્ત્ર સંદેહનું નિવારણ કરે છે. પદની **શક્તિથી** નિર્ણય સમજવાનો છે. જીવથી **ઉત્કર્ષ દર્શાવનાર શબ્દથી** (વિષય) વાક્યમાં બન્ને **(બદ્ધ જીવ અને મુક્ત જીવ** તથા જીવ અને પરમાત્મા)માં દોષ નથી.

ગુહા અને આતપ બે શબ્દોથી એવો અર્થ છે. ''ઋત પિનારા'' એ વાક્યમાં આવો સંશય છે. શું બે જીવનું નિરૂપણ છે કે જીવ અને બ્રહ્મનું નિરૂપણ છે ? (પૂર્વપક્ષ) તેમાં બ્રહ્મપ્રકરણ સામાન્ય છે. ''જે અવિજ્ઞાનવાળો છે'' (કઠ. ૧.૩.૫) એમ આગળ વિદ્વાન-અવિદ્વાનની[3] વાત કહેવાની હોવાથી તે માટે બન્નેનો (મુક્ત અને બદ્ધ જીવોનો) પ્રથમ નિર્દેશ ઉચિત છે. મંત્રમાં પણ ઋત એટલે સ્વર્ગ અને મોક્ષરૂપી સુખ. બન્ને પ્રકારના (પ્રવૃત્તિ-નિવૃત્તિ) માર્ગોનું વિધાન હોવાથી તેમને સુકૃત લોક કહ્યા છે. ગુહા એટલે તત્ત્વવિચાર અથવા હૃદય. જાતિની અપેક્ષાએ એકવચન છે. પરમ પરાર્ધ તે સત્ય લોક છે કારણ કે ત્યાં બન્નેનો ભોગ છે. અવિદ્યાથી પ્રકાશ ઢંકાયો હોવાથી અવિદ્વાનને છાયારૂપે;

બ્રહ્મજ્ઞાનના અતિપ્રકાશને લીધે વિદ્વાનને આતપરૂપે કહ્યા છે. તેથી જ વિદ્વાનોનું સ્વરૂપ બ્રહ્મજ્ઞો કહે છે. પંચાગ્નિના ઉપાસકો તથા ત્રણ નચિકેતાને જાણનારા ઈતરને (કહે છે). ઈન્દ્રિય અને મન અચેતન હોવાથી વાક્યનો અર્થ બંધબેસતો નથી. વાક્યાર્થનો સંબન્ધ હોય ત્યારે જ વિશેષ નિર્ણય થાય. એટલે બદ્ધ અને મુક્ત જીવના અર્થમાં બંધબેસતું હોવાથી અને તેના પ્રકરણમાં આવતું હોવાથી આ બ્રહ્મ વિશેનું વાક્ય નથી.

આમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહે છે. ગુહામાં પ્રવેશેલા બે આત્માઓ. ત્યાં એકમાં એક વાર પ્રવેશેલા બે તે જીવ અને પરમાત્મા છે. ''આ જીવાત્મા સાથે પ્રવેશ કરીને'' (છા. ૬.૩.૨) એમ ઉભયના પ્રવેશનું શ્રવણ છે. એક હૃદયાકાશમાં બે જીવો પ્રવેશ કરે એ ઉચિત નથી. અર્થ આ રીતે સંભવે છે. આગલા અધિકરણમાં ભગવાનમાં ઇચ્છિત ભોગ સિદ્ધ કર્યો. બીજા પ્રકારે ''ઋત, સત્ય પર-બ્રહ્મ છે'' (મહાના. ૧૨.૧) એમ ઋત અને સત્ય બ્રહ્મ છે એવા પ્રતિપાદનથી (આ બે) સ્વરૂપ-અમૃતના પીનારા છે એમ નક્કી થાય છે. સુકૃત પણ બ્રહ્મ જ છે. ''તેથી તેને સુકૃત કહેવાય છે'' (તૈ. ૨.૭) એવું શ્રુતિવાક્ય છે. તે જ લોક છે. ઉપચારથી છઠ્ઠી વિભક્તિ છે.[૪] અથવા એ પરમ પરાર્ધની ઉપર રહેલું અક્ષર બ્રહ્મ છે, કારણ કે ત્યાં રહેલાઓને દેખાય છે. છાયા તે પ્રતિસારૂપ્ય (=પ્રતિબિમ્બ) છે કારણ કે સાયુજ્ય પ્રાપ્ત થયેલો જીવ તેવો છે. તેનાથી પણ વિશિષ્ટ બ્રહ્મ પ્રકટાનંદ હોવાથી આતપ (કહ્યું છે) આ પરોક્ષવાદ છે. ત્રણ કાંડમાં પણ તે વાદ છે તેથી ત્રણનું ગ્રહણ છે.[૫] એટલે આ (અર્થ) યોગ્ય છે એમ हि શબ્દનો અર્થ છે.

(શંકા) અપ્રસ્તુત હોવાથી આમ કઈ રીતે થાય ? તે માટે (જવાબ) કહે છે : તેના દર્શનને લીધે. તે બેનું દર્શન तद्दर्शन તેથી અર્થાત્ જીવ અને બ્રહ્મનું પ્રતિપાદન કરવાનું હોવાથી. ''મનુષ્ય-મૃત્યુ પામે ત્યારે આ પ્રશ્ન થાય છે; કેટલાકને મતે છે, કેટલાકને મતે નથી : આપના ઉપદેશથી હું તે જાણું.'' (કઠ. ૧.૧.૨૦) એવો જીવ અંગે પ્રશ્ન છે. ''ધર્મથી અન્યત્ર, અધર્મથી અન્યત્ર, આ કૃત અને અકૃતથી અન્યત્ર, જે થયું છે અને થવાનું છે તેથી અન્યત્ર જે તું જુએ તે કહે.'' (કઠ. ૧.૨.૧૪) એમ બ્રહ્મ વિશે પૂછ્યું છે. ત્યાં બ્રહ્મનું નિરૂપણ કરીને જીવનું નિરૂપણ કરતાં બન્નેના મહાભોગની સમાનતા કહેતાં ફળને માટે મધ્યમાં સ્વરૂપનું કથન કરે છે. તેથી આ બ્રહ્મ વિશેનું જ વાક્ય છે એમ સિદ્ધ થયું.

સૂત્ર-૧૨ : વળી વિશેષણોને લીધે. (૧.૨.૧૨)

પૂર્વે કહેલાં વિશેષણો જીવ અને બ્રહ્મમાં જ બંધબેસતાં થાય છે. આગળનું વાક્ય ''આત્માને રથીરૂપે જાણ'' (કઠ. ૧.૩.૩) ''તે માર્ગનો પાર પામે છે, તે વિષ્ણુનું પરમ પદ છે'' (કઠ. ૧.૩.૯) એમ જીવથી પ્રાપ્ત થવા યોગ્ય બ્રહ્મ વિશે કહે છે. આમ સર્વને દૂર કરીને આ બેનું જ કથન હોવાથી તથા આગલા ગ્રન્થનો વિચાર કરતાં પણ આ બ્રહ્મવાક્ય જ છે. ''બે સુપર્ણો'' (મુંડક. ૩.૧; શ્વે.

૧.૨.૧
૪.૬)
સમુચ્ચ
૧
ત્રણ શ્ર
પાંચ
લખ્યા
અર્થજ્ઞા
૨.
મુખ્યરૂ
૩.
विद्वदवि
मतुप् प्र
विद्वदवि
છે. પણ
નું સંપ્રસ
તેથી વિ
૪.
શિર''
અહીં સ
૫.
આતપ
છે. ત્રણ
ઉપાસકો
'य
सर्पिर्वोदक
तत्र
विरुद्धार्थव
समाप्तत्वाव
युक्ता । अ
अन्त
दर्शनमार्षम

૪.૬) એ વાક્ય નિઃસંદિગ્ધ છે. પ્રકરણમાં આપેલી બધી ઉપપત્તિઓના સમુચ્ચય માટે च છે.

ટિપ્પણ

૧. **पञ्चाग्नयः** - પાંચ અગ્નિઓ. ગાર્હપત્ય, આહવનીય અને અન્વાહાર્યપચન એ ત્રણ શ્રૌત અગ્નિઓ છે. સભ્ય અને આવસથ્ય એ બે સ્માર્ત અગ્નિઓ છે. આમ પાંચ અગ્નિઓ છે. ત્રિગાચિકેતાઃ ની વાત કઠોપનિષદ્‌માં આવે છે. ગોપેશ્વરજીના લખ્યા મુજબ શાંકરભાષ્યની ટીકામાં નોંધ્યા મુજબ નચિકેતાનાં વાક્યનું અધ્યયન, અર્થજ્ઞાન અને અનુષ્ઠાન મળીને ત્રણ થાય છે.

૨. **न प्रयोजनसिद्धिः** - મોક્ષરૂપી પ્રયોજન ત્યારે જ સિદ્ધ થાય, જો બ્રહ્મને જ મુખ્યરૂપે કહ્યું હોય. અહીં એવું નથી.

૩. **विद्वदविद्वतोः** - વ્યાકરણની દષ્ટિએ विद्वदविदुषोः એવું રૂપ પ્રસિદ્ધ છે તો विद्वदविद्वतोः ને દોષ ગણાય ? પ્રકાશકાર કહે છે विच्छब्दान्मतुप्. આમ અહીં विद् + मतुप् પ્રત્યય ગણતાં विद्वत् બને છે. ગોપેશ્વરજી કહે છે કે જો वस् પ્રત્યય હોય તો विद्वदविदुषोः અથવા विद्वोऽविदुषोः એવા પ્રયોગો वस् ના व નું સંપ્રસારણ થતાં થાય છે. પણ અહીં मतुप् પ્રત્યય છે અને म નો व થવાથી विद्वत् શબ્દ બને છે. वस् ના व નું સંપ્રસારણ થાય છે પણ मतुप् માં म ને બદલે આવેલા व નું સંપ્રસારણ થતું નથી. તેથી विद्वदविद्वतोः એવો પ્રયોગ છે.

૪. **उपचारात्षष्ठी** - सुकृतस्य लोके માં સુકૃત એ જ લોક છે. જેમ "રાહુનું શિર" એમાં રાહુ અને શિર એક જ છે, અને છઠ્ઠી વિભક્તિ ઉપચાર માત્ર છે તેમ અહીં સમજવાનું છે.

૫. **काण्डत्रयेऽपि तद्वाद इति त्रयाणां ग्रहणम्** - જીવને છાયા અને બ્રહ્મને આતપ કહ્યું છે તે પરોક્ષવાદ કહેવાયો છે. ભગવાન પરોક્ષપ્રિય છે તેથી આમ વર્ણન છે. ત્રણ કાંડ એટલે જ્ઞાન, ઉપાસના અને કર્મ; તે અનુસાર બ્રહ્મવેત્તા, પંચાગ્નિ-ઉપાસકો અને ત્રિણાચિકેતાનું ગ્રહણ કરેલું છે.

अन्तर उपपत्तेः ।१३। (१-२-५)

'य एषोऽक्षिणि पुरुषो दृश्यते एष आत्मेति होवाचैतदमृतमभयमेतद् ब्रह्मेति, तद्यद्यप्यस्मिन् सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छती' त्यादि श्रूयते ।

तत्र संशयः । प्रतिबिम्बपुरुषस्य ब्रह्मत्वेनोपासनापरमिदं वाक्यं ब्रह्मवाक्यमेवेति वा विरुद्धार्थवाचकत्वात् सन्देहः । तत्र 'दृश्यत' इतिवचनात् प्रतिबिम्ब एवायम् । ब्रह्म प्रकरणस्य च समाप्तत्वादेपा तेऽस्मद्विद्या आत्मविद्या चेत्युपसंहारदर्शनात् तत्सिद्ध्यर्थमुपासनापरतैव वाक्यस्य युक्ता । अविरोधे हि ब्रह्मपरता उपास्यत्वेन ब्रह्मधर्माणामन्वयो भविष्यतीत्येवम्प्राप्त उच्यते ।

अन्तरः अक्षिमध्ये दृश्यत इत्युक्तः परमात्मैव । कुतः । उपपत्ते । उपपद्यते हि तस्य दर्शनमार्षम् । सर्वत्र ब्रह्म पश्यन् बहिः सन्निधाने तस्य स्थानस्योत्कृष्टत्वात् तत्र भगवन्तमुपदिशति

'लोकं वाव तेऽवोचन्नहं तु ते तद्वक्ष्यामी' तिम्हदुपक्रमाच्च । प्रतिबिम्बमावस्य च न पुरुषत्वनियमः । तस्माद्विरोधाभावाद् ब्रह्मवाक्यमेव ॥१३॥

स्थानादिव्यपदेशाच्च ॥१४॥

'एतं संयद्वाम इत्याचक्षत एतं हि सर्वाणि वामान्यभिसंयन्ति एष उ एव वामनीरेप हि सर्वाणि वामानि नयति एव उ एव भामनीरेष हि सर्वेषु लोकेषु भाती'ति वामानि कर्मफलानि । तेषामेव मनोहरत्वेन तदर्थकर्मकरणात् । कर्मफललयः कर्मफलदानञ्च यत इति स्वर्गापवर्गफलदातृत्वमुक्तम् । सर्वलोकेषु भानञ्च 'एप' इति । तमेवाक्षिपुरुषं निर्दिश्य स्थानादि व्यपदिश्यते । न हि प्रतिबिम्बात्मनः स्थानादिव्यपदेशः सम्भवति । चकारादेतत्तुल्यवाक्यस्याप्ययमेवार्थः इन्द्रविरोचनप्रजापतिसंवादे । 'अथ योऽयं भगवोप्सु परिख्यायत इत्यासुरम् । न तु 'य एषोऽक्षिणि पुरुषो दृश्यत' इत्यादि तस्मादक्षिपुरुषो ब्रह्मैव ॥१४॥

सुखविशिष्टाभिधानात् ॥१५॥

ननु किमिति निर्बन्धेन ब्रह्मवाक्यत्वं सम्पाद्यते उपासनापरत्वे को दोष इत्याशङ्क्याह ।

'एतदमृतमभयमेतद् ब्रह्मे'ति यद्यत्रोपासना विधीयेत एष आत्मेति तदा अमृतादिवचनं व्यर्थं स्यात् । तद्धर्माणां पूर्वमेव प्राप्तत्वात् । तस्मादमृतमानन्दः अभयं चित् ब्रह्म सत् सचिदानन्दरूप आत्मेत्युक्तं भवति । अत 'एप' इति अक्षिपुरुषं निर्दिश्य सुखविशिष्टमभिधीयते । सच्चितोर्न ब्रह्मख्यापकत्वमिति सुखमेव निर्दिष्टम् । अतः सुखविशिष्टाभिधानादेव ब्रह्मवाक्यमिति । एषा मुख्योपपत्तिरित्येवकारः । चकारात् सदादिभिरपि । तस्माद् ब्रह्मैवाक्षिपुरुषः ॥१५॥

श्रुतोपनिषत्कगत्यभिधानाच्च ॥१६॥

स्वरूपतो निर्णीय फलतो निर्णयमाह । श्रुतोपनिपत्कस्य श्रुता उपनिषद्विद्या येन तस्य प्रविदो या गतिः देवयानाख्या साक्षिपुरुषविदोऽप्युच्यते । 'अथ यदु वै वास्मिन् शव्यं कर्म कुर्वन्ति यदि च नार्चिषमेवाभिन्ती' त्युपक्रम्य 'चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति एष देवपथो ब्रह्मपथ' इत्येतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्तन्त इति ब्रह्मविदोऽप्येष एव मार्गः पुनरावृत्तिरहितः । चकारस्तूक्तसमुच्चयेनाधिकरणपूर्णत्वबोधकः ॥१६॥

अनवस्थितेरसम्भवाच्च नेतरः ॥१७॥

इदमेवाधिकरणं पुनर्निषेधमुखेन विचारयति ।

ननूपासनापरत्वेऽपि सर्वमुपपद्यते । तद्धर्मव्यपदेशेनैवोपासनोपपत्तेः । अतः सर्वा उपपत्तयो व्यपदेशिवद्भावेन सङ्गच्छन्त इत्येवम्प्राप्त उच्यते ।

इतरो नात्र वाक्यार्थः । अनवस्थितेरस्थिरत्वात् । उपदेशकवाक्यत्वादुपदेष्टुरेव यक्षुर्गतं भवेत् । तथा च वक्तुर्दर्शनाभावादनाप्तत्वं द्रष्टुरपगमे चापगच्छति सद्वितीयेः सद्वितीयः । उपासनाकाले च सुतरामनवस्थितिः । सद्वितीयोपासनायामपि श्रवणमननयोर्भिन्नविषयत्वादनवस्थितिः । वक्तुरेव नियमे गुरोर्निर्बन्धेन सुतरामनवस्थितिः । किञ्च मनसा ह्युपासनं कर्तव्यं, तत्र चासम्भव एव । तादृशधर्मवत्त्वं च न सम्भवति आसुरत्वं च भवेदिति

१.२.
चकार
व्यापक
सगुण
सूत्रो.
२
(१.२
''
અભય
જાય
પ્રતિબિ
આપન
જ છે
વિદ્યા,
માટે અ
જ વા
એમ (
''
શાથી
બહાર
''તેમણે
પ્રતિબિ
આ બ્ર
સૂ
''
જ બધ
વામ ચ
કર્મફલ
દાતૃત્વ
અક્ષિપુ
સ્થાના

चकारार्थः। तस्मादक्षिस्थाने सहज एव यो भगवानस्ति तत्परमेवैतद्वाक्यमिति सिद्धं, व्यापकसर्वगतस्य सर्वतः पाणिपादान्तत्वादानन्दमूर्तिर्भगवानेव । ब्रह्मावादे त्वेपैव मर्यादा । सगुणावादो ब्रह्मावादा-ज्ञानादिति ॥१७॥

॥ इति पञ्चममन्तर उपपत्तेरित्यधिकरणम् ॥

અધિકરણ-૫

અંતર ઉપપત્તે : ઇત્યધિકરણ

સૂત્રો. ૧.૨.૧૩-૧૭

સૂત્ર-૧૩ : અંદર રહેલો (પરમાત્મા) છે, કારણ કે તેની ઉપપત્તિ છે. (૧.૨.૧૩)

"આંખમાં જે આ પુરુષ દેખાય છે, તે આત્મા છે એમ કહ્યું. એ અમૃત, અભય છે; તે બ્રહ્મ છે. તેથી જો એમાં ઘી કે પાણી સીંચે તો (બે) પાંપણમાં જ જાય છે" (છા. ૪.૧૫.૧) વગેરે શ્રુતિ છે. ત્યાં સંશય છે. આ વાક્ય પ્રતિબિમ્બપુરુષની બ્રહ્મ તરીકે ઉપાસના માટે છે કે બ્રહ્મનું વાક્ય છે. વિરુદ્ધ અર્થ આપનારા શબ્દોને લીધે સંદેહ છે. તેમાં "દેખાય છે" એ શબ્દથી આ પ્રતિબિમ્બ જ છે એમ (નક્કી) થાય છે. બ્રહ્મપ્રકરણ સમાપ્ત થવાથી "હે સૌમ્ય, તે અમારી વિદ્યા, આત્મવિદ્યા" (છા. ૪.૧૪.૧) એમ ઉપસંહાર દેખાય છે તેથી તેની સિદ્ધિ માટે આ વાક્ય ઉપાસનાવિષયક છે એમ માનવું જ યોગ્ય છે. જો વિરોધ ન હોય તો જ વાક્ય બ્રહ્મવિષયક બને. ઉપાસ્ય હોવાથી બ્રહ્મના ધર્મોનો અન્વય થઈ શકશે એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહે છે.

"અંદર"-આંખની અંદર દેખાય છે એમ કહેવાયેલા પરમાત્મા જ છે. શાથી ? ઉપપત્તિને લીધે. એનું આર્ષ દર્શન યોગ્ય છે. બધે બ્રહ્મને જોનાર (ઋષિ) બહાર નજીકમાં તે સ્થાન ઉત્કૃષ્ટ હોવાથી ત્યાં ભગવાનનો ઉપદેશ કરે છે, કારણ કે "તેમણે તને લોકની વાત કહી, હું તો તેને તે કહીશ" એવો ઉપક્રમ છે. જે પ્રતિબિમ્બમાત્ર છે તે પુરુષ છે એવો નિયમ નથી. માટે વિરોધના અભાવને લીધે આ બ્રહ્મવાક્ય જ છે.

સૂત્ર-૧૪ : અને સ્થાન વગેરે કહ્યાં છે તેથી. (૧.૨.૧૪)

"એને સંયદ્વામ કહે છે. એમાં બધાં વામ લય પામે છે. એજ વામની છે, એ જ બધાં વામને લઈ જાય છે. એ જ ભામની છે; એ બધા લોકમાં પ્રકાશે છે." વામ એટલે કર્મનાં ફળ. તે મનોહર હોવાથી તેને માટે કર્મ કરવામાં આવે છે. કર્મફલનો લય અને કર્મફલનું દાન જેનાથી છે એમ સ્વર્ગ અને મોક્ષરૂપી ફળનું દાતૃત્વ કહ્યું છે. સર્વ લોકમાં પ્રકાશે છે (એમ પણ કહ્યું છે) "આ" એમ તે જ અક્ષિપુરુષનો નિર્દેશ કરીને સ્થાનાદિ કહ્યાં છે. જે પ્રતિબિમ્બરૂપ આત્મા છે તેને

આ જ અર્થ છે. ઇન્દ્ર-પ્રજાપતિ સંવાદમાં આમ છે : ''હે ભગવાન, આ જે પાણીમાં દેખાય છે'' (છા. ૮.૭.૪) તે આસુર છે.'' આ આંખમાં જે પુરુષ દેખાય છે'' (છા. ૪.૧૫.૧) ઇત્યાદિમાં (આસુર સિદ્ધાન્ત) નથી. તેથી અક્ષિપુરુષ બ્રહ્મ જ છે.

સૂત્ર-૧૫ : અને સુખથી વિશિષ્ટ છે એવું કહ્યું છે તેથી જ. (૧.૨.૧૫)

(શંકા) આ બ્રહ્મવાક્ય છે એમ શાથી આગ્રહપૂર્વક પ્રતિપાદન કરવામાં આવે છે ? ઉપાસનારૂપે ગણવામાં શો દોષ છે ? આવી શંકા કરીને (જવાબ) કહે છે. (આને) સુખવિશિષ્ટ કહ્યું છે તેથી. આ અમૃત, અભય બ્રહ્મ છે. જો અહીં ''આ આત્મા'' એમ ઉપાસનાનું વિધાન છે એમ સમજવામાં આવે તો અમૃત વગેરે વચન વ્યર્થ થઈ જાય; કારણ કે તે ધર્મો પહેલેથી જ બ્રહ્મમાં પ્રાપ્ત થયા છે. તેથી અમૃત તે આનન્દ, અભય તે ચિત્ અને બ્રહ્મ તે સત્ એ રીતે સચ્ચિદાનન્દરૂપ આત્મા એમ કહ્યું છે. આમ આ અક્ષિપુરુષનો નિર્દેશ કરીને સુખવિશિષ્ટ આત્માનું કથન છે. સત્ અને ચિત્ બ્રહ્મના વ્યાપક નથી એટલે સુખનો જ નિર્દેશ કર્યો છે. આમ હોવાથી સુખવિશિષ્ટ (બ્રહ્મ)ના કથનને લીધેઆ બ્રહ્મવાક્ય જ છે. આ મુખ્ય ઉપપત્તિ છે એમ एव થી સમજાય છે. च થી સત્ આદિનો સંગ્રહ છે. તેથી બ્રહ્મ જ અક્ષિપુરુષ છે.

સૂત્ર-૧૬ : વળી ઉપનિષદ્‌નું શ્રવણ કર્યું છે તેવાઓની ગતિ કહી હોવાથી. (૧.૨.૧૬)

સ્વરૂપની દૃષ્ટિએ નિર્ણય કરીને ફલની દૃષ્ટિએ નિર્ણય કહે છે. જેમણે ઉપનિષદ્ વિદ્યાનું શ્રવણ કર્યું છે તેવા બ્રહ્મજ્ઞોની દેવયાન નામે જે ગતિ છે તે અક્ષિપુરુષના જ્ઞાતાની પણ કહેવાય છે. ''હવે જો તેને માટે શવ્ય કર્મ કરે કે જો ન કરે તો પણ અર્ચિમાર્ગે ગતિ કરે છે'' (છા. ૪.૧૫.૫) એવો ઉપક્રમ કરીને ''ચંદ્રમાંથી વિદ્યુત (અને ત્યાંથી) એમને અમાનવ પુરુષ બ્રહ્મ તરફ લઈ જાય છે. આ દેવપથ, બ્રહ્મપથ છે. એ માર્ગે જનારા આ માનવ આવર્તમાં આવતા નથી.'' (છા. ૪.૧૫.૫) આમ બ્રહ્મજ્ઞ માટે પણ આ જ માર્ગ પુનરાવૃત્તિરહિત છે. च શબ્દ કહેલાનો સમુચ્ચય કરીને અધિકરણની પૂર્ણતા બતાવે છે.

સૂત્ર-૧૭ : અનવસ્થિતિ અને અસંભવને લીધે બીજો નથી. (૧.૨.૧૭)

આ જ અધિકરણ ફરીથી નિષેધમુખે વિચારે છે. (શંકા) ઉપાસનાપર (વાક્ય) ગણો તો પણ બધું બરાબર છે. તેના ધર્મના કથનથી જ ઉપાસના યુક્ત બને છે. આમ બધી જ યુક્તિઓ બ્રહ્મની સમાનતાને લીધે બંધબેસતી આવે છે. એવું પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે. બીજો અહીં વાક્યાર્થ નથી. અનવસ્થિતિ એટલે અસ્થિરતાને લીધે ઉપદેશકનું વાક્ય હોવાથી ઉપદેશ કરનારની જ આંખમાં આવેલા (પ્રતિબિમ્બની ઉપાસના) થાય અને બોલનારના દર્શનનો અભાવ હોવાથી અનાપ્તતા આવી જાય. જોનાર જતો રહે ત્યારે (પ્રતિબિમ્બ પણ) જતું રહે; જો

(શ્રોતા) સાથે બીજો હોય તો બે (પ્રતિબિમ્બ) થાય. ઉપાસનાકાલે તો ચોક્કસ અસ્થિરતા થાય.[૪] બીજાની સાથે ઉપાસના કરવામાં આવે તોપણ શ્રવણ અને મનનના વિષયો ભિન્ન હોવાથી[૫] અસ્થિરતા આવે. વક્તાનો નિયમ[૬] સ્વીકારતાં ગુરુના નિર્બન્ધને લીધે ચોક્કસ અસ્થિરતા આવે.

ઉપરાંત ઉપાસના મનથી કરવી જોઈએ. ત્યાં (પ્રતિબિમ્બરૂપ આત્માનો) અસંભવ જ હોય છે. વળી (પ્રતિબિમ્બ પુરુષના) તેવા ધર્મો સંભવતા નથી. (પ્રતિબિમ્બની ઉપાસનામા) અસુરપણું આવે એવો च થી અર્થ થાય છે. તેથી આંખના સ્થાનમાં સહજ રીતે જ જે ભગવાન છે તે માટેનું આ વાક્ય છે એમ સિદ્ધ થાય છે. વ્યાપક અને સર્વગત, તથા સર્વતઃ પાણિપાદાન્ત અને આનંદમૂર્તિ એવા ભગવાન જ છે. બ્રહ્મવાદમાં આ જ મર્યાદા છે.[૭] બ્રહ્મવાદના અજ્ઞાનને લીધે કેટલાક સગુણવાદમાં (માને છે.)

ટિપ્પણ

૧. **विरुद्धार्थवाचकत्वात्संदेहः** - આ વાક્યમાં શબ્દો વિરુદ્ધ અર્થવાળા છે. दृश्यते એ ક્રિયાપદ દર્શન બતાવે છે એટલે પ્રતિબિમ્બ છે તો અમૃતત્વની પ્રતીતિ બ્રહ્મ વિશે જ છે. આમ વિરુદ્ધ અર્થો છે.

૨. **स्थानादि** - સ્થાન જેમાં આદિ છે તે. આ સમાસ અતદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ તથા તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ એમ બન્ને રીતે સમજાવી શકાય છે. આગલા સૂત્રમાં अन्तरः શબ્દથી સ્થાનનો નિર્દેશ થઈ જ ગયો છે એટલે અહીં સ્થાન ઉપરાંતના બીજા ધર્મો સમજવાના છે. આમ અતદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ છે. બીજી રીતે જોઈએ તો કર્મફલના લયની વાત કરતાં સ્થાન શબ્દને લયના અર્થમાં ગણીએ તો તેનો ધર્મોમાં સમાવેશ થતો હોવાથી આ તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ થાય છે.

૩. **आसुरम्** - ઇન્દ્ર-પ્રજાપતિ-વિરોચન સંવાદમાં આવતું વાક્ય પ્રતિબિમ્બરૂપ આત્માનું છે, બ્રહ્મનું નથી. વિરોચન અસુર છે તેથી આ અસુર સિદ્ધાન્ત છે.

૪. **उपासनाकाले तु सुतरामनवस्थितिः** - ઉપાસના કરતી વખતે આંખ બંધ કરવામાં આવે છે એટલે પ્રતિબિમ્બ હોતું જ નથી. પ્રતિબિમ્બનો અભાવ હોય તો અસ્થિરતા આવે જ છે.

૫. **अद्वितीयोपासनायामपि...** - જેમ યજ્ઞમાં પત્ની સાથે ક્રિયા કરવામાં આવે તેમ ઉપાસના પણ બીજાની સાથે કરવામાં આવે તો શ્રવણકાલે તો શ્રોતા એકલો જ હોય છે અને મનન-ઉપાસનાકાલે બે હોય. આમ પ્રકાર ભેદ થવાથી શ્રવણ-મનનના વિષયોમાં ભેદ થતાં અસ્થિરતા આવે છે.

૬. **वक्तुरेव नियमे...** - શ્રવણ સમયે વક્તા એટલે કે ગુરુ ત્યાં હાજર હોય છે. પણ ઉપાસના વખતે ગુરુ હાજર હોય જ એવો આગ્રહ રાખી શકાય નહિ. આમ ઉપાસનાની અનવસ્થિતિ પ્રાપ્ત થાય છે.

७. **ब्रह्मवादे त्वेषैव मर्यादा** - બ્રહ્મ વ્યાપક છે, સર્વગત છે, સર્વતઃ પાણિપાદાન્ત છે, આનન્દમૂર્તિ છે; આ બધા ઉપરાંત આંખ જેવા સ્વલ્પ સ્થાનમાં પણ એની સ્થિતિ હોય છે. આમ અહીં સગુણ-નિર્ગુણનો ભેદ નથી. પુરુષોત્તમજી કહે છે - ब्रह्मैव सर्वम् इति वादो ब्रह्मवादः । રશ્મિમાં જણાવ્યા મુજબ આ મધ્યમપદલોપી સમાસ છે.

अन्तर्याम्यधिदैवादिषु तद्धर्मव्यपदेशात् ।१८। (१-२-६)

'य इमञ्च लोकं परञ्च लोकं सर्वाणि च भूतान्यन्तरो यमयती'त्युपक्रम्य श्रूयते 'यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृत' इत्यादि । 'तत्र अधिदैवमधिलोकमधिवेदमधियज्ञमधिभूतमध्यात्मञ्च कश्चिदन्तरवस्थितो यमयितान्तर्यामीति' श्रूयते । तत्र संशयः । किमन्तर्याम्यधिदैवादिषु सर्वत्रैक एव अथाधिदैवादीनां नामभेदाद् भिद्यत इति । सामान्यत - 'स्त्वन्तस्तद्धर्मोपदेशा' दितिन्यायेनात्रापि ब्रह्मत्वं सिद्धमेव । तथा शब्दभेदात् सन्दिह्यते । अधिदैवादिषड् भेदा आधारधर्मा भगवत्युपचर्यन्ते अथवा सञ्ज्ञाविशिष्टा अन्य एवेति । तत्र तत्तदधिकृत्य यो वर्तते अभिमानेन तस्य तादृशशब्दप्रयोगः । अधिलोकादयश्च शाखान्तरेऽन्यत्रैव प्रसिद्धाः योगख्यापकाः पञ्चस्वधिकरणेषु 'अधिलोकमधिज्योतिष' मित्यादि । अतोधिदैविकादिशब्दा यौगिकाः सन्तो न भगवति वर्तितुमुत्सहन्ते । नाप्यन्ये कल्पनीया यद्धर्मा उपचाराद् भगवति भवेयुः । कल्प्यमानस्य सर्वानुस्यूतस्य तादृशस्य भगवद्व्यतिरिक्तस्यासम्भवात् । तस्मादन्तर्यामिब्राह्मणं कुत्राप्ययुक्तं सत् तत्तदभिमानिदेवतास्तुतिपरमेव तत्तदुपासनार्थं भविष्यति । अज्ञानञ्चासन्देहे सन्देहवदुपपद्यते । 'देहोऽसवोऽक्षा' इतिन्यायाद्वा । न तु निषिद्धसञ्ज्ञा भगवति कल्पयितुं शक्येत्येवम्प्राप्ते उच्यते ।

अन्तर्याम्यधिदैवादिषु, अधिदैवादिष्वन्तर्यामी भगवानेव, नान्यस्तादृशो भवितुमर्हति । ननु चोक्तं भगवति कथं निषिद्धकल्पनमिति तत्राह । तद्धर्मव्यपदेशात् । तेषां धर्माः तद्धर्माः तत्प्रयुक्तिबोधकाः ते विशेषेण भगवत्यपि दृश्यन्ते । सर्वेषां तत्तत्कार्य सामर्थ्यञ्च भगवतो न तु स्वतस्तेषामिति एवं सत्यन्यत् सर्वं सङ्गतं भवति । तस्माद् ब्रह्मवाक्यमेव ।

अन्यथा त्वधिकरणरचना अन्तस्तद्धर्माधिकरणेन गतार्थत्वादयुक्तैव ॥१८॥

न च स्मार्तमतद्धर्माभिलापात् ॥१९॥

ननु ब्रह्मवादे अन्तर्यामी न प्रसिद्धः जीवब्रह्मजडानामेव प्रसिद्धत्वात् । अतोऽन्तर्यामिणः सांख्यपरिकल्पितस्य गुणयोगात्तादृशस्य ब्रह्मत्वे वा कः पुरुषार्थो भवेत् । नहीश्वरं प्रकृतिधर्मारूढमन्तर्यामिणं मन्यन्ते । तादृशस्योपनिषत्स्वभावात् । पूर्वपक्षन्यायेन स्तुतिपरता । तन्मतस्य चाश्रौतत्वमित्याशङ्क्य परिहरति ।

नच स्मार्तं स्मृतिप्रसिद्धं स्मार्तं सांख्यमतसिद्धमिति यावत् । तदृशमन्तर्याभिरूपमत्र भवितुं नार्हति । कुतः । अतद्धर्माभिलापात् तद्धर्माणामनभिलापात् तद्विरुद्धधर्माणां चाभिलापात् । नह्यत्र सत्त्वरजस्तमोगुणास्तत्कार्यं वा अभिलप्यते तद्विरूद्धाश्चैते धर्मा 'यस्य पृथिवी शरीर'मित्यादि । तस्मात् साङ्ख्यपरिकल्पितं नान्तर्याभिरूपमत्र भवितुमर्हतीति सिद्धम् । एवं सति ब्रह्मधर्मा एवैते भवन्तीति ब्रह्मवादः फलिष्यति ॥१९॥

शारीरश्चोभयेऽपि हि भेदेनैनमधीयते ॥२०॥

ननूक्तन्यायेन शारीर एव भवतु । को दोषः । किमिति ब्रह्मपरत्वं कल्प्यमिति तत्राह । शारीरश्च । नेत्यनुवर्तते । शारीरश्च जीवो नान्तर्यामिब्राह्मणे तत्तदभिमानिरूपो 'यस्य पृथिवी शरीर' मितिवाक्यानुरोधेन भवितुमर्हति । ततोऽपि भिन्नतयान्तर्यामिणो वचनात् । उभयेऽपि काण्वमाध्यन्दिनब्राह्मणद्वयेऽपि एनज्जीवं भेदेनैवाधीयते ब्राह्मणाः । निःसन्देहार्थमुभयग्रहणं, 'यो विज्ञाने तिष्ठ'न्निति काण्वाः 'य आत्मनि तिष्ठ'न्निति माध्यन्दिनाः । न चात्मशब्देनान्यः सम्भवति । अन्येषां पूर्वमेव पठितत्वात् । अन्ते हि जीवमाह । तस्मादन्तर्यामिब्राह्मणे ब्रह्मैव वाक्यार्थ इति सिद्धम् ॥२०॥

॥ इति षष्ठमन्तर्याम्यधिकरणम् ॥

અધિકરણ-૬

અન્તર્યામ્યધિકરણ

સૂત્રો ૧.૨.૧૮-૨૦

સૂત્ર-૧૮ : અધિદૈવ વગેરેમાં અન્તર્યામી (બ્રહ્મ) છે કારણ કે તેના ધર્મોનું કથન છે. (૧.૨.૧૮)

''જે આ લોક અને પરલોક તથા બધાં ભૂતોનું અંદર રહીને નિયમન કરે છે'' (બૃ. ૩.૭.૧) એમ આરંભીને શ્રુતિ કહે છે ''જે પૃથ્વીમાં રહે છે, પૃથ્વીની અંદર છે, જેને પૃથ્વી જાણતી નથી, પૃથ્વી જેનું શરીર છે, અને જે પૃથ્વીનું અંદર રહી નિયમન કરે છે તે આ તારો અન્તર્યામી અમૃત આત્મા છે.'' (બૃ. ૩.૭.૨) ત્યાં અધિદૈવ, અધિલોક, અધિવેદ, અધિયજ્ઞ, અધિભૂત અને અધ્યાત્મ એવા કોઈ અંદર રહેલા નિયામક અન્તર્યામીનું શ્રવણ થાય છે. તેમાં સંશય થાય છે. અધિદૈવ વગેરેમાં અંતર્યામી બધે એક જ છે કે અધિદૈવ વગેરેના નામના ભેદથી ભિન્ન છે ? સામાન્ય રીતે તો अन्तस्तद्धर्मोपदेशात् (બ્ર. સૂ. ૧.૧.૧૯) એ ન્યાયથી અહીં પણ બ્રહ્મત્વ સિદ્ધ છે જ; પણ જુદા શબ્દોને[1] લીધે સંદેહ થાય છે. અધિદૈવ વગેરે છ[2] આધારના ધર્મોનો ભગવાનમાં ઉપચાર છે કે પછી આ નામવાળા જુદા જ છે ? ત્યાં (પૃથ્વી વગેરેને) અધિકરણરૂપે કરીને જે અભિમાનથી (હું છું એમ સ્વીકારીને) રહે તેને માટે તેવા (અધિદૈવ જેવા) શબ્દોનો પ્રયોગ છે. અન્ય શાખામાં અધિલોક વગેરે અન્યત્ર જ પ્રસિદ્ધ છે (તથા) પાંચ અધિકરણોમાં યૌગિક[3] અર્થ જણાવનારા છે. અધિલોક, અધિજ્યૌતિષ ઇત્યાદિ. તેથી અધિદૈવિક વગેરે શબ્દો યૌગિક હોવાથી ભગવાનના વિષયમાં એમનો પ્રયોગ થતો નથી. જેમના ધર્મો ઉપચારથી ભગવાનમાં હોય એવા બીજા પણ કોઈની કલ્પના કરી શકાતી નથી કારણ કે બધામાં અનુસ્યૂત એવો કલ્પના કરાયેલો તેવો કોઈ ભગવાનથી જુદો સંભવી શકતો નથી. એટલે

બંધબેસતુ ન હોવાથી તે તે અભિમાની દેવતાની સ્તુતિ માટે જ છે. (અને) તે તે (દેવતાની) ઉપાસના અર્થે સમજવામાં આવશે. જેમ સંદેહ ન હોય ત્યાં સંદેહ થાય છે, તેમ અજ્ઞાન[૪] પણ હોઈ શકે. અથવા ''દેહ, પ્રાણ, ઇન્દ્રિયો'' (ભાગવત ૬.૪.૨૫)[૫] એ ન્યાયે હોઈ શકે. નિષિદ્ધ સંજ્ઞા[૬] ભગવાન માટે કલ્પી શકાતી નથી. આમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે.

અધિદૈવ આદિમાં અન્તર્યામી-અધિદૈવ આદિમાં જે અંતર્યામી છે તે ભગવાન જ છે. બીજો કોઈ તેના જેવો થવો યોગ્ય નથી. (શંકા) પણ (અમે) કહ્યું છે કે ભગવાનમાં નિષિદ્ધકલ્પના કેવી રીતે થાય ? (જવાબ) તેમાં કહે છે. તેના ધર્મો કહ્યા છે તેથી. તેમના ધર્મો - તદ્ધર્માઃ તેમનો પ્રયોગ થયો હોવાથી[૭] તે વિશેષ રીતે ભગવાનમાં ઉપદેશાય છે. બધાનું તે તે કાર્ય અને સામર્થ્ય ભગવાનનું છે, એમનું પોતાનું નથી. આમ હોવાથી બીજું બધું બંધબેસતું થાય છે. તેથી (આ) બ્રહ્મવાક્ય જ છે.

બીજી રીતે અધિકરણની રચના કરવી યોગ્ય નથી[૮] કારણ કે અન્તસ્તદ્ધર્માધિકરણમાં (બ્ર. સૂ. ૧.૧.૧૯-૨૦)માં એ અર્થ આવી જાય છે.

સૂત્ર-૧૯ : (અહીં) સ્માર્ત (સાંખ્ય મત મુજબ અંતર્યામી) નથી કારણ કે તેના ધર્મો કહ્યા નથી. (૧.૨.૧૯)

(શંકા) બ્રહ્મવાદમાં અંતયામી પ્રસિદ્ધ નથી; કારણ કે (એમાં) જીવ, બ્રહ્મ અને જડ (એટલા) જ પ્રસિદ્ધ છે. એટલે અંતર્યામીને સાંખ્યસ્વીકૃત ગુણોના સંબંધને લીધે તેવાને બ્રહ્મ ગણવામાં કયો પુરુષાર્થ થઈ શકે ? પ્રકૃતિના ધર્મવાળા ઈશ્વરને (વેદાન્તીઓ) અન્તર્યામી માનતા નથી કારણ કે ઉપનિષદોમાં તેવાનો અભાવ છે. આમ પૂર્વપક્ષના ન્યાયથી આ વાક્ય સ્તુતિપરક છે.[૯] અથવા તેનો મત શ્રૌત છે એવી શંકાનો પરિહાર કરે છે.

તે સ્માર્ત નથી. સ્મૃતિમાં પ્રસિદ્ધ તે સ્માર્ત એટલે કે સાંખ્યમતમાં જે સિદ્ધ થયું છે તે. તેવું અંતર્યામીરૂપ અહીં હોવું યોગ્ય નથી. શાથી ? તેના ધર્મો કહ્યા નથી તેથી. તેના ધર્મોનું કથન નથી તેથી; અને તેનાથી વિરુદ્ધ ધર્મોનું કથન છે તેથી. અહીં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો કે તેનું કાર્ય કહ્યાં નથી. પૃથ્વી જેનું શરીર છે એવા આ ધર્મો તેનાથી વિરુદ્ધ છે.તેથી સાંખ્યમાં કલ્પેલું અંતર્યામીરૂપ અહીં હોય એ યોગ્ય નથી એમ સિદ્ધ થાય છે. આમ હોવાથી આ બ્રહ્મના જ ધર્મો છે એમ બ્રહ્મવાદ ફલિત થશે.

સૂત્ર-૨૦ : અને શારીર (અન્તર્યામી નથી). બન્ને ભેદથી એને કહે છે. (૧.૨.૨૦)

(શંકા) તો શારીર જ ભલે હોય. શો વાંધો છે ? બ્રહ્મપરત્વની કલ્પના શું કામ કરવી ? તેમાં (જવાબ) કહે છે. અને શારીર. ન અનુવૃત્તિથી સમજાય છે.[૧૦] શારીર

જીવ અન્તર્યામી બ્રાહ્મણમાં તે તે અભિમાનરૂપ, ''જેનું પૃથ્વી શરીર છે'' એ વાક્ય પ્રમાણે થવા યોગ્ય નથી. કારણ કે અન્તર્યામીને તેનાથી જુદા તરીકે કહ્યો છે. બન્ને એટલે કાણ્વ અને માધ્યંદિન એ બન્ને બ્રાહ્મણોમાં બ્રાહ્મણો આ જીવને ભેદથી જ વર્ણવે છે. સંદેહ દૂર કરવા માટે ઉભયનું ગ્રહણ છે. ''જે વિજ્ઞાનમાં રહે છે.'' એમ કાણ્વો અને ''જે આત્મામાં રહે છે.'' (બૃ. ૩.૭.૨૨) એમ માધ્યન્દિનો (કહે છે). આત્મા શબ્દથી બીજા કોઈનો સંભવ નથી; કારણ કે બીજા બધાનું કથન પૂર્વે જ કરેલું છે. જીવ અન્તે જ કહ્યો છે. તેથી અન્તર્યામિબ્રાહ્મણમાં બ્રહ્મ જ વાક્યનો અર્થ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **शब्दभेदात् संदेहः** - શબ્દો જુદા જુદા હોવાથી સંદેહ છે. અહીં अधिदैव વગેરે શબ્દોને યૌગિક અર્થમાં લેવાના છે. દેવોનો સમૂહ તે દૈવ. અને દૈવમાં તે અધિદૈવ એમ અધિકરણના અર્થમાં અવ્યયીભાવ સમાસ છે.

૨. **अधिदैवादिषड्भेदा** - અધિદૈવ, અધિલોક, અધિવેદ, અધિયજ્ઞ, અધિભૂત અને અધ્યાત્મ એમ છ પ્રકાર છે. એમાં પણ આપ, અગ્નિ, આકાશ, વાયુ, આદિત્ય, ચંદ્ર, તારક, દિગ્, વિદ્યુત્ અને સ્તનયિત્નુ એ દશ અધિદૈવ ગણવાના છે. સર્વ લોક, સર્વ વેદ, સર્વ યજ્ઞ અને સર્વ ભૂત એમ એક એક ગણતાં ચાર થાય છે. પ્રાણ, વાક્, ચક્ષુ, શ્રોત્ર, મન, ત્વક્, તેજસ્, તમસ્, ચેતસ્ અને આત્મા એ દશ અધ્યાત્મમાં ગણાય છે. આ રીતે બધું મળીને ૨૪ થાય છે. આ શાખામાં બૃહદારણ્યક મુજબ છે. કાણ્વપાઠમાં અન્તરિક્ષ વધારેનું છે અને આત્માને સ્થાને વિજ્ઞાન કહ્યું છે.

૩. **शाखान्तरे** - તૈત્તિરીય શાખાના શિક્ષોપનિષદ્નો સંદર્ભ છે. તેમાં પાંચ અધિકરણો તે અધિલોક, અધિજ્યૌતિષ,અધિવિદ્ય, અધિપ્રજ અને અધ્યાત્મ.

૪. **अज्ञानम्** - જેને પૃથ્વી જાણતી નથી એ વાક્યમાં અજ્ઞાન દર્શાવ્યું છે.

૫. **देहोऽसवोऽक्षाः** - ભાગવતમાં દક્ષસ્તુતિના પ્રસંગે આ શ્લોક છે : देहोऽसवोऽक्षा मनवो भूतमात्रा नात्मानमन्यं च विदुः परं यत् । सर्वं पुमान् वेद गुणांश्च तज्ज्ञो न वेद सर्वज्ञमनन्तमीडे ॥ દેહ, પ્રાણ, ઇન્દ્રિયો જેવા જડ પદાર્થોને ભગવાનનું જ્ઞાન હોતું નથી તેમ અહીં પૃથ્વી જડ હોવાથી એને જાણતી નથી એમ સમજવાનું છે.

૬. **निषिद्धसंज्ञा** - અભિમાની તરીકેની સંજ્ઞા. આ નિષિદ્ધ એવા અભિમાનથી કરેલી હોવાથી નિકૃષ્ટ છે. ઉપાસનામાં હંમેશાં જે નિકૃષ્ટ હોય તેની ઉત્કૃષ્ટરૂપે ઉપાસના હોય છે, ઉત્કૃષ્ટની નિકૃષ્ટરૂપે ઉપાસના હોતી નથી. એટલે આ બ્રહ્મની ઉપાસના છે એમ કહી શકાય નહિ.

૭. **तत्प्रयुक्तिबोधकाः** - પૃથ્વી અને તેના અભિમાનીઓના જે ધર્મો છે તેનો પ્રયોગ થયો છે. તે તે કાર્યવ્યાપારના આવેશના બોધક છે. ભૂતોનું ધારણ કરવું,

આવિષ્ટાતા રૂપે રહેવું, નિયમન કરવું વગેરે ધર્મો વિશેષતઃ ભગવાનમાં ઉપદેશાય છે; આમ ભગવાનના આવેશથી જ આ બધા ધર્મો સમજવાના છે; પૃથ્વી વગેરે કે તેના અભિમાનીઓના પોતાના નથી.

૮. **अन्यथा त्वधिकरणरचना** - શંકરાચાર્ય, રામાનુજાચાર્ય વગેરે જે રીતે અધિકરણ રચે છે તેનો ઉલ્લેખ છે.

૯. **स्तुतिपरता तन्मतस्य वा श्रौतत्वम्** - વેદાન્તમાં અન્તર્યામી નથી એટલે અહીં સાંખ્યસ્મૃતિ અનુસાર પ્રકૃતિના અભિમાની દેવતાની સ્તુતિ માનવી જોઈએ અથવા તો સાંખ્ય મત શ્રુતિમાં સ્વીકૃત છે એમ માનવું જોઈએ.

૧૦. **नेत्यनुवर्तते** - આગલા સૂત્રમાં આવતો न અહીં સમજવાનો છે. અહીં નોંધવું જોઈએ કે રામાનુજાચાર્ય शारीरश्च ને આગલા સૂત્રમાં લઈને न च स्मार्तमतद्धर्माभिलापाच्छारीरश्च એમ આખું સૂત્ર વાંચે છે.

अदृश्यत्वादिगुणको धर्मोक्तेः ।।२१।। (१-२-७)

मुण्डके हि श्रूयते । 'कस्मिन्नु भगवो विज्ञात' इति पृष्टे 'द्वे विद्ये वेदितव्ये' इत्युत्तरमाह । तत्त नामरूपात्मकजगतो विज्ञानार्थं नामांशे वेदादिः रूपांशे परा च । तत्र वेदादिविद्यायां न सन्देहः । परायां सन्दिह्यते । किमेषा साङ्ख्यमतविद्या ब्रह्मविद्या वेति । साङ्ख्यधर्माभिलापात् सन्देहः । 'अथ परा यया तदक्षरमधिगम्यते यत्तदद्रृश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुरश्रोत्रं तदपाणिपादं नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं तद्भूतयोनिं परिपश्यन्ति धीरा' इत्यादि । अग्रे च 'दिव्यो ह्यमूर्तः पुरुषः स बाह्याभ्यन्तरो ह्यजः अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः पर' इति उक्त्वा 'एतस्माज्जायत' इति निरूप्य 'अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्या' वित्यादिना रूपमुक्त्वा पुनः पुरुषात् सृष्टिमाह ।

तत्रैकप्रकरणत्वादेकवाक्यता वक्तव्या । तत्राक्षरपुरुषयोर्भेदः प्रतीयते । तयोरूभयोरपि सृष्टिः । तद् ब्रह्मवादे न सङ्गच्छते । तस्मात्साङ्ख्यमतमेवैतत् प्रकृतिपुरुषयोः श्लिष्टत्वादन्यतरप्राधान्येनोभयोः स्त्रष्टृत्वम् । उभयात्मकत्वात् जगतः रूपमपि । समष्टिव्यष्टीनामग्रे ह्युत्पत्तिरिति तिरोहितरूपत्वान्न ब्रह्मविद्या किन्तु स्मृतिरेवेति । ब्रह्मविद्या वेदविद्या । उपचाराद्वेति (एवं प्राप्ते उच्यते । अदृश्यत्वादिगुणकः परमात्मैव । ब्रह्मविज्ञानेनैव सर्वविज्ञानात् तत एव विद्याया अपि परत्वं, अक्षरस्यापि ब्रह्मत्व पुरुषस्यापि तयोः परापरभावः अभेदश्च । एतादृश एव ब्रह्मवादः । तत्र प्रथममक्षरस्य ब्रह्मत्वामाह । अदृश्यत्वादिगुणकः परमात्मैव । कुतः । धर्मोक्तेः । 'तथाक्षरात्सम्भवतीह विश्व' मिति । इयं चोपनिषत् । न ह्यत्र ब्रह्मव्यतिरिक्ताज्जगदुत्पत्तिरस्ति । पुरुषस्य ब्रह्मत्वं निःसन्दिग्धमेव ईषदानन्दतिरोभावेन ब्रह्माक्षरमुच्यते प्रकटानन्दः पुरुष इति 'ब्रह्मविदाप्नोति पर' मित्यत्रेव तथानिर्णयात् । तस्माददृश्यत्वादिगुणकः परमात्मैव ।।२१।।)

विशेषणभेदव्यपदेशाभ्यां च नेतरौ ।।२२।।

ननु पूर्वपक्षन्यायेन ब्रह्मविद्याख्यायामपि स्मृतिर्ब्रह्मविद्यैवास्तु 'द्वे ब्रह्मणी वेदितव्ये मूर्तं

चामूर्तं चे' त्यत्र विकारस्यैव ब्रह्मपदवाच्यत्वम् । अतः प्रकृतिपुरुषावेव वाक्यार्थ इति परिहरति। इतरौ न भवतो वाक्यार्थरूपौ । कुतः । विशेषणभेदव्यपदेशाभ्यां विशेषणभेदः व्यपदेशश्च ताभ्याम् । अदृश्यत्वदयो गुणा न प्रकृतेर्भवन्ति । सर्वस्यापि तद्विकारत्वात् । न हि घटदर्शनेन मृन्न दृश्यत इति वदितु युक्तम् । ब्रह्मवादे पुनः सर्वभवनसमर्थत्वात् ब्रह्मणि विरोधाभावः । न हि नित्यं सदैकरूपं विक्रियमाणश्च भवितुमर्हति । सर्वब्रह्मधर्मतुल्यत्वे तदेव ब्रह्मेति जितं ब्रह्मवादिभिः । 'यः सर्वज्ञः सर्ववि'दित्यादयस्तु सुतरामेव न प्रकृतिधर्माः। व्यवधानाच्च न पुरुषसम्बन्धः। अक्षरनिरूपण एव पुरुषविशेषणाच्च। 'येनाक्षरं पुरुषं वेद सत्य' मिति तस्मादक्षरविशेषणानि न प्रकृतिविशेषणानि नापि पुरुषविशेषणानि साङ्ख्यपुरुषस्य । न हि दिव्यत्वादयो गुणाः पुरुषस्य भवन्ति । न हि तन्मते पुरुषभेदोऽङ्गीक्रियते जीवब्रह्मवत् । न च तस्य बाह्याभ्यन्तरत्वं सर्वत्वाभावात् । न हि तस्माज्जायते प्राणादिः । तस्मात् पुरुषविशेषणान्यपि न साङ्ख्यपुरुषविशेषणानि । अतो विशेषणभेदः । व्यपदेशभेदश्च ब्रह्मविद्यैवैषेति । 'स ब्रह्मविद्यां सर्वविद्या' मित्युपक्रमे 'प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्या' मितिमध्ये 'तेषामेवैतां ब्रह्मविद्यां वदे' त्यन्ते । तस्मान्न साङ्ख्यपरिकल्पितौ प्रकृतिपुरुषौ वाक्यार्थः । न हि ब्रह्मा ज्येष्ठपुत्राय स्मृतिरूपां विद्यां वदतीति चकरार्थः ॥२२॥

रूपोपन्यासाच्च ॥२३॥

'अग्निर्मूर्धा चक्षुषी' त्यादिरूपं नहि प्रकृतिपुरुषयोरन्यतरस्य सम्भवति । ब्रह्मवादे पुनर्विश्वकायस्यैतद् रूपम् । सूत्रविभागात् पुनर्मुख्योपपत्तिरेषेति सूचितम् । चकारेण श्रुत्यन्तरविरोधः । एकवाक्यता च सर्वेषां वेदान्तानामिति । तस्मादक्षरशब्देन पुरुषशब्देन च ब्रह्मैव प्रोक्तमिति ब्रह्मविद्यैवैषेति सिद्धम् ॥२३॥

॥ इति सप्तममदृश्यत्वेत्यधिकरणम् ॥

અધિકરણ-૭

અદૃશ્યત્વેત્યધિકરણ

સૂત્ર ૧.૨.૨૧-૨૩

સૂત્ર-૨૧ : અદૃશ્ય વગેરે ગુણવાળા (પરમાત્મા છે તેના) ધર્મો કહ્યા હોવાથી. (૧.૨.૨૧)

મુંડકોપનિષદ્‌માં શ્રવણ કરાય છે. "હે ભગવાન, કોનું જ્ઞાન થતાં" (મુંડક ૧.૧.૩) એવા પ્રશ્નનો ઉત્તર કહ્યો છે "બે વિદ્યાઓ જાણવાની છે." (મુંડક ૧.૧.૪) નામરૂપાત્મક જગત્‌ને જાણવા માટે નામના અંશમાં વેદ વગેરે છે; અને રૂપના અંશમાં પરા (વિદ્યા) છે. તેમાં વેદાદિવિદ્યામાં સંદેહ નથી. પરા વિદ્યામાં સંદેહ છે કે સાંખ્ય મત અનુસાર વિદ્યા છે કે બ્રહ્મવિદ્યા છે ? સાંખ્ય અનુસાર ધર્મો કહ્યા હોવાથી સંદેહ થાય છે." હવે તે પરા વિદ્યા જેનાથી તે અક્ષરને જાણી શકાય-તે જે અદૃશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, અવર્ણ છે; જે ચક્ષુ, કાન, હાથ અને પગ વિનાનું છે; જે નિત્ય, સર્વગત, અતિસૂક્ષ્મ, અવ્યય છે; અને જેને ભૂતોની યોનિ તરીકે સર્વ રીતે

જુએ છે વગેરે. (મુંડક. ૧.૫.૬) આગળ ''તે દિવ્ય, અમૂર્ત પુરુષ, બાહ્ય અને આભ્યન્તર સહિત, અજ, પ્રાણરહિત તથા મનરહિત, (અને) શુભ્ર (એવો એ પુરુષ) અક્ષરથી અતિ પર છે'' (મુંડક. ૨.૧.૨) એમ કહીને, ''એમાંથી જન્મે છે.'' (મુંડક. ૨.૧.૩) એમ નિરૂપણ કરીને ''અગ્નિ શિર છે, ચન્દ્ર અને સૂર્ય આંખો છે'' વગેરેથી રૂપ જણાવીને પાછી પુરુષમાંથી સૃષ્ટિ કહે છે.

ત્યાં પ્રકરણ એક હોવાથી એકવાક્યતા કહેવી જોઈએ. વળી તેમાં અક્ષર અને પુરુષનો ભેદ દેખાય છે. તે બન્નેથી સૃષ્ટિ કહી છે તે બ્રહ્મવાદમાં યોગ્ય નથી. તેથી આ સાંખ્યમત જ છે. પ્રકૃતિ અને પુરુષના સંબંધને લીધે એકના પ્રાધાન્યથી બન્ને સર્જન કરનાર છે, કારણ કે જગત ઉભયાત્મક છે. સમષ્ટિનું રૂપ પણ (તેવું જ છે) અને વ્યષ્ટિની ઉત્પત્તિ[1] આગળ કહી છે. રૂપ તિરોહિત હોવાથી બ્રહ્મવિદ્યા નથી;[2] પણ સ્મૃતિ (સાંખ્ય) જ છે. બ્રહ્મવિદ્યા[3] તે વેદવિદ્યા છે અથવા ઉપચારથી છે. આમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે.

અદૃશ્યત્વ વગેરે ગુણવાળા પરમાત્મા જ છે. બ્રહ્મના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય છે તેથી. તેથી જ વિદ્યા પણ પર છે. અક્ષર પણ બ્રહ્મ છે પુરુષ પણ (બ્રહ્મ) છે. બે વચ્ચે પર-અપરનો સંબન્ધ છે અને (બન્ને વચ્ચે) અભેદ છે. બ્રહ્મવાદ ખરેખર આવો જ છે. તેમાં પહેલાં અક્ષરનું બ્રહ્મત્વ કહે છે. અદૃશ્યત્વ વગેરે ગુણવાળો પરમાત્મા જ છે. શાથી ? ધર્મો કહ્યા છે તેથી ''તે રીતે અહીં અક્ષરમાંથી વિશ્વ સંભવે છે.'' (મુંડક ૧.૧.૭) વળી આ ઉપનિષદ્ છે. અહીં બ્રહ્મ સિવાય બીજાથી જગત્‌ની ઉત્પત્તિ હોતી નથી. પુરુષના બ્રહ્મત્વમાં કોઈ સંદેહ જ નથી. આનંદનો કાંઈક તિરોભાવ થતાં બ્રહ્મને અક્ષર કહેવાય છે; જેમાં આનંદ પ્રકટ હોય તે પુરુષ છે. ''બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે.'' (તૈ. ૨.૧) એમ અહીં જ તેવો નિર્ણય છે. તેથી અદૃશ્યત્વ વગેરે ગુણવાળા પરમાત્મા જ છે (એમ સિદ્ધ થાય છે).

સૂત્ર-૨૨ : વિશેષણોનો ભેદ અને વ્યપદેશ હોવાથી બીજા બે નથી.

(૧.૨.૨૨)

(શંકા) પૂર્વપક્ષના ન્યાય અનુસાર બ્રહ્મવિદ્યા એવું નામ હોવા છતાં સ્મૃતિ જ બ્રહ્મવિદ્યા થવી યોગ્ય છે. ''બે બ્રહ્મ જાણવાનાં છે, મૂર્ત અને અમૂર્ત'' (મૈ. ૬.૩.૨૨) એમાં વિકાર જ બ્રહ્મ શબ્દથી વાચ્ય છે. એટલે પ્રકૃતિ અને પુરુષ જ વાક્યના અર્થ છે એ મતનો (જવાબ) પરિહાર કરે છે. બીજા બે વાક્યાર્થરૂપ નથી. શાથી ? વિશેષણભેદ અને વ્યપદેશથી-વિશેષણભેદ અને વ્યપદેશ એ બેને લીધે. અદૃશ્યત્વ આદિ ગુણો પ્રકૃતિના ન હોય, કારણ કે[4] બધા તેના વિકારો છે. ઘડાને જોતાં માટી દેખાતી નથી એમ કહેવું યોગ્ય નથી. બ્રહ્મવાદમાં બ્રહ્મ સર્વભવન સમર્થ હોવાથી વિરોધનો અભાવ છે. (પ્રધાન)[5] નિત્ય, સદા એકરૂપ અને અવિકારી હોઈ ન શકે. બ્રહ્મના બધા ધર્મો સમાન હોય તો તે બ્રહ્મ જ છે એમ બ્રહ્મવાદીઓ જીતે છે.

''જે સર્વજ્ઞ, સર્વવિત્'' (મુંડક. ૧.૧.૯) વગેરે તો પ્રકૃતિના ધર્મો નથી જ. દૂર હોવાને લીધે એને પુરુષ સાથે સંબંધ નથી.[૬] અક્ષરનું નિરૂપણ કરતાં પુરુષનું વિશેષણ આપ્યું છે. ''જેનાથી સત્ય એવું અક્ષર પુરુષને જાણે છે.'' (મુંડક ૨.૧૩) તેથી અક્ષરનાં વિશેષણો પ્રકૃતિનાં વિશેષણો નથી તેમ પુરુષનાં વિશેષણો સાંખ્યસ્વીકૃત પુરુષનાં નથી. દિવ્યત્વ આદિ ગુણો (સાંખ્ય) પુરુષના થઈ શકે નહિ. તેમના મતમાં જીવ અને બ્રહ્મની માફક પુરુષોનો ભેદ સ્વીકાર્યો નથી. તે બાહ્ય કે આભ્યન્તર નથી કારણ કે સર્વત્વનો અભાવ છે. તેમાંથી પ્રાણ વગેરે ઉત્પન્ન થતા નથી. આમ પુરુષનાં વિશેષણો પણ સાંખ્ય પુરુષનાં વિશેષણો નથી. એટલે વિશેષણોનો ભેદ છે.

ઉપરાંત વ્યપદેશનો પણ ભેદ છે. આ બ્રહ્મવિદ્યા જ છે. ''તેમણે બ્રહ્મવિદ્યા સર્વવિદ્યા'' (મુંડક ૧.૧.૧) એમ ઉપક્રમમાં છે; ''તે બ્રહ્મવિદ્યા તત્ત્વતઃ કહી'' (મુંડક. ૧.૨.૧૩) એમ મધ્યમાં; ''તેમને જ આ બ્રહ્મવિદ્યા કહેવી'' (મુંડક. ૩.૨.૧૦) એમ અન્તે આવે છે. તેથી સાંખ્યમાં કલ્પેલા પ્રકૃતિ અને પુરુષ વાક્યાર્થ નથી. બ્રહ્મા પોતાના જ્યેષ્ઠ પુત્રને સ્મૃતિરૂપ વિદ્યા ન કહે એમ च નો અર્થ છે.

સૂત્ર-૨૩ : અને રૂપનો ઉપન્યાસ કર્યો હોવાથી. (૧.૨.૨૩)

''અગ્નિ જેનું શિર છે, (ચંદ્ર, સૂર્ય) જેની આંખો છે.'' (મુંડક ૨.૧.૧૪) ઇત્યાદિ રૂપ પુરુષ કે પ્રકૃતિ બેમાંથી કોઈનું સંભવતું નથી. બ્રહ્મવાદમાં વિશ્વ જેનું શરીર છે તેનું આ રૂપ હોઈ શકે. સૂત્રના વિભાગથી[૭] મુખ્ય યુક્તિ છે એમ સૂચવાય છે. બીજી શ્રુતિઓ સાથે અવિરોધ અને એકવાકયતા च શબ્દથી સમજાય છે. તેથી અક્ષર અને પુરુષ શબ્દોથી બ્રહ્મ જ કહ્યું છે અને આ બ્રહ્મવિદ્યા જ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **समष्टिव्यष्टीनामग्रे ह्युत्पत्तिः** - अग्निर्मूर्धा... વગેરેથી સમષ્ટિ અને तस्मादग्निः समिधो यस्य सूर्यः વગેરેથી વ્યષ્ટિની ઉત્પત્તિનું વર્ણન છે. પુરુષોત્તમજી આ વાક્ય સમજાવતાં કહે છે - रूपमपि समष्टेरिति अग्निर्मूर्धा इत्याद्युक्तं रूपमपि श्लिष्टस्यैवत्त्यर्थः...समष्टीनामित्यादि । તે અનુસાર એવો અર્થ થાય કે સમષ્ટિરૂપ પણ પ્રકૃતિપુરુષના સંશ્લેષથી થાય છે(તો પછી ભાષ્યનો પાઠ આમ હોવો જોઈએ- रूपमपि समष्टेः । व्यष्टीनामग्रे व्युत्पत्तिरिति । પણ ભાષ્યનો પાઠ रूपमपि समष्टिव्यष्टीनामग्रे व्युत्पत्तिरिति । એવો મળે છે, જો કે અહીં પાઠભેદનો કોઈ નિર્દેશ પ્રકાશમાં નથી. નકલ કરનારની ભૂલ ગણીએ તે વધારે સરળ માની શકાય.

૨. **तिरोहितरूपत्त्वान्न ब्रह्मविद्या** - વિષયવાક્યમાં બ્રહ્મનું સચ્ચિદાનંદરૂપ કહ્યું નથી એટલે એ સ્વરૂપ તિરોહિત છે તેથી આ બ્રહ્મવિદ્યા નથી.

૩. **ब्रह्मविद्या वेदविद्या ...** - વિષયવાક્યમાં બ્રહ્મવિદ્યા શબ્દનો પ્રયોગ છે. ત્યાં એનો અર્થ વેદવિદ્યા સમજી શકાય અથવા તો સાંખ્યસ્મૃતિને જ ઉપચારથી બ્રહ્મવિદ્યા કહી છે એમ માની શકાય.

૪. **सर्वस्यापि तद्विकारत्वात्** - બધું જ પ્રકૃતિનો વિકાર છે. હવે કાર્ય દશ્ય હોય તો કાર્ય જેનો વિકાર છે એવું કારણ પણ દશ્ય જ હોય. ઘડો દેખાય એટલે માટી પણ દેખાય. આમ પ્રકૃતિમાં અદશ્યત્વનો ધર્મ શક્ય નથી.

૫. **न हि नित्यं...** - સાંખ્યો પ્રકૃતિ અર્થાત્ પ્રધાનને પરિણામિનિત્ય માને છે તેથી એ નિત્ય, સદા એકરૂપ કે અવિકારિ હોય નહિ.એ બધા બ્રહ્મના ધર્મો છે. હવે જો પ્રકૃતિ-પ્રધાનમાં એ ધર્મો છે એમ માનો તો પ્રધાન અને બ્રહ્મ એક જ છે એમ માનવું પડે.

૬. **व्यवधानाच्च न पुरुषसंबन्धः** - વિશેષણો પહેલા મુંડકમાં છે તો પુરુષની ચર્ચા બીજા મુંડકમાં છે. આમ વિશેષણો અને વિશેષ્યની વચ્ચે બીજી ચર્ચા આવી જતી હોવાથી એ વિશેષણો પુરુષને લાગુ પડતાં નથી.

૭. **सूत्रविभागात्...** - આગલા સૂત્ર સાથે જોડીને આગલા સૂત્રને विशेषणभेदव्यपदेशरूपोपन्यासेभ्यः એમ કહી શકાયું હોય પણ તેને બદલે જુદું સૂત્ર એટલા માટે આપ્યું છે કે આ મુખ્ય યુક્તિ છે.

अधिकरणत्रयेण भोगमुपपाद्य, पूर्वाधिकरणे अदृश्यत्वादिगुणानुक्त्वा प्रसङ्गाद् रूपमुपन्यस्तम् । अधुना साकारब्रह्मतामुपपादयितुमिदमधिकरणमारभते ।

'को न आत्मा किं ब्रह्मे'ति । 'आत्मानमेवेमं वैश्वानरं सम्प्रत्यध्येषि तमेव नो ब्रूही'ति चोपक्रम्य 'द्युसूर्यवाय्वाकाशवारिपृथिवीनां सुतेजस्त्वादिगुणयोगमेकैकोपासननिन्दया च मूर्धादिभावमुपदिश्याम्नायते । 'यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाः । चक्षुर्विश्वरूपः । प्राणः पृथग्वर्त्मात्मा । सन्देहो बहुलो बस्तिरेव रयिः । पृथिव्येय पादौ । उदर एव वेदिः । लोमानि बर्हिः । हृदयं गार्हपत्यो मनोऽन्वाहार्यपचनं आस्यमाहवनीय' इत्यादि ।

तत्र संशयः । किं वैश्वानरशब्देन ब्रह्म प्रतिपादयितुं शक्यते न वेति । अर्थस्यातिसन्दिग्धत्वात्सन्देहः । तत्रोपक्रमे ब्रह्मात्मपदप्रयोगोऽस्ति । नान्यत् किञ्चित् । उपपादने त्वतद्धर्मा एव साकारस्य तु लोकन्यायेनाब्रह्मत्वम् । वैश्वानरो यद्यप्यग्नावेव प्रसिद्धः तथापि पूर्वकाण्डसिद्धत्वाद्देवतात्मपरिग्रहो युक्तः । ततश्च 'संवत्सरो वा अग्निर्वैश्वानर' इति श्रुतेः संवत्सरस्य प्रजापतित्वाच्च हिरण्यगर्भोपासनापरमिदमिति गम्यते । ब्रह्मात्मशब्दावपि हि तत्रैव युक्ततरौ । तदुपासकस्यैवान्नभोजनत्वमपि सर्वत्र युक्तम् । प्रादेशमात्रत्वमपि मुख्यजीवत्वादस्मदाद्यपेक्षया स्थूलत्वाभिप्रायं, विराडभिमानित्वाच्च लोकावयवत्वं वेदगर्भत्वादग्नित्रयात्मकत्वमिति । तस्माद्धिरण्यगर्भोपासनापरमेवैतद्वाक्यं न भगवदुपासनापरमित्येवम्प्राप्ते, उच्यते ।

वैश्वानरः साधारणशब्दविशेषात् ॥२४॥ (१-२-८)

वैश्वानरः परमात्मैव । कुतः । साधारणशब्दविशेषात् । साधारणशब्दात् विशेषः । ये पूर्वपक्षे साधारणशब्दा हिरण्यगर्भपरतया ततोऽपि विशेषोऽस्ति । येन भगवानेव वैश्वानरो भवति । प्रादेशमात्रस्यैव द्युमूर्धत्वादिधर्मः । न हि विरुद्धधर्माश्रयत्वं भगवद्व्यतिरिक्ते सम्भवति। सर्वभवनसामर्थ्याभावात् । साधारणाद्धर्मात् शब्द एव विशेष इति वा । विशेषादित्येव वक्तव्ये साधारणशब्दशब्दौ प्रादेशमात्रस्यैव वैश्वानरशब्दवाच्यत्वं द्युमूर्धत्वादिकं तस्यैवेति समासेन द्योतयतः । अन्यथा विरोधाभावात् । यदपि लोकात्मकं स्थूलं रूपं तदपि भगवत एव । न हिरण्यगर्भस्येति । पुरुषत्वात्तस्य । विश्वस्य जडस्य नरस्य जीवस्य च भगवदंशत्वेन देवतात्वाद्देवताद्वन्द्वे चेति विश्वानरो । तौ निवासो यस्येति 'तस्य निवास' इत्यण् । तेन परमेश्वर एव वैश्वानरो भवति, नान्यः । भगवदंशत्वादन्यत्रोपचारात् प्रयोगः । तस्माद्वैश्वानरः परमात्मा ॥२४॥

स्मर्यमाणमनुमानं स्यादिति ॥२५॥

व्याख्यानेन भगवत्परत्वात् वाक्यस्य प्रमाणान्तरमाह ।

'केचित् स्वदेहे हृदयावकाशे प्रादेशमात्रं पुरुषं वसन्तं चतुर्भुजं कञ्जरथाङ्गशङ्खगदाधरं धारणया स्मरन्ती'ति । स्मर्यमाणं रूपमनुमानं स्यात् प्रादेशमात्रवैश्वानरस्य ब्रह्मत्वे, स्मरणं हि मननं श्रुतस्य भवति । श्रुतिवाक्येभ्य एव हि श्रवणम् । यदि प्रादेशमात्रवैश्वानरप्रतिपादकजातीयानां न ब्रह्मवाक्यत्वं स्यात् तदा स्मरणं नोपपद्येत । अत इति हेतोः प्रादेशमात्रवैश्वानरो भगवानेवेति सिद्धम् ॥२५॥

शब्दादिभ्योऽन्तः प्रतिष्ठानान्नेति चेन्न तथादृष्ट्युपदेशादसम्भवात् पुरुषमपि चैनमधीयते ॥२६॥

किञ्चिदाशङ्क्य परिहरति । ननु यदि स्मर्यमाणमनुमानं स्यादिति वाक्यार्थो निर्णीयते तदा स्मृत्यन्तरेणान्यथापि व्याख्येयम् । अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विध'मिति जाठर एवाग्निर्वैश्वानरो भवति । तस्यैव भगवाद्विभूतित्वात् । वाक्यार्थो यथाकथञ्चित् योजयिष्यते । न तु विरुद्धधर्माणां विद्यमानत्वाद् भगवत्परत्वं वाक्यस्य । विरुद्धधर्माः शब्दादयः अन्तःप्रतिष्ठानञ्च । 'अग्निर्वैश्वानर' इतिशब्दः केवलवैश्वानरपदे भवेत् । भगवत्परत्वं योगेन । तदग्निसाहचर्यादग्निरेव भवेत् । तस्यैव च त्रेताग्निकल्पनमुपासनार्थम् । 'प्राणो हि देवता तद् यद्भक्तं प्रथममागच्छेत् तद्धोमीय' मित्यादिना । तदेतेभ्यो हेतुभ्योऽन्तःप्रतिष्ठितत्वमपि न भगवद्धर्मः । 'पुरुषेऽन्तःप्रतिष्ठितं वेदे'ति भिन्नहेतुर्हेतुश्च भवतीति न चकारः । तस्माद्विरुद्धधर्माणां विद्यमानत्वात् न भगवान् वैश्वानर इति चेत् । न । तथादृष्ट्युपदेशात् । सर्वभोक्तृत्वं भगवतो वक्तुं तथादृष्टिरुपदिश्यते । विरुद्धधर्माणां तत्तद्भावापत्तिरित्यैश्वर्यमेव भगवतो वर्णितम् ।

तर्हि कार्यवाक्यमेवास्तु स्मृत्यनुरोधादिति चेत्, असम्भवात् । नहि तस्य द्युमूर्धत्वादयो धर्माः सम्भवन्ति । उपचारादुपासनार्थं परिकल्पनं भविष्यतीति चेत्, न । पुरुषमपि चैनमधीयते

वाजसनेयिनः । 'स एषोऽग्निर्वैश्वानरो यत्पुरुषः स यो हैतमेवाग्निं वैश्वानरं पुरुषविधं पुरुषेऽन्तःप्रतिष्ठितं वेदे'ति । तस्मात् पुरुषत्वं पाठान्तरे पुरुषविधत्वं वा जाठरस्य न सम्भवतीति भगवानेव वैश्वानरः । भगवत्परत्वे सम्भवत्यन्यकल्पनाऽयुक्तेति ॥२६॥

अत एव न देवता भूतञ्च ॥२७॥

'वैश्वानरो न ऊत्ये' त्यादिमन्त्रैर्देवताया महाभूताग्नेर्वा वाक्यार्थतेति कस्यचिद् बुद्धिः स्यात् तदपि अतिदेशेनैव परिहरति । मुख्योपपत्तिर्भगवत्परत्वे सम्भवति नान्यकल्पना युक्तेति ॥२७॥

साक्षादप्यविरोधं जैमिनिः ॥२८॥

अधुना परिमाणविशेषो विचार्यते । प्रादेशमात्रत्वं भगवतः स्वाभाविकं कृत्रिमं वेति । अस्मिन् सिद्ध एव पूर्वोक्तं सिद्धं भवेदिति विचार्यते । तत्रास्मिन्नर्थे चत्वार ऋषयो वेदार्थचिन्तकाः प्रकारभेदेन । तत्र केवलं शब्दबलविचारका आचार्याः । शब्दार्थयोर्जैमिनिः । आश्मरथ्यस्तु शब्दोपसर्जनेनार्थविचारकः । केलवार्थविचारको बादरिरिति । आचार्यः पुनर्विचाराविचारयोर्दोषं पश्यन् विचारमपि वदन् तेषामल्पबुद्धिख्यापनाय नामान्याह । तत्र जैमिनिरुभयबलविचारकः प्रथमं निर्दिश्यते ।

व्यापकस्य प्रादेशमात्रत्वे साक्षादपि कल्पनाव्यतिरेकेणापि स्वरूपविचारेणैवाविरोधं मन्यते जैमिनिः । आकाशवद्व्यापकं सर्वतः पाणिपादान्तं ब्रह्म । अत एव साकारत्वमनन्तमूर्तित्वं ब्रह्मणः स्वेच्छया परेच्छया स्वभावतश्च विभक्तमिव । त्रयोपि नियतपरिमाणाः । अनियतपरिमाणास्तु आकाशवत्परिच्छेदनिरूप्याः । तद्वृद्धिह्रासाभ्यां तथा भवन्ति । स्मृतावप्युक्तं 'विष्णोस्तु त्रीणि रूपाणि पुरुषाख्यान्यथो विदुः प्रथमं महतः स्रष्टृ द्वितीयं त्वण्डसंस्थितं तृतीयं सर्वभूतस्थं तानि ज्ञात्वा विमुच्यत' इति । भूतेषु पञ्चधा, उदरेऽङ्गुष्ठमात्रः । हृदये प्रादेशः, मूर्धनि च । मनसीन्द्रियेषु चाणुः । चित्ते व्यापकः, एकस्याप्युपक्रमे सर्वेषु तथात्ववादो विभूतिरभेदाय । तस्माद् वैश्वानरस्य पुरुषत्वात् सच्चिदानन्दरूपेणैव प्रादेशमात्रत्वं न विरुध्यते । अतः साकारब्रह्मवाद एव जैमिनेः सिद्धान्तः ॥२८॥

अभिव्यक्तेरित्याश्मरथ्यः ॥२९॥

निराकारमेव ब्रह्म मायाजवनिकाच्छन्नं तदपगमेन पुरुषाकारेणाधिदैविकदेवताधिष्ठितेनाभिव्यक्तः पुरुषोऽन्तर्यामी । अत एव 'पुरुषविध' इति । अभिव्यक्तेर्हेतोः साकारत्वमपि । मायापगमनकृतत्वात् न स्वाभाविकत्वं तथापि निर्दिश्यमानं सच्चिदानन्दरूपमेवाश्मरथ्यो मन्यते ॥२९॥

अनुस्मृतेरिति बादरिः ॥३०॥

बादरिः केवलयौक्तिकश्चिन्तनवशात् प्रादुर्भूतरूपानुवादिका श्रुतिरिति । 'यद्यद्धिया त उरुगाय विभावयन्ति तत्तद्वपुः प्रणयसे सदनुग्रहाय' इतिवाक्यानुरोधात् । अन्यथा बहुकल्पनायां बुद्धिसौकर्याभावात् तार्किकादिमतेष्वपि तथात्वाद् युक्त्यनुरोधेन ब्रह्मवादोऽप्यन्यथा नेयं इति हि मन्यते । अस्मिन् पक्षे त्वतात्त्विकत्वम् । अथवा मायास्थाने अनुस्मृतिः, अभिव्यक्तिस्तु तुल्या । एवं सति बादरिमतेऽपि तात्त्विकमेव रूपम् ॥३०॥

सम्पत्तेरिति जैमिनिस्तथाहि दर्शयति ॥३१॥

जैमिनिमते आकारवादे नियतसाकारं मन्यमानस्तदेकदेशी नियतमेव प्रादेशमात्रं भगवद्रूपं मन्यते । तन्निराकरणाय सर्वत्र प्रादेशत्वं सम्पत्तिकृतमित्याह । तत्र का सम्पत्तिः कथमिति स्वयमेव श्रुत्या प्रदर्शयति । वाजसनेयिब्राह्मणे द्युप्रभृतीन् पृथिवीपर्यन्तान् वैश्वानरस्यावयवान् अध्यात्म्ये च मूर्धप्रभृतिषु चिबुकपर्यन्तेषु सम्पादयन् 'प्रादेशमात्रमिह वै देवाः सुविदिता अभिसम्पन्नास्तथा तु व एतान् वक्ष्यामि यथा प्रादेशमात्रमेवाभिसम्पादयिष्यामीति स होवाच मूर्धानमुपदिशन्नेष वा अतिष्ठा वैश्वानर' इत्यादिना सम्पत्तिनिमित्तमेव प्रादेशमात्रत्वं वैश्वानर-स्याह । न तु प्रादेशमात्र एव वैश्वानर इति तदेकदेशिपरिहारं जैमिनिर्मन्यते ॥३१॥

आमनन्ति चैनमस्मिन् ॥३२॥

मुख्यं स्वसिद्धान्तमाह ।

व्यापक एव प्रादेश इति । न हि विरुद्धमुभयं भगवत्यनवगाह्यमाहात्म्ये । तस्मात् प्रमाणमेवानुसर्तव्यं न युक्तिः । शब्दबलविचार एव मुख्यः । न तु प्रातीतिकविरोधादन्यथात्वकल्पनम् । वैश्वानरस्य पुरुषत्वं पुरुषविधत्वं पुरुषेऽन्तःप्रतिष्ठितत्वं च वाजसनेयिनः समामनन्ति । न हि तस्य तद्विधत्वं तस्मिन् प्रतिष्ठितत्वं च सम्भवति युक्त्या । अतोऽन्ये ऋषयो भ्रान्ता एव येऽन्यथाकल्पयन्तीत्यभिप्रेत्य स्वमतमाह । एनं वैश्वानरमस्मिन् मूर्धचिबुकान्तराले जाबालाः समामनन्ति । 'एषोऽनन्तोऽव्यक्त आत्मा योऽविमुक्ते प्रतिष्ठित' इति । 'सोऽविमुक्तः कस्मिन् प्रतिष्ठित' इत्यादिना 'भ्रुवोः प्राणस्य च यः सन्धिः ' एष द्यौर्लोकस्य परस्य च सन्धिर्भवती'ति । न ह्यनन्तः संकुचितस्थाने भवति विशेषणवैयर्थ्यापत्तेः । युक्तिगम्या त्वब्रह्मविद्यैव । अविरोधेऽपि वक्ष्यति 'श्रुतेस्तु शब्दमूलत्वा'दिति ।

<ननु तथापि काचित् वेदानुसारिणी युक्तिर्वक्तव्या शास्त्रसाफल्यायेति चेत् । उच्यते । विरोध एव नाशङ्कनीयो वस्तुस्वभावात् । अयःकान्तसन्निधौ लोहपरिभ्रमणे या युक्तिः । गर्भस्यौदर्यादाहे । रेतसो मयूरत्वादिभावे । न हि सर्वत्र स्वभावदर्शनाभ्यामन्योपपत्तिः कैश्चिदपि शक्यते वक्तुं ।>तस्यान्ते 'सुषिर'मित्यादिना श्रुतिरेवमेवाह । यशोदास्तनन्धयस्य च भगवतो मुखारविन्दे विश्वमेव दृष्ट्वा स्वप्नमायाऽविद्यानिराकरणाय सिद्धान्तमाह । 'अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक आत्मयोग' इति, उलूखलबन्धने चायमर्थो निर्णीतः । तस्मादानन्दांशस्यैवायं धर्मो यत्र स्वाभिव्यक्तिस्तत्र विरुद्धसर्वधर्माश्रयत्वमितिचकारार्थः । तस्मात्प्रादेशमात्रो व्यापक इति वैश्वानरो भगवानेवेति सिद्धम् ॥३२॥

इति अष्टमं वैश्वानराधिकरणम् ॥

॥ इति ब्रह्मसूत्राणुभाष्ये
प्रथमेऽध्याये द्वितीयः पादः ॥

અધિકરણ-૮

વૈશ્વાનરાધિકરણ

સૂત્રો ૧.૨.૨૪-૩૨

સૂત્ર-૨૪ : ત્રણ અધિકરણોથી ભોગનું પ્રતિપાદન કર્યા પછી આગલા અધિકરણમાં અદૃશ્યત્વ વગેરે ગુણો કહીને પ્રસંગ અનુસાર રૂપનો ઉપન્યાસ કર્યો. હવે સાકાર બ્રહ્મના પ્રતિપાદન માટે આ અધિકરણ આરંભાય છે.

''અમારો આત્મા કોણ છે ? બ્રહ્મ શું છે ?'' (છા. ૫.૧૧.૧) ''હવે તમે આ વૈશ્વાનરને આત્મા તરીકે જ જાણો છો; તેને વિશે જ અમને કહો'' (છા. ૫.૧૧.૨) એવો ઉપક્રમ કરીને દ્યૌ, સૂર્ય, વાયુ, આકાશ,જલ અને પૃથ્વીના સુતેજસ્ત્વ આદિ ગુણો બતાવીને, એક એકની નિન્દા કરીને, (વૈશ્વાનર) મૂર્ધન્ય છે એવા ભાવનો ઉપદેશ કરીને શ્રુતિમાં કહેવાય છે. ''જે આ પ્રાદેશમાત્ર[1] અભિવિમાન આત્મા વૈશ્વાનરની ઉપાસના કરે છે તે બધા લોકમાં, બધા ભૂતોમાં બધા આત્માઓમાં અન્ન ખાય છે. તે આ આત્મા વૈશ્વાનરનું મસ્તક ઉત્તમ તેજવાળું છે, ચક્ષુ સૂર્ય છે, પ્રાણ પવન છે, દેહનો મધ્યભાગ આકાશ છે, બસ્તિ જ જલ છે, પૃથ્વી જ બે પગ છે, ઉદર વેદિ છે, રોમ દર્ભ છે, હૃદય ગાર્હપત્ય અગ્નિ છે, મન અન્વાહાર્યપચન છે અને મુખ આહવનીય અગ્નિ છે'' (છા. ૫.૧૮.૧-૨) ઇત્યાદિ.

તેમાં સંશય છે. શું વૈશ્વાનર શબ્દથી બ્રહ્મનું પ્રતિપાદન કરવું શક્ય છે કે નથી ? અતિસંદિગ્ધ અર્થને લીધે સંદેહ થાય છે. ઉપક્રમમાં બ્રહ્મ, આત્મ એ શબ્દોનો પ્રયોગ છે, અન્ય કાંઈ નથી. પ્રતિપાદનમાં તો એના ધર્મો જ નથી. લોકન્યાયથી[2] સાકાર પદાર્થ બ્રહ્મ નથી.

વૈશ્વાનર શબ્દ અગ્નિના અર્થમાં જ પ્રસિદ્ધ હોવા છતાં પૂર્વકાંડમાં સિદ્ધ થયેલો હોવાથી દેવતાત્માનો અર્થ લેવો યોગ્ય છે.[3] ત્યાર પછી (ઉત્તરકાંડમાં) ''સંવત્સર ખરેખર અગ્નિ વૈશ્વાનર છે'' (બૃહદારણ્ય સપ્તાન્નબ્રાહ્મણ) એ શ્રુતિવાક્યથી તથા સંવત્સર પ્રજાપતિ છે[4] તેથી આ વાક્ય હિરણ્યગર્ભની ઉપાસના માટે છે એમ સમજાય છે. બ્રહ્મ અને આત્મા શબ્દો પણ તેમાં જ વધારે બંધબેસે છે. તેના ઉપાસકને માટે જ સર્વત્ર અન્નભોજન પણ યોગ્ય છે. મુખ્ય જીવ હોવાથી આપણા જેવાની અપેક્ષાએ વધારે સ્થૂલ છે એવા અભિપ્રાયથી પ્રાદેશમાત્રત્વ પણ યોગ્ય છે. વિરાટ્‌નો અભિમાની હોવાથી (હિરણ્યગર્ભને) લોકરૂપી અવયવો છે. વેદના કારણરૂપ હોવાથી અગ્નિત્રયરૂપી છે. માટે આ વાક્ય હિરણ્યગર્ભની ઉપાસના માટેનું છે, ભગવાનની ઉપાસના માટેનું નથી. એવો પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં સિદ્ધાન્ત કહેવાય છે -

વૈશ્વાનર (પરમાત્મા છે) કારણ કે સાધારણ શબ્દોથી વિશેષ છે.

(૧.૨.૨૪)

વૈશ્વાનર પરમાત્મા જ છે. શાથી ? સાધારણ શબ્દો કરતાં વિશેષ હોવાથી. પૂર્વપક્ષમાં હિરણ્યગર્ભ માટે જે સાધારણ શબ્દો છે તેનાથી પણ વિશેષ છે; તેથી ભગવાન જ વૈશ્વાનર છે. પ્રાદેશમાત્રના જ દ્યૌરૂપી મસ્તક જેવા ધર્મો છે. ભગવાન સિવાય બીજા કોઈને વિરુદ્ધધર્માશ્રયત્વ સંભવતું નથી; કારણ કે (બીજા કોઈમાં) સર્વભવન સામર્થ્ય નથી. અથવા[૫] સાધારણ ધર્મથી શબ્દમાં જ વિશેષ છે. વિશેષથી એટલું જ કહેવાને બદલે સાધારણ અને શબ્દ એ બે શબ્દો સમાસથી દર્શાવે છે કે પ્રાદેશમાત્ર જ વૈશ્વાનર શબ્દનો અર્થ છે અને તેને જ દ્યૌ રૂપી મસ્તક આદિ છે. નહિ તો વિરોધનો અભાવ થાય છે. ઉપરાંત જે લોકાત્મક સ્થૂલરૂપ છે તે પણ ભગવાનનું જ છે, હિરણ્યગર્ભનું નથી કારણ કે તે (ભગવાન) પુરુષ છે.

[૬]વિશ્વ તે જડ અને નર તે જીવ ભગવાનના અંશ હોવાથી દેવતા છે એટલે ''દેવતા દ્વન્દ્વમાં'' (પા.સૂ. ૬.૩.૨૬) અનુસાર વિશ્વાનરૌ (શબ્દ બને છે) તે બે જેના નિવાસ છે એમ, ''તેનો નિવાસ'' (પા. સૂ. ૪.૨.૬૯) મુજબ અણ્ લાગે છે. તેથી પરમેશ્વર જ વૈશ્વાનર છે,બીજો નહિ. ભગવાનનો અંશ હોવાથી બીજે પણ ઉપચારથી પ્રયોગ થાય છે. એટલે વૈશ્વાનર પરમાત્મા છે.

સૂત્ર-૨૫ : સ્મૃતિમાં વર્ણવેલું અનુમાન થાય. (૧.૨.૨૫)

વાક્ય ભગવાન માટેનું છે એમ વ્યાખ્યાનથી સાધીને બીજું પ્રમાણ કહે છે. 'કેટલાક પોતાના દેહમાં હૃદયાકાશમાં નિવાસ કરતા પ્રાદેશમાત્ર, ચતુર્ભુજ, પદ્મ, ચક્ર, શંખ અને ગદા ધારણ કરનાર પુરુષનું ધારણાથી સ્મરણ કરે છે. (ભાગવત ૨.૨.૮) આ રીતે સ્મરણ કરાતું રૂપ (બ્રહ્મનું) અનુમાન કરાવે છે. પ્રાદેશમાત્ર વૈશ્વાનર બ્રહ્મ હોય ત્યારે જ શ્રવણ કરાયેલ (તેનું) સ્મરણ એટલે મનન થાય છે. શ્રુતિવાક્યોથી જ શ્રવણ થાય છે. જો પ્રાદેશમાત્ર વૈશ્વાનરનું પ્રતિપાદન કરનારાં (અને) તે પ્રકારનાં વાક્યો બ્રહ્મવિષયક ન હોય તો સ્મરણ યોગ્ય નથી. એટલે આ હેતુથી સિદ્ધ થાય છે કે પ્રાદેશમાત્ર વૈશ્વાનર ભગવાન જ છે.

સૂત્ર-૨૬ : શબ્દ વગેરેથી અને અંત:પ્રતિષ્ઠિત હોવાથી નથી એમ કહો તો એવું નથી, કારણ કે તે રીતનો ઉપદેશ છે, અસંભવ છે અને આ પુરુષનું વર્ણન છે. (૧.૨.૨૬)

કાંઈક શંકા કરીને પરિહાર કરે છે. (શંકા) જો સ્મૃતિમાં વર્ણવેલાનું અનુમાન થઈ શકે એ રીતે વાક્યાર્થનો નિર્ણય કરવામાં આવે તો બીજી સ્મૃતિને આધારે બીજી રીતે પણ વ્યાખ્યાન કરવું જોઈએ. ''હું વૈશ્વાનર બનીને પ્રાણીઓના શરીરમાં આશ્રય લઉં છું, તથા પ્રાણ અને અપાન સાથે જોડાયેલો (હું) ચાર પ્રકારનું અન્ન પચાવું છું.'' (ભ. ગી. ૧૫.૧૪) આમ જાઠર અગ્નિ જ વૈશ્વાનર છે; કારણ કે તે જ ભગવાનની વિભૂતિ છે. વાક્યનો અર્થ કોઈક રીતે ગોઠવી શકાશે. વિરુદ્ધ ધર્મો હોવાથી વાક્ય ભગવાન માટેનું નથી. શબ્દ વગેરે અને અંત:પ્રતિષ્ઠા એ વિરુદ્ધ ધર્મો છે. ''અગ્નિ વૈશ્વાનર'' (બૃ. ૫.૯.૧) એવો શબ્દ છે. જો માત્ર વૈશ્વાનર શબ્દ હોય

તો વ્યુત્પત્તિથી ભગવાનનો અર્થ થાય. અગ્નિના સહચારથી અગ્નિનો જ અર્થ થાય. તેની જ ત્રણ અગ્નિઓની કલ્પના ઉપાસના માટે છે. પ્રાણ જ દેવતા છે. ''તે જે ભોજન (ભાત) પ્રથમ આવે છે તે હોમવા માટેનું છે.'' (છા. ૫.૧૯.૧) વગેરે (કહ્યું છે.) આ હેતુઓથી અન્તઃપ્રતિષ્ઠા પણ ભગવાનનો ધર્મ નથી. ''પુરુષની અંદર રહેલાને જાણે છે'' (શ. બ્રા. ૧૦.૬.૧.૧૧) એ જુદો હેતુ છે, અને હેતુનો હેતુ છે[૭] એટલા માટે ચ નથી. એટલે વિરુદ્ધ ધર્મો હોવાથી ભગવાન વૈશ્વાનર નથી એમ કહો તો (જવાબ) એવું નથી; તે દૃષ્ટિએ ઉપદેશ હોવાથી ભગવાન સર્વના ભોક્તા છેએમ કહેવા માટે તે દૃષ્ટિએ ઉપદેશ અપાય છે. વિરુદ્ધ ધર્મોમાં તે તે ભાવ હોય છે એમ ભગવાનનું ઐશ્વર્ય જ વર્ણવેલું છે.

(શંકા) તો પછી સ્મૃતિને અનુસરીને આ કાર્યનું[૮] વાક્ય જ ગણો.એમ કહો તો (જવાબ) કહે છે. અસંભવને લીધે. દ્યૌરૂપી મસ્તક હોવું વગેરે ધર્મો તેના સંભવતા નથી. (શંકા) ઉપચારથી ઉપાસના માટે કલ્પના થશે એમ કહો તો (જવાબ) એવું નથી. વાજસનેયી શાખામાં એને પુરુષરૂપે વર્ણવે છે. ''આ તે અગ્નિ વૈશ્વાનર છે, જે પુરુષ છે. તે જે આ અગ્નિ વૈશ્વાનરને પુરુષસમાન, પુરુષની અંદર પ્રતિષ્ઠિત જાણે છે'' (શ. બ્રા. ૧૦.૬.૧.૧૧) એટલે જાઠર અગ્નિનું પુરુષત્વ કે પાઠાન્તરે પુરુષવિધત્વ સંભવતું નથી, એટલે વૈશ્વાનર ભગવાન જે છે. ભગવાનનો અર્થ હોય ત્યાં બીજી કલ્પના યોગ્ય નથી.

સૂત્ર-૨૬ : આથી જ દેવતા અને મહાભૂત નથી. (૧.૨.૨૬)

'વૈશ્વાનર અમારા રક્ષણ માટે'' (તૈ. બ્રા. ૨૫.૧૧.૧) વગેરે મંત્રોથી કોઈ માને કે દેવતા અથવા મહાભૂત અગ્નિ વાક્યનો અર્થ છે. તેનો પણ અતિદેશથી જ પરિહાર કરે છે. મુખ્ય યુક્તિ ભગવાન માટે સંભવે ત્યારે બીજાની કલ્પના કરવી બરાબર નથી.

સૂત્ર-૨૭ : સાક્ષાત્ પણ અવિરોધ છે એમ જૈમિનિ (માને છે.) (૧.૨.૨૭)

હવે પરિમાણવિશેષનો વિચાર કરવામાં આવે છે. ભગવાનનું પ્રાદેશમાત્રત્વ સ્વાભાવિક છે કે કૃત્રિમ છે ? આ સિદ્ધ થાય તો જ પૂર્વે કહેલું સિદ્ધ થાય એટલે વિચારવામાં આવે છે. તે અર્થમાં વેદના અર્થનો જુદી જુદી રીતે વિચાર કરનારા ચાર ઋષિઓ છે.[૯] આચાર્ય (બાદરાયણ) માત્ર શબ્દબલનો વિચાર કરે છે. જૈમિનિ શબ્દ અને અર્થ બન્નેનો વિચાર કરે છે. આસ્મરથ્ય શબ્દને ગૌણ ગણીને અર્થનો વિચાર કરે છે, તો બાદરિ માત્ર અર્થના વિચારક છે. વિચાર અને અવિચારનો દોષ જોતા અને વિચાર વિશે પણ કહેતા આચાર્ય તેમની (બીજા વિચારકોની) અલ્પ બુદ્ધિ જણાવવા માટે તેમનાં નામો કહે છે. તેમાં બન્નેનાં બલનો વિચાર કરનાર જૈમિનિનો પ્રથમ નિર્દેશ છે.

જૈમિનિ માને છે કે[૧૦] વ્યાપક પ્રાદેશમાત્ર હોય ત્યાં સાક્ષાત્ એટલે કલ્પના વગર પણ માત્ર સ્વરૂપના વિચારથી અવિરોધ છે. બ્રહ્મ આકાશની માફક વ્યાપક છે અને

સર્વતઃપાણિપાદાન્ત છે. એટલે જ બ્રહ્મની સાકારતા અને અનન્તમૂર્તિતા સ્વેચ્છાએ.[11] બીજાની ઇચ્છાએ અને સ્વભાવથી જાણે વિભક્ત છે. ત્રણે[12] નિયત પરિમાણવાળા છે. જે અનિયત પરિમાણવાળું છે તે તો આકાશની માફક પરિચ્છેદથી નિરુપાય છે. તે વૃદ્ધિ અને હાસથી તેવું થાય છે. સ્મૃતિમાં પણ કહ્યું છે – ''વિષ્ણુનાં પુરુષ તરીકે કહેવાતાં ત્રણ રૂપો તેઓ જાણે છે. પ્રથમ મહત્‌નુ સર્જક છે, બીજું બ્રહ્માંડમાં સ્થિત છે અને ત્રીજું બધાં પ્રાણીઓમાં છે તે જાણીને મોક્ષ પામે છે.'' પ્રાણીઓમાં એ પાંચ પ્રકારે છે. ઉદરમાં અંગુષ્ઠમાત્ર, હૃદય અને મસ્તકમાં પ્રાદેશમાત્ર, મન અને ઈન્દ્રિયોમાં અણુ (અને) ચિત્તમાં વ્યાપક. (પ્રાદેશમાત્રનો) એકનો ઉપક્રમ છે છતાં બધા તેવા છે એમ કહ્યું છે તે વિભૂતિના અભેદ માટે છે. એટલે જૈમિનિનો સિદ્ધાન્ત[13] સાકાર બ્રહ્મવાદ જ છે.

સૂત્ર-૨૯ : અભિવ્યક્તિથી (અવિરોધ છે એવો આશ્મરથ્યનો મત છે. (૧.૨.૨૯).

નિરાકાર બ્રહ્મ માયારૂપી પડદાથી ઢંકાયેલું છે; તે દૂર થતાં આધિદૈવિક દેવતાઓથી અધિષ્ઠિત એવા પુરુષાકારથી અન્તર્યામી પુરુષ અભિવ્યક્ત થાય છે. એટલે જ એ પુરુષવિધ છે. અભિવ્યક્તિના હેતુથી સાકારત્વ પણ માયા દૂર થવાથી થતું હોવાને લીધે સ્વાભાવિક નથી. આમ છતાં નિર્દેશ કરવામાં આવે છે તે સચ્ચિદાનન્દરૂપ જ છે એમ આશ્મરથ્ય માને છે.

સૂત્ર-૩૦ : બાદરિને મતે ચિન્તનને લીધે (વિરોધ નથી) (૧.૨.૩૦)

બાદરિ માત્ર યુક્તિ પર આધાર રાખે છે. ચિન્તન અનુસાર જે રૂપ પ્રકટ થાય છે તેનો શ્રુતિ અનુવાદ કરે છે, (એમ તે માને છે). ''હે ઉરુગાય, તેઓ જે જે વિચારે તારી ભાવના કરે છે તે તે શરીર તું તારા અનુગ્રહ માટે પ્રાપ્ત કરે છે.'' (ભાગવત ૩.૯.૧) એવા વાક્યને આધારે સમજાય છે. અન્યથા ઘણી કલ્પના કરવામાં બુદ્ધિની સરળતાને અભાવે, તાર્કિકાદિના મતો પણ તેવા હોવાથી યુક્તિ અનુસાર બ્રહ્મવાદ પણ અન્યથા સમજાવવો જોઈએ એમ (બાદરિ) માને છે. આ પક્ષમાં તો (પ્રાદેશમાત્રરૂપની) અતાત્ત્વિકતા આવે. અથવા માયાને સ્થાને ચિન્તન સમજવું. અભિવ્યક્તિ (આશ્મરથ્ય અને બાદરિ બન્નેમાં) સમાન છે. આમ હોવાથી બાદરિને મતે પણ રૂપ તાત્ત્વિક જ છે.

સૂત્ર-૩૧ : સંપત્તિને લીધે છે એમ જૈમિનિ (માને છે), તેમ જ દર્શાવે છે. (૧.૨.૩૧)

જૈમિનિનો મત સાકારવાદ છે. તેમાં એકદેશી નિયતસાકારવાદ સ્વીકારીને ભગવાનનું પ્રાદેશમાત્ર રૂપ નિયત જ છે એમ માને છે. તેના નિરાકરણ માટે બધે પ્રાદેશત્વ સંપત્તિ (સ્થાનને) લીધે છે એમ કહે છે. આ સંપત્તિ તે શું અને કેવી રીતે સમજવી તે જાતે જ શ્રુતિવાક્યથી દર્શાવે છે. વાજસનેયિ બ્રાહ્મણમાં દ્યૌથી માંડીને પૃથ્વી સુધીના વૈશ્વાનરના અવયવોનું, અધ્યાત્મમાં મસ્તકથી ચિબુક સુધી પ્રતિપાદન કરતાં કહે છે – ''પ્રાદેશમાત્રને ખરેખર સારી પેઠે જાણતા દેવોએ પ્રાપ્ત કર્યો. હવે હું

એવી રીતે તે કહીશ જેથી પ્રાદેશમાત્રને જ પ્રાપ્ત કરું. તેણે કહ્યું-મસ્તકનો નિર્દેશ કરીને (કહ્યું) આ વૈશ્વાનર ઉપર રહેલો[૧૪] છે.'' આમ વૈશ્વાનર પ્રાદેશમાત્ર જ નથી આ રીતે જૈમિનિ એકદેશીનો પરિહાર માને છે.

સૂત્ર-૩૨ : અને એમાં એને વર્ણવે છે. (૧.૨.૩૨)

મુખ્ય એવો પોતાનો સિદ્ધાન્ત કહે છે. વ્યાપક જ પ્રાદેશ છે. જેનું માહાત્મ્ય સમજી શકાતું નથી એ ભગવાનમાં બન્ને વિરુદ્ધ નથી. તેથી પ્રમાણને જ અનુસરવું, યુક્તિને નહિ. શબ્દબલથી કરાતો વિચાર જ મુખ્ય છે. દેખીતા વિરોધને લીધે બીજી રીતે કલ્પના કરવી નહિ. વાજસનેયીઓ વૈશ્વાનરનું પુરુષત્વ, પુરુષવિધત્વ અને પુરુષમાં અન્તઃપ્રતિષ્ઠા કહે છે. તેનું પુરુષવિધત્વ કે તેમાં પ્રતિષ્ઠા યુક્તિથી સંભવતાં નથી. આથી જેઓ અન્યથા કલ્પના કરે છે તે ઋષિઓ ભ્રાન્તિ પામેલા છે એવા અભિપ્રાયથી પોતાનો મત કહે છે.

જાબાલો આને અર્થાત્ વૈશ્વાનરને એમાં એટલે મસ્તક અને ચિબુકની વચ્ચે વર્ણવે છે. ''આ અનન્ત અવ્યક્ત આત્મા છે, જે અવિમુક્તમાં પ્રતિષ્ઠિત છે. તે અવિમુક્ત શેમાં પ્રતિષ્ઠિત છે ?'' વગેરેથી ''ભવાં અને પ્રાણની જે સંધિ છે તે દ્યુલોક અને પરલોકની સંધિ છે.'' (જા. ૨) અનન્ત એવા ભગવાન સંકુચિત સ્થાનમાં ન હોય; (તેમ માનતાં) વિશેષણ વ્યર્થ બને. યુક્તિથી જે સમજાય તે બ્રહ્મવિદ્યા નથી જ. ''શ્રુતિથી, કારણ કે તે શબ્દમૂલ છે.'' (બ્ર. સૂ. ૨.૧.૨૭)

(શંકા) શાસ્ત્રની સફળતા માટે ક્યારેક વેદને અનુસરતી યુક્તિ કહેવી યોગ્ય છે. એમ કહો તો (જવાબ) કહેવાય છે. વસ્તુસ્વભાવને લીધે વિરોધની શંકા જ કરવી નહિ. લોહચુંબક લોખંડને હલાવે, ગર્ભનો જઠરાગ્નિથી દાહ ન થાય, રેતસ્નો મયૂર વગેરે થાય તેમાં જે યુક્તિ છે (તે જ અહીં છે). બધે જ સ્વભાવ અને દર્શનથી જુદી યુક્તિ કોઈથી કહી ન શકાય. ''તેને અંતે છિદ્ર'' (મ. ૧૧.૯) વગેરેથી શ્રુતિ એમ જ કહે છે. યશોદાનું સ્તનપાન કરતા ભગવાનના મુખમાં વિશ્વ જ જોઈને સ્વપ્ન, માયા, તથા અવિદ્યાના નિરાકરણ માટે સિદ્ધાન્ત કહે છે. ''આ જ મારા બાળકનો કોઈક સમજાવી ન શકાય એવો આત્મયોગ છે.'' (ભા. ૧૦.૮.૪૦) ઉલૂખલબંધનને પ્રસંગે આ અર્થ નક્કી થયો છે. એટલે આનન્દ અંશનો જ આ ધર્મ છે. જ્યાં પોતાની અભિવ્યક્તિ છે ત્યાં વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એમ च નો અર્થ છે. એટલે પ્રાદેશમાત્ર વ્યાપક તે વૈશ્વાનર ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **यस्त्वेतमेवं प्रादेशनात्रं...** - આ શ્રુતિવાક્યમાં ઘણા શબ્દો સમજવાની જરૂર છે. प्रादेशमात्रम् - પ્રાદેશ પરિમાણવાળો. શ્રુતિમાં અન્યત્ર કહ્યા મુજબ મસ્તિષ્ક અને ચિબુકની વચ્ચેના ભાગમાં પ્રતિષ્ઠિત. અહીં मात्र શબ્દ અવધારણના

અર્થમાં છે. अभिविमान - આવું પરિમાણ હોવા છતાં अभि-(अभितः - બધી બાજુથી) वि (विगत - જતું રહેલું) मान (=પરિમાણ) यस्मात् (જેમાંથી) આ શબ્દ વ્યાપકત્વ દર્શાવે છે. सर्वेषु लोकेषु - દ્યુલોક આદિ બધા લોકમાં सर्वेषु भूतेषु - ચરાચર શરીરોમાં आत्मसु - જીવોમાં अन्नमत्ति - સર્વાત્મભૂત એવા તે એકદેશાભિમાનીઓનો અનાદર કરીને તે તે બુદ્ધિવૃત્તિથી અને તે તે ઇન્દ્રિયોથી તેમનાથી જે ભોગ્ય છે તે સ્વયં ભોગવે છે. विश्वरूपः - વિવિધ રૂપવાળો સૂર્ય. पृथग्वर्त्मात्मा - વિવિધ માર્ગોએ વાતો વાયુ. संदेहः - દેહનો મધ્યભાગ. बहुलः - સર્વગત આકાશ.

૨. **लोकन्यायेन** - દ્યૌ વગેરે લોકની માફક. પુરુષોત્તમજી અનુમાન આપે છે - विमतो वैश्वानरो न ब्रह्म । साकारत्वात् । द्युप्रभृतिलोकवत् ।

૩. **पूर्वकाण्डसिद्धत्वात्** - પૂર્વકાંડમાં કહ્યું છે विश्वस्मा अग्निं भुवनाय देवा वैश्वानरं केतुमह्नामकृण्वन् એ મંત્ર દિવસના કેતુ તરીકે વૈશ્વાનરને વર્ણવીને એનો ઉત્કર્ષ બતાવે છે. वैश्वानरस्य सुमतौ स्याम (ઋગ્વેદ ૧.૯૮.૧) પણ બતાવે છે કે અહીં દેવતાત્મા સમજવાનો છે.

૪. **संवत्सरस्य प्रजापतित्वात्** - બૃહન્નારાયણોપનિષદ્માં "प्रजापतिः संवत्सरः" એવું વાક્ય છે.

૫. **साधारणाद्धर्माच्छब्द एव...** - साधारणशब्दविशेषात् ને આચાર્ય જુદી રીતે સમજાવે છે. શબ્દમાં જ વિરુદ્ધધર્માશ્રયરૂપી વિશેષ છે. विशेषात् એટલું જ કહેવાને બદલે साधारण-शब्द એમ બે શબ્દો ઉમેર્યા છે તે એમ બતાવે છે કે વૈશ્વાનર એટલે જ પ્રાદેશમાત્ર અને તેને જ દ્યૌરૂપી મસ્તક વગેરે છે. આમ પ્રાદેશમાત્રત્વ અને અભિવિમાનત્વ બન્ને વિરુદ્ધ ધર્મો એક જ પદાર્થમાં રહેલા છે. આમ અહીં વાક્યરૂપની વિશેષતા છે. જો આ બન્ને ધર્મો એક પદાર્થમાં ન માનીએ તો વિરુદ્ધધર્માશ્રયત્વ થઈ શકતું નથી. અહીં મુખ્ય મુદ્દો એ છે કે वैश्वानरं संप्रत्यध्येषि માં વૈશ્વાનર પદનો અર્થ છે તો प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरम् માં એ વાક્યનો અર્થ છે.

૬. **विश्वस्य जडस्य...** - વૈશ્વાનર શબ્દ પરમાત્માના અર્થમાં યોગરૂઢિથી સમજાવેલો છે. માંડૂક્ય અને નૃસિહોત્તરતાપિનીમાં જે ચાર પાદ છે તેમાં પ્રથમ પાદ વિશ્વ અને બીજો પાદ તૈજસ છે. વિશ્વ તે બ્રહ્માંડદેહ જડ અને તૈજસ તે હિરણ્યગર્ભ તે મુખ્ય જીવ એટલે નર. આ બન્ને પાદ હોવાથી ભગવાનના અંશો છે એટલે દેવતા છે. અન્યત્ર પણ શ્રુતિમાં वैश्वानरं द्वादशकपालं निर्वपेत् એ વાક્યથી વૈશ્વાનર હવિર્ભાક્ હોવાથી દેવતા છે એમ સૂચવ્યું છે. વિશ્વ અને નર બન્ને દેવતા હોવાથી देवताद्वन्द्व સમાસ બને છે. પાણિનીય સૂત્ર देवताद्वन्द्वे च અનુસાર પૂર્વપદમાં आनङ् આદેશ થાય છે એટલે કે પૂર્વપદના છેલ્લે आ ઉમેરાય છે. આમ विश्वानर શબ્દ બને છે. આ પછી सोडस्य निवासः - સૂત્ર મુજબ આ બે જેનો નિવાસ છે તે એમ अण् પ્રત્યય લાગે છે.

અથવા તા તસ્ય નિવાસઃ - સૂત્ર અનુસાર વિશ્વ અને નરનો નિવાસ એમ અણ્ પ્રત્યય લાગે છે. વિશ્વાનર ને અણ્ લાગતાં વૈશ્વાનર શબ્દ બને છે.

૭. **हेतुहेतुश्च भवतीति न चकारः** - સૂત્રમાં બે મુદ્દાઓ કહ્યા છે શબ્દાદિ અને અન્તઃપ્રતિષ્ઠાન. એટલે સ્વાભાવિક રીતે જ च ની અપેક્ષા છે. પણ અન્તઃપ્રતિષ્ઠા જ શબ્દાદિની પણ પ્રયોજક છે એટલે હેતુનો હેતુ હોવાથી च ની જરૂર નથી.

૮. **कार्यवाक्यमेवास्तु** - જાઠર અગ્નિ કાર્યરૂપ છે એટલે કે આ વાક્ય કાર્યનું પ્રતિપાદન કરે છે.

૯. **चत्वार ऋषयो वेदार्थचिन्तकाः** - વેદના અર્થનો વિચાર કરનાર ચાર ઋષિઓ છે : બાદરાયણ વ્યાસ, જૈમિનિ, આશ્યરથ્ય અને બાદરિ. એમાં વ્યાસ માત્ર શબ્દ પર આધાર રાખીને શબ્દનો જે સરળ અર્થ થતો હોય તે જ સ્વીકારે છે. જૈમિનિ શબ્દ અને અર્થ બન્ને પર આધાર રાખે છે. આમ તેઓ પ્રકરણ વગેરેને પણ ધ્યાનમાં લઈને સમજાવે છે. આશ્મરથ્ય લક્ષણાથી અર્થ સમજે છે તો બાદરિ માત્ર અર્થ પર આધાર રાખતા હોવાથી યુક્તિનો આધાર લે છે. અતિવિચાર કરવો એ દોષ છે, કારણ કે શ્રુતિમાં કહ્યું છે - नैषा तर्केण मतिरापनेया । એમ કઠોપનિષદ્માં કહ્યું છે. બૃહદારણ્યકના ગાર્ગીબ્રાહ્મણમાં પણ मातिप्राक्षीः એમ જણાવ્યું છે. વળી તૈત્તિરીયમાં કહે છે - तत्त्वेव भयं विदुषोऽमन्वानस्य । એટલે વિચાર કરવામાં પણ દોષ છે. सोऽन्वेष्टव्यः, स विजिज्ञासितव्यः જેવાં વાક્યો બતાવે છે કે વિચાર કરવો તો જોઈએ જ. તેમાં શબ્દને આધારે કરાતો વિચાર મુખ્ય હોવાથી બીજા ત્રણનાં નામ કહ્યાં છે.

૧૦. **व्यापकस्य प्रादेशमात्रत्वे** - વિષય વાક્યમાં प्रादेशमात्रमभिविमानम् એવો ક્રમ છે. અર્થાત્ શબ્દબલનો વિચાર કરતાં प्रादेशमात्रम् પહેલું અને अभिविभानम् પછી આવે. पूर्वमीमांसासूत्रोમાં પાંચમા અધ્યાયમાં પ્રથમ અધિકરણમાં કહ્યું છે - श्रुतिलक्षणमानुपूर्व्यं तत्प्रमाणत्वात् । એનાં ઉદાહરણરૂપે કહ્યું છે - द्वादशाहीये अध्वर्युर्गृहपतिं दीक्षयित्वा ब्रह्माणं दीक्षयति तत उद्गातारं ततो होतारम् । આમ અહીં ગૃહપતિ, બ્રહ્મા, ઉદ્ગાતા અને હોતા એવો દીક્ષાનો ક્રમ છે. તે આનુપૂર્વી શ્રુતિમાં કહી હોવાથી પ્રમાણભૂત છે. પછીનાં અધિકરણમાં अर्थाच्च એ સૂત્રાંશ દ્વારા અર્થક્રમની વાત કરી છે. अग्निहोत्रं जुहोति यवागू पचति । અહીં શબ્દના ક્રમ અનુસાર અગ્નિહોત્રનો હોમ પ્રથમ અને યવાગૂ રાંધવા એ પછી આવે છે, પણ યવાગૂ રાંધ્યા વગર હોમ થઈ શકે નહિ એટલે અર્થનો ક્રમ લઈએ તો યવાગૂ રાંધવા તે પહેલાં અને અગ્નિહોત્રનો હોમ પછી આવે. અર્થનો ક્રમ શબ્દના ક્રમ કરતાં બળવાન છે. આમ હોવાથી પ્રસ્તુત વાક્યમાં પણ व्यापक પહેલાં અને प्रादेशमात्र પછી લીધું છે.

૧૧. **स्वेच्छया परेच्छया स्वभावतश्च** - एकोऽहं बहु स्याम् જેવાં શ્રુતિવાક્યો સ્વેચ્છા દર્શાવે છે. વળી બીજાઓની ઇચ્છાથી પણ ભગવાન વિવિધ રૂપો ધારણ કરે છે. यद्यद्धिया त उरुगाय विभावयन्ति तत्तद्वपुः प्रणयसे तदनुग्रहाय એ વાક્ય આ વાત

સ્પષ્ટ કરે છે. ઉપરાંત તે તે ઉપાસકને તે તે ઉપાસ્ય તરીકે સ્વાભાવિક રીતે જ પ્રકટ થાય છે.

૧૨. **त्रयोऽपि** - પુરુષ, પુરુષવિધ અને પુરુષમાં અન્તઃપ્રતિષ્ઠ એમ ત્રણ પ્રકારો છે.

૧૩. **साकारब्रह्मवाद एव जैमिनेः सिद्धान्तः** - જૈમિનિપ્રણીત ચાર અધ્યાયોને चतुर्लक्षणी કહે છે; તે સંકર્ષણકાંડ તરીકે પણ પ્રસિદ્ધ છે. તેનાં છેલ્લાં બે સૂત્રો છે - स विष्णुराह हि । અને तद् ब्रह्मेत्याचक्षते तद्ब्रह्मेत्याचक्षते । આ ઉપાસના પ્રતિપાદક છે અને ઉપાસના માનસિક કર્મ હોવાથી આને પણ કર્મમીમાંસાની અંતર્ગત ગણાય છે. એમાં સઃ એટલે પહેલાં પ્રતિપાદન કર્યા મુજબનું સાકાર બ્રહ્મ. આ પરથી જૈમિનિ સાકાર બ્રહ્મવાદી છે એમ સૂચિત થાય છે.

૧૪. **अतिष्ठा** - ભૂઃ વગેરે લોકને અતિક્રમીને તેની ઉપર રહેલો.

❖

॥ प्रथमेऽध्याये तृतीयः पादः ॥

द्युम्वाद्यायतनं स्वशब्दात् ॥१॥ (१-३-१)

द्वितीयपादे आधेयरूपो भगवान् प्रतिपादितः । आधाररूपोऽत्र प्रतिपाद्यते । तेन सर्वं ब्रह्मेति फलिष्यति । इदं श्रूयते । 'यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः तमेवैकं जानथात्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतु'रिति ।

बाधकानां बलिष्ठत्वात् साधकानामभावतः । आधारधर्मा बाध्येरन्निति पादोऽभिधीयते । 'यस्मि'न्नित्यादिवाक्ये च वाक्यार्थः सर्वबाधितः । अर्थात् प्रकरणात् लिङ्गादिति पूर्वं विचार्यते । अत्र संशयः । द्युभ्वाद्यायतनं ब्रह्म आहोस्वित् पदार्थान्तरमिति ।

अर्थान्तरमेव भवितुमर्हति । द्युभ्वादीनां सूत्रे मणिगणा इव प्रोतानां भारत्वान्न तद्ग्राहकः परमात्मा । अन्यवाग्विमोकश्चासङ्गतः । एकविज्ञानेन सर्वविज्ञानस्य पृष्टत्वात् कथमन्यविमोकः । सेतुश्च गतिसाधनः । तस्मादफलत्वमपि । आत्मलाभान्न परं विद्यत इति विरोधश्च । अतो न ब्रह्मविद्यापरमेतद्वाक्यं किन्तु स्मृतिमूलं भविष्यतीत्येवं प्राप्ते, उच्त्यते ।

द्युभ्वाद्यायतनं ब्रह्मैव । द्यौः भूश्चादिर्येषां ते द्युभ्वादयः तेषामायतनः । यस्मिन् द्यौरितिवाक्योक्तानां साधकं वदन् प्रथमपरिहारमाह । स्वशब्दात् । आत्मशब्दो व्याख्यातः स्वशब्देन । अत्र न जीवस्यात्मत्वेनोपासनार्थमात्मपदम् । किन्तु पूर्वोक्तानामात्मभूतम् । तेन न भारकृतो दोषः । कारणे हि कार्यमोतं भवति । सेतुत्वं च युज्यते । तज्ज्ञानेनामृतत्वप्राप्तेः । अभेदेपि 'ब्रह्मविदाप्नोति पर'मितिवदर्थः । तस्मादबाधितार्थत्वाल्लक्ष्यस्य सर्वगतत्वव्युत्पादकत्वाद् द्युभ्वाद्यायतनं ब्रह्मैव ॥१॥

मुक्तोपसृप्यव्यपदेशात् ॥२॥

ननु चोक्तं सर्वविज्ञानस्योपक्रान्तत्वादन्यवाग्विमोको विरुद्ध इति, नैष दोषः ।

मुक्तानां जीवन्मुक्तानां शरीराद्यध्यासरहितानामवान्तरप्रकरणशरधनुर्न्यायेन ब्रह्मत्वेन ज्ञातं पृथक्त्वेन वा जीवं लक्ष्ये योजयितुं तदुपसृप्यता व्यपदिश्यते । तेन शरीराद्यध्यासविशिष्टं न ब्रह्मणि योजनीयमिति । किञ्च । वाग्विमोक एव न वस्तुविमोकः । वस्तुनो ब्रह्मत्वात् । वाचारम्भणमात्रत्वाद्विकारस्य । अतो न सर्वविज्ञानबाधः । अतो बाधकाभावादिदं ब्रह्म-वाक्यमेव । ये तु श्रुतेरन्यथार्थत्वं कल्पितमतानुसारेण नयन्ति ते पूर्वोत्तरस्पष्टश्रुतिविरुद्धार्थवादिन उपेक्ष्याः ॥२॥

नानुमानमतच्छब्दात् ॥३॥

ननु जडधर्माः जडदृष्टान्ताः प्रकरणे बहवः सन्ति । 'अरा इव' 'ब्रह्मपुरे' 'मनोमय' इत्यादि । तस्मात् प्रकृतिपुरुषनिरूपकसांख्यानुमापकमेवैतत्प्रकरणमस्तु । निर्णीतमप्यक्षराधिकरणे जडधर्मात् पुनरुज्जीवनम् । तस्मात् द्युभ्वाद्यायतनं प्रकृतिरेव भवितुमर्हतीति चेत् । न । अनुमानं तन्मतानुमापकं न भवति । कोपि शब्दो निःसन्दिग्धस्तन्मतख्यापको नास्ति । ब्रह्मवादख्यापकास्तु बहवः सन्ति आत्मसर्वज्ञानन्दरूपादिशब्दाः । अतः सन्दिग्धाः जडधर्मत्वेन प्रतीयमाना अपि ब्रह्मधर्मा एवेति युक्तम् । न हि ब्रह्मवादः श्रुतिव्यतिरिक्ते सिद्धोस्ति येन ब्रह्मधर्माभावो निश्चेतुं

शक्येत । तस्मात् सर्वाधारत्वेन निरूप्यमाणः परमात्मैव न प्रधानमिति ॥३॥

प्राणभृच्च ॥४॥

नन्वस्ति निर्णायकं प्राणानामोतत्ववचनं मनोमयः प्राणशरीरनेतेति च । अतो जीवधर्माः केचन जडधर्माश्चापरे सर्वज्ञत्वादयोऽपि योगप्रभावाज्जीवधर्मा इति । तस्माज्जडजीवविशिष्टः सांख्यवाद एव युक्त इति चेत्, न ।

प्राणभृज्जीवो न सम्भवति । अतच्छब्दादेव । न ह्यानन्दामृतरूपः स भवितुमर्हति तन्मते । पृथग्योगकरणमुत्तरार्थम् ॥४॥

भेदव्यपदेशात् ॥५॥

विशेषहेतुमाह ।

'तमेवैकं जानथे'ति कर्मकर्तृभावः प्रतीयते । अतो भेदव्यपदेशात् न प्राणभृज्जीवः ॥५॥

प्रकरणात् ॥६॥

जीवजडसाधारणनिराकरणाय विशेषहेतुमाह । प्रकरणं हीदं ब्रह्मणः । ब्रह्म देवानामित्यारम्भे स ब्रह्मविद्यामिति । तेषामेवैतां ब्रह्मविद्यामित्यन्ते च । ब्रह्मविद्याया एव प्रकरणत्वमवगम्यते । 'ब्रह्म वेदममृतं पुरस्तादि'त्यादिभिर्विस्पष्टाः ब्रह्मवादः प्रतीयते ॥६॥

स्थित्यदनाभ्याञ्च ॥७॥

सर्वस्याप्यन्यथाभावशङ्कया विशेषहेतुमाह ।

'द्वा सुपर्णे'तिवाक्ये 'अनश्नन्नन्यो अभिचाकशीती'ति केवलस्थितिः परमात्मनः कर्मफलभोगो जीवस्य । अतः स्थित्यदनाभ्यां जीवपरमात्मानावेव मध्ये परामृष्टौ । न हि साङ्ख्यमतमेतादृशं भवति । अतोस्य वैशोषिकोपपत्तेर्विद्यमानत्वात् प्रातिलोम्येन सर्वा उपपत्तयो दृढा इति द्युभ्वाद्यायतनं भगवानेवेति सिद्धम् । यद्यपि पैङ्ग्युपनिषदि 'द्वा सुपर्णे'त्यस्यान्यथाव्याख्यानं प्रतिभाति तदृचां प्रदेशविशेषेन्यथाव्याख्यानं न दोषाय । तस्मात् सत्त्वक्षेत्रज्ञौ जीवब्रह्माणौ व्याख्येयौ ॥७॥

॥ इति प्रथमं द्युभ्वाद्यायतनमित्यधिकरणम् ॥

અધ્યાય-૧ : પાદ-૩

અધિકરણ-૧

દ્યુભ્વાદ્યાયતનાધિકરણ

સૂત્ર ૧.૩.૧-૭

સૂત્ર-૧ : સ્વર્ગ, પૃથ્વી આદિનું આયતન (બ્રહ્મ) છે કારણ કે 'સ્વ' શબ્દ છે. (૧.૩.૧)

બીજા પાદમાં આધેયરૂપ ભગવાનનું પ્રતિપાદન થયું. અહીં આધારરૂપનું પ્રતિપાદન કરાય છે. તેથી બધું બ્રહ્મ છે એવું ફલિત થશે.

આવી શ્રુતિ છે : ''જેમાં દ્યૌ, પૃથ્વી, અને અન્તરિક્ષ ઓતપ્રોત છે, બધા પ્રાણો

સાથે મન પરોવાયેલું છે; તે એક આત્માને જાણો, અન્ય વાણીને છોડી દો; આ અમૃતનો સેતુ છે.'' (મુંડક. ૨.૨.૫)

''બાધકો બલવાન છે અને સાધકોનો અભાવ છે તેથી આધારધર્મો બાધિત થાય એટલે પાદ કહેવાય છે.'' 'જેમાં' ઇત્યાદિ વાક્યમાં વાક્યનો અર્થ સર્વ રીતે એટલે કે અર્થ, પ્રકરણ અને લિંગથી બાધિત છે તેથી પહેલાં વિચારવામાં આવે છે.

અહીં સંશય છે. દ્યૌ, ભૂ વગેરેનું આયતન બ્રહ્મ છે કે બીજો પદાર્થ છે ? (પૂર્વપક્ષ) બીજો પદાર્થ જ હોય એ યોગ્ય છે. સૂત્રમાં મણિઓના સમૂહની માફક પરોવાયેલાં દ્યૌ, ભૂ વગેરે ભાર હોવાથી પરમાત્મા ભારવાહક નથી. અને અન્ય વાણીનો ત્યાગ અસંગત છે. એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાન વિશે પૂછ્યું હોવાથી અન્ય (વાણીનો) ત્યાગ કેવી રીતે થઈ શકે ? વળી સેતુ ગતિનું સાધન છે તેથી ફલરૂપ પણ નથી.[૧] ''આત્મલાભથી પર કાંઈ નથી.'' (આપ. ધ. સૂ. ૧.૮.૨૨.૨)નો વિરોધ છે એટલે આ વાક્ય બ્રહ્મવિદ્યા માટેનું નથી; પણ સ્મૃતિમૂલ થશે એમ પ્રાપ્ત થતાં (જવાબ) કહે છે.

દ્યૌ, ભૂ વગેરેનું આયતન બ્રહ્મ જ છે. દ્યૌ અને ભૂ આદિ છે જેમનાં તે દ્યુભ્વાદિ. તેમનું આયતન. ''જેમાં દ્યૌ'' વગેરે વાક્યમાં કહેલું (બ્રહ્મ છે એમ) સાધિત કરવા માટે પ્રથમનો પરિહાર કહે છે-'સ્વ' શબ્દથી. આત્મા શબ્દ સ્વ શબ્દથી સમજાવ્યો છે.[૨] અહીં જીવની આત્મા તરીકે ઉપાસના માટે આત્મા શબ્દ નથી પણ પહેલાં કહેલાનું આત્મભૂત છે (એવો અર્થ છે) તેથી ભારને આધારે દોષ નથી. કારણમાં કાર્ય પરોવાયેલું જ હોય છે. સેતુત્વ પણ યોગ્ય છે કારણ કે તેના જ્ઞાનથી અમૃતત્વ પ્રાપ્ત થાય છે. [૩]અભેદમાં પણ ''બ્રહ્મને જાણનાર પર પ્રાપ્ત કરે છે'' એની માફક અર્થ છે. એટલે અર્થનો બાધ ન હોવાથી,[૪] લક્ષ્ય સર્વગત છે એમ પ્રતિપાદન કર્યું હોવાથી દ્યૌ, ભૂ આદિનું આયતન બ્રહ્મ જ છે.

સૂત્ર-૨ : મુક્તથી ગમ્ય હોવાનું કહ્યું છે તેથી. (૧.૩.૨)

(શંકા) સર્વવિજ્ઞાનનો ઉપક્રમ કર્યો હોવાથી અન્ય વાણીનો ત્યાગ વિરુદ્ધ છે એમ કહ્યું જ છે. (જવાબ) આ દોષ નથી. મુક્તોથી ગમ્ય હોવાનું કહ્યું છે તેથી. મુક્તો એટલે કે જીવન્મુક્તોના શરીર આદિ અધ્યાસથી રહિત, અવાન્તર પ્રકરણમાં જણાવેલા શરધનુર્ન્યાય[૫] અનુસાર બ્રહ્મરૂપે અથવા જુદા જાણેલા એવા જીવને લક્ષ્યમાં યોજવા માટે તે નજીક જવા યોગ્ય છે એમ કહેલું છે. તેથી જે શરીર વગેરે અધ્યાસથી યુક્ત છે તેને બ્રહ્મમાં યોજવાનું નથી. વળી, વાણીનો જ ત્યાગ કહ્યો છે, વસ્તુનો ત્યાગ નહિ, કારણ કે વસ્તુ બ્રહ્મ છે અને વિકાર વાણીથી જ આરંભાયેલો છે. એટલે સર્વવિજ્ઞાનનો બાધ નથી. આમ બાધકને અભાવે આ બ્રહ્મનું જ વાક્ય છે જેઓ[૬] કલ્પિત મત અનુસાર શ્રુતિનો બીજી રીતે અર્થ કરે છે તેઓ આગલી અને પાછલી શ્રુતિઓનો સ્પષ્ટ અર્થ વિરુદ્ધ રીતે કહેતા હોવાથી એમની ઉપેક્ષા કરવી જોઈએ.

સૂત્ર-૩ : અનુમાન નથી, કારણ કે તે માટેનો શબ્દ નથી. (૧.૩.૩)

(શંકા) પ્રકરણમાં જડના ધર્મો અને જડનાં દૃષ્ટાન્તો ઘણાં છે. ‘‘[7]આરાઓની જેમ’’[7] (મુંડક. ૨.૨.૬), ‘‘બ્રહ્મપુરમાં’’, (મુંડક ૨.૨.૭), ‘‘મનોમય’’ (મુંડક. ૨.૨.૭) વગેરે. તેથી પ્રકૃતિ અને પુરુષનું નિરૂપણ કરનાર સાંખ્યના મતનું જ અનુમાન આ પ્રકરણ કરાવે છે. અક્ષરાધિકરણ (બ્ર. સૂ. ૧.૧.૨૧-૨૩)માં નિર્ણય કર્યો હોવા છતાં પણ જડના ધર્મને લીધે પાછો પ્રશ્ન ઊભો થાય છે. તેથી દ્યૌ, ભૂ વગેરેનું આયતન પ્રકૃતિ જ થવા યોગ્ય છે, એમ કહો તો (જવાબ) એવું નથી. [8]અનુમાન તેના મતનું અનુમાપક થતું નથી. નિઃસંદિગ્ધ રીતે કોઈ શબ્દ તેના મતને જણાવનાર નથી. આત્મા, સર્વજ્ઞ, આનન્દ જેવા બ્રહ્મવાદ જણાવનારા ઘણા શબ્દો છે. તેથી સંદિગ્ધ અને જડના હોય એમ સમજાતા ધર્મો પણ બ્રહ્મના જ છે એમ માનવું યોગ્ય છે. બ્રહ્મવાદ શ્રુતિ સિવાય બીજે સિદ્ધ થયો નથી, જેથી બ્રહ્મના ધર્મોનો અભાવ નક્કી થઈ શકે. તેથી સર્વના આધાર તરીકે જેનું નિરૂપણ છે તે પરમાત્મા જ છે, પ્રધાન નથી.

સૂત્ર-૪ : વળી પ્રાણને ધારણ કરનાર (જીવ નથી) (૧.૩.૪)

(શંકા) પ્રાણો ઓતપ્રોત છે એવું વાક્ય તથા ‘‘મનોમય પ્રાણશરીરના નેતા’’ એ વાક્ય નિર્ણાયક છે. આથી કેટલાક જીવના ધર્મો છે, તો બીજા જડના ધર્મો છે. સર્વજ્ઞત્વ વગેરે યોગના પ્રભાવથી જીવના ધર્મો છે. એટલે જડ અને જીવથી વિશિષ્ટ સાંખ્યવાદ જ યોગ્ય છે એમ કહો તો (જવાબ) એવું નથી. પ્રાણ ધારણ કરનાર જીવ છે એ સંભવતું નથી. તે માટેના શબ્દો નથી એથી જ. તેના મતમાં જીવ આનન્દ-અમૃતરૂપ હોતો નથી. પછીનાને માટે પૃથક્ અને યોગ કરેલા છે.[9]

સૂત્ર-૫ : ભેદ કહ્યો છે તેથી. (૧.૩.૫)

વિશેષ હેતુ કહે છે. ‘‘તેને એકને જ જાણો’’ (મુંડક. ૬.૨.૫) એમાં [10]કર્મ અને કર્તાનો સંબંધ દેખાવ છે. એટલે ભેદ કહ્યો હોવાથી પ્રાણ ધારણ કરનાર જીવ નથી.

સૂત્ર-૬ : (બ્રહ્મના) પ્રકરણને લીધે. (૧.૩.૬)

જીવ અને જડને સાધારણ[11] એવા (ધર્મોના) નિરાકરણ માટે વિશેષ હેતુ કહે છે. આ પ્રકરણ જ બ્રહ્મનું છે. ‘‘બ્રહ્મા દેવોમાં’’ એમ આરંભમાં ‘‘તેમણે બ્રહ્મવિદ્યા’’ (મુંડક. ૧.૧.૧) (એવું વાક્ય છે) ‘‘તેમને જ આ બ્રહ્મવિદ્યા’’ (મુંડક. ૩.૨.૧૦) એમ અન્તે (કહ્યું છે). એટલે આ બ્રહ્મવિદ્યાનું જ પ્રકરણ છે એમ સમજાય છે. ‘‘બ્રહ્મ જ આ આગળ અમૃત છે’’ (મુંડક ૨.૨.૧૧) વગેરેથી બ્રહ્મવાદ વિશેષ સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે.

સૂત્ર-૭ : અને સ્થિતિ તથા ભોજનને લીધે. (૧.૩.૭)

સર્વનો બીજી રીતે અર્થ થાય એવી[12] શંકાથી વિશેષ હેતુ કહે છે. ‘‘બે સુપર્ણો’’ (મુંડક ૩.૧.૧) એ વાક્યમાં બીજો ભોજન કર્યા વગર જોયા કરે છે

એવી કેવલ સ્થિતિ પરમાત્માની છે અને કર્મફલનો ભોગ જીવનો છે. આમ સ્થિતિ અને ભોજનથી મધ્યમાં જીવ અને પરમાત્માનો જ બોધ છે. સાંખ્યમત આવો નથી. એટલે આ વિશેષ ઉપપત્તિ હોવાથી પ્રતિલોમથી[૧૩] બધી જ ઉપપત્તિઓ દૃઢ થાય છે તેથી દ્યૌ, ભૂ વગેરેનું આયતન ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે. પૈંગી ઉપનિષદ્માં ''બે સુપર્ણો'' એનું વ્યાખ્યાન (સત્ત્વ અને ક્ષેત્રજ્ઞરૂપે) જુદી રીતે કરેલું દેખાય છે, પણ ઋચાના પ્રદેશવિશેષને લીધે બીજી રીતે કરેલું વ્યાખ્યાન દોષરૂપ નથી. તેથી સત્ત્વ અને ક્ષેત્રજ્ઞને જીવ અને બ્રહ્મ તરીકે સમજાવવા.

ટિપ્પણ

૧. **द्युभ्वादीनां सूत्रे** - અહીં ત્રણ પ્રકારે અસંગતિ છે. ભારવાહકત્વ અર્થની દૃષ્ટિએ, વાગ્વિમોક પ્રકરણની દૃષ્ટિએ અને સેતુ લિંગની દૃષ્ટિએ અસંગત છે.

૨. **अत्र न जीवस्यात्मत्त्वेन...** - આત્મા શબ્દ જીવના અર્થમાં પ્રસિદ્ધ છે તેથી જીવની બ્રહ્મરૂપે ઉપાસના માટે આત્મા શબ્દ છે એમ માનવું નહિ; પણ આત્મા શબ્દ અનારોપિત-અનાગન્તુક સ્વરૂપનો બોધક છે. એટલે જ સૂત્રકાર સ્વ શબ્દ વાપરે છે, આત્મા શબ્દ નહિ.

૩. **अभेदेऽपि..** - સેતુના જ્ઞાનથી અમૃતત્વ પ્રાપ્ત થાય છે એમ માનીએ તો સેતુનું જ્ઞાન સાધન બને છે. પણ અહીં સેતુ અને સેતુના જ્ઞાન વચ્ચે અભેદ છે. ब्रह्मविदाप्नोति परम् માં બ્રહ્મ અને પર વચ્ચે અભેદ છે; જે ભેદ છે તે માત્ર અવસ્થાનો છે, તેવી રીતે અહીં પણ સમજવાનું છે.

૪. **लक्ष्यस्य** - લક્ષ્ય એટલે અક્ષર. તે દ્યૌ, ભૂ આદિમાં હોવાથી સર્વગત છે.

૫. **शरधनुर्न्याय** - અવાન્તર પ્રકરણમાં શર અને ધનુષ્યનો ન્યાય બે મંત્રોમાં આપેલો છે - धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं ह्युपासानिशितं संधीयीत । आयाम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सौम्य विद्धि ॥ અને लक्ष्यं सर्वगतं चैव शरो मे सर्वतोमुखः । वेद्धा सर्वगतश्चैतद्विद्धं लक्ष्यं न संशयः ॥ ગોપાલતાપનીયમાં મંત્ર છે - प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते । अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥ આમ એકાગ્રતાપૂર્વક બ્રહ્મપ્રાપ્તિ માટે આ રૂપક આપ્યું છે.

૬. **ये तु** - શંકરાચાર્યનો ઉલ્લેખ છે.

૭. **अरा इव..** - ''अरा इव रथनाभौ संहता यत्र नाड्यः । એ વાક્યમાં નાડીઓના સંઘાતનું અધિકરણ થવું એ શરીરનો ધર્મ છે, એટલે જડનો ધર્મ છે. રથનાભિ એ જડનું ઉદાહરણ છે. यः सर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि । दिव्ये ब्रह्मपुरे ह्येष व्योम्न्यात्मा संप्रतिष्ठितः । એમાં પુરથી બોધિત દૃષ્ટાન્ત શરીરનો ધર્મ છે. ''मनोमयः प्राणशरीरनेता એમાં મનોમયત્વ એ વિકારનો ધર્મ છે.

૮. **अनुमानं..** - પુરુષોત્તમજી આવું અનુમાન આપે છે - इदं प्रकरणं सांख्यमतमूलभूतम् । तदसाधारणधर्मबोधकशब्दवत्त्वात् । આ અનુમાન માટે કોઈ નિઃસંદિગ્ધ શબ્દ દૃષ્ટાન્તરૂપે ન હોવાથી અનુમાન થઈ શકે એમ નથી.

૯. **पृथग्योगकरणम्** - પૃથક્કરણ અને યોગકરણ બે મળીને पृथग्योगकरण શબ્દ છે. પાછલા સૂત્રમાં જે દલીલ છે તે જ દલીલ અહીં છે પણ પછી આવતાં સૂત્રોને બરાબર સમજાવી શકાય એટલા માટે આ સૂત્રને છૂટું પાડયું છે. તથા સૂત્ર સમજાવવા માટે न અને अतच्छब्दात् નો પાછલા સૂત્રમાંથી યોગ કરેલો છે.

૧૦. **कर्मकर्तृभावः** - ''તેને એકને જ જાણો.'' એમાં 'તે એક' કર્મ છે તો જાણનાર કર્તા છે. આમ કર્મ અને કર્તાનો ભેદ કહ્યો છે.

૧૧. **जीवजडसाधारणनिराकरणाय** - तमेवैकं जानथ એવા મંત્રનો ઉલ્લેખ આગલા સૂત્રમાં કરેલો છે. પણ एक નો અર્થ 'મુખ્ય' લઈએ તો બીજું કાંઈક છે એમ સિદ્ધ થાય. વળી एव શબ્દ અસંકુચિત રીતે બીજાને દૂર કરે એમ માની ન શકાય. એટલે ''तमपि जानथ'', ''ततोऽपि मुख्यमात्मानं ज्ञानथ'' એવો અર્થ લેતાં આ મંત્રોક્ત હેતુ જડ અને જીવને સાધારણ બની જાય એટલે તે દૂર કરવા માટે આ સૂત્રમાં વિશેષ હેતુ આપ્યો છે.

૧૨. **सर्वस्यान्यथाभावमाशंक्य** - બ્રહ્મ શબ્દ જીવનો અર્થ પણ આપે છે તેથી આખું પ્રકરણ જીવ માટેનું છે એમ કોઈ કહે તો તે માટે આ વિશેષ હેતુ કહ્યો છે.

૧૩. **प्रतिलोम्येन** - પ્રતિલોમથી. સ્થિતિ અને ભોજનથી પ્રકરણને બળ પ્રાપ્ત થાય છે. પ્રકરણથી આગળ કહેલા હેતુઓને દઢતા મળે છે. આમ પ્રતિલોમથી યુક્તિઓ છે.

भूमा सम्प्रसादादध्युपदेशात् ॥८॥ (१.३.२.)

इदं च श्रूयते। 'यो वै भूमा तत्सुखमि'तिसुखलक्षणमुक्त्वा भुम्नो लक्षणमाह 'यत्र नान्यत् पश्यति नान्यच्छुणोति नान्यद्विजानाति स भूमे'ति। तत्र संशयः। भूमा बाहुल्यमाहोस्वित् ब्रह्मेति ? तत्र प्रपाठकारम्भे 'ततस्त ऊर्ध्वं वक्ष्यामी'ति प्रतिज्ञाततत्वाद् वेदादीनां नामत्वमुक्त्वा ततो भूयस्त्वं वागादीनां प्राणपर्यन्तानामुक्त्वा मुख्यप्राणविद्याया अवरब्रह्मविद्यात्वख्यापनायार्धप्रपाठकं समाप्य ततोपि विज्ञानादीनामन्तरङ्गाणां सुखान्तानां भूयस्त्वमुक्त्वा, सुखस्य फलत्वात् तस्यैव भूयस्त्वं वदति। यद्यपि 'तरति शोकमात्मवि'दिति नारदप्रश्नाद् भूम्नो ब्रह्मत्वं प्रकरणाद् वक्तुं शक्यते तथापि तस्यैवा'थात आत्मादेश' इत्यहङ्कारादेशवदात्मादेशोप्यस्ति तेनाब्रह्मत्वेपि प्रश्नसिद्धिः, तस्य सुखबाहुल्यस्य स्वे महिम्नि प्रतिष्ठितत्वं सर्वतः पूर्णविषयलाभेषि भवति सुषुप्तावपीति तयोरन्यतरद् ग्राह्यम्। तत्राप्यन्तरङ्गत्वात् सुषुप्तिरेवात्र भूमत्वेनोच्यते न सुखाबाहुल्यं, सुषुप्तिरूपमेव भूमेत्येवं प्राप्ते उच्यते।

<भूमा भगवानेव। कुतः। सम्प्रसादादध्युपदेशात्। सम्प्रसादः सुषुप्तिः तस्मादधि आधिक्येनोपदेशात्। यद्यपि 'नान्यत् पश्यती' त्यादि समानं तथापि 'स एवाधस्तादि'त्यादिना तु ततोप्यधिकधर्मा उच्यन्ते। न हि सुषुप्तेः सर्वत्वादिधर्माः सम्भवन्ति। आत्मशब्दश्च मुख्यतया परिगृहीतो भवति। भावशब्दस्यापि सर्वत्वाद् भगवति वृत्तिरदोषः तस्माद् भूमा भगवानेव ॥८॥>

धर्मोपपत्तेश्च ॥९॥

'नान्यत् पश्य'तीत्यादयोपि धर्मा ब्रह्मणि न विरुध्यन्ते । 'स्वाप्ययसम्पत्त्योरन्यतरापेक्षमाविष्कृतं ही'तिन्यायेन 'यत्र हि द्वैतमिव भवती'त्यादिश्रुत्या उभयत्राम्नानादन्यादर्शनादयो भगवति न विरुध्यन्ते । चकारात् फलं तस्यैवोपपद्यत इत्याह । 'स वा एष एवं पश्यन्नि'त्यादिना 'सहस्राणि च विंशति'रित्यन्तेन । तेन भूमा ब्रह्मैवेति सिद्धम् ॥९॥

॥ इति द्वितीयं भूमाधिकरणम् ॥

અધિકરણ-૨

ભૂમાધિકરણ

સૂત્રો. ૧.૩.૮-૯

સૂત્ર-૮ : ભૂમા (ભગવાન) છે, સંપ્રસાદથી અધિક હોવાનો ઉપદેશ છે તેથી. (૧.૩.૮)

આવી શ્રુતિ છે. ''જે ભૂમા છે તે સુખ છે'' (છા. ૭.૨૩.૧) આમ સુખનું લક્ષણ આપીને ભૂમાનું લક્ષણ આપે છે. ''જ્યાં બીજું કાંઈ જોતો નથી, બીજું કાંઈ સાંભળતો નથી, બીજું કાંઈ જાણતો નથી તે ભૂમા છે.'' (છા. ૭.૨૪.૧) ત્યાં સંદેહ છે. ભૂમા બાહુલ્ય છે કે બ્રહ્મ છે ? તેમાં પ્રપાઠકના આરંભમાં ''પછી તને આગળ કહીશ'' એમ પ્રતિજ્ઞા કરી હોવાથી, વેદ વગેરે નામરૂપ છે એમ કહીને, તેનાથી અધિક વાણીથી પ્રાણ સુધીનાં કહીને, મુખ્યપ્રાણવિદ્યા એ અપરબ્રહ્મવિદ્યા છે એમ સમજાવવા માટે અર્ધો પ્રપાઠક સમાપ્ત કરીને, તેથી પણ વિજ્ઞાનથી સુખ સુધીના પદાર્થો અધિક છે એમ કહીને સુખ ફલરૂપ હોવાથી તેનું જ આધિક્ય કહે છે. જો કે ''આત્મવિદ્ શોકને તરી જાય છે'' (છા. ૭.૧.૩) એવા નારદના પ્રશ્નથી ભૂમા બ્રહ્મ છે એમ પ્રકરણને આધારે કહેવું શક્ય છે, છતાં ''હવે તેથી આત્માદેશ'' (છા. ૭.૨૫.૨) એમ અહંકારાદેશની માફક આત્માદેશ પણ છે. એટલે બ્રહ્મ ન હોય તો પણ પ્રશ્ન સિદ્ધ થાય છે. પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત થવું એ સુખબાહુલ્ય માટે બધી રીતે પૂર્ણ વિષયના લાભથી પણ સંભવે છે; સુષુપ્તિમાં પણ (તેમ છે) તેથી આ બેમાંથી એકનું ગ્રહણ કરવાનું છે. તેમાં પણ સુષુપ્તિ અંતરંગ હોવાથી તે જ ભૂમા તરીકે કહેવાય છે. તેનાથી સુખબાહુલ્ય (પ્રાપ્ત થાય છે). આમ સુષુપ્તિરૂપ જ ભૂમા છે એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહે છે.

ભૂમા ભગવાન જ છે. શાથી ? સંપ્રસાદથી અધિક હોવાના ઉપદેશને લીધે. [1]સંપ્રસાદ એટલે સુષુપ્તિ, તેનાથી અધિ-આ છે એવો ઉપદેશ હોવાથી જો કે ''બીજું જોતો નથી'' (છા. ૭.૨૪.૧) એ સમાન[2] છે છતાં ''તે જ નીચે છે'' (છા. ૭.૨૫.૧) એમ તેથી પણ વધારેના ધર્મો કહ્યા છે. સર્વત્વ આદિ ધર્મો સુષુપ્તિને સંભવતા નથી. વળી આ રીતે આત્મા શબ્દના મુખ્ય અર્થનું ગ્રહણ થાય છે. ભાવશબ્દ[3] પણ સર્વરૂપ હોવાથી ભગવાનમાં એની વૃત્તિ દોષરહિત છે. એટલે ભૂમા ભગવાન જ છે.

સૂત્ર-૯ : અને ધર્મોની બ્રહ્મમાં ઉપપત્તિ હોવાથી. (૧.૩.૯)

''તે બીજાને જોતો નથી'' વગેરે ધર્મો બ્રહ્મમાં વિરુદ્ધ નથી, કારણ કે ''આવિર્ભાવ સુષુપ્તિ અને સંપત્તિમાંથી એકમાં થાય છે.''[૪] (બ્ર. સૂ. ૪.૪.૧૬) એવો ન્યાય છે. ''જ્યાં દ્વૈત જેવું થાય છે.'' (બૃ. ૪.૪.૧૫) વગેરે શ્રુતિથી બન્ને સ્થળે (છાન્દોગ્ય અને બૃહદારણ્યકમાં) કહ્યું છે તેથી અન્યનું અદર્શન વગેરે ભગવાનમાં વિરુદ્ધ નથી. च થી તેનું જ ફળ ઉચિત છે એમ કહે છે. ''તે આ પ્રમાણે જોતો''થી શરૂ કરીને ''અને વીસ હજાર'' સુધી. તેથી ભૂમા બ્રહ્મ જ છે એમ સિદ્ધ થયું.

ટિપ્પણ

૧. **संप्रसादः सुषुप्तिः** - સંપ્રસાદ એટલે સુષુપ્તિ. બૃહદારણ્યકમાં કહ્યું છે - स वा एष एतास्मिन्संप्रसादे रत्वा चरित्वा વગેરે. વ્યુત્પત્તિથી सम्यक् प्रसादोऽस्मिन् એમ સમજી શકાય.

૨. **यत्र नान्यत्पश्यति...** - સુષુપ્તિમાં પણ બીજું કાંઈ દેખાતું નથી. આમ અન્યદર્શનનો અભાવ સુષુપ્તિ અને બ્રહ્મ બન્નેમાં સમાન છે.

૩. **भावशब्दस्यापि** - भूमन् શબ્દ ભાવાર્થક છે. પાણિનિના નિયમ - बहोर्लोपो भू च बहोः મુજબ બહુનો भू આદેશ થાય છે. પછી એને इमनच् પ્રત્યય લાગતાં भूमन् શબ્દ બને છે. આમ ભાવપ્રત્યયાન્ત ભૂ શબ્દ તે ભાવશબ્દ. ભગવાનનું સર્વત્વ શ્રુતિમાં કહ્યું છે અને ભાવશબ્દ પણ સર્વત્વનો વાચક હોવાથી ભગવાન માટે વાપરી શકાય.

૪. **स्वाप्ययसंपत्त्योः...** - બ્ર. સૂ. ૪.૪.૧૬ જણાવે છે કે સુષુપ્તિ અને બ્રહ્મસંપત્તિમાં બ્રહ્મના ધર્મોનો આવિર્ભાવ નિયત છે. અન્યત્ર એ અનિયત છે એમ વામદેવસૂત્રમાં પ્રતિપાદન કર્યું છે.

अक्षरमम्बरान्तधृतेः ॥१०॥ (१.३.३.)

गार्गीब्राह्मणे 'कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्चे'ति स होवाच । 'एतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनण्वि'त्यादि श्रूयते । तत्र संशयः । किमक्षरशब्देन पदार्थान्तरं ब्रह्म वेति । तत्राचेतनसाधारण्याद्वर्णतुल्यत्वादाकाशवदस्याप्यब्रह्मत्वमेव । द्युभ्वाद्यायतनविरोधस्तु तुल्यः । अत एवागतार्थता अदृश्यत्वाद्यधिकरणेन । न हि तत्र विरुद्धधर्मा आशङ्कय निराक्रियन्ते । अतोऽचेतनतुल्यत्वाद् ब्रह्मवाददस्यासमाप्तत्वाद् आग्रहाविष्टत्वात् प्रष्टुः स्त्रीत्वाच्च । 'स्मरो वाव आकाशाद्भूया'नितिवत् कयाचिदुपपत्त्या स्मरणकालभूतसूक्ष्मप्रकृतिजीवविशेषाणामन्यतरपरिग्रह इति वक्तव्यमुपासनार्थम् । अत्र हि प्रापञ्चिकसर्वधर्मराहित्यं ब्रह्मधर्मत्वञ्च प्रतीयते । तदुपासनार्थत्व उपपद्येत । ब्रह्मत्वपरिग्रहे तु वैयर्थ्यमेव उपदेष्टृत्वाभावात् । तस्मादक्षरमन्यदेव ब्रह्मधर्मत्वेनोपास्यमित्येव प्राप्ते उच्यते ।

[illegible] परमात्मैव । कुतः । अम्बरान्तधृतः । श्रुतिं व्याख्याय सिद्ध हेतुमाह । अत्रैक एव प्रश्न उत्तरञ्चैक । आकाशस्यावान्तरत्वमेव । तेनाम्बरान्तानां पृथिव्यादीनां विधारकः परमात्मैव । द्युभ्वाद्यायतनसिद्धो धर्मोत्न हेतुः । 'न तदश्नोति कश्चने'ति मुख्यतया परिगृहीतो भवति, अन्यथा मूर्ध्नो विपतनञ्च भवेत् । न ह्यान्यः सर्वाधारो भवितुमर्हति । परोक्षेण ब्रह्मकथनार्थमक्षरपदम् । अन्यनिराकरणार्थं तद्धर्मोपदेशश्च । तस्मादक्षरं परमात्मैव ॥१०॥

सा च प्रशासनात् ॥११॥

ननु क्वचिद्वाक्ये विधारणं ब्रह्मधर्मत्वेनाश्रितमित्यन्यत्रापि न तथाश्रयितुं शक्यते नियामकाभावादित्यत आह ।सा च विधृतिरत्रापि वाक्ये ब्रह्मधर्म एव । कुतः । प्रशासनात् । 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिवी विधृते तिष्ठत' इति प्रशासनेन विधारणमन्यधर्मो भवितुं नार्हति । अप्रतिहताज्ञाशक्तेर्भगवद्धर्मत्वात् । तस्मादक्षरं ब्रह्मैव ॥११॥

अन्यभावव्यावृत्तेश्च ॥१२॥

ननूक्तमुपासनापरं भविष्यतीति तत्राह । अन्यभावव्यावृत्तेः । अन्यस्य भावः अन्यभावः । अब्रह्मधर्म इति यावत् । तस्यात्र व्यावृत्तेः । अब्रह्मत्वे हि ब्रह्मत्वेनोपासना भवति कार्यकारणभावभेदेन । न ह्यत्र तादृशो धर्मोस्ति । चकारा'द्यो वा एतदक्षरमविदित्वा गार्गी'त्यादिना शुद्धब्रह्मप्रतिपादनमेव नोपासनाप्रतिपादनमिति । तस्मादक्षरं ब्रह्मैवेति सिद्धम् ॥१२॥

॥ इति तृतीयमक्षराधिकरणम् ॥

અધિકરણ-૩

અક્ષરાધિકરણ

સૂત્રો. ૧.૩.૧૦-૧૨

સૂત્ર-૧૦ : અક્ષર (પરમાત્મા છે), આકાશ સુધીને ધારણ કરે છે તેથી.
(૧.૩.૧૦)

ગાર્ગીબ્રાહ્મણમાં શ્રવણ થાય છે : ''આકાશ ખરેખર શેમાં ઓતપ્રોત થયેલું છે ?'' ''તેણે કહ્યું : આ તે અક્ષર છે, હે ગાર્ગી. બ્રાહ્મણો તેને અસ્થૂલ, અનણુ કહે છે.'' (બૃ. ૩.૮.૭-૮) ત્યાં સંશય છે કે અક્ષર શબ્દથી બીજો કોઈ પદાર્થ સમજવાનો છે કે બ્રહ્મ ? તેમાં[1] અચેતનની સમાનતાને લીધે, બાણ જેવું હોવાથી આકાશની માફક આ પણ અબ્રહ્મ જ છે. દ્યૌ, ભૂ વગેરેનું આયતન હોવાથી જે (ભારવાહકત્વનો) વિરોધ આવે છે તે પણ સમાન છે. તેથી જ અદૃશ્યત્વાધિકરણમાં (બ્ર. સૂ. ૧.૨.૨૧.૨૩) આનો અર્થ આવી જતો નથી.[2] ત્યાં વિરુદ્ધ ધર્મોની શંકા કરીને નિરાકરણ કર્યું નથી. એટલે અચેતનની સમાનતાથી, બ્રહ્મવાદ સંપૂર્ણ રીતે (આરુણિસંવાદમાં) સમાપ્ત થયો હોવાથી, (પ્રશ્ન કરનારનો) આગ્રહ હોવાથી અને પ્રશ્ન કરનાર સ્ત્રી હોવાથી, ''સ્મરણ ખરેખર આકાશથી વિશેષ છે.'' (બૃ. ૭.૧.૩.૧) ના જેવી કોઈક યુક્તિથી સ્મરણ, કાલ, ભૂતસૂક્ષ્મ (=તન્માત્રા),

પ્રકૃતિ કે જીવમાંથી કોઈ એકનું ઉપાસના માટે ગ્રહણ થયું છે એમ કહેવું ઉચિત છે. ઉપરાંત અહીં બ્રહ્મના ધર્મ એવું બધા પ્રાપંચિક ધર્મોનું રાહિત્ય પ્રતીત થાય છે તે ઉપાસનાના અર્થમાં પણ બંધબેસતું થઈ શકે છે. બ્રહ્મનું ગ્રહણ કરવામાં તો વ્યર્થતા જ છે કારણ કે ઉપદેશકનો જ અભાવ[3] છે. તેથી અક્ષર બ્રહ્મના ધર્મોથી ઉપાસના કરવા યોગ્ય બીજું કાંઈ છે એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે.

અક્ષર પરમાત્મા જ છે શાથી ? આકાશ સુધીનાંને ધારણ કરવાથી. શ્રુતિને સમજાવીને સિદ્ધ[4] હેતુ કહે છે. અહીં એક જ પ્રશ્ન છે અને એક ઉત્તર છે.[5] આકાશ અવાન્તર જ છે. તેથી પૃથ્વીથી માંડીને આકાશ સુધીના (સર્વનો) ધારણ કરનાર પરમાત્મા જ છે. દ્યુભ્વાદ્યાયતન અધિકરણથી (બ્ર. ૨૨.૧.૩.૧-૭) સિદ્ધ થયેલો ધર્મ હેતુ છે, ''તે કાંઈ પણ ખાતો નથી'' (બૃ. ૩.૮.૮)[6] એ વાક્યમાં મુખ્ય રીતે ગૃહીત થાય છે. નહિ તો માથું પડી જાય.[7] બીજો કોઈ સર્વનો આધાર થવો યોગ્ય નથી. પરોક્ષ રીતે બ્રહ્મ કહેવા માટે અક્ષર શબ્દ છે અને અન્યના નિરાકરણ માટે તેના ધર્મોનો ઉપદેશ છે.

સૂત્ર-૧૧ : અને તે પ્રશાસનને લીધે. (૧.૩.૧૧)

(શંકા) કોઈક વાક્યમાં વિધૃતિ (ધારણ કરવું તે) બ્રહ્મના ધર્મરૂપે કહી હોય એટલે અન્યત્ર પણ તે પ્રમાણે ગણી શકાય નહિ, કારણ કે એવો કોઈ નિયમ નથી. ત્યારે (જવાબ) કહે છે. તે વિધૃતિ અહીં પણ વાક્યમાં બ્રહ્મનો ધર્મ જ છે. શાથી ? પ્રશાસનને લીધે. ''હે ગાર્ગી, આ અક્ષરના પ્રશાસનમાં દ્યૌ અને પૃથ્વી ધારણ કરેલાં રહે છે.'' (બૃ. ૩.૮.૯) આમ પ્રશાસનને લીધે વિધરણ બીજાનો ધર્મ હોય એ શક્ય નથી. અપ્રતિહત આજ્ઞાશક્તિ ભગવાનનો ધર્મ છે. તેથી અક્ષર બ્રહ્મ જ છે.

સૂત્ર-૧૨ : (શંકા) ઉપાસના માટે આ સમજાશે એમ તો કહ્યું જ છે. તેનો (જવાબ) કહે છે :

અને અન્યભાવની વ્યાવૃત્તિ હોવાથી. (૧.૩.૧૨)

અન્યનો ભાવ તે અન્યભાવ. બ્રહ્મ નહિ એવાનો ધર્મ. અહીં તેની વ્યાવૃત્તિ છે. કાર્યકારણના ભેદથી જ બ્રહ્મ નથી તેની જ બ્રહ્મ તરીકે ઉપાસના થાય છે. અહીં એવો ધર્મ નથી.

ચ દર્શાવે છે કે ''હે ગાર્ગી, જે આ અક્ષરને જાણ્યા વગર'' (બૃ. ૩.૮.૧૦) વગેરેથી શુદ્ધ બ્રહ્મનું જ પ્રતિપાદન છે, ઉપાસનાનું પ્રતિપાદન નથી. એટલે અક્ષર બ્રહ્મ જ છે એમ સિદ્ધ થયું.

ટિપ્પણ

૧. **अचेतनसाधारण्यात् बाणतुल्यत्वादाकाशवत्** - અહીં પૂર્વપક્ષી બે મુદ્દાઓ કહે છે - (क) ઓતપ્રોત હોવું એ વિકાર દર્શાવે છે અને વિકાર માત્ર અચેતનનો હોય તેથી અક્ષરને અચેતન સાથે સમાનતા છે. (ख) આરુણિસંવાદ સમાપ્ત થયા પછી

ગાર્ગી કહે છે - अहं त्वा याज्ञवल्क्य यथा काश्यो वा वैदेहो वोग्रपुत्र उज्ज्यं धनुरधिज्यं कृत्वा द्वौ बाणावन्तौ सपत्नातिव्याधिनौ हस्ते कृत्वोपोत्तिष्ठेदेवमेवाहं त्वां द्वाभ्यां प्रश्नाभ्यामुपोदस्थाम् । અર્થાત્ બે બાણના જેવા બે પ્રશ્નો ગાર્ગી પૂછે છે. આમ આ પ્રશ્નો કલેશકર છે. હવે પ્રથમ પ્રશ્ન છે - "यदूर्ध्वं याज्ञवल्क्य दिवो यदवाक् पृथिव्या यदन्तरा द्यावापृथिवी इमे यद्भूतं च भवच्च भविष्यच्चेत्याचक्षते कस्मिंस्तदोतं च प्रोतं च" । એના જવાબમાં આકાશ એવો ઉત્તર છે. પછી આકાશ શેમાં ઓતપ્રોત છે એવા બીજા પ્રશ્નના જવાબમાં અક્ષરની વાત કરે છે, તે વિષયવાક્ય છે. અહીં બાણની જેમ કલેશકર પ્રશ્ન હોવાથી અક્ષર પણ આકાશની માફક અબ્રહ્મ છે.

૨. **अत एवागतार्थता..** - અદૃશ્યત્વાદિ-અધિકરણમાં અક્ષર બ્રહ્મ છે એમ સિદ્ધ કર્યું છે; પણ અહીં અક્ષર બ્રહ્મ નથી એટલે જુદું અધિકરણ છે.

૩. **उपदेष्टृत्वाभावात्** - ગાર્ગી સ્ત્રી હોવાથી એને બ્રહ્મવિદ્યાનો અધિકાર નથી. આમ બોલનારને ઉપદેશક કહી ન શકાય. ઉપદેશક વિના બ્રહ્મવિદ્યા શક્ય નથી.

૪. **सिद्धं हेतुमाह** - શ્રુતિમાં એવું વાક્ય છે - एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिवी विधृते तिष्ठतः । આકાશને ધારણ કરવાનું વાક્ય વિષયવાક્યમાં દેખાતું નથી એટલે સૂત્રમાં આપેલો હેતુ સ્વરૂપાસિદ્ધ છે. તેના જવાબમાં કહે છે કે આ હેતુ શ્રુતિના તાત્પર્યથી સિદ્ધ છે એટલે સ્વરૂપાસિદ્ધ ગણી શકાય નહિ.

૫. **एक एव प्रश्नः..** - અહીં ગાર્ગી બે પ્રશ્નો પૂછે છે પણ ખરેખર તો એક જ પ્રશ્ન છે. પહેલો પ્રશ્ન છે यदूर्ध्वं याज्ञवल्क्य... વગેરે. તેના જવાબમાં કહ્યું, 'આકાશમાં'. પછી પૂછ્યું કે આકાશ શેમાં ઓતપ્રોત છે ? તેનો જવાબ આપતાં કહ્યું છે કે - आकाश एव. અને પછી કહ્યું છે - एतद्वै तदक्षरं गार्गिः। આમ બીજા પ્રશ્નના ઉત્તરમાં જે આકાશની વાત કરી છે તેનો જ પરામર્શ एतत् તરીકે કરીને તેને અક્ષરરૂપે વર્ણવ્યું છે. આમ બન્ને પ્રશ્નો અને ઉત્તરો એક જ પ્રકારના છે; તફાવત એટલો જ છે કે બીજામાં एव વધારેનો છે. આમ પહેલા પ્રશ્નથી પ્રશ્નની પરિસમાપ્તિ થતી નથી; બીજાથી પણ નથી થતી એટલે એને આગળ અક્ષર સુધી લઈ જાય છે. એટલે ખરેખર તો એક જ પ્રશ્ન અને એક જ ઉત્તર છે.

૬. **न तदश्नोति कश्चन** - न तदश्नोति कश्चन એ વાક્યમાં ભોજનનો અર્થ લઈએ તો બીજા કોઈ કર્તાથી થતા ભોજનનો નિષેધ પુરુષથી ભોગ્ય એવી પ્રકૃતિને દૂર કરે છે, બીજા ભોગ્ય કર્મનો નિષેધ સર્વભક્ષી કાલને દૂર કરે છે. જો વ્યાપ્તિનો અર્થ લેવામાં આવે તો બન્ને નિષેધ વ્યાપકત્વ અને તેના અભાવનો બોધ કરીને તેનું વિરુદ્ધધર્માશ્રયત્વ દર્શાવે છે. એટલે બ્રહ્મથી અધિક કે જુદા એવા પદાર્થના નિરાકરણ દ્વારા દ્યુભ્વાદ્યાયતન અધિકરણમાં સ્વરૂપથી ધારકત્વનો જે હેતુ કહ્યો છે તે જ મુખ્યત્વે સમજવાનો છે.

૭. **मूर्ध्नो विपतनं भवेत्** - ગાર્ગી સ્ત્રી હોવાથી એને બ્રહ્મજ્ઞાનનો અધિકાર નથી એ મુદ્દો પૂર્વપક્ષે કહ્યો હતો. અહીં એનો જવાબ કહ્યો છે કે પૂર્વે અતિપ્રશ્નને લીધે મૂર્ધાનું પતન કહ્યું જ છે. તેવું અહીં નથી થયું એ જ દર્શાવે છે કે ગાર્ગીને બ્રહ્મવિદ્યાનો અધિકાર નથી એવું નથી.

ईक्षतिकर्मव्यपदेशात् सः ॥१३॥ (१.३.४.)

पञ्चमप्रश्ने 'एतद्वै सत्यकाम परञ्चापरञ्च ब्रह्म यदोङ्कारस्तस्माद्विद्वानेतेनैकतरमन्वेति यद्येकमात्र' इत्यादिना एकद्वित्रिमात्रोपासनया ऋग्यजुःसामभिर्मनुष्यलोकसोमलोकसूर्य-लोकप्राप्तिपुनरागमने निरूप्या 'र्धचतुर्थमात्रोपासनया परं पुरुषमभिध्यायीत स तेजसि परे सम्पन्नो यथा पादोरस्त्वचे'त्यादिना 'परात् परं पुरिशयं पुरुषमीक्षत' इति ।

तत्र संशयः । परपुरुषः परमात्मा ध्यानविषयः, आहोस्विद्विराट्पुरुषो ब्रह्मा वेति । तत्रामुख्यप्रवाहपतितत्वाद् ब्रह्मलोकं गतस्य तदीक्षणमेव च फलं' श्रूयते । न हि परमपुरुषस्य ब्रह्मत्वे तज्ज्ञानमेव फलं भवति । तस्माद् विराट् ब्रह्मा वाभिध्यानविषय इत्येवं प्राप्ते, उच्यते ।

सः अभिध्यानविषयः परपुरुषः परमात्मैव । कुतः । ईक्षतिकर्मव्यपदेशात् । जीवघनात् केवलजीवाधारभूताद् ब्रह्मलोकात् पररूपपुरुषदर्शनं ईक्षतिः । तस्याः कर्मत्वेन व्यपदेशात् । उभयोः कर्मणोरेकत्वमपरं त्रिमात्रपर्यन्तं निरूप्य परं ह्यग्रे निरूपयति । तथैव च श्लोके 'तिस्रो मात्रा' इत्यादि । अभिध्यानस्य हि साक्षात्कारः फलं, अतः फलरूपज्ञानस्य विषयत्वात् परपुरुषः परमात्मैव । मन्दशङ्कानिवृत्त्यर्थमेवेदं सूत्रम् । अत्र सर्वसङ्करवादिनामन्यथापाठो भ्रमात्, तत्रापि विचारस्तुल्यः ॥१३॥

॥ इति चतुर्थमीक्षतिकर्माधिकरणम् ॥

અધિકરણ-૪

ઈક્ષતિકર્માધિકરણ

સૂત્ર ૧.૩.૧૩

સૂત્ર-૧૩ : ઈક્ષતિના કર્મ તરીકે કહ્યો હોવાથી તે (પરમાત્મા) છે.

(૧.૩.૧૩)

પાંચમા પ્રશ્નમાં "હે સત્યકામ આ પર અને અપર બ્રહ્મ છે જે ૐકાર છે. તેથી જાણનાર એનાથી એકને પામે છે, જો તે એક માત્રાનું ધ્યાન ધરે છે." (પ્રશ્ન ૫.૨) ઇત્યાદિ વાકયથી એક, બે અને ત્રણ માત્રાની ઉપાસનાથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદથી મનુષ્યલોક, સોમલોક અને સૂર્યલોકની પ્રાપ્તિ અને (ત્યાંથી) પુનરાગમનનું નિરૂપણ કરીને "અર્ધી ચતુર્થ માત્રાની ઉપાસનાથી પરમ પુરુષનું ધ્યાન ધરવું. તે તેજો રૂપ પરમાં સંપન્ન થાય છે, જેમ સાપ ત્વચાથી" વગેરે (એમ કહીને) "તે પરથી પર, પુરમાં શયન કરે છે તેવા પુરુષને જુએ છે." (પ્રશ્ન. ૫.૫)

તેમાં સંશય છે ધ્યાનનો વિષય પરપુરુષ પરમાત્મા છે કે વિરાટ પુરુષ બ્રહ્મા છે ? ત્યાં અમુખ્ય પ્રવાહમાં[1] આવવાને લીધે બ્રહ્મલોકમાં ગયેલાને માટે તેના દર્શનનું જ ફલ રૂપે શ્રવણ થાય છે. પરમપુરુષ બ્રહ્મ હોવાથી તેનું જ્ઞાન જ ફલ થતું નથી. તેથી વિરાટ્ કે બ્રહ્મા ધ્યાનનો વિષય છે. એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે.

તે ધ્યાનનો વિષય પરમ પુરુષ પરમાત્મા જ છે. શાથી ? ઈક્ષતિના કર્મ તરીકે કહેવામાં આવ્યું હોવાથી. જીવઘનથી, કેવલ જીવના આધારભૂત બ્રહ્મલોકથી પરસ્વરૂપ પુરુષનું દર્શન તે ઈક્ષતિ. તેના કર્મરૂપે કહ્યું હોવાથી. બન્નેનું (ધ્યાન અને ઈક્ષણનું) કર્મ એક જ છે. અપરનું ત્રણ માત્રા સુધી નિરૂપણ કરીને આગળ પરનું નિરૂપણ કરે છે. તે રીતે જ શ્લોકમાં[2] ''ત્રણ માત્રાઓ'' (પ્રશ્ન ૫.૬) આદિ (કહ્યું છે) સાક્ષાત્કાર એ તો અભિધ્યાનનું ફલ છે. એટલે ફલરૂપ જ્ઞાનનો વિષય હોવાથી પર પુરુષ પરમાત્મા જ છે. મન્દબુદ્ધિવાળાઓની શંકા દૂર કરવા માટે જ આ સૂત્ર છે. અહીં સર્વસંકરવાદીઓનો બીજી રીતનો પાઠ ભ્રમને લીધે છે.[3] તેમાં પણ વિચાર તો સમાન (જ) છે.

ટિપ્પણ

૧. **अमुख्यप्रवाहपतितत्वात्** - ત્રણ માત્રા અને ચોથી અર્ધી માત્રાથી પરપુરુષનું ધ્યાન ધરવાનું છે. આમ પહેલી ત્રણ માત્રાઓથી ઉપાસના કરવી એ મુખ્ય ન હોવાથી અહીં ચોથી અર્ધી માત્રા માટે પણ એમ જ સમજવાનું છે.

૨. **श्लोके तिस्रो मात्रा..** - શ્લોક આ પ્રમાણે છે : तिस्रो मात्रा मृत्युमत्यः प्रयुक्ता अन्योन्यसक्ता अनुविप्रयुक्ताः । क्रियासु बाह्यान्तरमध्यमासु सम्यक् प्रयुक्तासु न कम्पते ज्ञः ॥

૩. **सर्वसंकरवादिनाम्** - વિષયવાક્યનો પાઠ શંકરાચાર્ય વગેરેને મતે આમ છે : यः पुनरेतं त्रिमात्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत स तेजसि सूर्ये संपन्नः स सामभिरुन्नीयते ब्रह्मलोकम् । પ્રસ્તુત ભાષ્યમાં પાઠ આવો છે - सामभिरुन्नीयते सूर्यलोकं सूर्यलोके विभूतिमनुभूय पुनरावर्तते यः पुनरर्धचतुर्थमात्रेणोमित्यनेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत स तेजसि परे संपन्न इति सोऽथर्वभिरुन्नीयते ब्रह्मलोकम् । અહીં શંકરાચાર્ય ઉપરાંત બીજા પણ કેટલાક એમણે કહ્યા મુજબનો પાઠ સ્વીકારતા હોવાથી **सर्वसंकरवादिनाम्** નો અર્થ ગોપેશ્વરજી सर्वेषां संकरवादिनाम् કરે છે તે નોંધવું જોઈએ.

दहर उत्तरेभ्यः ॥१४॥ (१.३.५.)

'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोस्मिन्नन्तराकाशस्तस्मिन् यदन्तस्तदन्वेष्टव्यन्तद्वाव विजिज्ञासितव्य'मित्यादि श्रूयते । तत्र संशयः । किं जीवोन्वेष्टव्यो ब्रह्म वेति । जीवब्रह्मवादो निर्णीयते । श्रुत्यर्थो हि निर्णेतव्यः । तद् यदस्मिन्वाक्ये परमार्थतो जीव एव ब्रह्म चेत् शास्त्रञ्च तत्रैव समाप्तञ्चेत् व्यर्थमधिकरणारम्भः । इदमेव च वाक्यं श्रुत्या वक्तव्यं च भवेत् । तस्मादस्मिन्नाधिकरणे मुख्या सर्वसङ्करवादादिनिराकृतिः । किं तावत् प्राप्तम् । दहर आकाशो जीव इति । अत्रावान्तरप्रकरणद्वयम् । तत्र द्वितीये प्रजापतिप्रकरणे जीव एवामृताभयरूपः प्रतिभाति । स्पष्टार्थञ्च द्वितीयप्रकरणम् । तस्मात् प्रथमेऽपि जीव एव तादृशधर्मवान् भवितुमर्हति । अर्थानुगुण्यमपि व्याख्येयम् । अयमेव जीवो ब्रह्म 'अयमात्मा ब्रह्मे' तिश्रुतेः । मैत्रेयीब्राह्मणं चानुगुणं भविष्यति । तस्य पुरं शरीरं तत्र हृदयकमलं सूक्ष्मं

तत्राराग्रामात्रो जीव एवाकाशः । तात्स्थ्यात्तद्व्यपदेश इति । अन्वेष्टव्यस्तु तस्मिन् विद्यमानस्तन्महिमा । वासनारूपेण सर्वं तत्र वर्तत इति । अन्यथोभयत्र सर्वकथनं विरुद्धमापद्येत । भूतानि महाभूतानि पुत्रादयो वा । 'तञ्चेद् ब्रूयु'रित्यादिना नित्यतामुपपाद्य 'एष आत्मे'त्यादिना तस्यैव ब्रह्मत्वमुपदिशति तज्ज्ञानञ्च प्रशंसति । स्वात्मज्ञानिनः कामसिद्धिञ्चाह 'य इहे'त्यादिना । येपि च विरुद्धा धर्माः प्रतिभान्त्यहरहर्गमनादयस्तेपि स्वकल्पितजीवानां, स्वप्नमायामनोरथादिषु तेषामेव गमनागमने प्रति स्वातिरिक्तस्य ब्रह्मणोऽभावात् । एवं लोकाधारत्वमपि, ब्रह्मचर्यं च तस्य साधनमिति, योगश्च 'तयोर्ध्वमायन्नमृतत्वमेती'ति च, तस्माज्जीव एव दहर इत्येवं प्राप्ते, उच्यते ।

दहरः परमात्मा न जीवः । कुतः । उत्तरेभ्यः । उत्तरत्र वक्ष्यमाणेभ्यो हेतुभ्यः । तेषामपि साध्यत्वादेवमुक्तम् । जीवो नाम भगवदंशो न भगवानेवेत्यग्रे वक्ष्यते । 'अंशो नानाव्यपदेशा'दिति । नापि ब्रह्म तावन्मात्रमिदमप्यग्रे वक्ष्यते । 'अधिकन्तु भेदनिर्देशा'दिति । तस्मादिदं प्रकरणं न जीवब्रह्मविद्यापरं किन्तु ब्रह्मवाक्यमेवेति ॥१४॥

गतिशब्दाभ्यां तथाहि दृष्टं लिङ्गञ्च ॥१५॥

उत्तरहेतूनां मध्ये हेतुद्वयमाह । गतिशब्दाभ्याम् । गतिर्ब्रह्मलोकगमनं, 'एवमेवेमाः सर्वाः प्रजा अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्ती'ति । 'एष आत्मापहतपाप्मा सत्यकामः सत्यसङ्कल्पः' इति केवलभगवद्वाचकाः शब्दा ब्रह्मलोकशब्दश्च ।

ननूक्तं जीवस्यैवैते शब्दा गतिश्च मनोरथादिकल्पितानामिति । तन्निराकरणायाह । तथाहि । तथैव गतिशब्दौ भगवत्येव युक्तौ । अनृतेनापिधानं तेषां विशेषणं, अज्ञानावेष्टितत्वमित्यर्थः । न त्वज्ञानपरिकल्पितत्वं, दृष्टत्वात् । तथैव हि दृश्यते । सर्वोप्याह 'न किञ्चिदवेदिष'मिति । न च गन्तुरभाव एव । शास्त्रवैफल्यापत्तेः । न ह्यात्मनाशः पुरुषार्थः । कर्मकर्तृविरोधश्च । तथापहतपाप्मत्वं च । तद्विरुद्धधर्माणामनुभवात् । भगवति त्विदानीमेव तेषामनुभवः । ध्यानादावुपलब्धेः । पृथिवीशराववदेव जीवब्रह्मविभागो न त्वज्ञानकृतः । तथाहि । अज्ञानं नाम चैतन्यान्तर्भूतं तच्छक्तिरूपमनादि उत बहिर्भूतं साङ्ख्यवत् । न बहिर्भूतम् । बहिर्भूतं चेत् साङ्ख्यनिराकरणेनैव निराकृतम् । अन्तःस्थितायाः शक्तिरूपायाः स्वरूपाविरोधिन्या न स्वरूपविभेदकत्वमाश्रयनाशप्रसङ्गात् । कल्पनायाश्चाप्रामाणिकत्वात् । बहिःस्थितस्यैव हि भेदकत्वं, कुठारादिवत् । नापि वायुवत्, तच्छक्तित्वात् । किञ्च, कोयं ब्रह्मवादे प्रद्वेषो येन मिथ्यावादः परिकल्प्यते । अज्ञानादिति चेत्, पीतशङ्खप्रतिभानवद्युक्तं मतकरणं ब्रह्मवदुपासनयानुगमिष्यति । शर्कराभक्षणेनेव पीतिमप्रतीतिः । सर्वज्ञेन हि वेदव्यासेन भाविमिथ्यावादनिराकरणेनेदमधिकरणमारब्धम् । तस्माज्जीवानामेवाज्ञानदर्शनाद् ब्रह्मणः सर्वज्ञत्वदर्शनाद् गतिशब्दौ ब्रह्मविषयावेव, न जीवविषयौ ।

किञ्च, लिङ्गञ्च वर्तते । 'यथैवेह कर्मजितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यजितो लोकः क्षीयत' इति, नहि स्वाज्ञानं स्वस्य सम्भवति, हिताकरणप्रसक्तिश्च, न च ज्ञानेन सामर्थ्यमुद्बुद्धमिति वाच्यम् । विरोधित्वात् । नहि ज्ञाने जाते कर्तृत्वमस्तीति विप्लववादिनोऽङ्गीकुर्वन्ति । विरुद्धा च कल्पना । 'अहं ब्रह्मास्मी'ति, अत एव सर्वभावश्रुतेः । तज्ज्ञानञ्च तस्य सार्वज्ञे लिङ्गं तस्य

हि स गुणो भगशब्दवाच्यानामन्यतरः, स चेज्जीवे समायाति तत्कृपया तस्यैवास्यापि माहात्म्यं भवति । तस्माल्लिङ्गादपि गतिशब्दौ ब्रह्मविषयौ ।

चकरात् 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेयनाये'तिश्रुत्या ब्रह्मत्वेन ज्ञानं नात्मनो मोक्षाय ब्रह्मण एव तु ज्ञानमात्मत्वेनापि । तस्माद् दहरः परमात्मा ॥१५॥

धृतेश्च महिम्नोस्यास्मिन्नुपलब्धेः ॥१६॥

अपरं हेतुमाह । धृतेः । 'अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसम्भेदाये'ति । न हि सर्वलोकविधारकत्वं ब्रह्मणोन्यस्य सम्भवति । चकारात् सेतुत्वमपि । 'तदन्वेष्टव्यं तद्विजिज्ञासितव्य'मिति लोकविधारणस्य माहात्म्यरूपत्वात् । तस्यैव कर्मत्वमित्याह महिम्न इति । महिमैष पुरुषस्य । न तु वासनारूपेण तस्मिन् विद्यमानत्वम् । संसारिधर्मत्वेनामाहात्म्यरूपत्वात् ।

न च विरुद्धमुभयत्रैकस्य दर्शनमिति वाच्यं, अस्यास्मिन्नुपलब्धेः । अस्यैतादृशविरुद्धधर्माश्रयमाहात्म्यस्यास्मिन् भगवत्येवोपलब्धेः । 'ज्यायानाकाशाद्यावान् वा अयमाकाशः अणुः स्थूल' इति, यशोदादयश्च वहिःस्थितमपि जगदन्तः प्रपश्यन्ति । नत्वेतादृशो जीवो भवितुमर्हति । तस्माद् ब्रह्मैव दहरः ॥१६॥

प्रसिद्धेश्च ॥१७॥

आकाशशब्दवाच्यत्वप्रसिद्धिः । अपहतयाप्मत्वादिप्रसिद्धिः । किं बहुना । प्रकरणोक्तसर्वधर्मप्रसिद्धिर्भगवत्येव न जीवे सम्भवत्यतोपि भगवानेव दहरः । चकाराद्विधिमुखेनाधिकरणसमाप्तिः सूचिता ॥१७॥

अन्यनिषेधमुखेन पुनर्विचारयति ।

इतरपरामर्शात् स इति चेन्नासम्भवात् ॥१८॥

ननु ब्रह्मैतादृशं जीवो नैतादृश इति न क्वचित् सिद्धमस्ति श्रुत्येकसमधिगम्यत्वादुभयस्वरूपस्य ब्रह्मवादे । अतो यथा सर्वत्र ब्रह्मणोसाधारणधर्मदर्शनात् तत्तत्प्रकरणं ब्रह्मण इति निश्चीयते एवमिहापि जीवस्यासाधारणधर्मदर्शनाज्जीवप्रकरणमिति कुतो न निश्चीयते । निश्चिते तु तस्मिन्नाकाशतुल्यत्वादयो धर्मा जीवस्यैव भविष्यन्ति नान्यस्येत्यभिप्रायेणाह ।

इतरपरामर्शात् सः, इतरो जीवस्तस्य परामर्शः, उपक्रमोपसंहारमध्यपरामर्शैः सन्दिग्धे निर्णयः । तत्रात्मविदः सर्वान् कामानुक्त्वा मध्ये 'अथ य एष सम्प्रसादोस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचैतदमृतमभय'मित्यादि मध्ये । अग्रे 'अथ य आत्मा स सेतु'रिति । तत्र सम्प्रसादः सुषुप्तिर्जीवावस्था । तत्र परसम्बन्धनिमित्तेन स्वेनैव रूपेणाभिनिष्पत्तिवचनाज्जीव एवैतादृश इति गम्यते । न ह्यत्र परमात्मनोयं धर्मः सम्भवति । अतः सर्वमेव प्रकरणं जीवपरं भविष्यतीति स एव जीव एव प्रकरणार्थ इति चेत् न । जीवस्तादृशो न भवति । विरुद्धधर्मत्वेनैव सर्वत्र तन्निश्चयात् ।

उभयोरेकत्वे ह्युभयत्वमेव न स्यात् । 'ऋतं पिबन्ता'वित्यादिवाक्यविरोधश्च । अतो न जीवस्तादृश इत्यभिप्रायेणाह असम्भवात् । नहि जीवे जगदाधारत्वादिकं सम्भवति । नहि परामर्शमात्रेण सर्ववेदान्तविरुद्धं कल्पयितुं शक्यते । परमर्शस्यान्यार्थत्वमुत्तरत्र वक्ष्यति । तस्माद्दहरो जीवो न भवितुमर्हति । वाक्यार्थो यथोपपद्यते तथोत्तरत्र वक्ष्यते । ब्रह्म त्वेकमेव नोभयमिति निश्चयः ॥१८॥

उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु ॥१९॥

उत्तरात् प्रकरणात् प्राजापत्यात् । तत्र हि 'दिव्ये चक्षुषि मनोरूपे प्रतीयमानो जीव एवामृताभयरूपो निरूपितः । तस्यैवोदशरावे जाग्रत्साक्षित्वं तदनु स्वप्नसाक्षित्वं तदनु सुषुप्तिसाक्षित्वं निरूप्य सर्वत्र तस्यामृतरूपत्वमेव निरूप्यावस्थानामतात्त्विकत्वमुक्त्वा समाध्यवस्थायां मनसि तमेव जीवं तादृशं प्रतिपादयति । अतो जीवोपि वस्तुतस्तादृश एवेति प्रकृतेपि परामर्शात् स एवेति चेदेवमाशङ्क्य परिहरति तुशब्देन । नायमर्थो दूष्यते किन्तु किञ्चिदन्यदस्तीति न नकारप्रयोगः । तदाह आविर्भूतस्वरूपः । स्वाप्ययसम्पत्त्योर्भगवदाविर्भावो जीवे भवति नृसिंहोपासकस्य नृसिंहाविर्भाववत् । ब्रह्मण उपदेशसमये भगवदाविर्भावात् सर्वत्र स्वात्मानं पश्यन्निन्द्रेपि तथैवोपदिष्टवान् प्रजापतिः । अन्यथा प्रतिबिम्बादावमृताभयवचनं मिथ्या स्यात् । इन्द्रे त्वाविर्भावाभावात् प्रजापत्यसन्निधाने विपरीतं पश्यति । अतस्ता-वन्मात्रदोषपरिहारायान्यथोपदेशः स्वप्नादिषु तथा प्रकृतेपि सुषुप्तावस्थायां भगवदाविर्भावात् तथावचनम् । तस्मादुभयमपि भगवत्प्रकरणमेव, एवमन्यत्रापि भगवदावेशकृता भगवद्धर्माभिलापा ऊह्याः । तस्माद्दहरः परमात्मैव ॥१९॥

अन्यार्थश्च परामर्शः ॥२०॥

परामर्शप्रयोजनमाह । अन्य एवार्थः प्रयोजनं यस्य तस्माद् । 'यमहरहर्वा एवंवित् स्वर्गलोकमेति' स्वस्यैवंज्ञाने हि ब्रह्मसुखं फलं ब्रह्मज्ञानापेक्षायामुपयुज्येत । भगवतश्च तदाविर्भावो भवतीति चकारार्थः । सम्पत्तौ भगवदावेशकथनार्थे वक्ष्यति च 'स्वाप्ययसम्पत्त्योरन्यतरापेक्षमाविष्कृतं ही'ति चतुर्थे । तस्मान्न परामर्शेनान्यथाकल्पनम् ॥२०॥

अल्पश्रुतेरिति चेत्तदुक्तम् ॥२१॥

ननु न वयं जीवे उपपत्तिस्तीति जीवप्रकारणं कल्पयामः । किन्तु ब्रह्मणि नायमर्थ उपपद्यते । अल्पश्रुतेः । अल्पे हि पुण्डरीके कथं भगवदवस्थानं व्यापकत्वश्रवणात् । 'यावान् वा अयमाकाश' इति । तस्माद् विरोधपरिहाराय जीव एवाराग्रमात्रस्तथा भवत्विति कल्प्यत इति चेत्तर्हि भवान् सम्यग्विचारकोस्मदीय एव । परं तत्समाधानं पूर्वमेवोक्तम् । 'निचाय्यत्वादेवं व्योमवच्चे'त्यत्र । तन्न प्रस्मर्तव्यम् । विरोधस्तु सर्वभवनसमर्थे ब्रह्मणि नाशङ्कनीयः । तथा पुरुषशरीरञ्च । 'पुरुषत्वे च मां धीराः साङ्ख्ययोगविशारदाः आविस्तरां प्रपश्यन्ति सर्वशक्त्युपबृंहितमि'ति भगवद्वावक्यात् । तस्माद्भगवानेव दहर इति सिद्धम् ॥२१॥

॥ इति पञ्चमं दहराधिकरणम् ॥

અધિકરણ-૫

દહરાધિકરણ

સૂત્રો ૧.૩.૧૪-૨૧

સૂત્ર-૧૪ : દહર (બ્રહ્મ છે) પછી કહેલા હેતુઓને લીધે. (૧.૩.૧૪)

"હવે તે આ બ્રહ્મપુરમાં દહર (=અલ્પ) કમળરૂપી ઘર છે. તેની અંદર દહર આકાશ છે. તેની અંદર જે છે તેનું અન્વેષણ કરવું જોઈએ, તેની જિજ્ઞાસા કરવી જોઈએ." વગેરે (છા. ૮.૧.૧)નું શ્રવણ છે. ત્યાં શંકા થાય છે શું જીવનું અન્વેષણ કરવાનું છે કે બ્રહ્મનું ? જીવબ્રહ્મવાદનો[1] નિર્ણય કરવામાં આવે છે. શ્રુતિના અર્થનો નિર્ણય કરવાનો છે. જો આ વાકચમાં જીવ જ પારમાર્થિક બ્રહ્મ હોય અને શાસ્ત્ર ત્યાં જ સમાપ્ત થઈ જતું હોય તો અધિકરણનો આરંભ વ્યર્થ બની જાય. વળી શ્રુતિએ આ જ વાકચ કહેવું જોઈએ. તેથી આ વાકચમાં મુખ્ય તો સર્વસંકરવાદ વગેરેનું નિરાકરણ છે. તો શું પ્રાપ્ત થયું ?

(પૂર્વપક્ષ) દહર આકાશ જીવ છે. અહીં અવાન્તર પ્રકરણો બે છે. તેમાં બીજા પ્રજાપતિ પ્રકરણમાં જીવ જ અમૃત અને અભયરૂપ છે એમ લાગે છે; અને બીજા પ્રકરણનો અર્થ સ્પષ્ટ છે.[2] તેથી પહેલા (દહરવિદ્યા) પ્રકરણમાં પણ તેવા ધર્મવાળો જીવ જ છે એમ માનવું જોઈએ. અર્થની અનુકૂળતા પણ સમજાવવી જોઈએ.[3] આ જીવ જ બ્રહ્મ છે. "આ આત્મા બ્રહ્મ છે" (બૃ. ૪.૪.૫) એવું શ્રુતિવાકચ છે. મૈત્રેયી બ્રાહ્મણ (બૃ. ૪.૫) પણ અનુકૂળ થશે. તેનું પુર એટલે શરીર તેમાં સૂક્ષ્મ હૃદય કમલ છે. ત્યાં આરાના અગ્રભાગ જેટલે જીવ જ આકાશ છે. તેમાં હોવાથી તેને તેમ કહ્યો છે. ત્યાં રહેલા તેના મહિમાનું અન્વેષણ કરવાનું છે, કારણ કે બધું તેમાં વાસનારૂપે રહેલું છે, નહિ તો બન્ને સ્થળે[4] (જીવનું) સર્વ તરીકેનું કથન વિરુદ્ધ બને. ભૂતો એટલે મહાભૂતો અથવા પુત્રો વગેરે. "તેને જો આમ કહે" (છા. ૮.૧.૪) દ્વારા નિત્યતાનું પ્રતિપાદન કરીને "આ આત્મા" (છા. ૮.૧.૫) થી જીવની બ્રહ્મતાનો ઉપદેશ છે; વળી તેના જ્ઞાનથી પ્રશંસા કરે છે. જેમણે પોતાના આત્માનું જ્ઞાન મેળવ્યું છે તેમના કામની સિદ્ધિ "જેઓ અહીં" (૮.૧.૬)થી કહે છે. ઉપરાંત "રોજરોજ જવું" (છા. ૮.૩.૨) વગેરે જે વિરુદ્ધ ધર્મોનો ભાસ થાય છે તે પોતે કલ્પેલા જીવોના જ સ્વપ્ન, માયા, મનોરથોમાં ગમન અને આગમનને અનુલક્ષીને છે, કારણ કે પોતાનાથી જુદું બ્રહ્મ નથી. એ રીતે લોકના આધાર તરીકેનું (વર્ણન) પણ સમજવાનું છે. બ્રહ્મચર્ય એનું સાધન છે. વળી યોગ (પણ એનું સાધન છે), "તે નાડી દ્વારા ઊર્ધ્વ જઈને અમૃતત્વ પામે છે" (છા. ૮.૬.૬) એમ કહ્યું છે. માટે જીવ જ દહર છેએમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહે છે.

દહર પરમાત્મા છે, શાથી ? પછી કહેલાઓથી. પછી જે કહેવાના છે તે હેતુઓથી. તે પણ સિદ્ધ કરવાના હોવાથી આમ કહ્યું છે. જીવ ખરેખર ભગવાનનો અંશ છે, ભગવાન જ નથી એમ "(જીવ) અંશ છે કારણ કે નાનાત્વ કહ્યું છે"

(બ્ર.સૂ. ૨.૩.૪૩)માં કહેવાશે. વળી બ્રહ્મ એટલું જ માત્ર નથી એ પણ આગળ "(બ્રહ્મ) અધિક છે, ભેદના નિર્દેશને લીધે" (બ્ર.સૂ. ૨.૧.૨૨) માં કહેવાશે, માટે આ પ્રકરણ જીવબ્રહ્મવિદ્યા માટેનું નથી, પણ આ બ્રહ્મવાક્ય જ છે.

સૂત્ર-૧૫ : ગતિ અને બ્રહ્મવાચક શબ્દોને લીધે (દહર પરમાત્મા છે) તે પ્રમાણે દેખાય છે અને લિંગ છે.

પછી કહેવાના હેતુઓમાંના (સૂત્ર ૧.૩.૧૫) બે હેતુઓ કહે છે : ગતિ અને શબ્દોથી. ગતિ એટલે બ્રહ્મલોકમાં ગમન. "આ રીતે આ બધી પ્રજા રોજને રોજ આ બ્રહ્મલોક તરફ જતી હોવા છતાં તેને જણાતી નથી." (છા. ૮.૨.૩) એમ કહ્યું છે. "આ આત્મા પાપથી રહિત, સત્યકામ, સત્યસંકલ્પ છે." (છા. ૮.૧.૫) એમ માત્ર ભગવાનને વાચક શબ્દો છે અને બ્રહ્મલોક શબ્દ છે.

(શંકા) અમે કહ્યું જ છે કે આ શબ્દો જીવ માટે છે અને ગતિ તો મનોરથ વગેરેથી કલ્પિત જીવોની છે. તેના નિરાકરણ માટે કહે છે "તે પ્રમાણે" તે રીતે જ ગતિ અને શબ્દો ભગવાનમાં જ યુક્ત છે. "અમૃતથી ઢંકાયેલા" એવું તેમનું (જીવોનું) વિશેષણ છે. અજ્ઞાનથી આવેષ્ટિત એવો અર્થ છે, નહિ કે અજ્ઞાનથી કલ્પિત. તે પ્રમાણે જ દેખાય છે. બધા જ કહે છે - "મેં કાંઈ જાણ્યું નથી."[૫] ઉપરાંત ગતિ કરનારનો અભાવ નથી જ કારણ કે એમ હોય તો શાસ્ત્ર નિષ્ફળ જાય. આત્મનાશ પુરુષાર્થ નથી. તે રીતે કર્મ અને કર્તાનો વિરોધ આવે.[૬] અપહતપાપ્મત્વ (નો પણ વિરોધ આવે છે), જીવમાં તેથી વિરુદ્ધ ધર્મોનો અનુભવ થાય છે; તો ભગવાનમાં હાલ પણ તેમનો અનુભવ થાય છે; કારણ કે ધ્યાન વગેરેમાં એ ઉપલબ્ધ થાય છે. જીવ અને બ્રહ્મનો વિભાગ પૃથ્વી અને કુલડી જેવો છે,[૭] અજ્ઞાનથી કરેલો નથી.

તે આ પ્રમાણે છે. અજ્ઞાન ચૈતન્યની અંદર રહેલી તેની અનાદિ શક્તિ છે કે સાંખ્યની માફક તેની બહાર આવેલું છે ? (બહાર) નથી કારણ કે જો બહાર આવેલું હોય તો સાંખ્યના નિરાકરણથી એનું પણ નિરાકરણ થયું છે. અંદર રહેલું શક્તિરૂપ અજ્ઞાન સ્વરૂપથી વિરુદ્ધ ન હોવાથી સ્વરૂપનો વિભાગ કરી શકે નહિ, કારણ કે આશ્રયનાશનો પ્રસંગ આવે.[૮] વળી કલ્પના અપ્રામાણિક બને.[૯] જે બહાર રહેલું હોય તે જ કુહાડીની માફક ભેદ કરી શકે. વાયુની માફક પણ નથી, કારણ કે તેની શક્તિ છે.[૧૦] ઉપરાંત બ્રહ્મવાદ પ્રત્યે એવો કેવો પ્રદ્વેષ કે મિથ્યાવાદની કલ્પના કરવામાં આવે છે ? અજ્ઞાનને લીધે છે એમ કહો તો આ મત પીળા શંખની પ્રતીતિ જેવો છે. જેમ શર્કરા ખાવાથી પીળાશની પ્રતીતિ (દૂર થાય) તેમ બ્રહ્મજ્ઞની ઉપાસનાથી (અજ્ઞાન) દૂર થશે.[૧૧] સર્વજ્ઞ એવા વેદવ્યાસે ભવિષ્યમાં ઊભા થનારા મિથ્યાવાદના નિરાકરણ માટે આ અધિકરણનો આરંભ કર્યો છે. તેથી જીવોનું જ અજ્ઞાન તથા બ્રહ્મની સર્વજ્ઞતા દેખાય છે માટે ગતિ અને શબ્દ બ્રહ્મ વિશે જ છે, જીવ વિશે નથી.

ઉપરાંત લિંગ પણ છે. "જેમ અહીં કર્મથી પ્રાપ્ત થયેલ લોકનો ક્ષય થાય છે

તેમ જ ત્યાં પુણ્યથી પ્રાપ્ત થયેલા લોકનો ક્ષય થાય છે.'' (છા. ૮.૧.૬) પોતાને પોતાનું અજ્ઞાન સંભવે નહિ.[૧૨] વળી હિત ન કરવા રૂપી દોષનો પ્રસંગ આવે.[૧૩] જ્ઞાનથી સામર્થ્ય પ્રકટ થાય છે એમ કહેવું નહિ કારણ કે એ વિરુદ્ધ છે. જ્ઞાન ઉત્પન્ન થતાં કર્તૃત્વ રહે છે એમ વિપ્લવવાદીઓ સ્વીકારતા નથી.[૧૪]

વળી (જીવ અને બ્રહ્મના અભેદની) કલ્પના (શ્રુતિથી) વિરુદ્ધ છે. ''હું બ્રહ્મ છુ'' (બૃ. ૧.૪.૧૦) પછી જ સર્વભાવની શ્રુતિ છે.[૧૫] તેનું જ્ઞાન તેની સર્વજ્ઞતાનું લિંગ છે. જ્ઞાન ભગ શબ્દથી કહેવાતા ગુણોમાંનો એક હોવાથી તેનો જ ગુણ છે. તે જો જીવમાં આવે તો તેની (ભગવાનની) કૃપાથી આનું (જીવનું) પણ મહાત્મ્ય થાય. આમ (શબ્દના સામર્થ્યરૂપી) લિંગથી પણ (નિશ્ચિત થાય છે કે) ગતિ અને શબ્દ બ્રહ્મવિષયક છે.

ચ દર્શાવે છે કે ''તેને જ જાણીને મૃત્યુને ઓળંગી જાય છે, મોક્ષ માટે બીજો માર્ગ નથી'' (શ્વે. ૩.૮) એ શ્રુતિથી નિશ્ચિત થાય છે કે આત્માનું બ્રહ્મ તરીકેનું જ્ઞાન મોક્ષ માટે નથી.[૧૬] પણ બ્રહ્મનું જ જ્ઞાન-આત્મા તરીકે પણ-મોક્ષ (માટે છે) એટલે દહર પરમાત્મા છે.

સૂત્ર-૧૬ : વળી ધારણ કરવાને લીધે, એનો મહિમા એમાં ઉપલબ્ધ થાય છે તેથી. (સૂત્ર. ૧.૩.૧૬)

બીજો હેતુ કહે છે, ધારણ કરવાથી. હવે જે આત્મા છે તે સેતુ છે, ધારણ કરનાર છે, જેથી આ લોકો ભેળસેળ ન થઈ જાય.'' (છા. ૮.૪.૧) સર્વ લોકનું ધારણ કરવું બ્રહ્મ સિવાય બીજા કોઈને સંભવતું નથી. ચ શબ્દથી સેતુત્વ પણ (સમજાય છે.) ''તેનું અન્વેષણ કરવું જોઈએ; તેને જાણવું જોઈએ'' (છા. ૮.૧.૧) એ વાક્યમાં લોકનું ધારણ માહાત્મ્યરૂપ હોવાથી તે જ (અન્વેષણ અને વિજિજ્ઞાસાના) કર્મરૂપે છે; એથી કહે છે મહિમાને લીધે. આ પુરુષનો મહિમા છે, (ધારકત્વ) તેમાં વાસનારૂપે રહેલું નથી;[૧૭] કારણ કે સંસારનો ધર્મ હોવાથી એ માહાત્મ્યરૂપી નથી. બન્ને સ્થળોએ[૧૮] એકનું દર્શન વિરુદ્ધ છે એમ કહેવું નહિ; કારણ કે એ આમાં ઉપલબ્ધ થાય છે. આ એટલે કે આ પ્રકારે વિરુદ્ધ ધર્મોના આશ્રયરૂપી માહાત્મ્ય એમાં એટલે ભગવાનમાં જ ઉપલબ્ધ થાય છે. ''આકાશ કરતાં મોટા છે.'' (છા. ૩.૧૪.૩), ''જેટલું આ આકાશ છે'' (છા. ૮.૧.૩), ''અણુ છે, સ્થૂલ છે'' (કઠ. ૨.૨૦) વગેરે. યશોદા વગેરે બહારના જગતને અંદર જુએ છે. જીવ એવો હોઈ શકે નહિ. માટે બ્રહ્મ જ દહર છે.

સૂત્ર-૧૭ : અને પ્રસિદ્ધિને લીધે. (સૂત્ર. ૧.૩.૧૭)

આકાશ શબ્દ (પરમાત્માનો) વાચક છે એ પ્રસિદ્ધ છે. પાપનો નાશ કરવો વગેરે પ્રસિદ્ધ છે. વધારે કહેવાથી શું ? પ્રકરણમાં કહેલા બધા ધર્મો ભગવાનમાં જ પ્રસિદ્ધ છે, જીવમાં સંભવતા નથી, માટે ભગવાન જ દહર છે. વિધિમુખે અધિકરણની સમાપ્તિ ચ થી સૂચવાય છે.

સૂત્ર-૧૮ : અન્યના નિષેધની દૃષ્ટિએ ફરી વિચારે છે.

બીજાનો ઉલ્લેખ હોવાથી તે છે એમ કહો તો એવું નથી; અસંભવને લીધે. (સૂત્ર. ૧.૩.૧૮)

(શંકા) બ્રહ્મ આવું છે અને જીવ આવો નથી એમ ક્યાંય સિદ્ધ થતું નથી. બ્રહ્મવાદમાં બન્નેનું સ્વરૂપ માત્ર શ્રુતિથી સમજાય છે. જેવી રીતે બધે બ્રહ્મના અસાધારણ ધર્મના દર્શનને આધારે તે પ્રકરણ બ્રહ્મનું છે એમ નક્કી થાય તેવી રીતે અહીં પણ જીવના અસાધારણ ધર્મના દર્શનથી આ જીવનું પ્રકરણ છે એમ શાથી નક્કી કરવામાં આવતું નથી ? એ નક્કી થતાં આકાશની સમાનતા વગેરે ધર્મો જીવના જ થશે બીજાના નહિ એવા અભિપ્રાયથી કહે છે-બીજાના ઉલ્લેખથી તે-ઈતર એટલે જીવ, તેનો ઉલ્લેખ. સંદેહ હોય ત્યારે ઉપક્રમ, ઉપસંહાર અને મધ્યના પરામર્શથી નિર્ણય થાય છે. (આરંભમાં) આત્મજ્ઞાનીના બધા કામભોગોને કહીને મધ્યમાં કહ્યું છે – ''હવે જે આ સંપ્રસાદ આ શરીરમાંથી ઊઠીને પરમ જ્યોતિને પહોંચીને પોતાના રૂપને પામે છે તે આ આત્મા, એમ કહે છે આ અમૃત, અભય છે'' (છા. ૮.૩.૪) આગળ ''હવે જે આત્મા તે સેતુ'' (છા. ૮.૪.૧) એમ કહ્યું છે. ત્યાં સંપ્રસાદ તે સુષુપ્તિ જીવની અવસ્થા છે. તેમાં પરના સંબન્ધના નિમિત્તથી પોતાના જ રૂપની નિષ્પત્તિ કહી હોવાથી જીવ જ આવો છે એમ સમજાય છે. અહીં પરમાત્માનો આ ધર્મ સંભવતો નથી. એટલે આખું જ પ્રકરણ જીવ માટેનું થશે તેથી તે જીવ જ પ્રકરણનો અર્થ છે.

એમ કહો તો (જવાબ) એવું નથી. જીવ તેવો નથી. બ્રહ્મથી વિરુદ્ધ ધર્મોને લીધે સર્વત્ર તેનો (જીવનો) નિશ્ચય થાય છે. બન્ને (જીવ-બ્રહ્મ) એકરૂપ હોય તો બે પ્રકારો જ ન થાય. ''ઋતને પીનારા બે'' (કઠ. ૩.૧) વગેરે વાક્યોનો વિરોધ આવે. એટલે જીવ તેવો નથી એ અભિપ્રાયથી કહે છે-અસંભવને લીધે. જીવમાં જગત્‌ના આધાર થવું વગેરે સંભવતું નથી. માત્ર ઉલ્લેખને આધારે બધા જ વેદાન્તોથી જે વિરુદ્ધ હોય તેની કલ્પના કરવી શક્ય નથી. ઉલ્લેખ બીજા અર્થે છે એમ આગળ (૧.૩.૨૦માં) કહેશે. માટે દહર જીવ થઈ શકે નહિ. વાક્યનો અર્થ જેવી રીતે બંધબેસતો થાય તે આગળ (૧.૩.૧૯માં) કહેવાશે. બ્રહ્મ એક જ છે બે પ્રકારનું નથી એમ નિશ્ચય થાય છે.

સૂત્ર-૧૯ : પછીનાને લીધે એમ કહો તો સ્વરૂપ આવિર્ભૂત છે. (૧.૩.૧૯)

(પૂર્વપક્ષ) પછીના પ્રજાપતિના પ્રકરણ (છા. ૮.૭.૧૨) ને લીધે (દહર જીવ છે) ત્યાં મનોરૂપ દૈવી ચક્ષુમાં પ્રતીત થતા જીવનું જ અમૃત-અભય રૂપે નિરૂપણ છે. પાણીના કુંડામાં જાગ્રત્‌ના સાક્ષીરૂપે, તે પછી સ્વપ્નની સાક્ષીરૂપે, અને તે પછી સુષુપ્તિના સાક્ષીરૂપે તેનું જ નિરૂપણ કરીને સર્વત્ર તેના અમૃતરૂપનું નિરૂપણ કરી, અવસ્થાઓ તાત્ત્વિક નથી એમ કહીને સમાધિ અવસ્થામાં મનમાં તે જ જીવનું

પ્રતિપાદન ક્યુ છે. આથી જીવ પણ વસ્તુતઃ તેવો જ છે એમ પ્રસ્તુત પ્રકરણમાં પરામર્શ હોવાથી તે જીવ જ છે એમ કહો તો-એવી શંકા કરીને (જવાબ) તુ શબ્દથી પરિહાર કરે છે.

આ અર્થનું દૂષણ બતાવાતું નથી, પણ કાંઈક બીજું છે એમ દર્શાવવા માટે ન નો પ્રયોગ નથી. તે કહે છે સ્વરૂપ આવિર્ભૂત છે. સુષુપ્તિ અને (બ્રહ્મ) સંપત્તિમાં ભગવાનનો જીવમાં આવિર્ભાવ થાય છે; જેવી રીતે નૃસિંહના ઉપાસકમાં નૃસિંહનો આવિર્ભાવ થાય છે (તેમ આ સમજવું.) બ્રહ્મનો ઉપદેશ કરતાં (ઉપદેશકમાં) ભગવાનનો આવિર્ભાવ છે તેથી સર્વત્ર પોતાના આત્માને જોતાં પ્રજાપતિએ ઇન્દ્રને પણ તેવો જ ઉપદેશ આપ્યો. નહિ તો પ્રતિબિમ્બ વગેરેમાં અમૃત-અભય વગેરે વચનો મિથ્યા થાય. પણ ઇન્દ્રમાં આવિર્ભાવનો અભાવ હોવાથી પ્રજાપતિની અનુપસ્થિતિમાં જુદું જુએ છે. એટલે આટલા જ માત્ર દોષના પરિહાર માટે સ્વપ્ન વગેરેમાં (આત્મા દેહાદિથી જુદો છે એમ) અન્યથા ઉપદેશ છે. તેવું જ પ્રસ્તુત પ્રકરણમાં પણ સમજવું. સુષુપ્તિ અવસ્થામાં ભગવાનના આવિર્ભાવને લીધે તેવું (સ્વરૂપની આભિનિષ્પત્તિનું) વચન છે. આ બન્ને (છા. ૮.૧.૬ અને ૮.૭.૧૨) ભગવાન વિશેનાં પ્રકરણો છે. આ રીતે અન્યત્ર પણ ભગવાનના ધર્મોનાં વચનો ભગવાનના આવેશને લીધે થયેલાં સમજવાં. માટે દહર પરમાત્મા જ છે.

સૂત્ર-૨૦ : પરામર્શ બીજા પ્રયોજન માટે છે. (૧.૩.૨૦)

પરામર્શનું પ્રયોજન કહે છે. બીજો અર્થ પ્રયોજન જેનું છે તે. ''તેથી તે યમ્ છે; આમ જાણનાર રોજ સ્વર્ગલોકમાં જાય છે.'' (છા. ૮.૩.૫) પોતાને આવું જ્ઞાન થતાં બ્રહ્મજ્ઞાનની અપેક્ષામાં ઉપયુક્ત થાય છે.[૨૨] ભગવાનનો તેમાં આવિર્ભાવ થાય છે એમ ચ નો અર્થ છે. સંપત્તિમાં ભગવાનનો આવેશ જણાવવા માટે કહેશે- ''સુષુપ્તિ અને સંપત્તિમાંથી એકમાં બ્રહ્મનો આવિર્ભાવ થાય છે.'' (બ્ર. સૂ. ૪.૪.૧૬) આમ ઉલ્લેખને આધારે અન્યથા બોલવું (યોગ્ય) નથી.

સૂત્ર-૨૧ : અલ્પની શ્રુતિ છે એમ કહો તો તે (ઉત્તર) કહ્યો છે.

(૧.૩.૨૧)

(શંકા) જીવના અર્થમાં ઉત્પત્તિ છે તેથી અમે જીવના પ્રકરણની કલ્પના કરતા નથી, પણ આ અર્થ બ્રહ્મમાં ઘટી શકે એમ નથી; કારણ કે અલ્પની શ્રુતિ છે. અલ્પ એવા કમળમાં ભગવાનની સ્થિતિ કઈ રીતે હોઈ શકે ? બ્રહ્મના વ્યાપકત્વનું શ્રવણ છે તેથી ''જેટલું આ આકાશ'' (છા. ૮.૧.૩) આરાના અગ્રભાગ માત્ર જેટલો તો જીવ જ છે એટલે તે તેવો ભલે હોય એવી કલ્પના કરવામાં આવે છે, એમ જો તમે કહોતો (જવાબ) યોગ્ય વિચાર કરનારા તમે અમારા જ છો, પણ તેનું સમાધાન ''સાક્ષાત્કાર થવાથી એવું તથા આકાશની માફક'' (બ્ર. સૂ. ૧.૨.૭) એમાં અગાઉ કહેલું જ છે. તે ભૂલવું નહિ. બધું થવાને સમર્થ એવા બ્રહ્મમાં વિરોધની તો શંકા કરવી નહિ. તે રીતે

પુરુષશરીર" (સમજવું.) કારણ કે "સાંખ્ય અને યોગમાં વિશારદ એવા ધીર વિદ્વાનો સર્વ શક્તિમાન એવા મને પુરુષરૂપે સ્પષ્ટ રીતે જુએ છે" (ભાગવત ૧૧.૭.૨૧) એવું ભગવાનનું વાક્ય છે. માટે ભગવાન જ દહર છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **जीवब्रह्मवादः** - જીવ અને બ્રહ્મ અભિન્ન છે એવો વાદ.

૨. **तत्र द्वितीये प्रजापतिप्रकरणे** - દહરબોધક મહાવાક્યમાં બે અવાન્તર પ્રકરણો છે. પ્રથમ દહરવિદ્યારૂપ છે તો બીજું ઇન્દ્રપ્રજાપતિના સંવાદરૂપ છે. બન્નેમાં પાપરાહિત્યાદિ ગુણવાળા આત્માનું પ્રતિપાદન છે. પ્રજાપતિ- પ્રકરણમાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને મુક્ત એમ ચાર અવસ્થાઓના ભેદથી જીવનું જ પ્રતિપાદન હોવાથી જીવને જ અમૃત અને અભયરૂપ કહ્યો છે એમ લાગે છે. આમ આ પ્રકરણનો અર્થ સ્પષ્ટ જ છે.

૩. **अर्थानुगुण्यमपि...** - હૃદયાકાશની વાત કરીને, તે બ્રહ્મપુર છે એમ કહીને ત્યાં एष अपहतपाप्मा એમ જાણે एषः થી અંગુલિનિર્દેશ કર્યો છે. આ જીવ માટે જ સંભવે છે. એટલે આ જીવ જ બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે. આ રીતે અર્થને અનુકૂળ પ્રમાણ બતાવ્યું છે.

૪. **उभयत्र** - यावान् (છા. ૮.૧.૩) અને तं चेद् ब्रूयुः (છા. ૮.૧.૪) બન્ને સ્થળોએ જીવ સર્વરૂપ છે એમ કહ્યું છે.

૫. **सर्वोऽप्याह...** - સુષુપ્તિમાંથી જાગ્યા પછી બધા કહે છે કે મેં કાંઈ જાણ્યું નથી. અર્થાત્ પોતે અજ્ઞાનથી આવેષ્ટિત હતો એમ કહે છે. અજ્ઞાનથી કલ્પિત હતો એવો એનો અર્થ નથી. જો અજ્ઞાનથી કલ્પિત હોય તો જાગ્રત થતાં અજ્ઞાનનો નાશ થાય અને તેથી જીવનો પણ નાશ થતાં સ્મરણ શક્ય જ નથી.

૬. **कर्मकर्तृविरोधः** - आत्मानमनुविद्य व्रजति એ વાક્યમાં આત્મા કર્મ છે અને ગન્તા કર્તા છે. હવે જો જીવ અને બ્રહ્મ વચ્ચે કોઈ ભેદ જ ન હોય તો કર્મ અને કર્તા વચ્ચેનો સંબંધ સ્વીકારી શકાય નહિ.

૭. **पृथिवीशराववत्** - પૃથ્વી અને કુલડી જેવો. પુરુષોત્તમજી કહે છે કે बहु स्याम् એવી ઇચ્છાથી કરેલો હોવાથી વિભાગ અને અવિભાગ બન્ને આ દષ્ટાન્તથી સમજી શકાય છે.

૮. **आश्रयनाशप्रसंगात्** - અજ્ઞાન જો ચૈતન્યની અંદર રહેલું હોય અને એના સ્વરૂપથી વિરુદ્ધ હોય તો એ બ્રહ્મને પણ વ્યાપીને જીવ જેવું જ બનાવી દે એમ તો ચૈતન્યનો જ નાશ થાય; પણ ચૈતન્ય તો અજ્ઞાનનું આશ્રય છે એટલે આશ્રયનાશનો પ્રસંગ આવે. રામાનુજાચાર્યે જે અવિદ્યા-અનુપપત્તિઓ બતાવી છે તેમાં એક આશ્રયાનુપપત્તિ છે તેની સાથે આ દલીલ સરખાવવા જેવી છે.

૯. **कल्पनायाश्चाप्रामाणिकत्वात्** - અજ્ઞાન ત્રિગુણાત્મક છે. એ શુદ્ધ સત્ત્વથી ઈશ્વરની અને મિશ્ર સત્ત્વથી જીવની ઉપાધિ બને છે. તેથી એ બ્રહ્મસ્વરૂપના વિરોધ અને અવિરોધથી ઈશ્વર અને જીવનો ભેદ સિદ્ધ કરી શકે એવી કલ્પના કરવા માટે કોઈ પ્રમાણ નથી.

૧૦. **नापि वायुवत्** - બહાર રહેલી વસ્તુ જ ભેદ કરી શકે એમ કહ્યું તેમાં કોઈને શંકા થાય કે અંદર રહેલો વાયુ ભેદ કરી શકે છે. नासिके निराभिद्येतां दोधूयति नभस्वति । એવું વાકચ પુરુષોત્તમજી ટાંકે છે. એના જવાબમાં કહે છે કે વાયુ બ્રહ્માણ્ડની શક્તિ નથી તો અજ્ઞાન ચૈતન્યની શક્તિ છે એટલે દૃષ્ટાન્તમાં વૈષમ્ય છે.

૧૧. **पीतशंखप्रतिभाववत्** - પૂર્વપક્ષી કહે છે કે બ્રહ્મનું જ્ઞાન થતું નથી. આ મત સફેદ શંખ પીળો દેખાય તેના જેવો છે. ખાંડ ખાવાથી પિત્ત દૂર થતાં પીળાશની પ્રતીતિ દૂર થાય છે તેમ બ્રહ્મજ્ઞની ઉપાસનાથી અજ્ઞાન દૂર થશે.

૧૨. **न हि स्वाज्ञानं...** - यथैवेह कर्मजितो लोकः... વગેરે વાકચ પછી કહ્યું છે तद्य इहात्मानमननुविद्य व्रजन्ति અર્થાત્ આત્માને જાણ્યા વિના ગતિ કરે છે. આમ આત્માનું અજ્ઞાન લોકક્ષયના હેતુ તરીકે કહ્યું છે. હવે જો જીવ અને બ્રહ્મ વચ્ચે ભેદ જ ન હોય તો પોતાને પોતાનું અજ્ઞાન સંભવે નહિ. આ વાત સિદ્ધ કરે છે કે જીવ બ્રહ્મથી ભિન્ન છે. અર્થાત્ ગતિ બ્રહ્મ વિષયક છે એનું આ અજ્ઞાન લિંગ છે.

૧૩. **हिताकरणप्रसक्तिश्च** - બ્રહ્મલોકમાં જનારા જીવો જો મનોરથ વગેરેથી કલ્પિત હોય તો અજ્ઞાનીની માફક બ્રહ્મલોકમાં જનાર જ્ઞાનીઓ પણ મિથ્યા થઈ જાય. સર્વલોકમાં સ્વતંત્રતાથી સ્વેચ્છાએ હરી ફરી શકાય એવું હિતકાર્ય થઈ શકે નહિ.

૧૪. **न हि ज्ञाने जाते...** જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થતાં જીવનું કલ્પિત રૂપ દૂર થાય છે એટલે પોતાનું સામર્થ્ય પ્રકટ થશે. આમ કહેવું યોગ્ય નથી. आत्मानमनुविद्य व्रजन्ति એ વાકચ આત્માને જાણ્યા પછી ગતિ બતાવે છે. વિપ્લવવાદીઓને મતે જ્ઞાન ઉત્પન્ન થતાં કર્તૃત્વ રહેતું નથી; જ્યારે અહીં જ્ઞાન પછીની ગતિ કર્તૃત્વ દર્શાવે છે.

૧૫. **अत एव सर्वभावश्रुतेः** - બ્રહ્મનો સર્વભાવ શ્રુતિમાં કહ્યો છે. ''હું બ્રહ્મ છું'' એમ કહ્યા પછી જીવનો પણ સર્વભાવ કહ્યો છે. શ્રુતિવાકચ છે : ''तद्यो यो देवानां प्रत्यबुध्यत तथर्षीणां तथा मनुष्याणाम्...य एवं वेदाहं ब्रह्मास्मीति स इदं सर्वं भवति।'' હવે જો જીવ અને બ્રહ્મ એક જ હોય તો બ્રહ્મનો સર્વભાવ કહ્યા પછી જીવનો સર્વભાવ કહેવાની જરૂર નથી. આ જ બતાવે છે કે જીવ અને બ્રહ્મ જુદાં છે.

૧૬. **ब्रह्मत्वेन ज्ञानं नात्मनो मोक्षाय** - આ વાકચની યોજના પુરુષોત્તમજી અનુસાર આવી છે - आत्मनो ब्रह्मत्वेन ज्ञानं न मोक्षाय । શ્રુતિમાં ''तमेव विदित्वा...'' માં तम् સાથે एव મૂકચો છે. આમ બ્રહ્મનું જ્ઞાન જ મોક્ષદાયક છે, બીજું કોઈ જ્ઞાન નહિ. ''હું બ્રહ્મ છું'' એ આત્માનું જ્ઞાન છે એટલે એનું ફલ માત્ર સર્વભાવ છે, જે પૂર્વકક્ષા છે. વળી અહીં પણ બ્રહ્મના સર્વરૂપત્વના જ્ઞાન પછી જ આ જ્ઞાન થાય છે. ભલે આત્મા તરીકે હોય તો પણ બ્રહ્મનું જ જ્ઞાન મોક્ષરૂપી ફળ આપે છે.

૧૭. **न तु वासनारूपेण..** - લોકને ધારણ કરવાની ક્રિયા ભગવાનમાં સ્વતઃ છે, વાસનારૂપે અર્થાત્ ભ્રમથી રહેલી નથી કારણ કે ભ્રમાત્મક જ્ઞાન તો સંસારીઓનો ધર્મ છે. જે સંસારીઓનો ધર્મ હોય તેને માહાત્મ્યરૂપ ગણી શકાય નહિ. एतावानस्य महिमा એમ કહીને પુરુષસૂક્ત તો સ્પષ્ટ રીતે જ માહાત્મ્યનો નિર્દેશ કરે છે.

૧૮. **उभयत्र** - પૃથ્વી આદિ દહરની અંદર અને બહાર બે સ્થળોએ જોવામાં આવે છે.

૧૯. **यम्** - ઉપનિષદ્નું આખું વાક્ય આમ છે : तस्य ह वा एतस्य ब्रह्मणो नाम सत्यमिति । तानि ह वा एतानि त्रीण्यक्षराणि स ति यम् इति । तद्यत् सत् तदमृतम् यत् ति तन्मर्त्यमथ यद् यं तेनोभे यच्छति । यदनेनोभे यच्छति तस्माद् यम् अहरहर्वा एवंवित्स्वर्गं लोकमेति । આમ यम् અમૃત અને મર્ત્ય બન્નેનું નિયમન કરે છે.

૨૦. **ब्रह्मज्ञानापेक्षायामुपयुज्यते** - બ્રહ્મ અમૃત જીવ અને મર્ત્ય શરીર બન્નેનું નિયમન કરે છે તેથી એ यम् છે. શરીર અને જીવ બન્નેના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે એ બન્નેના નિયામક એવા બ્રહ્મનું પણ જ્ઞાન થાય. આમ જીવના સ્વરૂપનું જ્ઞાન બ્રહ્મજ્ઞાન માટે ઉપયોગી છે.

૨૧. **पुरुषशरीरम्** - છા. ૮.૧.૧૫માં ભક્ષણની ઇચ્છાથી રહિત, પીવાની ઇચ્છાથી રહિત એવા પુરુષના શરીરનું સૂચન થાય છે તે ભગવાનમાં વિરુદ્ધ છે એવી શંકા કરવી નહિ.

दहरविरुद्धं वाक्यमाशङ्क्य परिहरति । 'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोयमग्निः तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाती'ति कठवल्ल्यामन्यत्र च श्रूयते । यत्तच्छब्दानामेकार्थत्वं प्रकरणाद् ब्रह्मपरत्वञ्चावगतम् । अर्थाच्च सन्देहः । 'यस्मिन् द्यौ'रित्यत्र सूर्यादीनां ब्रह्माधारत्वमुक्तम् । अस्मिंश्च वाक्ये पूर्वार्धे तत्र तेषां भानं निषिध्यते ।

यत्र यत् सर्वदा तिष्ठेत् तत्र चेत्तन्न भासते । क्व भासेताप्यपेक्षायां कर्मत्वे श्रुतिबाधनम् ॥

तत्रेत्यधिकरणसप्तमी । यत्र लोकान्तरस्थितानामप्यभानं तत्राग्नेः का वार्तेति वचनात् सत्यलोकस्थितः कश्चित्तेजोविशेष एव वाक्यार्थ इत्येवं प्राप्ते, उच्यते ।

अनुकृतेस्तस्य च ॥२२॥ (१.३.६.)

भगवदनुकारार्थमेवैतद्वचनम् । स्वतो भाननिषेधः पूर्वार्धे । सर्वोपि पदार्थः तमेवानुकरोति सूर्यं रश्मय इव छाया पुरुषमिव । तस्माद्वाक्ये भगवदनुकारित्ववचनान्नान्यार्थकल्पनम् । किञ्च 'तस्य भासा सर्वमिदं विभाती'ति सूर्यादीनां स्वतःप्रकाशो नास्त्येव घटवत् । भगवत्प्रकाशेनैव प्रकाशवत्त्वमिति चकारार्थः । तस्मात् स्वतोऽभावे लक्षणया कर्मत्वे वा भगवत्परत्वे सिद्धे नान्यार्थकल्पनम् ॥२२॥

अपि स्मर्यते ॥२३॥

व्याख्यातेर्थे सम्मत्यर्थमाह । अपीति समुच्चयः । 'न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः

यदादित्यगतं तेजो जगद्भासयतेखिलं यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामक'मिति च । तस्माद्भगवानेव सर्वावभासकस्तमेव सर्वमनुकरोतीति सिद्धम् ॥२३॥

॥ इति षष्टमनुकृत्यधिकरणम् ॥

અધિકરણ-૬

અનુકૃત્યધિકરણ

સૂત્રો ૧.૩.૨૨-૨૩

સૂત્ર-૨૨ : દહરથી વિરુદ્ધ વાક્યની શંકા કરીને પરિહાર કરે છે. ''ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્ર અને તારા (પ્રકાશતા) નથી, આ વિદ્યુત પ્રકાશતી નથી; આ અગ્નિ ક્યાંથી (પ્રકાશે) ? પ્રકાશતા એવા તેને અનુસરીને જ બધું પ્રકાશે છે : તેના પ્રકાશથી આ બધું પ્રકાશે છે.'' (કઠ. ૫.૧૫; મુંડક ૨.૨.૧૦;. શ્વે. ૬.૧૪) એમ કઠવલ્લીમાં તથા અન્યત્ર શ્રુતિ છે. યત્ અને તત્ શબ્દો એકાર્થક છે,[1] પ્રકરણ બ્રહ્મવિષયક છે એમ સમજાય છે. (અહીં) અર્થથી સંદેહ છે.[2] ''જેમાં દ્યૌ'' (મુંડક ૨.૨.૫) એમાં સૂર્ય વગેરે બ્રહ્મને આધારે છે એમ કહ્યું છે અને આ વાક્યના પૂર્વાર્ધમાં ત્યાં તેમના ભાનનો નિષેધ છે. જ્યાં જે હંમેશાં સ્થિત હોય ત્યાં જો તે ભાસે નહિ તો કયાં ભાસે એની અપેક્ષામાં કર્મ ગણતાં શ્રુતિનો બાધ થાય.[3]

(પૂર્વપક્ષ) તત્ર એ અધિકરણે સપ્તમી છે.[4] જ્યાં બીજા લોકમાં સ્થિત એવાનો પણ પ્રકાશ ન હોય તો અગ્નિની વાત જ શી ? એમ કહ્યું હોવાથી સત્યલોકમાં સ્થિત કોઈક વિશિષ્ટ તેજ પદાર્થ આ વાક્યનો અર્થ છે. એમ પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે-

અને તેનાં અનુકરણને લીધે. (૧.૩.૨૨)

આ વચન ભગવાનનું અનુકરણ (કહેવા) માટે જ છે. પ્રકાશનો સ્વતઃ નિષેધ પૂર્વાર્ધમાં કરેલો છે. જેમ સૂર્યનું કિરણો કે પુરુષનું છાયા તેમ બધા જ પદાર્થો તેનું જ અનુકરણ કરે છે. એટલે વાક્યમાં ભગવાનનું અનુકરણ કરવાની વાત કહી હોવાથી બીજા અર્થની કલ્પના કરવી નહિ. ઉપરાંત ''તેના પ્રકાશથી આ બધું પ્રકાશે છે'' એ વાક્ય (સ્પષ્ટ કરે છે કે) ઘડાની માફક સૂર્ય વગેરેને પણ પોતાનો પ્રકાશ નથી જ. ભગવાનના પ્રકાશથી જ (તેઓ) પ્રકાશવાળા છે એવો ચ નો અર્થ છે. તેથી સ્વતઃ પ્રકાશ નથી અથવા લક્ષણાથી કર્મ ગણતાં[5] વાક્ય ભગવાન વિશેનું છે એમ સિદ્ધ થતાં બીજા અર્થની કલ્પના કરવી નહિ.

સૂત્ર-૨૩ : સ્મૃતિ પણ છે. (૧.૩.૨૩)

સમજાવેલા અર્થની સંમતિ માટે કહે છે. અપિ (શબ્દ) સમુચ્ચયબોધક છે. ''તેને સૂર્ય પ્રકાશિત કરતો નથી, ચંદ્ર (પ્રકાશિત કરતો નથી), અગ્નિ (પ્રકાશિત કરતો નથી. (ભ. ગી. ૧૫.૬) ''સૂર્યમાં રહેલું જે તેજ આખા જગત્‌ને પ્રકાશિત કરે

છે, જે ચન્દ્રમાં છે, જે અગ્નિમાં છે, તે મારું તેજ છે એમ જાણ.' (ભ. ગી. ૧૫.૧૨) આમ ભગવાન જ સર્વને પ્રકાશિત કરનાર છે; તેનું જ બધા અનુકરણ કરે છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **यत्तच्छब्दानामेकार्थत्वम्** – न तत्र सूर्यो भाति એ વિષયવાક્ય કઠોપનિષદ્ અને મુંડકોપનિષદ્‌માં આવે છે. કઠોપનિષદ્‌માં વાક્ય છે – य एष सुप्तेषु जागर्ति; વળી तस्मिन् लोका श्रिताः सर्वे । વળી મુંડકોપનિષદ્‌માં બીજા મંત્રમાં કહ્યું છે – यत्र देवः क्रतुभिर्भूतिभावनः । આમ यत् અને यत् શબ્દો એકાર્થક અને બ્રહ્મવિષયક છે એમ સમજાય છે. આમ શબ્દને આધારે પ્રકરણનો અર્થ બ્રહ્મ છે.

૨. **अर्थाच्च संदेहः** – મુંડક ૨.૨.૫માં કહ્યું છે – यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षं मनः सह प्राणैश्च सर्वैः । तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः ॥ આમ બ્રહ્મ સર્વનો આધાર છે એમ કહ્યું છે. વિષયવાક્યમાં સૂર્ય વગેરેના પ્રકાશનો નિષેધ છે. આથી જ કારિકામાં કહ્યું છે કે જે જ્યાં હોય ત્યાં ન પ્રકાશે તો બીજે ક્યાં પ્રકાશે ? આ રીતે અર્થથી સંદેહ થાય છે.

૩. **कर्मत्वे श्रुतिबाधनम्** – तमेव भान्तमनुभाति सर्वम् માં तम् કર્મવિભક્તિ છે તો ધાતુ અકર્મક છે. અકર્મક ધાતુનું કર્મ કહેવામાં આવે તો બાધ થાય. પુરુષોત્તમજી આનું સમાધાન કરતાં જણાવે છે કે अनु કર્મપ્રવચનીય હોવાથી तम् ઉપપદ વિભક્તિ છે, કારક વિભક્તિ નથી, એટલે આવો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી.

૪. **यत्रेत्यधिकरणे सप्तमी** – કારિકામાં આપેલો यत्र શબ્દ અધિકરણના અર્થમાં છે. પૂર્વપક્ષીનો મુદ્દો એવો છે કે જો બીજા લોકમાં રહેલા સૂર્ય વગેરે પણ પ્રકાશતા ન હોય તો અગ્નિની તો વાત જ શી ? આમ અગ્નિના અપ્રકાશનું તાત્પર્ય છે; સૂર્ય વગેરેના અપ્રકાશનું તાત્પર્ય નથી.

૫. **लक्षणया कर्मत्वे वा** – तमेव भान्तम्.. માં तम् ને કર્મ તરીકે લક્ષણાથી ગણવાથી ભગવાન જ વાક્યનો અર્થ થાય છે. પાણિનીય સૂત્ર कर्तुरीप्सिततमं कर्म અનુસાર કર્તાથી ક્રિયા દ્વારા પ્રાપ્ત કરવામાં જે ઇષ્ટતમ હોય તે કર્મ કહેવાય. ભગવાન કર્તાની ક્રિયા દ્વારા અનાપ્ય હોવા છતાં ઇષ્ટતમ છે; એટલે ग्रामं गच्छति ની માફક એ કર્મ નથી. પણ લક્ષણાથી એને કર્મ કહી શકાય.

प्रसङ्गात् पुनर्बाधकान्तरमाशङ्क्य परिहरति । 'अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति ईशानो भूतभव्यस्य न ततो विजुगुप्सति' तथा 'अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमक' इति । तत्रैव श्रूयते । 'यावान्वा अयमाकाश' इति व्यापकत्वमन्तःस्थितस्य प्रतीतं, अङ्गुष्ठमात्रता चात्र प्रतीयते । अतो विरोधाज्जीवस्यैव लोकान्तरगन्तृदेहवत् उपासनार्थमीशानत्वादिधर्माः । 'अङ्गुष्ठमात्रं पुरुषं निश्चकर्ष यमो बलादि'ति तन्निवृत्त्यर्थम् । तस्मादङ्गुष्ठमात्रो न भगवानेवं प्राप्तमत उत्तरमाह ।

शब्दादेव प्रमितः ॥२४॥ (१.३.७.)

अत्र सन्देह एव न कर्तव्यः । शब्दादेव प्रकर्षेण विमानात्, यथा दहरवाक्ये सूक्ष्मस्यैव व्यापकत्वं तथाङ्गुष्ठमात्रस्यैवेशानत्व । यदि भगवान् तादृशो न स्यादन्यस्य तादृशत्वं नोपपद्येत । तस्माद्भगवतः सर्वतःपाणिपादान्तत्वाद् । यत्र यावानपेक्ष्यते तत्र तावन्तं श्रुतिर्निरूपयतीत्यंङ्गुष्ठमात्रः परमात्मेति सिद्धम् ॥२४॥

हृद्यपेक्षया तु मनुष्याधिकारत्वात् ॥२५॥

नन्वनेकरूपत्वं विरुद्धधर्मत्त्वं माहात्म्यार्थं स्वरूपे निरूपयति, प्रादेशमात्रत्वञ्च ध्यानार्थं, अङ्गुष्ठमात्रत्वस्य क्वोपयोग इति चेत् तत्राह । तुशब्देन निःप्रोजनत्वं निराक्रियते । अस्ति प्रयोजनम् । तदाह हृद्यङ्गुष्ठमात्रं निरूप्यते । केन हेतुना । अपेक्षया ईश्वरकार्यापेक्षया । 'ईश्वरः सर्वभूतानां हृद्देशेर्जुन तिष्ठती'तिस्मृतेः । रक्षार्थमङ्गुष्ठमात्र इत्यर्थः । ननु प्रमाणान्तरत्वे किमेतन्न सम्भवति । तत्राह मनुष्याधिकारत्वात् । मनुष्यानधिकृत्येदं मृत्यूपारख्यानं प्रवृत्तमतो मनुष्याणां हृदयस्यांगुष्ठमात्रत्वात् । यद्यपि हृदयं स्थूलं तथापि धर्मरूपं तावदेव । तावन्मात्रस्यैवावदानश्रवणात् । तस्मादङ्गुष्ठमात्रस्यैव सर्वधर्मरक्षकत्वादङ्गुष्ठमात्रोत्र भगवानेवेति सिद्धम् ॥२५॥

॥ इति सप्तमं प्रमिताधिकरणम् ॥

અધિકરણ-૭

પ્રમિતાધિકરણ

સૂત્રો ૧.૩.૨૪-૨૫

સૂત્ર-૨૪ : પ્રસંગાનુસાર બીજા બાધક પ્રમાણની શંકા કરીને પરિહાર કરે છે. ''અંગુષ્ઠમાત્ર પુરુષ આત્માની વચ્ચે રહે છે : તે ભૂત અને ભવિષ્યનો નિયામક છે, કોઈ તેનાથી જુગુપ્સા કરતું નથી.'' (કઠ. ૪.૧૨) તેવી રીતે ''ધૂમરહિત જ્યોતિ જેવો અંગુષ્ઠમાત્ર પુરુષ છે.'' (કઠ.૪.૧૩) એમ ત્યાં જ શ્રુતિ છે. ''જેવડું આ આકાશ'' (છા. ૮.૧.૩) એમ અંદર રહેલાનું વ્યાપકત્વ પ્રતીત થાય છે. અહીં એ અંગુષ્ઠમાત્ર છે એવી પ્રતીતિ છે. (શંકા) આમ વિરોધ હોવાથી બીજા લોકમાં જતા દેહવાળા કોઈ જીવને જ ઉપાસના માટે ઇશાનત્વ વગેરે ધર્મોવાળો કહ્યો છે. ''અંગુષ્ઠમાત્ર પુરુષને યમે બળપૂર્વક ખેંચી કાઢ્યો.'' (મ. ભા. ૩.૨૯૭.૧૭) એમ (હીન જીવની) નિવૃત્તિ માટે[1] ઉપાસનાર્થે ધર્મો કહ્યા છે, માટે અંગુષ્ઠમાત્ર પુરુષ ભગવાન નથી એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં ઉત્તર કહે છે-

શબ્દથી જ નિર્ણય થાય છે. (૧.૩.૨૪)

અહીં સંદેહ કરવો જ ન જોઈએ; કારણ કે શબ્દથી જ સારી રીતે સમજાય છે. જેમ દહરવાક્યમાં સૂક્ષ્મનું જ વ્યાપકત્વ છે, તેમ અંગુષ્ઠમાત્રનું જ નિયામકત્વ છે. જો ભગવાન તેવા ન હોય તો બીજો કોઈ તેવો હોઈ શકે નહિ. એટલે ભગવાન સર્વતઃ

પાણિપાદાન્ત હોવાથી જ્યાં જેટલી અપેક્ષા છે તેટલું ત્યાં શ્રુતિ નિરૂપણ કરે છે, તેથી અંગુષ્ઠમાત્ર પરમાત્મા છે એમ સિદ્ધ થાય છે.

સૂત્ર-૨૫ : પણ મનુષ્યનો અધિકાર હોવાથી (ઈશ્વરના કાર્યની) અપેક્ષાએ હૃદયમાં (અંગુષ્ઠમાત્ર પુરુષનું વર્ણન છે.) (૧.૩.૨૫)

(શંકા) ભગવાનના સ્વરૂપમાં માહાત્મ્યજ્ઞાન માટે અનેકરૂપત્વ, વિરુદ્ધ-ધર્માશ્રયત્વનું નિરૂપણ કરેલું છે. પ્રાદેશમાત્રત્વ ધ્યાન માટે છે. અંગુષ્ઠમાત્રત્વનો ઉપયોગ ક્યાં છે ? એમ કહો તો (જવાબ) કહે છે. तु શબ્દ નિષ્પ્રયોજનતાનું નિરાકરણ કરે છે. પ્રયોજન છે તે કહે છે. હૃદયમાં અંગુષ્ઠમાત્રનું નિરૂપણ છે. કયા હેતુથી ? અપેક્ષાથી, ઈશ્વરના કાર્યની અપેક્ષાથી. ''હે અર્જુન, ઈશ્વર સર્વભૂતોના હૃદયદેશમાં રહે છે.'' (ભ. ગી. ૧૮.૬૧) એવી સ્મૃતિ છે. રક્ષણને માટે અંગુષ્ઠમાત્ર છે એવો અર્થ છે.

(શંકા) બીજું પરિમાણ હોય તો એ કેમ ન સંભવે ? (જવાબ) ત્યાં કહે છે - મનુષ્યનો અધિકાર હોવાથી મૃત્યુનું આ ઉપાખ્યાન મનુષ્યો માટે પ્રવૃત્ત થયું છે. મનુષ્યનું હૃદય અંગુષ્ઠમાત્ર છે. હૃદય જોકે સ્થૂલ છે છતાં પણ ધર્મરૂપ તો એવડું જ છે. શ્રુતિમાં કાપવાનો વિધિ[2] પણ તેટલા માત્રનો જ છે. એટલે અંગુષ્ઠમાત્ર જ સર્વ ધર્મોના રક્ષક હોવાથી અહીં અંગુષ્ઠમાત્ર ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **तन्निवृत्त्यर्थम्** - મહાભારતમાં સત્યવાન-સાવિત્રીની કથામાં આ પદ્ય આવે છે. પણ યમ જે પુરુષ-પ્રાણને બળપૂર્વક ખેંચી લે છે તે હીન હોવાથી એ પ્રકારનો જીવ સમજવાનો નથી, પણ જેમાં નિયામકત્વ આદિ ધર્મો છે તેવા મુક્ત જીવને સમજવાનો છે.

૨. **अवदान** - યજ્ઞમાં હોમ કરવા બલિને કાપવાની વિધિ બતાવેલી હોય છે. તૈત્તિરીય સંહિતાના છઠ્ઠા અષ્ટકમાં हृदयस्याग्रेऽवद्यति એવી શ્રુતિ છે. ત્યાં પણ અંગૂઠા જેવડા હૃદયને કાપવાની વાત છે.

तदुपर्यपि बादरायणः सम्भवात् ॥२६॥ (१.३.८.)

अङ्गुष्ठमात्रनिरूपणार्थं मनुष्याधिकारे निरूपिते कस्यचिद् भ्रमो भवेत् सर्वत्र ब्रह्मविद्यायां मनुष्याणामेवाधिकार इति । तन्निराकरणार्थं देवादीनामधिकारमाह । तदुपर्यपि । मनुष्यापेक्षयार्वाक्तनानामधिकारो नास्ति । तत्रापि वैदिकधर्महेतोस्त्रैवर्णिकानां धर्मयुक्तानामागतम् । ततोपि ये साध्यादयो धर्मयुक्तास्तेषामप्यधिकारः । तत्र जैमिनिप्रभृतीनां न सम्मतिरिति स्वनामग्रहणम् । विशिष्टत्रैवर्णिकानारभ्य प्रजापतिपर्यन्तं शतानन्दिनामधिकारं मन्यते बादरायणः । कुतः । सम्भवात् । सम्भवति तेषां ज्ञानाधिकारः । धर्मज्ञानाभ्यां सातिशयाभ्यां हि तादृश-

जन्मसम्भवात्। न हि तेषां पूर्वसंस्कारो लुप्यते । अक्षरपर्यन्तं शतोत्कर्षश्रवणा-दुपर्यपेक्षा । अतोक्षरप्राप्तेः शुद्धब्रह्मविद्याहेतुकत्वादुत्तरोत्तरमुपदेष्टृणां विद्यमानत्वात् प्रजवपतिपर्यन्तं सर्वेषामधिकारः सम्भवति । सम्भववचनाद् दुर्लभाधिकारस्तत्रेति सूचितम् । यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत् तथर्षीणां तथा मनुष्याणा'मिति । तदुपर्यप्यधिकारः सिद्धः ॥२६॥

विरोधः कर्मणीतिचेन्नानेकप्रतिपत्तेर्दर्शनात् ॥२७॥

नन्वेवमुपरितनानां ज्ञानाधिकारे स्वीक्रियमाणे तत्पूर्वभाविष्वप्यधिकारो वक्तव्यः कर्मणि वेदाध्ययने उपनयनादिषु च । ततश्च तेषां ब्राह्मण्याद्यभावाद्देशद्रव्याद्यभावाच्च पौराणिकेन मतेन देवान्तराभावाच्च तदभावेपि क्रियमाणे कर्मणि श्रुतिविरोध इति चेत्, न । अनेकप्रतिपत्तेर्दर्शनात् । बहूनां प्रतिपत्तिर्दृश्यते । बहवोत्र कर्मणि प्रवर्तमाना दृश्यन्ते । 'साध्या वै देवा सुवर्गकामा एतत् षड्रात्रमपश्यन् तमाहरत्तेनायजन्त सोग्निष्टोमेन वसूनयाजयत् । स उक्थ्येन रुद्रानयाजयत् । सोतिरात्रेणादित्यानयाजय'दित्यादि । य'थैकशतं वर्षाणि प्रजापताविन्द्रो ब्रह्मचर्यमुवासे'ति । भूमावागत्य ऋषीन् वृत्वा यज्ञकरणञ्च श्रूयते । 'देवा वै सत्रमासते'त्यादौ दर्शनवचनात् स्वस्याति ऋत्विक्त्वं कर्मकरणञ्च द्योतयति ।

अथवा, सर्वपदार्थानामनेका प्रतिपत्तिर्बहुधोपयोगो वेदे दृश्यते । यथा चतुर्धाकरणादि परिधिप्रहरणादि तुषोपवापादि तद्विद्यमाने क्रियते नाविद्यमाने । तथा यत्र ये पदार्था न सन्ति तत्र कर्म तदभावेपि भवति । तथाहि दृश्यते । पर्वते सोमवाहकानोऽभाववत् । 'यज्ञेन यज्ञमयजन्त देवाः' 'इति सम्भृतसम्भारः पुरुषावयवैरहं तमेव पुरुषं यज्ञं तेनैवायजमीश्वर'मित्यादिवाक्यैः सर्वसम्भृत्युपपत्तिश्च । आधुनिकान् प्रति वेदविभागात् जैनिमेस्तथानिर्णयः । तस्मात् कर्माधिकारः कर्मकरणञ्चोपर्यपि सिद्धम् ॥२७॥

शब्द इति चेन्नातःप्रभवात् प्रत्यक्षानुमानाभ्याम् ॥२८॥

ननु मास्तु कर्मकरणे विरोधः । शब्दे तु भविष्यति । अर्थज्ञानानन्तरं हि कर्मकरणम् । वेदाच्चार्थज्ञानम् । तत्र साध्यादीनां वेद एव कर्मकरणं श्रूयते । तत्र ज्ञाने कर्मकर्तृविरोधः । अन्यकल्पनायां त्वनवस्था व्यवस्थापकाभावात् । तस्माद्वेदो वसूनां वृत्तान्तं वदन् वसूनामधिकारं वदेत् । वदन् वा कथमनित्यो न भवेदिति चेत्, न । अतः प्रभवात् । अतः शब्दात् प्रभवः शब्दोक्तपदार्थानां । वेदोक्ताः सर्व एव पदार्था आधिदैविका एव पुरुषावयवभूताः सर्वानुकारित्वाद् भगवतः । अतो नामप्रपञ्चो वेदात्मको भिन्न एवाङ्गीकर्तव्यः । स केवलं शब्दैकसमधिगम्यः । 'वेदैश्च सर्वैरहमेव वेद्य'इति । अतस्तस्य प्रपञ्चस्य भिन्नत्वान्न विरोधः शब्दे । कथमेवमत आह । प्रत्यक्षानुमानाभ्याम् । प्रत्यक्षं तावदिदानीमपि यजमानः यजमानकृत्यं ऋत्विजश्च स्वकृत्यं वेदादेवावगच्छन्ति । न चाकृतिमात्रवाचकत्वेनाविरोधः। सर्वत्र लक्षणाप्रसङ्गात् । 'यः सिक्तरेताः स्या'दित्यादिषु विरोधश्च । न च प्रवृत्तिनिमित्तस्यैव वाच्यत्वं, प्रवृत्तिवैयर्थ्यापत्तेः । सङ्केतग्रहविरोधाच्च । सर्वस्यापि पदार्थस्य भगवत्त्वान्नानुपस्थितिदोषः सङ्केतग्रहेपि ।

जमदग्नीनां पञ्चावत्तमित्यनुमानम् । न हि स्वयं जामदग्न्य इति प्रत्यक्षोनुभवोस्ति ॥ परोक्ष-

व्यवहारस्यैवानु[illegible]ति ब्रह्मवादः । तस्मात् प्रत्यक्षानुमानाभ्यामिदानीन्तनभौतिकयज्ञ-पदार्थेषु भ[illegible]वावेशस्तथामुत्रापि देवादिलोके । तस्मात् वैदिकः पदार्थः सर्वोप्याधिदैविको भिन्न इति सिद्धम् ॥२८॥

अत एव च नित्यत्वम् ॥२९॥

साधिकां विशेषोपपत्तिमाह । अत एवास्मादेव हेतोर्वेदस्य नित्यत्वं सर्वप्रपञ्चवैलक्षण्येन । चकाराद् ब्रह्मतुल्यत्वम् । शब्दब्रह्मवेदपुरुषइत्यादिवाच्यत्वम् । अस्यास्तु सृष्टेर्ब्रह्मोपादानस्यम् सर्वज्ञतया कथनं तन्माहात्म्यनिरूपणार्थम् । बन्धिका ह्येषा । मोचिका तु सा । अत एव ऋषीणामप्यत्र मोहः । निःश्वसितवचनाच्च । तस्याप्ययं प्राणभूतो नित्य इति । अर्थप्राधान्यात् ब्रह्मविद्या परा विद्या । प्रपञ्चभेदादेव लौकिकवैदिकशब्दव्यवहारभेदौ । तस्मादाधि-दैविकप्रतिपादकत्वाद्वेदस्य नित्यत्वम् ॥२९॥

समाननामरूपत्वादावृत्तावप्यविरोधो दर्शनात् स्मृतेश्च ॥३०॥

एवं शब्दबलविचारेण वेदप्रामाण्यस्य सिद्धये भिन्न एव प्रपञ्चो ह्याधिदैविकः सर्वत्र सिद्धः । इदानीमर्थबलविचारेणोत्तरकाण्डे किञ्चिदाशङ्क्य परिह्रियते दार्ढ्यार्थम् । नन्वस्य प्रपञ्चस्यानुकारित्वेन वाच्यत्वेन वा स्वीक्रियमाणत्वे सृष्टिप्रलययोर्विद्यमानत्वादनित्यसंयोगः प्राप्नोति । तत्राह । समाननामरूपत्वादावृत्तावप्यविरोधः । वस्तुतस्तु भगवद्रूप-त्वाविर्भावतिरोभावेच्छयैव तथात्वान्नावृत्तिशङ्कापि । तथापि लोकबुद्ध्यनुसारेणावृत्तावपि समाननामरूपत्वात् समुद्रे जलप्रक्षेपवत् पुनरुपादाने तदेवेति निश्चयाभावेपि नाम-रूपयोस्तुल्यत्वादन्यस्य भेदकस्याभावात् नानित्यसंयोगविरोधः । कुतः । दर्शनात् । दृश्यते हि पितृमातृस्त्रीभर्तृशरीरगङ्गादिषु तदेवेदमिति व्यवहारस्य सिद्धत्वात् । 'सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् दिवञ्च पृथिवीञ्चान्तरिक्षमथो सुव'रितिस्मृतेश्च । सर्व-वेदमयेनेदमात्मनात्मात्मयोनिना प्रजाः सृज यथापूर्वं याश्च मय्यनुशेरते' इत्यादिस्मृतेः सर्वस्मृतेश्च । 'ऋषीणां पूर्वचरितस्मरणं स्मृतिरुच्यते' इति, अतोर्थबलविचारेपि पदार्थानां नित्यत्वान्न वेदस्यानित्यसम्बन्धः ॥३०॥

मध्वादिष्वसम्भवादनधिकारं जैमिनिः ॥३१॥

अर्थबलविचार एवैकदेशेन पूर्वपक्षमाह । ननु मध्वादिविद्यासु देवानामनधिकारात् सर्वत्रैवानधिकारः । तथाहि । 'असौ वा आदित्यो देवमधु तस्य द्यौरेवे'त्यादिना सूर्यस्य देवमधुत्वं प्रतिपादितम् । रश्मीनां वेदत्वञ्च । तत्र वसुरुद्रादित्यमरुत्साध्याः पञ्चदेवगणाः स्वमुख्येन मुखेनामृतं दृष्ट्वैव तृप्यन्ति । पञ्चविधा एव च देवाः । स्वतःसिद्धं च तेषां तन्मधु । अनुपासकत्वान्न देवान्तरकल्पना । कृतार्थत्वाच्च । ब्रह्मणोपि देवत्वम् । आदिशब्देन सर्वा एव देवोपासनविद्या गृहीताः । अतस्तेषामुपास्यत्वात् कृतार्थत्वाच्च नाधिकारः । न हि प्रयोजनव्यतिरेकेण कस्यचित् प्रवृतिः सम्भवति । मोक्षस्याप्यधिकारनिवृत्तावुत्तरमार्गवृत्तित्वात् स्वत एव सिद्धिः । 'यावदधिकारमि'ति-न्यायात् । 'वसूनग्राजयदि'त्यत्रापि भाविन्येव संज्ञा । तस्मान्मनुष्याधिकारकमेव ज्ञानं कर्म चेति न देवानामधिकार इति जैमिनिराचार्यो मन्यते । मनुष्याणामेव ज्ञानकर्मणोस्तरतमभाववतां तत्तद्भोगानन्तरं मोक्षप्राप्तेरिति ॥३१॥

ज्योतिषि भावाच्च ॥३२॥

किञ्च, तेषां सर्वेषामनधिकारः प्रत्यक्षत एव दृश्यते। सर्वे हि नक्षत्रादिरूपेण महाभोगवन्तो जगदवभासकत्वेन ज्योतिश्चक्रे दृश्यन्ते। 'अग्निः पुच्छस्य प्रथमं काण्ड'मित्यादिश्रुतेश्च। न हि तादृशां प्राप्तैश्वर्यवतां सर्वोपास्यानां मोक्षदातृणां ज्ञानकर्मणोः कश्चनोपयोगोस्ति तस्मादनधिकार एव देवानामित्येवं प्राप्ते उच्यते ॥३२॥

भावन्तु बादरायणोस्ति हि ॥३३॥

तुशब्दः पक्षं व्यावर्तयति। भावं देवानामधिकारस्य सद्भावम्। बादरायण आचार्यः, गौणसिद्धान्ताभावाय स्वनामग्रहणम्। किमार्षेण ज्ञानेन। तथा सति तुल्यत्वमत आह। अस्ति हि। अस्ति वेदे 'प्रजापतिरकामयत प्रजायेये'ति 'स एतदग्निहोत्रमिथुनमपश्यत्' 'तदुदिते सूर्येजुहो'दिति 'देवा वै सत्रमासते'त्यादिभिः कर्माधिकारो निश्चितः। 'तद्यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभव'दित्यादि। तथेन्द्रप्रजापतिसंवादे 'ब्रह्मा देवानामिति' च एवमेवम्विधैर्वाक्यैर्देवानामप्यधिकारोस्ति। यत्र च पुनर्देवानां फलभोग एव प्रतीयते न करणं, तत्रापि तेषामधिकारोङ्गीकर्तव्यः। हि युक्तोयमर्थः। एते हि वसव आधिदैविकभगवदवयवभूताः। अनशनात्। अन्यथा वसुत्वादिविरोधः। 'यद्वसूनां प्रातःसवन'मित्यादिवत्, न हि जीवविशेषा दृष्ट्वा तृप्यन्ति। तस्मादिदं ब्रह्मप्रकरणमेव। योपि देवोपासनवत् प्रतीयते स भगवदंश एवाधिदैविकः। न वा पूर्वकल्पेन निर्णयः। तथा सति तेषामभावादनुपास्यत्वं, अनित्यता च वेदस्य स्यात्। तस्माद्देवानामप्यधिकार इति शब्दबलविचार एव युक्त इति सिद्धम् ॥३३॥ ८॥

॥ इति अष्टमं तदुपर्यपीत्यधिकरणम् ॥

અધિકરણ-૮

તદુપર્યપીત્યધિકરણ

સૂત્રો ૧.૩.૨૬-૩૩

સૂત્ર-૨૬ : બાદરાયણ (માને છે કે મનુષ્યોની) ઉપર રહેલા (દેવોને પણ બ્રહ્મવિદ્યાનો અધિકાર છે); એનો સંભવ હોવાથી. (૧.૩.૨૬)

અંગુષ્ઠમાત્રના નિરૂપણ માટે મનુષ્યના અધિકરણનું નિરૂપણ કરવામાં આવતાં કોઈને એવો ભ્રમ થાય કે બધે બ્રહ્મવિદ્યામાં મનુષ્યોનો જ અધિકાર છે. તેના નિરાકરણ માટે દેવો વગેરેનો અધિકાર કહે છે-તેની ઉપર રહેલાઓને પણ. મનુષ્યની અપેક્ષાએ નીચેનાને અધિકાર નથી.[1] તેમાં પણ વૈદિક ધર્મના હેતુથી ધર્મયુક્ત એવા ત્રૈવર્ણિકનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેમાં પણ જે ધર્મયુક્ત સાધ્યાદિ દેવો છે તેમનો પણ અધિકાર છે. તેમાં જૈમિનિ[2] વગેરેની સંમતિ નથી એટલે પોતાનું નામ લીધું છે. (ધર્મથી) વિશિષ્ટ ત્રૈવર્ણિકોથી આરંભીને પ્રજાપતિ સુધીના સો આનન્દવાળાઓને અધિકાર છે એમ બાદનારાયણ માને છે. શાથી ? સંભવને લીધે. તેમનો જ્ઞાન માટેનો

અધિકાર સંભવે છે. ધર્મ અને જ્ઞાનના [illegible] લીધે જ તેવો જન્મ સંભવે છે. એમનો પૂર્વસંસ્કાર લુપ્ત થતો નથી. [illegible] બ્રહ્મ સુધી સૌ જો અધિક આનંદના શ્રવણને લીધે મનુષ્યોની ઉપર રહેલાને (બ્રહ્મવિદ્યાની) અપેક્ષા છે.

શુદ્ધબ્રહ્મવિદ્યા અક્ષરપ્રાપ્તિનું કારણ છે તેથી અને ઉત્તરોત્તર ઉપદેષ્ટાઓ વિદ્યમાન હોવાથી પ્રજાપતિ સુધી સર્વનો બ્રહ્મજ્ઞાનમાં અધિકાર સંભવે છે. સંભવનું વચન તેમાં અધિકાર દુર્લભ છે એમ સૂચવે છે. "દેવોમાં જે જે જાણતા હતા તે જ તે (બ્રહ્મ) થયા; તે ઋષિઓમાં તથા મનુષ્યોમાં" (બૃ. ૧.૪.૧૦) એવું (શ્રુતિવાક્ય છે) તેથી ઉપર રહેલાનો પણ અધિકાર સિદ્ધ થાય છે.

સૂત્ર-૨૭ : કર્મમાં વિરોધ આવે એમ કહો તો એવું નથી કારણ કે અનેક પ્રતિપત્તિનું દર્શન છે. (૧.૩.૨૭)

(શંકા) ઉપર રહેલાઓનો જ્ઞાનમાં અધિકાર છે એમ સ્વીકારવામાં આવે તો તેની પહેલાં આવતા કર્મ, વેદાધ્યયન, અને ઉપનયન વગેરેમાં (તેમનો) અધિકાર કહેવો જોઈએ. તો પછી તેમનામાં બ્રાહ્મણ્ય વગેરેનો દેશ, દ્રવ્ય વગેરેનો તથા પૌરાણિક મતે બીજા દેવોનો અભાવ હોવાથી,[૪] તેના અભાવ છતાં કર્મ કરતાં શ્રુતિનો વિરોધ આવે એમ કહો તો (જવાબ) એવું નથી; કારણ કે અનેકની પ્રતિપત્તિ જણાય છે. ઘણાની પ્રતિપત્તિ દેખાય છે. (એટલે કે) ઘણા (દેવો) કર્મમાં પ્રવૃત્તિ કરતા દેખાય છે. "સુવર્ગની કામનાવાળા સાધ્ય દેવોએ ખરેખર આ ષડ્રાત્રને જોયો, તેને ગ્રહણ કર્યો, તેનાથી યજ્ઞ કર્યો." (તૈ. સં. ૭.૨.૧) "તેણે વસુઓને અગ્નિષ્ટોમ યજ્ઞ કરાવ્યો, રુદ્રોને ઉકથ્ય યાગ કરાવ્યો, આદિત્યોને અતિરાત્ર યજ્ઞ કરાવ્યો." (તૈ. સં. ૭.૧.૫) જેમકે "પ્રજાપતિ પાસે ઇન્દ્રે એક સો વર્ષ બ્રહ્મચર્યનું પાલન કર્યું." (છા. ૮.૧૧.૩), "દેવોએ સત્ર કર્યો." (તૈ. સં. ૨.૩.૩) એ શ્રુતિથી જણાય છે કે દેવોએ પૃથ્વી પર આવીને યજ્ઞ કર્યો. (સૂત્રમાં આવેલા) દર્શન શબ્દથી પોતે ઋત્વિજ છે અને કર્મ કરે છે એમ દ્યોતિત થાય છે.[૫]

અથવા સર્વ પદાર્થોની અનેક પ્રતિપત્તિ એટલે અનેક પ્રકારનો ઉપયોગ વેદમાં જણાય છે; જેમકે પુરોડાશના ચાર ભાગ કરવા, પરિધિને નાખવું, છોડાં કાઢવાં વગેરે.[૬] તે પદાર્થ હોય તો કરવામાં આવે છે; ન હોય તો નહિ.[૭] "દેવોએ યજ્ઞથી યજ્ઞનું યજન કર્યું." (ઋગ્વેદ ૧૦.૯૦.૧૬) "આ રીતે પુરુષના અવયવોથી સામગ્રી ભેગી કરીને તે યજ્ઞપુરુષ ઈશ્વરનું મેં તેનાથી યજન કર્યું." (ભાગવત ૨.૬.૨૭) વગેરેથી બધી સામગ્રીને ઘટાવી શકાય છે.[૮] આધુનિકો પ્રત્યે વેદવિભાગને લીધે જૈમિનિએ તેવો નિર્ણય કરેલો છે.[૯] તેથી કર્મનો અધિકાર અને કર્મનું કરણ ઉપર રહેલા માટે પણ સિદ્ધ થાય છે.

સૂત્ર-૨૮ : શબ્દ(માં વિરોધ આવે) એમ કહો તો એવું નથી, કારણ કે એમાંથી (શબ્દમાંથી પદાર્થો) પ્રકટ થાય છે : પ્રત્યક્ષ અને અનુમાનથી (એ સિદ્ધ થાય છે.) (૧.૩.૨૮)

(શંકા) કર્મ કરવામાં વિરોધ ભલે ન હોય, પણ શબ્દમાં થશે. અર્થના જ્ઞાન પછી જ કર્મ કરવામાં આવે છે, અને વેદમાંથી અર્થનું જ્ઞાન થાય છે. વેદમાં જ સાધ્યાદિના કર્મકરણનું શ્રવણ થાય છે. તેમાં જ્ઞાનની દૃષ્ટિએ કર્મ અને કર્તાનો વિરોધ[૧૦] આવે છે. બીજી કલ્પના કરવામાં અનવસ્થા થાય;[૧૧] કારણ કે વ્યવસ્થાપકનો અભાવ છે. વેદ વસુઓનું વૃત્તાન્ત કહેતાં વસુઓનો અધિકાર કહે, અથવા કહેતાં અનિત્ય કેમ ન થાય ? એમ જો તમે કહો તો (જવાબ) એવું નથી. એમાંથી પ્રકટ થાય છે એટલે. એમાંથી એટલે શબ્દથી શબ્દોક્ત પદાર્થો પ્રકટ થાય છે. વેદમાં જણાવેલા બધા જ પદાર્થો આધિદૈવિક જ (છે અને) પુરુષના અવયવભૂત છે; કારણ કે બધા ભગવાનનું અનુકરણ કરે છે. એટલે વેદાત્મક નામપ્રપંચ જુદો જ સ્વીકારવો જોઈએ.[૧૨] એ માત્ર શબ્દથી સમજાય છે. ''બધા વેદોથી હું જ વેદ્ય છું.'' (ભ. ગી. ૧૫.૧૫) એમ કહ્યું છે. આમ તે પ્રપંચ (=નામપ્રપંચ) ભિન્ન હોવાથી શબ્દમાં વિરોધ નથી. શાથી એમ કહો છો એ પ્રશ્નના જવાબમાં કહે છે. પ્રત્યક્ષ અને અનુમાનથી. પ્રત્યક્ષ આ મુજબ છે. હાલ પણ યજમાન યજમાનનું કાર્ય તથા ઋત્વિજો પોતાનું કાર્ય વેદથી જ સમજે છે. પદ આકૃતિમાત્રનો અર્થ આપે છે તેથી વિરોધ નથી એમ કહેવું નહિ કારણ કે બધે લક્ષણાનો પ્રસંગ આવે.[૧૩] ''જે સિક્તરેતા હોય.'' (તૈ. સં. ૫.૫.૪) વગેરેમાં વિરોધ આવે.[૧૪] પદની પ્રવૃત્તિનું નિમિત્ત તે પદનો વાચ્ય અર્થ છે એવું નથી કારણ કે તો પ્રવૃત્તિ વ્યર્થ બની જાય.[૧૫] વળી સંકેતગ્રહણનો (પણ) વિરોધ આવે.[૧૬] સંકેતગ્રહણમાં પણ બધા જ પદાર્થો ભગવદ્‌રૂપ હોવાથી અનુપસ્થિતિનો દોષ નથી.[૧૭]

''જમદગ્નિઓએ પાંચ વાર લેવું''[૧૮] (આપ. શ્રૌ. સૂ. ૨.૧૮.૨) એ અનુમાન છે. પોતે જામદગ્ન્ય છે એવો પ્રત્યક્ષ અનુભવ નથી. પરોક્ષ વ્યવહાર જ અનુમાન છે એવો બ્રહ્મવાદ છે. આમ પ્રત્યક્ષ અને અનુમાનથી નક્કી થાય છે કે જેમ અર્વાચીન ભૌતિક યજ્ઞપદાર્થોમાં ભગવાનના અવયવોનો આવેશ છે તેમ અન્ય લોકમાં પણ સમજવું એટલે સર્વ વૈદિક પદાર્થ આધિદૈવિક અને ભિન્ન છે એમ સિદ્ધ થાય છે.

સૂત્ર-૨૯ : વળી તેથી જ વેદની નિત્યતા છે. (૧.૩.૨૯)

સાધક એવી વિશેષ યુક્તિ આપે છે. તેથી જ, આ હેતુથી જ વેદની નિત્યતા છે. સર્વ પ્રપંચ કરતાં વિલક્ષણ હોવાથી. ચ બ્રહ્મ સાથેનું સામ્ય બતાવે છે. શબ્દબ્રહ્મ, વેદપુરુષ વગેરેથી એ વાચ્ય છે. આ સૃષ્ટિનું ઉપાદાન બ્રહ્મ સર્વજ્ઞ તરીકે કહ્યું છે તે એના (વેદપુરુષના) માહાત્મ્યના નિરૂપણ માટે છે. આ (લૌકિક સૃષ્ટિ) બન્ધન આપનારી છે, તો તે (વૈદિક સૃષ્ટિ) મોક્ષ આપનારી છે. આથી જ ઋષિઓને પણ અહીં મોહ થાય છે.[૧૯] વળી વેદ ભગવાનનો નિશ્વાસ છે એવું વચન છે. આ (વેદ) તેનો (બ્રહ્મનો) પણ પ્રાણ છે, નિત્ય છે (બ્રહ્મનો) અર્થ મુખ્ય હોવાથી બ્રહ્મવિદ્યાને પરાવિદ્યા કહી છે. પ્રપંચના ભેદથી જ લૌકિક અને વૈદિક એવો શબ્દ તથા વ્યવહારનો ભેદ છે. એટલે આધિદૈવિકનું પ્રતિપાદન કરવાથી વેદની નિત્યતા છે.

સૂત્ર-૩૦ : નામ અને રૂપ સમાન હોવાથી આવૃત્તિમાં પણ વિરોધ નથી, કારણ કે (એવું) દર્શન અને સ્મૃતિ છે. (૧.૩.૩૦)

આમ શબ્દબલવિચારથી વેદના પ્રામાણ્યની સિદ્ધિ માટે આધિદૈવિક પ્રપંચ સર્વત્ર ભિન્ન જ છે એમ સિદ્ધ થયું. હવે અર્થની દઢતા માટે અર્થબલવિચારથી ઉત્તરકાંડમાં કાંઈક શંકા કરીને પરિહાર કરવામાં આવે છે. (શંકા) આ પ્રપંચ (ભગવાનનું) અનુકરણ કરે છે, અથવા વાચ્ય છે એમ સ્વીકારતાં સર્જન અને પ્રલય હોવાથી અનિત્યતા આવે. (જવાબ) તેમાં કહે છે-નામ અને રૂપ સમાન હોવાથી આવૃત્તિમાં પણ વિરોધ નથી. હકીકતમાં (જગત્) ભગવદ્રૂપ છે અને આવિર્ભાવતિરોભાવની ઇચ્છાથી જ એવું છે માટે આવૃત્તિની શંકા પણ નથી. આમ છતાં લોકવૃત્તિ અનુસાર આવૃત્તિમાં પણ સમાન નામરૂપ હોવાથી (એમ કહે છે.) સમુદ્રમાં પાણી નાખવામાં આવે તેમ.[૨૦] પાછું લેવામાં આવે ત્યારે આ તે જ છે એવા નિશ્ચયને અભાવે પણ નામરૂપ સરખાં છે અને જુદું પાડનાર બીજું કાંઈ નથી તેથી અનિત્યસંયોગનો વિરોધ નથી. શાથી ? દર્શનને લીધે. એવું દેખાય છે. વેદ, પિતા, માતા, સ્ત્રી, પતિ, શરીર, ગંગા વગેરેની બાબતમાં તે આ જ છે એવો વ્યવહાર સિદ્ધ થાય છે. ''ધાતાએ સૂર્ય, ચંદ્ર, દ્યૌ અને પૃથ્વી, અન્તરિક્ષ અને સ્વર્ગ પહેલાંની માફક રચ્યાં.'' (ઋગ્વેદ. ૧૦.૧૯૦.૩) વળી સ્મૃતિ છે-''હે બ્રહ્મા, સર્વવેદમય, મારાથી ઉત્પન્ન થયેલા સ્વદેહથી પહેલાંની માફક જે પ્રજા મારામાં રહે છે તેનું સર્જન કરો.'' (ભાગવત. ૩.૯.૪૩) વગેરે સ્મૃતિથી અને સર્વ સ્મૃતિઓથી (પ્રવાહનિત્યતા સિદ્ધ થાય છે.) ''ઋષિઓએ કરેલું પૂર્વચરિતનું સ્મરણ સ્મૃતિ કહેવાય છે.'' (ત. દી. નિ. સર્વનિર્ણય પ્ર. ૩૩) આમ અર્થબલવિચારથી પણ પદાર્થો નિત્ય હોવાથી વેદને અનિત્ય (પદાર્થો સાથે) સંબંધ નથી.

સૂત્ર-૩૧ : મધુવિદ્યા વગેરેમાં અસંભવ હોવાથી (દેવોને) અધિકાર નથી એમ જૈમિનિ (માને છે) (૧.૩.૩૧)

અર્થબલનો વિચાર કરતાં (ઉપાસનાવિશેષરૂપ) એકદેશથી પૂર્વપક્ષ કહે છે. (પૂર્વપક્ષ) મધુવિદ્યા વગેરે વિદ્યાઓમાં દેવોને અધિકાર ન હોવાથી બધે જ અધિકાર નથી. તે આ રીતે - ''ખરેખર આ આદિત્ય દેવોનું મધુ છે, તેનો સ્વર્ગલોક..'' (છા. ૬.૧.૧) વગેરેથી સૂર્ય દેવોનું મધુ છે એવું પ્રતિપાદન કરેલું છે; તથા રશ્મિઓનું વેદત્વ (પ્રતિપાદિત છે) ત્યાં (છા. ૩.૬.૧૦) વસુ, રુદ્ર, આદિત્ય, મરુત્ અને સાધ્ય એ પાંચ દેવસમૂહો પોતાના મુખ્ય એવા (દેવસ્વરૂપી) મુખથી અમૃત જોઈને જ તૃપ્ત થાય છે.[૨૧] દેવો પાંચ પ્રકારના જ છે. તેથી તેમનું મધુ સિદ્ધ જ છે. ઉપાસક ન હોવાથી દેવાન્તરની કલ્પના થઈ શકે નહિ, કારણ કે તેઓ કૃતાર્થ છે. બ્રહ્મ પણ દેવ છે.[૨૨] 'આદિ' શબ્દથી બધી જ દેવોપાસનાની વિદ્યાઓ સમજવાની છે. આમ ઉપાસ્ય અને કૃતાર્થ હોવાથી તેમનો (દેવોનો) અધિકાર નથી. પ્રયોજન વિના કોઈની પ્રવૃત્તિ સંભવતી નથી. અધિકાર નિવૃત્ત થતાં (પણ) ઉત્તરમાર્ગમાં

હોવાથી મોક્ષ આપોઆપ સિદ્ધ થાય છે.[૨૩] ''જ્યાં સુધી અધિકાર છે.'' (બ્ર. સૂ. ૩.૩.૩૨) એ ન્યાયથી. ''વસુઓ પાસે યજ્ઞ કરાવ્યો.'' (તૈ. સ. ૭.૧.૫) એમાં ભવિષ્યની સંજ્ઞા છે.[૨૪] એટલે જ્ઞાન અને કર્મ મનુષ્યોના અધિકારમાં જ આવે છે, દેવોનો એમાં અધિકાર નથી એમ આચાર્ય જૈમિનિ માને છે. ઓછાવધતા પ્રમાણમાં જ્ઞાન અને કર્મવાળા મનુષ્યો જ તે તે રૂપથી પ્રાપ્ત થતા ભોગ ભોગવીને પછી મોક્ષ પ્રાપ્ત કરે છે.

સૂત્ર-૩૨ : અને જ્યોતિશ્ચક્રમાં હોવાથી. (૧.૩.૩૨)

ઉપરાંત તે બધા (દેવો)નો અનધિકાર પ્રત્યક્ષ જ દેખાય છે. બધા જ (દેવો) નક્ષત્રરૂપ મહાભોગ કરતા અને જગત્‌ને પ્રકાશિત કરતા જ્યોતિશ્ચક્રમાં દેખાય છે. ''અગ્નિ પુચ્છનું પ્રથમ કાંડ છે.'' (તૈ. આ. ૨.૧૯) ઇત્યાદિ શ્રુતિથી (પણ આ સમજાય છે) ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે એવા, સર્વથી ઉપાસ્ય, અને (બ્રહ્મરૂપે) મોક્ષ આપનાર, તેવા દેવોને જ્ઞાન અને કર્મનો કોઈ ઉપયોગ નથી. તેથી દેવોનો અધિકાર નથી, એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે-

સૂત્ર-૩૩ : પણ (અધિકાર) છે એમ બાદરાયણ (માને છે); (કારણ કે) તે છે જ. (૧.૩.૩૩)

તુ શબ્દ પક્ષ બદલે છે. છે, દેવોના અધિકારનું અસ્તિત્વ છે. બાદરાયણ આચાર્ય (કહે છે) સિદ્ધાન્ત ગૌણ નથી એથી પોતાના નામનું ગ્રહણ કરેલું છે. (શંકા) આર્ષજ્ઞાનથી શું ?[૨૫] એમ હોય તો સમાનતા થાય તેથી (જવાબ) કહે છે-છે જ. વેદમાં (એવું દર્શાવતાં વચનો) છે-''પ્રજાપતિએ ઇચ્છા કરી કે હું ઉત્પન્ન કરું. (તૈ. સં. ૭.૧.૧) ''તેણે અગ્નિહોત્રમિથુનને જોયું. સૂર્યોદય થતાં હોમ કર્યો.'' (તૈ. બ્રા. ૨.૧.૨) ''ખરેખર દેવોએ સત્ર કર્યો.'' (તૈ. સં. ૨.૩.૩) વગેરે વાક્યોથી કર્મનો અધિકાર નિશ્ચિત થાય છે. 'દેવોમાં જેને બોધ થયો તે જ તે થયાં'' (બૃ. ૧.૪.૧૦) વગેરે. તેવી રીતે ઇન્દ્રપ્રજાપતિસંવાદમાં ''દેવોમાં બ્રહ્મા.'' (તૈ. સં. ૩.૪.૧૧) આમ આ પ્રકારનાં વાક્યોથી દેવોનો પણ અધિકાર છે. ઉપરાંત જ્યાં દેવોનો ફલભોગ જ પ્રતીત થાય છે, કર્મ નહિ, ત્યાં પણ તેમનો અધિકાર સ્વીકારવો જોઈએ. હિ અર્થાત્‌ આ અર્થ યોગ્ય છે. આ વસુઓ આધિદૈવિક અને ભગવાનના અવયવભૂત છે; અનશનને લીધે. નહિ તો વસુત્વ વગેરેનો વિરોધ થાય.[૨૬] ''વસુઓનું પ્રાતઃસવન'' (તૈ. બ્રા. ૧.૫.૧૧) વગેરેની માફક. જીવવિશેષો જોઈને તૃપ્ત થતા નથી. તેથી આ બ્રહ્મપ્રકરણ જ છે. દેવોપાસનામાં જાણે પ્રતીત થાય છે[૨૭] તે ભગવાનનો આધિદૈવિક અંશ જ છે. પૂર્વપક્ષની માફક નિર્ણય કરવો નહિ. એમ હોય તો તેમના અભાવને લીધે ઉપાસ્યત્વ નથી. અને વેદની અનિત્યતા થાય.[૨૮] એટલે દેવોનો પણ અધિકાર છે, તેથી શબ્દાભલવિચાર જ યોગ્ય છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **अर्वाक्तनानामधिकारो नास्ति** - મનુષ્યોથી જે હીન કોટિનાં પ્રાણીઓ છે તેમનો અધિકાર નથી.

૨. **तत्र जैमिनिप्रभृतीनां न संमतिः** - જૈમિનિ માત્ર ત્રૈવર્ણિકોનો જ અધિકાર સ્વીકારે છે. એમણે દેવો વિશે કહ્યું નથી, પણ માત્ર ત્રૈવર્ણિકોનો જ અધિકાર સ્વીકારવામાં આવે તો દેવોને અધિકાર નથી એવું ફલિત થાય છે. અધિકારના વિષયમાં જૈમિનિ કહે છે - अर्थी समर्थो विद्वान् शास्त्रेणापर्युदस्तश्च वैदिके कर्मण्यधिकारी । જે અર્થી હોય, સમર્થ હોય, વિદ્વાન્ હોય અને શાસ્ત્રમાં જેનું નિવારણ ન હોય તે વૈદિક કર્મમાં અધિકારી છે. દેવોને આ લાગુ પડતું નથી. અર્થ એટલે ધન, દાન, દક્ષિણાની દેવોને ઇચ્છા હોઈ ન શકે. એમને શરીર નથી એટલે કર્મનું સામર્થ્ય નથી. મન્ત્રો કે અર્થવાદો દ્વારા શરીર સિદ્ધ થાય છે એમ કહેવું ઉચિત નથી, કારણ કે મંત્ર-અર્થવાદ કર્મવિધિને અંગભૂત હોવાથી દેવતાઓનું શરીર સિદ્ધ કરવાનું એનું તાત્પર્ય નથી. આમ હોવાથી દેવોને વૈદિક કર્મમાં અધિકાર છે એમ સિદ્ધ થઈ શકતું નથી.

૩. **धर्मज्ञानाभ्यां सातिशयाभ्याम्** - ''तं विद्याकर्मणी समन्वारभेते'' એ શ્રુતિ અનુસાર વિદ્યા અને કર્મ શરીરના આરંભનાં કારણો છે. આ બેની અતિશયતા હોય ત્યારે જ્ઞાનના અધિકારી દેવોનો જન્મ સંભવે. વળી ''यज्ञोपवीतं परमं पवित्र प्रजापतेर्यत्सहजं पुरस्तात्'' એ મંત્ર સૂચવે છે કે પ્રજાપતિનું ઉપનયન તો જન્મથી જ છે. વળી ''यो वै वेदांच्च प्रहिणोति तस्मै'' એ વાક્યથી વેદાધ્યયન પણ આપોઆપ સિદ્ધ થાય છે. ''कालेन नष्टा प्रलये वाणीयं वेदसंज्ञिता मयादौ ब्रह्मणे प्रोक्ता એ ભાગવતના વાક્યથી પણ દેવો વગેરેનું વેદાધ્યયન સિદ્ધ થાય છે. કાલાન્તરે પૂર્વસંસ્કારનો લોપ થતો નથી તેનું દૃષ્ટાન્ત નારદ છે.

૪. **तेषां ब्राह्मण्याद्यभावात्...** - દેવોને કર્મમાં અધિકાર ન હોવાનાં ત્રણ કારણો કહ્યાં છે. (क) દેવોને બ્રાહ્મણ વગેરે વર્ણ નથી એટલે ધર્મકાર્યો કરી ન શકાય. (ख) પૃથ્વીરૂપ દેશ, વ્રીહિરૂપ દ્રવ્ય કે સૂર્ય વગેરેની ગતિ ન હોવાથી કાલ--આટલાનો અભાવ છે. (ग) પુરાણોમાં ઇન્દ્ર વગેરેથી જુદા બીજા ઇન્દ્ર વગેરે દેવો નથી જેનું યજન થઈ શકે. આમ દેવો કર્મ કરી શકે નહિ.

૫. **एकशतं वर्षाणि...द्योतयति** - આચાર્ય બતાવે છે કે જુદી જુદી શ્રુતિઓ દેવોને માટે પણ દેશકાલાદિનું અસ્તિત્વ બતાવે છે. ઇન્દ્રે સો વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું એ વાક્યથી આશ્રમનું અસ્તિત્વ; દેવોએ સત્ર કર્યો તેથી દેશસત્તા, સમજાય છે. વળી आदित्या वा अस्माल्लोकादमुं लोकमायन् સૂર્યાદિની ગતિ બતાવે છે એટલે કાલસત્તા સિદ્ધ થાય છે. ભાગવત-૫માં પોતે ઋત્વિજ્ છે એ પણ સ્પષ્ટ કરતાં વ્યાસે કહ્યું છે - धृतव्रतेन हि मया छन्दांसि गुरवोऽग्नयः । मानिता निर्व्यलीकेन गृहीतं चानुशासनम् ॥ વળી

अग्निर्होता आश्विनावध्वर्यू उभौ हि वै देवानां शमितारौ अध्रिगुश्चापापश्च । એ શ્રુતિ દેવો ઋત્વિજ્ છે એમ દર્શાવે છે.

૬. **चतुर्धाकरण** - તૈ. બ્રા. ૩.૩૮ મુજબ દર્શપૂર્ણમાસ ઇષ્ટિમાં પુરોડાશના ચાર ભાગ કરવામાં આવે છે. परिधिप्रहरण - આહવનીય અગ્નિની પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર એ દિશાઓમાં ત્રણ સમિધના ટુકડાઓની પાળ કરવામાં આવે તેને પરિધિ કહેવાય. તૈ. બ્રા. ૩.૩.૯ અનુસાર એ પરિધિને અગ્નિમાં નાખવામાં આવે છે. तुषोपवाप - આપ. શ્રૌત સૂત્ર ૧.૨૦.૯માં ડાંગરનાં છોડાં કાઢવાનું જણાવ્યું છે.

૭. **तद्विद्यमाने...** - જે પદાર્થ ન હોય તેના અભાવમાં પણ કર્મ થાય છે. દા.ત. પર્વત પરથી સોમવલ્લી ગાડાંમાં લાવવાની હોય છે, પણ ગાડું જવાનો માર્ગ ન હોય તો ગાડાંને અભાવે પણ કર્મ થાય છે.

૮. **सर्वसंभृत्युपपत्तिश्च** - આરંભમાં ભગવાન સ્વયં દેવતાનું સ્થાન લઈને યજ્ઞ કરતા. આમ પુરુષના અવયવરૂપ દેવતાઓનું અસ્તિત્વ સમજાય છે. આમ બીજા દેવોના અભાવમાં પણ કર્મ કરવામાં કોઈ વિરોધ નથી.

૯. **आधुनिकान् प्रति** - જૈમિનિ સામવેદના જ્ઞાતા છે અર્થાત્ એકવેદજ્ઞ છે. વળી અર્વાચીનો સર્વજ્ઞ નથી; તેથી જૈમિનિએ યજ્ઞનો અધિકાર મનુષ્યોને જ છે, દેવોને નથી એવો નિર્ણય પૂ. મી. સૂ. ૬.૧.૨૫-૩૮માં આપેલો છે.

૧૦. **ज्ञाने कर्मकर्तृविरोधः** - વેદથી પ્રાપ્ત થતા જ્ઞાનનો વિચાર કરીએ તો તે જ્ઞાનને સાધ્ય તરીકે પ્રસિદ્ધ દેવો દ્વારા સાધિત થતા યાગાત્મક કર્મરૂપી વિષયની અપેક્ષા છે. એ કર્મના કર્તા સાધ્ય દેવો યાગને અર્થે પ્રવૃત્તિ કરે છે એવો વાક્યનો અર્થ છે. હવે તેવા વિષયનો અભાવ હોવાથી આત્માશ્રય દોષ થતાં કર્મ-કર્તાનો વિરોધ આવે છે. સાદી રીતે કહીએ તો જો દેવોને કર્મમાં અધિકાર છે એમ માનીએ તો સાધ્ય દેવો કર્મ કરે છે એવું જ્ઞાન સાધ્ય દેવોને થાય છે. આમ સાધ્ય દેવો કર્મ પણ છે અને કર્તા પણ છે-એ પરસ્પર વિરુદ્ધ છે.

૧૧. **अन्यकल्पनायां त्वनवस्था** - વેદમાં સાધ્ય દેવો કર્મ કરે છે એવું વલણ છે. હવે જે સાધ્ય દેવો વેદનાં સાધ્યાદિના કર્મનું જ્ઞાન મેળવીને કર્મ કરે તે બેને જુદા ગણીએ તો તેને માટે વળી ત્રીજા સમૂહની કલ્પના કરવી પડે; તેને માટે ચોથા સમૂહની કલ્પના કરવી પડે એ રીતે અનવસ્થા થાય; અને એની વ્યવસ્થા કરવા માટે કોઈ પ્રમાણ આપણી પાસે નથી.

૧૨. **सर्वानुकारित्वाद् भगवतः** - જગત્‌ના બધા પદાર્થો ભગવાનનું અનુકરણ કરે છે. અનુકરણ કરનાર અને જેનું અનુકરણ થાય તે બે ભિન્ન હોય છે. આમ જગત્‌ના પદાર્થો ભગવાનથી અને ભગવાનના અવયવભૂત વેદોક્ત પદાર્થોથી ભિન્ન છે.

૧૩. **सर्वत्र लक्षणाप्रसंगात्** - વેદની નિત્યતા સિદ્ધ કરવા માટે જુદા નામપ્રપંચની જરૂર નથી. જૈમિનિ માને છે કે શબ્દો આકૃતિનો અર્થ આપે છે; અને

આકૃતિ નિત્ય છે. આકૃતિ પરથી વ્યક્તિનો અર્થ આપોઆપ એટલે કે આક્ષેપથી આવે છે, એટલે વ્યક્તિ અનિત્ય હોવા છતાં શબ્દની નિત્યતાને કોઈ વાંધો આવતો નથી. આનો જવાબ આપતાં આચાર્ય કહે છે કે એમ માનતાં સર્વત્ર લક્ષણાનો પ્રસંગ આવે. પુરુષોત્તમજી એને સમજાવતાં કહે છે. આક્ષેપ એટલે અનુમાન અથવા લક્ષણા. અનુમાન કરવું હોય તો गोत्वं व्यक्तयाश्रितं जातित्वात् એમ કરવું પડે. હવે જો અનુમાન સ્વીકારીએ તો શબ્દસહકૃત અનુમાન પ્રમાણરૂપે ગણાતાં શબ્દને સ્વતંત્ર પ્રમાણ કહી ન શકાય. અનુમાન-સહકૃત શબ્દને તો સ્વીકારાય નહિ કારણ કે અનુમાનનો સહકાર ક્યાં સમજવો અને ક્યાં નહિ એ માટે કોઈ નિયામક નથી. હવે જો આક્ષેપનો અર્થ લક્ષણા ગણીએ તો બધે જ લક્ષણા માનવી પડે અને તો પછી અભિધા શક્તિ જ નથી એમ માનવું પડે. પુરુષોત્તમજી માને છે કે અનુમાનપક્ષ અતિશિથિલ હોવાથી ભાષ્યમાં જણાવ્યો નથી.

૧૪. **यः सिक्तरेताः...** - આચાર્ય બીજી એક વાત કહે છે કે વેદમાં યૌગિક પદો પણ છે; જેમ કે सिक्तरेताः. હવે જેણે રેતસ્‌નું સિંચન કર્યું હોય તેને માટે જ આ શબ્દ વપરાય. એટલે એ ઉપાધિ છે, જે અનિત્ય છે. હવે શબ્દ અનિત્ય ઉપાધિનો અર્થ આપે તો શબ્દ પણ અનિત્ય બને અને તો વેદને નિત્ય કહી ન શકાય.

૧૫. **प्रवृत्तिवैयर्थ्यापत्तेः** - શબ્દ જેને માટે વપરાય તે શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત. જેમકે ઘટ શબ્દ ઘટત્વ નો અર્થ આપે તો ઘટત્વ એ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત બને. પણ પ્રવૃત્તિનિમિત્ત હંમેશાં નિત્ય જ હોય એવો કોઈ નિયમ નથી અને નિત્ય સંબંધ ન હોય તો તેનાથી વ્યક્તિનો આક્ષેપ ન થતાં તથા વ્યક્તિ વિના કાર્ય ન થતાં પદની પ્રવૃત્તિ જ વ્યર્થ બની જાય.

૧૬. **संकेतग्रहविरोधाच्च** - વ્યવહાર વગેરે સાધનો સંકેતનું ગ્રહણ કરવા માટે ઉપયોગી છે. વ્યવહારનો સંબંધ વ્યક્તિ સાથે છે તેથી તે અનુપસ્થિત ઘટત્વ વગેરેમાં સંકેતનું ગ્રહણ થઈ શકે નહિ. અર્થબલથી ઘટત્વની ઉપસ્થિતિ સ્વીકારીને તેમાં સંકેતનું ગ્રહણ પણ શક્ય નથી, કારણ કે શક્તિનું પર્યવસાન વ્યક્તિમાં હોવાથી અને વ્યક્તિઓ અનન્ત હોવાથી અનિત્યતાનો દોષ પાછો આવે.

૧૭. **सर्वस्यापि पदार्थस्य..** - વૈદિક પ્રપંચ ઇન્દ્રિયગોચર નથી, તેથી લૌકિક સૃષ્ટિની માફક એની ઉપસ્થિતિ નથી. પણ આનો કોઈ દોષ નથી, કારણ કે બધા પદાર્થો ભગવદ્રૂપ છે. એટલે સંકેતગ્રહણમાં અનુપસ્થિતિનો દોષ નથી. બધા વૈદિક પદાર્થો ભગવાનના અવયવરૂપ હોવાથી બ્રહ્માદિ દેવોને માટે તે પદાર્થોની ઉપસ્થિતિ સરળતાથી થાય છે. વળી અર્વાચીનો પણ લૌકિક પદાર્થો જેવા જ વૈદિક પદાર્થો છે એમ સરખામણીથી સંકેતનું ગ્રહણ કરી શકે છે.

૧૮. **जमदग्नीनां पञ्चावत्तम्** - આપસ્તંબ શ્રૌત સૂત્ર અનુસાર જમદગ્નિ ગોત્રમાં જન્મેલાઓએ દર્શપૂર્ણમાસ તથા અન્ય હોમમાં હવિષ્ય પાંચ વાર લેવું. હવે પોતે જમદગ્નિ ગોત્રના છે એ જ્ઞાન માત્ર પરોક્ષ રીતે જ થાય છે. જેમ વ્યવહારમાં પરોક્ષનું

અનુમાન કરવામાં આવે છે તેમ અહીં પણ પરોક્ષ જ્ઞાનથી વૈદિક સૃષ્ટિ સિદ્ધ થાય છે. બ્રહ્મવાદમાં પરોક્ષ વ્યવહારને જ અનુમાન ગણ્યો છે.

૧૯. **ऋषीणामप्यत्र मोहः** - જગતની ઉત્પત્તિના વિષયમાં ઋષિઓને પણ મોહ થાય છે, જેમ કે કપિલ પ્રકૃતિને તો કણાદ પરમાણુઓને જગતનું કારણ માને છે.

૨૦. **समुद्रे जलप्रक्षेपवत्** - સમુદ્રમાં પાણી નાખીએ. પછી પાછું લઈએ ત્યારે પાછું લીધેલું પાણી અને આપણે નાખેલું પાણી એક જ છે એમ કહી શકાતું નથી છતાં પાણીનાં નામરૂપ સમાન હોવાથી પાણી એક જ છે એમ માનવામાં આવે છે. તેવી જ રીતે પ્રલય પછી સૃષ્ટિ થાય ત્યારે જગત્‌ના પદાર્થો તે જ છે એમ નિર્ણય થાય છે.

૨૧. **पञ्च देवगणाः स्वमुख्येन मुखेन..** - વસુ, રુદ્ર, આદિત્ય, મરુત્ અને સાધ્ય એ પાંચ દેવગણો છે. દરેક સમૂહમાં મુખ્ય દેવ તે એમનું મુખ છે; વસુઓમાં અગ્નિ, રુદ્રોમાં ઇન્દ્ર, આદિત્યોમાં વરુણ, મરુતોમાં સોમ અને સાધ્યોમાં બ્રહ્મ છાન્દોગ્યના પાંચમા પ્રપાઠકમાં એનું વર્ણન છે. આ મુખ્ય દેવરૂપી મુખથી દેવગણો અમૃતનું લક્ષણ કે પાન કરતા નથી પણ એને જોવા માત્રથી તૃપ્ત થાય છે. દેવોનું સૂર્યરૂપી મધુ અને તેમાં રહેલું અમૃત સ્વતઃસિદ્ધ છે એટલે દેવોને ઉપાસનાની જરૂર નથી. વળી દેવ ઉપાસ્ય છે એટલે તે ઉપાસક થઈ ન શકે; આમ બીજા દેવની કલ્પના કરી ન શકાય. વળી અમૃતના દર્શનથી જ તૃપ્તિ થતી હોવાથી દેવો કૃતાર્થ છે, માટે પણ એમને ઉપાસના કરવાની જરૂર નથી.

૨૨. **ब्रह्मणोऽपि देवत्वम्** - બ્રહ્મની દેવોમાં ગણના કરેલી છે. હવે દેવ તરીકે બ્રહ્મ ઉપાસક બને તો ઉપાસ્ય અને ઉપાસક એક જ હોવાથી વિરોધ પ્રાપ્ત થાય છે.

૨૩. **मोक्षस्याप्यधिकारनिवृत्तौ** - દેવો ઉપાસ્ય અને કૃતાર્થ હોવાથી એમનો અધિકાર કર્મમાં નથી એ ખરું પણ એમને મોક્ષની તો ઇચ્છા હોય છે જ, બ્રહ્મજ્ઞાનનો અધિકાર છે જ, એવી શંકાના સમાધાનમાં કહે છે કે કાર્યની સિદ્ધિ માટે ભગવાન્ જીવોમાં ધર્મની સ્થાપના કરે છે તે તો કાર્યની પૂર્ણતા સુધી જ હોય છે; એટલે દેવોને અધિકાર નથી. પણ એઓ ઉત્તરમાર્ગ એટલે દેવયાનમાં છે, વળી દેવસ્વરૂપે છે એટલે માર્ગના બળથી જ આપોઆપ મોક્ષ સિદ્ધ થાય છે.

૨૪. **वसूनयाजयदित्यत्रापि..** - તૈત્તિરીયસંહિતાના વાક્ય અનુસાર વસુઓ પાસે અગ્નિષ્ટોમ યજ્ઞ કરાવ્યો એમ કહ્યું છે. અહીં વસુ શબ્દ ભવિષ્યની સંજ્ઞા છે. અર્થાત્ આ યજ્ઞ કરવાથી યજ્ઞ કરનારને ભવિષ્યમાં વસુ સ્વરૂપ પ્રાપ્ત થાય છે; યજ્ઞ કરતી વખતે તો એ મનુષ્યો જ છે.

૨૫. **किमार्षेण ज्ञानेन..** - બાદરાયણનું જ્ઞાન આર્ષ છે તેથી દેવોનો અધિકાર છે એમ કહો તો જૈમિનિનું જ્ઞાન પણ આર્ષ હોવાથી દેવોને અધિકાર નથી એમ માનવું પડે. આમ જૈમિનિ અને બાદરાયણનું આર્ષજ્ઞાન તો સરખું જ છે.

૨૬. **अन्यथा वसुत्वादिविरोधः** - જેમની ઉપાસના કરવામાં આવે તે વસુ આદિ દેવો ભગવાનના અંશો છે એમ ન માનીએ તો વસુત્વ આદિનો વિરોધ આવે. પૂર્વપક્ષી કહે છે કે वसूनयाजयत् માં વસુ શબ્દ ભાવિ સંજ્ઞા છે, અથવા યજમાન વસુત્વ પ્રાપ્ત કરે છે. હવે यद्वसूनां प्रातःसवनम् એ વાક્ય જણાવે છે કે વસુ વગેરે અધિકારીઓ વાસવ સામ વગેરેના ગાનથી યજમાનને પ્રાતઃસવન આપે છે. આમ વસુ આદિ યજમાનોથી અતિરિક્ત છે એમ જણાય છે. મધુવિદ્યામાં પણ ઉપાસકને અમૃત આપે છે એમ કહેલું છે, તેઓ વસુત્વ પ્રાપ્ત કરે છે એમ કહ્યું નથી. આમ ઉપાસ્ય ઉપાસકથી ભિન્ન છે એટલે પૂર્વપક્ષીનો મત સ્વીકારી શકાય એમ નથી.

૨૭. **देवोपासनवत्** - પુરુષોત્તમજી કહે છે કે देवोपासने उपास्यवत् એવો પાઠ હોય એમ લાગે છે; અથવા તો वत् પ્રત્યય સપ્તમીના અર્થમાં સમજવો જોઈએ.

૨૮. **अनित्यता च वेदस्य स्यात्** - જો દેવોની જ ઉપાસના કરવામાં આવે છે એમ માનીએ તો ઉપાસના કરનાર એવા અનિત્ય પદાર્થના સંબંધને લીધે વેદ પણ અનિત્ય બની જાય.

शुगस्य तदनादरश्रवणात् तदाद्रवणात् सूच्यते हि ।।३४।। (१.३.९.)

इदानीं शूद्रस्याधिकारो निराक्रियते । यथा कर्मणि 'एतया निषादस्थपतिं याजयेत् सा हि तस्येष्टि'रिति श्रुते'र्हविष्कृदाधावेति शूद्रस्ये'ति लिङ्गाद् दोहादौ च शूद्रस्याधिकारः, एवमिहापि संवर्गविद्यायां शूद्रस्याधिकार इति । तन्निराकरणार्थमिदमधिकरणमारभ्यते ।

एवं हि श्रूयते । 'जानश्रुतिर्ह पौत्रायण' इत्यत्र हंसवाक्यश्रवणानन्तरं संयुग्वतो रयिक्वस्य समीपं गतः जानश्रुतिः पौत्रायण 'रयिक्वेमानि षट् शतानि गवा'मित्यादिना देवतां पृष्टः प्रत्युवाच । 'अह हारे त्वा शूद्र तवैव सह गोभिर'रस्त्वित्यादिना जानश्रुतिं शुद्रशब्देन सम्बोध्य पुनश्च 'शूद्रानेन मुखेने'त्युक्त्वा संवर्गविद्यामुपदिष्टवान् । अतोत्र विद्यायां जातिशूद्रस्याप्यधिकार इत्याशङ्क्य परिहरति । नात्र शूद्रशब्दो जातिशूद्रवाची । किन्तु मत्सरयुक्तस्त्वमत्र नाधिकारीति तथा सम्बोधनम् । तदाह । शुक् शोकः । अस्य जानश्रुतेः समजनि । तत्र हेतुः । तदनादरश्रवणात् । तस्माद्धंसादनादरस्य श्रवणात् । कं वर एनमेतत् सन्तं संयुग्वानमिव रयिक्वमात्थे'ति स्वापकर्षश्रवणात् । किमतो यद्येवमत आह । तदाद्रवणात् तदनन्तरं आद्रवणात् । शुचमनु आद्रवतीति शूद्रः । परोक्षवादार्थं दीर्घः । सर्वज्ञत्वख्यापनाय । रूढिर्योगमपहरतीति न्यायात् । कथमेवमत आह सूच्यते हि । स्वस्य सर्वज्ञत्वं सूच्यते । हंसवाक्यात् शोके जाते त्वमागत इति । अन्यथा प्रपन्नस्य धिक्कारवचनमनर्थकं स्यात् । युक्तश्चायमर्थो ब्रह्मविदः सर्वज्ञतेति । तस्य मात्सर्यनिराकरणं वा सम्बोधनफलं । तस्मात् शुचं प्रत्याद्रवणादेव शूद्रपदप्रयोगो न जातिशूद्रवाची ।।३४।।

कुत एवमत आह ।

क्षत्रियत्वावगतेश्चोत्तरत्र चैत्ररथेन लिङ्गात् ।।३५।।

जानश्रुतेः पौत्रायणस्य क्षत्रियत्वमवगम्यते गोनिष्करथकन्यादानात्। न हि क्षत्रियप्रभृतयो ह्येते क्षत्रियादन्यस्य सम्भवन्ति राजधर्मत्वात्। नह्यन्यो ब्राह्मणाय भार्यात्वेन कन्यां दातुं शक्नोति। न वा प्रथमहंसवाक्यं शूद्रे सङ्गच्छते। उपदेशाच्चेति चकारार्थः। तथापि संवर्गविद्यायां शूद्रस्यैवाधिकारं मन्वानस्य निराकरणार्थं हेतुमाह। उत्तरत्र चैत्नरथेन लिङ्गात्। 'अथ ह शौनकञ्च कापेयमभिप्रतारिणञ्च काक्षसेनिमि'त्युत्तरत्र ब्राह्मणक्षत्रियौ तौ निर्दिष्टौ। कक्षा सेना यस्येति। कक्षसेनस्यापत्यङ्काक्षसेनिरिति। अस्य व्याख्यानं चैत्ररथ इति। चित्रा रथा यस्य तस्यापत्यं तेन चैत्ररथेन। कक्षारूपा रथा इति व्याख्यानम्। एतेन वै 'चित्ररथं कापेया अयाजयन्नि'ति। शौनकश्च कापेयो याजकश्च याज्यश्चित्ररथस्य पुत्रः काक्षसेनिरिति। ब्रह्मचारी ब्रह्मवित्। इमौ तु संवर्गविद्योपासकौ। प्राणाय हि भिक्षा। तस्मान्न ददतुः। उभावपि श्लोकौ भगवतः, तेन प्रकृतेप्येतौ गुरुशिष्यौ ब्राह्मणक्षत्रियावेवेति गम्यते। तस्मान्न जातिशूद्रः संवर्गविद्यायामधिकारी ॥३५॥

संस्कारपरामर्शात्तदभावाभिलापाच्च ॥३६॥

इदानीं शूद्रस्य क्वचिदपि ब्रह्मविद्यायामधिकारश्चेदत्रापि कल्प्येत। तत्तु नास्ति। सर्वत्र संस्कारपरामर्शात्। उपनयनसंस्कारः सर्वत्र परामृश्यते। 'तं होपनिन्ये' 'अधीहि भगव इति होपससाद' 'तान् हानुपनीये'त्यादिप्रदेशेषु उपनयनपूर्वकमेव विद्यादानं प्रतीयते। शूद्रस्य तु तदभावाभिलापात्। 'चतुर्थ एकजातिस्तुशूद्र' इति 'न शूद्रे पातकं किञ्चिन्न च संस्कारमर्हती'ति शूद्रस्य संस्कारनिषेधात्। चकारात् 'न शूद्राय मतिं दद्या'दिति निषेधः ॥३६॥

तदभावनिर्धारणे च प्रवृत्तेः ॥३७॥

इतश्च शूद्रस्य न सर्वथाधिकारः। तदभावनिर्धारणे शूद्रत्वाभावनिर्धारण एव गुरुशिष्यभावप्रवृत्तेः। 'सत्यकामो हे जाबाल' इत्यत्र 'गौतमः सत्यकाममुपनिन्ये' 'नैतदब्राह्मणो विवक्तुमर्हती'ति सत्यवचनेन शूद्राभावं ज्ञात्वैव। चकार एवार्थे। चकारेण निर्धारममुभयज्ञानार्थम्। वर्णित्वं शूद्राभावश्च। तस्मान्न शूद्रस्याधिकारः ॥३७॥

श्रवणाध्ययनार्थप्रतिषेधात् स्मृतेश्च ॥३८॥

दूरे ह्यधिकारचिन्ता। वेदस्य श्रवणमध्ययनमर्थज्ञानं त्रयमपि तस्य प्रतिषिद्धम्। तत्सन्निधावन्यस्य च। 'अथास्य वेदमुपशृण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रप्रतिपूरण'मिति 'यद्युवा एतच्छ्मशानं यच्छूद्रः' तस्माच्छूद्रसामीप्ये नाध्येतव्य'मिति 'उदाहरणे जिह्वाच्छेदो' 'धारणे शरीरभेद' इति। दोहादौ शूद्रसम्बन्धे मन्त्राणामभाव एव। स्मृतिप्रयुक्त्यापि वेदार्थे न शूद्राधिकार इत्याह। स्मृतेश्च 'वेदाक्षरविचारेण शूद्रः पतति तत्क्षणा'दिति। चकारस्त्वधिकरणसम्पूर्णत्वद्योतकः। स्मार्तपौराणिकज्ञानादौ तु कारणविशेषेण शूद्रयोनिगतानां महतामधिकारः। तत्रापि न कर्मजातिशूद्राणाम्। तस्मान्नास्ति वैदिके क्वचिदपि शूद्राधिकार इति स्थितम् ॥३८॥

॥ इति नवमं शुगस्येत्यधिकरणम् ॥

અધિકરણ-૯

શુગસ્યેત્યધિકરણ

સૂત્રો ૧.૩.૩૪-૩૮

તેનું અનાદરવાક્ય સાંભળવાથી એને શોક (થયો). તેના દોડવાથી (તે શૂદ્ર કહેવાયો); ખરેખર (તેનું રૈક્વનું સર્વજ્ઞાત્વ) સૂચવાય છે. (૧.૩.૩૪)

હવે શૂદ્રના અધિકારનું નિરાકરણ કરવામાં આવે છે. ''એનાથી નિષાદસ્થપતિને યજ્ઞ કરાવે; તે જ એની ઈષ્ટિ છે.'' (મૈ. સં. ૨.૨.૪) એવી શ્રુતિ છે. ''હવિષ્કૃત્ આવ એમ શૂદ્રને (બોલાવે છે)'' (આપ. શ્રૌ. સૂ. ૧.૧૯.૯) એવા લિંગથી કર્મમાં જેમ દોહાદિમાં શૂદ્રનો અધિકાર છે તેમ[1] અહીં પણ સંવર્ગવિદ્યામાં શૂદ્રનો અધિકાર છે એ (મતના) નિરાકરણ માટે આ અધિકરણનો આરંભ કરવામાં આવે છે.

આ પ્રમાણે શ્રવણ થાય છે. જાનશ્રુતિ પૌત્રાયણના (આખ્યાન)માં હંસનું વાક્ય સાંભળ્યા પછી ગાડાવાળા રૈક્વ પાસે ગયેલા જાનશ્રુતિ પૌત્રાયણે ''હે રૈક્વ, આ છસો ગાયો'' (છા. ૪.૨) વગેરેથી દેવતા વિશે પૂછયું; ત્યારે (રૈક્વે) ઉત્તર આપ્યો. ''અરે શૂદ્ર ! હારયુક્ત રથ[2] ગાયો સાથે તારી પાસે જ ભલે રહે.'' (છા. ૪.૨.૩)[2] એમ જાનશ્રુતિને શૂદ્ર તરીકે સંબોધીને, ફરીથી ''શૂદ્ર, આ રીતે '' (છા. ૪.૨.૫) એમ કહીને સંવર્ગવિદ્યાનો ઉપદેશ આપ્યો. તેથી આ (સંવર્ગ-) વિદ્યામાં જાતિશૂદ્રનો પણ અધિકાર છે એવી શંકા કરીને પરિહાર કરે છે. અહીં શૂદ્ર શબ્દ જાતિશૂદ્રના અર્થમાં નથી; પણ ''મત્સરવાળો એવો તું અહીં અધિકારી નથી'' એટલે તેવું સંબોધન કરેલું છે. તો કહે છે. શુક્ એટલે શોક, આ **જાનશ્રુતિને** થયો. તેનો હેતુ (કહે છે) તેના **અનાદરના શ્રવણથી.** હંસ પાસેથી **અનાદર સાંભળવાથી.** ''અરેરે, આવા રહેલા એને ગાડાવાળા રૈક્વની માફક કેમ કહે છે ?''[3] એમ પોતાના અપકર્ષનું શ્રવણ છે તેથી (રાજાને શોક થયો) એમ હોય તો શું ? ત્યારે કહે છે - તે પછી દોડયો એટલે. તત્ એટલે તેની પછી દોડયો હોવાથી. શોક પછી દોડે તે શૂદ્ર. સર્વજ્ઞતા દર્શાવવા પરોક્ષવાદાર્થે દીર્ઘ છે.[4] રૂઢિ યોગને દૂર કરે છે એવો ન્યાય છે. તો આમ કેવી રીતે સંભવે ? તો કહે છે - ખરેખર સૂચવાય છે. પોતાનું સર્વજ્ઞત્વ સૂચવાય છે. હંસના વાક્યથી શોક થતાં તું આવ્યો છે. નહિ તો શરણે આવેલા માટે ધિક્કારનું વચન નિરર્થક બને. બ્રહ્મને જાણનાર સર્વજ્ઞ છે એટલે આ અર્થ યોગ્ય છે. અથવા તો એનું માત્સર્ય દૂર કરવા માટે સંબોધન કરેલું છે. તેથી શોક થયા પછી દોડવાને લીધે જ શૂદ્ર શબ્દનો પ્રયોગ છે, જાતિશૂદ્રના અર્થમાં નથી.

સૂત્ર-૩૫ : એમ શાથી ? તો કહે છે-

ક્ષત્રિયત્વ સમજાય છે, કારણકે પછીથી ચૈત્રરથનું લિંગ છે. (૧.૩.૩૫)

જાનશ્રુતિ પૌત્રાયણ ક્ષત્રિય છે એમ સમજાય છે. ગાયો, સોનાનો હાર, રથ અને કન્યાનું દાન એ(બધા)ને લીધે. આ સારથિ વગેરે ક્ષત્રિય સિવાય અન્યને માટે સંભવતું નથી; કારણ કે એ રાજાના ધર્મો છે. બીજો કોઈ બ્રાહ્મણને ભાર્યારૂપે કન્યા

આપી શકતો નથી. પહેલા હંસનું વાક્ય શૂદ્રને માટે બંધબેસતું નથી. વળી ઉપદેશને લીધે એવો च નો અર્થ છે.

આમ છતાં સંવર્ગવિદ્યામાં શૂદ્રનો જ અધિકાર છે એમ માનનારના ખંડન માટે હેતુ કહે છે. કારણ કે પછીથી ચિત્રરથનું લિંગ છે.

“હવે ખરેખર શૌનક કાપેય અને અભિપ્રતારી કાક્ષસેનિ” (છા. ૪.૩.૫) એમ પછીથી બ્રાહ્મણ અને ક્ષત્રિયનો નિર્દેશ છે. કક્ષા સેના જેની છે તે (કક્ષસેન). કક્ષસેનનો પુત્ર તે કાક્ષસેનિ. ચૈત્રરથ તો એનું વ્યાખ્યાન છે. ચિત્ર રથો જેના છે તે (ચિત્રરથ); તેનો પુત્ર (તે ચૈત્રરથ); તે ચૈત્રરથથી. કક્ષારૂપી રથો એવું વ્યાખ્યાન છે.[૫] “આનાથી ચિત્રરથને કાપેયોએ યજ્ઞ કરાવ્યો.” (તા. બ્રા. ૨૦.૧૨.૫) શૌનક કાપેય યજ્ઞ કરાવનાર છે. ચિત્રરથનો પુત્ર કાક્ષસેનિ યજ્ઞ કરનાર છે.[૬] બ્રહ્મચારી બ્રહ્મનો જાણનાર છે.[૭] આ બે સંવર્ગવિદ્યાના ઉપાસકો છે. ભિક્ષા પ્રાણ માટે છે તેથી આપી નહિ. બન્ને શ્લોકો ભગવાનના છે. તેથી પ્રસ્તુત પ્રસંગમાં પણ આ બે ગુરુશિષ્યો બ્રાહ્મણ અને ક્ષત્રિય જ છે એમ સમજાય છે. તેથી જાતિશૂદ્ર સંવર્ગવિદ્યામાં અધિકારી નથી.

સૂત્ર-૩૬ : સંસ્કારનો ઉલ્લેખ હોવાથી તથા તેનો અભાવ કહ્યો હોવાથી (શૂદ્રને અધિકાર નથી.) (૧.૩.૩૬)

હવે જો શૂદ્રનો કોઈ પણ સ્થળે બ્રહ્મવિદ્યામાં અધિકાર હોય તો અહીં (સંવર્ગવિદ્યામાં) કલ્પના થઈ શકે, પણ તે નથી, કારણ કે બધે જ સંસ્કારનો ઉલ્લેખ છે. ઉપનયન સંસ્કારની વાત સર્વત્ર છે. “તેને ઉપનયન સંસ્કાર કર્યો” (શ. બ્રા. ૧૧.૫.૩.૧૩) “ભગવાન, ઉપદેશ આપો એમ કહીને પાસે ગયા.” (છા. ૭.૧.૧) “તેમને ઉપનયન કર્યા વિના”[૮] (છા. ૫.૧૧.૭) ઈત્યાદિ સ્થાનોમાં ઉપનયનપૂર્વક જ વિદ્યાદાન સમજાય છે. પણ શૂદ્રને તેનો અભાવ કહેલો છે. “ચોથો (વર્ણ) શૂદ્ર એક જન્મવાળો છે” (મ. સ્મૃ. ૧૦.૪) “શૂદ્રને કોઈ પાપ લાગતું નથી, અને એ સંસ્કારને યોગ્ય નથી.” (મ. સ્મૃ. ૧૦.૧૨૬) એમ શૂદ્રને માટે સંસ્કારનો નિષેધ છે. च દર્શાવે છે કે “શૂદ્રને જ્ઞાન આપવું નહિ” (મ. સ્મૃ. ૪.૮૦) એવો નિષેધ છે.

સૂત્ર-૩૭ : વળી તેનો અભાવ નક્કી થતાં પ્રવૃત્તિ થાય છે. (૧.૩.૩૭)

આથી પણ શૂદ્રનો કોઈ રીતે અધિકાર નથી. તેનો અભાવ નક્કી થતાં, શૂદ્રત્વનો અભાવ નક્કી થતાં જ ગુરુશિષ્યસંબંધની પ્રવૃત્તિ થાય છે. “સત્યકામ જાબાલ” (છા. ૪.૪.૧) એમાં ગૌતમે સત્યકામને ઉપનયન કર્યું. “અબ્રાહ્મણ આવું સ્પષ્ટ કહેવા યોગ્ય નથી.” (છા. ૪.૪.૫) એમ સત્ય વચનથી એના શૂદ્રત્વનો અભાવ જાણીને જ (ગૌતમે ઉપનયન સંસ્કાર કર્યો) च દર્શાવે છે કે (બ્રાહ્મણરૂપી) વર્ણ હોવો અને શૂદ્રત્વનો અભાવ બન્ને જાણવા માટે નિર્ધારણ છે. તેથી શૂદ્રનો અધિકાર નથી.

સૂત્ર-૩૮ : શ્રવણ, અધ્યયન, અર્થજ્ઞાનનો પ્રતિષેધ છે તથા સ્મૃતિ છે તેથી. (૧.૩.૩૮)

અધિકારનો વિચાર તો દૂર રહ્યો. વેદનું શ્રવણ, અધ્યયન અને અર્થજ્ઞાન એ ત્રણેનો તેને માટે પ્રતિષેધ છે; તેની હાજરીમાં બીજા માટે પણ (શ્રવણાદિનો પ્રતિષેધ છે. "જો એ વેદનું શ્રવણ કરે તો સીસુ અને લાખથી એના કાન પૂરવા." (ગૌ. ધ. સૂ. ૨.૩.૪) જે શૂદ્ર છે તે ખરેખર સ્મશાન છે. માટે શૂદ્રની પાસે અધ્યયન ન કરવું. (વ. ધ. સૂ. ૧૮.૧૧-૧૨) "ઉચ્ચાર કરે તો જીભ કાપી નાખવી, અર્થગ્રહણ કરે તો શરીર કાપી નાખવું." (ગૌ. ધ. સૂ. ૨.૩.૪) દોહવા વગેરે ક્રિયાઓમાં શૂદ્રનો સંબંધ હોય તો મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવતો નથી.

સ્મૃતિના હેતુથી પણ વેદના અર્થમાં શૂદ્રનો અધિકાર નથી. તેથી કહે છે-અને સ્મૃતિથી. "વેદના અક્ષરના વિચારથી શૂદ્ર તે જ ક્ષણે પડે છે." (પ. સ્મૃ. ૧.૬૬-૬૭) च અધિકરણ પૂરું થયું એમ બતાવે છે. કારણવિશેષથી શૂદ્રયોનિમાં આવેલા મહાત્માઓને સ્માર્ત અને પૌરાણિક જ્ઞાન વગેરેમાં અધિકાર છે.[૬] તેમાં પણ કર્મને લીધે શૂદ્રયોનિમાં જન્મેલાનો અધિકાર નથી. આમ વૈદિક (જ્ઞાન કે કર્મમાં) ક્યાંય પણ શૂદ્રનો અધિકાર નથી એમ નક્કી થયું.

ટિપ્પણ

૧. **यथा कर्मणि..** - આપસ્તંબ શ્રૌતસૂત્ર ૯.૧૪.૧૨માં દર્શપૂર્ણમાસ પ્રકરણમાં શૂદ્રની વાત આવે છે. ત્યાં કહ્યું છે કે નિષાદસ્થપતિ, અર્થાત્ નિષાદ વર્ણવાળા રાજા પાસે રૌદ્ર ઇષ્ટિ કરાવવી. આ તેની જ ઇષ્ટિ છે. વળી ત્યાં શૂદ્ર યજમાનને બોલાવતાં અધ્વર્યુ કહે છે - हविष्कृद् आधाव હવિને ખાંડણિયામાં કૂટવાની ક્રિયા કે દોહવા વગેરેની ક્રિયા માટે શૂદ્રને બોલાવાય છે. આમ કર્મમાં શૂદ્રનો અધિકાર **સ્વીકારેલો** છે.

૨. **अह हारेत्वा..** - અહીં अ પ્રતિષેધના અર્થમાં અને ह આશ્ચર્યવાચક છે. हारेत्वा એટલે हार+इत्वा. इत्वा=રથ. આમ हारेत्वा એટલે હારવાળો, શણગારેલો રથ. બીજા અર્થ પ્રમાણે - अहह (=ધિક્કાર) + अरे. અર્થાત્ અરે શૂદ્ર, ધિક્કાર છે તને (त्वा). તે આણેલો રથ ગાયો સાથે ભલે તારી પાસે જ રહે.

૩. **कंवर एनमेतत्सन्तम्..** - અહીં સંદર્ભ આ પ્રમાણે છે. જાનશ્રુતિ પૌત્રાયણ શ્રદ્ધાપૂર્વક દાન કરતો અને ધર્મકાર્યમાં તત્પર રહેતો હતો. એનું મન બ્રહ્મજ્ઞાન તરફ વળે એવી ઇચ્છાથી બે મહાત્માઓએ હંસનું રૂપ લીધું. રાત્રે જાનશ્રુતિ સૂતો હતો ત્યારે એ બે હંસો પરસ્પર વાતો કરતા હતા. એક હંસ કહે છે - होहोऽयि भल्लाक्ष भल्लाक्ष जानश्रुतेः पौत्रायणस्य समं दिवाज्योतिराततं तन्मा प्रसांक्षीः । तत्त्वा मा प्रधाक्षीः । અર્થાત્ આ જાનુશ્રુતિનું તેજ એટલું બધું ફેલાયેલું છે કે તું એની નજીક જઈશ નહિ, જેથી એ તને બાળી ન નાખે. એના જવાબમાં બીજો હંસ આ વાક્ય બોલે છે -

कंवर एनमेतत्सन्तं... । कंवर=कम् +उ+अरे. અર્થાત્ આ તો સામાન્ય પ્રાણીમાત્ર છે. એ જાણે કે રૈક્વ ગાડાવાળો હોય તેમ તું કહે છે. રૈક્વ બ્રહ્મજ્ઞાની છે એટલે એના તેજ ને જાનશ્રુતિના તેજ સાથે સરખાવી ન શકાય. રાજા તો માત્ર ધર્મનિષ્ઠ છે, જ્ઞાની નથી. રૈક્વનાં જ્ઞાન અને કર્મ આગળ બીજાંના જ્ઞાન-કર્મ હીન છે. આમ પોતાનો અપકર્ષ સાંભળવાથી જાનશ્રુતિને દુઃખ થયું.

૪. **परोक्षवादार्थं दीर्घः** - શૂદ્ર શબ્દ યૌગિક રીતે સમજાવતાં કહ્યું છે - शुचम् अनु आद्रवत् । અહીં પૃષોદરાદિ સમાસ છે. શૂચ્ શબ્દમાંના च નો લોપ અને शु માંના સ્વર उ નો દીર્ઘ થતાં શૂદ્ર શબ્દ બન્યો છે. રૈક્વે જે દીર્ઘ સ્વરનો પ્રયોગ કર્યો છે તે પોતાની સર્વજ્ઞતા બતાવવા પરોક્ષવાદ માટે કર્યો છે; કારણ કે નહિ તો પોતાને શરણે આવેલા માટે ધિક્કારસ્વાચક શબ્દપ્રયોગ ઉચિત બને નહિ.

૫. **कक्षा सेना यस्य...** - અહીં આચાર્ય કાક્ષસેનિ અને चैत्ररथ શબ્દો સમજાવે છે. कक्षा सेना यस्य सः कक्षसेनः । (બ. વ્રી.) कक्षसेनस्य अपत्यं पुमान् એમ अत इञ् એવા પાણિનીય સૂત્ર અનુસાર काक्षसेनि શબ્દ બને છે. कक्षा શબ્દ અનેકાર્થક છે. કોશ અનુસાર - कक्षः स्यादन्तरीयस्य पश्चादञ्चलपल्लवे । स्पर्धापदे च दोर्मूले । એમાંનો એક અર્થ स्पर्धापद અહીં લેતાં સ્પર્ધાને યોગ્ય જેની સેના છે તે એવો અર્થ થાય. चैत्ररथ શબ્દ આના જ વિવરણ માટે છે. चित्राः रथाः यस्य सः चित्ररथः । (બ. વ્રી.) तस्य अपत्यं पुमान् चैत्ररथः । અર્થાત્ જેની પાસે ચિત્ર-વિવિધ પ્રકારના રથો છે તે. રથો એ સેનાનું મુખ્ય ઘટક હોવાથી જેની પાસે સ્પર્ધા કરવા યોગ્ય રથો છે તે. ગોપેશ્વરજી કહે છે કે ચિત્ર એટલે અશ્વતરીથી જોડાયેલો. બ્રહ્મપુરાણ અનસાર रथस्त्वश्वतरीयुक्तश्चित्र इत्यभिधीयते ।

૬. **एतेन वै चैत्ररथं...** આખું શ્રુતિવાક્ય આવું છે - एतेन वै चैत्ररथं कापेया अयाजयन् । तमेकाकिनमन्नाद्यस्याध्यक्षमकुर्वन् । तस्माच्चैत्ररथो नामैकः क्षत्रपति-र्जायते । યાજ્યયાજક સંબંધ સમાન અન્વયવાળાઓનો હોય છે. આમ કાપેયના સંબંધથી કાક્ષસેનિ ચૈત્રરથ છે. આમ જાનશ્રુતિ કાક્ષસેનિરૂપ ચૈત્રરથ હોવાથી એ ક્ષત્રિય છે. આ રીતે ક્ષત્રિયત્વનું લિંગ સમજવાનું છે.

૭. **ब्रह्मचारी ब्रह्मवित्..** - શૌનક કાપેય અને અભિપ્રતારી કાક્ષસેનિ એ બેને ભોજન પીરસાતું હતું ત્યારે એક બ્રહ્મચારીએ ભિક્ષા માગી એમ સંવર્ગવિદ્યાના ઉપદેશ પછી ઉપનિષદ્માં આવે છે. બ્રહ્મચારી બ્રહ્મજ્ઞ છે, તો કાપેય અને કાક્ષસેનિ સંવર્ગવિદ્યાના ઉપાસકો છે. ભિક્ષા પ્રાણ માટે છે, તેથી એને ભિક્ષા આપતા નથી; કારણ કે ભિક્ષા બ્રહ્મવિત્ માટે નથી. છા. ૪.૩.૬માં બ્રહ્મચારીનો શ્લોક છે તો ૪.૩.૭માં શૌનકનો શ્લોક છે. આ બન્ને શ્લોકો પ્રજાપતિના સ્વરૂપનો બોધ કરે છે; તેથી પરંપરાથી ભગવાન વિશેના છે. બન્ને શ્લોકો નીચે મુજબ છે - महात्मनश्चतुरो देव एकः कः सो जगार भुवनस्य गोपाः । तं कापेय नाभिपश्यन्ति मर्त्या अभिप्रतारिन् बहुधा वसन्तम् ॥ (છા. ૪.૩.૬) બીજો શ્લોક આ મુજબ છે - आत्मा देवानां जनिता प्रजानां हिरण्यदंष्ट्र बभसो न सूरिः । महान्तमस्य महिमानमाहुरनद्यमानो यदनन्नमत्ति ॥

૮. **तान्हानुपनीय** - છાન્દોગ્યમાં પ્રાચીનશાલ વગેરે મહાશ્રોત્રીય વિદ્વાનોને અશ્વપતિ રાજાએ વૈશ્વાનરવિદ્યાનું અધ્યયન કરાવ્યું તેની વાત છે. વાક્યનો સાદો અનુવાદ એવો થાય કે તેમને ઉપનયન સંસ્કાર કરાવ્યા વગર અશ્વપતિ રાજાએ ઉપદેશ આપ્યો. હવે પ્રાચીનશાલ વગેરે છ વિદ્વાનો મહાશ્રોત્રીય હોવાથી ઉપનયન કર્યા વગર એવો અર્થ લઈ શકાતો નથી, એટલે વિશેષ અર્થ લેવો જરૂરી છે. उप समीपे अनीय पादयोः पतनमकारयित्वा एव - અર્થાત્ દંડવત્ પ્રણામ કર્યા વિના જ એમને ઉપદેશ આપ્યો કારણ કે એ મહાશ્રોત્રીય વિદ્વાનો હતા. ગોપેશ્વરજી બીજી રીતે પણ અર્થ સમજાવે છે. हन्ति इति हः । तान् हान् उपनीय । અવિદ્યાને હણનાર તે હ. તેવાને ઉપનયન સંસ્કાર કરીને.

૯. **कारणविशेषेण शूद्रयोनिगतानाम्** - આચાર્યશ્રી શૂદ્રોમાં પણ પ્રકારભેદ બતાવે છે. જેઓ શાપ વગેરે વિશેષ કારણોને લીધે શૂદ્રયોનિમાં જન્મ્યા હોય તેમને સ્માર્ત અને પૌરાણિક જ્ઞાનમાં અધિકાર છે. વિદુર એનું દૃષ્ટાન્ત છે. પણ જેઓ પૂર્વજન્મનાં પાપકર્મોને લીધે શૂદ્રયોનિમાં જન્મ્યા હોય તેમને કોઈ પ્રકારનો અધિકાર નથી.

कठवल्लीविचारेण निश्चिता ह्यधिकारिणः ।वाक्यान्तरञ्च तत्रत्यञ्चिन्त्यते प्रलयावधि ॥ 'यदिदं किञ्च जगत् सर्वं प्राण एजति निःसृतं महद्भयं वज्रमुद्यतं य एतद्विदुरमृतास्ते भवन्ती'ति । अत्र प्राणवज्रोद्यमनशब्दाभ्यां सन्देहः । किं प्राणोपासना इन्द्रोपासना वा ब्रह्मवाक्यं वेति । बाधकशब्दस्य श्रुतित्वान्न प्रकरणेन निर्णयः । 'अमृतं वै प्राणा' इति श्रुतेः । प्राणोपासकस्याप्यमृतप्राप्तिर्युज्यते । इन्द्रस्याप्यमरत्वात् 'वज्रमुद्यत'मिति । प्राणपक्षे वियोजने मरणजनकत्वाद्भयरूपत्वम् । इन्द्रपक्षे बलाधिष्ठातृत्वात् प्राणत्वम् । तस्मात् प्राण इन्द्रो वा वाक्यार्थः । इत्येवं प्राप्ते, उच्यते ।

कम्पनात् ॥३९॥ (१.३.१०.)

कम्पनमत्र प्रथमवाक्यार्थः । स च भयहेतुकः । अविशेषेण सर्वजगत्कम्पनं भगवद्धेतुकमेव भवति । नचैकान्ततो वज्र इन्द्रस्यैवायुधं भवति । अग्निहृदयत्वात् । 'तस्य तातस्य हृदयमाच्छिन्दत् साशनिरभव'दितिश्रुतेः । तस्मान्मारकरूपमेवेदं भगवतः । प्राणशब्दवाच्यत्वं तु पूर्वमेव सिद्धम् । तस्मात् सर्वजगत्कम्पनं भगवत्कृतमिति भगवानेव वाक्यार्थः ॥३९॥

॥ इति दशमं कम्पनाधिकरणम् ॥

અધિકરણ-૧૦

કમ્પનાધિકરણ

સૂત્ર ૧.૩.૩૯

સૂત્ર-૩૯ : કઠવલ્લીનો વિચાર કરતાં અધિકારીઓનો નિર્ણય કર્યો. તેમાં

રહેલું; પ્રલયને અવધિભૂત[1] વાક્યાન્તર વિચારાય છે. ''આ જગત્ જે કાંઇ છે તે બધું પ્રાણમાં છે; (ત્યાંથી) નીકળેલું ધ્રૂજે છે; મહાન્ ભયકારક વજ્ ઉગામેલું છે; જે આ જાણે છે તેઓ અમૃત થાય છે.'' (કઠ. ૨.૬.૨) અહીં પ્રાણ અને વજ્રને ઉગામવું એ બે શબ્દોથી સંદેહ છે. શું આ પ્રાણોપાસના કે ઇન્દ્રોપાસના છે કે બ્રહ્મવાક્ય છે ? બાધક શબ્દનું શ્રવણ હોવાથી પ્રકરણથી નિર્ણય થતો નથી.[2] ''પ્રાણો અમૃત છે.'' (તૈ. સં. ૨.૬.૮) એવી શ્રુતિ છે તેથી પ્રાણોપાસકને પણ અમૃતની પ્રાપ્તિ થાય એ યોગ્ય છે. ઇન્દ્ર પણ અમર છે તેથી, અને વજ્ર ઉગામ્યું એમ કહ્યું હોવાથી (ઇન્દ્રોપાસકને પણ અમૃત પ્રાપ્ત થશે.) પ્રાણ પક્ષમાં દેહથી વિયોગ થતાં મરણ થતાં ભયરૂપ છે. ઇન્દ્રપક્ષમાં બલના અધિષ્ઠાતા હોવાથી તેને પ્રાણ કહ્યો છે. તેથી પ્રાણ અથવા ઇન્દ્ર વાક્યનો અર્થ છે એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે-

કંપનને લીધે (૧.૩.૩૯)

કંપન પ્રથમ વાક્યનો અર્થ[3] છે. તે ભયના હેતુથી છે. કોઈ વિશેષ વગર આખા જગત્નું કંપન ભગવાનના હેતુથી છે. વજ્ર માત્ર ઇન્દ્રનું આયુધ નથી. એ અગ્નિનું હૃદય છે. ''જેની જ્વાળાઓ શાન્ત થઈ છે એવા અગ્નિનું હૃદય છેદ્યું. તે વજ્ર બન્યું. (તૈ. બ્રા. ૧.૧.૩) એવી શ્રુતિ છે. તેથી આ ભગવાનનું મારક રૂપ જ છે. ભગવાન પ્રાણ શબ્દથી વાચ્ય છે તે અગાઉ સિદ્ધ થયું છે. (બ્ર. સૂ. ૧.૧.૨૨) તેથી આખા જગત્નું કંપન ભગવત્કૃત છે એટલે ભગવાન જ વાક્યનો અર્થ છે.

ટિપ્પણ

૧. **प्रलयावधि** - પ્રલય એટલે પરમાત્મામાં લય. આમ અહીં જે વાક્યનો વિચાર કરવામાં આવે છે તે વાક્યમાં વર્ણવેલા પરમાત્માના સ્વરૂપનો ભગવાનમાં લય થાય. તેથી આ વાક્યનો વિચાર કરેલો છે.

૨. **बाधकशब्दस्य श्रुतित्वात्** - વિષયવાક્યમાં प्राण અને वज्रोद्यमनं (વાક્યમાં वज्रमुद्यतम्) છે. આ શબ્દો બ્રહ્મના અર્થને બાધક છે. અહીં બ્રહ્મનું પ્રકરણ હોવાથી કોઈ સંદેહ નથી એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન એવું છે કે બાધક શબ્દોની શ્રુતિ છે અને શ્રુતિ પ્રકરણ કરતાં બળવાન હોવાથી સંદેહનું નિવારણ થતું નથી.

૩. **प्रथमवाक्यार्थः** - વિષયવાક્યમાં બે વાક્યો છે. પહેલું વાક્ય - यदिदं किञ्च...वज्रमुद्यतम् । અને બીજું વાક્ય - य एतद्विदु...भवन्ति । અહીં કમ્પન પ્રથમ વાક્યનો અર્થ છે.

ज्योतिर्दर्शनात् ॥४०॥ (१.३.११.)

'य एष सम्प्रसादोस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरभिसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत' इति । तत्र संशयः । परं ज्योतिर्महाभूतरूपं ब्रह्म वेति । ब्रह्मधर्माश्च ये केचित् सिद्धा युक्त्या

च साधिताः । निर्णायकास्ततोप्यन्ये चत्वारोत्र निरूपिताः ॥ तत्र रूढ्योपपत्त्या च महाभूतमेव ज्योतिरित्येवं प्राप्ते । उच्यते । ज्योतिर्ब्रह्मैव । कुतः । दर्शनात् । सर्वत्र दर्शनं न्याय इति यावत् । सुषुप्तौ सर्वत्र । 'सता सौम्य तदा सम्पन्नो भवति' 'सति सम्पद्य न विदुः' 'सति सम्पद्यामह' इति 'अहरहर्ब्रह्मलोकं गच्छन्ती'त्यादिप्रदेशेषु ब्रह्मसम्पत्तिरेवोक्ता । अत्रापि सम्प्रसादवचनात् परं ज्योतिर्ब्रह्मैव । तस्माद्यः कश्चन शब्दो ब्रह्मस्थाने पठितस्तद्वाचक एवेति ॥४०॥११॥

॥ इति एकादशं ज्योतिरधिकरणम् ॥११॥

અધિકરણ-૧૧

જ્યોતિરધિકરણ

સૂત્ર ૧.૩.૪૦

સૂત્ર-૪૦ : જ્યોતિ (બ્રહ્મ) છે, દર્શનને લીધે. (૧.૩.૪૦)

"આ જે સંપ્રસાદ, આ શરીરમાંથી ઊઠીને પરમ જ્યોતિને પ્રાપ્ત કરીને પોતાના રૂપને પામે છે." (છા. ૮.૩.૪) તેમાં સંશય છે. પરમ જ્યોતિ મહાભૂતરૂપ છે અથવા બ્રહ્મ છે. બ્રહ્મના ધર્મો જે કોઈ સિદ્ધ છે, વળી યુક્તિથી સાધિત છે, તેનાથી પણ જુદા ચાર નિર્ણાયક ધર્મોનું[1] નિરૂપણ કરેલું છે. તેમાં રૂઢિ અને યુક્તિથી[2] જ્યોતિ મહાભૂત જ છે એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે. જ્યોતિ બ્રહ્મ જ છે. શાથી ? દર્શનથી. સર્વત્ર બ્રહ્મવાચક પદ દેખાય છે એવો ન્યાય[3] છે. સુષુપ્તિમાં બધે જ "હે સૌમ્ય, ત્યારે તે સત્‌થી સંપન્ન થાય છે, સત્‌માં સંપન્ન થઈને જાણતા નથી કે સત્‌માં સંપન્ન થયા છીએ." (છા. ૬.૯.૨) "રોજને રોજ બ્રહ્મલોકમાં જાય છે." (છા. ૮.૩.૨) વગેરે સ્થળોએ બ્રહ્મસંપત્તિ જ કહેલી છે. અહીં પણ 'સંપ્રસાદ' એ વચનથી પરમ જ્યોતિ બ્રહ્મ જ છે. આથી જે કોઈ શબ્દ બ્રહ્મને સ્થાને વપરાય તે બ્રહ્મવાચક જ છે.

ટિપ્પણ

૧. **निर्णायकास्ततोऽप्यन्ये..** - જ્યોતિશ્ચરણાધિકરણમાં જ્યોતિનો અર્થ બ્રહ્મ કરેલો છે, છતાં આ અધિકરણમાં તેનાથી જુદું નિરૂપણ છે. ચાર નિર્ણાયક ધર્મો આ પ્રમાણે છે - (૧) બ્રહ્મ પ્રાપ્ત કરવા યોગ્ય છે, (૨) બ્રહ્મને પ્રાપ્ત કરનાર જીવના સ્વરૂપને પ્રગટ કરવું; (૩) હૃદયત્વ; (૪) નિયામકત્વ.

૨. **रूढ्या-उपपत्त्या च** - રૂઢિ અને ઉપપત્તિ, જ્યોતિઃ શબ્દ તેજના અર્થમાં રૂઢ છે. આ શરીરમાંથી ઊઠીને ઇત્યાદિમાં યુક્તિ દર્શાવેલી છે.

૩. **सर्वत्र दर्शनं न्याय इति यावत्** - બ્રહ્મના પ્રકરણમાં સર્વત્ર બ્રહ્મવાચક પદ દેખાય છે. અહીં એવો ન્યાય છે કે બ્રહ્મના પ્રકરણમાં બ્રહ્મને સ્થાને ગમે તે શબ્દ વપરાયો હોય તો પણ તે શબ્દ બ્રહ્મનો જ વાચક છે.

आकाशोऽर्थान्तरत्वादिव्यपदेशात् ॥४१॥ (१.३.१२.)

'आकाशो वै नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद् ब्रह्मे'ति श्रूयते। तत्राकाशशब्दे सन्देहो भूताकाशः परमात्मा वेति। नामरूपनिर्वाहमात्रत्वमवकाशदानाद् भूताकाशस्यापि भवतीति न ब्रह्मपरत्वमन्यस्य च नियामकस्याभावादित्येवं प्राप्ते, उच्यते।

आकाशः परमात्मा। अर्थान्तरत्वादिव्यपदेशात्। यद् भूताकाशस्य प्रयोजनं श्रुतिसिद्धं तस्मादन्यस्य व्यपदेशः कार्यान्तरादिव्यपदेशश्च। यत्रैव हि सिद्धवत्कारेणोत्कृष्टधर्मा अतदीयास्तदेव ब्रह्मेति। नापि नामरूपनिर्वाह आकाशस्य माहात्म्यहेतुर्भवति। वै निश्चयेनेति सिद्धवत्कारान्नोपासनापरत्वम्। निर्वाहस्य ब्रह्मधर्मत्वं न श्रुत्यन्तरसिद्धमिति विचारः। अर्थापत्तिसूचकस्त्वयमेव न्याय इति। तस्माद् यत्रैवातद्धर्मकथनमन्यवाच्यस्य तत्रैव ब्रह्मपरत्वमिति सिद्धम् ॥४१॥

॥ इति द्वादशमर्थान्तराधिकरणम् ॥१२॥

અધિકરણ-૧૨

અર્થાન્તરાધિકરણ

સૂત્ર ૧.૩.૪૧

સૂત્ર-૪૧ : આકાશ (બ્રહ્મ) છે, કારણ કે બીજા પ્રયોજન વગેરેનો ઉલ્લેખ છે. (૧.૩.૪૧)

''આકાશ નામ અને રૂપનો નિર્વાહ કરે છે, તે જેની અંદર હોય તે બ્રહ્મ.'' (છા. ૮.૧૪.૧) એવી શ્રુતિ છે. ત્યાં આકાશ શબ્દમાં સંદેહ છે: ભૂતાકાશ છે કે પરમાત્મા છે. ભૂતાકાશ અવકાશ આપે છે તેથી નામરૂપનો નિર્વાહમાત્ર ભૂતાકાશને પણ હોઈ શકે છે. વળી બીજા નિયામકનો અભાવ છે એ પણ કારણ છે. આવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે. આકાશ પરમાત્મા છે, કારણ કે બીજા પ્રયોજન વગેરેનો ઉલ્લેખ છે. ભૂતાકાશનું જે પ્રયોજન[1] શ્રુતિમાં સિદ્ધ છે તેનાથી જુદાનો, અન્ય કાર્યનો વ્યપદેશ છે. જ્યાં સિદ્ધરૂપે ઉત્કૃષ્ટના ધર્મો તેને લાગુ પડતા ન હોય (ત્યાં) તે જ બ્રહ્મ છે. નામરૂપનો નિર્વાહ આકાશના માહાત્મ્યનો હેતુ નથી. વૈ એટલે નિશ્ચિત રીતે એમ સિદ્ધરૂપે વર્ણન હોવાથી (આ વાક્ય) ઉપાસના માટે નથી. નિર્વાહ બ્રહ્મનો ધર્મ છે એ બીજા કોઈ શ્રુતિવાક્યમાં સિદ્ધ ન હોવાથી વિચાર કરેલો છે.[2] અર્થાપત્તિસૂચક[3] આ જ ન્યાય છે. તેથી જ્યાં બ્રહ્મ સિવાય અન્યમાં યોગ્ય ન હોય એવા ધર્મો કહેલા હોય ત્યાં જ તે બ્રહ્મવિષયક છે એમ સમજવું.

ટિપ્પણ

૧. यद् भूताकाशस्य प्रयोजनम् - શ્રુતિમાં આકાશનું વાયુ ઉત્પન્ન કરવાનું કાર્ય પ્રસિદ્ધ છે. તૈત્તિરીયમાં કહ્યું છે - आकाशाद्वायुः। પ્રસ્તુત વાક્યમાં

વાયુની ઉત્પત્તિને બદલે નામરૂપના નિર્વાહનું પ્રયોજન કહ્યું છે, તેથી આકાશ બ્રહ્મ છે.

૨. न श्रुत्यन्तरसिद्धम् - બ્ર. સૂ. ૧.૧.માં तद्धर्माधिकरण (સૂ. ૧૯-૨૦) અને तल्लिङ्गाधिकरण (સૂ. ૨૧)માં અનુક્રમે અંદર રહેલા ધર્મો અને આકાશની વાત કરેલી જ છે; આમ છતાં નામરૂપનો નિર્વાહ બીજા કોઈ શ્રુતિવાક્યમાં સિદ્ધ ન હોવાથી અહીં સ્વતંત્ર અધિકરણ રચેલું છે.

૩. **अर्थापत्तिसूचकस्त्वयमेव** न्यायः - નામરૂપનો નિર્વાહ એ બ્રહ્મનો ધર્મ છે. જો વિષયવાક્ય બ્રહ્મનું ન હોય તો નિર્વાહનો ધર્મ પણ બ્રહ્મનો હોઈ ન શકે; પણ એ બ્રહ્મનો ધર્મ છે એટલે વાક્ય બ્રહ્મનું છે એમ અર્થાપત્તિથી સમજાય છે.

सुषुप्त्युत्क्रान्त्योर्भेदेन ॥४२॥ (१.३.१३.)

बृहदारण्यके ज्योतिर्ब्राह्मणे 'याज्ञवल्क्य किंज्योतिरयं पुरुष' इत्यारभ्य 'अभयं ह वै भवति, य एवं वेदे'त्यन्ते सन्देहः । किं ब्रह्मवाक्यमेतदुत जीवस्येति । जीवस्य ब्रह्मत्वप्रतिपादने जीवावाक्यत्वम् । स्वातत्र्येण ब्रह्मण एव ज्ञानकर्मत्वे ब्रह्मवाक्यत्वमिति । यद्यप्यर्थज्ञाने न सन्देहस्तथापि नियामकं हेतुमाह भेदेनेति । तस्यायमर्थः । 'किंज्योतिरयं जीव' इतिप्रश्ने सूर्यचन्द्राग्निवाङ्निराकरणानन्तरं 'आत्मज्योतिः' आत्मा भगवानेवास्य ज्योतिरित्युत्तरानन्तरं 'कतम आत्मे'ति प्रश्ने 'योयं विज्ञानमयो ज्ञानरूप इन्द्रियेषु हृदि च प्रकाशमान' इत्युत्तरे जीवोप्येतादृश इति तन्निराकरणार्थं 'स समानः सन्' जीवतुल्यः सन् 'क्रीडती'त्याह । तस्योभयधर्मा अप्युच्यन्ते क्रियामात्रस्य तन्मूलत्वाय । तत्र हि चत्वारि स्थानानि । अयं लोकः परो लोकः स्वप्न इति त्रयं जीवस्य समानतया अनुभवति । तत्र स्वप्नस्य मिथ्यात्वाद् द्वयमेव । सुषुप्तञ्च चतुर्थं, जीवस्य तु मोक्षोपि । तत्रास्मिंल्लोके जीवस्यानीशित्वं प्रत्यक्षसिद्धम् । मोक्षे त्वैक्यं, स्वप्नस्तु माया, अतःपरं द्वयमवशिष्यते । **तत्र श्रुत्यैव भेदः प्रतिपादितः ॥**

तत्र भगवतो जीवसाम्येन्तःकरणेन्द्रियधर्माः प्राप्नुवन्तीति । तत्रानुकरणमाह 'ध्यायतीव लेलायतीवे'ति ॥

बुद्धिसहितः स्वयमेव स्वप्नो भूत्वा जागरणानुसन्धानं न करोति । एवं जाग्रत्स्वापौ ब्रह्मणो लोकद्वयम् । जीवस्य स्थानत्रयमाह । 'स वा अय'मिति कण्डिकाद्वयेन, 'स' इति पूर्वप्रक्रान्तो जीवः, जीवस्य शरीरेन्द्रियाणां दुःखदातृत्वमेव । 'अथे'ति भगवच्चरित्रम् । स तु स्वस्यानन्दं जीवस्य दुःखं च पश्यति ।

भेदो'थ'शब्दात् । जीवस्यानीशित्वात् येन प्रकारेणायं जीवः परलोके गच्छति तमुपायं भगवानेव करोति । 'अथो खल्वि'ति भगवतो न जागरितस्वप्नभेदोस्तीति पक्षः । 'परं स्वयञ्ज्योति'ष्ट्वं तत्र स्पष्टं, एतावद्दूरे भगवच्चरित्रमङ्गीकृत्य जीवविमोक्षार्थं प्रश्नः । 'स वा एष' इति जीववाक्यं, तस्य सहजः सङ्गो नास्तीति स्वप्नसङ्गाभावं प्रत्यक्षतः प्रदर्शयन्नसङ्गत्वमाह । तावतापि जागरणावस्थायामसङ्गत्वज्ञानाय पुनः प्रश्नः । तत्र मत्स्यदृष्टान्तोवस्थाभेदज्ञानाय

क्रियाज्ञानप्रधानः । श्येनसुपर्णदृष्टान्तस्तु सुषुप्तौ भगवत्स्वरूपप्राप्तयेवस्थान्तः । 'यत्रे'ति च भगवान् । पञ्चवर्णनाडीकृत एवास्य क्लेशो भगवत्कृत एवानन्द इति स्वप्नानन्दो भगवद्रूपः परमो लोकः । सुषुप्तिस्वकामरूपो भगवान् । अत्र ज्ञानाभावादुभयोः स्पष्टतयैव भेदनिर्देशः 'शारीरः प्राज्ञ' इति । नाड्याच्छादनाभावो'तिच्छन्दः,' तत्र भगवत्स्वरूपं गतस्य बाह्येन्द्रियधर्माभावमाह 'विजानीयादि'त्यन्तेन । बाह्येन्द्रियाणां 'सलिल'त्वमिति पूर्वोपपत्तिः ।

'एष ब्रह्मलोक' इत्यारभ्या'नुशशासैतदमृत'मित्यन्तेनानन्दरूपो भगवान् प्रतिपादितः फलत्वाय । एतावतोभयासङ्ग प्रतिपादितः । तस्यानुभवारूढत्वाय पुनः प्रश्नः । दर्शनादर्शनावापोद्वापाभ्यां सिद्ध'मसङ्गो ह्ययं पुरुष' इति । एवं जीवं सुषुप्तौ भगवन्तं च ज्ञात्वा मोक्षोपायं पृच्छति । तत्र याज्ञवल्क्यस्य भयं जातं सुबुद्धिरयं निर्बनन्धेनापि सर्वं ज्ञास्यतीति जीवब्रह्मधर्मानेकीकृत्य जीवोपक्रमेण ब्रह्मोपसंहारेणाह । तत्र 'स यत्रे'ति जीवस्य मूर्च्छोपतापावस्था, 'तद्यथा अन' इति मरणावस्था । तत्र भगवानेवैनं लोकान्तरे नयति 'तद्यथा राजान'मिति भगवतः सन्माननं, 'एवंविद'मिति वचनात् । जीवस्तु नैवंवित् । सिद्धिवद्वचनात् न ज्ञानविधिः वाक्यभेदप्रसङ्गाच्च । 'स यत्रे'ति जीवे मोहोधिकः। 'अथैनमेते प्राणा' इति भगवच्चरित्रं 'सम्पद्यत' इत्यन्तेन । श्लोके 'तद्' ब्रह्म 'अस्य' जीवस्य 'अकामयमानस्य' भगवतः स्वरूपं पूर्वमेवोक्तमनुवदति । भगवन्निर्गमने प्राणानां निर्गमनात् । तस्य चेच्छाधीनत्वात् । तदभावे इन्द्रियाणि सुषुप्तौ तत्रैव 'समवलीयन्ते,' 'ब्रह्मैव सन्' कूटस्थः सन्, 'अपिः' समुच्चये, सह स्थिते जीवे ब्रह्माविर्भवतीत्यर्थः । जीवे ब्रह्माविर्भावो न सङ्गत इति तत्प्रतिपादनार्थं श्लोकः । जीवोपदेशप्रकारणाभावेन सिद्धवद्वचनान्न जीवन्मुक्तावस्था, नाप्यसम्प्रज्ञातसमाधिः । मतान्तरत्वात् । ब्रह्मप्रकरणत्वान्न जीवस्य सद्योमुक्तिः फलम् । उत्क्रमण एव ब्राह्मणस्याप्युक्तत्वात् । 'तद्यथे'ति सुषुप्तशरीरं, 'अनस्थिक' इत्यादि 'सम्राडि'त्यन्तमुपसंहारः ॥

श्लोकास्त्रयोदश सर्वनिर्धारकाः । आद्यो ब्रह्मविद्रतेः । 'एष' इति सुषुप्तौ नाडीत्वात् पञ्चवर्णाः, 'अन्धन्तम' इति द्वाभ्यामनेवंविदो निन्दा । 'तदेव सन्त' इति बुद्धिमतां वचनम् । 'आत्मान'मिति वैराग्यं, 'यस्यानुवित्ति'रिति नवभिर्भगवत्स्तुतिस्ताद्विज्ञानञ्च । पुनरेतदेव स्पष्टतयोपदिशति 'स वा अयमात्मे'त्यादि 'अभयं वै जनक प्राप्तोसी'त्यन्तम् । काण्वानां क्वचित् पाठभेदस्ययमेवार्थः । अत्र प्रकरणे जीवो वाच्य इति प्राप्ते अभिधीयते । ब्रह्मैव प्रकराणार्थः । सुषुप्तौ उत्क्रमणे च जीवब्रह्मणोर्भेदेन व्यपदेशात् । आकाशवद् ब्रह्मनिर्धार एव युक्तः ॥४२॥

पत्यादिशब्देभ्यः ॥४३॥

किञ्च, 'सर्वस्य वशी'त्यादिशब्देभ्यः स्पष्टमेव ब्रह्मप्रकरणमिति ॥४३॥

॥ इति त्रयोदशं सुषुप्त्युत्क्रान्त्यधिकरणम् ॥१३॥

इति प्रथमेऽध्याये तृतीयः पादः ॥

અધિકરણ-૧૩

સુષુપ્ત્યુત્ક્રાન્ત્યધિકરણ

સૂત્રો ૧.૩.૪૨-૪૩

સૂત્ર-૪૨ : સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં ભેદથી (કહ્યું) હોવાથી (આ પ્રકરણ બ્રહ્મનું છે.) (૧.૩.૪૨)

બૃહદારણ્યક ઉપનિષદ્‌ના જ્યોતિર્બ્રાહ્મણમાં "યાજ્ઞવલ્ક્ય, આ પુરુષની કઈ જ્યોતિ છે ?" (બૃ. ૪.૩.૨) એમ આરંભ કરીને "જે આમ જાણે છે તે ખરેખર અભયરૂપ બ્રહ્મ થાય છે" (બૃ. ૪.૪.૨૫) એમ (શારીરબ્રાહ્મણને) અંતે (કહ્યું છે; તેમાં) સંદેહ છે ? શું આ બ્રહ્મનું વાક્ય છે કે જીવનું વાક્ય છે ? જીવ બ્રહ્મ છે એવા પ્રતિપાદનમાં આ જીવવાક્ય છે. જો સ્વતંત્ર રીતે બ્રહ્મને જ જ્ઞાનનું કર્મ ગણો તો બ્રહ્મવાક્ય છે. જો કે અર્થજ્ઞાન થતાં સંદેહ નથી રહેતો છતાં નિયામક હેતુ કહે છે : ભેદથી.[1] તેનો આ અર્થ છે. "આ જીવની કઈ જ્યોતિ છે ?" (બૃ. ૪.૩.૨) એવો પ્રશ્ન થતાં સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને વાણીનું નિરાકરણ કર્યા પછી "આત્મારૂપી જ્યોતિવાળો છે. આત્મા, ભગવાન જ એની જ્યોતિ છે." એવો ઉત્તર આપ્યો. "આત્મા કયો છે ?" એ પ્રશ્ન થતાં "જે આ વિજ્ઞાનમય, જ્ઞાનરૂપ છે, ઇન્દ્રિયો અને હૃદયમાં પ્રકાશે છે તે" (બૃ. ૪.૩.૭) એવો ઉત્તર આપ્યો. જીવ પણ એવો જ છે એવા (મતનું) નિરાકરણ કરવા માટે કહે છે – "તે સમાન અર્થાત્ જીવતુલ્ય થઈ ક્રીડા કરે છે." (બૃ. ૪.૩.૭) ક્રિયામાત્રનું તે મૂલ છે તેથી તેના (બ્રહ્મના) બન્ને પ્રકારના (બ્રહ્મ અને જીવ બન્ને) ધર્મો કહેવાયા છે. તેમાં ચાર સ્થાનો છે–[2] આ લોક, પરલોક અને સ્વપ્ન એ ત્રણને (બ્રહ્મ) જીવની સમાનતાથી અનુભવે છે. તેમાં સ્વપ્ન મિથ્યા હોવાથી બે જ સ્થાનો છે. સુષુપ્તિ ચોથું (સ્થાન છે). જીવને મોક્ષ પણ (પાંચમું) સ્થાન છે. તેમાં આ લોકમાં જીવની અનીશતા પ્રત્યક્ષ દ્વારા સિદ્ધ છે. મોક્ષમાં ઐક્ય છે, અને સ્વપ્ન માયા છે. એટલે બે બાકી રહે છે. તેમાં શ્રુતિથી જ ભેદનું પ્રતિપાદન કરેલું છે.[3]

તેમાં ભગવાન જીવની સમાનતાને પ્રાપ્ત કરતાં અન્તઃકરણ અને ઇન્દ્રિયના ધર્મો પ્રાપ્ત થાય છે; એટલે ત્યાં અનુકરણ કહે છે – "જાણે ધ્યાન ધરે છે, જાણે કે ચલિત થાય છે." (બૃ. ૪.૩.૭)[4]

બુદ્ધિસહિત ભગવાન જાતે જ સ્વપ્ન થઈને જાગ્રત અવસ્થાનું અનુસન્ધાન કરતા નથી.[5] આમ જાગ્રત અને સ્વપ્ન બ્રહ્મનાં બે સ્થાનો છે. "તે આ (પુરુષ)" (બૃ. ૪.૩.૮)[6] એમ બે કંડિકાઓથી જીવનાં ત્રણ સ્થાનો કહે છે. "તે" એટલે આગલા વાક્યમાં કહેલો જીવ. જીવનાં શરીર અને ઇન્દ્રિયો દુઃખ આપનાર જ છે. અથ એ વાક્ય ભગવાનનું ચરિત્ર વર્ણવે છે.[7] તે પોતાનો આનન્દ અને જીવનું દુઃખ જુએ છે.

અથ શબ્દ ભેદ (દર્શાવે છે). જીવ અનીશ હોવાથી જે પ્રકારે આ જીવ પરલોકમાં જાય તે ઉપાય ભગવાન જ કરે છે.[૮] "હવે ખરેખર" (બૃ. ૪.૩.૧૪) એ વાક્ય બતાવે છે કે ભગવાનને જાગ્રત્ અને સ્વપ્નનો ભેદ નથી એ પક્ષ(નું નિરૂપણ) છે.[૯] પણ સ્વયંજ્યોતિષ્ટ્વ તેમાં (ભગવાનને સ્વપ્ન છે એ મતમાં) સ્પષ્ટ છે. આટલે સુધી[૧૦] ભગવાનનું ચરિત્ર સ્વીકારીને જીવના મોક્ષ માટે પ્રશ્ન છે. "તે ખરેખર આ" (બૃ. ૪.૩.૧૬)[૧૧] એ જીવવિષયક વાક્ય છે. તેને સહજ સંગ નથી એટલે સ્વપ્નમાં સંગનો અભાવ પ્રત્યક્ષ બતાવતાં અસંગત્વ કહે છે. આ પછી પણ જાગ્રત અવસ્થામાં અસંગત્વના જ્ઞાન માટે ફરી પ્રશ્ન કરેલો છે. મત્સ્યદૃષ્ટાન્ત[૧૨] અવસ્થાથી ભેદ દર્શાવવા મતે છે અને ક્રિયાનું જ્ઞાન (તેમાં) પ્રધાન છે. શ્યેનસુપર્ણનું દૃષ્ટાન્ત સુષુપ્તિમાં ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ માટેની અવસ્થામાં છે. 'જ્યાં' (બૃ. ૪.૩.૧૯) એટલે ભગવાન[૧૩]. પાંચ રંગની નાડીઓને લીધે એને (જીવને) ક્લેશ પ્રાપ્ત થાય છે.[૧૪] તથા ભગવાનથી જ આનન્દ મળે છે એમ સ્વપ્નનો આનન્દ પરમલોક છે. સુષુપ્તિ તો કામનારહિત ભગવાન છે. અહીં જ્ઞાનના અભાવને લીધે સ્પષ્ટ રીતે ભેદ બતાવ્યો છે.[૧૫] "શારીર, પ્રાજ્ઞ." (બૃ. ૪.૩.૨૧) નાડીના આચ્છાદનનો અભાવ તે અતિચ્છન્દ.[૧૬] તેમાં ભગવત્સ્વરૂપ પામેલાને ઇન્દ્રિયધર્મોનો અભાવ છે એમ "તે જાણ." (બૃ. ૪.૩.૩૧) સુધીનાં વાક્યોથી કહે છે. બાહ્યેન્દ્રિયો જલરૂપ છે એમ પૂર્વે કહેલું છે તેની યુક્તિ છે.

"આ બ્રહ્મલોક" (બૃ. ૪.૩.૩૨)થી આરંભીને "એ અમૃતનું અનુશાસન કર્યું." (બૃ. ૪.૩.૩૩) સુધી આનન્દરૂપ ભગવાનનું ફલત્વ જણાવ્યું છે. આટલાથી બન્ને (જાગ્રત અને સુષુપ્તિ)માં અસંગનું પ્રતિપાદન છે. તેના અનુભવારૂઢત્વ માટે ફરીથી પ્રશ્ન કરેલો છે.[૧૭] દર્શનથી ગ્રહણ અને અદર્શનથી ત્યાગ એ બેને લીધે "આ પુરુષ અસંગ છે" (બૃ. ૪.૩.૧૫) એમ સિદ્ધ થાય છે.[૧૮] આમ જીવ અને ભગવાન વિશે જાણીને મોક્ષનો ઉપાય પૂછે છે. ત્યાં યાજ્ઞવલ્ક્યને ભય ઉત્પન્ન થાય છે કે આ બુદ્ધિમાન આગ્રહપૂર્વક બધું જાણી લેશે. એટલે જીવ અને બ્રહ્મના ધર્મો ભેગા કરીને જીવથી ઉપક્રમ અને બ્રહ્મથી ઉપસંહાર કરીને કહે છે. તેમાં "તે જ્યાં." (બૃ. ૪.૩.૩૬) એ દ્વારા જીવની મૂર્ચ્છા અને ઉપતાપની અવસ્થા (વર્ણવે છે) "તો જેમ ગાડું"[૧૯] (બૃ. ૪.૩.૩૫) થી મરણની અવસ્થા (વર્ણવે છે) તેમાં ભગવાન જ એને લોકાન્તરમાં લઈ જાય છે એટલે "જેમ રાજાને" એ વાક્ય (બૃ. ૪.૩.૩૭)[૨૦]થી ભગવાનનું સન્માન કરે છે. "એમ જાણનારને" એવાં વચનથી. જીવ એમ જાણનાર હોતો નથી. સિદ્ધવત્ વચન હોવાથી જ્ઞાનવિધિ નથી, કારણ કે વાક્યભેદનો પ્રસંગ આવે.[૨૧] "તે જ્યાં" (બૃ. ૪.૩.૧) એ વાક્યમાં જીવનો મોહ વધારાનો છે. "હવે એને પ્રાણો" (બૃ. ૪.૪.૧)થી "પામે છે." (બૃ. ૪.૪.૫) સુધી ભગવાનનું ચરિત્ર છે. શ્લોકમાં

(બૃ. ૪.૪.૬) 'તે' એટલે બ્રહ્મ 'એનું' એટલે જીવનું કામનારહિત (દશામાં) ભગવત્સ્વરૂપ (જે) પહેલાં જ કહેલું છે (તેનો) અનુવાદ કરે છે. ભગવાન પાસેથી જીવનું નિર્ગમન થતાં પ્રાણોનું નિર્ગમન થાય છે, તે ઇચ્છાને આધીન હોય છે તેથી તેના (ઇચ્છાના) અભાવમાં ઇન્દ્રિયો સુષુપ્તિ દશામાં ત્યાં જ લય પામે છે. બ્રહ્મ હોતાં (બૃ. ૪.૪.૬) અર્થાત્ કૂટસ્થ હોતાં. अपि સમુચ્ચયના અર્થમાં છે. સાથે રહેલા જીવમાં બ્રહ્મનો આવિર્ભાવ થાય છે એવો અર્થ છે. જીવમાં બ્રહ્મનો આવિર્ભાવ અસંગત છે તેથી તેના પ્રતિપાદન માટેનો શ્લોક (બૃ. ૪.૪.૭) છે. જીવના ઉપદેશના પ્રકરણનો અભાવ છે અને સિદ્ધવત્ વચન હોવાથી જીવન્મુક્ત અવસ્થા કહેલી નથી. (વળી) આ અસંપ્રજ્ઞાત સમાધિ પણ નથી, કારણ કે એ અન્ય (યોગનો) મત છે. બ્રહ્મપ્રકરણ હોવાથી જીવની સદ્યોમુક્તિરૂપ ફલ નથી. ઉત્ક્રમણમાં જ (સદ્યોમુક્તિ) છે એમ (શારીર) બ્રાહ્મણ (બૃ. ૪.૩.૩૫)માં કહ્યું છે. ''તે જેમ.'' (બૃ. ૪.૪.૭) એ સુષુપ્ત શરીર(નું વર્ણન) છે. ''સ્થૂલ શરીરરહિત'' (બૃ. ૪.૪.૭)થી ''સમ્રાટ્'' સુધી ઉપસંહાર છે.

અહીં તેર શ્લોકો સર્વનો નિર્ણય કરનારા છે. પહેલો શ્લોક બ્રહ્મવેત્તાની ગતિ વર્ણવે છે. ''આ'' એ બીજો શ્લોક સુષુપ્તિમાં નાડીરૂપે પાંચ વર્ણોનું નિરૂપણ કરે છે. ''ઘોર અંધકાર'' એમ બેથી આમ ન જાણનારની નિન્દા છે. ''તે જ હોતાં'' એમાં બુદ્ધિમાનો વિશેનું વચન છે. ''આત્માને'' એ શ્લોક વૈરાગ્ય વર્ણવે છે. ''જેની આત્મપ્રાપ્તિ'' વગેરે નવ[૨૨] શ્લોકોમાં બ્રહ્મની સ્તુતિ અને વિજ્ઞાન છે. ફરીથી આનો જ સ્પષ્ટ ઉપદેશ આપે છે. ''તે આ આત્મા'' (બૃ. ૪.૪.૨૨)થી ''જનક, તેં અભય પ્રાપ્ત કર્યો.'' (બૃ. ૪.૪.૨૩) સુધી. કાણ્વ શાખામાં ક્યાંક પાઠભેદ હોવા છતાં આજ અર્થ છે.

અહીં પ્રકરણમાં જીવ વાચ્ય છે એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે. બ્રહ્મ જ પ્રકરણનો અર્થ છે, કારણ કે સુષુપ્તિ અને ઉત્ક્રમણમાં જીવ અને બ્રહ્મનો ભેદ કહેલો છે.[૨૩] આકાશ (છા. ૧.૯.૧.; બ્ર. સૂ. ૧.૧.૨૧)ની માફક બ્રહ્મનો નિર્ણય કરવો જ યોગ્ય છે.

સૂત્ર-૪૩ : પતિ વગેરે શબ્દોને લીધે. (૧.૩.૪૩)

વળી ''સર્વને વશ કરનાર'' (બૃ. ૪.૪.૨૨) વગેરે શબ્દોથી આ બ્રહ્મનું પ્રકરણ છે એમ સ્પષ્ટ થાય છે.

ટિપ્પણ

૧. **यद्यप्यर्थज्ञाने...** - જ્યોતિર્બ્રાહ્મણ અને શારીરબ્રાહ્મણ બન્નેના ખરા અર્થનું જ્ઞાન થાય ત્યારે કોઈ સંદેહ રહેતો નથી. છતાં પ્રકરણના તાત્પર્યનો નિર્ણય કરનાર હેતુ કહે છે - **भेदेन**. અહીં આગલા સૂત્રમાંથી व्यपदेशात् ની અનુવૃત્તિ ગણતાં भेदेन व्यपदेशात् - ભેદથી કહ્યો હોવાથી એમ સમજવાનું છે.

૨. **तत्र हि चत्वारि स्थानानि** - આ લોક, પરલોક, સ્વપ્ન અને સુષુપ્તિ એ ચાર બ્રહ્મની ક્રીડામાં સ્થાનો છે. તેમાં પહેલા ત્રણ જીવની સમાનતાથી બ્રહ્મ અનુભવે છે. શ્રુતિ કહે છે - समानः सन् उभौ लोकौ संचरति । એમાં સ્વપ્ન મિથ્યા હોવાથી द्वे एव स्थाने भवतः (બૃ. ૪.૩.૯) એમ બે સ્થાનોનું જ નિરૂપણ છે. સુષુપ્તિ અવસ્થા બ્રહ્મની ક્રીડાનું ચોથું સ્થાન છે. બૃ. ૪.૩.૧૫માં કહ્યું છે - स वा एष एतस्मिन् रत्वा चरित्वा...। આ ચાર ઉપરાંત एषोऽस्य परमो लोकः (બૃ. ૪.૩.૨૦) મોક્ષાવસ્થા બતાવે છે. તેથી તે જીવનું પાંચમું સ્થાન છે.

૩. **तत्रास्मिंल्लोके...** - ઉપર પાંચ સ્થાનોની વાત કરી. બ્રહ્મ જીવની સમાનતાથી અનુભવ કરે છે એમ કહ્યું. સમાનતા ત્યારે જ થાય જો સમાન વસ્તુઓ વચ્ચે ભેદ હોય. આ લોકમાં જીવની અનીશતા પ્રત્યક્ષસિદ્ધ હોવાથી ભેદ કહ્યો નથી. મોક્ષાવસ્થામાં ઐક્ય છે. ब्रह्मैव सन् ब्रह्माप्येति એ વાક્ય સ્પષ્ટ રીતે અભેદપ્રતીતિ જણાવે છે. એટલે એમાં પણ ભેદ કહ્યો નથી. સ્વપ્ન માયા છે, મિથ્યા છે એટલે ભેદ બતાવવાનો પ્રશ્ન જ નથી. એટલે સુષુપ્તિ અને પરલોક એ બે સ્થાનો બાકી રહે છે, જેમાં શ્રુતિ ભેદ કહે છે.

૪. **तत्रानुकरणमाह** - ભગવાન લીલા કરતાં જીવનું અનુકરણ કરે છે. પુરાણોમાં અવતારવર્ણનોમાં એ પ્રસિદ્ધ છે.

૫. **बुद्धिसहितः स्वयमेव..** - બૃ. ૪.૩.૭માં વાક્ય છે : सधीः स्वप्नो भूत्वा इमं लोकमतिक्रामति । કેટલાકને મતે स हि स्वप्नो भूत्वा એવું પાઠાન્તર છે. એમાં જાગ્રત અવસ્થાનું અનુસન્ધાન એટલે કે ઇન્દ્રિયો દ્વારા વિષયોનું ગ્રહણ ભગવાન કરતા નથી, કારણ કે એ સ્વતંત્ર છે.

૬. **स वा अयमिति..** - બૃ. ૪.૩.૮માં કહ્યું છે स वा अयं पुरुषः । અને પછી ૪.૩.૯ કહે છે - तस्य वा एतस्य पुरुषस्य । અહીં જીવનાં ત્રણ સ્થાન કહ્યાં છે, આ લોક, પરલોક અને સ્વપ્ન. આખું વાક્ય આ પ્રમાણે છે - तस्य वा एतस्य पुरुषस्य द्वे एव स्थाने भवतः इदं च परलोकस्थानं संध्यं तृतीयं स्वप्नस्थानं तस्मिन्संध्ये स्थाने तिष्ठन्नुभे स्थाने पश्यतीदं च परलोकस्थानं चेति ।

૭. **अथेति भगवच्चरित्रम्** - अथ થી આરંભાતું વાક્ય આ પ્રમાણે છે - अथ यथाक्रमोऽयं परलोकस्थाने भवति तमाक्रममाक्रम्योभयान् पाप्मन आनन्दांश्च पश्यति सः । (બૃ. ૪.૩.૯) આમ ભગવાન જીવોનું દુઃખ - पाप्मनः અને પોતાનો આનન્દ - आनन्दांश्च જુએ છે.

૮. **भेदोऽथशब्दात्** - अथ यथाक्रमोऽयं.. ઇત્યાદિ વાક્યમાં આવેલો अथ શબ્દ બતાવે છે કે પહેલાં આવેલા જીવપ્રકરણથી આ બ્રહ્મપ્રકરણ જુદું છે. બ્રહ્મ ઇશ, સ્વતંત્ર અને નિયામક છે તો જીવ અનીશ, પરતંત્ર અને નિયમ્ય છે. આમ જીવ પરલોકમાં જાય તે માટેના ઉપાય ભગવાન જ કરે છે. આ ભગવાનની બીજી ક્રીડા છે, તે પરલોકમાં છે.

૯. **अथो खल्विति...** - પુરુષોત્તમજી માને છે કે અહીં ખરેખર બે પક્ષો છે : ભગવાનને સ્વપ્ન છે, અને નથી. यत्रायं प्रस्वपित्यस्य लोकस्य सर्वावतो मात्रामुपादाय स्वयं विहत्य स्वयं निर्माय स्वेन भासा स्वेन ज्योतिषा प्रस्वपित्यत्रायं पुरुषः स्वयं ज्योतिर्भवति । (બૃ. ૪.૩.૯) થી શરૂ કરીને दुर्भिषज्यं हास्मै भवति यमेष न प्रतिपद्यते । (બૃ. ૪.૩.૧૪) સુધીનાં વાક્યોમાં ભગવાનને સ્વપ્ન હોય છે એમ સ્વીકારીને ભગવાનની સ્વપ્નક્રીડાનું વર્ણન છે. અને આ દૃષ્ટિએ ભગવાનનું સ્વયંપ્રકાશત્વ અર્થાત્ સ્વયંજ્યોતિષ્ટ્વ સિદ્ધ કરેલું છે. આ પછી બીજો પક્ષ अथो खलु... એ વાક્યમાં છે. આખું વાક્ય આવું છે - **अथो खल्वाहुः** जागरितदेश एव अस्यैष इति यान्येव जाग्रत्पश्यति तानि सुप्त इति । (બૃ. ૪.૩.૧૪) અહીં પણ ભગવાનનું સ્વયંજ્યોતિષ્ટ્વ સિદ્ધ થાય છે, પણ આગલા પક્ષમાં જેટલી સ્પષ્ટતાથી એ સિદ્ધ થાય છે તેટલી સ્પષ્ટતા આ પક્ષમાં નથી. પહેલો પક્ષ આચાર્યશ્રીએ કહ્યો જ નથી એ ખાસ નોંધપાત્ર છે.

૧૦. **एतावद्दूरे..** - स समानः सन् (બૃ. ૪.૩.૭)થી આરંભીને एवमेवैतद्याज्ञवल्क्य (બૃ. ૪.૩.૧૫) સુધી ભગવાનનું ચરિત્ર છે. એ પછી જીવને મોક્ષ પ્રાપ્તિ થાય એટલા માટે પ્રશ્ન છે : अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि । (બૃ. ૪.૩.૧૪)

૧૧. **स वा एषः** - આખું વાક્ય આ મુજબ છે : स वा एष एतस्मिन्स्वप्नान्ते रत्वा चरित्वा दृष्ट्वैव पुण्यं च पापं च पुनः प्रतिन्यायं प्रतियोन्याद्रवति बुद्धान्तायैव स यदत्र किञ्चित्पश्यति अनन्वागतस्तेन भवत्यसङ्गो ह्ययं पुरुष इति ।

૧૨. **मत्स्यदृष्टान्तः** - ઉપનિષદ્‌માં કહ્યું છે - तद्यथा महामत्स्यः उभे कुले अनुसंचरति पूर्वं चापरं चैवमेवायं पुरुष एतावुभावन्तावनुसंचरति बुद्धान्तं च स्वप्नान्तं च । નદી અને મત્સ્યની ક્રિયાઓ જુદી જુદી છે તેથી નદી મત્સ્યથી જુદી છે; તે જ રીતે જીવ અવસ્થાઓથી ભિન્ન છે. માછલી નદીને બન્ને કાંઠે ફરતી હોય છે તેમ જીવ પણ જાગ્રત્ અને સ્વપ્ન બન્ને અવસ્થાઓમાં વારાફરતી સંચાર કરે છે, અને મત્સ્યને જેમ કોઈ કાંઠા સાથે આસક્તિ નથી તેમ જીવ પણ બન્ને અવસ્થાઓથી ભિન્ન અને અનાસક્ત છે.

૧૩. **श्येनसुपर्णदृष्टान्तस्तु** - શ્યેન-સુપર્ણ દૃષ્ટાન્ત આ વાક્યમાં છે - तद्यथास्मिन्नाकाशे श्येनो वा सुपर्णो वा विपरिपत्य श्रान्तः संहत्य पक्षौ सल्लयायैव ध्रियते एवमेवायं पुरुष एतस्मा अन्ताय धावति यत्र सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यति । ભાષ્યમાં **अवस्थान्त** નો અર્થ જે સ્વપ્નાવસ્થાનો અંત છે તે, અર્થાત્ ભગવાન. જ્યાં - यत्र નો અર્થ પણ ભગવાન જ છે. આમ સુષુપ્તિની અવસ્થામાં પણ ભગવાનનું અસ્તિત્વ છે એમ નિશ્ચિત થાય છે.

૧૪. **पञ्चवर्णनाडीकृत...** - શ્રુતિવાક્ય આ પ્રમાણે છે : ता वा अस्यैता हिता नाम नाड्यो यथा केशः सहस्रधा भिन्नस्तावताणिम्ना तिष्ठति शुक्लस्य नीलस्य पिङ्गलस्य हरितस्य लौहितस्य पूर्णा । अथ यत्रैनं घ्नन्तीव जिनन्तीव हस्तीव विछायति गर्तमिव

पतति यदेव जाग्रद्भयं पश्यति तदत्राविद्यया भयं मन्यते । अथ यत्र देव इव राजेवाहमेवेदं सर्वमस्मीति मन्यते सोऽस्य परमो लोकः । અહીં પાંચ રંગના રસથી ભરેલી નાડીઓ કહી છે : સફેદ, નીલ, પીળો, લીલો અને લાલ. આ નાડીઓને લીધે જીવને સ્વપ્નાવસ્થામાં કલેશકર અનુભવો થાય છે, તેથી જ કહ્યું છેકે અવિદ્યાથી જીવ ભય માને છે. અવિદ્યા સંબંધ દુઃખદ છે તો ભગવાનનો સંબન્ધ આનન્દપ્રદ છે. અહીં પરમ લોક અક્ષરાત્મક સમજવાનો છે.

૧૫. **अत्र ज्ञानाभावादुभयो...** - સુષુપ્તિમાં જીવ અને ભગવાન બન્ને કામનારહિત છે એટલે એ બે સમાન થઈ જાય અર્થાત્ ભેદનું જ્ઞાન ન થાય તેથી શારીર (જીવ) અને પ્રાજ્ઞ (ભગવાન) એમ સ્પષ્ટ રીતે ભેદ બતાવ્યો છે.

૧૬. **नाड्याच्छादनाभावो..** - छादयति इति छन्दः અર્થાત્ નાડી. તેની પાર જનાર તે અતિચ્છન્દ. સુષુપ્તિમાં જીવને નાડીનું આચ્છાદન નથી હોતું. આ અવસ્થામાં ભગવત્સ્વરૂપ પ્રાપ્ત કરનાર જીવને બાહ્ય પદાર્થો, ઇન્દ્રિયો અને એના ધર્મોનો અભાવ હોય છે. મુખ્ય દ્રષ્ટા ભગવાન છે. તે જલરૂપ છે. આથી ભગવત્સ્વરૂપ પામેલા જીવની બાહ્ય ઇન્દ્રિયો પણ જલરૂપ બની જાય છે.

૧૭. **तस्यानुभवारूढत्वाय** - જીવ સુષુપ્તિથી જુદો છે એટલે ઈશ્વરથી પણ જુદો છે. એનો અનુભવ થાય એટલા માટે જનક ફરીથી પ્રશ્ન કરે છે. ગોપેશ્વરજી કહે છે કે વારંવાર કહેવાથી શાસ્ત્રાર્થ હૃદયમાં આરૂઢ થાય છે તેથી ફરી પ્રશ્ન કર્યો છે.

૧૮. **दर्शनादर्शनावापोद्वापाभ्यां...** - સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં જીવ પુણ્ય અને પાપનું દર્શન કરે છે. દર્શનથી તે તે પદાર્થોનું ગ્રહણ થાય છે; તો "હું સુખપૂર્વક ઊંઘ્યો" એમાં અદર્શનને લીધે પદાર્થોનો ત્યાગ છે. આ દર્શાવે છે કે જીવ ખરેખર અસંગ છે.

૧૯. **तद्यथा अनः...** - શ્રુતિવાક્ય આમ છે - तद्यथा अनः सुसमाहितमुत्सर्जद्यायादेवमेवायं शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारूढ उत्सर्जद्याति ।

૨૦. **तद्यथा राजानाम्..** - શ્રુતિવાક્યો આવાં છે - **तथा च** राजानमायान्तमुग्राः प्रत्येनसः सूतग्रामण्योऽन्नैः पानैरावसथैः प्रतिकल्पन्तेऽयमायात्ययमागच्छतीति । इत्येवं हैवंविदं सर्वाणि भूतानि प्रतिकल्पन्ते इदं ब्रह्म आयातीदमागच्छतीति । तद्यथा राजानं प्रयियासन्तमुग्राः प्रत्येनसः सूतग्रामण्य उपसमायान्त्येवं हैवंविदं प्राणा उपसमायान्ति यत्रैतदूर्ध्वोच्छ्वासी भवति ।

૨૧. **वाक्यभेदप्रसंगात्** - एवंविद् = આમ જાણનાર એ વચન **एवंविद् भवेत्** એમ જ્ઞાનવિધિ બતાવે છે એમ કોઈ માને તો તે યોગ્ય નથી; કારણ કે આમ જાણનારની બધા ભૂતો રાહ જુએ છે એમ યોજના કરતાં બે વાક્યોની કલ્પના કરવી પડે. તેને ન્યાયશાસ્ત્રમાં વાક્યભેદનો દોષ કહ્યો છે.

૨૨. **नवभिर्ब्रह्मस्तुतिः** - અહીં શ્લોકોની સંખ્યાની ગણના બંધબેસતી નથી. આરંભમાં તેર શ્લોકોનો ઉલ્લેખ છે. પ્રથમ છ શ્લોકોની વાત કરી છે અને પછી નવ શ્લોકોથી બ્રહ્મની સ્તુતિ કહી છે. આમ કુલ ૧૫ શ્લોકો થાય છે. પણ એ નવની સંખ્યા પણ બંધબેસતી નથી. પ્રો. ગો. હ. ભટ્ટની ગણના મુજબ ૧૪ શ્લોકો છે - ૪.૪.૮,૯,૧૦,૧૧,૧૪,૧૨,૧૩,૧૫,૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૧. ગોપેશ્વરજી જે રીતે હિસાબ કરે છે તેમાં સાત શ્લોકોથી બ્રહ્મસ્તુતિ કરેલી છે. એમાંના બે શ્લોકો છ-છ પાદના હોવાથી કુલ આઠ શ્લોકો થાય છે. વળી प्राणस्य प्राणम् એને એક નહિ પણ બે શ્લોકો ગણતાં નવ શ્લોકો થાય; પણ તો પછી તેરની સંખ્યા સમજાવી શકાતી નથી. પ્રો. ગો. હ. ભટ્ટ એમના અનુવાદમાં 'નવ' લખીને કૌંસમાં પ્રશ્નાર્થ મૂકે છે. મને લાગે છે કે પાઠમાં કોઈ ગરબડ હોઈ શકે.

૨૩. **भेदेन व्यपदेशात्** - શારીર પ્રાજ્ઞથી જોડાયેલો છે અને અન્વારૂઢ થયો છે એમ અનુક્રમે સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં વર્ણન હોવાથી શારીર અને પ્રાજ્ઞનો ભેદ સમજાય છે.

◆

॥ अथ प्रथमेध्याये चतुर्थः पादः ॥

आनुमानिकमप्येकेषामिति चेन्न शरीररूपकविन्यस्तगृहीतेर्दर्शयति च ॥१॥ (१-४-१)

एवं सर्वेषां वेदान्तानां ब्रह्मपरत्वे निर्णीते केचिद्वेदार्थाज्ञानात् क्वचिद्वेदभागे कापिलमतानुसारिपदार्थदर्शनेन तस्यापि वेदमूलकत्वं वदन्ति । तन्निराकरणाय चतुर्थः पाद आरभ्यते । तत्र 'ईक्षतेर्नाशब्द' मिति साङ्ख्यमतमशब्दत्वादिति निवारितम् । वेदेन प्रतिपादितमिति तत्राशङ्कते । आनुमानिकमप्येकेषां, एकेषां शाखिनां शाखासु साङ्ख्यपरिकल्पितप्रकृत्यादिः श्रूयते । ''इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान् परः महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गति-'' रिति काठके श्रूयते । तत्र बुद्धेरात्माहङ्कारः । ततो महान् महत्तत्त्वम् । ततः अव्यक्तं प्रकृतिः । ततः पुरुष इति । नह्यहङ्कारादयः पदार्था ब्रह्मवादे सम्भवन्ति । तस्मादेवञ्जातीयकेषु तन्मतपदार्थानां श्रवणान्मायाप्रकृत्यविद्यादिवादा अपि श्रौता इति चेत्, न । शब्दसाम्यमात्रेण न तन्मतं सिध्यति । ''सन्दिग्धानां पदार्थानां पौर्वापर्येण निर्णयः । न तु सन्दिग्धवाक्येन सर्वव्याकुलतोचिता'' ।

अत्र हि पूर्वं ''आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ।'' तदनु चत्वारि वाक्यानि ''यस्त्वविज्ञानवा-'' नित्यादि, तद''न्विन्द्रियेभ्यः परा'' इति । तत्र पूर्वसम्बन्ध एवार्थ उचितः । तमाह । शरीररूपकविन्यस्तगृहीतेः । शरीरेण रूप्यन्ते ये शरीरेन्द्रियादयस्ते विन्यस्ता यत्र रूपकभावेन रथादिषु तेषामेवात्र गृहीतिर्ग्रहणं, अन्यथा प्रकृतहानाप्रकृतपरिग्रहापत्तिः । ''जीवप्रकरणं ह्येतन्मुक्त्युपायोस्य रूप्यते योग्यं शरीरमारुह्य गच्छेदिति हरेः पदम् ।'' तत्र जीवस्य ब्रह्मप्राप्तौ मुख्यं साधनं शरीरं, स रथः सर्वसामग्रीसहितापराधीनयानत्वात् । रथस्तु हयाधीनः । हयाश्च स्वबुद्ध्यधीनाः । सा च प्रग्रहाधीना । स च सारथ्यधीनः । स च स्वबुद्ध्यधीनः । सा च मार्गाधीना । स च प्राप्याधीन इति । एवं ज्ञात्वा युक्तसामग्रीकस्तद्देशं प्राप्नोति । तत्रेन्द्रियाणामात्मा विषयाः । ते च मनसा सम्यक्त्वेन भावितास्तथा भवन्ति । विरक्तेन्द्रियाणामतथात्वात् । बुद्धरात्मा विज्ञानम् । तद् ब्रह्मविषयकं महद्भवति । ततः परमव्यक्तं न प्रकटं भगवत्कृपैव । सा तु भगवदधीना न साधनान्तराधीना । स च भगवान् स्वाधीन इति । एवमेवार्थस्तस्योचितः । किञ्च । दर्शयति स्वयमेवेममर्थं ''एषु सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभि''रिति । सूक्ष्मयोपनिषदनुसारिण्या बुद्ध्या भगवज्ज्ञाने हि तत्प्राप्तिरिति । चकारात् ''ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तर''मिति स्मृतिर्गृहीता । तस्मात् साधनोपदेशान्न साङ्ख्यमतमिह विवक्षितमिति ॥१॥

सूक्ष्मन्तु तदर्हत्वात् ॥२॥

नन्वव्यक्तशब्देन न भगवत्कृपा वक्तुं शक्या धर्मिप्रवाहादित्याशङ्क्य परिहरति तुशब्दः । सूक्ष्मं तद् ब्रह्मैव । धर्मधर्मिणोरभेदात् । अव्यक्तशब्देन हि सूक्ष्ममुच्यते । तदेव हि सर्वप्रकारेण न व्यज्यते । अर्हत्वात् तदेवार्हं योग्यम् । उभयत्राप्ययं हेतुः । तस्माद्धर्मधर्मिणोरभेदाद्भगवानेव सूक्ष्ममिति तत्कृपैवाव्यक्तवाच्या ॥२॥

तदधीनत्वादर्थवत् ॥३॥

〈ननु धर्मित्वे परत्वमनुपपन्नमन्यथा पूर्वोक्तो दोष इत्यत आह । अभेदेपि कृपायास्तदधीनत्वात् परत्वम् । तत्र दृष्टान्तः । अर्थवत् । अर्थः पुरुषार्थः फलं तद्वत् । ''ब्रह्मविदाप्नोति पर''मित्यत्रैकस्यैव ब्रह्मणः सच्चिद्रूपेण विषयत्वमानन्दरूपेण फलत्वमिति । तथैवाक्षरपुरुषोत्तमविभागोपि । स्वधर्मा अपि स्वाधीनाः स्वयमपि स्वाधीन इति । तथा कृपाविष्टः साधनं आनन्दरूपः फलमिति ।〉

अथवाव्यक्तं सच्चिद्रूपमक्षरमेवास्तु तस्मिन् साति विज्ञानस्य विषयाधीनत्वमर्थः ।

एतेनान्येपि सर्वसंप्लववादिनो निराकृता वेदितव्याः । असम्बद्धाभिलापाच्च ।

अनेकरूढिशब्दानां वाच्यं ब्रह्मैव नापरम् । शाक्तास्तां चेत्तथा ब्रूयुस्ते सन्मार्गाद्बहिः कृताः ॥

तस्मादिन्द्रियेभ्यःपरवाक्ये नानुमानिकं किञ्चिदस्ति ॥३॥

ज्ञेयत्वावचनाच्च ॥४॥

पूर्वापरसम्बन्धेनार्थः प्रतिपादितः । केवलैतद्वाक्यविचारेपि न तदभीष्टं प्रकृतिरूपमव्यक्तं सिध्यतीत्याह । अत्र हि वाक्येव्यक्तं ज्ञेयत्वेन नोक्तम् । तेषान्तु प्रकृतिपुरुषान्तरं ज्ञातव्यम् । न हि सिद्धवन्मात्रनिर्देशे तेषां मते पुरुषार्थः सिध्यति । अपुरुषार्थसाधनत्वे वासम्बद्धार्थवाक्यत्वमेव स्यात् । परत्ववचनञ्चासङ्गतं श्लिष्टत्वादुभयोरिति चकारार्थः । अयं हेतुः पूर्वमुक्तोप्यवसरे स्मारितः । तस्मादव्यक्तं न प्रकृतिः ॥४॥

वदतीति चेन्न प्राज्ञो हि प्रकरणात् ॥५॥

ननु ज्ञेयत्वावचनमसिद्धम् । पूर्वं निर्देशमात्रमुक्त्वाग्रे ज्ञेयत्ववचनात् ''अशब्दमस्पर्शमरूपमव्ययं तथारसं नित्यमगन्धवच्च यत् अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात् प्रमुच्यत'' इति उत्तरवाक्ये वदतीति चेत् । न । प्रकरणस्य नियामकत्वेनैकवाक्यत्वे द्वयोः सर्वैकवाक्यत्वेन प्राज्ञः परमात्मैव निचाय्यः । न तु द्वयोरेवैकवाक्यत्वं वक्तुं शक्यम् । तस्मात् प्रकरणस्य नियामकत्वेशब्दवाक्यमपि भगवत्परमेव ॥५॥

त्रयाणामेव चैवमुपन्यासः प्रश्नश्च ॥६॥

ननु न वयं सर्वमेकं प्रकरणमिति वदामः । कि''न्त्विन्द्रियेभ्यः परा'' इत्यारभ्य ''नाचिकेतमुपाख्यान''मित्यन्तं भिन्नं प्रकरणम् । तत्र प्रथमं पदार्थनिर्देशः, तदनु ''एष सर्वेषु भूते''ष्विति पुरुषज्ञानम् । अत्राशब्दमिति तु प्रकृतिज्ञानम् । तस्मादेतावत्प्रकरणे साङ्ख्यमतनिरूपणादशब्दत्वमसिद्धमित्याशङ्क्य परिहरति ॥

त्रयाणामेवमुपन्यासः प्रश्नश्च । अस्मदुक्तव्याख्याने त्रिप्रकरणत्वं, अन्यथा चतुःप्रकरणत्वं

स्यात् । तृतीया चैषा वल्ली, ''स त्वमग्निं स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि तं श्रद्दधानाय मह्य''मिति प्रश्नः प्रथमः । ''प्रतिब्रवीमि तदु मे निबोध स्वर्ग्यमग्निं नाचिकेत प्रजानन्'' इत्याद्युत्तरम् । ''येयं प्रेते विचिकित्सा मनुष्येस्तीत्येके नायमस्तीति चैके'' इति द्वितीयः प्रश्नः । ''देवैरत्रापी''त्यग्रे उत्तरम् । ''अन्यत्र धर्मादन्यत्राधर्मा''दिति तृतीयः प्रश्नः । ''सर्वे वेदा यत्पदमामनन्ती''त्यादिना उत्तरम् । एवमग्निजीवब्रह्मणां प्रश्नोत्तराणि । तत्र यदि साङ्ख्यमतनिरूपणीय''मिन्द्रियेभ्य'' इत्यादि स्यात्तदा चतुर्थस्याप्युपन्यासः स्यात् । उपन्यासे हेतुः प्रश्नः । अत एव पश्चाद्वचनम् । तस्य प्रकृतेभावादस्मदुक्तरीत्या त्रीण्येव प्रकरणानीति सिद्ध । उत्तरप्रश्नाभावार्थश्चकारः ॥६॥

महद्वच्च ॥७॥

ननु तथापि मतान्तरेन्यत्र सङ्केतिताः कथं ब्रह्मवादे ब्रह्मपरतया योज्यन्त इत्याशङ्क्य परिहरति । महद्वत् । यथा महच्छब्दः । ''महान्तं विभुमात्मानं'' ''वेदाहमेतं पुरुषं महान्त''मित्यादौ महच्छब्दो ब्रह्मपरो योगेनैवमव्यक्तशब्दोप्यक्षरवाचक इति । न हि साङ्ख्यमत इव वेदान्तेपि महच्छब्दः प्रथमकार्ये वक्तुं शक्यते । तस्मादिन्द्रियादिवाक्ये साङ्ख्यपरिकल्पितानां पदार्थानां नामापि नास्तीति सिद्धिम् । चकारोधिकरण-सम्पूर्णत्वद्योतकः ॥७॥

॥ इति प्रथममानुमानिकाधिकरणम् ॥१॥

અધ્યાય-૧ : પાદ-૪

અધિકરણ-૧

આનુમાનિકાધિકરણ

સૂત્રો ૧.૪.૧-૭

સૂત્ર-૧ : કેટલીક શાખાઓ અનુસાર અનુમાનસાધ્ય (તત્ત્વ) છે એમ કહો તો એવું નથી કારણ કે રૂપકથી વર્ણિત શરીરનું ગ્રહણ છે, અને (તેમ) દર્શાવે છે.

આમ બધાં વેદાન્તો બ્રહ્મવિષયક છે એવો નિર્ણય થતાં વેદાર્થના અજ્ઞાનને લીધે ક્યાંક વેદભાગમાં કપિલના મતને અનુસરતા શબ્દો દેખાવાથી કેટલાક તે (સાંખ્ય) પણ વેદમૂલક છે એમ કહે છે. તેના નિરાકરણ માટે ચોથા પાદનો આરંભ થાય છે. તેમાં ''ઇક્ષણને લીધે અશબ્દ નથી.'' (બ્ર. સૂ. ૧.૧.૪) એમ સાંખ્ય મતનું અશબ્દ હોવાને લીધે નિવારણ કરેલું છે.[1]

વેદમાં એનું પ્રતિપાદન છે એમ (પૂર્વપક્ષી) શંકા કરે છે. કેટલાકને મતે અનુમાનસાધ્ય (તત્ત્વ) છે. કેટલાક શાખીઓની શાખાઓમાં સાંખ્યમાં કલ્પેલાં પ્રકૃતિ વગેરેનું શ્રવણ છે. ''ઇન્દ્રિયોથી અર્થો પર છે, અર્થોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે, બુદ્ધિથી આત્મા (અને તેનાથી) મહત્ પર છે. મહત્થી અવ્યક્ત પર છે, અવ્યક્તથી પુરુષ પર છે. પુરુષથી પર કાંઈ નથી, તે કાષ્ઠા છે, પરા ગતિ

છે.'' (કઠ. ૧.૩.૧૦-૧૧) એમ કાઠકમાં શ્રુતિ છે. ત્યાં બુદ્ધિથી પર આત્મા તે અહંકાર, તેથી (પર) મહાન તે મહત્ તત્ત્વ. તેનાથી (પર) અવ્યક્ત (તે) પ્રકૃતિ; અને તેનાથી (પર) પુરુષ. અહંકાર આદિ પદાર્થો બ્રહ્મવાદમાં સંભવતા જ નથી. તેથી આ પ્રકારનાં વાક્યોમાં એમણે માનેલા પદાર્થોના શ્રવણથી માયા, પ્રકૃતિ, અવિદ્યા વગેરે વાદો પણ શ્રૌત છે એમ જો કહો તો (સિદ્ધાન્તી કહે છે) એવું નથી. શબ્દની સમાનતા માત્રથી એમનો મત સિદ્ધ થતો નથી. સંદિગ્ધ પદાર્થોનો નિર્ણય પૂર્વાપર સંબંધથી કરવો. સંદિગ્ધ વાક્યથી સર્વની વ્યાકુળતા ઉચિત નથી.[૨]

અહીં પહેલાં (કહ્યું) છે-''આત્માને રથી જાણ; શરીરને રથ, બુદ્ધિને સારથિ મનને લગામ જ સમજ, ઇન્દ્રિયોને અશ્વો કહ્યા છે તો વિષયો તેમને જવાના માર્ગો છે. આત્મા, ઇન્દ્રિયો અને મનથી યુક્તને વિદ્વાનોએ ભોક્તા કહ્યો છે. (કઠ. ૧.૩.૩-૪) ત્યાર પછી ''જે વિજ્ઞાનરહિત છે'' (કઠ. ૧.૩.૫) આદિ ચાર વાક્યો આવે છે. અને તે પછી ''ઇન્દ્રિયોથી અર્થો પર છે.'' (કઠ. ૧.૩.૧૦) એ વાક્ય છે. તેમાં પૂર્વના સંબંધથી જ અર્થ કરવો ઉચિત છે. તે કહે છે-રૂપકથી વર્ણિત શરીરનું ગ્રહણ હોવાથી. શરીરથી જેનું નિરૂપણ છે તે શરીર, ઇન્દ્રિયો વગેરે જ્યાં રૂપકભાવે મૂકેલા છે તે રથ વગેરેમાં, તેમનું જ અહીં ગ્રહણ કરવાનું છે.[૩] નહિ તો પ્રકૃતની હાનિ અને અપ્રકૃતનો પરિગ્રહ આવી પડે.[૪] આ જીવનું પ્રકરણ છે. એની મુક્તિના ઉપાયનું નિરૂપણ છે. યોગ્ય શરીર પ્રાપ્ત કરીને ભગવાનના પદમાં જાય છે. તેમાં જીવની બ્રહ્મપ્રાપ્તિમાં શરીર મુખ્ય સાધન છે. તે રથ છે, કારણ કે સર્વ સામગ્રીથી સહિત એ સ્વતંત્ર વાહન છે. રથ અશ્વોને આધીન છે. અશ્વો પોતાની બુદ્ધિને આધીન છે. તે લગામને આધીન છે. તે સારથિને આધીન છે. તે પોતાની બુદ્ધિને આધીન છે. તે માર્ગને આધીન છે. તે પ્રાપ્ય (લક્ષ્ય)ને આધીન છે. આમ જાણીને સામગ્રીવાળો (પુરુષ) તે દેશને પ્રાપ્ત કરે છે. તેમાં વિષયો ઇન્દ્રિયોનો આત્મા છે. મનથી જેની સારી રીતે ભાવના કરેલી છે તેવા તે (વિષયો) તેવા (ઇન્દ્રિયોના નિયામક) બને છે. વિરક્ત (પુરુષો)ની ઇન્દ્રિયો તેવી નથી. બુદ્ધિનો આત્મા તે વિજ્ઞાન. તે બ્રહ્મવિષયક હોઈ મહત્ બને છે. તેનાથી પર તે અવ્યક્ત જે પ્રકટ નથી તે ભગવાનની કૃપા જ છે. તે ભગવાનને આધીન છે, બીજા કોઈ સાધનને આધીન નથી. તે ભગવાન સ્વાધીન છે. આ જ આનો અર્થ ઉચિત છે. વળી જાતે જ આ અર્થ બતાવે છે. ''બધા ભૂતોમાં ગૂઢ એવો આત્મા પ્રકાશતો નથી; પણ સૂક્ષ્મદર્શીઓથી સૂક્ષ્મ અને ઉત્તમ બુદ્ધિથી, દેખાય છે.'' (કઠ. ૧.૩.૧૨) સૂક્ષ્મ બુદ્ધિથી એટલે ઉપનિષદ્‌ને અનુસરતી બુદ્ધિથી. ભગવાનના જ્ઞાનથી એની પ્રાપ્તિ થાય છે. च થી ''પછી મને તત્ત્વતઃ જાણીને તે અંદર પ્રવેશે છે.'' (ભ. ગી. ૧૮.૫૫) એ સ્મૃતિનું ગ્રહણ છે. એટલે સાધનના ઉપદેશને લીધે અહીં સાંખ્ય મત સમજવાનો નથી.

સૂત્ર-૨ : સૂક્ષ્મ તે છે, કારણ કે તે યોગ્ય છે. (૧.૪.૨)

(શંકા) અવ્યક્ત શબ્દથી ભગવત્કૃપા સમજવી શક્ય નથી, કારણ કે ધર્મી (બ્રહ્મ) નો પ્રવાહ છે.[૫] એવી શંકા કરીને તુ શબ્દ પરિહાર કહે છે. (જવાબ) સૂક્ષ્મ (અવ્યક્ત) તે બ્રહ્મ જ છે, કારણ કે ધર્મ અને ધર્મી વચ્ચે અભેદ છે. અવ્યક્ત શબ્દથી સૂક્ષ્મ જ કહેવાય છે. તે સર્વ રીતે વ્યક્ત થતું નથી; કારણ કે તે યોગ્ય છે. તે જ યોગ્ય છે. બન્ને અર્થોમાં (બ્રહ્મ અને ભગવત્કૃપા) આ હેતુ છે. એટલે ધર્મ અને ધર્મીના અભેદને લીધે ભગવાન જ સૂક્ષ્મ છે અને તેની કૃપા જ અવ્યક્ત શબ્દથી વાચ્ય છે.

સૂત્ર-૩ : અર્થની માફક (કૃપા) તેને આધીન હોવાથી. (૧.૪.૩)

(શંકા) ધર્મી હોય તો પરત્વ બંધબેસતું નથી. નહિ તો પહેલાં કહેલો દોષ[૬] (આવે છે) એટલે (જવાબ) કહે છે કે અભેદ હોવા છતાં કૃપા તેને આધીન હોવાથી પરત્વ થઈ શકે છે. તેનું દૃષ્ટાન્ત છે : અર્થની માફક. અર્થ એટલે પુરુષાર્થ, ફલ, તેની માફક. ''બ્રહ્મને જાણનાર પર પ્રાપ્ત કરે છે.'' (તૈ. ૨.૧) એમાં એક જ બ્રહ્મ સત્-ચિત્ રૂપે વિષય અને આનન્દ રૂપે ફલ બને છે. તે જ રીતે અક્ષર અને પુરુષોત્તમનો વિભાગ પણ સમજવાનો છે. પોતાના ધર્મો પણ સ્વાધીન છે. પોતે પણ સ્વાધીન છે. તેમ કૃપાવિષ્ટ સાધન છે, આનન્દરૂપ ફલ છે.

અથવા અવ્યક્ત સચ્ચિદ્રૂપ અક્ષર જ ભલે હોય. તે હોતાં વિજ્ઞાન વિષયને આધીન હોય છે.[૭]

આથી બીજા સર્વવિપ્લવવાદીઓનું નિરાકરણ થયેલું જાણવું. એમનું કથન પણ અસંબદ્ધ હોવાથી (તેમના મતનું) ખંડન સમજવું.

(માયા, અવ્યક્ત વગેરે) અનેક રૂઢિ શબ્દોથી વાચ્ય બ્રહ્મ જ છે, બીજું કાંઈ નથી. લૌકિક શક્તિ અનુસાર તેમ (પ્રકૃતિ તરીકે) કહે તો તેઓ સન્માર્ગથી બહિષ્કૃત થાય છે.

એટલે ''ઇન્દ્રિયોથી પર'' (કઠ. ૧.૩.૧૦-૧૧) એ વાક્યમાં અનુમાનસાધ્ય કાંઈ નથી.

સૂત્ર-૪ : જ્ઞેય તરીકે કહ્યું ન હોવાથી. (૧.૪.૪)

પૂર્વાપર સંબંધથી અર્થનું પ્રતિપાદન કર્યું છે. પણ માત્ર આ વાક્યનો વિચાર કરતાં પણ તેમણે માનેલું પ્રકૃતિરૂપી અવ્યક્ત સિદ્ધ થતું નથી તેથી કહે છે : અહીં વાક્યમાં અવ્યક્તને જ્ઞેય તરીકે કહ્યું નથી; પણ તેમને માટે પ્રકૃતિ અને પુરુષનું અંતર જાણવાનું હોય છે. પદાર્થો સિદ્ધ છે એવા નિર્દેશ માત્રથી તેમને મતે પુરુષાર્થ સિદ્ધ થતો નથી. જો પુરુષાર્થ સિદ્ધ ન કરે તો વાક્ય અસંબદ્ધ અર્થવાળું થઈ જાય. (પુરુષના) પરત્વનું વચન અસંગત બને કારણ કે બન્ને પરસ્પર જોડાયેલાં છે; એવો ચ નો અર્થ છે. આ હેતુ અગાઉ કહેલો (બ્ર. સૂ. ૧.૨.૨૧-૨૩) હોવા છતાં અવસર પ્રાપ્ત થતાં સ્મરણ કરવામાં આવ્યું છે. તેથી અવ્યક્ત પ્રકૃતિ નથી.

સૂત્ર-૫ : કહે છે એમ કહો તો એવું નથી પ્રકરણને લીધે પ્રાજ્ઞનું પ્રતિપાદન છે. (૧.૪.૫)

(શંકા) જ્ઞેય તરીકેનું વચન અસિદ્ધ છે. પહેલાં નામનિર્દેશ કરીને પછી જ્ઞેયત્વ કહ્યું છે. "શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત,વ્યયરહિત, નિત્ય અને ગન્ધરહિત તથા અનાદિ, અનન્ત, મહત્‌થી પર અને સ્થિર એવું જે છે તેને સમજીને મૃત્યુમુખમાંથી મુક્ત થાય છે." (કઠ. ૧.૩.૧૫) એમ પછીનાં વાક્યમાં શ્રુતિ કહે છે, એમ જો તમે કહો તો (જવાબ) એવું નથી. પ્રકરણ નિયામક હોવાથી બન્ને વાક્યોની બધાં વાક્યો સાથે[૮] એકવાક્યતા સમજતાં પ્રાજ્ઞ એવા પરમાત્માને જ જાણવાના છે. આ બે વાક્યોની એકવાક્યતા કહેવી શક્ય નથી. આમ પ્રકરણ નિયામક હોવાથી "અશબ્દ" એ વાક્ય પણ ભગવાન માટે જ છે.

સૂત્ર-૬ : આ રીતે ત્રણનો જ ઉપન્યાસ અને પ્રશ્ન છે. (૧.૪.૬)

(શંકા) આખું એક પ્રકરણ છે એમ અમે કહેતા નથી. પરંતુ "ઇન્દ્રિયોથી પર" (કઠ. ૧.૩.૧૦) એમ શરૂ કરીને "નાચિકેત ઉપાખ્યાન" (કઠ. ૧.૩.૧૬) સુધીનું ભિન્ન પ્રકરણ છે. તેમાં પ્રથમ પદાર્થોનો નિર્દેશ છે. તે પછી "બધા ભૂતોમાં આ" (કઠ. ૧.૩.૧૨) એમાં પુરુષનું જ્ઞાન છે. "શબ્દરહિત" (કઠ. ૧.૩.૧૫) એમાં પ્રકૃતિનું જ્ઞાન છે. એટલે આટલા પ્રકરણમાં સાંખ્ય મતનું નિરૂપણ હોવાથી (સાંખ્ય) અશબ્દ છે (એવો મત) અસિદ્ધ છે; એવી શંકા કરીને પરિહાર કરે છે.

(સિદ્ધાન્ત) આમ ત્રણનો જ ઉપન્યાસ અને પ્રશ્ન છે. અમે કહેલાં વ્યાખ્યાન અનુસાર ત્રણ પ્રકરણો છે; નહિ તો ચાર પ્રકરણો થાય. આ ત્રીજી વલ્લી છે. "હે મૃત્યુ, તમે સ્વર્ગ (પ્રાપ્ત કરાવનાર) અગ્નિને જાણો છો; શ્રદ્ધા રાખનાર મને એને વિશે કહો." (કઠ. ૧.૧.૧૩) એ પ્રથમ પ્રશ્ન છે. "હે નચિકેતસ્‌,સ્વર્ગ (પ્રાપ્ત કરાવનાર) અગ્નિને જાણતો હું તને જવાબ આપું છું, તે સમજ." (કઠ. ૧.૧.૧૪) વગેરે વાક્યોથી ઉત્તર (કહ્યો) છે. "મૃત્યુ પામેલા મનુષ્ય વિશે ચર્ચા છે : કેટલાક કહે છે કે છે, તો બીજા કહે કે આ નથી." (કઠ. ૧.૧.૨૦) એમ બીજો પ્રશ્ન છે. 'દેવોએ પણ અહીં" (કઠ. ૧.૧.૨૨) એમ આગળ ઉત્તર છે. "ધર્મથી જુદું અને અધર્મથી જુદું" (કઠ. ૧.૨.૧૪) એ ત્રીજો પ્રશ્ન છે. "બધા વેદો જે પદનો ઉપદેશ કરે છે." (કઠ. ૧.૨.૧૫) વગેરેથી ઉત્તર (કહ્યો છે). આમ અગ્નિ, જીવ અને બ્રહ્મ વિશે પ્રશ્નો અને ઉત્તરો છે. હવે જો "ઇન્દ્રિયોથી" વગેરેથી સાંખ્યમતનું નિરૂપણ કરવાનું હોય તો ચોથાનો પણ ઉપન્યાસ હોવો જોઈએ.[૯] પ્રશ્ન ઉપન્યાસનો હેતુ છે. તેથી જ એને પછી કહ્યો છે. પ્રસ્તુત (ગ્રન્થ)માં તેનો અભાવ છે એટલે ત્રણ જ પ્રકરણો છે એમ સિદ્ધ થાય છે. ઉત્તર અને પ્રશ્નના અભાવ દર્શાવવા માટે ચ કહ્યો છે.

સૂત્ર-૭ : અને મહત્‌ ની માફક. (૧.૪.૭)

(શંકા) આમ છતાં બીજા મતોમાં બીજા અર્થવાળા શબ્દો બ્રહ્મવાદમાં બ્રહ્મના અર્થમાં કઈ રીતે યોજાશે ? એવી શંકા કરીને પરિહાર કરે છે. (જવાબ) મહત્‌ની માફક. જેમ કે મહત્ શબ્દ. ''તે મહાન વિભુ આત્માને'' (કઠ. ૧.૨.૨૨) ''આ મહાન પુરુષને મેં જાણ્યો.'' (શ્વે. ૩.૮) વગેરેમાં મહત્ શબ્દયોગથી બ્રહ્મનો અર્થ આપે છે. તેવી રીતે અવ્યક્ત શબ્દ પણ અક્ષરનો વાચક છે. સાંખ્યની માફક વેદાન્તમાં પણ મહત્ શબ્દ પ્રથમ કાર્યના અર્થમાં કહેવો શક્ય નથી. તેથી ઇન્દ્રિયાદિ વાક્યમાં સાંખ્યમાં કલ્પેલા પદાર્થોનું નામ પણ નથી એમ સિદ્ધ થાય છે. ચ અધિકરણની સમાપ્તિનો દ્યોતક છે.

ટિપ્પણ

૧. **ईक्षतेर्नाशब्दम्** - સૂત્ર ૧.૧.૪માં સાંખ્યમતનું નિવારણ કરેલું છે એમ અહીં કહ્યું છે, પણ ખરેખર એ સૂત્રમાં સાંખ્યમતનું નિરાકરણ નથી. વળી પુરુષોત્તમજી આ સૂત્રને બદલે અદશ્યત્વાધિકરણની વાત કરે છે. ગોપેશ્વરજી આ મુદ્દો ધ્યાનમાં લઈને કહે છે કે ઈક્ષતિ-અધિકરણમાં પ્રકૃતિનું નિરાકરણ સૂચવાયું છે, એટલે એ વિચારાયું છે એમ કહી શકાય.

૨. **न हि संदिग्धवाक्येन**... - શબ્દ વાક્યનો અવયવ છે અને વાક્ય મહાવાક્ય એટલે સમગ્ર પ્રકરણનો અવયવ છે. તેથી વાક્યમાં સંદેહ હોય તો એટલા માત્રથી એના અવયવી એવાં આખાં પ્રકરણને બીજી રીતે સમજાવવું યોગ્ય નથી.

૩. **शरीररूपकविन्यस्तगृहीतेः** - शरीररूपाः रूपकविन्यस्ताः એ પ્રમાણે મધ્યમ-પદલોપી સમાસ સમજતાં રૂપ શબ્દનો લોપ થાય છે.

૪. **प्रकृतहानाप्रकृतपरिग्रहापत्तिः** - જો શરીરનું રૂપક માનીને અર્થ ન કરીએ તો જીવાત્મા અને પરમાત્માને પ્રાપ્ત કરવાનાં સાધનોનો ત્યાગ થાય છે અને સાંખ્યસ્વીકૃત વિવેક વગેરે સાધનો, જે અપ્રસ્તુત છે તેનું ગ્રહણ થાય છે.

૫. **धर्मिप्रवाहात्** - કૃપા એ ગુણ છે, અને આખા ઉપનિષદ્‌માં બ્રહ્મનું વર્ણન છે. આમ બ્રહ્મ એ ધર્મી છે તો કૃપા ધર્મ છે.

૬. **अन्यथा पूर्वोक्तो दोषः** - ભગવાનની કૃપા બ્રહ્મરૂપ છે. શ્રુતિમાં કહ્યું છે કે અવ્યક્તથી પુરુષ પર છે. પરત્વ તો જ બંધબેસતું થાય જો ભેદ હોય. પણ અહીં ભેદ નથી એટલે અવ્યક્તથી પુરુષ પર છે એમ કહી શકાય નહિ. હવે બીજી કોઈ દલીલથી કૃપા ધર્મ છે એમ સિદ્ધ કરો તો પ્રકરણ ધર્મી એટલે બ્રહ્મનું હોવાથી પ્રકરણના અર્થનો વિરોધ આવે. આ દોષ બીજા સૂત્રમાં કહેલો જ છે.

૭. **तस्मिन्सति विज्ञानस्य**... - અવ્યક્ત એટલે અક્ષર એમ બીજો અર્થ કરીને કહ્યું છે કે અક્ષરબ્રહ્મનું વિજ્ઞાન અક્ષરબ્રહ્મ જેવું હોવા છતાં તેનાથી જુદું અને તેને આધીન છે. અક્ષર બ્રહ્મ પણ પરબ્રહ્મ જેવું હોવા છતાં તેનાથી જુદું અને તેને આધીન

છે. આમ અક્ષર અને પરબ્રહ્મ વચ્ચે ઐક્ય હોવા છતાં બ્રહ્મનું પરત્વ ઘટાવી શકાય છે.

૮. **एकवाक्यत्वे द्वयोः**--महतः परमव्यक्तम्... અને अशब्दमस्पर्शम्... એ બે વાક્યોને ઉપનિષદ્‌ના આખા પ્રકરણમાં આવેલાં બધાં વાક્યો સાથે એકવાક્યતાનો વિચાર કરવાનો છે, કારણ કે પ્રકરણ નિયામક છે.

૯. **अत एव पश्चाद्वचनम्** - સૂત્રમાં ઉપન્યાસ પછી પ્રશ્ન શબ્દ છે કારણ કે પ્રશ્ન ઉપન્યાસનો હેતુ છે. पर्वतो वह्निमान् । धूमवत्त्वात् ની માફક પ્રતિજ્ઞા પછી હેતુ દર્શાવાય છે.

पुनः श्रुत्यन्तरेण प्रत्यवस्थितं निराकर्तुमधिकरणान्तरमारभते । ननु प्रकरणवशात् पूर्वमस्मदुक्तोर्थोन्यथा वर्णितः । यत्र प्रकरणापेक्षैव नास्ति मन्त्रे तदस्माकं मूल "मजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः अजो ह्येको जुषमाणोनुशेते जहात्येनां भुक्ताभोगामजोन्य" इति । यद्यपीदं श्वेताश्वतरोपनिषदि चतुर्थाध्याये विद्यमानत्वात् पूर्वापरसम्बद्धमेव वक्तव्यम् । तत्र "ब्रह्मवादिनो वदन्ति" "किङ्कारणं ब्रह्मे"त्युपक्रम्य ब्रह्मविद्यैव निरूपिता । तथापि पूर्वकाण्डे प्रणवादिमन्त्राणां नायं नियम इति प्रकृतेपि मतान्तरवाचकस्यैव प्रकृतोपयोग इति शङ्का । "ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्तिं स्वगुणैर्निगूढा"मिति च । तथा "ज्ञाज्ञौ द्वावजावीशानीशावजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता" । अग्रे च "यो योनिं योनिमधितिष्ठत्येको विश्वानि रूपाणि योनीश्च सर्वाः" "ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानैर्बिभर्ति जायमानञ्च पश्येदि"त्यादि च वाक्यानि कपिलतन्मतवाचकानि वर्तन्त इति साङ्ख्यमतमपि वैदिकमेवेत्येवं प्राप्ते, उच्यते ।

चमसवदविशेषात् ॥८॥ (१-४-२)

"अर्वाग्बिलश्चमस ऊर्द्ध्वबुध्नस्तस्मिन्यशो निहितं विश्वरूपं तस्यासत ऋषयः सप्त तीरे वागष्टमी ब्रह्मणा संविदाने"तिमन्त्रे यथा न विशेषो विधातुं शक्यते । न हि कर्मविशेषं कल्पयित्वा तत्रार्वाग्बिलचमसं कल्पयित्वा तत्र यशोरूपं सोमं सप्त होतारो मन्त्रेण भक्षयेयुरिति कल्पयितुं शक्यते तथा प्रकृते रोहितशुक्लकृष्णशब्देन रजःसत्त्वतमांसि कल्पयित्वा न तद्वशेन सर्वमेव मतं शक्यते कल्पयितुम् । कपिलऋषिवाक्यमप्यनित्यसंयोगभयान्नित्यऋषेरेवानुवादकम् । तस्मान्न मन्त्रमात्रेण प्रकरणश्रुत्यन्तरनिरपेक्षेण विशेषः कल्पयितुं शक्यः ॥८॥

ज्योतिरुपक्रमात्तु तथा ह्यधीयत एके ॥९॥

ननु चमसमन्त्रेर्वाग्बिल इति मन्त्रव्याख्यानमस्ति "शिरश्चमसः प्राणा वै यशः प्राणा वा ऋषय" इति नात्र तथा व्याख्यानमस्तीतीमामाशङ्कां परिहरति तुशब्दः । अजाशब्देन ज्योतिरेवोच्यते । यथा ह्यजा अल्पदोग्ध्री तथेयं नश्वरसुखदात्री । अग्निसूर्यसोमविद्युद्रूपा ब्रह्मणो हंसोक्तचरणरूपा भगवत्कार्यांशरूपत्वात् "तासां त्रिवृतं त्रिवृतमेकैकाङ्करवाणी"ति श्रुतेश्च प्रथमोत्पन्ना देवता अजाशब्देनोच्यते । तत्र हेतुः । उपक्रमात् । अत्रैवोपक्रमे "तदेवाग्निस्तद्वायुस्तदादित्यस्तदु चन्द्रमा" इति । "द्वा सुपर्णे"ति चाग्रे, मध्ये चायं मन्त्रः पूर्वोत्तरसम्बद्धमेव वदति । सा मुख्या सृष्टिः । अजद्वयं जीवब्रह्मरूपमिति ॥

अत्र प्रकरणे न स्पष्ट इति निरूपयति । तथाहि । श्रुत्यन्तरे स्पष्टमेव अधीयत एके ''यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत् कृष्णं तदन्नस्ये''ति । एवमग्रेपि कलात्रये ''अनेन जीवेनात्मने''ति जीवब्रह्मणोश्चानुप्रवेशः । बीजेपि त्रैविध्यमिति सरूपत्वम् । भगवत अभोगे हेतुः जीवेन भुक्तभोगामिति । तस्मात् प्रकृतेपि चमसवच्छ्रुतावेवार्थकथनान्न साङ्ख्यमतप्रतिपादकत्वम् ॥९॥

कल्पनोपदेशाच्च मध्वादिवदविरोधः ॥१०॥

ननु द्विविधा शब्दप्रवृत्तिः । योगो रूढिर्वा । तत्राजाशब्दश्छागायां रूढः । न जायत इति योगः । अनुभयरूपत्वात् कथं सृष्टिवाचकत्वमित्याशङ्क्य परिहरति । कल्पनोपदेशाच्च । कल्पनात्रोपदिश्यते । आद्या सृष्टिः कल्पनया अजाशब्देनोच्यते । यथा ह्यजा बर्कररसहिता सवत्सा स्वामिहिता तथेयमिति । उपदेशपदात् तथोपासनमभिप्रेतम् । चकारात् परोक्षवादोपि देवस्य हिताय । ''यथा आदित्यो वै देवमधु'' ''वाचं धेनुमुपासीत'' । द्युलोकादीनाञ्चाग्नित्वं पञ्चाग्निविद्यायां तथा प्रकृतेप्यविरोधः । योगरूढिव्यतिरेकेणाप्येषा वेदशब्दप्रवृत्तिरिति । तस्मादजाशब्देन न साङ्ख्यमतसिद्धिः ॥१०॥

॥ इति द्वितीयं चमसाधिकरणम् ॥२॥

અધિકરણ - ૨

ચમસાધિકરણ

સૂત્રો ૧.૪.૮-૧૦

સૂત્ર ૮ : ફરીથી બીજા શ્રુતિવાક્યને લઈને દલીલ કરનારના નિરાકરણ માટે બીજા અધિકરણનો આરંભ કરે છે. (શંકા) પહેલાં અમે કહેલા અર્થને પ્રકરણને આધારે બીજી રીતે સમજાવ્યો. જ્યાં પ્રકરણની અપેક્ષા જ નથી તેવા મંત્રમાં અમારા (મતનું) મૂળ છે. - ''પોતાના જેવી ઘણી પ્રજા ઉત્પન્ન કરનારી એક લાલ, શ્વેત અને કાળી અજા છે. તેનું સેવન કરતો એક અજ તેની પાસે સુવે છે (તો) બીજો જેનો ભોગ ભોગવાયેલો છે એવી એને છોડી દે છે.'' (શ્વે. ૪.૫) શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના ચોથા અધ્યાયમાં આ (મંત્ર) હોવાથી પૂર્વાપર સંબંધ જ કહેવો જોઈએ. ત્યાં ''બ્રહ્મવાદીઓ કહે છે'' (શ્વે. ૧.૧) એવો ઉપક્રમ કરીને બ્રહ્મવિદ્યાનું જ નિરૂપણ કરેલું છે. આમ છતાં પૂર્વકાંડમાં પ્રણવ વગેરે મંત્રોમાં આવો નિયમ નથી.[1] એટલે પ્રસ્તુત વાક્યમાં પણ બીજા મતના વાચક શબ્દનો પ્રસ્તુત (બ્રહ્મવિદ્યામાં) ઉપયોગ છે એવી શંકા છે. ''ધ્યાનયોગને અનુસરતા તેમણે પોતાના ગુણોથી ગૂઢ એવી દેવાત્મશક્તિને જોઈ.'' (શ્વે. ૧.૩) ''જ્ઞ અને અજ્ઞ, ઈશ અને અનીશ એમ બે અજો છે. એક અજા છે, જે ભોક્તા માટે ભોગ્ય અર્થોથી યુક્ત છે.'' (શ્વે. ૧.૯) આગળ ''જે, બધી યોનિઓને નિયમનમાં રાખે છે, જે એક બધાં રૂપો અને યોનિઓને વશમાં રાખે છે. જે ઉત્પન્ન થયેલા ઋષિ કપિલને જ્ઞાનથી ધારણ કરે છે અને જન્મતા તેને જુએ છે.'' (શ્વે. ૫.૨) વગેરે કપિલ અને

તેના મતના વાચક છે એટલે સાંખ્યમત પણ વૈદિક છે એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહે છે :

ચમસની માફક અવિશેષ હોવાથી (૧.૪.૮)

"ચમસનું છિદ્ર નીચે છે અને તળિયું ઉપર છે. તેમાં બધા પ્રકારનો યશ મૂકેલો છે. તેને તીરે સાત ઋષિઓ બેસે છે અને બ્રહ્મ સાથે જોડાયેલી વાક્ આઠમી છે." (બૃ. ૨.૨.૩) આ મંત્રમાં જેમ કોઈ વિશેષ કર્મનું વિધાન શક્ય નથી અર્થાત્ કર્મવિશેષની કલ્પના કરીને ત્યાં નીચે રહેલા છિદ્રવાળા ચમસ (પ્યાલો)ની કલ્પના કરીને, તેમાં યશરૂપ સોમનું હોતાઓ મંત્રથી ભક્ષણ કરે એવી કલ્પના કરવી શક્ય નથી. તેવી રીતે પ્રસ્તુત વાક્યમાં લાલ, સફેદ અને કાળા એ શબ્દોથી સત્ત્વ, રજસ્ અને તમસ્‌ની કલ્પના કરીને તેને આધારે આખા જ સાંખ્યમતની કલ્પના કરવી શક્ય નથી. કપિલ ઋષિ માટેનું વાક્ય પણ અનિત્ય સંયોગના ભયને લીધે[૨] નિત્ય ઋષિનું જ અનુવાદક છે. તેથી માત્ર મંત્રને આધારે પ્રકરણ કે બીજી શ્રુતિથી નિરપેક્ષ રીતે વિશેષ અર્થની કલ્પના કરવી શક્ય નથી.

સૂત્ર-૯ : પણ (અજા એટલો) જ્યોતિ, ઉપક્રમને લીધે; તથા કેટલાક તેવો પાઠ કરે છે. (૧.૪.૯)

(શંકા) ચમસમંત્રમાં "જેનું છિદ્ર નીચે છે" એ મંત્રનું વ્યાખ્યાન છે. "શિર એ ચમસ છે, પ્રાણો ખરેખર યશ છે; પ્રાણો ખરેખર ઋષિઓ છે" (બૃ. ૨.૨.૩) એવું વ્યાખ્યાન અહીં નથી એવી શંકા દૂર કરવા તુ શબ્દ છે.

(જવાબ) અજા શબ્દથી જ્યોતિ જ કહેવાય છે.[૩] જેમ અજા ઓછું દૂધ આપે છે તેમ આ નશ્વર સુખ આપે છે. આ (જ્યોતિરૂપ દેવતા) અગ્નિ, સૂર્ય, ચંદ્ર અને વિદ્યુત્ રૂપ છે; અને હંસે કહેલા બ્રહ્મના ચરણરૂપ છે.[૪] ભગવાનનું કાર્ય અને અંશરૂપ હોવાથી અને "તેમાંથી પ્રત્યેકને ત્રણ ત્રણ પ્રકારવાળા કરું" (છા. ૬.૩.૩) એવા શ્રુતિવાક્યથી પ્રથમ ઉત્પન્ન થયેલા દેવતા અજા શબ્દથી કહેવાય છે.[૫] તેમાં હેતુ કહે છે : ઉપક્રમને લીધે. અહીં જ આરંભમાં વાક્ય છે - "તે જ અગ્નિ છે, તે વાયુ છે, તે આદિત્ય છે, તે ચંદ્રમા છે." (શ્વે. ૪.૨) "બે સુપર્ણો" (શ્વે. ૪.૬) એમ આગળ કહ્યું છે અને વચ્ચે આવેલો આ મંત્ર આગલા અને પાછલા સંબંધમાં જ કહે છે. આ મુખ્ય સૃષ્ટિ છે, તો બે અજ જીવ અને બ્રહ્મ છે.[૬]

આ મુદ્દો અહીં પ્રકરણમાં સ્પષ્ટ થતો નથી તેથી નિરૂપણ કરતાં કહે છે કે બીજા શ્રુતિવાક્યમાં સ્પષ્ટ રીતે જ કેટલાક પાઠ કરે છે કે - "અગ્નિનું જે લાલ રૂપ છે તે તેજનું રૂપ છે, જે સફેદ છે તે જલનું અને કાળું છે તે અન્નનું (રૂપ) છે." (છા. ૬.૪.૧) એ રીતે આગળ પણ ત્રણ કલાઓ વર્ણવી છે. (છા. ૬.૪.૨-૪) "આ જીવ સાથે આત્માથી" (છા. ૬.૩.૨) એમ જીવ અને બ્રહ્મનો અનુપ્રવેશ કહ્યો છે. બીજ પણ ત્રણ પ્રકારનું છે, એ રીતે સરખાપણું છે.[૭] ભગવાન (અજાનો) ભોગ કરતા નથી તેનો હેતુ એ છે કે જીવે તેનો ભોગ કરેલો છે. તેથી

પ્રસ્તુત વાક્યમાં પણ ચમસમંત્રની માફક શ્રુતિમાં જ અર્થ કહ્યો હોવાથી સાંખ્ય મતનું પ્રતિપાદન નથી.

સૂત્ર-૧૦ : કલ્પનાનો ઉપદેશ હોવાથી મધુ વગેરેની માફક વિરોધ નથી. (૧.૪.૧૦)

(શંકા) શબ્દની પ્રવૃત્તિ બે પ્રકારની છે, યોગ અથવા રૂઢિ. અજા શબ્દ બકરીના અર્થમાં રૂઢ છે. ''જન્મે નહિ તે'' એ યોગ છે. બંને ન હોવાથી સૃષ્ટિનો અર્થ કઈ રીતે આવે એવી શંકા કરીને પરિહાર કરે છે. (જવાબ) કલ્પનાના ઉપદેશથી. અહીં કલ્પના ઉપદિષ્ટ છે. આદ્ય સૃષ્ટિ કલ્પનાથી અજા શબ્દથી કહેવાય છે. જેમ બકરા સહિત બચ્ચાંવાળી બકરી સ્વામીને હિતકારક છે તેવી આ છે એમ ઉપદેશ શબ્દથી તેની તે પ્રકારની ઉપાસના અભિપ્રેત છે. ચ દર્શાવે છે કે પરોક્ષવાદ પણ દેવને પ્રિય છે. જેમ કે ''આદિત્ય ખરેખર દેવોનું મધુ છે'' (છા. ૩.૧.૧) ''વાણીરૂપ ગાયની ઉપાસના કરવી'' (બૃ. ૫.૮.૧) પંચાગ્નિવિદ્યા (છા. ૫.૪-૯; બૃ. ૬.૨.૯-૧૩)માં દ્યુલોક વગેરેને અગ્નિ કહ્યા છે તેમ પ્રસ્તુત વાક્યમાં પણ કોઈ વિરોધ નથી. વેદમાં શબ્દોની પ્રવૃત્તિ યોગ અને રૂઢિથી જુદી પણ હોય છે. તેથી અજામંત્રથી સાંખ્યમત સિદ્ધ થતો નથી.

ટિપ્પણ

૧. **पूर्वकाण्डे प्रणवादिमंत्राणां नायं नियमः** - અહીં પ્રકરણનું મહત્ત્વ નથી એમ દર્શાવવા માટેની દલીલ અહીં છે. अजामेकां એ મંત્ર શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના ચોથા અધ્યાયમાં છે. ચોથા અધ્યાયમાં य एको वर्णो बहुधा शक्तियोगाद्वर्णाननेकान्निहितार्थो दधाति વગેરે મંત્રોથી બ્રહ્મની જ વાત છે. વળી ઉપનિષદ્‌ના આરંભમાં પણ किं कारणं ब्रह्म એમ બ્રહ્મનો જ વિષય છે. અર્થાત્ પ્રકરણ બ્રહ્મનું જ છે. છતાં બ્રહ્મનો બોધ કરનારા પ્રણવ આદિ મંત્રોનો ઉપયોગ પૂર્વકાંડમાં કરેલો છે. વળી આવા મંત્રોનો અર્થ સમજવા માટે પૂર્વાપર સંબંધ હોવો જરૂરી છે એવો કોઈ નિયમ નથી. તેવી જ રીતે ઉપનિષદ્‌માં પણ સાંખ્યમતમાં પ્રાપ્ત થતા પદાર્થોનો અર્થ આપતા શબ્દોનો બ્રહ્મવિદ્યામાં ઉપયોગ કરેલો છે એટલે તે શબ્દોનો અર્થ કરવા માટે બ્રહ્મવિદ્યાના પ્રકરણનો આધાર લેવાની જરૂર નથી.

૨. **अनित्यसंयोगभयात्** - કપિલ મુનિ અનિત્ય હોવાથી જો તે કપિલનો અર્થ લેવામાં આવે તો શ્રુતિ પણ અનિત્ય બની જાય. આમ હોવાથી નિત્ય ઋષિનો જ અર્થ સમજવો જોઈએ.

૩. **अजाशब्देन ज्योतिरेवोच्यते** - अजा શબ્દના બે અર્થ થાય છે. ''જેનો જન્મ નથી થતો તે'' એ યૌગિક અર્થ છે તો રૂઢિથી એ બકરીના અર્થમાં છે. અહીં સાધ્યવસાના ગૌણી લક્ષણા છે. જેમ જ્યોતિ નશ્વર સુખ આપે છે તેમ બકરી ઓછું દૂધ આપે છે. આમ સમાન ગુણયોગથી આ અતિશયોક્તિ થાય છે.

૪. **अग्निसूर्यसोमविद्युद्रूपा...** - છાન્દોગ્યના છઠ્ઠા પ્રકાઠકમાં હંસ ઉપદેશ આપતાં વાક્ય કહે છે - अग्निः कला सूर्यः कला चन्द्रः कला विद्युत् कलैष वै सौम्य चतुष्कलः पादो ब्रह्मणो ज्योतिष्मान्नाम । અહીં अग्नि...विद्युद्रूपा માં પાઠનો વિચાર પુરુષોત્તમજી કરે છે. એઓ કહે છે - रूपादिति पाठे भावप्रधानो निर्देशः । रूपेति पाठः श्रीहस्ताक्षरेषु संदिग्धत्वाद् बोध्यः ।

૫. **भगवत्कार्यांशरूपत्वात्...** - तत्तेजोऽसृजत् । - છા. ૬.૨.૩ એ શ્રુતિવાક્ય દર્શાવે છે કે તેજસ્ ભગવાનનું કાર્ય છે. ઉપરાંત એ અંશરૂપ છે કારણ કે એને ચરણરૂપ કહી છે. વળી तासां त्रिवृतं.... ઇત્યાદિ વાક્યમાં तासां સ્ત્રીલિંગ હોવાથી એ સ્ત્રીરૂપ છે. આમ अजा શબ્દ સમજી શકાય છે.

૬. **सा मुख्या सृष्टिः - अजामेकां...** એ મંત્રમાં પૂર્વાર્ધ ત્રિવૃત્કૃત દેવતારૂપી મુખ્ય સૃષ્ટિ બતાવે છે તો ઉત્તરાર્ધમાં બે અજ તે જીવ અને બ્રહ્મ છે. આ રીતે મંત્રનું તાત્પર્ય સમજવાનું છે.

૭. **बीजेऽपि त्रैविध्यम्...** - ભગવાન બીજ છે. તે સત્, ચિત્, આનંદરૂપ હોવાથી ત્રિરૂપ છે. સૃષ્ટિ પણ તેજ, જલ, પૃથ્વીરૂપી હોવાથી ત્રિરૂપ છે. આમ બંનેમાં સરખાપણું છે.

न सङ्ख्योपसङ्ग्रहादपि नानाभावादतिरेकाच्च ॥११॥ (१-४-३)

मन्त्रान्तरेण पुनराशङ्क्य परिहरति । बृहदारण्यकषष्ठे श्रूयते "यस्मिन् पञ्च पञ्चजना आकाशश्च प्रतिष्ठितः तमेवमन्य आत्मानं विद्वान् ब्रह्मामृतोमृत"मिति । यद्यत्र पञ्चजनाः पञ्चोच्यन्ते न पञ्चानां पञ्चगुणत्वं समासानुपपत्तेः । तथाहि । आद्यः पञ्चशब्दः सङ्ख्यावाची सङ्ख्येयवाची वा । आद्ये पञ्चसङ्ख्याया एकत्वान्न षष्ठीसमासः सङ्ख्यायां सङ्ख्याभावाच्च । सङ्ख्येयपरत्वे द्वितीयस्य सङ्ख्यात्वे पञ्चत्वमेव । पूर्ववच्चेदनन्वयः । विधायकाभावाच्च । अतो वीप्सा । पञ्चजनसंज्ञाविशिष्टानां वा पञ्चत्वमिति यथासम्भवमर्थः । तथापि मूढग्राहेण सङ्ख्योपसङ्ग्रहादपि लक्षणार्थं केनचिद्धर्मेण पञ्चसङ्ग्रहाकेण भाव्यं, स च तेषां मते न सम्भवति । तथा सति पञ्चैव तत्त्वानि स्युः । अतस्ते नानाभावा एव स्वीकर्तव्याः । यद्यपि भूततन्मात्राकूतिचित्त्यन्तःस्थिततत्वधर्मा वक्तुं शक्यन्ते तथापि न ते तथोक्तवन्तः । "मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त षोडशकश्च विकारो न प्रकृतिर्न विकृतिः पुरुष" इत्यन्यथोपगमात् । पुरुषे वैलक्षण्याभावप्रसङ्गश्च । किञ्च, नायं श्रुत्यर्थ इति श्रुतावेव प्रतीयते । अतिरेकात् आकाशश्चेति । चकारादात्मा 'यस्मिन्नि'त्याधिकरणत्वेनोक्तः । तस्मान्नानेनापि मन्त्रेण तन्मतसिद्धिः ॥११॥

प्राणादयो वाक्यशेषात् ॥१२॥

नन्ववश्यं मन्त्रस्यार्थो वक्तव्यस्तदनुरोधेन लक्षणयापि ज्योतिःशास्त्रवत् पञ्चपञ्चशब्दः पञ्चविंशतिवाचकतया परिकल्प्यः । स्पष्टमाहात्म्यार्थमात्माकाशयोराधाराधेयभावः प्रदर्शितस्तत्रत्ययोरेव । अतो मन्त्रे तन्मतसिद्धिरित्याशङ्क्य परिहरति ॥

प्राणादयः पञ्चजनाः । वाक्यशेषस्य मन्त्रार्थनियामकत्वात् । ''प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुः श्रोत्रस्य श्रोत्रमन्नस्यान्नं मनसो मन'' इति ।

ननु कथमस्य वाक्यशेषत्वम् । उच्यते । प्राणादयः संज्ञाशब्दाः करणवाचकास्ते ज्ञानरूपं वा क्रियारूपं वा कार्यं जनयन्ति स्वव्यापारेण । तेन तेषां करणान्तरापेक्षाभावात् प्राणादीनां पुनः प्राणादिमत्त्वं बाधितं स्यात् । भगवतो माहात्म्यविरोधश्च । अतः स्वार्थनिर्वाहार्थमन्योर्थो वर्तते पञ्चजनवाक्यस्य च । अतो बुद्धेः पञ्च वृत्तीर्जनयन्तीति प्राणादयः पञ्चजनाः । ''संशयोथ विपर्यासो निश्चयः स्मृतिरेव च स्वाप इत्युच्यते बुद्धेर्लक्षणं वृत्तितः पृथगि''ति । तेषां तत्तत्प्रकारकं स्वकार्यजननं न स्वतः किन्तु भगवत इति द्वयोरेकार्थत्वे सर्वं सङ्गतं स्यात् । खण्डत्वाच्च शेषत्वम् । सर्वप्रवर्तकत्वाद्भगवतो न माहात्म्यविरोधः । तत्र प्राणशब्देन त्वग्घ्राणप्राणा गृहीता रसना चान्ने प्रतिष्ठितेत्यन्नं गृहीतम् । वाग्वा तेजसि । अत्ता चान्नञ्चैकत्र भवतः सहभावित्वात् । क्वचिदेकग्रहणं क्वचिदुभयग्रहणमिति । तेनैते सर्वे पञ्चैव भवन्ति । अतिरिच्यते परमाकाशः । तस्मात् प्राणादय एव पञ्चजना इति न तन्मतसिद्धिः ॥

ज्योतिषैकेषामसत्यन्ने ॥१३॥

काण्वपाठे ''अन्नस्यान्न''मिति नास्ति तदा कथं पञ्च । तत्राह । ज्योतिषा सङ्ख्यापूर्तिस्तेषां, 'यस्मादर्वाक् संवत्सरं' इति पूर्वपठितो मन्त्रः । तत्र 'तद्देवा ज्योतिषाञ्ज्योति'रिति अन्नस्थाने ज्योतिर्ग्राह्यं, व्याख्यानं पूर्वमेव । तस्मात् सिद्धं न तन्मतस्य श्रुतिमूलत्वम् ॥१३॥

॥ इति तृतीयं न सङ्ख्योपसङ्ग्रहाधिकरणम् ॥

અધિકરણ - ૩

ન. સંખ્યોપસંગ્રહાધિકરણ

સૂત્રો ૧.૪.૧૧-૧૩

સૂત્ર-૧૧ : સંખ્યાનું ગ્રહણ કરવાથી પણ નથી; કારણ કે ભિન્ન ધર્મો છે અને વધારે છે. (૧.૪.૧૧)

બીજા મંત્રથી શંકા કરીને પરિહાર કહે છે. બૃહદારણ્યકના છઠ્ઠા[1] અધ્યાયમાં શ્રવણ થાય છે : ''જેમાં પાંચ પંચજનો અને આકાશ પ્રતિષ્ઠિત છે, તે આત્માને બ્રહ્મ-અમૃત જાણનાર અમૃત (મુક્ત થાય છે).'' (બૃ. ૪.૪.૧૭)

અહીં પંચજનો પાંચ (છે એમ) કહ્યું છે છતાં પાંચને પાંચથી ગુણવાના નથી,[2] કારણ કે સમાસ બંધબેસતો નથી. તે આ રીતે છે. पञ्च શબ્દ સંખ્યાવાચક છે કે સંખ્યેયવાચક છે ? પહેલા વિકલ્પમાં पञ्च સંખ્યા એક હોવાથી ષષ્ઠી સમાસ થતો નથી; ઉપરાંત સંખ્યામાં સંખ્યાનો અભાવ હોવાથી પણ (ષષ્ઠી સમાસ કે સપ્તમી સમાસ થતો નથી.)[3] હવે જો સંખ્યેયનો અર્થ લઈએ તો બીજો (પંચ શબ્દ) સંખ્યાવાચક હોવાથી પાંચ જ થાય[4]. જો આગલાની માફક ગણો તો

અન્વય થતો નથી.[૫] વળી વિધાયક (નિયમનો) અભાવ હોવાથી[૬] (અસમર્થ સમાસ થતો નથી.) તેથી વીપ્સા (એક શબ્દ બે વાર બોલાય તે) છે અથવા તો પંચજન સંજ્ઞાવાળા પાંચ એમ યથાયોગ્ય અર્થ લેવો.[૭] આમ મૂર્ખોની કલ્પનાથી સંખ્યા લઈએ તો પણ[૮] પાંચનો સંગ્રહ કરનાર કોઈક ધર્મ આની સમજૂતી માટે હોવો જોઈએ. તે એમના મતમાં સંભવતો નથી. એમ હોવાથી (માત્ર) પાંચ જ તત્ત્વો થાય છે. તેથી જુદા જુદા ધર્મવાળા (પંચકો) સ્વીકારવાં પડે. જે કે ભૂત, તન્માત્ર, આકૂતિ, ચિત્તિ અને અન્તઃસ્થિતત્વ એ ધર્મો કહેવા શક્ય છે, છતાં પણ તેમણે તેમ કહ્યું નથી. ''મૂલ પ્રકૃતિ અવિકૃતિ છે; મહત્ આદિ સાત પ્રકૃતિ અને વિકૃતિ છે, સોળ વિકાર છે અને પુરુષ પ્રકૃતિ નથી તેમજ વિકૃતિ નથી.'' (સાં.કા. ૩) એમ બીજી રીતે કહ્યું છે. ઉપરાંત પુરુષમાં ભિન્નતાના અભાવનો પ્રસંગ આવે છે.[૯]

વળી આ શ્રુતિનો અર્થ નથી એમ તો શ્રુતિમાં જ પ્રતીત થાય છે. આકાશ વધારાનું તત્ત્વ છે.[૧૦] च બતાવે છે કે ''જેમાં'' એમ આત્માને અધિકરણ રૂપે કહેલો છે. એટલે આ મંત્રથી પણ સાંખ્યમતની સિદ્ધિ થતી નથી.

સૂત્ર-૧૨ : પ્રાણ આદિ (સમજવાના છે), પછીના વાક્યને લીધે.

(૧.૪.૧૨)

(શંકા) મંત્રનો અર્થ જરૂર કહેલો જોઈએ. તેને આધારે જ્યોતિષશાસ્ત્રની માફક લક્ષણાથી પણ[૧૧] पञ्चपञ्च શબ્દ પચ્ચીસનો વાચક છે એમ કલ્પના કરવી જોઈએ. તે (પચ્ચીસમાં) રહેલા આત્મા અને આકાશનો આધાર આધેયનો સંબંધ માહાત્મ્ય સ્પષ્ટ કરવા માટે દર્શાવ્યો છે.[૧૨] આથી મંત્રમાં તેમનો મત સિદ્ધ થાય છે એવી શંકા કરીને પરિહાર કરે છે.

(જવાબ) પ્રાણ વગેરે પંચજનો છે કારણ કે બાકીનું વાક્ય અર્થનું નિયામક છે. ''પ્રાણનો પ્રાણ, વળી ચક્ષુનું ચક્ષુ, શ્રોત્રનું શ્રોત્ર, અન્નનું અન્ન, મનનું મન.'' (બૃ. ૪.૪.૧૮)

(શંકા) આને વાક્યશેષ કેવી રીતે ગણાય ?[૧૩] (જવાબ) કહેવાય છે. પ્રાણાદિ સંજ્ઞાશબ્દો કરણો (ઇન્દ્રિયો)ના વાચક છે. તે પોતાના વ્યાપારથી જ્ઞાનરૂપ અથવા ક્રિયારૂપ કાર્ય ઉત્પન્ન કરે છે. તેમાં તેમને બીજાં કરણોની અપેક્ષા ન હોવાથી પ્રાણ આદિને પુનઃ પ્રાણાદિ કહેતાં બાધ થાય. અને ભગવાનના માહાત્મ્યનો પણ વિરોધ આવે. તેથી પોતાના અર્થના નિર્વાહ માટે (આ) અને पञ्चजन વાક્યનો બીજો અર્થ થાય છે.[૧૪] એટલે પ્રાણાદિ પંચજનો બુદ્ધિની પાંચ વૃત્તિઓ ઉત્પન્ન કરે છે. ''સંશય, વિપર્યાસ, નિશ્ચય, સ્મૃતિ અને સ્વાપ એમ વૃત્તિઓથી બુદ્ધિનાં જુદાં લક્ષણો છે.'' (ભાગવત. ૩.૨૬.૩૦) તેઓ તે તે પ્રકારની પોતપોતાના કાર્યની ઉત્પત્તિ કરે છે તે સ્વતઃ નહિ પણ ભગવાનથી થાય છે એમ બંને વાક્યો એકાર્થ હોવાથી[૧૫] બધું સુસંગત થાય છે. (પ્રાણવાક્ય) એક ભાગ હોવાથી શેષ છે.[૧૬] ભગવાન સર્વના

પ્રવર્તક હોવાથી તેમના માહાત્મ્યનો વિરોધ આવતો નથી. તેમાં પ્રાણ શબ્દથી ત્વચા, ઘ્રાણ અને પ્રાણોનું ગ્રહણ કરવાનું છે. રસના અન્નમાં પ્રતિષ્ઠિત હોવાથી અન્નનું ગ્રહણ કરેલું છે. અથવા વાણી તેજમાં રહેલી છે.[૧૭] ક્ષણ કરનાર અને અન્ન એક સ્થાને હોય છે. આમ સાથે હોવાથી ક્યાંક એકનું તો ક્યાંક બંનેનું ગ્રહણ હોય છે. તેથી આ બધા પાંચ જ છે.[૧૮] આકાશ બાકી રહે છે.[૧૯] એટલે પ્રાણ વગેરે જ પંચજન છે તેથી તેમનો મત સિદ્ધ થતો નથી.

સૂત્ર-૧૩ : કેટલાકના (પાઠ પ્રમાણે) અન્ન ન હોતાં જ્યોતિથી (સંખ્યા પૂરી થાય છે.) (૧.૪.૧૩)

(શંકા) કાણ્વ શાખાના પાઠમાં "અન્નનું અન્ન" એવું વાક્ય નથી, તો પછી પાંચની સંખ્યા કેવી રીતે થાય ? ત્યારે (જવાબ) કહે છે - તેમને મતે સંખ્યાની પૂર્તિ જ્યોતિથી થાય છે. "જેનાથી નીચે સંવત્સર છે." (બૃ. ૪.૪.૧૬) એવો મંત્ર પહેલાં કહ્યો છે. તેમાં "દેવો જ્યોતિઓની જ્યોતિની (ઉપાસના કરે છે)" (બૃ. ૪.૪.૧૬) એવું વાક્ય છે. અહીં અન્નને સ્થાને જ્યોતિ ગ્રહણ કરવી. (મંત્રનું) વ્યાખ્યાન પહેલાં જ જણાવ્યું છે. આથી સિદ્ધ થાય છે કે તેમનો મત શ્રુતિમૂલક નથી.

ટિપ્પણ

૧. **बृहदारण्यकषष्ठे** - વિષયવાક્ય બૃહદારણ્યક ઉપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયમાં છે એમ આચાર્ય કહે છે. કાણ્વપાઠ અનુસાર આ વાક્ય છઠ્ઠામાં છે તો માધ્યંદિન પાઠ મુજબ ચોથા અધ્યાયમાં આવેલું છે.

૨. **न पञ्चानां पञ्चगुणत्वम्** - સાંખ્યદર્શનમાં ૨૫ તત્ત્વો છે. હવે જો पञ्चपञ्चजनाः માં પ×પ=૨૫ એમ સમજીએ તો અહીં સાંખ્યની સ્વીકારેલી સંખ્યા આવે. તેમ માનવા માટે पञ्चपञ्चजनाः સમાસ સમજવો પડે તે બરાબર નથી.

૩. **पञ्चसंख्याया एकत्वात्...संख्याभावाच्च** - पञ्च पञ्च એને पञ्चानां पञ्च એમ પ×પ=૨૫ અર્થ આપતો ષષ્ઠી તત્પુરુષ સમાસ સમજી શકાય નહિ. पञ्च સંખ્યાવાચક શબ્દ છે અને સંખ્યા એક હોવાથી એકવચનમાં હોવી જોઈએ. ब्राह्मणानाम् समाजः ब्राह्मणसमाजः એવા ષષ્ઠી તત્પુરુષ સમાસમાં જેમ ब्राह्मणानाम् એમ બહુવચનાન્ત પૂર્વપદ છે તેવું पञ्चानाम् पञ्च એમ લઈ શકાતું નથી. હવે કોઈ કહે છે पञ्च શબ્દ दाराः ની માફક હંમેશાં બહુવચનાન્ત જ હોય છે એટલે અહીં બહુત્વ વિવક્ષિત નથી તો પણ पञ्चपञ्च નો અર્થ પંચસંખ્યા સંબંધી પંચસંખ્યા એવો થાય. સંબંધ વિષય સાથે જોડાયેલો હોવાથી पञ्चसु पञ्च એમ સપ્તમી તત્પુરુષ સમજવો પડે. પણ સંખ્યા ગુણ છે અને ગુણમાં ગુણ હોઈ શકે નહિ એટલે સપ્તમી તત્પુરુષ સમાસ પણ થઈ ન શકે. પુરુષોત્તમજી કહે છે કે બીજા એટલે અન્ય વિભક્તિ સંબંધવાળો તત્પુરુષ, બહુવ્રીહિ, દ્વિગુ અને કર્મધારય સમાસો

પણ સમજી શકાય એમ નથી. દ્વન્દ્વ અને અવ્યયીભાવ શક્ય જ નથી એટલે એનો કોઈ પ્રશ્ન નથી.

૪. **संख्येयपरत्वे...** - હવે બીજો વિકલ્પ સંખ્યેય-સંખ્યા દ્વારા નિર્દિષ્ટ પદાર્થોનો છે. આમ પહેલો पञ्च શબ્દ સંખ્યેય માટે અને બીજો સંખ્યા માટે સમજીએ તો પાંચની સંખ્યાથી નિર્દિષ્ટ પાંચ એવો અર્થ થતાં કુલ પાંચ જ થાય છે, ૨૫ નહિ. એટલે સમાસ નિરર્થક થઈ જાય છે.

૫. **पूर्ववच्चेदनन्वयः** - જો પહેલા વિકલ્પની માફક પહેલો पञ्च શબ્દ સંખ્યાના અર્થમાં અને બીજો पञ्च શબ્દ સંખ્યેયના અર્થમાં સમજીએ તો મુશ્કેલી એ છે કે સંખ્યેયના અર્થમાં પણ સંખ્યાનો અર્થ તો આવી જ જાય છે એટલે સંખ્યાવાચક પહેલો पञ्च શબ્દ નિષ્પ્રયોજન છે. તેને માટેની આકાંક્ષા જ નથી એટલે તેનો અન્વય પણ નથી થતો. અથવા તો બંને पञ्च શબ્દોને સંખ્યેયના અર્થમાં લઈએ તો બંનેનો અર્થ એક જ થાય. આમ જેમ ઘટો ઘટઃ એ વાક્યમાં અન્યોન્યની આકાંક્ષા ન હોવાથી અન્વય થતો નથી તેમ અહીં પણ અન્વય થઈ શકતો નથી.

૬. **विधायकाभावाच्च** - સૂર્યનું દર્શન ન કરનારી રાણીઓ માટે असूर्यपश्या राजदाराः એવો પ્રયોગ થાય છે. તેવી જ તે ललाटंतपो धर्मांशुः એવો પણ પ્રયોગ છે. આને અસમર્થ સમાસ કહેવાય. પાણિનીય સૂત્ર ૩.૨.૩૬ - असूर्यललाटयोर्दृशितपोः। માં એનું સ્પષ્ટ વિધાન છે. पञ्चपञ्चजनाः ને આવી રીતે અસમર્થ સમાસ કહી ન શકાય કારણ કે આવો નિયમ આપનારું કોઈ સૂત્ર વ્યાકરણમાં નથી.

૭. **अतो वीप्सा...यथासंभवमर्थः** - આગળ ચર્ચા કરી તે પ્રમાણે વીપ્સા અથવા પંચજન એવી સંજ્ઞાવાળા પાંચ એવો અર્થ લેવો પડે. હવે पञ्च पञ्च એમ વીપ્સાનો અર્થ લઈએ તો ગુણાકાર દર્શાવનાર કાંઈ ન હોવાથી દસની સંખ્યા જ થાય, ૨૫ નહિ. એટલે यस्मिन् जनाः पञ्चशः पञ्च એમ સમજીને પચ્ચીસની સંખ્યા કરવી પડે. બીજો વિકલ્પ લઈએ તો पञ्चजन શબ્દ ક્યાં તો એ નામના દૈત્યના અર્થમાં લેવો પડે અથવા તો स्युः पुमांसः पञ्चजनाः એવા કોશવાક્ય અનુસાર મનુષ્યોનો અર્થ લેવાય તથા पञ्च पञ्चपूल्यः - પાંચ પૂળીઓના પાંચ સમૂહો એ રૂઢિપ્રયોગ મુજબ पञ्चानां पञ्चजनानां समाहारः એવો સમાસ કરવો પડે. આમ તો पञ्चजनी એમ સ્ત્રીલિંગ એકવચન થવું જોઈએ, પણ લિંગવચનવ્યત્યય છાંદસ છે એમ માનીને पञ्चजनाः એમ પુલ્લિંગ બહુવચન સમજી શકાય. અથવા તો सप्तर्षयः શબ્દની માફક पञ्चजनाः શબ્દને પાણિનીય સૂત્ર दिक्संख्ये संज्ञायाम् - ૨.૧.૫૦ અનુસાર સંજ્ઞાસમાસ તરીકે સમજવો; અને पञ्च च ते पञ्चजनाश्च એવો વિગ્રહ કરવો. હવે પંચજન્ય નામક દૈત્યના અર્થમાં દૈત્ય એક જ હોવાથી સમાહારનો સંભવ ન હોવાથી સમાસ થઈ શકતો નથી. બીજો વિકલ્પ લઈએ તો મનુષ્યો ઘણા છે એટલે સમૂહના અર્થમાં સમાહાર અને સમાસ થઈ શકે પણ પાંચની સંખ્યા મેળવવા માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને નિષાદ એમ પાંચ વર્ણો સમજવા

પડે. હવે પાંચની સંખ્યા દર્શાવતો पञ्च શબ્દ એક જ છે અને બીજી ગુણક એવી पञ्च સંખ્યા ન હોવાથી પચ્ચીસની સંખ્યા થતી નથી. તેવી જ રીતે સંજ્ઞાસમાસમાં પણ મુશ્કેલી છે જ. વસિષ્ઠ વગેરે માટે सप्तर्षयः શબ્દ જાણીતો છે, પણ पञ्चपञ्चजनाः એવી સંજ્ઞા ક્યાંય મળતી નથી એટલે સંજ્ઞાસમાસ જ બંધબેસતો નથી. એમાં તત્ત્વોની વાત સમજવા માટે जनयन्ति इति जनाः અર્થાત્ જે ઉત્પન્ન કરે તે તત્ત્વો એમ યૌગિક અર્થ લેવો પડે. વળી पञ्चानां जनानां समाहारः અને पञ्चानां पञ्चजनानां समाहारः એવા બે સમાહારસમાસ સમજવા પડે. અથવા पञ्चगुणिताः पञ्च इति पञ्चपञ्च મધ્યમપદલોપી અને પછી पञ्चपञ्च च ते जनाः च इति पञ्च पञ्च जनाः એમ કર્મધારય સમાસ સમજી શકાય. આમ ગમે તે રીતે વિગ્રહ કરીને પચ્ચીસની સંખ્યા થાય. આચાર્ય આને मूढग्राह કહે છે અર્થાત્ મૂર્ખોની કલ્પના છે.

૮. **लक्षणार्थं केनचिद्धर्मेण...** - પાંચનો સમૂહ તે પંચક અને પાંચ પંચકો એટલે ૨૫ની સંખ્યા થાય. ભલે એ મૂઢગ્રાહથી થતી હોય. પણ પાંચનો સમૂહ કરવા માટે જે તે પાંચમાં કોઈક સાધારણ ધર્મ હોવો જરૂરી છે; પણ સાંખ્યમાં આવો કોઈ સાધારણ ધર્મ સ્વીકાર્યો નથી. તે ન હોય તો શ્રુતિમાં પાંચની જ સંખ્યા હોવાથી પાંચ તત્ત્વો જ સિદ્ધ થાય છે, પચ્ચીસ નહિ. વળી જો એવો સમૂહ દીઠ સાધારણ ધર્મ સ્વીકારાય તો તે પ્રકૃતિ આદિ તત્ત્વોથી ભિન્ન જ હોય. પચ્ચીસ તત્ત્વોને પાંચ સમૂહોમાં વહેંચતાં આ રીતે સમજી શકાય : (૧) પાંચ મહાભૂતોમાં ભૂતત્વ. (૨) પાંચ તન્માત્રામાં તન્માત્રત્વ, (૩) પાંચ કર્મેન્દ્રિયોમાં આકૃતિત્વ, (૪) પાંચ જ્ઞાનેન્દ્રિયોમાં ચિત્તિત્વ અને (૫) પુરુષ, પ્રકૃતિ, મહત્, અહંકાર અને મનસ્ એ પાંચમાં અન્તઃસ્થિતત્વ. પણ સાંખ્યમતમાં આ ધર્મો સ્વીકાર્યા નથી. એમની તત્ત્વોની વ્યવસ્થામાં ચાર વિભાગો છે : (૧) પ્રકૃતિ જે આવિકૃત છે, (૨) મહત્, અહંકાર અને પંચ તન્માત્ર એ સાત પ્રકૃતિ પણ છે અને વિકૃતિ પણ છે. (૩) મનસ્, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ મહાભૂત એ સોળ માત્ર વિકૃતિ છે. (૪) પુરુષ જે પ્રકૃતિ પણ નથી અને વિકૃતિ પણ નથી. આમ સાંખ્ય મતમાં કારણ-કાર્યસંબંધને આધારે ચાર સમૂહો છે; પાંચ નથી. એટલે પાંચ પંચકો થતાં નથી.

૯. **पुरुषे वैलक्षण्याभावप्रसङ्गश्च** - पञ्चपञ्चजनाः માં પચ્ચીસની સંખ્યા મેળવવા માટે जनाः નો जनयन्ति એમ યૌગિક અર્થ કરેલો છે. પણ પુરુષ તો અસંગ હોવાથી પ્રકૃતિથી ભિન્ન છે. હવે જો એનો पञ्चपञ्चजनाः માં સમાવેશ કરવામાં આવે તો પુરુષનો બીજાં તત્ત્વોથી જે તફાવત છે તેનો અભાવ થાય.

૧૦. **अतिरेकादाकाशश्चेति...** - શ્રુતિવાક્યમાં पञ्च पञ्चजनाः થી જુદો આકાશનો ઉલ્લેખ છે. આમ આકાશ વધારાનું તત્ત્વ છે. વળી આ બધું જેમાં પ્રતિષ્ઠિત છે તે આત્માને અધિકરણરૂપે કહીને તેને પણ વધારાના તત્ત્વરૂપે દર્શાવ્યો છે.

૧૧. **तदनुरोधेन लक्षणयापि...** - પૂર્વપક્ષીની દલીલ આવી છે. તમારે મતે

આત્મામાં પ્રતિષ્ઠિત ૧૦, ૨૫ અથવા ૫ જનો વિશે નિશ્ચય કરી શકાતો નથી. અમારે પક્ષે ૨૫ તત્ત્વો નક્કી છે એટલે અમારો મત વધારે યોગ્ય છે. पञ्च सप्त च वर्षाणि न ववर्ष शतक्रतुः એ વાક્યમાં પાંચ અને સાત એમ અવયવ દ્વારા સમુદાય લક્ષણા સમજતાં બારની સંખ્યા થાય છે. અથવા તો त्रिणवेनौजस्कामं याजयेत् કે युद्धं त्रिणवरात्रं तदभूत् तुमुलमुल्बणम् એ વાક્યોમાં ૩×૯=૨૭ની સંખ્યા સમજાય છે; અને त्रयो नव यत्र એમ त्रिणव બહુવ્રીહિ બને છે. તેવી રીતે અહીં પણ पञ्च पञ्च यत्र એમ બહુવ્રીહિ માનતાં ૫×૫=૨૫ની સંખ્યા મળે છે. આમ અમારે મતે મંત્રનો અર્થ એવો થાય કે જેમાં પચ્ચીસ તત્ત્વો અને આકાશ પ્રતિષ્ઠિત છે તે આત્માને જ બ્રહ્મ, અમૃતરૂપે જાણનાર અમૃત એટલે મુક્ત થાય છે એમ હું માનું છું.

૧૨. **स्पष्टमाहात्म्यार्थम्...** - આકાશ અને આત્મા વધારાના છે એવી દલીલના જવાબમાં પૂર્વપક્ષી કહે છે કે સમુદાયની અંદર રહેલા આત્મા અને આકાશનો જ આધારાધેયભાવ માહાત્મ્યના સ્પષ્ટ વર્ણનને માટે કહેલો છે. વળી અહીં આધાર વૈષયિક છે અર્થાત્ मोक्षे इच्छा अस्ति ની માફક સમજવાનું છે.

૧૩. **ननु कथमस्य...** - પૂર્વપક્ષીનો મુદ્દો એવો છે કે प्राणस्य प्राणम्... વગેરે વાક્યને વિષયવાક્યના વાક્યશેષ તરીકે કેવી રીતે ગણાય ? જો બે વાક્યોમાં પરસ્પર આકાંક્ષા હોય તો જ એકવાક્યતા થાય અને એકવાક્યતા હોય તો જ બીજા વાક્યને વાક્યશેષ કહેવાય. અહીં એવી કોઈ આકાંક્ષા નથી એટલે એકવાક્યતા ન હોવાથી વાક્યશેષ નથી.

૧૪. **अतः स्वार्थनिर्वाहार्थमन्यार्थो...** - આચાર્ય પ્રાણાદિવાક્ય અને પંચજનવાક્યની એકવાક્યતા સમજાવતાં બે કારણો આપે છે. પ્રાણ વગેરે કરણો અર્થાત્ ઇન્દ્રિયોના વાચક છે. હવે કરણ વ્યાપારનિયત હોય છે એટલે કે એનો પોતાનો વ્યાપાર હોય છે, એટલે એને બીજાં કરણોની **જરૂર** નથી. આમ હોય તો 'પ્રાણનો પ્રાણ' એવું વાક્ય બાધિત થાય માટે એનો બીજો અર્થ લેવો પડે. બીજું આ વાક્યના ઉત્તરાર્ધમાં તે निचिक्युः સ્પષ્ટ રીતે દર્શાવે છે કે અહીં બ્રહ્મનું માહાત્મ્ય દર્શાવેલું છે. હવે સાંખ્યમાં તો ઈશ્વરનો સ્વીકાર જ કર્યો નથી. તેથી આ વાક્ય બ્રહ્મ માટે છે. હવે જો સાંખ્યનો અર્થ લઈએ તો આ વાક્યનો વિરોધ આવે. આથી આ બે વાક્યોનો અન્ય અર્થ સમજવો આવશ્યક છે.

પુરુષોત્તમજી અહીં अन्यार्थे એવું પાઠાન્તર નોંધે છે, અને સમજાવે છે. તેથી અર્થમાં કોઈ ફેર પડતો નથી.

૧૫. **द्वयोरेकार्थत्वे** - પ્રાણવાક્ય અને પંચજનવાક્ય બંને સિદ્ધ કરે છે કે બુદ્ધિની વૃત્તિઓને ભગવાન જ ઉત્પન્ન કરે છે. આમ બંનેનું પ્રયોજન એક છે તેથી એ બેમાં એકવાક્યતા છે.

૧૬. **खण्डत्वाच्च शेषत्वम्** - વાક્યશેષ બે રીતે સમજી શકાય. એક વાક્ય

મુખ્ય હોય તો બીજા ગૌણ વાક્યને શેષ કહેવાય. અથવા તો એક વાક્ય સાકાંક્ષ હોય તો તેની આપૂર્તિ કરનાર બીજા વાક્યને શેષ કહેવાય. પ્રસ્તુત વાક્યોમાં ગૌણ અને મુખ્યનો સંબંધ નથી; પણ વિભાગનો સંબંધ છે. એટલે કે એક મોટા વાક્યના બે ભાગ સમજવાના છે તેથી પાછલા વાક્યને શેષ કહ્યું છે.

૧૭. **वाग्वा तेजसि** - બૃહદારણ્યકના બીજા પાઠમાં અન્નને બદલે જ્યોતિઃ શબ્દ છે. ज्योतिः તે તેજ છે અને વાણી તેજમાં પ્રતિષ્ઠિત હોવાથી વાણીનું ગ્રહણ કરવાનું છે.

૧૮. **तेनैते सर्वे पञ्चैव...** - તેજથી વાણી, પ્રાણથી ત્વક્ અને ઘ્રાણ, તથા અન્નથી રસના અને અન્નનું ગ્રહણ થાય છે. પ્રાણાદિ શબ્દોથી બીજા પદાર્થોનું પણ ગ્રહણ થાય છે. ચક્ષુ, શ્રોત્ર અને મનસ્ તો સ્પષ્ટ રીતે કહેલાં જ છે. આમ પ્રાણવાક્યમાં पञ्च માં આ બધાનો અન્તર્ભાવ થાય છે.

૧૯. **अतिरिच्यते परमाकाशः** - આકાશ પંચ મહાભૂત અને તેના ગુણોનું સંગ્રાહક છે. આ બધા જ બ્રહ્મમાં પ્રતિષ્ઠિત છે. આમ આ બંને વાક્યો ભગવાનનું માહાત્મ્ય સ્ફુટ કરે છે.

कारणत्वेन चाकाशादिषु यथाव्यपदिष्टोक्तेः ॥१४॥ (१.४.४.)

श्रुतेर्विप्रतिषेधात् स्मृतिरेव ग्राह्येति मतं दूरीकर्तुं श्रुतिविप्रतिषेधो नास्तीत्यधिकरणमारभते । तत्र श्रुतौ सृष्टिभेदा बहवः । क्वचिदाकाशादिकाः 'आत्मन आकाशः सम्भूत' इति । क्वचित्तेजःप्रभृतिकाः 'तत्तेजोसृजतेति' । क्वचिदन्यथैव 'एतस्माज्जायते प्राण' इति 'इदं सर्वमसृजते'ति च ॥

एवं क्रमव्युत्क्रमानेकविधसृष्टिप्रतिपादकत्वाद् वस्तुनो द्वैरूप्यासम्भवाद् 'ग्रहा त्वा अनु प्रजा पशवः प्रजाजन्त' इतिवत् सृष्टिवाक्यानामर्थवादत्वेन ब्रह्मस्वरूपज्ञानार्थत्वादध्यारोपापवादन्यायेन न वेदान्तब्रह्मणः कारणत्वं सिध्यति । अतः परिदृश्यमानजगतः कारणान्वेषणे क्रियमाणे बाह्याबाह्यमतभेदेषु सत्सु कपिलस्य भगवज्ज्ञानांशावतारत्वात् तन्मतप्रकारेणैव जगद्व्यवस्थोचितेत्येवं प्राप्ते, उच्यते ।

न सृष्टिभेदेषु ब्रह्मणः कारणत्वे विप्रतिपत्तिः । सर्वप्रकारेषु तस्यैव कारणत्वोक्तेः । आकाशादिषु कारणत्वेन ब्रह्म यथाव्यपदिष्टमेवैकत्र अन्यत्रापि तदेव कारणत्वेनोक्तम् । 'न तस्य कार्यं करणञ्च विद्यत' इत्यादिनिराकरणन्तु लौकिककर्तृत्वनिषेधपरम् । तस्यैव प्रतीतेः । सर्ववैलक्षण्यार्थं वैदिकानामबाधितार्थैकवाक्यत्वस्याभिप्रेतत्वादिति चकारार्थः । कार्यभेदप्रकारस्तु माहात्म्यज्ञापको न तु बाधकः । बहुधाकृतिसामर्थ्यं लोकेपि माहात्म्यसूचकमिति । तस्मान्न श्रुतिविप्रतिषेधात् स्मृतिपरिग्रह इति सिद्धम् ॥१४॥

॥ इति चतुर्थं यथाव्यपदिष्टाधिकरणम् ॥

અધિકરણ - ૪

યથાવ્યપદિષ્ટાધિકરણ

સૂત્ર ૧.૪.૧૪

સૂત્ર-૧૪ : આકાશ આદિમાં કારણ તરીકે પહેલાં કહ્યા પ્રમાણે વર્ણન હોવાથી. (૧.૪.૧૪)

શ્રુતિમાં પરસ્પર વિરોધ છે તેથી સ્મૃતિનું જ ગ્રહણ કરવું એ મત દૂર કરવા શ્રુતિઓમાં પરસ્પર વિરોધ નથી એમ બતાવવા અધિકરણનો આરંભ કરે છે. તેમાં શ્રુતિમાં સૃષ્ટિના વિષયમાં ઘણા ભેદ દેખાય છે. ક્યાંક (સૃષ્ટિમાં) પ્રથમ આકાશ છે (જેમ કે) ''આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'' (તૈ. ૨.૧) ક્યાંક સૃષ્ટિ તેજથી આરંભાય છે. ''તેણે તેજ ઉત્પન્ન કર્યું.'' (છા.ઉ. ૨.૩) કોઈક સ્થળે બીજી રીતે સૃષ્ટિ કહી છે. ''એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે'' (મુણ્ડક ૨.૧.૩) અને ''આ બધું ઉત્પન્ન કર્યું.'' (તૈ. ૨.૬; બૃ. ૧.૨.૫)

(શંકા) આ રીતે ક્રમ-વ્યુત્ક્રમવાળી અનેક પ્રકારની સૃષ્ટિનું પ્રતિપાદન કરેલું છે તેથી, અને વસ્તુનાં બે રૂપ સંભવી ન શકે તેથી[1] ''પાત્રો પછી પ્રજા અને પશુઓ જન્મે છે'' (તૈ.સં. ૬.૫.૧૦.૧)ની માફક સૃષ્ટિવિષયક વાક્યો અર્થવાદરૂપ હોવાથી બ્રહ્મના સ્વરૂપના જ્ઞાન માટે છે[2] એટલે અધ્યારોપાપવાદન્યાય[3] અનુસાર વેદથી બ્રહ્મનું કારણત્વ સિદ્ધ થતું નથી. એટલે દેખાતા જગત્‌નું કારણ શોધવામાં આવે ત્યારે બાહ્ય અને અબાહ્ય[4] મતોનો ભેદ હોવાથી (તથા) કપિલ ભગવાનના જ્ઞાનાંશના અવતાર હોવાથી તેમણે માનેલા પ્રકારે જ જગત્‌ની વ્યવસ્થા ઉચિત છે. એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે. સૃષ્ટિના પ્રકારોમાં ભેદ હોવા છતાં બ્રહ્મના કારણત્વમાં કોઈ વિરોધ નથી; કારણ કે બધા પ્રકારોમાં તેને જ કારણરૂપે કહ્યું છે. આકાશાદિમાં બ્રહ્મનું કારણ તરીકે જેવું વર્ણન એક સ્થળે કર્યું છે તેવું જ કારણ તરીકેનું વર્ણન અન્યત્ર પણ છે. ''તેનું કાર્ય કે કરણ નથી'' (શ્વે. ૬.૮) ઇત્યાદિમાં આવતું નિરાકરણ લૌકિક કર્તૃત્વના નિષેધ માટે છે; કારણ કે તેમ જ જણાય છે. બ્રહ્મ સર્વથી વિલક્ષણ છે તે દર્શાવવા વૈદિક પદોના અર્થની એકવાક્યતા અબાધિત છે એમ અભિપ્રેત છે એવું ચ થી સૂચવાય છે. કાર્યના પ્રકારમાં જે ભેદ છે તે તો માહાત્મ્ય દર્શાવે છે, બાધક નથી. અનેક રીતે કાર્ય કરવાનું સામર્થ્ય જગત્‌માં પણ માહાત્મ્યનું સૂચક છે. તેથી શ્રુતિના પરસ્પરવિરોધને લીધે સ્મૃતિનો સ્વીકાર કરવો એમ સિદ્ધ થતું નથી.

ટિપ્પણ

૧. **वस्तुनो द्वैरूप्यासंभवात्** - બ્રહ્મનું કૂટસ્થ તરીકે વર્ણન છે. એમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ એમ માનીએ તો એ વિકારિ બને. આમ કૂટસ્થ અને વિકારિ એમ એક જ બ્રહ્મનાં બે રૂપોને સ્વીકારી શકાય નહિ.

૨. **ग्रहान्त्वा अनु...** - ग्रह શબ્દ અહીં સોમનાં પાત્રોના અર્થમાં છે. આ વાક્ય અર્થવાદરૂપ છે. એ સોમનાં પાત્રોના સ્વરૂપનો બોધ કરે છે, પણ સોમનાં પાત્રો પ્રજા અને પશુઓનું કારણ છે એવું સિદ્ધ કરતું નથી. આવી જ રીતે શ્રુતિમાં કહેલાં સૃષ્ટિવિષયક વાક્યો બ્રહ્મના સ્વરૂપના જ્ઞાન માટે છે, બ્રહ્મની કારણતા સિદ્ધ કરતાં નથી.

૩. **अध्यारोपापवादन्याय** - બ્રહ્મ જગતના કર્તા છે એવો આરોપ કરીને પછી એનો અપવાદ અર્થાત્ નિષેધ કરેલો છે.

૪. **बाह्याबाह्यमतभेदेषु** - ગૌતમ, કણાદ વગેરેના મતને વેદબાહ્ય તો કપિલ વગેરેના મતને અબાહ્ય કહ્યા છે કારણ કે તેઓ પોતાના મતને વેદમૂલક માને છે.

पुनरन्यथाशङ्क्य परिहरति । ननु क्वचि‘‘दसद्वा इदमग्र आसीदि’’ति, क्वचित् ‘‘सदेव सौम्येदमग्र आसीत्’’ ‘‘तद्धैक आहुरसदेवेदमग्र आसीत्’’ ‘‘अव्याकृतमासीत्’’ ‘‘नासदासीन्नो सदासीत्’’ ‘‘तम आसीदि’’त्यादिवाक्येषु ब्रह्मणोपि विगानं श्रूयते । ‘तद्धैक आहु’रिति कर्मवत् पक्षान्तरं सम्भवति, नह्यसत्तमः शब्दैर्ब्रह्म प्रतिपादयितुं शक्यते । ‘असन्नेव स भवती’ति बाधात्, ‘‘आदित्यवर्णं तमसः परस्तादि’’ति च । तस्मात् कारणत्वेनापि श्रुतिविप्रतिषेधात् ब्रह्म कारणं नेत्येवं प्राप्ते, उच्यते ।

समाकर्षात् ॥१५॥ (१.४.५.)

आकृष्यते स्वस्थानात् च्याव्यत इत्याकर्षः । सर्वेष्वेतेषु वाक्येषु असदादिपदानां न निरात्मकत्वाद्यर्था उच्यन्ते किन्तु वैलक्षण्येन । सर्वशब्दवाच्यत्वं च सिद्धं ब्रह्मणः । यथा ‘को अद्धा वेद क इह प्रवोचत्’ सर्वे वेदा यत्पदमामनन्ति’ ‘यतो वाचो निवर्तन्ते’ ‘मनसैवानुद्रष्टव्य’ इत्यादि सर्वे विरुद्धधर्मा भगवत्युच्यन्ते । एवमनेकविरुद्धशब्दवाच्यत्वं लोकप्रसिद्धतादृश-शब्दार्थत्वात् समाकर्षादवगम्यते । ‘तं यथा यथोपासते तथा भवती’ति फलज्ञापनार्थं ‘‘असन्नेव स भवती’’ति । यथा कंसादीनां मारकः । ‘तद्धैक आहु’रित्यत्र सर्वप्रपञ्चवैलक्षण्यम् । प्रपञ्चरूपोपि स इति प्रथमः पक्षः । ‘अव्याकृत’मसत्पक्षेण तुल्यम्। नासदासी’दिति मनस्तदपि ब्रह्म । ‘तम आसी’दित्यनभिव्यक्तम् । कर्मणोपि भगवत्त्वात् पूर्वकाण्डेपि तस्मादेव सृष्टिः । न हि तमस्तः स्वेन गूढत्वं लोके सम्भवति । अतः क्वचिद्विलक्षणात् क्वचिदविलक्षणाद् ब्रह्मणो जगत् । भगवत्त्वादेव स्वयङ्कर्तृकता च । सम्भवति चैकवाक्यत्वे अज्ञानान्निरा-करणञ्चायुक्तम् । तस्मात् शब्दवैलक्षण्येन श्रुतिप्रतिषेधो वक्तुं न शक्य इति सिद्धम् ॥१५॥

॥ इति पञ्चमं समाकर्षाधिकरणम् ॥

અધિકરણ - ૫

સમાકર્ષાધિકરણ

સૂત્ર : ૧.૪.૧૫

સૂત્ર-૧૫ : ફરીથી અન્યથા શંકા કરીને પરિહાર કરે છે. (શંકા) કોઈક સ્થળે

''પહેલાં આ ખરેખર અસત્ હતું'' (તૈ. ૨.૭) ક્યાંક 'હે સૌમ્ય, પહેલાં આ સત્ જ હતું.'' (છા. ૬.૨.૧) તો'' કેટલાક કહે છે પહેલાં આ અસત્ જ હતું. (છા. ૬.૨.૧) ''તે અવ્યાકૃત હતું.'' (બૃ. ૧.૪.૭) ''અસત્ ન હતું, સત્ ન હતું.'' (ઋગ્વેદ ૧૦.૧૨૯.૧), ''તમસ્ હતું.'' (ઋગ્વેદ ૧૦.૧૨૯.૩) ઇત્યાદિ વાક્યોમાં બ્રહ્મનું પણ વિરુદ્ધ વર્ણન છે. ''તેમાં કેટલાક કહે છે.''[1] એ વાક્ય અનુસાર બીજો પક્ષ પણ સંભવિત બને છે. असत्, तमस् (જેવા) શબ્દોથી બ્રહ્મનું પ્રતિપાદન શક્ય નથી; કારણ કે ''(બ્રહ્મને असत् રૂપે જાણનાર) અસત્ જ થાય છે'' (તૈ. ૨.૬) એવો બાધ છે. અને ''આદિત્ય જેવા વર્ણવાળા, તમસ્થી પાર'' (શ્વે. ૩.૮) (થી પણ બાધ થાય છે) એટલે કારણ તરીકે પણ (બ્રહ્મના વિષયમાં) શ્રુતિવાક્યો પરસ્પર વિરુદ્ધ હોવાથી બ્રહ્મ કારણ નથી. આમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે -

ખેંચાઈ આવતા હોવાથી. (૧.૪.૧૫)

પોતાના સ્થાનમાંથી ખેંચાય તે आकर्ष. આ બધાં વાક્યોમાં असत् વગેરે શબ્દો નિરાત્મકત્વ આદિ અર્થોનો બોધ કરતા નથી; પણ જુદી રીતે (બ્રહ્મનો અર્થ આપે છે)[2] અને બ્રહ્મ સર્વ શબ્દોથી વાચ્ય છે એ તો સિદ્ધ છે. જેમકે ''અહીં ખરેખર કોણ જાણે ? કોણ કહે છે ?'' (ઋગ્વેદ ૧૦.૧૨૯) ''બધા વેદો જે પદને વર્ણવે છે'' (કઠ. ૧.૨.૧૫), ''જ્યાંથી વાણી પાછી ફરે છે'' (તૈ. ૨.૯) ''મનથી જ દર્શન કરવા યોગ્ય છે'' (બૃ. ૪.૪.૧૯) વગેરે વાક્યોથી ભગવાનમાં વિરુદ્ધ ધર્મો કહેવાય છે. આમ લોકપ્રસિદ્ધ તે તે અર્થોમાંથી ખેંચી લેવાને લીધે અનેક વિરુદ્ધ શબ્દો બ્રહ્મના વાચક છે એમ સમજાય છે. તેની જેવી રીતે ઉપાસના કરે છે તેવું તે બને છે એવું ફલ બતાવવા માટે ''એ અસત્ જ બને છે'' (તૈ. ૨.૬) (એમ કહ્યું છે;) જેમ કંસ આદિ માટે મારનાર બને છે. ''તે માટે કેટલાક કહે છે.'' (છા. ૬.૨.૧) એ વાક્યમાં આખા પ્રપંચથી વિલક્ષણતા બતાવી છે. એ પ્રપંચરૂપ પણ છે એ પ્રથમ પક્ષ છે. અવ્યાકૃત છે એ અસત્ પક્ષને સમાન છે. ''અસત્ ન હતું'' એ મન છે, તે પણ બ્રહ્મ છે. ''તમસ્ હતું'' એ અનભિવ્યક્ત (કર્મ) છે, કારણ કે કર્મ પણ ભગવાન છે. પૂર્વકાંડમાં પણ તેમાંથી જ સૃષ્ટિ કહી છે. તમસ્ પોતાનાથી ઢંકાઈ જાય એ લોકમાં સંભવતું નથી.[3] આમ ક્યાંક વિલક્ષણ તો ક્યાંક અવિલક્ષણ એવા બ્રહ્મમાંથી જગત્ (સર્જાય છે). ભગવાન હોવાથી જાતે જ કર્તા છે. આમ એકવાક્યતા સંભવતી હોય ત્યારે અજ્ઞાનને લીધે (અસત્ આદિ શબ્દોનું) નિરાકરણ યોગ્ય નથી. એટલે શબ્દોના ભેદને આધારે શ્રુતિવાક્યોમાં પરસ્પર વિરોધ કહેવો શક્ય નથી એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. तद्वैक आहुरितिवत् - પૂર્વમીમાંસા સૂત્ર ૩.૪.૨૪-૫માં કર્મના વિષયમાં પક્ષાન્તરનો ન્યાય કહેલો છે. દર્શપૂર્ણમાસકર્મમાં मलवद्वाससोऽन्नं नाद्यात् એમ

રજસ્વલા સ્ત્રીનું અન્ન ખાવું નહિ એવો નિષેધ કહ્યો છે. આ પછી બીજો પક્ષ આપતાં કહ્યું છે - अथो खल्वाहुरभ्यञ्जनं वा व स्त्रिया अन्नमभ्यञ्जनमेव न प्रतिगृह्यं कामनयान्यत् અર્થાત્ સમાગમ એ જ સ્ત્રીનું અન્ન છે માટે રજસ્વલાનો સમાગમ કરવો નહિ પણ બીજી વસ્તુઓ સ્વેચ્છાએ લઈ શકાય. આમ પક્ષાન્તર સંભવે છે. તેવી રીતે અહીં પણ तद्धैक आहुरसदेवेदमग्र आसीत् એ વાક્ય બ્રહ્મનું असत् રૂપે પક્ષાન્તર આપે છે.

૨. किंतु वैलक्षण्येन - અસત્ વગેરે શબ્દો પોતાના લોકપ્રસિદ્ધ અર્થો છોડીને તે પ્રકારનું બ્રહ્મ જ છે એવો અર્થ આપે છે. આમ સમજવામાં લક્ષણાનો દોષ નથી કારણ કે બ્રહ્મ જ સર્વ શબ્દોનો વાચ્ય અર્થ છે એમ तल्लिङ्गाधिकरण (૧.૧.૨૧)માં સિદ્ધ કરેલું છે.

૩. न हि तमसा स्वेन... - તમસ્ નો અર્થ અંધકાર લઈ શકાય નહિ કારણ કે અંધકારથી અંધકાર ઢંકાઈ જાય એ સંભવિત નથી.

एवं शब्दविप्रतिषेधं परिहृत्यार्थविप्रतिषेधं परिहरति । कौपीतकिब्राह्मणे बालाक्यजातशत्रुसंवादे बालाकिरजातशत्रवे ब्रह्मोपदेष्टुमागतः । आदित्यादिदक्षिणेक्षिपुरुषपर्यन्तं परिच्छिन्नब्रह्मोपासनान्युक्त्वा तथा निराकृते तमेव ज्ञानार्थमुपससाद । ततः सुप्तपुरुषसमीषमुभावागत्य ब्रह्मवाद्यं चक्रतुः । तत्र "क्वैष एतद्बालाके पुरुषोशयिष्टे"त्यादौ जीवः प्रक्रान्तः । तस्मादेव सर्वोत्पत्तिरुक्ता । ब्रह्मणोप्यनुप्रवेशश्च । तत्र सन्देहः । जीव एव ब्रह्मसहितः कर्ता ब्रह्मैव वेति । तत्र जीव एव कर्ता सर्वस्य जगतः । ब्रह्मत्वादयः तस्य धर्मा राजत्ववद्यजमानत्ववद्वा । अस्मिन् प्रकरणे ब्रह्मोपक्रमेण जीवपर्यवसानोक्तेः सर्वत्रैव ब्रह्मत्वेनोक्तो जीव एव कर्ता । तथा सति लोकेषि जीवकर्तृत्वं सहजं भवेत् । बन्धमोक्षव्यवस्था च ॥ एवं सत्यर्थात् प्रकृतेरेव फलिष्यतीत्येवं प्राप्ते, उच्यते ।

जगद्वाचित्वात् ॥१६॥ (१.४.६.)

"एतेषां पुरुषाणां कर्ता यस्य चैतत् कर्मे"त्युपक्रमे एतच्छब्देन जगदुच्यते पुरुषशब्देन च जीवः । तज्जडजीवात्मकं जगत् ब्रह्मकर्तृकमिति पूर्वसिद्धम् । तदनुरोधेनापि ब्रह्मपरत्वमेवोचितम् । नतु सर्वविप्लवोश्रुतकल्पना च । अतः सुषुप्तावापि ब्रह्मण्येव लयस्तस्मादेव सर्वमितिज्ञातव्यम् । प्राणात्मशब्दवाच्यत्वं तु पूर्वमेव सिद्धम् । तस्मान्न जीवाधिष्ठिता प्रकृतिः कारणम् ॥१६॥

जीवमुख्यप्राणलिङ्गादिति चेत् तद्व्याख्यातम् ॥१७॥

किञ्चिदाशङ्क्य परिहरति । नन्वत्र जीव एव प्रक्रान्तः । "क्वैष एतद्बालाके पुरुषोशयिष्टे"ति । ब्रह्म त्वद्यापि न सिद्धमेतादृशन्नैतादृशमिति । अतः शयनोत्थानलक्षणजीवधर्मदर्शनात् तस्यैव ब्रह्मत्वं जगत्कर्तृत्वञ्च । तत् स्वतोनुपपन्नं प्रकृतौ फलिष्यति । अथवा । मुख्यप्राणलिङ्गमप्यत्रास्ति "प्राण एवैकधा भवती"ति । सुषुप्तौ तस्यैव वृत्तिरुपलभ्यते । विद्यमानादेव सर्वोत्पत्तिप्रलयौ, स च प्रकृत्यंशः । अतो जडादेव प्रधानात् सृष्टावपि सर्वोत्पत्तिः । अतोस्मात् प्रकरणात् जीवद्वारा साक्षाद्वा प्रकृतेः कारणत्वमित्येवं प्राप्ते उच्यते ।

तद्व्याख्यातम् । एतयोरुभयलिङ्गत्वमेव नास्तीति ''आश्रितत्वादिह तद्योगादि''त्यत्र । सर्वमेव कार्यं भगवत एव नान्यस्मादिति । अतोस्मात् ब्रह्मवाद एव सिध्यति न प्रकृतिवादः ॥१७॥

अन्यार्थन्तु जैमिनिः प्रश्नव्याख्यानाभ्यामपि चैवमेके ॥१८॥

स्वमतेन परिहारमुक्त्वा नियतधर्मवादेनापि परिहारमाह । स्वापप्रतिबोधौ जीवधर्माविव चक्षुरादिलयाधारत्वं प्राणस्येति । तस्मिन्नपि पक्षे अन्यार्थमेव तद्धर्मकीर्तनम् । भेदे हि तन्निराकरणमवश्यं कर्तव्यमिति तुशब्दः । ब्रह्मप्रतिपत्त्यर्थमेव जीवलयोद्गमौ । मृतिवैलक्षण्येन प्राणकीर्तनमाश्रयब्रह्मबोधाय ।

कुत एतदवगम्यते । तत्राह । उपक्रमोपसंहाराभ्यामेवावगम्यते । 'यो वै बालाक एतेषां पुरुषाणां'मित्युपक्रमे मुख्यं ब्रह्मैव निर्दिष्टम् । तज्ज्ञानेनासुरजयः सर्वेषां भूतानां श्रैष्ठ्यं स्वाराज्यमाधिपत्यञ्चेति फलं, न ह्येतद्द्वयममुख्ये सम्भवति । अपि च प्रश्नव्याख्यानाभ्याम् । 'क्वैष एतद्बालाके पुरुषोशयिष्टे'ति प्रश्नः । तत्र जीवस्य ज्ञातत्वादधिकरणमेव न ज्ञातम् । ''यत्रैष एतद्बालाके पुरुषोशयिष्टे''ति व्याख्यानं न हि नाडीर्ज्ञापयितुं व्याख्याति । किन्तु प्रतिज्ञातं ब्रह्म । कथमेतदवगम्यते नाडीव्यतिरिक्त आत्मा ज्ञाप्यत इति । तत्राह । एवमेके । एके शाखिनो वाजसनेयिनः, तत्रापि दृप्तबालाकिब्राह्मणे 'स होवाचाजातशत्रुर्यत्रैष एतत् सुप्तोभूत् य एष विज्ञानमयः पुरुषस्तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय य एषोन्तर्हृदय आकाशस्तस्मिन् शेते' इत्यत्राकाशशब्देन ब्रह्म । ''सता सौम्य तदा सम्पन्नो भवती''ति च, ''स्वं ह्यपीतो भवती''ति च । तस्मादाधारभूतब्रह्मज्ञापनार्थत्वाज्जीवमुख्यप्राणलिङ्गात् प्रकृतिवाद इत्यसङ्गतम् ॥१८॥

॥ इति षष्ठं जगद्वाचित्वाधिकरणम् ॥

અધિકરણ - ६

જગદ્વાચિત્વાધિકરણ

સૂત્રો ૧.૪.૧૬-૧૮

સૂત્ર-૧૬ : આ રીતે શબ્દનો વિપ્રતિષેધ દૂર કરીને અર્થના વિપ્રતિષેધનો પરિહાર કરે છે. કૌષીતકિ બ્રાહ્મણમાં બાલાકિ અને અજાતશત્રુના સંવાદમાં બાલાકિ અજાતશત્રુને બ્રહ્મનો ઉપદેશ આપવા આવ્યા. આદિત્યથી આરંભીને જમણી આંખમાં રહેલા પુરુષ સુધીની પરિચ્છિન્ન બ્રહ્મની ઉપાસનાઓ કહી, અને તેનું તે રીતે નિરાકરણ થતાં તેની જ પાસે જ્ઞાન માટે આવ્યા. ત્યારે બંનેએ સૂતેલા પુરુષની પાસે આવીને બ્રહ્મની ચર્ચા કરી. તેમાં ''હે બાલાકિ, આ પુરુષ ક્યાં સૂતો છે ?'' (કૌ. ૪.૧૮) ઇત્યાદિ વાક્યોમાં જીવની ચર્ચા છે. તેનાથી જ બધાની ઉત્પત્તિ કહી છે, અને બ્રહ્મનો અનુપ્રવેશ કહ્યો છે. તેમાં સંદેહ છે. બ્રહ્મસહિત જીવ જ કર્તા છે કે બ્રહ્મ જ (કર્તા) છે ?

(પૂર્વપક્ષ) તેમાં જીવ જ આખા જગતનો કર્તા છે, રાજા અને યજમાનની માફક બ્રહ્મત્વ વગેરે એના ધર્મો છે. આ પ્રકરણમાં બ્રહ્મથી ઉપક્રમ કરીને જીવની

ચર્ચાથી અંત આપે છે. બધે જ બ્રહ્મરૂપે કહેલો જીવ જ કર્તા છે. એમ હોવાથી જગતમાં પણ જીવનું કર્તૃત્વ સાહજિક થશે, અને બન્ધન તથા મોક્ષની વ્યવસ્થા થશે.[૨] આમ પ્રકૃતિનું જ (કર્તૃત્વ) ફલિત થશે.

આમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે –

જગતનું વાચક હોવાથી. (૧.૪.૧૬)

''આ પુરુષોના કર્તા, જેનું આ કર્મ છે'' (કૌ. ૪.૧૮) એમ ઉપક્રમમાં 'આ' શબ્દથી જગત્ કહેવાય છે; અને પુરુષ શબ્દથી જીવ (કહેવાય છે). તે જડજીવાત્મક જગત્‌ના કર્તા બ્રહ્મ છે એમ અગાઉ સિદ્ધ થયેલું જ છે. તે અનુસાર અહીં પણ બ્રહ્મ જ જગતના કર્તા છે એમ માનવું ઉચિત છે; સર્વનો વિપ્લવ કરવો કે જે શ્રુતિમાં નથી એવી (પ્રકૃતિની) કલ્પના કરવી યોગ્ય નથી.[૩] સુષુપ્તિમાં પણ બ્રહ્મમાં જ લય થાય છે અને તેમાંથી જ બધું થાય છે એમ જાણવું. પ્રાણ, આત્મા શબ્દોથી બ્રહ્મ વાચ્ય છે એ તો પહેલાં (ઇન્દ્ર-પ્રતર્દન સંવાદ કૌ. ૩)માં સિદ્ધ જ છે. તેથી જીવથી અધિષ્ઠિત એવી પ્રકૃતિ કારણ નથી.

સૂત્ર-૧૭ : જીવ અને મુખ્ય પ્રાણનું લિંગ છે એમ કહો તો તે (અગાઉ) સમજાવેલું છે. (૧.૪.૧૭)

કોઈક શંકા કરીને પરિહાર કરે છે. (શંકા) અહીં ખરેખર જીવની જ વાત કરી છે. ''હે બાલાકિ, આ પુરુષ ક્યાં સૂતો છે ?'' (કૌ. ૪.૧૮) હજુ પણ બ્રહ્મ આવું છે (અને) આવું નથી એમ સિદ્ધ થયું નથી. આથી શયન, ઉત્થાનરૂપી જીવના ધર્મો દેખાતા હોવાથી જીવ જ બ્રહ્મ છે અને જગત્‌નો કર્તા છે. પોતે (કર્તા) થઈ ન શકે તેથી કર્તૃત્વ પ્રકૃતિમાં ફળે છે.

અથવા તો અહીં મુખ્ય પ્રાણનું લિંગ પણ છે. ''પ્રાણમાં જ એકરૂપ થાય છે'' (કૌ. ૪.૧૯) એમ સુષુપ્તિમાં તેની જ વૃત્તિ ઉપલબ્ધ થાય છે. જે વિદ્યમાન હોય તેમાંથી જ સર્વની ઉત્પત્તિ અને પ્રલય થાય, (અને પ્રાણ વિદ્યમાન છે). તે પ્રકૃતિનો અંશ છે એટલે સૃષ્ટિમાં પણ જડ પ્રધાનમાંથી જ સર્વની ઉત્પત્તિ થાય છે. તેથી આ પ્રકરણ અનુસાર જીવ દ્વારા અથવા સાક્ષાત્ પ્રકૃતિ કારણ છે; એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (જવાબ) કહેવાય છે – તેનું સમાધાન કરેલું છે. આ બે (જીવ અને મુખ્ય પ્રાણનાં) લિંગ છે જ નહિ. ''આશ્રય હોવાથી અને તેના યોગથી'' (બ્ર.સૂ. ૧.૧.૩૦) એમાં જણાવ્યું છે કે બધું કાર્ય ભગવાનમાંથી જ થાય છે, બીજા કોઈમાંથી નહિ. એટલે આ વાક્યથી બ્રહ્મવાદ જ સિદ્ધ થાય છે, પ્રકૃતિવાદ સિદ્ધ થતો નથી.

સૂત્ર-૧૮ : જૈમિનિ માને છે કે પ્રશ્ન અને વ્યાખ્યાનથી અન્ય માટે છે; કેટલાક આમ કહે પણ છે. (૧.૪.૧૮)

પોતાને મતે પરિહાર કરીને નિયતધર્મવાદ[૪]થી પણ પરિહાર કહે છે. સુષુપ્તિ અને પ્રતિબોધ જીવના જ ધર્મો છે. ચક્ષુ આદિના લયનો આધાર પ્રાણ છે. તે પક્ષ

અનુસાર પણ (જીવ અને મુખ્ય પ્રાણના) ધર્મોનું વર્ણન બીજા માટે છે. ભેદમાં પણ તેનું નિરાકરણ અવશ્ય કરવું જોઈએ એમ તુ શબ્દ સૂચવે છે.[૫] જીવના લય અને ઉદ્‌ગમ બ્રહ્મની પ્રતીતિ માટે છે. મરણથી જુદી રીતે પ્રાણનું વર્ણન આશ્રયરૂપ બ્રહ્મના બોધ માટે છે.[૬]

આમ કેવી રીતે સમજાય ? (એ પ્રશ્નના ઉત્તરમાં) કહે છે કે ઉપક્રમ અને ઉપસંહારથી જ આ સમજી શકાય છે. ''હે બાલાકિ, આ પુરુષોનો જે'' (કૌ. ૪.૧૮) એમ ઉપક્રમમાં મુખ્ય એવા બ્રહ્મનો નિર્દેશ છે. તેના જ્ઞાનથી અસુરો પર વિજય, બધા ભૂતોમાં શ્રેષ્ઠતા, સ્વરાજ્ય અને આધિપત્ય એ ફળ છે. જે મુખ્ય નથી તેમાં આ સંભવતું નથી. ઉપરાંત પ્રશ્ન અને વ્યાખ્યાનથી પણ (આ સિદ્ધ થાય છે. ''હે બાલાકિ, આ પુરુષ ક્યાં સૂતો છે ?'' એ પ્રશ્ન છે. તેમાં જીવનું જ્ઞાન છે, અધિકરણનું જ (સ્થાનનું) જ્ઞાન નથી. ''હે બાલાકિ, જ્યાં આ પુરુષ સૂતો છે'' (કૌ. ૪.૧૯) એ ઉત્તર છે. અહીં નાડીનું જ્ઞાન આપવા માટે ઉત્તર નથી, પણ બ્રહ્મ વિશે પ્રતિજ્ઞા છે. નાડીથી જુદો આત્મા સમજાવ્યો છે એમ કેવી રીતે જણાય ? તો કહે છે - ''એમ કેટલાક''. કેટલાક શાખીઓ એટલે વાજસનેયીઓ. ત્યાં પણ દૃપ્તબાલાકિબ્રાહ્મણમાં કહ્યું છે - ''તે અજાતશત્રુએ કહ્યું, જ્યાં આ (પુરુષ) અને એ (જગત્) સૂતેલાં છે, જે વિજ્ઞાનમય પુરુષ છે, તે આ પ્રાણોના વિજ્ઞાનનું વિજ્ઞાનથી ગ્રહણ કરીને, હૃદયની અંદર આજે આકાશ છે તેમાં સૂએ છે.'' (બૃ. ૨.૧.૧૭) અહીં આકાશ શબ્દ બ્રહ્મ માટે છે. ''હે સૌમ્ય, ત્યારે સત્‌ની સાથે સંપન્ન થાય છે,'' ''પોતાનામાં મળી જાય છે'' (છા. ૬.૮.૧) આમ આધારભૂત બ્રહ્મના જ્ઞાન માટે હોવાથી જીવ અને મુખ્ય પ્રાણના લિંગથી પ્રકૃતિવાદ છે એમ કહેવું અસંગત છે.

ટિપ્પણ

૧. **राजत्ववद् यजमानत्ववद्वा** - પૂર્વપક્ષને મતે બ્રહ્મત્વ જીવનો ધર્મ છે. બધા જીવો સમાન હોવા છતાં બીજા પર શાસન કરવારૂપ ઉપાધિને લીધે એક જીવ રાજા બને છે અર્થાત્ રાજત્વરૂપી ધર્મવાળો હોય છે. તેવી જ રીતે યજ્ઞના કર્મમાં જે મુખ્ય હોય તે યજમાન છે. આમ બ્રહ્મત્વ આદિ ધર્મો પણ જીવના જ છે.

૨. **लोकेऽपि जीवकर्तृत्वं...** - દેહાભિમાનને લીધે જગતમાં જીવનું કર્તૃત્વ સ્વાભાવિક થશે. દેહની સાથે આવેલા કર્તૃત્વને લીધે જીવને બંધ અને મોક્ષ પણ વ્યવસ્થિત થશે. દેહાભિમાની જીવનું કર્તૃત્વ સિદ્ધ થતાં અર્થાનુસાર પ્રકૃતિનું જ કર્તૃત્વ સિદ્ધ થાય છે.

૩. **न तु सर्वविप्लवोऽश्रुतकल्पना च** - પુરુષ શબ્દથી દેહાભિમાની જીવ સમજીને પ્રકૃતિ-અભિમાનીનું કર્તૃત્વ સ્વીકારતાં બધી શ્રુતિઓનો વિપ્લવ થાય છે. વળી પ્રકૃતિનો સિદ્ધાન્ત શ્રુતિમાં નથી તેથી અશ્રુતકલ્પનાનો દોષ આવે છે.

૪. **नियतधर्मवाद** - સ્વાપ-પ્રતિબોધ જીવના ધર્મો છે અને ઇન્દ્રિયોનો લય પ્રાણમાં થાય છે એ જૈમિનિનો નિયતધર્મવાદ છે એમ આચાર્યશ્રી કહે છે.

૫. **भेदे हि तन्निराकरणमवश्यं...** - સામાન્ય રીતે તુ શબ્દ પક્ષ બદલવા માટે છે અને તુ થી કહેલો પક્ષ શ્રેષ્ઠ ગણાય છે; પણ અહીં જૈમિનિનો મત સૂત્રકારના મત કરતાં વધારે યોગ્ય છે એવું નથી. જૈમિનિ અને બાદરાયણ વચ્ચે મતભેદ હોવા છતાં સાંખ્યનું નિરાકરણ આવશ્યક છે એટલું જ તુ થી સૂચવાય છે.

૬. **मृतिवैलक्षण्येन...** - બૃ. ૪.૪ શારીરબ્રાહ્મણમાં મરણની અવસ્થા વિશે કહ્યું છે કે સર્વ પ્રાણો ભગવાનની નજીક જાય છે. આની ચર્ચા सुषुप्त्युत्क्रान्त्योर्भेदेन એ અધિકરણમાં કરી છે. અહીં વાણી વગેરેના લયનો આધાર પ્રાણ છે એમ કહ્યું છે તે આશ્રયરૂપ બ્રહ્મના બોધ માટે છે.

पुनर्जीवब्रह्मवादेन प्रकृतिकारणवादमाशङ्क्य परिहरति । बृहदारण्यके चतुर्थे षष्ठे च याज्ञवल्क्यमैत्रेयीसंवादे 'येनाहं नामृता स्यां किमहं तेन कुर्या''मिति विरक्तिमुक्त्वा ''यदेव भगवान् वेद तदेव मे ब्रूही''ति पृष्टे तामभिमुखीकृत्य ''न वारे पत्युः कामाये''त्यादिना अमृतत्वाय ज्ञानमुपदिशति । षष्ठे पुनरुपसंहारे ''प्येतावदरे खल्वमृतत्वमिति होक्त्वा याज्ञवल्क्यः प्रवव्राजे''ति ।

तत्र जीवस्य प्रकरणित्वं ब्रह्मणो वेति संशयः । तत्रात्मनः प्रियत्वं स्वप्रतीत्या पुत्राद्यपेक्षया बोधयन् जीवमेवोपक्रमे आत्मत्वेन वदति, तदनु तत्र दर्शनादि विधत्ते । तेन सर्वं विदितमितिफलमाह । तत्र कथमात्मज्ञानेन सर्वज्ञानमित्याकाङ्क्षायां ''ब्रह्म तं परादा''दित्यादिना ''इदं सर्वं यदयमात्मे''त्यन्तेन तस्यैव सर्वत्वमाह । तदनु कथमस्मिन् सङ्घाते आत्मज्ञानं भवतीत्याकाङ्क्षायां दुन्दुभ्यादिदृष्टान्तत्रयमाह परम्परया बाह्याभ्यन्तर्भेदेन । यथा महाकोलाहले दुन्दुभेर्हन्यमानस्य शब्दो गृहीतो भवति तत्र करणं दुन्दुभिदर्शनं दुन्दुभ्याघातदर्शनं वा । अनुमानद्वारा चित्ते तत्र निविष्टे तत्साक्षात्कारो भवतीति । तथा आत्मनो बोधककार्यानुमाने तत्साक्षाय्कारो भवतीति । तत्र कथं सर्वत्वमित्याकाङ्क्षायां तत एवोत्पन्नं सर्वं नामरूपात्मकं तस्मिन्नेव लीयत इति ''स यथे''ति द्वयेनाह । मध्येपि स एव नातिरिक्तं विशतीति ''स यथा सैन्धवघन'' इत्यनेनाह । आधेयत्वेन तावन्मात्रतानिराकरणायाह ''न प्रेत्य संज्ञास्ती''ति । कार्यातिरिक्तरूपं कथयितुं न शक्यत इति । तत्र विशेषाकाङ्क्षायामतिरिक्ताकथने वञ्चकत्वमाशङ्क्य तत्परिहारायाह । ''स होवाचे''ति । ''अविनाशी''त्यनेन कार्यवैलक्षण्यं सिद्धवत्कारेणोक्त्वा विषयसम्बन्धेन संसारमाह । ''मात्रासंसर्गस्त्वस्य भवती''ति । विशेषतस्त्वकथने हेतुमाह ''यद्वैत''मित्यादिना यावत्समाप्ति । चक्षू रूपमेव पश्यति नात्मानम् । ननु रूपमप्यात्मेति चेत् ''तत्रापश्यन् वै तत् द्रष्टव्यत्वेन न पश्यति,'' न हि द्रष्टृस्वरूपं दृश्यज्ञानेन ज्ञातं भवति । अतद्रूपत्वात् । एवं द्रष्टृदृश्यव्यवहारे अज्ञानावस्थायां विशेषतस्तज्ज्ञानमशक्यमुक्त्वा ज्ञानोत्तरं कर्मकर्तृभाव एव नास्तीत्याह । ''यत्र वा अन्यदिव स्यादि''त्यादिना । इदमेव हि ज्ञान''ममृतत्व''मिति ।

तत्रादिमध्यावसानेषु जीवप्रकरणमित्येव प्रतिभाति । तस्य ब्रह्मता जगत्कर्तृत्वमित्यिवोत्कर्षः । न तु तस्मादन्यत् ब्रह्मत्वेन वक्तुं युक्तमर्थविरोधाच्च । तस्माद्वेदे सृष्टिवाक्यानामेतन्न्यायेनान्यार्थत्वान्न ब्रह्म जगत्कारणमिति प्रकृतिवाद एव युक्त इत्येवं प्राप्ते , उच्यते ।

वाक्यान्वयात् ॥१९॥ (१.४.७)

इदं वाक्यं भगवत्येवान्वेति । नात्र जीवप्राधान्यगन्धोपि । सर्वत्र भगवदन्वयेनैव जीवस्यापि प्रियत्वम् । तस्यैव सुखरूपत्वात् । सर्वोपनिषदनुरोधेनैवास्याप्यर्थस्य वक्तुमुचितत्वात् । ''तमेव विदित्वातिमृत्युमेति'' ''आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते'' ''सर्व एवात्मानो व्युच्चरन्ति'' ''एष ह्येवानन्दयाती''त्यादिश्रुतिसहस्रैर्निःसन्दिग्धैर्ब्रह्मणः स्वरूपं कार्यमंशाश्च प्रतिपादिता इतीदमपि वाक्यं तत्परमेवोचितम् । सर्वव्यवहारस्य तन्मूलकत्वेन पूर्वमुक्तत्वात् । विषयस्पर्शो विज्ञातृत्वमपि तस्यैव । एवं सति सर्वमेव सङ्गतं भवेत् । अतो वाक्यान्वयान्न जीवपरत्वं येन प्रकृतिवादः स्यादिति ॥१९॥

प्रतिज्ञासिद्धेर्लिङ्गमाश्मरथ्यः ॥२०॥

नियतधर्मवादिनामपि मतेन प्रकृते सिद्धान्तं वक्तुं पक्षान्तराण्याह । तत्र ब्रह्मवादैकदेशिवादाः सन्ति । तत्र जीवो नाम स्वस्य भोगनिष्पत्त्यर्थं स्वांशो भगवता कृतो विस्फुलिङ्गवदित्याश्मरथ्यो मन्यते । अनादिसिद्ध एव जीवश्चैतन्यमात्रं शरीरादिसङ्घाते प्रविष्ट इति चिति तन्मात्रेण प्रवेशे च मोक्ष इति च औडुलोमिराचार्यः । काशकृत्स्नस्तु आसक्त्या विषयभोक्तृरूपं भगवत एव जीव इति । तेपि स्वमतानुसारेणात्र परिहरन्ति । तत्र पुत्रादिप्रियसहवचनात् जीवप्रकरणमेवैतदित्याशङ्क्य जीवोपक्रमस्यान्यत् प्रयोजनमित्याह । प्रतिज्ञासिद्धेरिति षष्ठी । तस्या लिङ्गम् । अंशत्वाज्जीवस्य तदभेदेनोपक्रमः । प्रतिज्ञासिद्धेर्लिङ्गं भवति । एकविज्ञानेन सर्वविज्ञानं प्रतिज्ञा । तस्यैवाग्रे व्युत्पाद्यमानत्वात् । तस्या एतत् साधकं, यथा जीवो भगवानेवं जड इति आश्मरथ्यो मन्यते । श्रोतव्यादिविषयस्तु भगवानेव । तस्मान्नियतधर्मजीववादेपि न जीवोपक्रमो दोषः ॥२०॥

उत्क्रमिष्यत एवम्भावदित्यौडुलोमिः ॥२१॥

लिङ्गमित्यनुवर्तते, यदत्र जीवोपक्रमेण भगवतः श्रवणादिकमुक्तं तत् संसारभावादुत्क्रमिष्यतो जीवस्य लिङ्गम् । मुक्तौ जीवो भगवानेव भविष्यतीति ज्ञापकम् । अन्यथा सैव कथममृता भवेदिति । इतिशब्दो हेतौ । स्त्रिया विश्वासार्थं गौणप्रियवैराग्यार्थञ्च जीवोपक्रमः कर्तव्य एवेति औडुलोमिराचार्यो मन्यते । तस्मात् भिन्नजीवपक्षेपि नात्र दूषणम् ॥२१॥

अवस्थितेरिति काशकृत्स्नः ॥२२॥

लिङ्गमित्येव । भगवत एवावस्था जीव इति । अतः संसारदशायामपि जीवो ब्रह्मेति नात्रोत्क्रमणमुपचारो वा । अन्यथा कथ ''मात्मनस्तु कामाय सर्वं प्रियं भवती''ति । न ह्यन्यस्य सर्वं प्रियं भवति । मोक्षस्तु ज्ञानमेव । उत्तरत्र कर्तव्याभावात् । अवस्थया व्यवसायात् सिद्धान्ताद्विशेषः । इतिशब्देनै''तावदरे खल्वमृतत्व''मित्युपसंहारो हेतुरस्य पक्षस्येति

काशकृत्स्नो मन्यते । तस्माज्जीवोपक्रमो भगवत एवावस्थाविशेषो जीव इत्यस्य पक्षस्य लिङ्गम् । तस्मान्मैत्रेयीब्राह्मणेनापि जीवद्वारा प्रकृतिकारणवादासिद्धिरिति सिद्धम् ॥२२॥

॥ इति सप्तमं वाक्यान्वयाधिकरणम् ॥

અધિકરણ-૭

વાક્યાન્વયાધિકરણ

સૂત્રો : ૧.૪.૧૯-૨૨

સૂત્ર-૧૯ : ફરીથી જીવબ્રહ્મવાદને અનુસરીને પ્રકૃતિ કારણ છે એવા વાદની શંકા કરીને નિરાકરણ કરે છે. બૃહદારણ્યક ચોથા (બ્રાહ્મણ) અને છઠ્ઠા (અધ્યાય, પાંચમા બ્રાહ્મણ)માં યાજ્ઞવલ્કય-મૈત્રેયી સંવાદમાં કહ્યું છે. ''જેનાથી હું અમૃત ન થાઉં તેને હું શું કરું ?'' (બૃ. ૪.૫.૪) એમ વિરક્તિ કહીને, ''ભગવાન જે જાણે છે તે જ મને કહો'' (બૃ. ૪.૫.૪) એવો પ્રશ્ન થતાં તેને અભિમુખ કરીને ''ખરેખર પતિની કામનાથી નહિ'' (બૃ. ૪.૫.૬) વગેરેથી અમૃત માટે છઠ્ઠા અધ્યાયમાં જ્ઞાનનો ઉપદેશ કરે છે. પછી ઉપસંહારમાં ''આટલું જ ખરેખર અમૃત છે એમ કહીને યાજ્ઞવલ્કય વનમાં ગયા.'' (બૃ. ૪.૫.૧૫) (એવી શ્રુતિ છે).

તેમાં જીવનું પ્રકરણ છે કે બ્રહ્મનું એવો સંશય થાય છે. ત્યાં પુત્રાદિની અપેક્ષાએ આત્મા પ્રિય છે એમ સ્વપ્રતીતિથી બોધ કરીને આરંભમાં જીવને જ આત્મારૂપે કહ્યો છે. તે પછી ત્યાં દર્શન વગેરેનું વિધાન કરે છે. તેનાથી બધું જાણવામાં આવે છે એમ ફલ કહે છે. તેમાં આત્મજ્ઞાનથી સર્વજ્ઞાન કેવી રીતે થાય એવી આકાંક્ષા થતાં ''બ્રહ્મ તેને છોડી દે છે''થી શરૂ કરીને ''આ બધું જે છે તે આત્મા છે.'' (બૃ. ૪.૫.૭) સુધીમાં તે (જીવ) જ સર્વ છે એમ કહે છે. ત્યાર પછી આ (શરીરરૂપી) સંઘાતમાં આત્મજ્ઞાન કઈ રીતે થાય તેની આકાંક્ષા થતાં પરંપરાથી તથા બાહ્ય અને આભ્યંતરભેદથી દુન્દુભિ વગેરે ત્રણ દૃષ્ટાન્તો કહે છે.[1] જેમ કે મોટો કોલાહલ થતો હોય ત્યારે વગાડવામાં આવતા દુન્દુભિના અવાજનું ગ્રહણ થાય છે. દુન્દુભિનું દર્શન અથવા દુન્દુભિ વગાડવાનું દર્શન તેમાં કરણ છે. અનુમાનથી ચિત્ત તેમાં પરોવાય ત્યારે તેનો સાક્ષાત્કાર થાય છે. તેવી રીતે આત્માના બોધક કાર્યના અનુસન્ધાનથી તેનો (આત્માનો) સાક્ષાત્કાર થાય છે. તેમાં આત્માનું સર્વત્વ કઈ રીતે સમજાય એવી આકાંક્ષા થતાં કહ્યું છે કે તેમાંથી જ ઉત્પન્ન થયેલું નામરૂપાત્મક સર્વ તેમાંજ લય પામે છે. ''તે જેવી રીતે'' (બૃ. ૪.૫.૧૧-૧૨) એમ બે વાક્યોથી કહે છે. મધ્યમાં તે જ છે, બીજું કાંઈ આવતું નથી, એમ ''તે જેવી રીતે મીઠાંનો ગાંગડો''(બૃ. ૪.૫.૧૩) એ વાક્યથી કહે છે. આધેયરૂપે આટલું જ છે એના નિરાકરણ માટે કહે છે 'લય પછી સંજ્ઞા નથી.'' (બૃ. ૪.૫.૧૩) આમ કાર્યથી અતિરિક્ત રૂપ કહી શકાતું નથી.[2] આમ વિશેષ આકાંક્ષા થતાં અતિરિક્ત રૂપ ન કહેવાને લીધે વંચકત્વની શંકા કરીને

તેના પરિહાર માટે કહે છે : ''તેણે કહ્યું.'' (બૃ. ૪.૫.૧૪) ''અવિનાશી'' (બૃ. ૪.૫.૧૪) એ શબ્દથી કાર્યથી આત્માનું વૈલક્ષણ્ય છે એમ સિદ્ધરૂપે કહીને વિષયને સંબન્ધે સંસાર કહે છે. એને માત્રાસંસર્ગ થાય છે. (બૃ. ૪.૫.૧૪) વિશેષ ન કહેવા માટે હેતુ કહે છે - ''જે આને''થી શરૂ કરીને સમાપ્તિપર્યન્ત ચક્ષુ રૂપ જ જુએ છે, આત્માને જોતું નથી. (શંકા) રૂપ પણ આત્મા છે એમ તમે કહો તો (જવાબ) કહે છે - ''(રૂપાત્મક આત્માને) જોતો તે તેને દ્રષ્ટવ્ય રૂપે જોતો નથી.'' (બૃ. ૪.૫.૧૪) દશ્યના જ્ઞાનથી દ્રષ્ટાનું સ્વરૂપ જાણી શકાતું નથી, કારણ કે દ્રષ્ટા દશ્યના રૂપવાળો નથી. આમ દ્રષ્ટા અને દશ્યના વ્યવહારમાં અજ્ઞાનની અવસ્થા છે, તેથી તેનું વિશેષ પ્રકારનું જ્ઞાન શક્ય નથી, એમ કહીને જ્ઞાન પછી કર્મ અને કર્તાનો ભાવ જ હોતો નથી તેથી કહે છે- ''જ્યાં જાણે કે અન્ય જેવું હોય'' (બૃ. ૪.૫.૧૫) વગેરે. આ જ જ્ઞાન ખરેખર અમૃતત્વ છે.

તેમાં આદિ, મધ્ય અને અન્તમાં જીવનું પ્રકરણ જ સમજાય છે. તેની બ્રહ્મતા અને જગત્કર્તૃત્વ ઉત્કર્ષ માટે છે તેનાથી બીજું કાંઈ બ્રહ્મ તરીકે કહેવું યોગ્ય નથી. વળી અર્થનો વિરોધ છે.[૩] એટલે આ ન્યાય અનુસાર[૪] વેદમાંનાં સૃષ્ટિવાક્યો બીજા અર્થમાં હોવાથી બ્રહ્મ જગત્નું કારણ નથી, તેથી પ્રકૃતિકારણવાદ જ યોગ્ય છે.

આમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં કહે છે-

વાક્યનો અન્વય હોવાથી. (૧.૪.૧૯)

આ વાક્યનો અન્વય ભગવાનમાં જ છે, અહીં જીવના પ્રાધાન્યની ગંધ પણ નથી. સર્વત્ર ભગવાનનો અન્વય હોવાથી જીવ પણ પ્રિય છે; કારણ કે તે જ સુખરૂપ છે. બધાં ઉપનિષદોને અનુસરીને (આનો) પણ અર્થ કહેવો ઉચિત છે. ''તેને જ જાણીને મૃત્યુની પાર જાય છે'' (શ્વે. ૩.૮), ''આનંદમાંથી જ ખરેખર આ બધાં ભૂતો જન્મે છે'' (તૈ. ૩.૬) ''બધા આત્માઓનું વ્યુચ્ચરણ થાય છે.'' (બૃ. ૨.૧.૧૦) ''આ જ ખરેખર આનંદ આપે છે'' (તૈ. ૨.૭) વગેરે હજારો શ્રુતિવાક્યોથી બ્રહ્મનું સ્વરૂપ, કાર્ય અને અંશોનું પ્રતિપાદન થયું છે; એટલે આ વાક્યને પણ બ્રહ્મવિષયક માનવું જ ઉચિત છે. બધો જ વ્યવહાર બ્રહ્મમૂલક છે એમ પહેલાં (બ્ર.સૂ. ૧.૧.૩૦) કહ્યું છે. વિષયનો સંબંધ[૫] અને વિજ્ઞાતૃત્વ પણ તેનાં જ છે. આમ હોવાથી બધું સુસંગત થાય છે. એટલે વાક્યનો અન્વય (બ્રહ્મમાં) હોવાથી વાક્ય જીવવિષયક નથી તેથી પ્રકૃતિવાદ સંભવતો નથી.

સૂત્ર-૨૦ : પ્રતિજ્ઞાની સિદ્ધિનું લિંગ છે એમ આશ્મરથ્ય (માને છે).
(૧.૪.૨૦)

નિયતધર્મવાદીઓને મતે પણ પ્રસ્તુત સિદ્ધાંત કહેવા માટે બીજા પક્ષો કહે છે. તેમાં બ્રહ્મવાદના એકદેશી એવા વાદો છે.[૬] તેમાં આશ્મરથ્ય માને છે કે પોતાના ભોગની નિષ્પત્તિ માટે ભગવાને વિસ્ફુલિંગની માફક પોતાનો અંશ પ્રકટ કર્યો તે

જીવ. અનાદિસિદ્ધ એવો જીવ ચૈતન્યમાત્ર છે. તે શરીરાદિ સંઘાતમાં પ્રવેશેલો છે. જ્યારે ચૈતન્યમાં તેટલા માત્રથી પ્રવેશે ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે એવો આચાર્ય ઔડુલોમિનો મત છે. આસક્તિથી વિષયને ભોગવનારું ભગવાનનું રૂપ તે જીવ એવો કાશકૃત્સ્નનો મત છે. તેઓ પણ પોતાના મત અનુસાર પરિહાર કરે છે. તેમાં પુત્રાદિ પ્રિય પદાર્થોની સાથે (પ્રિયત્વનું) જે વચન છે તેથી આ જીવનું જ પ્રકરણ છે એવી શંકા કરીને જીવથી થતા ઉપક્રમનું અન્ય પ્રયોજન છે એમ કહે છે. प्रतिज्ञासिद्धेः એ ષષ્ટી વિભક્તિ છે. તેનું લિંગ, જીવ બ્રહ્મનો અંશ છે તેથી તેનો અભેદથી ઉપક્રમ એ પ્રતિજ્ઞાસિદ્ધિનું લિંગ છે. એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન એ પ્રતિજ્ઞા છે. આગળ ઉપર તેનું વર્ણન હોવાથી તે એનું સાધક છે.[૭] જેમ જીવ ભગવાન છે તેમ જડ પણ (ભગવાન છે). એમ આશ્મરથ્ય માને છે. ભગવાન જ શ્રવણાદિનો વિષય છે. આમ નિયતધર્મજીવવાદમાં પણ જીવથી થતા ઉપક્રમમાં દોષ નથી.

સૂત્ર-૨૧ : આવા ભાવમાંથી બહાર નીકળતા (જીવનું લિંગ છે) એમ ઔડુલોમિ (માને છે.) (૧.૪.૨૧)

'लिङ्गम्' અનુવૃત્તિથી આવે છે. અહીં જીવનો ઉપક્રમ કરીને ભગવાનનું શ્રવણ વગેરે કહ્યું છે તે સંસારભાવમાંથી ઉત્ક્રમણ કરતા જીવનું લિંગ છે. મુક્તિમાં જીવ ભગવાન જ થશે એમ જણાવે છે. નહિ તો તે કેવી રીતે અમૃત બને ? इति શબ્દ હેતુના અર્થમાં છે.[૮] સ્ત્રીને વિશ્વાસ આવે અને ગૌણ એવા પ્રિય પદાર્થો પ્રત્યે વૈરાગ્ય થાય તેટલા માટે જીવથી ઉપક્રમ કરવો જ જોઈએ એમ આચાર્ય ઔડુલોમિ માને છે. તેથી જીવ (સંઘાતથી) ભિન્ન છે એવા પક્ષમાં પણ અહીં (પ્રકૃતિવાદરૂપી) દોષ નથી.

સૂત્ર-૨૨ : (જીવ) અવસ્થા છે એ લિંગ છે એમ કાશકૃત્સ્ન માને છે. (૧.૪.૨૨)

''લિંગ'' શબ્દની અનુવૃત્તિ છે. જીવ ભગવાનની જ અવસ્થા છે. એટલે સંસારદશામાં પણ જીવ બ્રહ્મ છે. તેથી ઉત્ક્રમણ કે ઉપચાર નથી. નહિ તો ''આત્માના કામ માટે બધું પ્રિય થાય છે'' (બૃ. ૪.૫.૬) એવું કેમ બને ? અન્યને બધું પ્રિય થતું નથી. મોક્ષ જ્ઞાન જ છે. પછીથી કાંઈ કરવાપણું રહેતું નથી. (જીવને) અવસ્થા તરીકે નક્કી કરવાને લીધે સિદ્ધાંતમાં ભેદ છે.[૯] (સૂત્રમાં) इति શબ્દ બતાવે છે કે ''અરે, ખરેખર આટલું અમૃત છે'' (બૃ. ૪.૫.૧૫) એવો ઉપસંહાર આ પક્ષનો હેતું છે[૧૦] એમ કાશકૃત્સ્ન માને છે. તેથી જીવનો ઉપક્રમ જીવ ભગવાનની અવસ્થાવિશેષ છે એ પક્ષનું લિંગ છે. એટલે મૈત્રેયી બ્રાહ્મણમાં પણ જીવ દ્વારા પ્રકૃતિકારણવાદ અસિદ્ધ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **दुन्दुभ्यादिदृष्टान्तत्रयम्** - શરીરરૂપી સંઘાતથી આત્માનું જ્ઞાન કેવી રીતે થાય

એવી આકાંક્ષાના ઉત્તર માટે દુન્દુભિ, વીણા અને શંખ એમ ત્રણ દષ્ટાંતો આપેલાં છે - यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ्छब्दाञ्छक्नुयात् तद्ग्रहणाय दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः । જ્યારે મોટો કોલાહલ થતો હોય ત્યારે દુન્દુભિ વગાડવામાં આવે તો પુરુષ બીજા શબ્દોનું ગ્રહણ કરવા સમર્થ નથી, પણ માત્ર દુન્દુભિના અવાજનું જ ગ્રહણ કરે છે. તે દુન્દુભિને જુએ છે કે તેને વગાડાતું જુએ છે તે એનું કરણ છે. મોટા કોલાહલને દાબી દેનારો અવાજ સાંભળીને આ શેનો અવાજ છે એવી જિજ્ઞાસાથી અવાજના કારણનું અનુમાન કરે છે. આમ અનુમાન દ્વારા ચિત્ત તે તરફ જતાં દુન્દુભિનો સાક્ષાત્કાર થાય છે. તેવી જ રીતે આત્માના બોધક એવાં ચેષ્ટારૂપ કાર્યોનો વિચાર કરતાં ચિત્તમાં આત્માનું અનુસંધાન થાય છે અને શ્રવણ આદિથી આ સંઘાતમાં આત્માનો સાક્ષાત્કાર થાય છે. શરીર સાથે જોડાયેલી ચેષ્ટાઓનું નિમિત્ત તે આત્મા છે. આમ આ પરંપરાથી થતા જ્ઞાનનું ઉદાહરણ છે. વીણાનું દષ્ટાંત આ વાક્યમાં છે - सा यथा वीणायै वाद्यमानायै न बाह्याञ्छब्दाञ्छक्नुयाद् ग्रहणाय वीणायै तु ग्रहणेन वीणावादस्य वा शब्दो गृहीतः । આ ઉદાહરણ બાહ્યથી ભિન્ન એવા જ્ઞાનની ઉત્પત્તિ માટે છે. બાહ્ય શબ્દો રાગાદિભેદના જ્ઞાપક છે તે શબ્દના પ્રયોજક એવા મનોવ્યાપારની પ્રતીતિ અન્યથી ભિન્ન એવી રીતે કરાવતા નથી, પણ વીણા કે વીણાવાદનનું ગ્રહણ થતાં સમજાય છે કે આવો આ શબ્દ માત્ર આંગળીના સંસર્ગથી પ્રયુક્ત નથી પણ વિશેષ મનોવ્યાપાર સાથે જોડાયેલો છે. આમ તે શબ્દ તેનું કારણ બાહ્ય-અતિરિક્ત શબ્દોથી ભિન્ન છે એમ સમજાય છે. દષ્ટાંત વાક્યમાં वीणायै तु ग्रहणेन શબ્દ ષષ્ઠીના અર્થમાં ચતુર્થી છે. ત્રીજું દષ્ટાંતવાક્ય આવું છે - स यथा शंखस्य ध्मायमानस्य न बाह्याञ्छब्दाञ्छक्नुयाद् ग्रहणाय शंखस्य तु ग्रहणेन शंखध्मस्य वा शब्दो गृहीतः । આભ્યન્તર એવા મનથી પણ ભિન્ન એવાની જ્ઞાનની ઉત્પત્તિ સમજવાની છે. આમ આ શબ્દ મુખ્યપ્રાણનો છે. આ રીતે ત્રણ દષ્ટાંતો જુદી જુદી રીતે મુખ્ય મુદ્દો સમજાવે છે.

૨. **आधेयत्वेन...** - સ્થિતિદશામાં આધેયરૂપે આત્મા કાલપરિચ્છિન્ન છે. અર્થાત્ કાર્યની ઉત્પત્તિથી વિનાશ સુધી આત્માની પ્રતીતિ થાય છે. ભૂતોના લય પછી જીવાત્માનું બોધક તત્ત્વ હોતું નથી. અર્થાત્ શરીર વગેરે કાર્ય જ આત્માનું જ્ઞાપક એવું રૂપ છે, તે નામરૂપાત્મક છે. નામરૂપાત્મક કાર્યનો લય થાય ત્યારે જીવાત્માનું કાર્યથી ભિન્ન હોય એવું રૂપ સમજાવી શકાય એમ નથી.

૩. **अर्थविरोधाच्च** - બ્રહ્મ અવિકારિ છે; તે કાર્યરૂપે વિકૃતિ પામે તો અર્થવિરોધ થાય.

૪. **एतन्न्यायेन** - પૂર્વપક્ષી મૈત્રેયી બ્રાહ્મણનો ન્યાય આ રીતે બતાવે છે. અર્થવિરોધને લીધે બ્રહ્મ કારણ બની શકે એમ નથી, અને આત્માથી જુદું બ્રહ્મ નથી. ''જેમ ભીનાં બળતણવાળો અગ્નિ'' એ દષ્ટાંત બતાવે છે કે ભીનાં બળતણ સાથે જોડાયેલો અગ્નિ અનેક પ્રકારનો ધુમાડો ઉત્પન્ન કરે છે તેમ પ્રકૃતિ સાથે જોડાયેલો

જીવ અનેકવિધ નામરૂપાત્મક પ્રપંચનો જનક છે. આમ જીવથી અધિષ્ઠિત પ્રકૃતિ જ કારણ છે.

૫. **विषयस्पर्शः** - જીવ બ્રહ્મને આશ્રિત છે તેથી જીવનો વિષય સાથેનો સંબંધ પણ બ્રહ્મનો છે એમ કહી શકાય છે.

૬. **एकदेशिवादाः** - આશ્મરથ્ય, ઔડુલોમિ અને કાશકૃત્સ્નના મતોને એકદેશી ગણ્યા છે. આસ્મરથ્ય અગ્નિવિસ્ફુલિંગ ન્યાયવાચક શ્રુતિવાક્ય પર આધાર રાખે છે. ઔડુલોમિનો મત મુંડકોપનિષદ્‌ના આ વાક્ય પર આધાર રાખે છે - यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं यन्ति नामरूपं विहाय । तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥ કાશકૃત્સ્નના મતના મૂળમાં આ વાક્ય છે - सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन्यदास्ते ॥

૭. **तस्यैवाग्रे व्युत्पाद्यमानत्वात्...** - આગળ ઉપર ઉપનિષદ્‌માં સર્વત્વ જણાવેલું છે, તેથી ઉપક્રમમાં બ્રહ્મથી અભિન્ન રૂપે જીવનું જ વર્ણન છે તે પ્રતિજ્ઞાનું સાધક છે.

૮. **इति शब्दो हेतौ** - સૂત્રમાં इति શબ્દ હેતુનો અર્થ આપે છે. મૈત્રેયીને મોક્ષદાયક જ્ઞાનની ઇચ્છા હતી. યાજ્ઞવલ્કયે જ્ઞાનનો ઉપદેશ કર્યો તેથી મૈત્રેયીને મોક્ષ પ્રાપ્ત થવો જોઈએ. આથી જીવથી શરૂ કરીને બ્રહ્મના શ્રવણાદિનો ઉપદેશ કર્યો તે બતાવે છે કે મોક્ષની અવસ્થામાં જીવ ભગવાન જ થાય છે.

૯. **सिद्धान्ताद्विशेषः** - કાશકૃત્સ્નને મતે જીવ બ્રહ્મની વિશિષ્ટ અવસ્થા છે તો બ્રહ્મવાદમાં જીવ બ્રહ્મનો અંશ છે એટલો બે મતોમાં ભેદ છે.

૧૦. **हेतुरस्य पक्षस्य** - 'જ્ઞાન જ મોક્ષ છે' એ પક્ષ છે અને एतावदरे खल्वमृतत्वम् એવો ઉપસંહાર હેતુ છે.

प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात् ॥२३॥ (१.४.८)

एवं प्रकृतिकारणवादनिराकरणेन ब्रह्मण एव कारणत्वे सिद्धेप्यर्धजरतीयतयोभयस्थापनपक्षं परिहर्तुमधिकरणमारभते । ननु ब्रह्मकारणतां न निराकुर्मः । श्रुतिसिद्धत्वात् । किन्तु समवायिकारणं प्रकृतिरेव । कार्यकारणयोरवैलक्षण्यात् । समवायिकारणानुरोधि हि कार्यम् । अन्यत् सर्वं भगवानस्तु । अपेक्ष्यते च समवायिनिमित्तयोर्भेदः । कर्मण्यपि श्रतिस्मृतिसमवायो धर्मः । एवं ब्रह्मवादेपि स्मृत्युक्ता प्रकृतिः समवायिकारणं ब्रह्म निमित्तकारणमित्येवं प्राप्ते, उच्यते ।

प्रकृतिश्च निमित्तकारणं समवायिकारणञ्च ब्रह्मैव प्रकृतिपदप्रयोगात् स्मृतिसिद्धतृतीयधर्मोपदेशः । चकारात् ''यत्रे''त्यादि'सर्वसङ्ग्रहः । कुत एतत् । प्रतिज्ञादृष्टान्तानुपरोधात् । प्रतिज्ञा ''अपि वा तमादेशमप्राक्षो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतं भवत्यविज्ञातं विज्ञातं भवती'ति । दृष्टान्तः ''यथैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं स्या''दित्यादि । प्रतिज्ञादृष्टान्तयोरनुपरोधः अबाधनं तस्मात् । समवायिकारणज्ञानेन हि कार्यज्ञानम् । उभयोर्ग्रहणमुपचारव्यावृत्त्यर्थम् । उपक्रमोपसंहारवत् । प्रतिज्ञामात्रत्वे अदृष्टद्वारापि भवेत् ।

दृष्टान्तमात्रत्वे त्वनुमानविधया स्यात् । तथा सति सर्वसमानधर्मवत् ब्रह्म स्यात् न समवायिकारणम् । उभयोर्ग्रहणे तु प्रतिज्ञाया दृष्टमेव द्वारमिति समवायित्वसिद्धिः । कार्यकारणयोर्भेदाभेदमतनिराकरणाय पिण्डमणिनखनिकृन्तनग्रहणम् । तथा सति यत्र क्वचिद्भगवान् ज्ञातः सर्वत्र ज्ञातो भवति सर्वञ्च ज्ञातं भवतीति । सामान्यलक्षणप्रत्यासत्तिनिराकरणाय च “वाचारम्भणं विकारो नामधेय”मिति । अलीकत्वनिराकरणाय च “मृत्तिकेत्येव सत्य”-मिति । ब्रह्मत्वेनैव जगतः सत्यत्वं नान्यथेति । सामान्यलक्षणप्रत्यासत्तिनिराकरणञ्च स्पष्टमेवाग्रे “त्रीणि रूपाणी”त्यत्र करिष्यति । अतो ब्रह्मरूपेण सत्यस्य जगतो ब्रह्मैव समवायिकारणम् । देहात्मबुद्धिस्तु सत्यां विकारबुद्धौ दोषः । श्रुतिसामर्थ्यं प्रमाणमित्युक्तम् । तस्मात् ब्रह्मैव समवायिकारणम् । न प्रकृतिः ॥२३

अभिध्योपदेशाच्च ॥२४॥

लिङ्गान्तरमाह । “सोकामयत बहु स्यां प्रजायेये”तीत्यत्र कामनं तस्याभिध्यानम् । आप्तकामत्वान्न कामना । तदभिध्यानं सृष्टावुपदिश्यते “बहु स्या”मिति । स्वस्यैव बहुरूपत्वाभिध्यानेन सृष्टं स्वयमेव भवति । सुवर्णस्यानेकरूपत्वं सुवर्णप्रकृतिकत्व एव । अध्यासाभावात् गौणत्वापत्तेश्च । न हि मुख्यं बहुभवनं योगिनां सम्भवति । सर्वभवनसामर्थ्यान्मुख्ये सम्भवति गौणकल्पनाया अन्याय्यत्वात् । चकारा“दिदं सर्वं यदयमात्मे”ति कार्यस्य ब्रह्मत्वश्रुतिर्ब्रह्मप्रकृतित्वे सम्भवति नान्यथा ।

अथवा “सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीते”ति तस्य जगद्रूपत्वेनाभिध्यानमुपदिश्यते तद् ब्रह्मसमवायित्वे घटत इति । चकारा“देकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुख”मिति ॥२४॥

साक्षाच्चोभयाम्नानात् ॥२५॥

लिङ्गमुक्त्वा श्रुतिमेव प्रमाणमाह । साक्षात् श्रुत्यैव समवायित्वमुच्यते । चकरात् स्मृत्यापि । कथं श्रुत्योच्यते तत्राह । उभयाम्नानात् । ब्रह्मणः सकाशात् ब्रह्मण्येव च सृष्टिप्रलययोः आम्नानात् । “सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते आकाशं प्रत्यस्तं यन्ती’ति । “अहं सर्वस्य जगतः प्रभवः प्रलयस्तथे”ति च । न ह्येतस्मिन्निमित्तत्वे सम्भवति । सुवर्णादिषु तथोपलब्धेः । लोकवेदन्यायेन साक्षात्त्वं, तस्मात् भगवानेव समवायिकारणम् ॥२५॥

आत्मकृतेः परिणामात् ॥२६॥

ननु “स एव सर्वं सृजति स एवावति हन्ति चे”तिकर्तृत्वप्रतीतेराकाशादिवाक्यमप्यौपचारिकं भविष्यतीति तन्निराकरणायाह । आत्मकृतेः । “तदात्मान स्वयमकुरुते”ति स्वस्यैव कर्मकर्तृभावात् सुकृतत्ववचनाच्चालौकिकत्वम् । तथापि ज्ञानार्थमुपपत्तिमाह । परिणामात् । परिणमते कार्याकारेणेति । अविकृतमेव परिणमते सुवर्णं सर्वाणि च तैजसानि । वृद्धिश्चालौकिकत्वात् ब्रहमकारणत्व एव घटते । पूर्वावस्थान्यथाभावस्तु कार्यश्रुत्यनुरोधादङ्गीकर्तव्यः । वक्ष्यति च “श्रुतेस्तु शब्दमूलत्वादि”ति । अन्यानि च युक्तिदूषणानि

परिहरिष्यति । तस्मात् ब्रह्मपरिणामलक्षणं कार्यमिति जगत्समवायिकारणत्वं ब्रह्मण एवेति सिद्धम् ॥२६॥

योनिश्च हि गीयते ॥२७॥

चेतनेषु किञ्चिदाशङ्कच परिहरति । नन्वस्तु जडानां ब्रह्मैककारणत्वम् । चेतनेषु तु योनिबीजयोः समवायित्वदर्शनात् पुरुषत्वात् भगवतो योनिरूपा प्रकृतिः समवायिकारणं भवतु शुक्रशोणितसमवेतत्वाच्छरीरस्येत्याशङ्कच परिहरति । योनिश्च ब्रह्मैव । शाक्तवादनिराकरणाय चकारः । तत्र युक्तिश्रुती प्रमाणयति । हि गीयत इति । युक्तिस्तावत् ''सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीय''मिति पूर्वमेकमेव प्रतिज्ञातं''आकाशादेव'' ''आनन्दाद्ध्येवे''-त्याद्येवकारैश्चानन्यकारणत्वं जगतोवगम्यते । इतरापेक्षायां द्वैतापत्तेः ।

गीयते च ''कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम्''। ''यद्भूतयोनिं परिपश्यन्ति धीरा'' इति च । ''मम योनिर्महद् ब्रह्म तस्मिन् गर्भं दधाम्यह''मिति । ''तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिते''ति च । अक्षरपुरुषोत्तमभावेन तथात्वम् । तस्मात् योनिरपि भगवान् । पुरुषोपि । सर्वं वीर्यं जीवश्च भगवानिति । ''इदं सर्वं यदयमात्मे''ति सिद्धम् । तस्मात् केनाप्यंशेन प्रकृतिप्रवेशो नास्तीत्यशब्दत्वं साङ्ख्यमतस्य सिद्धम् ॥२७॥

॥ इति अष्टमं प्रकृतिश्चेत्यधिकरणम् ॥

અધિકરણ - ૮

પ્રકૃતિશ્ચ ઈત્યધિકરણ

સૂત્રો : ૧.૪.૨૩-૨૭

સૂત્ર-૨૩ : પ્રતિજ્ઞા અને દૃષ્ટાંતને બાધ ન આવે તેથી બ્રહ્મ પ્રકૃતિ પણ છે.
(૧.૪.૨૩)

આમ પ્રકૃતિકારણવાદના નિરાકરણથી બ્રહ્મ જ કારણ છે એમ સિદ્ધ થયા પછી અર્ધજસ્તીયન્યાયથી[૧] બંનેની સ્થાપનાના પક્ષનો પરિહાર કરવા માટે અધિકરણનો આરંભ કરે છે.

(પૂર્વપક્ષ) અમે બ્રહ્મ કારણ છે એનું નિરાકરણ કરતા નથી, કારણ કે એ શ્રુતિથી સિદ્ધ છે; પણ સમવાયિકારણ તો પ્રકૃતિ જ છે. કાર્ય અને કારણ વચ્ચે ભેદ ન હોવાથી કાર્ય સમવાયિકારણ પ્રમાણે જ હોય છે. ભગવાન બીજું બધું ભલે હોય. સમવાયિ અને નિમિત્તનો ભેદ અપેક્ષિત છે. કર્મકાંડમાં પણ ધર્મમાં શ્રુતિ અને સ્મૃતિનો સમવાય છે.[૨] એ રીતે બ્રહ્મવાદમાં પણ સ્મૃતિમાં કહેલી પ્રકૃતિ સમવાયિકારણ છે, તો બ્રહ્મ નિમિત્તકારણ છે. એવો પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં (સિદ્ધાંત) કહેવાય છે.

''પ્રકૃતિ પણ'' અર્થાત્ બ્રહ્મ જ નિમિત્તકારણ અને સમવાયિકારણ છે.[૩] પ્રકૃતિ શબ્દના પ્રયોગથી સ્મૃતિમાં સિદ્ધ ત્રીજા (કારણ)ના બધા ધર્મો કહ્યા છે.[૪] ચ

શબ્દથી ''જ્યાં'' (ભાગવત ૧૦.૮૫૪) ઇત્યાદિમાં[૫] આવતા સર્વનો સંગ્રહ સમજવાનો છે.

(શંકા) આમ શાથી ? (જવાબ) પ્રતિજ્ઞા અને દૃષ્ટાંતને બાધ ન આવે તેથી. ''તે આ આદેશ પૂછ્યો જેથી ન સાંભળેલું સંભળાય, ન માનેલું મનાય અને ન જાણેલું જણાય.'' (છા. ૬. ૧.૨-૩) એ પ્રતિજ્ઞા છે. ''જેમ માટીના એક પિંડને જાણવાથી માટીમાંથી બનેલું બધું જણાય'' વગેરે (છા. ૬. ૧.૪-૬) દૃષ્ટાંત છે. પ્રતિજ્ઞા અને દૃષ્ટાંતનો બાધ ન આવે તેથી. સમવાયિ કારણના જ્ઞાનથી જ કાર્યનું જ્ઞાન થાય છે. બંનેનું ગ્રહણ ઉપચાર દૂર કરવા માટે છે. ઉપક્રમ અને ઉપસંહારની માફક.[૬] જો માત્ર પ્રતિજ્ઞા કહી હોય તો અદૃષ્ટ દ્વારા પણ થાય.[૭] જો માત્ર દૃષ્ટાંત કહ્યું હોય તો અનુમાનની રીતે થાય.[૮] તેમ હોય તો બ્રહ્મ સર્વસાધારણ ધર્મવાળું થાય, સમવાયિકારણ નહિ. બંનેનું ગ્રહણ કરવામાં આવે ત્યારે જ પ્રતિજ્ઞાનું દ્વાર દેખાય છે એટલે સમવાયિત્વ સિદ્ધ થાય છે.[૯] કાર્યકારણના ભેદાભેદમતના નિરાકરણ માટે માટીનું ઢેફું, સોનાની લગડી અને નખ કાપવાની નરેણીનાં દૃષ્ટાંતો આપેલાં છે.[૧૦] તેમ હોવાથી જ્યાં કોઈ કાર્યમાં ભગવાનનું જ્ઞાન થાય તો તેનું સર્વત્ર જ્ઞાન થાય છે, અને સર્વનું જ્ઞાન થાય છે. સામાન્ય ધર્મના નિરાકરણ માટે કહ્યું છે - ''વિકાર વાણીથી આરંભાય છે, નામ છે.'' (છા. ૬. ૧.૪-૬)[૧૧] મિથ્યાત્વ દૂર કરવા ''મૃત્તિકા એ પ્રકારે જ સત્ય છે'' (છા. ૬.૧.૪) એમ કહે છે. (આમ) બ્રહ્મરૂપે જ જગત્ સત્ય છે, અન્યથા નહિ.[૧૨] સામાન્યરૂપ ધર્મનું નિરાકરણ આગળ ''ત્રણ રૂપો'' (છા. ૬.૪.૨-૪) એમાં કરશે.[૧૩] એટલે બ્રહ્મરૂપે સત્ય એવા જગત્નું સમવાયિકારણ બ્રહ્મ જ છે. દેહ આત્મા છે એમ માનવું તે વિકારબુદ્ધિ હોવાથી દોષ છે. શ્રુતિનું સામર્થ્ય પ્રમાણ છે એમ અગાઉ કહ્યું છે. તેથી પ્રકૃતિ નહિ (પણ) બ્રહ્મ જ સમવાયિકારણ છે.

સૂત્ર-૨૪ : અને વિચારના ઉપદેશને લીધે. (૧.૪.૨૪)

બીજું લિંગ કહે છે, ''તેણે કામના કરી; બહુ થાઉં, પ્રજા ઉત્પન્ન કરું'' (તૈ. ૨.૬) અહીં કામના એટલે અભિધ્યાન, (સંકલ્પ, વિચાર). આપ્તકામને ઈચ્છા હોતી નથી. સૃષ્ટિ કરવાનો સંકલ્પ ઉપદેશવામાં આવે છે. ''બહુ થાઉં'' (તૈ. ૨.૬) એમાં પોતાની જ બહુરૂપતાના સંકલ્પથી જાતે જ થાય છે. સુવર્ણની અનેકરૂપતા સુવર્ણ પ્રકૃતિ હોય તો જ થાય. અધ્યાસના અભાવથી અને ગૌણત્વ આવે તેથી.[૧૪] યોગીઓ માટે મુખ્ય રીતે બહુ રૂપો ધારણ કરવા સંભવિત નથી. (બ્રહ્મમાં) **સર્વભવન સામર્થ્ય** હોવાથી મુખ્યનો સંભવ હોય ત્યારે ગૌણની કલ્પના યોગ્ય નથી. च દર્શાવે છે કે ''જે આ બધું તે આત્મા'' (બૃ. ૨.૪.૬) એમ કાર્યનું બ્રહ્મત્વ દર્શાવતી શ્રુતિ બ્રહ્મ પ્રકૃતિ હોય તો જ સંભવે છે અન્યથા નહિ.

અથવા[૧૫] 'આ બધું ખરેખર બ્રહ્મ છે - तज्जलान् એમ શાંત થઈને ઉપાસના કરવી.'' (છા. ૩.૧૪.૧) એમાં બ્રહ્મનું જગત્ રૂપે અભિધ્યાન એટલે ઉપાસના

ઉપદેશી છે. તે બ્રહ્મ સમવાયિ હોય તો બંધબેસતી આવે છે. ચ દર્શાવે છે - ''અભેદથી, ભેદથી અને બહુધા અનેકરૂપે મને (ભજે છે)'' (ભ.ગી. ૯.૧૫) એમ સમજવાનું છે.

સૂત્ર-૨૫ : અને સાક્ષાત્ બંને કહ્યાં હોવાથી. (૧.૪.૨૫)

લિંગ કહીને શ્રુતિને જ પ્રમાણરૂપે કહે છે. સાક્ષાત્ (એટલે) શ્રુતિથી જ સમવાયિત્વ કહેવાય છે. ચ થી સ્મૃતિથી પણ. શ્રુતિથી કેવી રીતે ? તો કહે છે. બંને કહ્યાં હોવાથી. બ્રહ્મમાંથી અને બ્રહ્મમાં (અનુક્રમે) સૃષ્ટિ અને પ્રલય કહ્યાં છે તેથી. ''આ બધાં ભૂતો ખરેખર આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે, આકાશમાં અસ્ત પામે છે.'' (છા. ૧.૯.૧) ''હું સર્વ જગત્નો પ્રભવ અને પ્રલય છું'' (ભ.ગી. ૭.૬) એમ (સ્મૃતિ કહે છે). આ નિમિત્ત હોય તો એ સંભવે નહિ, કારણ કે સુવર્ણ વગેરેમાં એમ ઉપલબ્ધ થાય છે. આમ લોકવેદન્યાયથી[૧૬] સાક્ષાત્ (સિદ્ધ) થાય છે. તેથી ભગવાન જ સમવાયિ કારણ છે.

સૂત્ર-૨૬ : પોતાની કૃતિ (અને) પરિણામ છે તેથી. (૧.૪.૨૬)

(શંકા) ''તે જ બધાનું સર્જન કરે છે, તે જ રક્ષણ કરે છે અને નાશ કરે છે.'' (ભાગવત ૪.૧૧.૨૫)માં કર્તૃત્વની પ્રતીતિ હોવાથી આકાશાદિ વાક્ય પણ ઔપચારિક બની જશે.[૧૭]

આના નિરાકરણ માટે (જવાબ) કહે છે - પોતાની કૃતિ છે તેથી. ''તેણે પોતાને જાતે કર્યું'' (તૈ. ૨.૭) આમ પોતે જ કર્મ અને કર્તા છે. (જગત્ને) સુકૃત કહ્યું છે (તૈ. ૨.૭) તે અલૌકિકત્વ બતાવે છે. તેમ છતાં જ્ઞાન માટે યુક્તિ કહે છે - પરિણામ છે તેથી. કાર્યના આકારમાં પરિણમે છે. સુવર્ણ અવિકૃત જ પરિણમે છે. બધા તૈજસ પદાર્થો પણ (એવાં છે). વૃદ્ધિ અલૌકિક હોવાથી બ્રહ્મ કારણ હોય તો જ ઘટી શકે છે.[૧૮] પૂર્વાવસ્થાનો અન્યથાભાવ કાર્યશ્રુતિ અનુસાર સ્વીકારવાનો છે.[૧૯] આગળ કહેશે - ''શ્રુતિથી, કારણ કે આ સિદ્ધાંત શબ્દમૂલ છે.'' (બ્ર.સૂ. ૨.૧.૨૭) યુક્તિને આધારે અપાયેલાં બીજાં દૂષણોનો પરિહાર કરશે. તેથી કાર્ય બ્રહ્મના પરિણામરૂપી હોવાથી જગતનું સમવાયિકારણ બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે.

સૂત્ર-૨૭ : અને યોનિરૂપે ખરેખર વર્ણવાય છે. (૧.૪.૨૭)

ચેતન પદાર્થો માટે કાંઈક શંકા કરીને પરિહાર કરે છે. (શંકા) જડ પદાર્થોનું બ્રહ્મ એક માત્ર કારણ ભલે હોય, પણ ચેતન પદાર્થોમાં યોનિ અને બીજનું સમવાયિત્વ દેખાતું હોવાથી અને ભગવાન પુરુષ હોવાથી યોનિરૂપ પ્રકૃતિ સમવાયિકારણ થવું જોઈએ, કારણ કે શરીર શુક્ર અને શોણિતનું બનેલું છે. આવી શંકા કરીને (જવાબ) પરિહાર કરે છે. બ્રહ્મ જ યોનિ પણ છે. શાક્તવાદના નિરાકરણ માટે ચ શબ્દ છે. તેમાં યુક્તિ અને શ્રુતિ પ્રમાણરૂપે કહે છે - ખરેખર વર્ણવાય છે. યુક્તિ આમ છે : ''હે સૌમ્ય પહેલાં આ સત્ જ હતું, એક અને

અદ્વિતીય.'' (છા. ૬.૨.૧) અહીં પહેલાં એકની જ પ્રતિજ્ઞા છે. ''આકાશમાંથી જ'' (છા. ૧.૯.૧), ''આનંદમાંથી જ ખરેખર'' (તૈ. ૩.૬) વગેરે વાક્યોમાં આવતા 'જ'થી સમજાય છે કે જગત્નું બીજું કોઈ કારણ નથી. બીજાની અપેક્ષા હોય તો દ્વૈત આવી પડે.

અને વર્ણન પણ કર્યું છે – ''કર્તા, ઈશ, પુરુષ, બ્રહ્મ યોનિને'' (મુંડક ૩.૧.૩) ''ધીર પુરુષો જેને પ્રાણીઓની યોનિરૂપે જુએ છે.'' (મુંડક ૧.૧.૬) ''મારી યોનિ મહત્ બ્રહ્મ છે, તેમાં હું ગર્ભ મૂકું છું.'' (ભ.ગી. ૧૪.૩) ''તેઓમાં મહત્ બ્રહ્મ યોનિ છે અને હું બીજ મૂકનાર પિતા છું.'' (ભ.ગી. ૧૪.૪) અક્ષર અને પુરુષોત્તમના રૂપે[૧૮] આમ છે. એટલે યોનિ પણ ભગવાન છે, પુરુષ પણ ભગવાન છે, બધું વીર્ય અને જીવ ભગવાન છે. ''જે આ બધું છે તે આત્મા છે.'' (બૃ. ૨.૪.૬) એમ સિદ્ધ થયું છે. એટલે કોઈ પણ અંશથી પ્રકૃતિનો પ્રવેશ નથી એટલે સાંખ્યમત અશબ્દ છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **अर्धजरतीयन्यायेन...** – અર્ધાનો ત્યાગ કરવો અને અર્ધાનો સ્વીકાર કરવો તેને અર્ધજરતીયન્યાય કહેવાય. જગત્ ત્રિગુણાત્મક છે અને બ્રહ્મ નિર્વિકાર છે એટલે બ્રહ્મને નિમિત્તકારણ ગણવું અને પ્રકૃતિને સમવાયિકારણ ગણવી એવું સમાધાન કરવામાં આવે તેને અધજરતીયન્યાય જેવું કહેવાય.

૨. **कर्मण्यपि श्रुतिस्मृतिसमवायो धर्मे** – પૂર્વપક્ષી માને છે કે ભગવાન સમવાયિકારણ નથી. જો તેમ હોય તો બધું જ કાર્ય સર્વદા થવું જોઈએ, કારણ કે અપેક્ષિત સામગ્રીમાત્ર ભગવદ્રૂપ હોવાથી હંમેશાં સત્ છે. આ યુક્તિ લૌકિક હોવાથી વૈદિકોએ એનો આદર કરવો યોગ્ય નથી એવી શંકાના જવાબમાં આ વાક્ય છે. કર્મકાંડમાં પણ શ્રુતિ-સ્મૃતિનો સમવાય એટલે નિત્ય સંબંધ સ્વીકારેલો છે. ઋત્વિજો જે કરે તેમાં ઋત્વિજો નિમિત્તરૂપ છે. તેવી રીતે બ્રહ્મ અનુમાનગમ્ય હોવા છતાં મુખ્યતયા ઉપનિષદોથી ગમ્ય હોવાથી ઔપનિષદત્વ સમજવાનું છે. તે જ રીતે અનુમાનગમ્ય હોવા છતાં પ્રકૃતિનું જ્ઞાન સ્મૃતિમાંથી થાય છે એટલે એનું સ્માર્તત્વ સમજવાનું છે. આમ બ્રહ્મવાદમાં પણ સ્મૃતિમાં કહેલી પ્રકૃતિ સમવાયિકારણ છે.

૩. **प्रकृतिश्च...** – પ્રકૃતિ શબ્દ સમવાયિ અને નિમિત્ત બંને અર્થો આપે છે. मृत्प्रकृतिर्घटः, कार्पासप्रकृतिः पटः જેવાં વાક્યોમાં પ્રકૃતિ શબ્દ સ્વરૂપના અર્થમાં રૂઢ છે. આમ રૂઢિથી પ્રકૃતિ શબ્દ સમવાયિકારણનો અર્થ આપે છે. યૌગિક અર્થ લઈએ તો प्रकृष्टा कृतिर्येन એ રીતે નિમિત્ત કારણનો અર્થ મળે છે.

૪. **प्रकृतिपदप्रयोगात्...** – વૈશેષિક દર્શનમાં ત્રણ કારણો માનેલાં છે – સમવાયિ, નિમિત્ત અને અસમવાયિ. તંતુસંયોગ એ પટનું અસમવાયિ કારણ છે.

આમ સંયોગ વગેરે ધર્મો અસમવાયિ કારણના છે. તે બધા ધર્મો પણ પ્રકૃતિ શબ્દથી સમજાય છે.

૫. **यत्रेत्यादि** - ભાગવતનો શ્લોક આ પ્રમાણે છે : यत्र येन यतो यस्य यस्मै यद्यद् यथा यदा । स्यादिदं भगवान्साक्षात्प्रधानपुरुषेश्वरः ॥ અર્થાત્ જગત્નું સર્વપ્રકારનું કારણ ભગવાન જ છે.

૬. **उपक्रमोपसंहारवत्** - પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત બંનેનું ગ્રહણ શાથી કર્યું તે સમજાવતાં કહ્યું છે કે જેમ ઉપક્રમ અને ઉપસંહાર એક અર્થસિદ્ધ કરે છે, અને તેમાં ઉપચારની શંકા જતી નથી તેવી રીતે પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત ભેગાં મળીને એક અર્થ સિદ્ધ કરે છે.

૭. **प्रतिज्ञामात्रत्वे...** - જો એકલી પ્રતિજ્ઞા જ સૂત્રમાં કહે અને દૃષ્ટાંત ન કહે તો સમવાયિ કારણ સિદ્ધ થતું નથી, કારણ કે અદૃષ્ટ એવી યોગશક્તિથી પણ એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન શક્ય થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે - अनागतमतीतं च वर्तमानमतीन्द्रियम् । विप्रकृष्टं व्यवहितं सम्यक् पश्यन्ति योगिनः ॥

૮. **दृष्टांतमात्रत्वे...** - જો સૂત્રમાં માત્ર દૃષ્ટાંતની વાત કરી હોય અને પ્રતિજ્ઞાની વાત ન હોય તો અનુમાનથી સમજાય. અનુમાન આ પ્રમાણે છે - सर्वं वाच्यं ज्ञेयत्वात् तदेकदेशवत् । घटो वाच्यः, ज्ञेयत्वात् पटवत् । सर्वं सन् ज्ञेयत्वाद् । આમ જ્ઞેયત્વરૂપ સર્વસાધારણ ધર્મ બ્રહ્મમાં છે એટલું જ સિદ્ધ થાય છે; બ્રહ્મ સમવાયિકારણ છે એમ સિદ્ધ થતું નથી.

૯. **उभयोर्ग्रहणे तु...** - પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત બંનેનું ગ્રહણ કરવામાં આવે તો એકના જ્ઞાનથી સર્વના જ્ઞાનની પ્રતિજ્ઞા કાર્યનો એકદેશ પ્રત્યક્ષ હોવાથી સમવાયિત્વ સિદ્ધ કરે છે. એક મૃત્પિંડ માટીનો વિકાર છે એવો નિશ્ચય થતાં માટીમાંથી બનેલું તે પ્રકારનું બધું તેવું છે એની ખબર પડે છે. આમ એક મૃત્પિંડ પ્રત્યક્ષ હોવાથી મૃત્તિકા સમવાયિકારણ છે એમ સમજાય છે. અહીં અનુમાનથી સમવાયિત્વ સિદ્ધ કરવાનું નથી. તેવી જ રીતે બ્રહ્મના પ્રસ્તુત વિષયમાં પણ એક સ્થાને સન્મયત્વ નિશ્ચિત થતાં તે પ્રકારનાં બધા પદાર્થો સત્ના વિકાર છે એમ સિદ્ધ થાય છે. આમ બ્રહ્મ સર્વનું સમવાયિ કારણ છે એમ સમજાય છે.

૧૦. **कार्यकारणयोर्भेदाभेदमतनिराकरणाच्च...** - કાર્ય અને કારણ વચ્ચે અભેદ હોય તો લોકવ્યવહાર ચાલી શકે નહિ અને અત્યંત ભેદ હોય તો એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન ન થાય એટલે ભેદાભેદવાદ સ્વીકારવો જોઈએ એવા મતનો જવાબ આપતાં આ વાક્ય કહેલું છે. જો ભેદાભેદ સ્વીકારવામાં આવે તો જે રૂપથી ભેદ હોય તે કારણના જ્ઞાનથી જાણી ન શકાય, કારણ કે તે કારણથી ભિન્ન છે. સર્વથા અભેદથી લોકવ્યવહાર ચાલે નહિ એવું નથી કારણ કે અહીં માત્ર અવસ્થાભેદ છે. તેથી અમુક અવસ્થામાં રહેલું કારણ જ કાર્ય છે એમ બતાવવા માટે અવસ્થારૂપ દૃષ્ટાંતોનું ગ્રહણ કરેલું છે.

૧૧. **सामान्यलक्षण...** - જેમ ઘટત્વ, પટત્વ રૂપી જાતિ સામાન્ય છે તેમ બ્રહ્મ પણ સામાન્ય છે એવા મતના નિરાકરણ માટે वाचारम्भणं विकारो नामधेयम् કહ્યું છે. જો સામાન્ય સમજવાનું હોત તો सामान्यात् એમ કહ્યું હોત, वाचारम्भणम् નહિ.

૧૨. **ब्रह्मत्वेनैव...** - પુરુષોત્તમજીનું વાક્ય સિદ્ધાંત સમજવા માટે ઉપયોગી હોવાથી ઉતારું છું - एतेन सिद्धांते प्रतिनियतरूपेण जगतः सत्यत्वाभावो न तु सत्यत्वेन रूपेण जगदभाव इति बोधितम् ।

૧૩. **सामान्यलक्षण...त्रीणि रूपाणीत्यत्र...** - શ્રુતિ કહે છે કે તેજ, જલ અને અન્ન એ ત્રણ રૂપો જ સત્ય છે. અર્થાત્ જુદાં જુદાં રૂપોવાળા પદાર્થો બ્રહ્મ છે એમ સિદ્ધ થયું. આમ બ્રહ્મ વિના બીજા કોઈ પદાર્થનો સંભવ ન હોવાથી બ્રહ્મત્વ એવું સામાન્ય સ્વીકારી ન શકાય.

૧૪. **अध्यासाभावात्...** - અભિધ્યાનનો ઉપદેશ સમવાયિ કારણત્વ સિદ્ધ કરે છે એમ માનવાની જરૂર નથી. યોગીઓ માયાથી અનેક રૂપો ધારણ કરી શકે છે. એ શંકાનો ઉત્તર અહીં છે. બ્રહ્મમાં અધ્યાસ નથી. વળી જો બ્રહ્મ માયાથી જગત્‌ને ઉત્પન્ન કરે છે એમ માનીએ તો બ્રહ્મનું કર્તૃત્વ ગૌણ બની જાય. યોગીઓ માટે મુખ્ય રીતે બહુ થવું શક્ય નથી, તો ભગવાન સર્વભવન સમર્થ છે.

૧૫. **अथवा...** - अभिध्या નો એક અર્થ ''વિચાર'' છે તો બીજો અર્થ ''ઉપાસના''નો લઈને સૂત્રનો જુદી રીતે અર્થ આપ્યો છે.

૧૬. **लोकवेदन्यायेन** - સુવર્ણનું દૃષ્ટાંત એ લૌકિક ન્યાય છે તો શ્રુતિવચન વૈદિક ન્યાય છે.

૧૭. **आकाशादिवाक्यमपि...** - ભાગવતનું અવતરણ કર્તૃત્વ બતાવે છે અર્થાત્ બ્રહ્મ નિમિત્ત કારણ છે. આમ સમવાયિ કારણ ન હોવાથી આકાશ વગેરે જે વાક્યો સમવાયિત્વના સાધક છે તે ગૌણ બની જાય.

૧૮. **अक्षरपुरुषोत्तमभावेन** - અક્ષર બ્રહ્મ યોનિ છે અને પુરુષોત્તમ પિતા છે. આ બંને બ્રહ્મ જ છે.

- एतेन सर्वे व्याख्याताः व्याख्याताः ॥२८॥ (१.४.९.)

ब्रह्मवादव्यतिरिक्ताः सर्वे वादाः अवैदिकाः वेदविरुद्धाश्चेत्याह । एतेन ब्रह्मवादस्थापनपूर्वकसाङ्ख्यमतनिराकरणेन सर्वे पातञ्जलादिवादा व्याख्याताः अवैदिका अनुपयुक्ताश्च । वैदिकानां हि वेदः प्रमाणम् । तस्मिन्नव्याकुले भ्रान्तिप्रतिपन्ना एव सर्वे वादा इति । एतत् सौकर्यार्थं विस्तरेणाग्रे वक्ष्यते । आवृत्तिरध्यायसमाप्तिबोधिका ॥२८॥

॥ इति नवमं व्याख्यानाधिकरणम् ॥

इति

प्रथमेऽध्याये चतुर्थः पादः ॥

અધિકરણ - ૯

વ્યાખ્યાનાધિકરણ

સૂત્ર : ૧.૪.૨૮

સૂત્ર-૨૮ : આનાથી સર્વનું નિરાકરણ થયું છે, નિરાકરણ થયું છે. (૧.૪.૨૮)

બ્રહ્મવાદ સિવાયના બધા વાદો અવૈદિક અને વેદવિરુદ્ધ છે એમ કહે છે. આથી બ્રહ્મવાદની સ્થાપના કરીને સાંખ્યમતનું નિરાકરણ કરવાથી પાતંજલ વગેરે બધા વાદોનું નિરાકરણ થયું છે. તે અવૈદિક અને અનુપયુક્ત છે. વૈદિકો માટે વેદ જ પ્રમાણ છે. તે વ્યાકુલ થતાં બધા વાદો ભ્રાન્તિથી જ પ્રાપ્ત થાય છે. તે સરળતા માટે વિસ્તારથી આગળ કહેવાશે. પુનરુક્તિ અધ્યાય સમાપ્ત થયો એમ બતાવે છે.

❖

આ૪૫

॥ अथ द्वितीयेऽध्याये प्रथमः पादः ॥

समृत्यनवकाशदोषप्रसङ्ग इति चेन्नान्यस्मृत्यनवकाशदोषप्रसङ्गात् ॥१॥ (२.१.१.)

२८)
થી
બધા
દ ૪
માટે

प्रथमाध्याये वेदान्तवाक्यानां विवादास्पदानां ब्रह्मपरत्वेन समन्वयः प्रतिपादितः । अधुना श्रुतिस्मृत्यविरोधः प्रतिपाद्यते ।

भ्रान्तिमूलतया सर्वसमयानामयुक्तितः ।
न तद्विरोधाद्वचनं वैदिकं शङ्क्यतां व्रजेत् ॥१॥

श्रुतिविप्रतिषेधस्तु अवश्यं प्रतिविधेयः । प्रथमचतुर्थपादे सर्वथानुपयोगे प्रतिपादिते स्मृतिप्रतिपादिते स्मृतित्ववचनेन प्रामाण्ये च यावत्तदप्रामाण्यं न प्रतिपाद्यते तावत्तद्विरोधः परिहर्तुमशक्य इति तन्निराकरणार्थं प्रथमतः सूत्रत्रयमाह । तुल्यबलानां परस्परविरोधे न प्रकारान्तरस्थितिरिति । ततो युक्त्या श्रुतिविप्रतिषेधपरिहारः । ततो द्वितीये पादे वेदबोधकत्वाभावेपि तैरपि स्वातन्त्र्येण कश्चन पुरुषार्थः सेत्स्यतीत्याशङ्क्य बाह्याबाह्यमतान्येकीकृत्य निराकरोति । भ्रान्तेस्तुल्यत्वात् । ततः सम्यग्वेदार्थविचारायैव वैदिकपदार्थानां क्रमस्वरूपविचारः पादद्वयेन । अतः सम्पूर्णेनाप्यध्यायेनाविरोधः प्रतिपाद्यते ॥

कपिलादिमहर्षिकृतस्मृतेर्न मन्वादिवदन्यत्रोपयोगः । मोक्षैकोपयोगित्वात् । तत्राप्यनवकाशे वैयर्थ्यापत्तेरिति चेन्न । कपिलव्यतिरिक्तशुद्धब्रह्मकारणवाचकस्मृत्यनवकाशदोषप्रसङ्गः । "अहं सर्वस्य जगतः प्रभवः प्रलयस्तथे" ति ॥१॥

॥ इति प्रथमं स्मृत्यधिकरणम् ॥

અધ્યાય-૨ : પાદ-૧

અધિકરણ-૧

સ્મૃત્યધિકરણ

સૂત્ર. ૨.૧.૧

સૂત્ર-૧ : સ્મૃતિના અનવકાશદોષનો પ્રસંગ આવે એમ કહો તો એવું નથી, કારણ કે બીજી સ્મૃતિઓના અનવકાશદોષનો પ્રસંગ આવે. (૨.૧.૧)

પ્રથમ અધ્યાયમાં વિવાદાસ્પદ વેદાન્ત વાક્યો બ્રહ્મપર છે એવા સમન્વયનું પ્રતિપાદન કર્યું. હવે શ્રુતિસ્મૃતિના અવિરોધનું પ્રતિપાદન કરવામાં આવે છે.

બધા વેદવિરુદ્ધ મતો યુક્તિરહિત હોવાથી ભ્રાન્તિમૂલ છે તેથી તેના વિરોધને લીધે વૈદિક વચનમાં શંકા કરવી નહિ.

શ્રુતિઓનો વિરોધ અવશ્ય દૂર કરવો જોઈએ. પ્રથમ અધ્યાયના ચોથા પાદમાં(સાંખ્યાદિ) સ્મૃતિ સર્વથા નિરુપયોગી છે એમ નક્કી કર્યા પછી, સ્મૃતિરૂપે કહી હોવાથી, સ્મૃતિ તરીકે એનું પ્રામાણ્ય પ્રતિપાદિત હોવાથી, જ્યાં સુધી એ પ્રમાણભૂત નથી એવું પ્રતિપાદન ન થાય ત્યાં સુધી એના વિરોધનો પરિહાર કરવો અશક્ય છે, એટલે તેના નિરાકરણ માટે પહેલાં ત્રણ સૂત્રો કહે છે. સમાન બળવાળાને પરસ્પર વિરોધ હોય ત્યારે કોઈ એક પ્રકારે નિશ્ચય થતો નથી એટલે યુક્તિથી શ્રુતિના વિરોધનો પરિહાર કરેલો છે. વેદ (અન્ય મતોનો) બોધક ન હોવા છતાં[1] તેનાથી પણ સ્વતંત્ર રીતે કોઈ પુરુષાર્થ સિદ્ધ થશે એવી શંકા થાય તેથી બીજા પાદમાં બાહ્ય અને અબાહ્ય મતોને ભેગા કરીને તેમનું નિરાકરણ કરે છે; કારણ કે (અન્ય મતોમાં) ભ્રાન્તિ સમાન છે. ત્યાર પછી વેદાર્થના સમ્યક્ વિચારને માટે જ વૈદિક પદાર્થોના ક્રમ અને સ્વરૂપનો વિચાર બે પાદથી કરેલો છે. એટલે આખા અધ્યાયમાં અવિરોધનું પ્રતિપાદન કરેલું છે.

(પૂર્વપક્ષ) કપિલ આદિ મહર્ષિઓએ રચેલી સ્મૃતિઓનો મનુ આદિ સ્મૃતિઓની જેમ અન્યત્ર ઉપયોગ નથી, એ માત્ર મોક્ષ માટે જ ઉપયોગી છે. તેમાં પણ જો અનવકાશ હોય તો વ્યર્થતા આવી પડે એમ કહો તો (જવાબ) એવું નથી. કપિલ સિવાયની શુદ્ધ બ્રહ્મને કારણ કહેતી સ્મૃતિઓના અનવકાશદોષનો પ્રસંગ આવે. "હું આખા જગતનો પ્રભવ તથા પ્રલય છું." (ભ. ગી. ૭.૬)

ટિપ્પણ

૧. **वेदबोधकत्वाभावेऽपि** - અહીં કેટલીક પ્રતોમાં वेदनबाधकत्वाभावेऽपि એવું પાઠાન્તર છે અને પુરુષોત્તમજી એ પાઠ સ્વીકારતાં કહે છે सर्ववेष्टन-स्मृतिवदप्रामाण्यात् तथात्वे । શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ હોય ત્યારે શ્રુતિને પ્રમાણભૂત માનીને સ્મૃતિનો સંકોચ કરવો જોઈએ. એ માટે सर्ववेष्टनस्मृति નું ઉદાહરણ આપેલું છે. શ્રુતિ કહે છે- औदुम्बरीं स्पृष्ट्वा उद्गायति । અર્થાત્ ઉદુમ્બરની શાખાનો સ્પર્શ કરીને ઉદ્ગાતા ગાન કરે છે. સ્મૃતિમાં કહ્યું છે- औदुम्बरी सर्वा वेष्टितव्या । હવે આખી ઔદુમ્બરીને બધી બાજુએ વીંટાળવામાં આવે તો સ્વાભાવિક છે કે ઔદુમ્બરીનો સ્પર્શ કરી ન શકાય. આથી સ્મૃતિનો સંકોચ કરીને બહુ-અંશ-વેષ્ટનથી સર્વનો અર્થ સમજવો જોઈએ. આવી રીતે અર્થસંકોચ ન કરવામાં સર્વવેષ્ટન સ્મૃતિ વેદનબાધક બને અને અર્થસંકોચ કરવામાં આવે તો બાધક ન બને. આમ સ્મૃતિ છે તે સ્વરૂપે પ્રમાણભૂત નથી. वेदबोधकत्वाभावेऽपि પાઠ સરળ હોવાથી સ્વીકાર્યો છે.

इतरेषाञ्चानुपलब्धेः ।।२।। (२.१.२)

प्रकृतिव्यतिरिक्तानां महदादीनां लोके वेदे चानुपलब्धेः ।।२।।

इति द्वितीयमितरेषामित्यधिकरणम् ।।

અધિકરણ-૨

ઈતરેષામિત્યધિકરણ

સૂત્ર : ૨.૧.૨

સૂત્ર-૨ : અને બીજાઓની ઉપલબ્ધિ નથી તેથી. (૨.૧.૨)

પ્રકૃતિ સિવાયનાં મહત વગેરે તત્ત્વોની લોક કે વેદમાં ઉપલબ્ધિ નથી તેથી (સાંખ્ય સ્મૃતિ સ્વીકારી શકાય એમ નથી.)

एतेन योगः प्रत्युक्तः ।।३।। (२.१.३)

साङ्ख्यस्मृतिनिराकरणेन योगस्मृतिरपि निराकृता द्रष्टव्या ।

योगस्य वैदिकत्वशङ्कया भेदेन निराकरणम् ।।३।।

इति तृतीयं योगप्रत्युक्त्यधिकरणम् ।।

અધિકરણ-૩

યોગપ્રત્યુકત્યધિકરણ

સૂત્ર : ૨.૧.૩.

સૂત્ર-૩ : આનાથી યોગનું (પણ) નિરાકરણ થયું. (૨.૧.૩)

સાંખ્ય સ્મૃતિના નિરાકરણથી યોગસ્મૃતિનું પણ નિરાકરણ થયું એમ સમજવું. યોગ વૈદિક હોવાની શંકાથી જુદું નિરાકરણ કર્યું છે.

न विलक्षणत्वादस्य तथात्वञ्च शब्दात् ।।४।। (२.१.४)

बाधकोयं तर्कः । अस्य जगतो विलक्षणत्वात् अचेतनत्वाच्चेतनं न कारणम् । विलक्षणत्वञ्च शब्दात् ''विज्ञातञ्चाविज्ञातञ्चे'' ति । प्रत्यक्षस्य भ्रान्तित्वं मन्यमानस्येदं वचनम् ।।४।।

अभिमानिव्यपदेशस्तु विशेषानुगतिभ्यम् ।।५।।

''मृदब्रवीत्'' ''आपोब्रुवन्'' ''तत्तेज एक्षत'' ''ते ह वाचमूचुस्त्वं न उद्गाये'' त्येवमादिश्रुतिभिर्भूतेन्द्रियाणां चेतनत्वं प्रतिपाद्यत इत्याङ्क्य तुशब्देन निराकरोति । तत्तदभिमानिन्य एव देवतास्तथा वदन्ति । कुतः । वेद एव ''विज्ञातञ्चाविज्ञातञ्चे'' ति चेतनाचेतनविशेषोक्तेः । अनुगतत्वाच्च । ''अग्निर्वाग् भूत्वा मुखं प्राविश'' दित्येवमादिविशेषानुगतिभ्यामभिमानित्वमित्यर्थः । देवतापदञ्च श्रुत्यन्तरे ।।५।।

दृश्यते तु ॥६॥

परिहरति । तुशब्दः पक्षं व्यावर्तयति । दृश्यते हि कार्यकारणयोर्वैरूप्यं केशगोमयवृश्चिकादौ । चेतनादचेतनोत्पत्तिनिषेधे तदंशस्यैव निषेधः । तुल्यांशसम्पत्तिश्चेत् प्रकृतेपि सदंशः ॥६॥

इति चतुर्थं विलक्षणत्वाधिकरणम् ॥

અધિકરણ-૪

વિલક્ષણત્વાધિકરણ

સૂત્રો : ૨.૧.૪-૬

સૂત્ર-૪ : આ (જગત) બ્રહ્મથી જુદું હોવાથી, (બ્રહ્મ એનું કારણ) નથી, શબ્દથી તેમ છે એટલે. (૨.૧.૪.)

(પૂર્વપક્ષ) આ બાધક તર્ક છે.[1] આ જગત વિલક્ષણ, અચેતન હોવાથી, ચેતન (બ્રહ્મ) કારણ નથી. ''વિજ્ઞાન અને અવિજ્ઞાન'' (તૈ.૨.૬.) એમ શબ્દથી વિલક્ષણત્વ (સિદ્ધ થાય છે) પ્રત્યક્ષ ભ્રાન્તિ છે એમ માનનારનું આ વચન છે.[2]

સૂત્ર-૫ : પણ વિશેષ અને અનુગતિથી અભિમાનીનો વ્યપદેશ છે. (૨.૧.૫.)

''માટી બોલી'' ''પાણી બોલ્યાં'' (શ.બ્રા.૬. ૧.૩.૨,૪) ''તેજે તે જોયું'' (છા.૬.૨.૩), ''તેમણે વાણીને કહ્યું તું અમારે માટે મોટેથી ગાન કર'' (બૃ.૧.૩.૨) વગેરે શ્રુતિવાક્યોમાં મહાભૂતો અને ઈન્દ્રિયોના ચેતનત્વનું પ્રતિપાદન થાય છે એવી શંકા કરીને તુ શબ્દથી નિરાકરણ કરે છે, કે તે તે અભિમાની દેવતાઓ જ તેમ કહે છે. શાથી ? વેદમાં જ ''વિજ્ઞાન અને અવિજ્ઞાન'' એમ (તૈ.૨.૬.) ચેતન અને અચેતનનો તફાવત કહેલો છે તેથી અને વળી અનુગત છે તેથી. ''અગ્નિ વાણી બનીને મુખમાં પ્રવેશ્યો'' (ઐ.૨.૪) વગેરે શ્રુતિઓથી વિશેષ અને અનુગતિથી[3] અભિમાનિત્વ છે એવો અર્થ છે. અને 'દેવતા' પદ બીજી શ્રુતિઓમાં છે.

સૂત્ર-૬ : પણ દેખાય છે. (૨.૧.૬)

પરિહાર કરે છે, તુ શબ્દ પક્ષ બદલે છે. કાર્ય અને કારણની વિલક્ષણતા કેશ, ગોમય, વીંછી વગેરેમાં દેખાય છે. ચેતનથી અચેતનની ઉત્પત્તિના નિષેધમાં તે અંશનો જ નિષેધ[4]. (છે.) સમાન અંશ હોવા જોઈએ એમ કહો તો પ્રસ્તુતમાં પણ સત્ અંશ છે[5].

ટિપ્પણ

૧ बाधकोऽयं तर्कः - બ્રહ્મ અભિન્નનિમિત્તોપાદાન કારણ છે એવો સમન્વય પહેલા અધ્યાયમાં કહ્યો છે. આ સમન્વયનો સાંખ્ય વગેરે સ્મૃતિથી બાધ થતો નથી

એમ આગલાં સૂત્રોથી જણાવ્યું છે. હવે સાંખ્યાદિ દર્શનમાં કહેલા તર્કથી બાધ કરવામાં આવે છે. વિલક્ષણત્વ દર્શાવતાં પુરુષોત્તમજી કહે છે કે બ્રહ્મ ચેતન, જ્ઞાનાત્મક, શુદ્ધ અને શબ્દથી પ્રમિત છે, તો જગત, જડ, મોહાત્મક, તુચ્છ અને શબ્દ તથા પ્રત્યક્ષથી સિદ્ધ છે. તે જ રીતે જીવ દુ:ખી અને અજ્ઞ છે તો બ્રહ્મ આનન્દાત્મક અને સર્વજ્ઞ છે. પુરુષોત્તમજી બે અનુમાન પણ આપે છે. चेतनं निर्दोषं ब्रह्म न जगदुपादानम् । जगद्विलक्षणत्वात् । यद् यद्विलक्षणं तन्न तदुपादानम् । घटविलक्षणतन्तुवत् । અને ब्रह्म न जीवानामंशिभूतम् । जीवविलक्षणत्वात् । यद् यद्विलक्षणं तन्न तदंशिभूतम । रुप्यखण्डविलक्षणसुवर्णवत् ।

२. **प्रत्यक्षस्य भ्रान्तित्वं...** સાંખ્ય સિદ્ધાન્તના એકદેશી પંચશિખ પ્રત્યક્ષને ભ્રાન્તિ માને છે. સાંખ્યસૂત્રોમાં अविवेकनिमित्तको वा पञ्चशिखः એ સૂત્ર પંચશિખનો મત આપે છે. આવા એકદેશીઓ વિલક્ષણત્વ શ્રૌત છે એમ બતાવવા માટે આ શ્રુતિવાક્ય ટકે છે.

३. **विशेषानुगतिभ्याम्** - અહીં ભાષ્યકાર विशेष શબ્દ બે અર્થમાં સમજે છે. એક અર્થ પ્રમાણે વિશેષ એટલે ભેદ, તફાવત, શ્રુતિમાં ચેતન અને અચેતનનો ભેદ કહેલો છે. બીજા અર્થ પ્રમાણે વિશેષ એટલે વિશેષણ इमास्तिस्रो देवताः (છા.૬.૨.૩) કે एता वै देवता अहं श्रेयसे विवदमानाः (કૌ.૨.૧૪) જેવાં વાક્યોમાં देवता શબ્દથી ભૂતેન્દ્રિયોને વિશિષ્ટ કર્યાં છે, અર્થાત્ देवता શબ્દ એનું વિશેષણ છે. અનુગતિ એટલે અનુપ્રવેશ. ''અગ્નિ વાણી બનીને મુખમાં પ્રવેશ્યો'' એ વાક્યમાં અનુપ્રવેશરૂપ અનુગતિ સ્પષ્ટ થાય છે. આમ હોવાથી ભૂતેન્દ્રિયોનો ચેતનના જેવો વ્યવહાર અભિમાની દેવતાઓને લીધે છે.

४. **चेतनादचेतनोत्पत्ति...** - પૂર્વપક્ષી કહે છે કે ચેતનમાંથી અચેતનની ઉત્પત્તિ મોટે ભાગે દેખાતી નથી એટલે તેનો નિષેધ છે. તેનો જવાબ એવો છે કે અહીં માત્ર તેટલા અંશનો જ નિષેધ છે, એટલે કે અચેતનાંશનો જ નિષેધ છે. એટલાથી બ્રહ્મની કારણતાને કોઈ હાનિ પહોંચતી નથી.

५. **तुल्यांशसंपत्तिश्चेत्...** - પૂર્વપક્ષ એવો આગ્રહ રાખે કે કારણ અને કાર્યમાં સમાન અંશ હોવા જોઈએ તો બ્રહ્મ અને જગત બન્નેમાં સત્ અંશ તો છે જ.

असदिति चेन्न प्रतिषेधमात्रत्वात् ॥७॥ (२.१.५.)

श्रुतौ कारणत्वेनासदुक्तमिति चेन्न प्रतिषेधार्थमेव वचनं, ''कथमसतः सज्जायेते'' ति । कार्यस्य वा पूर्वं प्रतिषेधो ब्रह्मकारणत्वाय ॥७॥

अपीतौ तद्वत्प्रसङ्गादसमञ्जसम् ॥८॥

पूर्वपक्षमाह । अपीतिर्लयः । कार्यस्य कारणलये तद्वत्प्रसङ्गः । स्थौल्यसावयवत्व-

परिच्छिन्नत्वाशुद्धत्वादिधर्मसम्बन्धावश्यकत्वादसमञ्जसं ब्रह्मकारणवचनम् ॥८॥

न तु दृष्टान्तभावात् ॥९॥

नैवास्मदीये दर्शने किञ्चिदसामञ्जस्यमस्तीति तुशब्देन परिहरति । स्वपक्षस्थापनपरपक्षनिराकरणयोर्विद्यमानत्वान्नतुवचनम् । तत उत्पन्नस्य तत्र लये न कार्यावस्थाधर्मसम्बन्धः शरावरुचकादिषु प्रसिद्धः । भवतां परं न दृष्टान्तोस्ति ॥९॥

स्वपक्षदोषाच्च ॥१०॥

स्वपक्षे चैते प्रतिवादिनः साधारणा दोषाः । निर्विशेषात् प्रधानात् सविशेषस्य कार्यता तस्योत्पत्तिः । लये तद्धर्मसम्बन्धः । असत्कार्यवादप्रसङ्गः । तथैव कार्योत्पत्तौ कारणाभावेन नियमाभावः । भावे वा मुक्तानामपि पुनर्बन्धप्रसङ्गः ॥१०॥

तर्काप्रतिष्ठानादप्यन्यथानुमेयमिति चेदेवमप्यविमोक्षप्रसङ्गः ॥११॥

वेदोक्तेर्थे शुष्कतर्केण प्रत्यवस्थानमयुक्तं, तर्कस्याप्रतिष्ठानात् तर्को नाम स्वोत्प्रेक्षिता युक्तिः । सा एकोक्ता नान्यैरङ्गीक्रियते । स्वतन्त्राणामृषीणां मतिभेदात् वस्तुनो द्वैरूप्यासम्भवात् नियामकाभावाच्च । अतो न तर्कस्य प्रतिष्ठा ।

पूर्वपक्षिणः परिहारः । अप्यन्यथानुमेयमिति चेत्, एवमप्यन्यथा वयमनुमास्यामहे यथा नाप्रतिष्ठादोषो भविष्यति । न हि कोपि तर्कः प्रतिष्ठितो नास्तीति वक्तुं शक्यते । व्यवहारोच्छेदप्रसङ्गात् । ''आर्षं धर्मोपदेशञ्च वेदशास्त्राविरोधिना यस्तर्केणानुसन्धत्ते स धर्मं वेद नेतर'' इति स्मृतिः । सावद्यतर्कपरिहारेण निरवद्यास्तर्कः प्रतिपत्तव्यो भवतीति चेत्, एवमप्यविमोक्षप्रसङ्गः । ब्रह्मवादिनो निर्दुष्टतर्कसद्भावेपि प्रकृतिवादिनस्तर्कस्य दोषाविमोक्षप्रसङ्गः । मूलनियमाभावात् वैमत्यस्य विद्यमानत्वात् ॥११॥

॥ इति पञ्चममसत्प्रतिषेधाधिकरणम् ॥

અધિકરણ-૫

અસત્પ્રતિષેધાધિકરણ

સૂત્રો : ૨.૧.૭-૧૧

સૂત્ર-૭ : અસત્ છે એમ કહો તો એવું નથી, માત્ર પ્રતિષેધ માટે હોવાથી. (૨.૧.૭)

શ્રુતિમાં કારણ તરીકે અસત્ કહ્યું છે એમ કહો તો એવું નથી. પ્રતિષેધ માટે જ આ વચન છે[1]. ''અસતમાંથી સત કેવી રીતે ઉત્પન્ન થાય ?'' (છા.૬.૨.૨.) અથવા બ્રહ્મનું કારણત્વ કહેવા માટે કાર્યનો પહેલાં પ્રતિષેધ કરેલો છે[2].

સૂત્ર-૮ : લય થાય ત્યારે તેના જેવું થવાના પ્રસંગને લીધે અસમંજસ છે. (૨.૧.૮)

પૂર્વપક્ષ કહે છે. અપીતિ એટલે લય. કાર્યનો કારણમાં લય થાય ત્યારે

(કારણ) તેના (કાર્યના) જેવું બને એવો પ્રસંગ આવે. સ્થૂલતા, સાવયવત્વ, પરિચ્છિન્નત્વ, અશુદ્ધત્વ આદિ ધર્મોનો સંબધ આવશ્યક રીતે થવાથી બ્રહ્મની કારણતાનું કથન અનુચિત છે.

સૂત્ર-૯ : પણ એવું નથી, કારણ કે દૃષ્ટાન્તો છે[3]. (૨.૧.૯)

અમારા દર્શનમાં કાંઈ અસામંજસ્ય નથી એમ તુ શબ્દથી પરિહાર કરે છે. સ્વપક્ષની સ્થાપના અને પરપક્ષનું નિરાકરણ હોવાથી ન તુ એવું વચન છે. તેમાંથી ઉત્પન્ન થયેલાનો તેમાં લય થાય ત્યારે કાર્યાવસ્થાના ધર્મોનો સંબન્ધ નથી એમ માટી કે સુવર્ણના પાત્રના વિષયમાં પ્રસિદ્ધ છે. પણ તમારે પક્ષે કોઈ દૃષ્ટાન્ત નથી.

સૂત્ર-૧૦ : સ્વપક્ષદોષ છે તેથી. (૨.૧.૧૦)

પ્રતિવાદીના પોતાના પક્ષના આ દોષો સમાન રીતે આવે છે. નિર્વિશેષ પ્રધાનમાંથી સવિશેષ કાર્ય બને છે.[4] તેની ઉત્પત્તિ થાય છે. લય થાય ત્યારે તેના ધર્મનો સંબન્ધ થાય છે અને અસત્કાર્યવાદનો પ્રસંગ આવે છે. તે જ રીતે કાર્યની ઉત્પત્તિમાં કારણને આભાવે નિયમનો અભાવ છે. જો (નિયમ) હોય તો મોક્ષ પામેલાઓને પણ ફરી બંધનનો પ્રસંગ આવે છે.

સૂત્ર-૧૧ : તર્ક અપ્રતિષ્ઠિત છે. તેથી (શુષ્ક તર્કથી દલીલ કરવી યોગ્ય નથી.) અમે બીજી રીતે અનુમાન કરીએ એમ કહો તો એ રીતે પણ (દોષમાંથી) મુક્તિ નથી. (૨.૧.૧૧)

વેદોક્ત અર્થમાં શુષ્ક તર્કથી સામી દલીલ કરવી યોગ્ય નથી કારણ કે તર્ક અસ્થિર છે. તર્ક એટલે પોતે કલ્પેલી યુક્તિ. એકે કહેલી તેને બીજાઓ સ્વીકારતા નથી. ઋષિઓ સ્વતંત્ર હોવાથી મતિભેદ છે, વસ્તુ બે પ્રકારની હોતી નથી અને નિયમન કરનારનો અભાવ છે.

પૂર્વપક્ષી પરિહાર કરે છે. બીજી રીતે અનુમાન કરીએ તો. આમ હોવા છતાં અમે જુદી રીતે અનુમાન કરીએ, જેથી અપ્રતિષ્ઠાનો દોષ લાગતો નથી. કોઈ પણ તર્ક પ્રતિષ્ઠિત નથી એમ કહી ન શકાય, કારણ કે તો વ્યવહારનો ઉચ્છેદ થાય. ''વેદશાસ્ત્રને અવિરોધી એવા તર્કથી જે આર્ષધર્મોપદેશનું અનુસન્ધાન કરે છે તે ધર્મને જાણે છે, બીજો નહિ.'' (મનુસ્મૃતિ ૧૨.૧૦૬) એવી સ્મૃતિ છે. સદોષ તર્કનું ખંડન કરીને નિર્દોષ તર્ક સ્વીકારવો એમ કહો તો એ રીતે પણ દોષથી મુક્તિ નથી. બ્રહ્મવાદીનો નિર્દોષ તર્ક હોવા છતાં પ્રકૃતિવાદીનો તર્ક દોષથી મુક્ત નથી કારણ કે મૂળ નિયમનો અભાવ છે[5] અને જુદા જુદા મતો અસ્તિત્વમાં છે.

ટિપ્પણ

૧. **પ્રતિષેધાર્થમેવ વચનમ્** - असदेवेदमग्र आसीत् (છા.૬.૨.૧) વાક્ય દર્શાવે છે કે કારણને અસત્ કહ્યું છે. એના જવાબમાં કહ્યું છે કે આ વાક્ય તો પ્રતિષેધ માટે છે. પછીના વાક્યમાં કહ્યું છે. कथमसतः सज्जायेत । આમ આગલા વાક્યમાં અસત્ કહ્યું છે તેનો પછીના વાક્યમાં પ્રતિષેધ કરેલો છે.

૨. **कार्यस्य वा पूर्वप्रतिषेधो...** અહીં સૂત્રનો બીજો અર્થ આપેલો છે, તે અનુસાર असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत (તૈ.૨.૬) માં असत् શબ્દ કાર્ય માટે છે. આ જગત પહેલાં અસત્ હતું એટલે કે કાર્યરૂપે, કાર્યાવસ્થામાં અસત્ હતું, બ્રહ્મરૂપે તો સત્ જ હતું. આમ બ્રહ્મની કારણતા અને સત્કાર્યવાદ સિદ્ધ થાય છે.

૩. **दृष्टान्तभावात्** - પ્રદીપ અને વિવરણ અનુસાર दृष्टान्ताभावात् એવો પાઠ છે, અર્થાત્ કાર્યનો કારણમાં લય થાય ત્યારે કારણમાં કાર્યના ધર્મો આવે એનું કોઈ દષ્ટાન્ત નથી. મેં ભાષ્યપ્રકાશનો સૂત્રપાઠ સ્વીકારીને તદનુસાર અનુવાદ કર્યો છે.

૪. **निर्विशेषात्प्रधानात्...**- પૂર્વપક્ષીના પોતાના મતમાં જે દોષો છે તે આ રીતે દર્શાવ્યા છે : (૧) પ્રધાન નિર્વિશેષ છે તો કાર્ય સવિશેષ છે આમ કારણ અને કાર્ય વિલક્ષણ છે. (૨) કાર્યની ઉત્પત્તિ થાય છે, પણ કારણની નથી થતી એથી પણ વિલક્ષણતા સિદ્ધ થાય છે. (૩) આ વિલક્ષણતા ઉત્પત્તિ પૂર્વે હોય તો કારણમાં કાર્યના ધર્મોનો સંબન્ધ સ્વીકારવો પડે. (૪) જો આ વિલક્ષણતા ઉત્પત્તિ પૂર્વે ન હોય તો અસત્કાર્યવાદનો પ્રસંગ આવે. (૫) કાર્યની ઉત્પત્તિમાં જે ક્રમ છે તેનો નિયમ કરનાર કારણ ન હોવાથી ક્રમનો કોઈ નિયમ નથી એટલે આકસ્મિક્તા માનવી પડે. (૬) જો ક્રમનું નિયામક કારણ હોય તો એ કારણ હંમેશાં હોવાથી મુક્તોને પણ પાછું બન્ધન આવી પડે એમ બને. આમ સાંખ્યમતવાદી પૂર્વપક્ષીના દોષ દર્શાવ્યા છે.

૫. **मूलनियमाभावात्...** - પૂર્વપક્ષી કહે છે કે વેદથી અવિરોધી એવો તર્ક કરવો અને એ રીતે દોષયુક્ત તર્કને છોડીને દોષરહિત તર્કનો આશ્રય લેવો જોઈએ. प्रधानाज्जगज्जायते એવું શ્રુતિવાક્ય સાંખ્યવાદીઓ ટાંકે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહ્યું છે- यस्तन्तुनाभ इव तन्तुभिः प्रधानजैः स्वभावतः । આના જવાબમાં કહી શકાય કે અહીં પ્રકરણનો વિચાર કરતાં સાંખ્યોક્ત પ્રધાનને કારણ કહ્યું નથી. આમ મૂળ નિયમનો જ અભાવ છે, વળી સ્મૃતિઓમાં જુદા જુદા મતો આપેલા છે એટલે પૂર્વપક્ષી જે તર્ક કરે છે તેને દોષમાંથી મુક્તિ નથી, અર્થાત્ તે દોષરહિત નથી.

एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः ॥१२॥ (२.१.६)

साङ्ख्यमतस्य वैदिकप्रत्यासन्नत्वात् केषाञ्चित् शिष्टानां परिग्रहोप्यस्ति । अणुमायाकारणवादास्तु सर्वथा न शिष्टैः परिगृह्यन्त इति तेषां तर्काः पूर्वोक्तन्यायेन सुतरामेव निरस्ता वेदितव्याः ॥१२॥

॥ इति षष्ठं शिष्टापरिग्रहाधिकरणम् ॥

અધિકરણ-૬

શિષ્ટાપરિગ્રહાધિકરણ

સૂત્ર : ૨.૧.૧૨

સૂત્ર-૧૨ : આથી શિષ્ટોએ ન સ્વીકારેલા મતોનું નિરાકરણ થયું. (૨.૧.૧૨)

સાંખ્ય મત વૈદિક મતની નજીક હોવાથી કેટલાક શિષ્ટ જનોએ સ્વીકાર પણ કર્યો છે. અણુ અને માયાને કારણ માનતા વાદોનો શિષ્ટજનોએ સર્વથા અસ્વીકાર કર્યો હોવાથી પૂર્વોક્ત ન્યાયથી તેમના તર્કોનો સંપૂર્ણ નિરાસ થયો છે એમ જાણવું.

भोक्त्रापत्तेरविभागश्चेत् स्याल्लोकवत् ॥१३॥ (२.१.७)

कारणदोषं परिहृत्य कार्यदोषपरिहारार्थमारम्भः ।

भोग्यस्य भोक्त्रापत्तिः । ब्रह्मणो निर्विशेषस्य कारणत्वात् भोक्तुर्भोग्यत्वं भोग्यस्य च भोक्तृत्वमापद्येत । अतो न विभाग इति चेत्, स्याल्लोकवत् । यथा लोके कटककुण्डलादीनां सुवर्णकारणत्वेन सुवर्णानन्यत्वेपि न कटकस्य कुण्डलत्वमेवमेव न भोग्यस्य भोक्तृत्वम् ॥१३॥

॥ इति सप्तमं भोक्त्रापत्तेरित्यधिकरणम् ॥

અધિકરણ-૭

ભોક્ત્રાપત્તેરિત્યધિકરણ

સૂત્ર : ૨.૧.૧૩.

સૂત્ર-૧૩ : ભોગ્ય ભોક્તા બની જાય તો વિભાગ ન રહે એમ કહો તો લોકની માફક થશે. (૨.૧.૧૩)

કારણના દોષનો પરિહાર કરીને કાર્યના દોષના પરિહાર માટે આરંભ કરે છે. (પૂર્વપક્ષ) ભોગ્ય ભોક્તા બની જાય. નિર્વિશેષ બ્રહ્મની કારણતાને લીધે ભોક્તા ભોગ્ય બને અને ભોગ્ય ભોક્તા બને. આથી વિભાગ ન થાય એમ કહો તો (જવાબ) લોકની માફક થાય. લોકમાં કટક અને કુંડલ સુવર્ણરૂપી કારણવાળાં હોવાથી સુવર્ણથી જુદાં ન હોવા છતાં કટક કુંડલ બનતું નથી તેમ ભોગ્ય ભોક્તા બને નહિ.

तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ॥१४॥ (२.१.८)

श्रुतिविरोधं परिहररति । "वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यमि" ति । तत्र विकारो वाङ्मात्रेणैवारभ्यते न वस्तुत इत्यर्थः प्रतिभाति । तथा च सति कस्य ब्रह्म कारणं भवेत् । अतः श्रुतिवाक्यस्यार्थमाह ।

आरम्भणशब्दादिभ्यस्तदनन्यत्वं प्रतीयते । कार्यस्य कारणानन्यत्वं न मिथ्यात्वम् ।

ये पुनर्मिथ्यात्वं तामसबुद्धय: प्रतिपादयन्ति तैर्ब्रह्मवादा: सूत्रश्रुतिनाशनेन तिलाप: कृता वेदितव्या: । अन्त: प्रविष्टचोरवधार्थमेवैष आरम्भ: । अलौकिकप्रमेये सूत्रानुसारेणैव निर्णय उचित: । न स्वन्त्रतया किञ्चित् परिकल्पनं "तर्काप्रतिष्ठाना" दिति निराकृतमेव । न चास्मिन्नपि सूत्रे मिथ्यात्वार्थ: सम्भवति । एकविज्ञानेन सर्वविज्ञानोपक्रमबाधात् । प्रकरणविरोधश्च । त्रयविरोधभयपरित्यागेनैकमिदं सूत्रमन्यथा योजयन्नतिधृष्ट इत्यलं विस्तरेण ॥१४॥

भावे चोपलब्धे: ॥१५॥

भाव एव विद्यमान एव घटोपलब्धि: । नाभावे । चकारात् "मृत्तिकेत्येव" श्रुति: परिगृहीता । बाङ्मात्रेण चोपलम्भे मिथ्यैवात्र घटोप्यस्तीत्युक्ते उपलभ्येत ।

इदं सूत्रं मिथ्यावादिना न ज्ञातमेव । अत एव पाठान्तरकल्पनम् ॥१५॥

सत्त्वाच्चावरस्य ॥१६॥

अवरस्य प्रपञ्चस्य सत्त्वात् त्रैकालिकत्वात् ब्रह्मत्वम् । "सदैव सौम्येदमग्र आसीत्" "यदिदं किञ्च तत् सत्यमित्याचक्षत्" इतिश्रुते: ॥१६॥

॥ इति अष्टमं तदनन्यत्वाधिकरणम् ॥

અધિકરણ-૮

તદનન્યત્વાધિકરણ

સૂત્રો : ૨.૧.૧૪-૧૬.

સૂત્ર-૧૪ : આરંભણ શબ્દ વગેરેથી કાર્યનું કારણથી અનન્યત્વ (સિદ્ધ થાય છે.) (૨.૧.૧૪)

શ્રુતિના વિરોધનો પરિહાર કરે છે. "વાણીથી આરંભાતો વિકાર નામધેય છે, માટી એ જ સત્ય છે." (છા.૬.૧.૪) તેમાં વિકાર વાણીમાત્રથી આરંભાય છે, વસ્તુત : નથી એવો અર્થ પ્રતીત થાય છે. એમ હોય તો બ્રહ્મ કોનું કારણ બને ? આથી શ્રુતિ વાક્યનો અર્થ કહે છે : આરંભણ શબ્દ વગેરેથી કાર્યનું કારણથી અનન્યત્વ પ્રતીત થાય છે. કાર્યનું કારણથી અનન્યત્વ છે, મિથ્યાત્વ નથી.

તામસબુદ્ધિવાળા જેઓ મિથ્યાત્વનું પ્રતિપાદન કરે છે તેમણે સૂત્ર અને શ્રુતિનો નાશ કરીને બ્રહ્મવાદને તિલાંજલિ આપી છે એમ જાણવું. અંદર પેઠેલા ચોરના વધ માટે જ આ આરંભ છે. પ્રમેય અલૌકિક હોય ત્યારે સૂત્રને અનુસરીને જ નિર્ણય કરવો ઉચિત છે; સ્વતંત્ર રીતે કાંઈની કલ્પના કરવી નહિ. "તર્ક અપ્રતિષ્ઠિત છે" (બ્ર.સૂ. ૨..૧.૧૧) એમાં નિરાકરણ કરેલું જ છે. ઉપરાંત આ સૂત્રમાં પણ મિથ્યાત્વનો અર્થ સંભવતો નથી. એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનના ઉપક્રમનો બાધ થાય છે, અને પ્રકરણનો વિરોધ છે. આમ ત્રણના વિરોધના ભયનો પરિત્યાગ કરીને આ એક સૂત્રને બીજી રીતે યોજનાર અતિધૃષ્ટ છે એમ વિસ્તારની જરૂર નથી.

સૂત્ર-૧૫ : અને અસ્તિત્વ હોય તો ઉપલબ્ધિ થાય છે. (૨.૧.૧૫)

અસ્તિત્વ હોય તો જ, ઘડો વિદ્યમાન હોય તો જ ઘડો ઉપલબ્ધ થાય છે, (ઘડાના) અભાવમાં નહિ. च શબ્દ "માટી જ" એ શ્રુતિનો સંગ્રહ કરે છે. જો વાણી માત્રથી ઉપલબ્ધિ થાય તો મિથ્યા એવો ઘડો 'છે' એમ કહેવાથી ઉપલબ્ધિ થવી જોઈએ.

આ સૂત્ર મિથ્યાવાદીને સમજાયું જ નથી તેથી જ પાઠાન્તરની કલ્પના[2] કરી છે.

સૂત્ર-૧૬ : પછી થયેલાંના સત્ત્વને લીધે. (૨.૧.૧૬)

પછી થયેલાં પ્રપંચના સત્ત્વ એટલે ત્રૈકાલિકત્વને લીધે એ બ્રહ્મ છે. "હે સૌમ્ય પહેલાં એ સત્ જ હતું." (છા.૬.૧) "આ જે કાંઈ છે તે સત્ય છે એમ કહે છે." (તૈ.૨.૬.૧) એવાં શ્રુતિવાક્યો છે.

ટિપ્પણ

૧. **त्रयविरोधभयपरित्यागेन...** - માયાવાદીના મત અનુસાર કાર્ય મિથ્યા છે એવો અર્થ કરીએ તો શ્રુતિ, ઉપક્રમ અને પ્રકરણ ત્રણનો વિરોધ આવે છે. શ્રુતિવાક્યમાં કાર્ય કારણથી અભિન્ન છે એમ કહ્યું છે, કાર્ય મિથ્યા છે એમ કહ્યું નથી. જો કાર્ય મિથ્યા હોય તો બ્રહ્મ કારણ બની શકે નહિ. ઉપક્રમમાં એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની વાત કહી છે. અર્થાત કારણના જ્ઞાનથી કાર્યના જ્ઞાનની વાત છે. જો સર્વ એટલે કાર્ય હોય જ નહિ તો એનું વિજ્ઞાન ન થાય. ત્રીજું, આ બ્રહ્મનું પ્રકરણ છે. જો સૃષ્ટિ મિથ્યા હોય તો સૃષ્ટિ દ્વારા બ્રહ્મનું જ્ઞાન આપી ન શકાય. આમ શ્રુતિવાક્ય, ઉપક્રમ અને પ્રકરણ ત્રણેનો વિરોધ છે.

૨. **पाठान्तरकल्पनम** - સ્વીકૃત પાઠ ઉપરાંત શંકરાચાર્ય भावाच्चोपलब्धेः એવો બીજો પાઠ આપે છે. કાર્યકારણનું અનન્યત્વ માત્ર શબ્દથી જ નહિ પણ પ્રત્યક્ષ ઉપલબ્ધિને લીધે પણ છે એવો અર્થ કરેલો છે.

असद्व्यपदेशान्नेति चेन्न धर्मान्तरेण वाक्यशेषात् ॥१७॥ (२.१.९)

"असद्वा इतमग्र आसीदि" तिश्रुत्या प्रागुत्यत्तेः कार्यस्यासत्त्वं बोध्यत इति चेत्, न । अव्याकृतत्वेन धर्मान्तरेण तथाव्यपदेशः । कुतः वाक्यशेषात् । "तदात्मानं स्वयमकुरुते"ति स्वस्यैव क्रियमाणत्वात् । "इदमासी" त्पदप्रयोगाच्च ॥१७॥

युक्तेः शब्दान्तराच्च ॥१८॥

युक्तिस्तावत् समवेतमेव कार्यं सदुत्पाद्यत इति सम्बन्धस्य द्विनिष्ठत्वात् नित्यत्वाच्च कारणान्तरेणापि परम्परया सम्बन्धः । असम्बद्धोत्पत्तौ तु मिथ्यात्वमेव । प्रवृत्तिस्त्वभिव्यक्त्यर्थमिति । शब्दान्तरं सच्छब्दादात्मशब्दः "आत्मानं स्वयमकुरुते" ति ॥१८॥

पटवच्च ॥१९॥

यथा संवेष्टितः पटो न व्यक्तं गृह्यते विवृतस्तु गृह्यते तथा आविर्भावानाविर्भावेन जगतोपि ॥१९॥

यथा च प्राणादिः ॥२०॥

यथा प्राणापानानां नियमने जीवनमात्रमनियमने आकुञ्चनादि । नैतावता प्राणभेदः पूर्वमसत्त्वं वा । तथा जगतोपि ।

ज्ञानक्रियाभेदात् सूत्रद्वयम् ॥२०॥

॥ इति नवममसद्व्यपदेशाधिकरणम् ॥

અધિકરણ-૯

અસદ્વ્યપદેશાધિકરણ

સૂત્રો : ૨.૧.૧૭-૨૦

સૂત્ર-૧૭ : અસત્ કહ્યું હોવાથી તેમ નથી એમ કહો તો એવું નથી; બીજા ધર્મથી (એમ કહ્યું છે) કારણ કે પછીના વાકયથી (એ નિશ્ચિત થાય છે.) (૨.૧.૧૭)

(પૂર્વપક્ષ) ''આ પહેલાં અસત હતું'' (તૈ.૨.૭) એ શ્રુતિથી ઉત્પત્તિ પહેલાં કાર્ય અસત હતું એવો બોધ થાય છે. એમ કહો તો (જવાબ) એવું નથી. આવું વચન નામરૂપ આદિ વ્યકત નથી એવા બીજા ધર્મને લીધે છે. શાથી ? પછીના વાક્યથી (એ નક્કી થાય છે.) ''તેણે જાતે જ પોતાને કર્યું'' (તૈ.૨.૭) એમ જાતે જ કરાય છે. ''આ'' ''હતું'' એવા પદોનો પ્રયોગ[1] (એવો અર્થ બતાવે છે.)

સૂત્ર-૧૮ : યુક્તિ અને બીજા શબ્દથી (અસત્કાર્યવાદ સ્વીકાર્ય નથી એમ નક્કી થાય છે.) (૨.૧.૧૮)

યુક્તિ આ પ્રમાણે છે.સત્ એવું કાર્ય સમવાય સંબન્ધે જ ઉત્પન્ન કરાય છે એટલે સંબન્ધ બેમાં હોય છે અને નિત્ય છે[2]. બીજાં કારણો હોય તો (મૂળ કારણ સાથે) પરંપરાથી સંબન્ધ હોય છે. સંબન્ધ વિના ઉત્પત્તિ થાય તો મિથ્યાત્વ જ આવે[3]. (કાર્ય ઉત્પન્ન કરવાની) પ્રવૃત્તિ અભિવ્યક્તિ માટે છે[4]. ''આત્માને અર્થાત્ પોતાને જાતે જ કર્યા.'' (તૈ.૨.૭) એ શ્રુતિ વાક્યમાં સત્ શબ્દથી જુદો આત્મા શબ્દ વાપર્યો છે.

સૂત્ર-૧૯ : અને વસ્ત્રની જેમ. (૨.૧.૧૯)

જેવી રીતે કાપડ વીંટાળેલું હોય ત્યારે સ્પષ્ટ દેખાતું નથી પણ ઘડી ઉકેલવામાં આવે ત્યારે સ્પષ્ટ દેખાય છે તેવી રીતે જગતનો અવિર્ભાવ હોય (ત્યારે દેખાય અને અવિર્ભાવ ન હોય ત્યારે (સ્પષ્ટ દેખાતું નથી.)

સૂત્ર-૨૦ : જેવી રીતે પ્રાણ વગેરે. (૨.૧.૨૦)

પ્રાણ અને અપાનનું નિયમન કરતાં જીવન માત્ર રહે છે અને નિયમન ન કરતાં સંકોચ આદિ ક્રિયા થાય છે. એટલાથી પ્રાણનો ભેદ કે પૂર્વે પ્રાણનું અસ્તિત્વ ન હતું એવું નથી. તેવી જ રીતે જગતનું પણ (સમજવું.)[૫] જ્ઞાન અને ક્રિયાના ભેદથી બે સૂત્રો કહ્યાં છે.

ટિપ્પણ

૧. **इदमासीत्...**- ''આ હતું'' એ શબ્દો બતાવે છે કે પરિદૃશ્યમાન જગતની સત્તા સૃષ્ટિ પહેલાં પણ હતી.

૨. **समवेतमेव...**- કાર્ય કારણ સાથે સમવાય સંબન્ધે ઉત્પન્ન થાય છે અર્થાત્ કારણ અને કાર્ય વચ્ચે સમવાયસંબન્ધ છે. સંબન્ધ બે વસ્તુઓમાં રહેલો હોય છે, એટલે કે બે વસ્તુઓ અસ્તિત્વ ધરાવતી હોય તો જ બે વચ્ચે સંબન્ધ થઈ શકે. આમ કાર્ય એની ઉત્પત્તિ પૂર્વે પણ સત્ છે એમ નિશ્ચિત થાય છે. વળી સમવાય સંબન્ધ નિત્ય હોવાથી કાર્ય પણ ઉત્પત્તિ પહેલાં હતું એમ માનવું જરૂરી છે. અહીં સમવાય શબ્દ વૈશેષિકોના સમવાય પદાર્થના અર્થમા નથી પણ તાદાત્મ્યના અર્થમાં છે.

૩. **असंबद्धोत्पत्तौ...**- કારણ અને કાર્યના સંબન્ધે જ કાર્ય ઉત્પન્ન થાય છે. જો કારણના સંબન્ધ વિના કાર્ય ઉત્પન્ન થતું હોય તો કાર્યને મિથ્યા જ ગણવું પડે. જેમ શુક્તિકાને સ્થાને રજત દેખાય ત્યારે શુક્તિકાને રજત સાથે કોઈ સંબન્ધ હોતો નથી તેવી સ્થિતિ આવે.

૪. **प्रवृत्तिस्तु...**- જો કાર્ય ઉત્પત્તિ પૂર્વે સત્ હોય તો કાર્યને ઉત્પન્ન કરવાની કર્તાની પ્રવૃત્તિ કાર્યને અભિવ્યક્ત કરવા માટે છે.

૫. **तथा जगतोऽपि**- જગત બ્રહ્મરૂપ કારણમાં હોય ત્યાં સુધી સત્ માત્ર હોય છે. પણ જ્યારે બહાર પ્રકટ થાય ત્યારે કાર્ય બને છે.

इतरव्यपदेशाद्धिताकरणादिदोषप्रसक्तिः ॥२१॥ (२.१.१०)

ब्रह्मणो जगत्कारणत्वे इतरस्य जीवस्यापि ब्रह्मत्वात् तद्धितं कर्तव्यं तन्न करोतीति तदकरणादिदोषप्रसक्तिः । ''तत् सृष्ट्वा तदेवानुप्राविशत्'' ''अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणी''ति तस्यैव जीवव्यपदेशात् ॥२१॥

अधिकन्तु मेदनिर्देशात् ॥२२॥

तुशब्दः पक्षं व्यावर्तयति । यदि ब्रह्म तावन्मात्रं भवेत् तदायं दोषः । तत् पुनर्जीवाज्जगतश्चाधिकं, कुतः । भेदनिर्देशात् । द्रष्टव्यादिवाक्येषु कर्मकर्तृव्यपदेशात् विज्ञानानन्दव्यपदेशाद्वा । नहि सम्पूर्णोंशस्य हितं नियमेन करोति । सर्वेन्द्रियव्यापाराभावप्रसङ्गात् । स्वलीलयैकं तु करोत्येव ॥२२॥

अश्मादिवच्च तदनुपपत्तिः ॥२३॥

पार्थिवत्वाविशेषेपि हीरमाणिक्यपाषाणानां पलाशचम्पकचन्दनानामुच्चनीचत्वमेवं जीवस्यांशत्वाविशेषेपि ब्रह्मादिस्थावरान्तानामुच्चनीचत्वम् । कार्यवैलक्षण्यं तदननुरोधश्च दर्शितः ॥२३॥

॥ इति दशममितरव्यपदेशाधिकरणम् ॥

અધિકરણ-૧૦

ઈતરવ્યપદેશાધિકરણ

સૂત્રો : ૨.૧.૨૧-૨૩

સૂત્ર-૨૧ : બીજાનો વ્યપદેશ હોવાથી હિત ન કરવારૂપી દોષ પ્રાપ્ત થાય છે. (૨.૧.૨૧)

(પૂર્વપક્ષ) બ્રહ્મ જગતનું કારણ હોય તો બીજાનું એટલે કે જીવનું પણ બ્રહ્મ હોવાથી હિત કરવું જોઈએ, પણ તે કરતું નથી તેથી તે ન કરવાનો આદિ દોષનો પ્રસંગ આવે છે. ''તેનું સર્જન કરીને તેમાં જ પ્રવેશ કર્યો'' (તૈ.૨.૬) ''આ જીવાત્માથી પ્રવેશ કરીને નામ અને રૂપ અભિવ્યક્ત કરું'' (છા.૬.૨) વગેરેમાં તેનો જીવ તરીકે વ્યાપદેશ છે.

સૂત્ર-૨૨ : પણ એ અધિક છે, કારણ કે ભેદનો નિર્દેશ છે. (૨.૧.૨૨)

(સિદ્ધાન્ત) तु શબ્દથી પક્ષ બદલાય છે. જો બ્રહ્મ તેટલું જ માત્ર હોય તો આ દોષ છે, પણ તે જીવ અને જગતથી અધિક છે. શાથી ? ભેદનો નિર્દેશ હોવાથી. ''દર્શન કરવું જોઈએ''[1] ઈત્યાદિ વાક્યોથી કર્મ ને કર્તારૂપે કહ્યું છે, અથવા વિજ્ઞાન અને આનન્દરૂપે કહ્યું છે તેથી. જે સંપૂર્ણ હોય તે અંશનું હિત કરે એવો નિયમ નથી[2]; કારણ કે બધી ઈન્દ્રિયોના વ્યપારનો અભાવ પ્રાપ્ત થાય. પોતાની લીલાથી એક તો કરે જ છે.[3]

સૂત્ર-૨૩ : અને પથ્થર વગેરેની માફક તેની અનુપપત્તિ છે. (૨.૧.૨૩)

હીરો, માણેક અને પથ્થર તથા પલાશ, ચંપક અને ચંદનમાં પાર્થિવત્વ સમાન હોવા છતાં ઉચ્ચ અને નીચનો ભાવ હોય છે તેવી રીતે જીવનું અંશત્વ સમાન હોવા છતાં બ્રહ્મથી સ્થાવરસૃષ્ટિ સુધીમાં ઉચ્ચ-નીચનો ભાવ હોય છે. કારણ કાર્યથી જુદું છે અને તેને આધીન નથી એમ દર્શાવ્યું છે.

ટિપ્પણ

૧. **कर्मकर्तृव्यपदेशात्...**- आत्मा वारे द्रष्टव्यः વગેરે વાક્યમાં જીવ કર્તા છે તો આત્મા એટલે તે બ્રહ્મ કર્મ છે. આમ બે વચ્ચે ભેદ છે. વળી જીવાત્મા વિજ્ઞાન સ્વરૂપ છે તો બ્રહ્મ આનન્દસ્વરૂપ છે; આમ માત્ર ભેદ નહિ પણ બ્રહ્મની અધિકતા છે.

૨. **सर्वेन्द्रियव्यापाराभावप्रसङ्गात्**- અંશી હંમેશાં અંશનું હિત કરે જ એવું નથી. એમ તો કેશપ્રસાધન, નખ કાપવા વગેરે વ્યાપારો પણ અટકી જાય.

૩. **स्वलीलया...**- ભગવાન પોતાની લીલાથી સુખ અથવા દુઃખ, હિત અથવા અહિત બે માંથી એક તો કરે જ છે. જેવી લીલા જ્યાં હોય તે અનુસાર હિત કે અહિત થાય છે.

उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि ॥२४॥ (२.१.११)

ब्रह्मैकमेव जगत्कारणमित्युक्तं, तन्नोपपद्यते । कुलालादेश्चक्रादिसाधनान्तरस्योपसंहारदर्शनात् सम्पादनदर्शनादिति चेत्, न । क्षीरवद्धि । यथा क्षीरं कर्तारमनपेक्ष्य दधिभवनसमये दधि भवति एवमेव ब्रह्मापि कार्यसमये स्वयमेव सर्वं भवति ॥२४॥

देवादिवदपि लोके ॥२५॥

स्वतो भिन्नकरणे दृष्टान्तः । यथा देवर्षिपितरो बाह्यनिरपेक्षा एव स्वयोगबलेन सर्वं कुर्वन्ति । एवं ब्रह्माप्यनपेक्ष्य तत्समवायं स्वत एव सर्वं करोति ॥२५॥

कृत्स्नप्रसक्तिर्निरवयवत्वशब्दकोपो वा ॥२६॥

यद्येकमेव ब्रह्म स्वात्मानमेव जगत् कुर्यात् तदा कृत्स्नं ब्रह्मैकमेव कार्यं भवेत् । अथांशभेदेन व्यवस्था तथा सति निरवयवत्वश्रुतिविरोधः । ''निष्कलं निष्क्रियं शान्त''मिति ॥२६॥

श्रुतेस्तु शब्दमूलत्वात् ॥२७॥

तुशब्दः पक्षं व्यावर्तयति । श्रुतेः । श्रूयत एव द्वयमपि । नच श्रुतं युक्त्या बाधनीयम् । शब्दमूलत्वात् शब्दैकसमधिगम्यत्वात् । ''अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण योजयेत्'' ''अर्वाचीनविकल्पविचारकुतर्कप्रमाणाभासशास्त्रकलिलान्तःकरणदुरवग्रहवादिनां विवादानवसरे'' सर्वभवनसमर्थे ब्रह्मणि विरोधाभावाच्च ।

एवं परिहृतेपि दोषे स्वमत्यामुपपत्तिमुद्भाव्य सर्वसम्प्लवं वदन् मन्दमतिः सद्भिरुपेक्ष्यः ॥२७॥

आत्मनि चैवं विचित्राश्च हि ॥२८॥

सृष्टौ देशकालापेक्षापि नास्ति । आत्मन्येव सृष्टत्वात् । देशकालसृष्टावपि आत्मन्येव साधिकरणस्य सृष्टत्वाच्च । बहिरन्तश्च जगत्सृष्टिं वा आह विशेषाभावेन । ''अनन्तरोबाह्य'' इति । विरोधाभावो विचित्रशक्तियुक्तत्वात् सर्वभवनसमर्थत्वाच्च ॥२८॥

स्वपक्षदोषाच्च ॥२९॥

प्रधानवादिनोपि सर्वपरिणामसावयवत्वानित्यत्वादिदोषो दुःपरिहरः । युक्तिमूलत्वाच्च तस्य, अचिन्त्यकल्पनायां प्रमाणाभावाच्च ॥२९॥

॥ इति एकादशमुपसंहारदर्शनाधिकरणम् ॥

અધિકરણ-૧૧

ઉપસંહારદર્શનાધિકરણ

સૂત્રો : ૨.૧.૨૪-૨૯

સૂત્ર-૨૪ : (સાધનો) ભેગાં કરવામાં આવે છે એમ દેખાય છે માટે (બ્રહ્મ કારણ) નથી એમ કહો તો એવું નથી, ખરેખર દૂધની માફક છે. (૨.૧.૨૪)

(શંકા) બ્રહ્મ એકલું જ જગતનું કારણ છે એમ કહ્યું છે તે બંધબેસતું નથી. કુંભાર વગેરે ચક્ર આદિ સાધનોનો ઉપસંહાર-સંપાદન કરતા દેખાય છે, એમ કહો તો (જવાબ) એવું નથી. ખરેખર દૂધની માફક. જેમ દૂધ દહીં થવાને સમયે કર્તાની અપેક્ષા રાખ્યા વગર દહીં બને છે તેમ બ્રહ્મ પણ કાર્યને સમયે બધું બને છે.

સૂત્ર-૨૫ : વળી લોકમાં દેવો વગેરેની માફક (૨.૧.૨૫)

પોતાનાથી ભિન્ન નહિ એવું કરવા માટેનું દૃષ્ટાન્ત છે. જેમ દેવો, ઋષિઓ અને પિતૃઓ બાહ્યસાધનથી નિરપેક્ષ રીતે પોતાના યોગબળથી બધું કરે છે તેમ બ્રહ્મ પણ સામગ્રીના સમવાયની અપેક્ષા વગર પોતાનામાંથી જ બધું કરે છે.

સૂત્ર-૨૬ : આખું બ્રહ્મ જગત બને અથવા નિરવયવત્વશ્રુતિનો બાધ થાય. (૨.૧.૨૬)

(પૂર્વપક્ષ) જો એક જ બ્રહ્મ પોતાને જગત્ રૂપે કરે તો આખું બ્રહ્મ એક જ કાર્ય બને. હવે જો અંશના ભેદથી વ્યવસ્થા કરો તો નિરવયવત્વ શ્રુતિનો વિરોધ આવે. ''બ્રહ્મ નિષ્કલ, નિષ્ક્રિય, શાન્ત છે.'' (શ્વે.૬.૧૯)

સૂત્ર-૨૭ : પણ શ્રુતિથી આ નક્કી થાય છે કારણ કે બ્રહ્મ શબ્દમૂલ છે. (૨.૧.૨૭)

(જવાબ) તુ શબ્દ પક્ષ બદલે છે. શ્રુતિથી, પણ, બન્ને શ્રુતિમાં કહ્યાં છે. જે શ્રુતિમાં છે તેનો યુક્તિથી બાધ કરવો નહિ; કારણ કે એ શબ્દમૂલ છે અર્થાત્ માત્ર શબ્દથી જાણી શકાય છે. ''જે ભાવો અચિન્ત્ય છે તેને તર્ક દ્વારા યોજવા નહિ.'' (મ.ભા.૫.૫.૧૨) અર્વાચીન વિકલ્પોના વિવિધ તર્કોના વિચાર તથા કુતર્કવાળા પ્રમાણનાં આભાસયુક્ત શાસ્ત્રોથી મલિન અન્તઃકરણવાળા દુરાગ્રહ રાખનારા વાદીઓના વાદને જેમાં અવસર નથી એવા સર્વભવનસમર્થ બ્રહ્મમાં વિરોધનો અભાવ છે. તેથી (આવી દલીલો યોગ્ય નથી.)

આમ દોષનો પરિહાર કરવા છતાં પોતાની બુદ્ધિથી અનુપપત્તિ ઊભી કરીને સર્વનો વિપ્લવ કરનાર મન્દમતિની સજ્જનોએ ઉપેક્ષા કરવી.

સૂત્ર-૨૮ : આત્મામાં જ આ રીતે (સૃષ્ટિ થાય છે.) (એની શક્તિઓ) ખરે જ વિચિત્ર છે. (૨.૧.૨૮)

સૃષ્ટિમાં દેશકાલની અપેક્ષા પણ નથી. બધું આત્મામાં સર્જન થાય છે. દેશ અને કાલના સર્જનમાં પણ આત્મામાં જે તે અધિકરણ સહિત સર્જન થાય છે. અથવા[1] કોઈ તફાવત વિના બહાર અને અંદર જગતનું સર્જન કહે છે- "અનન્તર, અબાહ્ય" (બૃ.૪.૫.૧૩) બ્રહ્મ વિચિત્ર શક્તિઓથી યુક્ત છે અને સર્વભવનસમર્થ છે તેથી વિરોધ નથી.

સૂત્ર-૨૯ : સ્વપક્ષદોષને લીધે (૨.૧.૨૯)

પ્રધાનવાદી માટે પણ આખાનું પરિણામ, સાવયવત્વ, અનિત્યત્વ વગેરે દોષો પરિહાર કરવા અઘરા છે; કારણ કે તે યુક્તિ પર આધાર રાખે છે. અચિન્ત્યની કલ્પનામાં પ્રમાણનો અભાવ છે[2].

ટિપ્પણ

૧. **बहिरन्तश्च जगत्सृष्टिं वा** - આચાર્ય શ્રી સૂત્રને બે રીતે સમજાવે છે. પ્રથમ અર્થ પ્રમાણે સૂત્રમાં આવતો પહેલો च 'જ' ના અર્થમાં તો બીજો अपि અર્થમાં છે. બીજા અર્થ મુજબ પહેલો च પણ अपि ના અર્થમાં છે.

૨. **अचिन्त्यकल्पनायाम्...** - સાંખ્યવાદી પ્રધાનને અચિન્ત્ય કહી શકે એમ નથી, કારણ કે એઓ શ્રુતિપ્રમાણને સ્વીકારતા નથી.

सर्वोपेता च तद्दर्शनात् ॥३०॥ (२.१.१२)

सर्वशक्तिभिरुपेता उपगत: । चकारात् सत्यादिगुणयुक्तश्च । कुत: । तद्दर्शनात्, तथा वेदे दृश्यते । "य: सर्वज्ञ: सर्वशक्ति:" "सर्वकर्ता सर्वकाम" इत्यादि ॥३०॥

विकरणत्वान्नेति चेत् तदुक्तम् ॥३१॥

कर्ता इन्द्रियवान् लोके । ब्रह्मणो निरिन्द्रियत्वात् कथं कर्तृत्वमिति । अस्य परिहार: पूर्वमेवोक्त: । "श्रुतेस्तु शब्दमूलत्वादि" त्यत्र । अनवगाह्यमाहात्म्ये श्रुतिरेव शरणं नान्या वाचोयुक्तिरिति ॥३१॥

न प्रयोजनवत्त्वात् ॥३२॥

न ब्रह्म जगत्कारणं, कुत: । प्रयोजनवत्त्वात् । कार्यं हि प्रयोजनवत् दृष्टं लोके । ब्रह्मणि पुन: प्रयोजनवत्त्वं सम्भावयितुमपि न शक्यते । आप्तकामश्रुतिविरोधात् । व्यधिकरणो हेतु:, नसमासो वा ॥३२॥

लोकवत् तु लीलाकैवल्यम् ॥३३॥

तुशब्द: पक्षं व्यावर्तयति । लोकवत् लीला । नहि लीलायां किञ्चित् प्रयोजनमस्ति । लीलाया एव प्रयोजनत्वात् । ईश्वरत्वादेव न लीला पर्यनुयोक्तुं शक्या । सा लीला कैवल्यं मोक्ष: । तस्य लीलात्वेप्यन्यस्य तत्कीर्तने मोक्ष इत्यर्थ: । लीलैव केवलेति वा ॥३३॥

वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात् तथाहि दर्शयति ॥३४॥

कांश्चित् सुखिनः कांश्चित् दुःखिनश्च प्रलयञ्च कुर्वन् विषमो निर्घृणश्चेति चेन्न । सापेक्षत्वात् । जीवानां कर्मानुरोधेन सुखदुःखे प्रयच्छतीति वादिबोधनायैतदुक्तम् । वस्तुतस्त्वात्मसृष्टेर्वैषम्यनैर्घृण्यसम्भावनैव नास्ति । वृष्टिवत् भगवान् । बीजवत् कर्म । श्रुतिरेव तथा दर्शयति । ''एव ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषति एष उ एवासाधु कर्म कारयति तं यमधो निनीषति'' ''पुण्यो वै पुण्येन कर्मणा भवति पापः पापेन कर्मणे'' ति च । सापेक्षमपि कुर्वन्नीश्वर इति माहात्म्यम् ।।३४।।

न कर्माविभागादिति चेत् नानादित्वात् ।।३५।।

न कर्माविभागात् कार्योद्गमात् पूर्वं सम्भवति । पश्चात्त्वन्योन्याश्रय इति चेत्, न । अनादित्वात् । बीजाङ्कुरवत् प्रवाहस्यानादित्वात् ।।३५।।

उपपद्यते चाप्युपलभ्यते च ।।३६।।

कथमनादित्वमिति चेत्, उपपद्यते । अन्यथा कस्य संसारः । कृतहान्यकृताभ्यागमप्रसङ्गश्च । उपलभ्यते च श्रुतिस्मृत्योः । ''अनेन जीवेनात्मने''ति सर्गादौ जीवप्रयोगादनादित्वं, ''तपसैव यथापूर्वं स्रष्टा विश्वमिदं भवानिति'' च ।।३६।।

सर्वधर्मोपपत्तेश्च ।।३७।।

उपसंहरति ।

वेदोक्ता धर्माः सर्वे ब्रह्मणि उपपद्यन्ते । सर्वसमर्थत्वादिति ।।३७।।

।। इति द्वादशं सर्वोपेतेत्यधिकरणम् ।।

इति द्वितीयेऽध्याये प्रथमः पादः ।।

અધિકરણ-૧૨

સર્વોપેતાધિકરણ

સૂત્રો-૨.૧.૩૦-૩૭

સૂત્ર-૩૦ : પરમ દેવતા સર્વશક્તિયુક્ત છે, કારણ કે તેનું દર્શન છે. (૨.૧.૩૦)

પરમાત્મા સર્વશક્તિથી યુક્ત છે. ચ થી દર્શાવ્યું છે કે એ સત્ય આદિ ગુણોથી યુક્ત છે. શાથી ? તેનું દર્શન હોવાથી. તેવું વેદમાં દેખાય છે. ''જે સર્વજ્ઞ'' (મુંડક.૧.૧.૯), ''સર્વશક્તિ'' (શ્વે.૪.૧), ''સર્વના કર્તા, સર્વકામ'' (છા.૩.૧૪.૨) વગેરે.

સૂત્ર-૩૧ : કરણ ન હોવાથી (બ્રહ્મ કર્તા) નથી, એમ કહો તો તે કહ્યું છે. (૨.૧.૩૧)

(શંકા) લોકમાં કર્તા ઈન્દ્રિયવાળો હોય છે. બ્રહ્મ ઈન્દ્રિયરહિત હોવાથી કઈ રીતે કર્તા

બને એમ કહો તો (જવાબ) એવું નથી. આનો પરિહાર પહેલાં જ કહ્યો છે. "શ્રુતિથી એ નક્કી થાય છે કારણ કે બ્રહ્મ શબ્દમૂલ છે." (બ્ર.સૂ.૨.૧.૨૭) માં (કહ્યું છે). જેનો મહિમા સમજી ન શકાય તે માટે શ્રુતિનું જ શરણ લેવું, વાણીની બીજી યુક્તિનું નહિ.

સૂત્ર-૩૨ : બ્રહ્મ કારણ નથી, કારણ કે પ્રયોજન નથી. (૨.૧.૩૨)

(પૂર્વપક્ષ) બ્રહ્મ જગતનું કારણ નથી. શાથી ? પ્રયોજન હોવાને લીધે. લોકમાં કાર્ય પ્રયોજનવાળું જોવામાં આવે છે. બ્રહ્મમાં પ્રયોજન હોવાની સંભાવના પણ શક્ય નથી; એમ હોય તો બ્રહ્મ આપ્તકામ છે એ શ્રુતિનો વિરોધ આવે. આ વ્યધિકરણ હેતુ છે અથવા ન સાથેનો સમાસ[1] છે.

સૂત્ર-૩૩ : લોકની માફક લીલા જ માત્ર છે. (૨.૧.૩૩)

(જવાબ) તુ શબ્દ પક્ષ બદલે છે. લોકની માફક લીલા. લીલામાં કોઈ પ્રયોજન હોતુ નથી. લીલા જાતે જ પ્રયોજન છે. ઈશ્વરત્વને લીધે લીલા વિશે શંકા કરી શકાય નહિ. તે લીલા કૈવલ્ય-મોક્ષ છે. તેની લીલા છે અને બીજા તેના કીર્તનથી મોક્ષ પ્રાપ્ત કરે છે. અથવા લીલા જ માત્ર છે[2].

સૂત્ર-૩૪ : વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય નથી, કારણ કે બ્રહ્મ અપેક્ષા રાખે છે. તે રીતે બતાવે છે. (૨.૧,૩૪)

(શંકા) કેટલાકને સુખી, કેટલાકને દુ:ખી અને પ્રલય કરતા ભગવાન પક્ષપાતી અને નિર્દય છે એમ કહો તો (જવાબ) એવું નથી. સાપેક્ષ હોવાથી, જીવોનાં કર્મ અનુસાર સુખ અને દુ:ખ આપે છે. વાદીને બોધ કરાવવા માટે આ કહ્યું છે. ખરેખ તો આત્મસૃષ્ટિમાં વિષમતા અને નિર્દયતાની સંભાવના જ નથી. ભગવાન વરસાદ જેવા અને કર્મ બીજના જેવું છે. શ્રુતિ જ તેમ બતાવે છે. "એ જ તેને સારૂં કર્મ કરાવે છે જેને આ લોકમાંથી ઊંચે લઈ જવાની ઈચ્છા રાખે છે : એ તેની પાસે ખરાબ કર્મ કરાવે છે જેને નીચે લઈ જવાની ઈચ્છા રાખે છે." (કૌ.૩.૯) "પુણ્ય કર્મથી પુણ્યવાળો અને પાપ કર્મથી પાપી બને છે." (બૃ.૩.૨.૧૩) અપેક્ષા રાખવા છતાં એ ઈશ્વર છે એ એનો મહિમા છે.

સૂત્ર-૩૫ : અવિભાગને લીધે કર્મ નથી એમ કહો તો એવું નથી, અનાદિ હોવાને લીધે. (૨.૧.૩૫)

(શંકા) અવિભાગ એટલે કાર્ય થવા પહેલાં કર્મ સંભવતું નથી અને પછી અન્યોન્યાશ્રય[3] થાય છે એમ કહો તો (જવાબ) એવું નથી. અનાદિ હોવાથી-બીજાંકુરની માફક પ્રવાહ અનાદિ છે તેથી.

સૂત્ર-૩૬ : બંધબેસતું થાય છે અને ઉપલબ્ધ થાય છે. (૨.૧.૩૬)

અનાદિત્વ કેવી રીતે ? તો કહે છે-બંધ બેસતું થાય છે. નહિ તો સંસાર કોનો થાય ? કરેલાની હાનિ અને ન કરેલાની પ્રાપ્તિનો પ્રસંગ આવે[4]. વળી શ્રુતિ અને

સ્મૃતિમાં ઉપલબ્ધ થાય છે. ''આ જીવાત્માથી (છા.૬.૩.૨) એમ સૃષ્ટિના આરંભમાં જીવ શબ્દના પ્રયોગથી અનાદિત્વ સમજાય છે. ''આપ તપથી જ પહેલાંની માફક આ વિશ્વનું સર્જન કરશો.'' (ભાગવત ૩.૧૨.૧૮)

સૂત્ર-૩૭ : વળી બધા ધર્મોની ઉપપત્તિ છે તેથી. (૨.૧.૩૭)

ઉપસંહાર કરે છે. વેદમાં કહેલાં બધા ધર્મો બ્રહ્મમાં ઉપપન્ન થાય છે, કારણ કે એ સર્વસમર્થ છે.

ટિપ્પણ

૧. **व्यधिकरणो हेतुर्नसमासो वा** - બ્રહ્મ જગતનું કારણ નથી કારણ કે એને પ્રયોજન નથી એમ પૂર્વપક્ષીની શંકા છે; પણ સૂત્રમાં સીધો અર્થતો એવો થાય છે કે ''બ્રહ્મ કારણ નથી, પ્રયોજનવાળું હોવાથી.'' અહીં પ્રયોજન હોવું તે બ્રહ્મને નહિ પણ અન્યને લાગૂ પડે છે, એટલે આ વ્યધિકરણ હેતુ છે અર્થાત્ આ હેતુનો આધાર જુદો છે. વળી तु શબ્દ આગલા સૂત્રમાંથી અનુવૃત્ત થાય તો અહીં तु ની જરૂર નથી. આથી સૂત્રને બીજી રીતે સમજાવતાં કહ્યું છે કે नप्रयोजनवत्त्वात આખો સમાસ સમજવો. नैकधा ની માફક न સાથેનો सुप्सुप् સમાસ સમજી શકાય.

૨. **लीलैव केवलेति वा** - સૂત્રમાં આવેલા लीलाकैवल्यम ને આચાર્ય બે રીતે સમજાવે છે: એક અર્થ પ્રમાણે લીલા તે જ કૈવલ્ય એટલે મોક્ષ. ભગવાનની લીલા છે અને ભક્તનો મોક્ષ છે. આમ લીલા એ મોક્ષની જનક છે. આ અર્થમાં જન્યજનક ભાવથી લક્ષણા સમજવી પડે તેથી लीला एव केवला લીલા જ માત્ર પ્રયોજન છે, બીજું કોઈ પ્રયોજન માનવાની જરૂર નથી.

૩. **पश्चात्त्वन्योन्याश्रयः** - કાર્યના ઉદ્‌ગમ પહેલાં અવિભાગ હોવાથી જીવભાવ ન હોવાથી શરીરથી સાધ્ય કર્મ સંભવતું નથી. ઉદ્‌ગમ પછી કર્મ શરીરથી સાધ્ય છે અને શરીરસંબંધ કર્મથી સાધ્ય છે એમ અન્યોન્યાશ્રય થાય છે.

૪. **कृतहानाकृताभ्यागम...** - જો સંસાર અનાદિ ન હોય તો પ્રલયની નજીકની દશામાં સારાંનરસાં કામ કર્યા પછી પ્રલય થતાં જીવ બ્રહ્મરૂપ થાય એટલે કર્મફલનો ભોગ થતો નથી, આમ કૃતહાનિ થાય છે. વળી સૃષ્ટિ ને આરંભે અતિશુદ્ધ જીવોને પણ શરીર સંબન્ધ થતાં અકૃત અભ્યાગમનો પ્રસંગ આવે.

અને એમ કહો તો (જવાબ) એવું નથી. આનો પરિહાર પહેલાં જ કહ્યો છે. ''શ્રુતિથી એ નક્કી થાય છે કારણ કે બ્રહ્મ શબ્દમૂલ છે.'' (બ્ર.સૂ.૨.૧.૨૭) માં (કહ્યું છે). જેનો મહિમા સમજી ન શકાય તે માટે શ્રુતિનું જ શરણ લેવું, વાણીની બીજી યુક્તિનું નહિ.

સૂત્ર-૩૨ : બ્રહ્મ કારણ નથી, કારણ કે પ્રયોજન નથી. (૨.૧.૩૨)

(પૂર્વપક્ષ) બ્રહ્મ જગતનું કારણ નથી. શાથી ? પ્રયોજન હોવાને લીધે. લોકમાં કાર્ય પ્રયોજનવાળું જોવામાં આવે છે. બ્રહ્મમાં પ્રયોજન હોવાની સંભાવના પણ શક્ય નથી; એમ હોય તો બ્રહ્મ આપ્તકામ છે એ શ્રુતિનો વિરોધ આવે. આ વ્યધિકરણ હેતુ છે અથવા ન સાથેનો સમાસ[1] છે.

સૂત્ર-૩૩ : લોકની માફક લીલા જ માત્ર છે. (૨.૧.૩૩)

(જવાબ) તુ શબ્દ પક્ષ બદલે છે. લોકની માફક લીલા. લીલામાં કોઈ પ્રયોજન હોતુ નથી. લીલા જાતે જ પ્રયોજન છે. ઈશ્વરત્વને લીધે લીલા વિશે શંકા કરી શકાય નહિ. તે લીલા કૈવલ્ય-મોક્ષ છે. તેની લીલા છે અને બીજા તેના કીર્તનથી મોક્ષ પ્રાપ્ત કરે છે. અથવા લીલા જ માત્ર છે[2].

સૂત્ર-૩૪ : વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય નથી, કારણ કે બ્રહ્મ અપેક્ષા રાખે છે. તે રીતે બતાવે છે. (૨.૧,૩૪)

(શંકા) કેટલાકને સુખી, કેટલાકને દુ:ખી અને પ્રલય કરતા ભગવાન પક્ષપાતી અને નિર્દય છે એમ કહો તો (જવાબ) એવું નથી. સાપેક્ષ હોવાથી, જીવોનાં કર્મ અનુસાર સુખ અને દુ:ખ આપે છે. વાદીને બોધ કરાવવા માટે આ કહ્યું છે. ખરેખ તો આત્મસૃષ્ટિમાં વિષમતા અને નિર્દયતાની સંભાવના જ નથી. ભગવાન વરસાદ જેવા અને કર્મ બીજના જેવું છે. શ્રુતિ જ તેમ બતાવે છે. ''એ જ તેને સારૂં કર્મ કરાવે છે જેને આ લોકમાંથી ઊંચે લઈ જવાની ઈચ્છા રાખે છે : એ તેની પાસે ખરાબ કર્મ કરાવે છે જેને નીચે લઈ જવાની ઈચ્છા રાખે છે.'' (કૌ.૩.૯) ''પુણ્ય કર્મથી પુણ્યવાળો અને પાપ કર્મથી પાપી બને છે.'' (બૃ.૩.૨.૧૩) અપેક્ષા રાખવા છતાં એ ઈશ્વર છે એ એનો મહિમા છે.

સૂત્ર-૩૫ : અવિભાગને લીધે કર્મ નથી એમ કહો તો એવું નથી, અનાદિ હોવાને લીધે. (૨.૧.૩૫)

(શંકા) અવિભાગ એટલે કાર્ય થવા પહેલાં કર્મ સંભવતું નથી અને પછી અન્યોન્યાશ્રય[3] થાય છે એમ કહો તો (જવાબ) એવું નથી. અનાદિ હોવાથી-બીજાંકુરની માફક પ્રવાહ અનાદિ છે તેથી.

સૂત્ર-૩૬ : બંધબેસતું થાય છે અને ઉપલબ્ધ થાય છે. (૨.૧.૩૬)

અનાદિત્વ કેવી રીતે ? તો કહે છે-બંધ બેસતું થાય છે. નહિ તો સંસાર કોનો થાય ? કરેલાની હાનિ અને ન કરેલાની પ્રાપ્તિનો પ્રસંગ આવે[4]. વળી શ્રુતિ અને

સ્મૃતિમાં ઉપલબ્ધ થાય છે. ''આ જીવાત્માથી (છા.૬.૩.૨) એમ સૃષ્ટિના આરંભમાં જીવ શબ્દના પ્રયોગથી અનાદિત્વ સમજાય છે. ''આપ તપથી જ પહેલાંની માફક આ વિશ્વનું સર્જન કરશો.'' (ભાગવત ૩.૧૨.૧૮)

સૂત્ર-૩૭ : વળી બધા ધર્મોની ઉપપત્તિ છે તેથી. (૨.૧.૩૭)

ઉપસંહાર કરે છે. વેદમાં કહેલા બધા ધર્મો બ્રહ્મમાં ઉપપન્ન થાય છે, કારણ કે એ સર્વસમર્થ છે.

ટિપ્પણ

૧. **व्यधिकरणो हेतुर्नसमासो वा** - બ્રહ્મ જગતનું કારણ નથી કારણ કે એને પ્રયોજન નથી એમ પૂર્વપક્ષીની શંકા છે; પણ સૂત્રમાં સીધો અર્થતો એવો થાય છે કે ''બ્રહ્મ કારણ નથી, પ્રયોજનવાળું હોવાથી.'' અહીં પ્રયોજન હોવું તે બ્રહ્મને નહિ પણ અન્યને લાગૂ પડે છે, એટલે આ વ્યધિકરણ હેતુ છે અર્થાત્ આ હેતુનો આધાર જુદો છે. વળી तु શબ્દ આગલા સૂત્રમાંથી અનુવૃત્ત થાય તો અહીં तु ની જરૂર નથી. આથી સૂત્રને બીજી રીતે સમજાવતાં કહ્યું છે કે नप्रयोजनवत्त्वात आखो સમાસ સમજવો. नैकधा ની માફક न સાથેનો सुप्सुप् સમાસ સમજી શકાય.

૨. **लीलैव केवलेति वा** - સૂત્રમાં આવેલા लीलाकैवल्यम ને આચાર્ય બે રીતે સમજાવે છે. એક અર્થ પ્રમાણે લીલા તે જ કૈવલ્ય એટલે મોક્ષ. ભગવાનની લીલા છે અને ભક્તનો મોક્ષ છે. આમ લીલા એ મોક્ષની જનક છે. આ અર્થમાં જન્યજનક ભાવથી લક્ષણા સમજવી પડે તેથી लीला एव केवला લીલા જ માત્ર પ્રયોજન છે, બીજું કોઈ પ્રયોજન માનવાની જરૂર નથી.

૩. **पश्चात्त्वन्योन्याश्रयः** - કાર્યના ઉદ્ગમ પહેલાં અવિભાગ હોવાથી જીવભાવ ન હોવાથી શરીરથી સાધ્ય કર્મ સંભવતું નથી. ઉદ્ગમ પછી કર્મ શરીરથી સાધ્ય છે અને શરીરસંબંધ કર્મથી સાધ્ય છે એમ અન્યોન્યાશ્રય થાય છે.

૪. **कृतहानाकृताभ्यागम...** - જો સંસાર અનાદિ ન હોય તો પ્રલયની નજીકની દશામાં સારાંનરસાં કામ કર્યા પછી પ્રલય થતાં જીવ બ્રહ્મરૂપ થાય એટલે કર્મફલનો ભોગ થતો નથી, આમ કૃતહાનિ થાય છે. વળી સૃષ્ટિ ને આરંભે અતિશુદ્ધ જીવોને પણ શરીર સંબન્ધ થતાં અકૃત અભ્યાગમનો પ્રસંગ આવે.

॥ द्वितीयेऽध्याये द्वितीयः पादः ॥

रचनानुपपत्तेश्च नानुमानम् ॥१॥ (२.२.१)

स्वतन्त्रतया सर्वे वादा निराक्रियन्तेस्मिन् पादे । लोकानाम्भूर्भुवादीनामचेतनेन केवलेन प्रधानेन रचना नोपपद्यते । रचितत्वादेव न परिणामः । सर्वस्य संश्लेषप्रसङ्गात् । अतश्चेतनकर्तृका रचना नाचेतनेन प्रधानेन कर्तुं शक्या । तस्मात् कारणत्वेन प्रधानं नानुमातव्यम् । अन्यथोपपत्त्या बाधितमेवानुमानमिति चकारार्थः ॥१॥

प्रवृत्तेश्च ॥२॥

भुवनानि विचार्य जनान् विचारयति । सर्वस्य तत्परिणामे प्रवृत्तिर्नोपपद्येत । प्रधानस्य वा प्रथमप्रवृत्तिः । यद्यपि प्रधानकारणवादे फलपर्यन्तमङ्गीक्रियमाणे न किञ्चिद्दूषणं, कृतिमात्रस्य प्रधानविषयत्वात् तथापि वादिनं प्रति लोकन्यायेन वक्तव्यम् । तत्र लोके चेतनाचेतनव्यवहारोस्ति । चेतनाश्चतुर्विधा जीवाः सशरीरा अलौकिकाश्च । अन्येचेतनाः । तन्न्यायेन विचारोत्रेति न किञ्चिद् विचारणीयम् ॥२॥

पयोम्बुवच्चेत् तत्रापि ॥३॥

यथा पयो विचित्रफेनरचनां करोति यथा वा नद्यादिजलं स्वत एव स्पन्दत इति चेत् न । तत्रापि दोहनाधिश्रयणे मेघानां चेतनानामेव सत्त्वात् ।

व्याख्यानान्तरे तु 'अन्नाम्बुवदि' त्युच्येत । द्वितीयस्य समाधानं नोभयवादिसम्मतम् ॥३॥

व्यतिरेकानवस्थितेश्चानपेक्षत्वात् ॥४॥

प्रधानस्यान्यापेक्षाभावात् सर्वदा कार्यकरणमेव । न व्यतिरेकेण तूष्णीमवस्थानमुचितम् । पुरुषाधिष्ठानस्य तु तुल्यत्वात् । सेश्वरसांख्यमतेप्यैश्वर्यन्तदधीनमिति यथास्थितमेव दूषणम् ॥४॥

अन्यत्राभावाच्च न तृणादिवत् ॥५॥

तृणपल्लवजलानि स्वभावादेव परिणमन्ते एवमेव प्रधानमिति न मन्तव्यम् । अन्यत्र शृङ्गादौ दुग्धस्याभावात् । चकाराच्चेतनक्रियाप्यस्ति । ततश्च लोकदृष्टान्ताभावादचेतनं प्रधानं न कारणम् ॥५॥

अभ्युपगमेप्यर्थाभावात् ॥६॥

प्रधानकारणवादाङ्गीकारेपि प्रेक्षाकारित्वाभावान्न पुरुषार्थः सिध्यति ॥६॥

॥ इति प्रथमं रचनानुपपत्तेरित्यधिकरणम् ॥

અધ્યાય-૨ : પાદ-૨

અધિકરણ-૧

રચનાનુપપત્તેરિત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૧-૬

સૂત્ર-૧ : રચનાની અનુપપત્તિ હોવાથી (પ્રધાનનું) અનુમાન કરવું નહિ. (૨.૨.૧)

આ પાદમાં બધા વાદોનું સ્વતંત્ર રીતે નિરાકરણ કરવામાં આવે છે. ભૂઃ ભુવઃ આદિ લોકની રચના માત્ર અચેતન પ્રધાનથી સમજાવી શકાય નહિ. રચના થઈ હોવાથી એ પરિણામ નથી[1], કારણ કે બધાના સંશ્લેષનો પ્રસંગ આવે. એટલે ચેતનથી કરાતી રચના અચેતન પ્રધાન કરે એ શક્ય નથી તેથી કારણરૂપે પ્રધાનનું અનુમાન કરવું નહિ. બીજી રીતે સમજાવી શકાતું હોવાથી અનુમાન બધિત થાય છે[2] એવો ચ નો અર્થ છે.

સૂત્ર-૨ : વળી પ્રવૃત્તિની (અનુપપત્તિથી) (૨.૨.૨)

ભુવનોનો વિચાર કરીને જનોનો વિચાર કરે છે. બધું તેનું પરિણામ હોય તો પ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી[3]. અથવા પ્રધાનની પ્રથમ પ્રવૃત્તિ બંધ બેસતી નથી[4]. જો કે પ્રધાનને કારણ માનતા વાદને ફળપર્યન્ત માનવામાં કોઈ દોષ નથી, કારણ કે કૃતિમાત્ર પ્રધાનનો વિષય છે[5]; તેમ છતાં વાદીની સામે લોકન્યાયથી કહેવું જોઈએ. તેમાં લોકમાં ચેતન અને અચેતનનો વ્યવહાર છે. ચેતન ચાર પ્રકારના શરીરવાળા અને અલૌકિક જીવો છે[6]; બીજા અચેતન છે. તે ન્યાયથી અહીં વિચાર કરેલો છે એટલે કાંઈ વિચારવાનું નથી.

સૂત્ર-૩ : દૂધ અને પાણીની માફક એમ કહો તો તેમાં પણ (ચેતનને લીધે છે.) (૨.૨.૩)

(શંકા) જેમ દૂધ વિચિત્ર પ્રકારે ફીણ ઉત્પન્ન કરે છે અથવા જેમ નદી વગેરેનું જળ જાતે જ વહે છે તેમ (અચેતન સ્વતંત્ર રીતે કરે છે) એમ કહો તો (જવાબ) એવું નથી. તેમાં પણ દોહન અને અધિશ્રયણ છે[7]. (અને) ચેતન એવા મેઘોનું અસ્તિત્વ છે. બીજા વ્યાખ્યાનમાં "અન્ન અને જલની માફક" કહેવું જોઈએ[8]. બીજાનું સમાધાન બન્ને વાદીઓને સંમત નથી.

સૂત્ર-૪ : અપેક્ષા ન હોવાથી કાર્ય કર્યા વિના રહી શકે નહિ તેથી. (૨.૨.૪)

પ્રધાનને અપેક્ષા ન હોવાથી એ સર્વદા કાર્ય કર્યા કરે, કાર્ય કર્યા વિના સ્થિર રહી શકે એ ઉચિત નથી. પુરુષનું અધિષ્ઠાન તો સમાન છે[9]. સેશ્વર સાંખ્ય મતમાં પણ ઐશ્વર્ય તેને (પ્રકૃતિને) આધીન છે[10] એટલે દોષ તેમ જ રહે છે.

સૂત્ર-૫ : અન્યત્ર અભાવ હોવાથી ઘાસ વગેરેની માફક નથી. (૨.૨.૫)

ઘાસ, પાંદડા, પાણી વગેરે જાતે જ પરિણમે છે તેવી રીતે પ્રધાન પણ પરિણમે એવું માનવું નહિ. અન્યત્ર એટલે શીંગડાં વગેરેમાં દૂધનો અભાવ છે તેથી ચેતનની ક્રિયા પણ છે એમ ચ થી સમજાય છે. તેથી લોકદષ્ટાન્તને અભાવે અચેતન પ્રધાન કારણ નથી[૧૧].

સૂત્ર-૬ : (પ્રધાનને કારણ) માનીએ તો પણ અર્થ (પ્રયોજન) ના અભાવને લીધે (તેવું નથી) (૨.૨.૬)

પ્રધાનને કારણ માનતો વાદ સ્વીકારવામાં આવે તો પણ વિચારપૂર્વક કરાતા કાર્યને અભાવે[૧૨] પુરુષાર્થ સિદ્ધ થતો નથી.

ટિપ્પણ

૧. **रचितत्वादेव न परिणाम...**- રચના એટલે design, આયોજન, વગેરે. જેમ ઘર વગેરેની રચના બુદ્ધિપૂર્વક ચેતન વ્યક્તિથી કરવામાં આવે છે તેમ ભૂ. વગેરે લોકની રચના પણ ચેતનથી થાય છે. જેની રચના કરવામાં આવે તે રચના કરનારનું પરિણામ નથી, જેમ કે કુંભાર ઘડાની રચના કરે છે પણ ઘડો કુંભારનું પરિણામ નથી, પણ માટીનું પરિણામ છે. જો રચનાને પરિણામ ગણીએ તો એકબીજામાં સંશ્લેષ એટલે કે મળી જવાનો પ્રસંગ આવે; જેમ કે દૂધ અને દહીં એક બીજામાં મળી જાય છે. જેમ ઘડો, ભીંત, રવૈયા વગેરે એક બીજામાં મળી જતા નથી તેથી એકનાં પરિણામ નથી તેવી રીત ભૂ: વગેરે લોક પણ સંશ્લિષ્ટ ન હોવાથી પ્રકૃતિનાં પરિણામભૂત નથી. આમ હોવાથી રચના ચેતનથી જ થાય છે.

૨. **अन्यथोपपत्त्या...**- સાંખ્ય કારિકામાં અવ્યક્ત અર્થાત પ્રધાન કારણ છે એમ સિદ્ધ કરવા માટે ભેદોનું પરિમાણ, સમન્વય, શક્તિથી પ્રવૃત્તિ, કારણકાર્યનો વિભાગ અને વિશ્વરૂપનો અવિભાગ એમ પાંચ હેતુઓ આપેલા છે. એની સામે પ્રધાનં स्वत: अकर्तृ अचेतनत्वात् स्तम्भादिवत् જેવા પ્રતિપ્રયોગો આપી શકાય એમ હોવાથી અહીં સત્પ્રતિપક્ષ અનુમાન થાય છે. પ્રતિપક્ષ અનુમાનને લીધે પ્રકૃતિ સાધ્યશૂન્ય બની જાય છે, કારણ કે પ્રકૃતિ કારણત્વરહિત થાય છે. આમ હોવાથી અન્યથા,- ઉપપત્તિથી પૂર્વપક્ષનું અનુમાન બાધિત થાય છે.

૩. **सर्वस्य तत्परिणामे...**- રચના પછી બીજો હેતુ આપીને અનુપપત્તિ દર્શાવે છે. પ્રવૃત્તિ એટલે પ્રયત્ન અથવા પ્રયત્નપૂર્વક થતી ક્રિયા. જો બધું પ્રકૃતિનું પરિણામ હોય તો પ્રવૃત્તિ જરૂરી નથી. અચેતન શુક્રશોણિત જો સ્વત: શરીર ઉત્પન્ન કરતાં હોય તો માતાપિતાની પ્રવૃત્તિની અપેક્ષા નથી. વળી શુક્રશોણિત બહાર પડેલાં હોય તો તેમાંથી શરીરનો સંભવ નથી. તેથી ચેતનના અધિષ્ઠાન વિના પ્રવૃત્તિ ઘટતી નથી.

૪. **प्रधानस्य वा प्रथमप्रवृत्तिः**- સૃષ્ટિ માટે પ્રધાનની જે પ્રથમ પ્રવૃત્તિ છે તે પણ ઉપપન્ન નથી. ચેતનના સંસર્ગને નિમિત્તે કરીને અચેતનની પ્રવૃત્તિ થાય એમ માનીએ

તો ચેતનનો સંસર્ગ હંમેશા હોવાથી સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય વગેર કાલવિભાગ બંધબેસતો નથી. જો એ સંસર્ગ કોઈક વાર થાય છે એમ માનીએ તો એનો હેતુ કહી શકાય એમ ન હોવાથી, પ્રધાનની પ્રાથમિક પ્રવૃત્તિ સમજાવી શકાતી નથી.

૫. **कृतिमात्रस्य प्रधानविषयत्वात्-** પૂર્વપક્ષી માને છે કે જેમ ગાય પોતાના વાછરડાના ઉછેર માટે પ્રવૃત્તિ કરે કે નર્તકી નૃત્ય પૂરૂં થતાં કાર્યમાંથી નિવૃત્ત થાય એ સ્વભાવગત છે, તેમ ફળપ્રાપ્તિ સુધી પ્રધાનકારણવાદ સ્વીકારતાં સ્વભાવવાદનો આશ્રય લઈએ તો કોઈ દોષ આવતો નથી.

૬. **चेतनाश्चतुर्विधा...-** જગતમાં ચેતન અને અચેતનનો વ્યવહાર છે. ચેતન એટલે ચાર પ્રકારના શરીરવાળા જીવો અને મુક્ત અલૌકિક જીવો. ચાર પ્રકારના શરીરમાં જરાયુજ, અંડજ, સ્વેદજ અન ઉદ્ભિજ્જ ગણવેલાં છે. આ પાંચ સિવાયના ઘટાદિ પદાર્થો અચેતન છે. આ પાંચ પ્રકારના જીવોમાં પ્રધાનનો અનુપ્રવેશ નથી એટલે પ્રધાન અચેતન જ ગણાય. ગાય અને નર્તકીનાં દૃષ્ટાન્તો યોગ્ય નથી કારણ કે ગાય અને નર્તકી ચેતન તરીકે જ પ્રસિદ્ધ છે. આમ લોકન્યાયથી સાંખ્યને ઉત્તર આપેલો છે.

૭. **तत्रापि दोहनाधिश्रयणं...-** અણુભાષ્ય મુજબ पयोम्बुवत् એ સૂત્રમાં આવતાં બે દૃષ્ટાન્તોમાં દૂધનું દૃષ્ટાન્ત રચના અને જળનું દૃષ્ટાન્ત પ્રવૃત્તિ માટે છે. દૂધ દોહનક્રિયા કે અધિશ્રયણ (ઊનું કરવાની) ક્રિયા વખતે વિવિધ પ્રકારે ફીણની રચના કરે છે તેમાં ચેતનની અપેક્ષા રહે છે. વળી નદીનું જળ વહે છે તેમાં મેઘ કારણભૂત છે. ''इत्थं मघवताज्ञप्ता मेघा निर्मुक्तबन्धनाः ।'' એ વાક્ય દર્શાવે છે કે મેઘો ચેતન છે. આમ બન્ને ચેતનથી પ્રયુક્ત હોવાથી અચેતનની સ્વતઃ રચના કે પ્રવૃત્તિ નથી.

૮. **व्याख्यानान्तरे...-** શંકરાચાર્ય તથા અન્ય ભાષ્યકારો આ દૃષ્ટાન્તોને જુદી રીતે સમજાવે છે. અચેતન એવું દૂધ જાતે જ વાછરડાની વૃદ્ધિ માટે પ્રવૃત્ત થાય છે અને નદી વગેરેનું પાણી જાતે જ લોકોપકારાર્થે વહે છે તેમ પ્રકૃતિ પણ સ્વતઃ પ્રવૃત્તિ કરે છે. એનો જવાબ એ છે કે, અહીં પણ ચેતન જ પ્રયોજક છે. વ્યાખ્યાન એટલા માટે સ્વીકાર્યું નથી કે જો લોકોપકારકતાની વાત હોય તો અન્નજળ વધારે પ્રસિદ્ધ હોવાથી अन्नाम्बुवत् એમ દૃષ્ટાન્તો આપ્યાં હોત. વળી પાણી નીચાણ તરફ વહેતું હોવાથી નિમ્નભૂમિની અપેક્ષા રાખે છે એવું બીજું સમાધાન શંકરાચાર્ય આપે છે. આ બન્ને વાદીઓને સંમત નથી. પૂર્વપક્ષ પાણીની પ્રવૃત્તિ નિરપેક્ષ છે એમ પ્રતિપાદન કરવા ઈચ્છે છે તેથી તથા સિદ્ધાન્તી ચેતનની અપેક્ષાનું પ્રતિપાદન કરવા માગે છે તેથી બન્ને માટે આવું સમાધાન અભિપ્રેત નથી.

૯. **पुरुषाधिष्ठानस्य...-** ત્રણ ગુણોની સામ્યાવસ્થા તે પ્રધાન. તેનો ગુણક્ષોભ થતાં પરિણામ થાય છે. હવે ગુણક્ષોભ માટે કોઈની અપેક્ષા ન હોવાથી પરિણામ પ્રક્રિયા અટકે જ નહિ અને તો પછી પ્રલય વગેરે પણ ન થાય. પુરુષો પ્રધાનના

અધિષ્ઠાતા છે એમ માનીએ તો પણ પુરુષો અનન્ત છે; નિત્ય, વિભુ અને ઉદાસીન છે એટલે એમના અધિષ્ઠાન હોવા, ન હોવાથી કોઈ ફેર પડતો નથી.

૧૦. **मश्वरसांख्य** . - સેશ્વર સાંખ્યમાં ઈશ્વરનો સ્વીકાર કર્યો છે. પણ એનું ઐશ્વર્ય પ્રધાનને જ આધીન હોવાથી પ્રધાનની પ્રવૃત્તિનું નિયમન થતું નથી એટલે દોષ તો રહે જ છે.

૧૧. **ततश्च लोकदृष्टान्ताभावात्**...- પ્રધાન સ્વતઃ પ્રવૃત્તિ કરે એ માટે સામાન્ય દૃષ્ટાન્ત મળતું નથી. **प्रधानम् अन्यानपेक्षं परिणामम्**, अचेतनत्वात् तृणादिवत् એવા અનુમાનમાં ઘાસ વગેરે જાતે જ દૂધ બને છે એમ માન્યું છે તે યોગ્ય નથી. જો આ બધું જાતે જ દૂધ થતું હોય તો દૂધ ગાયના દેહ આખામાંથી મળવું જોઈએ, પણ એવું નથી; જેમ કે શીંગડાંમાંથી દૂધ મળતું નથી. આમ આ અનુમાનમાં હેતુ સાધારણ હોવાથી અનુમાન યોગ્ય નથી.

૧૨. **प्रैक्षाकारित्वाभावात्** - પ્રધાન બીજાની અપેક્ષા વગર પરિણામ પામે છે, અને તેથી પ્રધાન કારણ છે એમ માનીએ તો પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. પ્રવૃત્તિ જો વિચારપૂર્વક કરવામાં આવે તો જ તેનું પ્રયોજન સિદ્ધ થાય છે. પ્રધાન અચેતન હોવાથી વિચારપૂર્વકની પ્રવૃત્તિ શક્ય જ નથી.

पुरुषाश्मवदिति चेत् तथापि ॥७॥ (२.२.२.)

प्रधानस्य केवलस्य कारणवादो निराकृतः पुरुषप्रेरितस्य कारणत्वमाशङ्क्य परिहरति । पुरुषः पङ्गुरन्धमारुह्यान्योन्योपकाराय गच्छति यथा वांयःकान्तं सन्निधिमात्रेण लोहे क्रियामुत्पादयति, एवमेव पुरुषाधिष्ठितं पुरुषसन्निहितं वा प्रधानं प्रवर्तिष्यत इति चेत् । तथापि दोषस्तदवस्थः । प्रधानप्रेरकत्वं पुरुषस्य स्वाभाविकं प्रधानकृतं वा । आद्ये प्रधानस्याप्रयोजकत्वम् । द्वितीये प्रधानदोषस्तदवस्थः । नित्यसम्बन्धस्य विशिष्टकारणत्वेनिर्मोक्षः । अशक्तस्य तु मोक्षाङ्गीकारः सर्वथानुपपन्नः ॥७॥

अङ्गित्वानुपपत्तेश्च ॥८॥

प्रकृतिपुरुषयोरङ्गाङ्गित्वे भवेदप्येवं, तच्च नोपपद्यते । पुरुषस्याङ्गित्वे ब्रह्मवादप्रवेशो मतहानिश्च । प्रकृतेरङ्गित्वे त्वनिर्मोक्षः । अनेन परिहृतोपि मायावादो निर्लज्जानां हृदये भासते ॥८॥

अन्यथानुमितौ च ज्ञशक्तिवियोगात् ॥९॥

अन्यथा वयं सर्वमनुमिमीमहे यथा सर्वे दोषाः परिहृता भवेयुरिति चेत् तथापि पूर्वं ज्ञानशक्तिर्नास्तीति मन्तव्यम् । तथा सति बीजस्यैवाभावात् नित्यत्वाच्चानिर्मोक्ष इति ॥९॥

विप्रतिषेधाच्चासमञ्जसम् ॥१०॥

परस्परविरुद्धत्वान्मतवर्तिनां पञ्चविंशादिपक्षाङ्गीकारात् । वस्तुतस्त्वलौकिकार्थे वेद एव प्रमाणं नान्यदिति ॥१०॥

॥ इति द्वितीयम्पुरुषाश्मवदित्यधिकरणम् ॥

અધિકરણ-૨

પુરુષાશ્મવદિત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૭-૧૦

સૂત્ર-૭ પુરુષ અને પથ્થરની માફક છે એમ કહો તો તેમાં પણ (દોષ છે) (૨.૨.૭)

એકલું પ્રધાન કારણ છે એવા વાદનું નિરાકરણ કર્યું. પુરુષથી પ્રેરિત પ્રધાનની કારણતાની શંકા કરીને પરિહાર કરે છે. (શંકા) લંગડો પુરુષ અન્ધ પર ચડીને પરસ્પર ઉપકાર કરવા જાય છે, અથવા જેમ લોહચુંબક માત્ર નજીક હોવાથી લોહમાં ક્રિયા ઉત્પન્ન કરે છે એવી રીતે પુરુષથી અધિષ્ઠિત અથવા પુરુષની નજીક રહેલું પ્રધાન પ્રવૃત્તિ કરશે એમ કહો, (જવાબ) તો પણ દોષ તેવો જ રહે છે. પુરુષ પ્રધાનને પ્રેરે એ સ્વાભાવિક છે કે પ્રધાનથી થયેલું છે ? પ્રથમમાં પ્રધાનનું પ્રયોજન નથી[1]. બીજામાં પ્રધાનનો દોષ તેમ જ રહે છે[2]. નિત્ય સંબન્ધ[3], વિશિષ્ટ રીતે કારણ ગણીએ તો મોક્ષ પ્રાપ્ત થતો નથી. અશક્તને મોક્ષનો સ્વીકાર[4] કોઈ રીતે બંધબેસતો નથી.

સૂત્ર-૮ અંગિત્વ બંધબેસતું નથી તેથી. (૨.૨.૮)

(શંકા) પ્રકૃતિ અને પુરુષના અંગાંગિત્વસંબન્ધમાં આમ થઈ શકે, (જવાબ) તે ઉપપન્ન નથી. પુરુષને અંગી ગણતાં બ્રહ્મવાદમાં પ્રવેશ થાય અને મતની હાનિ થાય[5]. પ્રકૃતિને અંગી માનતા મોક્ષ પ્રાપ્ત ન થાય[6]. આમ માયાવાદનું ખંડન થવા છતાં નિર્લજ્જના હૃદયમાં ભાસે છે.

સૂત્ર-૯ બીજી રીતે અનુમાન કરવામાં જ્ઞાનશક્તિના વિયોગને લીધે (દોષ રહે છે.) (૨.૨.૯)

(શંકા) અમે બીજી રીતે અનુમાન કરીએ જેથી બધાં દોષોનો પરિહાર થાય[7]. એમ કહો તો (જવાબ) તેમ છતાં પહેલાં જ્ઞાનશક્તિ નથી એમ માનવું જોઈએ. તેમ થતાં બીજનો જ અભાવ હોવાથી[8] અને નિત્યતાને લીધે[9] મોક્ષ ન મળે.

સૂત્ર- ૧૦ અને વિરોધને લીધે અસમંજસ છે. (૨.૨.૧૦)

પરસ્પર વિરોધ હોવાથી આ મત ના અનુસારકો પચ્ચીસ વગેરે પક્ષનો સ્વીકાર કરે છે[10]. ખરેખર તો અલૌકિક અર્થમાં વેદ જ પ્રમાણભૂત છે, બીજું નહિ.

ટિપ્પણ

૧. **आद्ये प्रधानस्याप्रयोजकत्वम्** - આચાર્ય શ્રી પૂછે છે કે પુરુષ પ્રધાનને પ્રેરે તે સ્વાભાવિક છે કે પ્રધાનકૃત છે ? જો પ્રધાનને પ્રેરણા આપવી એ પુરુષનો સ્વભાવ હોય તો પ્રધાન પુરુષને ઉપકારક નથી માટે એનું કોઈ પ્રયોજન નથી. હાથથી હલાવીને પંખો નાખવામાં આવે તો પંખો ઉપકારક છે એવું કોઈ માનતું નથી.

૨. **द्वितीये प्रधानदोष...**- જો પ્રધાનકૃત પ્રેરણાનો બીજો વિકલ્પ માનીએ તો પ્રધાન અચેતન હોવાથી બધા જ દોષ તેમના તેમ રહે છે; કારણ કે પ્રધાન વિચારપૂર્વક કરી શકતું નથી.

૩. **नित्यसंबन्धस्य...**- પ્રધાન અને પુરુષ બન્ને નિત્ય હોવાથી એમનો સંબન્ધ પણ નિત્ય જ હોય, આમ નિત્ય સંબન્ધથી વિશિષ્ટ પ્રધાનને કારણ ગણીએ તો એ સંબન્ધ દૂર ન થતો હોવાથી મોક્ષ મળે નહિ.

૪. **अशक्तस्य तु...**- પૂર્વપક્ષી એવી દલીલ કરે કે પુરુષો અનન્ત છે. તેમાંનો કોઈક શક્તિમાન હોવાથી અધિષ્ઠાન બને તો બીજા અશક્ત અર્થાત્ શક્તિરહિત પુરુષોને મોક્ષ મળે તેમાં કોઈ દોષ નથી. એના જવાબમાં આ વાક્ય છે. પ્રધાન સ્વતંત્ર છે અને બન્ધ સ્વાભાવિક છે એટલે અશક્તને પણ ઈચ્છા ન હોવા છતાં ભોગ થાય તેથી એનો મોક્ષ કોઈ રીતે સમજાવી શકાતો નથી.

૫. **पुरुषास्याङ्गित्वे...**- અંગાંગિભાવ એટલે ગૌણ અને મુખ્યનો સંબન્ધ. જો પુરુષને મુખ્ય ગણીએ તો એ પ્રકૃતિનો નિયામક હોવાથી બ્રહ્મવાદ જ ફળે અને સાંખ્યમતની હાનિ થાય.

૬. **प्रकृतेरङ्गित्वे...**- જો પ્રકૃતિને મુખ્ય ગણવામાં આવે તો તે સ્વતંત્ર હોવાથી પોતાના દોષ પુરુષને ન બતાવે. આમ દુઃખનો અભાવ થતાં વૈરાગ્યનો જ અભાવ થાય, તેથી મોક્ષ માટે પ્રવૃત્તિ જ ન થતાં મોક્ષ પ્રાપ્ત ન થાય.

૭. **अन्यथा वयम्...**- પૂર્વપક્ષી કહે છે કે અમે બીજી રીત અનુમાન કરીએ તો આ બધા દોષ દૂર થાય છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો પ્રકાશ, પ્રવૃત્તિ અને નિયમરૂપી અસધારણ કાર્યવાળા છે. એમની વૃત્તિ ચલ છે, તે સાધારણ છે એટલે જ તેઓ પરસ્પરનો અભિભવ, આશ્રય, જનન, મિથુન વગેરે કરે છે. એ માટેનું અનુમાન આ પ્રમાણે છે : गुणाः विभागशः प्रवृत्तिमन्तः चलस्वभावत्वात्, चलदलदलवत् । અર્થાત ગુણો અંશતઃ પ્રવૃત્તિવાળા છે, ચલસ્વભાવવાળા હોવાથી, ચલ એવા પાંદડાંઓમાનાં પાંદડાંની માફક. અહીં દલ થી પીપળાનું પાન સમજવાનું છે. આમ અનુમાન કરવાથી પ્રલય, મોક્ષ વગેરે સિદ્ધ થાય છે.

૮. **बीजस्यैवाभावात्**- પુરુષ અને પ્રકૃતિના સંયોગની પહેલાં જ્ઞાનશક્તિ નથી. જ્ઞાનશક્તિ પ્રવૃત્તિનું બીજ છે, અન તે જ ન હોય તો પ્રવૃત્તિ સિદ્ધ થઈ શકે નહિઃ એટલે દોષનો પરિહાર થઈ શકતો નથી.

૯. **नित्यत्वाच्च...**- પુરુષ અને પ્રકૃતિ નિત્ય છે. તેથી પુરુષનું અધિષ્ઠાન પણ નિત્ય હોવાથી, પુરુષને મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય છે.

૧૦. **परस्परविरुद्धत्वात्...**- સાંખ્યના અનુસારકો પરસ્પર વિરોધી મતો આપે છે. કેટલાક તત્ત્વોની સંખ્યા ૨૫ માને છે તો વળી બીજા ઓછી કે વધતી સંખ્યા

માને છે. ભાગવતના ૧૧માં સ્કન્ધમાં ઉદ્ધવપ્રશ્નમાં કહ્યું છે- केचित् षड्विंशतिं प्राहुरितरे पञ्चविंशतिम् । सप्तैके नव षट् केचिच्चत्वार्येकादशापरे ॥ केचित् सप्तदश प्राहुः षोडशैके त्रयोदश ॥

महद्दीर्घवद्वा ह्रस्वपरिमण्डलाभ्याम् ॥११॥ (२.२.३)

इदानीं परमाणुकारणवादो निराक्रियते । तत्र स्थूलकार्यार्थं प्रथमं परमाणुद्वयेन द्व्यणुकमारभ्यते । परमाणुद्वयसंयोगे द्व्यणुकं भवतीत्यर्थः । तत्रोपर्यधोभावमिलने द्व्यणुकं महत् स्यात् । द्विगुणपरिमाणवत्त्वात् । प्राक्पश्चान्मिलने दीर्घवद्वा स्यात् । परमाणुपरिमाणं ह्रस्वं परितोमण्डलञ्च । उपहासार्थं तस्य मतस्यानुवादः ॥१॥

किमतो यद्येवमत आह ।

उभयथापि न कर्मातस्तदभावः ॥१२॥

उभयथापि न । कुतः । न कर्म । नकारो देहलीप्रदीपन्यायेनोभयत्र सम्बध्यते । अतो द्व्यणुकाभावः । उभयथापि न परमाणुसङ्घट्टनम् । प्रदेशाभावात् । कल्पना मनोरथमात्रम् । असंयुक्तांशाभावात् तदेव तत् स्यात् । संयोगजनकं कर्मापि न सम्भवति । कारणान्तराभावात् । प्रयत्नवदात्मसंयोगे अदृष्टवदात्मसंयोगे चाभ्युपगम्यमाने निरवयवत्वात् तदेव तत् स्यात् । विशेषाभावाद् विभागस्याशक्यत्वाच्च । अतो द्व्यणुकस्याभावः ॥१२॥

समवायाभ्युपगमाच्च साम्यादनवस्थितेः ॥१३॥

परमाणुद्व्यणुकयोः समवायोङ्गीक्रियते । स सम्बन्धिनोरवस्थानमपेक्षते । सम्बन्धस्योभयनिष्ठत्वात् । स च नित्यः सदा सम्बन्धिसत्त्वमपेक्षते । अतोपि न द्व्यणुक उत्पद्यते । किञ्च समवायो नाङ्गीकर्तुं शक्यः । संयोगेन तुल्यत्वात् । सम्बन्धत्वात् तस्य यथा सम्बन्धिनि सम्बन्धान्तरापेक्षा एवं समवायस्यापि । तथा सत्यनवस्थितिः ॥१३॥

नित्यमेव च भावात् ॥१४॥

परमाणोः कारणान्तरस्य च नित्यमेव भावात् सदा कार्यं स्यात् ॥१४॥

रूपादिमत्त्वाच्च विपर्ययोदर्शनात् ॥१५॥

यद्रूपादिमत् तदनित्यम् । परमाणोरपि रूपादिमत्त्वाद् विपर्ययः । अनित्यत्वमपरमाणुत्वञ्च । न च प्रमाणबलेन तदतिरिक्ते व्याप्तिरिति वाच्यम् । अदर्शनात् । कार्यानुपपत्तिः श्रुत्यैव परिहृता ॥१५॥

उभयथापि च दोषात् ॥१६॥

परमाणूनां रूपादिमत्त्वे तदभावे च दोषः । एकत्रानित्यत्वमन्यत्र कार्यरूपस्य निर्मूलत्वाच्च । हरिद्राचूर्णसम्बन्धे रूपान्तरस्य जननाद्विरोधोपि चकारार्थः ॥१६॥

अपरिग्रहाच्चात्यन्तमनपेक्षा ॥१७॥

सर्ववैदिकानामपरिग्रहाच्चात्यन्तं सर्वथा नापेक्ष्यते ॥१७॥

॥ इति तृतीयम्महद्दीर्घवद्वेत्यधिकरणम् ॥

અધિકરણ-૩

મહદ્દીર્ઘવદ્વેત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૧૧-૧૭

સૂત્ર-૧૧ : હ્રસ્વ અને પરિમંડલથી મહત્ અથવા દીર્ઘ થાય. (૨.૨.૧૦)

હવે પરમાણુને કારણ માનતા વાદનું નિરાકરણ કરાય છે. તેમાં સ્થૂલ કાર્યને માટે બે પરમાણુઓથી દ્વયણુક ઉત્પન્ન થાય છે. બે પરમાણુઓના સંયોગથી દ્વયણુક થાય છે એવો અર્થ થાય છે[1] જો (પરમાણુઓ) ઉપર નીચે મળે તો દ્વયણુક મહત્ થાય કારણ કે એનુ પરિમાણ બમણું હોય છે. અથવા આગળપાછળ મળે તો દીર્ઘ થાય. વળી પરમાણુનું પરિમાણ હ્રસ્વ અને પરિમંડલ છે. ઉપહાસ કરવા માટે તેના મતનો અનુવાદ કરેલો છે[2].

સૂત્ર-૧૨ : (શંકા) એમ હોય તો શું ? ત્યારે (જવાબ) કહે છે–

બન્ને રીતે નથી, (કારણ કે) કર્મ નથી. આથી તેનો અભાવ છે. (૨.૨.૧૨)

બન્ને રીતે નથી. શાથી ? કર્મ નથી.[3] ન દેહલીદીપ ન્યાયથી બન્ને સાથે જોડાય છે. આથી દ્વયણુકનો અભાવ છે. બન્ને રીતે[4] પરમાણુનું સંઘટન નથી. કારણ કે અવયવો નથી. કલ્પના મનોરથમાત્ર છે. અસંયુક્ત અંશના અભાવને લીધે તે તે જ થાય[5]. સંયોગ ઉત્પન્ન કરનાર કર્મ પણ સંભવતું નથી.

બીજું કારણ ન હોવાથી[6] પ્રયત્નવાળા આત્માનો કે અદૃષ્ટવાળા આત્માનો સંયોગ સ્વીકારવામાં આવે તો પણ અવયવરહિત હોવાથી તે તે જ થાય[7]. વિશેષ ન હોવાથી તથા વિભાગ અશક્ય છે તેથી[8]. આથી હ્યણુકનો અભાવ છે.

સૂત્ર-૧૩ : સમવાય સ્વીકારતાં પણ (દોષ રહે છે) કારણ કે સામ્ય છે અને અનવસ્થા થાય છે. (૨.૨.૧૩)

પરમાણુ અને દ્વયણુકનો સમવાય સ્વીકારવામાં આવે છે. તે સંબંધીઓની અપેક્ષા રાખે છે કારણ કે સંબન્ધ બે પર આધાર રાખે છે. તે નિત્ય હોવાથી હંમેશા સંબન્ધીની અપેક્ષા રાખે છે[9] તેથી પણ દ્વયણુક ઉત્પન્ન થતું નથી. વળી સમવાય સ્વીકારવો શક્ય નથી કારણ કે એ સંયોગને સમાન છે[10]; એ પણ સંબંધ છે તેથી જેમ સંબંધને બીજાં સંબન્ધની અપેક્ષા છે તેમ સમવાયને પણ છે[11]. તેમ થાય તો અનવસ્થા થાય.

સૂત્ર-૧૪ : નિત્ય જ હોવાથી (૨.૨.૧૪)

પરમાણુ અને બીજાં કારણનું હંમેશાં અસ્તિત્વ હોવાથી કાર્ય હંમેશાં થશે.

સૂત્ર-૧૫ : રૂપ આદિવાળો હોવાથી વિપર્યય (થાય અને) દર્શન નથી. (૨.૨.૧૫)

જે રૂપ વગેરે વાળું છે તે અનિત્ય છે. પરમાણુ પણ રૂપ વગેરે વાળું હોવાથી વિરોધ આવે છે [12] છે. અનિત્યતા અને અપરમાણુત્વ પ્રાપ્ત થાય છે. પ્રમાણ-બલથી[13] તેનાથી બીજામાં અવ્યાપ્તિ છે એમ કહેવું નહિં. દર્શન નથી તેથી. કાર્યની અનુપપત્તિનો પરિહાર શ્રુતિથી જ કરેલો છે[14].

સૂત્ર-૧૬ : વળી બન્ને રીતે દોષ હોવાથી. (૨.૨.૧૬)

પરમાણુઓ રૂપ વગેરે વાળાં હોય અને ન હોય તો દોષ આવે છે. એક પક્ષમાં અનિત્યતા છે, બીજામાં કાર્યરૂપની નિર્મૂલતા છે[15]. હળદર અને ચૂનાના સંબંધ થી[16] જુદું જ રૂપ ઉત્પન્ન થવાથી વિરોધ પણ છે એવો ચ નો અર્થ છે.

સૂત્ર-૧૭ : અસ્વીકારને લીધે અત્યન્ત અનપેક્ષા છે. (૨.૨.૧૭)

બધા વૈદિકોએ એનો અસ્વીકાર કર્યો છે તેથી એની અત્યન્ત એટલે સર્વથા અપેક્ષા નથી.

ટિપ્પણ

૧. **तत्रोपर्यधो...**- વૈશેષિકોને મતે કારણના ગુણ કાર્યમાં ગુણ ઉત્પનન કરે છે. પરમાણુ હ્રસ્વ અને પરિમંડલ છે, પણ બે પરમાણુઓમાંથી દ્વયણુક ઉત્પન્ન થાય તે બમણા પરિમાણ વાળું હોવાથી જો ઉપર નીચે સંયોગ થાય તો મહત્ અને આગળપાછળ સંયોગ થાય તો દીર્ઘ બને છે. આમ અહીં પરિમાણની જે વ્યવસ્થા છે તે બંધ બેસતી નથી.

૨. **उपहासार्थ...**- આ સૂત્રમાં વૈશેષિકોના મતનો અનુવાદ એમની મજાક કરવા માટે કર્યો છે. જેઓ લોકમાં પ્રસિદ્ધ વાત પણ જાણતા નથી, તેઓ તત્ત્વજ્ઞાન કેવી રીતે જાણે ?

(**નોંધ :** વૈશેષિકોને મતે પરમાણુ પરિમંડલ છે, દ્વયણુક અણુ અથવા હ્રસ્વ છે તો ત્ર્યણુક મહત્ અથવા દીર્ઘ છે. વળી સંખ્યાને લીધે મહત્ પરિમાણ થાય છે. પુરુષોત્તમજી આખી ચર્ચા કરીને સંખ્યાની વાતનું ખંડન કરે છે. આચાર્ય શ્રી જ્યારે કહે છે કે परमाणुपरिमाणं ह्रस्वं परिमण्डलं च ત્યારે એમનો ચોક્કસ આશય વિચાર્ય બને છે.)

૩. **नकारो देहली...**- દેહલીદીપ ન્યાય એટલે ઉંબર પર મૂકેલો દીવો જેમ બન્ને ઓરડાઓમાં પ્રકાશ આપે તેમ સૂત્રમાં આવતો न શબ્દ उभयथा અને कर्म બન્ને શબ્દો સાથે જોડાય છે.

૪. **उभयथापि...**- પરમાણુનો બીજા પરમાણુ સાથેનો સંયોગ સાર્વદેશિક હોય અથવા ઐકદેશિક હોય; બન્ને રીત યોગ્ય નથી. જો એકદેશથી હોય તો એના અવયવો સ્વીકારવા પડે છે. પણ પરમાણુને અવયવો નથી. સાર્વદેશિક સંયોગ બે પરમાણુઓ વચ્ચે થઈ શકે નહિ. આમ બન્ને રીતે પરમાણુઓનો સંયોગ શક્ય નથી.

૫. **असंयुक्तांशाभावात...** પરમાણુઓ વચ્ચે સાર્વદેશિક સંયોગ માનીએ તો ન જોડાયેલો એવો કોઈ પણ અંશ ન હોવાથી પરમાણુમાંથી પરમાણુ જ થાય, દ્વ્યણુક ન થાય. તેમ દ્વ્યણુકમાંથી દ્વ્યણુક જ થાય. ત્ર્યણુક વગેરે ન થાય.

૬. **प्रयत्नवदात्मसंयोगे...**- પરમાણુઓના સંયોગને ઉત્પન્ન કરનાર કોઈ કર્મ નથી. હવે જો પ્રયત્નવાળા આત્માથી સંયોગ થતો માનીએ તો સૃષ્ટિને આરંભે શરીર ન હોવાથી આત્માનો મન સાથે સંયોગ થતો નથી, એટલે પ્રયત્ન શક્ય નથી. વળી અદૃષ્ટવાળા આત્માનો સંયોગ માનીએ તો તે નિત્ય હોવાથી કર્મને પણ નિત્ય માનવું પડે, કારણ કે આત્મા અને મન બન્ને નિત્ય હોવાથી સંયોગ નિત્ય બને છે.

૭. **निरवयवत्वात् तदेव...**- જુઓ ઉપર ટિપ્પણ-૫

૮. **विभागस्याशक्यत्वात्**- ઉત્પત્તિની પ્રક્રિયા કરતાં પ્રલયની પ્રક્રિયા વિપરીત છે. હવે પ્રલય થાય ત્યારે શરીરનો નાશ થવાથી દ્વ્યણુકનો વિભાગ કરનાર કર્મ જ હોતું નથી. આમ વિભાગની પ્રક્રિયામાં દ્વ્યણુકમાંથી પરમાણુનો વિભાગ સમજાવી શકાતો નથી.

૯. **स च नित्य...**- વૈશેષિકોને મતે પરમાણુ અને દ્વ્યણુક વચ્ચે સમવાયસંબન્ધ છે. સમવાય સંબન્ધ અયુતસિદ્ધ સંબન્ધ છે અને તે અવયવ-અવયવી, જાતિ-વ્યક્તિ, ગુણ-ગુણવાન, ક્રિયા-ક્રિયાવાન અને વિશેષ-નિત્ય દ્રવ્ય એટલાં જોડકાંઓમાં રહે છે. પરમાણુ-દ્વ્યણુકનો સંબન્ધ અવયવ-અવયવીનો છે. સમવાયને વૈશેષિકો એક પદાર્થરૂપે માને છે. અહીં કહ્યું છે કે સમવાય એક પ્રકારનો સંબન્ધ હોવાથી બે અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ વચ્ચે જ હોઈ શકે. એકનું અસ્તિત્વ હોય અને બીજાનું ન હોય તો સંબન્ધ હોતો નથી. હવે જો દ્વ્યણુક સમવાય સંબન્ધે ઉત્પન્ન થાય છે એમ કહીએ તો દ્વ્યણુક ઉત્પત્તિ પહેલાં અસ્તિત્વ ધરાવે છે એમ માનવું જોઈએ. તેથી દ્વ્યણુક ઉત્પન્ન થતું નથી.

૧૦. **संयोगेन तुल्यत्वात्**- સમવાય સંબન્ધને જુદો માનવાની જરૂર નથી કારણ કે વૈશેષિકોએ સંયોગ સંબન્ધનો સ્વીકાર કરેલો જ છે. સંયોગ અન સમવાય બન્ને ખરેખર તો સંબન્ધ જ છે.

૧૧. **एवं समवायस्यापि**- વૈશેષિકો સંયોગ સંબન્ધ સ્વીકારે છે. જેમ વૃક્ષ પર વાનર બેઠેલો હોય તો વૃક્ષ અને વાનર વચ્ચે સંયોગ સંબન્ધ છે. હવે સંયોગ એ ગુણ છે અને વૃક્ષ તથા વાનર એટલે કે સંયોગી દ્રવ્યો ગુણવાન છે. ગુણ અને ગુણવાન બેને જોડવા માટે બીજા સંબન્ધ સમવાયની જરૂર પડે છે. એમ માનીએ તો સમવાય પણ સંબન્ધ હોવાથી એને સમવાયી સાથે જોડવા માટે બીજા સંબન્ધ સમવાયની જરૂર પડવી જોઈએ; અને તો પછી અનવસ્થા થાય.

૧૨. **परमाणोरपि रूपादिमत्त्वात्...**- વૈશિષકો પરમાણુની નિત્યતા માટે અનુમાન કરે છે. परमाणवो नित्याः सत्त्वे सत्यकारणवत्त्वात्, आकाशदिवत् । તેની

સામે અનુમાન કરી શકાય. परमाणवः अनित्याः, रूपादिमत्त्वाद् घटादिवत् । આમ રૂપાદિ ગુણવાળા હોવાથી પરમાણુઓ અનિત્ય છે એમ સિદ્ધ થાય છે.

१३. न च प्रमाणबलेन...- વૈશેષિકો કહે છે કે વસ્તુનો વિભાગ થતાં આપણે કોઈ એવી જગાએ અટકવું પડે જ્યાંથી આગળ વિભાગ થઈ ન શકે; આ જ પરમાણુ પરમ અણુ છે અને એનો કોઈ અવયવ નથી તેથી નિરવયવ છે. હવે આ દલીલથી નક્કી થાય છે કે રૂપાદિમત્ત્વ અને અનિત્યત્વની વ્યાપ્તિ પરમાણુ સિવાયનામાં છે. પરમાણુમાં નથી. તેનો જવાબ એ છે કે તમે જે તર્ક કરો છો તે યોગ્ય નથી. અનુમાન તો વ્યપ્તિથી વિશિષ્ટ એવી પક્ષધર્મતાનું જ્ઞાન આપે છે. તમે એવો હેતુ આપ્યો છે કે અસ્તિત્વ ધરાવવા છતાં પરમાણુનું કોઈ કારણ નથી; પણ પરમાણુ દેખાતું ન હોવાથી પક્ષધર્મતા જાણી શકાતી નથી તેથી પરમાણુની નિત્યતાનું અનુમાન થઈ શકતું નથી.

१४. कार्यानुपपत्ति...- નિત્ય પરમાણુનો સ્વીકાર ન કરીએ તો કાર્ય સમજાવી શકાતું નથી એવી દલીલ પૂર્વપક્ષી કરે છે તેનું સમાધાન એવુ છે કે કાર્યની અનુપપત્તિનો પરિહાર શ્રુતિથી કરેલો જ છે.

१५. अन्यत्र कार्यरूपस्य...- પરમાણુઓમાં રૂપાદિ ગુણો છે એમ માનતાં અનિત્યતા આવે છે. જો રૂપાદિ નથી એમ માનીએ તો પણ દોષ છે. વૈશેષિકોને મતે કારણના ગુણ કાર્યના ગુણ ઉત્પન્ન કરે છે. જો પરમાણુઓમાં ગુણ ન હોય તો કાર્યમાં જે ગુણો છે તેનું મૂળ સમજી શકાય નહિ.

१६. हरिद्राचूर्णसम्बन्धे...- કારણના ગુણ કાર્યના ગુણ ઉત્પન્ન કરે છે એવો વૈશેષિકોનો મત છે. હળદર અને ચૂનો ભેગાં થાય તો જે પદાર્થ ઉત્પન્ન થાય છે તે લાલ રંગનો છે. હળદર પીળી છે અન ચૂનો સફેદ છે. આમ વૈશેષિકોના મતનો વિરોધ આવે છે.

समुदाय उभयहेतुकेपि तदप्राप्तिः ॥१८॥ (२.२.४.)

अतःपरं बाह्यमतनिराकरणम् । ते समुदायद्वयं जीवभोगार्थं संहन्यत इति मन्यन्ते । परमाणुसमूहः पृथिव्यादिभूतसमुदाय एकः । रूपादिस्कन्धसमुदायश्चापरः । रूपविज्ञानवेदनासंज्ञासंस्कारसंज्ञकाः पञ्च स्कन्धाः । तदुभयसम्बन्धे जीवस्य संसारस्तदपगमे मोक्ष इति । तत्र उभयहेतुकेपि समुदाये जीवस्य तदप्राप्तिः । क्षणिकत्वात् । सर्वक्षणिकत्वे जीवमात्रक्षणिकत्वे वा तदप्राप्तिः ॥१८॥

इतरेतरप्रत्ययत्वादिति चेन्नोत्पत्तिमात्रनिमित्तत्वात् ॥१९॥

क्षणिकत्वेपि पूर्वपूर्वस्योत्तरोत्तरप्रत्ययविषयत्वात् कारणत्वात् सन्ततेरेव जीवत्वाज्जडत्वाच्च न काप्यनुपपत्तिरिति चेन्न । उत्पत्तिमात्रनिमित्तत्वात् । अनुसन्धानाभ्युपगमे स्थिरत्वापत्तिः । सम्बन्धवियोगार्थं को वा यतेत । स्थैर्याभावात् समुदायानुपपत्तिश्च ॥१९॥

उत्तरोत्पादे च पूर्वनिरोधात् ॥२०॥

उत्तरोत्पत्तिरपि न सम्भवति, उत्पन्नस्य खलूत्पादकत्वम् । अत उत्तरोत्पत्तिसमये पूर्वस्य नष्टत्वादुत्पत्तिक्षण एव स्थितिप्रलयकार्यकरणसर्वाङ्गीकारे विरोधादेकमपि न स्यात् ॥२०॥

असति प्रतिज्ञोपरोधो यौगपद्यमन्यथा ॥२१॥

एका क्षणिकत्वप्रतिज्ञा, अपरा चतुर्विधान् हेतून् प्रतीत्य चित्तचैत्ता उत्पद्यन्त इति । वस्तुनः क्षणान्तरसम्बन्धे प्रथमप्रतिज्ञा नश्यति । असति द्वितीया । द्वितीया चेन्नाङ्गीक्रियते तदा प्रतिबन्धाभावात् सर्वं सर्वत एकदैवोत्पद्येत ॥२१॥

प्रतिसङ्ख्याप्रतिसङ्ख्यानिरोधाप्राप्तिरविच्छेदात् ॥२२॥

अपि च वैनाशिकाः कल्पयन्ति बुद्धिबोध्यं त्रयादन्यत् संस्कृतं क्षणिकञ्चेति । त्रयं पुनर्निरोधद्वयमाकाशञ्च । तत्रेदानीं निरोधद्वयाङ्गीकारं दूषयति । प्रतिसङ्ख्यानिरोधो नाम भावानां बुद्धिपूर्वको विनाशः । विपरीतोप्रतिङ्ख्यानिरोधः । त्रयमपि निरुपाख्यम् । निरोधद्वयमपि न प्राप्नोति सन्ततेरविच्छेदात् । पदार्थानाञ्च नाशकसम्बन्धाभावात् प्रतिबन्धसम्बन्धाभावः । आद्यो निरोधः पदार्थविषयको व्यर्थः । द्वितीयः क्षणिकाङ्गीकारेणैव सिद्धत्वान्नाङ्गीकर्तव्यः ॥२२॥

उमयथा च दोषात् ॥२३॥

प्रतिसङ्ख्यानिरोधान्तर्गताविद्याविनाशे मोक्ष इति क्षणिकवादिनो मिथ्यावादिनश्च मन्यन्ते । अविद्यायाः सपरिकराया निर्हेतुकविनाशे शास्त्रवैफल्यम् । अविद्यातत्कार्यातिरिक्तस्याभावान्न सहेतुकोपि । न हि वन्ध्यापुत्रेण रज्जुसर्पो नाश्यते । अत उभयथापि दोषः ॥२३॥

आकाशे चाविशेषात् ॥२४॥

यच्चोक्तमाकाशमप्यावरणाभावो निरुपाख्यमिति । तन्न, आकाशेपि सर्वपदार्थवद्वस्तुत्वव्यवहारस्याविशेषात् ॥२४॥

अनुस्मृतेश्च ॥२५॥

सर्त्रोपि क्षणिकवादो बाधितः । स एवायम्पदार्थ इत्यनुस्मरणात् । अनुभवस्मरणयोरेकाश्रयत्वमेकविषयत्वञ्च ॥२५॥

नासतोदृष्टत्वात् ॥२६॥

अपि च । नानुपमर्द्य प्रादुर्भावं वैनाशिका मन्यन्ते । ततश्चासतः अलीकात् कार्यं स्यात् । तन्न । अदृष्टत्वात् । न हि शशशृङ्गादिभिः किञ्चित्कार्यं दृश्यते ।

एवं सतः कारणत्वं पूर्वपादे उपपाद्य असतः कारणत्वं निराकृत्य व्यासचरणैर्वेदानामव्याकुलत्वे सम्पादितेपि पुनर्दैत्यव्यामोहनार्थं प्रवृत्तस्य भगवतो बुद्धस्याज्ञया "त्वञ्च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय अतथ्यानि वितथ्यानि दर्शयस्व महाभुज" "स्वागमैः कल्पितैस्त्वञ्च जनान् मद्विमुखान् कुरु" इत्येवंरूपया महादेवादयः स्वांशेनावतीर्य वैदिकेषु प्रविश्य विश्वासार्थं वेदभागान् यथार्थानपि व्याख्याय सदसद्विलक्षणामसदपरपर्यायामविद्यां

सर्वकारणत्वेन स्वीकृत्य तन्निवृत्त्यर्थं जातिभ्रंशरूपं सन्न्यासपाषण्डं प्रसार्य सर्वमेव लोकं व्यामोहितवन्तः । व्यासोपि कलहं कृत्वा शङ्करं शप्त्वा तूष्णीमास । अतोग्निना मया सर्वतः सदुद्धारार्थं यथाश्रुतानि श्रुतिसूत्राणि योजयता सर्वो मोहो निराकृतो वेदितव्यः । प्रथमाध्याय एव तन्मतमनूद्य विस्तरेण निराकृतमिति नात्रोच्यते ॥२६॥

उदासीनानामपि चैवं सिद्धिः ॥२७॥

यद्यभावाद्भावोत्पत्तिरङ्गीक्रियते तथा सत्युदासीनानामपि साधनरहितानां सर्वोपि धान्यादिः सिध्येत । अभावस्य सुलभत्वात् ॥२७॥

॥ इति चतुर्थं समुदाय उभयहेतुकेपीत्यधिकरणम् ॥

અધિકરણ-૪

સમુદાય ઉભયહેતુકેપીત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૧૮-૨૭

સૂત્ર-૧૮ : બન્નેથી થતા સમુદાયમાં પણ તેની પ્રાપ્તિ નથી. (૨.૨.૧૮)

હવે પછી બાહ્ય મતનું નિરાકરણ છે. તેઓ બે સમુદાયો જીવના ભોગ માટે ભેગા થાય છે એમ માને છે. પરમાણુઓનો સમૂહ તે પૃથ્વી વગેરે ચાર ભૂતોનો સમુદાય તે એક[1]. રૂપાદિ સ્કન્ધનો સમુદાય તે બીજો. રૂપ, વિજ્ઞાન, વેદના, સંજ્ઞા અને સંસ્કાર તે પાંચ સ્કન્ધો છે[2]. આ બન્નેનો સંબન્ધ થતાં જીવનો સંસાર પ્રાપ્ત થાય છે અને તે દૂર થતાં મોક્ષ મળે છે. ત્યાં બન્ને રીતે સમુદાય થતાં પણ જીવને તેની (સંસારની) પ્રાપ્તિ નથી, કારણ કે તે ક્ષણિક છે. બધું ક્ષણિક હોવાથી કે માત્ર જીવ ક્ષણિક હોવાથી તેની પ્રાપ્તિ નથી.

સૂત્ર-૧૯ : એક બીજાના પ્રત્યય (નો વિષય) હોવાથી (અનુપપત્તિ નથી) એમ કહો તો એવું નથી, ઉત્પત્તિ માત્રનું નિમિત્ત હોવાથી. (૨.૨.૧૯)

(શંકા) બધું ક્ષણિક હોવા છતાં દરેક આગલું દરેક પાછલાના પ્રત્યયનો વિષય છે, કારણ છે તથા સન્તતિ જ જીવ અને જડ છે તેથી કોઈ અનુપપત્તિ નથી[3] એમ કહો તો (જવાબ) એવું નથી. માત્ર ઉત્પત્તિનું નિમિત્ત છે તેથી અનુસન્ધાન સ્વીકારતાં સ્થિરતા આવે.[4] સંબન્ધને છૂટો કરવા કોણ યત્ન કરે ?[5] સ્થિરતા ન હોવાથી સમુદાયની ઉપપત્તિ નથી.

સૂત્ર-૨૦ : પાછલાની ઉત્પત્તિ થાય ત્યારે આગલું નાશ પામ્યું હોવાથી. (૨.૨.૨૦)

પાછલાની ઉત્પત્તિ પણ સંભવતી નથી. જે ઉત્પન્ન થયું હોય તે જ ઉત્પાદક બને તેથી પાછલાની ઉત્પત્તિ સમયે આગલાનો નાશ થયો હોવાથી[1] ઉત્પત્તિની ક્ષણે જ સ્થિતિ, પ્રલય, કાર્ય કરવું તે એમ બધાનો સ્વીકાર કરતાં વિરોધ આવવાથી એક પણ ન થાય.

સૂત્ર-૨૧ : જો ન હોય તો પ્રતિજ્ઞાનો ભંગ થાય, અન્યથા બધું એક વખતે થાય. (૨.૨.૨૧)

એક ક્ષણિકત્વની પ્રતિજ્ઞા. ચાર પ્રકારના હેતુઓને લઈને ચિત્તચૈત્તો ઉત્પન્ન થાય છે એ બીજી પ્રતિજ્ઞા.[૭] વસ્તુનો બીજી ક્ષણ સાથે સંબન્ધ થતાં પહેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે. તેમ ન હોય તો બીજી (પ્રતિજ્ઞાનો ભંગ થાય.)[૮] દ્વિતીય (પ્રતિજ્ઞા) નો સ્વીકાર ન કરવામાં આવે તો પ્રતિબન્ધને અભાવે બધું બધેથી એક જ સમયે ઉત્પન્ન થાય.

સૂત્ર-૨૨ : વિચ્છેદ નથી તેથી પ્રતિસંખ્યા-અપ્રતિસંખ્યા નિરોધની પ્રાપ્તિ થતી નથી. (૨.૨.૨૨)

વળી વૈનાશિકો કલ્પના કરે છે. ત્રણ સિવાયનું બીજું બધું બુદ્ધિથી બોધ્ય, સંસ્કૃત અન ક્ષણિક છે.[૯] ત્રણ તે બે પ્રકારના નિરોધ અને આકાશ. તેમાં હવે બે પ્રકારના નિરોધના સ્વીકારનો દોષ બતાવે છે. પદાર્થોનો બુદ્ધિપૂર્વકનો વિનાશ તે પ્રતિસંખ્યા નિરોધ. તેનાથી વિપરીત અપ્રતિસંખ્યા નિરોધ. ત્રણે સમજાવી શકાતા નથી. બે પ્રકારનો નિરોધ પણ પ્રાપ્ત થતા નથી, કારણકે સંતતિનો વિચ્છેદ નથી. પદાર્થને નાશ કરનાર સાથેના સંબન્ધને અભાવે કરીને પ્રતિબન્ધના સંબન્ધનો અભાવ છે[૧૦]. પદાર્થ વિષયક પહેલો નિરોધ વ્યર્થ છે. ક્ષણિકતા સ્વીકારવાથી જ બીજો સિદ્ધ થાય છે. તેથી બીજાનો સ્વીકાર જરૂરી નથી[૧૧].

સૂત્ર-૨૩ : બન્ને રીતે દોષ હોવાથી. (૨.૨.૨૩)

પ્રતિસંખ્યા નિરોધને અન્તર્ગત અવિદ્યાનો નાશ થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે એમ ક્ષણિકવાદીઓ અને મિથ્યાવાદીઓ માને છે[૧૨]. જો કાર્યસહિતની અવિદ્યાનો નિર્હેતુક વિનાશ માનવામાં આવે તો શાસ્ત્ર વિફલ થાય. અવિદ્યા અને તેના કાર્યથી જુદું કાંઈ ન હોવાથી સહેતુક વિનાશ પણ નથી. વન્ધ્યાપુત્રથી રજ્જુસર્પનો નાશ થતો નથી. આમ બન્ને રીતે દોષ છે.

સૂત્ર-૨૪ : આકાશમાં વિશેષ નથી તેથી. (૨.૨.૨૪)

(બૌધ્ધોએ) કહ્યું છે કે આકાશ પણ આવરણનો અભાવ છે (અને) નિરુપાખ્ય છે, તેમાં આકાશમાં પણ પદાર્થોની માફક વસ્તુ તરીકેના વ્યવહારમાં કોઈ ફેર નથી[૧૩].

સૂત્ર-૨૫ : અને યાદ આવવાને લીધે. (૨.૨.૨૫)

આખો જ ક્ષણિકવાદ બાધિત થાય છે. આ તે જ પદાર્થ છે એમ યાદ કરવામાં આવે છે, અનુભવ અને સ્મરણનો આશ્રય અને વિષય એક છે.

સૂત્ર-૨૬ : અસતૂમાંથી નહિ કારણ કે એમ દેખાતું નથી. (૨.૨.૨૭)

વળી વૈનાશિકો માને છે કે નાશ પામ્યા વિના પ્રાદુર્ભાવ થતો નથી. તો પછી અસત-મિથ્યા પદાર્થમાંથી કાર્ય થાય તેવું નથી; કારણ કે એમ દેખાતું નથી. સસલાના શીંગડાંમાંથી કોઈ કાર્ય થતું દેખાતું નથી.

આમ આગલા પાદમાં સત્‌ની કારણતાનું પ્રતિપાદન કરીને તથા અસત્‌ની કારણતાનું નિરાકરણ કરીને મહાત્મા વ્યાસે વેદોની સુવ્યવસ્થાનુ સંપાદન કર્યું. આમ છતાં દૈત્યોને મોહ પમાડવા પ્રવૃત્ત થયેલા ભગવાન બુદ્ધે એવી આજ્ઞા કરી- ''હે મહાબાહુ રુદ્ર તમે મોહશાસ્ત્રો કરાવો; હે મહાભુજ, અતથ્ય અને તથ્ય વિનાનાં (શાસ્ત્રો) દર્શાવો.'' (વરાહપુરાણ ૭૦.૩૬)'' પોતાનાં કલ્પિત આગમોથી લોકોને મારાથી વિમુખ કરો'' (પદ્મપુરાણ ઉત્તરખંડ ૭૧.૧૦૭). આથી મહાદેવ વગેરેએ પોતાના અંશથી અવતાર લઈને,વૈદિકોમાં પ્રવેશ કરીને, વિશ્વાસ માટે કેટલાક વેદભાગોનું યથાર્થ વ્યાખ્યાન કરીને, સદસદ્વિલક્ષણ તથા અસત્‌ના પર્યાયરૂપ અવિદ્યાને સર્વના કારણ તરીકે સ્વીકારીને તેની નિવૃત્તિ માટે જાતિભ્રંશરૂપી સંન્યાસપાખંડનો પ્રચાર કરીને સર્વલોકને મોહ પમાડ્યો. વ્યાસ પણ ઝગડો કરીને શંકરને શાપ આપીને મૂંગા રહ્યા. ત્યારે અગ્નિરૂપી મેં બધી રીતે સમુદ્ધારને માટે સાંભળ્યા પ્રમાણે શ્રુતિ અને સૂત્રોની યોજના કરીને બધો મોહ દૂર કર્યો એમ જાણવું. પ્રથમ અધ્યાયમાં જ એના મતનો અનુવાદ કરીને વિસ્તારથી નિરાકરણ કર્યું છે, તેથી અહીં કહેલું નથી.

સૂત્ર-૨૭ : આ રીતે ઉદાસીનોને પણ સિદ્ધ થાય. (૨.૨.૨૭)

જો અભાવમાંથી ભાવની ઉત્પત્તિ સ્વીકારવામાં આવે તો ઉદાસીન[૧૪] અર્થાત્ સાધનરહિત હોય તેમને પણ ધાન્યાદિ બધું સિદ્ધ થાય, કારણ કે અભાવ સુલભ છે.

ટિપ્પણ

૧. **परमाणुसमूह...**- બૌદ્ધોના મતને સંઘાતવાદ કહેવાય છે. તેમા બે પ્રકારના સમુદાયોના સંઘાત છે. એક સંઘાત પરમાણુઓનો છે. તે મુજબ રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ એ પાર્થિવ પરમાણુઓ કઠિન સ્વભાવવાળા છે. તેઓ પૃથ્વીરૂપે એકઠા થયા છે. સ્નેહ સ્વભાવવાળા રૂપ, રસ અને સ્પર્શ આપ્ય પરમાણુઓ જલરૂપે ભેગા થયા છે. વળી ઉષ્ણસ્વભાવના રૂપ-સ્પર્શ પરમાણુઓ તેજરૂપે અને પ્રેરણસ્વભાવવાળા સ્પર્શ પરમાણુઓ વાયુરૂપે એકઠા થયાં છે. આમ આ ચાર પ્રકારના પરમાણુઓ ભૂતરૂપે સંઘાત પામે છે. આ સિવાય બીજું કોઈ દ્રવ્ય નથી.

૨. **रूपविज्ञान...**- બૌદ્ધોને મતે બીજો સંઘાત પાંચ સ્કન્ધોનો છે. એ ચિત્તચૈત્તિકરૂપ આભ્યન્તર સંઘાત છે. એમાં રૂપ, વિજ્ઞાન, વેદના, સંજ્ઞા અને સંસ્કાર એ પાંચ સ્કન્ધો છે. વિષય સહિતની ઈન્દ્રિયો તે રૂપસ્કન્ધ છે. अहम् એ આકારનું રૂપાદિવિષયવાળું ઈન્દ્રિયો વગેરેથી જન્ય જ્ઞાન તે વિજ્ઞાનસ્કન્ધ. પ્રિય અને અપ્રિય એવા અનુભવના વિષયનો સ્પર્શ થતાં સુખ, દુ:ખ અને તેથી રહિત એવી ચિત્તની જે વિશેષ અવસ્થા પ્રાપ્ત થાય તે વેદના સ્કન્ધ, પ્રતીતિ સવિકલ્પક છે તેથી ડિત્થ, ગૌર, જાય છે, જેવી સંજ્ઞાના સંસર્ગને યોગ્ય એવી પ્રતીતિ થાય તે સંજ્ઞા સ્કન્ધ અને રાગાદિ કલેશો, મદ, માન, માત્સર્ય વગેર ઉપકલેશો, તથા ધર્મ અને અધર્મ તે

સંસ્કાર સ્કન્ધ. આ પાંચ પ્રકારના સ્કન્ધનો સમુદાય આભ્યન્તર અર્થાત આન્તરિક છે. આવા બે પ્રકારના સમુદાયથી લોકયાત્રા સિદ્ધ થાય છે.

૩. **पूर्वपूर्वस्य**...- બૌદ્ધાને મતે જીવ તે ધારાવાહિક વિજ્ઞાનની સન્તતિ છે. અને જડ પદાર્થો, તે અર્થની સન્તતિ છે. આગલા સૂત્રમાં કહ્યું છે કે બધું ક્ષણિક હોવાથી સંસાર પ્રાપ્ત થતો નથી તેના જવાબમાં પૂર્વપક્ષી કહે છે કે દરેક આગલી ક્ષણનું વિજ્ઞાન પાછલી ક્ષણના વિજ્ઞાનના પ્રત્યયનો વિષય છે, અર્થાત કારણ છે.

૪. **अनुसन्धानाभ्युपगमे**...- વિજ્ઞાનની સન્તતિરૂપ જીવને સુખદુઃખાદિનું અનુસન્ધાન થાય તો જ જીવને વેદનાદિ સ્કન્ધથી બનેલા સંસારનો અનુભવ થાય. પણ આગલું વિજ્ઞાન પાછલા વિજ્ઞાનની ઉત્પત્તિનો જ હેતુ હોવાથી એ ભૂતકાલીન અનુભવોનું અનુસન્ધાન થઈ શકતું નથી, કારણ કે અનુસન્ધાન તો સ્થિરતા હોય તો જ શક્ય બને અન્યથા નહિ. આમ અનુસન્ધાનમાં માનીએ તો ક્ષણિકવાદનો ભંગ થાય.

૫. **सम्बन्धवियोगार्थं**...- જીવને રૂપાદિસ્કન્ધના સબંન્ધને લીધે સંસાર હોય છે. હવે સંસ્કાર સ્કન્ધ ક્ષીણ થતાં અર્થાત્ તેની સાથેનો સંબન્ધ દૂર થતાં જેમ તેલ પૂરૂં થતાં દીવો હોલવાઈ જાય તેમ સંસાર દૂર થાય. તે જ મોક્ષ કહેવાય. પણ જો બધું ક્ષણિક હોય તો એ સંબન્ધ દૂર કરવાનો પ્રયત્ન કોણ કરે ? તેથી મોક્ષ સિદ્ધ થતો નથી.

૬. **अत उत्तरोत्पत्तिसमये**...- આગળ કહ્યું છે કે આગલી ક્ષણનું વિજ્ઞાન કે પદાર્થ પાછલી ક્ષણના વિજ્ઞાન કે પદાર્થને ઉત્પન્ન કરે છે. તે શક્ય નથી એમ આચાર્ય કહે છે. કોઈ પણ વસ્તુ બીજી કોઈ વસ્તુને ઉત્પન્ન કરે ત્યારે એ વસ્તુની સ્થિતિ હોવી જરૂરી છે. આમ જે અનિત્ય છે તેને પણ ત્રણ ક્ષણો તો જરૂરી છે. પ્રથમ ક્ષણે ઉત્પત્તિ, બીજી ક્ષણ સ્થિતિ અને ત્રીજી ક્ષણે વિનાશ; પણ બૌદ્ધો તો બધું એક જ ક્ષણ માટે અસ્તિત્વ ધરાવે છે એમ કહે છે; એટલે ઉત્પત્તિ, સ્થિતિ, નાશ અને એ જે કાર્ય કરે તે આ બધું એક જ ક્ષણમાં બની જાય, એ શક્ય નથી અર્થાત્ આપણા અનુભવની વિરુદ્ધ છે; એટલે ખરેખર તો એમાંનું એક પણ થઈ શકતું નથી.

૭. **चतुर्विधान्हेतून प्रतीत्य**...- ચિત્ત અને ચૈત્તને માટે ચાર હેતુઓ કહ્યા છે : આલંબન પ્રત્યય, સમનન્તર પ્રત્યય, અધિપતિ પ્રત્યય અને સહકારી પ્રત્યય. આલંબન પ્રત્યય એટલે વિષય. જેમ કે નીલવસ્તુ હોય તો ચિત્તની નીલાકારતા સંભવે છે. સમનન્તર પ્રત્યય એટલે પૂર્વજ્ઞાન. આગલી ક્ષણનું જ્ઞાન પછીની ક્ષણના જ્ઞાનનું કારણ છે, તેથી જ તે બોધરૂપ છે. અધિપતિ પ્રત્યય તે ઈન્દ્રિય જેનાથી રૂપાદિનું ગ્રહણ થાય છે. પ્રકાશ વગેરેથી અર્થ સ્પષ્ટ થાય છે તેથી તેને સહકારી પ્રત્યય કહેવાય છે.

૮. **असति द्वितीया**- વસ્તુ ક્ષણિક છે તેથી પૂર્વક્ષણના પદાર્થનો ઉત્તર ક્ષણના

પદાર્થ સાથે સંબન્ધ થઈ શકે નહિ. આમ હેતુના અભાવમાં જ ફલની ઉત્પત્તિ થાય એટલે ચાર પ્રકારના હેતુઓથી ચિત્ત-ચૈત્ત ઉત્પન્ન થાય છે એ બીજી પ્રતિજ્ઞાનો ભંગ થાય. અને જો એ પ્રતિજ્ઞાનો સ્વીકાર ન કરવામાં આવે તો, હેતુનો અભાવ સુલભ હોવાથી પ્રતિબન્ધને અભાવે બધું બધાંમાંથી એક સાથે ઉત્પન્ન થાય.

૯. **बुद्धिबोध्यं...**- પુરુષોત્તમજી સમજાવે છે તેમ અહીં પાંચ પદાર્થો છે- પ્રતિસંખ્યાનિરોધ, અપ્રતિસંખ્યાનિરોધ, આકાશ, સંસ્કૃત અર્થાત ઉત્પાદ્ય અને ક્ષણિક. એમાં છેલ્લા બે સમજી શકાય એવા છે તો આગલા ત્રણ બુદ્ધિથી બોધ્ય નથી. પ્રતિસંખ્યાનિરોધ એટલે અસ્તિત્વને પ્રતિકૂળ એવી બુદ્ધિથી કરાતો વિનાશ; જેમ કે કોઈ ઘડાને લાકડી મારીને ભાંગી નાખે તે. અપ્રતિસંખ્યાનિરોધ આનાથી જુદો, અર્થાત્ પ્રતિકૂળ બુદ્ધિ વિના પણ જે વિનાશ સૂક્ષ્મરૂપે પ્રતિક્ષણે થાય તે. આકાશ તો આવરણનો અભાવ માત્ર છે. આ ત્રણ અનિર્વાચ્ય એટલે કે અવસ્તુ છે.

૧૦. **पदार्थानां च नाशक...**- બૌદ્ધોને મતે બધા પદાર્થો ક્ષણિક છે અને દરેક પૂર્વક્ષણનો પદાર્થ પછીની ક્ષણના પદાર્થને ઉત્પન્ન કરે છે તેથી ધારાવાહિક સન્તાન ઉત્પન્ન થાય છે. એ સન્તાન અર્થાત્ પ્રવાહનો અટકાવનાર કોઈ પ્રતિબન્ધ હોય તો જ સંતતિનો વિચ્છેદ થાય, પણ જે ક્ષણિક હોય તેને નાશ કરનાર અર્થાત્ પ્રતિબન્ધક સાથે કોઈ સંબન્ધ હોતો નથી. આમ હોવાથી સન્તાનનો વિચ્છેદ ન થવાથી બુદ્ધિપૂર્વકનો વિનાશ થઈ શકતો નથી.

૧૧. **द्वितीयः क्षणिकाङ्गीकारेणैव...**- બધા પદાર્થો ક્ષણિક છે એમ સ્વીકારવાને લીધે પદાર્થોનો વિનાશ આપોઆપ સિદ્ધ થવાથી અપ્રતિસંખ્યાનિરોધ માનવાની જરૂર નથી.

૧૨. **क्षणिकवादिनो मिथ्यावादिनश्च...**- પુરુષોત્તમજીને મતે વૈભાષિકો અને સૌત્રાન્તિકો ક્ષણિકવાદીઓ છે તો મિથ્યાવાદીઓથી વિજ્ઞાનવાદીઓ સમજવાના છે.

૧૩. **आकाशेऽपि सर्वपदार्थवत्...**- બૌદ્ધોને મતે આકાશ અવસ્તુ છે, તેના જવાબમાં કહ્યું છે કે બીજા ભૂતોની માફક જ આકાશ પણ વસ્તુ તરીકે વ્યવહારને પાત્ર છે. જેમ પૃથ્વી પર ઘડો અથવા જલમાં નૌકા એમ બોલાય છે તેમ આકાશમાં ગીધ,કે બાજ પક્ષી એવો વ્યવહાર થાય છે એટલે આકાશ પણ વસ્તુ છે.

૧૪. **उदासीनानाम...**- ઉદાસીન એટલે ખેતી વગેરે કર્મ અને હળ જેવાં સાધનોરહિત. અર્થાત્ અભાવથી જો વસ્તુ ઉત્પન્ન થતી હોય તો કાંઈ પણ ન કરનારા અને સાધન વગરનાને પણ વસ્તુઓ પ્રાપ્ત થવી જોઈએ.

नाभाव उपलब्धेः ॥२८॥ (२.२.५)

एवं कारणासत्त्वं निराकृत्य विज्ञानवाद्यभिमतं प्रपञ्चासत्यत्वं निराकरोति । स च ज्ञानातिरिक्तः प्रपञ्चो नास्तीत्याह तन्न । अस्य प्रपञ्चस्य नाभावः । उपलब्धेः उपलभ्यते हि प्रपञ्चः । यस्तूपलभमानः नाहमुपलभ इति वदति स कथमुपादेयवचनः स्यात् ॥२८॥

वैधर्म्याच्च न स्वप्नादिवत् ॥२९॥

ननूपलब्धिमात्रेण न वस्तुसत्त्वं स्वप्नमायाभ्रमेष्वन्यथा दृष्टत्वात् इति चेन्न । वैधर्म्यात् । स्वप्नादिषु तदानीमेव स्वप्नान्ते वा वस्तुनोन्यथाभावोपलम्भात् । न तथा जागरिते, वर्षानन्तरमपि दृश्यमानः स्तम्भः स्तम्भ एव । स्वस्य मोक्षे प्रवृत्तिव्याघातश्चकारार्थः ॥२९॥

न भावोनुपलब्धेः ॥३०॥

यदप्युच्यते बाह्यार्थव्यतिरेकेणापि वासनया ज्ञानवैचित्र्यं भविष्यतीति तन्न । वासनानां न भाव उपपद्यते । त्वन्मते बाह्यार्थस्यानुपलब्धेः । उपलब्धस्य हि वासनाजनकत्वम् । अनादित्वेप्यन्धपरम्परान्यायेनाप्रतिष्ठैव । अर्थव्यतिरेकेण वासनाया अभावाद्वासनाव्यतिरेकेणाप्यर्थोपलब्धेरन्वयव्यतिरेकाभ्यामर्थसिद्धिः ॥३०॥

क्षणिकत्वाच्च ॥३१॥

⟨वासनाया आधारोपि नास्ति । आलयविज्ञानस्य क्षणिकत्वाद्वृत्तिविज्ञानवत् । एवं सौत्रान्तिको विज्ञानवादी च प्रत्युक्तः, माध्यमिकस्तु मायावादिवदत्यसम्बद्धभाषित्वादुपेक्ष्य इति न निराक्रियत आचार्येण ॥३१॥⟩

सर्वथानुपपत्तेश्च ॥३२॥

किं बहुना । बाह्यवादो यथा यथा विचार्यते तथा तथा असम्बद्ध एवेत्यलं विस्तरेण । चकाराद्वेदविरोधो मुख्यः ॥३२॥

॥ इति पञ्चमं नाभाव उपलब्धेरित्यधिकरणम् ॥

અધિકરણ-૫

નાભાવ ઉપલબ્ધેરિત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૨૮-૩૨

સૂત્ર-૨૮ : અભાવ નથી કારણ કે ઉપલબ્ધિ છે. (૨.૨.૨૮)

આ રીતે કારણના અસત્ત્વનું નિરાકરણ કરીને વિજ્ઞાનવાદીએ સ્વીકારેલા પ્રપંચના અસત્ત્વનું નિરાકરણ કરે છે. તે કહે છે કે જ્ઞાનથી જુદો પ્રપંચ નથી. તેવું નથી. આ પ્રપંચનો અભાવ નથી, કારણ કે (તેની) ઉપલબ્ધિ છે. પ્રપંચ ખરેખર ઉપલબ્ધ થાય છે. ઉપલબ્ધ કરનાર' જો હું ઉપલબ્ધ કરતો નથી એમ કહે તેનાં વચનો કેવી રીતે ઉપાદેય બને ?

સૂત્ર-૨૯ : જુદા ધર્મોને લીધે સ્વપ્નના જેવું નથી. (૨.૨.૨૯)

(શંકા) માત્ર ઉપલબ્ધિથી વસ્તુનું સત્ત્વ સિદ્ધ થતું નથી. સ્વપ્ન, માયા અને ભ્રમમાં અન્યથા દેખાય છે, એમ કહો તો (જવાબ) એવું નથી; કારણ કે એના ધર્મો જુદા છે. ત્યારે જ અથવા સ્વપ્નને અન્તે વસ્તુ જુદી છે એમ ઉપલબ્ધ થાય છે.

જાગ્રત્ અવસ્થામાં તેવું નથી. વર્ષ પછી દેખાતો થાંભલો થાંભલો જ છે. પોતાના મોક્ષમાં પ્રવૃત્તિનો વ્યાઘાત થાય છે એમ च નો અર્થ છે[૨].

સૂત્ર-૩૦ : અસ્તિત્વ નથી, કારણ કે ઉપલબ્ધિ નથી. (૨.૨.૩૦)

એમ કહેવાય છે કે બાહ્ય પદાર્થ વિના પણ વાસનાને લીધે જ્ઞાનનું વૈવિધ્ય થશે તે યોગ્ય નથી. વાસનાઓનું અસ્તિત્વ બંધબેસતું નથી. તમારે મતે બાહ્ય પદાર્થ ઉપલબ્ધ થતો નથી. જે ઉપલબ્ધ હોય તે જ વાસનાને ઉત્પન્ન કરે છે. અનાદિત્વ માનીએ તો પણ અન્ધપરંપરાન્યાયથી અપ્રતિષ્ઠા જ ફળે છે[૩]. પદાર્થથી જુદી વાસનાનું અસ્તિત્વ નથી, તથા વાસના સિવાય પણ પદાર્થ ઉપલબ્ધ થાય છે એમ અન્વય વ્યતિરેકથી[૪] પદાર્થ સિદ્ધ થાય છે.

સૂત્ર-૩૧ : અને ક્ષણિકત્વને લીધે. (૨.૨.૩૧)

વાસનાને કોઈ આધાર નથી, કારણ કે આલયવિજ્ઞાન ક્ષણિક છે, વૃત્તિવિજ્ઞાનની[૫] માફક. આમ સૌત્રાન્તિક અને વિજ્ઞાનવાદીનું નિરાકરણ કર્યું. માધ્યામિક (શૂન્યવાદી) માયાવાદીની માફક અસંબદ્ધ વચનો બોલતો હોવાથી ઉપેક્ષા કરવા યોગ્ય છે તેથી આચાર્યે એનું નિરાકરણ કર્યું નથી.

સૂત્ર-૩૨ : સર્વથા અનુપપન્ન હોવાથી. (૨.૨.૩૨)

વધારે શું ? બાહ્ય (વેદથી બાહ્ય) વાદનો જેમ જેમ વિચાર કરવામાં આવે છે તેમ તેમ અસંબદ્ધ જ લાગે છે એટલે વિસ્તાર કરવો જરૂરી નથી. च થી વેદનો વિરોધ મુખ્ય છે.

ટિપ્પણ

૧. **उपलभमान...**- પુરુષોત્તમજી उपलभत् એવો પાઠ નોંધીને વ્યાકરણની દૃષ્ટિએ સમજાવતાં કહે છે उपलभन्नेवेति पाठे तु औणादिकोऽतिप्रत्ययः । उणादीनां सर्वधातुभ्यो भवनात् । ''वर्तमाने पृषद् बृहत्-महत्-जगत्शतृवच्च'' इति शतृवद्भावान्नुम् । ગોપેશ્વરજી પણ આ પ્રયોગ સમજાવવાનો પ્રયત્ન કરે છે.

૨. **स्वस्य मोक्ष...**- વિજ્ઞાનવાદીઓને મતે બાહ્ય પદાર્થનું અસ્તિત્વ નથી. હવે પ્રવૃત્તિ બાહ્ય પદાર્થ વિશેની હોય છે; મોક્ષ માટે પણ પ્રવૃત્તિ થાય છે. જો બાહ્ય પદાર્થ જ ન હોય તો પ્રવૃત્તિ પણ થઈ શકતી નથી.

૩. **अनादित्वेऽपि...**- વાસનાથી વિજ્ઞાન અને વિજ્ઞાનથી વાસના એમ અનાદિ ચક્ર સ્વીકારીએ તો પણ અન્ધપરંપરાન્યાયથી જ્ઞાનથી પ્રતિષ્ઠા નથી.

૪. **अन्वयव्यतिरेकाभ्याम्...**- અર્થ સિવાય વાસનાનો અભાવ તે અન્વય અને વાસના શિવાય પદાર્થની ઉપલબ્ધિ તે વ્યતિરેક. આમ પદાર્થનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

૫. **वृत्तिविज्ञानवत्...**- વાસનાને ઉત્પન્ન કરનાર, આગલી ક્ષણનું વિજ્ઞાન તે

વૃત્તિવિજ્ઞાન, તેનો આધાર તે આલયવિજ્ઞાન પણ ક્ષણિક છે. જ્યારે વૃત્તિવિજ્ઞાનથી વાસના ઉત્પન્ન કરવાની હોય ત્યારે તેના આધારરૂપ આલયવિજ્ઞાન નાશ પામ્યું હોવાથી વાસનાની ઉત્પત્તિ સમજાવી શકાતી નથી.

नैकस्मिन्नसम्भवात् ॥३३॥ (२.२.६)

विवसनसमयो निराक्रियते । ते ह्यन्तर्निष्ठाः प्रपञ्च उदासीनाः सप्त विभक्तीः परेच्छया वदन्ति । स्याच्छब्दोभीष्टवचनः । अस्तिनास्त्यवक्तव्यानां प्रत्येकसमुदायाभ्यां स्यात्पूर्वकः सप्तप्रकारो भवति । तदेकस्मिन् योजयन्ति । तद् विरोधेनासम्भवादयुक्तम् ॥३३॥

एवञ्चात्माकात्स्न्र्यम् ॥३४॥

ननु कथं बहिरुदासीनस्य तद्दूषणमत आह । एवमपि सत्यात्मनो वस्तुपरिच्छेदादकात्स्न्र्यं न सर्वत्वम् ।

अथवा शरीरपरिमाण आत्मा चेत्तदा सर्वशरीराणामतुल्यत्वादात्मनो न कात्स्न्र्यं न कृत्स्नशरीरतुल्यत्वम् ॥३४॥

न च पर्यायादप्यविरोधो विकारादिभ्यः ॥३५॥

शरीराणामवयवोपचयापचयानुसारेणात्मनोपि देवतिर्यङ्मनुष्येष्ववयवोपचयापचयाभ्यां तत्तुल्यता स्यात् तथा सति पर्यायेणाविरोध इति न वक्तव्यम् । तथा सति विकारापत्तेः सङ्कोचविकासेपि विकारस्य दुष्परिहरत्वात् ॥३५॥

अन्त्यावस्थितेश्चोभयनित्यत्वादविशेषः ॥३६॥

अन्त्यावस्थितिर्मुक्तिसमयावस्थितिस्तस्माद्धेतोः । पूर्वदोषपरिहाराय चोभयनित्यत्वं भवेदणुत्वं वा महत्त्वं वा । उभयथापि शरीरपरिमाणो न भवतीति न तवार्थसिद्धिः ॥३६॥

इति षष्ठं नैकस्मिन्नसम्भवादित्यधिकरणम् ॥

અધિકરણ-૬

નૈકસ્મિન્નસંભવાદિત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૩૩-૩૬

સૂત્ર-૩૩ : એકમાં સંભવ ન હોવાથી (૨.૨.૩૩)

જૈનોના મતનું નિરાકરણ કરવામાં આવે છે. તેઓ અન્તર્નિષ્ઠ છે, પ્રપંચ પ્રત્યે ઉદાસીન છે. તેઓ અન્યની ઈચ્છાથી સાત પ્રકારો કહે છે. સ્યાત્ શબ્દ અભિષ્ટ ને માટે છે. છે, નથી, અવર્ણનીય છે, એમ પ્રત્યેક અને સમુદાયથી સ્યાત્ પૂર્વક સાત પ્રકારો થાય છે[1]. તેને એકમાં યોજે છે તે વિરોધને લીધે અસંભવ હોવાથી અયોગ્ય છે[2].

સૂત્ર-૩૪ : આમ હોવા છતાં આત્મા અકૃત્સ્ન છે. (૨.૨.૩૪)

(શંકા) બાહ્ય વિષયો માટે ઉદાસીન એવા તેને આ દોષ કેવી રીતે લાગે ? તો (જવાબ) કહે છે કે એમ હોવા છતાં વસ્તુ પરિચ્છેદને લીધે આત્માનું સર્વત્વ સ્વીકારાતું નથી[3].

અથવા આત્મા શરીર જેટલા પરિમાણવાળો છે એમ માનો તો બધાં શરીરો સરખાં નથી હોતાં તેથી કૃત્સ્નતા એટલે આખા શરીર જેવડો થઈ શકતો નથી[4].

સૂત્ર-૩૫ : પર્યાયથી પણ અવિરોધ નથી, વિકારાદિને લીધે (૨.૨.૩૫)

(શંકા) શરીરોમાં અવયવોનો ઉપચય અને અપચય થાય છે તે અનુસાર આત્મામાં પણ દેવો, પક્ષીઓ, મનુષ્યોમાં અવયવોના ઉપચય અને અપચય દ્વારા શરીરની તુલ્યતા થાય, તેમ થતાં ક્રમશઃ જુદી અવસ્થાઓને લીધે વિરોધ નહિ થાય એમ કહેવું નહિ. તેમ થતાં વિકાર આવી પડે તેથી સંકોચ અને વિકાસ માં પણ વિકાર દૂર કરવો મુશ્કેલ છે.

સૂત્ર-૩૬ : અન્ત્યાવસ્થાને લીધે ઉભયનિત્યતા હોવાથી વિશેષ નથી. (૨.૨.૩૬)

અન્ત્યાવસ્થિતિ એટલે મુક્તિ સમયની અવસ્થિતિ. તે હેતુથી પૂર્વે કહેલા દોષના પરિહાર માટે બન્ને અવસ્થામાં નિત્યતા થાય[5], અણુત્વ અથવા મહત્વ. બન્ને રીતે જીવ શરીરપરિમાણ થતો નથી એટલે તમારો અર્થ સિદ્ધ થતો નથી.

ટિપ્પણ

૧. **अस्तिनास्त्यवक्तव्यानाम्...**- સાત પ્રકારો આ રીતે છે. स्यात् अस्ति કોઈક પ્રકારે છે. स्यात् न अस्ति- કોઈક પ્રકારે નથી स्यात् अवक्तव्यः કોઈક પ્રકારે અવક્તવ્ય છે. स्यात् अस्ति च नास्ति च કોઈક પ્રકારે છે અને કોઈક પ્રકારે નથી. स्यात् अस्ति च अवक्तव्यश्च: કોઈક પ્રકારે છે અને અવક્તવ્ય છે : स्यात् नास्ति च अवक्तव्यश्च કોઈક પ્રકારે નથી અને અવક્તવ્ય છે. स्यात् अस्ति च नास्ति च अवक्तव्यश्च કોઈક પ્રકારે છે, નથી અને અવક્તવ્ય છે.

૨. **तद् विरोधेन...**- પરસ્પર વિરોધી ભાવ એકમાં હોઈ શકે નહિ. પુરુષોત્તમજી કહે છે કે વિરુદ્ધધર્માશ્રયત્વ માત્ર બ્રહ્મમાં જ હોઈ શકે છે.

૩. **आत्मनो वस्तुपरिच्छेदात्...**- જૈનોન મતે સૃષ્ટિ પરમાણુઓમાંથી છે. આમ આત્મા પણ જન્ય હોવાથી જીવ પરિચ્છિન્ન થતાં એ સર્વને વ્યાપી ન શકે. અહીં વસ્તુનો અર્થ શરીર અથવા આત્મા ગણી શકાય. જો વસ્તુ એટલે શરીર માનીએ તો વસ્તુનો-શરીરનો પરિચ્છેદ માનવો પડે. જો વસ્તુને આત્મા ગણીએ તો આત્મા દેહમાત્ર થાય. આ અર્થ ગોપેશ્વરજી પ્રમાણે છે.

૪. **शरीरपरिमाण आत्मा चेत्**- સૂત્રનું બીજી રીતે અર્થઘટન કરેલું છે. જો જીવનું પરિમાણ શરીર જેવડું હોય તો બધાં શરીરો જુદાં જુદાં હોવાથી જીવ આખા શરીરને આવરી શકતો નથી.

૫. **पूर्वदोषपरिहाराय...**- પૂર્વદોષ એટલે પૂર્વોક્ત દોષ. જૈનોને મતે મોક્ષાવસ્થામાં જીવનું જે પરિમાણ હોય છે તે નિત્ય છે કારણ કે એ પછી બીજો કોઈ

દેહ પ્રાપ્ત થતો નથી. આગલા સૂત્રમાં દેહપરિમાણમાં વિકારાદિ દોષ છે એમ કહ્યું જ છે. તે દૂર કરવા માટે સંસાર અને મોક્ષ બન્ને અવસ્થાઓમાં અણુ અથવા મહત્ એમ નિત્ય પરિમાણ હોવું જોઈએ. આમ સંસારી જીવનું પરિમાણ પણ નિત્ય છે એટલે દેહપરિમાણ નથી.

पत्युरसामञ्जस्यात् ॥३७॥ (२.२.७.)

परभिप्रेतान् जडजीवान्निराकृत्येश्वरं निराकरोति ।

वेदोक्तादणुमात्रेपि विपरीतन्तु यद् भवेत् ।
तादृशं वा स्वतन्त्रं चेदुभयं मूलतो मृषा ॥

तार्किकादिमतं निराकरोति । पतिश्चेदीश्वरस्तस्माद्भिन्नस्तदा विषमकरणाद्वैषम्यनैर्घृण्ये स्याताम् । कर्मपेक्षायां त्वनीश्वरत्वम्।युक्तिभूलत्वाद्दोषः । असामञ्जस्याद्धेतोर्न पतित्वेनेश्वरसिद्धिः ॥३७॥

सम्बन्धानुपपत्तेश्च ॥३८॥

जीवब्रह्मणोर्विभुत्वादजसंयोगस्यानिष्टत्वात् पतित्वानुपपत्तिः । तुल्यत्वादप्यनुपपत्तिरिति चकारार्थः ॥३८॥

अधिष्ठानानुपपत्तेश्च ॥३९॥

स च ईश्वरो जगत्कर्तृत्वेन कल्प्यमानो लौकिकन्यायेन कल्पनीयः । स चाधिष्ठित एव किञ्चित् करोतीतीश्वरेप्यधिष्ठानमङ्गीकर्तव्यम् । तस्मिन् कल्प्यमाने मतविरोधः, अनवस्था, असम्भवश्च ॥३९॥

करणवच्चेन्न भोगादिभ्यः ॥४०॥

करणवदङ्गीकारेसम्बन्धदोषः परिहृतो भवति । तच्च न युक्तं, भोगादिप्रसक्तेः ॥४०॥

अन्तवत्त्वमसर्वज्ञता वा ॥४१॥

ईश्वरः प्रकृतिजीवनियमार्थमङ्गीकृतः । तत्तु तयोः परिच्छेदे सम्भवति । ततश्च लोकन्यायेन जीवप्रकृत्योरन्तवत्त्वं भवेत् । ततश्चानित्यतायां मोक्षशास्त्रवैफल्यम् । एतद्दोषपरिहाराय विभुत्वनित्यत्वेङ्गीक्रियमाणे सम्बन्धाभावादसर्वज्ञता वा स्यात् । तस्मादसङ्गतस्तार्किकवादः ॥४१॥

॥ इति सप्तमम्पत्युरसामञ्जस्यादित्यधिकरणम् ॥

અધિકરણ-૭

પત્યુરસામંજસ્યાદિત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૩૭-૪૧

સૂત્ર-૩૭ : પતિનો (સ્વીકાર) અસમંજસ હોવાથી (૨.૨.૩૭)

બીજાએ માનેલા જડ અને જીવોનું નિરાકરણ કરીને ઈશ્વરનું નિરાકરણ કરે છે. વેદમાં કહેલાથી જે અણુમાત્ર પણ વિપરીત હોય, અથવા તેવું જે સ્વતંત્ર હોય તે બન્ને મૂળથી ખોટાં છે.

તાર્કિકાદિમતનું[1] નિરાકરણ કરે છે. પતિ ઈશ્વર હોય અને જીવથી જુદો હોય તો વિષમતાથી કરવાને લીધે પક્ષપાત અને નિર્દયતા આવે છે. કર્મની અપેક્ષા હોય તો અનીશ્વરત્વનો પ્રસંગ આવે. (તેમનો મત) યુક્તિને આધારે[2] હોવાથી દોષ પ્રાપ્ત થાય છે. (આમ) અસમંજસતાના હેતુથી પતિરૂપે ઈશ્વર સિદ્ધ થતો નથી.

સૂત્ર-૩૮ : અને સંબન્ધની અનુપપત્તિ હોવાથી. (૨.૨.૩૮)

જીવ અને બ્રહ્મ (બન્ને) વિભુ છે, તથા નિત્ય સંયોગ અનિષ્ટ હોવાથી પતિત્વ (અર્થાત્ નિયામકત્વ) ઉપપન્ન નથી[3]. સરખાપણાને લીધે પણ અનુપપત્તિ છે[4]. એવો च નો અર્થ છે.

સૂત્ર-૩૯ : અધિષ્ઠાનની અનુપપત્તિ હોવાથી (૨.૨.૩૯)

જગતના કર્તારૂપે જેની કલ્પના કરવામાં આવે છે, તે ઈશ્વરની કલ્પના લૌકિકન્યાયથી કરવી જોઈએ. તે અધિષ્ઠાનને આધારે જ કાંઈ પણ કરે છે એટલે ઈશ્વરમાં પણ અધિષ્ઠાન સ્વીકારવું જોઈએ. તેની કલ્પના કરતાં મતવિરોધ, અનવસ્થા અને અસંભવ[5] થાય છે.

સૂત્ર-૪૦ : કરણની માફક એમ કહો તો તેવું નથી; ભોગ વગેરેને લીધે. (૨.૨.૪૦)

(શંકા) કરણની માફક[6] એમ સ્વીકારતાં અસંબન્ધદોષનો પરિહાર થાય છે. (જવાબ) તે યોગ્ય નથી; કારણ કે ભોગ વગેરેનો પ્રસંગ આવે છે.[7]

સૂત્ર-૪૧ : અન્તવાળું બને અથવા અસર્વજ્ઞતા આવે. (૨.૩.૪૧)

પ્રકૃતિ અને જીવના નિયમન માટે ઈશ્વર સ્વીકારેલો છે. જો તે બે પરિચ્છિન્ન હોય તો તે સંભવે છે. તો પછી લોકન્યાયથી જીવ અને પ્રકૃતિ અન્તવાળાં બને[8] પછી અનિત્યતા પ્રાપ્ત થતાં મોક્ષશાસ્ત્ર નિષ્ફળ જાય. અથવા એ દોષ દૂર કરવા માટે વિભુત્વ અને નિત્યત્વનો સ્વીકાર કરવામાં આવે તો સંબન્ધના અભાવને લીધે અસર્વજ્ઞતા પ્રાપ્ત થાય,[9] તેથી તાર્કિકોનો વાદ અસંગત છે.

ટિપ્પણ

૧. **तार्किकादिमतम्**- તાર્કિક મત નૈયાયિક, વૈશેષિકના અર્થમાં છે. આદિથી કાપાલિક, કાલમુખ, શૈવ, પાશુપત, પાતંજલ વગેરે ગણી શકાય. ઈશ્વરને નિમિત્ત કારણ માનતો વાદ સમજવાનો છે.

૨. **युक्ति मूलत्त्वाद्दोषः** - તાર્કિકોનો મત તર્કને આધારે હોવાથી દોષ છે, વેદાન્ત શ્રુતિ પર આધાર રાખે છે તેથી આવો દોષ આવતો નથી.

૩. **जीवब्रह्मणोर्विभुत्वात्...**- જીવ અને બ્રહ્મ બન્ને સર્વવ્યાપક હોવાથી કર્મજ

સંયોગ શક્ય નથી. તે જ રીતે બન્ને અવયવરહિત હોવાથી અવયવોને લીધે પણ સંયોગ શક્ય નથી. ઈશ્વરને નિમિત્ત ગણતાં સંયોગ તો જરૂરી છે. જો કર્મજ કે અવયવજ સંયોગ ન હોય તો સંયોગ અજન્ય અર્થાત નિત્ય છે એમ માનવું પડે પણ તે અનિષ્ટ હોવાથી સંયોગ સમજાવી શકાતો નથી.

૪. **तुल्यात्वादपि...**- ઈશ્વર અને જીવ બન્ને ચિદ્રૂપ તથા સર્વવ્યાપક છે. આમ બન્ને સમાન હોવાથી નિયમ્ય અને નિયામકનો સંબન્ધ બંધ બેસતો નથી.

૫. **मतविरोधः, अनवस्था, असंभवश्च** - લોકમાં કર્તાને શરીરરૂપી અધિષ્ઠાન હોય છે તેમ ઈશ્વરના પણ અધિષ્ઠાનની કલ્પના કરવી પડે. હવે સાવયવ શરીરને નિત્ય માનીએ તો સાવયવ એવા જગતને પણ નિત્ય માનવું પડે. એટલે ઈશ્વર સિદ્ધ ન થતાં ઈશ્વરને સિદ્ધ કરવાના તાર્કિકોનો મતનો વિરોધ આવે. હવે જો શરીર અનિત્ય હોય તો એનો કર્તા કોણ ? જો જીવને કર્તા માનીએ તો તે યોગ્ય નથી. કારણ કે એને શરીર નથી. જો એને શરીર છે એમ માનીએ તો એનો કર્તા કોણ એવો પ્રશ્ન થાય છે. પરિણામે અનવસ્થા થાય છે. હવે ઈશ્વર જાતે જ પોતાનું શરીર કરે એમ માનીએ તો શરીરરહિત એવો ઈશ્વર પોતાનું શરીર કરી ન શકે એમ અસંભવ દોષ પ્રાપ્ત થાય છે.

૬. **करणवदङ्गीकारे...**- જીવ શરીરરહિત હોવા છતાં મન, ચક્ષુ વગેરે કરણગ્રામના અધિષ્ઠાતારૂપે તેને તે તે કાર્યમાં પ્રેરે છે તેમ ઈશ્વર પણ શરીરરહિત હોવા છતાં બધા જીવોનો અધિષ્ઠાતા થશે એવો પૂર્વપક્ષીનો મત છે. અહીં करणवत् એ દ્વિતીયાના અર્થમાં वत् પ્રત્યય છે.

૭. **भोगादिप्रसक्तेः** - કરણસમૂહનો અધિષ્ઠાતા જીવ પુણ્યપાપ અનુસાર સુખદુઃખ ભોગવે છે તથા રાગદ્વેષથી યુક્ત હોય છે, તેવી રીતે ઈશ્વરને પણ ભોગ વગેરેનો પ્રસંગ આવે.

૮. **जीवप्रकृत्योरन्तवत्त्वं भवेत्...**- ઈશ્વર જીવનો નિયામક ત્યારે જ બને જો જીવ અને પ્રકૃતિ પરિચ્છિન્ન હોય. હવે જે પરિચ્છિન્ન છે તેને અન્ત હોય છે અર્થાત્ તે અનિત્ય હોય છે; અને તો પછી મોક્ષને પ્રાતિપાદક શાસ્ત્ર નિરર્થક થાય.

૯. **सम्बन्धाभावादसर्वज्ञता...**- જો જીવને અને પ્રકૃતિને નિત્ય અને વ્યાપક એટલે કે અપરિચ્છિન્ન માનીએ તો જે અપરિચ્છિન્ન છે તે આકાશની માફક અજ્ઞેય છે, એ ન્યાયે ઈશ્વરને એમનું જ્ઞાન ન થાય એટલે ઈશ્વરને સર્વજ્ઞ કહી ન શકાય.

उत्पत्त्यसम्भवात् ॥४२॥ (२.२.८.)

भागवतमते कञ्चिदंशं निराकरोति । ते चतुर्व्यूहोत्पत्तिं वदन्ति । वासुदेवात् सङ्कर्षणः, तस्मात् प्रद्युम्नः । तस्मादनिरुद्ध इति । तत्रैषामीश्वरत्वं सर्वेषामुत सङ्कर्षणस्य जीवत्वं अन्यान्यत्वम् । उत्पत्तिपक्षे जीवस्योत्पत्तिर्न सम्भवति । तथा सति पूर्ववत् सर्वनाशः स्यात् ॥४२॥

न च कर्तुः करणम् ॥४३॥

कर्तुः सङ्कर्षणसंज्ञकाज्जीवात् प्रद्युम्नसंज्ञकं मन उत्पद्यत इति । तल्लोके न सिद्धम् । न हि कुलालाद्दण्ड उत्पद्यत इति । चकारादग्रिमस्य निराकरणम् ॥४३॥

विज्ञानादिभावे वा तदप्रतिषेधः ॥४४॥

अथ सर्वे परमेश्वराः विज्ञानादिमन्त इति । तथा सति तदप्रतिषेधः । ईश्वराणामप्रतिषेधः । अनेकेश्वरत्वञ्च न युक्तमित्यर्थः । वस्तुतस्तु स्वातन्त्र्यमेव दोषः ॥४४॥

विप्रतिषेधाच्च ॥४५॥

बहुकल्पनया वेदनिन्दया च विप्रतिषेधः । चकाराद्वेदप्रक्रियाविरोधः ॥४५॥

॥ इति अष्टममुत्पत्त्यसम्भवादित्यधिकरणम् ॥

॥ इति द्वितीयेऽध्याये द्वितीयः पादः ॥

અધિકરણ-૮

ઉત્પત્ત્યસંભવાદિત્યધિકરણ

સૂત્રો : ૨.૨.૪૨-૪૫

સૂત્ર-૪૨ : ઉત્પત્તિનો સંભવ ન હોવાથી (૨.૨.૪૨)

ભાગવત મતમાં કોઈક અંશનું નિરાકરણ કરે છે. તેઓ ચતુર્વ્યૂહની ઉત્પત્તિ કહે છે. વાસુદેવમાંથી સંકર્ષણ, તેમાંથી પ્રદ્યુમ્ન, અને તેમાંથી અનિરુદ્ધ એમ (ઉત્પત્તિ કહી છે) તેમાં બધાનું ઈશ્વરત્વ છે કે સંકર્ષણનું જીવત્વ છે અને બીજા જુદા છે[1] (એવી શંકા જાય છે) ઉત્પત્તિ થાય છે એ પક્ષમાં જીવની ઉત્પત્તિ સંભવતી નથી. જો એમ હોય તો પહેલાંની જેમ બધાનો નાશ થાય[2].

સૂત્ર-૪૩ : વળી કર્તામાંથી કરણ થાય નહિ. (૨.૨.૪૩)

કર્તા એટલે સંકર્ષણ નામે જીવમાંથી પ્રદ્યુમ્ન નામે મન ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. તે લોકમાં સિદ્ધ નથી. કુંભારમાંથી દંડ ઉત્પન્ન થતો નથી. એના પછી જે કહ્યું છે[3] તેનું નિરાકરણ च થી થાય છે.

સૂત્ર-૪૪ : અથવા વિજ્ઞાન વગેરે સ્વીકારતાં તેનો પ્રતિષેધ નથી. (૨.૨.૪૪)

હવે વિજ્ઞાન વગેરે વાળા બધા પરમેશ્વરો છે એમ (સ્વીકારતાં) તેનો પ્રતિષેધ ન થાય, ઈશ્વરનો પ્રતિષેધ ન થાય.[4] અનેક ઈશ્વરોનો મત યોગ્ય નથી. ખરેખર તો સ્વતંત્રતા જ દોષ છે.

સૂત્ર-૪૫ : વળી વિરોધ છે તેથી. (૨.૨.૪૫)

અનેક કલ્પના અને વેદનિન્દાથી[5] વિરોધ આવે છે. વેદપ્રક્રિયાનો વિરોધ[6] च થી બતાવ્યો છે.

ટિપ્પણ

૧. **अन्यान्यत्वम्**- વાસુદેવ ઈશ્વર છે, સંકર્ષણ જીવ છે. બાકીના બે પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ મન અને અહંકાર છે. મન અને અહંકાર જડ છે.

૨. **पूर्ववत् सर्वनाशः स्यात्**- જો જીવ ઉત્પન્ન થાય તો એનો નાશ પણ થાય. આમ હોવાથી આગલા અધિકરણમાં કહ્યું છે તેમ, વિકાર-અનિત્યત્વ વગેરે આવતાં બધું નાશ પામે, માટે જીવની ઉત્પત્તિ સ્વીકારી શકાય નહિ.

૩. **चकारादग्निमस्य...**- કર્તામાંથી કરણ એટલે સાધન ઉત્પન્ન થતું નથી એટલે જીવમાંથી મન ઉત્પન્ન થાય નહિ. આગળ કહ્યું છે કે પ્રદ્યુમ્નમાંથી અનિરુદ્ધ એટલે મનમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે તે પણ યોગ્ય નથી.

૪. **बहुकल्पनया वेदनिन्दया च...**- સંકર્ષણ તે જીવ, પ્રદ્યુમ્ન તે મન અને અનિરુદ્ધ તે અહંકાર એમ કહ્યા પછી બધા પરમેશ્વરો છે એમ કહ્યું છે. આમ અનેક ઈશ્વરોની કલ્પના છે વળી વેદોમાં પરમ શ્રેય પ્રાપ્ત ન થતાં શાંડિલ્યે આ શાસ્ત્રનું અધ્યયન કર્યું એમ વેદનિન્દા છે.

૫. **वेदप्रक्रियाविरोधः** - તપ્તમુદ્રાનું ધારણ વગેરે જે સાધન પ્રકાર દર્શાવ્યો છે તે વેદની પ્રક્રિયાથી વિરુદ્ધ છે.

◆

॥ अथ द्वितीयेऽध्याये तृतीयः पादः ॥

न वियदश्रुतेः ॥१॥ (२.३.१)

श्रुतिवाक्येषु परस्परविरोधः परिह्रियते विप्रतिषेधपरिहाराय। मीमांसायास्तदर्थं प्रवृत्तत्वात् शक्त्यविरोधाभ्याम्। तथा च ब्रह्मवादे जडजीवयोर्विरुद्धांशनिराकरणाय तृतीयपादारम्भः।

द्विविधा हि वेदान्ते सृष्टिः। भूतभौतिकं सर्वं ब्रह्मण एव विस्फुलिङ्गन्यायेनैका। अपरा वियदादिक्रमेण। सा चानामरूपात्मनो नामरूपत्वेनाभिव्यक्तिः। सजडस्यैव कार्यत्वात्। तस्य जीवस्य त्वंशत्वेनैव न नामरूपसम्बन्धः।

"अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागमः नित्यापरिच्छिन्नतनौ प्राकट्यश्चेति सा त्रिधा।"

तत्र क्रमसृष्टौ सन्देहः। छान्दोग्ये हि "सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयमि" त्युपक्रम्य "तदैक्षत तत्तेजोसृजते" तितेजोबन्नसृष्टिरुक्ता, न वाय्वाकाशयोः। तैत्तिरीयके पुनः "ब्रह्मविदाप्नोति परमि" त्युपक्रम्य "तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूत" इति आकाशादिसृष्टिरुक्ता। उभयमपि क्रमसृष्टिवाचकमित्येकवाक्यता युक्ता। छान्दोग्ये मुख्यतया सृष्टिस्तैत्तिरीये गौणी। मुख्या त्वग्रे वक्ष्यते "सोकामयते"त्यादिना।

तत्र संशयः। किमाकाशमुत्पद्यते न वेति। किं तावत् प्राप्तम्। नोत्पद्यत इति। कुतः। अश्रुतेः। श्रुतिवादिनां श्रुत्यैव निर्णयः। श्रुतौ पुनर्मुख्ये क्रमसृष्टौ न श्रूयते ॥१॥

अस्ति तु ॥२॥

तुशब्दः पक्षं व्यावर्तयति। तैत्तिरीयके वियदुत्पत्तिरस्ति। यद्यपि मुख्ये नास्ति तथापि विरोधाभावादन्यत्रोक्तमप्यङ्गीकर्तव्यमेकवाक्यत्वाय। एकविज्ञानेन सर्वविज्ञानप्रतिज्ञानुरोधाच्च ॥२॥

गौण्यसम्भवात् ॥३॥

वियुदत्पत्तिर्गौणी भविष्यति। कुतः। असम्भवात्। न ह्याकाशस्योत्पत्तिः सम्भवति निरवयवत्वाद् व्यापकत्वाच्च। मुख्ये चाभावात्। एकविज्ञाने सर्वविज्ञानप्रतिज्ञा तु तदधिष्ठानत्वेन जीववत्तदंशत्वेन वा तच्छरीरत्वेन वा एकविज्ञानकोटिनिवेशात्। लोकेप्यवकाशं कुर्वित्यादौ गौणप्रयोगदर्शनात् ॥३॥

शब्दाच्च ॥४॥

"वायुश्चान्तरिक्षं च एतदमृत"मिति "आकाशवत् सर्वगतश्च नित्य" इति। न ह्यमृतस्य ब्रह्मदृष्टान्तभूतस्योत्पत्तिः सम्भवति ॥४॥

स्याच्चैकस्य ब्रह्मशब्दवत् ॥५॥

ननु कथं वियदुत्पत्तिर्गौणी भविष्यति । तत्र हि "सम्भूत" इत्येकमेव पदमुत्तरत्रावर्त्यते । तथा सत्युत्तरत्र मुख्या आकाशे गौणीति युगपद्वृत्तिद्वयविरोध इति चेन्न । एकस्यापि स्यात् क्वचित् मुख्या क्वचिद्गौणीति । ब्रह्मशब्दो यथा "तपसा ब्रह्म विजिज्ञासस्व" "तपो ब्रह्मे"ति, प्रथमवाक्ये मुख्या द्वितीये गौणी । न चात्र प्रयोगभेदोस्तीति वाच्यम् । सम्भूतशब्दोप्यावर्त्यते न तु तादृशार्थयुक्तोपि । आत्मसत्त्वेनैव तत्सत्त्वमिति सत्त्वगुणो वचनहेतुः । तत्तद्भावापन्नं ब्रह्मैव सर्वत्र कारणमिति नानेकलक्षणा । तत्तद्भावापत्तिविशेषणव्यावृत्त्यर्थमपि न लक्षणा । स्वभावतोपि ब्रह्मणः सर्वरूपत्वात् । तस्माद्गौणी आकाशसम्भूतिश्रुतिरित्येवं प्राप्ते इदमाह ॥५॥

प्रतिज्ञाहानिरव्यतिरेकाच्छब्देभ्यः ॥६॥

भवेदेतदेवं यदि छान्दोग्यश्रुतिर्न विरुध्येत । कथम् । एकविज्ञानेन सर्वविज्ञानप्रतिज्ञा बाध्येत । अव्यतिरेकात् अनुद्गमात् । यदि सम्बद्धमेव ब्रह्मणा आकाशं तिष्ठेत्तदा ब्रह्मविज्ञानेनाकाशविषयीकरणे तन्नैकविज्ञानम् । आकाशस्य च लौकिकत्वात् तज्ज्ञानं सर्वज्ञतायामपेक्षितमेव । न च जीववत् । लौकिकत्वात् । व्यवहारमात्रविषयत्वान्नातीन्द्रियत्वादिचिन्ता । अनुद्गमेपि वस्तुसामर्थ्यात् कथं प्रतिज्ञा हीयत इत्यत आह शब्देभ्यः । "येनाश्रुतं श्रुतं भवत्यमतं मतं भवत्यविज्ञातं विज्ञातं भवती" तिशब्दात् प्रकृतिविकारभावेनैव व्युत्पादयति ज्ञानम् । शब्देभ्यो हेतुभ्यः प्रतिज्ञाहानिरितियोजना ॥६॥

यावद्विकारन्तु विभागो लोकवत् ॥७॥

तुशब्द आकाशोत्पत्त्यसम्भावनशङ्कां वारयति । यद्यद्विकृतं तस्य सर्वस्य विभाग उत्पत्तिः । आकाशमपि विकृतं लौकिकव्यवहारविषयत्वात् । यथा लोके विकृतमात्रमुत्पद्यते । आकाशोत्पत्तौ श्रुत्या सिद्धाया "माकाशवत्सर्वगतश्च नित्यः" "आकाशशरीरं ब्रह्म" "स यथानन्तोयमाकाश एवमनन्त आत्मा वेदितव्यः" "आकाश आत्मा" इत्यादिश्रुतयः "समोनेन सर्वेण" "य आकाशे तिष्ठन्" "सर्वमात्मे" त्येवमादिभिरेकवाक्यतां लभन्ते । व्यवहारे त्वज्ञबोधनं वाक्यानामुपयोगः ॥७॥

॥ इति प्रथमं न वियदित्यधिकरणम् ॥

અધ્યાય-૨ : પાદ-૩

અધિકરણ-૧

ન વિયદિત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૧-૭

સૂત્ર-૧ : આકાશની ઉત્પત્તિ નથી, શ્રુતિ ન હોવાથી. (૨.૩.૧)

પ્રતિષેધના પરિહારને માટે શ્રુતિવાક્યોના પરસ્પર વિરોધનો પરિહાર કરવામાં આવે છે. શક્તિ અને અવિરોધના હેતુથી[1] મીમાંસા તે માટે પ્રવૃત્ત થઈ છે. અને

બ્રહ્મવાદમાં જડ અને જીવમાં (દેખાતા) વિરુદ્ધ અંશના નિરાકરણ માટે ત્રીજા પાદનો આરંભ થાય છે.

વેદાન્તમાં બે પ્રકારની સૃષ્ટિ છે. ભૂત-ભૌતિક બધું બ્રહ્મમાંથી જ વિસ્ફુલિંગ-ન્યાયથી થાય છે તે એક, અને આકાશાદિક્રમથી તે બીજી. નામરૂપ રહિત આત્માની નામરૂપસહિતની અભિવ્યક્તિ (તે સૃષ્ટિ). જે જડસહિત છે તે જ કાર્ય છે અને તે જીવ અંશ હોવાથી એને નામરૂપનો સંબન્ધ નથી.

જે અનિત્ય છે તેની ઉત્પત્તિ, નિત્ય અને પરિચ્છિન્ન છે તેમાં સમાગમ, તથા નિત્ય અને અપરિચ્છિન્ન સ્વરૂપમાં પ્રાકટ્ય એમ તે ત્રણ પ્રકારે છે[2].

ત્યાં ક્રમસૃષ્ટિમાં સંદેહ છે. છાન્દોગ્ય ઉપનિષદ્‌માં ''હે સૌમ્ય આ બધું પહેલાં સત્ જ હતું, એક અને અદ્વિતીય'' (છા.૬.૨.૧) એમ ઉપક્રમ કરીને, ''તેણે જોયું, તેણે તેજ સર્જ્યું'' (છા.૬.૨.૩) એમ તેજ, જળ અને અન્નની સૃષ્ટિ કહી છે, વાયુ અને આકાશની કહી નથી. તૈત્તિરીય ઉપનિષદ્‌માં ''બ્રહ્મવેત્તા પરને પ્રાપ્ત કરે છે.'' (તૈ.૨.૧) એમ ઉપક્રમ કરીને ''તે આ આત્મામાંથી ખરેખર આકાશ ઉત્પન્ન થયું.'' (તૈ.૨.૧) એમ આકાશ વગેરેની સૃષ્ટિ કહી છે. બન્ને ક્રમસૃષ્ટિ જણાવે છે એટલે એકવાક્યતા યોગ્ય છે. છાન્દોગ્યમાં સૃષ્ટિ મુખ્ય છે તો તૈત્તિરીયમાં ગૌણ છે[3]; મુખ્ય સૃષ્ટિ તો ''તેણે કામના કરી'' (તૈ.૨.૬) વગેરેથી આગળ કહેલી છે.

ત્યાં સંશય થાય છે : આકાશ ઉત્પન્ન થાય છે કે નહિ ? શું પ્રાપ્ત થયું ? (પૂર્વપક્ષ) ઉત્પન્ન થતું નથી. શાથી ? શ્રુતિ ન હોવાથી. શ્રુતિવાદીઓએ શ્રુતિથી જ નિર્ણય કરવો જોઈએ. શ્રુતિમાં મુખ્ય ક્રમસૃષ્ટિમાં શ્રવણ નથી.

સૂત્ર-૨ : પણ, છે. (૨.૩.૨)

(સિદ્ધાન્ત) તુ શબ્દથી પક્ષ બદલાય છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં આકાશની ઉત્પત્તિ છે. જો કે મુખ્યમાં નથી છતાં વિરોધના અભાવને લીધે અન્યત્ર કહેલું હોય તેનો પણ સ્વીકાર એકવાક્યતાને માટે કરવો[4]. વળી એકના જ્ઞાનથી સર્વના જ્ઞાનની પ્રતિજ્ઞાને અનુસરીને પણ એકવાક્યતા આવે છે.

સૂત્ર-૩ : અસંભવને લીધે ગૌણી છે. (૨.૩.૩)

(પૂર્વપક્ષ) આકાશની ઉત્પત્તિ ગૌણ અર્થમાં પ્રાપ્ત થશે. શાથી ? અસંભવને લીધે. આકાશ નિરવયવ અને વ્યાપક હોવાથી આકાશની ઉત્પત્તિ સંભવતી નથી. વળી મુખ્ય વર્ણનમાં અભાવ છે. એકના જ્ઞાનથી સર્વના જ્ઞાનની પ્રતિજ્ઞા તે અધિષ્ઠાનરૂપે હોવાથી, અથવા જીવની માફક તેનો અંશ હોવાથી અથવા તેનું શરીર હોવાથી એકવિજ્ઞાનની કોટિમાં મૂકાય[5]. લોકમા પણ ''અવકાશ કર'' એમ ગૌણ પ્રયોગોનું દર્શન થતું હોવાથી[6] (અહીં ગૌણ અર્થ લેવાનો છે.)

સૂત્ર-૪ : અને શબ્દને લીધે (૨.૩.૪)

૬. **लोकेऽप्यवकाशं कुर्वित्यादौ...**- વ્યવહારમાં ''અવકાશ-જગા કરો'' એવાં વાક્યો વપરાય છે. હવે આકાશ નિરવયવ અને વ્યાપક હોવા છતાં આવાં વાક્યો વપરાય છે તે બતાવે છે કે આકાશ શબ્દ ગૌણ અર્થમાં છે. તેમ અહીં પણ આકાશ વ્યાપક હોવા છતાં બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે તે વાક્ય તો બ્રહ્મની પ્રશંસા કરવા માટે હોવાથી અહીં આકાશની ઉત્પત્તિ ગૌણ અર્થમાં જ સમજવાની છે. દાખલા તરીકે गो अश्वा एव पशवो अन्ये त्वपशवः એ વાક્યમાં છાગાદિ પશુઓ હોવા છતાં अपशु કહ્યાં છે, કારણ કે ત્યાં ગાય-ઘોડાઓની પ્રશંસાનો ઉદ્દેશ છે. તેવી રીતે અહીં પણ બ્રહ્મની પ્રશંસા સમજવાની છે.

૭. **एवं सत्युत्तरत्र मुख्या...**- તૈત્તિરીય ઉપનિષદ્‌માં કહ્યું છે- तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । પછીના વાક્યમાં વાયુ પછી તેજ એમ ક્રમસૃષ્ટિનું વર્ણન કરતાં વાક્યોમાં संभूतः પદની અનુવૃત્તિ છે. હવે પ્રથમ વાક્યમાં संभूतः શબ્દ ગૌણ અર્થમાં છે, પણ પછીનાં વાક્યોમાં મુખ્ય અર્થમાં છે એમ માનવું યોગ્ય નથી, કારણ કે એક જ શબ્દ એક વાક્યમાં ગૌણ અર્થ આપે અને પછીનાં વાક્યમાં મુખ્ય અર્થ આપે એ ઉચિત નથી.

૮. **न चात्र प्रयोगभेदोऽस्तीति...**- ઉપરની દલીલનો જવાબ આપતાં પૂર્વપક્ષી બ્રહ્મ શબ્દનું દૃષ્ટાન્ત આપે છે. तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्म । એ બે વાક્યોમાં પહેલામાં બ્રહ્મ શબ્દ મુખ્ય અર્થમાં છે, તો બીજામાં ગૌણ અર્થમાં છે. આની સામે શંકા કરવામાં આવે છે કે બ્રહ્મ શબ્દનાં દૃષ્ટાન્તમાં બ્રહ્મ શબ્દ બે વાર વપરાયો છે, તો પ્રસ્તુત વાક્યમાં संभूतः શબ્દ માત્ર એક જ વાર વાપર્યો છે, બીજી વાર તો માત્ર એની અનુવૃત્તિ છે. આનો જવાબ આપતાં પૂર્વપક્ષી કહે છે કે અનુવૃત્તિ માત્ર संभूतः શબ્દની છે, એના ગૌણ અર્થની નથી. એટલે પ્રથમ વાક્યમાં ગૌણી અને પછીનાં વાક્યોમાં મુખ્ય વૃત્તિ સમજવામાં કોઈ દોષ નથી.

૯. **आत्मसत्त्वेन तत्सत्त्वमिति...**- ગાય અને ઘોડા પશુઓ છે, બીજા પશુઓ નથી એ વાક્યમાં ગાયો અને ઘોડોઓથી જે ફલ સિદ્ધ થાય છે તે ઘેટાંબકરાં વગેરેથી સિદ્ધ થતું નથી. એટલે ઘેટાંબકરાં પશુ જેવાં છે અને ગૌણીના ઉપયોગનો હેતું છે. તેવી રીતે અહીં પણ સત્કાર્યવાદમાં સૃષ્ટિ પૂર્વેની દશામાં કાર્ય કારણરૂપે આત્મભાવથી અસ્તિત્વ ધરાવે છે, તેનાથી પૃથગ્‌ભાવથી નહિ. સૃષ્ટિની દશામાં કાર્યની માફક આકાશનું બ્રહ્મથી પૃથક્ અસ્તિત્વ દર્શાવતો આકાશમાં રહેલો સત્ત્વનો ગુણ, આકાશ કાર્યને સમાન છે, એમ દર્શાવતો હોવાથી ગૌણીના પ્રયોગનો હેતુ છે.

૧૦. **तत्तद्भावापन्नं ब्रह्मैव...**- બ્રહ્મ આકાશનું કારણ નથી એમ પૂર્વપક્ષી કહે છે, કારણ કે संभूतः શબ્દ ગૌણ અર્થમાં લેવાનો છે. પછીનાં વાક્યોમાં આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ વગેરે વાક્યોમાં આત્મા અર્થાત્ બ્રહ્મને કારણરૂપે કહ્યું નથી;

એટલે વાયુનું કારણ તે આકાશ, અગ્નિનું કારણ તે વાયુ વગેરે સમજતાં બ્રહ્મની કારણતાનો ભંગ થાય. એટલે બ્રહ્મની પ્રશંસા માટે ગૌણી વૃત્તિ છે એમ માનવું યોગ્ય નથી. તેના જવાબમાં આ વાક્ય કહેલું છે. બ્રહ્મ જ તે તે સ્વરૂપે કારણતા પ્રાપ્ત કરે છે એટલે આકાશ, વાયુ વગેરે અનેકની કારણતાનો પ્રશ્ન નથી. આમ કારણતા અનેકનું લક્ષણ નથી.

૧૧. **तद्भावापत्तिविशेषेण...**- આકાશરૂપ ધારણ કરનાર બ્રહ્મ એવો અર્થ આકાશનો કરવામાં આવે તે સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. આકાશ રૂપવાળું એવાં વિશેષણની વ્યાવૃત્તિ માટે લક્ષણા જરૂરી નથી કારણ કે બ્રહ્મ સ્વભાવથી જ સર્વરૂપ છે.

૧૨. **अव्यतिरेकादनुद्गमात्...**- વ્યતિરેક એટલે ઉદ્ગમ, બહાર આવવું તે અવ્યતિરેક એટલે કાર્ય કારણમાંથી ઉદ્ગમ ન પામે તે. બ્રહ્મમાંથી આકાશનો ઉદ્ગમ ન થાય અર્થાત્ આકાશ બ્રહ્મની સાથે જ જોડાયેલું રહે તો બ્રહ્મના જ્ઞાનમાં આકાશનું પણ જ્ઞાન સમાઈ જાય, અર્થાત્ આકાશ પણ વિષય બને; તો પછી બ્રહ્મનું જ્ઞાન એકનું જ જ્ઞાન છે એમ ન કહેવાય; જ્યારે શ્રુતિમાં માત્ર એક જ વિષયના જ્ઞાનની વાત છે.

૧૩. **न च जीववत्...**- પૂર્વપક્ષી કહે છે કે જીવ બ્રહ્મનો અંશ છે તેથી બ્રહ્મના જ્ઞાનની અંદર જીવનું જ્ઞાન પણ આવી જાય છે; તેમ આકાશનું જ્ઞાન પણ બ્રહ્મજ્ઞાનની અંદર સમાઈ જાય છે એટલે એકવિજ્ઞાનની પ્રતિજ્ઞાને હાનિ પહોંચતી નથી. તેનો જવાબ એ છે કે આકાશ લૌકિક છે અર્થાત્ લોકવ્યવહારનો વિષય છે, તો જીવ લોકવ્યવહારનો વિષય નથી. એટલે તમે આપેલું દૃષ્ટાન્ત સાચું નથી. વળી આકાશ વ્યવહારનો વિષય હોવાથી એ ઈન્દ્રિયોથી પર છે કે અલૌકિક છે એવો વિચાર કરવો ઉચિત પણ નથી.

૧૪. **अनुद्गमेऽपि वस्तुसामर्थ्यात्...**- પૂર્વપક્ષી કહે છે કે અનુદ્ગમ હોય તો પણ વસ્તુસામર્થ્યથી એકનુ જ્ઞાન થઈ શકે. આકાશ અને બ્રહ્મ એક જ છે, કારણ કે **એકબીજાથી સંબદ્ધ છે. આમ એ બે વચ્ચે એકતા**-એકરૂપતા હોવાથી પ્રતિજ્ઞાને હાનિ પહોંચતી નથી. તેનો જવાબ એ છે કે શ્રુતિ જે એક વિજ્ઞાનની વાત કહે છે તે કારણ-કાર્ય-ભાવથી કરે છે, વસ્તુસામર્થ્યથી નહિ. આમ શ્રુતિવાક્યો એટલે કે શબ્દોને લીધે પ્રતિજ્ઞાને હાનિ પહોંચે છે.

૧૫. **एकवाक्यतां लभन्ते...**- જો આકાશની ઉત્પત્તિ સ્વીકારવામાં આવે તો આકાશવિષયક બધી શ્રુતિઓની એકવાક્યતા પ્રાપ્ત થાય છે.

૧૬. **व्यवहारे त्वज्ञबोधनं...**- વ્યવહારમાં અજ્ઞાનીઓને બોધ થાય એ માટે આકાશની નિત્યતા વગેરે દર્શાવતાં વાક્યો છે. જેમ કે आकाशशरीरं ब्रह्म એ શ્રુતિ ઉપાસના માટે છે; હવે જો આકાશને નિત્ય ન માનીએ તો બ્રહ્મના શરીર તરીકે એની ઉપાસના કેવી રીતે થાય ? આમ ઉપાસનાના હેતુથી નિત્યતા વગેરે કહેલાં છે. એટલે શ્રુતિનું પ્રયોજન અજ્ઞાનીઓને બોધ આપવાનું છે.

एतेन मातरिश्वा व्याख्यातः ॥८॥ (२.३.२.)

आकाशोत्पत्तिसमर्थनेन मातरिश्वोत्पत्तिः समर्थिता । "सैषा अनस्तमिता देवते" ति भौतिकवायुव्यावृत्त्यर्थमलौकिकपदम् ॥८॥

॥ इति द्वितीयमेतेन मातरिश्वेत्यधिकरणम् ॥

અધિકરણ-૨

એતેન માતરિશ્વેત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૮

સૂત્ર-૮ : આથી માતરિશ્વાનું વ્યાખ્યાન થયું. (૨.૩.૮)

આકાશની ઉત્પત્તિના સમર્થનથી માતરિશ્વાની ઉત્પત્તિનું સમર્થન થયું. "તે અસ્ત ન પામનારી દેવતા" (બૃ.૧.૫.૨૨) એમાં ભૌતિક વાયુની વ્યાવૃત્તિ માટે દેવતા શબ્દ છે.

असम्भवस्तु सतोनुपपत्तेः ॥९॥ (२.३.३.)

ननु ब्रह्मणोप्युत्पत्तिः स्यात् "आकाशवत् सर्वगतश्च नित्य" इतिश्रुतेराकाशन्यायेन सर्वगतत्वनित्यत्वयोरभावे इतीमामाशङ्कां तुशब्दः परिहरति । सतः सन्मात्रस्योत्पत्तिर्न सम्भवति । न हि कुण्डलोत्पत्तौ कनकोत्पत्तिरुच्यते । नामरूपविशेषाभावात् । उत्पत्तिश्च स्वीक्रियमाणा नोपपद्यते । स्वतो न सम्भवति । अन्यतस्त्वनवस्था । यदेव च मूलं तदेव ब्रह्मेति ॥९॥

॥ इति तृतीयमसम्भवाधिकरणम् ॥

અધિકરણ-૩

અસંભવાધિકરણ

સૂત્રો : ૨.૩.૯

સૂત્ર-૯ : સત્‌ની ઉત્પત્તિનો અસંભવ છે, અનુપપત્તિને લીધે. (૨.૩.૯)

(શંકા) બ્રહ્મની પણ ઉત્પત્તિ થાય. "આકાશની માફક સર્વગત અને નિત્ય" એ શ્રુતિથી, આકાશન્યાયથી સર્વગતત્વ અને નિત્યત્વનો અભાવ થાય છે. એ શંકાનો પરિહાર (જવાબ) તુ શબ્દથી કરે છે. સત્‌માંથી સન્માત્રની ઉત્પત્તિ સંભવતી નથી. કુંડલની ઉત્પત્તિ કહેતાં સુવર્ણની ઉત્પત્તિ કહેવાતી નથી, કારણ કે એમાં નામરૂપના વિશેષનો અભાવ છે. ઉત્પત્તિનો સ્વીકાર કરાય તો તે બંધબેસતી નથી, એટલે સંભવતી નથી. બીજામાંથી ઉત્પત્તિ સ્વીકારતાં અનવસ્થા થાય. જે મૂલ છે તે જ બ્રહ્મ છે.

तेजोतस्तथा ह्याह ॥१०॥ (२.३.४)

तेजोतः वायुतः । तथा ह्याह ''वायोरग्नि'' रितिश्रुतेः । हिशब्देनैवमाह । छान्दोग्यश्रुतिः प्रतिज्ञाहानिनिराकरणार्थं तैत्तिरीयकमपेक्षते वाय्वाकाशयोरुत्पत्त्यर्थम् । तथा चोपजीव्यस्य प्राधान्यात् वायुभावापन्नमेव सत् तेजस उत्पादकमिति स्वीकरोति । ब्रह्मण एव सर्वोत्पत्तिपक्षस्त्वविरुद्धः ॥१०॥

॥ इति चतुर्थन्तेजोत इत्यधिकरणम् ॥

અધિકરણ-૪

તેજોતઃ ઈત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૧૦.

સૂત્ર-૧૦ : એમાંથી તેજ એમ ખરેખર કહ્યું છે. (૨.૩.૧૦)

તેજ એમાંથી, વાયુમાંથી તેમ ખરેખર કહ્યું છે. ''વાયુથી અગ્નિ'' (તૈ.૨.૧) એવી શ્રુતિથી (કહ્યું છે) હિ શબ્દથી આમ કહે છે. છાન્દોગ્યશ્રુતિ પ્રતિજ્ઞાહાનિના નિરાકરણ માટે તૈત્તિરીયની અપેક્ષા રાખે છે. વાયુ અન આકાશની ઉત્પત્તિ માટે આમ આધારરૂપ શ્રુતિના પ્રાધાન્યથી વાયુભાવ પ્રાપ્ત કરેલું સત્ તેજને ઉત્પન્ન કરે છે એમ સ્વીકારે છે. બ્રહ્મમાંથી જ સર્વની ઉત્પત્તિ થાય છે એ પક્ષમાં વિરોધ નથી.

आपः ॥११॥ (२.३.५.)

तथा ह्याहेत्येव । इदमेकमनुवादसूत्रमविरोधख्यापकम् । न श्रुत्योः सर्वत्र विरोध इति ॥११॥

॥ इति पञ्चममाप इत्यधिकरणम् ॥

અધિકરણ-૫

આપઃ ઈત્યધિકરણ

સૂત્ર-૨.૩.૧૧.

સૂત્ર-૧૧ : જળ (૨.૩.૧૧)

''તેમ ખરેખર કહ્યું છે'' એટલું જ (પૂર્વ સૂત્ર માંથી લીધું છે.[૧]) અવિરોધ દર્શાવતું આ એક અનુવાદસૂત્ર છે. શ્રુતિમાં સર્વત્ર વિરોધ નથી.

ટિપ્પણ

૧. **तथा ह्याहेत्येव...**- પૂર્વસૂત્રમાંથી तथा ह्याह એટલેની જ અનુવૃત્તિ સમજવાની છે, अतः ની અનુવૃત્તિ સમજવાની નથી.

पृथिव्यधिकाररूपशब्दान्तरेभ्यः ॥१२॥ (२.३.६.)

''ता आप ऐक्षन्त बह्व्यः स्याम प्रजायेमही'' ति ''ता अन्नमसृजन्ते'' ति । तत्र

अन्नशब्देन व्रीह्यादय आहोस्वित् पृथिवीति सन्देहः । ननु कथं सन्देहः । पूर्वन्यायेनोपजीव्यश्रुतेर्बलीयस्त्वादिति चेत् । उच्यते । "अद्भ्यः पृथिवी पृथिव्या ओषधय ओषधिभ्योन्नमि" त्यग्रे वर्तते । तथा सति पृथिवीमोषधीश्च सृष्ट्वा आपो अन्नं सृजन्ति आहोस्विदन्नशब्देनैव पृथिवीति ।

नन्वेवमस्तु पृथिव्योषधिसृष्ट्यनन्तरमन्नसृष्टिरिति चेत्, न । छान्दोग्यश्रुतेरपेक्षाभावात् महाभूतमात्रस्यैवाभिलषितत्वात् । एकपदलक्षणापेक्षया तस्वीकारस्य गुरुत्वात् पूर्वोक्त एव संशयः ।

तत्र "अन्नमयं हि सौम्य मन आपोमयः प्राणस्तेजोमयी वागि"ति त्रयाणां सहचारः सर्वत्रोपलभ्यते लोकप्रसिद्धिः वर्षणभूयिष्ठलिङ्गञ्च । तस्मात् पृथिव्योषध्यन्नानाम्मध्ये अभेदविवक्षया यत्किञ्चिद्वक्तव्येन्नमुक्तमित्येवम्प्राप्त उच्यते । अन्नशब्देन पृथिवी । कुतः । अधिकाररूपशब्दान्तरेभ्यः । अधिकारो भूतानामेव न भौतिकानाम् । नीलञ्च रूपं पृथिव्या एव, भूतसहपाठात् । शब्दान्तर "मद्भ्यः पृथिवी" ति । तस्मादन्नशब्देन पृथिव्येव ॥१२॥

॥ इति षष्ठम्पृथिव्यधिकार इत्यधिकरणम् ॥

અધિકરણ-૬

પૃથિવ્યધિકારેત્યધિકરણ

સૂત્ર : ૨.૩.૧૨

સૂત્ર-૧૨ : અધિકાર, રૂપ અને બીજા શબ્દથી પૃથ્વી (નો અર્થ સમજવાનો છે.) (૨.૩.૧૨)

"તે જળે જોયું. અમે અનેક થઈએ, ઉત્પન્ન થઈએ. તેમણે અન્નનું સર્જન કર્યું." (છા.૬.૨.૪.) તેમાં અન્ન શબ્દથી ડાંગર વગેરે કે પૃથ્વી સમજવી એવો સંદેહ થાય છે. (શંકા) સંદેહ કેવી રીતે થાય ? પૂર્વન્યાયથી ઉપજીવ્ય શ્રુતિ બળવાન છે[1]. એમ કહો તો (જવાબ) કહેવાય છે. "જળથી પૃથ્વી, પૃથ્વીથી ઔષધીઓ અને ઔષધીઓથી અન્ન" (તૈ.૧.૧.) એમ આગળ આવે છે. તેમ હોવાથી પૃથ્વી અને ઔષધીનું સર્જન કર્યા પછી જળ અન્નનું સર્જન કરે છે કે પછી 'અન્ન' શબ્દથી જ પૃથ્વી સમજવાની છે ?

(પૂર્વપક્ષ) પૃથ્વી અને ઔષધીનાં સર્જન પછી અન્નનું સર્જન થયું એમ માનવું. એમ કહો તો એવું નથી કારણ કે છાન્દોગ્ય શ્રુતિને અપેક્ષાનો અભાવ છે[2], માત્ર મહાભૂતોનું જ વર્ણન ઈષ્ટ છે. એક શબ્દની લક્ષણાની અપેક્ષાએ તેના સ્વીકારમાં ગૌરવ હોવાથી પૂર્વે કહેલો સંદેહ જ છે.

તેમાં "હે સૌમ્ય, મન અન્નમય છે, પ્રાણ આપોમય છે, વાણી તેજોમય છે", (છા.૬.૫.૪) એમ ત્રણે સર્વત્ર સાથે જ ઉપલબ્ધ થાય છે. લોકપ્રસિદ્ધિ છે અને વરસાદથી વધારે થવાનું લિંગ (પણ) છે. તેથી પૃથ્વી, ઔષધી અને અન્નનો અભેદ

કરવાની ઈચ્છાથી ગમે તે એક કહેવાનું હોય તો અન્ન કહ્યું છે[3] એમ પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે. અન્ન શબ્દથી પૃથ્વીનો અર્થ લેવાનો છે. શાથી ?[4] અધિકાર, રૂપ અને બીજાં શ્રુતિવાક્યથી[5]. અધિકાર ભૂતોનો જ છે, ભૌતિકોનો નહિ. નીલ રૂપ પૃથ્વીનું જ છે, કારણ કે ભૂતોની સાથે કહેલું છે. બીજો શબ્દ ''જળમાંથી પૃથ્વી'' (તૈ.૨.૧.) એટલે અન્ન શબ્દથી પૃથ્વી (નો અર્થ કરવો.)

ટિપ્પણ

૧. **पूर्वन्यायेनोपजीव्यश्रुते...**- છાન્દોગ્ય શ્રુતિ અને તૈત્તિરીયશ્રુતિ બેમાં તૈત્તિરીય શ્રુતિ ઉપજીવ્ય અર્થાત આધારરૂપ હોવાથી વધારે બળવાન છે. એટલે શંકાને સ્થાન છે.

૨. **छान्दोग्यश्रुतेरपेक्षाभावात्...**- પ્રશ્ન એવો છે કે એક બાજુથી શ્રુતિમાં કહ્યું છે કે જળમાંથી પૃથ્વી, પૃથ્વીમાંથી ઔષધી અને ઔષધીમાંથી અન્ન ઉત્પન્ન થાય છે. આમ આપણે કહી શકીએ કે જળ-પૃથ્વી-ઔષધી-અન્ન એવી વ્યવસ્થામાં અન્ન શબ્દ વ્રીહિ આદિ ધાન્ય માટે છે. છાન્દોગ્ય શ્રુતિમાં જળમાંથી અન્નનું સર્જન કહ્યું છે એટલે ત્યાં પણ પૃથ્વી અને ઔષધી પછી અન્નનું સર્જન સમજવું કે પછી અન્ન એટલે પૃથ્વી એવો સીધો અર્થ લેવો ? અન્નનો અર્થ પૃથ્વી એવો લેતાં જન્યજનક સંબન્ધે લક્ષણા લેવી પડે. આ મુદ્દાનું સમાધાન કરતાં બ્રહ્મની કારણતાનું સમર્થન કરવા માટે ઉપનિષદ્‌માં ઉપક્રમ કરેલો છે. એમાં અન્ન એટલે ધાન્યની કોઈ અપેક્ષા નથી. વળી તેજ અને જલ એ મહાભૂતોની ઉત્પત્તિની વાત કરેલી છે એટલે મહાભૂતોની જ વિવક્ષા છે. અન્નનો અર્થ ધાન્યનો લેતાં મહાભૂતોના પ્રકરણનો ત્યાગ કરીને પૃથ્વી અને ઔષધીના વ્યવધાનનો સ્વીકાર કરવો પડે, તથા એ બધા પદાર્થોનો ક્રમ સ્વીકારવો પડે. આમ અન્નનો અર્થ ધાન્યનો લેતાં ગૌરવદોષ આવે તેના કરતાં અન્ન એટલે પૃથ્વી એમ એકપદલક્ષણા લેવી વધારે યોગ્ય છે.

૩. **तस्मात्पृथिव्यौषध्यन्नानां...**- પૂર્વપક્ષીનો મત આ વાક્યમાં કહ્યો છે. अन्नमयं हि सौम्य...- ઈત્યાદિ વાક્ય દર્શાવે છે કે બધે તેજ, જળ અને અન્નનો સહચાર દેખાય છે. વળી અન્ન શબ્દ પૃથ્વી, ઔષધી અને ધાન્ય એમ ત્રણે અર્થમાં પ્રસિદ્ધ છે. જેનું ભક્ષણ થઈ શકે તે અન્ન એવો યૌગિક અર્થ લઈએ તો કીડા વગેરે માટીનું ભક્ષણ કરે છે, પશુઓ વગેરે વનસ્પતિનું અને માણસો વગેરે ધાન્યનું આમ ત્રણે અર્થ થઈ શકે. વળી છાન્દોગ્યવાક્યમાં આગળ કહ્યું છે- तस्माद्यत्र क्व च वर्षति तदेव भूयिष्ठमन्नं भवति, આ પણ ત્રણેને લાગૂ પડે છે. વરસાદ પડતાં જમીન ભીની થાય એટલે કીડાઓને વધારે માટી મળે, ઔષધી અને ધાન્ય વધારે ઊગે એટલે પશુઓ અને મનુષ્યોને વધારે ભોજન પ્રાપ્ત થાય. આમ વરસાદનું લિંગ પણ ત્રણે માટે સમાન છે. આ રીતે પૃથ્વી, ઔષધી અને ધાન્ય એમ ત્રણ અર્થો અન્ન શબ્દના છે.

૪. **अन्नशब्देन पृथिवी**...- અહીં પાઠભેદ લાગે છે. શ્રી પાઠક શાસ્ત્રીની આવૃત્તિમાં **अन्नशब्दे** पृथिवी । कुतः । એવો પાઠ છે. શ્રી તેલીવાળાના મિત્રોએ સંશોધિત પ્રકાશ-રશ્મિસહિતની નિર્ણયસાગર આવૃત્તિ ૨.૩.૪ માં अन्नशब्देन पृथिवी । न, कुतः । એવો પાઠ છે. શ્રી પાઠક શાસ્ત્રીએ પાઠભેદની નોંધ લીધી નથી. न, कुतः । માં લક્ષણા નથી એવો न નો અર્થ પ્રકાશ-રશ્મિને આધારે સમજી શકાય છે. મુદ્દો આવો છે. માટી કીડા-મકોડાને માટે ખાદ્ય છે એટલે अद्यत इत्यन्नम् એવ યૌગિક અર્થ લેતાં પૃથ્વીને પણ યૌગિક અર્થમાં અન્ન કહી શકાય. આમ અન્ન તે પૃથ્વી એવી જન્યજનક સંબન્ધે લક્ષણા સમજવાની જરૂર નથી. હવે એવો પ્રશ્ન થાય કે પંકજની માફક ધાન્યના અર્થમાં અન્ન શબ્દ યોગરૂઢ છે, અને યોગરૂઢ કરતાં યૌગિક અર્થ નિર્બળ હોય છે. તેના માટે કહ્યું છે કે અધિકાર, રૂપ અને શબ્દાન્તરથી યૌગિક અર્થની નિર્બળતાનો પરિહાર થાય છે. ભાષાન્તરમાં अन्नशब्देन पृथिवी । कुतः । એવો પાઠ સરળતા ખાતર સ્વીકાર્યો છે.

૫. **अधिकाररूप**...- શ્રુતિવાક્યમાં અન્ન શબ્દનો પૃથ્વી અર્થ લેવા માટે ત્રણ કારણો આપેલાં છે (૧) અધિકાર, પ્રકરણ મહાભૂતોનું છે, ભૌતિક પદાર્થોનું નથી. (૨) છા.૬.૪.૧. માં અન્નનું નીલરૂપ કહ્યું છે, તે પૃથ્વીનું છે. (૩) ''अद्भ्यः पृथिवी'' (તૈ.૨.૧.) એવાં બીજા શ્રુતિવાક્યમાં પૃથ્વી શબ્દ સ્પષ્ટ રીતે વાપરેલો છે.

तदभिध्यानादेव तु तल्लिङ्गात् सः ॥१३॥ (२.३.७)

आकाशादेव कार्याद्वाय्वादिकार्योत्पत्तिं तुशब्दो वारयति । स एव परमात्मा वाय्वादीन् सृजति । कथं तच्छब्दवाच्यतेति चेत् तदभिध्यानात् । तस्य तस्य कार्यस्योत्पादनार्थं तदभिध्यानं ततस्तदात्मकत्वं तेन तद्वाच्यत्वमिति । ननु यथाश्रुतमेव कुतो न गृह्यते इत्यत आह तल्लिङ्गात् । सर्वकर्तृत्वं लिङ्गं तस्यैव सर्वत्र वेदान्तेष्ववगतम् । जडतो देवताया वा यत् किञ्चिज्जायमानं तत्सर्वं ब्रह्मण एवेति सिद्धम् ॥१३॥

॥ इति सप्तमन्तदभिध्यानादेवेत्यधिकरणम् ॥

અધિકરણ-૭

તદભિધ્યાનાદેવેત્યધિકરણ

સૂત્ર : ૨.૩.૧૩

સૂત્ર-૧૩ : તેના સંકલ્પથી જ, તેનું લિંગ હોવાથી તે. (૨.૩.૧૩)

આકાશરૂપી કાર્યમાંથી વાયુ આદિ કાર્યની ઉત્પત્તિનું તુ શબ્દથી નિરાકરણ થાય છે. તે પરમાત્મા જ વાયુ વગેરેનું સર્જન કરે છે. (શંકા) તે શબ્દથી કેમ વાચ્ય બને છે ?' (જવાબ) તેના અભિધ્યાનથી. તે તે કાર્યની ઉત્પત્તિ માટે તેનું અભિધ્યાન-

સંકલ્પ છે, તેથી તે તે રૂપ ધારણ કરે છે. તેથી તેમ કહેવાય છે. (શંકા) શ્રુતિમાં કહ્યા પ્રમાણે કેમ ગ્રહણ થતું નથી ? તો (જવાબ) કહે છે તેના લિંગને લીધે, સર્વના કર્તા તરીકેનું તેનું લિંગ વેદાન્તોમાં સર્વત્ર પ્રાપ્ત થાય છે. જડ કે દેવતાથી જે કાંઈ ઉત્પન્ન થાય તે બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **कथं तच्छब्दवाच्यता...**- આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ એમ જે કહ્યું છે ત્યાં બ્રહ્મને જ આકાશ, વાયુ વગેરે શબ્દથી સમજવાનું છે, કારણ કે પરમાત્મા એવો સંકલ્પ કરે છે.

विपर्ययेण तु क्रमोत उपपद्यते ॥१४॥ (२.३.८)

यथोत्पत्तिर्न तथा प्रलयः किन्तु विपर्ययेण क्रमः । अतः उत्पत्त्यनन्तरं प्रलयः । कुतः । उपपद्यते । प्रवेशविपर्ययेण हि निर्गमनम् । कमसृष्टावेवैतत् ॥१४॥

॥ इति अष्टमं विपर्ययेणेत्यधिकरणम् ॥

અધિકરણ-૮

વિપર્યેણેત્યધિકરણ

સૂત્ર : ૨.૩.૧૪

સૂત્ર-૧૪ : ક્રમ વિપરીત છે તે બંધબેસે છે. (૨.૩.૧૪)

જેમ ઉત્પત્તિ તેમ પ્રલય નથી, પણ ક્રમ વિપરીત છે. ઉત્પત્તિ થયા પછી પ્રલય થાય છે. શાથી ? એ બંધ બેસતું આવે છે. નિર્ગમન પ્રવેશથી વિપરીત છે. આ ક્રમસૃષ્ટિ માટે જ છે.

अन्तरा विज्ञानमनसी क्रमेण तल्लिङ्गादिति चेन्नाविशेषात् ॥१५॥ (२.३.९)

तैत्तिरीयके आकाशात् अन्नपर्यन्तमुत्पत्तिमुक्त्वा अन्नमयादयो निरूपिताः । तत्रान्नमयस्य प्राणमयस्य च सामग्री पूर्वमुत्पन्नोक्ता । आनन्दमयस्तु परमात्मा । मध्ये विज्ञानमनसी विद्यमाने क्वचिदुत्पन्ने इति वक्तव्ये ॥

तत्र क्रमेणोत्पन्ने इति वक्तव्यम् । क्रमस्तु प्रातिलोम्येन । सूत्रे विपर्ययानन्तरं कथनात् । अन्तरेतिवचनाच्च । तेजोबन्नानामन्नमये गतत्वात् वाय्वाकाशयोः प्राण एव गतत्वात् आकाशात् पूर्वं विज्ञानमनसी उत्पन्ने इति वक्तव्यम् । तयोरग्रेवचनमेव लिङ्गमिति । अतस्तयोरुत्पत्तिर्वक्तव्येति चेत्, न । अविशेषात् । नामरूपविशेषवतामेवोत्पत्तिरुच्यते न त्वनयोः । विज्ञानमयस्य जीवत्वात् मनोमयस्य च वेदत्वात् । अतो भूतभौतिकप्रवेशाभावात् न तयोरुत्पत्तिर्वक्तव्या ॥१५॥

चराचरव्यपाश्रयस्तु स्यात्तद्व्यपदेशो भाक्तस्तद्भावभावित्वात् ॥१६॥

ननु विज्ञानमयस्य जीवस्यानुत्पत्तौ सर्वव्यवहारोच्छेदः । उत्पत्तिस्तु त्रिविधा निरूपिता । ''अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागम'' इति । तथा च जीवस्य समागमलक्षणाप्युत्पत्तिर्न स्यादितीमामाशङ्कां निराकरोति तुशब्दः । चराचरे स्थावरजङ्गमे शरीरे तयोर्विशेषेण अपाश्रय आश्रयः शरीरसम्बन्ध इति यावत् । स तु स्यात् । न तु स्वतः । ननु शरीरस्योत्पत्तौ जीवोप्युत्पद्यते अन्यथा जातकर्मादीनामभावप्रसङ्गदिति चेन्न । तद्व्यपदेशः तस्य शरीरस्य जन्ममरणधर्मवत्त्वेन जीवव्यपदेशो भाक्तः लाक्षणिकः । कुतः । तद्भावभावित्वात् । शरीरस्यान्वयव्यतिरेकाभ्यामेव जीवस्य तद्भावित्वम् । देहधर्मो जीवस्य भाक्तः तत्सम्बन्धेनैवोत्पत्तिव्यपदेश इति सिद्धम् ॥१६॥

॥ इति नवममन्तरा विज्ञानमनसी इत्यधिकरणम् ॥

અધિકરણ-૯

અન્તરા વિજ્ઞાનમનસીત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૧૫-૧૬

સૂત્ર-૧૫ : વચ્ચેનાં વિજ્ઞાન અને મન (વિપરીત) ક્રમથી (ઉત્પન્ન થાય છે) કારણ કે તેનું લિંગ છે એમ કહો તો એવું નથી, અવિશેષને લીધે. (૨.૩.૧૫)

તૈત્તિરીય ઉપનિષદ્‌માં આકાશથી અન્ન સુધીની ઉત્પત્તિ કહીને અન્નમયાદિની ઉત્પત્તિ કહી છે. તેમાં અન્નમય અને પ્રાણમયની સામગ્રી પહેલાં ઉત્પન્ન થઈ છે એમ કહ્યું છે. આનન્દમય તો પરમાત્મા છે. હવે વિજ્ઞાન અને મન વચ્ચે આવતાં હોઈ કોઈક સ્થાને એની ઉત્પત્તિ કહેવી જોઈએ[1].

(પૂર્વપક્ષ) તેમાં ક્રમથી ઉત્પત્તિ કહેવી જોઈએ. ક્રમ વિપરીત છે કારણ કે સૂત્રમાં વિપર્યય પછી કહ્યું છે અને 'વચ્ચે' એમ કહ્યું છે[2]. તેજ, જળ અને અન્ન અન્નમયમાં સમાઈ જાય છે, વાયુ અને આકાશનો પ્રાણમાં સમાવેશ થાય છે. આકાશની પહેલાં વિજ્ઞાન અને મન ઉત્પન્ન થયાં એમ કહેવું જોઈએ. આગળ તેમનું વચન જ લિંગ છે[3]. એટલે તેમની ઉત્પત્તિ કહેવી જોઈએ. એમ કહો તો (સિદ્ધાન્ત) એવું નથી. અવિશેષને લીધે. નામરૂપના વિશેષવાળાની જ ઉત્પત્તિ કહેવાય છે, આ બેની નહિ. વિજ્ઞાનમય જીવ છે અને મનોમય વેદ છે. આમ ભૂતભૌતિકમાં પ્રવેશ ન હોવાથી તેમની ઉત્પત્તિ કહેવી ન જોઈએ[4].

સૂત્ર-૧૬ : ચર અને અચરને આધારે જે કહેવામાં આવે તે ગૌણ છે, તેના ભાવથી જ તે રૂપી હોવાથી. (૨.૩.૧૬)

(શંકા) વિજ્ઞાનમય એવા જીવની ઉત્પત્તિ ન થતાં સર્વે વ્યવહારનો ઉચ્છેદ

થશે. ઉત્પત્તિ ત્રણ પ્રકારે કહી છે અનિત્ય હોય તેની ઉત્પત્તિ, નિત્ય અને પરિચ્છિન્ન હોય તેનો સમાગમ. તે રીતે જીવની સમાગમરૂપી ઉત્પત્તિ પણ ન થાય. (જવાબ) આ શંકાનું તુ શબ્દથી નિરાકરણ થાય છે. ચર અને અચર એટલે સ્થાવર અને જંગમ શરીરો; તેનો વિશેષ અપાશ્રય એટલે આશ્રય અર્થાત શરીરસંબન્ધ, તે પણ થાય. આપોઆપ નથી[૫]. (શંકા) શરીરની ઉત્પત્તિ થતાં જીવ પણ ઉત્પન્ન થાય છે. અન્યથા જાતકર્મ વગેરેનો અભાવ પ્રાપ્ત થાય એમ કહો તો (જવાબ) એવું નથી. તેનો વ્યપદેશ શરીરના જન્મ-મરણ આદિ ધર્મો હોવાને લીધે જીવ તરીકેનો વ્યપદેશ ગૌણ-લાક્ષણિક છે. શાથી ? તેના ભાવને લીધે તે રૂપી હોવાથી. શરીરના અન્વય વ્યતિરેકને લીધે જ જીવને તેનું (દેહનું) અભિમાન હોય છે[૬]. જીવનો દેહધર્મ ગૌણ છે. તેના સંબન્ધથી જ ઉત્પત્તિનું કથન છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **मध्ये विज्ञानमनसी...**- તૈત્તિરીય ઉપનિષદ્‌માં આકાશથી આરંભીને અન્ન સુધીની ઉત્પત્તિ કહ્યા પછી અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમયનું વર્ણન કરેલું છે. અન્નમયની સામગ્રી ઔષધી અને અન્નરૂપી છે તો વાયુ આકાશ અને પૃથ્વીરૂપી સામગ્રી પ્રાણમયની છે. એમ કહેલું છે. હવે આનન્દમય તો પરમાત્મા છે. એટલે એની ઉત્પત્તિ થતી નથી. એટલે બાકી રહેલ મનોમય અને વિજ્ઞાનમયની ઉત્પત્તિ કહી નથી તે કોઈક પ્રકારે કહેવી જોઈએ એમ પૂર્વપક્ષી કહે છે.

૨. **क्रमस्तु प्रातिलोम्येन...**- અહીં ક્રમનો મુદ્દો આવે છે. સૂત્રકારે विज्ञानमनसी એમ કહીને પહેલાં વિજ્ઞાનમય અને પછી મનોમય એવો ક્રમ આપેલો છે. તૈત્તિરીયશ્રુતિમાં પહેલાં મનોમય અને પછી વિજ્ઞાનમય એવો ક્રમ છે. પૂર્વપક્ષી કહે છે કે અહીં જે ક્રમ છે તે વિપરીત ગણવાનો છે, કારણ કે આગલા સૂત્રમાં વિપર્યય શબ્દ વિપરીત ક્રમનો દ્યોતક છે. ઉપરાંત 'અન્તરા' શબ્દ વાપર્યો છે. આનન્દમય અને અન્નમયની વચ્ચે એમ સમજતાં પણ વિપરીત ક્રમ આવે છે.

૩. **आकाशात्पूर्व...**- તેજ, જલ અને અન્ન એ ત્રણનો સમાવેશ અન્નમયમાં થાય છે. વાયુ અને આકાશનો સમાવેશ પ્રાણમયમાં થાય છે એટલે આકાશની પહેલાં વિજ્ઞાનમય અને મનોમયની ઉત્પત્તિ કહેવી ઉચિત છે. છાન્દોગ્ય ઉપનિષદ્‌માં વાક્ય છે : सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि इति । (૬.૩.૨.) ઉપરાંત ते षोडशानां कलानामेका कलातिशिष्टा स्यात् વગેરે (૬.૭.૩) આ બન્ને વચનો વિજ્ઞાનમય અને મનોમયનું ગ્રહણ કરવા માટેનાં લિંગ છે. આથી એ બેની પણ ઉત્પત્તિ કહેવી જોઈએ.

૪. **अतो भूतभौतिकप्रवेशाभावात्...**- જેને નામરૂપ હોય તેની ઉત્પત્તિ થાય

છે અર્થાત જે ભૂત અથવા ભૌતિક પદાર્થ હોય તે જ ઉત્પન્ન થાય છે હવે વિજ્ઞાનમય તે જીવ છે અને મનોમય તે વેદ છે. જીવ અને વેદ નિત્ય છે એટલે એની ઉત્પત્તિ થતી નથી.

૫. **शरीरसंबन्ध इति यावत...**- જીવને જન્મ-મરણ સાથેનો સંબન્ધ ખરેખર તો શરીરના સંબન્ધને લીધે છે, જીવને આપોઆપ એટલે કે પોતાને જન્મ કે મૃત્યુ હોતાં નથી. વેદ પણ નાદરૂપે સર્વ શરીરમાં રહેલો છે. આમ જે ઉત્પત્તિ છે તે દેહાભિમાનને લીધે છે.

૬. **शरीरस्यान्वयव्यतिरेकाभ्यामेव...**- જન્મ-મરણ વગેરે દેહના ધર્મો છે અને શરીર સાથેના અન્વયવ્યતિરેકના સંબન્ધથી જીવને વિશે આ ધર્મો લક્ષણાથી સમજાય છે. શરીરના અસ્તિત્વમાં દેહાભિમાન હોય અને શરીરને અભાવે ન હોય એમ અન્વયવ્યતિરેક સમજવાના છે.

नात्माश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ॥१७॥ (२.३.१०.)

ननु जीवोप्युत्पद्यतां किमिति भाक्तत्वं कल्प्यते इति चेत् न । आत्मा नोत्पद्यते । कुतः । अश्रुतेः । न हि आत्मन उत्पत्ति : श्रूयते । देवदत्तो जातो विष्णुमित्रो जात इति देहोत्पत्तिरेव नतु तद्व्यतिरेकेण पृथक् जीवोत्पत्तिः श्रूयते । विस्फुलिङ्गवदुच्चरणं नोत्पत्तिः । नामरूपसम्बन्धाभावात् । एतस्य गुणाः स्वरूपं चाग्रे वक्ष्यते । किञ्च नित्यत्वाच्च ताभ्यः श्रुतिभ्यः । ''अयमात्माजरोमरः न जायते म्रियते'' इत्येवमादिभ्यः ॥१७॥

॥ इति दशमन्नात्माश्रुतेरित्यधिकरणम् ॥

અધિકરણ-૧૦

નાત્માશ્રુતેરિત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૧૭

સૂત્ર-૧૭ : આત્મા ઉત્પન્ન થતો નથી, શ્રુતિ નથી તેથી; તેમનાથી એનું નિત્યત્વ છે એટલે. (૨.૩.૧૭)

(શંકા) જીવ પણ ભલે ઉત્પન્ન થાય; એની લક્ષણાની કલ્પના શા માટે કરો છો ? એમ કહો તો (જવાબ) એવું નથી, આત્મા ઉત્પન્ન થતો નથી. શાથી ? શ્રુતિ નથી તેથી. આત્માની ઉત્પત્તિનું શ્રવણ થતું નથી. 'દેવદત્ત જન્મ્યો, વિષ્ણુદત્ત જન્મ્યો', એમાં દેહની ઉત્પત્તિ જ છે. તેનાથી જુદી જીવની ઉત્પત્તિનું શ્રવણ થતું નથી. તણખાની માફક વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી, કારણ કે નામરૂપના સંબન્ધનો અભાવ છે. એના ગુણ અને સ્વરૂપ આગળ કહેવાશે. વળી તેથી શ્રુતિથી નિત્યતા સિદ્ધ થાય છે. ''આ આત્મા અજર-અમર છે'' (બૃ.૪.૪.૨૫), ''જન્મતો નથી, મરતો નથી'' (કઠ.૧.૨.૧૮) વગેરે.

गुणान्निरूपयन् प्रथमतश्चैतन्यगुणमाह ।

ज्ञोत एव ॥१८॥ (२.३.११.)

ज्ञः चैतन्यस्वरूपः । अत एव श्रुतिभ्यः ''विज्ञानमय'' इत्यादिभ्यः । सर्वविप्लववादी ब्रह्मवाक्यान्युदाहृत्य सूत्रोक्तसिद्धान्तमन्यथाकृत्य श्रुतिसूत्रोल्लङ्घनेन प्रगल्भते । स वक्तव्यः । किं जीवस्य ब्रह्मत्वं प्रतिपाद्यते जीवत्वं वा निराक्रियत इति । आद्ये इष्टापत्तिः । न हि विस्फुलिङ्गोग्न्यंशो भूत्वा नाग्निः । द्वितीये स्वरूपनाशः । जीवत्वं कल्पितमिति चेन्न । ''अनेन जीवेनात्मने'' तिश्रुतिविरोधात् । न च अनादिरयं जीवब्रह्मविभागो बुद्धिकृतः प्रमाणाभावात् । ''सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीय'' मितिश्रुतिविरोधश्च । न च जीवातिरिक्तं ब्रह्म नास्ति, सर्वश्रुतिसूत्रनाशप्रसङ्गात् । ''यः सर्वज्ञः सर्वशक्तिः'' ''अयमात्मापहतपाप्मा' । ''अधिकन्तु भेदनिर्देशा'' दित्यादिबाधः । तस्मात् तदंशस्य तद्व्यपदेशवाक्यमात्रं स्वीकृत्य शिष्टपरिग्रहार्थं माध्यमिकस्यैवायमपरावतारो नितरां सद्भिरुपेक्ष्यः ॥१८॥

॥ इति एकादशं ज्ञोतएवेत्यधिकरणम् ॥

અધિકરણ-૧૧

જ્ઞોત એવેત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૧૮.

સૂત્ર-૧૮ : ગુણનું નિરૂપણ કરતાં પ્રથમ ચૈતન્યગુણ કહે છે :

આથી જ (જીવ) જ્ઞ છે. (૨.૩.૧૮)

જ્ઞ એટલે ચૈતન્યસ્વરૂપ. આથી જ, ''વિજ્ઞાનમય'' (તૈ.૨.૪) ઈત્યાદિ શ્રુતિઓથી.

સર્વવિપ્લવવાદી બ્રહ્મવિષયક વાક્યોનું ઉદાહરણ આપીને સૂત્રમાં કહેલા સિદ્ધાન્તોને જુદી રીતે સમજાવીને શ્રુતિ અને સૂત્રના ઉલ્લંઘનનું સાહસ કરે છે. તેને કહેવું જોઈએ. શું જીવના બ્રહ્મત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે કે જીવત્વનું નિરાકરણ કરવામાં આવે છે ? પહેલામાં ઈષ્ટાપત્તિ છે. તણખો અગ્નિનો અંશ હોઈ અગ્નિ નથી એવું નથી. બીજા વિકલ્પમાં સ્વરૂપનો નાશ છે[1]. જીવત્વ કલ્પિત છે એમ કહો તો એવું નથી, કારણ કે ''આ જીવાત્મા સાથે'' (છા.૬.૩.૨) એ શ્રુતિનો વિરોધ આવે છે[2]. જીવ અને બ્રહ્મનો અનાદિ એવો આ વિભાગ બુદ્ધિથી કરેલો છે એવું નથી, કારણ કે પ્રમાણનો અભાવ છે[3]. ''હે સૌમ્ય, આ પહેલાં સત્ જ હતું, એક જ અને અદ્વિતીય'' (છા.૬.૨.૧) એ શ્રુતિનો વિરોધ આવે છે. જીવથી જુદું બ્રહ્મ નથી એમ નથી. એમ તો બધી શ્રુતિ અને સૂત્રના નાશનો પ્રસંગ આવે. ''જે સર્વજ્ઞ, સર્વશક્તિમાન'' (મુંડક ૧.૧.૯), ''પાપથી રહિત આ આત્મા'' (છા.૮.૧.૫) ''ભેદનો નિર્દેશ હોવાથી અધિક છે.'' (બ્ર.સૂ.૨.૧.૨૨) વગેરેનો બાધ થાય. તેથી શિષ્ટજનો સ્વીકાર કરે એટલા માટે તેના અંશને તે સ્વરૂપે કહેતાં

વાક્યોને જ સ્વીકારીને (પોતાનો મત આપનાર) માધ્યમિકોના જ આ બાજા અવતારની સજ્જનોએ ઉપેક્ષા કરવી.

ટિપ્પણ

૧. **द्वितीये स्वरूपनाश:** જો જીવત્વનું નિરાકરણ કરવામાં આવે તો જીવનું સ્વરૂપ અવિદ્યાથી છે એમ માનવું પડે અને તો પછી મોક્ષાવસ્થામાં અવિદ્યાનો નાશ થતાં જીવના સ્વરૂપનો પણ નાશ થાય.

૨. **जीवत्वं कल्पितमिति...**- જો જીવત્વ કલ્પિત હોય તો अनेन जीवेनात्मना... એ વાક્યનો વિરોધ આવે. આ વાક્યમાં જીવ શબ્દથી કહેવાયેલા આત્માના વિષયમાં નામરૂપનું વ્યાકરણ કહ્યું છે. હવે જો જીવત્વને કલ્પિત ગણવામાં આવે તો કલ્પના કરનાર સ્વીકારવો પડે, જે શક્ય નથી. આમ કલ્પકને અભાવે કલ્પના પણ નથી.

૩. **न चानादिरयं...**- જીવ અને બ્રહ્મનો વિભાગ અનાદિ છે અને બુદ્ધિકૃત છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી. પ્રત્યક્ષ અને અનુમાનથી અનાદિત્વ કે બુદ્ધિકૃતત્વ ગ્રાહ્ય નથી. શ્રુતિ તો જીવનું વ્યુચ્ચરણ કહેતી હોવાથી જીવબ્રહ્મવિભાગ આદિમાન છે એવો જ બોધ આપે છે. બુદ્ધિકૃત ગણવામાં જીવની બુદ્ધિ સમજી ન શકાય કારણ કે ત્યારે જીવનો જ અભાવ છે. બ્રહ્મની બુદ્ધિ માનો તો બ્રહ્મની અદ્વિતીયતાનો વિરોધ આવે. બુદ્ધિ સ્વયં કરે છે એમ માનો તો અયોગ્ય છે કારણ કે બુદ્ધિ જડ છે એટલે કરી શકે નહિ. આમ અનાદિત્વ અને બુદ્ધિકૃતત્વ સમજાવી શકાતાં નથી.

उत्क्रान्तिगत्यागतीनाम् ॥१९॥ (२.३.१२)

अत एवेति वर्तते । ''स यदास्माच्छरीरादुत्क्रामति सहैवैतै: सर्वैरुत्क्रामति'' ''ये के चास्माल्लोकात् प्रयान्ति चन्द्रमसमेव ते सर्वे गच्छन्ती''ति ''तस्माल्लोकात् पुनरेत्यस्मै लोकाय कर्मणे,'' श्रुत्युक्तानामुत्क्रान्तिगत्यागतीनां श्रावणात् यथायोग्यं तस्य परिमाणमङ्गीकर्तव्यम । यद्यपि ''आराग्रमात्रो ह्यपरोपि दृष्ट'' इतिश्रुत्यैव परिमाणमुक्तं तथापि बहुवादिविप्रतिपन्नत्वात् युक्तिभि: साधयति । ब्रह्मवैलक्षण्यार्थमुत्क्रान्तिपूर्वकत्वमुक्तम् ॥१९॥

स्वात्मना चोत्तरयो: ॥२०॥

उत्क्रान्तिगत्यागतीनां सम्बन्धे इन्द्रियादिभि: परिष्वङ्गोप्यस्ति । तत: सन्देहोपि भवेत् । किमुपाधित एतेषां सम्बन्धी भवेत् स्वतो वेति । उत्तरयोर्गत्यागत्यो: स्वात्मना केवलस्वरूपेण । ''ऊर्णनाभिर्यथा तन्तून् सृजते सञ्चरत्यपि जाग्रत्स्वप्ने तथा जीवो गच्छत्यागच्छते पुन:'' ब्रह्मोपनिषत् । ''अनेन जीवेनात्मनानुप्रविश्य ब्रह्माप्येति'' ''कामरूप्यनुसञ्चरन्नि'' ति वा ।

अथवा, उत्क्रान्तिगत्यागतीनां जीवसम्बन्ध एव बोध्यते नाणुत्वम् । स्वात्मना चोत्तरयोरित्यणुत्वम् । ''अङ्गुष्ठमात्रं पुरुषं निश्चकर्ष यमो बलादि''ति उत्क्रमे गत्यतिरिक्ते

स्वातन्त्र्याभावात् । स्वात्मना जीवरूपेण चकारादिन्द्रियैश्च गत्यागत्योः सम्बन्धी जीव इत्यर्थः । अतो मध्यमपरिमाणमयुक्तमित्यणुरेव भवति ॥२०॥

नाणुरतच्छ्रुतेरितिचेन्नेतराधिकारात् ॥२१॥

जीवो नाणुर्भवितुमर्हति कुतः । अतच्छ्रुतेः । अणुत्वविपरीतव्यापकत्वश्रुतेः । ''स वा एष महानज आत्मा योयं विज्ञानमय'' इति चेत्, न, । इतराधिकारात् । इतरः परं ब्रह्म तस्य अधिकारे ''महानज'' इति वाक्यम् । प्रकरणेन शब्दाश्च नियम्यन्ते । अन्यपरा अपि योगेन ब्रह्मपरा भविष्यन्ति ॥२१॥

स्वशब्दोन्मानाभ्याञ्च ॥२२॥

''स्वयं विहृत्य स्वयं निर्माय स्वेन भासा स्वेन ज्योतिषा प्रस्वपिती''ति स्वशब्दोणुपरिमाणं जीवं बोधयति । न हि स्वप्ने व्यापकस्य वा शरीरपरिमाणस्य वा विहरणं सम्भवति । ''बालाग्रशतभागस्य शतधा कल्पितस्य तु भागो जीवः स विज्ञेय'' इति ''आराग्रमात्रो ह्यपरोपि दृष्ट'' इति चोन्मानम् । चकारात् स्वप्नप्रबोधयोः सन्धावागतिदर्शनम् ॥२२॥

अविरोधश्चन्दनवत् ॥२३॥

अणुत्वे सर्वशरीरव्यापि चैतन्यं न घटते इति विरोधो न भवति । चन्दनवत् । यथा चन्दनमेकदेशस्थितं सर्वदेहसुखं करोति महातप्ततैलस्थितं वा तापनिवृत्तिम् ॥२३॥

अवस्थितिवैशेष्यादितिचेन्नाभ्युपगमाद्धृदि हि ॥२४॥

चन्दने अवस्थितिवैशेष्यं अनुपहतत्वचि सम्यक्तया अवस्थानं तस्मात् । त्वच एकत्वात् तत्र भवतु नाम न तु प्रकृते तथा सम्भवतीति चेन्न । अभ्युपगमात् । अभ्युपगम्यते जीवस्यापि स्थानविशेषः । हृदि हि हृदि जीवस्य स्थितिः । ''गुहां प्रविष्टा''विति हि युक्तिः ॥२४॥

गुणाद्वालोकवत् ॥२५॥

जीवस्य हि चैतन्यं गुणः । स सर्वशरीरव्यापी । यथा मणिप्रवेकस्य कान्तिर्बहुदेशं व्याप्नोति तद्वत् । प्रभाया गुणत्वमेव स्पर्शानुपलम्भात् उदकगतौष्णवत् । न च विजातीयस्यारम्भकत्वं, प्रमाणाभावात् । लोकप्रतीतिस्तु सर्वैर्वादिभिरुपपाद्या । तत्र गुणिकल्पनापेक्षया गुण एव स्थलान्तर आरभ्यते इति कल्प्यताम् । तथैव लोकप्रतीतेः । पुष्परागादेरपि प्रभा रूपमेव तावद्देशं व्याप्नोतीति मणिस्वभावादेवाङ्गीकर्तव्यम् । आरम्भकस्य तेजसस्तत्राभावात् । कान्तिः प्रभा रूपमिति हि लोकपर्यायः । वाशब्दो यथालोकं युक्तिः कल्पनीयेति सूचयति । ब्रह्मसिद्धान्ते तु यथैव लोके दृश्यते तथैव ब्रह्मणो जातमिति न कल्पनालेशोपि ॥२५॥

व्यतिरेको गन्धवत् ॥२६॥

सिद्धं दृष्टान्तमाह । यथा चम्पकादिगन्धश्चम्पकव्यवहितस्थलेप्युपलभ्यते । वेदोक्तत्वादस्य

दृष्टान्तत्वम् । "यथा वृक्षस्य सम्पुष्पितस्य दूराद्गन्धो वात्येवं पुण्यस्य कर्मणो दूराद्गन्धो वातीति । अन्यथाकल्पना त्वयुक्तेत्यवोचाम ॥२६॥

तथा च दर्शयति ॥२७॥

हृदयायतनत्वमणुपरिमाणत्वञ्च आत्मनोभिधाय "तस्यैवालोमभ्य आनखाग्रेभ्य" इति चैतन्येन गुणेन समस्तशरीरव्यापित्वं दर्शयति ॥२७॥

पृथगुपदेशात् ॥२८॥

"प्रज्ञया शरीरं समारुह्ये"ति करणत्वेन पृथगुपदेशाच्चैतन्यं गुणः ॥२८॥

॥ इति द्वादशमुत्क्रान्तिगत्यागतीनामित्यधिकरणम् ॥

અધિકરણ-૧૨

ઉત્ક્રાન્તિગત્યાગતીનામિત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૧૯-૨૮

સૂત્ર-૧૯ : ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિનું (શ્રવણ છે) (૨.૩.૧૯)

"આથી જ" ની અનુવૃત્તિ છે. "તે જ્યારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે આ બધાની સાથે જ ઉત્ક્રમણ કરે છે." (કૌ.૩.૪.) "જે કોઈ આ લોકમાંથી જાય છે તે બધા ચંદ્રમાં જ જાય છે." (કૌ.૧.૨) "તે લોકમાંથી આ લોકમાં કર્મ કરવા પાછા આવે છે." (બૃ.૪.૪.૬) શ્રુતિમાં કહેલા ઉત્ક્રમણ, ગમન અને આગમનના શ્રવણથી યથાયોગ્ય એવા પરિમાણનો સ્વીકાર કરવો જોઈએ. જો કે "આરની અણી જેવડો બીજો પણ દેખાયો છે" (શ્વે.૫.૮) એ શ્રુતિ જ પરિમાણ કહે છે છતાં ઘણા વાદીઓના મતભેદને લીધે યુક્તિથી સિદ્ધ કરે છે. બ્રહ્મથી ભેદ બતાવવા માટે ઉત્ક્રાન્તિ પ્રથમ કહી છે[1].

સૂત્ર-૨૦ : પછીના બેનો પોતાના સ્વરૂપ સાથે (સંબન્ધ છે.) (૨.૩.૨૦)

ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિના સંબન્ધમાં ઈન્દ્રિયો વગેરે સાથે પણ સંબન્ધ હોય છે, તેથી સંદેહ થાય છે : શું ઉપાધિથી સંબન્ધ થાય છે કે જાતે જ થાય છે. પછીના બે (ગમન અને આગમનનો) સંબન્ધ આત્મ સ્વરૂપે જ માત્ર હોય છે[2]. "જેમ કરોળીઓ તંતુનું સર્જન કરે છે અને પાછા ખેંચી લે છે તેમ જીવ જાગ્રત્ અને સ્વપ્ન અવસ્થાઓમાં જાય છે અને પાછો આવે છે" એમ બ્રહ્મોપનિષદ્(માં કહ્યું છે), "આ જીવ, આત્માથી પ્રવેશ કરીને" (છા.૬.૩.૨), "બ્રહ્મમાં મળી જાય છે" (બૃ.૪.૪.૬) અને "સ્વેચ્છાએ રૂપ ધારણ કરીને ફરતો" (તૈ. ૩.૧૦)[3]

અથવા[4] "ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિનો" જીવ સાથેના સંબન્ધનો જ બોધ થાય છે, અણુત્વનો નહિ. "પછીના બેનો પોતાના સ્વરૂપ સાથે" એમાં અણુત્વ (નો બોધ થાય છે.) "યમે અંગુષ્ઠમાત્ર પુરુષને બળપૂર્વક ખેંચ્યો" (મ.ભા. ૩.૨૯૭.૧૭) એ (બતાવે છે કે) ગતિથી જુદા ઉત્ક્રમણમાં સ્વાતંત્ર્યનો અભાવ

છે. પોતાના સ્વરૂપ સાથે એટલે જીવરૂપે અને ચ થી ઈન્દ્રિયો સાથે પણ જીવને ગતિ-આગતિનો સંબંધ છે એટલે મધ્યમ પરિમાણ અયોગ્ય હોવાથી જીવ અણુ જ સિદ્ધ થાય છે.

સૂત્ર-૨૧ : અણુ નથી, કારણ કે તેવી શ્રુતિ નથી એમ કહો તો એવું નથી કારણ કે બીજાનો અધિકાર છે. (૨.૩.૨૧)

(શંકા) જીવ અણુ હોય એ યોગ્ય નથી. શાથી ? તેવી શ્રુતિ ન હોવાથી- અણુત્વથી વિપરીત વ્યાપકત્વની શ્રુતિ છે તેથી. ''તે આ મહાન અજ આત્મા છે, જે વિજ્ઞાનમય છે.'' (બૃ.૪.૪.૨૨) એમ કહો તો (જવાબ) એવું નથી. બીજાનો અધિકાર હોવાથી. બીજું એટલે પર બ્રહ્મ તેના અધિકારમાં ''મહાન અજ'' એ વાક્ય પ્રકરણ અને શબ્દથી નિયત થાય છે. બીજા માટે વપરાયેલા શબ્દો પણ યોગથી બ્રહ્મ માટેના છે એમ થશે.[૫]

સૂત્ર-૨૨ : 'સ્વ' શબ્દ અને માપને લીધે. (૨.૩.૨૨)

''જાતે વિહાર કરીને, જાતે નિર્માણ કરીને, પોતાના પ્રકાશથી, પોતાની જ્યોતિથી સુવે છે'' (બૃ.૪.૩.૯) એમાં સ્વ શબ્દ જીવ અણુપરિમાણવાળો છે એવો બોધ કરે છે. સ્વપ્નમાં વ્યાપક અથવા શરીર પરિમાણવાળા જીવનો વિહાર સંભવતો નથી. ''વાળના છેડાના સોમા ભાગના પણ સો ભાગની કલ્પના કરીએ તેવડો જીવ જાણવો.'' (શ્વેતાશ્વતર ૫.૯) ''આરાની અણી જેવડો જ બીજો પણ દેખાય છે.'' (શ્વેતાશ્વતર ૫.૮) એમ માપ છે. ચ દર્શાવે છે કે સ્વપ્ન અને જાગૃતિની સંધિમાં આગમનનું દર્શન છે[૬].

સૂત્ર-૨૩ : ચન્દનની માફક અવિરોધ છે. (૨.૩.૨૩)

જીવ અણુ હોય તો આખા શરીરને વ્યાપતું ચૈતન્ય બંધબેસતું નથી એવો વિરોધ નથી. ચંદનની માફક. જેમ ચંદન એક જગાએ હોય તો પણ આખા શરીરને સુખકારક છે, અથવા ખૂબ તપેલા તેલમાં રહેલું ચંદન તાપ દૂર કરે છે[૭].

સૂત્ર-૨૪ : વિશેષ સ્થાનને લીધે એમ કહો તો એવું નથી; હૃદયમાં (સ્થાન) સ્વીકાર્યું હોવાથી (૨.૩.૨૪)

(શંકા) ચંદનના (દૃષ્ટાંત)માં વિશેષ સ્થાન હોવાથી, અર્થાત્ અખંડ ત્વચામાં સમુચિત રીતે રહેવું તેથી, ત્વચા એક હોવાથી તેમાં ભલે હોય, પણ પ્રસ્તુતમાં એ સંભવતું નથી, એમ કહો તો (જવાબ) એવું નથી. સ્વીકારેલું હોવાથી, જીવનું પણ વિશેષ સ્થાન સ્વીકારેલું છે. ખરેખર હૃદયમાં જીવનું સ્થાન છે ''ગુહામાં પ્રવેશેલા બે'' એ જ યુક્તિ છે.[૮]

સૂત્ર-૨૫ : અથવા તો ગુણને લીધે, પ્રકાશની માફક. (૨.૩.૨૫)

ચૈતન્ય ખરેખર જીવનો ગુણ છે. તે આખા શરીરને વ્યાપે છે; જેમ ઉત્તમ મણિનો પ્રકાશ અનેક સ્થાનમાં વ્યાપે છે તેમાં પ્રભા ગુણ જ છે કારણ કે સ્પર્શની ઉપલબ્ધિ નથી; પાણીમાં રહેલી ઉષ્ણતાની માફક[૯]. વિજાતીય ઉત્પન્ન થાય છે એવું નથી, કારણ કે એમ માનવા માટે પ્રમાણ નથી[૧૦]. લોક પ્રતીતિ તો બધા જ

વાદીઓએ સ્વીકારવી જોઈએ. તેમાં ગુણીની કલ્પનાની અપેક્ષાએ ગુણ જ બીજા સ્થળમાં ઉત્પન્ન થાય છે એમ માનો. પુષ્પરાગ વગેરેમાં પણ પ્રભા રૂપ જ છે. બહુ સ્થાનોમાં વ્યાપે છે એ મણિના સ્વભાવથી જ સ્વીકારવું જોઈએ, કારણ કે ઉત્પન્ન કરનાર તેજનો તેમાં અભાવ છે. કાન્તિ, પ્રભા, રૂપ એ પર્યાયો છે. વા શબ્દ સૂચવે છે કે જગતમાં દેખાય તે પ્રમાણે યુક્તિની કલ્પના કરવી. બ્રહ્મના સિદ્ધાન્તમાં તો જેવું લોકમાં દેખાય છે. તેવું બ્રહ્મામાંથી ઉત્પન્ન થયું છે એટલે કલ્પના થોડી પણ કરવી નહિ[૧૧].

સૂત્ર-૨૬ : ગન્ધની માફક વધારાના સ્થળે પણ. (૨.૩.૨૬)

સિદ્ધ દૃષ્ટાન્ત કહે છે જેમ ચંપક વગેરેની ગન્ધ ચંપકથી જુદે સ્થળે પણ પ્રાપ્ત થાય છે. વેદમાં કહ્યું હોવાથી આ દૃષ્ટાન્ત આપેલું છે. ''જેમ પુષ્પોવાળા વૃક્ષની ગન્ધ દૂર સુધી જાય છે તેમ પુણ્ય કર્મની ગન્ધ પણ દૂર સુધી જાય છે.'' (મહાનારાયણીય ૮.૨) અન્યથા કલ્પના[૧૨] કરવી અયોગ્ય છે એમ અમે કહ્યું છે.

સૂત્ર-૨૭ : અને તેમ દર્શાવે છે. (૨.૩.૨૭)

આત્મા હૃદયમાં રહે છે અને અણુપરિમાણ છે એમ કહીને ''રોમ સુધી, નખના અગ્ર ભાગ સુધી'' (કૌ.૪.૧૪) એમ ચૈતન્ય ગુણથી આખા શરીરને વ્યાપે છે એમ શ્રુતિ દર્શાવે છે.

સૂત્ર-૨૮ : ભિન્ન છે એવો ઉપદેશ હોવાથી. (૨.૩.૨૮)

''પ્રજ્ઞાથી શરીરનું આરોહણ કરીને'' (કૌ.૩.૬.) એમ કરણ તરીકે જુદો ઉપદેશ આપ્યો હોવાથી[૧૩] ચૈતન્ય ગુણ છે.

ટિપ્પણ

૧. **ब्रह्मवैलक्षण्यार्थम्**...- જીવ અને બ્રહ્મ વચ્ચેનું વૈલક્ષણ્ય ઉત્ક્રાન્તિથી કહ્યું છે.

૨. **उत्तस्योर्गत्यागत्यो**...- ઉત્ક્રમણમાં જીવ લિંગદેહ અર્થાત સૂક્ષ્મશરીર સાથે ઉત્ક્રમણ કરે છે, પણ ગમન અને આગમન તો જીવસ્વરૂપે જ છે એમાં લિંગશરીરને કોઈ સંબન્ધ નથી.

૩. **ऊर्णनाभिर्यथा**...- અહીં ચાર શ્રુતિવાક્યો કહેલાં છે : બ્રહ્મોપનિષદ્, છાન્દોગ્ય, બૃહદારણ્યક અને તૈત્તિરીય એમ ચાર ઉપનિષદોમાંથી વાક્યો લીધાં છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય તથા મધ્વાચાર્ય ગત્યાગતિના વિષયમાં બ્રહ્મોપનિષદ્નું વાક્ય કહેતાં નથી એટલી ન્યૂનતા દૂર કરવા માટે બ્રહ્મોપનિષદ્નું વાક્ય ટાંકેલું છે. આ ચાર શ્રુતિવાક્યો જીવની છ અવસ્થાઓ પ્રદર્શિત કરે છે. પ્રથમ શ્રુતિમાં જાગ્રત્ અને સ્વપ્ન, બીજી શ્રુતિમાં સૃષ્ટિ, ત્રીજી શ્રુતિમાં બ્રહ્મસાયુજ્ય અને સુષુપ્તિ તો ચોથી શ્રુતિમાં મુક્તિ એમ છ અવસ્થાઓ સમજાય છે. જાગ્રત્ અવસ્થામાં દેહની ઉપાધિનો સંબન્ધ હોવા છતાં સ્વપ્નમાં ઈન્દ્રિયોનો લય થતાં કેવળ સાક્ષીરૂપે

રહેતો હોવાથી જીવ ઉપાધિશૂન્ય છે. સૃષ્ટિની અવસ્થામાં ઉપાધિનો સંબંધ અનુપ્રવેશથી થાય છે એટલે તેની પહેલા ઉપાધિ હોતી નથી. બ્રહ્મસાયુજ્ય અને સુષુપ્તિમાં ઉપાધિનો અભાવ છે. મુક્તિમાં તો પ્રાણ પણ નથી એટલે ઉપાધિનો પ્રશ્ન જ નથી. આમ બધી જ અવસ્થાઓમાં જીવ ઉપાધિરહિત છે. અર્થાત ઉત્ક્રાંતિ, ગતિ અને આગતિ પોતાના સ્વરૂપથી થતાં હોવાથી જીવ અણુ છે એમ સિદ્ધ થાય છે.

૪. **अथवा...**- આ બન્ને સૂત્રો બીજી રીતે સમજાવ્યાં છે, કારણ કે પ્રથમ પ્રકારમાં સૂત્ર ૨૦માં આવતો च વ્યર્થ થઈ જાય છે. આ યોજના પ્રમાણે બન્ને સૂત્રોમાં ज्ञः अत एव અનુવૃત્તિથી આવે છે. સૂત્ર ૧૯ જીવનો સંબન્ધ અને ૨૦ અણુત્વ દર્શાવે છે. યમે સત્યવાનના જીવને ખેંચ્યો એ બતાવે છે કે ગતિથી ભિન્ન ઉત્ક્રમણમાં જીવ સ્વતંત્ર નથી. જીવ જાતે જઈ શકતો નથી પણ યમ એને ખેંચે તો જ જઈ શકે છે; અર્થાત સદ્યોમુક્તિ કે જીવન્મુક્તિમાં જીવ પોતાના સ્વરૂપથી ગતિ સાથે જોડાયેલો છે, પણ ક્રમમુક્તિમાં ઈન્દ્રિયો સહિતનો સંબંધ છે. આગતિ તો જીવના સ્વરૂપથી જ છે. આમ च નું મહત્ત્વ હોવાથી સૂત્રોની યોજના જુદી રીતે કરેલી છે.

૫. **अन्यतरा अपि...**- પૂર્વપક્ષી કહે છે કે જીવને મહાન્ કહ્યો છે તે એનું વ્યાપકત્વ બતાવે છે. તેનો જવાબ આપતાં કહે છે કે આ બ્રહ્મનું પ્રકરણ છે એટલે વિષયવાક્યમાં આવતાં વિશેષણો બ્રહ્મ માટેનાં છે, જીવ માટેનાં નથી. વળી બ્રહ્મના પ્રકરણમાં આવતા શબ્દો બીજાને માટેના હોય તો પણ વ્યુત્પત્તિથી બ્રહ્મ માટેના સમજવા. વિજ્ઞાનમય શબ્દ સામાન્ય રીતે જીવ માટેનો હોવા છતાં વિજ્ઞાનના પ્રાચુર્યનો બોધ કરાવવાના અર્થમાં બ્રહ્મ માટે સમજવાનો છે.

૬. **चकारात्स्वप्न...**- બૃહદારણ્યક (૪.૩.૯)માં જ્યોતિર્બ્રાહ્મણમાં કહ્યું છે : सन्ध्यं तृतीयं स्थानं तस्मिन्सन्ध्ये स्थाने तिष्ठन् उभे पश्यति इदं च परलोकस्थानं च। આમ સંધિસ્થાનમાં ઊભો રહીને જીવ બન્ને સ્થાન જુએ છે-અર્થાત જીવની આગતિ કહી છે.

૭. **यथा चन्दनमेकदेशस्थितम्...**- જેમ ચંદન શરીરના એક જ ભાગમાં લગાડ્યું હોય તો તે આખા શરીરને સુખકારક બને, અથવા તપેલા તેલમાં ચંદન નાંખતાં તાપનું નિવારણ થાય, તેમ જીવ અણુ હોવા છતાં એનું ચૈતન્ય આખા દેહને વ્યાપે છે. આ સામર્થ્યવ્યાપ્તિ છે. ગોપેશ્વરજી કહે છે. यत्र यत्सामर्थ्य तत्र तत्कार्यदर्शनाविरोध इति व्याप्तिः । આખું અનુમાન આ પ્રમાણે છે जीवः सामर्थ्यव्याप्तिमान् । सकलदेहव्यापि चैतन्याद्युपलब्धेः । चन्दनवत् ।

૮. **गुहां प्रविष्टौ...**- ''ગૃહામાં પ્રવેશેલા બે'' એ વાક્ય બતાવે છે કે જીવ બ્રહ્મથી જુદો રહીને હૃદયમાં પ્રવેશે છે. આમ જીવનું સ્થાન હૃદય છે એ નિશ્ચિત થાય છે.

૯. **प्रभाया गुणत्वमेव...**- ગરમ પાણીમાં તેજસ્ તત્ત્વનું રૂપ દેખાતું નથી, પણ ઉષ્ણ સ્પર્શનો અનુભવ થાય છે, એટલે સ્પર્શરૂપી ગુણનો સ્વીકાર કરવામાં આવે છે.

તેમ મણિની પ્રભામાં સ્પર્શગુણનું ગ્રહણ થતું નથી, પણ એનું રૂપ, પ્રકાશ જોવાય છે એટલે રૂપના ગુણનું ગ્રહણ થાય છે. આમ મણિની પ્રભા એ ગુણ છે, દ્રવ્ય નથી.

૧૦. न च विजातीयस्यारम्भकत्वं...- અહીં શંકા એવી છે કે પ્રભા દ્રવ્ય નથી પણ ગુણ છે એ ખરૂં પણ જેમ ચિન્તામણિ અનેક દ્રવ્યોને ઉત્પન્ન કરે છે તેમ મણિ પણ પ્રભારૂપી ગુણવાળા બીજા દ્રવ્યને ઉત્પન્ન કરે છે અને તેનો ગુણ પ્રભા સર્વત્ર વ્યાપે છે. આ મતમાં મણિ-પ્રભાયુક્ત દ્રવ્ય-પ્રભા એમ કલ્પનાગૌરવ થાય છે. આપણો સામાન્ય અનુભવ તો એવો છે કે મણિ જ પ્રભા આપે છે. એટલે આમ વધારાની કલ્પનાની કોઈ જરૂર નથી. આ મણિનો સ્વભાવ છે. વળી પ્રભા ઉત્પન્ન કરનાર બીજા કોઈ તેજોદ્રવ્યનો અભાવ છે. વળી કોશમાં પણ પ્રભા અને રૂપ તથા કાન્તિ પર્યાયો છે અને રૂપ એ ગુણ છે તે પ્રસિદ્ધ છે.

૧૧. ब्रह्मसिद्धान्ते तु...- લોકમાં જેવું દેખાય છે તેવી કલ્પના કરવી એમ માનવામાં આવે તો પ્રશ્ન ઊભો થાય છે. પદાર્થોની ઉત્પત્તિ સજાતીય કારણોમાંથી થાય છે. હવે બ્રહ્મને સજાતીય કહી શકાય નહિ અર્થાત્ બ્રહ્મ વિજાતીય કારણ છે. તેનો જવાબ આ વાક્યમાં આપેલો છે. બ્રહ્મમાંથી જ સર્વની ઉત્પત્તિનો સિદ્ધાન્ત સ્વીકારીએ તો અર્થાત્ બ્રહ્મસિદ્ધાન્તમાં તો બ્રહ્મ જ જુદાં જુદાં કારણો રૂપે પ્રકટ થાય છે એટલે કલ્પના કરવાની કોઈ જ જરૂર રહેતી નથી.

૧૨. अन्यथाकल्पना...- અર્વાચીન નૈયાયિકો માને છે કે ગુણ પોતાના આશ્રય સ્થાનથી આગળ જતો નથી; એ કલ્પના યોગ્ય નથી એમ આગલા સૂત્રમાં જણાવેલું છે.

૧૩. करणत्वेन पृथगुपदेशात्...- આપેલા વાક્યમાં प्रज्ञया એ કરણ વિભક્તિ છે. આમ કરણ હોવાથી પ્રજ્ઞા અર્થાત્ ચૈતન્ય આત્માથી ભિન્ન છે. માટે ચૈતન્ય ગુણ છે એમ સિદ્ધ થાય છે.

तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत् ॥२९॥ (२.३.१३.)

ननु ''तत्त्वमस्या'' दिवाक्यैः परमेव ब्रह्म जीव इति कथमणुत्वमितीमामाशङ्कां निराकरोति तुशब्दः । तस्य ब्रह्मणो गुणाः प्रज्ञाद्रष्टृत्वादयस्त एवात्र जीवे सारा इति जडवैलक्षण्यकारिण इति अमात्ये राजपदप्रयोगवज्जीवे भगवद्व्यपदेशः । मैत्रेयीति सम्पूर्णे ब्राह्मणे भगवत्त्वेन जीव उक्तः ।

ननु कथमन्यस्यान्यधर्मत्वेन कथनम् । न हि निरूपणस्थल एवोपचारः सम्भवति । तत्राह प्राज्ञवत् । ''तद्यथा प्रियया स्त्रिया सम्परिष्वक्त'' इत्यत्र ''एवमेवायं शारीर आत्मा प्राज्ञेनात्मना सम्परिष्वक्त'' इत्यभिधाय प्राज्ञस्वरूपमाह । ''तदा अस्यैतदतिच्छन्दोपहतपाप्माभयं रूपमशोकान्तरमत्र पिता अपिता भवती'' त्यादि । प्राज्ञश्च सुषुप्तिसाक्षी । न हि तस्यापहतपाप्मत्वमस्ति । ब्रह्मलिङ्गात् । एवमेव शारीरस्यापि जीवस्य ब्रह्मधर्मबोधिकाः श्रुतयः ।

इदमत्र वक्तव्यम् । सर्वोपनिषत्सु ब्रह्मज्ञानं परमपुरुषार्थसाधनमिति तन्निर्णयार्थं भगवान् व्यासः सूत्राणि चकार । तत्र ब्रह्मसूत्रे विचारं प्रतिज्ञाय जगत्कर्तृत्वाद्यसाधारणलक्षणं ब्रह्मणः प्रतिज्ञाय समन्वयनिरूपणे जीववाक्यानि दूरीकृत्याविरोधेपि एक्येपि हिताकरणादिदोषमाशङ्क्य ''अधिकन्तु भेदनिर्देशा'' दिति परिहृत्य जीवस्याणुत्वमुपचाराद्ब्रह्मत्वमंशत्वं

पराधीनकर्तृत्वादिकं प्रतिपाद्य तस्यैव दक्षिणमार्गेण पुनरावृत्तिमुक्त्वा ससाधनेन ब्रह्मज्ञानेनार्चिरादिद्वारा ब्रह्मप्राप्तिमुक्त्वा "न स पुनरावर्तत" इत्यनावृत्तिं वदन् शास्त्रपर्यवसानेन सर्वान् वेदान्तान् अव्याकुलतया योजितवान् ।

तत्र कश्चित् तद्व्यपदेशेन प्रोक्तानि "तत्त्वमस्या" दिवाक्यानि स्वीकृत्य जीवमात्रं च ब्रह्म स्वीकृत्य तदतिरिक्तस्य सर्वस्य कारणांशकार्यरूपस्य मिथ्यात्वं परिकल्प्य तद्बोधकश्रुतीनामर्थवादत्वेन मिथ्यात्वं स्वीकृत्य सुषुप्तिसम्पत्त्योर्भगवता प्रकटीकृतमानन्दरूपत्वं तत्प्रतिपादकवाक्यानां सद्योमुक्तिरूपफलवाचकत्वमुक्त्वा क्रममुक्तिमुपासनापरत्वेन योजयित्वा वेदसूत्राणि व्याकुलीचकार। तद् वेदान्तानां ब्रह्मपरत्वं जीवपरत्वं वेति यदत्र युक्तं तत् सद्भिरनुसन्धेयम् ॥२९॥

यावदात्मभावित्वाच्च न दोषस्तद्दर्शनात् ॥३०॥

ननु कथमन्यस्य नीचस्य सर्वोत्कृष्टव्यपदेशोपि । न हि प्रामाणिकैः सर्वथायुक्ते व्यपदेशः क्रियते । न चोक्ततद्गुणसारत्वाद्ब्रह्मणः आनन्दांशस्य प्राकट्यादिति वाच्यम् । तथा सति प्राज्ञवत् पुनस्तिरोहितं स्यादिति तस्य तद्व्यपदेशो व्यर्थोप्रयुक्तश्चेति चेन्नायं दोषः । कुतः । यावदात्मभावित्वात् पश्चात् यावत्पर्यन्तमात्मा नित्यवात् सर्वदा आनन्दांशस्य प्राकट्यात् तस्य तथैव दर्शनमस्ति । अनावृत्त्यैश्वर्यादीनामुक्तत्वात् प्राज्ञात् सम्पन्नत्वं विशेषः । चकारात् तस्य चानन्दः प्रकटित इति न दूषणगन्धोपि ।

व्यपदेशो वा नात्यन्तमयुक्तस्य । यावदात्मा ब्रह्म भवत्यानन्दांशप्राकट्येन तावदेव तद्व्यपदेशो राजज्येष्ठपुत्रवत् । तदेवोक्तं "व्यापकत्वश्रुतिस्तस्य भगवत्त्वेन युज्यते आनन्दांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वञ्च तस्य तदि" ति ॥३०॥

पुंस्त्वादिवत्त्वस्य सतोभिव्यक्तियोगात् ॥३१॥

व्यपदेशदशायामपि आनन्दांशस्य नात्यन्तमसत्त्वं पुंस्त्वादिवत् । यथा पुंस्त्वं सेकादिसामर्थ्यं बाल्ये विद्यमानमेव यौवने प्रकाशते । तथा आनन्दांशस्यापि सत एव अभिव्यक्तियोगः ॥३१॥

नित्योपलब्ध्यनुपलब्धिप्रसङ्गोन्यतरनियमो वान्यथा ॥३२॥

ननु कथमेवं स्वीक्रियते । इदानीं संसारावस्थायां सच्चित्प्राकट्यमेव मोक्षे त्वानन्दांशोपि प्रकट इति, तन्निवारयति । तथा सति नित्यमुपलब्धिः स्यादानन्दांशस्य । तथा सति न संसारावस्थोपपद्येत । अथानुपलब्धिः सर्वदा तथा सति मोक्षदशा विरुध्येत । अथान्यतरनियमः जीवो निरानन्द एव ब्रह्म त्वानन्दरूपम् । तथा सति "ब्रह्मैव सन् ब्रह्माप्येती" तिश्रुतिविरोधः, तस्मात् पूर्वोक्त एव प्रकारः स्वीकर्तव्य इति सिद्धम् ॥३२॥

॥ इति त्रयोदशन्तद्गुणसारत्वाधिकरणम् ॥

અધિકરણ-૧૩

તદ્‌ગુણસારત્વાધિકરણ

સૂત્રો : ૨.૩.૨૯-૩૨

સૂત્ર-૨૯ : તેના ગુણો સાર હોવાથી તેમ કહેવાય છે, પ્રાજ્ઞની માફક. (૨.૩.૨૯)

“તે તું છે” વગેરે વાક્યોથી જીવ પરમ બ્રહ્મ જ છે તો અણુત્વ કેવી રીતે આવે ? આ શંકાનું નિરાકરણ તુ શબ્દથી કરે છે. તે બ્રહ્મના પ્રજ્ઞા, દ્રષ્ટૃત્વ વગેરે ગુણો તે જ અહીં જીવમાં સારભૂત છે, જડથી વૈલક્ષણ્ય બતાવે છે, એટલે અમાત્યમાં થતા રાજા શબ્દના પ્રયોગની માફક જીવને ભગવાન તરીકે કહેવાય છે. મૈત્રેયી એ આખા બ્રાહ્મણમાં જીવને ભગવાન તરીકે કહેવામાં આવે છે.

(શંકા) એકને બીજાના ધર્મવાળા તરીકે કઈ રીતે કહી શકાય ? જ્યાં નિરૂપણ કરવાનું છે ત્યાં જ ઉપચાર સંભવતો નથી. ત્યાં (જવાબ) કહે છે પ્રાજ્ઞની માફક. “જેમ પ્રિય સ્ત્રીને આલિંગન કરેલો” (બૃ.૪.૩.૨૧) એ વાક્યમાં, “એ જ રીતે આ શારીર આત્મા પ્રાજ્ઞ આત્મા સાથે જોડાયેલો છે” એમ કહીને પ્રાજ્ઞનું સ્વરૂપ કહે છે- “તે આ એનું છન્દ (કામ)થી રહિત પાપ દૂર થયાં છે એવું ભયરહિત, રૂપરહિત, બીજા કોઈ શોકરહિત (સ્વરૂપ) છે, એમાં પિતા અપિતા બને છે” (બૃ.૪.૩.૨૧-૨૨) વગેરે. પ્રાજ્ઞ સુષુપ્તિનો સાક્ષી છે. તે અપહતપાપ્મા થઈ શકે નહિ, કારણ કે એ બ્રહ્મનું લિંગ છે. એ જ પ્રમાણે શારીર જીવમાં પણ બ્રહ્મનો બોધ કરાવતી શ્રુતિઓ છે.

અહીં આમ કહેવાનું છે. બધાં ઉપનિષદોમાં બ્રહ્મજ્ઞાન પરમ પુરુષાર્થનું સાધન છે એટલે તેના નિર્ણય માટે ભગવાન વ્યાસે સૂત્રોની રચના કરી. તેમાં બ્રહ્મસૂત્રમાં વિચારની પ્રતિજ્ઞા કરીને, જગતનું કર્તૃત્વ આદિ બ્રહ્મનું અસાધારણ લક્ષણ કહીને, સમન્વયના નિરૂપણમાં જીવવિષયક વાક્યો દૂર કરીને, અવિરોધ (અધ્યાય) માં ઐક્ય હોવા છતાં હિત ન કરવા રૂપી દોષની શંકા કરીને “ભેદના નિર્દેશને લીધે અધિક છે” એમ પરિહાર કરીને, જીવનું અણુત્વ, ઉપચારથી બ્રહ્મત્વ, અંશત્વ, પરાધીનકર્તૃત્વ વગેરેનું પ્રતિપાદન કરીને, દક્ષિણ માર્ગથી એની જ પુનરાવૃત્તિ કહીને, સાધનસહિતના બ્રહ્મજ્ઞાનથી અર્ચિરાદિમાર્ગે બ્રહ્મપ્રાપ્તિ કહીને, તેની પુનરાવૃત્તિ થતી નથી એમ અનાવૃત્તિ કહેતાં શાસ્ત્રનું તાત્પર્ય જણાવીને બધાં વેદાન્તોની યોગ્ય રીતે યોજના કરી.

તેમાં કોઈકે તે રૂપે વર્ણન કરતાં “તે તું છે” વગેરે વાક્યોનો સ્વીકાર કરીને, જીવમાત્ર બ્રહ્મ છે એમ સ્વીકારીને, તેનાથી જુદું, એવું બધાંનું કારણ-અંશ-કાર્ય-રૂપને મિથ્યા, તરીકે કલ્પીને, તેનો બોધ કરાવતાં શ્રુતિવાક્યોને અર્થવાદ તરીક મિથ્યા માનીને, સુષુપ્તિ અને સંપત્તિમાં ભગવાને પ્રકટ કરેલું આનન્દરૂપ તથા તેને પ્રતિપાદક વાક્યો સદ્યોમુક્તિરૂપી ફલનો બોધ કરાવે છે એમ કહીને, ક્રમમુક્તિ ઉપાસનાપરક છે એમ યોજના કરીને, વેદ અને સૂત્રોને વ્યાકૂલ કર્યાં; એટલે વેદાન્તોનું તાપ્યર્ય બ્રહ્મમાં છે કે જીવમાં છે તે વિશે જે યોગ્ય લાગે તેનું સજજનોએ અનુસંધાન કરવું.

સૂત્ર-૩૦ : આત્મા છે ત્યાં સુધી (આનન્દાંશ છે) તેથી દોષ નથી, કારણ કે તેવું દર્શન છે. (૨.૩.૩૦)

(શંકા) બીજો જે નીચ છે તેનું સર્વોત્કૃષ્ટ તરીકે વર્ણન કેવી રીતે થાય ? જે સર્વથા અયોગ્ય હોય તેનું પ્રામાણિકો વર્ણન કરતા નથી. કહ્યા પ્રમાણે તેના ગુણ સારરૂપ હોવાથી બ્રહ્મના આનન્દાંશના પ્રાકટ્યથી આ વર્ણનમાં વાંધો નથી એમ કહેવું

નહિ. તેમ હોય તો પ્રાજ્ઞની માફક પાછા તિરોહિત થતાં તેનો તેવો વ્યપદેશ વ્યર્થ અને અનુચિત થશે[૨]. એમ કહો તો (જવાબ) આ દોષ નથી. શાથી ? જ્યાં સુધી આત્મા છે ત્યાં સુધી. પછી જીવ સર્વદા આત્મા છે, નિત્યતાને લીધે આનન્દાંશ સર્વદા પ્રકટ હોવાથી તેનું તેવું જ દર્શન છે, કારણ કે અનાવૃત ઐશ્વર્યાદિ કહેલાં છે. પ્રાજ્ઞથી સંપત્તિનો વિશેષ છે.[૩] ચ થી કહેવાય છે કે તેનો આનન્દ પ્રકટ થયો હોવાથી દોષની ગન્ધ પણ નથી.

અથવા[૪] જે અત્યંત અયોગ્ય છે તેનો વ્યપદેશ નથી. જ્યારે આનન્દાંશના પ્રાકટ્યથી આત્મા બ્રહ્મ બને ત્યારે જ તેનું તેવું વર્ણન હોય છે, રાજાના જ્યેષ્ઠ પુત્રની માફક. આ જ કહ્યું છે "વ્યાપકત્વ શ્રુતિ જીવના ભગવત્ત્વને લીધે યોજવામાં આવે છે. આનદાંશ અભિવ્યક્ત થતાં જીવમાં કોટિ બ્રહ્માંડો પ્રતીત થાય છે. આમ એનો પરિચ્છેદ અને વ્યાપકત્વ છે." (ત.દી.નિ.શા.૫૩-૪)

સૂત્ર-૩૧ : પુરુષત્વની માફક, અસ્તિત્વ ધરાવતા એની અભિવ્યક્તિ થતી હોવાથી. (૨.૩.૩૧)

વર્ણન કરવામાં આવે ત્યારે પણ એનો અત્યંત અભાવ નથી. પુરુષત્વની માફક, જેમ પુરુષત્વ એટલે વીર્યાધાનનું સામર્થ્ય બાળપણમાં હોવા છતાં યૌવનમાં પ્રકાશિત થાય છે તેમ અસ્તિત્વ ધરાવતો હોય એવા જ આનન્દાંશની અભિવ્યક્તિ છે.

સૂત્ર-૩૨ : અન્યથા નિત્ય ઉપલબ્ધિ કે નિત્ય અનુપલબ્ધિનો પ્રસંગ આવે, અથવા એકનો નિયમ થાય. (૨.૩.૩૨)

(શંકા) આ રીતે કેમ સ્વીકારવામાં આવે છે ? હમણાં સંસાર-અવસ્થામાં સત-ચિતનું જ પ્રાકટ્ય છે, મોક્ષદશામાં આનન્દાંશ પણ પ્રકટ થાય છે. એનું નિવારણ કરે છે. (જવાબ) જો એમ ન હોય તો આનન્દાંશની નિત્ય ઉપલબ્ધિ થાય તો સંસારઅવસ્થા બંધબેસતી નથી. જો હંમેશા અનુપલબ્ધિ માનવામાં આવે તો મોક્ષદશાનો વિરોધ થાય છે. હવે એકનો નિયમ માનો તો જીવ આનન્દરહિત જ છે અને બ્રહ્મ આનન્દરૂપ છે; એમાં "બ્રહ્મ હોઈને બ્રહ્મમાં લય પામે છે" (બૃ.૩.૪.૧) એ શ્રુતિનો વિરોધ આવે. તેથી પહેલાં કહેલો પ્રકાર જ[૫] સ્વીકારવો જોઈએ એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **अमात्ये राजपदप्रयोगवत्...**- અમાત્ય રાજા નથી છતાં એને ઉપચારથી રાજા કહેવાય છે તેમ જીવને પણ ઉપચારથી બ્રહ્મરૂપે વર્ણવાય છે.

૨. **तथा सति प्राज्ञवत् पुनस्तिरोहिते...**- બ્રહ્મના ગુણો જીવમાં સારરૂપ હોવાથી જીવને બ્રહ્મ તરીકે વર્ણવેલો છે. બ્રહ્મનો આનન્દાંશ જીવમાં મોક્ષપ્રસંગે પ્રકટ થાય છે. આનો જવાબ આપતાં કહે છે કે બ્રહ્મના અપહતપાપ્મત્વાદિ ગુણો પાછા તિરોહિત થશે. અને આનન્દાંશ પણ તિરોહિત થતાં જીવનું બ્રહ્મરૂપે કરેલું વર્ણન વ્યર્થ અને અયોગ્ય બને છે.

३. प्राज्ञात्संपन्नत्वं...- મોક્ષની અવસ્થામાં જીવને બ્રહ્મસંપત્તિ થાય છે પણ પ્રાજ્ઞને બ્રહ્મસંપત્તિ થતી નથી એટલો તફાવત છે.

४. व्यपदेशो वा...- બીજી રીતે આચાર્યશ્રી કહે છે કે જે અત્યન્ત અયોગ્ય હોય તેનું તેવું વર્ણન તો થતું જ નથી. આનન્દાંશ પ્રકટ થતાં જીવ બ્રહ્મ થવાનો છે તેથી તેનું એવું વર્ણન છે. જેમ કે રાજાનો મોટો પુત્ર રાજા થવાનો હોય એનું રાજા તરીકે વર્ણન કરી શકાય.

५. पूर्वाक्त एव प्रकारः...- પહેલાં કહેલો પ્રકાર એટલે સંસારદશામાં સત્-ચિત્ની અભિવ્યક્તિ અને મોક્ષદશામાં અનન્દાંશનું પ્રાકટ્ય.

कर्ता शास्त्रार्थवत्त्वात् ॥३३॥ (२.३.१४)

साङ्ख्यानां प्रकृतिगतमेव कर्तृत्वमिति तन्निवारणार्थमधिकरणारम्भः । कर्ता जीव एव । कुतः शास्त्रार्थवत्त्वात् । जीवमेवाधिकृत्य वेदे अभ्युदयनिःश्रेयसफलार्थं सर्वाणि कर्माणि विहितानि । ब्रह्मणोनुपयोगात् । जडस्याशक्यत्वात् । सन्दिग्धेपि तथैवाङ्गीकर्तव्यम् ॥३३॥

विहारोपदेशात् ॥३४॥

तस्यैव गान्धर्वादिलोकेषु "यद्यत् कामयते तत्तद्भवती" ति विहार उपदिष्टः । ततश्च कर्तृत्वभोक्तृत्वयोः "साधुकारी साधुर्भवती" ति सामानाधिकरण्यश्रवणात् जीव एव कर्ता ॥३४॥

उपादानात् ॥३५॥

"तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाये"ति जीवेन सर्वेषां विज्ञानमुपादीयते । तस्मादिन्द्रियादीनां करणत्वमेव । स्वातन्त्र्यादस्यैव कर्तृत्वम् ।

यस्तु मन्यते बुद्धिसम्बन्धात् जीवस्य कर्तृत्वमिति स प्रष्टव्यः । किं बुद्धिकर्तृत्वं जीवे समायाति अथवा जीवगतमेव कर्तृत्वं बुद्धिसम्बन्धादुद्गच्छति अथवा शशविषाणायितमेव कर्तृत्वं सम्बन्धे समायाति । नाद्यः, जडत्वात् अनङ्गीकारात् पूर्वं निराकृतत्वाच्च । द्वितीये त्विष्टापत्तिः उपादानविरोधश्च । तृतीये शास्त्रविरोधः ब्रह्मणि सिद्धत्वाच्च । असत्कार्यस्य निराकृतत्वात् सर्वविप्लवस्तु माध्यमिकवदुपेक्ष्यः ॥३५॥

व्यपदेशाच्च क्रियायां न चेन्निर्देशविपर्ययः ॥३६॥

व्यपदेशः "विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुतेपि चे"ति । अत्र साङ्ख्ये बुद्ध्यादीनामेव कर्तृत्वं न जीवस्येति क्रियायां यागादिकर्मसु, न तु भोगे, जीवस्य कर्तृत्वं न चेत् न । तथा सति निर्देशस्य विपर्ययो भवेत् । "विज्ञानेन विज्ञानमादाये" ति श्रुत्यनुरोधात् । प्रकृतेपि तृतीयान्तता आपद्येत ।

अथ स्वव्यापारे कर्तृत्वम् । तथापि पूर्वनिर्देशस्य विज्ञानमयस्य विपर्ययः स्यात् विकारित्वं स्यात् । तच्चासङ्गतं त्र्यच्त्वात् । "विज्ञानमादाये" त्यत्र विपर्यय एव । एकस्य प्रदेशभेदेनार्थभेदोपि । भगवति सर्वे शब्दाः स्वभावत एव प्रवर्तन्ते औपचारिकत्वज्ञापनाभावात् । "यज्ञो यजमान" इति श्रद्धादीनां शिरस्त्वादिः । तस्मात् विज्ञानमयो जीव एव । जडस्य च स्वातन्त्र्याभावान्न कर्तृत्वम् ॥३६॥

उपलब्धिवदनियमः ।।३७।।

ननु जीवस्य कर्तृत्वे हिताकरणादिदोषप्रसक्तिरिति चेत् न । उपलब्धिवदनियमः । यथा चक्षुषेष्टमनिष्टञ्चोपलभते एवमिन्द्रियैः कर्म कुर्वन् इष्टमनिष्टं वा प्राप्नोति ।।३७।।

शक्तिविपर्ययात् ।।३८।।

नन्वीश्वरवत् स्वार्थमन्यथा न कुर्यादिति चेत्, शक्तिविपर्ययवात् तथासामर्थ्याभावात् । इत एव दैवादहितमपि करोति ।।३८।।

समाध्यभावाच्च ।।३९।।

जीवस्य क्रियाज्ञानशक्ती योगेन सिध्यतः । समाध्यभावात् शक्त्यभाव इत्यर्थः । चकारात् तादृशमन्त्राभावोपि । न च सहजकर्तृत्वे अनिर्मोक्षः । पराधीनकर्तृत्व एवैतत् । ब्रह्मवत् । साङ्ख्यस्य तन्मतानुसारिणो वान्यस्य भ्रम एव कर्तृत्वे न मुक्तिरिति । नपुंसक एव मुच्येतेति बाह्यवत् । निरिन्द्रियस्यैव समाधिरित्यपि करणत्वेन बुद्धिं वदन् न केनापि दूष्यते । तस्माज्जीवस्य स्वाभाविकं कर्तृत्वम् । "ध्यायतीव लेलायतीवे" त्यपि परधर्मानुकरणम् । अयमप्येको धर्मः । स्वाप्ययसम्पत्त्योर्ब्रह्मव्यपदेशं पुरस्कृत्य सर्वविप्लवं वदन् उपेक्ष्यः ।।३९।।

यथा त तक्षोमयथा ।।४०।।

ननु कर्मकराणां कर्तृत्वभोक्तत्वभेदो दृश्यते । तथा कर्तृत्वभोक्तृत्वयोर्भेदो भविष्यतीति चेत् । न । यथा तक्षा रथं निर्माय तत्रारूढो विहरति पीठं वा, स्वतो वा न व्याप्रियते वास्यादिद्वारेण वा । चकारादन्येपि स्वार्थकर्तारः । अन्यार्थमपि करोतीति चेत् तथा प्रकृतेपि सर्वहितार्थं प्रयतमानत्वात् । न च कर्तृत्वमात्रं दुःखरूपं, पयःपानादेः सुखरूपत्वात् । तथा च स्वार्थपरार्थकर्तृत्वं कारयितृत्वञ्च सिद्धम् ।।४०।।

।। इति चतुर्दशं कर्ताशास्त्रार्थवत्त्वादित्यधिकरणम् ।।

અધિકરણ-૧૪

કર્તા શાસ્ત્રાર્થવત્ત્વાદિત્યધિકરણ

સૂત્રો-૨.૩.૩૩-૪૦

સૂત્ર-૩૩ : શાસ્ત્રનો અર્થ સિદ્ધ થાય છે તેથી જીવ કર્તા છે. (૨.૩.૩૩)

સાંખ્યોને મતે કર્તૃત્વ પ્રકૃતિનું છે, તેના નિવારણ માટે અધિકરણનો આરંભ કરેલો છે. જીવ જ કર્તા છે. શાથી ? શાસ્ત્ર સાર્થક બને છે તેથી. અભ્યુદય અને નિઃશ્રેયસ રૂપી ફળને માટે વેદમાં બધાં કર્મોનું વિધાન જીવને ઉદ્દેશીને જ કરેલું છે. બ્રહ્મને માટે એનો ઉપયોગ નથી તો જડ માટે અશક્ય છે, તેથી સંદિગ્ધ (વાક્યમાં) પણ તેમ જ સમજવાનું છે.

સૂત્ર-૩૪ : વિહારનો ઉપદેશ હોવાથી (૨.૩.૩૪)

ગન્ધર્વલોક વગેરેમાં "તે જેની જેની કામના કરે તે તે થાય છે" એમ તેના જ વિહારનો ઉપદેશ છે. ઉપરાંત "સાધુ કાર્ય કરનાર સાધુ થાય છે" (બૃ.૪.૪.૫) એમ કર્તૃત્વ અન ભોક્તૃત્વના સામાનાધિકરણ્યના શ્રવણથી જીવ જ કર્તા છે.

સૂત્ર-૩૫ : ઉપાદાનને લીધે (૨.૩.૩૫)

[1]''આ પ્રાણોના વિજ્ઞાનનું વિજ્ઞાનથી ગ્રહણ કરીને'' (બૃ.૨.૧.૧૭) એ વાક્યથી સમજાય છે કે જીવ બધાના વિજ્ઞાનનું ગ્રહણ કરે છે. તેથી ઈન્દ્રિયો વગેરે કરણો જ છે. સ્વતંત્રતાને લીધે જીવનું જ કર્તૃત્વ છે.

[2]જે વાદી બુદ્ધિના સંબન્ધથી જીવનું કર્તૃત્વ માને છે તેને પૂછવું જોઈએ. શું બુદ્ધિમાં રહેલું કર્તૃત્વ જીવમાં આવે છે ? અથવા જીવનું જ કર્તૃત્વ બુદ્ધિના સંબન્ધથી ઉદ્‌ગમ પામે છે ? અથવા સસલાના શીંગડાં જેવું કર્તૃત્વ બુદ્ધિનો સંબંધ થતાં આવે છે ? પહેલો વિકલ્પ યોગ્ય નથી; જડતા, અસ્વીકાર અને આગળ નિરાકરણ કર્યું છે તેથી. બીજામાં ઈષ્ટાપત્તિ છે, પણ ઉપાદાનનો વિરોધ છે. ત્રીજામાં શાસ્ત્રનો વિરોધ છે, કારણ કે કર્તૃત્વ બ્રહ્મમાં સિદ્ધ છે. કાર્ય અસત્ છે તેનું નિરાકરણ કરેલું છે. માધ્યમિકની માફક સર્વવિપ્લવ ઉપેક્ષાને યોગ્ય છે[3].

સૂત્ર-૩૬ : વ્યપદેશને લીધે ક્રિયામાં ન હોય તો નિર્દેશનો વિપર્યય થાય છે. (૨.૩.૩૬)

''વિજ્ઞાન યજ્ઞ કરે છે અને કર્મો પણ કરે છે'' (તૈ.૨.૫) એવો વ્યપદેશ છે. (શંકા) અહીં સાંખ્યને મતે જીવનું નહિ પણ બુદ્ધિ વગેરેનું જ કર્તૃત્વ ક્રિયામાં એટલે યજ્ઞાદિ કર્મોમાં છે. ભોગમાં એવું નથી માટે જીવનું કર્તૃત્વ નથી એમ કહો તો (જવાબ) એવું નથી. તેમ હોય તો નિર્દેશનો વિપર્યય થાય છે.[4] કારણ કે ''વિજ્ઞાન થી વિજ્ઞાનને ગ્રહણ કરીને'' એ શ્રુતિવાક્ય છે. પ્રસ્તુત વાક્યમાં પણ ત્રીજી વિભક્તિનું પદ આવે.

હવે પોતાના વ્યાપારમાં કર્તૃત્વ છે[5], છતાં પૂર્વે નિર્દેશ કરેલા વિજ્ઞાનમયનો વિપર્યય થાય, તથા વિકાર આવે જે અસંગત છે, કારણ કે ત્રણ સ્વરો છે[6]. ''વિજ્ઞાનનું ગ્રહણ કરીને'' એમાં વિપર્યય છે જ, એકના પ્રદેશભેદથી અર્થભેદ પણ છે. ભગવાનમાં બધા જ શબ્દો સ્વભાવથી જ પ્રવર્તે છે[7]. કારણ કે ઔપચારિકત્વ બતાવનાર કાંઈ નથી. ''યજ્ઞ યજમાન છે.'' (તૈ.સં.૧.૭.૫.૨) વગેરેમાં શ્રદ્ધા વગેરેને મસ્તકાદિ કહ્યાં છે.[8] માટે વિજ્ઞાનમય જીવ જ છે. જડને સ્વતંત્રતા ન હોવાથી કર્તૃત્વ હોતું નથી.

સૂત્ર-૩૭ : ઉપલબ્ધિની માફક નિયમ નથી. (૨.૩.૩૭)

(શંકા) જીવનું કર્તૃત્વ માનતાં હિત ન કરવા જેવા દોષનો પ્રસંગ આવે એમ કહો તો (જવાબ) એવું નથી. ઉપલબ્ધિની માફક નિયમ નથી. જેમ આંખથી ઈષ્ટ અને અનિષ્ટ (બન્ને) ઉપલબ્ધ થાય છે તેમ ઈન્દ્રિયોથી કર્મ કરનાર ઈષ્ટ અથવા અનિષ્ટને પ્રાપ્ત કરે છે.

સૂત્ર-૩૮ : શક્તિના અભાવને લીધે. (૨.૩.૩૮)

(શંકા) ઈશ્વરની માફક પોતાના અર્થને અન્યથા ન કરે એમ કહો તો (જવાબ) શક્તિનો અભાવ છે તેથી. તેવા સામર્થ્યનો અભાવ હોવાથી. એટલે જ નસીબજોગે અહિત પણ કરે છે.

સૂત્ર-૩૯ : વળી સમાધિનો અભાવ હોવાથી (૨.૩.૩૯)

જીવની ક્રિયાશક્તિ અને જ્ઞાન શક્તિ યોગથી સિદ્ધ થાય છે. સમાધિના અભાવને લીધે શક્તિનો અભાવ છે. च થી સમજાય છે કે તેવા મંત્રોનો પણ અભાવ છે[9].

સ્વાભાવિક કર્તૃત્વથી અનિર્મોક્ષ છે એવું નથી. એ તો પરાધીન કર્તૃત્વમાં જ હોય છે. બ્રહ્મની માફક,[૧૦] સાંખ્ય અને તેના મતને અનુસરનારા બીજાઓનો ભ્રમ જ છે, કે કર્તૃત્વ હોય તો મુક્તિ નથી; અને જીવ નપુંસક હોય તો જ મોક્ષ પામે[૧૧]. (આ મત) બાહ્ય (વેદબાહ્ય=બૌદ્ધ) જેવો છે. જેને ઈન્દ્રિયોનો (અધ્યાસ) ન હોય તેને સમાધિ થાય છે. બુદ્ધિને કરણ તરીકે કહેનારનો દોષ કઢાતો નથી[૧૨]. માટે જીવનું કર્તૃત્વ સ્વાભાવિક છે. "જાણે કે ધ્યાન કરે છે, જાણે કે ચલિત થાય છે" (બૃ.૪.૩.૭) એ પરના ધર્મોનું અનુકરણ છે. એ પણ એક ધર્મ છે. સુષુપ્તિ અને સંપત્તિમાં બ્રહ્મના વ્યપદેશને આગળ કરીને[૧૩] સર્વ વિપ્લવ કહેનારની ઉપેક્ષા કરવી.

સૂત્ર-૪૦ : અને સુથારની માફક બન્ને રીતે (૨.૩.૪૦)

(શંકા) કર્મ કરનારાઓમાં કર્તૃત્વ અને ભોકતૃત્વનો ભેદ દેખાય છે. તે પ્રમાણે કર્તૃત્વ અને ભોકતૃત્વનો ભેદ થશે. એમ કહો તો (જવાબ) એવું નથી. જેમ સુથાર રથ બનાવીને તેના પર આરૂઢ થઈને ફરે છે અથવા આસન બનાવીને (તે પર બેસે છે) જાતે વ્યાપાર ન કરે અથવા વાંસલા વગેરે દ્વારા કરે. ચ થી પોતાને માટે કર્મ કરનારા અન્યો પણ સમજવાના છે. (શંકા) બીજાઓ માટે પણ કરે છે એમ કહો તો (જવાબ) પ્રસ્તુત વિષયમાં પણ સર્વના હિત માટે પ્રયત્ન કરે છે[૧૪]. કર્તૃત્વ માત્ર દુ:ખરૂપ છે એવું નથી. દૂધ પીવું વગેરે સુખરૂપ છે. આ રીતે પોતાને તથા બીજાને માટે કર્મ કરે છે અને કરાવે છે એમ સિદ્ધ થાય છે.

ટિપ્પણ

૧. **तदेषां प्राणानाम्...**- આખું વાક્ય આ પ્રમાણે છે यत्रैष एतत्सुप्तोऽभूद्य एष विज्ञानमयः पुरुषस्तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते । અહીં विज्ञानेन = स्वीयेन गुणेन; प्राणानां = अन्तर्बहिरिन्द्रियाणाम् विज्ञानं=ज्ञानजनिकां शक्तिम् એવો અર્થ લેવાનો છે.

૨. **यस्तु मन्यते...**- જેઓ જીવનું કર્તૃત્વ બુદ્ધિના સંબન્ધને લીધે માને છે તેમનો દોષ દર્શાવવા માટે આચાર્ય ત્રણ વિકલ્પો આપે છે. (૧) કર્તૃત્વ બુદ્ધિનું છે પણ જીવમાં આવે છે. આના વિરોધમાં ત્રણ મુદ્દાઓ છે. બુદ્ધિ જડ હોવાથી એને કર્તા કહી ન શકાય. આ મતનો સૂત્રકારે સ્વીકાર કર્યો નથી, કારણ કે જો સ્વીકાર કર્યો હોત તો રચનાનુપપત્તિ વગેરેમાં એનું ખંડન ન કર્યું હોત અને પ્રકૃતિના કર્તૃત્વનું ખંડન પહેલાં કરેલું છે. (૨) કર્તૃત્વ જીવનું જ છે પણ બુદ્ધિના સંબંધથી એ ઉદ્ગમ પામે છે. જીવનું કર્તૃત્વ તો ઈષ્ટાપત્તિ છે પણ જો બુદ્ધિના સંબંધથી ઉદ્ગમ પામે એમ માનીએ તો એમાં પ્રાણાદિના ઉપાદાનની શ્રુતિનો વિરોધ છે. (૩) કર્તૃત્વ સસલાના શીંગડાંની માફક મિથ્યા છે એમ માનતાં શાસ્ત્રનો વિરોધ આવે છે, કારણ કે સૂત્રકારે કર્તૃત્વ કહ્યું છે. વળી બ્રહ્મમાં એ સિદ્ધ જ છે. જીવમાં કર્તૃત્વ નથી એમ પણ કહી ન શકાય, કારણ કે અસત્કાર્યવાદનું ખંડન અગાઉ કરેલું જ છે.

૩. **सर्वविप्लवस्तु**...- બ્રહ્મ નિર્ગુણ છે અને કર્તૃત્વ અવિદ્યાને લીધે છે એ તો સર્વવિપ્લવવાદ છે અને શૂન્યવાદની માફક ઉપેક્ષા કરવા પાત્ર છે.

૪. **तथा सति निर्देशस्य**...- विज्ञानं यज्ञं तनुते એ શ્રુતિવાક્યમાં વિજ્ઞાન શબ્દનો અર્થ વિજ્ઞાનમય આત્મા એવો થાય છે અને તે પ્રથમા વિભક્તિમાં હોવાથી જીવનું કર્તૃત્વ દર્શાવે છે. હવે જો જીવને બદલે બુદ્ધિનું કર્તૃત્વ માનીએ તો विज्ञानेन विज्ञानमादाय એ ઉપર ટકિલા શ્રુતિવાક્ય અનુસાર એટલે કે વિજ્ઞાનનો અર્થ બુદ્ધિ લેતાં ત્રીજી વિભક્તિ આવે છે. તો પછી विज्ञानं यज्ञं तनुते એ વાક્યમાં પણ તૃતીયાન્ત પદ હોવું જોઈએ, નહિ કે પ્રથમાન્ત પદ, આને નિર્દેશવિપર્યય કહેવાય.

૫. **अथ स्वव्यापारे कर्तृत्वम्**...- શંકા કરનાર એક મહત્ત્વની વાત કરે છે કે દરેક કારક પોતપોતાના વ્યાપારમાં સ્વતંત્ર રીતે કર્તા છે. स्थालीं पचति काष्ठानि पचन्ति માં થાળી કે લાકડાં રાંધે છે એમ કહીએ તો એનું કર્તૃત્વ શક્ય છે. તે જ રીતે અહીં પણ ''વિજ્ઞાન યજ્ઞ કરે છે'' એ વાક્યમાં વિજ્ઞાનનો અર્થ બુદ્ધિ લેતાં કર્તૃત્વ શક્ય બનવાથી નિર્દેશવિપર્યયનો પ્રશ્ન ઊભો થતો નથી. આનો જવાબ એવો છે કે પ્રસ્તુત વાક્યની પહેલાં વિજ્ઞાનમયનો ઉલ્લેખ છે; અને વિજ્ઞાનમયના ઉપક્રમમાં જ આ વાક્ય છે. તો પછી विज्ञानमय માં આવતા વિજ્ઞાન શબ્દનો અર્થ પણ બુદ્ધિ લેવો પડે; અને વિજ્ઞાનમય એટલે બુદ્ધિનો વિકાર એમ સમજવું પડે, પણ આગળ ચર્ચા આવી ગઈ છે તેમ જ્યાં બે સ્વરો હોય ત્યાં જ मयट् પ્રત્યય વિકારનો અર્થ આપે છે. પણ અહીં ત્રણ સ્વરો હોવાથી એ અર્થ લેવો યોગ્ય નથી. આમ વિજ્ઞાનમયનો અર્થ વિજ્ઞાનનો વિકાર એવો થઈ ન શકે તેથી विज्ञानमय જીવના અર્થમાં છે. તે અનુસાર विज्ञानं यज्ञं तनुते એ વાક્યમાં પણ विज्ञान નો અર્થ જીવ થાય છે.

૬. **विज्ञानमादायेत्यत्र**...- વિપર્યયના વિષયમાં એવી શંકા કરી શકાય. विज्ञानेन विज्ञानमादाय એ વાક્યમાં વિપર્યય છે જ તો પછી विज्ञानं यज्ञं तनुते એ વાક્યમાં વિપર્યય માનવામાં શો વાંધો છે ? એનો જવાબ એ છે કે એક જ વિજ્ઞાન શબ્દ બે સ્થળે આવેલો છે. આમ પ્રદેશભેદ છે તેથી એક જ શબ્દના જીવ અને પ્રાણ (ઈન્દ્રિય) એમ બે જુદા અર્થો છે એટલે ત્યાં વિપર્યયનો દોષ નથી. પ્રસ્તુત વાક્ય विज्ञानं यज्ञं तनुते માં ઉપક્રમ વિજ્ઞાનમયથી કરેલો હોવાથી અને તેને માટે જ આગળ જતાં વિજ્ઞાન શબ્દ વપરાયો હોવાથી બન્નેનો જીવ એવો એક જ અર્થ છે. આમ એ વાક્યમાં જો વિપર્યય થાય તો તે દોષરૂપ બને છે.

૭. **भगवति सर्व शब्दा**...- શંકા એવી છે કે विज्ञानमानन्दं ब्रह्म એ વાક્યમાં विज्ञानम् શબ્દ બ્રહ્મ માટે વપરાયો છે. હવે જો તમે વિજ્ઞાન શબ્દ જીવના અર્થમાં લો તો બ્રહ્મના વિષયમાં એ ગૌણ બને, એટલે કે ઉપચારથી અર્થ આપે. એના જવાબમાં કહ્યું છે કે બધા શબ્દો સ્વભાવતઃ બ્રહ્મનો જ અર્થ આપે છે એટલે ઉપચારથી અર્થ કરવાનો નથી. અહીં અર્થ ઔપચારિક છે એમ બતાવવા માટે કોઈ પ્રમાણ પણ નથી.

૮. **यज्ञो यजमानः**...- શંકા આ પ્રમાણે છે. તમે मयट् પ્રત્યય વિકારના અર્થમાં નથી એમ જણાવી વિજ્ઞાને=જીવ એવો અર્થ કર્યો. પણ વેદમાં બધાં વિધાનો

વિકલ્પે હોય છે. એટલે મયટ્ ને વિકારના અર્થમાં લેતાં વિજ્ઞાનનો અર્થ બુદ્ધિ કરવો યોગ્ય છે. વળી આગળ જતાં મન, વાણી વગેરેના શ્રદ્ધા આદિ ધર્મોને મસ્તક તરીકે કલ્પેલાં હોવાથી અહીં પણ બુદ્ધિનો જ અર્થ લેવાનો છે. એનો જવાબ આપતાં કહ્યું છે કે જેમ यज्ञो यजमानः માં યજ્ઞની કલ્પના યજમાનરૂપે કરેલી છે તેમ અહીં પણ શ્રદ્ધા વગેરે ધર્મોને મસ્તકાદિ રૂપે કલ્પેલા છે. અર્થાત્ આ કલ્પના યજ્ઞને સમજાવવા માટે છે, મયટ્ પ્રત્યયનો અર્થ વિકારનો કરવા માટે નથી.

૯. **चकारात्तादृशमन्त्राभावोऽपि...**- ઈશ્વરના જેવું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે જે મંત્રો જરૂરી છે તે જીવ પાસે નથી. પુરુષોત્તમજી અહીં મંત્રોનું ઉદાહરણ આપે છે भूमिर्भूम्ना द्यौर्वरिणेत्याहाशिषमेवैतमास्ते । અને सर्पा वै जीर्यन्तोऽमन्यन्त स एतं कसर्णीरः काद्रवेयो मन्त्रमपश्यत्ततोवै ते जीर्णास्तनूरपाघ्नत ।

१०. **ब्रह्मवत्**- આ વિપરીત દૃષ્ટાન્ત છે. બ્રહ્મનું કતૃત્વ પરાધીન નથી તેમ છતાં એને મોક્ષનો અભાવ નથી, કારણ કે બ્રહ્મ તો મુક્ત જ છે. તેવી જ રીતે જીવનું કર્તૃત્વ પરાધીન એટલે કે બુદ્ધિને આધારે માનવામાં આવે તો જીવને મોક્ષ પ્રાપ્ત થતો નથી. એટલે જીવનું કર્તૃત્વ પણ સ્વાભાવિક જ છે.

११. **नपुंसक एवमुच्येत...**- જીવ નપુંસક એટલે કે સ્વાતંત્ર્ય વગેરે ધર્મોથી રહિત હોય તો જ મોક્ષ પામે એવો મત.

१२. **करणत्वेन बुद्धिं वदन्...**- જીવનમુક્ત પુરુષને પણ લિંગશરીર હોવાથી બુદ્ધિનો સંબંધ હોય છે પણ તે બુદ્ધિ કરણ રૂપે છે અને એમ માનવામાં કોઈ દોષ નથી.

१३. **स्वाप्ययसंपत्त्योर्ब्रह्मव्यपदेशं...**- સુષુપ્તિ અને બ્રહ્મસંપત્તિની અવસ્થાઓમાં જીવનું બ્રહ્મરૂપે વર્ણન છે. આવાં વર્ણનને આગળ કરીને જે સર્વવિપ્લવ કરે છે તેની ઉપેક્ષા કરવી.

१४. **अन्यार्थमपि करोतीति..**- શંકા એવી છે કે સુથાર બીજાને માટે કર્મ કરે છે તો જીવ બીજાને માટે કરતો નથી, માટે આ દૃષ્ટાન્ત યોગ્ય નથી. એના જવાબમાં કહ્યું છે કે જીવના વિષયમાં પણ એવું જ છે. શાસ્ત્રકાર જે શાસ્ત્રની રચના કરે છે તે બીજાઓ માટે અર્થાત્ બધાના જ કલ્યાણ માટે હોય છે.

परात्तु तच्छ्रुतेः ॥४१॥ (२.३.१५.)

कर्तृत्वं ब्रह्मगतमेव । तत्सम्बन्धादेव जीवे कर्तृत्वं तदंशत्वादैश्वर्यादिवत् । न तु जडगतमिति । ''अतो नान्योतोस्ती'' ति सर्वकर्तृत्वं घटते । कुत एतत । तच्छ्रुतेः । तस्यैव कर्तृत्वकारयितृत्वश्रवणात् । ''यमधो निनीषति तमसाधु कारयती''ति । ''सर्वकर्मा सर्वभोक्ता सर्वनियन्ते''ति सर्वरूपत्वान्न भगवति दोषः ॥४१॥

कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः ॥४२॥

ननु वैषम्यनैर्धृण्ययोर्न परिहारः । अनादित्वेन स्वस्यैव कारयितृत्वादितिपक्षं तुशब्दो निवारयति । प्रयत्नपर्यन्तं जीवकृत्यम् । अग्रे तस्याशक्तत्वात् स्वयमेव कारयति । यथा पुत्रं यतमानं बालं, पदार्थगुणदोषौ वर्णयन्नपि तत्प्रयत्नाभिनिवेशं दृष्ट्वा तथैव कारयति सर्वत्र तत्करणत्वाय तदानीं फलदातृत्वे या इच्छा तामेवानुवदति "उन्निनीषति निनीषती"ति । अन्यथा विहितप्रतिषिद्धयोर्वैयर्थ्यापत्तेः । अप्रामाणिकत्वञ्च । फलदाने कर्मापेक्षः, कर्मकारणे प्रयत्नापेक्षः, प्रयत्ने कामापेक्षः, कामे प्रवाहापेक्ष इति मर्यादारक्षार्थं वेदं चकार । ततो न ब्रह्मणि दोषगन्धोपि । न चानीश्वरत्वम् । मर्यादामार्गस्य तथैव निर्माणात् । यत्रान्यथा स पुष्टिमध्य इति ॥४२॥

॥ इति पंचदशं परात्तु तच्छ्रुतेरित्यधिकरणम् ॥

અધિકરણ-૧૫

પરાત્તુ તચ્છ્રુતેરિત્યધિકરણ

સૂત્રો : ૨.૩.૪૧-૪૨

સૂત્ર-૪૧ : (કર્તૃત્વ) પરથી જ છે, કારણ કે તેવી શ્રુતિ છે. (૨.૩.૪૧)

કર્તૃત્વ બ્રહ્મમાં જ રહેલું છે, તેના સંબંધથી તેનો અંશ હોવાથી ઐશ્વર્ય વગેરેની માફક જીવમાં કર્તૃત્વ આવે છે. જડમાં કર્તૃત્વ રહેલું નથી. એટલે "આનાથી બીજો નથી" (બૃ.૩.૭.૨૩) એ વાક્યથી સર્વ કર્તૃત્વ બંધબેસતું આવે છે. એમ શાથી ? તેવી શ્રુતિ છે તેથી. તેનું જ કરનાર અને કરાવનાર તરીકે શ્રવણ છે. "જેને નીચે લઈ જવા માગે તેની પાસે અસાધુ કર્મ કરાવે છે" (કૌ.૩.૯), "સર્વના કર્તા" (બૃ.૪.૪.૧૩), "સર્વના ભોક્તા" (મહાનારાયણીય ૧૬.૫), "સર્વના નિયન્તા" (તૈ.આ.૩.૧૧) સર્વરૂપ હોવાથી ભગવાનમાં દોષ નથી[1].

સૂત્ર-૪૨ : વિહિત અને પ્રતિષિદ્ધ વ્યર્થ ન થાય તેથી (પરમાત્મા જીવના) કરેલા પ્રયત્નની અપેક્ષા રાખે છે. (૨.૩.૪૨)

(શંકા) વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય દોષનો પરિહાર થતો નથી; કારણ કે અનાદિ હોવાને લીધે જાતે જ (બધું) કરાવે છે. (જવાબ) સૂત્રમાંનો તુ શબ્દ પક્ષનું નિવારણ કરે છે. પ્રયત્ન સુધી જીવનું કાર્ય છે; આગળ અશક્ય હોવાથી જાતે જ કરાવે છે. જેમ કે પ્રયત્ન કરતા બાળક પુત્રને પિતા પદાર્થના ગુણદોષનુ વર્ણન કર્યા પછી પણ તેના પ્રયત્નનો અભિનિવેશ જોઈને જે તે પ્રમાણે કરાવે છે. સર્વત્ર કારણ હોવાથી ત્યારે ફલદાનની જે ઈચ્છા છે તે જ "ઉપર લઈ જવા ઈચ્છે છે, (નીચે) લઈ જવા ઈચ્છે છે" (કૌ.૩.૯) એ વાક્યમાં કહી છે. નહિ તો વેદમાં જેનું વિધાન અને પ્રતિષેધ કરેલાં છે તેની વ્યર્થતા આવી પડે; અને અપ્રામાણિક્તા આવે[2]. ફલ આપવામાં કર્મની અપેક્ષા છે. કર્મ કરાવવામાં પ્રયત્નની અપેક્ષા છે. પ્રયત્નમાં ઈચ્છાની અપેક્ષા છે, ઈચ્છામાં પ્રવાહની અપેક્ષા છે. આમ મર્યાદાના રક્ષણ માટે વેદો કર્યા, તેથી બ્રહ્મમાં દોષોની ગન્ધ પણ નથી. વળી તેથી એ

અનીશ્વર નથી; કારણ કે મર્યાદામાર્ગનું તેવું જ નિર્માણ છે. જે બીજી રીતે છે તે પુષ્ટિમાર્ગસ્થ (જીવ) છે.

ટિપ્પણ

૧. **सर्वरूपत्वान्न...**- સર્વ કાર્યો ભગવાન જ કરે છે એમ માનીએ તો ખરાબ કામ પણ એ જ કરે છે એમ માનવું પડે, તે યોગ્ય નથી. તેવી શંકાના જવાબમાં આ વાક્ય કહે છે કે ભગવાન તો સર્વરૂપ છે એટલે આવો કોઈ દોષ આવતો નથી.

૨. अप्रामाणिकत्वं च- જો પરમાત્મા જીવના પ્રયત્નની અપેક્ષા નથી રાખતા એમ માનીએ તો વેદમાં જે કર્મોનું વિધાન અને પ્રતિષેધ કર્યા છે તે વ્યર્થ બની જતાં વેદ અપ્રામાણિક બને અર્થાત્ વેદપ્રમાણ જ નિરર્થક બને.

अंशो नानाव्यपदेशादन्यथा चापि दाशकितवादित्वमधीयत एके ॥४३॥ (२.३.१६)

जीवस्य ब्रह्मसम्बन्धि रूपमुच्यते । जीवो नाम ब्रह्मण: अंश: । कुत: । नानाव्यपदेशात् । ''सर्व एवात्मानो व्युच्चरन्ति कपूयच्चरणाव रमणीयचरणा'' इति च ।

ननु ब्रह्मणो निरवयवत्वात् कथं जीवस्यांशत्वमिति वाच्यम् । न हि ब्रह्म निरंशं सांशमिति वा क्वचिल्लोके सिद्धम् । वेदैकसमधिगम्यत्वात् । सा च श्रुतिर्यथोपपद्यते तथा तदनुल्लङ्घनेन वेदार्थज्ञानार्थं युक्तिर्वक्तव्या । सा चेत् स्वयं नावगता तपो विधेयं अभिज्ञा वा प्रष्टव्या इति । न तु सर्वविप्लव: कर्तव्य: । तत्रैषा युक्ति: ''विस्फुलिङ्गा इवाग्नेर्हि जडजीवा विनिर्गता: सर्वत: पाणिपादान्तात् सर्वतोक्षिशिरोमुखात् निरिन्द्रियात् स्वरूपेण तादृशादिति निश्चय: सदंशेन जडा: पूर्वं चिदंशेनेतरे अपि अन्यधर्मतिरोभावा मूलेच्छातोस्वतन्त्रिण'' इति । ब्रह्मवादे अंशपक्ष एव ।

ननु अंशत्वे सजातीयत्वमायाति । श्रुत्यन्तरे पुन ''ब्रह्मदाशा ब्रह्मेमे कितवा उत''। अत्र सर्वस्यापि ब्रह्मविज्ञानेन विज्ञानप्रतिज्ञानात् दाशादीनामपि ब्रह्मत्वं प्रतीयते तत् कार्यत्व एव स्यादिति चेत् न । अन्यथा चापि प्रकारान्तरेणापि एके शाखिन: दाशकितवादित्वमधीयते शरीरत्वेन अंशत्वेन च । स्वरूपत: कार्याभावेपि प्रकारभेदेन कार्यत्वात् । तथा च न साजात्यं, आनन्दांशस्य तिरोहितत्वात् । धर्मान्तरेण तु साजात्यमिष्टमेव ॥४३॥

मन्त्रवर्णात् ॥४४॥

''पुरुष एवेदं सर्वमि'' त्युक्त्वा ''पादोस्य विश्वा भूतानी''ति भूतानां जीवानां पादत्वं पादेषु स्थितत्वेन वा अंशत्वमिति ॥४४॥

अपि स्मर्यते ॥४५॥

वेदे स्वतन्त्रतया उपपाद्य वेदान्तरेपि तस्यार्थस्यानुस्मरणम् । ''ममैवांशो जीवलोके जीवभूत: सनातन''इति ॥४५॥

प्रकाशादिवन्नैवम्पर: ॥४६॥

जीवस्यांशत्वे हस्तादिवत्तद्दु:खेन परस्यापि दु:खित्वं स्यादिति चेत् न । एवं परो न भवति । एवमिति प्रकारभेद: द्विष्टत्वेनानुभव इति यावत् । अन्यथा, सर्वरूपत्वात् । कुत एवं तत्राह प्रकाशादिवत् । "नाग्नेर्हि तापो न हिमस्य तत् स्यादि"ति । प्रकाशग्रहणं धर्मत्वद्योतनाय, दु:खादयोपि ब्रह्मधर्मा इति । अतो द्वैतबुद्धया अंशस्यैव दु:खित्वं न परस्य, अथवा प्रकाश: प्रकाश्यदोषेण यथा न दुष्ट:, पापस्यापि तदंशत्वादिति ॥४६॥

स्मरन्ति च ॥४७॥

स्मरन्ति च । सर्वेपि ऋषयोंशिन: दु:खसम्बन्धं स्मरन्ति । "तत्र य: परमात्मा हि स नित्यो निर्गुण: स्मृत: न लिप्यते फलैश्चापि पद्मपत्रमिवाम्भसे"ति । "कर्मात्मा त्वपरो योसौ मोक्षबन्धै: स युज्यते" "एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदु:खेन बाह्य:" । चकारात् "तयोरन्य: पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीती"ति ॥४७॥

अनुज्ञापरिहारौ देहसम्बन्धाज्ज्योतिरादिवत् ॥४८॥

ननु जीवस्य भगवदंशत्वे विधिविषयत्वाभावात् कर्मसम्बन्धाभावेन कथं फलसम्बन्ध: । जीवस्य च पुनरनेकदेहसम्बन्धात् । क: शूद्र: का भार्येति ज्ञानमप्यशक्यम् । अत: कर्ममार्गस्य व्याकुलत्वात् कथं जीवस्यापि दु:खित्वमित्याशङ्क्य परिहरति । अनुज्ञापरिहारौ विधिनिषेधौ जीवस्य देहसम्बन्धात् यो देहो यदा गृहीतस्तत्कृतौ । यथा शवाग्नि: चाण्डालभाण्डस्थमुदकं तद्धटादिश्च परिह्रियते एवमुत्कृष्टं परिगृह्यते तथा जीवेपि देहसम्बन्धकृत:, सम्बन्धश्चाध्यासिको भगवत्कृतश्च । आध्यासिको हि ज्ञानान्निवर्तते । द्वितीयो भगवतैव । जीवन्मुक्तानामपि व्यवहारदर्शनात् । श्रुतिस्तु भगवत्कृतसम्बन्धमेवाश्रित्याग्निहोत्रादिकं विधत्ते । अन्यथा विद्यां स्वज्ञानञ्च बोधयन्ती कर्माणि न विदध्यात् । शाब्दज्ञानस्य पूर्वमेव सिद्धत्वात् । कथं सिद्धव- "द्यावज्जीवं" विदध्यात् । न्यासोपि देहसम्बन्ध एव ॥४८॥

असन्ततेश्चाव्यतिकर: ॥४९॥

ननु देहस्यापि बाल्यकौमारादिभेदात् कथं कर्मकाले ब्राह्मणत्वादि जीवैक्यादिति चेद्देहान्तरेपि स्यादिति । तत्राह देहान्तरे सन्ततिरपि नास्ति । बाल्यादिभेदे पुन: सन्ततिरेका । अत: सन्ततिभेदान्न कर्मणां साङ्कर्यमिति ॥४९॥

आभास एव च ॥५०॥

ननु सच्चिदानन्दस्य ब्रह्मणोंश: सच्चिदानन्द एव भवेत् । अत: कथं प्रवाहे प्रवेशो भगवतश्च सर्वकार्याणि । तत्राह आभास एव जीव: आनन्दांशस्य तिरोहितत्वात् । चकारादाकारस्याप्यभाव: । न तु सर्वथा प्रतिबिम्बवन्मिथ्यात्वम् । "जलचन्द्रवदि"त्येकस्यानेकत्वे दृष्टान्त:, तथा सत्यध्यासश्च स्वस्य न स्यात् । तत्र वृत्त्यादिदोषप्रसङ्गश्च । अतो न मित्यात्वरूप आभासोत्र विवक्षित: ॥५०॥

अदृष्टानियमात् ॥५१॥

ईशित्वाय नैयायिकाद्यभिमतं जीवरूपं निराकरोति । "नानात्मानो व्यवस्थात" इति

भोगव्यवस्थया जीवनानात्वमङ्गीकृतम् । तन्त्रादृष्टस्य नियामकत्वं तन्मते सिद्धम् । देशान्तरवस्तूत्पत्त्यन्यथानुपपत्त्या व्यापकत्वञ्चाङ्गीकृतम् ।

एवञ्च क्रियमाणे मूल एव कुठारः स्यात् । सर्वेषामेव जीवानामेकशरीरसम्बन्धात् कस्यादृष्टन्तद्भवेत् । न च मिथ्याज्ञानेन व्यवस्था । तत्रापि तथा । न चानुपपत्त्या परिकल्पनम् । श्रुत्यैवोपपत्तेः । एतेन विरोधादृषिप्रामाण्यमपि निराकृतम् ।।५१।।

अभिसन्ध्यादिष्वपि चैवम् ।।५२।।

ननु मनःप्रभृतीनां नियामकत्वात् तेषामीश्वरेच्छया नियतत्वान्न दोष इति चेन्न । पूर्ववदेव दोषप्रसक्तिः । तादृशेश्वरकल्पना च पूर्वमेव निराकृता ।।५२।।

प्रदेशादिति चेन्नान्तर्भावात् ।।५३।।

आत्मनो विभुत्वेपि प्रदेशभेदेन व्यवस्था । आत्मनि तादृशः प्रदेशविशेपोस्ति येन सर्वमुपपद्यत इति चेत् न । अन्यस्यापि प्रदेशस्तत्रान्तर्भवति ।

तस्यैव वा देहस्य देशान्तरगमने पूर्वदेशस्य त्यक्तत्वात् सोंशः अन्तर्भवेत् तिरोभूतो भवेदिति ।।५३।।

।। इति षोडशमंशो नानाव्यपदेशादित्यधिकरणम् ।।१६।।

इति द्वितीयेऽध्याये तृतीयः पादः ।।

અધિકરણ-૧૬

અંશો નાનાવ્યપદેશાદિત્યધિકરણ

સૂત્રો : ૨-૩.૪૩-૫૩

સૂત્ર-૪૩ : (જીવ બ્રહ્મનો) અંશ છે, કારણ કે અનેક રીતે કહ્યું છે. બીજી રીતે પણ કેટલાક શાખીઓ માછી, જુગારી વગેરે કહે છે. (૨.૩.૪૩)

જીવનું બ્રહ્મના સંબંધમાં રહેલું રૂપ કહેવાય છે. જીવ ખરેખર બ્રહ્મનો અંશ છે. શાથી? ભિન્ન તરીકે વર્ણન છે તેથી. ''બધા આત્માઓ વ્યુચ્ચરણ પામે છે'' (બૃ.૨.૧.૨૦) ''દુષ્ટ કર્મ કરનારા સત્કર્મ કરનારા'' (છા.૫.૧૦.૭) એવાં શ્રુતિવાક્યો છે.

(શંકા) બ્રહ્મ અવયવરહિત હોવાથી જીવ એનો અંશ કેવી રીતે થાય ? એમ કહેવું નહિ. (જવાબ) બ્રહ્મ અંશરહિત છે કે અંશવાળું છે એ લોકમાં સિદ્ધ થયું નથી; કારણ કે વેદથી જ એ સમજાય છે. તે શ્રુતિ જેવી રીતે ઘટિત થાય તેવી રીતે તેનું ઉલ્લંઘન કર્યા વગર વેદાર્થના જ્ઞાન માટે યુક્તિ કહેવી જોઈએ. તે જાતે ન સમજાય તો તપ કરવું જોઈએ અથવા જે જાણકાર છે તેમને પૂછવું પણ સર્વવિપ્લવ કરવો નહિ. તેમાં આ પ્રમાણે યુક્તિ છે. જેના હાથપગ સર્વત્ર છે, જેના આંખ, શિર અને મુખ સર્વત્ર છે, જે ઈન્દ્રિયરહિત છે તેના તેવા સ્વરૂપમાંથી જડ અને જીવ અગ્નિમાંથી

તણખાની માફક નીકળેલા છે; એ નિશ્ચય છે. બીજા ધર્મોના તિરોભાવથી મૂલ ઈચ્છા અનુસાર પહેલાં સત્ અંશમાંથી જડ અને ચિત્ અંશમાંથી બીજા (જીવો) જેઓ પરતંત્ર છે તેઓ બહાર આવ્યા. બ્રહ્મવાદમાં અંશપક્ષ જ છે.

(શંકા) જીવ જો બ્રહ્મનો અંશ હોય તો સજાતીયત્વ આવે છે. બીજી શ્રુતિ કહે છે- ''બ્રહ્મ આ માછીઓ, છે; બ્રહ્મ આ જુગારીઓ છે'' (ઐ.બ્રા.) અહીં બ્રહ્મના જ્ઞાનથી સર્વના જ્ઞાનની પ્રતિજ્ઞા હોવાથી માછીઓ વગેરે પણ બ્રહ્મ છે એમ લાગે છે. તે કાર્યના વિષયમાં જ આમ થઈ શકે. એમ તમે કહો તો (જવાબ) એવું નથી. અન્યથા એટલે બીજે પ્રકારે પણ કેટલાક શાખીઓ શરીર તરીકે અને અંશ તરીકે દાશક્તિવાદિ કહે છે. સ્વરૂપની દષ્ટિએ કાર્ય ન હોવા છતાં પ્રકારભેદથી એ કાર્ય છે[1]. અને તેથી સજાતીયત્વ નથી કારણ કે આનન્દ અંશ તિરોહિત છે. બીજા ધર્મોની દષ્ટિએ તો સજાતીયત્વ ઈષ્ટ જ છે[2].

સૂત્ર-૪૪ : મંત્રમાં વર્ણન હોવાથી. (૨.૩.૪૪)

''પુરુષ જ આ સર્વ છે'' (ઋ.સં. ૧૦.૯૦.૨) એમ કહીને ''બધાં ભૂતો એનો પાદ છે'' (ઋ. સં. ૧૦.૯૦.૩) એમ ભૂતો અર્થાત્ જીવોને પાદરૂપે અથવા પાદમાં રહેલા તરીકે કહ્યા છે તેથી અંશત્વ છે.

સૂત્ર-૪૫ : સ્મૃતિમાં પણ કહ્યું છે. (૨.૩.૪૫)

વેદમાં સ્વતંત્ર રીતે કહ્યા પછી વેદાન્તરમાં[3] પણ તે અર્થનું સ્મરણ છે. ''મારો જ અંશ જીવલોકમાં સનાતન જીવરૂપે થયો છે.'' (ભ.ગી.૧૫.૭)

સૂત્ર-૪૬ : પ્રકાશ વગેરેની માફક પરમાત્મા એવું (અનુભવતો નથી) (૨.૩.૪૬)

(શંકા) જીવને અંશ માનતાં હાથ વગેરેની માફક તેના દુ:ખથી પરમાત્મા પણ દુ:ખી થાય એમ કહો તો (જવાબ) એવું નથી. પરમાત્મા એવા નથી. એવા એ પ્રકારભેદ છે. દ્વેષને લીધે અનુભવ થાય છે[4]. બીજે પ્રકારે એટલે બ્રહ્મ સર્વરૂપ છે તેથી. શાથી **એમ ?** તો કહે છે પ્રકાશ આદિની માફક. ''અગ્નિને તાપ નથી હોતો તો બરફને ઠંડી નથી હોતી'' (ભાગવત ૧૧.૨૨.૫૬) પ્રકાશનું ગ્રહણ ધર્મ બતાવવા માટે છે[5]. દુ:ખ વગેરે પણ બ્રહ્મના ધર્મો જ છે. આથી દ્વૈતબુદ્ધિને લીધે અંશ જ દુ:ખી થાય છે. પરમાત્મા નહિ. અથવા પ્રકાશ જેમ પ્રકાશિત થનારના દોષથી દૂષિત નથી, કારણ કે રૂપ પણ તેનો અંશ છે[6], તેમ અહીં સમજવાનું છે.

સૂત્ર-૪૭ : વળી સ્મરણ કરે છે. (૨.૩.૪૭)

વળી બધા જ ઋષિઓ સ્મરણ કરે છે કે અંશીને દુ:ખનો સંબંધ હોતો નથી. ''તેમાં જે પરમાત્મા છે તે નિત્ય અને નિર્ગુણ તરીકે કહ્યો છે. જેમ કમળનું પાન પાણીથી અલિપ્ત છે તેમ તે ફલથી અલિપ્ત છે. કર્માત્મા તો બીજો છે જે મોક્ષ અને બન્ધનથી જોડાય છે. (મહાભારત શાન્તિપર્વ ૩૫૧.૧૪-૧૫) ''સર્વ પ્રાણીઓનો

એક અન્તરાત્મા લોકદુઃખથી લેપાતો નથી અને બાહ્ય છે.'' (કઠ.૨.૫.૧૧) ચ થી સૂચવાય છે ''તે બે માંથી એક સ્વાદિષ્ટ પીપળ ખાય છે તો બીજો ખાધા વિના જુએ છે.'' (શ્વેતાશ્વતર.૪.૬)

સૂત્ર-૪૮ : અનુજ્ઞા અને પરિહાર દેહસંબંધને લીધે છે, જ્યોતિ વગેરેની માફક. (૨-૩-૪૮)

(શંકા) જીવ ભગવાનનો અંશ હોઈ વિધિનો વિષય નથી તેથી કર્મના સંબંધના અભાવે એને ફલનો સંબંધ કેવી રીતે થાય ? વળી જીવને અનેક દેહો સાથે સંબંધ હોવાથી કોણ શૂદ્ર છે, કઈ પત્ની છે વગેરે જ્ઞાન પણ અશક્ય છે[૭], તેથી કર્મમાર્ગ વ્યાકુલ થતાં જીવને પણ દુઃખ કેવી રીતે હોય એવી શંકા કરીને પરિહાર કરે છે.

(જવાબ) અનુજ્ઞા અને પરિહાર એટલે કે વિધિ અને નિષેધ જીવનાં દેહ સાથેના સંબંધને લીધે છે-જે દેહનું જ્યારે ગ્રહણ કરવામાં આવે તેને લીધે, જેમ કે શબનો અગ્નિ-ચાંડાલના પાત્રનું પાણી કે તે ઘડો વગેરેનો પરિહાર કરવામાં આવે છે. તેમ જે ઉત્કૃષ્ટ છે તેનું ગ્રહણ કરાય છે. તેવી રીતે જીવમાં પણ દેહ સંબંધથી (વિધિનિષેધ) કરેલા છે. સંબંધ અધ્યાસથી હોય અને ભગવાને કરેલો હોય. જે અધ્યાસથી છે તે જ્ઞાનથી નિવૃત્ત થાય છે. બીજો ભગવાનથી જ (દૂર થાય છે) જીવન્મુક્ત મનુષ્યો પણ વ્યવહાર કરતા દેખાય છે. શ્રુતિ તો ભગવાને કરેલા સંબંધને આધારે જ અગ્નિહોત્ર વગેરેનું વિધાન કરે છે. નહિ તો વિદ્યા કે પોતાના જ્ઞાનનું વિધાન કરતી શ્રુતિ કર્મોનું વિધાન ન કરે[૯]. શબ્દજ્ઞાનો પહેલેથી સિદ્ધ છે. (શ્રુતિ) જીવનપર્યન્ત સિદ્ધવત્ વિધાન કેમ કરે ? સંન્યાસ પણ દેહસંબંધથી જ છે[૧૦].

સૂત્ર-૪૯ : સાતત્ય ન હોવાથી સંકરતા નથી. (૨.૩.૪૯)

(શંકા) દેહમાં પણ બાલ્ય, કૌયાર્ય આદિ ભેદને લીધે કર્મ કરતી વખતે બ્રાહ્મણત્વ વગેરે કેવી રીતે હોય ? કારણ કે જીવ એક છે એમ કહો તો બીજા દેહમાં પણ એવું થાય. ત્યાં (જવાબ) કહે છે. બીજા દેહમાં સાતત્ય પણ નથી[૧૧]. બાલ્ય વગેરેના ભેદમાં તો એક સાતત્ય છે. આમ સંતતિભેદને લીધે કર્મોની સંકરતા નથી.

સૂત્ર-૫૦ : અને આભાસ જ છે. (૨.૩.૫૦)

(શંકા) સચ્ચિદાનન્દ બ્રહ્મનો અંશ સચ્ચિદાનન્દ જ થાય. તો પછી પ્રવાહમાં પ્રવેશ અને ભગવાનનાં (અંશને જડરૂપ) બધાં કાર્યો કેવી રીતે હોય ?[૧૨] ત્યાં (જવાબ) કહે છે : જીવ આભાસ જ છે[૧૩]. કારણ કે આનંદાંશ તિરોહિત થયેલો છે. ચ થી આકારનો આભાસ સૂચવાય છે[૧૪] પ્રતિબિમ્બની માફક મિથ્યાત્વ નથી. જલમાં ચંદ્રની માફક એ એકના અનેકત્વનું દૃષ્ટાન્ત છે. તેમ થતાં પોતાનો અધ્યાસ ન થાય. ત્યાં વૃત્તિ વગેરે દોષનો પ્રસંગ આવે. આમ મિથ્યારૂપ આભાસ અહીં વિવક્ષિત નથી[૧૫].

સૂત્ર-૫૧ : અદૃષ્ટનો નિયમ નથી તેથી. (૨.૩.૫૧)

જીવનો નિયામક છે તે માટે નૈયાયિકો વગેરેએ માનેલા જીવસ્વરૂપનું નિરાકરણ

કરે છે. ''વ્યવસ્થાને લીધે અનેક આત્માઓ છે'' (વૈશેષિક સૂત્ર ૨.૨.૨૦) એમ ભોગની વ્યવસ્થા માટે જીવોનું નાનાત્વ સ્વીકારેલું છે. તેમાં તેમના મતમાં અદૃષ્ટનું નિયામકત્વ સિદ્ધ થાય છે. બીજે સ્થળે પ્રાપ્ત થતી વસ્તુ અન્યથા સમજાવી ન શકાય તેથી વ્યાપકત્વ માનેલું છે[૧૬].

એમ માનવામાં મૂળમાં જ કુઠારાઘાત થાય છે. બધા જીવોને એક શરીર સાથે સંબંધ હોય તો કયું અદૃષ્ટ કોનું થાય ? મિથ્યાજ્ઞાનથી પણ વ્યવસ્થા નથી, કારણ કે ત્યાં પણ તેમ જ છે[૧૭]. અનુપપત્તિથી કલ્પના કરવી યોગ્ય નથી કારણ કે શ્રુતિથી ઉપપત્તિ થાય છે. આમ વિરોધને લીધે ઋષિઓના[૧૮] પ્રામાણ્યનું પણ નિરાકરણ થયું.

સૂત્ર-૫૨ : અભિમાનના કારણરૂપ મન વગેરેમાં પણ એવું જ છે. (૨.૩.૫૨)

(શંકા) મન વગેરે નિયામક છે અને તેઓ ઈશ્વરની ઈચ્છાથી નિયત થયાં છે એમ માનવાથી દોષ આવતો નથી એમ કહો તો (જવાબ) એવું[૧૯] નથી. પહેલાંની માફક જ દોષનો પ્રસંગ આવે છે. વળી તેવા ઈશ્વરની કલ્પનાનું પૂર્વે ખંડન કરેલું જ છે[૨૦].

સૂત્ર-૫૩ : પ્રદેશને લીધે એમ કહો તો એવું નથી કારણ કે અન્તર્ભાવ છે. (૨.૩.૫૩)

(શંકા) આત્મા વ્યાપક હોવા છતાં પ્રદેશભેદથી વ્યવસ્થા થશે. આત્મામાં એવો વિશેષ પ્રદેશ છે. જેથી બધું ઉત્પન્ન થાય છે. એમ કહો તો (જવાબ) એવું નથી. બીજાનો પ્રદેશ પણ તેમાં સમાઈ જાય છે.[૨૧] અથવા તે જ દેહ અન્ય દેશમાં જાય ત્યારે આગલા દેશનો ત્યાગ થવાથી તે અંશનો અન્તર્ભાવ અર્થાત્ તિરોભાવ થાય.[૨૨]

ટિપ્પણ

૧. **स्वरूपतः कार्याभावेऽपि...**- જીવ સ્વરૂપની દૃષ્ટિએ બ્રહ્મનો અંશ છે; એનું કાર્ય નથી કારણ કે જીવનો જન્મ થતો નથી. પણ બીજી રીતે જોઈએ તો જીવ શરીરમાં પ્રવેશ કરે છે વગેરેને આધારે એને કાર્ય કહી શકાય. વળી જીવ બ્રહ્મના જેવો નથી કારણ કે એમાં આનન્દ અંશનો તિરોભાવ છે એટલે સજાતીયત્વ આવતું નથી.

૨. **धर्मान्तरेण तु...**- જીવ ચિત્સ્વરૂપ છે, નિત્ય છે, વગેરે બ્રહ્મના ધર્મો એમાં હોવાથી જીવ આ દૃષ્ટિએ બ્રહ્મના જેવો, સજાતીય છે. એમ કહેવું અમારે માટે ઈષ્ટ છે.

૩. **वेदान्तरेऽपि**- અહીં ભગવદ્ગીતાનો ઉલ્લેખ છે. ગોપેશ્વરજી નોંધે છે તેમ इतिहासपुराणं वेदानां पञ्चमो वेदः । આમ ઈતિહાસને વેદાન્તર કહી શકાય.

૪. **द्विष्टत्वेनानुभव...**- જીવને દુઃખ વગેરેનો અનુભવ થાય છે તે દ્વેષ ને કારણે છે. બ્રહ્મને કોઈ દ્વેષ નથી, બધું જ પ્રિય છે એટલે એને માટે દુઃખનો પ્રશ્ન જ નથી.

૫. **प्रकाशग्रहणं**...- પ્રકાશ, શીતળતા વગેરે ધર્મો અગ્નિ, હિમ વગેરેને દુ:ખ આપતા નથી તેમ જ દ્વેષ ઉત્પન્ન કરતા નથી. ભાગવતનું પદ્ય ભિક્ષુગીતમાં આ પ્રમાણે છે- कालस्तु हेतुः सुखदुःखयोश्चेत् किमात्मनस्तत्र तदात्मकोऽसौ । नाग्नेर्हि तापो न हिमस्य तत्स्यात् क्रुध्येत कस्मै न परस्य द्वन्द्वम् ।। દુ:ખ વગેરે પણ બ્રહ્મના ધર્મો જ છે, કારણ કે આનન્દના તિરોભાવથી દુ:ખ થાય છે. કોઈને શંકા થાય કે તો પછી अग्न्यादिवत् એવું દૃષ્ટાન્ત કેમ ન આપ્યું ? તેનો જવાબ એ છે કે અગ્નિનું દૃષ્ટાન્ત માત્ર સામર્થ્ય વિશેષ જ દર્શાવે છે પણ પ્રકાશ તે ઉપરાંત ધર્મધર્મિસંબંધ પણ દર્શાવે છે.

૬. **अथवा प्रकाश**...- આચાર્યશ્રી બીજી રીતે સમજાવતાં કહે છે. રૂપ પ્રકાશનો અંશ છે. ભાગવત ૧૨ માં કહ્યું છે. सूर्यश्चक्षुस्तथा रूपं ज्योतिषो न पृथग् भवेत् । આમ સૂર્યનો પ્રકાશ રૂપને પ્રકાશિત કરે છે અને રૂપ એનો અંશ છે છતાં રૂપ દૂષિત હોય તો પ્રકાશ દૂષિત થતો નથી. તેવી જ રીતે જીવને અભિમાન વગેરે દોષ હોવા છતાં પરમાત્માને દોષ નથી. પુરુષોત્તમજી નોંધે છે કે रूपस्यापि तदंशत्वात् ને બદલે पापस्यापि तदंशत्वात् એવો પણ પાઠ ક્યાંક છે. સૂત્રમાં प्रकाशादि માં आदि થી પાપ સમજવાનું છે. પાપ વિરાજ્નો અંશ છે અને જેમ વિરાજ્ને દુ:ખ નથી તેમ અહીં પણ સમજવાનું છે.

૭. **कः शूद्र**...- શંકા કરનારનો મુદ્દો આ પ્રમાણે છે. જીવને અનેક દેહો સાથે સંબંધ છે. હવે એ બધામાંથી શૂદ્ર કોણ કે ભાર્યા કોણ એ તો નક્કી થતું નથી. તો પછી न शूद्राय मतिं दद्यात् એવો નિષેધ કે ऋतौ भार्यामुपेयात् એવી વિધિને અનુસરવું શક્ય નથી. આમ કર્મમાર્ગ જ આખો વ્યાકુલ થઈ જતાં જીવ દુ:ખી છે એમ પણ કઈ રીતે કહી શકાય ?

૮. **यथा शवाग्निः**...- જીવ ભગવાનનો અંશ હોવાથી પોતાને સ્વરૂપે વિધિનિષેધનો વિષય નથી એ ખરૂં, પણ તે તે દેહના સંબંધને લીધે વિધિનિષેધ લાગુ પડે છે. અગ્નિ, પાણી કે માટી જાતે વિધિ કે નિષેધના વિષયો નથી પણ શબ સાથે કે ચાંડાલ સાથે જોડાયેલા હોય તો નિષેધના વિષય બને છે, અથવા ઉત્કૃષ્ટ સાથે જોડાયા હોય તો વિધિના વિષય બને છે. સૂત્રમાં આપેલા દૃષ્ટાન્તનો આ અર્થ છે.

૯. **अन्यथा विद्यां स्वज्ञानं**...- શંકા એવી છે કે દેહસંબંધને આધારે વિધિનિષેધ હોય તો દેહસંબંધ તો અજ્ઞાનથી છે એટલે શાસ્ત્ર પણ અજ્ઞાનીના અધિકારમાં જ આવે એમ માનવું પડે, તેનો જવાબ આપતાં કહ્યું છે કે અધ્યાસથી થતો સંબંધ અજ્ઞાનથી છે પણ ભગવાને કરેલો સંબંધ અજ્ઞાનથી નથી. એને તો ભગવાન જ દૂર કરી શકે. શ્રુતિ અગ્નિહોત્રાદિનું વિધાન ભગવાને કરેલા સંબંધને અનુલક્ષીને જ કરે છે, નહિ તો પોતાના જ્ઞાનનો બોધ કરાવીને કર્મનું વિધાન શા માટે કરે ? અધ્યયનવિધિ

અને અધ્યાપનવિધિથી વેદનું અધ્યયન પ્રથમ વાર કરવામાં આવે ત્યારે શબ્દજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કર્મની અપેક્ષા નથી. છતાં શ્રુતિ જીવનપર્યન્ત અગ્નિહોત્રાદિનું વિધાન કરે છે એ જ બતાવે છે. કે અહીં ભગવત્કૃત સંબંધ સમજવાનો છે.

૧૦. **न्यासोऽपि...**- સંન્યાસવિધિ પણ દેહના સંબંધ અનુસાર જ સમજવાની છે. શુક જેવા જેમને દેહનું અનુસન્ધાન જ નથી હોતું તેમને કોઈ વિધિ કે નિષેધ લાગૂ પડતા નથી.

૧૧. **देहान्तरे सन्ततिरपि...**- એક જ દેહમાં બાલ્ય, કૌમાર્ય વગેરેના ભેદો હોવા છતાં સાતત્ય હોવાથી બ્રાહ્મણત્વ વગેરે સંભવે છે; પણ જીવ બીજા દેહમાં જાય ત્યારે સાતત્ય ન હોવાથી જે તે દેહના સંબંધે જ વિધિનિષેધની વ્યવસ્થા છે.

૧૨. **भगवतश्च सर्वकार्याणि**- આનો અન્વય બેસાડવો મુશ્કેલ છે. પુરુષોત્તમજી એની સાથે **कथम्** જોડે છે. જો જીવ અંશ હોય તો ભગવાનનાં જે જડરૂપ બધાં કાર્યો છે તે જીવને કેવીરીતે પ્રાપ્ત થાય ? કારણ કે સચ્ચિદાનન્દ બ્રહ્મનો અંશ એવો જીવ પણ સચ્ચિદાનન્દ જ હોય.

૧૩. **आभास एव जीवः...**- જીવ બ્રહ્મનો આભાસ છે. પુરુષોત્તમજી એનું દૃષ્ટાન્ત આપતાં કહે છે કે બ્રાહ્મણ જો આચારરહિત અનાચારી હોય તો એ સૂત્ર ધારણ કરવા છતાં બ્રાહ્મણનો આભાસ માત્ર છે એટલે કે માત્ર દેખાવે બ્રાહ્મણ છે, કારણ કે બ્રાહ્મણ્ય દેવતા એમાં નથી. તેમ જીવ ભગવાનનો અંશ છે એ ખરૂં પણ એમાં આનન્દનો અંશ તિરોહિત હોવાથી એ બ્રહ્મનો માત્ર આભાસ છે.

૧૪. **चकारादाकारस्य...**- ચતુર્ભુજાદિરૂપ ભગવાનનો જે આકાર છે તે પણ જીવમાં નથી.

૧૫. **अतो न मिथ्यात्वरूप...**- શંકરાચાર્યના મતનું ખંડન કરતાં આચાર્ય કહે છે કે એમણે મિથ્યાત્વનો જે અર્થ આપ્યો છે તે બરાબર નથી. જો પ્રતિબિમ્બની માફક મિથ્યાત્વ ગણીએ તો જીવને પોતાનો અધ્યાસ ન થાય. વળી બ્રહ્મ વ્યાપક હોવાથી એનું પ્રતિબિમ્બ શક્ય નથી. एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् એ શ્રુતિવાક્ય તો એકના અનેકત્વનું દૃષ્ટાન્ત આપે છે નહિ કે પ્રતિબિમ્બમિથ્યાત્વનું. આની સંપૂર્ણ ચર્ચા તત્ત્વદીપનિબન્ધ, તેના પરના પ્રકાશ અને આવરણભંગ તથા જીવપ્રતિબિમ્બત્વ- ખંડનવાદમાં પ્રાપ્ત થાય છે.

૧૬. **नानात्मानो व्यवस्थातः...**- ન્યાયવૈશેષિક દર્શનોમાં જીવો અનેક છે અને સર્વવ્યાપક છે. જગતમાં સુખ-દુ:ખ વગેરે ભોગની વ્યવસ્થા દર્શાવે છે કે જીવો અનેક છે. હવે જીવના ભોગની વ્યવસ્થા દર્શાવે છે કે જીવનું અદૃષ્ટ ભોગનું નિયમન કરે છે. અર્થાત જીવનું અદૃષ્ટ જ સર્વકાર્યોનું કારણ છે. ભોગ સાથે સંબદ્ધ પદાર્થો જુદા જુદા સ્થળોએ પ્રાપ્ત થાય છે ત્યાં પણ અદૃષ્ટ હોવું જોઈએ. અદૃષ્ટ ગુણ હોવાથી ગુણી એવા આત્મા સાથે સમવાય સંબન્ધથી રહે છે એટલે

જુદે જુદે સ્થળે જીવનું પણ અસ્તિત્વ સ્વીકારવું જોઈએ. આમ જીવના ભોગની વ્યવસ્થા સરખી કરવા માટે જીવનું વ્યાપકત્વ સ્વીકારવું પડે છે. તેથી જીવો અનેક અને વ્યાપક છે.

૧૭. न च मिथ्याज्ञानेन...- આચાર્યશ્રી કહે છે કે જો ભોગની વ્યવસ્થા માટે જ આત્માનું વ્યાપકત્વ માનતા હોય તો બધા જ જીવોને દરેક દેહ સાથે સંબંધ હોવાથી કોનું કયું અદષ્ટ છે તે નક્કી ન થવાથી વ્યવસ્થા જ થતી નથી. દેહાભિમાનથી એટલે કે મિથ્યાજ્ઞાનથી વ્યવસ્થા થાય એમ કહો તો પણ મૂળ પ્રશ્ન તો રહે જ છે, કારણ કે દરેક દેહ સાથે દરેક જીવ જોડાયેલો હોવાથી કયા દેહનું અભિમાન થાય તે કહી શકાતું નથી.

૧૮. ऋषिप्रामाण्यमपि...- અહીં શ્રુતિથી વિરુદ્ધ મત આપનાર ગૌતમ, કણાદ વગેરે સમજવાના છે.

૧૯. पूर्ववदेव...- શંકા એવી છે કે અભિસન્ધિ=અભિમાન, તેનું આદિ=કારણ; મન વગેરે, તે નિયામક છે અને ઈશ્વરેચ્છાથી નિયત થયેલાં છે. તેનો જવાબ એ છે કે વ્યાપક જીવોનો વિલક્ષણ મનઃસંયોગ પણ સરખો જ હોવાથી એ નિયામક ન બને અને તો પછી એ વ્યવસ્થા થતી નથી.

૨૦. तादशेश्वरकल्पना...- તેવા ઈશ્વર એટલે કે માત્ર નિમિત્ત કારણ એવા ઈશ્વર. વૈશેષિકોને મતે ઈશ્વર માત્ર નિમિત્ત કારણ છે.

૨૧. अन्यस्यापि प्रदेशः...- પૂર્વપક્ષી કહે છે કે આત્મા વ્યાપક છે એ ખરું પણ એના વિશેષ પ્રદેશો છે એટલે વ્યવસ્થા થઈ શકે. તેના જવાબમાં કહ્યું છે કે બધા જ જીવો વ્યાપક હોવાથી એકના પ્રદેશનો બીજામાં સમાવેશ થતાં અવ્યવસ્થા થશે.

૨૨. तस्यैव वा देहस्य...- વિશેષ પ્રદેશ માનવામાં આવતી આપત્તિ જણાવતાં કહ્યું છે કે એક આત્માનો દેહ બીજા સ્થળે જાય ત્યારે આગલા પ્રદેશનો ત્યાગ થાય છે. આમ હોવાથી આગલો પ્રદેશ બીજા પ્રદેશમાં તિરોહિત થવાથી વિશિષ્ટતાનો જે અંશ છે તે રહેતો નથી એટલે ભોગ શક્ય નથી. અહીં अन्तर्भाव શબ્દનો અર્થ तिरोभाव એવો કર્યો છે.

।। अथ द्वितीयेध्याये चतुर्थः पादः ।।

तथा प्राणाः ।।१।। (२.४.१.)

⟨जीवशरीरमध्यवर्तिनां प्राणादीनां विचारार्थं पादारम्भः । तत्र जीवं निरूप्य तादृशधर्मवत्त्वं प्राणे अतिदिशति प्राणशब्दप्रयोगः प्रियत्वाय । प्राणाः इन्द्रियाणि । मनसो मुख्यत्वादेकवचनम् । "उत्क्रान्तिगत्यागतीना" मित्यारभ्य सर्वोपपत्तिरत्रातिदिष्टा । चिदंशस्यापि तिरोभाव इति पृथङ्निरूपणम् । ननु तद्गुणसारत्वादयः कथमुपदिश्यन्त इति चेन्न । सत्यमस्ति तत्रापि "ये प्राणं ब्रह्मोपासत" इति ।।१।। ⟩

गौण्यसम्भवात् ।।२।।

ननु उत्क्रान्त्यादिश्रुतिर्गौणी भविष्यति । न । गौण्यसम्भवात् । सा श्रुतिर्गौणी न सम्भवति । एकैव श्रुतिर्जीवे मुख्या प्राणे गौणीति कथं सम्भवति ।।२।।

तत्प्राक्श्रुतेश्च ।।३।।

जडत्वेनाधिकविचारोत्र क्रियते । सृष्टेः पूर्वमपि प्राणादीनां स्थितिः श्रूयते । "असद्वा इदमग्र आसीत् तदाहुः किं तदसदासीदित्यृषयो वाव तेग्रे असदासीत् तदाहुः के ते ऋषय इति प्राणा वा ऋषय" इति । ननु "सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीय" मिति विरोध इति चेत् । स्वरूपोत्पत्तिरेवात्र निषिध्यते जीववत्, न तूद्गमः । उद्गमात् पूर्वन्तु "सदेवे" ति श्रुतिः । चकारात् मोक्षे तस्यापि सम्पत्तिः श्रूयते स्थलान्तरे । "एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि चे" ति श्रुतिर्विस्फुलिङ्गसदृशी ।।३।।

तत्पूर्वकत्वाद्वाचः ।।४।।

"मनः पूर्वरूपं वागुत्तररूप' मिति । "तस्य यजुरेव शिर" इति । तथा च वेदानां स्वत उत्पत्त्यभावात् तत्पूर्वरूपमनसः कथमुत्पत्तिः ।।४।।

सप्तगतेर्विशेषितत्वाच्च ।।५।।

"तमुत्क्रामन्तं प्राणोनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ती" ति पूर्वोक्तानां चक्षुरादीनां "अथारूपज्ञो भवतीत्येकीभवति न पश्यतीत्याहु" रित्यादिभिर्जीवगतिः सप्तानां गतिभिर्विशेष्यते । सप्तगतयस्तेन विशेषिताः एकीभवन्तीति । अतो जीवसमानयोगक्षेमत्वाज्जीवतुल्यतेति । चकारात् तत्तदुपाख्यानेषु चक्षुःप्रभृतीनां देवतात्वं संवादश्च, अतश्चेतनतुल्यत्वम् ।

केचिदिदं सूत्रमुत्तरसूत्रपूर्वपक्षत्वेन योजयन्ति । तत्रायमर्थः । ते प्राणाः कतीत्याकाङ्क्षायां "सप्त प्राणाः प्रभवन्ति तस्मात् सप्तार्चिषः समिधः सप्तजिह्वाः अष्टौ ग्रहा अष्टावतिग्रहा" इति

"सप्त वै शीर्षण्याः प्राणा द्वाववाञ्चा" विति "नव वै पुरुषे प्राणा नाभिर्दशमी" "दश वै पशोः प्राणा आत्मैकादश" इत्येवमादिषु नानासङ्ख्या प्राणानां प्रतीता, तत्र श्रुतिविप्रतिषेधे किं युक्तमितिं संशये सप्तैवेति प्राप्तम् । कुतः ? गतेः । सप्तानामेव गतिः श्रूयते । "सप्त इमे लोका येषु चरन्ति प्राणा गुहाशया निहिताः सप्त सप्ते"ति । किञ्च विशेषितत्वाच्च । जीवस्योत्क्रमणसमये सप्तानामेव विशेषितत्वं । अन्ये तु पुनरेतेषामेव वृत्तिभेदाद्भेदा इति । एवं प्राप्ते उच्यते ।

॥ इति प्रथमं तथा प्राण इत्यधिकरणम् ॥१॥

અધ્યાય-૨ : પાદ-૪

અધિકરણ-૧

તથા પ્રાણા ઈત્યધિકરણ

સૂત્રો : ૨.૪.૧-૫

સૂત્ર-૧ : તેવા પ્રાણ (૨.૪.૧)

જીવના શરીરમાં રહેલા પ્રાણ વગેરેના વિચાર માટે આ પાદનો આરંભ કરવામાં આવે છે. તેમાં જીવનું નિરૂપણ કરીને પ્રાણમાં તેવા ધર્મો છે એમ અતિદેશ કરવામાં આવે છે. પ્રાણ શબ્દનો પ્રયોગ પ્રિયત્વને માટે છે. પ્રાણો એટલે ઈન્દ્રિયો[1]. મન મુખ્ય હોવાથી એકવચન છે. उत्क्रान्तिगत्यागतीनाम् એ સૂત્રથી શરૂ કરીને આપેલી બધીજ ઉપપત્તિઓનો અતિદેશ કરેલો છે. ચિદંશનો પણ તિરોભાવ છે એટલે જુદું નિરૂપણ કરેલું છે. (શંકા) તદ્‌ગુણસારત્વ આદિ નો ઉપદેશ કઈ રીતે થઈ શકે ? એમ કહો તો (જવાબ) એવું નથી. તે પણ સત્ય છે. (વળી) "જે પ્રાણરૂપી બ્રહ્મને ઉપાસે છે" (તૈ.૨.૩).[2]

સૂત્ર-૨ : ગૌણીનો અસંભવ છે તેથી (૨.૪.૨)

(શંકા) ઉત્ક્રાન્તિ, ગતિ, આગતિ દર્શાવતી શ્રુતિ ગૌણી થશે એમ (જવાબ) નથી. ગૌણીનો અસંભવ છે તેથી. તે શ્રુતિ ગૌણ થાય એ સંભવતું નથી. એક જ શ્રુતિ જીવના વિષયમાં મુખ્ય અને પ્રાણના વિષયમાં ગૌણ હોય એ કેવી રીતે બને ?

સૂત્ર-૩ : તેની પહેલાં એમ શ્રુતિ દર્શાવે છે તેથી. (૨.૪.૩)

પ્રાણ આદિ જડ હોવાથી અહીં અધિક વિચાર કરવામાં આવે છે.[3] સૃષ્ટિની પહેલાં પણ પ્રાણાદિની સ્થિતિ શ્રુતિમાં કહી છે. "પહેલાં આ ખરેખર અસત્ હતું. એમ કહ્યું છે શું તે અસત્ હતું ? અથવા તે ઋષિઓ પહેલાં અસત્ હતા તેમ કહ્યું તે ઋષિઓ કોણ ? પ્રાણો ખરેખર ઋષિઓ હતા." (બૃ.૨.૨.૩) (શંકા) "હે સૌમ્ય પહેલાં આ એક અને અદ્વિતીય સત્ જ હતું" (છા.૬.૨.૧) આ વાક્યનો વિરોધ આવે એમ કહો તો (જવાબ) એવું નથી. જીવની માફક અહીં સ્વરૂપની ઉત્પત્તિનો જ નિષેધ છે; ઉદ્‌ગમનો નહિ. ઉદ્‌ગમની પહેલાં તો "સત્ જ" એ શ્રુતિ છે. ચ સૂચવે છે

કે મોક્ષદશામાં તેની પણ સંપત્તિ બીજે શ્રુતિમાં છે. ''એમાંથી પ્રાણ, મન અને બધી ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે'' એ શ્રુતિ વિસ્ફુલિંગશ્રુતિના જેવી છે.

સૂત્ર-૪ : તે વાણીની પૂર્વે છે તેથી. (૨.૪.૪)

''મન પૂર્વરૂપ છે, વાણી ઉત્તરરૂપ છે.'' ''યજુસ તેનું શિર છે'' (તૈ.૨.૩) હવે વેદોની પોતાની ઉત્પત્તિનો અભાવ છે તો તેના પૂર્વરૂપ એવા મનની ઉત્પત્તિ કેવી રીતે થાય ?

સૂત્ર-૫ : અને સાત ઈન્દ્રિયોની ગતિ વિશેષણ થતી હોવાથી. (૨.૪.૫)

''તે ઉત્ક્રમણ કરે છે ત્યારે પ્રાણ તેની પાછળ ઉત્ક્રમણ કરે છે. પ્રાણ ઉત્ક્રમણ કરે છે ત્યારે બધા પ્રાણો તેની પાછળ ઉત્ક્રમણ કરે છે.'' (બૃ.૪.૪.૨); ''હવે એ રૂપને ન જાણનાર બને છે, એક બને છે, જોતો નથી એમ કહ્યું છે.'' (મુ.૪.૧.૨) આમ પહેલાં કહેલા ચક્ષુ વગેરે સાતની ગતિથી જીવની ગતિ વિશિષ્ટ બને છે. અર્થાત્ સાત ગતિઓ તેનાથી વિશિષ્ટ થઈને એકરૂપ બને છે. આમ જીવને સમાન યોગક્ષેમને લીધે (ઈન્દ્રિયો) જીવતુલ્ય છે. च કાર સૂચવે છે કે તે તે ઉપાખ્યાનોમાં ચક્ષુ વગેરે દેવતા છે. અને તેનો સંવાદ છે માટે ચેતન (જીવ) ને સમાન છે.

કેટલાક આ સૂત્રને પછી આવતા સૂત્રના પૂર્વપક્ષ તરીકે યોજે છે. તેમાં આવો અર્થ છે. તે પ્રાણો કેટલા એવી આકાંક્ષા થતાં ''સાત પ્રાણો ઉદભવે છે, સાત જ્વાળાઓ સમિધો, સાત જિહ્વાઓ'' (મુ.૨.૧.૮); ''આઠ ગ્રહો છે, આઠ અતિગ્રહો છે'' (બૃ.૩.૨.૧); ''સાત શીર્ષ પરની છે, બે નીચે છે'' (તૈ.સાં.૫.૩.૨.૫); ''પુરુષમાં નવ પ્રાણો છે; નાભિ દસમી છે.'' (તૈ.સં.૫૦.૩.૨૦.૩); ''પશુને દસ પ્રાણો છે, આત્મા અગિયારમો છે'' (તૈ.સં.૬.૩.૧૦.૯) વગેર વાક્યોમાં પ્રાણોની વિવિધ સંખ્યાઓ દેખાય છે. તો શ્રુતિઓના પરસ્પર વિરોધમાં શું યોગ્ય છે એવો સંશય થતાં સાત જ છે એમ પ્રાપ્ત થાય છે. શાથી ? ગતિને લીધે. સાતની જ ગતિ શ્રુતિમાં કહેલી છે. ''આ સાત લોકો છે, જેમાં ગુહામાં રહેલા સાત સાત પ્રાણો ગતિ કરે છે.'' (મું.૨.૧.૮) એવી શ્રુતિ છે. વળી એ વિશિષ્ટ છે. જીવોના ઉત્ક્રમણ સમયે સાત જ, એથી વિશિષ્ટ છે. બીજા ભેદ તો એ (સાતના) જ વૃત્તિભેદને લીધે છે. એમ પ્રાપ્ત થતાં (પછીનું સૂત્ર) કહેલું છે.

ટિપ્પણ

૧. **प्राणशब्दप्रयोगः प्रियत्वाय...**- આચાર્યશ્રી प्राण નો અર્થ ઈન્દ્રિયો લે છે તો પછી સૂત્રમાં करणानि ને બદલે प्राण શબ્દ શાથી વાપર્યો તે કહેતાં આ વાક્ય કહે છે, કે प्राण શબ્દ પ્રિયત્વ સૂચવે છે. अथ ह प्राणाः (છા.૫.૧.૬) વગેરે શ્રુતિવાક્યોમાં પ્રાણ શબ્દ ઈન્દ્રિયોના અર્થમાં જ છે.

૨. **ननु तद्गुणसारत्वादयः...**- શંકા એવી છે કે જીવને બ્રહ્મ કહી શકાય કારણ કે પ્રજ્ઞા, દ્રષ્ટૃત્વ વગેરે બ્રહ્મના ધર્મો જીવમાં સારરૂપ છે. પણ ઈન્દ્રિયોને એ કેવી રીતે

લાગૂ પડે છે ? સમાધાન એવું છે કે प्राणा वै सत्यं, तेषामेव सत्यम् (બૃ.૨.૧.૨૦) જેવી શ્રુતિઓ દર્શાવે છે કે ઈન્દ્રિયોમાં સત્યનો ગુણ છે. વળી પ્રાણની બ્રહ્મ તરીકે ઉપાસના કરતું શ્રુતિવાક્ય છે એટલે પ્રાણ-ઈન્દ્રિયોમાં પણ બ્રહ્મના ધર્મો છે, તેથી જીવના ધર્મોનો જે અતિદેશ કરેલો છે તેમાં કોઈ દોષ નથી.

૩. **जडत्वेनाधिक...**- પ્રાણ વગેરે ઈન્દ્રિયો જડ છે તેથી અન્ય જડ પદાર્થોની માફક પણ અનિત્ય થાય. આવી શંકા દૂર કરવા માટે વધારે વિચાર કરેલો છે.

૪. **चकारान्मोक्षे तस्यापि...**- મોક્ષમાં પ્રાણની પણ બ્રહ્મસંપત્તિ થાય છે એ દર્શાવનારાં બીજાં શ્રુતિ વાક્યો છે. દા.ત. न तस्मात्प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन्ब्रह्माप्येति (બૃ.૪.૪.૬); अत्रैव समवनीयन्ते (બૃ.૩.૨.૧૧) વગેરે.

हस्तादयस्तु स्थितेतो नैवम् ॥६॥ (२.४.२.)

पूर्वसम्बन्धे उत्सूत्रं पूर्वपक्षः । तुशब्दः पूर्वपक्षं व्यावर्तयति । हस्तादयः सप्तभ्योधिकाः । ''हस्तौ चादातव्यञ्च उपस्थश्चानन्दयितव्यञ्च पायुश्च विसर्जयितव्यञ्च पादौ च गन्तव्यञ्चेति'' चक्षुरादिगणनायामेतेपि चत्वार इन्द्रियत्वेन गणिताः । स्थिते सति श्रुतौ गणनया चक्षुरादितुल्यत्वे सति । अतो हेतोः । सप्तैवेति न, किन्त्वेकादश । अवान्तरगणना सूचनयासम्भवाभिप्राया । अधिकसङ्ख्यान्तःकरणभेदादिति एकादशैवेन्द्रियाणीति स्थितम् ॥६॥

इति द्वितीयं हस्तादय इत्यधिकरणम् ॥२॥

અધિકરણ-૨

હસ્તાદય ઈત્યધિકરણ

સૂત્ર-૨.૪.૬

સૂત્ર-૬ : હાથ વગેરે (બીજી ઈન્દ્રિયો સમાન) હોઈ એમ નથી. (૨.૪.૬)

આગલાનો સંબંધ ગણતાં પૂર્વપક્ષ ઉત્સૂત્ર ગણવો.[1] તુ શબ્દ પૂર્વપક્ષ દૂર કરે છે. હાથ વગેરે સાતથી અધિક છે. ''હાથ અને ગ્રહણ કરવાનું, ઉપસ્થ અને આનન્દ કરવાનો, પાયુ અને વિસર્જન કરવાનું, પગ અને જવાનું.'' (પ્ર.૪.૮) ચક્ષુ વગેરેની ગણનામાં આ ચારને પણ ઈન્દ્રિયો તરીકે ગણેલા છે. હોવાથી એટલે શ્રુતિમાં ગણના પ્રમાણે ચક્ષુરાદિની તુલ્યતા હોવાથી. આ હેતુથી સાત જ નહિ પણ અગિયાર છે. અવાન્તર ગણના પ્રાધાન્ય સૂચવે છે એવા સંભવનો અભિપ્રાય છે. અધિક સંખ્યા અંતઃકરણના ભેદને લીધે છે. ઈન્દ્રિયો એકાદશ છે એમ નક્કી થયું.

ટિપ્પણ

૧. **पूर्वसंबन्धे...**- આગલા સપ્તગતિ સૂત્રનો આગલા અધિકરણ સાથે સંબંધ માનીએ તો અહીં પૂર્વપક્ષ સૂત્રની બહાર ગણવો. જો આ અધિકરણમાં સપ્તગતિ સૂત્ર ગણીએ તો એને પૂર્વપક્ષસૂત્ર ગણવું.

૨. **अवान्तरगणना...**- ઈન્દ્રિયો અગિયાર છે. એમાં જે ૭,૮,૯,૧૦ એવી ગણના છે તેમાં સાતની સંખ્યા પ્રાધાન્ય બતાવે છે અર્થાત્ તે ઈન્દ્રિયો મુખ્ય છે. આઠ ઈન્દ્રિયોને ગ્રહ કહી છે તેથી બન્ધકારક છે. નવ દ્વારો ખુલ્લાં છે તો દસ માત્ર દ્વાર છે. ૧૧ની સંખ્યામાં આ બધી સંખ્યાઓ સમાઈ જાય છે. ૧૪ની સંખ્યા અંતઃકરણ ચતુર્વિધ હોવાથી ગણેલી છે.

अणवश्च ॥७॥ (२.४.३)

सर्वे प्राणा अणुपरिमाणाः गतिमत्त्वेन्न नित्यत्वेणुत्वमेव । परिमाणप्रमाणाभावात् पुनर्वचनम् ॥१७॥

॥ इति तृतीयमणवश्चेत्यधिकरणम् ॥३॥

અધિકરણ-૩

અણવશ્ચેત્યધિકરણ

સૂત્ર-૨.૪.૭

સૂત્ર-૭ : અને (ઈન્દ્રિયો) અણુ છે. (૨.૪.૭)

બધા પ્રાણો અણુપરિમાણ છે. ગતિમાન અને નિત્ય હોવાથી અણુત્વ જ છે. પરિમાણ વિશેના પ્રમાણનો અભાવ હોવાથી ફરી કહેલું છે.[1]

ટિપ્પણ

૧. **परिमाणप्रमाणाभावात्...**- સૂત્ર ૨.૪.૧. तथा प्राणाः માં જીવના ધર્મોનો અતિદેશ ઈન્દ્રિયોમાં કરેલો છે એટલે અણુત્વ પણ આવી જ જાય છે. તો પાછું સૂત્રમાં કેમ કહ્યું એવી શંકાના જવાબમાં આ વાક્ય છે. શ્રુતિમાં ઈન્દ્રિયોનું પરિમાણ સ્પષ્ટ રીતે કહેલું નથી, તેથી આ સૂત્ર દ્વારા ફરીથી જણાવેલું છે.

श्रेष्ठश्च ॥८॥ (२.४.४)

मुख्यश्च प्राणो नित्यगतिमान् अणुपरिमाणश्च । चकारादतिदेशः । “नासदासी” दित्यत्र “आनीदवातं स्वधया तदेक” मिति अननात्मकस्य पूर्वसत्ता प्रदर्शिता ॥८॥

न वायुक्रिये पृथगुपदेशात् ॥९॥

ननु मुख्यः प्राणो वायुरेव भविष्यति इन्द्रियाणां क्रिया वा । एवं हि श्रूयते “यः प्राणः स वायुः स एष वायुः पञ्चविधः” “प्राणोपानो व्यान उदानः समान” इति “सामान्यकरणवृत्तिः प्राणाद्या वायवः पञ्चे”ति तन्त्रान्तरीया आचक्षते । तदुभयमपि न । कुतः । पृथगुपदेशात् । “एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी”ति प्राणवाय्वोः पृथगुपदेशात् । वृत्तिवृत्तिमतोरभेदेन ततोपि पृथगुपदेशाच्च । ॥९॥

॥ इति चतुर्थं श्रेष्ठश्चेत्यधिकरणम् ॥४॥

અધિકરણ-૪

શ્રેષ્ઠશ્ચેત્યધિકરણ

સૂત્રો : ૨.૪.૮-૯

સૂત્ર-૮ : અને મુખ્ય પ્રાણ (આવો છે.) (૨.૪.૮)

મુખ્ય પ્રાણ નિત્ય, ગતિમાન અને અણુપરિમાણ છે. ચ શબ્દથી અતિદેશ સમજવાનો છે. ''અસત્ ન હતું'' (ઋગ્વેદ ૧૦.૧૨૯-૧) એમાં ''તે એક વાયુ વિના પોતાની શક્તિથી શ્વાસ લેતું હતું.'' (ઋગ્વેદ ૧૦.૧૨૯-૨) દર્શાવે છે કે શ્વાસ લેવા રૂપ (મુખ્ય પ્રાણનું) પહેલાં પણ અસ્તિત્વ હતું.

સૂત્ર-૯ : (મુખ્ય પ્રાણ) વાયુ અને ક્રિયા નથી કારણ કે પૃથક્ ઉપદેશ છે. (૨.૪.૯)

(શંકા) મુખ્ય પ્રાણ વાયુ જ થશે અથવા ઈન્દ્રિયોની ક્રિયા થશે. એ પ્રમાણે ખરેખર શ્રુતિ છે : ''જે પ્રાણ તે વાયુ છે. આ વાયુ પાંચ પ્રકારનો છે; પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન.'' (બૃ.૧.૫.૩) ''કરણોની સામાન્ય વૃત્તિ તે પાંચ પ્રાણાદિ વાયુઓ છે.'' (સાંખ્યકારિકા ૨૯) એમ બીજા મતવાળા કહે છે. (જવાબ) તે બન્ને નથી. શાથી ? જુદો ઉપદેશ હોવાથી. ''એમાંથી પ્રાણ, મન, બધી ઈન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને વિશ્વને ધારણ કરતી પૃથ્વી ઉત્પન્ન થાય છે.'' (મું.૨.૧.૩) એમ પ્રાણ અને વાયુનો જુદો ઉપદેશ છે. વૃત્તિ અને વૃત્તિમાન અભિન્ન છે, છતાં પણ (જુદા) ઉપદેશને લીધે તેથી પણ (જુદો છે.)[1]

ટિપ્પણ

૧. **वृत्तिवृत्तिमतोरभेदेन...**- વૃત્તિ અને વૃત્તિમાન એ બે વચ્ચે ભેદ નથી પણ પ્રાણને ઈન્દ્રિયોથી જુદો કહ્યો છે માટે પ્રાણ વૃત્તિરૂપ અથવા ક્રિયારૂપ નથી.

चक्षुरादिवत्तु तत्सहशिष्ट्यादिभ्यः ।।१०।। (२.४.५)

स प्राणः स्वतन्त्रः परतन्त्रो वेति विचारे स्वतन्त्र इति तावत्प्राप्तम् । ''सुप्तेषु वागादिषु प्राण एको मृत्युनानाप्तः प्राणः संवर्गो वागादीन् संवृङ्क्ते प्राण इतरान् प्राणान् रक्षति मातेव पुत्रानि''ति ।

इमामाशङ्कां निराकरोति तुशब्द । चक्षुरादिवदयमपि प्राणः अस्वतन्त्रः । मुख्यतो भगवदधीनः, व्यवहारे जीवाधीनः । कुतः । तत्सहशिष्ट्यादिभ्यः चक्षुरादिभिः सह शासनात् इन्द्रियजयवत् प्राणजयस्यापि दृष्टत्वात् । आदिशब्देन जडत्वादयः ।।१०।।

अकरणत्वाच्च न दोषस्तथा हि दर्शयति ।।११।।

ननु प्राणस्य जीवोपकरणत्वे तदुपकारकव्यापारवत्त्वमपेक्ष्यते । तत्रैकादशैव वृत्तयस्तन्त्रान्तरेपि सिद्धाः । ''एकादशामी मनसो हि वृत्तय आकूतयः पञ्चधियोभिमानः मात्राणि कर्माणि

पुरश्च तासां वदन्ति चैकादश वीर भूमी'' रिति । तथा कश्चित्प्राणस्य व्यापारोस्तीति चेत्, नैष दोषः । कुतः । अकरणत्वात् । करणस्यैव हि व्यापारोपेक्षितः । न अन्यस्य कार्यमात्रमपेक्षितम् । तत्राह तथा हि । कार्यवत्त्वं युक्तम् । तत् श्रुतिरेव दर्शयति । ''तस्मिन्नुत्क्रामत्यथेतर'' इत्यादिश्रुतिभिः प्राणनिमित्तैव शरीरस्थितिरिति । तस्माद्व्यापाराभावेपि स्वरूपस्थितिमात्रेण तस्योपकारित्वम् ॥११॥

पञ्चवृत्तेर्मनोवद्व्यपदिश्यते ॥१२॥

<व्यपारव्यतिरेकेणोपकारित्वमसमञ्जसमिति चेत् । तत्राह । पञ्चवृत्तेः । ''अहमेवैतत्पञ्चधात्मानं विभज्यैतद्बाणमवष्टभ्य विधारयामी''ति यथा मनसो द्वारभेदेनैवैकादश वृत्तयः स्वरूपत एव एवमेव प्राणस्यापि पञ्चधात्मानं विभज्य कार्यकरणं व्यपदिश्यते ॥१२॥>

अणुश्च ॥१३॥

अतिदेशेन प्राप्तमप्यणुत्वं ''पञ्चधात्मानं विभज्ये''तिवचनात् सन्दिग्धं पुनर्विधीयते । आसन्योप्यणुः । चकारात् पूर्वोक्तसर्वसमुच्चयः ॥१३॥

॥ इति पञ्चमं चक्षुरादिवदधिकरणम् ॥५॥

અધિકરણ-૫

ચક્ષુરાદિવદધિકરણ

સૂત્રો : ૨.૪.૧૦-૧૩

સૂત્ર-૧૦ : ચક્ષુ વગેરેની માફક (પ્રાણ સ્વતંત્ર નથી) કારણ કે ચક્ષુ વગેરેની સાથે પ્રાણનું શાસન વગેરે છે. (૨.૪.૧૦)

તે પ્રાણ સ્વતંત્ર છે કે પરતંત્ર છે તેનો વિચાર કરતાં સ્વતંત્ર છે એમ (પૂર્વપક્ષ) પ્રાપ્ત થાય છે. વાગ્ વગેરે સુઈ જાય છે ત્યારે પ્રાણ એકલો મૃત્યુથી અપ્રાપ્ત છે. પ્રાણ સંવર્ગ છે, વાગ્ વગેરેનું ગ્રહણ કરે છે. જેમ માતા પુત્રોનું તેમ પ્રાણ બીજા પ્રાણોનું રક્ષણ કરે છે.

(જવાબ) તુ શબ્દ આ શંકાનું નિવારણ કરે છે. ચક્ષુ વગેરેની માફક આ પ્રાણ પણ સ્વતંત્ર નથી, મુખ્યત્વે ભગવાનને આધીન છે. વ્યવહારમાં એ જીવને આધીન છે. શાથી ? તેની સાથે શાસન કરે છે તેથી. ઈન્દ્રિયજયની માફક પ્રાણજય પણ શ્રુતિમાં છે. આદિ શબ્દથી જડત્વ વગેરે સૂચવાય છે.

સૂત્ર-૧૧ : (પ્રાણ) કરણ નથી તેથી દોષ નથી. તે મુજબ જ દર્શાવે છે. (૨.૪.૧૧)

(શંકા) પ્રાણ જીવનું ઉપકરણ હોઈ એને ઉપકારક એવા વ્યાપારની અપેક્ષા છે. ત્યાં બીજા તંત્રમાં પણ અગિયાર જ વૃત્તિઓ પ્રસિદ્ધ છે. ''મનની ખરેખર અગિયાર વૃત્તિઓ છે. પાંચ આકૃતિઓ છે. પાંચ જ્ઞાન છે. (અને) અભિમાન છે.

માત્રાઓ, કર્મો અને શરીર એમ હે વીર, તેમની અગિયાર ભૂમિ છે.''[1] તે રીતે પ્રાણનો કોઈ વ્યાપાર છે ખરો ?[2] એમ કહો તો (જવાબ) એ દોષ નથી. શાથી ? એ કરણ નથી તેથી. કરણના જ વ્યાપારની અપેક્ષા છે. બીજાના તો માત્ર કાર્યની અપેક્ષા છે. તે માટે કહે છે-તે મુજબ કાર્ય હોવું તે યોગ્ય છે. તે શ્રુતિ જ કહે છે. ''તે ઉત્ક્રમણ કરે ત્યારે બીજા પણ (ઉત્ક્રમણ કરે છે)'' (પ્ર.૨.૪) વગેરે શ્રુતિઓ છે. પ્રાણને નિમિત્તે જ શરીરની સ્થિતિ છે. એટલે વ્યાપાર ન હોવા છતાં સ્વરૂપની સ્થિતિ માત્રથી એ ઉપકારક છે.

સૂત્ર-૧૨ : પાંચ વૃત્તિઓ મનની માફક કહેવાય છે. (૨.૪.૧૨)

(શંકા) વ્યાપાર વિના ઉપકારક બને એ અયોગ્ય છે, એમ કહો તો ત્યાં (જવાબ) કહે છે. પાંચ વૃત્તિઓ છે એટલે ''હું જ આ પાંચ પ્રકારે પોતાને વિભાજન કરીને શરીરને ટેકો આપીને ધારણ કરૂં છું'' (પ્ર.૨.૩) જેમ મનને દ્વારભેદથી અગિયાર વૃત્તિઓ સ્વરૂપથી જ છે તે જ રીતે પ્રાણ પણ પોતાને પાંચ પ્રકારે વિભાજન કરીને કાર્ય કરે છે એમ કહ્યું છે.

સૂત્ર-૧૩ : અને અણુ છે. (૨.૪.૧૩)

અતિદેશથી અણુત્વ પ્રાપ્ત થયું હોવા છતાં ''પોતાને પાંચ પ્રકારે વિભાજન કરીને'' એ વચનથી સંદેહ થવાથી પુનર્વિધાન કરેલું છે. આસન્ય (પ્રાણ) પણ અણુ છે. ચ થી પૂર્વે કહેલા સર્વ ધર્મોનો સમુચ્ચય છે.

ટિપ્પણ

૧. **एकादशामी मनसो हि...**- ભાગવતના આ પદ્યમાં (૫.૧૧.૯) અગિયાર વૃત્તિઓ કહી છે. એમાં પાંચ આકૃતિઓ, પાંચ જ્ઞાન અને એક અભિમાન એમ ૧૧ની સંખ્યા થાય છે. પાંચ કર્મેન્દ્રિયો તે આકૃતિઓ છે. વિસર્ગ, આનન્દ, આદાન, ગમન અને વચન એ કર્મો તેની ભૂમિ એટલે કે વિષયો છે. પાંચ ધી અથવા જ્ઞાન તે જ્ઞાનેન્દ્રિયો છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ એ પાંચ તન્માત્રા તેના વિષયો છે. અભિમાન-અહંતા, મમતા વગેરે એક છે. એ મનની સાક્ષાત્ વૃત્તિ છે અને શરીર એનો વિષય છે.

૨. **तथा कश्चित् प्राणस्य...**- અહીં પાઠભેદ છે: શ્રી ગો. હ. ભટ્ટ व्यापारो नास्ति એ પાઠને શુદ્ધ માને છે અને તે પ્રમાણે અનુવાદ કરે છે. પ્રકાશ-રશ્મિસહિતના શ્રી તેલીવાળાના સંપાદનમાં प्राणस्य व्यापारोस्तीति चेत् એવો પાઠ છે. પુરુષોત્તમજી કે ગોપેશ્વરજી સ્પષ્ટ રીતે પાઠભેદની નોંધ કરતા નથી પણ પ્રકાશમાં કહ્યું છે. तथा प्राणस्य जीवभोगसाधकः कश्चिद् व्यापारो नास्तीति कथं तस्य जीवोपकरणत्वमित्यर्थः । એમ વાક્યનું તાત્પર્ય બતાવ્યું હોવાથી व्यापारोऽस्ति એવો પાઠ હોય એમ લાગે છે, તેથી મેં એવો અનુવાદ કર્યો છે.

ज्योतिराद्यधिष्ठानन्तु तदामननात् ॥१४॥ (२.४.६)

वागादीनां देवताधिष्ठानवतां प्रवृत्ति: स्वत एव वा जीवाधिष्ठानब्रह्मप्रेरणयोर्विद्यमानत्वादिति संशय: । विशेषकार्याभावात् न देवतापेक्षेति पूर्वपक्षं निराकरोति तुशब्द: । वागादीनां ज्योतिरादि अग्न्यादिरधिष्ठानमवश्यमङ्गीकर्तव्यम् । कुत: । तदामननात् । तथा आम्नायते ''अग्निर्वाग्भूत्वा मुखं प्राविश''दित्यादि । अयमर्थ: । ''योध्यात्मिकोयं पुरुष: सोसावेवाधिदैविक: यस्तत्रोभयविच्छेद: स स्मृतो ह्याधिभौतिक'' इत्याध्यात्मिकादीनां स्वरूपम् । वागादयश्चानुरूपा नित्या: । तत्र यदि त्रैविध्यं न कल्प्येत तदैकस्मिन्नेव शरीरे उपक्षीणं शरीरान्तरे न भवेत् । कल्प्यमाने तु अग्निर्देवतारूपोनेकरूपभवनसमर्थो वाग्रूपो भूत्वा सर्वत्र प्रविष्ट इति सङ्गच्छते । ते चाग्न्यादयश्चेतना भगवदंशास्तिरोहितानन्दा: सामर्थ्ययुक्ता इति कार्यवशादवगम्यन्ते । आध्यात्मिकाधिदैविकयोरेकत्वात् वदनादिकार्यार्थमाध्यात्मिका एव निरूपिता उद्गमने ''एतस्मात् जायते प्राण'' इत्यादिषु । वागदीनां नियमेन तत्तज्जीवसान्निध्यं स्वतश्चानिर्गमनं मृत्युरूपश्रमेण तत्र लय: पुनरुद्गम: समष्टिव्यष्टिभावश्च अन्यथा नोपपद्येत । आधिभौतिककृतश्चायं भेद इत्यग्रे व्यक्तीकरिष्यते । एवमेव ब्रह्मणोपि ''अनेन जीवेनात्मनानुप्रविश्ये'' त्यत्रापि नि:सन्दिग्धं द्रष्टव्यं यदज्ञानात् सर्वविप्लववादव्यामोह: ॥१४॥

॥ इति षष्ठं ज्योतिराद्यधिष्ठानाधिकरणम् ॥६॥

અધિકરણ-૬

જ્યોતિરાદ્યધિષ્ઠાનાધિકરણ

સૂત્ર-૨.૪.૧૪

સૂત્ર-૧૪ : પણ જ્યોતિ આદિનું અધિષ્ઠાન છે કારણ કે (શ્રુતિમાં) તેનું વિધાન છે. (૨.૪.૧૪)

વાક્ વગેરેની પ્રવૃત્તિ દેવતાના અધિષ્ઠાનવાળી હોવાથી થાય છે કે સ્વત: જ થાય છે એવો સંશય છે, કારણ કે જીવનું અધિષ્ઠાન અને બ્રહ્મની પ્રેરણા વિદ્યમાન છે[1]. વિશેષ કાર્યના અભાવને લીધે દેવતાની અપેક્ષા નથી એવા પૂર્વપક્ષનું તુ શબ્દ નિવારણ કરે છે. વાણી વગેરેનું જ્યોતિ વગેરે એટલે અગ્નિ વગેરેનું અધિષ્ઠાન અવશ્ય સ્વીકારવું જોઈએ. શાથી ? શ્રુતિમાં કથન છે તેથી. તે પ્રમાણે આમનન છે– ''અગ્નિ વાણી બનીને મુખમાં પ્રવેશ્યો'' (ઐ.૨.૪) વગેરે. આવો અર્થ છે : ''જે આ આધ્યાત્મિક પુરુષ છે તે જ પેલો આધિદૈવિક છે. જે આ બન્નેથી જુદો છે તે ખરેખર આધિભૌતિક કહેવાયો છે.'' (ભાગવત ૨.૧૦.૮) આમ આધ્યાત્મિક વગેરેનું સ્વરૂપ અને અણુરૂપ વાક્ વગેરે નિત્ય છે. ત્યાં જો ત્રણ પ્રકારની કલ્પના ન કરવામાં આવે તો એક જ શરીરમાં ક્ષીણ થયેલી ઈન્દ્રિય બીજા શરીરમાં હોઈ ન શકે. જો (ત્રૈવિધ્યની) કલ્પના કરવામાં આવે તો

દેવતારૂપ અગ્નિ અનેક રૂપો ધારણ કરવા સમર્થ હોવાથી વાણીરૂપ થઈને સર્વત્ર પ્રવેશ કરે છે એમ યોગ્ય રીતે લાગૂ પડે છે. તે અગ્નિ વગેરે ચેતન છે, ભગવાનના અંશ છે, તિરોહિત આનન્દવાળા છે અને સામર્થ્યયુક્ત છે એમ કાર્યને આધારે સમજાય છે. આધ્યાત્મિક અને આધિદૈવિક એક છે તેથી બોલવું વગેરે કાર્ય માટે આધ્યાત્મિકનું જ નિરૂપણ કરેલું છે. ઉદ્ગમનની વાતમાં "એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે" (મુ.૨.૧.૩) વગેરે વાક્યોમાં વાક્ વગેરેનું નિયમાનુસાર તે તે જીવનું સાન્નિધ્ય, સ્વતઃ બહાર ન જવું, મૃત્યુરૂપ શ્રમથી તેમાં જ લય પામવું, ફરી ઉદ્ગમન અને સમષ્ટિ તથા સમષ્ટિરૂપ થવું-એ બીજી રીતે સમજાવી શકાતું નથી.

આ ભેદ આધિભૌતિકથી કરેલો છે એમ આગળ સ્પષ્ટતા કરવામાં આવશે. એ જ રીતે બ્રહ્મના પણ (ત્રણ પ્રકારો છે). "આ જીવાત્મા સાથે અંદર પ્રવેશીને" (છા.૬.૩.૨) એ વાક્ય પણ શંકા વગર સમજવું. એના અજ્ઞાનથી સર્વ વિપ્લવવાદીને મોહ થયેલો છે.

ટિપ્પણ

૧. **जीवाधिष्ठानब्रह्मप्रेरणयो...**- જીવનું અધિષ્ઠાન અને બ્રહ્મની પ્રેરણા એમ બન્ને કહ્યાં છે. જીવનું અધિષ્ઠાન ગણતાં વાણી વગેરેની પ્રવૃત્તિ આપ મેળે છે એમ મનાય. જો બ્રહ્મની પ્રેરણા ગણીએ તો વાણી વગેરેની પ્રવૃત્તિ દેવતાથી અધિષ્ઠિત છે એમ માનવાનું છે.

प्राणवता शब्दात् ॥१५॥ (२.४.७)

यदधिष्ठानमग्न्यादि तत् किं स्वत एव अन्यसहितं वेतिसन्देहः ? किं तावत् प्राप्तम् । स्वत एवेति । पूर्वोक्तन्यायेन तावतैव सिद्धेरनवस्थानाच्च देवतात्वव्याधातश्चेत्येवं प्राप्ते उच्यते । प्राणवता अधिष्ठितं वागादि । कुतः । शब्दात् । "सोयमग्निः परेण मृत्युनातिक्रान्तो दीप्त" इत्यादि, अयमर्थः । "द्वया ह प्राजापत्या' इत्यत्राधिष्ठातृत्वमग्नीनामुक्तम् । "देवा" इत्यविशषेणेन्द्रियाधिष्ठात्र्योन्याश्च, तेषां प्रतिबन्धकासुरातिक्रमेण स्वर्गलोके गमनेच्छा बभूव । तत्र "यज्ञेनैव स्वर्ग" इति । तत्र "जनको ह वैदेह' इतिब्राह्मणे "केनाक्रमेण यजमानः स्वर्गं लोकमाक्रमत इत्युद्गात्रर्त्विजा वायुना प्राणेने"ति उद्गात्रैवाक्रमणमिति सिद्धम् । तत्रान्योन्योद्गातृत्ववरणे तथोद्गाने "यो वाचि भोगस्तं देवेभ्य" इत्याम्नातम् । तदनु श्रमरूपपाप्मना वेधानन्तरमप्रतिरूपं वदतीति निरूपितम् । सोपि दोषो देवानां प्राप्नोति । तत् श्रुतिविप्रतिषिद्धं, "न ह वै देवान् पापं गच्छती"ति । तदनु प्राण एवोद्गाता सिद्धः । तेनान्येषामपि पापसम्बन्धो निवारितः । ततः परेण "मृत्युमतिक्रान्तो दीप्यत" इति । अतो दीप्यमानस्यैवाधिष्ठातृत्वात् प्राणवतैवाधिष्ठानमिति सिद्धम् ॥१५॥

तस्य च नित्यत्वात् ॥१६॥

अग्न्यादेः प्राणसम्बन्धो नित्य इति सर्वदाधिष्ठातृत्वम् । प्राणस्य तत्सम्बन्धस्य चेति चकारार्थः । प्राणसहायेनैव यथोचितवर्णोद्गम इति लोके स्वामिभृत्यन्यायेन जीवे भोगः फलिष्यति ॥१६॥

इति सप्तमम्प्राणवतेत्यधिकरणम् ॥७॥

અધિકરણ-૭

પ્રાણવતેત્યધિકરણ

સૂત્રો : ૨.૪.૧૫-૧૬

સૂત્ર-૧૫ : પ્રાણથી સાથે (અગ્નિ આદિનું અધિષ્ઠાન છે), શ્રુતિને લીધે. (૨.૪.૧૫)

અગ્નિ આદિ જે અધિષ્ઠાન છે તે સ્વતઃ જ છે કે બીજાની સાથે છે એવો સંદેહ છે. તો શું પ્રાપ્ત થયું ? (પૂર્વપક્ષ) સ્વતઃ જ છે. પૂર્વે કહલા ન્યાયથી જાતે જ પ્રસિદ્ધ થાય છે, કારણ કે અનવસ્થા થાય અને દેવતાત્વનો નાશ થાય.' એમ પ્રાપ્ત થતાં (સિદ્ધાન્ત) કહેવાય છે. વાક્ વગેરે પ્રાણવાળાથી અધિષ્ઠિત છે. શાથી ? શબ્દથી, ''તે આ અગ્નિ મૃત્યુની પાર અતિક્રમીને પ્રકાશે છે.'' (બૃ.૧.૩.૧૨) વગેરે. આ અર્થ છે. ''પ્રજાપતિનાં બે સંતાનો'' (બૃ.૧.૩.૧) એ વાક્યમાં અગ્નિઓ અધિષ્ઠાતા છે એમ કહ્યું છે. દેવાઃ એમ વિશેષ પ્રયોગ ન હોવાથી ઈન્દ્રિયોના અધિષ્ઠાતા અને બીજા દેવતાઓ સમજવાના છે. તેમને પ્રતિબન્ધક એવા અસુરોને અતિક્રમીને સ્વર્ગે જવાની ઈચ્છા થઈ. ત્યાં ''યજ્ઞથી જ સ્વર્ગ'' એમ કહ્યું છે. તેમાં ''જનક વૈદેહ'' (બૃ.૩.૧.૧) એ બ્રાહ્મણમાં ''કઈ સીડીથી યજમાન સ્વર્ગલોકમાં જાય છે'' (બૃ.૩.૧.૧) (એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું) ''ઉદ્દગાતારૂપ ઋત્વિજ્ અને પ્રાણરૂપ વાયુથી'' એમ સિદ્ધ થયું ત્યારે જુદા જુદા ઉદ્દગાતાઓની વરણી થતાં તે પ્રમાણેના ઉદ્દગાનમાં ''વાણીમાં જે ભોગ છે તે દેવો માટે છે'' (બૃ.૧.૩.૨) એવું વિધાન છે. તે પછી શ્રમરૂપી પાપથી એને વીંધ્યા પછી ''અનુચિત બોલે છે'' (બૃ.૧.૩.૨) એવું નિરૂપણ કરેલું છે. તે દોષ પણ દેવોને પ્રાપ્ત થાય છે એ શ્રુતિથી વિરુદ્ધ છે. ''દેવોની પાસે પાપ ખરેખર જતું નથી'' (બૃ.૧.૨.૨૦) એવી શ્રુતિ છે. ત્યાર પછી પ્રાણ જ ઉદ્દગાતા છે એમ સિદ્ધ થયું. તેથી બીજા દેવતાઓને પાપના સંબંધનું નિવારણ થયું. ત્યાર પછી ''મૃત્યુની પાર અતિક્રમીને પ્રકાશે છે'' એમ કહ્યું છે. એટલે જે પ્રકાશતા હોય તે જ અધિષ્ઠાતા છે એટલે પ્રાણ સાથે જ એ અધિષ્ઠાન છે એમ સિદ્ધ થયું.

સૂત્ર-૧૬

અને તે નિત્ય હોવાથી. (૨.૪.૧૬)

અગ્નિ વગેરેનો પ્રાણ સાથેનો સંબંધ નિત્ય છે એટલે (અગ્નિ વગેરે) સર્વદા અધિષ્ઠાતા છે. પ્રાણ અને તેનો સંબંધ નિત્ય છે એવો ચ નો અર્થ છે. પ્રાણની

સહાયથી જ વર્ણોનો યોગ્ય રીતે ઉદ્‌ગમ થાય છે. લોકમાં સ્વામિભૃત્યન્યાયથી જીવમાં ભોગ ફળી શકશે.[2]

ટિપ્પણ

૧. **पूर्वोक्तन्यायेन तावतैव...**- અગ્નિ વગેરે સ્વતઃ અધિષ્ઠાતા છે એ માટે પૂર્વપક્ષી ત્રણ કારણો આપે છે. (क) पूर्वोक्तन्याय- આગલા ज्योतिरादि સૂત્રમાં અગ્નિ વગેરેનું જ અધિષ્ઠાતૃત્વ કહ્યું છે. (ख) જો દેવતાને પણ બીજાની અપેક્ષા હોય તો તેની વળી બીજાની અપેક્ષા થાય એમ અનવસ્થાનો પ્રસંગ આવે. (ग) દેવતાને બીજાની મદદની જરૂર છે એમ કહીએ તો દેવતાના સામર્થ્યનો પ્રશ્ન ઊભો થતાં દેવતાત્વનો નાશ થાય.

૨. **लोके स्वामिभृत्यन्यायेन...**- મુખ્ય પ્રાણના અંશરૂપ આપણા જેવાના પ્રાણ છે. એમ જીવનો ભોગ મુખ્ય અમાત્યરૂપ પ્રાણના અધિષ્ઠાનથી ફલિત થાય છે. આમ કરણત્વના અંશમાં અગ્નિ વગેરે અને વાણી વગેરેનું તો ભોક્તૃત્વના અંશમાં જીવનું અધિષ્ઠાતૃત્વ છે.

तदिन्द्रियाणि तद्व्यपदेशादन्यत्र श्रेष्ठात् ॥१७॥ (२.४.८)

इदमत्र विचार्यते । इन्द्रियाणां प्राणाधीनसर्वव्यापारत्वात्तन्नामव्यपदेशाच्च प्राणवृत्तिरूपाणीन्द्रियाणि तत्त्वान्तराणि वेति संशयः । तत्त्वान्तराण्येवेति सिद्धान्तः । तानि इन्द्रियाणि तत्त्वान्तराणि । कुतः । तद्व्यपदेशात् । इन्द्रियशब्देन व्यपदेशात् । ''एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि चे''ति भिन्नशब्दवाच्यानां क्वचिदेकशब्दवाच्यत्वेपि नैकत्वम् । आसन्येपि तर्हि भेदः स्यादित्यत आह अन्यत्र श्रेष्ठात् । तस्य ते यौगिकाः शब्दा इति ॥१७॥

भेदश्रुतेः ॥१८॥

यत्रापि प्राणशब्दप्रयोगः तत्रापि भेदेन श्रूयते । ''तमुत्क्रामन्तं प्राणोनूत्क्रामती''ति ''प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ती''ति ॥१८॥

वैलक्षण्याच्च ॥१९॥

वैलक्षण्यञ्च प्राणस्य चेन्द्रियाणाञ्च । सुप्तेषु वागादिषु प्राणो जागर्ति । स्वामिसेवकवच्चानेकं वैलक्षण्यम् ॥१९॥

॥ इति अष्टमं तदिन्द्रियाधिकरणम् ॥

અધિકરણ-૮

તદિન્દ્રિયાધિકરણ

સૂત્રો : ૨.૪.૧૭-૧૯

સૂત્ર-૧૭ : ઈન્દ્રિયો (જુદાં તત્ત્વો છે) કારણ કે તેમ કહેલું છે; શ્રેષ્ઠ સિવાય. (૨.૪.૧૭)

અહીં આ વિચારવામાં આવે છે. ઈન્દ્રિયોનો બધો વ્યાપાર પ્રાણને આધીન છે, તથા પ્રાણ શબ્દથી કહેવાય છે. તો ઈન્દ્રિયો પ્રાણની વૃત્તિરૂપ છે કે જુદાં તત્ત્વો છે એવો સંદેહ છે. એ જુદાં તત્ત્વો છે એવો સિદ્ધાન્ત છે. શાથી ? તેવો વ્યપદેશ છે તેથી. ઈન્દ્રિય શબ્દથી નિર્દેશ હોવાથી. ''એમાંથી પ્રાણ, મન અને બધી ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે'' (મું.૨.૧.૩) જુદા શબ્દોથી વાચ્ય પદાર્થો કોઈક વાર એક શબ્દથી વાચ્ય હોય તો પણ એક નથી. (શંકા) તો આસન્ય (મુખ્ય) પ્રાણમાં પણ ભેદ થાય. ત્યારે (સમાધાન) કહે છે-શ્રેષ્ઠ સિવાય. તેના તે (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન) યૌગિક શબ્દો છે.

સૂત્ર-૧૮ : શ્રુતિમાં ભેદ કહ્યો હોવાથી. (૨.૩.૧૮)

જ્યાં પણ (ઈન્દ્રિયો માટે) પ્રાણ શબ્દનો પ્રયોગ છે ત્યાં શ્રુતિમાં ભેદ કહ્યો છે. ''ઉત્ક્રમણ કરતા તેની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે. અનુસરતા પ્રાણની પાછળ બધા પ્રાણો ઉત્ક્રમણ કરે છે.'' (બૃ.૪.૪.૨)

સૂત્ર-૧૯ : અને વિલક્ષણતાને લીધે. (૨.૪.૧૯)

પ્રાણ અને ઈન્દ્રિયો વચ્ચે તફાવત છે. વાણી વગેરે સુવે ત્યારે પ્રાણ જાગે છે. સ્વામી સેવકની માફક (પ્રાણ અને ઈન્દ્રિયો વચ્ચે) અનેક પ્રકારનું વૈલક્ષણ્ય છે.

संज्ञामूर्तिक्लृप्तिस्तु त्रिवृत्कुर्वत उपदेशात् ॥२०॥ (२.४.९.)

भूतभौतिकसृष्टिः परमेश्वरादेवेति निर्णीय नामरूपव्याकरणमपि परमेश्वरादेवेति निश्चयार्थमधिकरणारम्भः । लोके नामरूपकरणं कुलालादिजीवेषु प्रसिद्धमिति अलौकिकेपि स्थावरजङ्गमे मयूरादिसंज्ञां मूर्तिञ्च जीवादेव हिरण्यगर्भादेर्भविष्यतीति वह्न्यादिदेवानां जीवरूपाणामेव वागादिरूपेणानुप्रवेशात् तत्साहचर्येण नामरूपयोरपि जीव एव कर्ता भविष्यतीत्याशङ्कां निराकरोति तुशब्दः । संज्ञामूर्त्योः क्लृप्तिः नामरूपयोर्निर्माणं त्रिवृत्कुर्वतः यस्त्रिवृत्करोति तस्मात् । ''सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणी''ति, ''तासां त्रिवृतं त्रिवृतमेकैकं करवाणी''ति त्रिवृत्कर्ता परमेश्वरः । स एव नामरूपयोरपि कर्ता । कुतः । उपदेशात् । उप सामीप्ये एकवाक्ये उभयकरणस्य प्रतिज्ञानात् । जीवस्य तु त्रिवृत्करणान्तरं शरीरसम्बन्धे कर्तृत्वात् । तस्मात् नामरूपप्रपञ्चस्य भगवानेव कर्तेति सिद्धम् ॥२०॥

॥ इति नवमं संज्ञामूर्तिक्लृप्तिरित्यधिकरणम् ॥९॥

અધિકરણ-૯

સંજ્ઞામૂર્તિકલૃપ્તિરિત્યધિકરણ

સૂત્ર : ૨.૪.૨૦

સૂત્ર-૨૦ : નામરૂપી સૃષ્ટિ ત્રિવૃત્ કરનારમાંથી છે, કારણ કે ઉપદેશ છે. (૨.૪.૨૦)

ભૂત ભૌતિક પદાર્થોની સૃષ્ટિ પરમાત્મામાંથી થાય છે એવો નિર્ણય કરીને નામરૂપનું નિર્માણ પણ પરમેશ્વરથી થાય છે એમ નક્કી કરવા માટે અધિકરણનો આરંભ થાય છે. લોકમાં નામરૂપનું નિર્માણ કુંભાર વગેરે જીવોમાં પ્રસિદ્ધ છે. અલૌકિક સ્થાવર અને જંગમમાં મયૂર વગેરેનાં નામ અને રૂપ હિરણ્યગર્ભ આદિ જીવોથી થાય છે, તેથી વાણી વગેરે રૂપમાં અગ્નિ વગેરે જીવરૂપ દેવો અનુપ્રવેશ કરે છે ,તેથી તેના સાહચર્યથી જીવ જ નામરૂપનો પણ કર્તા થશે. એવી શંકાનું તુ શબ્દથી નિવારણ કરે છે संज्ञा-मूर्ति ની कूलृप्ति એટલે નામરૂપનું નિર્માણ. ત્રિવૃત્-કરનાર થી એટલે જે ત્રિવૃત્કરણ કરે છે તેનાથી. ''તે આ દેવતાએ વિચાર કર્યો. હું ખરેખર આ ત્રણ દેવતાઓમાં જીવાત્મા સાથે અનુપ્રવેશ કરીને નામરૂપનું વ્યાકરણ કરૂં.'' ''તેમાંથી દરેક ને ત્રિવૃત્ ત્રિવૃત્ કરૂં.'' (છા.૬.૩.૨-૩) એમ ત્રિવૃત્ કરનાર પરમેશ્વર છે. તે જ નામરૂપના પણ કર્તા છે. શાથી ? ઉપદેશાથી. उप એટલે પાસે. એક વાક્યમાં બન્ને (નામ-રૂપ) કરવાની પ્રતિજ્ઞા છે, તેથી જીવનું તો ત્રિવૃત્કરણ પછી શરીરનો સંબંધ થતાં કર્તૃત્વ છે. તેથી ભગવાન જ નામરૂપના પ્રપંચના કર્તા છે. એમ સિદ્ધ થાય છે.

मांसादिभौमं यथाशब्दमितरयोश्च ॥२१॥ (२.४.१०.)

इदमिदानीं विचार्यते । ''अन्नमशितन्त्रेधा विधीयते । तस्य यः स्थविष्ठो धातुस्तत्त् पुरीषं भवति यो मध्यमस्तन्मांसं योणिष्ठस्तन्मनः आपः पीतास्त्रेधा विधीयन्ते यः स्थविष्ठो धातुस्तन्मूत्रं यो मध्यमस्तल्लोहितं योणिष्ठः स प्राणः तेजोशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तदस्थि भवति यो मध्यमः सा मज्जा योणिष्ठः सा वाक्, अन्नमयं हि सौम्य मनः आपोमयः प्राणस्तेजोमयी वागि''ति ।

तत्र संशयः । वाक्प्राणमनांसि किं भौतिकानि आहोस्वित् स्वतन्त्राणीति । ''एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि चे'' तिश्रुतिविप्रतिषेधात् संशयः । त्रिवृत्करणप्रसङ्गेनोदितामाशङ्कां निराकरोति । तत्र पूर्वपक्षमाह ।

मांसादि भौमं पुरीषमांसादि तेजोबन्नप्रकृतिकम् । कुतः । यथाशब्दं ''अन्नमशित'' मित्यादिश्रुतितो निःसन्दिग्धं प्रतिपादनात् । किमतो यद्येवं । तदाह इतरयोश्च । वाचि तुल्यत्वान्न सन्देहः । इतरयोर्मनः प्राणयोरपि भौतिकत्वं यथाशब्दम् । उद्गमश्रुतिस्तु स्तुतित्वेनानुवादपरा भविष्यति । उपपादकश्रुतिबाधात् । तस्मात् भौतिकान्येव मनःप्रभृतीनीत्येवं प्राप्ते उच्यते ॥२१॥

वैशेष्यात्तु तद्वादस्तद्वादः ॥२२॥

अन्नादिभिर्विशेष्यते मनःप्रभृति सम्यक्कार्यक्षमं भवति । तथा च दर्शनादुपपादनाच्च । अतो वैशेष्यादेव हेतोरन्नमयत्वादिवादः ।

ननु कथमेतदवगम्यते । वैशेष्याद्गौणो वाद इत्युच्यते । अथा "त्मनेन्नाद्यमागायदि" त्यत्र प्राण एव सर्वस्यान्नस्यात्ता निर्दिष्टः । स कथं तत्परिणामकार्यं स्यात् । वागादयश्च तत्रान्नार्थमनुप्रविष्टाः । सृष्टौ प्रथमतो भिन्नतया निर्देशात् । अतो न भौतिकानि मनःप्रभृतीनि किन्तु तत्त्वान्तराणीति सिद्धम् । तद्वाद इति वीप्सा अध्यायसमाप्तिसूचिका ॥२२॥

॥ इति दशमम्मांसादिभौममित्यधिकरणम् ॥१०॥

॥ इति द्वितीयेऽध्याये चतुर्थः पादः ॥

અધિકરણ-૧૦

માંસદિભૌમમિત્યધિકરણ

સૂત્રો : ૨.૪.૨૧-૨૨

સૂત્ર-૨૧ : માંસ વગેરે અન્નમાંથી, શ્રુતિ અનુસાર, અને બીજા બેનું ભૌતિકત્વ છે.

હવે આમ વિચારાય છે. "ખાધેલું અન્ન ત્રણ પ્રકારે થાય છે. તેમાં જે સૌથી વધારે સ્થૂલ ધાતુ છે તે પુરીષ બને છે. જે મધ્યમ છે તે માંસ અને જે સૌથી વધારે સૂક્ષ્મ છે તે મન બને છે. પીધેલું પાણી ત્રણ પ્રકારે બને છે. તેમાં જે સૌથી સ્થૂલ ધાતુ છે તે મુત્ર, જે મધ્યમ છે તે લોહી અને સૌથી સૂક્ષ્મ છે તે પ્રાણ બને છે. ખાધેલું તેજ ત્રણ પ્રકારે થાય છે. તેમાં જે સૌથી સ્થૂલ ધાતુ છે તે અસ્થિ, જે મધ્યમ છે તે મજ્જા અને જે સૌથી સૂક્ષ્મ છે તે વાણી બને છે. હે સૌમ્ય, મન અન્નમય છે, પ્રાણ આપોમય છે, વાણી તેજોમયી છે." (છા.૬.૫.૧-૪)

એમાં સંશય થાય છે. વાણી, પ્રાણ અને મન શું ભૌતિક છે કે સ્વતંત્ર છે ? "એમાંથી પ્રાણ મન અને બધી ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે" (મું.૨.૧.૩) એ શ્રુતિનો વિરોધ હોવાથી સંશય થાય છે. ત્રિવૃત્કરણના પ્રસંગથી ઊભી થયેલી શંકાનું નિરાકરણ કરે છે. ત્યાં પૂર્વપક્ષ કહે છે.

(પૂર્વપક્ષ) માંસ વગેરે ભૌમ છે; પુરિષ, માંસ વગેરે તેજ, જલ અને અન્નરૂપી પ્રકૃતિવાળા છે. શાથી ? શ્રુતિ અનુસાર "ખાધેલું અન્ન" વગેરે શ્રુતિવાક્યથી નિઃસંદેહ પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેથી. એમ હોય તો શું ? ત્યારે કહે છે-અને બીજા બેનું વાણી સમાન હોવાથી એમાં સંદેહ નથી.[1] ઈતર એટલે મન અને પ્રાણનું પણ ભૌતિકત્વ શ્રુતિ અનુસાર છે. ઉદ્દ્ગમ શ્રુતિ સ્તુતિરૂપ હોવાથી અનુવાદ કરનાર થશે, કારણ કે ઉપપાદક શ્રુતિનો[2] બાધ આવે છે. તેથી મન વગેરે ભૌતિક જ છે એવો (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં (સિદ્ધાંન્ત) કહે છે.

સૂત્ર-૨૨ : વિશેષતા હોવાથી તેમ કહ્યું છે, તેમ કહ્યું છે. (૨.૪.૨૨)

મન વગેરે અન્ન વગેરેથી વિશિષ્ટ થાય છે, યોગ્ય રીતે કાર્યક્ષમ થાય છે, કારણ

કે તેવું દેખાય છે અને (શ્રુતિમાં) ઉપપાદન કર્યું છે. આમ વિશેષતાના હેતુથી અન્નમયત્વ વગેરે કહ્યાં છે.

(શંકા) એમ કઈ રીતે કહેવાય ? વૈશેષ્યથી અન્નમયત્વ વગેરે વાદ ગૌણ છે એમ, તો (જવાબ કહે છે) ''પછી પોતાને માટે અન્નં વગેરેનું ગાન કર્યું'' (બૃ.૧.૩.૧૭) એ વાક્યમાં પ્રાણનો જ સર્વ અન્નના ભક્ષક તરીકે નિર્દેશ છે. તે તેના પરિણામનું કાર્ય કેવી રીતે બને ? વાણી વગેરે અન્નને માટે જ ત્યાં પ્રવેશેલા છે. સૃષ્ટિમાં પહેલેથી જ ભિન્ન તરીકે નિર્દેશ છે આથી મન વગેરે ભૌતિક નથી, જુદાં તત્ત્વો છે એમ સિદ્ધ થયું. तद्वादः ની પુનરુક્તિ અધ્યાયની સમાપ્તિ સૂચવે છે.

ટિપ્પણ

૧. वाचि तुल्यत्वात्...- तेजोमयी वाक् । आग्निर्वाक् भूत्वा વગેરે શ્રુતિમાં વાણી તેજોમય છે એ સરખું છે એટલે સંદેહ નથી.

૨. उपपादकश्रुति...- ઉપપાદક શ્રુતિ એટલે ત્રણ પ્રકારનું વિધાન કરતી શ્રુતિ.

श्रीमद्वल्लभाचार्यविरचितं

श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम्

(ઉપોદ્ઘાત, મૂળ ગ્રન્થ, અનુવાદ, તથા ટિપ્પણ સાથે)

અનુવાદક

ડૉ. એ. ડી. શાસ્ત્રી (નિ.)
એમ. ટી. બી. કોલેજ
સુરત

પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ